Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय

गुरुकुल कांगड़ी विश्वविद्यालय, हरिद्वार

वर्ग संख्या.................आगत संख्या..............

पुस्तक – वितरण की तिथि नीचे अंकित है। इस तिथि सहित २०वें दिन तक यह पुस्तक पुस्तकालय में वापिस आ जानी चाहिए। अन्यथा १० पैसे के हिसाब से विलम्ब - दण्ड लगेगा।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्रीमद् योगवासिष्ठ

महारामायण

६ निर्वाण प्रकरण

पूर्वार्द्ध

અને
થઇ
વાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ પૃ
ાં પત્રો
પવા લા-
લી પક્ષી-
લાગી.
ના ઊંચા
ાગે તેમ
ાલકો શે-
સ્તનોના
રાક ક્ષોભ
ળતા કર્યો
માંથી પરા-
ઊડવા લા-
પ્રાપ્ત થતાં,
ાંત થતાં અને
ાનેવાસ્તે ચં
ત્તિવાળા ચા-
કરી લેતાં
હોને નીચે

ચંદ્રજી !
મેં પક્ષા-
ક્ષીને બ
ાવી હો.
ગ્રહણુ કર
ાડી દઇને
યું ?[૨૪]
વાર વાર
રીને હવે
! મારા
હાર કર્યા
મ હાથી
મોહ-
ચઢતું

થી સ
. આં
ખાડામ
પડશો.
'આવી
એટલા
અખ
રાજ દ
ણુજી !
સંબં
કે
છે. બા
વિચારી
વાલ્મ
આજ્ઞા ક
સઘળી સ
કમલિ
મુનિને પ્ર
દશરથ
કરીને પો
મિત્ર
પ્રણ
આર
આ પાજ
ત્તમ મુ
સુધી
કમ.રની
જાણે
વાં.[૩]
ના
પહેલ
શ્રોતાએ
સાંભળેલ
રાત્રિને અ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ

श्रीमद् योगवासिष्ठ

महारामायण

६ निर्वाण प्रकरण

पूर्वार्द्ध

* દૈનિક વ્યવહારનું વર્ણન

सघळी स॰ वाल्मीकिरुवाच ॥
कमलि॰ ॰ादनंतरमिदं शृणु ॥
मुनिने प्रकरणं ज्ञातं निर्वाणदायि यत् ॥

દશરથ કે કહે છે:—"હે રામ! ઉપશમ પ્રકરીને પો॰વે આ નિર્વાણ પ્રકરણ સાંભળો કે ॰િત્ર॰ ॰ણવામાં આવવાથી મુક્તિ આપ- પ્રણ॰ એ પ્રમાણે સર્વોત્તમ વક્તા વસિષ્ઠ- આર॰ હતા, અને રામચંદ્રજી મૌન ધરીને આ પ॰જ એકાગ્ર થઇ રહ્યા હતા.[2] રાજા- ત્તમ ॰ મુનિની વાણીના અર્થમાં અંતઃક- સુધ॰ં જવાનેલીધે મનની બીજી ચેષ્ટાઓ કમ॰રની ચલન આદિ ચેષ્ટાઓ બંધ પડી ॰જાણે ચિત્રમાં આલેખેલા હોય એવા થઇ ॰વ॰ં.[3] મુનિઓ ભમરોના તથા તર્જની ॰ના સુંદર ચાળાઓ કરીને પ્રેમપૂર્વક વસિષ્ઠમુનિનાં વચનોના અર્થનો વિચાર કરતા હતા.[4] આત્મતત્ત્વના અવલોકનરૂપી મકરંદના સ્વાદનેલીધે નેત્રોરૂપી ભ્રમરો સ્થિર થઇ જવાથી સાંભળવા બેઠેલી સ્ત્રીઓ જાણે વૃક્ષોની અતિસુંદર મંજરીઓ હોય એવી જણાતી હતી.[5] સૂર્યના જ્યાં રહેવાથી દિવસનો ચોથો ભાગ અવશેષ રહેલો ધારી શકાય તે આકાશના પ્રદેશમાં રહેલો સૂર્ય કાંઇક શાંત દેખાવને લીધે જાણે શ્રવણથી થએલા કાંઇક જ્ઞાનના ઉદયથી કાંઇક ઉપશમ પામ્યો હોય એવો દેખાતો હતો.[6] પુષ્પોના સમૂહને ચલન આપનારો અને મંદારનાં પુષ્પોના મધુર સુગંધને દેનારો પવન જાણે શ્રવણનેવાસ્તે શાંત થવા લાગ્યો હોય એવો જણાવા લાગ્યો હતો.[7] મોટી મોટી ભ્રમરાઓની પંક્તિઓ પુષ્પોની માળાઓમાં સૂઈ જવાનેલીધે જાણે બ્રહ્મતત્ત્વ જાણવામાં આવતાં સારી પેઠે ધ્યાન કરવા લાગેલી હોય એવી જણાતી હતી.[8] મોતીમય જાળીઓની અંદર રહેલી વાવોમાં મોતીની પ્રભાઓથી દીપતું જળ જાણે નિશ્ચલ થઇને બ્રહ્મવિદ્યાનું શ્રવણ કરવા બેઠું હોય એવું જણાતું

* ॰ ॰ પહેલા સર્ગમાં વસિષ્ઠના વાક્યથી શ્રોતાઓ ॰ શ્રોતાઓએ આહ્નિક ક્રિયાઓ કર્યાનું અને ॰ સાંભળેલા વિષયોનું ચિંતન કરવાથી તથા રાત્રિને વ્યતીત કર્યાનું વર્ણન કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું.[૯] જેઓએ ઘણી વારસુધી લાંબા આકાશમાં પંથ કર્યો હતો એવાં સૂર્યનાં કિરણો જાળીઆંઓમાં ઊંડાં ઊંડાં પેસવાને લીધે જાણે વિશ્રામનેવાસ્તે શીતલતાવાળા શ્રવણની શાળાના મધ્યમાં પેઠાં હોય એવાં જણાતાં હતાં.[૧૦] શાંત થતા દિવસનો શરીરરૂપી તડકો કે જે શાળાની અંદર પેઠો હતો તે મોતીનાં જાળીઆંઓનાં કિરણોના સમૂહરૂપી ભસ્મથી પોતાના શરીરનું ઉદ્ધૂલન કરીને તપસ્વીના વેષથી પોતાને પણ ઉપશમ પ્રાપ્ત થવાનું સૂચવતો હોય એવો જણાતો હતો.[૧૧] રાજાઓના હસ્તોમાં અને મુકુટોમાં રહેલાં લીલાનાં કમળો જાણે વસિષ્ઠમુનિનો રસભરેલો ઉપદેશ સાંભળીને રાજાઓનાં અંતઃકરણોની પેઠે વૃત્તિઓથી રહિત થયાં હોય તેમ બીડાઇ જવામાં ઉન્મુખ થયાં હતાં.[૧૨] બાલકો, મૂર્ખ લોકો અને પાંજરામાં રહેલાં પક્ષિઓ ભોજન લેવાની ઉતાવળથી તે તે ઘરની સ્ત્રીઓને વારંવાર કનડગત કરવા લાગી ગયાં હતાં,[૧૩] કાંઇક પ્રફુલ્લિત થવામાં ઉન્મુખ થએલાં કુમુદ નામનાં રાત્રિવિકાસી કમળોનો ભમતા ભ્રમરોની પાંખોથી ઉડેલો પરાગ ચામરોની ઉપર અને લોકોની આંખોની પાંપણોનાં રૂંવાંઓની ઉપર વિશ્રામ લેવા લાગ્યો હતો,[૧૪] અને સૂર્યનાં કિરણો જાણે મેરૂઆદિ પર્વતોની ગુફાઓમાંથી બહાર નીકળેલા છાયાઓના સમૂહરૂપ અંધકારના ભયથી ભાગીને ગોખ આદિનાં દ્વારોમાં છુપાઇ રહેવાનેવાસ્તે ઘરોના મધ્યમાં પેઠેલાં હોય એવાં લાગતાં હતાં,[૧૫] તે સમયમાં દિવસનો ચોથો ભાગ અવશેષ રહ્યાની સૂચના આપનારો અને દિશાઓનાં મ્હોંડાંઓને પૂરી દેનારો ભેરીઓનો, ઢોલોનો તથા શંખોનો શબ્દ થવા લાગ્યો.[૧૬] જેમ મેઘના નાદથી મયૂરોનો ઊંચો શબ્દ પણ તુરત તિરોહિત થઇ જાય તેમ એ ભેરીઆદિ વાજાંઓના શબ્દથી વસિષ્ઠમુનિનું ઊંચા સ્વરવાળું તે ભાષણ પણ તુરત તિરોહિત થઇ ગયું.[૧૭] જેમ પૃ[illegible] કંપ થતાં જરા કંપવા લાગેલાં તાડનાં પત્રો[illegible] વનરાજિ તુરત સંચલિત થાય તેમ કંપવા લાગેલી પાંખોવાળી પાંજરાઓમાં રહેલી પક્ષીઓની પંક્તિ તુરત સંચલિત થવા લાગી.[૧૮] જેમ વર્ષાઋતુમાં વાદળાંઓ બે શિખરોના ઊંચા મધ્યમાં શબ્દ કરતાં કરતાં ભરાવા લાગે તેમ ભેરીઆદિના શબ્દથી ત્રાસ પામેલાં બાલકો રોવાનો શબ્દ કરતાં કરતાં માતાઓના સ્તનોના મધ્યમાં ભરાવા લાગ્યાં[૧૯] અને જેમ જરાક ક્ષોભ પામેલા પ્રવાહોવાળી નદીઓમાંથી [illegible] ઊડવા લાગે તેમ રાજાઓના મુકુટોમાંથી પરાગોનેલીધે ધોળા લાગતા ભ્રમરાઓ ઊડવા લાગ્યા.[૨૦] આ રીતે દિવસને વૃદ્ધપણું પ્રાપ્ત થતાં, શંખ આદિનો શબ્દ ધીરે ધીરે શાંત થતાં અને દશરથ રાજાની સઘળી સભા ઉઠવાનેવાસ્તે ચંચલ થતાં વસિષ્ઠમુનિએ મધુર વૃત્તિવાળા ચાલતા વિષયના ભાષણનો ઉપસંહાર કરી લેતાં સભામાં રામચંદ્રજી આદિ સભાસદોને નીચે પ્રમાણે કહ્યું.[૨૧,૨૨]

વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી ! મ[illegible] નિર્દોષ ભાષણના સમૂહરૂપ જે જાલ મેં પાથરેલું છે તેથી તમે તમારા ચિત્તરૂપી પક્ષીને બાંધી હૃદયમાં રોકીને આત્મારૂપ બનજો હો.[૨૩] જેમ હંસ પાણીને છોડી દઇને દૂધનું ગ્રહણ કરે છે તેમ તમે અવળી સમજણને છોડી દઇને મારી વાણીના અક્ષય અર્થનું ગ્રહણ કરો.[૨૪] હે રામચંદ્રજી ! તમારે પોતાની બુદ્ધિથી વારંવાર સંપૂર્ણ રીતે આ વિષયનો વિચાર કરીને હવે આ રસ્તેજ ચાલવું.[૨૫] હે રામચંદ્રજી ! મારા કહેલા વિચારોને અનુસરીનેજ વ્યવહાર કર્યા કરશો તો બંધાશોજ નહિ. નહિ તો જેમ હાથી વિંધ્યાચલના ખાડામાં પડે છે તેમ તમો મોહરૂપી ખાડામાં તુરત પડશો.[૨૬] મારા વચનનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

...થી સારી પેઠે ગ્રહણ નહિ કરી રાખો તો ... આંધળો અથવા દીવાવગરનો માણસ રાત્રે ખાડામાં પડે છે તેમ તમે મોહરૂપી ખાડામાં પડશો.[૨૭] મારા કહેલા વિષયની સિદ્ધિનેવાસ્તે, 'આવી પડેલો વ્યવહાર અસંગપણાથી કરવો' એટલાજ શાસ્ત્રીય સિદ્ધાંતને હૃદયમાં રાખીને અખંડ આત્માના બોધવાળા થાઓ.[૨૮] મહારાજ દશરથ ! રામચંદ્રજી ! સભાસદો ! લક્ષ્મણજી ! રાજાઓ ! હવે આજ તમો સર્વે દિવસસંબંધી નિત્ય કરવાનાં કામકાજ કરો;[૨૯] કેમકે ...જનો દિવસ હવે પૂરો થઇ રહેવા આવ્યો છે. બાકી જે વિચારવાનું છે તે પ્રાતઃકાળે મળીને વિચારીશું.[૩૦]

વાલ્મીકિ કહે છેઃ–એ પ્રમાણે વસિષ્ઠમુનિએ આજ્ઞા કરતાં કમળો જેવાં મ્હોડાંઓવાળી એ સઘળી સભા જેમ કમળોરૂપી મ્હોડાંઓવાળી કમલિની ઉઠે તેમ ઉઠી.[૩૧] રાજાઓ વસિષ્ઠ મુનિને પ્રણામ કરી તેમની પ્રશંસા કર્યા પછી દશરથ રાજાને પ્રણામ કરીને તથા તેમની પ્રશંસા કરીને પોતપોતાના ઉતારાઓપર ગયા.[૩૨] વિશ્વામિત્રસહિત શ્રીમાન વસિષ્ઠ મુનિ દેવતાઓને પ્રણામ કરી પોતાના આશ્રમમાં જવાનેવાસ્તે આસન ઉપરથી ઉઠયા.[૩૩] દશરથ આદિ રાજાઓ પણ ઉઠયા અને મુનિઓ પણ ઉઠયા. સર્વોત્તમ ભાષણ કરનારા વસિષ્ઠમુનિને કેટલેક દૂરસુધી વળાવા જઇ તેમની આજ્ઞા લઇને પછી કમલમાંથી ઉડેલા ભ્રમરોની પેઠે કેટલાએક સભાસદો આકાશમાં ગયા, કેટલાએક સભાસદો વનમાં ગયા અને કેટલાએક સભાસદો દરબારમાં ગયા.[૩૪-૩૫] દશરથ રાજા વસિષ્ઠમુનિનાં ચરણકમળોમાં નિર્મલ પુષ્પાંજલિ અર્પીને તે પછી પોતાની રાણીઓ સહિત ઘરની અંદર પધાર્યા.[૩૬] રામ, લક્ષ્મણ અને શત્રુઘ્ન, એઓ વસિષ્ઠમુનિને તેમના આશ્રમસુધી પહોંચાડી ભક્તિથી તેમનાં ચરણોનું પૂજન કરીને પછી દરબારમાં આવ્યા.[૩૭] સઘળા શ્રોતાઓએ પોતપોતાનાં સ્થાનકોપર આવીને સ્નાન કર્યાં, દેવતાઓનાં તથા પિતૃઓનાં પૂજન કર્યાં અને બ્રાહ્મણોનો પણ યોગ્ય સત્કાર કર્યો.[૩૮] સઘળા શ્રોતાઓએ અનુક્રમથી બ્રાહ્મણોથી માંડીને નોકરોપર્યંત પોતપોતાના પરિવારોની સાથે શાસ્ત્રોમાં કહેલા વર્ણોના ધર્મની પદ્ધતિને અનુસરીને ભોજનો કર્યાં.[૩૯] સૂર્ય દિવસમાં કરવાનાં કામોની સાથે અસ્ત પામતાં અને ચંદ્રમા રાત્રિમાં કરવાનાં કામોની સાથે ઉદય પામતાં પૃથ્વીપર રહેનારા મુનિઓ, રાજાઓ, રાજકુમારો અને મહર્ષિઓ યોગ્ય રીતે સાધારણ શયનોમાં, રેશમી વસ્ત્રોથી જડેલા પલંગોમાં અને આસનોમાં સ્થિતિ કરી બુદ્ધિને એકાગ્ર રાખીને, શ્રી વસિષ્ઠ મુનિએ કહેલા, સંસારમાંથી ઉદ્ધાર પામવાના પ્રકારનું પ્રેમપૂર્વક મનન કરવા લાગ્યા.[૪૦-૪૨] જેમ રાત્રિના વ્યતીત થવાને ઇચ્છતાં કમળો પોતાનાં મ્હોડાં બીડીને સૂઇ જાય છે તેમ રાત્રિના વ્યતીત થવાને ઇચ્છતા એ સઘળા શ્રોતાઓ એક પહોર પછી મ્હોડાં બંધ કરીને સૂઈ ગયા. સૂઈ ગયા પછી એ લોકોને એવાં એવાં ઉત્તમ સ્વપ્નો પ્રાપ્ત થયાં કે જેઓથી ભવિષ્યમાં મોક્ષરૂપ ફળ પ્રાપ્ત થવાની સૂચના મળે.[૪૩] રામ, લક્ષ્મણ અને શત્રુઘ્ન, એઓએ તો વસિષ્ઠમુનિના ઉપદેશનું ત્રણપહોરસુધી અખંડ મનન કર્યું[૪૪] અને નેત્રો વીંચાતાં અર્ધા પહોરસુધી ઉત્તમ સ્વપ્નોવાળી નિદ્રા લીધી કે જેથી ક્ષણમાત્રમાં પરિશ્રમ દૂર થઇ ગયો.[૪૫] આત્મતત્ત્વના બોધથી વિકસિત થએલા પવિત્ર મનવાળા એ વિવેકી લોકોને એ રીતે રાત્રિ વ્યતીત થઈ અને તે સમયે રાત્રિનું ચંદ્રરૂપી મ્હોડું અરુણના કિરણોની વ્યાપ્તિથી મલિન થયું.[૪૬]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इति शुभमनसां विवेकभाजामधिगतसारतयोदिताशयानाम् ॥ अभजत विरतिं तदा त्रियामा मलिननिशाकरवक्रतां जगाम ॥४६॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના પૂર્વાર્દ્ધનો 'દિવસવ્યવહારવર્ણન' એ નામનો પહેલો સર્ગ સંપૂર્ણ. ૧.

सर्ग २ जो.*

વસિષ્ઠનું સભામાં આગમન અને પૂર્વકથિત વિષયોનું સ્મરણ.

॥ श्रीवाल्मीकिरुवाच ॥

ततः क्लिन्नेंदुवदना पर्याकुलतमःपदा ॥
क्षीयमाणा बभौ श्यामा विवेक इव वासना॥१॥

વાલ્મીકિ કહે છે:—પછી મ્લાનિ પામેલા ચંદ્રરૂપી મ્હોડાવાળી અને જેનું અંધકારરૂપી શરીર વીખાવા લાગ્યું એવી રાત્રિ, જેમ વિવેકનો ઉદય થતાં ક્ષીણ થવા લાગેલી વાસના જણાય તેમ સૂર્યનો ઉદય થતાં જણાવા લાગી.[1] પ્રકાશતાં કિરણોવાળા સૂર્યે ઉદયાચલમાં જાણે ઊંચા હસ્તોનો સમૂહ પ્રકટ થયો હોય એવો પ્રકાશનો દેખાવ કર્યો અને અસ્તાચલમાં જાણે તે પર્વતની ઊંચી ટોચઉપર ખોટા રંગનું કાંઈ ઘરેણું પહેરાવ્યું હોય એવો પ્રકાશનો દેખાવ કર્યો.[2] તુષારના કણોનું આકર્ષણ કરનારો, ચંદ્રના મંડલને નિસ્તેજ કરી દેનારો અને જાણે સૂર્યરૂપી ચક્ષુથી ચાંદનીને ગળી ગયો હોય એવો પ્રભાતનો પવન વાવા લાગ્યો.[3] રામ, લક્ષ્મણ અને શત્રુઘ્ન, એઓ ઊઠી સ્નાન કરી સંધ્યાવંદન કરીને અનુચરોની સાથે વસિષ્ઠમુનિના પવિત્ર આશ્રમમાં ગયા.[4] ત્યાં વસિષ્ઠમુનિ સંધ્યાવંદન કરીને ઘરથી બહાર નીકળવાની તૈયારીમાંજ હતા. તે સમયમાં તેમના ચરણોમાં અર્ઘ્યપ્રદાન આપીને તેઓએ વંદન કર્યું.[5] વસિષ્ઠમુનિનો આશ્રમ ક્ષણમાત્રમાં મુનિઓથી, બ્રાહ્મણોથી, રાજાઓથી, હાથીઓથી, ઘોડાઓથી, રથોથી અને પાલખીઓથી ભરપૂર થઈ ગયો.[6] પછી એ મહામુનિ વસિષ્ઠ પોતાની પછવાડે વાહનોપર બેસીને ચાલ્યા આવતા રામ આદિ રાજકુમારોની સાથે અને તે સેનાની સાથે સમયસર દશરથ રાજાના દરબારમાં પધાર્યા.[7] સંધ્યાઆદિ નિત્ય કર્મોને પહોંચી લઇ પ્રથમથી આવકાર દેવાને સજ્જ થઇ રહેલા દશરથરાજાએ કેટલેક દૂર સુધી સામે જઇ ત્યાં એ વસિષ્ઠમુનિની પ્રેમપૂર્વક પૂજા કરી.[8] ફરી પણ મોતીઓના, પુષ્પોના તથા મણિઓના સમૂહોથી અત્યંત શણગારી રાખેલી સભામાં પ્રવેશ કરીને તે સઘળા લોકો પોતપોતાનાં આસનોપર બેઠા.[9] આ સમયમાં પૃથ્વીવાસી અને આકાશવાસી સઘળા તેના તે શ્રોતાઓ પણ સભામાં આવી પહોંચ્યા.[10] એ સૌમ્ય સભા અન્યોન્યને પ્રણામ આદિ કરીને દશરથરાજાની પેઠેજ એકાગ્રપણાથી શરીર વગેરેની ચેષ્ટાઓને બંધ પાડીને બેઠેલી હોવાથી પવન વગરના સમયમાં સ્થિર થએલી કમલિનીની પેઠે શોભવા લાગી.[11] સભાના પ્રદેશોમાં બેઠેલા બ્રાહ્મણો, ઋષિઓ, મુનિઓ તથા રાજાઓ તુરત પોતપોતાનાં નીમાએલાં આસનોના અનુક્રમ પ્રમાણે સારી રીતે બેસી જતાં પરસ્પરને કુશલ પ્રશ્નો પૂછવાનો કોમળ શબ્દ ધીરે ધીરે શાંત થઇ જતાં, સભાના ખુણાઓમાં બેઠેલા બંદિજનો વાજાંઓ વગેરેનાં ઘોંઘાટ બંધ પાડી સ્થિર થઈ જતાં, સૂર્યનાં ઉદય પામેલાં કિરણો જાણે ઉતાવળથી સાંભળવા આવેલાં હોય તેમ ગોખોની જાળીઓમાં પેસવા લાગતાં, અને ઉતાવળથી પ્રવેશ કરતા શ્રોતાઓના હસ્તોના સ્પર્શોથી તથા અંગોના અડકવાથી ઉત્પન્ન

* આ બીજા સર્ગમાં પ્રાતઃકાલમાં રામઆદિ રાજકુમારો વસિષ્ઠમુનિને સભામાં પધરાવી ગયાનું અને કહેલા વિષયોના સ્મરણથી તત્ત્વમાં વિશ્રાંતિ થવાનું વર્ણન કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થએલો મોતીનાં ભૂષણો વગેરેનો ઝણકાર જેમ નિદ્રાના સમયમાં શાંત થઈ જાય તેમ શાંત થઇ જતાં, રામચંદ્રજીએ જેમ કાર્ત્તિકેય સ્વામી શંકરના મુખઉપર દૃષ્ટિ કરે, કચ બૃહસ્પતિના મુખ ઉપર દૃષ્ટિ કરે, જેમ પ્રહ્‌લાદ શુક્રાચાર્યના મુખઉપર દૃષ્ટિ કરે, અને જેમ ગરૂડ વિષ્ણુના મુખઉપર દૃષ્ટિ કરે, ને જેમ સૂર્યોદય આકાશમાં ભમતી ભ્રમરીને પ્રફુલ્લિત કમળમાં લગાવે છે તેમ વસિષ્ઠના મુખઉપર ધીરે ધીરે દૃષ્ટિ કરી.[૧૨–૧૭] રામચંદ્રજીએ વસિષ્ઠમુનિના મુખઉપર પોતાની દૃષ્ટિ લગાવતાં મહાવક્તા વસિષ્ઠમુનિએ ગયે દિવસે ચલાવેલા ક્રમનેજ અનુસરી, વચનોના અર્થ સમજવામાં વિચક્ષણતા ધરાવનારા રામચંદ્રજીને નીચે પ્રમાણે કહ્યું.[૧૮]

વસિષ્ઠઋષિ કહે છેઃ—હે રઘુનંદન ! મેં તમને ગઇ કાલે જે અત્યંત ગંભીર અર્થવાળું અને પરમાર્થનો બોધ આપનારૂં પ્રકરણ કહ્યું હતું તે તમારા સ્મરણમાં છે ?[૧૯] હે શત્રુઓને હણનારા રામ ! હવે સ્ફુટ બોધને વાસ્તે હું તમને બીજું પ્રકરણ કહું છું તે સાંભળો કે જેથી અખંડ પદની પ્રાપ્તિ થશે.[૨૦] વૈરાગ્યના અભ્યાસથી અને તત્ત્વના બોધથીજ સંસાર તરી શકાય છે માટે વૈરાગ્યના અને તત્ત્વબોધના સંપાદનનોજ અભ્યાસ કરો.[૨૧] યથાર્થ તત્ત્વ સમજાયાથી અજ્ઞાન ક્ષય પામે છે, અને વાસનાઓનો આવેશ ગલિત થઈ જાય ત્યારેજ શોકવગરના પદની પ્રાપ્તિ થાય છે.[૨૨] દેશ કાલ વગેરેના પરિચ્છેદ વગરનું અને જેનો આદિ કે અંત છેજ નહિ એવું બ્રહ્મજ કલ્પિત દ્વૈતને પ્રાપ્ત થઇને જગતરૂપે થએલું છે.[૨૩] "દેશ કાલ વગેરે સઘળા પદાર્થોના પરિચ્છેદ વગરનું, શાંત અને સર્વમાં અનુસ્યૂતપણાનેલીધે સન્માત્રરૂપે રહેલું કેવલ બ્રહ્મજ છે તો પછી તેમાં દ્વૈતપણું (જગતપણું) થવું સંભવતુંજ નથી."[૨૪] એવો નિશ્ચય કરી અંદર 'હું છું' એ અભિમાનને છોડી દઇને તમે મુક્તસ્વરૂપવાળા, વ્યાપક, એકરૂપ, શાંત અને સાક્ષાત્ આત્માનંદરૂપ થાઓ.[૨૫] હે રામચંદ્રજી! ચિત્ત પણ નથી, અવિદ્યા પણ નથી, મન પણ નથી અને જીવ પણ નથી. એ સઘળી ચિત્તઆદિરૂપ કલ્પનાઓ બ્રહ્મનીજ થએલી છે.[૨૬] જે જે કોઇ ભોગ્ય પદાર્થો છે, જે જે કોઈ ભોગવૃત્તિઓ છે, જે જે કોઈ સ્મૃતિઓ છે અને જે જે કોઇ ભોગોની સ્પૃહાઓ છે તે સઘળું આદિ—અંતવગરનું અને સમુદ્રજેવું ભરપૂર બ્રહ્મજ પ્રકાશે છે.[૨૭] પાતાલમાં, ભૂતલમાં, સ્વર્ગમાં, ખડમાં, પ્રાણીઓમાં અને આકાશમાં સઘળા દૃશ્ય પદાર્થોરૂપે ચૈતન્યરૂપ પરબ્રહ્મજ પ્રકાશે છે. પરબ્રહ્મથી ન્યારૂં કાંઇ પણ નથી.[૨૮] ઉપેક્ષા કરવાયોગ્ય પદાર્થોરૂપે, ત્યાજ્ય પદાર્થોરૂપે, ગ્રાહ્ય પદાર્થોરૂપે, બંધુઓરૂપે, વૈભવોરૂપે અને શરીરરૂપે બ્રહ્મજ સ્ફુરે છે, કે જે બ્રહ્મ આદિથી તથા અંતથી રહિત છે, અને સમુદ્રની પેઠે ભરપૂર છે.[૨૯] જ્યાંસુધી અજ્ઞાનની કલ્પના છે, જ્યાંસુધી દ્વૈતની ભાવના છે અને જ્યાંસુધી જગતરૂપી જાલમાં પ્રીતિ છે, ત્યાંસુધીજ ચિત્તની, અવિદ્યાની, મનની તથા જીવની કલ્પના છે.[૩૦] જ્યાંસુધી દેહમાં દૃઢ અહંતા છે અને જ્યાંસુધી દૃશ્યોમાં દૃઢ મમતા છે ત્યાંસુધીજ ચિત્ત વગેરેરૂપ વિભ્રમ છે.[૩૧] જ્યાંસુધી સજ્જનોના સમાગમના પ્રભાવથી મૂર્ખતા ક્ષીણ ન થઈ હોય અને પૂર્ણતા ઉદય પામી ન હોય ત્યાંસુધીજ ચિત્ત આદિને લીધે નીચપણું રહે છે.[૩૨] જ્યાંસુધી અંદર યથાર્થ વિચારની શક્તિથી આ જગતની ભાવના શિથિલ થઈ ન હોય ત્યાંસુધીજ ચિત્ત વગેરે પદાર્થો જોવામાં આવે છે.[૩૩] જ્યાંસુધી અજ્ઞપણારૂપ આંધળાપણું હોય, જ્યાંસુધી વિષયોની આશાનેલીધે પરવશપણું હોય અને જ્યાંસુધી મૂર્ખતાનેલીધે મોહનો વધારો હોય ત્યાંસુધીજ ચિત્ત વગેરેની કલ્પના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે.[૩૪] જ્યાંસુધી હૃદયરૂપી વનમાં આશારૂપી ઝેરનો ગંધ સ્ફુર્યા કરતો હોય ત્યાંસુધી આત્મ-વિચારરૂપી ચકોર એ વનની અંદર સારી પેઠે પેસતોજ નથી.[૩૫] જેના મનને ભોગોની ઉપર રુચિ ટળી ગઈ હોય, આશાના પાશોરૂપી જાલો છેદાઇ ગયાં હોય અને શીતલ તથા નિર્મલ બ્રહ્માનંદ પ્રાપ્ત થયો હોય તે પુરૂષનો ચિત્તરૂપી વિભ્રમ ક્ષીણ થઇ જાય છે.[૩૬] તૃષ્ણાના અને મોહના પરિત્યાગથી પ્રશાંત ચિત્તવાળા અને સર્વદા શીતલ અનુભવમાં રહેલા પુરૂષને છોડી દેવામાં આવેલી ચિત્તરૂપી ભૂમિજ પ્રબોધરૂપ ફળવાળી થાય છે.[૩૭] પોતાના દેહને અનુપયોગી જેવો, દૂર રહેલા જેવો અને સ્થિર નહિ રહેનાર હોવાથી ગંધર્વનગરના જેવો ખોટો જોનારા પુરૂષને ચિત્ત રહેવાનો સંભવ ક્યાંથીજ હોય ?[૩૮] સંસારથી ન્યારા અપાર ચૈતન્યરૂપ આત્માની ભાવના કરનારા અને જેના ચિત્તમાંજ સઘળું જગત લીન થઈ ગએલું હોય છે એવા પુરૂષને ચિત્ત તથા જીવ વગેરે હોવાની ભ્રાંતિ શાંતજ હોય છે.[૩૯] ખોટી ભ્રાંતિઓને ઉત્પન્ન કરવાના સ્વભાવવાળું, જ્ઞાનનું વિરોધી અજ્ઞાન શાંત થતાં અને સત્ય આત્માનાજ દર્શનરૂપ પ્રબલ સૂર્ય ઉદય પામતાં બળી ગએલા સૂકા પાંદડાની પેઠે રહેલું ચિત્ત અગ્નિમાં ઘીના લેશની પેઠે આત્મામાં એવું પીગળી જાય છે કે જે પાછું કદી જોવામાંજ આવતું નથી.[૪૦,૪૧] આત્માના અને અનાત્માના વિવેકવાળા મહાત્મા જીવન્મુક્ત પુરૂષોનું આભાસરૂપે રહેલું જે ચિત્ત હોય છે તે 'સત્વ' કહેવાય છે.[૪૨] જીવન્મુક્ત લોકોનાં શરીરોમાં વ્યવહાર કરાવનારી જે વાસના હોય છે તે 'ચિત્ત' એ નામથી કહેવાતી નથી પણ 'સત્વ' એ નામથી કહેવાય છે.[૪૩] ચિત્તથી રહિત થએલા અને સર્વદા અખંડ પદમાં રહેલા તત્ત્વવેત્તા પુરૂષો સત્વની સ્થિતિનેલીધે વ્યવહાર ઉપર અનાદર રાખીનેજ વ્યવહાર કરે છે.[૪૪] સત્વની સ્થિતિવાળા જિતેંદ્રિય શાંત પુરૂષો વ્યવહાર કરતાં છતાં પણ સર્વદા અખંડિત જ્યોતિને દેખે છે એટલે તેઓને દ્વિત્વ, એકત્વ અને વાસના, એઓ અખંડિત જ્યોતિના દર્શનથી બાધિત થવાનેલીધે સંભવતાંજ નથી.[૪૫] પોતાને સર્વદા બ્રહ્માનુસંધાનમાં તત્પરપણું રહેવાનેલીધે સઘળા બ્રહ્માંડરૂપી ખડને ચૈતન્યરૂપ અગ્નિમાં હોમ્યા કરતા જીવન્મુક્ત પુરૂષને અંદરથી ચિત્ત વગેરે સઘળા વિભ્રમો નિવૃત્ત થઇ જાય છે.[૪૬] 'સત્વ' એ નામથી કહેવાતું, વિવેકથી સ્વચ્છ થએલું ચિત્ત, જેમ બળી ગયેલું બીજ અંકુરને ફરી ઉત્પન્ન કરતું નથી તેમ મોહને ફરી ઉત્પન્ન કરતું નથી.[૪૭] મૂઢ લોકોની જે ચિત્ત નામની વાસના હોય છે તે ફરીવાર જન્મ આપે છે, પણ તત્ત્વવેત્તા પુરૂષોની ચિત્ત નામની વાસના બોધથી સત્વરૂપ થએલી હોવાનેલીધે જન્મને મટાડવારૂપ વિપરીત કાર્યને કરે છે.[૪૮] હે રામચંદ્રજી ! જે પામવાની વસ્તુ છે તેને તમે પામી ચૂક્યા છો. જ્ઞાનરૂપ અગ્નિથી બળીને સત્વપણાને પામેલું તમારૂં ચિત્ત ફરીવાર જન્મરૂપી અંકુરને ઉત્પન્ન કરવાતુંજ નથી.[૪૯] જેમ ખડ વગેરે પદાર્થો કુવાડાથી કપાયા છતાં અને અગ્નિથી બળી ગયા છતાં પણ પોતાની અંદર બીજ શક્તિ રહેવાને લીધે અંકુરોને ઉત્પન્ન કરે છે તેમ પ્રબોધથી સ્વચ્છ થએલું ચિત્ત અંકુરોને ઉત્પન્ન કરી શકતું નથી. કેમકે તેની તૃષ્ણારૂપી બીજ શક્તિ જ્ઞાનરૂપી અગ્નિથી બળી ગઇ હોય છે.[૫૦] જે જગત છે તે બ્રહ્મનુંજ સ્ફુરણ છે. કેમકે જગતની સત્તા બ્રહ્મની સત્તાથી અભિન્ન છે. જેમ પરમાત્માને અને બ્રહ્મને ભેદ નથી તેમ બ્રહ્મને અને જગતને ભેદ નથી.[૫૧] જેમ મરીમાં તીખાપણું રહ્યું છે તેમ ચૈતન્યમાં બ્રહ્માંડ રહ્યું છે, માટે ચૈતન્ય અને બ્રહ્માંડ ભિન્ન નહિ હોવાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીધે બ્રહ્માંડનાં ઉત્પત્તિ અને લય મિથ્યાજ છે.[૫૨] 'ઉત્પત્તિ' તથા 'લય' એ શબ્દો અને એ શબ્દોના અર્થો કેવલ વાસના માત્રજ છે. પ્રમાણભૂત નથી. કેમકે બન્ને બ્રહ્મરૂપ હોવાથીજ સ્ફુરે છે. આ પ્રમાણે છે એટલા માટે તમે જગતની ઉત્પત્તિ થવાની બુદ્ધિને તથા લય થવાની બુદ્ધિને પણ છોડી દો.[૫૩] આ 'રામ' એ નામથી વ્યવહાર કરાતું જે શરીર છે, તે તમે પોતે નથી, માટે શા માટે રૂવો છો? સઘળું જગત મિથ્યા છે અને મુદ્દલ છેજ નહિ, તો પછી તમને દેહાદિકની કલ્પનાજ કેમ થવી જોઇએ?[૫૪] 'જો સઘળું જગત સર્વદા ચૈતન્યરૂપ છે' એમ માનતા હો તો ચૈતન્યના સ્વભાવનોજ વિચાર કરો. ચૈતન્ય શુદ્ધ અને આદિથી તથા અંતથી રહિત છે, તો પછી તેમાં દેહાદિક અનર્થની કલ્પના કેમજ સંભવે?[૫૫] તમે ચિદાત્મા છો, અંશોથી રહિત છો અને આદિથી તથા અંતથી પણ રહિત છો. પોતાના વ્યાપક સ્વરૂપનું સ્મરણ કરો. એ સ્વરૂપના વિસ્મરણથી દેહાદિકરૂપે પરિચ્છિન્ન થઇ જાઓ નહિ.[૫૬] તમે ચૈતન્યરૂપ સ્થિતિને પામી નિરતિશય આનંદરૂપ ઉદયવાળા થઇને આ પરિચ્છિન્ન જગતને પૂર્ણ સ્વભાવવાળું કરી નાખો. તમે પૂર્ણ સ્વભાવવાળા છો, શાંત છો, ચૈતન્ય છો અને બ્રહ્મરૂપ છો.[૫૭] તમે ચૈતન્યરૂપી શિલાના એક રસ ગર્ભરૂપજ છો. તમે અનેક રૂપોથી રહેનારા નથી પણ સર્વના બાધના અવધિરૂપ છો. તમારા આવા સ્વરૂપમાં વાણીની કે મનની પ્રવૃત્તિ થઈ શકતી નથી માટે કહેવું પડે છે કે તમે જે છો તે છો, પણ પરોક્ષ જેવા નથી. કેમકે સ્વયંપ્રકાશ છો.[૫૮] જગતની ઉત્પત્તિરૂપ પણ તમેજ છો અને લયરૂપ પણ તમેજ છો. સઘળા પદાર્થોની અંદર જે પરસ્પરથી ન્યારાપણારૂપ પરિચ્છેદ છે. તે મિથ્યા હોવાને લીધે તે તમે નથી અને તે તમને પણ નથી. તમે સ્વરૂપમાં રહેલા છો, સર્વરૂપ પણ છો અને સર્વથી ન્યારા પણ છો. હે ચૈતન્યઘનસ્વરૂપ! તમને પ્રણામ કરૂં છું.[૫૯] આદિથી તથા અંતથી રહિત, વિશાલ, અને સ્ફટિકની શિલાના ગર્ભની પેઠે ઘાટું જે ચૈતન્યઘનસ્વરૂપ છે તેજ તમે છો. તમે આકાશની પેઠે નિર્લેપ છો પણ સુખ–દુઃખ આદિ વિકારોવાળા નથી, માટે સ્વસ્થ થાઓ. જેમ સ્ફટિકની શિલાના ગર્ભમાં પાંદડાંઓનો જથો પ્રતિબિંબરૂપે દેખાયા કરે તેમ તમારા વિસ્તીર્ણ ગર્ભમાં કલ્પિત વાસનાઓની રેખાઓથી સઘળાં બ્રહ્માંડો દેખાયા કરે છે. હે રામ! તમે કે જે એવા પૂર્ણ સ્વભાવવાળા છો તેમને હું પ્રણામ કરૂં છું.[૬૦]

आद्यंतवर्जितविशालशिलांतरालसंपीन–चिद्धनवपुर्गगनामलस्त्वम् ॥ स्वस्थो भवाजठरपल्लवकोशलेखालीलास्थिताखिलजगज्जय ते नमस्ते ॥ ६० ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'વિશ્રાંતિસુદૃઢીકરણ' એ નામનો બીજો સર્ગ સંપૂર્ણ.

सर्ग ३ जो.*

પૂર્ણ સ્થિતિની પ્રાપ્તિના ઉપાયનું વર્ણન

॥ श्रीवसिष्ठ उवाच ॥

भाविभूरितरंगाणां पयोवृंदमिवांबुधौ ॥
याचिद्वहत्यनंतानि जगंत्यनघ सो भवान् ॥

વસિષ્ઠ ઋષિ કહે છેઃ–હે રામચંદ્રજી! જેમ સમુદ્રમાં ઉત્પન્ન થતી, ઘણા ઘણા તરંગોના ભેદોની કલ્પનાઓનું અધિષ્ઠાન જળ છે તેમ જે ચૈતન્ય અનંત બ્રહ્માંડોની કલ્પનાઓનું અધિષ્ઠાન છે તે ચૈતન્ય તમેજ છો એવી ભાવના

* આ ત્રીજા સર્ગમાં બ્રહ્મ, જીવ, મન, દેહ અને જગત, એઓની એકતા સમજવાથી સઘળો દ્વૈતરૂપી ભ્રમ શાંત થતાં કેવળ પૂર્ણ સ્થિતિ રહે છે, એમ કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરો.[૧] હે ચૈતન્યસ્વરૂપ ! તમે જન્મથી તથા મરણથી રહિત છો અને સંસારના સંબંધથી પણ રહિત છો માટે તમને વાસના વગેરે ક્યાં રહેલાં છે ? તે કહો.[૨] ચૈતન્યજ પોતાથી જીવરૂપે અને વાસના આદિરૂપે સ્ફુરે છે તો તેમાં 'જડ' એ શબ્દનો અને તેના અર્થનો પ્રસંગજ શો છે તે કહો.[૩] તમે મોટાં મોટાં સ્ફુરણોરૂપી તરંગોવાળા, ગંભીર અને સ્વયંપ્રકાશ આત્મ-ચૈતન્યરૂપ મહાસાગર છો અને આકાશની પેઠે નિશ્ચલ, સમ તથા સૌમ્ય છો. તમારા સમુદ્ર-સમાન સ્વરૂપમાં 'રામ' એ નામરૂપી મોજો ઊઠેલો છે.[૪] જેમ ઉષ્ણતા અગ્નિથી ભિન્ન નથી, સુગંધપણું કમલથી ભિન્ન નથી, કાળાપણું કાજળથી ભિન્ન નથી, ધોળાપણું હિમથી ભિન્ન નથી, મધુરપણું શેલડીથી ભિન્ન નથી અને પ્રકાશ તેજથી ભિન્ન નથી તેમ અનુભવ (વૃત્તિમાં પ્રતિબિંબિત ચૈતન્ય) પરબ્રહ્મથી ભિન્ન નથી. જેમ તરંગ જળથી અભિન્ન છે તેમ જગત ચૈતન્યથી અભિન્ન છે.[૫,૬] ચૈતન્યથી અનુભવ ભિન્ન નથી, અનુભવથી અહંકાર ભિન્ન નથી, અહંકારથી જીવ ભિન્ન નથી, જીવથી મન ભિન્ન નથી, મનથી ઈંદ્રિય ભિન્ન નથી, ઈંદ્રિયથી શરીર ભિન્ન નથી, શરીરથી જગત ભિન્ન નથી અને જગતથી ભિન્ન તો કાંઈ છેજ નહિ, માટે સઘળું જગત ચૈતન્યજ છે.[૭,૮] આ પ્રમાણે અનાદિ કાળથી આ જગદ્રૂપ મોટું ચક્ર પ્રવર્ત્તેલું છે, પણ વાસ્તવિક જોતાં કાંઇ પ્રવર્ત્તેલુંજ નથી; અને પ્રવર્ત્તેલુંજ નહિ હોવાનેલીધે તેમાં લાંબા કાળનું કે ટુંકા કાળનું પણ કાંઇ નથી.[૯] આ પ્રમાણે આ સઘળું સ્વયંપ્રકાશ છે, અનંત છે, અખંડિત છે અને આકાશમાં આકાશ જેવુંજ છે. કોઈમાં કાંઈ રહ્યું છે એમ છેજ નહિ.[૧૦] જે આ જગત છે તે શૂન્યમાં શૂન્યજ ઉપસેલું છે, બ્રહ્મમાં બ્રહ્મજ અભિવૃદ્ધિ પામેલું છે, [illegible]માં સત્યજ ઉદય પામેલું છે અને પૂર્ણમાં પૂર્ણજ રહેલ છે.[૧૧] તત્ત્વવેત્તા પુરૂષ વિષયોને, વિષયોના પ્રકાશોને અને તેઓના સંકલ્પોને કરતાં છતાં પણ કાંઇજ કરતો નથી. કેમકે તેની દૃષ્ટિમાં એ સર્વ પોતાના સ્વરૂપથી અભિન્નજ હોય છે. તત્ત્વવેત્તા પુરૂષને કર્ત્તાપણું છેજ નહિ.[૧૨] 'આ ગ્રાહ્ય છે' એવી બુદ્ધિથી જે કાંઈ ગ્રહણ કરવામાં આવે છે તેજ તેમને સુખ–દુઃખ આપનાર થાય છે. જો ગ્રાહ્યપણાની બુદ્ધિ ન હોય તો કશું ગ્રહણ કરવામાં આવતું નથી અને સુખને કે દુઃખને આપનારપણું થતું નથી.[૧૩] જેમ 'એક આકાશ, બે આકાશ અને ઘણાં આકાશો' એ શબ્દોનો સમૂહ ભિન્ન છતાં પણ અભિન્નજ છે અને અર્થવાળો છતાં પણ અત્યંત શૂન્યરૂપજ છે, તેમ આત્મા અને જગત, એ શબ્દો ભિન્ન છતાં પણ અભિન્નજ છે અને અર્થવાળા છતાં પણ અનર્થકજ છે.[૧૪] તમે અંદર આકાશની પેઠે નિર્લેપ રહો, બહાર સદાચારમાં તત્પર રહો અને હર્ષના તથા ક્રોધના વિકારોમાં કાષ્ઠની તથા ઢેફાંના જેવી સ્થિતિવાળા રહો.[૧૫] તુરત મારી નાખવાને તૈયાર થએલા મોટા શત્રુને પણ જે પુરૂષ પોતાનો આત્માજ ગણીને અત્યંત પ્યારો ગણે તેજ પુરૂષ તત્ત્વવેત્તા છે.[૧૬] જેમ નદી પોતાના કિનારાના વૃક્ષને મૂળસહિત ઉખેડી નાખે છે, તેમ જે પુરૂષ પ્રેમને અને મત્સરને મૂળસહિત ઉખેડી નાખે, તે પુરૂષ હર્ષના તથા ક્રોધના વિકારોને હણનાર થાય છે.[૧૭] જો રાગ, દ્વેષ અને તેઓના વિકારો એઓના સ્વરૂપનો વિચાર ન કરવામાં આવે તો મહાત્માઓ પણ અમહાત્મા જેવાજ લાગે છે અને તેથી તેઓની સેવા પણ વ્યર્થજ જાય છે.[૧૮] જેને અહંકારજ હોતો નથી અને જેની બુદ્ધિ વિષયોથી લેપાતી નથી તે પુરૂષ આ સઘળા લોકોને મારી નાખે તોપણ કોઇને મારનાર થતો નથી અને કોઇથી મરાતો પણ નથી.[૧૯] જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસ્તુ મુદ્દલ છેજ નહિ તેને 'છે' એમ માનવી એજ માયા કહેવાય છે. એ માયા આત્મજ્ઞાનથીજ નષ્ટ થાય છે એ નિઃસંશય છે.[૨૦] જેના ચિત્તની વાસનાઓનો સમૂહ તેલવગરના દીવાની પેઠે શાંત થઇ ગયો હોય તે નિર્વિકાર તત્ત્વવેત્તા પુરૂષ ચિત્રમાં આલેખેલા રાજાની પેઠે સર્વદા અખંડ તેજયવાળોજ રહે છે.[૨૧] જે પુરૂષને આ સઘળા પદાર્થો મિથ્યા સમજાયાનેલીધે અથવા આત્મારૂપ સમજાયાનેલીધે સારી કે નરસી કોઈ દશાઓમાં દુઃખ દેનાર કે સુખ દેનાર થતા નથી તે પુરૂષ જીવન્મુક્તજ છે.[૨૨]

यस्यानुपादेयमिदं समस्तं पदार्थजातं सदसद्दशासु ॥ न दुःखदाहाय सुखाय नैव विमुक्त एवेह सजीव एव ॥२२॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'બ્રહ્મૈક્યપ્રતિપાદન' એ નામનો ત્રીજો સર્ગ સંપૂર્ણ. ૩

સર્ગ ૪ થો.*

આત્મદષ્ટિમાં સ્થિર થએલા રામચંદ્રજીની સંભાવના

॥ श्रीवासिष्ठ उवाच ॥

मनोबुद्धिरहंकार इंद्रियादि तथानघ ॥
अचेत्यचिन्मयं सर्वं क्व ते जीवादयः स्थिताः ॥

વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી ! મન, બુદ્ધિ, અહંકાર તથા ઇંદ્રિય વગેરે એ સઘળું દૃશ્યો વગરના કેવળ ચૈતન્યમયજ છે તો હવે જીવ વગેરે પદાર્થો ક્યાં રહ્યા ?[૧] જેમ ચંદ્ર એકજ છતાં નેત્રના રોગનેલીધે, જળનાં પાત્રોનેલીધે અને દર્પણોનેલીધે અનેક પ્રકારે પ્રતીત થાય છે તેમ વ્યાપક આત્મા એકજ છતાં કલ્પિત ઉપાધિઓના યોગોથી અનેક પ્રકારે પ્રતીત થાય છે.[૨] જેમ અંધકારનો ક્ષય થાય ત્યારે ચક્ષુની વિષયો દેખાડવાની અશક્તિ નષ્ટ થઇ જાય છે તેમ જ્યારે ભોગોની તૃષ્ણારૂપ ઝેરનો આવેશ ઉપશાંત થાય ત્યારેજ અજ્ઞાન નષ્ટ થાય છે.[૩] જેમ શરદ્ ઋતુથી વરસાદની ઝાકળનો નાશ થાય છે તેમ મનમાં સારીપેઠે વિચારેલા વેદાંતશાસ્ત્રરૂપી મંત્રથી તૃષ્ણારૂપી ઝેરી વિષૂચિકાનો નાશ થાય છે.[૪] હે રામચંદ્રજી ! જેમ આકાશમાં વરસાદ ક્ષીણ થાય ત્યારે ટાઢ પોતાનીમેળેજ ક્ષીણ થાય છે તેમ અજ્ઞાન ક્ષીણ થાય ત્યારે ચિત્ત સઘળી વાસનાઓસહિત પોતાનીમેળેજ ક્ષીણ થાય છે એમ સમજો.[૫] જેમ હારનો દોરો છેદાઇ જતાં મોતીઓનો સમાવેશ વીખાઇ જાય છે તેમ ચિત્ત છેદાઇ જતાં વાસનાઓરૂપી ભ્રમ વીખાઈ જાય છે.[૬] હે રઘુનાથ ! જે લોકો વેદાંતશાસ્ત્રના રહસ્યનું ખંડન કરવાનેમાટે વેદાંતશાસ્ત્રના અર્થનો વિચાર કરે છે તેઓ કીટ પતંગનો અવતાર લેવાનેવાસ્તે નીચ બુદ્ધિનો પરિચય કરે છે.[૭] નવીન કમલ સરખાં સુંદર નેત્રોવાળા રામ ! જેમ પવન શાંત થતાં તળાવની ચપલતા ક્ષીણ થાય છે, તેમ અજ્ઞાન શાંત થતાં ચિત્તની ચપલતા ક્ષીણ થાય છે.[૮] જેમ અત્યંત વિસ્તીર્ણ આકાશમાં પવન સ્થિર થઈ જાય છે તેમ તમે રાગદ્વેષાદિકથી રહિત હોવાનેલીધે પરમ વિસ્તીર્ણ બ્રહ્મપદમાં સ્થિર થયા છો.[૯] હે રામચંદ્રજી ! જેમ રાજા પ્રભાતનાં વાજાંઓથી નિદ્રા જતી રહેતાં જાગૃત થાય છે તેમ હું ધારૂં છું કે તમે મારાં વચનોથી અજ્ઞાન જતું રહેતાં પ્રબુદ્ધ થયા છો.[૧૦] સામાન્ય માણસને પણ પોતાના કુલના ગુરુનાં વચનોની અસર થાય છે ત્યારે તમે કે જે અત્યંત પ્રૌઢ બુદ્ધિવાળા છો તેમને મારાં વચનોની અસર થયા વિના કેમ રહે ?[૧૧] તમે પોતાના ચિત્તથી મને યથાર્થ વક્તા માનો છો માટે જેમ તપી રહેલા ખેતરમાં જળ સારી

* આ ચોથા સર્ગમાં વસિષ્ઠે અનાત્મ-દૃષ્ટિઓનો ત્યાગ કરાવીને રામને આત્મદષ્ટિમાં સ્થિર થયાની સંભાવના કરી એ કથા કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેઠે પેસી જાય છે તેમ તમારા હૃદયમાં મારૂં વચન સારી પેઠે પેસી જાય છે.[૧૨] હે મોટા પ્રભાવવાળા રામ ! અમો પરંપરાથી ઇક્ષ્વાકુવંશીઓનો અને તેઓમાં પણ વિશેષેકરી રઘુવંશીઓના કુલગુરુ છીએ માટે મારૂં કહેલું આ શુભ વચન તમારે હૃદયમાં તુરત હારની પેઠે ધરી લેવું.[૧૩]

वयमिह हि महानुभाव नित्यं कुलगुरवो भवतां रघूद्वहानाम् । मदुदितमिदमाशु धार्यमार्य शुभवचनं हृदि हारवत्त्वयेति ॥१३॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'ચિત્તભાવપ્રતિપાદન' એ નામનો ચોથો સર્ગ સંપૂર્ણ. ૪

सर्ग ५ मो.*

રામચંદ્રજીએ કરેલું સ્વાનુભવનું વર્ણન

॥ श्रीराम उवाच ॥

अहो अहंगतश्चित्त्वं भवद्वाक्यार्थभावनात् ॥
शांतं जगज्जालमिदमग्रस्थमपि नाथ मे ॥

રામચંદ્રજી કહે છેઃ—અહો ! આપનાં વાક્યોના અર્થના ચિંતનથી હું ચૈતન્યપણાને પ્રાપ્ત થયો છું. હે સ્વામીજી ! આ જગતરૂપી જાલ મારી આગળ રહેલું છતાં પણ શાંત થઇ ગયું છે.[૧] જેમ લાંબા કાળના વૃત્તિના પ્રતિબંધથી તપી રહેલું ભૂતલ વૃષ્ટિથી પરમ શાંતિને પ્રાપ્ત થાય તેમ હું મારા ચિત્તમાં પરમશાંતિને પ્રાપ્ત થયો છું.[૨] હું શાંત થયો છું, શીતલ સ્વરૂપવાળો થયો છું, કેવળ સુખરૂપે રહ્યો છું અને જેમાંથી હાથી બહાર નીકળી ગયો હોય એવા તળાવની પેઠે નિર્મલપણાને પ્રાપ્ત થયો છું.[૩] હે મુનિજી ! આ દિશાઓનું સઘળું મંડલ કે જે અ-નાત્માપણું મટી જવાથી સારી પેઠે નિર્મળ થઇ ગયું છે તેને હું હમણાં જાણે ઝાકળથી રહિત થઈ ગયું હોય તેમ યથાર્થ બ્રહ્મરૂપ દેખું છું.[૪] મારા સઘળા સંદેહો ટળી ગયા છે. આશારૂપી ઝાંઝવાની નદી શાંત થઇ ગઇ છે. હું વિષયોની વાસનાઓથી તથા વૈરાગ્ય આદિ વૃત્તિઓથી પણ રહિત થવાનેલીધે શરદ્ ઋતુના સ્વચ્છ જંગલની પેઠે શીતલ થયો છું.[૫] હે સ્વામીજી ! હું પોતાથીજ અંતવગરના અંદરના આનંદને પ્રાપ્ત થયો છું કે જે આનંદની આગળ અમૃતના રસનો સ્વાદ પણ તરણા જેવો તુચ્છ લાગે.[૬] આજ હું મારા અસલ સ્વભાવને પ્રાપ્ત થયે છું. સ્વસ્થ થયો છું, આનંદ પામ્યો છું, અં જેમાં સઘળા આનંદોનો સમાવેશ થાય છે એવ આનંદરૂપ થવાથી ખરો રામ થયો છું. હું મ પોતાને પણ પ્રણામ કરૂં છું અને આપને પ પ્રણામ કરૂં છું.[૭] જેમ પ્રભાતમાં સૂર્યનો ઉદ થતાં મૂર્ખ લોકોએ રાતમાં કલ્પેલું પિશાચોનુ કુટુંબ શાંત થઇ જાય છે તેમ મારા તે તે સંશયે અને તે તે કલ્પનાઓ સર્વ શાંત થઇ ગયાં છે. જેમ શરદ્ ઋતુમાં તળાવ વિશ્રાંતિ પામે છે તે નિર્મલ, વિસ્તીર્ણ, હિમની પેઠે શીતલ અને પ માનંદથી સંપન્ન થએલા હૃદયમાં મારૂં મ વિશ્રાંતિ પામ્યું છે.[૮] 'આત્માને અજ્ઞાનરૂપી કલં શા કારણથી આવ્યું હશે ? સ્વયંપ્રકાશ આત્મા એ કલંક કેમ રહેવું જોઇએ, અને પરિચ્છે વગરના અસંગ આત્માને એ કલંક કેમ ઢાં દે છે' ઇત્યાદિક સંશયો જેમ ચંદ્રના સમીપ અંધકાર નિર્મૂલ થઇ જાય તેમ નિર્મૂલ થઈ ગ છે.[૧૦] જે કાંઈ છે તે સઘળું સર્વત્ર અને સર્વ સ્ફુરણમય આકારવાળો આત્માજ છે માટે તેમ 'આ પદાર્થ અન્ય છે અને વળી તેથી આ પદા અન્ય છે' એવી ખોટી કલ્પના કેમજ હોય.[૧૧] હમણાં પરમ પ્રકાશવાળો થયોછું તેથી મને મા

* આ પાંચમા સર્ગમાં પ્રબુદ્ધ થએલા અને પરમ સુષમાં વિશ્રાંતિ પામેલા રામે ગુરુની આગળ વિસ્તારથી પોતાના અનુભવનું વર્ણન કર્યું, એ કથા કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રથમની સ્થિતિ ઉપર હસવું આવે છે, કે હું આત્મજ્ઞાનવગર તૃષ્ણારૂપી બેડીથી બંધાઇને કેવી રીતનો થઇ ગયો હતો ?[૧૨] આહા ! હવે મને સારી પેઠે સ્મરણ પ્રાપ્ત થયું કે હું સર્વદા પૂર્ણજ છું. આપની વાણીરૂપ અમૃતના પૂરમાં નહાવાથી હું આવી રીતનો બની ગયો છું.[૧૩] અહો ! હું એવી પવિત્ર અને વિસ્તીર્ણ ભૂમિ ઉપર ચડયો છું કે જે ભૂમિમાં મહાપ્રકાશ પાતાલની પેઠે દૂર રહ્યો નથી પણ અહીંજ છે.[૧૪] હું કે જે જન્મ-મરણરૂપી સંસારસમુદ્રને તરીને સંસારના અધિષ્ઠાનરૂપ થયો છું અને તેથી સર્વદા સર્વ લોકોએ પ્રણામ કરવા યોગ્ય છું તેને પ્રણામ કરૂં છું. હું પોતામાં પોતાથીજ મોટા ઉત્કર્ષને પ્રાપ્ત થયો છું.[૧૫] સ્વામીજી ! હું હૃદયરૂપી કમલના કોશમાં સ્પષ્ટ રીતે ભ્રમરની પેઠે સ્થિરતાને પ્રાપ્ત થએલા આપના ઉત્તમ ઉપદેશથી પોતાના સ્વરૂપના અનુભવનેલીધે શોકવગરની અને સર્વદા પ્રકાશરૂપ જીવન્મુક્તિને પ્રાપ્ત થયો છું.[૧૬]

अनुभववशतो हृदब्जकोशे स्फुटमलितांसमुपागतेन नाथ ॥ तव वर वचसेह वीतशोकां चिरमुदितां च दशामुपागतोऽस्मि ॥ १६ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'રાઘવવિશ્રાંતિવર્ણન' એ નામનો પાંચમો સર્ગ સંપૂર્ણ. ૫

સર્ગ ૬ ઠ્ઠો.*

દેહ અને આત્માનું વિવેચન તથા અજ્ઞાનનું સ્વરૂપ.

॥ श्रीवसिष्ठ उवाच ॥

भूय एव महाबाहो शृणु मे परमं वचः ॥
यत्तेऽहं प्रीयमाणाय वक्ष्यामि हितकाम्यया ॥

વસિષ્ઠઋષિ કહે છેઃ–હે મહાબાહુ રામચંદ્રજી ! ફરી પણ મારૂં ઉત્તમ વચન સાંભળો કે જે વચન હું મારા ઉપદેશથી તમને પ્રસન્ન થતા જોઇ હિત કરવાની ઇચ્છાથી કહું છું.[૧] આટલા સુધી તમામ અભેદના સિદ્ધાંત ઉપર રહીને મેં તમને કહ્યું છે પણ હવે ઘડીભર ભેદનો સ્વીકાર રાખીને પણ કહું છું તે સાંભળો કે જેથી તમારી વિચારશક્તિ વધે અને થોડું સમજનારાઓ (સિદ્ધાંતને નહિ પહોંચી શકનારાઓ) નાં પણ દુઃખો ટળી જાય.[૨] અજ્ઞાનને વશ રહેનારા મૂર્ખ માણસને અનાત્મભૂત દેહમાંજ આત્માપણાની ભાવના ઉદય પામેલી હોય છે, એ તેના અપરાધ ઉપરથી ઇંદ્રિયોરૂપી શત્રુઓ જાણે ક્રોધ પામેલા હોય તેમ તે માણસને દબાવી દે છે.[૩] જ્ઞાનમાં સ્થિતિ રાખનારા સમજુ પુરૂષને પરમાર્થભૂત આત્મામાંજ સ્થિતિ હોય છે; એ તેના વાસ્તવિક બોધ ઉપરથી ઇંદ્રિયો જાણે સંતુષ્ટ થએલી હોય તેમ મિત્રભાવ રાખીને તે ભલા માણસને કાંઇપણ નહિ દબાવતાં અનુકૂલ આચરણથી તેનું પાલન કરે છે.[૪] વ્યવહાર કરતાં છતાં પણ જે પુરૂષને ભોગ્ય પદાર્થોમાં સર્વદા દોષદૃષ્ટિજ રહ્યા કરે પણ કદી ગુણદૃષ્ટિ થાયજ નહિ તે પુરૂષ કેવળ દુઃખ ભોગવવાને વાસ્તે શા કારણથી દેહને આત્મારૂપ માને.[૫] આત્માને શરીરની સાથે લાગતું વળગતું નથી અને શરીરને આત્માની સાથે લાગતું વળગતું નથી. જેમ પ્રકાશ અને અંધકાર પરસ્પરથી વિલક્ષણ છે તેમ શરીર અને આત્મા પરસ્પરથી વિલક્ષણ છે.[૬] આત્મા જન્મ-મરણ આદિ સઘળા ભાવ-વિકારોથી સર્વદા રહિત અને નિર્લેપ હોવાથી કદી પણ અસ્ત પામતો નથી, કે કદી પણ ઉદય પામતો નથી, પણ સર્વદા પ્રકાશિતજ છે.[૭] આ શરીરરૂપી પથરો કે જે જડ છે, અજ્ઞ છે, તુચ્છ છે, વિનાશી છે અને પોતે આત્માની સત્તાથી

* આ છઠ્ઠા સર્ગમાં દેહના તથા આત્માના વિવેકનું, દેહને આત્મા માનવાથી દુઃખો પ્રાપ્ત થયાનું અને મૂઢ લોકોને સ્ત્રીઓના સંગથી મોહની વૃદ્ધિ થવાનું વર્ણન કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્તા પામેલો છતાં પણ આત્માનેજ દુઃખી કરનાર હોવાથી કૃતઘ્ન છે, તેને જે થતું હોય તે ભલે થાય.[૮] દેહ અને આત્મા એઓમાંથી આત્માને ઓળખીએ તો દેહમાં જડપણુંજ અવશેષ રહે છે માટે એ જડ દેહ સર્વદા પ્રકાશિત ચૈતન્યમયપણાને શી રીતે લઇ શકે.[૯] 'દેહનાં સુખ-દુઃખોથી આત્માને સુખ-દુઃખો થાય છે અને આત્માનાં સુખ-દુઃખોથી દેહને સુખ-દુઃખો થાય છે' એ વાત તે વળી કેવી હોય. દેહ અને આત્મા, એઓ કદી પણ સમાન નથી અને સમાન ધર્મોવાળા પણ નથી તો તેમ છતાં તેઓને પરસ્પરનાં સુખ-દુઃખોથી સુખ-દુઃખો થવાં કેમજ સંભવે.[૧૦] દેહ અને આત્મા કે જેઓને પરસ્પરની સાથે કશું લાગતું વળગતુંજ નથી તેઓને પરસ્પરરૂપ થવું સંભવેજ કેમ. દેહ કે જે સ્થૂલ છે તે અણુ કેમ થઇ શકે અને આત્મા કે જે અણુ છે તે સ્થૂલ કેમ થઇ શકે.[૧૧] જેમ દિવસ રાત્રિનો ઉપઘાતક છે અને રાત્રિ દિવસની ઉપઘાતક છે તેમ આત્મા દેહનો ઉપઘાતક છે અને દેહ આત્માનો ઉપઘાતક છે માટે તેઓ પરસ્પરથી ઐક્ય કેમજ પામે. જ્ઞાન અજ્ઞાનપણાને પ્રાપ્ત થવું સંભવે નહિ અને છાયા તડકાપણાને પ્રાપ્ત થવી સંભવે નહિ.[૧૨] ગમે તેવા વિચારો ગોઠવવામાં આવે તોપણ બ્રહ્મ દેહાદિકરૂપ થાયજ નહિ. આત્મા સર્વવ્યાપક છે તે છતાં પણ તેને દેહનો જરા પણ સંબંધ નથી.[૧૩] જેમ કમલને જળમાં રહ્યા છતાં પણ જળનો જરા પણ સંશ્લેષ નથી તેમ આત્માને દેહમાં રહ્યા છતાં પણ દેહનો જરા પણ સંશ્લેષ નથી. કેમકે આત્મા દેહની કલ્પનાનું અધિષ્ઠાન હોવાથી આત્માની સત્તાથીજ દેહની સત્તા છે.[૧૪] જેમ નિર્લેપ હોવાનેલીધે આકાશને વાયુથી શોષ, કંપ કે રજનો લેપ આદિ થતાં નથી તેમ આત્મા દેહમાં રહેલ છે તોપણ નિર્લેપ છે. તેનેલીધે તેને દેહથી જરા, મરણ, વિપત્તિ, સુખ, દુઃખ, હાનિ કે વૃદ્ધિ જરા પણ થતાં નથી, માટે તમે નિશ્ચિંત રહો. દેહમાં આત્મદૃષ્ટિ કરવાથી જન્મ-મરણ આદિ ભ્રમ રહે છે પણ બ્રહ્માત્મદૃષ્ટિથી જોતાં, જેમ જળમાં તરંગોનો સમૂહ જળમાત્રજ દેખાય છે તેમ બ્રહ્મમાં તે ભ્રમ બ્રહ્મમાત્રજ દેખાય છે. જેમ જળ પોતાની સત્તાથી રહેલા તરંગપણાને અનુભવતું હોય એમ છે તેમ આત્મા પોતાની સત્તાથી રહેલા દેહરૂપી યંત્રને અનુભવતો હોય એમ છે. જેમ સૂર્યાદિકના પ્રતિબિંબના આધારભૂત જળાદિકના ચલનથી પ્રતિબિંબનું ચલન થતાં પણ સૂર્યાદિકને કશો ક્ષોભ કે હાનિ થતાં નથી તેમ દેહથી ચિદાભાસનો ક્ષોભાદિક થતાં પણ દેહના સાક્ષીને ક્ષોભાદિક થતું નથી. દેહના અને આત્માના વિવેચનપૂર્વક અવલોકન કરવામાં આવે તો સત્ય જણાએલા આત્મતત્ત્વમાંજ સ્થિતિ પ્રાપ્ત થાય છે અને દેહરૂપ અજ્ઞાનનો વિભ્રમ લય પામે છે.[૧૫-૨૦] દેહના અને આત્માના ખરા તત્ત્વનો વિચાર કરતાં દેહનું મિથ્યાપણું પ્રકટ થાય છે અને આત્માનું સત્યપણું પ્રકટ થાય છે. કેમકે દીવો અને અંધકાર એઓની પેઠે દેહ અને આત્મા એઓનો સ્વભાવ પરસ્પરથી વિરૂદ્ધ છે.[૨૧] જેને યથાર્થ જ્ઞાન નથી હોતું એવા પુરૂષને દેહનાં ભ્રમણોથી અને બદલાઓથી સારવગરના મોહોરૂપી આસોંદરાંના વૃક્ષો સ્ફૂર્યા કરે છે. જેઓએ આત્મા નામના પદાર્થનો વિચાર કર્યો નથી અને સંવિત્ ઉપર લક્ષ્ય આપ્યું નથી તે મૂઢ પુરૂષો ચેતન નથી પણ જડજ છે અને તરણાંઓની પેઠેજ ચલનાદિક કરે છે. આત્મતત્ત્વના સ્વાદને નહિ જાણનારા એ જડ લોકો મ્હોડા વગેરેનાં છિદ્રોમાં ફરનારા વાયુઓના દબાણની તે તે પ્રદેશોમાં પ્રેરણા થતાં પોલા બંબુઓની પેઠેજ બોલ્યા કરે છે. ચલનાદિક પામ્યા કરે છે, અને ખડ તથા કાષ્ઠ વગેરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદાર્થોને લાવવા મૂકવાની ક્રિયાઓ કરે છે એમ સમજવું.[૨૨-૨૪] શબ્દ, સ્પર્શ તથા રૂપ આદિ વિષયોના લાભથીજ પોતાને કૃતાર્થ માનનારા, તરંગોની પેઠે ચપલ અંગોવાળા અને ભોગોના અત્યંત અભિનિવેશરૂપ મદ્યથી ઉન્મત્ત રહેનારા એ લોકો જડ છતાંજ ચેતન જેવા લાગે છે.[૨૫] જેમ નદી વગેરેના મોટા પ્રવાહો અચેત છતાં પણ ચપલતા તથા જવા આવવા વગેરે ક્રિયાઓવાળા દેખાય છે તેમ દુર્બુદ્ધિ લોકો પણ અચેતન છતાંજ ક્રિયાઓવાળા દેખાય છે એમ જાણવું.[૨૬] જોકે એ સઘળા દુર્બુદ્ધિ લોકોમાં પણ અવિનાશી ચૈતન્ય રહેલું છે તોપણ એ લોકો એ ચૈતન્યને જાણતા નથી તેથી તેઓનું એ ચૈતન્ય મોટી કંગાલ સ્થિતિમાંજ છે. જેમ લુવારની ધમણમાંથી નીકળતી ફુંકો કેવળ ચલનને વાસ્તેજ છે તેમ અજ્ઞાનીના શ્વાસો કેવળ ચલનને વાસ્તેજ છે. કેમકે એ શ્વાસોથી કશો પુરૂષાર્થ થતો નથી. જેમ ધનુષના દંડની દોરીમાંથી સાંભળવામાં આવતા ટંકારના શબ્દો બીજાઓના મરણને વાસ્તેજ છે તેમ અજ્ઞાની લોકોનાં મ્હોડાંઓમાંથી સાંભળવામાં આવતા ગર્જનાના તથા તિરસ્કાર આદિના શબ્દો બીજાઓના મરણને વાસ્તેજ છે. મૂઢ માણસની પાસેથી જો કોઇ ફળનો લાભ થાય તો પણ તે લાભ જંગલી ઝાડમાંથી ફળ મળ્યા જેવો છે.[૨૭-૨૯] મૂઢ માણસની પાસે જે વિશ્રામ મળે તે પણ તપી રહેલા પથ્થરની પાટની પાસે વિશ્રામ મળ્યા જેવો છે. મૂઢ માણસનો જે સમાગમ થાય તે પણ જંગલમાં ઝાડના ઠુંઠાનો સમાગમ થયા જેવો છે.[૩૦] મૂઢ માણસને વાસ્તે જે કાંઈ કરવામાં આવે તે પણ આકાશને લાકડીઓથી મારવા જેવું છે. એ અધમ માણસને જે વસ્તુ દેવાની ધારવામાં આવે તે વસ્તુ કાદવમાં શામાટે ફેંકી દેવામાં આવતી નથી.[૩૧] એ માણસની સાથે જે વાતચીત કરવામાં આવે તે આકાશમાં કૂતરાને બોલાવવા બરાબર છે. અજ્ઞાન એજ આપદાઓનું ઠેકાણું છે. અજ્ઞાનીને કઇ આપદા પ્રાપ્ત થતી નથી ?[૩૨] આ સંસારનો પ્રવાહ અજ્ઞાનીઓની ગફલતથીજ ચાલ્યા કરે છે. જેમ હલ ઉપર ઢેફાં પડયા કરે છે અને ઉડયા કરે છે તેમ અજ્ઞાની ઉપર ઉગ્ર દુઃખો અને દૃઢ સુખો વારંવાર પડયા કરે છે અને પાછાં ઉડયા કરે છે.[૩૩] શરીર, ધન અને સ્ત્રી ઇત્યાદિકની ઉપર ભરોસો રાખ્યા કરતા અજ્ઞાની પુરૂષને આ સંસારરૂપી નીચ દુઃખ કદી પણ શાંત થતું નથી.[૩૪] આ નીચ દેહ કે જે અનાત્મા છે તે આત્મા મનાઈ જતાં સઘળી ખોટી સમજણરૂપ માયા કદી પણ નષ્ટ થતી નથી.[૩૫] દુષ્ટ ભાવનાઓથી વ્યાપ્ત થએલી બુદ્ધિવાળા, સત્ય વસ્તુમાં આંધળા, મિથ્યાવસ્તુમાં દેખતા અને પગલે પગલે ગોથાં ખાધા કરતા અજ્ઞાની પુરૂષને જેમ ફૂલમાંથી સુગંધ ઉત્પન્ન થાય છે તેમ કોઇ વખતે ચંદ્રમાંથી ઝેર પણ ઉત્પન્ન થાય છે, અને જેમ સ્થલમાંથી દૂર્વાનો અંકુર ઉગે છે તેમ કોઇ વખતે દૂધમાંથી કાંટો પણ ઉગે છે. દેહરૂપી શેમળાના ઝાડની કોતરમાં સર્પિણીઓની પેઠે રહેનારી અને મનરૂપી હાથીને અપાર બંધનો આપનારી મૂર્ખ માણસની આશાઓ સારી રીતે ખેડેલા ખેતરમાં વાવેલી ડાંગરોની પેઠે ઘણાં ફળો (દુઃખો) આપ્યા કરે છે. જેમ મયૂરી (ઢેલ) પ્રેમથી મેઘની વાટ જોયા કરે છે તેમ નરકની ભૂમિ પાપોરૂપી સર્પોથી વીંટાએલા અજ્ઞાની માણસની વાટ જોયા કરે છે. નેત્રોરૂપી ચપલ ભ્રમરોવાળી, ચલાયમાન થતા હોઠરૂપી પલ્લવવાળી અને ચપલતા કર્યા કરતી સ્ત્રીરૂપી ઝેરી લતા મૂર્ખનેવાસ્તેજ પ્રફુલ્લિત થાય છે. સંકલ્પોરૂપી ચપલ પલ્લવોવાળું અને ચંચલ છાયાવાળું રાગરૂપી પરવાળાનું દુષ્ટ વૃક્ષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અજ્ઞાનીના હૃદયરૂપી ભૂમિકામાંજ રહે છે. ઘાટા નિશ્વાસોરૂપી ધૂમાડાવાળો, શસ્ત્રો જેવા તીક્ષ્ણ દાંતોરૂપી ઊંબાડીયાંવાળો અને કાયાને બાળી નાખનારો દ્વેષરૂપી દાવાનળ અજ્ઞાનીના હૃદયરૂપી નિર્જલ પ્રદેશમાં સળગ્યા કરે છે. પરાઇ નિંદાઓરૂપી પલ્લવોવાળી અને ચિંતાઓરૂપી ભ્રમરોવાળી, ઈર્ષ્યારૂપી કમલિની અજ્ઞાનીના મત્સરથી ભરેલા મનરૂપી સરોવરમાં અત્યંત પ્રફુલ્લિત થાય છે. વારંવાર ઉત્પન્ન થતાં ઉગ્ર દુઃખોરૂપી કલ્લોલોના વિભ્રમોને વારંવાર ટાળ્યા કરતા અને વળી પણ તેવાજ કલ્લોલોથી વ્યાપ્ત થતા અજ્ઞાની પુરૂષરૂપી સમુદ્રનેજ મરણરૂપી વાડવાગ્નિ વારંવાર પ્રાપ્ત થયા કરે છે. મૂઢ પુરૂષનેજ વારંવાર જન્મથી બાલકપણું, બાલકપણાથી જુવાનપણું, જુવાનપણાથી જરા અને જરાથી મરણ પ્રાપ્ત થયા કરે છે. જગતરૂપી આ જુના રેંટના યંત્રમાં પ્રારબ્ધરૂપી દોરીથી બંધાએલો મૂઢ પુરૂષરૂપી ઘડો વારંવાર ઊંધો ચત્તો થયા કરે છે. (જન્મ-મરણ પામ્યા કરે છે.) જે આ તુચ્છ જગત તત્ત્વવેત્તા પુરૂષને ગાયના પગલાના ખાબોચીયા જેવું લાગે છે તેજ જગત અજ્ઞાનીને છેડા વગરનું અને બહુજ ઊંડું લાગે છે. જેમ પાંજરામાં પડેલી પક્ષિણીઓ દૂર જઇ શકતી નથી તેમ પેટ ભરવાની ખટપટમાં પડેલી આંધળા જેવા મૂઢ પુરૂષની વિચારશક્તિઓ દૂર પહોંચી શકતી નથી. બહિર્મુખપણાવાળી વાસનાઓના ભારે બોજાથી હૃદયરૂપી વચલી કુંડલી દબાઇ જવાનેલીધે વિષયોરૂપી કાદવોમાં ડૂબી ગએલી જન્મરૂપી પઇડાંની ઈંદ્રિયોરૂપી પાટીઓ કેમે કરી એ કાદવોમાંથી કહાડી ચોખ્ખી કરી શકાતી નથી. અજ્ઞાનીરૂપ શિકારીએ રાગરૂપી મૃગયાના વ્યસનને લીધે ઈંદ્રિયોરૂપી ગીધોને માટે સંસારરૂપી જંગલમાં દૂરદૂર માંસના પિંડોની પેઠે હિમાલય આદિ માટીના પુંજમય પર્વતો અને મનુષ્ય તથા પશુ-આદિ માંસમય પ્રાણીઓ ગોઠવી મૂકેલાં છે; જેઓ મોહથી ભોગ્ય પદાર્થોરૂપે જોવામાં આવે છે. વિચિત્ર નામ-રૂપોથી અપાર રીતે રંગાએલો ઘણા ઘણા સંકલ્પોની કલ્પનાઓરૂપી કલ્પવૃક્ષ અત્યંત મિથ્યા પદાર્થોથી પણ સઘળાઓની કામનાઓને પૂરે છે એ ભારે અદ્ભુત છે. [૩૬-૫૧]

આ સંસારરૂપી વનખંડમાં અજ્ઞાનનેલીધેજ જગતોરૂપી જુનાં પાંદડાંઓની પરંપરાઓ પથરાએલી છે, જન્મોરૂપી નવાં નવાં પલ્લવો થયા કરે છે, કર્મોના સમૂહોરૂપી કળીઓ વારંવાર લાગ્યા કરે છે, વૈભવોની શોભાઓરૂપ મંજરીઓ પ્રફુલ્લિત થયા કરે છે, પુણ્યો તથા પાપોરૂપી ફળો ઉત્પન્ન થયા કરે છે અને વિચિત્ર રચનાઓવાળા ઘણા ઘણા કામી લોકોરૂપી પક્ષીઓ બેસતા, શોભતા, પેસતા તથા વિલાસો કરતા જોવામાં આવે છે. આ સંસારરૂપી વનખંડમાં અજ્ઞાનરૂપી ચંદ્રના ઉદયથીજ સ્ત્રીઓરૂપી ઔષધિઓ પ્રફુલ્લિત થઇને ભારે શોભા પામેલી છે. જન્મોના સમૂહોરૂપી કળાઓથી ભરપૂર, વિવેકરૂપી સૂર્યના અસ્તના સમયમાંજ ઉદય પામનારો, બ્રહ્મરૂપી આકાશમાં પ્રકાશતો અને દુર્દશારૂપ રાત્રિનો સ્વામી અજ્ઞાનરૂપી ચંદ્રમા ખોટા ખોટા ભારે ચમત્કારો દેખાડે છે. વાસનાઓરૂપી મિથ્યા અમૃતથી ભરેલા, આશાઓરૂપી ચકોરોને પુષ્ટ કરનારા અને ચિત્તરૂપી ચંદ્રકાંત મણિને આર્દ્ર રાખનારા અજ્ઞાનરૂપી ચંદ્રના પ્રભાવથીજ કામી પુરૂષોરૂપી રાજહંસોને વિલાસ આપનારી, હિમનાંજેવાં શીતલ અંગોવાળી અને નેત્રોરૂપી ચપલ ભ્રમરોવાળી, સ્ત્રીઓરૂપી કુમુદિનીઓ મનોહર લાગે છે. કેશપાશોરૂપી અંધકારોના પ્રાબલ્યવાળી હોવાનેલીધે કૃષ્ણપક્ષની રાત્રિઓ જેવી અને શોભી રહેલાં સ્તનોરૂપી ધોળાં વાદળાંઓવાળી હોવાનેલીધે શુક્લપક્ષની રાત્રિઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવી સ્ત્રીઓ મનનું આકર્ષણ કરે છે એ અજ્ઞાનનીજ વિભૂતિ છે.[૫૩-૬૦] હે રામચંદ્રજી! વિષયોમાં જે આરંભમાંજ મધુરપણું પરિણામે અનર્થ ઉત્પન્ન કરનારાપણું, પરિમિતપણું અને સઘળી સ્થિતિઓમાં ક્ષણભંગુરપણું છે, એ સઘળાં અજ્ઞાનરૂપી વૃક્ષનાંજ અનેક આકારોવાળાં મોટાં મોટાં ફળો ફેલાએલાં છે.[૬૧]

आपातमात्रमधुरत्वमनर्थसत्वमाद्यन्तवत्त्वमखिल स्थितिभङ्गुरत्वम् ॥अज्ञानशाखिन इति प्रसृतानि रामनानाकृतीनि विपुलानिफलानितानि॥६१॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'મોહમાહાત્મ્ય' એ નામનો છઠ્ઠો સર્ગ સંપૂર્ણ. ૬

સર્ગ ૭ મો.*

કામાદિકના અધ્યાસથી થતા અજ્ઞાનનું વર્ણન

॥ श्रीवसिष्ठ उवाच ॥

यन्मुक्तावलिता रत्नभूषिता भांति योषितः ॥ मदेंदावुदिते क्षुब्धकामक्षीरार्णवोर्मयः ॥१॥

વસિષ્ઠ ઋષિ કહે છેઃ—મોતીના હારોથી નમી રહેલી અને રત્નોથી શણગારેલી સ્ત્રીઓ મદરૂપી ચંદ્રનો ઉદય થતાં ક્ષોભ પામેલા કામદેવરૂપી ક્ષીરસાગરની લહરીઓજેવી લાગે છે એ અજ્ઞાનનોજ મહિમા છે.[૧] સ્ત્રીઓની તેઓના ગાલોની ઉપર નખરાં કરતી દૃષ્ટિઓ સોનેરી રંગનાં કમલોની ઉપર રહેલા ચપલ ભ્રમરોના સમૂહની શોભાને ધરે છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[૨] વસંતઋતુમાં બગીચાઓનાં વૃક્ષોની ઉપર તથા બગીચાઓની ભૂમિઓમાં જાણે કામદેવના દાસ હોય તેમ કામી લોકોને ઉન્મત્ત કરી દેનારાં પુષ્પો મનોહર લાગે છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[૩] સ્ત્રીઓનાં અંગો કે જેઓ વાઘ, ગીધ, શિયાળીયાં તથા કૂતરાં એઓને આહારના કામમાં આવે એવાં છે તેઓને કવિલોકો ચંદ્રની, ચંદનના તથા કમળની ઉપમા આપે છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[૪] જેઓમાં લોહી વગેરેનો દુર્ગંધજ ભરેલો છે એવાં સ્ત્રીઓનાં સ્તનોને સોનાના કળશોજેવાં, કમળોની કળીઓજેવાં અને બીજોરાંજેવાં માની લેવામાં આવે છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[૫] સ્ત્રીઓની લાળથી ખરડાએલા હોઠ નામના માંસના ટુકડાને અમૃતની, ચંદ્રના રસના ઝરાની, મધની, ધોલાં નામના ફળની અને આસવના રસની ઉપમા દેવામાં આવે છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[૬] સ્ત્રીઓના નાનાં નાનાં બરડવાં જેવા આકારવાળા હાથના તીક્ષ્ણ અણીવાળા હાડકાંઓના ખીલાઓને સારા સારા કવિઓ પણ **'बाहुलता'** આદિ મોટા મોટા શબ્દોથી વર્ણવે છે એ પણ અજ્ઞાનનો મહિમા છે.[૭] કેળના થાંભલાઓના જેવી સાથળોની સામગ્રીવાળી સ્ત્રીઓએ ધરેલી અને જોનારાઓને સ્તનોની શોભાના પ્રૌઢ આનંદને આપનારી કટિમેખલા કામદેવના દરબારનાં તોરણોની પંક્તિ જેવી શોભે છે એમ જે માનવામાં આવે છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[૮] લક્ષ્મી આરંભમાં થોડીક મીઠી લાગે એવી, મધ્યમાં રાગદ્વેષ આદિ અનેક ખટપટોને ઉભી કરનારી, તુરત ક્ષય પામનારી અને વળી સર્વની પાસે નહિ આવતાં કેટલાક લોકોની પાસેજ આવે એવી છે તે છતાં પણ ઇચ્છવામાં આવે છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[૯] બુદ્ધિ દુઃખ પામ્યા કરે છે, કોઇ વખતે સુખ અનેક શાખાઓવાળું લાગે છે, દુઃખોની શાખાઓ ઉત્પન્ન થાય છે અને લક્ષ્મીમાંથી અનેક ક્રિયાઓરૂપી ફળો થાય છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[૧૦]

---

* આ સાતમા સર્ગમાં કામાદિકનેલીધે અનર્થોમાં અર્થબુદ્ધિ કરાવનારી અજ્ઞાનની વિભૂતિઓનું વિસ્તારથી વર્ણન કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્મકાંડનાં વચનો કે જેઓ કરોળીઆએ બાંધેલી જાળ જેવાં સંકીર્ણ છતાં પણ તુરત ત્રુટી જાય એવાં છે, લોકોને કામ્ય કર્મોના વિસ્તારરૂપી જંગલમાં ભમાવવાનેજ તૈયાર છે અને રાગથી તથા ચપલતાથીજ ભરેલાં છે તેઓને પણ બંદીખાનાની બેડીઓ જેવાં દૃઢ માની લેવામાં આવે છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[૧૧] પ્રવૃત્તિઓરૂપી વૃષ્ટિની ધારાઓથી વિસ્તાર પામનારી, અવિવેકરૂપી અંધકારને લીધે કાળી અને છેડા વગરની મોહરૂપી વરસાદની ઝાકળ અનાદિકાળથી જેમ વર્ષા ઋતુમાં યમુના નદી ચાલે તેમ ચાલી જાય છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[૧૨] અંતઃકરણને પણ કડવું કરી દેનારો અને અનેક પ્રકારનાં દુઃખો દેનારો જન્મ-મરણરૂપી અતવસનો રસ લોકોની અરૂચિ છતાં પણ વધ્યા કરે છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[૧૩] લોકોરૂપી જર્જરિત અને સંકીર્ણપણાવાળાં પાંદડાંઓને તે તે સ્થલમાં ઊડાડનારા અને ઊકરડાની ધૂળોની પેઠે વિવેકરૂપી દૃષ્ટિને આંધળી કરી દેનારા અનેક પ્રકારનાં કર્મોરૂપી પવનો વાય છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[૧૪] અનંત બ્રહ્માંડોરૂપી પાકેલાં ફળોને ખાધા કરવા છતાં પણ જેનું પેટ ભૂખ્યું ને ભૂખ્યુંજ રહે છે એવો આ કાળ એમ ને એમ સેંકડો કલ્પો વીતી ગયાં છતાં પણ તૃપ્ત થતો નથી એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[૧૫] મોહરૂપી પવનને પીને રહેનારા અને તે તે દેહોરૂપી કાંચળીઓને વારંવાર ઊતારી નાખતા જીવોરૂપી વિચિત્ર સર્પો બ્રહ્મસ્વરૂપે શીતળ તથા અવિચળ છતાં પણ કર્મોરૂપી કુટિલ ગતિઓથી સંસારમાં ભટક્યા કરે છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[૧૬] વિવેકરૂપી ચંદ્રનો ઉદય નહિ થવાથી ચિંતારૂપી પિશાચે ખરાબ કરેલી યૌવનરૂપી રાત્રિ મોહરૂપી અંધકારનેલીધે પ્રકાશવગરનીજ ચાલી જાય છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[૧૭] જેમ તંતુ કમલની કોતરના ખુણામાં રહેલો છતાં પણ હિમોથી જાજરો થઇ જાય છે તેમ જીભ મ્હોડાના છિદ્રના એક ભાગમાં ગુપ્ત રહેલી છતાં પણ સ્ત્રી પુત્ર વગેરે પામર લોકોને સમજાવવાના સંતાપોથી જાજરી થઈ જાય છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[૧૮] દુઃખો તથા શોકોરૂપી મોટી મોટી ગાંઠયોવાળો અને કષ્ટોરૂપી કાંટાઓથી સંકીર્ણ થએલો દારિદ્રયરૂપી દૃઢ શેમળો હજારો શાખાઓવાળો થાય છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[૧૯] અંદર પોલાણવાળા અને ઘણી ઊંચાઇનેલીધે નમી રહેલા ચિત્તરૂપી જુના વૃક્ષમાં રહેનારો લોભરૂપી ઘૂડ માયારૂપી કાળી રાત્રિમાં મસ્તી કર્યા કરે છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[૨૦] જરારૂપી બુઢ્ઢી બિલાડી યૌવનરૂપી ઊંદરને પ્રથમ કાનની પાસેના પ્રદેશમાં પૂરી કાળજીથી પકડીને રમતાં રમતાં ફાડી નાખે છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[૨૧] આ સૃષ્ટિ ફીણના પુંજના પેઠે નિસ્સાર છતાં પણ અનુક્રમે પહાડજેવી ઊંચી થઇને પુષ્ટપણાને પ્રાપ્ત થાય છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[૨૨] ચિદાભાસો (જીવો) રૂપ પુષ્પોથી ધોળી, જગતોરૂપ પાંદડાંઓવાળી અને ધર્મ તથા અર્થરૂપ ફળોને ધરનારી વ્યાવહારિક સત્તારૂપ લતા પ્રફુલ્લિત થઇ છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[૨૩] મેરૂ આદિ દિવ્ય પર્વતોરૂપી મોટા સ્તંભોવાળું, ચંદ્ર તથા સૂર્યરૂપી ગોખોવાળું અને આકાશરૂપી છાજવાળું આ રમણીય લાગતું ત્રૈલોક્યરૂપી ઘર ટકી રહ્યું છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[૨૪] સંસારરૂપી મોટા સરોવરમાં શરીરોરૂપી કમલોની અંદર ચૈતન્યરૂપી રસને પીનારા (ચૈતન્યની સત્તાથીજ રહેનારા) પ્રાણોરૂપી ભ્રમરો ફરે છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[૨૫] જગતરૂપી ઘરના ગર્ભની અંદર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આકાશમાર્ગરૂપી ઇંદ્રનીલ મણિની બાંધેલી ભૂમિમાંજ રહેનારી સૂર્યરૂપી રમણીય દીવી પ્રકાશ્યા કરે છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[26] આશાઓરૂપી તંતુઓથી બંધાએલાં અંગોવાળી જીવોની પંક્તિરૂપ જુની પક્ષિણી પોતાની વાસનાઓરૂપી સળીઓવાળા દેહરૂપી પાંજરાંની અંદર બંધાઇ રહેલી છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[27] જેમાંથી પ્રાણીઓના સમૂહોરૂપી પાંદડાંઓની પરંપરા નિરંતર ખરતી જાય છે એવી અનાદિકાળની આ સંસારરૂપી લતા પ્રાણવાયુના સ્પર્શથી ચલાયમાન થયા કરે છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[28] સૃષ્ટિના અમુક કાળસુધી રાજી રહેનારા કેટલાએક કુલીન પુરૂષો પોતાનાં પુણ્યોના પ્રભાવનેલીધે ઉગ્ર નરકોરૂપી કાદવમાં પડવાના ભયને દૂર કરી ઘડીભર પોતાને મળેલાં ઉત્તમ સ્થાનકોમાંથી ભ્રષ્ટ થવાની શંકા પણ રાખતા નથી એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[29] અમૃતભક્ષી હોવાનેલીધે ચંદ્રના ખંડોરૂપી કણીઓને ખાનારા દેવતાઓરૂપી સારસ પક્ષીઓ કાળાં વાદળાંઓરૂપી શેવાળવાળા સ્વર્ગના માર્ગરૂપી તળાવની અંદર સ્ફુર્યા કરે છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[30] અનેક પ્રકારનાં કામ્ય ફળોરૂપી ભ્રમરોથી મલિન, વાસનાઓરૂપી કળીઓથી શોભી રહેલી અને તે તે લોકોમાં ગતિઓ થવારૂપ સુગંધીવાળી મોટી કર્મકાંડરૂપ કમલિની પ્રફુલ્લિત થઇ રહી છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[31] સંસારરૂપી ખાબોચીયામાં ફરફર કરતી બિચારી પ્રાણીઓની જાતોરૂપ નાની નાની માછલીઓને નિર્દય કાળરૂપી બુઢ્ઢો ગીધ ગળ્યા કરે છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[32] તરંગોનાં ફીણોની પંક્તિની પેઠે જાણે એજ હોય અને જાણે બીજીજ હોય એમ લાગતી ક્ષણભંગુરપણાવાળી સંસારની વિચિત્રતા ચંદ્રની કળાના પેઠે રોજરોજ નોખનોખા પ્રમાણવાળી ઉદય પામે છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[33] ક્ષણમાત્રમાં ફૂટી જાય એવાં ઘણાં પ્રાણીઓરૂપી કોડીઆંઓને બનાવ્યા કરતો કાળરૂપી કુંભાર આ ચક્રને ફેરવ્યા કરે છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[34] બ્રહ્મરૂપી અચલ પદમાં ઉત્પન્ન થએલાં અને વ્યવહારમાં સમર્થપણું ધરાવનારાં જગતોરૂપી અસંખ્યાત જંગલો પ્રલયરૂપી અગ્નિથી બળી ગયાં છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[35] આ જગતની સ્થિતિ એ રીતે જતી આવતી સુખ-દુઃખોની અપાર દશાઓથી નિરંતર ફેરફાર પામ્યા કરે છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[36] વાસનાઓરૂપી સાંકળોથી બંધાએલી અજ્ઞાની લોકોની દૃઢ અજ્ઞાનરૂપ મૂર્ખતા મોટી ગડબડોવાળા યુગોના ફેરફારોથી અને મોટાં પ્રલયનાં વજ્રો પડવાથી પણ આજ દિવસસુધી ત્રુટી નથી એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[37] કોઇ એક વાસના શત્રુઓના સેંકડો સૈન્યોને પલાયમાન કરી દેનારા દાનવોએ પણ વખાણેલી અને પુનર્જન્મના વેગનેલીધે ભાંગી જનારી ઇંદ્રિની કાયાને ધરી બેઠેલી છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[38] પ્રાણીઓના જન્મોરૂપી ધૂળોના સમૂહોવાળી આ સૃષ્ટિની સ્થિતિરૂપ વંટોળીઆની ચકરી કાળરૂપી સર્પના ગળામાં નિરંતર પ્રવેશ કર્યા કરે છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[39] પોતાથી થતાં તે તે ફળોરૂપી ફીણોવાળાં પદાર્થોરૂપી સઘળાં જળો નિરંતર ચારેકોરથી વિનાશરૂપી વડવાગ્નિના મ્હોડામાં પડ્યા કરે છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[40] કેવળ અધિષ્ઠાનની સત્તાથી સત્તા પામેલી તે તે પદાર્થોની વિચિત્ર શક્તિઓ વાસનાઓની અતર્ક્ય ગતિથી જળનાં ચલનોની શોભાઓની પેઠે સ્ફુર્યા કરે છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[41] પ્રાણીઓરૂપી મોતીઓથી ભરપૂરપણાવાળા જગતોરૂપી ઘણા ઘણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મદોન્મત્ત હાથીઓને કાલરૂપી પ્રબલ સિંહ ખાઇ જાય છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.૪૨ મેરૂ આદિ ઉપભોગનાં સ્થલોરૂપી ફળોને ભોગવનારા, અધિક અધિક ફળોને શોધનારા અને કર્મોરૂપી પાંખોના સમૂહોવાળા જીવોરૂપી પક્ષીઓ જન્મે છે, મરે છે અને જીવે છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.૪૩ દ્રષ્ટારૂપી ચિત્રકાર પોતાની દૃષ્ટિમાત્રથી ચલન (સ્ફુરણ) રૂપી ચકચકિતપણાવાળી ચૈતન્યરૂપી ભીંતમાં ઇંદ્રિયોરૂપી પાંચ રંગોથી તે તે પ્રાણીઓ તથા પદાર્થોરૂપી ચિત્રોને બનાવ્યા કરે છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.૪૪ આત્માને જગતરૂપે વિવર્ત્તઆપનારી, નિરંતર ચાલ્યાજ કરતી, સઘળા પદાર્થોનો ફેરફાર કરનારી, દુષ્ટ રીતે નીચ અંકુરોને ઉત્પન્ન કરનારી અને હિરણ્યગર્ભના નિમેષના સેંકડોમા ભાગ જેટલી પોતાના સ્થિતિકાળની સૂક્ષ્મ અવધિ ઉપર કોઇના જાણવામાં ન આવે એવી રીતે દૃષ્ટિ રાખીને સ્થાવર જાતિઓ રહેલી છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.૪૫,૪૬ સુખ–દુઃખમય રાગ દ્વેષોનાં ઉત્થાનો પામતાં અને જરાને, મરણને તથા રોગોને પ્રાપ્ત થતાં જંગમ જાતિઓ જીર્ણ થઇ જાય છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.૪૭ પૃથ્વીમાં પોતાનાં મોટાં મોટાં પાપોનાં ફળોનેજ અનુભવ્યા કરતી કીડાઓની પંક્તિઓ અમુક કાલસુધી પ્રારબ્ધથી પીડાયા કરે છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.૪૮ જેનું દર (બ્રહ્મ) માંડ માંડ જોવામાં આવે છે એવો અને ભારે મોટા શરીરવાળો કાળરૂપી સુખીયો સર્પ અદૃશ્ય રહીનેજ ક્ષણમાત્રમાં આ સઘળા જગતને ગળી જાય છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.૪૯ કાળે કાંઇક અદૃષ્ટરૂપ કારણને લઇને પક્ષીઓ વગેરેથી શરીરમાં વ્યાકુલ કરાતાં, ટાઢનું, પવનનું તથા તડકાનું દુઃખ સહન કરતાં, ઋતુ પ્રાપ્ત થતાં જેઓમાં પુષ્પોની કાંતિઓ શોભી રહે છે એવાં, ફળો દેનારાં, અને ધરતીની અંદર પેઠેલાં મૂળોવાળાં વૃક્ષો જાણે યોગનાં તિતિક્ષા વગેરે અંગોને પાળતાં હોય તેમ કાલક્ષેપ કર્યા કરે છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે. અપંચીકૃત જળમાં રહેલા ત્રૈલોક્યરૂપી કમળની કોતરમાં ઘણાં ઘણાં પ્રાણીઓરૂપી ભ્રમરોનો સમૂહ ઘોંઘાટ કર્યા કરે છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે. બ્રહ્માંડરૂપી ભિક્ષાના પાત્રને ધરનારી આ ક્રિયારૂપ કાલિકાદેવી પોતે ગ્રહણ કરેલી પ્રાણીઓરૂપ ભિક્ષાને પોતાના ધણી કાલના હાથમાં આપી આપીને નવી નવી પ્રાણીઓરૂપ ભિક્ષાને લેવા ઇચ્છે છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.૫૦-૫૩ બ્રહ્મા વિષ્ણુ, ઇંદ્રાદિક, પૃથ્વી તથા મોટા મોટા પર્વતો આદિ જીર્ણ અવયવોવાળી, લટકતાં વાદળાંઓરૂપી સ્તનોવાળી, ચૈતન્ય શક્તિરૂપ માતાથી પોષણ પામ્યા કરતી, જાડી, ચંચલ સ્વભાવવાળી, ભારે ભારે ચાળા કરનારી, તારાઓના સમૂહરૂપી દાંતોવાળી, સંધ્યારૂપ અત્યંત રાતા હોઠવાળી, સઘળા કમલિનીઓરૂપી હસ્તોવાળી, સ્વર્ગરૂપી મ્હોડાવાળી, સાત સમુદ્રોરૂપી મોતીના હારોને ધરનારી, આકાશરૂપી કાળી સાડીથી વીંટાએલી, જંબૂદ્વીપરૂપી મોટી નાભિવાળી, વનોની શોભાઓરૂપ રોમરાજિવાળી અને ઘણા ઘણા વિભ્રમોને કરનારી આ ત્રિલોકીરૂપ વૃદ્ધ સ્ત્રી ઉત્પન્ન થઇ થઇને નષ્ટ થાય છે અને નષ્ટ થઇ થઇને વારંવાર ઉત્પન્ન થાય છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.૫૪-૫૮ કલ્પોરૂપી પ્રત્યેક ક્ષણે ક્ષીણ થતા બ્રહ્માંડોરૂપી મોટા મોટા પરપોટાઓ કાલરૂપી ભયંકર મહાસાગરમાં કેટલાએક અંદર પેસી જાય છે અને કેટલાએક બહાર નીકળે છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.૫૯ હિરણ્યગર્ભોરૂપી સારસો અગાધ તૃષ્ણારૂપી ચલિત થતા જળથી ભરેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાલરૂપી મહાસરોવરમાં રહી રહીને વારંવાર કલ્પરૂપી નિમેષમાત્રમાં ઉડી જાય છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે. વારંવાર ઉત્પન્ન થઇ થઇને નષ્ટ થતી જતી, ઉગ્ર સંતાપોવાળી અને ચૈતન્યના પ્રકાશથીજ પ્રકાશ પામતી આ સૃષ્ટિઓરૂપી વિજળીઓ કાલરૂપી મેઘમાં ચમકે છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે.[૬૦,૬૧] જેઓની ઉપર અનેક પ્રાણીઓરૂપી પક્ષીઓ ઝડપ માર્યા કરે છે એવી અને નિરંતર ભ્રમણ પામ્યા કરતી બ્રહ્માંડોરૂપી ફળોની પંક્તિઓ કાળરૂપી ઊંચા તાડમાંથી પડયા કરે છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે. ક્ષણમાત્રમાં આ સઘળી બ્રહ્માની સૃષ્ટિને બનાવનારા અને ક્ષણમાત્રમાં તેનો સંહાર કરી નાખનારા કેટલાએક મોટા મોટા દેવતાઓ કોઇ કોઇ સ્થલમાં છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે. આંખ વીંચવામાત્રથી અને ઉઘાડવામાત્રથી હજારો કલ્પોનો પ્રલય કરી નાખનારા કેટલાએક રૂદ્રો પણ પરબ્રહ્મમાં રહ્યા છે એ પણ અજ્ઞાનનોજ મહિમા છે. એવા એવા રૂદ્રો પણ જેના નિમેષમાત્રથી ઉત્પન્ન થાય છે અને મરી જાય છે એવો પણ એક દેવનો દેવ છે. કેમકે ઉપાસનાઓમાં ફળોની સ્થિતિ અનંત છે. અનંત સંકલ્પોથી ભરેલા અને વાસ્તવિક રીતે જેમાં કોઇ પણ સંકલ્પ નથી એવા બ્રહ્મપદમાં હજારો આશ્ચર્યોને દેખાડનારી કઇ કઇ શક્તિઓ સંભવતી નથી ? સઘળી શક્તિઓ સંભવે છે. આ રીતે અનંત સંકલ્પોથી ઉત્પન્ન થએલા પદાર્થોના સમૂહોથી શોભી રહેલી જે આ જગતસંબંધી કલ્પના છે તે અજ્ઞાનનોજ મહિમા છે.[૬૨-૬૬] સર્વદા જે જે કોઇ સંપત્તિઓ છે, જે જે કોઈ વિપત્તિઓ છે, જે જે કોઇ બાલ્ય, યૌવન, જરા, મરણ તથા ઉપતાપો છે અને જે જે કાંઇ સુખોની કે દુઃખોની પરંપરાઓથી ડૂબવું થાય છે, એ સઘળી અજ્ઞાનરૂપી તીવ્ર અંધકારનીજ વિભૂતિઓ છે.[૬૭]

याः संपदो यदुत संततमापदश्च यद्बाल्ययौवन जरामरणोपतापाः ॥ यन्मज्जनं च सुखदुःखपरंपराभिरज्ञानतीव्रतिमिरस्यविभूतयस्ताः ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'અજ્ઞાનમાહાત્મ્ય' એ નામનો સાતમો સર્ગ સંપૂર્ણ.

સર્ગ ૮ મો.*કાર્યરૂપ અવિદ્યાનું વર્ણન

॥ श्रीवसिष्ठ उवाच ॥

संसारवनखंडेऽस्मिंश्चित्पर्वततटे स्थिता ॥
कीदृशी सृष्टयविद्याख्या लता विकसिता कदा॥

વસિષ્ઠ ઋષિ કહે છે:—આ સંસારરૂપી વનખંડમાં ચૈતન્યરૂપી પર્વતના તટ ઉપર રહેલી (સૃષ્ટિરૂપ કાર્ય) અવિદ્યારૂપ લતા કે જેનો મોટા મોટા પર્વતોરૂપી સાંધાઓવાળો, જળ આદિ આવરણોરૂપી છાલોથી વીંટાએલો અને લોકોરૂપી પાંદડાંઓ વગેરેથી પ્રફુલ્લિત થએલો આ ત્રૈલોક્યરૂપી દેહ છે,તે કેવી છે અને ક્યારે પ્રફુલ્લિત થઇ છે એ વિષે કહું છું તે સાંભળો.[૧,૨] આ અવિદ્યારૂપી લતામાં સુખ, દુઃખ, જન્મ, સ્થિતિ, જ્ઞાન અને અજ્ઞાન, એ ફળો દિવસે દિવસે વધતાં જાય છે.[૩] ભોગવવામાં આવતા સંપત્તિ આદિ સુખમાંથી 'હજી આથી પણ અધિક સંપત્તિ મને પ્રાપ્ત થાય તો ઠીક' એવા પ્રકારના રાગરૂપી અવિદ્યા ઉદય પામે છે અને તે અવિદ્યા યજ્ઞ તથા દાન આદિ કરાવીને સુખને આપે છે. તેમજ ભોગવવામાં આવતા દારિદ્ર્ય આદિ દુઃખમાંથી ધનની તૃષ્ણા આદિ અવિદ્યા ઉદય પામે છે અને તે અવિદ્યા દુષ્ટવાસનાથી ચોરી આદિ અધર્મોમાં પ્રવૃત્તિ કરાવીને દુઃખને આપે છે.[૪] જન્મમાંથી પણ અવિદ્યા ઉદય પામે છે અને તે અવિદ્યા પાછી જન્મ આપ્યાવગર રહેતી નથી. સ્થિતિમાંથી

* આ આઠમા સર્ગમાં અવિદ્યા (જગતરુપ કાર્ય-અવિદ્યા) નું સંસારરૂપી જંગલમાં લતારૂપે વર્ણન કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ અવિદ્યા ઉદય પામે છે અને તે અવિદ્યા પાછી સ્થિતિ આપ્યાવગર રહેતી નથી.[૫] અજ્ઞાનથી અવિદ્યા વૃદ્ધિ પામે છે અને તેથી પાછું પણ અજ્ઞાનરૂપી ફળ અવશ્ય થાય છે. તત્ત્વવિચારથી જ્ઞાનની વૃદ્ધિ પ્રાપ્ત થાય છે અને એ વૃદ્ધિ પાછી પણ જ્ઞાનની વૃદ્ધિનેજ કરે છે.[૬] અનેક પ્રકારના ઉલ્લાસોવાળું, વાસનાઓરૂપી સુગંધોથી શોભી રહેલું અને પ્રાણીઓરૂપી ઘાટાં તથા ચપલ પલ્લવોવાળું આ અવિદ્યારૂપી લતાનું શરીર ભારે પ્રૌઢપણાને પામેલું છે.[૭] દિવસોના સમૂહરૂપી પુષ્પોવાળી, રાત્રિઓરૂપી ચપલ ભ્રમરોવાળી, નિરંતર ચલાયમાન થયા કરતી અને જેમાંથી કેટલાંએક પ્રાણીઓરૂપી પાંદડાંઓ નિરંતર પડયા કરે છે એવી આ અવિદ્યારૂપી લતા કોઇ સમયે વિવેકરૂપી હાથણીની હડફેટમાં આવી આવીને પડી જાય છે અને રજથી રહિત થઇને નષ્ટ થઈ જાય છે પણ જો એ હાથણીની પૂરેપૂરી હડફેટમાં ન આવે તો પાછી મજબૂત થઇ જાય છે.[૮-૯] આ અવિદ્યારૂપી લતા નવાં નવાં ઉત્પન્ન થતાં મિત્ર તથા પશુઆદિ કુંપળીઆંઓથી સંપન્ન રહે છે, પ્રકટ થતા પુત્રપૌત્ર આદિરૂપ અંકુરોથી ઉન્નતિવાળી રહે છે, સઘળી ઋતુઓમાં વાસનાઓરૂપી પુષ્પોથી ભરપૂર રહે છે, સઘળા રસોથી શોભ્યા કરે છે, જન્મોરૂપી સાંધાઓમાં દુઃખ તથા રોગ આદિરૂપ સર્પોથી વ્યાપ્ત રહે છે, મરણોરૂપ છિદ્રોથી વ્યાકુલ રહે છે, વિષયોના અનુભવરૂપ મકરંદથી પૂર્ણ રહે છે અને કેવલ વિચારરૂપી ઘણુથીજ ઘવાઇ જાય છે.[૧૦-૧૧] દિવસે દિવસે આકાશમાં ચારેકોર પ્રફુલ્લિત થતી ચંદ્રોની તથા સૂર્યોની પંક્તિઓ અને ગ્રહો, આ અવિદ્યારૂપી લતાના વાયુથી ચલાયમાન થતાં પુષ્પો છે.[૧૨] હે રામચંદ્રજી! આકાશરૂપી કોશને ભરપૂર કરી દેનારી તારાઓની પંક્તિઓ આ અવિદ્યારૂપી લતાની ચકચકિત આકારવાળી કળીઓ છે.[૧૩] ચંદ્રના, સૂર્યના તથા અગ્નિના પ્રકાશો આ અવિદ્યારૂપી લતાનો પરાગ છે. એ પરાગથી ઉજળાં અંગોવાળી આ અવિદ્યારૂપી લતા સ્ત્રીની પેઠે મનોહર લાગે છે.[૧૪] આ અવિદ્યારૂપી લતા વિવેકવાળા મનરૂપી હાથીથી કંપી જાય છે, સંકલ્પોરૂપી કોયલોના ટૌકારાવાળી છે, ઇંદ્રિયોરૂપી સર્પોથી ઘેરાએલી છે, તૃષ્ણારૂપી છાલથી વીંટાએલી છે,[૧૫] કાળ આકાશરૂપી તમાલ વૃક્ષના આશ્રયથી ઉન્નતિ પામેલી છે, સ્વર્ગ તથા પૃથ્વીરૂપ બહાર દેખાત ગોઠણો જેવાં મૂળોવાળી છે, બ્રહ્માંડરૂપી બગીચાની પૃથ્વીમાં રહેલી છે,[૧૬] સમુદ્રોના ખાડારૂપી ક્યારામાં ટકેલી છે, નીચલાં પાતાલ આદિ ભુવનોમાં અનેક મૂળીઆંઓથી પેઠેલી છે, સઘળા સમુદ્રોનાં જળોરૂપી દૂધ વગેરે પદાર્થોથી સેચન પામ્યા કરે છે,[૧૭] કર્મકાંડનાં વચનોથી ચપલ લતા ધરાવનારા રાગી લોકોરૂપી ભ્રમરાઓવાળી છે, સ્ત્રીઓરૂપી પુષ્પોના સમૂહોવાળી છે, ચૈતન્યના સ્ફુરણરૂપી પવનથી ચલિત થયા કરે છે, પ્રવૃત્તિઓમાં ભમનારા લોકોરૂપી ઘણા નાના નાના જીવડાઓથી વ્યાપ્ત છે,[૧૮] નિષિ કર્મોરૂપી અજગરોથી ઘેરાએલી છે, સ્વર્ગની શોભારૂપી ફૂલોના માંડવાવાળી છે, જીવોનાં જીવવાનાં સાધનોથી પરિપૂર્ણ છે, વિષયોની વાસનાઓરૂપ અનેક પ્રકારના સુગંધોથી મૂઢ લોકોને મદ આપનારી છે,[૧૯] વિવેકી લોકોને નાના પ્રકારના ઉપશમોની વિચિત્રતાઓરૂપ અનેક પુષ્પોથી સુશોભિત લાગે છે, અનેક પ્રકારનાં ફળોની પંક્તિથી વ્યાપ્ત છે, પુષ્પોની, ફળોની, મકરંદની તથા પરાગની વૃષ્ટિથી શોભ્યા કરે છે,[૨૦] સમુદ્રોના ખાડાઓરૂપી અનેક કયારાઓથી વીંટાએલી છે, પ્રાણીઓરૂપી અનેક પક્ષીઓનું પોષણ કરનારી છે, સૂર્યાદિકના અનેક પ્રકારના પ્રકાશોરૂપી પરાગોથી ખરસટ લાગે એવી છે, પર્વતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂપી અનેક પ્રકારનાં જાળાંઓવાળી છે,[૨૧] અનેક પ્રકારની કળાઓરૂપી ઉઘડેલી કળીઓવાળી છે, અનેક કર્મોરૂપી વનોના સમૂહમાં ઉગેલી છે, અનેક ચિદાભાસોરૂપી પહાડોની ઉપર ચડેલી છે, અનેક અવતારોરૂપી પાંદડાંઓથી ભરપૂર છે,[૨૨] કેટલાએકના મતમાં ઉત્પન્ન થએલી છે, કેટલાએકના મતમાં ઉત્પન્ન થયા કરે છે, કેટલાએકના મતમાં મરણ પામ્યા કરે છે, કેટલાએકના મતમાં મરી ગએલીજ છે. કેટલાએકની દૃષ્ટિમાં અર્ધી કપાએલી છે, કેટલાએકની દૃષ્ટિમાં સઘળી કપાઈ ગએલી છે અને કેટલાએકની દૃષ્ટિમાં પ્રવાહરૂપે અવિચ્છિન્ન રહેનારી છે.[૨૩] થઇ ચૂકેલી અને થયા કરતી આ અવિદ્યારૂપી લતા સર્વદા બ્રહ્મમાંજ રહેલી છે અને ગંધર્વનગર આદિ મિથ્યા પદાર્થો જેવી છે. અજ્ઞાનીઓની દૃષ્ટિમાં સર્વદા અત્યંત પલ્લવિત રહેનારી અને જ્ઞાનિઓની દૃષ્ટિમાં સર્વદા સૂકાઇ ગએલી આ અવિદ્યારૂપી મોટી ઝેરી લતા જો તેને અત્યંત બાઝી રહેવામાં આવે તો ઝેરના જેવી મૂર્ચ્છા આપે છે અને જો સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારવામાં આવે તો નષ્ટ થઇ જાય છે.[૨૪-૨૫] આ લતા વિચાર કરનારાના પૂર્ણ થએલા મનમાં બાધિત થઈ જાય છે અને અજ્ઞાનીના મનમાં સઘળી રીતે ભરપૂર થઇને રહે છે. અજ્ઞાનીઓને એક વાર જલરૂપે, એક વાર પર્વતોરૂપે, એક વાર સર્પોરૂપે, એક વાર દેવતાઓરૂપે, એક વાર પૃથ્વીરૂપે, એક વાર સ્વર્ગરૂપે, એક વાર ચંદ્રરૂપે, એક વાર સૂર્યરૂપે, એક વાર તારાઓરૂપે, એક વાર અંધકારરૂપે, એક વાર તેજરૂપે, એક વાર આકાશરૂપે, એક વાર ધાન્યોથી સંપન્ન પૃથ્વીરૂપે, એક વાર શાસ્ત્રરૂપે, એક વાર વેદોરૂપે, અને એક વાર પાખંડશાસ્ત્રરૂપે પ્રતીત થાય છે.[૨૬-૨૮] આ અવિદ્યા કોઈ ઠેકાણે પક્ષીઓનું રૂપ ધરી ઉડે છે, કોઇ ઠેકાણે દેવતાઓનું રૂપ ધરી પ્રકાશે છે, કોઈ ઠેકાણે હુંઠારૂપે જણાય છે, કોઈ ઠેકાણે પવનરૂપે જણાય છે,[૨૯] કોઇ ઠેકાણે નરકરૂપે પાતાલમાં રહેલી જણાય છે, કોઈ ઠેકાણે સ્વર્ગના વિલાસોવાળી જણાય છે, કોઇ ઠેકાણે દેવલોકરૂપે દેખાય છે, કોઇ ઠેકાણે કીડાઓરૂપે રહેલી દેખાય છે,[૩૦] કોઇ ઠેકાણે વિષ્ણુરૂપે જણાય છે, કોઈ ઠેકાણે બ્રહ્મારૂપે જણાય છે, કોઈ ઠેકાણે રૂદ્રરૂપે જણાય છે, કોઈ ઠેકાણે અગ્નિરૂપે જણાય છે, કોઇ ઠેકાણે વાયુરૂપે જણાય છે, કોઇ ઠેકાણે ચંદ્રરૂપે જણાય છે અને કોઈ ઠેકાણે યમરૂપે જણાય છે.[૩૧] હે રામચંદ્રજી ! બ્રહ્માંડોમાં જે કાંઈ મોટા મહિમાવાળું સદાશિવ આદિ દૃશ્ય સ્ફુરે છે અને જે કાંઈ જુના ખડના ટુકડા વગેરે હલકું દૃશ્ય સ્ફુરે છે તે સઘળું અવિદ્યાજ છે અને તત્ત્વબોધથી બાધિતજ છે એમ સમજો. એ દૃશ્યોરૂપ અવિદ્યા તત્ત્વબોધથી બાધિત જણાય ત્યારેજ મોક્ષ થાય છે.[૩૨]

यत्किंचनाङ्ग भुवनेषु महामहिम्नाव्याप्तंजरत्तृणलवत्वमुपागतंवा ॥ दृश्यं स्फुरन्ननु हराद्यपितामविद्यां विद्धिक्षयाय तदतीत तयात्मलाभः ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'અવિદ્યાલતાવિલાસોપદેશ' એ નામનો આઠમો સર્ગ સંપૂર્ણ. ૮

सर्ग ९ मो.*

વિદ્યા અને અવિદ્યાના સ્વરૂપનું વર્ણન

॥ श्रीराम उवाच ॥

आकारजातमुदितं शुद्धं हरिहराद्यपि ॥
अविद्यैवेत्यहं श्रुत्वा ब्रह्मन्भ्रमामिवागतः ॥ १ ॥

શ્રીરામચંદ્રજી પૂછે છેઃ—હે ગુરૂ મહારાજ ! વિષ્ણુ તથા શિવ આદિ આકારો કે જેઓ શુદ્ધ

---

* આ નવમા સર્ગમાં ત્રણ ગુણોના વિભાગનું, સદાશિવ વગેરેના શુદ્ધ સત્ત્વમયપણાનું, વિદ્યાના તથા અવિદ્યાના સ્વરૂપનું અને સર્વેથી રહિત શુદ્ધ બ્રહ્મતત્ત્વનું નિરૂપણ કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પરમેશ્વર ગણવામાં આવે છે તેઓ પણ અવિદ્યારૂપજ છે એમ આપના મુખથી સાંભળીને મારૂં મન ભ્રમિત જેવું થઇ જાય છે. શુદ્ધ પરમેશ્વર અવિદ્યારૂપ હોવા કેમ સંભવે ?[1]

વસિષ્ઠઋષિ કહે છેઃ—માયાના કલ્પિત સંબંધનેલીધે જે તત્ત્વ સર્વાત્મક માનવામાં આવે છે તેને કોઇ પણ કલ્પિત દૃશ્યનો આકાર ન આપીએ તો તે તત્ત્વ શાંતજ છે, વાસ્તવિક સત્ય છે, શાંત છે, ચૈતન્ય છે, પ્રકાશરૂપ છે અને સઘળી કલ્પનાઓથી રહિતજ છે.[2] જેમ જલમાંથી ચલિત થતા જલરૂપે દેખાતી ચકરી ઉદય પામે છે તેમ એ બ્રહ્મતત્ત્વમાંથી પોતાની મેળેજ કલ્પનારૂપ કળા ઉદય પામે છે.[3] એ કળા પ્રથમ સૂક્ષ્મ, પછી મધ્ય અને છેવટ સ્થૂલ એ રીતે ત્રણ પ્રકારે કલ્પવામાં આવે છે. પ્રથમ સૂક્ષ્મ કલ્પાયા પછી તે કળા મનરૂપે કલ્પવામાં આવે છે ત્યારે મધ્ય એટલે હિરણ્યગર્ભરૂપ થઇને રહે છે અને તે પછી વિરાટ્રૂપે કલ્પવામાં આવે છે ત્યારે તે કળા સ્થૂલ એટલે વિરાટ્રૂપ થઇને રહે છે.[4] આ રીતે ત્રણે સ્થિતિઓમાં એ એકની એક કળા છે પણ ભેદથી ત્રણ પ્રકારની કલ્પવામાં આવે છે. એ કળાજ પ્રકૃતિ કહેવાય છે અને તેના સત્ત્વ, રજ તથા તમ એ ત્રણ ધર્મો છે.[5] એ ત્રણ ગુણોરૂપી ધર્મોવાળી જે પ્રકૃતિ છે તેનેજ તમે અવિદ્યા સમજો. એ અવિદ્યાજ જીવના સંસારરૂપ છે અને એ અવિદ્યાનો જે છેડો છે તે પરબ્રહ્મ છે.[6] અવિદ્યામાં સત્ત્વ, રજ અને તમ નામના જે ત્રણ ગુણો કહ્યા તેઓમાં સત્ત્વગુણ પણ ત્રણ પ્રકારનો, રજોગુણ પણ ત્રણ પ્રકારનો અને તમોગુણ પણ ત્રણ પ્રકારનો છે, એટલે ગુણોના ભેદનેલીધે અવિદ્યાના નવ વિભાગ થાય છે. જે કાંઈ આ દૃશ્ય છે તે સઘળું એ અવિદ્યાથીજ કલ્પાએલું છે.[7,8] ઋષિયો, મુનિઓ, સિદ્ધો, નાગો, વિદ્યાધરો અને દેવતાઓ, એઓ અવિદ્યાનો સાત્ત્વિક ભાગ છે એમ સમજો.[9] સાત્ત્વિક ભાગમાં પણ નાગો તથા વિદ્યાધરો એ તમોગુણના સંસર્ગવાળો ભાગ છે. મુનિઓ તથા સિદ્ધો એ રજોગુણના સંસર્ગવાળો ભાગ છે અને સદાશિવ આદિ દેવતાઓ શુદ્ધસત્ત્વમય ભાગ છે.[10] શુદ્ધસત્ત્વમય દેવયોનિમાં વિષ્ણુ તથા સદાશિવ આદિ દેવતાઓ સ્વાભાવિક બ્રહ્મવિદ્યાથી સ્વરૂપાનુસંધાન આદિ અપ્રાકૃત ગુણોનેલીધે અવિદ્યાના આવરણથી રહિત આત્મપદને સર્વદા પામેલા છે (સ્વભાવથીજ જીવન્મુક્ત છે,), માટે શુદ્ધસત્ત્વ કહેવાય છે.[11] હે રામચંદ્રજી ! બ્રહ્મા, વિષ્ણુ અને સદાશિવ એઓ સ્વાભાવિક રીતેજ જીવન્મુક્ત છે માટે જે પુરુષ એઓની ઉપાસના કરે છે તે પણ પુનર્જન્મમાં નહિ પડતાં જીવન્મુક્ત થાય છે.[12] મોટી બુદ્ધિવાળા રામચંદ્રજી ! સત્ત્વગુણના શુદ્ધભાગરૂપ એ સદાશિવ આદિ પુરૂષો કે જેઓનાં શરીરો જગતની સ્થિતિપર્યંત રહે છે તેઓ શરીરો રહેતાંસુધી જીવન્મુક્તજ રહે છે.[13] શરીરો રહેતાંસુધી જીવન્મુક્તપણે રહેનારા એ મહાત્મા લોકો કલ્પને અંતે પોતાનાં શરીરોનો અંત થતાં શુદ્ધબ્રહ્મરૂપ સ્વભાવમાં રહેશે.[14] આ રીતે અવિદ્યાના શુદ્ધસત્ત્વ નામના વિભાગરૂપ એ વિષ્ણુ આદિ પુરુષો જગતનો પ્રલય થતાં વિદેહમુક્તિને પ્રાપ્ત થાય છે. આ જગત કે જે કાર્યાવિદ્યારૂપ છે તે પ્રલયમાં કારણાવિદ્યારૂપ થઇ જાય છે અને જે કારણાવિદ્યા છે તે સૃષ્ટિમાં કાર્યાવિદ્યારૂપ થઇ જાય છે.[15] જેમ પાણીમાંથી પરપોટા ઉદય પામે છે તેમ શુદ્ધસત્ત્વરૂપ બ્રહ્માદિકમાંથી સૃષ્ટિ ઉદય પામે છે અને જેમ પરપોટા પાછા પાણીમાં લીન થાય છે તેમ પ્રલયના સમયમાં એ સૃષ્ટિ પાછી બ્રહ્માદિકમાં લીન થાય છે.[16] જેમ બેપણાની ભાવનાને લીધેજ જલમાં અને તરંગમાં ભિન્નતા છે તેમ ભેદની ભાવનાને લીધેજ જ્ઞાનમાં અને અજ્ઞાનમાં ભિન્નતા છે.[17] જેમ વાસ્તવિક જોતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જલ અને તરંગ એકજ છે તેમ વાસ્તવિક જોતાં જ્ઞાન અને અજ્ઞાન એકજ છે. બ્રહ્મમાં વિદ્યાપણું કે અવિદ્યાપણું કાંઇપણ નથી.[૧૮] કેમકે વિદ્યા અને અવિદ્યા એ બન્ને માયાની વૃત્તિઓ છે. અવિદ્યા વિદ્યાથી બાધિત થઇ જવાને લીધે મિથ્યા ઠરે છે તો અવિદ્યાનો બાધ કરનારી વિદ્યા પણ મિથ્યા ઠરે છે. કેમકે બાધ્ય હોય તોજ બાધક હોવાનો સંભવ છે. આમ છે એટલામાટે વિદ્યાની દૃષ્ટિને તથા અવિદ્યાની દૃષ્ટિને છોડી દેતાં જે કાંઈ અવશેષ રહે છે તેજ છે.[૧૯] હે રામચંદ્રજી ! વિદ્યા કે અવિદ્યા કાંઇ નથી માટે અવશેષ રહેલા ચૈતન્યમાત્રમાંજ દૃઢ નિષ્ઠા રાખો. અવિદ્યા પણ નથી અને વિદ્યા પણ નથી માટે એઓની કલ્પના રાખવી નકામીજ છે.[૨૦] જેમાં પોતાથી ન્યારી કોઇ પણ વસ્તુ નથી એવો કોઈક પદાર્થ છે કે જે ચૈતન્ય અને સંવિત્ કહેવાય છે. એજ પદાર્થ ખરી રીતે જાણવામાં ન આવ્યો હોય ત્યાંસુધી તેજ અવિદ્યા કહેવાય છે અને તેજ જાણવામાં આવે ત્યારે 'અવિદ્યાનો બાધ' એ નામથી કહેવાય છે. વિદ્યા નહિ હોવાનેલીધે અવિદ્યા નામની કલ્પના પણ મિથ્યાજ ઉદય પામે છે.[૨૧.૨૨] મનમાં વિદ્યા અને અવિદ્યા કે જેઓ છાયા અને તડકાની પેઠે પરસ્પરથી વિરુદ્ધ છે તેઓમાંથી અવિદ્યા બાધિત થઇને ચૈતન્યમાં લીન થાય છે ત્યારે એ બન્ને કલ્પનાઓ ક્ષય પામે છે.[૨૩] હે રામચંદ્રજી ! બન્ને કલ્પનાઓ ક્ષીણ થતાં વિદ્યાનું અભિવ્યક્ત પૂર્ણાનંદરૂપ ફળજ અવશેષ રહે છે. અવિદ્યાનો પક્ષ મિથ્યા ઠરતાં વિદ્યાનો પક્ષ પણ મિથ્યાજ ઠરે છે.[૨૪] જે અવશેષ રહે છે તે સર્વના બાધરૂપ હોવાનેલીધે કાંઈ નથી એમ પણ કહી શકાય છે અને સદ્રૂપ હોવાનેલીધે કાંઇક છે એમ પણ કહી શકાય છે-એ તત્ત્વમાંજ સઘળું જોવામાં આવે છે અને અપવાદની દૃષ્ટિ કરતાં કાંઇ પણ જોવામાં આવતું નથી.[૨૫] જેમ વડના બીજમાં પાંદડાં તથા ફળ વગેરેવાળો આખો વડ રહેલો છે તેમ બ્રહ્મમાં અધ્યારોપની દૃષ્ટિ કરતાં આ સઘળું જગત રહેલું છે. એ બ્રહ્મતત્ત્વ સઘળી શક્તિઓવાળું છે, સઘળી શક્તિઓના ડાબલારૂપ છે.[૨૬] આકાશ કરતાં પણ અધિક શૂન્ય છે અને ચૈતન્યરૂપ હોવાનેલીધે શૂન્ય પણ નથી. જેમ સૂર્યકાંત નામના મણિમાં અગ્નિ રહ્યો છે અને જેમ દૂધમાં ઘી રહેલું છે, તેમ એ બ્રહ્મતત્ત્વમાં આ સઘળું જગત રહ્યું છે.[૨૭] દેશના તથા કાલના ક્રમનો ઉદય થાય છે ત્યારે જેમ અગ્નિમાંથી તણખાઓ નીકળે છે અને સૂર્યમાંથી કિરણો નીકળે છે તેમ ચકચકિત થએલા એ બ્રહ્મરૂપ ચૈતન્યમાંથી જીવોરૂપ ચૈતન્યો નીકળે છે.[૨૮] જેમ સમુદ્ર તરંગોના ભંડારરૂપ છે અને નિર્મલ મણિ પ્રભાઓના ભંડારરૂપ છે, તેમ બ્રહ્મ અનંત જીવોના ભંડારરૂપ છે.[૨૯] બહારના તથા અંદરના પદાર્થોસહિત સઘળું જગત બ્રહ્મમાંજ છે. કેમ કે જગતની સત્તા બ્રહ્મની સત્તાને આધીન છે.[૩૦] જેમ ઘડાઓના વિનાશ થતાં આકાશનો વિનાશ થતો નથી તેમ ઉપાધિઓનો વિનાશ થતાં બ્રહ્મનો વિનાશ થતોજ નથી. બ્રહ્મ સર્વદા અવિનાશીજ છે. જેમ લોઢાના ચલનમાં લોહચુંબક અકર્ત્તા છે તોપણ તેનું કર્ત્તાપણું કહેવામાં આવે છે,[૩૧] તેમ જગતની ઉત્પત્તિ વગેરેમાં બ્રહ્મ અકર્ત્તા છે તોપણ તેનું કર્ત્તાપણું કહેવામાં આવે છે. જેમ લોઢું જડ છતાં પણ લોહચુંબકના સાન્નિધ્યમાત્રથી ચલાયમાન થાય છે તેમ આ દેહ જડ છતાં પણ આત્માની સત્તાથી ક્રિયાઓ કરે છે.[૩૨] આકાશ કરતાં પણ અધિક નિરાકારપણાવાળા અને જગતના મુખ્ય બીજરૂપ એ બ્રહ્મતત્ત્વમાં આ જગત જલમય ચપલ તરંગોના જાળની પેઠે પૂર્વ પૂર્વની વાસનાઓથી થએલી ઉત્તરોત્તર કલ્પનાઓથી રહેલું છે; એ તત્ત્વ જાણવામાં આવતાં તેમાં બીજું કાંઈ પણ પ્રતીત થતું નથી.[૩૩]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तत्र स्थितं जगदिदं जगदेकबीजे चिन्नाम्नि संविदितकल्पितकल्पनेन ॥ लोलोर्मिजालमिव वारिणि चित्ररूपं खादप्यरूपवति यत्र न किंचिदस्ति ॥ ३३ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'વિદ્યાનિરાકરણ' એ નામનો નવમો સર્ગ સંપૂર્ણ. ૯

सर्ग १० मो.*

સ્થાવર જીવનું વર્ણન અને મોક્ષપ્રાપ્તિના ઉપાયનું નિરૂપણ.

॥ श्रीवसिष्ठ उवाच ॥

तस्मान्न किंचिदेवेदं जगत्स्थावरजंगमम् ॥
न किंचिद्भूततां प्राप्तं यत्किंचिदिति विद्धि हे॥

વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી ! એ પ્રમાણે છે એટલા માટે સ્થાવર જંગમ કાંઈ પણ છે નહિ અને કાંઇ પણ થયું નથી પણ કેવળ તુચ્છજ છે એમ સમજો.[૧] બ્રહ્મમાં બીજી વસ્તુ હોવા ન હોવાવિષેની કાંઈ કલ્પનાજ નથી માટે જીવ વગેરે સઘળું મિથ્યાજ છે તે છતાં તમે કોને ઇચ્છો છો ?[૨] દેહમાં અને બાહ્ય ભોગોમાં અહંતા—મમતારૂપ જે સંબંધ કહેવામાં આવે છે તે વિષે વિચાર કરતાં જેમ રજ્જુસર્પના ભ્રમમાંથી સર્પ હાથ આવતોજ નથી તેમ તે સંબંધ હાથ આવતોજ નથી.[૩] નહિ જણાએલો આત્માજ જગતરૂપ ભ્રાંતિપણાને પામેલ છે. જો જાણવામાં આવે તો જે જગત છે તે આત્માજ થઈ જાય છે કે જે આત્મા સઘળાં દૃશ્યોના પરમ સીમાડારૂપ છે.[૪] જે ચૈતન્ય છે તેજ દૃશ્યોરૂપ કલ્પિત મેલના સંબંધથી અવિદ્યા કહેવાય છે. જો બાધદ્વારા તેને સઘળી ઉપાધિઓથી રહિત જોવામાં આવે તો તે વાસ્તવિક રીતે સઘળાં દૃશ્યોથી રહિતજ થઈ જાય છે.[૫] જીવ ચિત્તમય છે. કેમકે જેમ ઘટાકાશ ઘડો વિદ્યમાન હોય તો વિદ્યમાન રહે છે અને ઘડો નષ્ટ થાય તો નષ્ટ થઈ જાય છે, તેમ જીવ ચિત્ત વિદ્યમાન હોય તો વિદ્યમાન રહે છે અને ચિત્ત નષ્ટ થઈ જાય તો નષ્ટ થઈ જાય છે.[૬] આ આત્મા બાલકની પેઠે ચિત્તના ગતિ વગેરે ધર્મોને પોતામાં માની લે છે. ચિત્ત ચાલતું હોય ત્યારે પોતાને ચાલતો માને છે અને ચિત્ત સ્થિર હોય ત્યારે પોતાને સ્થિર માને છે એટલે એ આત્મા એ રીતે ભમતા ચિત્તનેજ વ્યાકુલ થએલું પોતાનું રૂપ માની લે છે.[૭] ચિત્તરૂપ ઉપાધિમાં પડેલો જીવ કોશેટાના જીવડાની પેઠે વાસનાઓરૂપી તંતુઓથી પોતાનેજ બાંધ્યા કરે છે અને મૂર્ખપણાનેલીધે ચેતતો નથી.[૮]

રામચંદ્રજી પૂછે છેઃ—હે ગુરૂમહારાજ ! સ્થાવર આદિ શરીરોને પ્રાપ્ત થએલું અજ્ઞાન તો અત્યંત ઘાટાપણું પામીને રહેલું હોય છે માટે તે શરીરોમાં જીવચૈતન્યની અથવા ચિત્તની સ્થિતિ કેવા પ્રકારની હોય છે ?[૯]

વસિષ્ઠ ઋષિ કહે છેઃ—જેથી સુખ—દુઃખની કશી ખબરજ ન પડે એવા મનના લયને પણ નહિ પામીને અને જેથી પૂર્વાપરનો વિચાર થઇ શકે એવી મનની સ્થિતિને પણ નહિ પામીને સ્થાવરોમાં જીવ ચૈતન્ય રહે છે.[૧૦] હે વિદ્વાનોમાં ઉત્તમ રામ ! જેઓમાં સૂતેલી અંતઃકરણની ક્રિયાવાળું અને તેને લીધેજ દુઃખોને ટાળવાને અશક્ત હોવાથી ઘણાં દુઃખો દેનારૂં જીવ ચૈતન્ય રહેલ છે એવાં સ્થાવર શરીરોમાં મુક્તિ અત્યંત દૂર છે એમ હું માનુ છું. સ્થાવર શરીરોમાં કર્મેંદ્રિયોથી, જ્ઞાનેંદ્રિયોથી અને મનના પ્રસારથી રહિત ચૈતન્ય કેવલ સત્તામાત્રથીજ રહે છે.[૧૧]

રામચંદ્રજી પૂછે છેઃ—વિદ્વાનોમાં ઉત્તમ ગુરૂ

* આ દશમા સર્ગમાં અવિદ્યાના બંધથી ભ્રમણ, સ્થાવરોમાં મનની સ્થિતિ, અને બુદ્ધિપૂર્વક વિચાર કરવાથી મોક્ષની પ્રાપ્તિ, એઓનું નિરૂપણ કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહારાજ ! સઘળા વ્યાપારોથી રહિત થઇને સ્થાવર શરીરોમાં કેવલ સત્તામાત્રથીજ ચૈતન્ય રહેલું હોય તો યોગીઓની પેઠે સ્થાવર જીવોને તુરતજ વાસનાઓનો ક્ષય અને મનનો નાશ થવાનો સંભવ છે માટે હું તો ધારૂં છું કે 'તેઓની મુક્તિ સમીપમાંજ રહેલી છે' તે છતાં આપ એથી વિરૂદ્ધ કેમ કહો છો ?[12]

વસિષ્ઠ ઋષિ કહે છેઃ—જગતના સ્વરૂપનો બુદ્ધિપૂર્વક વિચાર કરીને યથાર્થ આત્મતત્ત્વનું અવલોકન થવાથી જે અખંડસત્તાસામાન્યરૂપે સ્થિતિ પ્રાપ્ત થાય તોજ એ મોક્ષ થયો કહેવાય છે.[13] આત્મતત્ત્વને જાણીને ઉત્તમ રીતે વાસનાઓનો પરિત્યાગ થતાં જે સત્તાસામાન્યરૂપપણું પ્રાપ્ત થાય એજ કૈવલ્યપદ કહેવાય છે.[14] મહાત્માઓની સાથે વેદાંતશાસ્ત્રોનો વિચાર કરી મનનપૂર્વક નિદિધ્યાસથી આત્મતત્ત્વનું અવલોકન કરીને જે સત્તાસામાન્યમાં સ્થિતિ પ્રાપ્ત થાય છે તેજ સ્થિતિ પરબ્રહ્મ છે એમ કહેવામાં આવે છે.[15] સ્થાવર શરીરોમાં તો બીજમાં અંકુરની પેઠે વાસના અંદર સૂઈ રહેલી અને અત્યંત મંદપણાવાળીજ હોય છે માટે એઓની સ્થિતિ તો સુષુપ્તિના જેવીજ હોવાથી પુનર્જન્મ આપનાર છે એમ સમજો.[16] જેની અંદર મનન લીન થઈ ગએલું હોય છે અને વાસનાઓ ચારે કોર સૂઈ ગએલી હોય છે એવી સુષુપ્તના જેવી સ્થાવરોની સ્થિતિ પાષાણ વગેરેની પેઠે વૃત્તિઓથી રહિત છતાં પણ પુનર્જન્મોનાં સેંકડો દુઃખ આપનારી છે.[17] સુષુપ્ત જેવા પદને પ્રાપ્ત થએલા અને તેથીજ વૃત્તિઓથી રહિત રહેનારા આ સ્થાવરાદિક જીવો તો વારંવાર જન્મો પામવાનેજ યોગ્ય છે.[18] હે રામચંદ્રજી ! જેમ બીજોમાં અંકુરાદિક રહે છે, અને માટીના પુંજમાં ઘડો રહે છે તેમ સ્થાવરોની અંદર પોતપોતાની વાસના રહેલી છે.[19] જેમાં બીજ જેવી પણ વાસના રહે છે એવી સુષુપ્તના જેવી સ્થિતિ કદી પણ મોક્ષ આપનારી થતી નથી. જે સ્થિતિમાં જ્ઞાનરૂપ અગ્નિથી બળી ગએલી શક્તિવાળી વાસના હોય છે તેજ જીવન્મુક્તિ કહેવાય છે.[20] વાસના, અગ્નિ, કરજ, રોગ, શત્રુ, સ્નેહ, વૈર અને ઝેર, એઓનો અવશેષ રહી ગએલો થોડોક ભાગ પણ દુઃખદાયી થઈ પડે છે.[21] જેની વાસનાઓની શક્તિ બળી ગએલી હોય એવો અને સત્તાસામાન્યરૂપે રહેલો પુરૂષ જીવતાં પણ દુઃખ ભોગવતો નથી અને મુવા પછી પણ ફરી દુઃખ ભોગવતો નથી.[22] સ્થાવર આદિ પદાર્થોમાં ચૈતન્યનું અત્યંત આવરણ કરનારી અને સુષુપ્તના જેવા ધર્મવાળી વાસના બીજરૂપે જેમ બીજમાં અંકુર શક્તિરૂપ રસ રહે છે તેમ સર્વદા રહેલી હોય છે.[23] વાસના બીજોમાં પૃથ્વીના તથા જળના યોગથી પ્રફુલ્લિત થવારૂપે રહેલી છે, પથરા વગેરેમાં જડપણારૂપે તથા કઠણપણારૂપે રહેલી છે, રત્ન આદિ ઉત્તમ પદાર્થોમાં મનનું આકર્ષણ કરનારપણારૂપે રહેલી છે, ભસ્મમાં કાષ્ઠ વગેરેના ધ્વંસરૂપે રહેલી છે, ધૂળમાં અણુપણારૂપે રહેલી છે, શ્યામ પદાર્થોમાં શ્યામપણારૂપે રહેલી છે અને ખડ્ગોમાં તીક્ષ્ણ ધારાપણારૂપે રહેલી છે.[24-25] ચૈતન્યશક્તિ તો ઘટપટ આદિ સઘળા પદાર્થોમાં સત્તાસામાન્યરૂપે રહેલી છે કે જેથી વાસનાની સત્તા પણ વિચાર કરતાં જુદી પાડી શકાતી નથી.[26] એ પ્રમાણે જેમ મેઘના જળથી ઢંકાએલી વર્ષાઋતુ સઘળા આકાશને ભરપૂર કરીને રહે છે તેમ ચૈતન્યશક્તિ સઘળાં દૃશ્યોની સ્થિતિને ભરપૂર કરીને રહેલી છે.[27] મેં સારીપેઠે વિચારેલું આ ચૈતન્યશક્તિનું સ્વરૂપ તમને કહ્યું કે જે સ્વરૂપ સર્વથી રહિત છતાં સર્વમાં વ્યાપક છે અને સત્ય છતાં મિથ્યાભૂત માયાના વિકારોના તાદા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્મ્યને પામેલા જેવું છે.[28] આ ચૈતન્યશક્તિ ન જોવામાં આવેલી હોય ત્યાંસુધી સંસારરૂપી ભ્રમને આપ્યા કરે છે અને જોવામાં આવે તો તુરતજ સઘળાં દુઃખોનો ક્ષય કરે છે.[29] આ ચૈતન્યશક્તિનું અથવા આત્માનું જે અદર્શન તેને જ પંડિતો અવિદ્યા કહે છે. અવિદ્યા જગતના કારણરૂપ છે અને અવિદ્યાથી સઘળું થાય છે.[30] અવિદ્યા કે જે વાસ્તવિક જોતાં સ્વરૂપ વગરનીજ છે તેનું આવલોકન કરવામાં આવે કે તુરતજ જેમ હિમની કણી તડકામાં પીગળી જાય છે તેમ તે અવિદ્યા પીગળી જાય છે.[31] જેમ જવા માંડેલી નિદ્રાવાળો માણસ જરાક કલ્પનાથી પોતાના ચિત્તના વૃત્તાંતને વિચારવા માંડે છે તેટલામાં તેની નિદ્રા ક્ષીણ થઈ જાય છે;[32] અને જેમ રજ્જુ-સર્પાદિક 'આ સત્ય છે કે મિથ્યા છે ?' એમ વિચાર ઉપર લેવામાં આવે તેટલામાં ક્ષીણ થઇ જાય છે, તેમ અવિદ્યા પણ જરાક વિચાર ઉપર લેવામાં આવે તેટલામાંજ પ્રકાશથી અંધકારની પેઠે ક્ષીણ થઇ જાય છે.[33] જેમ માણસ અંધકારનું રૂપ જોવાની ઇચ્છાથી હાથમાં દીવો લઇને આવે કે તુરતજ અંધકાર લીન થઇ થઇ જાય છે તેમ અવિદ્યાનું અવલોકન કરવામાં આવે કે તુરતજ અવિદ્યાસહિત સઘળું જગત અગ્નિના તાપથી ઘીની પેઠે લીન થઇ જાય છે.[34] જેમ દીવો લાવવામાં આવતાંજ અંધકારનું રૂપ કશું ન દેખાતાં નિર્મલ સ્વરૂપવાળો કેવળ પ્રકાશજ ઉદય પામે છે તેમ અવિદ્યાનું અવલોકન કરવા માંડતાંજ અવિદ્યા ભાગીને ક્યાંય જતી રહેતાં કેવલ આત્મપ્રકાશજ ઉદય પામે છે. તુચ્છ હોવાને લીધે મિથ્યારૂપવાળી અવિદ્યા વિચાર ન કરવાથીજ જોવામાં આવે છે.[35-36] જેમ પ્રકાશ પ્રાપ્ત થતાં અંધકાર જોવામાંજ આવતો નથી તેમ વિચાર પ્રાપ્ત થતાં અવિદ્યા જોવામાંજ આવતી નથી. જો અંધકારને વસ્તુરૂપ માનતા હો તો પ્રકાશ આવવાથી તેનો બાધ થતો નથી પણ તિરોભાવજ થાય છે એમ માનો; પરંતુ અવિદ્યાનું અવસ્તુપણું તો સિદ્ધજ છે માટે વિચાર પ્રાપ્ત થયાથી તેનો બાધજ થાય છે એમ માનવું જોઇએ.[37] જેમ રજ્જુ-સર્પાદિકનું અવલોકન ન કરવામાં આવે ત્યાંસુધી તેનું ખરૂં તત્ત્વ જોવામાં આવતું નથી પણ અવલોકન કરવામાં આવે કે તુરતજ જેવું હોય તેવું જણાઈ રહે છે, તેમ અવિદ્યાનું અવલોકન કરવામાં ન આવે ત્યાંસુધી તેનું ખરૂં તત્ત્વ (અસત્પણું) જોવામાં આવતું નથી. પણ અવલોકન કરવામાં આવે કે તુરતજ જણાઇ રહે છે.[38] 'રુધિરના, માંસના તથા અસ્થિઓના યંત્રરૂપ આ દેહમાં હું કોણ છું' એવી રીતે પોતાથી વિચાર કરવામાં આવે કે તુરત અવિદ્યાસહિત સઘળું જગત બાધિત થઇ જાય છે.[39] સઘળું દૃશ્યરૂપ જગત કે જે આદિમાં તથા અંતમાં અસત્ છે તેનો હૃદયથી ત્યાગ કરવામાં આવતાં ચિદાત્માજ અવશેષ રહે છે. કેમકે અધ્યસ્ત વસ્તુનો બાધ અધિષ્ઠાનથી જુદો હોતો નથી. જો એને બાધરૂપે જોઇએ તો કાંઈ રહેતું નથી અને અધિષ્ઠાનરૂપે જોઇએ તો તે અવિનાશી બ્રહ્મજ છે. બાધ કે જેથી અવિદ્યા ટળી જાય છે તેજ વસ્તુ છે અને તેજ સ્વરૂપપણાથી ગ્રાહ્ય છે.[40,41] માયાનું અથવા અવિદ્યાનું મિથ્યાપણું માયા તથા અવિદ્યા એ નામો ઉપરથીજ જણાઈ રહે છે. જેમ જીભ ઉપર આવેલા પદાર્થનો સ્વાદ જીભથીજ જણાય છે તેમ માયાનું અથવા અવિદ્યાનું મિથ્યાપણું તેઓનાં નામો ઉપરથીજ જણાય છે.[42] અવિદ્યા ક્યાંય છેજ નહિ પણ જે છે તે અખંડિત બ્રહ્મજ છે કે જે બ્રહ્મથી અનંત સારી નરસી કલ્પનાઓવાળું સઘળું જગત વ્યાપ્ત છે.[43] 'આ જગત બ્રહ્મ નથી' એવો નિશ્ચય એજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવિદ્યાનું સ્વરૂપ છે, અને 'જે જગત છે તે બ્રહ્મ છે' એવો જે નિશ્ચય તેજ અવિદ્યાનો ક્ષય છે.[૪૪] 'ઘટ, પટ તથા ગાડું ઇત્યાદિક સ્વરૂપે પ્રતીત થતું આ જગત ચિદાત્મા નથી પણ બીજું છે' એવી રીતની આરોપિત દૃષ્ટિ છે તેજ અવિદ્યા છે અને 'ઘટ, પટ તથા ગાડું ઇત્યાદિક સ્વરૂપે પ્રતીત થતું આ જગત ચિદાત્માજ છે પણ બીજું કાંઈ નથી' એવી રીતની જે સન્માત્ર દૃષ્ટિ તેજ અવિદ્યાનો ક્ષય છે.[૪૫]

घटपटशकटावभासजालं न विशुरितीत्युदितेह सात्वविद्या ॥ घटपटशकटावभासजालं विशुरिति चेद्गलितैव सात्वविद्या ॥ ४५ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'અવિદ્યાચિકિત્સા' એ નામનો દશમો સર્ગ સંપૂર્ણ. ૧૦

सर्ग ११ मो.*

જીવન્મુક્તોની સ્થિતિનું સામાન્ય વર્ણન

॥ श्रीवासिष्ठ उवाच ॥

पुनः पुनरिदं राम प्रबोधार्थं मवोच्यते ॥ अभ्यासेन विना साधो नाभ्युदेत्यात्मभावना॥

વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી ! હું વારંવાર તમને એનો એ ઉપદેશ કરૂં છું તે તમારા બોધની દૃઢતાનેમાટે કરૂં છું. કેમકે વારંવારના અભ્યાસવિના આત્મસ્વરૂપની ભાવના પ્રફુલ્લિત થતી નથી.[૧] જેનું 'અવિદ્યા' એ બીજું નામ છે, એવું અજ્ઞાન બલવત્તર છે, અને હજારો જન્માંતરોથી ઉઠેલું હોવાનેલીધે બહુજ ઘાટું થઇ ગએલું છે, માટે તેનો ઉચ્છેદ એકવારના ઉપદેશથી થઇ શકે નહિ.[૨] દેહની સ્થિતિની દશામાં બહારના તથા અંદરના પદાર્થોસહિત અજ્ઞાન સઘળી ઇંદ્રિયોથી અનુભવવામાં આવે છે અને દેહની મરણની દશામાં સાક્ષીથી અનુભવાય છે માટે અત્યંત પ્રબલપણાને પામેલું છે.[૩] આત્મજ્ઞાન તો કોઇ પણ ઇંદ્રિયોના વિષયરૂપ નથી અને મનનો તથા પાંચે જ્ઞાનેંદ્રિયોનો બાધ થાય ત્યારેજ સ્થિતિને પ્રાપ્ત થાય છે માટે દુર્લભ છે.[૪] ઇંદ્રિયોની વૃત્તિઓને ઉલ્લંઘન કરીને રહેલું હોવાનેલીધે આત્મતત્ત્વ પ્રત્યક્ષપ્રમાણોથી અગમ્યજ છે માટે જીવના પ્રત્યક્ષમાં કેમજ આવે.[૫] હે રામચંદ્રજી ! તમે હૃદયરૂપી ઝાડમાં ઉગેલી આ અવિદ્યારૂપી લતાને જ્ઞાનના અભ્યાસના વિલાસોરૂપ ખડ્ગોના પાતોથી કાપી નાખો કે જેથી સ્વરૂપની પ્રાપ્તિ થાય.[૬] જે કાંઈ જાણવાનું છે તેને જાણી ચૂકેલો જનક રાજા જે રીતે વિહાર કરે છે તે રીતે તમે પણ આત્મજ્ઞાનના અભ્યાસમાં તત્પર રહીને વિહાર કરો.[૭] વ્યવહારમાં અને સમાધિમાં પણ સ્વરૂપાનુસંધાનથીજ વિહાર કર્યા કરતા એ જનક રાજાને જાગૃત આદિ સઘળી અવસ્થાઓમાં બ્રહ્મતત્ત્વનો પાકો નિશ્ચય થઈ ગયો છે.[૮] બીજા વિદ્વાનો પણ એવાજ નિશ્ચયથી બ્રહ્મરૂપ થયા છે. વિષ્ણુ તે તે યોનિઓમાં અવતારો ધરતાં છતાં પણ જે નિશ્ચયનેલીધે અવતારોસંબંધી દુઃખોના સ્પર્શને પણ પ્રાપ્ત થતા નથી તે નિશ્ચયજ બ્રહ્મવેત્તાપણું કહેવાય છે.[૯] હે રામચંદ્રજી ! સર્વદા સ્ત્રીની સાથેજ રહેનારા સદાશિવનો જે નિશ્ચય છે અને રાગથી રહિત રહેનારા બ્રહ્માનો પણ જે નિશ્ચય છે તે નિશ્ચય તમને પ્રાપ્ત થાઓ.[૧૦] જીવન્મુક્તપણાથી રહેનારા બૃહસ્પતિ, શુક્રાચાર્ય, સૂર્ય, ચંદ્ર, પવન, અગ્નિ, નારદ, પુલસ્ત્ય, હું, અંગિરા, પ્રચેતા, ભૃગુ, ક્રતુ, અત્રિ, શુકદેવજી અને બીજા પણ બ્રહ્મર્ષિઓ તથા રાજર્ષિઓ એઓનો જે નિશ્ચય છે તે નિશ્ચય તમને પ્રાપ્ત થાઓ.[૧૧-૧૩]

રામચંદ્રજી પૂછે છેઃ—ગુરૂમહારાજ ! એ

* આ અગીયારમા સર્ગમાં વિષ્ણુ તથા શિવ આદિ મહાત્માઓ 'સઘળું બ્રહ્મ છે' એવી જે દૃષ્ટિથી જીવન્મુક્ત થઇને રહેલા છે તે દૃષ્ટિનો રામને ઉપદેશ કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટી બુદ્ધિવાળા વિષ્ણુ આદિ ધીર લોકો જે નિશ્ચયથી શોકરહિત થઇને રહેલા છે તે નિશ્ચય સંપૂર્ણ રીતે મારી પાસે કહો.[14]

વસિષ્ઠ ઋષિ કહે છેઃ–જ્ઞેયને સંપૂર્ણ રીતે જાણી ચૂકેલા હે મહાવીર રાજકુમાર ! તમે એ લોકોના નિશ્ચયનું પૂછ્યું માટે તેઓના નિશ્ચયવિષે હું સ્ફુટ રીતે કહું છું તે સાંભળો. એ લોકોનો નિશ્ચય નીચે પ્રમાણે છે.[15]

જે કાંઇ આ મોટા વિસ્તારવાળું જગતરૂપી જાળ જોવામાં આવે છે તે સઘળું નિર્મળ બ્રહ્મજ છે એમાં કશો સંશય નથી.[16] જે ચૈતન્ય છે તે બ્રહ્મ છે, જે બ્રહ્માંડ છે તે બ્રહ્મ છે, જે જે પ્રાણીઓના સમૂહો છે તેઓ બ્રહ્મ છે, હું બ્રહ્મ છું, મારો શત્રુ પણ બ્રહ્મ છે, મારા મિત્રો બ્રહ્મ છે, મારા બાંધવો પણ બ્રહ્મ છે, ત્રણે કાળ પણ બ્રહ્મ છે. કારણ કે સઘળું બ્રહ્મરૂપ અધિષ્ઠાનમાંજ કલ્પનામાત્રથી ઉભું થએલું છે. જેમ સમુદ્ર તરંગોની પંક્તિરૂપે પોતામાંજ સ્ફુરે છે તેમ બ્રહ્મ તે તે પદાર્થોરૂપે પોતામાંજ સ્ફુરે છે.[17,18] જે ગ્રહણ કરે છે તે પણ બ્રહ્મજ છે, જેનું ગ્રહણ થાય છે તે પણ બ્રહ્મજ છે, જે ભોગવે છે તે પણ બ્રહ્મજ છે અને જે ભોગવાય છે તે પણ બ્રહ્મજ છે.[19] બ્રહ્મ પોતાની માયાશક્તિથી અનેક વિવર્ત્તો પામીને જગતરૂપે જાણે વધ્યું હોય એમ જણાય છે. જે મારો શત્રુ છે તે પણ બ્રહ્મજ છે અને હું પણ બ્રહ્મજ છું માટે જો મારા શત્રુથી કાંઇ પણ મારૂં અપ્રિય થાય તો તે અપ્રિય પણ બ્રહ્મ છે.[20] અપ્રિયનો કરનાર પણ બ્રહ્મ છે અને જેનું અપ્રિય થાય તેપણ બ્રહ્મજ છે, તો પછી કોણે કોનું શું કર્યું ? રાગ આદિ અવસ્થાઓ કે જેઓ આકાશના વૃક્ષની પેઠે કલ્પિતજ છે અને સંકલ્પ નહિ કરવા માત્રથી નષ્ટ થઈ જાય છે તેઓનો બ્રહ્મમાં શો પ્રસંગ છે ? કશો નથી. ગમન તથા દર્શન આદિ ક્રિયાઓ સર્વરૂપ બ્રહ્મમાંજ કલ્પાએલી છે. બ્રહ્મજ સર્વ જગતરૂપે સ્ફુરે છે તો પછી સુખીપણું કે દુઃખીપણું શાથી હોય ? બ્રહ્મ બ્રહ્મમાંજ તૃપ્ત છે અને બ્રહ્મ બીજા કોઇમાં નહિ પણ બ્રહ્મમાંજ રહેલ છે.[21-23] હું રૂપ બ્રહ્મ બ્રહ્મમાંજ સ્ફુરે છે. હું કોઇ બીજારૂપ નથી પણ બ્રહ્મરૂપજ છું. ઘડો પણ બ્રહ્મ છે અને વસ્ત્ર પણ બ્રહ્મ છે. આ જે વિસ્તીર્ણ જગત છે તે બ્રહ્મજ છે અને તે બ્રહ્મ હુંજ છું.[24] આમ છે એટલા માટે મારામાં રાગના તથા દ્વેષના વિકારોની કલ્પના શી હોય ? એ કલ્પના ખોટીજ છે. મરણરૂપી બ્રહ્મ યથેષ્ટ રીતે દેહરૂપી બ્રહ્મને પ્રાપ્ત થાય તો તેથી દુખીઆપણું વળી કેવું થાય? દુઃખીઆપણું તો રજ્જુમાં સર્પની ભ્રાંતિ થયા જેવું છે. સંભોગાદિકનાં સુખરૂપી બ્રહ્મને દેહરૂપી બ્રહ્મ પ્રાપ્ત થતાં 'આ સુખ મને પ્રાપ્ત થયું' એવી ખોટી કલ્પના શામાટે કરવી જોઇએ. જેમ જલમાં ઉઠેલા બે તરંગોમાં ચલનવાળા જલસિવાય બીજું કશું નથી પણ જે કાંઈ છે તે જલજ છે;[25-27] તેમ તુંપણામાં અને હુંપણામાં સ્ફુરણાત્મક બ્રહ્મસિવાય બીજું કશું નથી પણ જે કાંઈ છે તે બ્રહ્મજ છે. જેમ વાસ્તવિક જોતાં જલમાં તરંગો છેજ નહિ તેમ વાસ્તવિક જોતાં બ્રહ્મમાં તુંપણું કે હુંપણું છેજ નહિ. જેમ ચકરીનું મરણ (નાશ) થતાં પાણીમાં ક્યાંય કશું પણ મરતું નથી તેમ દેહરૂપ બ્રહ્મ મરણરૂપ બ્રહ્મપણાને પ્રાપ્ત થતાં બ્રહ્મમાં ક્યાંય કશું પણ મરતું નથી.[28] જેમ ચંચલ થએલા જલમાં તરંગપણું કે અતરંગપણું છેજ નહિ તેમ જડ તથા અજડરૂપે સ્ફુરણ પામેલા બ્રહ્મમાં તુંપણું કે હુંપણું છેજ નહિ.[29] જેમ કડાપણું સુવર્ણનુંજ થાય છે અને ચકરીપણું જળનુંજ થાય છે તેમ જડ પદાર્થોપણું તથા અજડ પદાર્થોપણું બ્રહ્મનુંજ થએલું છે.[30] 'આ ચેતનરૂપ છે અને આ જડરૂપ છે' એવો મોહ અજ્ઞાની-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેજ થાય પણ જ્ઞાનીને કદી થાય નહિ. જેમ આંધળાને આખું જગત આંધળું છે તેમ અજ્ઞાનીને આખું જગત દુઃખના સમૂહમય છે અને જેમ દેખતાને આખું જગત પ્રકાશમય છે તેમ જ્ઞાનીને આખું જગત આનંદમય છે. જ્ઞાનીને જગત આનંદૈકરસ અને મૂર્ખને જગત અત્યંત દુઃખદાયી છે.[31-33] જેમ બાળકને રાત્રિ ભૂતપ્રેતવાળી જણાય છે અને જુવાનને ભૂતપ્રેતવગરની જણાય છે તેમ અજ્ઞાનીને જગત દુઃખવાળું જણાય છે અને જ્ઞાનીને દુઃખવગરનુંજ જણાય છે. આ બ્રહ્મરૂપી અમૃતપૂર્ણ ઘડો કે જે સર્વદા સર્વ સ્થલોમાં એકજ રહેલો છે તેમાં કાંઇ મરતું પણ નથી અને કાંઇ જીવતું પણ નથી.[34,35] જેમ સમુદ્રમાં ગમે તેવી ઉછાટ પછાટો થતાં તરંગાદિક નષ્ટ પણ થતું નથી અને ઉત્પન્ન પણ થતું નથી તેમ આત્મામાં ગમે તેવાં સ્ફુરણો થતાં પ્રાણીઓનો સમૂહ નષ્ટ પણ થતો નથી અને ઉત્પન્ન પણ થતો નથી. ‘ આ છે, અને આ નથી ’ એ તો એક જાતની પોતાથી પોતામાંજ ભ્રાંતિ છે.[36] જેમ સ્ફટિક મણિની પ્રભા પ્રયોજન વગર પણ પોતાની મેળેજ સ્ફુર્યા કરે છે તેમ આત્મશક્તિ પ્રયોજન વગર પણ પોતાની મેળેજ સ્ફુર્યા કરે છે. જગતરૂપે તથા તે તે પદાર્થોની શક્તિઓરૂપે જે સ્ફુરણ થાય છે તે સ્ફુરણ બ્રહ્મજ છે અને તે બ્રહ્મ પોતાનાજ અદ્વિતીય સ્વરૂપમાં રહેલું છે.[37] જેમ પાણી તરંગોના કણોરૂપે પાણીમાંજ રહેલું છે તેમ બ્રહ્મ અનેક પ્રકારનાં સ્ફુરણોરૂપે બ્રહ્મમાંજ રહેલું છે. જેમ મહાસાગરમાં તરંગાદિક જલથી જુદી સત્તાવાળું છેજ નહિ તેમ શરીરાદિક બ્રહ્મથી જુદી સત્તાવાળું છેજ નહિ, માટે શરીરના નાશથી બ્રહ્મનો નાશ થવો કેમ સંભવે ?[38,39] જેમ જે મોટો કણ છે, જે નાની કણી છે, જે નાનો તરંગ છે, જે મોટો તરંગ છે, જે ફીણ છે અને જે લહેર છે તે સઘળું જલમાં જલજ છે, તેમ જે દેહ છે, જે કલ્પના છે, જે દૃશ્ય છે, જે મરવું છે, જે જીવવું છે, જે હર્ષવિષાદ આદિની રચના છે અને જે ભોગ છે તે સઘળું બ્રહ્મમાં બ્રહ્મજ છે.[40,41] જેમ કડાં વગેરે આકારોની વિચિત્ર રચના સુવર્ણથી ભિન્ન નથી તેમ શરીરો વગેરેની વિચિત્ર રચના બ્રહ્મથી ભિન્ન નથી. એમાં મૂઢ લોકો જે ભિન્નપણાની ભાવના કરે છે તે ખોટીજ છે.[42] મન, બુદ્ધિ, અહંકાર, શબ્દ, સ્પર્શ આદિ તન્માત્રાઓ અને ઈંદ્રિયો, એ સઘળું બ્રહ્મથી ભિન્ન નથી પણ બ્રહ્મજ છે માટે સુખ કે દુઃખ કશું છેજ નહિ.[43] જેમ એકજ શબ્દ પર્વતની ગુફા વગેરેના સમીપમાં પડછંદારૂપે બે વાર બોલાએલા જેવો પ્રતીત થાય છે, તેમ એકજ બ્રહ્મ ‘ આ હું છું અને આ ચિત્ત છે ’ ઈત્યાદિક નામરૂપોના ભેદનેલીધે દ્વૈતરૂપે સ્ફુરે છે.[44] નહિ જાણવામાં આવેલું બ્રહ્મજ જીવપણાને તથા જગતપણાને પામેલા જેવું થઇ રહ્યું છે. જેમ સ્વપ્નમાં પોતાના ચિત્તથી પોતામાંજ સઘળું કલ્પાય છે તેમ બ્રહ્મમાં પોતાથી પોતામાંજ સઘળું કલ્પાએલું છે.[45] જેમ સોનું સોનારૂપે નહિ જણાય તો માટીરૂપે પ્રતીત થાય છે, તેમ બ્રહ્મ બ્રહ્મરૂપે જાણવામાં ન આવે તો જગત નામના મેલરૂપે પ્રતીત થાય છે.[46] સ્વયંપ્રભુ મહાત્માજ બ્રહ્મ છે એમ બ્રહ્મજ્ઞો કહે છે અને તેજ બ્રહ્મ અજ્ઞાત હોય તો અજ્ઞાનીઓનું અજ્ઞાન કહેવાય છે.[47] જેમ સોનું સોનારૂપે જાણવામાં આવે તો ક્ષણમાત્રમાં સોનું થઈ જાય છે તેમ બ્રહ્મ બ્રહ્મભાવથી જાણવામાં આવે તો ક્ષણમાત્રમાં બ્રહ્મ થઇ જાય છે.[48] સઘળી શક્તિઓવાળો આત્મા પ્રયોજન વગરજ પોતાની શક્તિથી જેવી દૃઢ ભાવના કરે છે, તેવુંજ તુરત દેખવા લાગે છે.[49] બ્રહ્મ કર્મથી, કર્તાથી, કરણોથી, કારણોથી તથા દોષોથી રહિત છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના બોધથી પોતે થઇ જાય એવું છે અને સર્વ કલ્પનાઓના અધિષ્ઠાનરૂપ છે એમ બ્રહ્મવેત્તાઓએ નિશ્ચય કરેલો છે.[૫૦] નહિ જણાએલું બ્રહ્મજ અજ્ઞાનીઓનું અજ્ઞાન કહેવાય છે. જાણવામાં આવેલું બ્રહ્મ જ્ઞાનરૂપ થઇ જાય છે અને અજ્ઞાનનો નાશ કરે છે.[૫૧] જેમ નહિ ઓળખવામાં આવેલો બંધુ અબંધુ કહેવાય છે અને ઓળખવામાં આવેલો બંધુ અબંધુપણાનો ભ્રમ નષ્ટ થઈ જવાથી બંધુ થઈ જાય છે; તેમ નહિ ઓળખવામાં આવેલું બ્રહ્મ સંસારરૂપ થઇ જાય છે અને ઓળખવામાં આવેલું બ્રહ્મ સંસારપણાનો ભ્રમ નષ્ટ થઇ જવાથી બ્રહ્મ થઈ જાય છે.[૫૨] 'વિચાર કરતાં જીવનું તથા જગતનું રૂપ ટકીજ શકતું નથી' એમ જો અંદર જાણવામાં આવે તો બ્રહ્મભાવનાનો ઉદય થાય છે કે જેથી જીવ તથા જગત વિરસ જણાતાં પુરુષને વૈરાગ્ય ઉત્પન્ન થાય છે.[૫૩] 'દ્વૈત અસત્યજ છે' એમ જો અંદર જાણવામાં આવે તો બ્રહ્મભાવનાનો ઉદય થાય છે કે જેથી દ્વૈત વિરસ જણાતાં પુરુષને વૈરાગ્ય ઉત્પન્ન થાય છે.[૫૪] 'આ દેહ હું નથી' એમ સ્ફુટ રીતે જાણવામાં આવે તો બ્રહ્મભાવનાનો ઉદય થાય છે, કે જેથી પુરુષને ખોટા અહંકાર ઉપર અરુચિ થાય છે.[૫૫] 'હું બ્રહ્મજ છું' એમ ખરી રીતે જાણવામાં આવે તો એવી ભાવનાનો ઉદય થાય છે, કે જેથી પોતાના સાચા સ્વરૂપની અંદર લીન થવાય છે.[૫૬] 'હું બ્રહ્મ છું' એ અખંડ વાક્યાર્થનો વિસ્તાર પ્રકટ થતાં તુંપણા તથા હુંપણા વગેરેનો બાધ થયાથી અસ્તિ, ભાતિ, પ્રિય, નામ તથા રૂપ, એ જગતમાં રહેલા પાંચે અંશો બ્રહ્મજ છે એમ જાણું છું.[૫૭] 'આ જે જગત છે તે સત્ય અને સર્વ પ્રકારોના અધિષ્ઠાનભૂત બ્રહ્મ છે' એમ જાણું છું તેથી મને મોહ, દુઃખ, કર્મો કે તૃષ્ણા કાંઈ પણ નથી.[૫૮] હું સમ છું, સ્વસ્થ છું અને શોકથી રહિત છું, હું બ્રહ્મ છું, એજ સાચાઈ છે. હું કલ્પનારૂપ કલંકથી રહિત છું, નિર્દોષ છું અને સર્વરૂપ છું.[૫૯] હું કાંઇ છોડતો પણ નથી અને કાંઇ ઇચ્છતો પણ નથી. હું બ્રહ્મ છું એજ સાચું છે. રુધિર પણ હું છું, માંસ પણ હું છું, અસ્થિઓ પણ હું છું, શરીર પણ હું છું,[૬૦] ચૈતન્ય પણ હું છું અને ચેતના આપનાર પણ હું છું, હું બ્રહ્મ છું એજ સાચું છે. સ્વર્ગ પણ હું છું, આકાશ પણ હું છું, સૂ પણ હું છું, દિશાઓ પણ હું છું, પૃથ્વી પ હું છું[૬૧] અને ઘટપટાકાર પણ હું છું. હું બ્ર છું એજ સત્યતા છે, ખડ પણ હું છું, પૃથ્વ પણ હું છું, જાળું પણ હું છું, વન વગેરે પ હું છું,[૬૨] પર્વતો પણ હું છું, સમુદ્રો પણ હું અને પ્રાણીઓનો સમૂહ પણ હું છું. મારી બ્રહ્મ સ્વરૂપે સર્વત્ર એકતાજ છે. લેવું, દેવું તથા સં કોચાવું ઇત્યાદિક પ્રાણીઓના ધર્મો હું છું.[૬૩] સર્વરૂપ છું, ચિદાત્મા છું, વ્યાપક રૂપવાળો છું અ મારા સ્વરૂપભૂત બ્રહ્મમાંજ રહ્યો છું. પલ્લવ આ રૂપોના આવિર્ભાવને ઇચ્છનારાં લતાઓ, ગુલ્મ અને અંકુરો, એઓની અંદર રહેલું શાંત, રસ મય પરબ્રહ્મરૂપ જે ચૈતન્ય છે, તે હું છું. સઘ જગત જેમાં રહ્યું છે, સઘળું જગત જેથી થ છે, સઘળું જગત જે રૂપ છે, જે સર્વ સ્થલો વ્યાપી રહેલ છે અને જે સર્વરૂપ છતાં એક છે એમ માનવામાં આવેલ છે, તે પરબ્રહ્મ હું એ નિશ્ચય છે, સર્વમાં વ્યાપક અને દૃશ્યો રહિત જે ચિન્માત્રતત્ત્વ છે તેજ ચિત્ત, આત્મ બ્રહ્મ, સત્, સત્ય, ઋત તથા જ્ઞ, એ નામો કહેવાય છે.[૬૪-૬૬] ચૈતન્યાત્મક બ્રહ્મ પ્રકાશમા છે, નિર્મલ છે, સઘળાં પ્રાણીઓને જીવરૂપે ચેત આપનાર છે, સર્વ સ્થલોમાં વ્યાપક છે અને શ છે એવો અનુભવ થાય છે. મનોના, બુદ્ધિઓ તથા ઇંદ્રિયોના સમૂહોમાં અને તેઓની સઘ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃત્તિઓમાં અનુસ્યૂતપણાથી રહેલું છે,[૬૭,૬૮] દ્વૈતનો નિરાસ કરતાં સ્વયંપ્રકાશરૂપે જણાતું અને રાગાદિક દોષોથીરહિત જે ચૈતન્યાત્મક બ્રહ્મ છે તે હું છું. શબ્દ આદિ તન્માત્રાઓ, આકાશ આદિ સઘળાં તન્માત્રાઓનાં કારણો અને તેઓએ કરેલી જગતની સ્થિતિ, એઓની સત્તારૂપ, એઓના સ્ફુરણરૂપ અને સ્વચ્છ જે ચૈતન્યાત્મક બ્રહ્મ છે તે હું છું. મારો ક્ષય છેજ નહિ. વૃત્તિઓરૂપ ઉપાધિઓની ધારાઓદ્વારા નિરંતર નીકળતી સ્વચ્છ ચૈતન્યની ધારાઓની ખાણરૂપ, પ્રકાશરૂપ, અજરામર અને યોગીઓથી પણ જેનું વર્ણન કરી શકાતું નથી એવું જે ચૈતન્યાત્મક પરબ્રહ્મ છે તે હું છું. સઘળા ભોક્તાઓના સમૂહો પ્રત્યે તે તે ભોગોની વૃત્તિઓરૂપ ઉપાધિઓદ્વારા મકરંદની ધારાની પેઠે જેનું સ્વરૂપ નિરંતર પડ્યા કરે છે એવું, અજરામર, અખંડ અનુભવરૂપ અને નિર્લેપ, સમાધિમાં સુષુપ્ત જેવું શાંત, જ્ઞાનમય નિર્મલ સ્વરૂપવાલું, જે ચૈતન્યાત્મક બ્રહ્મ છે તે હું છું.[૬૯-૭૨] સઘળાં વિષયસુખોથી ઉત્તમ સુખરૂપ, સ્વયંપ્રકાશ અને વાસનાઓથી રહિત જે ચૈતન્યાત્મક બ્રહ્મ છે તે હું છું. ખાંડ આદિ મીઠા પદાર્થોના સ્વાદનો અનુભવ કે જે જીભથી ગળે ઉતરતાં સુધીના અત્યંત અલ્પદેશકાળથી પરિચ્છિન્ન છે, તેજ અનુભવ જ્યારે પરિચ્છેદ આપનારાં દેશ, કાલ તથા ચિત્તાદિક આનંદૈકરસપણાથી જણાય ત્યારે અખંડ થઇ જાય છે. એ અખંડ અનુભવ ચૈતન્યાત્મક બ્રહ્મ હું છું.[૭૩] જેનું ચિત્ત રાત્રે સ્ત્રીમાં લાગેલું હોય તે પુરુષને ચંદ્રનો ઉદય થતાં જે અનુભવ સ્ત્રીમાંથી ખસીને અને ચંદ્રસુધી પહોચતાં પહેલાં વચમાં અખંડ ચૈતન્યરૂપે નિર્વિષયપણે રહે છે તે અબાધિત ચૈતન્યાત્મક બ્રહ્મ હું છું.[૭૪] પૃથ્વી ઉપર રહેલાં માણસોની દૃષ્ટિઓ આકાશમાં ચંદ્રસુધી પહોચતાં પહેલાં વચમાં અખંડ અનુભવરૂપ અને વિષયોથી રહિત જે નિર્મલ ચૈતન્યશક્તિ રહે છે તેજ બ્રહ્મ છે અને તે બ્રહ્મ હું છું.[૭૫] સુખ-દુઃખઆદિ કલ્પનાઓથી રહિત, નિર્મલ, સાચો, અનુભવરૂપ સ્વરૂપવાળો, ચૈતન્યાત્મક અને વિનાશવગરનો જે પરમાત્મા છે તે હું છું.[૭૬] અહીં રહેલા પુરુષનું મન પોતાને ચોરવાનો વિષય દૂર પ્રદેશમાં હોય ત્યારે વચલા પદાર્થોના અવલોકન વગરનું થઇ જાય છે તે સમયે વચલા પ્રદેશમાં વિષયોના સ્પર્શરૂપ અપરાધ વગરની જે પ્રતીતિ થાય છે તેજ ચૈતન્યાત્મક સર્વવ્યાપક બ્રહ્મ હું છું.[૭૭] પૃથ્વી, જલ, વાયુ, અને બીજ એઓનું મળવું થતાં અંકુરરૂપ કાર્યોમાં બહાર નીકળવાને ઉપયોગી જે ચૈતન્યશક્તિ છે તે બ્રહ્મ છે અને તે બ્રહ્મ હું છું.[૭૮] પોતાના જડ સ્વભાવમાં રહેનારાં ખજૂર, લીંબડો અને ધોળું એઓમાં અંદર રહેલી અને મધુર તથા કડવા આદિરૂપે અભિવ્યક્ત નહિ થએલી સ્વાદની જે સામાન્ય સત્તા છે તે ચૈતન્યાત્મક બ્રહ્મ છે અને તે બ્રહ્મ સર્વત્ર સમરૂપે રહેલો હું છું.[૭૯] જે અનુભવાત્મક વૃત્તિ ઇષ્ટ પદાર્થનો લાભ થતાં આનંદવાળી અને અલાભ થતાં ખેદવાળી થાય છે તેજ વૃત્તિ શાસ્ત્રને અનુસરતા મનનના ઉદયથી સ્વચ્છ કરવામાં આવતાં આનંદથી તથા ખેદથી નિર્મુક્ત થાય તો તેજ નિર્દોષ બ્રહ્મ છે અને તે બ્રહ્મ હું છું.[૮૦] પૃથ્વીથી માંડીને સૂર્યપર્યંત વિસ્તીર્ણ થએલા દૃષ્ટિરૂપ જે દોરી છે તેના મધ્ય જેવું એટલે વિષયોનું પ્રકાશન કરવામાં સમર્થ છતાં પણ વિષયો વગરનું, શાંત, નિર્મલ તથા વ્યાપક ચૈતન્યાત્મક જે બ્રહ્મ છે તે હું છું.[૮૧] જાગ્રત, સ્વપ્ન તથા સુષુપ્તિ, એ ત્રણે અવસ્થાઓમાં સાક્ષીસ્વરૂપ, ત્રણે અવસ્થાઓનો ત્યાગ કરતાં તુર્યસ્વરૂપ, નિર્દોષ અને આદિ તથા અંતથી રહિત જે ચૈતન્યાત્મક બ્રહ્મ છે તે હું છું.[૮૨] જેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેંકડો ખેતરોમાં ઉગેલી શેલડીઓમાં મીઠાશ એક રૂપે રહેલી છે, તેમ સર્વ પ્રાણીઓમાં એક રૂપે રહેનાર અને અખંડિત જે ચૈતન્યાત્મક બ્રહ્મ છે તે હું છું.[૮૩] સર્વમાં વ્યાપક, અપ્રાકૃત, સ્વચ્છસ્વરૂપ, અને સૂર્યની પ્રભાની પેઠે સર્વને પ્રકાશ આપનાર તથા વ્યાપક જે અતિ રમણીય ચૈતન્યાત્મક બ્રહ્મ છે તે હું છું.[૮૪] મનુષ્યલોકસંબંધી સંભોગના તુચ્છ આનંદમાં અને દેવલોકસંબંધી અમૃતના સ્વાદના મોટા આનંદમાં રહેલા સામાન્ય અનુભવની પેઠે જે સર્વમાં કેવલ અનુભવ સ્વરૂપ ચૈતન્યાત્મક અવિનાશી બ્રહ્મ છે તે હું છું.[૮૫] કમલના નાલમાં તંતુની પેઠે દેહમાં અનુગત છતાં પણ ગુપ્ત સ્વરૂપવાળું અને દેહનું છેદન-ભેદન થતાં જેનું સ્વરૂપ ખંડિત થતું નથી એવું જે નિર્દોષ ચૈતન્યાત્મક બ્રહ્મ છે તે હું છું.[૮૬] જેમ વાદળાંઓની પંક્તિ સઘળા આકાશમાં ભરપૂર થઇને રહેલી છતાં પણ ચલનવાળી હોય છે અને જોવામાં ન આવે એવા સૂક્ષ્મ જલકણોવાળી હોય છે, તેમ જે ચૈતન્યશક્તિ સઘળાં બ્રહ્માંડોમાં ભરપૂર થઇને રહેલી છતાં પણ સ્ફુરણરૂપ ચલનવાળી છે અને જોવામાં ન આવે એવા સૂક્ષ્મ જીવોવાળી છે તે હું છું.[૮૭] દૂધમાં ઘીની સત્તાની પેઠે અનુભવમય સારવાળી અને સ્નેહમાત્રથી (ચીકાશમાત્રથી અને પરમ પ્રેમના આસ્પદપણામાત્રથી) જણાતી જે અવિનાશી ચૈતન્યશક્તિ છે તે હું છું.[૮૮] જેમ કડાં, બાજુબંધ તથા પોંચી, એઓની રચનાવાળી અથવા રચના વગરની સત્તા સોનામાં રહેલી છે તેમ આકારોની રચનાવાળી અથવા રચનાવગરની દેહાદિકની સત્તા જે ચૈતન્યશક્તિમાં રહેલી છે તે ચૈતન્યશક્તિરૂપ સર્વવ્યાપક બ્રહ્મ હું છું.[૮૯] પર્વત આદિ સઘળા પદાર્થોની બહાર તથા અંદર જે નિર્લેપ ચૈતન્યશક્તિ સત્તાસામાન્યરૂપે રહેલી છે તે ચૈતન્યશક્તિ હું છું.[૯૦] સઘળા પ્રકારની અનુભવવૃત્તિઓના અકૃત્રિમ અને જેને કોઇ પ્રકારનો મેલ કે રેખા લાગુજ પડતાં નથી એવા અરીસારૂપ જે મોટું ચૈતન્યતત્ત્વ છે તે હું છું.[૯૧] ચિદાત્મા કે જે સઘળા સંકલ્પોનાં ફળોને આપનાર છે, સૂર્ય આદિ સઘળાં તેજોનો પ્રકાશક છે અને જેને વાસ્તેજ સઘળા ગ્રાહ્ય ભોગોનું ગ્રહણ કરવામાં આવે છે તેની ઉપાસના કરીએ છીએ.[૯૨] ચિદાત્મા કે જે સઘળા અવયવોમાં રહેલ છતાં સઘળા અવયવોથી ન્યારો છે અને સર્વદા સ્ફુર્યા કરે છે તેની ઉપાસના કરીએ છીએ.[૯૩] ચિદાત્મા કે જે ઘરમાં, વસ્ત્રમાં, કિનારામાં અને ચારે પ્રકારનાં શરીરોમાં સદ્રૂપે રહેલ છે અને જાગ્રત અવસ્થામાં પણ સુષુપ્તની પેઠે નિર્વિશેષપણાથી રહેલ છે તેનું અનુસંધાન કરીએ છીએ.[૯૪] ચિદાત્મા કે જે અગ્નિમાં ઉષ્ણતારૂપે, હિમમાં શીતતારૂપે, અન્નમાં માધુર્યરૂપે, અસ્ત્રમાં તીક્ષ્ણતારૂપે, અંધકારમાં શ્યામતારૂપે અને ચંદ્રમાં શ્વેતતારૂપે રહેલ છે તેનું અનુસંધાન કરીએ છીએ.[૯૫] ચિદાત્મા કે જે બહાર તથા અંદર પ્રકાશરૂપે રહેલ છે, આત્મા હોવાનેલીધે અદૂર છતાં પણ અજ્ઞાનનેલીધે દૂર રહેલ છે અને પોતાના સત્યસ્વરૂપમાંજ રહેલ છે તેનું અનુસંધાન કરીએ છીએ.[૯૬] ચિદાત્મા કે જે મધુર આદિ પદાર્થોમાં મધુરતા આદિરૂપે રહેલ છે અને તીક્ષ્ણ આદિ પદાર્થોમાં તીક્ષ્ણતા આદિરૂપે રહેલ છે તેનું અનુસંધાન કરીએ છીએ.[૯૭] ચિદાત્મા કે જે જાગ્રતમાં, સ્વપ્નમાં, સુષુપ્તિમાં, તુર્યાવસ્થામાં અને તુર્યાતીતપદમાં સર્વદા સર્વત્ર સમરૂપે રહેલ છે તેનું અનુસંધાન કરીએ છીએ.[૯૮] ચિદાત્મા કે જે સર્વ સંકલ્પોથી રહિત છે, જેમાં કોઇ કૌતુક (ભોગની ઉત્કંઠા) નથી અને જેમાં કોઇ પ્રકારનો રાગ દ્વેષ આદિ વેગ નથી તેનું અનુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંધાન કરીએ છીએ.[99] ચિદાત્મા કે જે ઉત્કંઠાઓથી રહિત છે, યત્નથી રહિત છે, ચેષ્ટાઓથી રહિત છે, સર્વરૂપ છે, અંશોથી રહિત છે અને અહંકારથી પણ રહિત છે તેનું અનુસંધાન કરીએ છીએ.[100] ચિદાત્મા કે જે સર્વની અંદર રહેલ છે, સર્વરૂપ છતાં પણ અપાર એક રૂપ વાળોજ છે અને અપાર જીવોને ઉત્પન્ન કરનાર છે તેનું અનુસંધાન કરીએ છીએ.[1] ચિદાત્મા કે જે ત્રૈલોક્યમાં રહેલાં શરીરરૂપી મોતીઓના ઉન્નત તથા વિસ્તીર્ણ તંતુરૂપ છે અને જાગ્રતને, સ્વપ્નને તથા સુષુપ્તિને કરનાર છે તેને હું પામ્યો છું.[2] ચિદાત્મા કે જે પોતેજ ઘેરેલાં જગતોરૂપ પક્ષીઓને પોતાની અંદર લઇને વિચિત્રતાવાળી મોટી જાળની પેઠે પ્રચ્છન્નપણાથી રહેલ છે તેને હું પામ્યો છું.[3] ચિદાત્મા કે જેમાં આ સઘળું જગત છે, જેમાં આ સઘળું જગત જરા પણ નથી, જે પોતે સૃષ્ટિમાં સર્વને સત્તા આપનાર હોવાથી સદ્રૂપ છે અને પ્રલયમાં સર્વનું અસત્પણું કરનાર હોવાથી અસદ્રૂપ પણ એકજ છે તેને હું પામ્યો છું.[4] ચિદાત્મા કે જે ચૈતન્યૈકરસ છે, પૂર્ણ છે, સઘળા આનંદોની પ્રતિષ્ઠારૂપ છે અને સઘળા આકાશોમાં તથા વિહારોમાં રહેલ છે તેને હું પામ્યો છું.[5] ચૈતન્યરૂપી દીવો કે જે સ્નેહના (તેલના અને પરમ પ્રેમના) આધારરૂપ છે, જડ પદાર્થોના પ્રવાહોરૂપી પવનોના ઝપાટાઓથી તથા ભ્રમણોથી ઓલવાઇ જતો નથી, બહાર તથા અંદર પણ રહેલ છે અને સઘળા પદાર્થોથી યુક્ત પણ છે તથા રહિત પણ છે તેનું અનુસંધાન કરીએ છીએ.[6] ચિદાત્મા કે જે હૃદયરૂપી સરોવરમાં કમલિનીના કંદની પેઠે નિગૂઢ છે, સઘળાં હાથ, પગ આદિ અંગોને રજ્જુની પેઠે દૃઢ રીતે ધરી રાખનાર છે અને સઘળા લોકોના જીવનના ઉપાયરૂપ છે તેને હું પામ્યો છું.[7] ચિદાત્મા કે જે ગરુડ આદિથી ન હરી શકાય એવા, ક્ષીરસમુદ્રમાંથી નહિ ઉત્પન્ન થએલા અને કેવલ ચંદ્ર આદિની પાસે જ નહિ રહેલા સાચા અમૃતરૂપ છે તેનું અનુસંધાન કરીએ છીએ.[8] શબ્દ, સ્પર્શ, રૂપ, રસ તથા ગંધ, એઓરૂપે અભિવ્યક્તિને પામેલા અને વાસ્તવિક જોતાં તેઓના સંબંધથી પણ રહિત રહેનારા શાંત ચિદાત્માનું અનુસંધાન કરૂં છું.[9] ચિદાત્મા કે જે આકાશના કોશની પેઠે નિર્લેપ છતાં આકાશ નથી અને સર્વ લોકોને રંજન આપનાર છતાં રંગ નથી તેને હું પામ્યો છું. ચિદાત્મા કે જે મોટા મહિમાથી યુક્ત છતાં સઘળી વિભૂતિઓથી રહિત છે અને આરોપની દૃષ્ટિથી કર્ત્તા છતાં પણ અપવાદની દૃષ્ટિથી અકર્ત્તા છે તેનું અનુસંધાન કરૂં છું.[110-11] "આ સઘળું જગત હું છું, આ સઘળું જગત મારૂંજ છે, અપવાદની દૃષ્ટિથી હું અહંકાર પણ નથી અને બીજારૂપ તો હું નથીજ" એવી રીતે હું પાકું સમજ્યો છું માટે જગત માયામય હોય તો પણ ભલે અને આત્મારૂપે સત્ય હોય તો પણ ભલે. હું તો સઘળા સંતાપોથી મુક્તજ છું.[112]

अखिलमिदमहं ममैव सर्वं त्वहमपिनाहमथेतरच्चनाहम् ।। इति विदितवतो जगत्कृतंमे स्थिरमथवा स्तु गतज्वरो भवामि ।। ११२ ।।

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણનાપૂર્વાર્દ્ધનો 'જીવન્મુક્તનિશ્ચયયોગોપદેશ' એ નામનો અગીયારમો સર્ગ સંપૂર્ણ.

सर्ग १२ मो.*

જીવન્મુક્તોના વ્યવહારનું વર્ણન

।। श्रीवसिष्ठ उवाच ।।

इति निश्चयवंतस्ते महांतो विगतैनसः ।।
सत्याः सत्ये पदे शांते समे सुखमवस्थिताः ।।

* આ બારમા સર્ગમાં રામચંદ્રજીએ વસિષ્ઠના કહેવા પ્રમાણે જનક વગેરે જીવન્મુક્ત પુરુષોની સ્થિતિનું ગ્રહણ કર્યાનું કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસિષ્ઠ ઋષિ કહે છેઃ—આવી રીતના નિશ્ચયવાળા અને તેનેલીધે સત્યતાને પામેલા એ નિષ્પાપ જનક રાજા આદિ મહાત્મા લોકો શાંત અને સમતાવાળા સત્યપદમાં સુખથી રહેલા છે,[1] આવી રીતના નિશ્ચયથી પૂર્ણ બુદ્ધિવાળા અને રાગથી રહિત તથા સમચિત્તવાળા એ જીવન્મુક્ત લોકો જીવિતને કે મરણને નિંદતા પણ નથી અને વખાણતા પણ નથી.[2] આવી રીતના નિશ્ચયનેલીધે અતિસૂક્ષ્મ લક્ષ્યને પણ વેધવાના ચમત્કારવાળા હોવાથી નારાયણના ભુજની પેઠે રહેલા, સરલ તથા નમ્ર સ્વભાવવાળા અને જાણે બીજા મેરુપર્વતો હોય તેવી સ્થિરતાવાળા એ મહાત્મા લોકો વનોના ખંડોમાં, દ્વીપોમાં, નગરોમાં, દેવતાઓનાં અનેક ઉપવનોમાં અને સ્વર્ગોમાં દેવતાઓની પેઠે રમતા હતા.[3,4] એ મહાત્મા લોકો પુષ્પોથી ભરપૂર અને ઝુલતા હીંદોળાઓવાળી વિચિત્ર વનોની પંક્તિઓમાં અને મેરુપર્વતનાં શિખરોની ટોચોમાં ફરતા હતા.[5] એ મહાત્મા લોકો શત્રુઓને જીતીને છત્ર ચામરોવાળાં, વિચિત્ર સમૃદ્ધિઓવાળાં અને વિચિત્ર રીતોવાળાં રાજ્યો કરતા હતા.[6] એ મહાત્મા લોકો ઘણા પ્રકારના શિષ્ટ લોકોના આચારો ઉપર ધ્યાન રાખીને પોતે પણ વર્ણાશ્રમના ધર્મોને અનુસરતા હતા અને શ્રુતિઓમાં તથા સ્મૃતિઓમાં કહ્યાપ્રમાણે સાંગોપાંગ યજ્ઞાદિક કરતા હતા.[7] એ મહાત્મા લોકો આ તમારી સંપત્તિઓ જેવી સંપત્તિઓથી રમણીયતાવાળા, સ્ત્રીઓનાં હાસ્યોથી મનોહર લાગતા અને વિહારોથી તથા આહારોથી મનનું આકર્ષણ કરનારા વિસ્તીર્ણ પ્રાસાદોમાં શણગાર ધરીને મોજ કરતા હતા.[8] એ મહાત્મા લોકો સુંદર આમ્ર વૃક્ષવાળી, મંદાર નામના કલ્પવૃક્ષોથી ઘેરાએલી અને અપ્સરાઓનાં ગાયનોથી છવાઇ રહેલી નંદનવનના બગીચાઓની ભૂમિકાઓમાં ઉપભોગ લેતા હતા.[9] એ મહાત્માઓ સ્થાવર—જંગમ પ્રાણીઓથી ભરેલા સર્વ ભુવનોમાં ફરતા હતા અને જેઓથી સર્વ પ્રાણીઓ સુખી થાય છે એવા યજ્ઞોની ક્રિયાઓના સમૂહોમાં તથા ગૃહસ્થાશ્રમસંબંધી સુખોમાં યોગ્ય રીતે વિનોદ કરતા હતા.[10] એ મહાત્માઓ મરાઇ ગએલા મોટા મોટા હાથીઓનાં શબોથી વ્યાપ્ત થએલી, ભેરી નામનાં વાજાંઓના ભાંકારશબ્દોથી ભયંકર લાગતી અને જેઓમાં ઘણી ઘણી ફયાવડીઓ માંસાદિ ખાવાનેવાસ્તે ભમતી હતી એવી સંગ્રામરૂપી સાગરોની ભૂમિકાઓમાંથી મોટાં મોટાં પરાક્રમો કરીને તર્યા હતા.[11] એ મહાત્માઓ ચિત્તને કઠણ રાખવાની જરૂરવાળી, ધનનું હરણ કરી જનારા શત્રુઓએ વધારેલી અને ક્રોધને લીધે તથા ક્ષોભને લીધે ભયંકર લાગનારી મોટી મોટી વિપત્તિઓમાં પણ પડયા હતા.[12] પરંતુ એ મહાત્માઓનું મન રાગ વગરનું, ઉપાધિઓ વગરનું, ભ્રમ વગરનું, આસક્તિથી રહિત, સર્વથી છુટેલું, અત્યંત શાંત અને પરમસત્ત્વપણાને પામેલું હતું.[13] એ લોકો મોટાં મોટાં સંકટો આવી પડતાં અને મોટાં મોટાં ઐશ્વર્યો આવી પડતાં પણ તેઓમાં જેમ તળાવોમાં મોટા પર્વતો ડૂબી જતા નથી તેમ ડૂબી જતા ન હતા.[14] હે રામચંદ્રજી ! એ લોકો જેમ પુનમના ચંદ્રની શોભાથી સમુદ્ર છલકી જાય છે તેમ મોટા મોટા વિલાસોવાળી અતિ સુંદર લક્ષ્મીથી છલકી જતા ન હતા.[15] એ લોકો જેમ ગ્રીષ્મ ઋતુથી વનો કરમાઈ જાય છે તેમ દુઃખથી કે શોકથી કરમાઈ જતા ન હતા અને જેમ ચંદ્રના તુષારો પડવાથી ઔષધિઓ પ્રફુલ્લિત થાય છે તેમ ભોગોના સમૂહોથી પ્રફુલ્લિત થતા ન હતા.[16] હે રામચંદ્રજી ! એ લોકો કર્ત્તાપણાનો અભિનિવેશ નહિ રાખતાં ભોગો ભોગવતા હતા પણ સારાં ફળો મળવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નરસાં ફળો ટળવાની ઇચ્છા નહિ કરતા હતા.[૧૭] એ લોકો ધારેલાં કાર્યો સિદ્ધ થતાં ફુલી જતા નહોતા, શત્રુઓ વગેરેનાં દબાણો આવી પડતાં ખિન્ન થતા નહિ હતા, સુખોની પ્રાપ્તિ થતાં રાજી થતા નહોતા અને સંકટોની પ્રાપ્તિ થતાં ગ્લાનિ પામતા નહોતા.[૧૮] એ લોકો કષ્ટોમાં મુંઝાઇ જતા નહોતા, વિપત્તિઓનાં દબાણોથી શોકમાં ડૂબી જતા નહોતા, શુભ ફળોની પ્રાપ્તિઓથી રાજી થતા નહોતા અને તમારી પેઠે શોકોથી રોતા પણ નહિ હતા.[૧૯] ચાલતી પદ્ધતિપ્રમાણે જે કાંઈ કામ કરવું પ્રાપ્ત થાય તે કામને અભિનિવેશથી રહિત રહીને કરતા હતા અને જાણે બીજા મેરુપર્વતો હોય તેમ કોઇ જાતના વેગમાં નહિ આવતાં સ્થિર રહેતા હતા.[૨૦] હે રામચંદ્રજી ! તમે પણ સઘળા દોષોને નષ્ટ કરનારી એ દૃષ્ટિનો ટેકો લઈ શુદ્ધ ચૈતન્યમાંજ આત્મબુદ્ધિ ધરીને યોગ્ય ક્રમથી વિહાર કરો.[૨૧] આ સૃષ્ટિની પરંપરાને મારા કહ્યાપ્રમાણે જેવી છે તેવીજ જોયા કરતાં ભ્રાંતિઓને છોડી દઇ મેરુની પેઠે સ્થિર અને સમુદ્રની પેઠે ગંભીર રહી સર્વત્ર સમચિત્તપણાથી રહો.[૨૨] આ સઘળું જગત બ્રહ્મજ છે કેમકે બ્રહ્મજ જગતરૂપે પ્રતીત થએલું છે. આમ છેએટલા માટે જગતમાં ક્યાંય કાંઈ પણ સાચું કે ખોટું નથી, પણ સઘળું અનિર્વચનીયજ છે.[૨૩] હે રામચંદ્રજી ! તમે સારી પેઠે બ્રહ્મપણાનો આશ્રય કરી, અનાદરથી સંસારનો ત્યાગ કરી કોઇ પદાર્થમાં બુદ્ધિને આસક્ત નહિ રાખીને જીવન્મુક્ત થાઓ.[૨૪] તમે ભારે ઉદ્વેગ રાખીને શામાટે રૂવો છો ? મૂઢની પેઠે શોક શું કરો છો અને જેમ જળની ચકરીમાં તરણું ભમ્યા કરે તેમ અસ્થિર ચિત્તવાળા થઇને કેમ ભમો છો ?

રામચંદ્રજી કહે છેઃ—અહો ગુરુમહારાજ ! મારા અજ્ઞાનનો સારી પેઠે ક્ષય થઇ ગયો. જેમ સૂર્યના સંગથી કમલ પ્રબુદ્ધ થાય છે તેમ તમારા પ્રસાદથી હું પ્રબુદ્ધ થયો છું.[૨૬] જેમ શરદઋતુમાં વરસાદની ઝાકળ અસ્ત પામી જાય છે તેમ મારી ભ્રાંતિ અસ્ત પામી ગઈ. જેના સઘળા સંદેહો સારી પેઠે શાંત થઈ ગયા છે એવો હું હવે જેમ આપ કહો છો તેમ કરીશ.[૨૭] મદથી, મોહથી, માનથી અને માત્સર્યથી રહિત થએલો, ઘણે કાળે શોકથી રહિત થએલો અને બહુજ લાંબે કાળે આત્મસ્વરૂપને પ્રાપ્ત થએલો હું હવે ફરીવાર બદ્ધપણાના ભ્રમને નહિ પામતાં નિશ્ચયવાળી સ્વચ્છ બુદ્ધિથી, જેમ આપ કહો છો તેમ નિઃશંક રીતે કરીશ.[૨૮]

व्यपगतमदमोहो मानमात्सर्यमुक्ताश्चिरतरमुदितात्मा शांतशोकाश्चिरेण । पुनरसुखमगच्छन्स्वच्छयैकान्तबुद्धचा यदिह वदसि साधो तत्करिष्ये विशङ्कम् ॥ २८ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'જીવન્મુક્તાશયનિરૂપણ' એ નામનો બારમો સર્ગ સંપૂર્ણ. ૧૨

સર્ગ ૧૩ મો.*

વાસનાનો લય થવા પ્રાણનિરોધ કરવાનો ઉપદેશ.

॥ श्रीराम उवाच ॥

सम्यग्ज्ञानविलासेन वासनाविलयोदये ॥
जीवन्मुक्तपदे ब्रह्मन्नूनं विश्रांतवानहम् ॥१॥

રામચંદ્રજી પૂછે છેઃ—હે ગુરુ મહારાજ ! સંપૂર્ણ રીતે થએલા જ્ઞાનના વિલાસથી વાસનાઓનો લય થતાં હું તો જીવન્મુક્તપદમાં વિશ્રાંત થઇ ચૂક્યો.[૧] પણ બીજાઓને વાસ્તે પૂછું છું કે પ્રાણના ચલનનો નિરોધ કરવાથી વાસ-

* તત્ત્વબોધથી વાસનાઓનો લય થવાનો ક્રમ કહીને હવે આ તેરમા સર્ગમાં પ્રાણના નિરોધથી વાસનાઓનો લય કરવાનો ક્રમ કહેવા માટે પીઠિકા ગોઠવવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાઓનો લય કરીને જીવન્મુક્તપદમાં શી રીતે વિશ્રાંત થવાય છે તે કહો.[૨]

વસિષ્ઠ ઋષિ કહે છેઃ—સંસારમાંથી નીકળવાની જે યુક્તિ છે તે 'યોગ' એ શબ્દથી કહેવાય છે. ચિત્તનું ઉપશાંત થવું એજ યોગ છે, અને તે યોગ કરવાના બે પ્રકાર છે.[૩] એનો આત્મજ્ઞાનરૂપ એક પ્રકાર તો મેં સઘળા લોકોને સંભળાવીને પ્રકટ કર્યો. હવે પ્રાણના નિરોધરૂપ જે બીજો પ્રકાર છે તે કહું છું. સાંભળો.[૪]

રામચંદ્રજી પૂછે છેઃ—એ બે પ્રકારોમાં સુલભ અને જેમાં દુઃખ ન પડે એવો કયો પ્રકાર છે કે જે જાણવામાં આવવાથી વિક્ષેપ ફરીવાર અડચણ ન કરે.[૫]

વસિષ્ઠ ઋષિ કહે છેઃ—જો કે એ બન્ને પ્રકારો 'યોગ' એ શબ્દથી કહેવાય છે તો પણ એ યોગશબ્દ પ્રાણના નિરોધરૂપ પ્રકારમાં અત્યંત વપરાએલો છે.[૬] આત્મજ્ઞાન અને પ્રાણના ચલનનો નિરોધ એ બન્ને ઉપાયો સંસારમાંથી નીકળવાના કામમાં સમાન છે અને બન્ને એક ફલ આપનારાજ કહેવાય છે.[૭] કોઇને પ્રાણનો નિરોધ કરવો અશક્ય લાગે છે અને કોઇને આત્મજ્ઞાન કરવું અશક્ય લાગે છે. હે રામચંદ્રજી ! મને તો આત્મજ્ઞાન અત્યંત શક્ય લાગે છે.[૮] જે પુરુષ વિચાર કરવામાં અકુશલ હોય તેનેજ આત્મજ્ઞાન અશક્ય લાગે છે. જ્ઞાનના અને અજ્ઞાનના સ્વરૂપનું વિવેચન કરવામાં અશક્તપણું હોય તોજ વિચાર કરવામાં અકુશલપણું થાય છે; પણ પ્રમાણોમાં કુશલતા ધરાવનારા પુરુષોને એ વિચારમાં અકુશલપણું સ્વપ્નમાં પણ થવું સંભવતું નથી. અજ્ઞાન સર્વદા સાક્ષીથીજ પ્રસિદ્ધ થનારૂં હોવાનેલીધે પરપ્રકાશ્ય છે અને જ્ઞાન તો સ્વયંપ્રકાશ છે, માટે જ્ઞાનમાં અને અજ્ઞાનમાં ઘણો અંતર હોવાથી વિવેક થવાનો સંભવ છે, તેથી જેવું જ્ઞાન કરવું સહેલું છે તેવો યોગ કરવો સહેલો નથી. યોગ કરવામાં ચંદ્ર તથા હૃદય વગેરે ધારણાના પ્રદેશોમાં ચિત્તની એકાગ્રતા કરવાની અને આસનના યોગ્ય સ્થલ વગેરેની જરૂર હોવાથી યોગ સુસાધ્ય નથી, અથવા જ્ઞાન સુસાધ્ય છે અને યોગ સુસાધ્ય નથી એવી ચિંતા કરવીજ યોગ્ય નથી. કેમ કે ઉદ્યોગમાં મંડયા રહેનારા ધીર પુરુષને જ્ઞાન કે યોગ એઓમાં કશું અશક્ય લાગતું નથી.[૯,૧૦] હે રામચંદ્રજી ! શાસ્ત્રોમાં જ્ઞાન અને યોગ એ બન્ને પ્રકાર કહેલા છે, તેઓમાંથી મેં તમારી પાસે જ્ઞાનનું નિરૂપણ કર્યું કે જે જ્ઞાન વિચારમાત્રથી સાધ્ય હોવાનેલીધે અંદરજ રહેલું છે અને ખરી સમજણરૂપ હોવાનેલીધે નિર્મલ છે.[૧૧] હવે યોગ કે જે પ્રાણની અને અપાનની સમતારૂપે પ્રસિદ્ધ છે, દેહરૂપી ગુફા દૃઢ હોય તોજ બની શકે એવો છે, સિદ્ધિઓની ઇચ્છાવાળાઓને સિદ્ધિઓ આપનાર છે અને જ્ઞાનની ઇચ્છાવાળાઓને સાક્ષાત્કારના કારણરૂપ છે, તે વિષે નિરૂપણ કરૂં છું, સાંભળો.[૧૨] હે રાજકુમાર ! તમે ઉદ્યોગી ચિત્ત વડે પ્રાણના સંચારના નિરોધથી સિદ્ધ થવાની સ્થિતિને પામી, અક્ષય આત્મપદમાં ચિત્તવૃત્તિનો નિરોધ કરવાના અભ્યાસની યુક્તિથી સમાહિત થઇ, જેનું વર્ણન થઇ શકતું નથી એવા નિરતિશય આનંદરૂપ થઇને રહેશો.[૧૩]

मुखानिलस्फुरणनिरोधसंभवस्थितिं गतो नृपसुत चेतसाक्षये ॥ समाहितस्थितिरिह योगयुक्तितः परे पदे प्रगलितगीर्निवत्स्यति ॥१३॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'વિચારયોગોપદેશ' એ નામનો તેરમો સર્ગ સંપૂર્ણ. ૧૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सर्ग १४ मो.*

મેરૂ પર્વતના એક શિખરનું વર્ણન

॥ श्रीवसिष्ठ उवाच ॥

अस्ति तावदनंतस्य तस्य क्वचिदयं किल ॥
जगद्रूपः परिस्पन्दो मृगतृष्णा मराविव ॥१॥

વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી ! યોગીઓને વિશ્રાંતિના સ્થાનકરૂપ જે પરમપદ છે તેના અવિદ્યાથી આવૃત્ત થએલા કોઈ પ્રદેશમાં, જેમ નિર્જલ દેશમાં ઝાંઝવાનાં પાણી હોય છે તેમ આ બ્રહ્માંડરૂપ વિવર્ત્ત છે.[1] આ બ્રહ્માંડરૂપ વિવર્ત્તમાં કમલથી ઉત્પન્ન થએલા બ્રહ્મા મનુ વગેરેની ઉત્પત્તિના કારણરૂપ થએલ છે તેથી અને બીજાં પણ અનેક પ્રાણીઓના સમૂહરૂપ ભ્રાંતિને સ્રજનારા હોવાથી પિતામહ થઇને રહેલ છે.[2] હું કે જે વસિષ્ઠ કહેવાઉં છું અને સારાં આચરણોવાળો કહેવાઉં છું તે એ બ્રહ્માનો માનસ પુત્ર છું અને આ ચાલતા વૈવસ્વતમન્વંતરમાં ધ્રુવે ધરેલા સપ્તર્ષિઓના લોકમાં રહું છું.[3] એ હું કોઈ સમયે સ્વર્ગમાં ઇંદ્રની સભામાં બેઠો હતો તે સમયે નારદ આદિ મુનિઓના મુખથી મેં લાંબા કાળસુધી જીવનારાઓની (ચિરંજીવિઓની) કથાઓ સાંભળી.[4] કોઈ કથાના પ્રસંગમાં મોટી બુદ્ધિવાળા અને થોડું બોલનારા પૂજ્ય શાતાતપ નામના મુનિએ કહ્યું કેઃ—"મેરુપર્વતના ઇશાન ખુણામાં માણિક્યમય જે શિખર છે તે ઉપર એક સુંદર કલ્પવૃક્ષ છે કે જે 'ચૂત (આંબો)' એ નામથી પ્રખ્યાત છે.[5,6] એ કલ્પવૃક્ષની ઉપર સોનેરી તથા રૂપેરી લતાઓથી ઘેરાએલા દક્ષિણતરફના સ્કંધની કોતરમાં પક્ષીઓનો એક માળો છે.[7] જેને સંસારમાં ક્યાંય પણ રાગ નથી એવો ભુશુંડ નામનો એક મહાત્મા કાગડો જેમ બ્રહ્મા પોતાના વિસ્તીર્ણ કમલમાં રહે છે તેમ એ મોટા માળામાં રહે છે.[8] હે દેવતાઓ ! આ બ્રહ્માંડની અંદર એ કાગડો જેવા પ્રકારથી લાંબુ જીવન ભોગવે છે તેવા પ્રકારથી લાંબુ જીવન ભોગવનારો આ સ્વર્ગમાં પણ બીજો કોઇ થયો નથી અને થશે પણ નહિ.[9] એજ ખરો ચિરંજીવી છે, એજ વીતરાગ છે, એજ મહાત્મા છે એજ મોટી બુદ્ધિવાળો છે, એજ વિશ્રાંત થએલી બુદ્ધિવાળો છે, એજ શાંત છે, એજ સાચો રમણીય છે અને એજ સઘળા કાળને જાણનારો છે.[10] એ કાગડો જે રીતે જીવે છે તે રીતે જો અહીં જીવવામાં આવે તો જીવિત પવિત્ર અને પરમપુરુષાર્થના ઉદયવાળું થાય."[11] એ પ્રમાણે શાતાતપ મુનિએ દેવતાઓની સભામાં વાત કરતાં મેં તેમને બીજી વાર પૂછ્યું તો બીજી વાર પણ એ કાગડાવિષે તેમણે તે પ્રમાણેજ વાત કરી અને તે સાચીજ કહી.[12] કથાનો અવસર પૂરો થઇ રહેતાં સઘળા દેવતાઓ પોતપોતાને ઘેર ગયા. પછી હું કૌતુકને લીધે એ ભુશુંડ નામના કાગડાને જોવાસારૂ ત્યાંથી નીકળ્યો.[13] મેરુપર્વતનું માણિક્યમય તે ઉત્તમ મોટું શિખર કે જેમાં એ ભુશુંડ રહ્યો હતો તેમાં હું ક્ષણમાત્રમાં જઇ પહોંચ્યો.[14] એ શિખર રત્નોથી અને ધાતુઓથી શોભી રહેલા પોતાના અગ્નિજેવા તેજને લીધે જાણે મદિરાના મદથી દિશાઓના સમૂહને રંગતું હોય એવું લાગતું હતું.[15] જાણે કલ્પાંતના અગ્નિમાંથી નીકળેલી જ્વાલાઓ એકઠી થઇને પિંડરૂપ બનેલી હોય એવું લાગતું હતું. ઊંચે ફેલાએલી ઇંદ્રનીલ મણિઓની પ્રભાઓથી જાણે ધૂમાડાવાળું હોય એવું જણાતું હતું. પ્રકાશથી સઘળા આકાશને લાલ કરી દેતું હતું.[16] જાણે જગતમાંની

---

* આ ચૌદમા સર્ગમાં વસિષ્ઠ મુનિ ભુશુંડને જોવાની ઇચ્છાથી મેરુપર્વતના શિખરમાં ગયા એ કથા કહેવામાં આવશે અને તે શિખરનું વર્ણન કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સઘળી રતાશોનો સમૂહ પર્વતમાં એકઠો થયો હોય એવું દીપતું હતું. જાણે સંધ્યાકાળનાં સઘળાં વાદળાંઓની એક ધાટી ખાણ હોય એવું લાગતું હતું.[૧૭] જાણે યોગથી બ્રહ્મરંધ્રને ભેદીને સુષુમ્ણાથી નીકળવા ધારતો મેરુપર્વતના પેટમાંથી નીકળીને ઉપરના પ્રદેશમાં આવેલો મેરુપર્વતનો જઠરાગ્નિ હોય એવું જણાતું હતું.[૧૮] જાણે મેરુપર્વતના વનની દેવીએ રમવાના કૌતુકથી ચંદ્રને લઈ લેવા માટે આકાશમાં પસારેલો, અળતાના રસથી રંગાએલો, તેના હાથની આંગળીઓનો સમૂહ હોય એવું દેખાતું હતું.[૧૯] જાણે માળાઓની પેઠે ગુંથાએલી રાતી જ્વાળાઓથી આકાશમાં જવા માટે ઊંચે ચડીને પર્વત ઉપર રહેલો યજ્ઞનો અગ્નિ હોય એવું જણાતું હતું.[૨૦] જાણે ચકચકિત કિરણોરૂપી નખોની અણીઓવાળી ત્રણ અગ્રોરૂપી આંગળીઓથી તારાઓને અડીને ગણવા માટે આકાશમાં વ્યાપવા લાગ્યું હોય એવું ઊંચું હતું.[૨૧] જાણે પૃથ્વીએ પુષ્ટ કરેલી વનલક્ષ્મીઓનો ગાજતા મેઘોરૂપી મૃદંગોવાળો નૃત્યમંડપ હોય એવું શોભતું હતું. ખીલતા પુષ્પોના ગુચ્છોથી ભરપૂર હતું. ભ્રમરોના ગુંજારથી ભરપૂર હતું.[૨૨] દાંતોની પંક્તિની પેઠે શોભી રહેલી તાડપત્રોની પંક્તિથી જાણે કોઇનો પરિહાસ કરતું હોય એમ સ્ફુરતું હતું. હિંડોળાઓમાં ઝુલતી અપ્સરાઓના સમૂહથી યુક્ત હતું. સઘળાં પામર પ્રાણીઓને મદની તથા કામદેવની વૃદ્ધિ આપતું હતું.[૨૩] ગુફાઓની શિલાઓપર વિશ્રામ લઇને બેઠેલાં દેવતાઓનાં જોડાંઓથી દીપી રહ્યું હતું. આકાશની શોભાથી તથા ગંગાજીના ધોળા પ્રવાહની શોભાથી અને ઉભા વાંસની શોભાથી જાણે ઉત્તમ મૃગચર્મને ઓઢીને તથા જનોઈ પહેરીને અને હાથમાં દંડ લઇને કોઈ બુઢ્ઢો બ્રહ્મચારી ઉભો હોય એવું લાગતું હતું. ગંગાજીના ઝરાઓથી ગાજી રહેલા લતામંડપોમાં બેઠેલા દેવતાઓથી શોભી રહ્યું હતું.[૨૪,૨૫] ગંધર્વોનાં ગાયનોથી મનનું આકર્ષણ કરતું હતું. સુગંધોથી ભરેલા મધુર પવનવાળું હતું. પ્રફુલ્લિત થએલાં સોનેરી કમલોરૂપી શિરોભૂષણવાળું હતું. તારાઓરૂપી રત્નોથી શણગારેલું હતું.[૨૬] પીંગળા રંગનું તે મેરૂનું શિખર આકાશના પારને પહોંચેલું હોય એવું જણાતું હતું.[૨૭] ધોળાં, હરિત, પીળાં તથા રાતાં બગીચાઓનાં પુષ્પોના સમૂહોરૂપી નવા નવા રંગોથી જાણે આકાશમાં નિર્મલ ચિત્રોને બનાવતું હોય એવું લાગતું હતું અને દેવતાઓની સ્ત્રીઓને રમણ કરવાના સ્થાનરૂપ હતું.[૨૮]

सितहरितपीतपाटलधवलैर्वनकुसुमराशिनवरंगैः ॥ दिवि विहितामलचित्रं लीलाचलममरयुवति वर्गस्य ॥ २८ ॥

ઇતિ શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'મેરુશિખરવર્ણન' એ નામનો ચૌદમો સર્ગ સંપૂર્ણ. ૧૪

સર્ગ ૧૫ મો.*

મેરૂના શિખરપરના કલ્પવૃક્ષનું અને ત્યાં રહેતા ભુશુંડ વગેરેનું વર્ણન.

॥ श्रीवसिष्ठ उवाच ॥

कुसुमापूर्णकल्पाभ्रकुंतले तस्य मूर्द्धनि ।
कल्पागमहमद्राक्षं शाखाचक्रमिव स्थितम् ॥१॥

વસિષ્ઠ ઋષિ કહે છે.–હે રામચંદ્રજી ! પુષ્પોથી ભરપૂર થએલાં મોટાં મોટાં વાદળાંઓરૂપી કેશોવાળા એ શિખરના મસ્તક ઉપર કલ્પવૃક્ષ મારા જોવામાં આવ્યું કે જે કલ્પવૃક્ષ ચારેકોર સરખી રીતે ફેલાએલી અનેક શાખાઓ

* આ પંદરમા સર્ગમાં શિખર ઉપરના કલ્પવૃક્ષનું, પુષ્પોની તથા પક્ષીઓ વગેરેની સંપત્તિઓનું, સ્કંધમાં કાગડાઓના સમૂહનું અને તે સમૂહમાં ભુશુંડનું વર્ણન કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીધે જાણે શાખાઓનોજ સમૂહ હોય એવું લાગતું હતું.[1] તે પરાગોરૂપી વાદળાંઓથી વ્યાપ્ત હતું, રત્નમય ગુચ્છોથી ઉંચી શોભાને પામેલું હતું, ઉંચાઇથી આકાશને જીતી લેતું હતું, એક શિખર ઉપર જાણે બીજું શિખર ચડાવવામાં આવ્યું હોય એવું લાગતું હતું.[2] વચમાં આવેલા તારાઓને લીધે જાણે બમણાં પુષ્પોવાળું હોય એવું જણાતું હતું, વચમાં આવેલાં વાદળાંઓને લીધે જાણે બમણાં પલ્લવોવાળું હોય એવું જણાતું હતું, વચમાં આવતી વિજળીઓનેલીધે જાણે બમણી મંજરીઓવાળું હોય એવું જણાતું હતું,[3] સ્કંધોમાં કિન્નરોની સ્ત્રીઓનાં ગાયનોને લીધે જાણે ભ્રમરોના બમણા ગુંજારવાળું હોય એવું જણાતું હતું, હિંડોળાઓમાં હીંચતી અપ્સરાઓનાં હોઠ આદિ અંગોના દેખાવનેલીધે જાણે બમણી કુંપળીઓવાળું હોય એવું લાગતું હતું,[4] યથેષ્ટ વિહારનેવાસ્તે પક્ષીઓનો વેષ ધરીને શાખાઓમાં ફરતા સિદ્ધલોકોના તથા ગંધર્વ લોકોના સમૂહોનેલીધે જાણે બમણાં પક્ષીઓથી વ્યાપ્ત હોય એવું જણાતું હતું, સ્વચ્છ આકળથી બમણી થએલી રત્નોની કાંતિરૂપ છાલથી જાણે વસ્ત્રો પહેરીને ઉભું હોય એવું દેખાતું હતું,[5] જાણે ચંદ્રના બિંબનું આલિંગન મળવાથીઅમૃતના રસથી ભરપૂર થઇને બમણાં પુષ્ટ થયાં હોય એવાં મોટાં મોટાં ફળોથી દીપી રહ્યું હતું અને સ્કંધોના મૂળોમાં ભરાએલાં કલ્પાંતનાં વાદળાંઓને લીધે જાણે બમણા પ્રદેશોવાળું હોય એવું જણાતું હતું,[6] એ કલ્પવૃક્ષના સ્કંધોમાં દેવતાઓ, પાંદડાંઓમાં કિન્નરો, નિકુંજોમાં મેઘો અને જલપ્રાય પ્રદેશોમાંબીજા દેવ આદિ લોકો વિશ્રામ લેતા હતા.[7] અપ્સરાઓરૂપી ભ્રમરીઓ પોતાનાં કંકણોના શબ્દોથી ભ્રમરાઓને દૂર કરીને એ મોટા આકારવાળાં વૃક્ષનાં પુષ્પોમાંથી મકરંદોનું ગ્રહણ કરતી હતી.[8] દેવતાઓ, કિન્નરો, ગંધર્વો અને વિદ્યાધરો એની ચારે દિશાઓમાં ફરતા હતા. છેડા વગરની દશે દિશાઓને ભરપૂર કરીને ઉભેલું હોવાનેલીધે એ કલ્પવૃક્ષ જાણેકોઈ બીજું બ્રહ્માંડ હોય એવું જણાતું હતું.[9] ઘાટી કળીઓથી, ઘાટા કોમળ પલ્લવોથી, ઘાટાં પ્રફુલ્લિત પુષ્પોથી, ઘાટી વનરાજિઓથી, ઘાટી મંજરીઓથી, ઘાટા મણિમય ગુચ્છોથી, ઘાટાં દિવ્ય વસ્ત્રોથી, ઘાટાં રત્નોથી અને લતાઓના વિલાસોથી સંપન્ન હતું.[10-11] સર્વ પ્રદેશોમાં પુષ્પોના સમૂહોથી, સર્વ પ્રદેશોમાં ફળોથી, સર્વ પ્રદેશોમાંપલ્લવોથી અને સર્વપ્રદેશોમાં સુગંધી પરાગોથી અત્યંત વિચિત્રપણાને પ્રાપ્ત થયું હતું.[12] એ કલ્પવૃક્ષના સંધિઓમાં, લતાઓથી વીંટાએલા ભાગોમાં,લતાઓમાં, પાંદડાંઓમાં, અગ્રોમાં અને પુષ્પોમાં માળાઓની અંદર રહેલાં ઘણાં ઘણાં પક્ષીઓ મારા જોવામાં આવ્યાં.[13] ચંદ્રની કળાઓના ટુકડાઓ જેવા કમલનાળોના ટુકડાઓનાં ભક્ષણથી અને ધોળા કમલિનીઓનાં કંદોના ભક્ષણથી પુષ્ટ થએલા બ્રહ્માના વાહનરૂપ કેટલાએક હંસો જોવામાં આવ્યા.[14] બ્રહ્માના હંસોનાં બચ્ચાંઓ કે જેઓ સામવેદનું ગાયન કરતાં હતાં, ઓંકારનું તથા વેદોનું આવર્ત્તન કરતાં હતાં અને ગુરુમુખથી બ્રહ્મવિદ્યાનો અભ્યાસ પણ કરતાં હતાં તેઓ પણ જોવામાં આવ્યાં.[15] અગ્નિના વાહનરૂપ પોપટો કે જેઓ મંત્રોના સમૂહોનું ઉચ્ચારણ કરતા હતા, સ્વાહાકારના જેવા શબ્દો કરતા હતા, મનોહરપણાનેલીધે દેવતાઓની દૃષ્ટિઓનું આકર્ષણ કરતા હતા, કેટલાએક યજ્ઞોની વેદિઓમાં પાથરેલા દર્ભોનાં પીછાંજેવા રંગવાળા હતા, કેટલાએક કાળા હતા, કેટલાએક હાડકાંઓના જેવા ધોળા હતા, કેટલાએક વિજળીઓના પુંજો જેવા હતા, અનેકેટલાએક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીલ વાદળાંઓ જેવા હતા, તેઓ પણ જોવામાં આવ્યા. કાર્તિકેયના વાહનરૂપ મયૂરો કે જેઓ ઉત્તમ પિચ્છોવાળા હતા, કાર્તિકેયે ઉપદેશ કરેલા સઘળા શિવશાસ્ત્રસંબંધી વિજ્ઞાનમાં પ્રવીણ હતા અને જેઓનાં પિચ્છોના સમૂહનું પાર્વતી રક્ષણ કરતાં હતાં તેઓ તથા તેઓનાં અગ્નિની જ્વાળાઓની પેઠે દીપતી કલગીઓવાળાં બચ્ચાંઓ પણ મારા જોવામાં આવ્યાં.[૧૬-૧૮] આકાશમાંજ જન્મીને ધરતી ઉપર નહિ ઉતરતાં મરણપર્યંત આકાશમાંજ રહેનારાં કેટલાંએક 'વ્યોમપક્ષી' નામનાં પક્ષીઓનાં કુટુંબો કે જેઓ માળાઓ બાંધીને રહ્યાં હતાં અને શરદૃઋતુના વાદળાંઓના જેવા આકારોવાળાં હતાં તેઓ પણ મારા જોવામાં આવ્યાં.[૧૯] કેટલાંએક બ્રહ્માના હંસોથી ઉત્પન્ન થએલાં, કેટલાંએક અગ્નિના પોપટોથી ઉત્પન્ન થએલાં, કેટલાંએક કાર્તિકેયના મયૂરોથી ઉત્પન્ન થએલાં અને કેટલાંએક વ્યોમપક્ષીઓથી ઉત્પન્ન થએલાં જાત્યંતરનાં પક્ષીઓ પણ મારા જોવામાં આવ્યાં.[૨૦] બબ્બે મ્હોડાંવાળાં અને સોનેરી રંગની કલગીવાળાં ભરદ્વાજ નામનાં પક્ષીઓ, ચકલાંઓ, બલ નામનાં પક્ષીઓ, ગીધો, કોયલો, ક્રૌંચ, કુકડાંઓ, ગરજો, નીલકંઠો, બગલીઓ અને બીજી પણ ઘણી જાતોનાં પક્ષીઓ કે જેઓ જથાબંધ હોવાને લીધે જાણે બ્રહ્માંડનાં સઘળાં પક્ષીઓ એકઠાં થયાં હોય એવાં લાગતાં હતાં તેઓ પણ એ વૃક્ષમાં મારા જોવામાં આવ્યાં.[૨૧-૨૨] પછી અત્યંત દૂર પ્રદેશમાં રહેલી એ વૃક્ષની એક દક્ષિણ તરફની મોટાં મોટાં પાંદડાંઓવાળી શાખા ઉપર મેં આકાશમાં ઉભાં ઉભાં દૃષ્ટિ કરી ત્યારે જાણે લોકાલોક પર્વતના અરણ્યમાં રહેલો કલ્પાંતનાં વાદળાંઓનો સમૂહ હોય તેમ તે શાખામાં રહેલું અને મંજરીઓના જાળથી ઢંકાએલું સઘળા શરીરમાં કાળા કાગડાઓનું મંડલ મારા જોવામાં આવ્યું.[૨૩-૨૪] એ મંડલ હું જોતો હતો તેટલામાં વિચિત્ર પુષ્પોના [illegible]છાનાવાળી, વિચિત્ર સુગંધોવાળી અને અપ્[illegible]રાઓને પણ સ્વર્ગના જેવું સુખ આપનારી એ[illegible] એકાંતભૂત શાખાની કોતરમાં કાગડાઓની સ[illegible] મારા જોવામાં આવી.[૨૫-૨૬] એ સભામાં પ્યા[illegible] ગુચ્છોથી સુગંધયુક્ત થએલા, અત્યંત શ[illegible] આકારોવાળા અને જાણે વાયુએ સમભાગે [illegible]દીને કોતરમાં ઘાલી દીધેલાં વાદળાંઓ હો[illegible] એવા કાગડાઓ બેઠેલા હતા. એ કાગડાઓ[illegible] મધ્યમાં જાણે કાળા કાચોના ટુકડાઓમાં મો[illegible] ઇંદ્રનીલમણિ હોય એવો લાગતો, ઊંચા શ[illegible]રવાળો, શાંતિથી ભરપૂર મનવાળો, માન અ[illegible]પવા યોગ્ય, સમતાવાળો, સઘળાં અંગોમાં સુ[illegible]રતાવાળો, પ્રાણના ચલનના નિરોધથી સર્વ[illegible] અંતર્મુખ રહેનારો, સુખી, લાંબા કાળસુ[illegible] જીવનારો હોવાને લીધે ચિરંજીવી કહેવાતો[illegible] ઘળા જગતે જાણેલા લાંબા આયુષ્યવાળો અ[illegible] કલ્પોના અનેક ઉત્પત્તિ-નાશોને જોવાથી પ્રૌ[illegible] થએલા મનવાળો 'ભુશુંડ' એ નામથી પ્રખ્યા[illegible] પામેલો કાગડો મારા જોવામાં આવ્યો.[૨૭-૩૦] [illegible] કાગડો પ્રત્યેક કલ્પોમાં રુદ્ર, ઇંદ્ર તથા અગ્નિ આ[illegible] લોકપાલોના જન્મોની પરંપરાને ગણી ગણી[illegible] કાયર થઈ ગયો હતો, થઈ ગએલા દેવતાઓ[illegible] દૈત્યોના તથા રાજાઓના સ્મરણવાળો હ[illegible] પ્રસન્ન તથા ગંભીર મનવાળો હતો, ચતુર હ[illegible] સ્નિગ્ધ તથા મનોહર વાણીવાળો હતો,[૩૧-] સૂક્ષ્મ વિષયોને પણ સ્ફુટ કરીને કહેનાર હ[illegible] સઘળા શાસ્ત્રીય વિષયોને જાણનાર હતો, મ[illegible]તાથી તથા અહંતાથી રહિત હતો, મૃત્યુને [illegible] પુત્રની પેઠે પ્યારો હતો, બ્રહ્મરૂપ હોવાને લી[illegible] સર્વદા સર્વપ્રાણીઓને સઘળી રીતે વર્ણનના [illegible] સંગમાં અભિમત હોવાથી સર્વને સુહૃદ્ [illegible] તથા મિત્ર સમાન હતો, બુદ્ધિથી બૃહસ્પતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ગુરુ થાય એવો હતો, અસંગપણાથી વ્યવહાર કરનાર હોવાને લીધે જીવન્મુક્ત હતો[33] અને સૌમ્ય, પ્રસન્ન, મધુર, રસવાળો, પ્યારો લાગે એવો, અંદર અખંડ શીતલતાવાળો, કમલને (મનને તથા પદ્મને) પોતામાંજ રાખનારો, સ્વચ્છ ગંભીરતાને નહિ છોડનારો, સ્પષ્ટ જણાતી આશયની શોભાવાળો અને વિશાળ આશયવાળો હોવાને લીધે સરોવરની પેઠે શોભતો હતો.[34]

सौम्यः प्रसन्नमधुरो रसवान् महात्मा हृद्यः सरोवर इवांतरखंडशैत्यः । हृत्पुंडरीक कुहरं व्यवहारवेत्तागांभीर्यमच्छमजहत्प्रकटाशयश्रीः ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાદ્ધનો 'ભુશુંડદર્શન' એ નામનો પંદરમો સર્ગ સંપૂર્ણ. ૧૫

સર્ગ ૧૬ મો.*

ભુશુંડે વસિષ્ઠ મુનિનો કરેલો સત્કાર

॥ श्रीवसिष्ठ उवाच ॥

अथ तस्याहमपतं दीप्यमानवपुः पुरः ॥
किंचिद्विक्षोभितसभःखान्नक्षत्रमिवाचले ॥ १ ॥

વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી ! પછી જેમ પ્રદીપ્તરૂપવાળો તારો આકાશમાંથી પર્વતઉપર પડે તેમ દીપતા શરીરવાળો હું, કાંઈક એ સભા ક્ષુબ્ધ થાય એવી રીતે આકાશમાંથી તે ભુશુંડના સમીપમાં ઉતર્યો.[1] જેમ પૃથ્વીના કંપથી સમુદ્ર ક્ષુબ્ધ થાય છે તેમ મારા ઉતરવાના મંદ પવનથી નીલકમળોવાળા તળાવ જેવી એ કાગડાઓની સભા ક્ષુબ્ધ થઈ.[2] હું ત્યાં અચાનક રીતે ગયો તો પણ મને દેખતાંજ એ ભુશુંડ જાણી ગયો કે 'આ વસિષ્ઠ મુનિ આવ્યા છે.[3] પછી જેમ પર્વતમાંથી વાદળાંનું બચ્ચું ઉઠે તેમ પાંદડાંઓનાં પુંજમાંથી ઉઠીને તે ભુશુંડે 'હે મુનિ ! ભલે પધાર્યા' એમ મધુર શબ્દોથી કહ્યું.[4] જેમ મેઘ ઠંડી કણીઓના સમૂહને આપે તેમ એ ભુશુંડે તરતજ પોતાના સંકલ્પમાત્રથી ઉત્પન્ન થએલા બે હાથવડે મને પુષ્પાંજલિ આપી.[5] કોઇ નોકરને આજ્ઞા નહિ કરતાં કાગડાઓનો અધ્યક્ષ એ ભુશુંડ પોતેજ 'આ આસન' એમ બોલી જાતે ઉઠીને મારે વાસ્તે કલ્પવૃક્ષનાં નવાં પાંદડાંને લાવતાં અને સભાના કાગડાઓની પાંખો પણ તેઓના ઉઠવાનેલીધે તેઓની કાંતિઓની પેઠે પ્રસરવા લાગતાં તથા મારૂં બેસવું થયા પછી જ બેસવું એવી ઇચ્છાથી એ સઘળા કાગડાઓ પોતપોતાનાં આસનો ઉપર દૃષ્ટિ કરવા લાગતાં હું કલ્પવૃક્ષની લતાઓના પુંજમાં ભુશુંડની સાથેજ તે આસનપર બેઠો અને તે પછી એ બીજા કાગડાઓ પણ અમારી ચારેકોર પોતપોતાનાં આસનોપર બેઠા.[6-8] પ્રસન્ન થએલા મનવાળા એ મહાતેજસ્વી ભુશુંડે મને અર્ધ્યપાદ્ય વગેરે આપ્યા પછી પ્રેમનેલીધે નીચે પ્રમાણે મધુર વચન કહ્યું.[9]

ભુશુંડ કહે છેઃ—અહો ! આપે લાંબે કાળે અમારા ઉપર કૃપા દેખાડી કે જેથી અમોરૂપી શુભ વૃક્ષો આપનાં દર્શનરૂપી અમૃતના સેચનને પ્રાપ્ત થયા.[10] હે મુનિ ! આપ કે જે સઘળા પૂજ્યોમાં મુખ્ય પૂજ્ય છો, તો તે મારાં લાંબા કાળનાં પુણ્યોના સમૂહથી પ્રેરાઇને હમણાં ક્યાંથી પધારો છો ?[11] આ મહામોહરૂપી જગતમાં લાંબા કાળથી વિહાર કરતાં છતાં આપના પવિત્ર ચિત્તમાં સમતા તો અખંડિત રહી છે ?[12] આપે આપના શરીરને અહીં પધરાવવાનો પરિશ્રમ શા માટે આપ્યો છે ? અમો આપનાં વચનોનું શ્રવણ કરવા ઉત્કંઠિત છીએ માટે અમોને આપે આજ્ઞા કરવી જોઇએ.[13] હે મહા

* આ સોળમા સર્ગમાં ભુશુંડે પોતાની પાસે આવેલા વસિષ્ઠમુનિનો આસનાદિકથી સત્કાર કર્યો અને વસિષ્ઠે તેને તેનાં જન્મકર્મ વગેરે પૂછ્યાં એ કથા કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુનિ ! હું આપના ચરણના દર્શનના પ્રભાવથી આપના અહીં પધારવાનું સઘળું કારણ જાણી ચુકયો છું. આપે અહીં પધારીને અમોને પુણ્યવાન કર્યા છે.[૧૪] ચિરંજીવીઓની ચર્ચાઓ ચાલતાં અમો આપના સ્મરણમાં આવ્યા છીએ અને તેથીજ આપે પોતાના ચરણકમલથી આ અમારા નિવાસને પવિત્ર કર્યો છે.[૧૫] હે મુનિ ! આપના પધારવાનું કારણ મારા જાણવામાં આવી ચુક્યું છે તોપણ આપનેહું પૂછુંછું તેનું કારણ એ છે કે મને આપનાં વચનામૃતનો સ્વાદ લેવાની ઉત્કંઠા બહુ વધી છે.[૧૬]

વસિષ્ઠ રામચંદ્રજીને કહે છેઃ—ત્રણે કાળના નિર્મલ જ્ઞાનવાળા એ ચિરંજીવી ભુશુંડે એ પ્રમાણે ભાષણ કરતાં મેં તેને નીચે પ્રમાણે કહ્યું.[૧૭]

હે પક્ષીઓના મહારાજ ! તમે જે કહ્યું તે સાચું છે. હું લાંબા કાળસુધી જીવનારા તમનેજ જોવાનેવાસ્તે આજ અહીં આવેલો છું.[૧૮] તમે અત્યંત શીતલ અંતઃકરણવાળા છો, કુશલ છો અને આત્મજ્ઞાની હોવાનેલીધે આ ભયંકર સંસારરૂપી જાળમાં પડ્યા નથી એ બહુ સારૂં છે.[૧૯]હે મહારાજ ! હવે ખરેખર મારા આ સંશયને કાપો. હું પૂછુંછું કે આપ કયા કુલમાં ઉત્પન્ન થયા છો ? શી રીતે સંપૂર્ણ બ્રહ્મવિદ્યાને પ્રાપ્ત થયા છો ?[૨૦] આપનું આયુષ્ય કેટલું છે ? બની ગએલા કયા કયા વૃત્તાંતોનું આપને સ્મરણ છે ? અને લાંબી દૃષ્ટિવાળા આપે કોના કહેવાથી અહીં નિવાસ કર્યો છે ?[૨૧]

ભુશુંડ કહે છેઃ—હે મુનિ ! આપ જે કાંઇ પૂછો છો તે સર્વના ઉત્તરો આપુંછું. આપે ઉતાવળને છોડી દઇ સાવધાનપણાથી મારી વાત સાંભળવી.[૨૨] ત્રૈલોક્યના પ્રભુઓ પણ જેઓનું પૂજન કરે છે એવા આપ જેવા ઉદાર બુદ્ધિવાળા મહાત્મા પુરુષો જે વાતને સાંભળે તે વાત કહેવાથી, જેમ વૃષ્ટિના છાયા વગેરે વૈભવથી સૂર્યનો તાપ નષ્ટ થાય તેમ સઘળું અશુભ ના થાય છે.[૨૩]

युष्मद्विधास्त्रिभुवनप्रभु पूज्यरूपा आकर्णयंति यमुदारधियो महान्तः ॥ तेनाशुभं प्रकथिते विनाशमेति मेघास्पदेन विभवेन यथार्कतापः ।

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'વસિષ્ઠભુશુંડસમાયોગ' એ નામનો સોળમો સર્ગ સંપૂર્ણ. ૧૬

सर्ग १७ मो.*

ભુશુંડના સ્વરૂપનું વર્ણન

॥ श्रीवासिष्ठ उवाच ॥

**अथ राम भुशुंडोसौ न प्रहृष्टो न वक्रधीः ।
सर्वांगसुंदरः श्यामः प्रावृषीव पयोधरः ॥१॥**

વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી ! પ એ ભુશુંડ કે જે હર્ષથી તથા શોકથી રહિત હતો વર્ષાઋતુના મેઘની પેઠે શ્યામ, સઘળાં અંગો સુંદર હતો.[૧] સ્નિગ્ધ તથા ગંભીર વચનવાળો હતો, પ્રથમ મંદ હાસ્ય કરીને પછી બોલવાની ટેવવાળો હતો, ત્રૈલોક્યની સ્થિતિને હાથમાં હેલાં બીલાની પેઠે પૂરી રીતે જાણી ચૂકયો હતો, સઘળા ભોગોના સમૂહને તરણા સમાન લેખ હતો, લોકોની વિષયો ઉપરની દોડાદોડમાં વળ જન્મ-મરણરૂપ માઠાં ફળજ થાય છે એ નિશ્ચયવાળો હતો, બ્રહ્મવિદ્યાના આગલા પાછ સઘળા વિષયોને જાણનાર હતો,[૩] ધીર, સ્થિ તથા મોટા શરીરવાળો હતો, વિશ્રાંતિને પામે હોવાને લીધે મંદરાચલથી રહિત થએલા ક્ષી સમુદ્ર જેવો લાગતો હતો, પૂર્ણકામ હતો, શુ હતો,[૪] ઠરેલી બુદ્ધિવાળો હતો, શાંત હતો, પરમ નંદથી ઘુમતો હતો, સંસારની સઘળી વસ્તુઓ આવિર્ભાવ,તિરોભાવ માયાથી તથા આત્મત

* આ સત્તરમા સર્ગમાં ભુશુંડનાં જીવન્મુક્ત ણાનાં લક્ષણોનું વર્ણન કરીને પછી તે ભુશુંડ પૂછે વાતોનો ઉત્તર દેવા લાગ્યો એ કથા કહેવામાં આવશે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થીજ થાય છેએવી પાકી સમજણવાળો હતો,[૫] વીણાના ગાયનના જેવાં પ્યારાં, મીઠાં, તથા યોગ્ય વાક્યોવાળો હતો, જાણે સઘળા ભયોને હરનાર પરમાત્મા જગતનો ઉદ્ધાર કરવાનેવાસ્તેજ નવા સ્વરૂપને ધરી બેઠેલ હોય એવો લાગતો હતો, નિરતિશય આનંદથી યુક્ત હતો,[૬] અને મારા પ્રશ્નોના ઉત્તરો દેવામાં ઉદ્યોગી થએલા મુખથી બહુજ પ્યારો લાગતો હતો તેણે વિનયાદિક પદ્ધતિને નહિ છોડતાં ક્રમથી પોતાના શુદ્ધ તથા અજરામર સ્વરૂપનું સંપૂર્ણ નિરુપણ કરવાનેવાસ્તે જેમ સુંદર મેઘ ગર્જનાથી ભ્રમરને કહે તેમ નિર્મલ વાણીથી મને નીચે પ્રમાણે કહ્યું.[૭]

इदममलगिरा समाह शुद्धममृतमनुज्झित संभ्रमक्रमेण ॥ कथयितुमखिलं निजं स्वरूपं मधुपमिव स्तनितेन मुग्धमेघः ॥ ७ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'ભુશુંડસ્વરૂપવર્ણન' એ નામનો સત્તરમો સર્ગ સંપૂર્ણ. ૧૭

सर्ग १८ मो.*

માતૃકાઓના ઉન્માદનું વર્ણન

॥ भुशुंड उवाच ॥

अस्त्यस्मिञ्जगति श्रेष्ठः सर्वनाकनिवासिनाम् ॥ देवदेवो हरो नाम देवदेवाभिवंदितः ॥ १ ॥

ભુશુંડ કહે છેઃ—હે વસિષ્ઠ મુનિ! આ જગતની અંદર સઘળા દેવતાઓમાં શ્રેષ્ઠ અને જેને બ્રહ્માદિક પણ પ્રણામ કરે છે એવા સદાશિવ નામે એક મોટા દેવ છે.[૧] જેમ આંબાના અર્ધા શરીરમાં ભ્રમરોની પંક્તિરૂપે નેત્રોવાળી અને ઉંચા ગુચ્છોરૂપ સ્તનોવાળી લતા રહેલી હોય છે તેમ એ સદાશિવના અર્ધા શરીરમાં ભ્રમરોની પંક્તિ જેવાં નેત્રોવાળાં અને ઊંચા ગુચ્છો જેવાં સ્તનોવાળાં પાર્વતી નામનાં પત્ની રહેલ છે.[૨] એ સદાશિવનો જટાજુટ હિમના જેવી તથા મોતીના હાર જેવી ધોળી અને લહરીઓરૂપ ગુચ્છોથી ગુંથાએલી ગંગાજીરૂપ પુષ્પમય માળાથી વ્યાપ્ત છે.[૩] ક્ષીરસાગરમાંથી ઉત્પન્ન થએલો, જેમાંથી અમૃતના ઝરાઓ નીકળ્યા કરે છે એવો અને પ્રતિબિંબોનું ગ્રહણ કરનારો ચંદ્રમા એ સદાશિવનો ચૂડામણિ છે.[૪] ચૂડામણિભૂત ચંદ્રના બિંબમાંથી નિરંતર પડતા અમૃતના ઝરાએ અમૃતરૂપ કરી નાખેલું કાલકૂટ નામનું ઝેર એ સદાશિવના કંઠમાં ઈંદ્રનીલમણિની પેઠે આભૂષણનું કામ કરે છે.[૫] જગતનો પ્રલય કરનારા સ્વચ્છ નેત્રના અગ્નિમાંથી ઉત્પન્ન થએલી, બહુજ ઝીણી અને જેમાંથી ઉડતા વિભાગોની રેખાઓ મોટી ચકરીઓ જેવી દેખાય છે એવી પ્રલયકાલની ધોળી ભસ્મને એ સદાશિવ યોગશક્તિથી ઉત્પન્ન કરેલા જલવડે પલાળીને પોતાનાં અંગોપર લગાવે છે.[૬] ચંદ્રની પ્રભાને પણ ઝાંખી પાડે એવાં ધોળાં અસ્થિઓને એ સદાશિવ માળા વગેરેના આકારોથી ગોઠવીને પોતાનાં અંગોમાં રત્નોનાં આભરણોની પેઠે ધરે છે.[૭] ચંદ્રના અમૃતથી ધોવાએલું, વાદળાંઓરૂપી કાળા છેડાઓવાળું અને તારાઓરૂપી છાંટણાંઓથી વિચિત્ર લાગતું આકાશરૂપી વસ્ત્રજ એ સદાશિવે શ્રી અંગોપર ધરેલું છે.[૮] ઉડતી ભસ્મોને લીધે હિમ જેવું ધોળું લાગતું, નગરો આદિ પ્રદેશોથી દૂર ભાગમાં રહેલું અને ભમતી ફેયાવડીઓથી, મોટા મોટા પરિપક્વ માંસોના ઢગલાઓથી તથા ભાત વગેરેનાં બલિદાનોથી ભરપૂર રહેનારૂં સ્મશાનજ એ સદાશિવનું પ્યારૂં ઘર છે.[૯] ખોપરીઓની માળાઓરૂપી આભરણોવાળી, લોહી,

* આ અઢારમા સર્ગમાં ભુશુંડે પોતાનો જન્મ કહેવાનેવાસ્તે મહાદેવનું, મહાદેવના ગણોનું, માતૃકાઓનું અને મદ્યપાનથી માતૃકાઓને થએલા ઉન્માદોનું વર્ણન કર્યાની કથા કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચરબી તથા મદ્ય એઓનું પાન કરનારી અને આંતરડાંઓરૂપી માળાઓથી સઘળાં અંગોમાં શોભી રહેલી માતૃકાઓ એ સદાશિવને ક્રીડામાં સહાયભૂત રહે છે.[10] ચારેકોર ગતિ કર્યા કરતા, ચળકતા સુવર્ણના જેવી કાંતિઓવાળા, કોમલ અંગોવાળા અને જેઓનાં માથાંઓમાં મણિઓ દેદીપ્યમાન થયા કરે છે એવા સર્પો એમનાં કંકણોરૂપ છે.[11] એમનું ભયંકર ચરિત્ર લીલામાત્રથી દૈત્યોને વ્યાકુલ કરી નાખે છે, દૃષ્ટિના પાતમાત્રથી મોટા મોટા પર્વતોને બાળી નાખે છે અને જગતનો કોળીઓ કરી જવામાં ઉત્કંઠીત રહે છે.[12] કલ્યાણના ચિંતનમાત્રથી જગતને સ્વસ્થ કરનારા અને તેથીજ જેનું ચિત્ત સમાધિમાં લાગ્યું રહે છે એવા એ સદાશિવ કોઇ સમયે યદૃચ્છાંથી પોતાના હાથને ચલિત કરે છે તેટલાથીજ દૈત્યોનાં પુરોનો ક્ષય થઈ જાય છે.[13] સ્નેહથી, રાગથી તથા દ્વેષ વગેરેથી રહિત રહેનારા, જળ આદિ પદાર્થોથી યુક્ત છતાંપણ અક્કડ રહેનારા અને સારાં ભોજનોથી તૃપ્ત થએલાં માણસોની પેઠે ક્ષુધા-તૃષા વગરના હિમાલય આદિ પર્વતો એ સદાશિવની ધ્યાનમૂર્તિઓરૂપે પ્રસિદ્ધ છે.[14] માથાંઓથી ખરીઓનાં કામ કરનારા, ખરીઓથી કારીગરી વગેરેહાથોનાં કામ કરનારા, તથા વિચિત્ર શક્તિવાળા હાથ, દાંત-મુખ અને પેટવાળાં તથા રીંછના જેવાં, ઊંટનાં જેવાં, બકરાના જેવાં અને સર્પોના જેવાં મ્હોડાંવાળા પ્રમથ ગણો એમના સેવકો છે.[15] જેમનું મુખ ત્રણ નેત્રોથી શોભી રહ્યું છે એવા એ સદાશિવની પાસે નિર્મલ કાંતિઓવાળી અને ગણોના જેવીજ શક્તિઓવાળી માતૃકાઓ પણ પરિવારરૂપ છે.[16] જેઓને અનેક પ્રાણીઓ પ્રણામ કરે છે એવી અને ચૌદે બ્રહ્માંડોના અનંત પ્રાણીઓને એક કોળીઆમાંજ ખાઇ જવાની શક્તિ ધરાવનારી માતૃકાઓ એ સદાશિવની પાસે નાચ્યા કરે છે.[17] ગધેડાના જેવાં તથા ઊંટના જેવાં મ્હોડાંઓવાળી, રુધિર, મેદ અને વસાનું પાન કરીને મત્ત રેહેનારી, સઘળી દિશાઓમાં વિહાર કરનારી, અને શબોના હાથ પગ વગેરે અવયવોને માળાઓની પેઠે ધરનારી એ માતૃકાઓ(જેગણીઓ)પર્વતોનાં શિખરોમાં, આકાશમાં, લોકાંતરોમાં, ખાડાઓમાં, મસાણોમાં અને પ્રાણિઓનાં શરીરોમાં વસે છે.[18,19] સઘળી માતૃકાઓમાં જયા, વિજયા, જયંતિ, અપરાજિતા, સિદ્ધા, રક્તા, અલંબુષા, અને ઉત્પલા એ આઠ માતૃકાઓ અધ્યક્ષ છે, બીજી માતૃકાઓ તેઓની દાસીઓ છે, અને બીજી કેટલીએક તો દાસીઓની પણ દાસીઓ છે.[20,21] હે વસિષ્ઠ મુનિ ! એ મોટી શક્તિવાળી આઠ માતૃકાઓમાં અલંબુષા નામની જે સાતમી માતૃકા છે તેનું વાહન વજ્રના ખીલા જેવી ચાંચવાળો અને ઇંદ્રિનીલ મણિના પહાડ જેવો ઉંચો ' ચંડ ' નામનો કાગડો છે. જેમ વૈષ્ણવી શક્તિનું વાહન ગરૂડ છે તેમ અલંબુષાનું વાહન એ કાગડો છે.[22,23] આઠે સિદ્ધિઓવાળી અને ભયંકર ચેષ્ટાઓવાળી એ સઘળી દેવીઓ કોઇ સમયે કોઈ વિહાર કરવાના હેતુથી આકાશમાં ભેગી થઇ હતી,[24] ત્યાં તેઓએ વામમાર્ગને અનુસરી તુંબરૂ નામના રૂદ્રનું આરાધન કરીને જેથી ચિત્તની એકાગ્રતા દ્વારા સમાધિમાં વાસ્તવિક આત્મતત્ત્વનો પ્રકાશ થાય એવો મદિરા પીવાનો મોટો ઉત્સવ કર્યો. જેઓનું સઘળું જગત પૂજન કરે છે એવા તુંબરૂં નામના રૂદ્રનું અને ભૈરવનું પૂજન કર્યા પછી મદિરાના મદથી સંતુષ્ટ થએલી એ જોગણીઓ પરસ્પરની સાથે વિચિત્ર વિષયોવાળી વાતો કરવા લાગી.[25,26] વાતોના પ્રસંગમાં અવસર પ્રાપ્ત થતાં તેઓમાં એવી વાત નીકળી કે " પાર્વતીના પતિ સદાશિવ આપણી સામે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનાદર ભરેલી દૃષ્ટિથી જુવે છે માટે સદાશિવને આપણે એવો પ્રભાવ દેખાડવો કે જેથી આપણને પ્રબલ શક્તિઓવાળી ગણીને ફરીવાર કદી પણ આપણું અપમાન કરે નહિ."[૨૭,૨૮] એ પ્રમાણે નિશ્ચય કરી એ દેવીઓએ પોતાની માયાશક્તિના બળથી સદાશિવના અંગમાંથી પાર્વતીનું હરણ કરી પોતાના મંડળમાં લઇ કબજે કરી 'એ પાર્વતીને સદાશિવ ન ઓળખી શકે' એટલાવાસ્તે તેમના મ્હોંડાનો તથા અંગોનો વર્ણ બગાડી નાખીને પૂરી કાળજીથી જેમ યજ્ઞમાં મારવાનેવાસ્તે પશુનું પ્રોક્ષણ (મંત્રેલા જળથી સેચન) કરવામાં આવે છે તેમ પાર્વતીનું પ્રોક્ષણ કર્યું.[૨૯] પ્રોક્ષણ કર્યા પછી એ દેવીઓએ ચપલ કેશવાળાં પાર્વતીને ભક્ષ્યરૂપ બનાવી દીધાં.[૩૦] પાર્વતીનું પ્રોક્ષણ કરવાને દિવસે એ સઘળી માતૃકાઓએ તે સ્થલમાં નૃત્યોથી તથા ગાયનોથી મનનું આકર્ષણ કરે એવો મોટો ઉત્સવ કર્યો.[૩૧] એઓના ઉત્સવને લીધે આકાશમાં મોટો આનંદ વ્યાપી રહ્યો અને ભારેભારે શબ્દો થવા લાગ્યા. લાંબા લાંબા અવયવોને ઊંચા નીચા કરવાથી જેઓનાં પેઢુ તથા પેટ ખુલ્લાં દેખાઇ રહેવા લાગ્યાં એવી કેટલીએક માતૃકાઓ અંગોનાં ચાલન વગેરે અદ્‌ભુત વિકારો કરી તાળીઓ પાડી તથા ઘાટા સિંહનાદો કરીને હસવા લાગી કે જેથી પર્વતો સહિત વનો ગાજી ઉઠ્યાં.[૩૨,૩૩] મદિરા પીવાથી પ્રસન્ન થએલી કેટલીએક માતૃકાઓ જગતના મંડળના એક કોતર જેવા એ સ્થલમાં પર્વતોની ગુફાઓમાંથી પરછંદા નીકળે એવી રીતે ગાવા લાગી, કેટલીએક માતૃકાઓ ચંદ્રના ઉદયના રંગથી રંગાએલા સમુદ્રના જળની પેઠે પ્રબલ ગર્જનાઓ કરવા લાગી, કેટલીએક માતૃકાઓ ક્રીડાઓની ઘરઘરાટીથી ગાજી રહેલા આકાશના કોતરમાં પોતાનાં મસ્તકથી તે ખરી પર્યંત સઘળાં અંગોને ચંદનાદિકથી ખરડીને મદ્યપાન કરવા લાગી,[૩૪,૩૫] કેટલીએક માતૃકાઓ રુધિર વગેરેને પીવા લાગી, કેટલીએક અત્યંત ઉછળવા લાગી, કેટલીએક ઉતાવળી ઉતાવળી ચાલવા લાગી, કેટલીએક મનગમતી રીતે બોલવા લાગી, કેટલીએક ઊંચા સ્વરથી હસવા લાગી, કેટલીએક મદિરાના મદથી પડી જતી બીજી માતૃકાઓનું રક્ષણ કરવા લાગી, કેટલીએક પરસ્પરનાં મ્હોડામાં માંસ વગેરે નાખવા લાગી, કેટલીએક પડી જવા લાગી, કેટલીએક પરસ્પરની સાથે મસ્તી કરવા લાગી, કેટલીએક નાચવા લાગી, કેટલીએક નિરંતર મીઠાં મીઠાં માંસ ખાવા લાગી અને ઉન્મત્તના જેવાં આચરણોવાળી કેટલીએક તો ત્રૈલોક્યને આચારભ્રષ્ટ કરવા લાગી.[૩૬]

पपुरुदगुरथोच्चैः सत्वरा जग्मुरूचुर्जहसुरपुरहौपुः पेतुरुच्चैर्ववल्गुः ॥ ननृतुरनिशमादुः स्वादु मांस च दिव्यस्त्रिभुवनमपवृत्तं चक्रुरुन्मन्तवृत्ताः

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'માતૃવ્યવહારવર્ણન' એ નામનો અઢારમો સર્ગ સંપૂર્ણ. ૧૮

सर्ग १९ मो.*

ભુશુંડના જન્મ અને સ્થાનની કથા.

॥ भुशुंड उवाच ॥

इत्युत्सवे वर्त्तमाने तासां वाहास्त उत्तमाः ॥ तथैव मत्ता जहसुर्ननृतुः पपुरप्यसृक् ॥ १ ॥

ભુશુંડ કહે છેઃ—હે વસિષ્ઠ મુનિ! એ પ્રમાણે મહોત્સવ પ્રવર્તમાન થતાં એઓનાં ઉત્તમ વાહનો પણ માતૃકાઓની પેઠેજ મત્ત થઇને

* આ ઓગણીશમા સર્ગમાં ભુશુંડ બ્રાહ્મીની હંસીમાં ચંડ નામના કાગડાના સંગથી ભાઇઓની સાથે પોતાનો જન્મ થયાની, બ્રાહ્મીના અનુગ્રહથી જ્ઞાનની પ્રાપ્તિ થયાની અને પિતાના સ્થાનકની પ્રાપ્તિની કથા કહી સંભળાવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હસવા લાગ્યાં, નાચવા લાગ્યાં, અને લોહી વગેરેનું પાન કરવા લાગ્યાં.[1] એ ઉત્સવમાં મદ્યપાનથી ઉન્મત્ત થએલી બ્રહ્માણીના વાહનરૂપ કેટલીએક હંસીઓ અને અલંબુષાના રથરૂપ કાગડો આકાશમાં એકઠાં થઇને નાચવા લાગ્યાં.[2] નાચતી અને મદિરાપાન કરતી હંસીઓને સમુદ્રના કિનારાની સપાટ ભૂમિકામાં અત્યંત કામદેવ ઉત્પન્ન થયો.[3] પ્રમત્ત થવાને લીધે અનુરાગથી ઘેરાએલી તે સઘળી હંસીઓએ અનુક્રમે ચંડ નામના એ કાગડાની સાથે પણ રમણ કર્યું.[4] એ સાતે ઉત્તમ હંસીઓને પ્યારો થઈ પડેલો તે કાગડો પણ અન્યોન્યની ઇચ્છા પૂર્ણ થાય એવી રીતે અનુક્રમે તેઓનો સંગ કરીને રાજી થયો કે જેથી એ સઘળી હંસીઓ અત્યંત રાજી થઈ અને ગર્ભિણી પણ થઇ ગઇ. પછી નાચ કરી રહેલી એ મોટી માયાવાળી માતૃકાઓએ શાંત દેખાવથી સદાશિવની પાસે આવીને તેમના ભોજનના પાત્રમાં તેમનાં પ્યારાં પત્ની પાર્વતીનું માંસ પીરસી દીધું.[5-7] 'મને પાર્વતીનું માંસ ભોજનમાં આપ્યું' એમ જાણવામાં આવી જવાથી જ્યારે સદાશિવને માતૃકાઓની ઉપર ક્રોધ ચ્હડયો ત્યારે એ માતૃકાઓએ પોતપોતાનાં અંગો આપી ફરીવાર પાર્વતીને ઉત્પન્ન કરીને તે પાર્વતીની સાથે સદાશિવનો ફરીવાર વિવાહ કરી દીધો.[8,9] પછી માતૃકાઓ, સદાશિવ તથા તેઓના સઘળા ગણો મનમાં રાજી થઈને સર્વે પોતપોતાનાં સ્થલોમાં ગયાં.[10] હે વસિષ્ઠ મુનિ! કાગડાના વીર્યથી ગર્ભિણી થએલી એ હંસીઓએ બ્રાહ્મી નામનાં દેવીનીપાસે જઇને તેમને સઘળો બનેલો વૃત્તાંત યથાસ્થિત રીતે કહી સંભળાવ્યો. એ સાંભળીને બ્રાહ્મીએ તે હંસીઓને નીચે પ્રમાણે કહ્યું.[11]

બ્રાહ્મી કહે છેઃ–હે પુત્રીઓ! તમો હમણાં ગર્ભિણી હોવાને લીધે મારા વાહનપણાનું કામ કરી શકશો નહિ એટલામાટે પ્રસવ થતાં સુધી મારી સેવા કરવાની કશી કાળજી નહિ રાખતાં યથેષ્ટ રીતે ફરો.[12]

ભુશુંડ કહે છેઃ–હે વસિષ્ઠ મુનિ! ગર્ભવતી હોવાને લીધે સેવા કરવામાં અશક્ત થએલી હંસીઓને દયાથી એ પ્રમાણે છુટ્ટી આપીને બ્રાહ્મીદેવી તેટલા દિવસસુધી ફરવું હરવું બંધ રાખવાસારૂ નિર્વિકલ્પ સમાધિમાંજ રહ્યાં.[13] અને ગર્ભવતી થવાથી બ્રાહ્મીની સેવામાં અશક્ત થએલી તે રાજહંસીઓ વિષ્ણુના નાભિકમલના મૂલમાં બ્રહ્માના તળાવની અંદર વિચરવા લાગી.[14] જેમ લતાઓ અંકુરોને જન્મ આપે છે તેમ એ સાતે રાજહંસીઓએ પ્રસવનો સમય પ્રાપ્ત થતાં નાભીકમલના પલ્લવમાં ત્રણ ત્રણ કોમળ ઈંડાઓને જન્મ આપ્યો.[15] જેમ સૃષ્ટિના સમયમાં બ્રહ્માંડો વિરાટના દબાણથી બબ્બે કપાલોરૂપે ભેદાય છે તેમ એ અંદર ગર્ભવાળાં એકવીશ ઈંડાઓ સમય પ્રાપ્ત થતાં ગર્ભના દબાણથી બબ્બે કપાલોરૂપે ભેદાયાં.[16] હે વસિષ્ઠ મુનિ! એ રીતે એ ઈંડાઓમાંથી ચંડના પુત્રો અને પરસ્પરના ભાઇઓ અમો એકવીશ કાગડાઓ ઉત્પન્ન થયા.[17] કમલના પત્રમાં ઉત્પન્ન થએલા અમો મોટા થતાં અમોને પાંખો ઉગી અને તે પછી અમો આકાશમાં ઉડવાને સમર્થ થયા.[18] પછી સમાધિમાંથી વિરામ પામેલાં બ્રાહ્મીદેવીની અમોએ તથા અમારી જનની હંસીઓએ લાંબા કાળ સુધી સારી પેઠે આરાધના કરી.[19] હે વસિષ્ઠ મુનિ! સમય પ્રાપ્ત થતાં એ ભગવતી બ્રાહ્મી દેવીએ પ્રસન્ન થઇને અમોને એવો આત્મબોધ આપ્યો કે જેથી અમો સઘળા જીવન્મુક્ત થઇને રહ્યા.[20] 'આપણે શાંત મનવાળા છીએ તે હવે આપણે એકાંતમાં ધ્યાનનિષ્ઠાથી શાંતિમાં રહેવું જોઇએ' એવો નિશ્ચય કરીને અમો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારા પિતાની (ચંડ નામના કાગડાની) પાસે ગયા.[૨૧] ત્યાં પિતાએ અમારૂં આલિંગન કર્યું અને અમોએ અલંબુષાની પૂજા કરી, અલંબુષાએ પણ અમારી ઉપર કૃપાદૃષ્ટિ કરી અને તેથી અમો ત્યાંજ સાવધાનપણાથી રહ્યા.[૨૨] (આ પ્રમાણે અમો રહ્યા હતા ત્યાં એક દિવસે અમારા પિતાએ અમોને નીચે પ્રમાણે કહ્યું.)

ચંડ કહે છેઃ—હે પુત્રો! અપાર વાસનાઓરૂપી તંતુઓથી ગુંથાએલી આ સંસારરૂપી જાળમાંથી તમો નીકળ્યા છો કે નહિ?[૨૩] જો ન નીકળ્યા હો તો આ ભક્તવત્સલ ભગવતી અલંબુષાની પ્રાર્થના કરીએ કે જેથી તમો જ્ઞાનના પારને પ્રાપ્ત થાઓ.[૨૪]

અમો બોલ્યો કેઃ—હે પિતાજી! બ્રાહ્મીદેવીની કૃપાથી અમોએ પરમતત્ત્વને સારીપેઠે જાણ્યું છે પણ હવે એકાંતસ્થિતિમાં રહેવાનેવાસ્તે કોઇ ઉત્તમ ઠેકાણાને ઇચ્છીએ છીએ.[૨૫]

ચંડે કહ્યુંઃ—સઘળાં રત્નોના સમૂહના આધારરૂપ અને સઘળા દેવતાઓના આશ્રયરૂપ મેરુ નામનો મોટી ઉંચાઈવાળો પર્વત છે.[૨૬] એ પર્વત જેમાં ચંદ્ર તથા સૂર્યરૂપી બે દીવાઓ શોભે છે અને અનેક પ્રાણીઓના સમૂહો રહે છે એવા આ બ્રહ્માંડરૂપી મંડપની અંદર જાણે વિધાતાએ સુવર્ણથી બનાવેલો થાંભલો ગોઠવ્યો હોય એવો લાગે છે.[૨૭] પૃથ્વીએ જાણે પોતાનો સુવર્ણમયચંદ્રાકાર ખંડરૂપી હથેલીવાળો, રત્નોરૂપ વીંટીઓથી ભરપૂર, શિખરોરૂપી આંગળીઓવાળો અને દ્વીપો તથા સમુદ્રોરૂપી ઝમકતાં કંકણોવાળો હાથ ઊંચો કરેલો હોય એવો શોભે છે.[૨૮] એ પર્વત બીજા હિમાલય આદિ કુલપર્વતોરૂપી સામંતોથી વીંટાએલો હોવાને લીધે, જંબૂદ્વીપરૂપી મોટા વચલા આસનપર બેઠેલો હોવાનેલીધે, પર્વતોની સભામાં ચંદ્ર તથા સૂર્યરૂપી નેત્રોને ફેરવતો હોવાને લીધે, તારાઓના સમૂહોરૂપી માલતીનાં પુષ્પોથી શણગારેલો હોવાને લીધે, દિશાઓરૂપી દશ છેડાઓવાળા આકાશરૂપી વિસ્તીર્ણ વસ્ત્રવાળો હોવાને લીધે, નાગોના (સર્પોના અને હાથીઓના) જીવનનો આધારભૂત હોવાનેલીધે, ઈંદ્રાદિક દેવતાઓરૂપી ઉત્તમ ભૂષણોવાળો હોવાનેલીધે અને નગરોરૂપી આભરણોથી શોભી રહેલી દિશાઓરૂપી સ્ત્રીઓએ ચારેકોર બિંદુઓના સ્રાવવાળા શીતલ મેઘરૂપી ચામરોથી પવન નંખાતો હોવાનેલીધે જાણે કોઇ રાજાધિરાજ હોય એવો લાગે છે.[૨૯-૩૧] નાગો, અસુરો અને મહાસર્પો એઓ ધરતીની નીચે સોળ હજાર યોજનસુધી રહેલા એના (એ મેરુપર્વતના) પાદોને (પાયાના વિભાગોને અને ચરણોને) અત્યંત પૂજે છે.[૩૨] એંશી હજાર યોજનસુધી ઊંચા અને સૂર્ય તથા ચંદ્રરૂપી નેત્રોવાળા એ પર્વતના દેહને સ્વર્ગલોકમાં દેવતાઓ, ગંધર્વો અને કિન્નરો પણ પૂજે છે.[૩૩] જેમાં રહેલાં અને તેમ છતાં એકબીજાનાં નગરોને નહિ દેખનારાં ચૌદે બ્રહ્માંડનાં પ્રાણીઓ જેમ બાંધવો ગૃહસ્થના આશ્રયથી જીવે તેમ એ પર્વતના આશ્રયથી જીવે છે.[૩૪] એ મેરુપર્વતના ઇશાન ખુણા તરફના ભાગમાં માણિક્યમય, મોટું અને જાણે બીજો સૂર્ય ઉગ્યો હોય એવું પ્રકાશતું એક શિખર છે.[૩૫] એ શિખરની ઉપર ઘણાં ઘણાં પ્રાણીઓથી સંયુક્ત હોવાને લીધે જાણે શિખરરૂપી અરીસામાં જગતનું પ્રતિબિંબ પડેલું હોય એવું જણાતું એક મોટું કલ્પવૃક્ષ છે.[૩૬] એ કલ્પવૃક્ષના દક્ષિણદિશા તરફના સ્કંધમાં સોનેરી પાંદડાંઓવાળી, રત્નો જેવા ગુચ્છોથી ભરપૂર અને ચંદ્રનાં બિંબોની પેઠે શોભતાં ફળોવાળી એક શાખા છે.[૩૭] હે પુત્રો! એ શાખામાં મેં પૂર્વે ચકચકિત મણિઓવાળો માળો કર્યો છે. જ્યારે અલંબુષા દેવી સમાધિમાં રહ્યાં હોય ત્યારે હું એ માળામાં વિનોદ કરૂં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છું.[૩૮] એ માળો રત્નો જેવાં પુષ્પોથી તથા પત્રોથી ઢંકાએલો છે, જરાને તથા વ્યાધિઓને હરનારાં ફળોથી સંયુક્ત છે, ચિંતામણિની સળીઓથી બનાવેલા બહારના ગોખવાળો છે, વિચાર કરીને વ્યવહાર કરનારાં કાગડાઓનાં બચ્ચાંઓથી ભરપૂર છે, અંદર શીતલતાવાળો છે, પુષ્પોના સમૂહોથી સંપૂર્ણ છે અને દેવતાઓ પણ ત્યાં ન પહોંચી શકે એવો છે. હે પુત્રો ! આ પ્રમાણે છે એટલામાટે એ માળામાં જઇ રહો. ત્યાં રહેવાથી તમોને નિર્વિઘ્ન રીતે ભોગ તથા મોક્ષ એ બન્ને પ્રાપ્ત થશે.[૩૯-૪૧]

ભુશુંડ કહે છેઃ–હે વસિષ્ઠ મુનિ ! અમારા પિતાએ એ પ્રમાણે કહીને અમારૂં ચુંબન કર્યું, આલિંગન કર્યું અને અલંબુષા દેવીએ આણેલું માંસ પણ અમોને આપ્યું.[૪૨] એ માંસને ખાઇ દેવીના તથા પિતાના ચરણોમાં પ્રણામ કરીને અમો અલંબુષાના સ્થાનકરૂપ તે વિંધ્યાચળના જલપ્રાય પ્રદેશમાંથી ઉડયા.[૪૩] ક્રમથી આકાશનું ઉલ્લંઘન કરી, વાદળાંઓનાં કોતરોમાંથી નીકળી, પવનોના સ્કંધમાં આવી, દેવતાઓને પ્રણામ કરી, સૂર્યને છોડીને સ્વર્ગલોકમાં ગયા અને પછી સ્વર્ગનું ઉલ્લંઘન કરીને બ્રહ્મલોકમાંગયા.[૪૪,૪૫] હે વસિષ્ઠ મુનિ ! અમોએ ત્યાં જઇ અમારી જનનીને તથા ભગવતી બ્રહ્માણીદેવીને પ્રણામ કરીને તેઓની પાસે તુરત અમારા પિતાએ કહેલા વચનનું નિવેદન કર્યું.[૪૬] તેઓએ સ્નેહપૂર્વક આલિંગન કરીને આશિર્વાદપૂર્વક ‘ ભલે જાઓ ’ એમ આજ્ઞા આપતાં અમો તેઓને પ્રણામ કરીને બ્રહ્મલોકમાંથી નીકળ્યા.[૪૭] પછી સૂર્યના જેવા પ્રકાશોવાળી લોકપાલોની પુરીઓનું ઉલ્લંઘન કરી, ઘણી ઉતાવળથી આકાશમાં ગતિ કરી, પવનના સ્કંધોમાં ફરી, આ કલ્પવૃક્ષની પાસે આવી પોતાના માળામાં પ્રવેશ કરીને નિર્બાધ રીતે રહ્યા છીએ અને સમાધિમાં તત્પર રહીએ છીએ.[૪૮,૪૯] મોટા પ્રભાવવાળા હે વસિષ્ઠ મુનિ ! અમો જે રીતે ઉત્પન્ન થયા, જે રીતે આ સ્થાનમાં રહ્યા અને જે રીતે યથાર્થબોધને પ્રાપ્ત થઈને ઉપશાંત બુદ્ધિઓવાળા થયા એ સઘળું મેં સંપૂર્ણ રીતે અનુક્રમથી આપને કહી સંભળાવ્યું. હવે બીજું જે કાંઈ કહેવાનું રહ્યું છે તે કહેવાની આજ્ઞા કરો.[૫૦]

जाता यथा वयमिमे स्थितिमागताश्च संप्राप्य बोधमुपशांतधियो यथावत् । एतत्तदुक्तमविखंडमलं मया ते शेषेण मां समनुशाधि महानुभाः

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો ‘ આલયલાભ ’ એ નામનો ઓગણીશમો સર્ગ સંપૂર્ણ. ૧૯

સર્ગ ૨૦ મો.*

ભુશુંડનું ચિત્ત સુખ દુઃખમાં સમાન રહે છે તેનું વર્ણન.

॥ भुशुंड उवाच ॥

आसीत्किंचित्पुराकल्पेजगद्यच्चिरमास्थितम् । सन्निवेशेन चैतद्वदद्यापि च न दूरगम् ॥ १ ॥

ભુશુંડ કહે છેઃ–હે વસિષ્ઠ મુનિ ! જે કલ્પમાં અમારો જન્મ થયો તે કલ્પમાં જે કોઇ જગત સંબંધી પદાર્થો લાંબા કાળસુધી રહ્યા હતા તેઓ આ કલ્પના પદાર્થોના જેવીજ રચનાવાળા હતા તેથી તે પદાર્થો અદ્યાપિસુધી મારી દૃષ્ટિથી દૂર ગયા નથી કે જેને લીધે આ કલ્પના આ કલ્પવૃક્ષ આદિ પદાર્થોને હું એના એ કહું છું. આમ હોવાને ભ્રાંતિના અભ્યાસથી મેં પૂર્વના જગતને પણ વર્તમાનકાલના જગતની સાથે એક ગણીને વર્ણવ્યું છે.[૧,૨] હે મહા મુનિ ! લાંબા કાળથી સંપાદિત કરવામાં આવેલાં મારાં પુણ્યોએ મને આજ નિર્વિઘ્ન ફળ આપ્યું કે જેને લીધે મને

* આ વીશમા સર્ગમાં ભુશુંડ પ્રત્યેક કલ્પમાં જગતના તુલ્યપણાની, ભાઈઓના મરણ અને પ્રલયમાં પણ પોતાનું ચિત્ત સ્થિર રહેવાની વાત કહેશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપનાં દર્શનની પ્રાપ્તિ થઇ.[૩] આ માળો, આ શાખા, આ હું અને આ ઝાડ એઓ સઘળાં આજ આપના દર્શનથી પવિત્ર થયાં.[૪] હું કે જે પક્ષી છું તેણે આપેલા આ અર્ઘ્યનું અને આ પાદ્યનું ગ્રહણ કરીને પછી મને આપનાં પ્રશ્નોના બાકી રહેલા ઉત્તરો દેવાની તુરત આજ્ઞા કરો.[૫]

વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી ! 'આ અર્ઘ્ય અને આ પાદ્ય ' એમ બોલીને એ કાકભુશુંડે મને ફરીવાર અર્ઘ્ય તથા પાદ્ય આપ્યાં. પછી મેં તેને પૂછ્યું, કે[૬] "હે પક્ષીઓના રાજા! મોટી બુદ્ધિવાળા અને તેવા પૂર્ણબોધવાળા તમારા ભાઇઓ અહીં દેખાતા નથી અને તમે એકજ દેખાઓ છો તેનું શું કારણ છે ? "[૭]

ભુશુંડ બોલ્યો કેઃ—હે વસિષ્ઠ મુનિ ! અમોને અહીં રહેતાં ઘણો કાળ વ્યતીત થઇ ગયો છે અને અનેક યુગોની પંક્તિઓ તો દિવસોની પંક્તિઓની પેઠે વહી ગઇ છે.[૮] એટલા કાળથી મારા સઘળા નાના ભાઇઓ પોતાનાં શરીરોને તરણાંની પેઠે છોડી દઇને વિદેહમુક્ત થઈ ગયા છે.[૯] લાંબા આયુષ્યવાળા હોય, મોટા હોય, બલવાન્ હોય અને સજ્જનો હોય તોપણ તે સઘળાઓને અલક્ષિત સ્વરૂપવાળો કાળ ગળી જાય છે.[૧૦]

વસિષ્ઠ ઋષિ પૂછે છેઃ—હે કાકભુશુંડ ! પોતાના પ્રવાહોમાં સૂર્યોને તથા ચંદ્રોને પણ તાણી જનારા અને પ્રવહ આદિ વાયુઓનું પણ ઉલ્લંઘન કરનારા પ્રલયસંબંધી વાયુઓ ભારે વેગથી નિરંતર ચાલ્યા કરતા હોય ત્યારે તમે મુંઝાતા નથી ?[૧૧] પ્રલયકાલમાં ઉદયાચલનાં તથા અસ્તાચલનાં પણ અનેક વનોને બાળી નાંખનારા સૂર્યનાં કિરણો તમને અત્યંત સમીપમાં આવતાં હશે ત્યારે તમે તેઓથી મુંઝાતા નથી ?[૧૨] જળને પણ પાષાણરૂપ કરી દેતાં ચંદ્રનાં શીતલ કિરણો પડવાથી અને સમીપમાંથીજ કરાઓની વૃષ્ટિઓ પડવાથી તમે મુંઝાતા નથી ?[૧૩] જેઓની ઝાકળો કુવાડાઓથી પણ માંડ કપાય એવી દૃઢ થતી હશે એવાં પ્રલયકાળનાં મેઘમંડલો નિરંતર આ શિખર ઉપર વિશ્રાંત થતાં તમે તેઓથી મુંઝાતા નથી ?[૧૪] અત્યંત ઊંચા સ્થલપર રહેલો આ ઉંચો કલ્પવૃક્ષ પ્રલયકાલમાં જગતના વિષમ પ્રકારના અનેક ક્ષોભોથી ક્ષોભ પામતો નથી ?[૧૫]

ભુશુંડ કહે છેઃ—હે વસિષ્ઠ મુનિ ! જેમાં સર્વદા અદ્ધરજ રહેવું પડે અને જે સર્વ લોકોના અપમાનનું પાત્ર છે, એવું આ પક્ષીઓનું જીવન સર્વ પ્રાણીઓમાં અત્યંત તુચ્છ છે.[૧૬] અમારી સ્થિતિ આવાં અધમ પ્રાણીઓના સમુદાયમાં, નિર્જન વનોમાં અને આકાશના ઉજડ માર્ગમાં વિધાતાએ ગોઠવેલી છે.[૧૭] આવી જાતિમાં જન્મેલો અને વળી લાંબા કાળસુધી જીવનારો પક્ષી જો આશાઓરૂપી પાશોથી બંધાએલો હોય તો શોક વગરનો કેમજ રહે,[૧૮] પણ અમો તો સર્વદા આત્મજ્ઞાનરૂપ સંતોષમાંજ રહેલા છીએ, તેથી કદી પણ આ મિથ્યાભૂત સંસારના વિભ્રમોમાં મુંઝાતા નથી.[૧૯] અમો પોતાના સ્વરૂપના બોધથીજ સંતુષ્ટ રહીએ છીએ. કોઇ પ્રકારે પરપીડન વગેરે દુષ્ટ કૃત્યોને કરતા નથી અને કેવળ આ પોતાના માળામાંજ કાલક્ષેપ કરીએ છીએ.[૨૦] અમો જીવવાથી કોઇ પ્રકારની આ લોકસંબંધી કે પરલોકસંબંધી ક્રિયા કરવાને પણ ઇચ્છતા નથી અને મરવાથી દેહના નાશને પણ ઇચ્છતા નથી, પરંતુ નિત્યસિદ્ધ નિરતિશય આત્મસ્વભાવથીજ રહીએ છીએ. અને હવે પછી પણ પૂર્ણકામપણાથીજ રહીશું.[૨૧] લોકોની જન્મ-મરણ આદિ સઘળી અનર્થરૂપ દશાઓ જોવામાં આવેલી છે અને બીજા પણ ઘણા ઘણા દાખલા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓ જોવામાં આવેલા છે, તેથી અમારૂં આ વિનાશી શરીર જાણે મનથી રહિત હોય એવું થઈ ગયું છે.[22] નિરંતર સ્વાભાવિક પ્રકાશવાળા અને કદી પણ જેમાં પરિતાપ થતો નથી એવા આ કલ્પવૃક્ષની ઉપર રહેલો હું સર્વદા કાળના યુગઆદિ વિભાગોની ગતિને જાણું છું.[23] રત્નમય ગુચ્છોના ભારે પ્રકાશવાળા આ કલ્પવૃક્ષના લતામય ઘરમાં જોકે દિવસ રાત્રિના વિભાગો જણાય એમ નથી તોપણ ઉચ્છ્વાસના (બહાર નીકળતા શ્વાસના) અને નિશ્વાસના (અંદર પેસતાં શ્વાસના) પ્રવાહ ઉપરથી કલ્પની સ્થિતિને પણ બરાબર જાણું છું.[24] જેમાં દિવસની કે રાત્રિની ખબર પડતી નથી એવા આ ઉંચા પર્વતમાં રહેતાં છતાં હું પોતાની બુદ્ધિથી કાળના ક્રમણની સ્થિતિને જાણું છું.[25] હે વસિષ્ઠ મુનિ! મારૂં મન સારના તથા અસારના વિવેકવાળું છે, બોધનેલીધે વિશ્રાંતિ પામેલું છે, ચપલતાથી રહિત છે, શાંત છે અને અત્યંત સ્થિર છે.[26] જેમ પૃથ્વીનો કાગડો ઓડકારના શબ્દોથી વિહ્વલ થતો નથી તેમ હું સંસારના વ્યવહારથી ઉઠતા ખોટા આશાના પાશોથી વિહ્વલ થતો નથી.[27] ઉંચા ઉપશમથી ભરેલી, અને આત્મસ્વરૂપના બોધથી શીતલ થએલી બુદ્ધિવડે અમો જગતરૂપી માયાના તત્ત્વને જાણીને ધીરજ પામ્યા છીએ.[28] હે મોટી બુદ્ધિવાળા વસિષ્ઠ મુનિ! કાળના અનુક્રમથી ભયંકર દશાઓ આવી પડતાં પણ અમો નિશ્ચલબુદ્ધિવાળા અને સ્ફટિક જેવા ચોખા રહિએ છીએ.[29] આરંભના સમયમાંજ સારી લાગે એવી આ જગતની ચંચલ સ્થિતિ જો વારંવાર વિચારવામાં આવે તો કાંઇ પણ વ્યામોહ કરી શકતી નથી.[30] હે મહારાજ! પ્રાણીઓના સઘળા સમૂહો જાય છે અને આવે છે અથવા વાસ્તવિક જોતાં જતા નથી અને આવતા પણ નથી માટે એ વિષયથી અમોને શો ત્રાસ હોય?[31] અમો પ્રાણીઓના સમૂહોરૂપી તરંગોવાળી અને કાલરૂપી સમુદ્રમાં પ્રવેશ કરતી આ સંસારરૂપી નદીના કિનારા ઉપર રહ્યા છીએ તોપણ તેથી કશો ત્રાસ પામતા નથી.[32] અમો કશું છોડતા પણ નથી, કશું લેતા નથી, અહીં રહ્યા છીએ અને અહીં રહ્યા પણ નથી. સંસારરૂપી કાંટાળી પૃથ્વીમાં વ્યવહારની સિદ્ધિનેવાસ્તેજ પોચા પોચા પગ મૂકીએ છીએ પણ વાસ્તવિક રીતે આ ઝાડમાં નિવાસ કરીને સંસારનું ઉચ્છેદન કરનારાજ છીએ.[33] હે ભગવન! આપના જેવા શોક, ભય અને દુઃખથી મુક્ત થયેલા પુરૂષોએ પ્રસન્ન થઈને અમારાપર અનુગ્રહ કરેલો હોવાથી અમે પણ નિરામય થઇ રહ્યા છીએ.[34] હે મહારાજ! અમારૂં મન તે તે વિષયોમાં જતાં છતાં રાગદ્વેષાદિક વૃત્તિઓમાં લોટતું નથી અને ખરા તત્ત્વનો વિચાર કર્યા વગર રહેતું નથી.[35] અમારૂં ચિત્ત, નિર્વિકાર, ક્ષોભ રહિત આત્મામાં ઉપશમ પામેલું હોવાથી અમો જેમ પુનમને દિવસે ચંદ્રના ઉદયનેલીધે સમુદ્રો જાગતા તરંગોવાળા થાય છે તેમ બ્રહ્માકારવૃત્તિના ઉદયને લીધે જાગતા બોધવાળા થયા છીએ.[36] હે મહામુનિ! જેમ મંદરાચલવડે ક્ષીરસાગરનું મથન થવાથી ઉત્પન્ન થએલું અમૃત મળવાથી દેવતાઓ રાજી થયા હતા તેમ અમો હમણાં આપનો સમાગમ મળવાથી રાજી થયા છીએ.[37] સઘળી તૃષ્ણાઓને છોડી દેનારા સત્પુરૂષોની સેવા મળે એ ઉપરાંત બીજી કોઈ પણ શુભની પ્રાપ્તિને હું અધિક માનતો નથી.[38] જેઓના શોક, ભય તથા પરિશ્રમ ટળી ગયા હોય છે એવા આપ જેવા સંતુષ્ટ મહાપુરૂષોની અમારા ઉપર દયા થઇ છે તેથી અમો ગતજ્વર થઇને રહ્યા છીએ. ભોગો કે જેઓ કેવળ પ્રાપ્ત થવાના સમયમાંજ રમણીય લાગે એવા છે તેઓને મેળવવાથી અથવા તેઓ મળવાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શો લાભ થાય છે ? કશો થતો નથી.[39] સત્સંગરૂપ ચિંતામણિ મળવાથીજ સર્વોત્તમ સારરૂપ જ્ઞાન પ્રાપ્ત થાય છે. સ્નિગ્ધ, ગંભીર, કોમલ, મધુર, ઉદાર અને ધીર વચનો બોલનારા આપ એકજ આ ત્રૈલોક્યરૂપી કમળના કોશમાં ભ્રમરતુલ્ય છો.[40] હે મહામુનિ ! હું જો કે પરમાત્માને પ્રાપ્ત થઇ ચુક્યો છું તોપણ ધારૂં છું કે આપનાં દર્શનથી સઘળાં પાપો શાંત થતાં આજજ મારો જન્મ સફળ થયો છે; કેમકે સાધુપુરૂષનો સંગ સઘળા ભયોને ટાળનાર છે.[41]

अधिगतपरमात्मनोऽपि मन्ये भवदवलोकनशांतदुष्कृतस्य । मम सफलमिहाद्य जन्म साधो सकलभयापहरो हि साधुसंगः ॥४१॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'ભુશુંડસ્વરૂપનિરૂપણ' એ નામનો વીશમો સર્ગ સંપૂર્ણ. ૨૦

सर्ग २१ मो.*

કલ્પવૃક્ષનો મહિમા અને બીજાં અનેક વિચિત્ર વૃત્તાંતોનું સ્મરણ

॥ भुशुंड उवाच. ॥

युगक्षोभेषु घोरेषु वात्यासु विषमासु च । सुस्थिरः कल्पवृक्षो यं न कदाचन कंपते ॥१॥

ભુશુંડ કહે છેઃ—હે વસિષ્ઠ મુનિ ! યુગોના ભયંકર રીતના ક્ષોભો થાય છે અને અતિવિષમ વંટોળીયાઓ વાય છે ત્યારે પણ આ કલ્પવૃક્ષ અત્યંત સ્થિર રહે છે. કદી પણ કંપતું નથી.[1] સઘળા લોકાંતરોમાં ફરવાની શક્તિ ધરાવનારાં પ્રાણીઓથી પણ આ કલ્પવૃક્ષમાંઆવી શકાય એમ નથી તેથી અમો અહીં સુખે રહીએ છીએ.[2] જ્યારે હિરણ્યાક્ષ નામના દૈત્યે પોતાના બળથી સાતે દ્વીપોવાળા આ પૃથ્વીના મંડલનું હરણ કર્યું હતું ત્યારે પણ આ વૃક્ષ કંપિત થયું ન હતું.[3] જેને સ્થિર રાખવાનેવાસ્તે ઘણા ઘણા બીજા પર્વતોના ટેકા આપવામાં આવ્યા છે એવો આ મેરુ પર્વત પણ જ્યારે ચલાયમાન થયો હતો ત્યારે પણ આ વૃક્ષ કંપિત થયું ન હતું.[4] જ્યારે ચાર ભુજાઓવાળા વિષ્ણુએ બે ભુજાઓથી મેરુ પર્વતની ઉપર ભાર મુકી બીજી બે ભુજાઓથી મંદરાચલને ઉપાડયો હતો ત્યારે પણ આ વૃક્ષ કંપિત થયું ન હતું.[5] જ્યારે દેવતાઓના અને દૈત્યોના સંગ્રામથી સૂર્યનાં તથા ચંદ્રનાં મંડલો પણ પડવા લાગ્યાં હતાં અને જગત્ અત્યંત ક્ષોભ પામ્યું હતું ત્યારે પણ આ વૃક્ષ કંપિત થયું ન હતું.[6] જ્યારે મોટા મોટા પર્વતોની શિલાઓને પણ ઉખેડી નાંખનારા અને મેરુપર્વતનાં વૃક્ષોને પણ કંપાવી નાખનારા ઉત્પાતસંબંધી પવનો વાયા હતા ત્યારે પણ આ વૃક્ષ કંપિત થયું ન હતું.[7] જ્યારે અમૃતમંથનનેવાસ્તે દેવતાઓએ તથા દૈત્યોએ ક્ષીરસાગરમાં ફેરવાતા મંદરાચલની ગુફાઓના પવનોથી કંપીને પ્રલયકાલનાં વાદળાંઓની પંક્તિઓ પણ ચલિત થઈ હતી ત્યારે પણ આ વૃક્ષ કંપિત થયું ન હતું.[8] જ્યારે કાલનેમિ નામના દૈત્યે મેરુપર્વતને ચારેકોરથી થોડો થોડો ઉખેડીને પોતાની બાથમાં લીધો હતો અને હચમચાવ્યો હતો ત્યારે પણ આ વૃક્ષ કંપિત થયું ન હતું.[9] જ્યારે અમૃતહરણ માટેના સંગ્રામમાં, સિદ્ધ લોકોને પણ પાડી નાંખનારા ગરૂડની પાંખોના પવનો વાયા હતા ત્યારે પણ આ વૃક્ષ કંપિત થયું ન હતું.[10] જ્યારે સંકર્ષણ નામના રુદ્રે જેનું હજુસુધી પૃથ્વીને ધરી રાખવારૂપ એક કામ પણ સમાપ્ત થયું નથી એવા શેષનાગનું રૂપ ધર્યું હતું અને જ્યારે ગરૂડ ઉછળીને બ્રહ્માંડની ઉપર ગયો

* આ એકવીશમા સર્ગમાં કલ્પવૃક્ષનો મહિમા, પ્રલયમાં ધારણાથી પોતાની સ્થિતિ, નિયમો અને ઘણા ઘણા વિચિત્ર વૃત્તાંતોનું સ્મરણ એટલા વિષયો ભુશુંડ કહી સંભળાવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો ત્યારે પણ આ વૃક્ષ કંપિત થયું ન હતું.[૧૧] જ્યારે શેષનાગ પર્વતોથી, સમુદ્રોથી તથા બીજા સઘળાઓથી પણ સહન થઇ શકે નહિ એવી પ્રલયકાલના અગ્નિની જ્વાળાઓને પોતાની ફૂણામાંથી કહાડવા લાગ્યા હતા ત્યારે પણ આ વૃક્ષ કંપિત થયું ન હતું.[૧૨] હે મહામુનિ વસિષ્ઠ ! અમો એવા રૂપવાળા આ ઝાડમાં રહીએ છીએ માટે અમોને સંકટો શાથી પ્રાપ્ત થાય. કેમકે જો દુષ્ટ સ્થાનકમાં નિવાસ હોય તોંજ સંકટો પ્રાપ્ત થાય છે.[૧૩]

વસિષ્ઠ ઋષિ પૂછે છેઃ–હે કાકભુશુંડ ! પ્રલયના સમયોમાં ઉત્પાતસંબંધી પવનો વાય છે અને ચંદ્ર, નક્ષત્રો તથા સૂર્ય પણ પડવા લાગે છે ત્યારે તમે કેમ સ્વસ્થ રહી શકો છો?[૧૪]

ભુશુંડ કહે છેઃ–જ્યારે કલ્પને અંતે જગતની સ્થિતિનો સઘળો વ્યવહાર નષ્ટ થઇ જાય છે ત્યારે હું, જેમ કૃતઘ્ન માણસ સારા મિત્રને છોડી દે તેમ આ માળાને છોડી દઇ વાસનાઓથી રહિત થએલા મનની પેઠે સઘળી કલ્પનાઓથી રહિત અને સઘળાં અંગોમાં સ્તબ્ધપણાવાળો થઇને આકાશમાંજ રહું છું.[૧૫,૧૬] જ્યારે પર્વતોને પણ તાપથી ફાડી નાંખીને ટુકડેટુકડા કરી નાંખનારા બારે સૂર્યો તપે છે ત્યારે ધીર બુદ્ધિવાળો હું વરુણસંબંધી ધારણા (જે જલાત્મા વરુણ છે તેજ હું છું એમ ચિત્તમાં જે ધારણ કરવું તે વરુણસંબંધી ધારણા કહેવાય છે) ને બાંધીને રહું છું.[૧૭] જ્યારે પર્વતોને ટુકડેટુકડારૂપ કરી નાંખનારા પ્રલય સંબંધી પવનો વાય છે ત્યારે હું 'હુંજ પર્વત છું' એવી ચિત્તમાં ધારણા બાંધીને આકાશમાં નિશ્ચલ રહું છું.[૧૮] જ્યારે મેરુ વગેરે પણ ગલિત થઇ જતાં સઘળું જગત એક સમુદ્રમય થઇ જાય છે ત્યારે હું ચિત્તમાં વાયુની ધારણા બાંધીને નિશ્ચલ બુદ્ધિથી વાયુની પેઠે આકાશમાં તર્યા કરું છું.[૧૯] સ્થૂલ તથા સૂક્ષ્મ સમષ્ટિના પરમ અવધિરૂપ અવ્યાકૃતને પ્રાપ્ત થઇ ચોવીશે તત્ત્વોના અંતરૂપ નિર્મલ પદમાં સુષુપ્તિની પેઠે એકરસપણાવાળી નિર્વિકલ્પ સમાધિથી રહું છું.[૨૦] જ્યારે બ્રહ્મા પાછા ઉત્પન્ન થઇને સૃષ્ટિ કરવા લાગે છે ત્યારે વળી બ્રહ્માંડમાં પ્રવેશ કરીને આ માળામાં રહું છું.[૨૧]

વસિષ્ઠ ઋષિ પૂછે છેઃ–હે પક્ષીઓના રાજા! તમે જે રીતે કલ્પાંતોમાં ધારણાઓ કરીને અખંડિત રહો છો તે રીતે બીજા યોગીઓ કેમ રહેતા નથી?[૨૨]

ભુશુંડ કહે છેઃ–હે મહા મુનિ ! મારે આ પ્રમાણેજ રહેવું અને બીજાઓએ બીજા પ્રકારેથીજ રહેવું એવો જે પ્રબલ પ્રારબ્ધને અનુસરનારો ઈશ્વરનો જે નિયમ છે તેનું કોઇથી પણ ઉલ્લંઘન કરી શકાય એમ નથી.[૨૩] જે અવશ્ય થવાનું હોય તેનું માપ કોઈ રીતે બુદ્ધિથી કરી શકાતુંજ નથી. પ્રારબ્ધની ગતિથી જે જેમ થવાનું હોય તે તેમજ થાય છે એવો ઈશ્વરના નિયમનો નિશ્ચય છે.[૨૪] પ્રારબ્ધના મૂળરૂપ મારો જે સંકલ્પ છે તેનેલીધેજ પ્રત્યેક કલ્પમાં વારંવાર આ પર્વતનાજ શિખરમાં આ ઝાડ આ રીતેજ પ્રકટ થાય છે.[૨૫]

વસિષ્ઠ ઋષિ પૂછે છેઃ–તમે વિદેહમુક્તિપર્યંત લાંબા આયુષ્યવાળા છો. જુના વૃત્તાંતો કહી સંભળાવવામાં સર્વોત્તમ છો, જ્ઞાનવાળા તથા વિજ્ઞાનવાળા છો, ધીર છો અને યોગને લગતી મનની ગતિવાળા છો.[૨૬] તમે અનેક પ્રકારોની ઘણી ઘણી સૃષ્ટિઓની ઉથલ પાથલ દીઠી છે માટે પૂછું છું કે આ જગતની રચનામાં તમને કયાં કયાં આશ્ચર્યોનું સ્મરણ છે?[૨૭]

ભુશુંડ કહે છેઃ–હે મહા મુનિ ! નીચેની આ પૃથ્વી શિલાઓથી, વૃક્ષોથી, પર્વતોથી અને વનોના સમૂહોથી પણ રહિત હતી અને તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખડ કે લતાઓ પણ ઉત્પન્ન થયાં ન હતાં તેનું મને સ્મરણ છે.[28] નીચેની આ પૃથ્વી અગીઆર હજાર વર્ષસુધી ઝીણી ભસ્મના સમૂહથી ભરપૂર હતી તેનું મને સ્મરણ છે.[29] નીચેની આ પૃથ્વી જેમાં (જે ઉપર) સૂર્ય ઉત્પન્ન થયો ન હતો, ચંદ્રનું મંડલ ઉત્પન્ન થયું ન હતું અને દિવસના પ્રકાશનો વિભાગ પણ થયો ન હતો એવી હતી તેનું પણ મને સ્મરણ છે.[30] આ પૃથ્વી મેરુપર્વતના રત્નમય ભાગોના પ્રકાશોથી અર્દ્ધ ભાગમાં પ્રકાશવાળી હોવાનેલીધે લોકાલોક પર્વત જેવી લાગતી હતી અને કોઇ કોઇ સ્થળમાં પ્રકાશતા પર્વતોવાળી પણ હતી તેનું પણ મને સ્મરણ છે.[31] દૈત્યોનો સંગ્રામ વૃદ્ધિ પામ્યો તે સમયમાં આ પૃથ્વી મધ્યમાં ક્ષીણ થતી હતી અને ભાગવા લાગેલા લોકોથી ચારે કોર વ્યાપ્ત થઇ હતી તેનું પણ મને સ્મરણ છે.[32] મહોન્મત્ત દૈત્યોએ ચાર યુગસુધી દબાવીને આ પૃથ્વીને પોતાના અંતઃપુર જેવી કરી મૂકી હતી તેનું પણ મને સ્મરણ છે.[33] આ જગતરૂપી ઝુંપડી મેરુપર્વત સિવાય અનુક્રમે સમુદ્રનાં જળોથી સઘળા પ્રદેશોમાં ઢંકાઈ ગઈ હતી અને તેમાં બ્રહ્મા, વિષ્ણુ તથા રુદ્ર એ ત્રણ દેવજ અવશેષ રહ્યા હતા તેનું પણ મને સ્મરણ છે.[34] બીજા બે યુગસુધી આ પૃથ્વી જંગલનાં વૃક્ષોથી ચારે કોર ઢંકાઇ ગઇ હતી અને તેમાં બીજા કોઈ પણ પદાર્થની રચના થએલી જોવામાં આવતી ન હતી તેનું પણ મને સ્મરણ છે.[35] એ રીતેજ આ પૃથ્વી સવાચાર યુગસુધી ઘાટા પર્વતોથી ઘેરાએલી હતી અને તેમાં લોકોની ફેરફાર થતી ન હતી તેનું પણ મને સ્મરણ છે.[36] આ પૃથ્વી દશ હજાર વર્ષસુધી મરણ પામેલા દૈત્યોનાં અસ્થિઓરૂપ પહાડોથી ચારે કોર અત્યંત વ્યાપ્ત હતી તેનું પણ મને સ્મરણ છે.[37] પૃથ્વી અંધકારમય હતી તથા વૃક્ષોથી પણ રહિત હતી, અને આકાશમાંથી પણ વિમાનોમાં બેસીને ફરનારા સઘળા દેવતાઓ બીકથી અંતાહત થઇ ગયા હતા તેનું પણ મને સ્મરણ છે.[38] જ્યારે વિંધ્ય નામનો મોટો પર્વત મેરુની સ્પર્દ્ધાથી મસ્ત થયો હતો ત્યારે દક્ષિણદિશા અગસ્ત્ય મુનિથી રહીત હતી અને આ જગતરૂપી ઝુંપડી વિંધ્યાચળથી વ્યાપ્ત હોવાથી એક પર્વતવાળીજ જણાતી હતી તેનું પણ મને સ્મરણ છે.[39] ઉપર કહેલાં વૃત્તાંતોનું તથા એ ઉપરાંત પણ બીજાં ઘણાં ઘણાં વૃત્તાંતોનું મને સ્મરણ છે. હવે ઝાઝું કહેવાનું કાંઇ પ્રયોજન નથી માટે સંક્ષેપમાં સાર કહું છું તે સાંભળો.[40] હે વસિષ્ઠ મુનિ! ભારે ભારે પ્રભાવોવાળા અસંખ્યાત મનુઓ પણ સઘળા સેંકડો વાર જતા રહ્યા અને યુગોની ચોકડીઓ પણ સેંકડો વાર વ્યતીત થઈ ગઇ તેનું પણ મને સ્મરણ છે.[41] કોઈ સૃષ્ટિ એકજ હતી, શુદ્ધ હતી અને પુરુષોથી તથા દેવતાઓ વગેરેથી પણ રહિત હતી અને સઘળા સૂર્યાદિ પ્રકાશક પદાર્થોનો સમૂહ પણ એકંદરજ હતો તેનું પણ મને સ્મરણ છે.[42] કોઇ સૃષ્ટિમાં સઘળા બ્રાહ્મણો મદિરાપાનથી મત્ત થતા હતા, શૂદ્રો દેવતાઓની નિંદા કરતા હતા અને જે સ્ત્રીઓ ઘણા પતિઓ કરે તેઓજ સતી કહેવાતી હતી તેનું પણ મને સ્મરણ છે.[43] કોઈ સૃષ્ટિમાં સઘળું પૃથ્વીનું પીઠ વૃક્ષોથીજ વ્યાપ્ત હતું, મહાસાગરો મુદ્દલ હતાજ નહિ અને માણસો પણ સ્ત્રીપુરુષોના સંગ વિના પોતાની મેળેજ ઉત્પન્ન થયાં હતાં તેનું પણ મને સ્મરણ છે.[44] કોઈ સૃષ્ટિમાં પર્વતો પણ ન હતા, પૃથ્વી પણ ન હતી, દેવતાઓ તથા મનુષ્યો આકાશમાંજ રહેતા હતા અને ચંદ્રનો કે સૂર્યનો પ્રકાશજ ન હતો તેનું પણ મને સ્મરણ છે.[45] કોઈ સૃષ્ટિમાં ઇંદ્ર પણ ન હતો, રાજાઓ પણ ન હતા, ઉત્તમ, મધ્યમ તથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કનિષ્ઠના વિભાગો પણ ન હતા અને સઘળી દિશાઓ ચારે કોર અંધકારથીજ ભરપૂર હતી તેનું પણ મને સ્મરણ છે.[૪૬] સૃષ્ટિના પ્રારંભને-વાસ્તે સર્જનારાનો જે સંકલ્પ થયો તે, ત્રૈલોક્યમાં દ્વીપ વગેરે પેટાના પ્રદેશોના વિભાગોનું થવું, કુલપર્વતોના યથાયોગ્ય પ્રદેશોની કલ્પના, જંબુદ્વીપ કે જે નોખો હતો તેમાં પ્રવેશ કરીને બ્રાહ્મણ આદિ વર્ણોની, તેઓના ધર્મોની તથા તે તે વર્ણોને યોગ્ય વિદ્યાઓની ગોઠવણ કરવામાં આવી તે, ચંદ્ર તથા સૂર્ય આદિનો જન્મ થયો તે, ઇંદ્રની તથા ઉપેંદ્ર (વામન) વગેરેની વ્યવસ્થા થઇ તે, હિરણ્યાક્ષે પૃથ્વીનું હરણ કર્યું હતું તે, વરાહજી પૃથ્વીને પાતાળમાંથી બહાર લાવ્યા તે, દેવો, દાનવો તથા મનુષ્યો વગેરે જાતિઓમાં રાજાઓની કલ્પના થઈ તે, વિષ્ણુ મત્સ્યાવતાર ધરીને વેદોને પાછા લાવ્યા તે, મંદરાચલ ઉખેડવામાં આવ્યો તે, અમૃતને વાસ્તે ક્ષીરસાગરનું મંથન થયું તે, ગરૂડને પાંખો ન આવી હતી તે અને સમુદ્રો ઉત્પન્ન થયા તે ઇત્યાદિક વૃત્તાંતો તો હમણાં થોડા કાળમાંજ થયા છે તેથી તમારા જેવા બાલકોને પણ તેઓનું સ્મરણ હશે માટે તેઓ વિષે હું વધારે ભાર દઇને શું બોલું ?[૪૭-૫૧] કોઇ કલ્પમાં વિષ્ણુ બ્રહ્માનો અધિકાર ચલાવતા હતા, બ્રહ્મા રુદ્રનો અધિકાર ચલાવતા હતા, અને રુદ્ર વિષ્ણુનો અધિકાર ચલાવતા હતા તે પણ લાંબા જીવનને લીધે મારા જોવામાં આવ્યું છે.[૫૨]

गरुडवाहनं विहगवाहनं विहगवाहनं वृषभवाहनम् ॥ वृषभवाहनं गरुडवाहनं कलितवाहनं कलितजीवितः ॥ ५२ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'ચિરંજીવિતવૃત્તાંતકથન' એ નામનો એકવીશમો સર્ગ સંપૂર્ણ. ૨૧

સર્ગ ૨૨ મો.*

એક પછી અનેક સૃષ્ટિઓ થયાં કરે છે તેનું વર્ણન.

॥ भुशुंड उवाच ॥

ततो जगति जातेषु भगवन् युष्मदादिषु ॥
भरद्वाजपुलस्त्यात्रिनारदेंद्रमरीचिषु ॥ १ ॥

ભુશુંડ કહે છેઃ—હે મહામુનિ વસિષ્ઠ ! જગતમાં પાછળથી ઉત્પન્ન થએલા આપ અને બીજા મુનિઓ ભરદ્વાજ, પુલસ્ત્ય, અત્રિ, નારદ, ઇંદ્ર, મરીચિ, પુલહ, ઉદ્દાલકાદિક, ક્રતુ, ભૃગુ, અંગિરા, સનત્કુમાર, ભૃંગીશ, કાર્ત્તિકેયસ્વામી, ગણપતિ, વગેરે પાવતી, સરસ્વતી, લક્ષ્મી, ગાયત્રી આદિ, મેરુપર્વત, મંદરાચલ, કૈલાસ, હિમાલય, દર્દુરઆદિ પર્વતો, હયગ્રીવાસુર, હિરણ્યાક્ષ, કાલનેમિ, બલાસુર, હિરણ્યકશિપુ, ક્રાથ, બલિ, પ્રહ્લાદ આદિ, શિબિ રાજા, ન્યંકુરાજા, પૃથૂલ રાજા, પૃથુરાજા, નાભાગ રાજા, કેલિ રાજા, નલ રાજા, માંધાતા રાજા, સગર રાજા, દિલીપ રાજા, નહુષાદિક રાજાઓ, આત્રેય મુનિ, વ્યાસ મુનિ, વાલ્મીકિ મુનિ, શુકદેવજી, વાત્સ્યાયન મુનિ, ઉપમન્યુ મુનિ, મણી મુનિ, મંકી મુનિ ભગીરથ રાજા અને શુક વગેરે રાજાઓ કે જે ઓમાં કેટલાએકની ઉત્પત્તિને થોડોકજ કાળ વ્યતીત થયો છે અને કેટલાએકની ઉત્પત્તિ કાંઇક વધારે કાળ વ્યવીત થયો છે તેઓ સ્મરણનું તથા હાલનાં તાજાં વૃત્તાંતોના સ્મરણનું તો શુંજ કહેવું.[૧-૭] હે વસિષ્ટ મુનિ તમે કે જે બ્રહ્માના પુત્ર છો તેમના આઠ જન્મનું મને બરાબર સ્મરણ છે. આ આઠમા જન્મમાં તમે મારી સાથે મળ્યા છો.[૮] તમે કો

* આ બાવીશમા સર્ગમાં વસિષ્ઠના આઠ જન્મ સરખી તથા અરધી સરખી સૃષ્ટિઓ અને ક્ષીરસાગરનું મંથન ઈત્યાદિક વૃત્તાંતો કે જેઓ ભુશુંડના જો વામાં આવેલા છે તેઓનું વર્ણન આપવામાં આવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમયે આકાશમાંથી જન્મ્યા હતા, કોઇ સમયે જળમાંથી જન્મ્યા હતા, કોઇ સમયે વાયુમાંથી જન્મ્યા હતા, કોઈ સમયે પર્વતમાંથી જન્મ્યા હતા અને કોઇ સમયે અગ્નિમાંથી પણ જન્મ્યા હતા.[૯] આ સૃષ્ટિ જેવી, આ સૃષ્ટિના જેવાજ આચારવાળી અને આ સૃષ્ટિના જેવીજ દિશાઓની ગોઠવણવાળી પૂર્વે ત્રણ સૃષ્ટિઓ થઈ હતી તેનું મને સ્મરણ છે.[૧૦] જેઓમાં આચારો, રચનાઓ, પૃથ્વી, દેવતાઓ તથા કાળ એઓ સઘળાં એકસરખાંજ હતાં અને તે તે દેવતાઓ વગેરેની પદવીઓ વગેરેનો પણ કોઈ અસુરો વગેરેથી કશો ફેરફાર થયો ન હતો એવી દશ સૃષ્ટિઓ થઇ ગઇ છે તેનું પણ મને સ્મરણ છે.[૧૧] પાંચ સૃષ્ટિઓમાં જળમાં ડૂબી ગએલી પૃથ્વીને વરાહે નહિ પણ કચ્છપેજ પાંચ વાર સમુદ્રમાંથી બહાર કહાડી હતી.[૧૨] હે વસિષ્ઠ મુનિ ! જેમાં અમૃતને વાસ્તે મંદરાચલના આકર્ષણના વેગથી દેવતાઓ તથા દૈત્યો અત્યંત વ્યાકુલ થઇ ગયા હતા એવાં સમુદ્રમંથનો પૂર્વકલ્પોમાં અગીયાર થઇ ગયાં અને આ કલ્પમાં બારમી વારનું થયું તેનું પણ મને સ્મરણ છે.[૧૩] જેણે દેવતાઓની પાસેથી કર લીધા હતા એવો હિરણ્યાક્ષ નામનો દૈત્ય સઘળી ઔષધિઓવાળી તથા સઘળા રસોવાળી પૃથ્વીને ત્રણ વાર પાતાલમાં લઇ ગયો હતો.[૧૪] વિષ્ણુએ વચમાં ઘણી ઘણી સૃષ્ટિઓમાં પરશુરામનો અવતાર નહિ લેતાં પણ હમણાં પરશુરામનો જે અવતાર લઇને ક્ષત્રિયોનો ક્ષય કર્યો તે અવતાર છઠ્ઠીવારનો છે.[૧૫] હે મહામુનિ ! સો કલિયુગોમાં શોક (કીકટ) નામના દેશની અંદર શુદ્ધોધન નામના રાજાને ઘેર વિષ્ણુએ સો વાર બુદ્ધાવતાર ધર્યા તેનું પણ મને સ્મરણ છે.[૧૬] સદાશિવે ત્રીશ વાર ત્રિપુરના દાહ કર્યા, બે વાર દક્ષના યજ્ઞનો ભંગ કર્યો અને દશ વાર ઇંદ્રને પદભ્રષ્ટ કરીને ગુફામાં પૂરી મુક્યો તેનું પણ મને સ્મરણ છે.[૧૭] બાણાસુરનેવાસ્તે વિષ્ણુને તથા સદાશિવને આઠ વાર સંગ્રામ થયા કે જેઓમાં જ્વરનો, પ્રમથોનો તથા મંત્રોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને દેવતાઓનાં સૈન્યોમાં મોટો ક્ષોભ થયો હતો તેનું મને સ્મરણ છે.[૧૮] પ્રત્યેક યુગમાં પુરુષોની બુદ્ધિના ન્યૂનાધિકપણાનેલીધે વેદસંબંધી બ્રહ્મચર્યઆદિ ક્રિયાઓનો, વેદોનાં છ અંગોનો અને વેદોના પાઠોનો જે વિચિત્ર ફેરફાર થયો હતો તેનું પણ મને સ્મરણ છે.[૧૯] પ્રત્યેક યુગમાં એક અર્થવાળાં સઘળાં પુરાણો જુદા જુદા પાઠફેરોથી ફેલાય છે તે પણ મારા સ્મરણમાં છે.[૨૦] વેદ વગેરેને જાણનારા મહાત્માઓ પ્રત્યેક યુગોમાં પાછા તેના તે ઇતિહાસોને અને કેટલાએક બીજા ઇતિહાસોને પણ રચે છે તેનું મને સ્મરણ છે.[૨૧] મોટા આશ્ચર્યવાળો મહારામાયણ નામનો ઇતિહાસ કે જે જ્ઞાનશાસ્ત્ર છે અને લાખ શ્લોકના પ્રમાણનો છે તેના રચાવાનું પણ મને સ્મરણ છે.[૨૨] ' રામની પેઠે નીતિથી ભરેલા વ્યવહારથીજ વર્તવું, પણ રાવણની પેઠે અનીતિથી ભરેલા વ્યવહારથી વર્તવું નહિ ' એવી રીતનો સુબુદ્ધિરૂપ ઉપદેશ જેમાં હસ્તામલકજેવો કરીને આપવામાં આવ્યો છે એવો વાલ્મીકિ મુનિએ કરેલો જે રામાયણ નામનો ગ્રંથ છે તેનું પણ મને સ્મરણ છે.[૨૩] વાલ્મીકિ હવે પછી પણ એક બત્રીશ હજાર શ્લોકના યોગવાસિષ્ઠ નામના ગ્રંથને બનાવશે કે જેને હું ત્રિકાલદર્શીપણાને લીધે જાણું છું અને તમે પણ કેટલાક કાળ પછી એ ગ્રંથ પ્રકટ થતાં જાણશો.[૨૪] વાલ્મીકિ નામના એના એ જીવે અથવા કોઈ એજ નામના બીજા જીવે પ્રત્યેક કલ્પમાં કરવામાં આવતો એ યોગવાસિષ્ઠ નામનો ગ્રંથ પરંપરાના ઉચ્છેદનેલીધે હાલ ભૂલી જવાયો છે તે હવે બારમી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાર કરવામાં આવશે. એનીજ હારનો બીજો પૂર્વના વ્યાસે કરેલો ભારત નામનો ગ્રંથ કે જે હાલ લોકોથી ભુલાઇ ગયો છે તેનું પણ મને સ્મરણ છે.[26] એ ભુલાઇ ગએલા ભારત નામના ગ્રંથને વ્યાસ નામનો એનોએ જીવ અથવા એજ નામનો બીજો કોઈ જીવ હવે સાતમી વાર કરશે એ પણ હું જાણું છું.[27] હે મહા મુનિ ! પ્રત્યેક યુગમાં વિચિત્ર ગોઠવણોવાળાં જે જે આખ્યાનો અને જે જે શાસ્ત્રો થઈ ગયાં છે તેઓનું મને સ્મરણ છે.[28] પ્રત્યેક યુગમાં વારંવાર તેના તે થતા અને બીજા પણ થતા અનેક પદાર્થો મારા જોવામાં આવ્યા છે, અને જે જે જોવામાં આવ્યા છે તેઓનું મને સ્મરણ છે.[29] વિષ્ણુ હવે રાક્ષસોનો વિનાશ કરવાને વાસ્તે 'રામ' એ નામથી અગીયારમી વાર અવતરશે એ મારા જાણવામાં છે.[30] વિષ્ણુએ નૃસિંહનું રૂપ ધરીને, જેમ સિંહ હાથીને મારે તેમ ત્રણ વાર હિરણ્યકશિપુ નામના દૈત્યને માર્યો છે.[31] હે મહા મુનિ ! પૃથ્વીનો ભાર ઉતારવાને વાસ્તે હવે વસુદેવ નામના યાદવને ઘેર વિષ્ણુનો સોળમી વારનો અવતાર થવાનો છે.[32] આ જગતરૂપ ભ્રાંતિ મુદ્દલ છેજ નહિ અને જો કદાચ છે તો જળમાં પરપોટાની પેઠે પરમાત્મામાં રહેલ છે.[33] જેમ ચપળ તરંગ જળની અંદરજ તરત ઉત્પન્ન થાય છે અને તરત લીન થાય છે તેમ આ અનિત્ય જગતરૂપ ભ્રાંતિ અનુભવરૂપ આત્મામાંજ તરત ઉત્પન્ન થાય છે અને તરત લીન થાય છે.[34] ઘણાં ઘણાં એકસરખી રચનાવાળાં ત્રૈલોક્યો, ઘણાં ઘણાં પરસ્પરથી વિષમ રચનાવાળાં ત્રૈલોક્યો અને ઘણાં ઘણાં પરસ્પરની સાથે અરધી મળતી આવે એવી રચનાવાળાં ત્રૈલોક્યો પણ મને સાંભરે છે.[35] કેટલાંએક પ્રાણીઓ તેનાં તે અને તેવાંજ આચરણો કરનારાં મને સાંભરે છે અને કેટલાંએક પ્રાણીઓ પૂર્વથી જુદાં અને તેવાંજ આચરણો કરનારાં મને સાંભરે છે.[36] હે વસિષ્ઠ મુનિ ! પ્રત્યેક મન્વંતરમાં જગતનો ક્રમ બદલી જતાં, ગોઠવણ પણ બીજી રીતનીજ થતાં અને પૂર્વના સઘળા પરિચિત લોકો જતા રહેતાં મારા મિત્રો પણ બીજાજ થાય છે, બંધુઓ પણ બીજાજ થાય છે, નોકરો પણ બીજાજ થાય છે અને રહેવાના આશ્રયો પણ બીજાજ થાય છે.[37,38] કોઇ સમયે હું એકાંતમાં વિંધ્યાચલના જલપ્રાય પ્રદેશની અંદર માળો કરીને રહું છું, કોઈ સમયે સહ્યાદ્રિમાં રહું છું કોઇ સમયે દર્દુરાચલમાં રહું છું,[39] કોઈ સમયે હિમાલયમાં રહું છું. કોઈ સમયે મલયાચલમાં રહું છું, અને કોઇ સમયે એનીજ રચનાવાળો આ પર્વત પ્રાપ્ત થતાં આ કલ્પવૃક્ષની શાખામાં માળો બનાવીને રહું છું. હે મહામુનિ ! ગણતાં જેઓનો છેડોજ આવતો નથી એવા કેટલાએક યુગો વ્યતીત થયા પછી આ વૃક્ષ પોતાના શરીરને છોડીને પાછું પૂર્વના જેવીજ અવયવોની ગોઠવણથી ઉત્પન્ન થયું છે માટે જૂનું થઇ ગયું નથી.[40-42] આ વૃક્ષ એવી ને એવી ગોઠવણથી ઉત્પન્ન થયું છે અને આ વૃક્ષની મારા પિતા જીવતા હતા તે સમયમાં જેવી શોભા હતી તેવીજ શોભા આ કલ્પમાં પણ થઇ છે[43] તેથી હું પણ પૂર્વના જેવીજ ગોઠવણ કરીને અહીં રહ્યો છું. પૂર્વે અહીં ઉત્તર દિશા પણ ન હતી અને આ પર્વત પણ ન હતો.[44] આ ઉત્તર દિશા બીજી થઇ છે અને આ પર્વત પણ બીજોજ થયો છે. મને એકલાનેજ આ એકનાએક દેહથી બ્રહ્માની અનેક રાત્રિઓ વ્યતીત થઈ ગઈ છે.[45] હું ધારણાઓ કરીને સ્થિર કરેલી નિર્વિકલ્પ સમાધિના અંતમાં ફરીવાર થએલી આ સૃષ્ટિને જોઈ ' આ એનોએ મેરુ છે અને આ એનુંએ વૃક્ષ છે' ઇત્યાદિરૂપે ઓળખાતાં પરમતત્ત્વમાંજ આ સૃષ્ટિ રહી છે એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણું છું. સૂર્યાદિકની ગતિઓ ઉપરથી અને નક્ષત્રોના ઉદયાસ્તોમાં તથા ફરવામાં નિયમિતપણાથી મેરુપર્વત વગેરેની દિશાઓ ઓળખી શકાય છે.[૪૬] કોઇ સૃષ્ટિમાં મેરુ પ્રકારાંતરથી ઉત્પન્ન થતાં તેને લીધે દિશાઓ પણ બદલાઇ જાય છે. આમ થવાનેલીધે હું માનું છું, કે 'આ જગત સત્ય પણ નથી તેમ અસત્ય પણ નથી; પરંતુ કેવલ બુદ્ધિના ભ્રમરૂપજ છે અને આત્માના સ્ફુરણના ચમત્કારનો વૈભવજ આ જગતરૂપે પ્રતીત થાય છે.'[૪૭] સેંકડો પુત્રો પિતા થએલા, સેંકડો મિત્રો શત્રુ થયેલા અને સેંકડો પુરુષો સ્ત્રીઓ થઇ ગએલા પણ મને સાંભરે છે. હે મુનિશ્વર ! કલિયુગમાં સત્યયુગના આચારો, સત્યયુગમાં કલિયુગના આચારો અને તેમજ ત્રેતાયુગમાં અને દ્વાપરમાં પણ બીજા યુગના આચારો થએલા મને સાંભરે છે. કોઇ સમયમાં કેટલીએક સૃષ્ટિઓ વેદોને કે વેદોના અર્થોને જોતીજ ન હતી, પોતાના કપોલકલ્પિત નિયમોથી વર્ત્તતી હતી[૪૮-૫૦] અને પ્રતિબંધ વગરનાં આચરણો પણ કરતી હતી તે પણ મને સાંભરે છે. બ્રહ્મા હજાર ચોકડીને અંતે સુઇને યોગનિદ્રાના બહાનાથી પરમાત્માના ધ્યાનમાં લાગે છે ત્યારે દેવત્તાઓ, દૈત્યો તથા મનુષ્યો સહિત આ જગત શૂન્ય જેવું થઈ જાય છે તે પણ મને સાંભરે છે. દશ સૃષ્ટિઓ તો માનસિક રચનાઓવાળીજ હતી, સ્થૂલ પૃથ્વીમય શરીરોથી રહિત હતી, અને વાયુમય ભૂતોથીજ વ્યાપ્ત હતી તેઓનું પણ મને સ્મરણ છે.[૫૧,૫૨] દેશોની વિચિત્ર પ્રકારની ગોઠવણોવાળી, વિચિત્ર કાર્યોમાં વ્યાકુલ થએલાં અનેક પ્રાણીઓથી ભરેલી અને જેઓમાં રચનાઓ, વિલાસો તથા વેષો વિચિત્ર હોય છે એવી બ્રહ્માના દિવસોમાં થએલી સઘળી સૃષ્ટિઓ મને સાંભરે છે.[૫૩]

विचित्र संस्थानविशेषदेशान्विचित्रकार्याकुलभूतकोशान् । विचित्रविन्यासविलासवेषान्स्मराम्यहं ब्रह्म दिनेष्वशेषान् ॥ ५३ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'ચિરંજીવિતવર્ણન' એ નામનો બાવીશમો સર્ગ સંપૂર્ણ. ૨૨

सर्ग २३ मो.*

મૃત્યુ કોને બાધ નથી કરતું

॥ श्रीवसिष्ठ उवाच ॥

अथासौ वायसश्रेष्ठो जिज्ञासार्थमिदंमया ।
भूयः पृष्टो महाबाहो कल्पवृक्षलताग्रके ॥ १ ॥

વસિષ્ઠ ઋષિ રામચંદ્રજીને કહે છેઃ–હે રામચંદ્રજી ! પછી મેં વધારે જાણવાનેવાસ્તે કલ્પવૃક્ષની લતાના અગ્ર ઉપર રહેલા એ કાગડાઓમાં ઉત્તમ ભુશુંડને ફરીવાર પુછ્યું કે "હે પક્ષીઓના રાજાધિરાજ ! જગતના કોશમાં ફર્યા કરતા અને વ્યવહાર કરનારા લોકોને પણ મૃત્યુ બાધ ન કરે એવો ઉપાય છે?"[૨]

ભુશુંડ કહે છેઃ–હે મહારાજ ! તમે સર્વજ્ઞ હોવાથી સઘળું જાણતાં છતાં પણ જિજ્ઞાસા જેવું દેખાડીને મને પૂછો છો ? મહાત્મા પુરુષો પ્રશ્નદ્વારા પોતાના દાસની ચાતુરીને પ્રખ્યાત કરવાનેવાસ્તેજ દાસના મ્હોડાથી વાત કરાવે છે.[૩] તો પણ આપે મને જે પૂછ્યું તેનો હું ઉત્તર આપું છું. કેમકે મહાત્માઓની આજ્ઞાને માથે ચડાવવી એજ મહાત્માઓનું મુખ્ય આરાધન છે.[૪] દોષોરૂપી મોતીઓથી પરોવાએલી વાસનારૂપ દોરી જેના હૃદયમાં ગુંથાએલી ન હોય તે પુરુષને મૃત્યુ બાધ કરતું નથી.[૫] ચિંતાઓ કે જેઓ સઘળી દેહરૂપી લતાને ઘણ નામના જીવડા-

* આ ત્રેવીશમા સર્ગમાં જે દોષોનો ત્યાગ કરવાથી માણસને મૃત્યુ નડી શકતું નથી અને મન સર્વદા જેમાં લગાવી રાખવું જોઈએ તે સઘળું કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓની પેઠે કાતરી નાંખે છે અને દેહરૂપી વૃક્ષને કાપી નાંખનારાં નિશ્વાસોરૂપી કરવતોને ઉત્પન્ન કરે છે તેઓ જેને ભેદે નહિ તે પુરુષને મૃત્યુ બાધ કરતું નથી.[૬] શરીરરૂપી ઝાડના કોતરમાં રહેનારી અને માથે ચિંતાઓરૂપી ફેણાને ધરનારી આશાઓરૂપી નાગણીઓ જેના અંતઃકરણમાં દાહ ઉત્પન્ન કરે નહિ તે પુરુષને મૃત્યુ નડતું નથી.[૭] રાગદ્વેષરૂપી ઝેરથી ભરપૂર અને મનરૂપી રાફડામાં રહેનારો લોભરૂપી સર્પ જેને કરડે નહિ તે પુરુષને મૃત્યુ નડતું નથી.[૮] શરીરરૂપી સમુદ્રમાં રહેનારો અને વિવેકરૂપી સઘળા જળને પિનારો ક્રોધરૂપી વાડવાગ્નિ જેને બાળે નહિ તેને મૃત્યુ નડતું નથી.[૯] જેમ ઘાણી તલના મોટા ઢગલાને પણ વ્યાકુલ કરીને પીલી નાંખે છે તેમ કામદેવ જેને વ્યાકુલ કરીને પીલે નહિ તે પુરુષને મૃત્યુ નડી શકતું નથી.[૧૦] પરમ પવિત્ર અને નિર્મલ એક પરમ પદમાંજ જેના ચિત્તને વિશ્રાંતિ પ્રાપ્ત થઈ હોય તે પુરુષને મૃત્યુ નડી શકતું નથી.[૧૧] શરીરરૂપી વનખંડમાં રહેનારો અને વારંવાર કુદ્યા કરતો જેનો મનરૂપી વાંદરો ચંચલતાને છોડી દે તે માણસને મૃત્યુ બાધ કરી શકતું નથી.[૧૨] હે મહારાજ ! ચિત્ત જો સમાહિત થયું હોય તો સંસારરૂપી વ્યાધિને ઉત્પન્ન કરનારા એ સઘળા મોટા દોષો તે ચિત્તને જરા પણ વ્યથિત કરી શકતા નથી.[૧૩] આધિઓથી તથા વ્યાધિઓથી ઉઠતાં અને મોટા મોટા ભ્રમોને ઉત્પન્ન કરનારાં દુઃખો સમાહિત થએલા ચિત્તનેજ લૂટી શકતાં નથી.[૧૪] જેનું ચિત્ત સમાહિત થયું હોય તે માણસને અસ્ત પણ થતો નથી, ઉદય પણ થતો નથી, સ્મરણ પણ થતું નથી, વિસ્મરણ પણ થતું નથી, નિદ્રા પણ હોતી નથી અને જાગ્રતિ પણ હોતી નથી.[૧૫] જેનું ચિત્ત સમાહિત થયું હોય તે માણસને હૃદયરૂપી આકાશમાં ભારે અંધારું કરનારી અને તૃષ્ણાના તથા ક્રોધના વિકારોથી ઉત્પન્ન થનારી ચિંતાઓ પીડી શકતી નથી.[૧૬] જેનું ચિત્ત સમાહિત થયું હોય તે પુરુષ વ્યવહારસંબંધી કામકાજોને કરતાં છતાં પણ કશું દેતો નથી, કશું લેતો નથી, કશું છોડી દેતો નથી અને કશું માગતો પણ નથી.[૧૭] જેનું ચિત્ત સમાહિત થયું હોય તે પુરુષને દુષ્ટ ધન, દુષ્ટ આરંભો, દુર્ગુણો, દુર્વચનો કે દુષ્ટ વર્તણુંક દુઃખ દઇ શકતી નથી.[૧૮] જેનું ચિત્ત સમાહિત થયું હોય તે માણસને પ્રકાશવાળાં અને ગુણોવાળાં સઘળાં મોટાં મોટાં સુખો પોતાની મેળેજ પ્રાપ્ત થાય છે.[૧૯] જે લાભ પરિણામમાં હિતકારી છે, સત્ય છે, અવિચલ રહેનાર છે, ભ્રાંતિથી રહિત છે અને ભોગોની તૃષ્ણાને ઉત્પન્ન થવા દેતોજ નથી તે લાભમાંજ (આત્મલાભમાંજ) મનને તત્પર રાખવું જોઈએ.[૨૦] ચિત્તને અતિ વિહ્વલ કરી દેનારા મહામલિન દ્વૈતરૂપી પિશાચની દૃષ્ટિ જેનાઉપર પડતીજ નથી તે સુખમાંજ મનને તત્પર કરવું જોઇએ.[૨૧] જે વસ્તુ આદિમાં સુખકારી આરંભવાળી છે, મધ્યમાં પણ મધુર છે, અંતમાં પણ સઘળાં દુઃખોનું નિવારણ કરનાર છે અને લાંબા કાળ સુધી અતિ વિશ્રામ દેનાર થાય છે તે વસ્તુમાંજ મનને તત્પર કરવું જોઇએ.[૨૨] જે સુખ અંતવગરનું છે, મનને પથ્ય છે, સત્ય છે, આદિમાં, મધ્યમાં તથા અંતમાં પણ અનુસ્યૂત છે અને સઘળા સાધુઓએ સેવેલું છે, તે સુખમાંજ (આત્મસુખમાંજ) મનને તત્પર કરવું જોઇએ.[૨૩] જે સૌભાગ્ય બુદ્ધિને મોટું અજવાળું આપનાર છે, આદ્ય છે, પરમ અમૃતરૂપ છે અને સર્વોત્તમ છે તે સૌભાગ્યમાંજ (નિત્ય નિરતિશય આનંદમાંજ) મનને તત્પર કરવું જોઇએ.[૨૪] સ્વર્ગ કે જેમાં દેવતાઓ, રાહુ આદિ અસુરો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગંધર્વો, વિદ્યાધરો, કિન્નરો અને અપ્સરાઓ વસે છે તેમાં પણ કોઈ સુખ અતિ સ્થિર રહેનારૂં કે સારૂં નથી.[25] વૃક્ષો, રાજાઓ, પર્વતો, નગરો અને સમુદ્રોવાળા ભૂતલમાં પણ કોઇ સુખ અતિ સ્થિર રહેનારૂં કે સારૂં નથી.[26] જેમાં નાગો, અસુરોના સમૂહો અને અસુરોની સ્ત્રીઓના સમૂહો વસે છે એવા સઘળા પાતાલમાં પણ કોઇ સુખ અતિ સ્થિર રહેનારૂં કે સારૂં નથી.[27] સ્વર્ગ, અંતરિક્ષ, પાતાલો અને દિશાઓવાળા આ સઘળા જગતમાં પણ કોઇ સુખ સારી પેઠે સ્થિર રહેનારૂં કે સારૂં નથી.[28] ચિંતાઓથી તથા રોગોથી ચપલતા ધરાવનારી અને દુઃખોના સમૂહોથીજ વ્યાપ્ત રહેનારી નિસ્તતુચ્છ ક્રિયાઓથી પણ કાંઈ સ્થિર કે સારૂં સુખ મળે એમ નથી.[29] બુદ્ધિના વિકારોરૂપ, ચિત્તને ચપલ કરનારી અને સમયપર ચિત્તને આનંદ પણ આપનારી ચિંતાઓથી પણ સુસ્થિર કે સારૂં સુખ મળે એમ નથી.[30] પોતાના સંકલ્પવિકલ્પો કે જેઓ ચંચલ છે અને મનરૂપી ક્ષીરસાગરને ક્ષોભાવવામાં મંદરાચલ જેવા છે તેઓથી પણ કાંઈ સ્થિર કે સારૂં સુખ મળે એમ નથી.[31] ઈંદ્રિયો વગેરેની વિચિત્ર ચેષ્ટાઓ કે જેઓ નિરંતર જવા-આવવાના સ્વભાવવાળી છે અને તરવારની તીક્ષ્ણ ધારાઓ જેવી છે તેઓથી પણ કશું સ્થિર કે સારૂં સુખ મળે એમ નથી.[32] પૃથ્વીનું ચક્રવર્ત્તિ રાજ્ય પણ સારૂં નથી, બૃહસ્પતિપણું કે ઈંદ્રપણું વગેરે પણ સારૂં નથી અને પાતાલનું મોટું રાજ્ય પણ સારૂં નથી. કેમકે વિવેકી પુરુષોનું મન એઓમાં ક્યાંય પણ વિશ્રાંતિ પામતું નથી.[33] મોટાં મોટાં શાસ્ત્રોનો વિચાર કરવામાં પ્રવીણતારૂપ પાંડિત્ય પણ સારૂં નથી. પરાયાં કાર્યોનું વિવેચન કરવાનું સામર્થ્ય પણ સારૂં નથી અને ઉત્તમ ઉત્તમ કથાઓનું વર્ણન કરવાનું સામર્થ્ય પણ સારૂં નથી. કેમકે વિવેકી પુરુષોનું મન એઓમાં ક્યાંય પણ વિશ્રાંતિ પામતું નથી.[34] લાંબા કાળસુધીનું જીવન કે જે ઘણી ઘણી ચિંતાઓથી ભરપૂર થાય છે તે પણ સારૂં નથી, મરણ કે જે એક જાતનું મોટું મૂઢપણું છે તે પણ સારૂં નથી અને નરકવાસ કે સ્વર્ગવાસ પણ સારાં નથી; કેમકે વિવેકી પુરુષોનું મન એઓમાં કયાંય પણ વિશ્રાંતિ પામતું નથી.[35] આ પ્રમાણે વિચાર કરતાં વિવેકી પુરુષને જગતના વિવિધ પ્રકારના ક્રમોમાંથી કોઈ પણ ક્રમ રમણીય લાગતો નથી; કેમકે સઘળા ક્રમો મતિને મૂઢ કરનારા છે. મૂઢ મતિવાળા માણસનેજ જગતના ક્રમો રમણીય લાગે છે. જે પદાર્થ અત્યંત અશાશ્વત સમજાયો હોય તેમાં મહાત્મા પુરુષોને આત્યંતિક વિશ્રાંતિ કેમજ પ્રાપ્ત થાય ![36]

इति विविधजगत्क्रमाः समस्ताः खलु मतिमूढतया नरस्य रम्याः ॥ चलकतरकलनाहिते पदार्थे कथमुपयांति चिरस्थितिं महांतः॥३६॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'સમાધાનસંકલ્પનિરાકરણ' એ નામનો ત્રેવીશમો સર્ગ સંપૂર્ણ. ૨૩

સર્ગ ૨૪ મો.*

દેહમાંની નાડીઓ અને ચક્ર વગેરેનું વર્ણન

॥ भुशुंड उवाच ॥

एकैव केवला दृष्टिर्निरपाया गतभ्रमा ।
विद्यते सर्ववित्त्वेषु सर्वश्रेष्ठा समुन्नता ॥१॥

ભુશુંડ કહે છેઃ–હે વસિષ્ઠમુનિ! સઘળાં જ્ઞાનોમાં એક બ્રહ્મવિદ્યાજ અવિનાશી ફળને આપનારી, ભ્રાંતિવગરની અને ઉંચાઈવાળી

* આ ચોવીશમા સર્ગમાં દેહની નાડીઓના ક્રમસહિત અને છ ચક્રોના રહસ્યસહિત પ્રાણચિંતાનું વર્ણન કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોવાથી સઘળા અંશોમાં શ્રેષ્ઠ છે.[૧] સાક્ષાત્કારપર્યંત આત્મવિચારજ સઘળાં દુઃખોનો અંત કરનાર છે, લાંબા કાળથી પ્રાપ્ત થએલા સંસારરૂપી દુઃસ્વપ્નના ભ્રમને હરનાર છે.[૨] એક આત્મચિંતાજ નિષ્કલંક છે. જ્યાં મન પણ પહોંચતું નથી એવા મોટા માર્ગમાં (નિરતિશય આનંદમાં) વિચરનારી છે. સઘળાં દુઃખોનો તથા ચિંતા આદિ અનર્થોનો વિનાશ કરનારી છે.[૩] જેમ ચાંદનીથી અંધકારનો અંત સારી પેઠે થાય છે તેમ આત્મચિંતાથી સઘળા અનર્થોનો અંત સારી પેઠે થાય છે.[૪] હે વસિષ્ઠ મુનિ! જેમાં કાંઈ પણ સંકલ્પ હોતો નથી એવી, અને શ્રેષ્ઠ કોટિમાં રહેલી એ આત્મચિંતા આપના જેવાઓથી સહેજ પામી શકાય એવી છે, અને અમારા જેવાઓથી તે કેમે પામી શકાય એવી નથી.[૫] અમારા જેવા સામાન્ય બુદ્ધિવાળા પ્રાણિઓ તો છેલ્લામાં છેલ્લી કોટિમાં રહેલા અને સઘળી કલ્પનાઓથી ન્યારા એ આત્મચિંતનરૂપ પદને શી રીતે પામી શકે? હે મહામુનિ! એ આત્મચિંતારૂપી મહારાજ્ઞીની કેટલીક સખીઓ છે.[૬] કે જેઓ વિજ્ઞાનરૂપી ચંદ્રના પ્રકાશથી શીતલ છે અને થોડાક અંશમાં આત્મચિંતા જેવીજ છે.[૭] આત્મચિંતાનું સમાનપણું ધરાવનારી આત્મચિંતાની કેટલીએક સખીઓમાંની એક પ્રાણચિંતા નામની સખી કે જે સઘળાં દુઃખોનો ક્ષય કરનારી છે, સઘળાં સૌભાગ્યોને વધારનારી છે અને જીવિતના કારણરૂપ છે તેનો મેં આશ્રય કર્યો છે.[૮]

વસિષ્ઠ રામચંદ્રજીને કહે છેઃ—હે રામચંદ્રજી! એ પ્રમાણે તે કાક ભુશુંડનું બોલવું સાંભળી મેં પછી પ્રાણચિંતાનો વિષય મારા જાણવામાં છતાં પણ કૌતુકનેલીધે ધીરજથી એ કાક ભુશુંડને પૂછ્યું.[૯] "હે સઘળા સંશયોનું છેદન કરનારા અને અત્યંત લાંબા કાળસુધી જીવનારા મહાત્મા મુનિ! તમે જે પ્રાણચિંતા કહી તે કેવા પ્રકારની હોય છે એ મારી પાસે યથાર્થ રીતે કહો."[૧૦]

ભુશુંડ કહે છેઃ—હે વસિષ્ઠ મુનિ! તમે સઘળા વેદાંતોને જાણો છો તથા સઘળા સંશયોને નષ્ટ કરનાર છો તે છતાં મને કાગડાને પૂછો છો માટે હું ધારૂં છું કે પરિહાસનેવાસ્તેજ પૂછો છો.[૧૧] અથવા તમારી પાસેથી પ્રાણચિંતાનો વિષય વિશેષ રીતે જાણવાસારૂ હું તમારા પ્રશ્નોના ઉત્તર આપું છું, એમાં મને શું હાનિ હાનિ છે?[૧૨] જેથી મને લાંબા કાળસુધીનું જીવન મળ્યું છે અને આત્માલાભ થયો છે એવી પ્રાણચિંતાવિષે તમારી પાસે કહું છું તે સાંભળો.[૧૩] હે મહામુનિ! આ દેહરૂપી સઘળાં સુંદર ઘરને જુઓ કે જે ઘર વાત, પિત્ત તથા કફરૂપી મોટા થાંભલાઓવાળું છે, મુખ આદિ નવ દ્વારોથી સંયુક્ત છે,[૧૪] લિંગશરીરરૂપી સ્ત્રીવાળા તથા લિંગશરીરરૂપી કુટુંબવાળા અહંકારરૂપી ગૃહસ્થે ચારે કોર પાળેલું છે,[૧૫] કાનની બુટોરૂપ અગાશીઓવાળું છે, કેશો રૂપી છાજવાળું છે, નેત્રરૂપી મોટા ગોખોવાળું છે, જેનો આપ સાક્ષીરૂપે અનુભવ કરો છો.[૧૬] મ્હોડારૂપી પ્રધાનદ્વારવાળું છે, હાથ તથા પડખાંઓરૂપી ઉપગૃહોવાળું છે, દાંતોની પંક્તિઓરૂપ બોરસલ્લીની માળાઓથી શણગારેલી દ્વારની કોતરવાળું છે,[૧૭] સર્વદા ચક્ષુ, જિહ્વા તથા ત્વચા આદિ દ્વારપાળોવાળું છે, લિંગશરીરદ્વારા સર્વત્ર ફેલાએલા આત્મપ્રકાશથી વ્યાપ્ત છે. વિશેષે કરી આંખોની કીકીઓરૂપ આગલા ગોખોમાં બેસનારા જીવરૂપી સ્વામીવાળું છે.[૧૮] રુધિર, માંસ તથા વસા એઓના પ્રલેપવાળું છે, નાડીઓરૂપી દોરડાંઓના સમૂહવાળું છે જાડાં અસ્થિઓરૂપ કાષ્ઠોથી બંધાએલું છે અને તેથીજ મજબૂત તથા સારી રીતે ગાઢ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાએલું રહેનાર છે.[૧૯] હે મહામુનિ ! આ દેહની અંદર ડાબા પડખામાં ઈડા નામની કોમળ સૂક્ષ્મ નાડી રહેલી છે અને જમણા પડખામાં પિંગલા નામની કોમલ સૂક્ષ્મ નાડી રહેલી છે. એ બે નાડીઓ સૂક્ષ્મ હોવાથી આખા દેહમાં અસ્ફુર છે (પણ નાકના પુટોમાં પ્રાણના સંચારરૂપ ચિહ્નથી જણાય છે.)[૨૦] હૃદયમાં કોમળ, એકબીજાની સાથે મળતાં કુમળાં પત્રોવાળાં, અસ્થિઓથી તથા માંસથી ગોઠવાએલાં અને ઊંચી નાળોવાળાં કમળોની ત્રણ જોડીઓરૂપ ત્રણ યંત્રો છે.[૨૧] એ કમળોની પાંખડીઓ સઘળા દેહના આકાશમાં ફરતા નિશ્વાસ (બહારથી અંદર જતા શ્વાસ) વાયુરૂપ અમૃતના સેચનથી જરાક ઉઘડે છે અને ઉચ્છ્વાસ (અંદરથી બહાર જતા શ્વાસ) રૂપ વાયુથી જરાક બીડાઇ જાય છે. અર્થાત પ્રાણવાયુથી (ઉચ્છ્વાસથી) વ્યાપ્ત થઇને જરાક સંકોચાઈ જાય છે અને અપાનવાયુથી (નિશ્વાસથી) વ્યાપ્ત થઇને જરાક ઉઘડે છે. પ્રત્યેક ઉચ્છ્વાસમાં તેઓનું જરાક બીડાવું થાય છે અને પ્રત્યેક નિશ્વાસમાં તેઓનું જરાક ઉઘડવું થાય છે.[૨૨] જેમ અરણ્યમાં લતાનાં પાંદડાં ચલિત થતાં વાયુ ચારેકોર વૃદ્ધિ પામે છે તેમ હૃદયકમળોની પાંખડીઓ ચલિત થતાં અંદરનો વાયુ વૃદ્ધિ પામે છે.[૨૩] વૃદ્ધિ પામેલો એ વાયુ નીચે ઊંચે રહેલી નાડીઓમાં અનેક પ્રકારનાં પોતાનાં સ્થાનકો કરીને આ દેહમાં પસરે છે.[૨૪] એ હૃદયનો વાયુ એ પ્રમાણે જુદાં જુદાં ઠેકાણામાં સ્થાનકો કરીને જુદા જુદા પ્રકારની ચેષ્ટાઓ કરે છે કે જે ચેષ્ટાઓ ઉપરથી વિદ્વાન લોકોએ તેને પ્રાણ, અપાન તથા સમાન આદિ જુદાં જુદાં નામો આપેલાં છે.[૨૫] જેમ ચંદ્રના બિંબમાંથી કિરણો ઊંચે નીચે ફેલાય છે તેમ હૃદયકમળોના એ ત્રણ યંત્રોમાંથી સઘળી પ્રાણ શક્તિઓ દેહમાં ઊંચે નીચે ફેલાએલી છે.[૨૬] એ પ્રાણશક્તિઓ અન્નના રસને દેહમાં વ્યાપ્ત કરવાનેવાસ્તે જાય છે, આવે છે, ખેંચે છે, હરે છે, વિહાર કરે છે, ઊંચી ચડે છે અને નીચે પણ ઉતરે છે.[૨૭] હૃદય કમળોમાં રહેલા એ વાયુને પંડિતો ' પ્રાણ ' કહે છે, એ પ્રાણની કોઈ શક્તિ નેત્રોને ઉઘાડે મીચે છે.[૨૮] કોઈ શક્તિ સ્પર્શનું ગ્રહણ કરે છે, કોઇ શક્તિ ગંધનું ગ્રહણ કરે છે, કોઈ શક્તિ અન્નને પચાવે છે, અને કોઈ શક્તિ વચનોને બોલે છે.[૨૯] ઝાઝું શું કહું ? ટુંકામાં એટલુંજ સમજવાનું છે કે જેમ યંત્રનો સૂત્રધાર યંત્રમાં રહેલી પ્રતિમાઓ વગેરેની ચેષ્ટાઓને ઉત્પન્ન કરે છે તેમ એ મહાસમર્થ પ્રાણવાયુ શરીરમાં સઘળી ચેષ્ટાઓને ઉત્પન્ન કરે છે,[૩૦] તેમાં ઉચ્છ્વાસ અને નિશ્વાસ એ નામના બે પવનો કે જેઓ ' પ્રાણ તથા અપાન ' એ નામોથી પ્રખ્યાત છે અને પ્રકટ છે તેઓમાં ઉચ્છ્વાસ અંદરથી ઉપર આવે છે અને નિશ્વાસ ઉપરથી અંદર જાય છે.[૩૧] હે મહામુનિ ! એ બે પવનો કે જેઓ અનુક્રમે ઉષ્ણ તથા શીતલ છે, સર્વદા દેહરૂપી આકાશમાં ખેપો કર્યા કરે છે, દેહરૂપી મોટા યંત્રને ચલાવ્યા કરે છે, એમ કરતાં છતાં પણ શ્રમથી રહિતજ રહે છે, હૃદયરૂપી આકાશમાં અનુક્રમે સૂર્યનું તથા ચંદ્રનું કામ કરે છે, અનુક્રમે અગ્નિસ્વરૂપ તથા ચંદ્રસ્વરૂપ છે, શરીરરૂપી પુરનું પાલન કરનારા મનના રથના પઈડાંઓરૂપ છે અને અહંકારરૂપી રાજાના વખાણવા યોગ્ય પ્યારા ઘોડાઓરૂપ છે; તેઓની ગતિને હું સર્વદા અનુસરી રહ્યો છું. (જેમ ઉચ્છ્વાસ તથા નિશ્વાસ એઓ પાપથી અને વિષયોમાં આસક્તિથી રહિત છે તેમ પાપથી અને વિષયોમાં આસક્તિથી રહિત રહેવું અને **'समष्टिप्राणरूप હું છું '** એવી ધારણા કરવી એ તેઓની ગતિને અનુસરી રહેવું સમજવું.) હે વસિષ્ઠમુનિ ! એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉચ્છ્વાસ અને નિશ્વાસ નામના શરીરસંબંધી બે પવનો કે જેઓ શરીરની સ્થિતિપર્યંત અવચ્છિન્ન રહે છે અને જાગ્રતમાં, સ્વપ્નમાં તથા સુષુપ્તિમાં સર્વદા સમરૂપેજ રહે છે તેઓની ગતિને હું અનુસર્યા કરૂં છું; તેથી મારા દિવસો જેમ સુષુપ્તિમાં રહેલાના દિવસો વ્યતીત થાય તેમ વ્યતીત થાય છે.[૩૨-૩૬] એઓની નાડીઓમાં ગતિ વિદ્યમાન છે તોપણ કમલનાળના તંતુના એક નાના ટુકડાના હજારમા ટુકડાથી પણ અતિસૂક્ષ્મ હોવાનેલીધે માંડ જણાય એવી છે.[૩૭] હે મહાત્મા વસિષ્ઠમુનિ ! નિરંતર ચાલ્યા કરતા એ હૃદયના પવનોની ગતિ કે જે શ્રૂતિઓમાં વર્ણવેલી છે તેને અનુસરવામાં આવે તો પુરુષ મનમાં સર્વદા આનંદથીજ યુક્ત રહે છે, મૃત્યુના પાશથી મુક્ત થાય છે અને કદી પણ આ સંસારમાં ફરીવાર જન્મતો નથી.[૩૮]

अविरतगतयोर्गतिं विदित्वा हृदि मरुतोरनुसृत्य चोदितां ताम् ॥ न पुनरिह जायते महात्मन् मुदितमनाः पुरुषः प्रणष्टपाशः ॥ ३८ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'પ્રાણવિચારણ' એ નામનો ચોવીશમો સર્ગ સંપૂર્ણ. ૨૪

સર્ગ ૨૫ મો.*

પ્રાણાપાનની ગતિ અને પ્રાણાયમ ઉપાસન વિધિ

॥ श्रीवासिष्ठ उवाच ॥

इत्थं स कथयन् पक्षी पृष्टस्तत्र पुनर्मया ॥ कीदृशी प्राणवातस्य गतिरित्येव राघव॥१॥

વસિષ્ઠ ઋષિ રામચંદ્રજીને કહે છેઃ—હે રામચંદ્રજી ! એ પ્રમાણે ભાષણ કરતા તે ભુશુંડ પક્ષીને મેં ફરીવાર તે વિષયમાં પુછ્યું કે "પ્રાણવાયુની ગતિ કેવી હોય છે ?"

ભુશુંડે કહ્યું કેઃ—હે વસિષ્ઠમુનિ ! તમે સઘળું જાણતાં છતાં પણ લીલાથી મને શા માટે પૂછો છો ? આપ મને લીલાથી પૂછો છો તો પણ આપના પૂછવાથી હું ઉત્તર આપુ છું.[૧] પ્રાણની ગતિના વિષયમાં મારૂં વચન સાંભળો.[૨] એ પવન સર્વદા ચલન શક્તિવાળો છે અને સર્વદા ગતિવાળો છે. બહારના તથા અંદરના અનેક વિભાગોવાળા આ દેહમાંથી ઉપર ગતિ કરનારો જે પવન (ઉચ્છ્વાસ) છે તે પ્રાણ કહેવાય છે.[૩] બહારના તથા અંદરના અનેક વિભાગોવાળા આ દેહમાં બહારથી પાછો મ્હોડામાં પેસીને જે અંદર ગતિ કરનારો પવન (નિશ્વાસ) છે તે અપાન કહેવાય છે, એ અપાન પણ સર્વદા ચલનશક્તિવાળો અને સર્વદા ગતિવાળો છે.[૪] જાગ્રતમાં, સ્વપ્નમાં અને સુષુપ્તિમાં પણ એ ઉચ્છ્વાસનિશ્વાસોની ગતિથી યત્નવગરજ જે રીતે ઉત્તમ પ્રાણાયામ થયા કરે છે તે રીતિનું હું લોકોના કલ્યાણનેવાસ્તે નિરૂપણ કરૂં છું, સાંભળો.[૫] કશો યત્ન કર્યાવગર પોતાની મેળેજ હૃદયકમળોના કોતરોમાંથી પવન ઉચ્છ્વાસરૂપે બહાર નિકળવામાં ઉન્મુખ થાય છે જેથી અંદરનું આકાશ ખાલી થાય છે તેને ધીર પુરૂષો રેચક પ્રાણાયામ કહે છે.[૬] ઉચ્છ્વાસ મ્હોડા વગેરેમાંથી બહાર નીકળી નીચે બાર અંગુલ સુધીના પ્રદેશને દબાવે છે કે જેથી બહારના આકાશનો પ્રદેશ પૂરાઇ જાય છે તેને ધીર પુરુષો પૂરક પ્રાણાયામ કહે છે.[૭] એવી રીતે બહારથી યત્નવગરજ નિશ્વાસ અંદર પેસતાં તેથી અંદરના આકાશનો પ્રદેશ પૂરાઇ જાય છે તેને પણ ધીર પુરુષો પૂરકપ્રાણાયમ કહે છે.

* આ પચીશમા સર્ગમાં ઉચ્છ્વાસની તથા નિશ્વાસની ગતિઓમાં રેચકઆદિ પ્રાણાયામોની કલ્પના કરવામાં આવશે અને એ બન્ને પવનનો જેમાંથી જન્મ થાય છે તથા જેમાં લય થાય છે તે બ્રહ્મનું પણ વર્ણન કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહારથી અંદર આવેલો નિશ્વાસ અસ્ત પામ્યા પછી જ્યાંસુધીમાં ઉચ્છ્વાસ હૃદયમાં ઉદય પામ્યો ન હોય ત્યાંસુધીની અવસ્થા કુંભક કહેવાય છે કે જે યોગિઓના અનુભવમાં આવે છે.[૯] બહાર પણ રેચક, કુંભક અને પૂરક એ રીતે અયત્નસિદ્ધ પ્રાણાયામની ત્રણ અવસ્થાઓ થાય છે. નાસિકાના અગ્રથી બહારનો બાર અંગુલ સુધીનો નીચેનો પ્રદેશ કે જે નિશ્વાસના ઉદયનું સ્થાનક છે તેમાં પણ સર્વદા યત્નવગરજ પૂરક, કુંભક તથા રેચક નામના ત્રણ સ્વભાવો થવાનું વિદ્વાન લોકોએ જે કહ્યું છે તેનું નિરૂપણ કરૂં છું તે સાંભળો.[૧૦,૧૧] બાર અંગુલના પ્રદેશના છેડામાંથી જે નિશ્વાસ નામનો પવન ઉદય પામે છે તે પવનની તે બહારના પ્રદેશમાં થતી પૂરક આદિ અવસ્થાઓનું નીચે પ્રમાણે ચિંતન કરવું. નાસિકાના અગ્રથી બહાર બાર અંગુલ સુધીના નીચેના આકાશમાં જે બારમા અંગુલનો છેડો નાસિકાના અગ્રની સામો હોય છે તેમાં માટીની અંદર રહેલા પણ નહિ ઉત્પન્ન થએલા ઘડાની પેઠે નિશ્વાસની જે સ્થિતિ હોય છે તેને વિદ્વાનો કુંભક કહે છે.[૧૨-૧૩] હૃદયમાંથી બહાર નીકળતા ઉચ્છ્વાસની નાસિકાના અગ્રપર્યંત જે ગતિ થાય છે તેને યોગી લોકો પહેલો બાહ્યપૂરક કહે છે અને નાસિકાના અગ્રમાંથી નિકળેલા ઉચ્છ્વાસની બાર અંગુલ સુધીના પ્રદેશમાં જે ગતિ થાય છે તેને યોગી લોકો બીજો બાહ્યપૂરક કહે છે.[૧૪,૧૫] ઉચ્છ્વાસ નાસિકના અગ્રમાંથી બહાર નીકળી બાર અંગુલને છેડે અસ્ત પામ્યા પછી જ્યાં સુધીમાં નિશ્વાસ ઉદય પામ્યો ન હોય ત્યાં સુધીમાં પૂર્ણ સ્થિતિવાળો કુંભક થાય છે એમ યોગીઓ કહે છે.[૧૬] નિશ્વાસનું નીચે બારમા અંગુલના છેડામાં ચલનથી પહેલા ક્ષણમાં જે ચલનમાં ઉન્મુખપણું થાય છે તેને યોગીઓ બાહ્ય રેચક કહે છે.[૧૭] નિશ્વાસનું બારમા અંગુલના છેડામાંથી ઉઠીને જે પુષ્ટરૂપપણું થાય છે તેને યોગીઓ અપાનનો બીજા પ્રકારનો પૂરક કહે છે.[૧૮] આ ઉચ્છ્વાસના તથા નિશ્વાસના બહાર તથા અંદર જે નિરંતર કુંભક આદિ સ્વભાવો થયા કરે છે તેઓની ઉપાસના કરવામાં આવે તો ફરીવાર જન્મ થતો નથી. હે મોટી બુદ્ધિવાળા વસિષ્ઠ મુનિ ! મેં દેહના, પવનોના જે આ દશ સ્વભાવો કહ્યા તેઓનું રાતદિવસ અનુસંધાન કરવાથી મુક્તિ પ્રાપ્ત થાય છે.[૧૯,૨૦] સ્વાભાવિક રીતે અત્યંત ચંચલતાવાળા આ દશ સ્વભાવોના સ્મરણનો ચાલતાં, બેસતાં, જાગતાં અને સૂતાં પણ અભ્યાસ રાખવામાં આવે તો સમય પ્રાપ્ત થતાં પવનના ચલનનો નિરોધ પણ કરી શકાય છે.[૨૧] આ કુંભક આદિ સ્વભાવોનું બુદ્ધિથી સારી પેઠે સ્મરણ રાખવામાં આવે તો જે કાંઇ કરવામાં આવે કે જે કાંઇ ભોગવવામાં આવે તેમાં પોતાને કશું કર્ત્તા-ભોક્તાપણું પ્રાપ્ત થતું નથી.[૨૨] આ પ્રાણચિંતનના કામમાં આસક્ત રહેનારૂં મન બહારના વિષયોને પોતાની મેળેજ છોડતું જાય છે, તેથી કેટલેક દિવસે પોતાની મેળેજ કેવળપદની પ્રાપ્તિ થાય છે.[૨૩,૨૪] જેમ બ્રાહ્મણ કૂતરાના ચામડાના વાસણમાં ભરેલા દૂધ વગેરેમાં રુચિ કરતો નથી તેમ આ પ્રાણચિંતનનો અભ્યાસ કરનારા પુરુષનું મન બહારના વિષયોમાં રુચિ કરતું નથી.[૨૫] જે વિદ્વાનો આ પ્રાણચિંતનનો અભ્યાસ રાખીને રહે છે તેઓ શોકથી રહિતજ થઇ ચૂક્યા છે અને જે કાંઈ પામવાનું છે તેને સંપૂર્ણરીતે પામી ચુક્યા છે એમ સમજવું. બેસતાં, ચાલતાં, ઉભતાં, સુતાં અને જાગતાં પ્રાણચિંતનનો અભ્યાસ રાખવામાં આવે તો બંધન પ્રાપ્ત થતું નથી.[૨૬] પ્રાણચિંતનના અભ્યાસથી જેઓને બોધ પ્રાપ્ત થયો હોય છે એવા પુરુષોનું મલોથી તથા મો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હથી રહિત થએલું ચિત્ત સ્વસ્થ થઇને પ્રત્યગાત્મામાંજ રહે છે.[૨૭] યોગી પ્રાણચિંતન કરવાના પ્રભાવથી સારી પેઠે સ્વસ્થ થઇને સુખી રહે છે.[૨૮] હે વસિષ્ઠ મુનિ ! હૃદયમાં રહેલા કમલપત્રમાંથી પ્રાણનો ઉચ્છ્વાસનો ઉદય થાય છે અને એ પ્રાણ બહાર નીકળીને બાર અંગુલના પ્રદેશના છેડામાં અસ્ત પામે છે.[૨૯] અપાનનો (નિશ્વાસનો) ઉદય બહારના બારમા અંગુલના છેડામાંથી થાય છે અને હૃદયમાં રહેલા કમળમાં તેનો અસ્ત થાય છે.[૩૦] બારમા અંગુલના છેડા સુધીના આકાશમાં જ્યાં પ્રાણ અસ્ત પામે છે ત્યાંથી તરતજ અપાન ઉદય પામે છે.[૩૧] પ્રાણ અગ્નિની શિખાની પેઠે બહારના આકાશ તરફ ચાલ્યા કરે છે અને અપાન હૃદયના આકાશ તરફ નીચા પ્રદેશમાં જલની પેઠે ચાલ્યા કરે છે.[૩૨] અપાનરૂપ ચંદ્રમા બહારથી આવીને દેહને તૃપ્ત તથા શીતલ કરે છે અને પ્રાણરૂપ સૂર્ય અથવા અગ્નિ શરીરના અંદરના ભાગને તપાવે છે.[૩૩] પ્રાણરૂપ ઉત્તમ સૂર્ય પ્રત્યેક ક્ષણમાં હૃદયના આકાશને તપાવીને પછી મ્હોડાના અગ્રરૂપ આકાશને તપાવે છે.[૩૪] અપાનરૂપ ચંદ્રમા મ્હોડાના અગ્રને ભીંજવી દઇને પછી તરતજ હૃદયના આકાશને ભીજવી દે છે.[૩૫] અપાનરૂપ ચંદ્રના છેલ્લા ભાગને પ્રાણરૂપી સૂર્ય જે ઠેકાણે (હાર્દબ્રહ્મમાં) ગળી જાય છે તે પદને પામીને ફરીવાર શોક કરવો પડતો નથી.[૩૬] પ્રાણરૂપ સૂર્યના છેલ્લા ભાગને અપાનરૂપી ચંદ્રમા જે ઠેકાણે (બારમા અંગુલના છેડાના આકાશરૂપ બ્રહ્મમાં)ગળી જાય છે તે પદને પામીને મનુષ્યને પાછો જન્મ પ્રાપ્ત થતો નથી.[૩૭] પ્રાણજ અંદરના તથા બહારના આકાશમાં સૂર્યપણાને પામીને પાછો પોતેજ આહ્લાદ આપનારા ચંદ્રપણાને પ્રાપ્ત થાય છે[૩૮] અને એ પ્રાણજ શરીરને આહ્લાદઆપનારા ચંદ્રપણાને છોડી દઇને ક્ષણમાત્રમાં શોષણ કરનારા સૂર્યપણાને પ્રાપ્ત થાય છે. અર્થાત્ પ્રાણપણું અને અપાનપણું એઓ એક પવનનાજ ધર્મો છે.[૩૯] પ્રાણ ઉષ્ણપણાને છોડીને જ્યાંસુધી શીતપણાને ન પામ્યો હોય ત્યાંસુધીની સંધિની અવસ્થામાં દેહથી બહાર પ્રાણનો લય થવાનેલીધે આત્માના નિર્દેહપણું, નિષ્ક્રિયપણું અને મનરહિતપણું ઇત્યાદિ વાસ્તવિક સ્વભાવો વિચારી શકાય છે અને એ વિચારનેલીધે દેશ-કાલના પરિચ્છેદ વગરના આત્મામાંપ્રતિષ્ઠા પામેલા યોગીને શોક કરવો પડતો નથી.[૪૦] હૃદયની અંદર જેમાં પ્રાણના તથા અપાનના નિત્ય ઉદય-અસ્તો થયા કરે છે એવું જે મનનું અધિષ્ઠાન (બ્રહ્મ) છે તે જો જાણવામાં આવે તો મન ફરીવાર ઉત્પન્ન થતું નથી.[૪૧] હૃદયમાં પ્રાણના, અપાનના, તેઓના ઉદય-અસ્તોના અને તેઓના જવાના અધિષ્ઠાનભૂત જે સ્વયંપ્રકાશ દેવ (આત્મા) છે તેને દેખનારા પુરૂષને દેખતો સમજવો. બીજા પુરૂષોને તો અંધજ સમજવા.[૪૨] બહારનો અંધકાર ક્ષીણ થાય અથવા ન થાય તોપણ તેથી કશું થતું નથી માટે હૃદયના અંધકારનોજ ક્ષય કરવો જોઈએ કે જેથી મુક્તિ પ્રાપ્ત થાય છે.[૪૩] બહારનો અંધકાર ક્ષીણ થાય તો કેવલ જગતનોજ પ્રકાશ થાય છે પણ જો હૃદયનો અંધકાર ક્ષીણ થાય તો આત્મસ્વરૂપનો પ્રકાશ થાય છે.[૪૪] જેથી હૃદયના અંધકારનો ક્ષય થાય છે તે વસ્તુને જાણવાથી મુક્તિ પ્રાપ્ત થાય છે. પ્રથમ યત્નપૂર્વક પ્રાણરૂપી સૂર્યના ઉદયનું અને અસ્તનું અવલોકન કરવું જોઇએ.[૪૫] હૃદયકમલની કોતરમાં જ્યાં અપાનરૂપી ચંદ્ર અસ્ત પામે છે તેજ સ્થાનકમાંથી બહાર તરફ ઉન્મુખતાવાળો પ્રાણરૂપી સૂર્ય ઉદય પામે છે.[૪૬] જેમ છાયા અસ્ત પામતાં તેજ સ્થલમાં તુરત તડકો ઉદય પામે છે તેમ અપાન અસ્ત પામતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેજ સ્થલમાંથી (હૃદયકમલમાંથી) પ્રાણ ઉદય પામે છે.[૪૭] જેમ તડકો ચારેકોર નષ્ટ થતાં તરતજ છાયા ઉદય પામે છે તેમ પ્રાણ બહારના પ્રદેશમાં અસ્ત પામતાં,ક્ષણમાત્રમાં અપાન ઉદય પામે છે.[૪૮] હે મહામુનિ ! પ્રાણની જન્મભૂમિમાં અપાન નષ્ટ થાય છે અને અપાનની જન્મભૂમિમાં પ્રાણ નષ્ટ થાય છે એમ સમજો.[૪૯] પ્રાણ અસ્ત પામતાં અને અપાન ઉદય પામવામાં ઉન્મુખ થતાં બહારના પ્રદેશમાં જે કુંભક થાય છે તેનું લાંબા કાળસુધી અવલંબન કરવામાં આવે એટલે અપાનનું ઉદયમાં ઉન્મુખપણુંજ રોકવામાં આવે તો ફરીવાર શોક કરવો પડતો નથી.[૫૦] અપાન અસ્ત પામતાં અને પ્રાણ ઉદય પામવામાં ઉન્મુખ થતાં અંદરના પ્રદેશમાં જે કુંભક થાય છે તેનું લાંબા કાળ સુધી અવલંબન કરવામાં આવે એટલે પ્રાણનું ઉદય પામવામાં ઉન્મુખપણુંજ રોકવામાં આવે તો ફરીવાર શોક કરવો પડતો નથી.[૫૧] અપાનના ઉદયના સ્થાનથી દૂર ભાગમાં પ્રાણનો જે રેચક થાય છે તેનો ટેકો લઇ પ્રાણને નિઃશેષ ખાલી કરી નાંખતાં સ્વચ્છ કુંભકનો અભ્યાસ કરવામાં આવે તો ફરીવાર પરિતાપ પ્રાપ્ત થતો નથી.[૫૨] અપાન બહારના પ્રદેશને ખાલી કરીને અંદર પેસતાં પ્રાણની ગતિથી પહેલાં દેહની અંદર જે પૂરક થાય છે તેની ઉપાસના કરવામાં આવે તો પણ ફરીવાર જન્મ લેવો પડતો નથી.[૫૩] પ્રાણ અને અપાન એ બન્ને જેની અંદર લય પામે છે તે શાંત આત્મારૂપ પદનું અવલંબન કરવામાં આવે તો ફરીવાર પરિતાપ પ્રાપ્ત થતો નથી.[૫૪] અપાન પ્રાણનું ભક્ષણ કરી જવામાં ઉન્મુખ થતાં અથવા પ્રાણ અપાનનું ભક્ષણ કરી જવામાં ઉન્મુખ થતાં એટલે બહાર અથવા અંદર તેઓની સંધિની અવસ્થામાં દેશ-કાલાદિક સઘળું ચૈતન્ય માત્ર થઈ જાય છે તેનું અનુસંધાન કરવામાં આવે તો ફરીવાર શોક કરવો પડતો નથી અને મન ફરીવાર ઉત્પન્નજ થતું નથી.[૫૫-૫૬] જે અંદરના સ્થલમાં પ્રાણ અપાનને ગળી જાય છે અથવા જે બહારના સ્થલમાં અપાન પ્રાણને ગળી જાય છે તે બન્ને સ્થલમાં દેશ તથા કાળ નષ્ટ થઈ જાય છે તેનો વિચાર કરી જુવો. પ્રાણનો અસ્ત થયા પછી અપાનના ઉદય વગરનો જે ક્ષણ રહે છે તે અયત્નસિદ્ધ બહારનો ઉત્તમ કુંભક છે અને અપાનનો અસ્ત થયા પછી પ્રાણના ઉદય વગરનો જે ક્ષણ રહે છે તે અયત્નસિદ્ધ અંદરનો ઉત્તમ કુંભક છે એમ યોગીઓએ નિશ્ચય કર્યો છે. એ કુંભકજ આત્માનું રૂપ છે, એ કુંભકજ શુદ્ધ પરમ ચૈતન્ય છે, એ કુંભકજ સર્વના અધિષ્ઠાનરૂપ છે અને એ કુંભકને પામીનેજ ફરીવાર શોક કરવો પડતો નથી.[૫૭-૬૦] જેમ પુષ્પની અંદર સુગંધ રહે છે તેમ પ્રાણની અંદર રહેલા (પ્રાણના અધિષ્ઠાનરૂપ) અને પ્રાણથી પણ રહિત તથા અપાનથી પણ રહિત એવા ચૈતન્યરૂપ આત્માની ઉપાસના કરીએ છીએ.[૬૧] જેમ જલની અંદર રસ રહે છે તેમ અપાનની અંદર રહેલા (અપાનના અધિષ્ઠાનરૂપ) અને પ્રાણથી પણ રહિત તથા અપાનથી પણ રહિત એવા ચૈતન્યરૂપ આત્માની ઉપાસના કરીએ છીએ.[૬૨] ચિદાત્મા કે જે પ્રાણના ક્ષયના તથા અપાનના ક્ષયના પણ છેડામાં રહેલ છે અને પ્રાણના તથા અપાનના મધ્યરૂપ પણ છે તેનું અનુસંધાન કરીએ છીએ.[૬૩] ચિદાત્મા કે જે પ્રાણના પણ પ્રાણરૂપ છે, જીવના પણ પરમ જીવનરૂપ છે અને દેહાદિકને પોતામાં સ્થિતિ આપનાર છે તેનું અનુસંધાન કરીએ છીએ.[૬૪] ચિદાત્મા કે જે વાસ્તવિક સત્ય છે, મનના પણ મનરૂપ છે, બુદ્ધિના પણ બુદ્ધિરૂપ છે અને અહંકારના પણ અહંકારરૂપ છે તેનું અનુસંધાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરીએ છીએ.[૬૫] જેમાં સઘળું રહ્યું છે, જેથી સઘળું થયું છે, જે સઘળારૂપ છે, જે સર્વ સ્થલમાં રહેલ છે અને જે સર્વમય છે તથા નિત્ય છે તે ચૈતન્યતત્ત્વનું અનુસંધાન કરીએ છીએ.[૬૬] ચૈતન્યતત્ત્વ કે જે પ્રકાશના પણ પ્રકાશરૂપ છે, પવિત્ર છે, સઘળી પવિત્ર વસ્તુઓને પણ પવિત્ર કરનાર છે અને મન તથા બુદ્ધિ આદિ વિકારો થતાં પણ પોતાના સ્વભાવમાંથી ભ્રષ્ટ થતુંજ નથી તેનું અનુસંધાન કરીએ છીએ.[૬૭] જે ચૈતન્યતત્ત્વ અપાન અસ્ત પામતાં પ્રાણ ઉદય ન પામ્યો હોય તે ક્ષણમાં દેશકાલાદિકની કલ્પનાઓરૂપી કલંકથી રહિત પ્રતીત થાય છે તેનું અનુસંધાન કરીએ છીએ.[૬૮] જે ચૈતન્યતત્ત્વ પ્રાણ અસ્ત પામતાં અપાન ઉદય ન પામ્યો હોય તે ક્ષણમાં અર્થાત્ સંધિકાલમાં નિરૂપાધિક જણાઇ રહે છે તેનું અનુસંધાન કરીએ છીએ. ચૈતન્યતત્ત્વ કે જેમાં પ્રાણનો પણ અસ્ત થાય છે, અપાનનો પણ અસ્ત થાય છે અને જેમાં પ્રાણ કે અપાન મુદ્દલ ઉત્પન્નજ થયા નથી તેનું અનુસંધાન કરીએ છીએ.[૬૯] અંદર રહેલું પ્રાણનું ઠેકાણું તથા બહાર રહેલું અપાનનું ઠેકાણું કે જેઓ યોગીઓને વિચારના સ્થાનકરૂપ છે તેઓના અધિષ્ઠાનભૂત ચૈતન્યતત્ત્વનું અનુસંધાન કરીએ છીએ.[૭૦] જે ચૈતન્યતત્ત્વ પ્રાણ નામની તથા અપાન નામની ઉપાધિઓરૂપ રથમાં ચડેલું છતાં સર્વદા અપરિચ્છિન્ન છે, સર્વદા પ્રાણની શોષણ કરવાની તથા અપાનની આહ્લાદ કરવાની શક્તિરૂપ છે અને એવીજ રીતે સઘળાં કારણોની શક્તિરૂપ છે તેનું અનુસંધાન કરીએ છીએ.[૭૧] જે ચૈતન્યતત્ત્વરૂપ દેવ હૃદયમાં તથા બહાર પ્રાણના અને અપાનના કુંભકરૂપ છે અને રેચકરૂપે તથા પૂરકરૂપે વિવર્ત્ત પામે છે તેનું અનુસંધાન કરીએ છીએ.[૭૨] જે ચૈતન્યતત્ત્વ પ્રાણના તથા અપાનના ચલનમાં નિમિત્તભૂત છે, તેઓની સત્તારૂપ તથા સ્ફુરણરૂપ છે, સઘળાં રૂપોથી રહિત છે અને પ્રાણના ચિંતનથી પ્રાપ્ય છે તેનું અનુસંધાન કરીએ છીએ.[૭૩] જે ચૈતન્યતત્ત્વ પ્રાણવાયુના ચલનરૂપ છે, ઇંદ્રિયોની વિષયોમાં ગતિના તથા વિષયોના ઉપભોગના કારણરૂપ છે અને સઘળાં કારણોના પણ કારણરૂપ છે તેનું અનુસંધાન કરીએ છીએ.[૭૪] જે સર્વોત્તમ મુખ્ય પદ સઘળી કલ્પનાઓરૂપી કલંકોથી રહિત છે, આરોપની દૃષ્ટિથી જોતાં સર્વદા સઘળી કલ્પનાઓથી વ્યાપ્ત છે, યથાર્થ અનુભવરૂપ નિરતિશય ઐશ્વર્યવાળું છે અને જેને સઘળા દેવતાઓ પણ પ્રણામ કરે છે એવું છે તેનું હું સર્વદા ઉપાસન કરૂં છું.[૭૫]

यदखिलकलनाकलङ्कहीनं परिवालितं च सदा कलागणेन ॥ स्वनुभवविभवं पदं तदग्न्यं सकलसुरप्रणतं परं प्रपद्ये ॥ ७५ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'સમાધિવર્ણન' એ નામનો પચીશમો સર્ગ સંપૂર્ણ. ૨૫.

सर्ग २६ मो.*

ભુશુંડ ચિરંજિવી હોવાનાં કારણો

॥ भुशुंड उवाच ॥

एषा हि चित्तविश्रांतिर्मया प्राणसमाधिना ॥ क्रमेणानेन संप्राप्ता स्वयमात्मनि निर्मले ॥ १ ॥

ભુશુંડ કહે છેઃ—હે વસિષ્ઠ મુનિ ! મેં આ ક્રમથી પ્રાણચિંતન કરીને તેના પ્રભાવથી પોતાની મેળે નિર્મલ આત્મમાં ચિત્તની વિશ્રાંતિ મેળવી છે.[૧] એ વિશ્રાંતિનો આશ્રય લઇને રહ્યો છું તેથી મેરુપર્વતનું ચલન થતાં પણ ક્ષણમાત્ર પણ હું ચલિત થતો નથી.[૨] જતાં, ઉભતાં, જાગતાં અને સૂતાં પણ મારી એ આત્મામાં

* આ છવીશમા સર્ગમાં ભુશુંડ પોતાના ચિરંજીવિપણાનાં કારણો કહી સંભળાવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિત્તની વિશ્રાંતિરૂપ સમાધિ કદી પણ ચલિત થતી નથી.[3] ચંચલ અને ઇષ્ટ અનિષ્ટરૂપ જગતની સ્થિતિઓ ગમે તેવી પ્રાપ્ત થતાં છતાં પણ હું નિર્વિક્ષેપજ રહું છું, અંતર્મુખજ રહું છું અને સ્વચ્છંદપણે પોતાથી પોતામાંજ રહું છું.[4] કોઇ સમયે સઘળા જગતનો વાયુ રોકાઇ જતાં પણ અને ગંગા આદિ મહાનદીઓના પ્રવાહો અટકી જતાં પણ આ સમાધિનો ભંગ થયો હોય તેનું મને સ્મરણ નથી.[5] હે મહા તપસ્વી ! ઉચ્છ્વાસ તથા નિશ્વાસની ગતિને અનુસરવાથી અને પરમાત્માના અવલોકનથી હું શોક વગરના આદ્ય-પદને પામેલો છું.[6] મહાપ્રલયથી માંડીને પ્રાણીઓની જે જે ઉથલ-પાથલો થયાં કરે છે તેઓને ધીરજથી જોયા કરતો હું આજ દિવસસુધી જીવું છું.[7] હું કદી પણ ભૂતનું કે ભવિષ્યનું ચિંતન કરતો નથી; પણ મનથી કેવળ વર્તમાન સ્વભાવવાળું અખંડિત સાક્ષીપણું રાખીને રહ્યા કરૂં છું.[8] આવી પડેલાં આવશ્યક કાર્યોમાં પણ કોઇ જાતની ફળની ઇચ્છા નહિ રાખતાં નિરભિમાનપણાને લીધે કેવળ સુષુપ્ત જેવી બુદ્ધિથી પ્રવર્ત્તુંછું.[9] ઉદય-અસ્તોથી ભરેલી તથા અનેક કર્ત્તવ્ય—અકર્ત્તવ્યોવાળી આ સંસારની ચિંતાને ચિંતાને ત્યાજ્ય ગણીને હું આત્મામાંજ રહું છું અને નિરુપદ્રવપણે લાંબા કાળથી જીવ્યા કરૂં છું.[10] ઉચ્છ્વાસની તથા નિશ્વાસની સંધિમાં સ્પષ્ટ પ્રકાશતા બ્રહ્મનુંજ અનુસંધાન કર્યા કરતો હું પોતાની મેળે પોતામાંજ સંતુષ્ટ રહું છું અને નિરુપદ્રવપણે લાંબા કાળથી જીવ્યા કરૂં છું.[11] 'આજ મને આ મળ્યું અને હવે પછી અમુક ઉત્તમ વસ્તુ મેળવીશ' એવી રીતની ચિંતા મને કદી પણ થતી નથી, તેથી હું લાંબો કાળ થયા નિરુપદ્રવપણે જીવ્યા કરૂં છું.[12] હું પોતાના અથવા પરાયા કોઈ પદાર્થને ક્યાંય કદી પણ વખાણતો નથી કે નિંદતો પણ નથી, તેથી લાંબા જીવનને પામ્યો છું.[13] સર્વદા મારૂં મન સમતામાંજ રહેનારૂં હોવાને લીધે સુખની પ્રાપ્તિમાં રાજી થતું નથી અને દુઃખની પ્રાપ્તિમાં ખેદ પણ પામતું નથી, તેથી હું લાંબા જીવનને પામ્યો છું.[14] સર્વદા સઘળી રીતે પરમ ત્યાગનું અવલંબન કરીને મેં જીવનના અભિનિવેશ વગેરેને પણ છોડી દીધેલ છે તેથી હું ચિરંજીવિપણાને પ્રાપ્ત થયો છું.[15] હે વસિષ્ઠ મુનિ ! મારૂં મન ચપલતાથી રહિત છે, શોક વગરનુંજ રહે છે, સ્વસ્થ છે, સમાહિત છે અને શાંત છે, તેથી હું નિરુપદ્રવપણે જીવું છું.[16] હું સર્વ સ્થલમાં કાષ્ઠને, સ્ત્રીને, પર્વતને, ખડને, અગ્નિને, હિમને અને આકાશને બ્રહ્મરૂપજ દેખું છું, તેથી નિરુપદ્રવપણે જીવું છું.[17] 'આજ મને શું મળ્યું અને પાછું સવારે મને શું મળશે' એવી રીતનો ચિંતારૂપી જ્વર મને નથી તેથી હું નિરુપદ્રવપણે જીવું છું.[18] જરાથી, મરણથી અને દુઃખથી હું બ્હીતો નથી અને રાજ્યની પ્રાપ્તિ જેવાં સુખોથી રાજી પણ થતો નથી તેથી નિરુપદ્રવપણે જીવું છું.[19] હે વસિષ્ઠ મુનિ ! 'આ બંધુ છે, આ શત્રુ છે, આ મારો છે અને આ પારકો છે' એવી રીતનું હું કાંઇ જાણતો નથી તેથી લાંબો કાળ થયાં જીવું છું અને રોગાદિકથી પણ રહિત છું.[20] ચૈતન્ય કે જે સર્વરૂપ છે, સર્વ પદાર્થોના અધિષ્ઠાનરૂપ છે, આદિથી તથા અંતથી રહિત છે અને નિર્દુઃખ છે તે હું છું એમ જાણું છું તેથી નિરુપદ્રવપણે જીવું છું.[21] હું આહાર કરતાં, વિહાર કરતાં, બેસતાં, ઉઠતાં, ઉચ્છ્વાસ લેતાં કે સૂતાં પણ 'હું દેહ છું' એમ જાણતો નથી તેથી ચિરંજીવી છું.[22] સુષુપ્તની પેઠે રહેલો હું આ સંસાર સંબંધી કાર્યને 'જાણે નજ હોય' એવું જાણું છું તેથી નિરુપદ્રવપણે જીવું છું.[23] પોતપોતાના સમય પ્રમાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાપ્ત થએલા અર્થ અને અનર્થ એઓને શરીરમાં રહેલા બે હસ્તોની પેઠે સમાનજ ગણું છું તેથી નિરુપદ્રવપણે જીવું છું.[૨૪] ચલિત ન થાય એવી મનની સ્થૈર્યશક્તિથી અને સર્વ પ્રાણીઓને પોતા સમાન જોવારૂપ સર્વોત્તમ સ્નિગ્ધ દૃષ્ટિથી સર્વ સ્થલમાં સરલ રીતેજ જોયાં કરૂં છું તેથી નિરુપદ્રવપણે જીવું છું.[૨૫] અહંકારરૂપી કાદવને છોડી દેવાનેલીધે પગથી તે માથાસુધીના આ દેહમાં મને મમતા નથી તેથી મોજમજામાં જીવું છું. હું જોકે શરીરથી કર્તા-ભોક્તા છું તોપણ જે કરૂં છું તથા જે ભોગવું છું તેમાં અહંતા-મમતાને છોડી દેવાથી મારૂં મન અકર્તાપણાને અને અભોક્તાપણાને સ્વીકારે છે તેથી હું નિશ્ચિતપણે જીવું છું.[૨૬-૨૭] હે વસિષ્ઠ મુનિ! હું જ્યારે જ્યારે કાંઈક જાણું છું ત્યારે ત્યારે પણ મારી બુદ્ધિ ઉદ્ધતપણાને પ્રાપ્ત થતી નથી તેથી હું નિરુપદ્રવપણે જીવું છું.[૨૮] હું સમર્થ છતાં પણ કોઇને દબાવતો નથી, કોઇએ પરિતાપ કર્યા છતાં પણ સહનશીલપણાને લીધે ખેદ ધરતો નથી અને દરિદ્ર છતાં પણ કશું ઇચ્છતો નથી તેથી નિરુપદ્રવપણે જીવું છું.[૨૯] આ શરીર કે જે ચેતન જેવું જણાય છે તેમાં પણ ચિદાત્મા ઉપરજ દૃષ્ટિ રાખું છું અને તે ચિદાત્મા સર્વ પ્રાણીઓમાં સમાન હોવાનેલીધે હું સર્વ પ્રાણીઓના આત્મારૂપ થઇને સર્વપ્રાણીઓને પોતાના શરીર જેવાં જોઉં છું તેથી નિરુપદ્રવપણે જીવું છું.[૩૦] હું સમાહિત રહીને, આશાઓરૂપી પાશોથી પ્રેરાએલી ચિત્તની વૃત્તિને અંદર પ્રવેશ કરવાજ દેતો નથી તેથી નિરૂપદ્રવપણે જીવું છું.[૩૧] હું બંહારના વિષયોમાં સુષુપ્ત જેવો રહીને જગતને મિથ્યાભૂત ધાર્યા કરૂં છું અને હૃદયમાં જાગતો રહીને આત્માની સત્તાને હસ્તામલકની પેઠે જોયા કરૂં છું તેથી ચિરંજીવી છું.[૩૨] જીર્ણ થએલાને, ત્રુટેલાને, શિથિલને, ક્ષીણને, ક્ષોભ પામેલાને અને ક્ષય પામેલાને પણ હું નિર્વિકાર આત્મતત્ત્વ માત્રજ દેખું છું તેથી નિરુપદ્રવપણે જીવું છું.[૩૩] લોકોને સુખીયા દેખીને સુખિત થાઉં છું, દુઃખિયા દેખીને દુઃખિત થાઉંછું અને સર્વના પ્રિય મિત્ર જેવો થઇને રહું છું તેથી નિરુપદ્રવપણે જીવું છું.[૩૪] વિપત્તિના સમયમાં અચલ ધૈર્યવાળો રહું છું, સંપત્તિના સમયમાં સઘળા જગતનો મિત્ર રહું છું અને ગમે તેવા ઉદયાસ્તે થતાં પણ અભિનિવેશથી રહિતજ રહું છું તેથી નિરુપદ્રવપણે જીવ્યા કરૂં છું.[૩૫] હું દેહ નથી બીજો કોઈ મારો નથી અને હું બીજા કોઇને નથી' એવા પ્રકારની ભાવના મને નિરંતર રહ્યા કરે છે તેથી હું નિરુપદ્રપણે જીવું છું.[૩૬] "જગત્ હું છું, આકાશ હું છું, દેશ હું છું કાલ હું છું, અને ક્રિયા પણ હું છું" એવા પ્રકારની મને સર્વાત્મબુદ્ધિ પણ રહે છે તેથી હું નિરુપદ્રવપણે જીવુંછું.[૩૭] 'ઘડો ચૈતન્ય છે, વસ્ત્ર ચૈતન્ય છે, આકાશ ચૈતન્ય છે, વન ચૈતન્ય છે, ગાડું ચૈતન્ય છે અને જે કાંઇ છે સઘળું ચૈતન્ય છે' એવી રીતનો મારો ભાવ તેથી હું નિરુપદ્રવપણે જીવું છું.[૩૮] હે મુનિઓમાં ઉત્તમ વસિષ્ઠ ઋષિ! ત્રૈલોક્યરૂપી કમળમાં ભ્રમરની પેઠે રહેલો હું ભુશુંડ નામનો કાગડો ઉપર કહેલાં કારણોથી ચિરંજીવિ રહ્યો છું.[૩૯] આ ત્રૈલોક્યરૂપી તરંગ કે જે બ્રહ્મરૂપી સમુદ્રમાં ઉછળે છે, ઉત્પત્તિ વૃદ્ધ તથા અપક્ષય આદિ પ્રતિઘાતોને લીધે વિચિત્ર રૂપોવાળો થયા કરે છે, વારંવાર ઊંચો થઇ થઇને બેસી જાય છે અને ભમનારાં તથા સાક્ષીના દૃશ્યરૂપ મા- વગરેનો દૃશ્ય છે તેને વ્યુત્થાનકાલમાં જોયા કરી અને સમાધિકાલમાં તથા પ્રલયકાલમાં લીન કરી નાંખતો હું લાંબા કાળથી અહીં રહ્યો છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ब्रह्मार्णवे विलुलितं त्रिजगत्तरंगमुत्पादनाद्यभिभवेन विभिन्नरूपम् ॥ आलीन मुन्नमितमाकुलदृश्यदृश्यमालोकयन् प्रकलयंश्च चिरं स्थितोऽस्मि ॥ ४० ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'ચિરંજીવિતહેતુકથન' એ નામનો છવીસમો સર્ગ સંપૂર્ણ. ૨૬

સર્ગ ૨૭ મો.*

ભુશુંડના આખ્યાનની સમાપ્તિ

॥ भुशुंड उवाच ॥

एतत्ते कथितं ब्रह्मन् यथास्मि यदि हास्मि च।
त्वदाज्ञामात्रसिध्यर्थं धाष्टर्येन ज्ञानपारग ॥१॥

ભુશુંડ કહે છેઃ—જ્ઞાનના પારને પહોંચેલા હે વસિષ્ઠ મુનિ! હું જે પ્રકારથી જીવું છું અને વાસ્તવિક રીતે જે છું એ સઘળું કેવલ તમારી આજ્ઞાને પાળવાવાસ્તે મેં ધીરપણાથી તમને કહી સંભળાવ્યું.[૧]

વસિષ્ઠ કાક ભુશુંડને કહે છેઃ—હે મહારાજ! તમે પોતાનો વૃત્તાંત જે પ્રકટ કર્યો તે અતિવિચિત્ર છે, અમારા જેવાને કાનના આભરણરૂપ છે અને અત્યંત વિસ્મય આપનાર છે.[૨] આપ કે જે મહાત્મા છો, અત્યંત ચિરંજીવી છો અને તેથી બીજા બ્રહ્મા હોય એવા છો તેમનાં જેઓને દર્શન મળે તેઓ પણ ભાગ્યશાળી ગણાય[૩] અને તેઓની દૃષ્ટિઓ પણ ભાગ્યશાળી ગણાય. બુદ્ધિને પવિત્ર કરે એવો આપનો યથાર્થવૃત્તાંત આપે સંપૂર્ણ રીતે મને કહી સંભળાવ્યો.[૪] હું સઘળી દિશાઓમાં ફર્યો છું અને મેં દેવતાઓની પણ વિભૂતિઓ જોએલી છે પરંતુ આ જગતમાં આપના જેવો કોઈ પણ મહાત્મા જોએલો નથી.[૫] આ જગતમાં ફરતાં ફરતાં માંડમાંડ કોઈ મહાત્મા મળી આવે છે પરંતુ આપના જેવો પ્રૌઢ મહાત્મા તો ક્યાંય મળે એમ નથી.[૬] જેમ કોઇકજ વાંસના વનમાં મોતી ઉત્પન્ન થાય છે તેમ જગતના કોઈકજ સ્થલમાં આપ જેવા જોવામાં આવેછે,[૭] મેં શરીરવાળા છતાં શરીરના અભિનિવેશ વગરના આપનાં દર્શન કર્યાં તેથી હું ધારૂં છું કે આજ મેં મોટામાં મોટું શુભ કાર્ય કર્યું.[૮] આપનું કલ્યાણ થાઓ. હવે આપ સુખેથી આપના સુંદર સ્થાનકમાં પ્રવેશ કરો. મધ્યાહ્નનો સમય થયો છે તેથી હું મધ્યાહ્ન સંબંધી કર્મો કરવાનેવાસ્તે મારા સ્થાનકમાં (સપ્તર્ષિઓના લોકમાં) જાઉં છું.[૯]

વસિષ્ઠ ઋષિ રામચંદ્રજીને કહે છેઃ—હે રામચંદ્રજી! એ પ્રમાણે મારાં વચનો સાંભળી એ ભુશુંડે ઉઠીને સંકલ્પમાત્રથી ઉત્પન્ન થએલા બે હાથવડે કલ્પવૃક્ષમાંથી સુવર્ણમય પાત્ર લીધું.[૧૦] પછી પૂર્ણ બુદ્ધિવાળા એ ભુશુંડે તે પાત્રને જળથી ભરીને તેમાં કલ્પવૃક્ષની લતાઓનાં પુષ્પો, કેસરાઓ અને હિમ જેવાં ધોળાં મોતીઓ નાંખ્યાં.[૧૧] જેમ શંકરનું પૂજન કરવામાં આવતું હતું તેમજ ચિરંજીવિ મુનિએ તે અર્ઘ્યથી, તે પાદ્યથી અને તે પુષ્પોથી ભક્તિપૂર્વક પગથી તે માથાસુધી મારૂં પૂજન કર્યું.[૧૨] પછી હું 'આપે મને વળાવવા આવવાનો પરિશ્રમ લેવો નહિ' એમ બોલતો બોલતો આસન ઉપરથી ઉઠીને પક્ષીની પેઠે આકાશમાં ચાલ્યો.[૧૩] તોપણ આકાશમાં એક યોજનસુધી મારી પાછળ આવેલા એ ભુશુંડને મેં હાથથી હાથ પકડીને બલાત્કારથી અટકાવ્યા.[૧૪] હું ક્ષણમાત્રથીજ આકાશના માર્ગમાં અદૃશ્ય થઈ જતાં એ કાક ભુશુંડ ત્યાંથી પાછા વળી ગયા. સજ્જનોનો સમાગમ છોડવાના સમયમાં બહુ ખેદ થાય એ સ્વાભાવિકજ છે.[૧૫] જેમ તરંગો સમુદ્રના જુદા પ્રદે-

* આ સત્તાવીશમા સર્ગમાં ભુશુંડની પ્રશંસા, ભુશુંડે કરેલું વસિષ્ઠનું પૂજન અને વસિષ્ઠનું આકાશમાર્ગથી પોતાના લોકમાં જવું એ વર્ણન આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શોમાં અદૃશ્ય થાય છે તેમ અમો આકાશના જુદા જુદા પ્રદેશોમાં પરસ્પરને અદૃશ્ય થયા પછી હું કે જેના મનમાં ભુશુંડનું સ્મરણ અવિચ્છિન્ન લાગી રહ્યુંહતું તે આકાશના માર્ગથી સપ્તર્ષિઓના લોકમાં જઈ સપ્તર્ષિઓને મળ્યો.[૧૬] ત્યાં આવ્યા પછી મારી સ્ત્રી અરુંધતીએ મારી પૂજા કરી. હે રામચંદ્રજી ! સત્યુગનાં પહેલાં બસો વર્ષ વ્યતીત થયા પછી હું મેરુપર્વતના શિખર ઉપરના તે કલ્પવૃક્ષમાં ભુશુંડની સાથે મળ્યો હતો. હમણાં તો સત્યયુગ વ્યતીત થઇને ત્રેતાયુગ ચાલે છે[૧૭,૧૮] કે જે ત્રેતાયુગના મધ્યમાં તમે જન્મ્યા છો. એ પછી આજથી આઠમે વર્ષે એજ પર્વતની ઉપર હું ભુશુંડને મળ્યો હતો તે સમયે પણ ભુશુંડનું રૂપ જરાવગરનુંજ હતું. મેં આ પ્રમાણે તમને ભુશુંડનો વિચિત્ર તથા ઉત્તમ વૃત્તાંત કહી સંભળાવ્યો. હવે આ ઉપરથી મનમાં વિચાર કરીને જે માર્ગ યોગ્ય જણાય તે માર્ગે (યોગને માર્ગે અથવા જ્ઞાનને માર્ગે) ચાલો.[૧૯,૨૦]

વાલ્મીકિ કહે છેઃ—નિર્મલબુદ્ધિવાળો જે પુરુષ આ મહાત્મા કાકભુશુંડની ઉત્તમ કથાને જગતમાં ફેલાવશે તે પુરુષ જન્મ આદિના ભયોથી વ્યાપ્ત થએલા વ્યાકુલ જીવોથી ભરેલી આ માયારૂપ નદીને બલાત્કારથી વર્ત્તમાન શરીમાંજ તરી જશે.[૨૧]

इति सुमति भुशुंडसत्कथां यो विमलमतिः प्रविचारयिष्यतीह॥ भवभयवहुलाकुलास्थितां स प्रसभमसत्सरितां तरिष्यतीति ॥ २१ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'ભુશુંડોપાખ્યાન સમાપ્તિ' એ નામનો સત્તાવીશમો સર્ગ સંપૂર્ણ. ૨૭

સર્ગ ૨૮ મો.*

દેહાદિની અનિયમિતતા અને તેમના પર થએલી ભ્રાંતિ

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

एवं भुशुंडवृत्तांतः कथितस्ते मयानघ। अनया प्रज्ञया तीर्णो भुशुंडो मोहसंकटात् ॥ १॥

વસિષ્ઠ ઋષિ રામચંદ્રજીને કહે છેઃ—હે રામચંદ્રજી ! આ પ્રમાણે ભુશુંડનો વૃત્તાંત મેં તમને કહી સંભળાવ્યો. ભુશુંડ આ બુદ્ધિથીજ મોહરૂપી સંકટમાંથી નીકળેલ છે.[૧] હે રામચંદ્રજી! તમે પણ પ્રાણચિંતનના અભ્યાસપૂર્વક આ દૃષ્ટિનો આશ્રય લઈ ભુશુંડની પેઠેજ સંસારરૂપી મહાસાગરને તરી જાઓ.[૨] ભુશુંડ નિરંતરના અભ્યાસથી ઉત્પન્ન થએલા જ્ઞાનથી અને યોગથી જે રીતે પરમ પદને પામ્યા છે તે રીતે તમે પણ તે પદને પામો.[૩] પ્રાણનું અને અપાનનું અવલોકન કરનારા અને બુદ્ધિને વિષયોમાં આસક્ત નહિ રાખનારા સર્વે પુરુષો ભુશુંડની પેઠે પરમતત્ત્વમાં વિશ્રાંતિને પ્રાપ્ત થાય છે.[૪] વિજ્ઞાનના આ વિચિત્ર પ્રકારો તમે સાંભળ્યા તો હવે બુદ્ધિને સ્થિર કરીને જેમ યોગ્ય લાગે તેમ કરો.[૫]

રામચંદ્રજી પૂછે છેઃ—હે મહારાજ ! આપ કે જે પૃથ્વીના સૂર્યરૂપ છો તેમણે જ્ઞાનરૂપી કિરણોથી મારા હૃદયના બહુજ ભુંડાઇવાળા સઘળા અજ્ઞાનરૂપ અંધકારને નષ્ટ કરી નાંખ્યો છે. હે મહારાજ અમે જાગૃત થયા છીએ, રાજી થયા છીએ, પોતાના સ્થાનકમાં પેસી ચૂક્યા છીએ અને તમારી પેઠેજ જાણવા યોગ્ય વસ્તુ સંપૂર્ણ રીતે જાણી લઇને સ્થિર થયા છીએ. અહો ગુરુ મહારાજ ! અત્યંત વિસ્મય આપ

* આ અઠ્ઠાવીશમા સર્ગમાં આખ્યાયિકાનો સંબંધ, દેહનું અનિયમિતપણું, અને દેહાદિકનું ભ્રાંતિમાત્રપણું કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નારૂં અને ઉત્તમ અર્થનો બોધ આપનારૂં ભુશુંડનું ચરિત્ર આપે કહી સંભળાવ્યું.[૮] હે મહારાજ ! આપે આ ભુશુંડના ચરિત્રમાં માંસથી, ચામડીથી તથા અસ્થિઓથી રચાએલું જે શરીરરૂપી ઘર કહ્યું તે ઘર કોણે રચેલું છે, ક્યાંથી ઉઠેલું છે, કેવા પ્રકારની સ્થિતિ પામેલું છે અને તેમાં કોણ રહે છે ?[૯,૧૦]

વસિષ્ઠ ઋષિ કહે છેઃ–હે રામચંદ્રજી ! પરમાર્થ સમજાવવાનેવાસ્તે અને સઘળા દોષોને ટાળવાનેવાસ્તે હું યથાર્થ રીતે જે કહું છું તે સાંભળો.[૧૧] અસ્થિરૂપી સ્તંભોવાળું, નવ દ્વારોવાળું અને રુધિરના તથા માંસના લેપવાળું આ શરીરરૂપી ઘર કોઇએ પણ કરેલું નથી.[૧૨] આ ઘર આભાસમાત્રજ છે, આમજ પ્રતીત થયા કરે છે, નેત્રના દોષનેલીધે દેખાતા બીજા ચંદ્રના વિભ્રમ જેવું છે અને અનિર્વચનીય છે.[૧૩] જેમ જેટલીવાર બે ચંદ્ર દેખાય છે તેટલીવાર ચંદ્રમાં બેપણું છેજ પણ વાસ્તવિક રીતે ચંદ્ર એકજ છે તેમ જેટલીવાર દેહ દેખાય છે તેટલીવાર દેહ છે પણ વાસ્તવિક જોતાં દેહ મિથ્યાજ છે. મિથ્યા છતાં પણ પ્રતીત થતો હોવાથી અનિર્વચનીય કહેવાય છે.[૧૪,૧૫] જેમ સ્વપ્નના સ્થિતિકાલમાં સ્વપ્ન છે પણ બીજા સમયમાં મિથ્યાજ છે અને જેમ પરપોટાના સ્થિતિકાલમાં પરપોટો છે પણ બીજા સમયમાં મિથ્યાજ છે તેમ દેહ દેહની પ્રતીતિના સમયમાં છે પણ આત્મદર્શનના સમયમાં મિથ્યાજ છે.[૧૬] જેમ ઝાંઝવાંનું પાણી પોતાની પ્રતીતિના સમયમાં છે પણ બીજા સમયમાં મિથ્યાજ છે તેમ દેહ દેહની પ્રતીતિના સમયમાં છે પણ આત્મદર્શનના સમયમાં મિથ્યાજ છે.[૧૭] દેહ ઝાંઝવાનાં પાણીની પેઠે આભાસમાત્ર છતાં પણ હમણાં આ રીતે પ્રતીત થાય છે. 'આ દેહ હું છું' એવી રીતે જેણે દેહરૂપ આકારનું ગ્રહણ કર્યું છે એવું મનનજ સંસ્કારની દૃઢતાનેલીધે વારંવાર દેહરૂપે ખડું થાય છે.[૧૮] હે રામચંદ્રજી ! 'માંસથી અને અસ્થિઓથી ગોઠવાએલો દેહ હું છું' એવા ભ્રમને છોડી ઘો; કેમકે માત્ર સંકલ્પોથી ગોઠવાતા આવા આવા દેહો તો હજારો પ્રાપ્ત થાય છે. હે રામચંદ્રજી ! તમે સુખદાયિ શયનમાં સૂતા છતાં સ્વપ્નમાં જે દેહથી અનેક દિશાઓમાં ભમો છો તે તમારો દેહ ક્યાં રહ્યો છે?[૧૯,૨૦] જાગ્રતમાં મનોરાજ્યના સમયમાં તમે જે દેહથી સ્વર્ગની અંદર અથવા મેરુપર્વતની અંદર ભમો છો તે તમારો દેહ ક્યાં રહ્યો છે ?[૨૧] એક સ્વપ્નમાં વળી બીજું સ્વપ્ન થાય છે ત્યારે તમે જે દેહથી પૃથ્વીના અનેક પ્રદેશોમાં ભમો છો તે તમારો દેહ ક્યાં રહ્યો છે ?[૨૨] એક મનોરાજ્યમાં કલ્પાએલા બીજા મનોરાજ્યમાં તમે જે દેહથી મોટી મોટી વૈભવોવાળી ભૂમિઓમાં ભમો છો તે તમારો દેહ ક્યાં રહ્યો છે ?[૨૩] હે રામચંદ્રજી ! મનોરાજ્યમાં પ્રાપ્ત થયા કરતા જે દેહોથી તમે જગતની વિચિત્ર ક્રિયાઓ કરો છો તે તમારા દેહો ક્યાં રહ્યા છે ?[૨૪] સ્વપ્નમાં સંકલ્પમાત્રથી રૂપાળી લાગતી અને અનુરાગવાળી તરુણીની સાથે તમે જે દેહથી સુખ લો છો તે તમારો દેહ ક્યાં રહ્યો છે ?[૨૫] હે રામચંદ્રજી ! એ સઘળા મનથી કલ્પાએલા દેહો જેમ પ્રતીતિના સમયમાં છે પણ બીજા સમયમાં નથી તેમજ તમારો મનથીજ કલ્પાએલો આ દેહ પણ પ્રતીતિના સમયમાં છે પણ બીજા સમયમાં નથી.[૨૬] તમને જેવા એ દેહો પ્રાપ્ત થાય છે તેવાજ પ્રકારનો આ દેહ પ્રાપ્ત થયો છે. 'આ ધન છે, આ દેહ છે અને આ દેશ છે' એવા પ્રકારનો આ સઘળો વિભ્રમ ચિત્તના બળરૂપ સંકલ્પનોજ મહિમા છે.[૨૭] હે રામચંદ્રજી ! આ સંસારને લાંબુ સ્વપ્ન સમજો, અથવા ચિત્તનો લાંબો વિભ્રમ સમજો,[૨૮] અથવા લાંબું મનોરાજ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજો. જેમ સૂર્યનો ઉદય થતાં સઘળું સારી પેઠે જોવામાં આવે છે તેમ તમે કે જે પરમાત્માજ છો તેમને જ્યારે પોતાની ઇચ્છાથીજ પ્રબોધનો ઉદય થશે ત્યારે આ સઘળો વિચાર સારી પેઠે સમજવામાં આવશે. જેમ સ્વપ્નના સંકલ્પોની જાળનેલીધે જગતની સ્થિતિ પણ કોઈ પ્રકારની જોવામાં આવે છે તેમ સંકલ્પોની જાળનેલીધે આ જાગ્રતના જગતની સ્થિતિ પણ કોઇ પ્રકારની જોવામાં આવે છે. જેમ મેં પૂર્વે મનની અંદરજ સંકલ્પની રચનાથી થએલી બ્રહ્માની ઉત્પત્તિ કહેલી છે તેવીજ આ જગતની ઉત્પત્તિ છે. વિચિત્ર સંકલ્પોવાળું મનજ જગતની રચનાના વિભ્રમનું ગ્રહણ કરે છે.[૨૯-૩૨] જેમ બ્રહ્માની ઉત્પત્તિ સંકલ્પની રચનામાત્રજ છે, તેમ આ જગતરૂપ પ્રતીતિ પણ સંકલ્પની રચનામાત્રજ છે.[૩૩] જેમ મનનો કલ્પિત આભાસજ બ્રહ્માપણાને પામ્યો છે તેમ પૂર્વે મરણના સમયમાં મને કલ્પી લીધેલો દેહજ આ દેહરૂપે પ્રતીત થાય છે.[૩૪] પૂર્વે વાસનાના અતિશયપણાથી લાંબા કાળસુધી પ્રવાહરૂપે જે દેહને જેવી રીતે ચિંતવવામાં આવ્યો છે તે દેહ તેવી આકૃતિના ઉદયથી હમણાં જોવામાં આવે છે. પુરુષપ્રયત્નથી મનને અંતર્મુખ કરીને આત્મદર્શન કરવામાં આવે ત્યારે આ દેહરૂપ તથા જગતરૂપ સંકલ્પ ચૈતન્યરૂપજ થઇ રહે છે. હે રામચંદ્રજી ! જો વિપરીત સંકલ્પ કરવામાં આવે તો વિપરીતજ થઈ જવાય છે.[૩૫] 'આ દેહ હું છું અને આ સંસાર મારો છે' એવી ભાવના કરવામાં આવે તો તેવોજ અનુભવ થાય છે. મિથ્યા પદાર્થ પણ ભાવનાની મજબુતીને લીધે સાચો પ્રતીત થાય છે.[૩૬] હે રામચંદ્રજી ! જેમ અત્યંત પ્યારી સ્ત્રીની તીવ્ર વેગથી ભાવના કરવામાં આવે તો તે સ્ત્રી તુરતજ સર્વત્ર દેખવામાં આવે છે તેમ જે જે વસ્તુની તીવ્ર વેગથી ભાવના કરવામાં આવે તે વસ્તુ તુરત સર્વત્ર દેખવામાં આવે છે.[૩૭] જેમ અભ્યાસ કરવામાં આવેલો દિવસનો વ્યાપાર સ્વપ્નમાં જોવામાં આવે છે તેમ ભાવનાથી અભ્યાસ કરવામાં આવેલો આ સંસાર હમણાં જોવામાં આવે છે.[૩૮] જેમ સ્વપ્નની ભૂમિકામાં એક ક્ષણ પણ દિવસ જેવડો લાંબો પ્રતીત થાય છે તેમ અલ્પકાળસુધી રહેનારૂં આ જગત પણ અજ્ઞાનના કાળમાં સ્થિર પ્રતીત થાય છે.[૩૯] જેમ નિર્જલ ભૂમિનું આકાશ સૂર્યના તાપથી તપ્ત થતાં અવિદ્યમાન છતાં પણ નદી જોવામાં આવે છે તેમ આ ત્રિલોકી અવિદ્યમાન છતાં પણ સંકલ્પથી જોવામાં આવે છે.[૪૦] જેમ દૃષ્ટિના વિકારનેલીધે આકાશમાં પીછાંનો ગુચ્છ જોવામાં આવે છે તેમ અજ્ઞાનનેલીધે આ જગતની રચના જોવામાં આવે છે.[૪૧] જેમ નિર્વિકાર દૃષ્ટિથી જોતાં તે પિચ્છગુચ્છ આકાશમાં જોવામાં આવતો નથી તેમ યથાર્થ વિચારથી જોતાં આ જગતની રચના પણ જોવામાં આવતી નથી.[૪૨] જેમ બીકણ માણસ પણ પોતાના સંકલ્પથી કલ્પેલા મનોરાજ્યના સિંહો વગેરેથી બ્હીતો નથી તેમ જ્ઞાની પુરુષ પોતાના સંકલ્પથી કલ્પેલા આ સંસારથી બ્હીતો નથી.[૪૩] જે પોતાનો આત્મા છે તેજ હમણાં બહિર્મુખદશામાં જગતરૂપે પ્રતીત થાય છે માટે આવી રીતની સંસારની સ્થિતિમાં શાથી બ્હીવું ?[૪૪] જે ભય થાય છે તે પણ આત્માથી જુદો નથી માટે જે બ્હીએ છે તેનુંજ કાંઇક વિવેચન કરવું યોગ્ય છે. જે બ્હીનાર છે તેજ વિવેચનથી શુદ્ધ થાય તો તેમાં આ જગતનો મોહ દેખવામાંજ આવતો નથી.[૪૫] જેમ ભ્રાંતિથી ત્રાંબારૂપે સમજાએલું સોનું અગ્નિના તાપથી શુદ્ધ થતાં પાછું ત્રાંબાપણાને ગ્રહણ કરતું નથી તેમ, કેવળ યથાર્થ વિચારથી શુદ્ધિ પામેલો આત્મા ફરીથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેલને ગ્રહણ કરતો નથી.[46] 'આ બ્રહ્માંડ સત્ય પણ નથી અને અસત્ય પણ નથી પરંતુ કેવળ આભાસમાત્રજ છે' એવી રીતે અન્ય કલ્પનાનો ત્યાગ કરવો એજ યથાર્થ અવલોકન છે.[47] 'મરણ, જીવન, સ્વર્ગ, જ્ઞાન અને અજ્ઞાન ઇત્યાદિ સઘળું ચૈતન્યરૂપ પ્રકાશથી જુદું છેજ નહિ' એવી રીતે એકતા જોવી એજ યથાર્થ વિચાર છે.[48] 'તુંપણ તથા હુંપણ આદિરૂપે દેખાતો આ સંસાર અને દશે દિશાઓ આત્માથી જુદાં નથી પણ જે કાંઇ છે તે આત્માજ છે' એવી રીતનો વિચાર યથાર્થ વિચાર કહેવાય છે.[49] આ અનિર્વચનીય સંસારમાં યથાર્થ અધિષ્ઠાનરૂપપણાનું અવલોકન કરવામાં આવે તો મન અસ્ત પણ પામતું નથી અને ઉદય પણ પામતું નથી.[50] સઘળા પદાર્થોના બાધિતપણાનું અને અધિષ્ઠાનરૂપે સત્યપણાનું સારી પેઠે અવલોકન કરવામાં આવે તો મન નિષ્કામ થઇને શાંત થઇ જાય છે.[51] મન યથાર્થ વિચાર કરે તો કોઈની નિંદામાં પણ પ્રવર્ત્તતું નથી, કોઇની સ્તુતિમાં પણ પ્રવર્ત્તતું નથી, રાજી પણ થતું નથી અને શોક પણ કરતું નથી; પરંતુ કેવલ શીતલ સત્યપણાને (બ્રહ્માકારપણાને) પ્રાપ્ત થાય છે.[52] સૌ સૌનો કાળ પ્રાપ્ત થતાં સઘળા બંધુઓ અવશ્ય મરવાના છે માટે બંધુઓના વિયોગથી શા માટે વૃથા પરિતાપ પામો છો?[53] પોતાને પણ અવશ્ય મરવુંજ પડશે એવો નિશ્ચય છે તે છતાં પોતાના મરણથી શા માટે વૃથા ભય રાખો છો?[54] જે જન્મ્યો હોય તેને અવશ્ય કાંઇક ઉત્તમ વૈભવ વગેરે પ્રાપ્ત થાય છે માટે હર્ષનો પણ શો અવસર છે?[55] સંસારમાં વ્યવહાર કરનારા સર્વ લોકોને આપદાઓ આવેજ છે માટે શોકનો પણ શો અવસર છે?[56] આ જગતનું બાળ બ્રહ્મમાં, સમુદ્રના પરપોટાની પેઠે વધે છે, ઉદય પામે છે અને સ્ફુરે છે માટે તેમાંનું કાંઇ નષ્ટ થઇ જાય તો શા માટે વિલાપ કરવો?[57] આ જગત્ એવું તો સર્વદા મિથ્યા છે કે કદી પણ સત્યતાને પ્રાપ્ત થતું નથી માટે માયાના વિકારોની વિચિત્રતારૂપ આ જગતમાં એવું બીજું શું છે કે જેને વાસ્તે વિલાપ કરવો પડે.[58] આપણે હમણાં પણ દેહરૂપ નથી, આગળ પણ દેહરૂપ ન હતા તથા હવે પછી પણ દેહરૂપ નહિ થઇશું અને આ દેહ તો કેવલ વિચિત્ર ભ્રાંતિઓથીજ ખડો થએલો છે માટે દેહનેવાસ્તે વૃથા પરિતાપ શામાટે કરવો?[59] 'જો હું દેહથી અન્ય છું તો ચૈતન્યાત્મક પ્રકાશજ છું માટે મને વળી જન્મ—મરણાદિ કેવાં હોય કે જેઓનેવાસ્તે હું પરિતાપ પામું'.[60] એવી રીતનો યથાર્થ જ્ઞાનવાળાના મનને પાકો નિશ્ચય હોય છે માટે તેનું મન અસ્ત પામતું નથી, ઉદય પામતું નથી, પરિતાપને પણ પ્રાપ્ત થતું નથી; પરંતુ શાંતજ રહે છે.[61] જેમ તેતરપક્ષિણી માળો બનાવવાનેવાસ્તે તરણાંઓનાં મૂળમાંથી કઠણ ભાગોને છોડી દઇને અણીઓનેજ ગ્રહણ કરે છે તેમ બ્રહ્મવેત્તા પુરુષ સર્વ પદાર્થોમાં બાધિત ભાગોને છોડી દઇને પદાર્થોના બ્રહ્મપણાનેજ સ્વીકારે છે.[62] આ પ્રમાણે છે એટલામાટે બાધિત ભાગને છોડી દેવાનેવાસ્તે આ મિથ્યાભૂત સંસારમાં જરાપણ રુચિ રાખવી નહિ. જો રુચિ રાખવામાં આવે તો જેમ મજબુત દોરીથી બળદ બંધાય છે તેમ રુચિથી જીવ બંધાઇ જાય છે.[63] એટલામાટે તમારે બુદ્ધિથી 'આ સઘળો સંસાર મિથ્યા છે' એવો નિર્ણય કરીને રુચિ વગરની બુદ્ધિથીજ સંસારમાં વિહાર કરવો.[64] તમે કે જે મોટી બુદ્ધિવાળા છો તેમણે લીલાથીજ રુચિને તથા અરુચિને પણ છોડી દઇ નિષિદ્ધની ઉપેક્ષા રાખીનેજ શાસ્ત્રરીતિપ્રમાણે કર્ત્તવ્ય છે તેજ કરવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ સૂર્યનો તાપ મટી જતાં સઘળું ભુવન શી-
તલ થઈ જાય છે તેમ આ સઘળું જગત આ-
ભાસમાત્ર જણાતાં પુરુષનું મન શીતલ થઇ
જાય છે. સઘળા પદાર્થોમાં વિશેષ આકારોને
છોડી દઇને સત્તાસામાન્યરૂપપણાનુંજ અવલો-
કન કરો.[૬૫-૬૭] હે મહાત્મા રામચંદ્રજી ! આ જ-
ગત આભાસમાત્ર છતાં કેવળ ચિત્તે કરેલી વિ-
શેષોની કલ્પનાઓથી કલંકિત થયું છે માટે ચિત્ત-
ને પણ છોડી દો કે જેથી જગતની પ્રતીતિજ
થાય નહિ.[૬૮] તમને જગતની જગતરૂપે પ્રતીતિ
પણ છુટી જશે ત્યારે તમે સર્વદા સર્વવ્યાપક,
સર્વથી રહિત, અત્યંત નિર્મલ અને ચિદાકાશ-
મય થશો.[૬૯] 'હું દેહ નથી અને મારા આ
ભોગો સાચા નથી' એવી ભાવના દૃઢ થાય તો
આ જગતરૂપી સઘળો વ્યર્થ આડંબર અનર્થ-
દાયી થતો નથી અથવા 'જે કાંઈ છે તે સઘળું
ચૈતન્યજ છે અને જે ચૈતન્ય છે તે હું છું'
એવી ભાવના દૃઢ થાય તો પણ આ જગતરૂપી
સઘળો વ્યર્થ આડંબર અનર્થદાયી થતો નથી.
ચૈતન્યમાં સર્વના બાધનું ચિંતન અથવા સ-
ર્વમાં ચિદ્રૂપપણાનું ચિંતન, એ બન્ને વિચારો
સત્ય છે અને અત્યંત સિદ્ધિ આપનારા છે. હે
રામચંદ્રજી ! આ બન્ને વિચારોમાંથી જે વિચાર
તમને રમણીય જણાય તે વિચારનો આશ્રય
કરો.[૭૦-૭૨] આ બે વિચારોમાંથી ગમે તે વિચા-
રનું ગ્રહણ કરી અથવા બન્ને વિચારોનું ફળ
એક સરખુંજ છે તેથી બન્ને વિચારોનું ગ્રહણ
કરીને સંસારમાં વિહાર કરતાં છતાં રાગદ્વેષનો
ક્ષય કરો.[૭૩] હે રામચંદ્રજી ! પૃથ્વીમાં, અંત-
રિક્ષમાં અથવા સ્વર્ગમાં જે કાંઇ સુખાદિક છે તે
સઘળું રાગદ્વેષનો ક્ષય કરવાથી પ્રાપ્ત થાય છે.[૭૪]
રાગદ્વેષથી ખરાબ થએલી બુદ્ધિથી જે કાંઇ કામ
કરવામાં આવે તે તે કામ મૂઢ લોકોને વિપરીત
ફળજ આપે છે.[૭૫] જેમ મૃગો દાવાનલથી બળી
ગએલી જગ્યાઓમાં સ્થિતિ કરતા નથી તેમ
સદ્ગુણો, દ્વેષરૂપી દોષના મોજાઓથી શેકા-
એલી ચિત્તની વૃત્તિઓમાં સ્થિતિ કરતા નથી.[૭૬]
બ્રહ્મવેત્તારૂપી કલ્પવૃક્ષ કે જેના મનરૂપી કોત-
રમાં રાગ તથા દ્વેષરૂપી બે સર્પો હોતાજ નથી
તેની પાસેથી ન મળે એવું કયું શુભ ફળ છે?[૭૭]
જેઓ સમજુ, નિયમોવાળા, ચતુર, અને શાસ્ત્રો-
ના અભ્યાસીઓ છતાં રાગદ્વેષથી ભરેલા હોય છે
તેઓને શીઆળીઆજ ગણવા. એવા લોકોને
ધિક્કાર છે.[૭૮] 'મારા ધનને બીજો ખાઇ ગયો
અને અમુકની પાસેથી અવશ્ય લેવાનું ધન મેં
ગફલતથી છોડી દીધું' એવા એવા પ્રકારની
વ્યવહારની ખટપટો તથા રાગદ્વેષના ક્રમો અ-
ત્યંત તુચ્છજ છે.[૭૯] ધન, બંધુઓ તથા મિત્રો
વગેરે વારંવાર આવે છે અને વારંવાર જાય છે
માટે વિવેકી પુરુષ એઓમાં શામાટે રુચિ રાખે
અને શામાટે અરુચિ પણ રાખે ?[૮૦] પ્રિય વ-
સ્તુઓની ઉપર રુચિઓથી અને અપ્રિય વસ્તુ-
ઓની ઉપર અરુચિઓથી વિસ્તીર્ણ થએલી આ
પરમેશ્વરની માયારૂપ સઘળી સંસારની રચના
આસક્તિવાળાને અત્યંત નીચે પાડી નાખે છે.[૮૧]
હે રામચંદ્રજી! ધન, સ્વજન અને દેહ વાસ્ત-
વિક રીતે સત્ય નથી પણ મિથ્યાજ છે અને
'મારાં છે' એવી રીતે મિથ્યાજ માની લેવામાં
આવ્યાં છે એ સિદ્ધાંત છે.[૮૨] સઘળું જગત આ-
દિમાં પણ નથી હોતું, અંતમાં પણ નથી હોતું
અને મધ્યમાં પણ અસ્થિર છે તથા ચિંતાઓને
ઉત્પન્ન કરનારું છે માટે વિવેકી પુરુષ તેમાં કયા
સ્થળમાં આસક્તિ બાંધે ? બીજાએ કલ્પેલા આ-
કાશના ઝાડમાં વિવેકીને આસક્તિ થાયજ નહિ.[૮૩]
જેમ એક પુરુષે આકાશમાં કલ્પેલી સ્ત્રીને દૂર
રહેલો બીજો પુરુષ ભોગવતો હોય તેમ સંકલ્પે
કલ્પેલી આ સંસારની રચનાને આત્મા દૂર ર-
હેલો છતાંજ ભોગવે છે માટે સંસારની રચનામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભમો નહિ.[૮૪] પ્રાણીઓની આ સઘળી વિસ્તીર્ણ અને ગડબડ ભરેલી હોડાહોડ ગંધર્વપુરની રચનાના વિલાસ બરાબર છે એમ વિદ્વાનોએ સિદ્ધાંત કરેલો છે.[૮૫] આ જગત સંકલ્પના પુરની પેઠે મિથ્યાજ ઉઠેલું છે અને અધિષ્ઠાન સર્વત્ર હોવાનેલીધે તથા કલ્પનાનો સર્વત્ર સંભવ હોવાનેલીધે સર્વત્ર રહેલું છતાં પણ સુષુપ્તિના જેવું શૂન્યજ છે.[૮૬] આ નિરંતર લાગુ પડેલો જોવામાં આવતો સંસાર લાંબા સ્વપ્નના નગરના ઝાડ જેવો છે અને અજ્ઞાનરૂપી નિદ્રામાં લોટવાથીજ પ્રતીત થાય છે એમ સમજો.[૮૭] તમે અહીં સંસારરૂપી સ્વપ્નમાં ભ્રમિત થઇ ગયા છો માટે હવે એ ભ્રમણને મટાડવાનેવાસ્તે વિસ્તીર્ણ અને ઘાટી અજ્ઞાનરૂપ નિદ્રાને, જેમ સારો માણસ સારી પેઠે ધન મળ્યા પછી કંગાલપણાને છોડી દે છે તેમ છોડી દો.[૮૮,૮૯] જેમ પ્રાતઃકાલમાં કમલ સૂર્યને દેખીને પ્રબુદ્ધ થાય છે તેમ તમે નિર્વિકલ્પ તથા સર્વદા પ્રકાશિત ચૈતન્યરૂપ આત્માને જોઇને પ્રબુદ્ધ થાઓ.[૯૦] હે મહાબાહુ રામચંદ્રજી ! જાગૃત થાઓ ! જાગૃત થાઓ ! હું તમને વારંવાર સમજાવું છું. ઉપાધિરહિત આત્મારૂપ સૂર્યનું અવલોકન કરો.[૯૧] હે રામચંદ્રજી ! મેં વરસાવેલા આ ઉત્તમ શબ્દોવાળા શીતલ જ્ઞાનરૂપ જળથી જાગૃત થઇને પરમબોધને પ્રાપ્ત થાઓ.[૯૨] હમણાંજ તમને પ્રબોધ પ્રાપ્ત થવો જોઇએ. આ જગતરૂપી ખોટા ભ્રમને છોડી દઇને સત્યનું અવલોકન કરો.[૯૩] તમને જન્મ પણ નથી, દુઃખ પણ નથી, દોષો પણ નથી અને ભ્રમ પણ નથી. સઘળા સંકલ્પોને છોડી દઇને તમે આત્મામાંજ સ્થિર રહો.[૯૪] હે મહાત્મા રામચંદ્રજી ! તમે કલ્પનામય દોષોના જાળથી મુક્ત થયા છો અને સુષુપ્તિની પેઠે નિર્વિક્ષેપ દૃષ્ટિવાળા થયા છો માટે સર્વદા વ્યાપક અને અપરોક્ષ બ્રહ્મરૂપજ છો, તો હવે અત્યંત શુદ્ધિનેવાસ્તે એ ઉપશમરૂપ પોતાના સ્વરૂપમાં જ સમાહિત થઇને રહો.[૯૫]

परिगलितविकल्पदोषजालस्त्वमसि सुसारसुषुप्तसौम्यदृष्टिः ॥ अतिविततमिदं सुशुद्धये त्वं समुपशमात्मनि तिष्ठ हे महात्मन् ॥९५॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'પરમાર્થયોગોપદેશ' એ નામનો અઠ્ઠાવીશમો સર્ગ સંપૂર્ણ. ૨૮

सर्ग २९ मो.*

જગત પરમાત્મસ્વરૂપજ છે

॥ श्री वाल्मीकिरुवाच ॥

इत्याकर्णयति स्वस्थसमचेतसि राघवे ॥ विश्रांते स्वात्मनि स्वैरं परमानंदमागते ॥

વાલ્મીકિ કહે છેઃ—સ્વસ્થ તથા સમચિત્તવાળા રામ એ પ્રમાણે ઉપદેશનું શ્રવણ કરતાંજ પરમાનંદને પામીને સારી પેઠે પોતાના સ્વરૂપમાં વિશ્રાંત થતાં અને ત્યાં બેઠેલા બીજા સઘળા સભાસદો પણ ઉપશમથી ભરપૂર થઇ જતાં રામની આત્મવિશ્રાંતિમાં સ્થિતિને રહેવા દેવાનેવાસ્તે, જેમ મેઘ ધાન્યોની ઉપર પડતી વૃષ્ટિને જરાવાર બંધ રાખે તેમ વસિષ્ઠ મુનિએ પોતાનાં અમૃતતુલ્ય વચનોની ધારા જરાવાર બંધ રાખી. એક ઘડી પછી રામચંદ્રજી વ્યુત્થાન પામતાં ભાષણ કરનારાઓમાં ઉત્તમ વસિષ્ઠ મુનિએ ફરીવાર તેનો તે વિષય નિચે પ્રમાણે કહ્યો.

વસિષ્ઠ મુનિ કહે છેઃ—હે રામચંદ્રજી ! તમે બહુ સારૂં સમજ્યા છો અને આત્માને પામી ચૂક્યા છો[૧-૪]તો હવે એજ વિષયનું અવલંબન કરીને એમજ રહેજો. સંસારમાં પડશો નહિ. હે

* આ ઓગણત્રીસમા સર્ગમાં બોધથી રામને મળેલી વિશ્રાંતિનું, ફરીવાર એના એ ઉપદેશનું અને પૂર્વે કૈલાસમાં સદાશિવે વસિષ્ઠને આપેલા ઉપદેશનું વર્ણન કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામચંદ્રજી ! સંકલ્પ કે જે આ સંસારરૂપી પૈડાંની કુંડલી છે તેને ચલનથી અટકાવવામાં આવે તો આ સંસારરૂપી પઇડું રોકાઇ જાય છે.[૫,૬] જો મનરૂપી કુંડલીને જરાક ચલન આપવામાં આવે તો આ સંસારરૂપી પઇડું પ્રયત્નપૂર્વક રોકવામાં આવેલું છતાં પણ વેગથી ફર્યા કરે છે.[૭] યુક્તિથી પ્રબલ પુરૂષાર્થનો, બલનો અને બુદ્ધિનો આશ્રય કરીને સંસારરૂપી પઈડાની કુંડલીરૂપ ચિત્તનેજ રોકવું જોઇએ.[૮] બુદ્ધિથી અને સુજનતાથી યુક્ત કરેલા અને શાસ્ત્રને અનુસરતા પુરૂષાર્થથી જે વસ્તુ મળે નહિ તે વસ્તુ ક્યાંય પણ મળતી નથી.[૯] મૂર્ખ લોકોએ ઠરાવેલી કેવલ પ્રારબ્ધ ઉપરનીજ નિષ્ઠાને છોડી દઇ પોતાના પ્રયત્નનું અવલંબન કરીને પ્રથમ ચિત્તને રોકવું જોઇએ.[૧૦] હે રામચંદ્રજી ! બ્રહ્માથી માંડીને પ્રવર્ત્તેલા અજ્ઞાનરૂપી ભ્રમરથી આ જગત મિથ્યા છતાં સાચાજેવું દેખાય છે.[૧૧] સંકલ્પથી ઉઠેલા અને અજ્ઞાનરૂપી ભ્રમના વિસ્તારમય આકૃતિઓવાળા આ સઘળા દેહો ભમ્યા કરે છે.[૧૨] કોઇ સમયે દેહનેવાસ્તે સંકલ્પ થાય તો ભલે થાય પરંતુ બુદ્ધિમાન પુરૂષે સુખદુઃખોના વિચારમાં તો પડવુંજ નહિ.[૧૩] દુઃખથી કરમાએલા મ્હોડાવાળો અને પસીનાથી ભીજાઇ જતો પુરૂષ તો સર્વદા પ્રફુલ્લિતજ રહેનારા અને પસીનાથી રહિત રહેતા ચિત્રના પુરૂષથી પણ અત્યંત તુચ્છ ગણાય છે.[૧૪] આધિઓથી તથા વ્યાધિઓથી કરમાઈ જતા, પસીનાથી ભીજાઈ જતા અને પોતાની મેળેજ નષ્ટ થઇ જનારા પુરૂષના દેહમાં તો આલેખેલા પુરૂષના દેહના જેટલી પણ સ્થિરતા જોવામાં આવતી નથી.[૧૫] ચિત્રમાં રહેલો દેહ તો કોઇએ નષ્ટ કરવાથીજ નષ્ટ થાય છે પણ પોતાની મેળે નષ્ટ થતો નથી અને અવશ્ય વિનાશ પામનારો માંસમય દેહ તો પોતાની મેળે પણ નષ્ટ થઇ જાય છે.[૧૬] ચિત્રનો દેહ જો રક્ષણ કરવામાં આવે તો લાંબા કાળસુધી સ્થિર શોભાને ધારણ કરે છે; અને આ દેહ તો અત્યંત પાળવામાં આવતાં છતાં પણ નષ્ટજ થતો જાય છે. પણ વધતો નથી.[૧૭] આમ હોવાનેલીધે ચિત્રેલો દેહ શ્રેષ્ઠ છે પણ આ સંકલ્પથી થએલો દેહ શ્રેષ્ઠ નથી. ચિત્રના દેહમાં જે ગુણો છે તે ગુણો આ સંકલ્પે કરેલા દેહમાં છેજ નહિ.[૧૮] હે રામચંદ્રજી ! આ માંસમય દેહ કે જે ચિત્રના જડ દેહ કરતાં પણ અત્યંત તુચ્છ છે તેમાં આસ્થા રાખવી એ તમને યોગ્યજ નથી. આ દેહ લાંબા સંકલ્પેજ કરેલો છે માટે તેમાં આસ્થા રાખો નહિ.[૧૯] સ્વપ્નસંબંધી સંકલ્પથી થએલા દેહ કરતાં પણ આ દેહ અત્યંત તુચ્છ છે. કેમકે અલ્પ સંકલ્પથી થએલા એ સ્વપ્નસંબંધી દેહને લાંબીવાર દુઃખો રહેતાં નથી અને લાંબા સંકલ્પથી થએલો આ દેહ તો લાંબાં દુઃખોથી દુઃખિત થાય છે.[૨૦] આ સંકલ્પમય દેહ વાસ્તવિક રીતે જોતાં આપણને પણ નથી અને કોઇને પણ નથી તે છતાં મૂઢ માણસ આ દેહનેવાસ્તે અમથા અમથા ક્લેશો શામાટે ભોગવે છે ?[૨૧] જેમ ચિત્રનો દેહ ધવાઇ જતાં અથવા નષ્ટ થઈ જતાં આત્માની ક્ષતિ થતી નથી તેમ આ સંકલ્પજન્ય દેહ ધવાઇ જતાં અથવા નષ્ટ થઇ જતાં પણ આત્માની કશી ક્ષતિ થતી નથી.[૨૨] જેમ મનોરાજ્યનો દેહ ધવાઇ જતાં અથવા નષ્ટ થઇ જતાં આત્માની કશી ક્ષતિ થતી નથી તેમ આ સંકલ્પજન્ય દેહ ધવાઈ જતાં અથવા નષ્ટ થઈ જતાં આત્માની કશી ક્ષતિ થતી નથી. જેમ નેત્રના દોષથી કલ્પાએલો બીજો ચંદ્ર ધવાઇ જતાં અથવા નષ્ટ થઈ જતાં તેમાં રહેલા આત્માની કશી ક્ષતિ થતી નથી. તેમ લાંબા સંકલ્પથી થયેલો આ દેહ ધવાઇ જતાં અથવા નષ્ટ થઇ જતાં તેમાં રહેલા આત્માની કશી ક્ષતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થતી નથી.[૨૩-૨૪] જેમ ઝાંઝવાનાં પાણીની નદી ધવાઇ જતાં અથવા નષ્ટ થઇ જતાં તેમાં રહેલા આત્માની કશી ક્ષતિ નથી તેમ સંકલ્પમાત્રથી રચાએલો અને નષ્ટ થવાનાજ સ્વભાવવાળો આ શરીરરૂપી યંત્ર ધવાઈ જતાં અથવા નષ્ટ થઇ જતાં તેમાં રહેલા આત્માની કશી ક્ષતિ થતી નથી.[૨૫] લાંબા સ્વપ્ન જેવો અને ચિત્તના સંકલ્પથી કલ્પાએલો આ દેહ દૂષિત થાય કે ભૂષિત તો પણ તેમાં ચૈતન્યને કશાં હાનિ કે લાભ થતાં નથી.[૨૬] હે રામચંદ્રજી ! ચૈતન્યનો અંત થતો નથી, આત્મા ચલિત થતો નથી અને બ્રહ્મ વિકૃત થતું નથી માટે દેહનો ક્ષય થતાં શી હાનિ થાય છે ?[૨૭] જેમ ભમતા ફજેતફાળકાની ઉપર બેઠેલો પુરૂષ અત્યંત મોહનેલીધે દિશાઓને પોતાથી ઉલટી રીતે ભમતી દેખે છે તેમ અકસ્માત ઉત્પન્ન થએલા આ મિથ્યા અજ્ઞાનરૂપી ચક્રની ઉપર ચડેલો જીવ દેહોના સમૂહને ઉથલપાથલ પામતો દેખે છે.[૨૮,૨૯] આ દેહરૂપી ચક્ર ભમેલું, ભમતું, પડતું, પાડેલું, હણાએલું અને હણાતું જોવામાં આવે છે એ સઘળો અજ્ઞાનનોજ વિલાસ છે એટલા માટે સારી પેઠે ધીરપણાનું અવલંબન કરી આ સંસારરૂપ ઘાટા ભ્રમને છોડી દેવો.[૩૦,૩૧] સંકલ્પે અથવા અજ્ઞાને કરેલો આ દેહ પ્રતીતિમાત્રમાં છે પણ વાસ્તવિક રીતે છેજ નહિ. જે વસ્તુ અજ્ઞાન આદિ મિથ્યા પદાર્થે કરેલી હોય તે વસ્તુ કદી પણ સત્ય હોતી નથી.[૩૨] જેમ રજ્જુમાં સર્પ મિથ્યાજ ઉત્પન્ન થાય છે તેમ આ દેહ મિથ્યાજ ઉત્પન્ન થયો છે અને તે દેહ ખોટીજ જગતની ક્રિયાને કરે છે કે જે ક્રિયા ભ્રમથીજ સાચી જેવી લાગે છે.[૩૩] હે રામચંદ્રજી ! જે કામ જડ પદાર્થે કર્યું હોય તે કરેલુંજ કહેવાતું નથી કેમકે ચેતનની પેઠે જડમાં અપરાધનો આરોપ થતો નથી.[૩૪] આ પ્રમાણે દેહ પણ જડ છે માટે જગતસંબંધી ક્રિયાઓને કરતો હોય તો પણ તે કશું કરતો નથી એમ સમજવું. દેહ જડ હોવાનેલીધે ક્રિયાઓથી રહિત છે અને આત્મા ઇચ્છા વગરનો છે તેથી તેને પણ ક્રિયાઓ કરવી સંભવતી નથી માટે ક્રિયાઓનો કર્ત્તા કોઈ પણ નથી, આત્મા તો કેવળ ક્રિયાઓનો દ્રષ્ટા છે.[૩૫] જેમ વાયુ વગરના સ્થલમાં રહેલો દીવો પોતાના સ્વરૂપમાંજ રહે છે તેમ જગતની સ્થિતિમાં સર્વ પદાર્થોની અંદર સાક્ષીની પેઠેજ રહેવું જોઇએ.[૩૬] જેમ સૂર્ય આકાશમાં રહીનેજ દિવસનાં કામોને કરે છે તેમ તમે સાક્ષીપણામાં રહીનેજ આ રાજ્યસંબંધી ક્રિયા કરો.[૩૭] આ દેહરૂપી ઘર કે જે મિથ્યા છતાંજ ખડું થએલું છે, મિથ્યા પદાર્થોથીજ ગોઠવાએલું છે અને બાલકે કલ્પેલા ખોટા પિશાચની પેઠે સત્તા પામેલું છે તેમાં નમાલો, સૌજન્યથી અત્યંત રહિત અને 'ચિત્ત' એ નામ ધરાવનારો અહંકારરૂપી નીચ વેતાલ ક્યાંયથી આવીને ઘુસી ગયો છે.[૩૮-૩૯] તમે એ નીચ અહંકારના તાબેદાર થજો નહિ, કેમકે એના તાબેદાર થવાથી નરકરૂપ ફળનીજ પ્રાપ્તિ થાય છે.[૪૦] દુષ્ટ આકૃતિવાળો ચિત્તરૂપી ઉન્મત્ત વેતાલ દેહરૂપી ઘરમાં ક્યાંયથી ઘુસી જઇને પોતાના સંકલ્પના વિલાસોથી લીલાપૂર્વક મસ્તી કર્યા કરે છે.[૪૧] ચિત્તરૂપી યક્ષે દેહરૂપી ઉજડ ઘરમાં ઘુસીનેએવું કરી દીધું છે કે જેથી ભય પામીને મહાત્માઓ પણ સમાધિ કર્યા કરે છે.[૪૨] પોતાના શરીરરૂપી ઘરમાંથી ચિત્તરૂપી વેતાલને કહાડી મૂકવામાં આવે તો આ સંસારરૂપી શૂન્ય નગરમાં કદી પણ બ્હીવું પડતું નથી.[૪૩] ચિત્તરૂપી ભૂતે દૂષિત કરેલા નરશરીરરૂપી ઘરમાં જેઓ આસક્તિ રાખે છે તેઓ અનંતકોટી શરીરો નષ્ટ થયા છતાં પણ દેહના અધ્યાસને કોઈ રીતે છોડી શકતા નથી એ મોટું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશ્ચર્ય છે.૪૪ ચિત્તરૂપી પિશાચે ઘેરેલા દેહરૂપી ઘરમાં જેઓ મરી જાય છે તેઓની બુદ્ધિ પિશાચોના જેવીજ રહે છે. અપિશાચોના જેવી કદી થતી નથી.૪૫ અહંકારરૂપી મોટા યક્ષના ઘરરૂપ આ બળ્યા શરીરમાં રૂચિ રાખીને વિહાર કર્યા કરતો પુરુષ એક જાતનો પિશાચજ છે. કેમકે શરીર કદી પણ સ્થિર રહેવાનું નથી.૪૬ હે રામચંદ્રજી! તમે વિસ્તીર્ણ બુદ્ધિથી અહંકારના અનુચરપણાને છોડી દઇ અહંકારનું વિસ્મરણજ કરી નાખીને તુરત પોતાના આત્માનુંજ અવલંબન કરો.૪૭ નરકને ઇચ્છનારા જે લોકો અહંકારરૂપી પિશાચથી ગ્રસ્ત થઇ મોહથી તથા મદથી અંધ થએલા હોય છે તેઓના ઉપર મિત્રો કે બાંધવો પણ સ્નેહ રાખતા નથી.૪૮ અહંકારથી દૂષિત થએલી બુદ્ધિવડે જે ક્રિયા કરવામાં આવે છે તે ક્રિયાનું ઝેરી લતાના જેવુંજ મરણાત્મક (ક્લેશ તથા વૈરઆદિરૂપ) ફળજ થાય છે.૪૯ વિવેક તથા ધૈર્યથી રહિત રહેનારા જે મૂર્ખ પુરુષે પોતાના અહંકારના મહોત્સવનુંજ અવલંબન કર્યું હોય તે પુરુષને તુરત દુઃખી થએલોજ સમજો.૫૦ હે રામચંદ્રજી! જે બિચારાઓને અહંકારરૂપી પિશાચે વશ કરેલા હોય છે તેઓ નરકોરૂપી અગ્નિઓમાં કાષ્ઠોરૂપ થાય છે.૫૧ જેઓના દેહરૂપી વૃક્ષના કોતરમાં (હૃદયમાં) અહંકારરૂપી સર્પ ફુંફાટા મારતો હોય તેઓનું તે વૃક્ષ તુરત પડી જાય છે.૫૨ હે મહાત્માઓમાં ઉત્તમ રામચંદ્રજી! આ દેહમાં અહંકારરૂપી પિશાચ રહે તો પણ ભલે અને જાય તો પણ ભલે; પરંતુ તમે એ પિશાચનો અત્યંત અનાદરજ કરજો.૫૩ ચિત્તથીજ દૂર કરેલો, અપમાન કરેલો અને તિરસ્કૃત કરેલો એ અહંકારરૂપી પિશાચ તમને કશી હાનિ કરી શકશે નહિ.૫૪ હે રામચંદ્રજી! આ દેહરૂપી ઘરમાં અહંકારરૂપી પિશાચ દેખાવ દીધા કરતો હોય તોપણ અપાર ચૈતન્યરૂપ આત્માને તેથી શું થઇ જાય છે? કશું થતું નથી.૫૫ ચિત્તરૂપી યક્ષના વળગાડવાળા પુરૂષોને જે જે ભારે ભારે વિપત્તિઓ પ્રાપ્ત થાય છે તે તે વિપત્તિઓની ગણત્રી સેંકડો વર્ષોથી પણ કરી શકાતી નથી.૫૬ હે રામચંદ્રજી! 'હાય હાય હું માર્યો-ગયો છું અને બળી ગયો છું' ઇત્યાદિ પ્રકારની જે જે દુઃખવૃત્તિઓ થાય છે તેઓ અહંકારરૂપી પિશાચની શક્તિઓ છે. બીજા કોઇની નથી.૫૭ જેમ આકાશ સર્વત્ર વ્યાપક છતાં પણ કોઇથી સંબંધ પામેલું નથી તેમ આત્મા સર્વત્ર વ્યાપક છતાં પણ અહંકારથી સંબંધ પામેલો નથી.૫૮ પ્રાણરૂપી દોરીથી સંયુક્ત થએલું આ દેહરૂપી ચંચલ યંત્ર જે કાંઇ કરે છે અને જે કાંઇ ભોગવે છે તે સઘળી અહંકારનીજ લીલા છે.૫૯ જેમ આકાશ અકર્ત્તા છતાં પણ વૃક્ષની ઉત્પત્તિમાં કારણભૂત થાય છે તેમ સર્વદા સ્વરૂપમાંજ રહેનાર આત્મા અકર્ત્તા છતાં પણ ચિત્તની ચેષ્ટાઓમાં કારણભૂત થાય છે.૬૦ જેમ ભીંતનું રૂપ દીવાના સામીપ્યમાત્રથીજ સ્ફુરે છે તેમ મનનું રૂપ આત્માના સામીપ્ય માત્રથીજ સ્ફુરે છે.૬૧ હે રામચંદ્રજી! ચૈતન્યરૂપ આત્મા અને જડ સ્વભાવવાળું ચિત્ત કે જેઓ સ્વર્ગ અને પૃથ્વી એઓની પેઠે સર્વદા પરસ્પરના સંબંધ વગરનાંજ છે તેઓને શો સંબંધ હોય? કશો નથી.૬૨ ચપલ ચલનો કરાવનારી પ્રાણની શક્તિઓએ વશ કરેલું ચિત્ત મૂર્ખતાનેલીધે 'આત્મા છે' એમ માની લેવામાં આવે છે.૬૩ પણ વાસ્તવિક જોતાં ચિત્ત અનાત્માજ છે. આત્મા પ્રકાશરૂપ છે, નિત્ય છે, સર્વ વ્યાપક છે અને સર્વશક્તિમાન છે, અને ચિત્ત તો હૃદયના મોટા અંધકારરૂપ છે, અનિત્ય છે, પરિમિત પ્રદેશમાં રહેનાર છે અને શઠ છે.૬૪ તમે વાસ્તવિક રીતે સર્વજ્ઞ આત્માજ છો. મનરૂપ કદી નથી. મનમાં અધ્યાસને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૂર જ કરી નાખો. મનની સાથે તે શું મળી ગયા છો ?[૬૫] હે મહાત્મા રામચંદ્રજી ! દેહરૂપી શૂન્ય ઘરમાં રહેલો આ મનરૂપી દુષ્ટ પિશાચ આત્માને કદી અડકી શકતો નથી તે છતાં પણ ચૂપાચૂપ રીતે આત્માને પોતાના સ્પર્શવાળો માની લે છે.[૬૬] મનરૂપ પિશાચ કે જે સંસાર દેનારો છે, અકલ્યાણરૂપ છે અને ધૈર્યરૂપી સર્વસ્વને હરી જનારો છે તેને છોડી દઇને તમે જે રૂપ છો તેરૂપે સ્થિર થાઓ.[૬૭] ચિત્તરૂપી યક્ષે મજબૂતરીતે પકડેલા માણસને શાસ્ત્રો, બાંધવો કે ગુરુઓ કોઇ પણ બચાવી શકતાં નથી.[૬૮] જેમ કાદવ થોડો હોય તો લોકો તેમાંથી મૃગને બહાર કહાડી શકે છે તેમ ચિત્તરૂપી વેતાલ શાંત થતાં થોડીક મૂર્ખતા રહી હોય તો તે પુરૂષને ગુરુઓ, શાસ્ત્રો તથા બાંધવો તે મૂર્ખતામાંથી બહાર કહાડી શકે છે.[૬૯] આ જગતરૂપી શૂન્ય નગરમાં નાચ્યા કરતા ચિત્તરૂપી મસ્ત વેતાલે સઘળા દેહરૂપી ઘરને દૂષિત કરી નાખ્યું છે.[૭૦] દેહરૂપી પ્રદેશમાં ઉત્પન્ન થએલું આ સઘળા જગતરૂપી મોટું શૂન્ય જંગલ ચિત્તરૂપી વેતાલે ઘેરેલું હોવાનેલીધે કોને ત્રાસ ન આપે ?[૭૧] આ જગતરૂપી નગરીની અંદર જેમાં ચિત્તરૂપી પિશાચ શાંત થઇ ગયો હોય એવું દેહરૂપી ઘર તો થોડા ઘણા સત્પુરૂષોનુંજ હોય છે.[૭૨] હે રામચંદ્રજી ! આ જગતમાં જે જે દિશા સાંભળવામાં આવે છે તે તે દિશા મોહરૂપી વેતાલોની મસ્તીઓવાળાં દેહોરૂપી મસાણોથીજ ભરપૂર હોય છે.[૭૩] તમે ધૈર્યરૂપી અંશનું દૃઢ અવલંબન કરીને, આ જગતરૂપી મોટા જંગલમાં નાના બાળકની પેઠે મુંઝાયા કરતા તમારા આત્માનો ઉદ્ધાર કરો.[૭૪] હે રામચંદ્રજી ! જેમાં પ્રાણીઓરૂપી મૃગોના સમૂહો ચર્યા કરે છે એવા આ જગતરૂપી જુના અરણ્યમાં તમે મૃગના બચ્ચાની પેઠે વિષયોરૂપી તરણાંના રસો મળવાથી કૃતાર્થપણું માનો નહિ.[૭૫] આ પૃથ્વીરૂપી જંગલમાં મૂઢ લોકોરૂપી મૃગો વિષયોરૂપી તરણાંઓને ચરે છે તો ભલે ચરે પણ તમે તો અજ્ઞાનરૂપી હાથીને ખાઇ જઇને સિંહની વૃત્તિનોજ સ્વીકાર કરો.[૭૬] બીજાં માણસોરૂપી મૂઢ મૃગો પોતાના જંગલરૂપ આ જંબૂદ્વીપમાં જે રીતે વિહાર કરે છે તે રીતે તમે વિહાર કરો નહિ.[૭૭] બંધુઓની મમતારૂપ કાદવની ખાડ કે જે બહુજ થોડા કાળસુધીજ ઠંડી લાગે એવી છે અને કાદવથી ખરડી દેનારી છે તેમાં પાડાની પેઠે તમારે પડવું યોગ્ય નથી.[૭૮] ભોગોના વિસ્તારોને દૂર કરી નાખવા જોઇએ, મહાત્માઓની પદવીને અનુસરવું જોઇએ અને પોતાના અમૂલ્ય પ્રયોજનનો વિચાર કરીને કેવલ પોતાના આત્માનોજ આશ્રય કરવો જોઇએ.[૭૯] આ દેહ કે જે અપવિત્ર છે, તુચ્છ છે, દુર્ભાગ્ય છે અને દુષ્ટ આકારવાળો છે તેનેવાસ્તે આસક્તિરૂપ કાદવમાં ડૂબવું યોગ્ય નથી, કેમકે એ કાદવમાં ડૂબેલા લોકોને ચિંતારૂપી દારૂણ રાક્ષસી ખાઈ જાય છે.[૮૦] આ દેહને બીજાએ (કર્મે) રચ્યો છે, તેમાં બીજો યક્ષ (અહંકાર) ઘુસી ગયો છે, તેનું દુઃખ બીજાને (મનને) થાય છે અને તે દુઃખને બીજો (જીવ) ભોગવે છે. અહો ! આ મૂર્ખતારૂપી ચકરી ભારે આશ્ચર્યરૂપ છે.[૮૧] આત્મા કેવલ સત્તાસામાન્યરૂપ છે અને સત્તાસામાન્યથી જે ન્યારૂં હોય તે અસત્પણાનેલીધે સંભવતુંજ નથી. એટલામાટે છીપરની પેઠે આત્માનું ઘાટાપણું એકરૂપજ હોવાથી તેમાં દુઃખોના ભોક્તાપણાનો કે શરીર ઇત્યાદિનો અવકાશજ નથી.[૮૨] જેમ પથરાનું કઠણપણું પથરાથી જુદું નથી તેમ સમષ્ટિ તથા વ્યષ્ટિ મન વગેરે પદાર્થો આત્માથી જુદા નથી. કેમકે સર્વ પદાર્થો સત્તામાત્રસ્વભાવથી અભિન્ન છે અને એઓની જુદી સ્થિતિ કોઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે સંભવતી નથી.[૮૩] જેમ પાષાણની પાષાણતા અને ઘટની ઘટતા સત્તા માત્રથી અભિન્ન છે તેમ સમષ્ટિ વ્યષ્ટિ મનસમૂહ આત્માથી અભિન્ન છે.[૮૪] હે રામચંદ્રજી! હવે હું મોહનો નાશ કરનારો એક બીજો વિચાર કહું છું તે સાંભળો કે જે વિચાર મને સંસારનાં દુ:ખોની શાંતિનેવાસ્તે કૈલાસ પર્વતની ગુફામાં પૂર્વે સદાશિવે કહેલ છે. ચંદ્રનાં કિરણોના સમૂહની પેઠે પ્રકાશતો, સ્વર્ગની સીમાસુધી પહોંચેલો અને સદાશિવના નિવાસરૂપ કૈલાસ નામનો પર્વત છે. એ પર્વતમાં ચંદ્રની કળાને ધરનારા સાક્ષાત્ સદાશિવ રહે છે.[૮૫-૮૭] પૂર્વે કોઇ સમયે હું એજ પર્વતની અંદર ગંગાજીને કિનારે આશ્રય કરીને રહ્યો હતો અને એ સદાશિવનું પૂજન કરતો હતો.[૮૮] મેં તપનેવાસ્તે તપસ્વીઓના આચરણમાં લાંબા કાળસુધી સ્થિતિ કરી હતી, સઘળા શિવપૂજનના શાસ્ત્રાર્થોનો સંગ્રહ કર્યો હતો, અનેક પુસ્તકો એકઠાં કર્યાં હતાં, પૂજનનાં પુષ્પો ભરવાનેવાસ્તે કેટલાએક પડીયાઓ કરી રાખ્યા હતા અને સિદ્ધલોકો પણ મારી પૂજા-સામગ્રીનેજોવાનેવાસ્તે મારીપાસે આવીને બેસતા હતા.[૮૯,૯૦] હે રામચંદ્રજી! એવી રીતની ગોઠવણ કરીને કૈલાસવનના નિકુંજમાં તપ કરતાં કરતાં મને કેટલોક કાલ વ્યતીત થઇ ગયો.[૯૧] એક દિવસે શ્રાવણ માસના કૃષ્ણપક્ષની અષ્ટમીનો પ્રદોષકાલ પૂજનાદિકમાં વ્યતીત થઇ જતાં, પ્રાણીઓના સંચારો બંધ પડવાથી શાંત થએલી દિશાઓ જાણે દૃઢ મૌન ધરીને બેઠેલી હોય એવી જણાવા લાગતાં, કુંજો તથા વનો ખડ્ગથી કપાય એવા ઘાટા અંધકારથી વ્યાપ્ત થઈ જતાં અને બરાબર ચાર ઘડી રાત જતાં તે સમયે સમાધિને જરા નરમ પાડીને હું બહારના પદાર્થોનું અવલોકન કરતો હતો, ત્યાં તે વનમાં તુરતજ ઉઠેલું, સેંકડો ધોળાં વાદળાંઓના જેવું જણાતું અને અનેક ચંદ્રબિંબો જેવું દીપતું કોઇ તેજ મારા જોવામાં આવ્યું. દિશાઓરૂપી કુંજોને પ્રકાશિત કરનારા એ તેજને જોઇને વિસ્મયનેલીધે હું અંદર પ્રકાશ આપનારી બુદ્ધિરૂપ દૃષ્ટિથી વિચાર કરી જેમાં એ તેજ હતું તે શિખરને જોવા લાગ્યો; તેટલીવારમાં ચંદ્રની કળાને ધરનારા, અને જેમણે પાર્વતીના હાથમાં પોતાનો હાથ આપ્યો હતો તથા જેની આગળ ચાલતા પાર્ષદોને નંદિકેશ્વર આઘા કરતા હતા એવા સદાશિવ ત્યાં પધાર્યા.[૯૨-૯૭] આથી મેં બહુજ રાજી થઈ મારી પાસેના શિષ્યોને સમજાવી અર્ઘ્ય લઇ તેમની દૃષ્ટિથી પવિત્ર થએલા તેમના સમીપના પ્રદેશમાં જઇ દૂરથીજ પવિત્રતાપૂર્વક પુષ્પાંજલિ આપી, અર્ઘ્ય આપ્યો અને પ્રણામ કરીને સ્તુતિ પણ કરી. પછી તેમણે સઘળી પીડાઓને હરનારી અને ચંદ્રની કાંતિના જેવી શીતલતાવાળી સરલ દૃષ્ટિથી લાંબી વાર સુધી મારી સામે અવલોકન કર્યું.[૯૮,૯૯] પછી ઘણાં પુષ્પોવાળા શિખરની ઉપર બિરાજેલા તે ત્રૈલોક્યના સાક્ષીરૂપ સદાશિવની સામે જઇને મેં અર્ઘ્ય, પાદ્ય તથા પુષ્પો અર્પણ કર્યાં. તેમની આગળ ઘણી ઘણી મંદારનાં પુષ્પોની અંજલિઓ નાખી.[૧૦૦,૧૦૧] અનેક પ્રકારના નમસ્કારોથી તથા સ્તોત્રોથી પણ તેમનું પૂજન કર્યું. સદાશિવનું પૂજન કર્યા પછી મેં તેવીજ પૂજાથી ભગવતી પાર્વતીનું, તેમની સખીઓનું અને પ્રમથગણોની મંડલીનું પણ પૂજન કર્યું.[૨] પૂજન કરીને હું ત્યાં બેસી જતાં અર્ધા ચંદ્રને ધરનારા તે સદાશિવે પૂર્ણ ચંદ્રના કિરણોના જેવી શીતલતાવાળી વાણીથી મને કહ્યું,[૩] કે "હે વસિષ્ઠમુનિ! ઉપશમવાળી, વિશ્રાંતિવાળી અને કલ્યાણ કરનારી તમારા ચિત્તની વૃત્તિઓ પરમાત્મામાં એકાગ્ર રહે છે? તમારૂં શુભ તપ નિર્વિઘ્ન રીતે ચાલ્યા કરે છે?[૪]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરમ પદ કે જે સર્વોત્તમ છે તેને પામ્યા છો ? તમારા સઘળા ભયો શાંત થઈ ગયા છે ?"[૬] હે રામચંદ્રજી ! સર્વ લોકોના મુખ્ય કર્ત્તા સદાશિવે એ પ્રમાણે પૂછતાં મેં કહ્યું, કે "હે મહાદેવ ! આપના સ્મરણરૂપી કલ્યાણ જેઓને પ્રાપ્ત થયું હોય તેઓને કોઇ પણ પુરૂષાર્થ દુર્લભ રહેતો નથી અને કોઇ પણ ભય પ્રાપ્ત થતો નથી,[૭,૮] તમારા સ્મરણના આનંદથી જેઓનાં ચિત્તો ઘૂમતાં હોય તેઓને જેઓ ન નમે તેઓ બ્રહ્માંડમાંજ હોતા નથી.[૯] તમારા સ્મરણમાંજ લાગેલી બુદ્ધિવાળા લોકો જેઓમાં રહેતા હોય તે દિશાઓ, તે દેશો, તે પ્રાંતો અને પર્વતોજ સર્વોત્તમ ગણાય છે.[૧૧૦] હે પ્રભુ ! તમારૂં સ્મરણ ભૂતકાલના પુણ્યનું ફળ આપે છે, વર્તમાનકાળના પુણ્યને વધારે છે અને ભવિષ્યકાળના પુણ્યનું બીજ વાવે છે.[૧૧] હે મહારાજ ! આપનું સ્મરણ જ્ઞાનરૂપી અમૃતના મુખ્ય કલશરૂપ છે, ધીરજરૂપી ચાંદનીના ચંદ્રરૂપ છે અને મોક્ષરૂપી પુરના દ્વારરૂપ છે.[૧૨] હે ભૂતનાથ ! મેં આપના સ્મરણરૂપ ઉદાર ચિંતામણિના પ્રભાવથી સઘળી આપદાઓને માથે પગ મૂક્યો છે."[૧૩] હે રામચંદ્રજી ! મેં એ પ્રમાણે કહીને, તે પછી અત્યંત પ્રસન્ન જણાતા તે મહાત્મા સદાશિવને બહુજ નમ્રભાવથી જે કહ્યું તે હવે તમને કહું છું, સાંભળો.[૧૪] મેં સદાશિવને પૂછ્યું, કે "હે મહારાજ ! આપના પ્રસાદનેલીધે મને સઘળી દિશાઓ ઇષ્ટ પદાર્થોથી પૂર્ણજ જણાય છે; પરંતુ હું આપને એક સંશય પૂછું છું તો તે વિષયમાં આપ કશી ઉતાવળ નહિ કરતાં અને કશો પડદો નહિ રાખતાં પ્રસન્ન બુદ્ધિથી ઉત્તર આપો.[૧૫] મારો સંશય એ છે કે કયા પ્રકારથી દેવાર્ચન (દેવપૂજન) કરવામાં આવે તો પાપોનો ક્ષય થાય અને સઘળાં કલ્યાણોની વૃદ્ધિ થાય.[૧૬]

સદાશિવ કહે છેઃ—હે વસિષ્ઠ મુનિ ! હું તમને સર્વોત્તમ દેવાર્ચનનો પ્રકાર કહું છું તે સાંભળો, કે જે પ્રકારથી એકવાર દેવાર્ચન કરવામાં આવે તોપણ મુક્તિ પ્રાપ્ત થાય છે.[૧૭] હે મહાબાહુ વસિષ્ઠ મુનિ ! ખરા દેવ કોણ છે ? એ શું તમે જાણો છો ? વિષ્ણુ પણ ખરા દેવ નથી, હું પણ ખરો દેવ નથી,[૧૮] બ્રહ્મા પણ ખરા દેવ નથી, ઇંદ્ર પણ ખરા દેવ નથી, વાયુ પણ ખરા દેવ નથી, સૂર્ય પણ ખરા દેવ નથી, અગ્નિ પણ ખરા દેવ નથી, ચંદ્ર પણ ખરા દેવ નથી[૧૯] તેમજ બ્રાહ્મણ, રાજા, રૂદ્ર કે તમે પણ ખરા દેવ નથી.[૨૦] જે દેહરૂપ કે ચિત્તરૂપ હોય તે દેવ સંભવેજ નહિ.[૧૨૦] શોભારૂપ કે બુદ્ધિરૂપ પણ દેવ હોયજ નહિ. આદિથી તથા અંતથી રહિત જે અકૃત્રિમ ચૈતન્ય પ્રકાશ છે તેજ ખરો દેવ છે.[૨૧] દેશથી, કાલથી કે વસ્તુથી જેનો પરિચ્છેદ થતો હોય તેમાં દેવપણું ક્યાંથીજ હોય ? આદિથી તથા અંતથી રહિત અને અકૃત્રિમ જે ચૈતન્યપ્રકાશ છે તેજ 'દેવ' એ શબ્દથી કહેવાયછે.[૨૨] માટે તેનુંજ પૂજન કરવું જોઇએ. આ સઘળું જગત પોતાથી નહિ પણ જેની સત્તાથી સત્તા પામેલું છે તેજ સાચો દેવ છે.[૨૩] જેમ ચાર ગાઉ ચાલવામાં જેની શક્તિ ન હોય તે માણસને એક ગાઉ ચાલવાનું કહેવામાં આવે છે, તેમ જેઓને ચૈતન્યપ્રકાશરૂપ સાચા દેવનું જ્ઞાન નથી તેઓને સાકાર વગેરેનું પૂજન શાસ્ત્રકારોએ કહેલું છે.[૨૪] રૂદ્ર આદિ સાકારોનું પૂજન કરવાથી પરિચ્છિન્ન ફળજ મળે છે અને ચૈતન્યપ્રકાશરૂપ આત્માનું પૂજન કરવાથી તો આદિથી તથા અંતથી રહિત અકૃત્રિમ સ્વરૂપાનંદરૂપ ફળ પ્રાપ્ત થાય છે.[૨૫] જે પુરૂષ અકૃત્રિમ ફળને છોડી દઇને કૃત્રિમ ફળને લેવા દોડે તે પુરૂષ કલ્પવૃક્ષના વનને છોડીને કાકચના વનમાં જાય છે એમ સમજવું.[૨૬] અકૃત્રિમ પૂજનમાં બોધ, સમતા અને ઉપશમ એ મુખ્ય પુષ્પો છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને નિર્મલ, નિરતિશય આનંદરૂપ જે ચૈતન્યમાત્ર આત્મા છે તે પૂજ્ય છે એમ તત્ત્વજ્ઞાનિઓએ સિદ્ધાંત કરેલો છે.[૨૭] ઉપશમ, બોધ તથા સમતા આદિ પુષ્પોથી આત્મારૂપ દેવનું અર્ચન કરવું એજ સાચું દેવાર્ચન છે એમ સમજો. આકારનું પૂજન કરવું એ સાચું દેવાર્ચન નથી.[૨૮] જે લોકો આત્મજ્ઞાનરૂપ દેવાર્ચનને છોડીને કૃત્રિમ અર્ચનોમાં લાગી રહે છે તેઓ લાંબા કાળસુધી ક્લેશને પ્રાપ્ત થયા કરે છે.[૨૯] જેઓને આત્મજ્ઞાન પ્રાપ્ત થયું હોય છે એવા મહાત્માઓ આત્મજ્ઞાનમાંથી વ્યુત્થાનના સમયમાં સાકાર દેવનું પૂજન કરતા જોવામાં આવતા હોય તો તેઓ બાલકોની પેઠે લીલાજ કરે છે એમ સમજો.[૧૩૦] જે સર્વના પરમ કારણભૂત અને પરમ શિવ આત્મારૂપ દેવ છે તેનુંજ સર્વદા અખંડિત રીતે બોધરૂપ પૂજન કરવું જોઇએ.[૩૧] તમે જીવનેજ અકૃત્રિમ, અવિનાશી તથા ચૈતન્યપ્રકાશરૂપ બ્રહ્મ સમજો અને તેનેજ પૂજ્ય સમજો. આત્માજ પૂજ્ય છે, અનાત્મા પૂજ્ય નથી. કેમકે બોધરૂપ જે આત્મપૂજન છે તેજ મુખ્ય પૂજન છે.[૩૨]

વસિષ્ઠ ઋષિ પૂછે છેઃ—હે મહારાજ ! આપ કહી ગયા કે 'સઘળું જીવઆદિરૂપ જગત આત્માની સત્તાથીજ સત્તા પામેલું છે' તો તેવિષે જે ઉપપત્તિ હોય તે જાણવા માગું છું. ચૈતન્યરૂપ આત્માનેજ જીવઆદિપણું શી રીતે થયું છે?[૩૩]

સદાશિવ કહે છેઃ—પારથી તથા આકારથી રહિત જે ચિદાકાશ છે તેજ સર્વત્ર છે. જેમ પ્રલયકાલમાં તે ચિદાકાશની અંદર કાંઈ પણ દૃશ્ય રહેતું નથી તેમ હમણાં પણ વાસ્તવિક જોતાં તેની અંદર કાંઈ પણ દૃશ્ય નથી.[૩૪] જે જે કાંઇ દૃશ્યરૂપે સ્ફુરે છે તે સઘળું એ સ્વયંપ્રકાશ ચિદાત્માનુંજ સ્ફુરણ છે. એ ચિદાત્માનું જે પોતાની મેળે સ્ફુરણ થયા કરે છે તેજ આ જગતરૂપે પ્રતીત થાય છે એટલું સમજવું બસ છે.[૩૫] જેમ સ્વપ્નનું નગર ચૈતન્યના સ્ફુરણ સિવાય બીજું કાંઈ નથી તેમ આ જગત પણ ચૈતન્યના સ્ફુરણ સિવાય બીજું કાંઈ નથી. આ જગતરૂપ ચિ ભીતવાળું નથી પણ કેવલ સ્વચ્છ ચિદાકાશરૂપજ છે.[૩૬] દૃશ્યની જુદી સત્તા કોઇ પણ રીતે સંભવતી નથી માટે દૃશ્ય કેવલ ચિદાકાશરૂપજ છે એમ સમજો. ચૈતન્યપણું હોવાનેલીધે આત્માનું સૃષ્ટિ ઇત્યાદિના સમયમાં જે સ્ફુરણ થાય છે તેજ જગત એ નામથી કહેવાય છે.[૩૭] આમ છે એટલામાટે સ્વપ્નના નગર જેવું જે કાંઇ આ જગત પ્રતીત થાય છે તે ચિદાકાશરૂપજ છે અને જે ચિદાકાશરૂપ છે તેમાં વળી અન્યપણું એ શું હોય અને શાથી હોય ?[૩૮] પર્વતો પણ ચૈતન્યમાત્રજ છે, આકાશ પણ ચૈતન્યમાત્રજ છે, જીવાત્મા પણ ચૈતન્યમાત્રજ અને પ્રાણીઓનો સમુદાય પણ ચૈતન્યમાત્રજ છે.[૩૯] સૃષ્ટિ ઇત્યાદિનો સમય કે જેમાં સઘળું જગત પ્રતીત થાય છે તેમાં, પૃથ્વીમાં, સ્વર્ગમાં કે પાતાલમાં પણ કેવળ ચિદાકાશ સિવાય બીજું શું સંભવે છે તે કહો. કશું સંભવતું નથી.[૧૪૦] જેમ પાદપ અને વૃક્ષ એ પરસ્પરના પર્યાય શબ્દોજ છે તેમ ચિદાકાશ, પરમાકાશ, બ્રહ્માકાશ, જગત અને ચૈતન્ય એઓ પરસ્પરના પર્યાય શબ્દોજ છે.[૪૧] સ્વપ્નથી, સંકલ્પથી કે માયાથી જ્યારે જ્યારે જગતનો અનુભવ થાય છે ત્યારે ત્યારે એ ચિદાકાશજ જગતરૂપે પ્રતીત થાય છે એમ સમજો.[૪૨] જેમ સ્વપ્નમાં ચિદાકાશ જગતરૂપે પ્રતીત થાય છે તેમ જાગ્રતમાં પણ ચિદાકાશજ જગતરૂપે પ્રતીત થાય છે. જેમ આપણને સ્વપ્નમાં જગત પ્રતીત થાય છે તેમજ જાગ્રતમાં પ્રતીત થાય છે.[૪૩] જેમ સ્વપ્નના નગરમાં ચિદાકાશ વિના બીજું કાંઇ ક્યાંય પણ નથી તેમ જાગ્રતમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ચિદાકાશ વિના બીજું કાંઇ ક્યાંય પણ નથી.[૪૪] સઘળાં દૃશ્યોમાં કોઈ પણ દૃશ્ય ચિદાકાશથી જુદું સંભવતું નથી, એટલામાટે સઘળાં દૃશ્યોથી સંયુક્ત આ દૃશ્ય ચિત્ અર્થાત્ સઘળું જગત ચિદાકાશમાત્રજ છે.[૪૫] પરમાત્મનું સ્ફુરણજ અથવા પરમાત્માનો પહેલો સંકલ્પજ ત્રૈલોક્યરૂપ થઇને પોતાની મેળે ઉઠેલ છે, માટે પરમાત્મામાં આ સઘળું ત્રૈલોક્ય સ્વપ્નની પેઠેજ રહેલું છે; પણ દ્વૈતવાદીઓના માનવા પ્રમાણે રહેલું નથી.[૪૬] જેમ સ્વપ્નમાં સઘળું ઘટપટાદિક ચિદાકાશમાત્રજ છે તેમ સૃષ્ટિ વગેરેમાં પણ સઘળું જગત ચિદાકાશમાત્રજ છે.[૪૭] જેમ સ્વપ્નના નગરમાં ચિદાકાશથી જુદું બીજું કાંઈ પણ હોતું નથી તેમ આ ત્રૈલોક્યમાં પણ ચિદાકાશથી જુદું બીજું કાંઇ પણ નથી.[૪૮] ત્રણે કાલમાં દેશ, કાલ તથા ચિત્તસહિત જે જે કોઈ દેખાવો થાય છે તથા જે જે કાંઈ ભાવ કે અભાવ થાય છે તે, સઘળું ચિદાકાશ માત્રજ છે.[૪૯] હે વસિષ્ઠ મુનિ! જે સાચો દેવ છે તેનું નિરૂપણ મેં તમને કહી સંભળાવ્યું, કે જે દેવથી તમે જુદા નથી, હું જુદો નથી અને સઘળું જગત પણ જુદું નથી. તમે પણ એ દેવ છો, હું પણ એ દેવ છું અને સઘળું જગત પણ એ દેવ છે.[૧૫૦] સઘળા પદાર્થોનું, જગતનું, તમારૂં, મારૂં અને બીજાનું પણ વાસ્તવિક સ્વરૂપ એ પરમાત્માજ છે, બીજું કાંઈ પણ નથી.[૫૧] જેમ સંકલ્પના પુરમાં અને સ્વપ્નના પુરમાં ચિદાકાશથી જુદું બીજું કાંઈ રૂપ નથી તેમ હિરણ્યગર્ભની ઉત્પત્તિથી માંડીને આ સઘળી સૃષ્ટિમાં ચિદાકાશથી જુદું બીજું કાંઈ પણ રૂપ નથી.[૧૫૨]

संकल्पने स्वप्नपुरे शरीरं चिद्व्योमतोऽन्यन्न यथास्ति किंचित् ॥ तथेह सर्गे प्रथमैकसर्गान्मुने प्रभृत्यस्ति न रूपमन्यत् ॥१५२॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'જગતનુંપરમાત્મમયત્વવર્ણન' એ નામનો ઓગણત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૨૯

સર્ગ ૩૦ મો.*

ચૈતન્યની સત્તા અને જીવદશાની પ્રાપ્તિ ઇત્યાદિ

॥ श्रीईश्वर उवाच ॥

एवं सर्वमिदं विश्वं परमात्मैव केवलम् ॥ ब्रह्मैव परमाकाशमेष देवः परःस्मृतः ॥१॥

સદાશિવ કહે છેઃ–હે વસિષ્ઠ મુનિ! એ રીતે આ સઘળું જગત કેવલ પરમાત્માજ છે અને જે પરમાત્મા પરબ્રહ્મ છે તેજ સર્વોત્તમ દેવ છે.[૧] એ દેવનું પૂજન સર્વથી શ્રેષ્ઠ છે, એ દેવથીજ સર્વોત્તમ સુખ પ્રાપ્ત થાય છે, એ દેવજ સર્વના આરોપનું અધિષ્ઠાન છે અને એ દેવમાંજ આ સઘળું જગત રહેલું છે.[૨] જે સુખ અકૃત્રિમ છે, આદિથી તથા અંતથી રહિત છે, અદ્વિતીય છે, અખંડિત છે, અને બહારનાં સાધનોથી સાધ્ય નથી, તે સુખ એ દેવથીજ મળે છે.[૩] હે મહામુનિ! તમે મોટા વિવેકી છો તેથી તમને કહું છું કે પુષ્પોનો તથા ધૂપોનો મોટો સમૂહ પરમાત્માના પૂજનમાં કશો ઉપયોગી નથી.[૪] જેઓ અવ્યુત્પન્ન બુદ્ધિવાળા અને બાલકોની પેઠે મુગ્ધ ચિત્તવાળા હોય છે તેઓને વાસ્તેજ શાસ્ત્રકારોએ કૃત્રિમ મૂર્ત્તિમાં દેવાર્ચન કરવાનું કહ્યું છે.[૫] જેમ ભાત ન મળે તો કોદરા ખવામાં આવે છે તેમ શમ તથા બોધ આદિ ન હોય તો પુષ્પઆદિ મિથ્યા કલ્પિત પદાર્થોથી કૃત્રિમ મૂર્ત્તિમાં પૂજન કરવામાં આવે છે.[૬] અજ્ઞાની લોકો પોતાના સંકલ્પો પ્રમાણે પદ્ધતિઓ કરી કૃત્રિમ મૂર્ત્તિમાં પુષ્પોથી તથા ધૂપોથી અર્ચન કરીને સંતોષ પામે છે.[૭] પોતાના મનથી ઠરાવેલા પુષ્પ આદિ પદાર્થોવડે મિથ્યાભૂત કૃત્રિમ મૂર્ત્તિનું પૂજન કરીને વિમાન આદિ મિથ્યાભૂત સાધનોથી મિથ્યાભૂત ફળનેજ પ્રાપ્ત થાય છે.[૮] હે વસિષ્ઠ

* આ ત્રીશમા સર્ગમાં ચૈતન્યનું સર્વાત્મકપણું અને સર્વભોક્તાપણું કહેવામાં આવશે અને ચૈતન્યને જે રીતે જીવદશા પ્રાપ્ત થઇ છે તે પણ કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુનિ! પુષ્પોથી તથા ધૂપો વગેરેથી દેવપૂજન અવિવેકી લોકોને વાસ્તેજ કલ્પવામાં આવ્યું છે; એટલામાટે તમારા જેવા વિવેકી પુરૂષોએ કરવા યોગ્ય જે દેવપૂજન છે તેનું હું નિરૂપણ કરૂં છું.[૯] હે મોટી બુદ્ધિવાળા વસિષ્ઠ મુનિ! જે દેવ આપણ વગેરેએ કલ્પેલા આ જગતની અંદર આવી જતો હોય તે દેવને તમે નિસ્સારજ સમજો. ખરો દેવ તો ત્રૈલોક્યના આધારરૂપ પરમાત્માજ છે. બીજો કોઇ નથી[૧૦] મંગલરૂપ, બ્રહ્માપણા આદિ સઘળી પદવીઓથી ન્યારો, જેને સઘળી મનોવૃત્તિઓ પહોંચી શકતી નથી એવો, સઘળા વિષયભોગોના સંકલ્પોથી રહિત, સર્વરૂપ છતાં સર્વથી અલગ, દેશકાલ વગેરેના પરિચ્છેદથી રહિત, સઘળા પદાર્થોને પ્રકાશ આપનારો, નિર્મલ અને કેવલ ચૈતન્યરૂપ જે આત્મા છે તેજ દેવ કહેવાય છે.[૧૧,૧૨] સઘળાં તત્ત્વોથી ન્યારી, સઘળાં તત્ત્વોની અંદર રહેલી, સર્વને સત્તા આપનારી અને પોતાની સત્તાથી સર્વની સત્તાનું અપહરણ કરનારી જે સંવિત્ છે તેજ દેવ છે.[૧૩] હે વસિષ્ઠ મુનિ! વ્યાવહારિક તથા પ્રાતિભાસિક પદાર્થોના આધષ્ઠાનરૂપ અથવા સાક્ષિરૂપ જે ચૈતન્ય છે તેજ દેવ કહેવાય છે. સૂર્યાદિકને પણ પ્રકાશ આપનારા તે ચૈતન્યનેજ શ્રુતિઓ સત્ તથા ઓમ્ ઇત્યાદિ શબ્દોથી કહે છે.[૧૪] સામાન્ય સત્તારૂપ સ્વભાવથી સર્વમાં સમાનરૂપ રહેલું એ બ્રહ્મજ મહાચિત્ અને પરમાર્થ કહેવાય છે.[૧૫] જેમ લતાઓની અંદર રસ રહે છે તેમ એ સર્વાત્મક ચૈતન્ય સર્વમાં સત્તાસામાન્યરૂપે રહેલ છે; અને સર્વનો બાધ થાય ત્યારે મહાસત્તારૂપે રહે છે. અર્ધાંગના પાર્વતીનું જે ચૈતન્યતત્ત્વ છે, તમારૂં જે ચૈતન્યતત્ત્વ છે, પાર્વતીનું જે ચૈતન્યતત્ત્વ છે, ગણોનું જે ચૈતન્યતત્ત્વ છે, મારૂં જે ચૈતન્યતત્ત્વ છે, અને જે સઘળા ત્રૈલોક્યનું પણ ચૈતન્યતત્ત્વ છે તેનેજ ઉત્તમ બુદ્ધિવાળા તત્ત્વવેત્તા પુરૂષો દેવ સમજે છે.[૧૭,૧૮] હાથ પગ ઇત્યાદિ અવયવોવાળો જે કોઈ બીજો દેવ કલ્પવામાં આવે છે તેમાં પણ કેવલ ચૈતન્યમાત્ર વિના બીજો શો સાર છે તે કહો![૧૯] જે કેવલ ચૈતન્ય છે તેજ સંસારના સારરૂપ છે. સર્વના સારપણાને પામેલો એવ દેવ છે, એથીજ સઘળું પ્રાપ્ત થાય છે અને એ જે પૂર્ણ દેવ છે તેજ હું છું.[૨૦] હે વસિષ્ઠ મુનિ! એ દેવ કોઇને પણ દૂર નથી, કોઇને પણ દુર્લભ નથી, સર્વદા દેહમાં રહે છે, આકાશમાં રહે છે અને સર્વમાં રહે છે.[૨૧] એ દેવજ સઘળું કરે છે, એ દેવજ સઘળું ભોગવે છે, એ દેવજ સઘળું ધરે છે, એ દેવજ જાય છે, એ દેવજ નિશ્વાસ લે છે, એ દેવજ પ્રત્યેક અંગોને જાણે છે અને એ દેવજ સર્વજ્ઞ છે.[૨૨] હે મુનિવર! આ શરીરરૂપી નગરી કે જે વિચિત્ર ચેષ્ટાઓવાળી છે, તે એ દેવથી સ્ફુરે છે અને એ દેવના સ્વરૂપમાંજ ગોઠવાએલી છે, તેમાં એ દેવ રહે છે.[૨૩] આ બુદ્ધિરૂપી ગુફા કે જે શરીરરૂપી પહાડમાં રહેલી છે, એ દેવના અનુગ્રહથીજ ચલિત થયા કરે છે અને અન્નમય આદિ ગહન કોશોવાળી છે, તેમાં પણ તેનો સ્વામી એજ દેવ રહે છે.[૨૪] મન આદિ છ ઇંદ્રિયોની ગતિથી અલગ રહેનારા એ નિર્મલ આત્માનુંજ ઉપદેશના વ્યવહારને વાસ્તે 'ચિત્' એ સ્ત્રીલિંગ નામ કલ્પેલું છે.[૨૫] ચિન્મય, સૂક્ષ્મ, સર્વવ્યાપી, અને નિર્લેપ એ દેવજ આ દેખવામાં આવતા જગદ્રૂપ આભાસને અધ્યારોપની દશામાં કરે છે અને અપવાદની દશામાં નથી કરતો.[૨૬] હે વિદ્વાન્ વસિષ્ઠ મુનિ! જેમ વસંતઋતુ રસથી લતાને શોભાવે છે તેમ એ અત્યંત નિર્મલ ચિત્ જગતનેવાસ્તે જગતસંબંધી ક્રિયાને શોભાવે છે. એ ચૈતન્યનાજ સર્વને સત્તા તથા સ્ફુરણ દેવારૂપ ચમત્કારો પૂર્વપૂર્વની વાસનાઓના અનુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારથી ચૈતન્યમાંજ અનેક ચમત્કારોને પ્રકટ કરે છે, તેથી કેટલાએક ચમત્કારો આકાશરૂપે દેખાય છે, કેટલાએક ચમત્કારો જીવરૂપે દેખાય છે, કેટલાએક ચમત્કારો ચિત્તરૂપે દેખાય છે, કેટલાએક ચમત્કારો કલારૂપે દેખાય છે, કેટલાએક ચમત્કારો દેશરૂપે દેખાય છે, કેટલાએક ચમત્કારો ક્રિયારૂપે દેખાય છે, કેટલાએક ચમત્કારો દ્રવ્યરૂપે દેખાય છે, કેટલાએક ચમત્કારો જાયતે આદિ વિકારોરૂપે દેખાય છે, કેટલાએક ચમત્કારો ગુણોના ભેદોરૂપે દેખાય છે, કેટલાએક ચમત્કારો જાતિઓરૂપે દેખાય છે, કેટલાએક ચમત્કારો યોગ્યતાઓરૂપે દેખાય છે, કેટલાએક ચમત્કારો પ્રકાશોરૂપે દેખાય છે, કેટલાએક ચમત્કારો પર્વતરૂપે દેખાય છે, કેટલાએક ચમત્કારો અંધકારોરૂપે દેખાય છે, કેટલાએક ચમત્કારો સૂર્ય તથા ઇંદ્રઆદિરૂપે દેખાય છે અને કેટલાએક ચમત્કારો યક્ષોરૂપે દેખાય છે.[૨૮-૩૧] જેમ વસંત ઇચ્છા વગરનો છતાં અંકુરને ઉત્પન્ન કરે છે તેમ ચિદાત્મા ઇચ્છા વગરનો છતાં આ જગતને ઉત્પન્ન કરે છે.[૩૨] ત્રૈલોક્યરૂપ સમુદ્રોની તાત્ત્વિક સ્થિતિઓનો વિચાર કરતાં એ સઘળી સ્થિતિઓમાં સર્વદા એક ચૈતન્યજ જળના સમૂહને ઠેકાણે છે પણ બીજું કાંઇ નથી, એમ સિદ્ધ થાય છે.[૩૩] પોતામાં આરોપિત થએલા સઘળા જગતનો પ્રકાશ કરવામાં સમર્થતા ધરાવનારૂં એ ચૈતન્ય શરીરરૂપી કમલમાં ભમતા મનરૂપી ભ્રમરે ધરેલી સંકલ્પરૂપ મકરંદની સત્તાનો સ્વાદ લે છે.[૩૪] જેમ જળ ચકરીમાં રહીને ભ્રમણ કર્યા કરે છે તેમ દેવ, દૈત્ય, ગંધર્વ, પર્વતો તથા સમુદ્રો એઓવાળું આ સઘળું જગત ચૈતન્યમાં રહીનેજ ભ્રમણ કર્યા કરે છે.[૩૫] કર્તૃત્વ–ભોક્તૃત્વરૂપ અને બંધન આપનાર ચિત્તમય આચારથી શોભતા ચપલ જીવોરૂપ ચકરીઓવાળું અને ભ્રમણના પાત્રરૂપ આ સંસારરૂપી ચક્ર ચૈતન્યરૂપી ચક્રમાં ભમ્યા કરે છે.[૩૬] જેમ વર્ષાકાલ ઇંદ્રધનુષવાળા મેઘનો વેષ ધરીને તડકાને મારે છે તેમ ચૈતન્યે શંખ–ચક્રાદિક આયુધોવાળા વિષ્ણુનો વેષ ધરીને દૈત્યોના મંડલને માર્યું હતું.[૩૭] હે વસિષ્ઠ મુનિ ! એ ચૈતન્યજ નંદી તથા ચંદ્ર વગેરે ચિહ્નોવાળા મહાદેવનો વેષ ધરીને પાર્વતીરૂપ કમલિનીના મુખરૂપ કમલમાં ભ્રમરપણાને પામેલ છે.[૩૮] એ ચૈતન્યજ વિષ્ણુના નાભિકમલમાં જાણે ભ્રમરપણાને પામેલ હોય તેમ ત્રયી (ત્રણ વેદ) રૂપ કમલિનીના મહાસરોવરરૂપ બ્રહ્માના શરીરને ધરે છે.[૩૯] જેમ ઝાડમાં પાંદડાં થાય છે અને સુવર્ણમાં આભરણોની રચના થાય છે તેમ એ ચૈતન્યમાં આ ઘણાં ઘણાં વિચિત્ર શરીરો થએલાં છે.[૪૦] એ ચૈતન્યજ જેનાં ચરણોને સઘળા દેવતાઓ નમે છે એવા ઇંદ્રનો વેષ ધરીને ત્રૈલોકયનું આધિપત્ય કરે છે.[૪૧] જેમ સમુદ્રનું જલ તરંગોપણાને પ્રાપ્ત થઇને પોતામાંજ અસ્ત પામે છે, ઉદય પામે છે અને ગતિ કરે છે તેમ એ ચૈતન્ય ત્રૈલોક્યના આડંબર ભરેલા ઉદરને પ્રકાશ આપનારા સૂર્યાદિકપણાને પ્રાપ્ત થઇને પોતામાંજ અસ્ત પામે છે, ઉદય પામે છે અને ગતિ કરે છે.[૪૨] ચારે દિશાઓમાં પ્રકાશ કરતી એ ચૈતન્યરૂપી ચાંદનીજ સઘળા પદાર્થોની સત્તારૂપ કુમુદિનીને પ્રફુલ્લિત કરે છે.[૪૩] જેમ ગર્ભિણી સ્ત્રી પોતાની અંદર પોતાના ગર્ભને પાળ્યા કરે છે તેમ એ ચૈતન્યરૂપી દર્પણની પ્રકાશિતપણારૂપ સ્વચ્છ શોભા પોતાની અંદર પ્રતિબિંબ જેવા ત્રૈલોક્યને પાળ્યા કરે છે.[૪૪] જેમ જલના સમૂહરૂપ રસશક્તિ સમુદ્રના સ્વરૂપની સત્તાનું સંપાદન કરે છે તેમ એ ચૈતન્ય ચૌદે લોકોમાં રહેનારાં પ્રાણીઓનાં મોટાં મંડલોની સત્તાનું સંપાદન કરે છે.[૪૫] વિચિત્ર દેખાવોરૂપી પુષ્પોવાળી, ઘાટા સંકલ્પોરૂપી પલ્લવોવાળી, માયારૂપ ક્યારામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રહ્મારૂપે ઉગેલી, સત્તાઓના સમૂહોરૂપી ફળોને દેનારી, જીવોના સમૂહોરૂપી પરાગોના વાસનાઓરૂપી રસોથી વ્યાપ્ત રહેનારી, સવિકલ્પ જ્ઞાનોરૂપી છાલોથી વીંટાએલી, ચિત્તવૃત્તિઓરૂપ અસંખ્ય કળીઓવાળી, બની ગયેલાં અસંખ્ય ત્રૈલોક્યોરૂપી કેસરાઓથી દીપતા રૂપવાળી, નિરંતર થતા વિચિત્ર ફેરફારોરૂપી ઉંચાં નીચાં ચલનોથી દીપી રહેલી, સઘળી ઋતુઓમાં દૃઢ રહેનારી, પર્વતો આદિ જડ પદાર્થોરૂપી ગુલ્મોવાળી, શરીરોરૂપી ગાંઠયોથી વ્યાપ્ત થએલી અને મૂળથી તે અગ્રપર્યંત પ્રવૃત્તિઓરૂપ ગુંચળાંઓથી ઘેરાએલી જે આ ચૈતન્યરૂપી લતા પ્રફુલ્લિત થએલી છે તેજ સર્વત્ર સત્‌થી તથા અસત્‌થી વિલક્ષણ અનિર્વચનીયપણાવાળાં, ચંદ્ર વગેરેની કાંતિની પેઠે સ્ફુટ દેખાતાં, અને વિચારમાત્રથી નષ્ટ થનારાં ઘણાં ઘણાં વિચિત્ર દૃશ્યોરૂપી પુષ્પોને જાણે ઉત્પન્ન કરતી હોય, જાણે તેઓમાં અભિમાન ધરતી હોય, જાણે તેઓનો વિસ્તાર કરતી હોય, જાણે તેઓરૂપે ગવાતી હોય અને જાણે તેઓરૂપે વિકાર પામતી હોય તેમ રહેલી છે.[૪૬-૫૧] એ મહા ચૈતન્યના પ્રકાશથીજ સર્વદા સૂર્ય આદિ પ્રકાશે છે. સ્ત્રી-પુરૂષોના દેહો અતિ બીભત્સ છતાં પણ એ ચૈતન્યના અજ્ઞાનથી થએલા ભોગ્યપણાના તથા ભોક્તાપણાના વિભ્રમોનેલીધે પરસ્પરને પ્યારા લાગે છે.[૫૨] આ જગતના જાળરૂપી રજની ડમરી એ મહા ચૈતન્યરૂપ વંટોળીઆથી સિદ્ધ થએલી અને એ મહાચૈતન્યની સત્તાથી આકાર પામેલી છતાં પણ જાણે ચૈતન્યથી અન્ય હોય એવી થઇને નાચ્યા કરે છે.[૫૩] જેમ દીવો રૂપવાળા પદાર્થને પ્રકટ કરે છે તેમ ત્રૈલોક્યના દીવારૂપ ચૈતન્ય આ સઘળા જગતરૂપ આરંભને પ્રકટ કરે છે.[૫૪] જગતમાં રહેલી પદાર્થોની પંક્તિ ચૈતન્યરૂપ નિર્મલ ચંદ્રબિંબમાં કલંકની પેઠે સંગમને પ્રાપ્ત થઇને સર્વત્ર જોવામાં આવે છે.[૫૫] જેમ સારી લતા વરસાદના સેચનથી રૂપને અને ફળને પ્રાપ્ત થાય છે તેમ શરીર આદિ પદાર્થોની પંક્તિ ચૈતન્યરૂપી અમૃતના સેચનથી રૂપને અને ચેતનાવાળાપણાને પ્રાપ્ત થાય છે.[૫૬] જેમ ઘર પંચભૂતમય હોવાનેલીધે તેજથી વ્યાપ્ત છતાં પણ બહાર સૂર્યનો પ્રકાશ વ્યાપ્ત થતાં અંદર છાયાથી યુક્ત થાય છે તેમ ઘટાદિકના અધિષ્ઠાનરૂપ ચૈતન્ય પ્રકાશરૂપ છતાં પણ બહાર ઇંદ્રિયોની વૃત્તિઓથી અભિવ્યક્ત થએલું ચૈતન્ય વ્યાપ્ત થતાં અંદર જડતાથી યુક્ત જેવું થઇ જાય છે.[૫૭] જો દેહમાં પ્રમાતૃ ચૈતન્યના ચમત્કારો ન હોય તો ત્રૈલોક્યમાં રહેલા આ પદાર્થો તેવા ચમત્કારોથી રહિત હોવાનેલીધે આકારને પણ પ્રાપ્ત થઈ શકે નહિ.[૫૮] એ ચૈતન્યનો પ્રકાશ વ્યાપ્ત હોવાનેલીધે સંકલ્પરૂપી બાલકને ધરનારી પ્રવૃત્તિરૂપી ચંચલ કુલીન સ્ત્રી દેહરૂપી ઘરમાં સ્ફુર્યા કરે છે.[૫૯] જો ચૈતન્યનો પ્રકાશ ન હોય તો રસ જીભની અણી ઉપર વ્યાપ્ત થતાં છતાં પણ કોને પ્રકટ થાય, શી રીતે પ્રકટ થાય, ક્યારે પ્રકટ થાય અને ક્યાં પ્રકટ થાય ?[૬૦] આ દેહરૂપી વૃક્ષ અવયવોરૂપી શાખાઓવાળો છતાં પણ અને કેશોરૂપી લતાઓવાળો છતાં પણ ચૈતન્યની વ્યાપ્તિ વિના કેમ પ્રકાશે ? નજ પ્રકાશે.[૬૧] ચરાચર જગતના અધિષ્ઠાનરૂપ ચૈતન્યજ તે તે પદાર્થોરૂપે વધે છે લોટે છે અને ખાય છે. જે કાંઈ છે તે ચૈતન્યજ છે. ચૈતન્ય સિવાય બીજું કાંઇ છેજ નહિ. આ જગત કે જે નવું ઉત્પન્ન થએલું જોવામાં આવે છે તે ચૈતન્યમાત્રજ છે.[૬૨]

વસિષ્ઠ ઋષિ રામચંદ્રજીને કહે છેઃ—હે રામચંદ્રજી ! મહાદેવજીએ ચંદ્ર જેવી સ્વચ્છ વાણીથી મને એ પ્રમાણે કહેતાં મેં તેમને ચંદ્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવી સ્વચ્છ વાણીથી ફરીવાર પૂછ્યું,[૬૩] કે "હે મહારાજ ! જો સર્વવ્યાપક એકજ ચૈતન્ય હોય તો તે ચૈતન્યાત્મક આ દેહ મરણ આદિ દશાઓમાં ઘણા પાર્થિવ ભાગવાળી અને નેત્રાદિક વગરની ભીંતની પેઠે અચેતન કેમ થઈ જાય છે ?[૬૪] આ દેહ જીવનની દશા વગેરેમાં ચેતનાવાળો થઇને પાછો મરણ આદિની દશામાં ચેતના વગરનો થઈ જાય છે એવી રીતની જગતમાં પ્રત્યક્ષ અનુભવમાં આવતી સ્થિતિ શી રીતે સંભવે ? કેમકે ચૈતન્ય અવિનાશી સ્વભાવવાળું અને અપરિણામી હોવાથી તે ચૈતન્યને કોઇ રીતે પણ જડપણાનો સંબંધ ઘટતો નથી." એ રીતે મારૂં પૂછવું સાંભળીને મહાદેવજીએ મને નીચે પ્રમાણે કહ્યું.[૬૫]

સદાશિવ કહે છેઃ–હે બ્રહ્મવેત્તાઓમાં ઉત્તમ વસિષ્ઠ મુનિ ! સાંભળો. તમે જે કાંઈ પૂછ્યું તે સઘળાનો તમને ઉત્તર આપું છું. તમે આ મોટો પ્રશ્ન કર્યો છે.[૬૬] આ દેહમાં સર્વભૂતાત્મક જે એકજ ચૈતન્ય છે તેનો એક કલ્પિત ભાગ બુદ્ધિમાં આસક્ત હોવાથી કર્તૃત્વ-ભોક્તૃત્વવાળો છે અને બીજો ભાગ કે જે કૂટસ્થ છે તે નિર્વિકલ્પ છે.[૬૭] જેમ સારા આચરણવાળી સ્ત્રી સ્વપ્નમાં જારનો સંકલ્પ કરવાથી દુઃશીલપણાને પામીને જાણે બીજી હોય એવી થઇ જાય છે તેમ કૂટસ્થ ચૈતન્ય કલ્પિત સંકલ્પથી પોતાના એક પ્રદેશમાં પોતાને જીવરૂપ સમજી લઇને જાણે કર્તૃત્વ-ભોક્તૃત્વવાળું હોય અર્થાત્ બીજું હોય એવું થઇને રહ્યું છે એટલે ચૈતન્યમાં જે ભેદ છે તે પણ ઉપાધિએજ કરેલો છે પણ વાસ્તવિક નથી.[૬૮] જેમ એનો એ પુરૂષ કોપનેલીધે ક્ષણમાત્રમાં રાક્ષસ જેવો ક્રૂર થઇ જાય છે તેમ કૂટસ્થ ચૈતન્ય અન્ય અન્ય સ્વરૂપને પ્રાપ્ત થઇને વિકલ્પરૂપ કલંકવાળું થઇ જાય છે.[૬૯] વિકલ્પની કલ્પના થવાથી એ ચૈતન્ય, સ્વરૂપમાંથી ભ્રષ્ટ થઈ અનુક્રમે જડના તાદાત્મ્યની ભાવના કરતાં કરતાં સવિકલ્પ બુદ્ધિના વિષયપણાને પ્રાપ્ત થાય છે.[૭૦] એ ચૈતન્ય સૂક્ષ્મ ભૂતરૂપ અને ભાગ્યોના બીજરૂપ માયાશબલપણાને પામે છે અને તે પછી સમષ્ટિપ્રાણરૂપ થાય છે. પછી અનુક્રમે સૂક્ષ્મ ભૂતોના પંચીકરણથી વ્યાપ્ત થઇને ચૌદ બ્રહ્માંડરૂપ તથા કાલરૂપ થાય છે. પછી તેમાં પ્રાણના ધારણથી જીવરૂપ થઇને બુદ્ધિરૂપ, અહંકારરૂપ તથા ચિત્તરૂપ થઇ જાય છે.[૭૧-૭૨] જેમ બ્રાહ્મણ પોતામાં ચાંડાલપણાના મનનથી ચાંડાલપણાનું અવલંબન કરે છે તેમ ચૈતન્ય ચિત્તપણાને પામીને સંસારનું અવલંબન કરે છે.[૭૩] કૂટસ્થ ચૈતન્યજ અજ્ઞાનથી શબલરૂપને પામી દેહરૂપે તથા જીવરૂપે કલ્પાઇને અને તેનેલીધે પ્રાપ્ત થએલી જડતાથી અસર્વજ્ઞ થઇને નિરંતર જન્મ-મરણ આદિને પ્રાપ્ત થયા કરે છે.[૭૪] જેમ જળ કરાપણાને પ્રાપ્ત થાય છે તેમ અનંત સંકલ્પમય ચૈતન્ય જડતાના સંકલ્પોથી ભરપૂર થઇ જડતાથી જીવપણાની ભ્રાંતિને પ્રાપ્ત થાય છે,[૭૫] અને તે પછી ચિત્ત, મન, મોહ તથા માયા ઇત્યાદિ નામોવાળું થઈ અત્યંત જડતાનો આશ્રય કરીને સંસારમાં જન્મે છે.[૭૬] મોહરૂપી મંદપણાને પ્રાપ્ત થએલું એ જીવચૈતન્ય તૃષ્ણારૂપી બેડીથી પીડાય છે, કામથી, ક્રોધથી તથા ભયથી યુક્ત થાય છે, વૈભવને તથા દારિદ્ર્યને અનુસરે છે,[૭૭] પોતાના અનંત વ્યાપકપણાને છોડી દે છે, સ્ત્રી, પુત્ર ઈત્યાદિના વિયોગોમાં શોક આદિ વિકારોથી યુક્ત થાય છે, દુઃખરૂપી દાવાનળથી અત્યંત તપે છે, શોકોથી તથા અશુભોથી કંગાલ થઈ જાય છે,[૭૮] 'હું દુઃખ વગેરે સ્વભાવોવાળોજ છું' એવા મિથ્યાભ્રમથી વિકલ્પ થઈ જાય છે, પોતાને દેહરૂપજ માન્યા કરે છે, અત્યંત દીનપણાને પ્રાપ્ત થાય છે,[૭૯]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ બુઢ્ઢો જંગલી હાથી મોટા કાદવમાં ધૂંચી જાય છે તેમ તે મોહમાં ધૂંચી જાય છે, જન્મ-મરણોરૂપી લતાઓના હીંડોળામાં હીંચ્યા કરે છે,[૮૦] સંસારના અસાર તથા અપાર વિકારોથી વ્યવહાર કરે છે, હૃદયમાં તાપોથી તપ્યા કરે છે, રાગથી અને ક્રોધથી વ્યાપ્ત રહે છે,[૮૧] પોતાના ટોળામાંથી વિખુટી પડેલી હરિણીની પેઠે વિહ્વલ રહે છે, વૈભવોનો ઉદય થતાં રાજી થાય છે, વૈભવોનો નાશ થતાં ખેદ પામે છે,[૮૨] જેમ વેતાલો પ્રાપ્ત થતાં છોકરી ભય પામીને ભાગી જાય તેમ પોતાના સંકલ્પથી અથવા બીજી કોઇ રીતે સંભ્રમો પ્રાપ્ત થતાં ભય પામીને ભાગી જાય છે,[૮૩] જેમ ઊંટડી વિષમ તથા ઊંચા પ્રદેશમાં ઉગેલા ઝાડની ટોચમાં બંધાએલા મધપુડાના મધના ટીંપાને ચાટવાની ઇચ્છાથી ઝાડ ઉપર ચડવા જતાં પોતાના ભારથી વચમાંજ લથડીને નીચા નીચા વિષમ પ્રદેશોમાં પડે છે તેમ પોતાની વાસનાથી ટેવેલા દુર્લભ વિષયોની આકાંક્ષાથી મોટાં કર્મો કરવા જતાં વચમાંજ ભ્રષ્ટ થઇને નીચી નીચી દુષ્ટ સ્થિતિઓમાં આવી પડે છે,[૮૪] ભારે વિષમતામાં આવી પડે છે, એક સંકટમાંથી બીજા સંકટને પ્રાપ્ત થાય છે, એક દુઃખમાંથી બીજા દુઃખમાં પડે છે, એક વિપત્તિમાંથી બીજી વિપત્તિમાં જઇ પડે છે,[૮૫] અનેક પ્રકારના અનર્થોના સમૂહોથી યુક્ત થાય છે, ચિંતાઓથી પરવશ ચિત્તવાળું રહે છે, નરકોમાં ઉત્તરોત્તર અધિક કષ્ટોને પામે છે, તાપથી તથા પશ્ચાત્તાપથી વ્યાપ્ત રહે છે,[૮૬] અનુક્રમે મનુષ્યયોનિ પ્રાપ્ત થયા છતાં પણ વ્યવહારસંબંધી નિપુણતાના અભ્યાસનેલીધે અર્થશાસ્ત્રના અભ્યાસમાં પડીને ધન તથા ઘર આદિ પોતાનાં બંધનોને ઉત્પન્ન કરવામાંજ પરાક્રમ કર્યા કરે છે.[૮૭] વૃદ્ધ થાય ત્યારે ચારે કોરથી મરવાની બીક રાખ્યા કરે છે, જેમ પાણી ક્ષીણ થતાં માછલી તરફડ્યા કરે તેમ ધન વગેરે ક્ષીણ થતાં તરફડ્યા કરે છે,[૮૮] બાલ્યાવસ્થામાં પરાધીન ભોગોવાળું રહે છે, યૌવનમાં ચિંતાથી ઘેરાએલું રહે છે, વૃદ્ધપણામાં અત્યંત દુઃખથી પીડાય છે, મરી ગયા પછી કર્મોને વશ થાય છે,[૮૯] સ્વર્ગમાં દેવરૂપ થાય છે, પાતાલમાં નાગરૂપ થાય છે, દૈત્યોના લોકમાં દૈત્યરૂપ થાય છે, પૃથ્વીમાં મનુષ્યરૂપ થાય છે,[૯૦] રાક્ષસોના સ્થાનકમાં રાક્ષસરૂપ થાય છે, વનના પ્રદેશમાં વાનરરૂપ થાય છે, મોટા પહાડનાં શિખરમાં સિંહરૂપ થાય છે, મેરૂ આદિ પર્વતોમાં કિન્નરરૂપ થાય છે,[૯૧] દેવગિરિમાં વિદ્યાધરરૂપ થાય છે, વનના ખાડામાં સર્પરૂપ થાય છે, ઝાડમાં લતારૂપ થાય છે, માળામાં પક્ષીરૂપ થાય છે, શિખરમાં લતારૂપ થાય છે, વનમાં મૃગરૂપ થાય છે,[૯૨] સમુદ્રમાં નારાયણરૂપે સૂવે છે, બ્રહ્મલોકમાં બ્રહ્મારૂપે ધ્યાન કરે છે, કૈલાસમાં શિવરૂપે પાર્વતીનું આલિંગન કરે છે, સ્વર્ગમાં ઈંદ્રરૂપે દેવતાઓનું રાજ્ય કરે છે,[૯૩] સૂર્યરૂપે દિવસને ઉત્પન્ન કરે છે, પર્જન્યરૂપે જળને વરસાવે છે, વાયુરૂપે ચલન કરે છે, પર્વતના અધિષ્ઠાતારૂપે પર્વતમાં અભિમાન ધરે છે, સમુદ્રના અધિષ્ઠાતારૂપે સમુદ્રમાં અભિમાન ધરે છે,[૯૪] કાલના મંડલરૂપે ઋતુઓના ચક્રને વેગથી ચલાવ્યા કરે છે, દિવસરૂપે તેજને પ્રાપ્ત થાય છે, રાત્રિરૂપે અંધકારને પ્રાપ્ત થાય છે,[૯૫] વૃક્ષાદિકમાં બીજરૂપે તથા રસરૂપે દેખાય છે, કોઇ ઠેકાણે પથરારૂપે નિશ્ચલ રહે છે, કોઇ ઠેકાણે નદીરૂપે વહ્યા કરે છે, કોઇ ઠેકાણે કુમુદરૂપે પ્રફુલ્લિત થાય છે,[૯૬] કોઇ ઠેકાણે ફળોરૂપે પાકે છે, કોઇ ઠેકાણે કાષ્ઠોરૂપે તથા અગ્નિ આદિરૂપે દેખાય છે, કોઇ ઠેકાણે હિમ જેવા ટાઢા જલરૂપે દેખાય છે, કોઈ ઠેકાણે આકાશ આદિ શૂન્યરૂપે દેખાય છે,[૯૭] કોઇ ઠેકાણે ચકચકિત આકાર ધરે છે, કોઇ ઠેકાણે કાંટાઓ વગેરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાપ્ત થએલા પ્રદેશરૂપે રહે છે, કોઇ ઠેકાણે શિલારૂપે રહે છે, કોઇ ઠેકાણે નીલરૂપે રહે છે, કોઇ ઠેકાણે હરિતરૂપે રહે છે, કોઇ ઠેકાણે અગ્નિરૂપે રહે છે અને કોઈ ઠેકાણે પૃથ્વીરૂપે રહે છે.[૯૮] સર્વાત્મકપણાથી, સર્વવ્યાપકપણાથી તથા સર્વ શક્તિપણાના યોગથી જોકે ચૈતન્ય એ રીતે સર્વરૂપે દેખાય છે તોપણ વાસ્તવિક જોતાં તે આકાશથી પણ વધારે નિર્લેપ છે.[૯૯] જેમ જળ ચલનનેલીધે તરંગપણાનો અનુભવ કરે છે તેમ ચૈતન્ય તે તે સ્થલમાં તે તે રીતના પોતાના વિવર્ત્તનેલીધે તે તે પદાર્થોપણાનો અનુભવ કરે છે.[૧૦૦] એ ચૈતન્ય હંસની, ક્રૌંચની, બગલાની, કાગડાની, સારસની, ઘોડાની, નાહારની, આડીની, બગલીની, હરિણની, વાનરની, કિન્નરની, કૂતરાની, વટીક નામના પક્ષિની, પિંગલ નામના પક્ષિની, મેનાની, માખીની, ભ્રમરની, પોપટની, અને એવાજ પ્રકારોની બીજી ઘણી ઘણી યોનિઓમાં ભમ્યા કરે છે. બુદ્ધિરૂપ, લક્ષ્મીરૂપ, પ્રીતિરૂપ, રૂચિરૂપ, તે તે માયારૂપ અને રાત્રિરૂપ પણ એજ થાય છે. જેમ પાણીની ચકરીમાં ખડ ફર્યા કરે છે તેમ સંસારમાં ફર્યા કરે છે,[૧-૩] અને જેમ ગધેડી પોતાના શબ્દથીજ બ્હીએ તેમ પોતાના સંકલ્પથી બ્હીએ છે. એ જીવ ચૈતન્યના જેવું બીજું કોઇ પણ મુગ્ધ, અવિવેકી, ચંચલ કે નિર્બલ નથી.[૪] હે મહામુનિવસિષ્ઠ! તમારી પાસે મેં આ જીવશક્તિનું નિરૂપણ કર્યું, કે જે જીવશક્તિ પ્રાકૃત કર્મોને પરવશ છે, રાંક છે, પશુના જેવા ધર્મવાળી છે,[૫] 'કર્માત્મા' એ નામને પામેલી છે, વાસ્તવિક સ્વરૂપનો વિચાર કરતાં અફસોસ કરવાનુંજ પાત્ર છે અને પોતાની મેળેજ ઘણા દુઃખોવાળા અનંત વિભ્રમને પામેલી છે.[૬] અવિદ્યા કે જેની સત્તા તથા સ્ફુરણ પોતાથી ન્યારાં નથી તેનેલીધેજ એ જીવશક્તિએ જેમ ચોખાનો દાણો કંચુકનો (ઉપરના ફોતરાંનો) આશ્રય કરે છે તેમ વિનાશી અને મિથ્યાભૂત અનિયમિત મેલનો આશ્રય કર્યો છે, કે જેથી જીવપણાને પામીને વ્યાપકપણાથી ભ્રષ્ટ થઇ છે, દુર્ભાગ્યપણાના પરિતાપોને પામ્યા કરે છે, અને અનાથ સ્ત્રીની પેઠે શોક કર્યા કરે છે.[૭,૮] હે વસિષ્ઠ મુનિ ! એ જડ અવિદ્યાનું સામર્થ્ય જુવો કે જેથી જીવશક્તિ પોતાના સ્વરૂપનું સ્મરણ નહિ પામતાં રેંટના કુલડાના આકાશની પેઠે નીચે નીચે ઉતરવાને વાસ્તેજ કષ્ટ વેઠયા કરે છે.[૧૦૯]

जडगतेरवलोकय शक्ततां निजपदस्मरणेन विनेह चित् ॥ व्रजति कष्टमधः पतनाय वा यद्दरघट्टघटीघनपीठवत् ॥ १०९ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'ચેત્યોન્મુખચિદ્વિચાર' એ નામનો ત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૩૦

सर्ग ३१ मो.*

શુદ્ધ ચૈતન્યનિદર્શન

॥ श्रीईश्वर उवाच ॥

चिनोत्यलीकमेवैवंसदुःखास्मीति भावनात् ॥ चित्स्वप्नक्षीवता मोहपतिता संभ्रमे यथा ॥१॥

સદાશિવ કહે છેઃ—હે વસિષ્ઠ મુનિ ! જેમ સ્વપ્નમાં મદિરાના મદથી થએલા મોહરૂપી સંભ્રમમાં પડેલી સ્ત્રી 'હું દુઃખવાળી છું' એવી ભાવનાથી મિથ્યાભૂત દુઃખનેજ મેળવી લે છે તેમ અજ્ઞાનમાં પડેલી ચૈતન્યશક્તિ 'હું વિકલ્પોવાળી છું' એવી ભાવનાથી મિથ્યાભૂત જીવપણાને તથા મિથ્યાભૂત જગતપણાને મેળવી લે છે.[૧] જેમ મદિરાના મદ વગેરેથી ફરી ગએલી બુદ્ધિવાળી મુગ્ધા સ્ત્રી પોતે જીવતી છતાં પણ 'હું મરી ગઇ છું' એમ માનીને રૂવે છે, તેમ અજ્ઞાનથી સ્વરૂપનું વિસ્મરણ પામેલી

---

* આ એકત્રીશમા સર્ગમાં જીવપણાઆદિનો નિષેધ કરીને શુદ્ધ ચૈતન્ય દેખાડવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવશક્તિ નષ્ટ ન થયા છતાં પણ 'હું નષ્ટ છું' એમ માનીને રૂવે છે.[2] જેમ કારણવગર અકસ્માત્ વિપરીત થએલી બુદ્ધિવાળી સ્ત્રી ભમતા પદાર્થને પણ સ્થિર દેખે છે તેમ અહંતાના ભ્રમમાં પડેલી જીવશક્તિ અસ્થિર જગતને પણ સ્થિર દેખે છે.[3] ચૈતન્યરૂપ જીવશક્તિને સંસારનો અનુભવ થવામાં ચિત્તજ કારણ છે; પણ વાસ્તવિક જોતાં ચિત્ત એ કાંઇજ નથી. કેમકે ચિત્તને 'સત્' પણ કહી શકાતું નથી અને 'અસત્' પણ કહી શકાતું નથી તેથી કેવળ તુચ્છજ છે.[4] આ રીતે મુદ્દલ ચિત્તજ નહિ હોવાથી અને તેનેલીધે દૃશ્યરૂપ જગત પણ નહિ હોવાથી, યત્નપૂર્વક ચિત્તને ચેતાવનારી ચૈતન્યશક્તિ પોતે ચિત્તરૂપ પણ નથી અને ચિત્તાધીન જગતરૂપ પણ નથી; પરંતુ શુદ્ધજ છે.[5] જેમ પથરામાં તેલ નથી તેમ ચૈતન્યશક્તિમાં દૃશ્યપણું, દર્શનપણું કે દૃષ્ટાપણું નથી. જેમ ચંદ્રમાં કાળાપણું નથી તેમ ચૈતન્યશક્તિમાં કર્ત્તાપણું, કર્મપણું કે કરણપણું નથી.[6] જેમ આકાશમાં નવો અંકુર નથી તેમ ચૈતન્યશક્તિમાં પ્રમાતાપણું, પ્રમાણપણું કે પ્રમેયપણું નથી. જેમ નંદનવનમાં ખેરનું ઝાડ નથી તેમ ચૈતન્યશક્તિમાં બુદ્ધિપણું, બોદ્ધાપણું કે બોદ્ધવ્યપણું નથી.[7] જેમ આકાશમાં પર્વતપણું નથી તેમ ચૈતન્યશક્તિમાં હુંપણું, તુંપણું કે તેપણું વગેરે નથી. જેમ કાજળમાં શંખપણું નથી તેમ ચૈતન્યશક્તિમાં પોતાના દેહપણું કે અન્યના દેહપણું નથી.[8] જેમ પરમાણુમાં મેરૂપર્વતો નથી તેમ ચૈતન્યશક્તિમાં દ્વૈત કે અદ્વૈત નથી. જેમ અત્યંત ખારી ધરતીમાં લતા નથી તેમ ચૈતન્યશક્તિમાં નામ કે રૂપ નથી.[9] જેમ સૂર્યમંડલમાં રાત્રિ નથી તેમ ચૈતન્યશક્તિમાં વિધેય કે નિષેધ્ય નથી, જેમ હિમમાં ઉષ્ણતા નથી તેમ ચૈતન્યશક્તિમાં વસ્તુતારૂપ ધર્મ કે અવસ્તુતારૂપ ધર્મ પણ નથી.[10] જેમ શિલાના ગર્ભમાં વૃક્ષ નથી તેમ ચૈતન્યશક્તિમાં શૂન્યતા કે અશૂન્યતા નથી. જેમ આકાશમાં શૂન્યતા અને અશૂન્યતા એ બન્નેનો વિચાર કરતાં કેવલ કેવલપણારૂપ સ્વરૂપની સ્વચ્છતાજ અવશેષ રહે છે તેમ ચૈતન્યશક્તિમાં પણ શૂન્યતા અને અશૂન્યતા એ બન્નેનો વિચાર કરતાં કેવલ કેવલપણારૂપ સ્વરૂપની સ્વચ્છતાજ અવશેષ રહે છે. ચૈતન્યના કોષરૂપ હિરણ્યગર્ભના ચિત્તથી ઉત્પન્ન હોવાનેલીધે જીવશક્તિને સંસારરૂપ દુઃખ પ્રાપ્ત થયું છે એમ નથી પણ કેવળ સંસારની ભાવનામાત્રથી સંસારરૂપ દુઃખ પ્રાપ્ત થયું છે.[11,12] જ્ઞાની પુરૂષને સંસારની ભાવના છોડી દેવાથીજ સંસારરૂપ અનર્થ શાંત થઇ જાય છે. અજ્ઞાની પુરૂષ સંસારની ભાવનાને છોડી દેતો નથી તેથી તેને સંસાર દુઃખદાયી થઈ પડે છે.[13] 'ખડ પણ નથી અને ત્રૈલોક્ય પણ નથી' એવી ભાવના કરવી તો સ્વાધીનજ છે તે છતાં તેવી ભાવના નહિ કરવાથી અને સંસારનીજ ભાવના કરવાથી અજ્ઞાનીઓને સંસારરૂપી રોગ અસાધ્ય થઈ પડ્યો છે.[14] સંસારની ભાવનાનો ત્યાગ અતિ સુલભ છતાં પણ જો તેનેવાસ્તે પ્રયત્ન ન કરવામાં આવે તો પછી તે ત્યાગ કેમજ થાય? જે વસ્તુ અતિ સુલભ હોય તેનેવાસ્તે પણ જો કાંઇ પ્રયત્ન ન કરવામાં આવે તો તે વસ્તુ ક્યાં અને કઇ રીતે મળે?[15] જે સર્વવ્યાપક ચૈતન્ય છે તે અદ્વિતીય છે, નિર્વિકલ્પ છે, પરમ છે, એકજ છે, સર્વથી પર છે, અતિ સ્વચ્છ અને સૂર્ય આદિ તેજોને પણ પ્રકાશ આપનાર છે.[16] એ પ્રકાશ આપનાર ચૈતન્ય સર્વમાં રહેલ છે, નિત્ય નિર્મલ છે, નિત્ય પ્રકાશિત છે, મનથી રહિત છે, નિર્વિકાર છે અને નિર્લેપ છે.[17] ઘડામાં, વસ્ત્રમાં, વડમાં, ભીંતમાં, ગાડામાં, વાનરમાં, ગધેડામાં, અસુરમાં, સમુદ્રમાં, ભૂતમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નરમાં અને નાગમાં પણ એજ ચૈતન્ય રહેલ છે.[૧૮] જેમ દીવો પ્રકાશજ કરે છે પણ કશી ક્રિયા કરતો નથી તેમ ચૈતન્ય સાક્ષીની પેઠેજ રહે છે પણ ક્યાંય કશી ક્રિયા કરતું નથી.[૧૯] એ ચૈતન્ય નિર્મલ છતાં પણ દેહાદિકની ભાવનાથી મલિન જેવું થઇ ગએલ છે, નિર્વિકલ્પ છતાં પણ દેહાદિકની ભાવનાથી સવિકલ્પ જેવું થઇ ગએલ છે, અજડ છતાં પણ દેહાદિકની ભાવનાથી જડ જેવું થઇ ગએલ છે અને વ્યાપક છતાં પણ દેહાદિકની ભાવનાથી પરિચ્છિન્ન જેવું થઇ ગએલ છે.[૨૦] જેમ લાંબો અને ઝીણો રેશમ વગેરેનો તાંતણો ત્રાકડી ઉપર વીંટાતાં પોતાના અત્યંત લાંબા સ્વરૂપને પણ તેટલામાંજ સમેટીને બોરના જેવા આકારવાળા ઉપચયને પ્રાપ્ત કરે છે તેમ નિર્વિકલ્પ, સૂક્ષ્મ અને સર્વવ્યાપક ચૈતન્ય લિંગદેહમાં પ્રતિબિંબભાવથી આવી સઘળાં હાથ—પગ વગેરે અંગોમાં તથા મર્મો વગેરેમાં વ્યાપી સર્વમાં વ્યાપેલી પોતાની સંવિત્‌ને (જ્ઞાનશક્તિને) તેટલામાંજ સમેટાએલી જેવી કરીને ઉપચયને (વધેલા જેવાપણાને) પ્રાપ્ત કરે છે.[૨૧] એ ચૈતન્યશક્તિ જાગૃતમાં વિષયોનાં દર્શનોથી તથા સંકલ્પોથી વ્યાપ્ત રહે છે, સ્વપ્નમાં વાસનામય વિષયોનાં દર્શનોથી તથા સંકલ્પોથી વ્યાપ્ત રહે છે અને સુષુપ્તિ કે જે અબોધમય કહેવાય છે તેમાં પણ અજ્ઞાનના સાક્ષીપણારૂપ બોધસ્વરૂપે રહે છે.[૨૨] જેમ સજ્જન ચિત્તમાં દુર્જનની સંગતિનો લાંબો સંસ્કાર લાગતાં દુર્જનની પદ્ધતિઓને પામીને દુર્જન થઇ જાય છે તેમ એ અત્યંત સ્વચ્છ બ્રહ્મચૈતન્યજ દેહાદિકની ભાવનાના લાંબા સંસ્કારનેલીધે દેહાદિકની અહંતા—મમતાઓને પામીને અનુકૂલ પદાર્થોને મેળવવાની અને પ્રતિકૂલ પદાર્થોને ટાળવાની ચિંતાને પ્રાપ્ત થાય છે.[૨૩] જેમ સોનું મેલથી ત્રાંબાપણાને પ્રાપ્ત થાય છે અને મેલનું માર્જન થતાં પાછું સોનાપણાને પ્રાપ્ત થાય છે તેમ બ્રહ્મચૈતન્ય દેહાદિકની ભાવનાથી જીવપણાને પ્રાપ્ત થાય છે અને એ ભાવનાનું માર્જન થતાં પાછું બ્રહ્મચૈતન્યપણાને પ્રાપ્ત થાય છે.[૨૪] જેમ અરીસો પોતાઉપરનો મેલ ટળી જતાં જેમાં પ્રતિબિંબ દેખાય એવી સ્વચ્છતાને પ્રાપ્ત થાય છે તેમ ચૈતન્ય અજ્ઞાનથી થએલો જીવભાવ ટળી જતાં કૈવલ્યપદને પ્રાપ્ત થાય છે.[૨૫] ચૈતન્યને સ્વરૂપના વિસ્મરણરૂપ અજ્ઞાનથી ખોટો સંસાર પ્રવર્તે છે અને સ્વરૂપના જ્ઞાનથી એ ખોટો સંસાર શાંત થઇ જાય છે.[૨૬] જ્યારે એ ચૈતન્ય ચૈતન્યપણાનેલીધે પોતાની અંદર મિથ્યાભેદની ભાવના કરે છે ત્યારે પોતે અવિનાશી છતાં પણ અહંતાને પામેલા જેવું થઇને જાણે બગડી ગયું હોય એવું થઇ જાય છે.[૨૭] જેમ પર્વતની ઊંચી ટોચ ઉપર રહેલા ઝાડનું ફળ જરાક ચલનથી પણ ક્યાંય નીચે જઇ પડે છે તેમ ચૈતન્ય પોતાના સ્વરૂપના જરાક વિસ્મરણથી પણ ક્યાંય નીચે જઈ પડે છે. (જીવભાવને પ્રાપ્ત થાય છે.)[૨૮] રૂપ આદિ પદાર્થોની જે સત્તા છે તે ચૈતન્યનીજ સત્તા છે અને જે ચૈતન્ય છે તે સર્વદા નિર્મલજ છે. દ્વિત્વ અને એકત્વ એઓ અજ્ઞાનથી ઉઠેલાં હોવાનેલીધે જ્ઞાનથી લય પામે છે.[૨૯] જેમ પ્રકાશની સત્તામાત્રથી ક્રિયાઓમાં વ્યવહાર થાય છે તેમ ચિત્તના સાક્ષીના સત્તામાત્રથી ચિત્તમાં તથા ઇંદ્રિયો આદિમાં ચેતના થાય છે.[૩૦] ચૈતન્યના સામીપ્યથી વાયુ પ્રેરાય છે, તે વાયુથી કીકીઓનું ચલન થાય છે અને તે કીકીઓમાં રહેલી દીપ્તિ (તૈજસ ઇંદ્રિય) ચક્ષુ કહેવાય છે. એ ચક્ષુદ્વારા બહાર નીકળેલા અંતઃકરણથી ઘટાદિક વ્યાપ્ત થતાં ત્રિપુટીનો જે એકંદર સામાન્ય બોધ થાય છે તે પરમ ચૈતન્ય છે.[૩૧] ચામડી અને પવન કે જેઓ જડ છે અને તુચ્છ છે તેઓ ચૈતન્યના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામીપ્યથી પ્રેરાઇને સમાગમ પામે છે અને તે ચામડીમાં જે ઇંદ્રિય રહેલ છે તે ત્વચા કહેવાય છે, એ ત્વચાદ્વારા બહાર નીકળેલા અંતઃકરણથી શીત-ઉષ્ણ આદિ દ્રવ્યો વ્યાપ્ત થતાં તદાકાર થએલી મનોવૃત્તિ કે જે સ્પર્શજ્ઞાન કહેવાય છે તેનોજ નહિ પણ ત્રિપુટીનો જે અંદર સામાન્ય બોધ થાય છે તે પરમ ચૈતન્ય છે.[32] ચૈતન્યના સામીપ્યથી પ્રેરાએલા પવનનો અને ઘ્રાણેંદ્રિયનો સંબંધ થતાં ઘ્રાણદ્વારા બહાર નીકળેલા અંતઃકરણથી ગંધવાળાં દ્રવ્યો વ્યાપ્ત થતાં, તદાકાર થએલી મનોવૃત્તિ કે જે ગંધજ્ઞાન કહેવાય છે તેનોજ નહિપણ ત્રિપુટીનો જે અંદર સામાન્ય બોધ થાય છે તે પરમ ચૈતન્ય છે.[33] ચૈતન્યના સામીપ્યથી પ્રેરાએલા પવનનો અને શ્રોત્રેંદ્રિયનો સંબંધ થતાં શ્રોત્રદ્વારા બહાર નીકળેલા અંતઃકરણથી વિષય વ્યાપ્ત થતાં તદાકાર થએલી મનોવૃત્તિ કે જે શબ્દજ્ઞાન કહેવાય છે તેનોજ નહિ પણ ત્રિપુટીનો જે અંદર સામાન્ય બોધ થાય છે તે પરમ ચૈતન્ય છે.[34] (રસના સંબંધી ત્રિપુટીવિષે પણ એ પ્રમાણેજ સમજવું.) સંકલ્પથી પ્રવૃત્તિ થાય છે, સંકલ્પ એ મનનનો ક્રમ છે અને મનનના ક્રમથી ચિત્તની મલિનતા થાય છે. એ પ્રવૃત્તિને, સંકલ્પને તથા ચિત્તની મલિનતાને સાક્ષીરૂપે જાણનાર જે આત્મચૈતન્ય છે તે નિર્મલ છે.[35] અંદરની તથા બહારની સઘળી દ્વૈતસ્ફૂર્તિના અધિષ્ઠાનભૂત જે સાક્ષીચૈતન્ય છે તે પ્રકાશાત્મક છે, નિત્ય છે, પોતાના સ્વરૂપમાંજ રહેલ છે અને જેમ સ્ફટિકમણિ પ્રતિબિંબોના સન્નિવેશને પોતાની અંદર ધરે છે તેમ તે ચૈતન્ય પોતાની અંદર આ સઘળા જગતને ધરે છે.[36] નિર્વિકારપણે આ સઘળા જગતને ધરી રહેલું એ અદ્વિતીય ચૈતન્ય અસ્ત પામતું નથી, ઉદય પામતું નથી, ચલન પામતું નથી અને વધતું પણ નથી.[37] સંકલ્પથી જીવપણાને પામેલી જીવશક્તિ પોતાના દેહાદિકપણાની નહિ પણ નિઃસ્સંકલ્પરૂપપણાથી પોતાના વાસ્તવિક બ્રહ્મભાવની ભાવના કર્યા કરે તો બ્રહ્મભાવમાંજ રહે છે.[38] બ્રહ્મચૈતન્યનો રથ જીવ છે, જીવનો રથ અહંકાર છે, અહંકારનો રથ બુદ્ધિ છે, અને બુદ્ધિનો રથ મન છે,[39] મનનો રથ પ્રાણ છે, પ્રાણનો રથ જ્ઞાનેંદ્રિયોનો સમૂહ છે, જ્ઞાનેંદ્રિયોના સમૂહનો રથ દેહ છે અને દેહનો રથ કર્મેંદ્રિયોનો સમૂહ છે.[40] એ સઘળા રથો સંસારમાં ભ્રમણજ કરાવે છે. જરા-મરણવાળા દેહોરૂપી પાંજરાંઓમાં પૂરાએલું જીવોરૂપી પક્ષીઓનું ચક્ર કે જે મૂલકારણના માયારૂપી ઐશ્વર્યથી થએલું છે તે એવી રીતે ભ્રમણ કર્યા કરે છે.[41] આત્મામાં આ જગત વિસ્તીર્ણ સ્વપ્નની પેઠે મિથ્યાભૂત છતાંજ પ્રતીત થાય છે. ઝાંઝવાનાં પાણીની પેઠે રહેલું આ જગત જરા પણ સાચું નથી.[42] 'મનનો રથ પ્રાણ છે' એમ જે કહ્યું તેનું કારણ એ છે કે જ્યાં પ્રાણવાયુ હોય ત્યાંજ કલ્પના રહે છે.[43] જેમ જ્યાં પ્રકાશ હોય ત્યાંજ રૂપ દેખાય છે, તેમ જ્યાં બલવાન પ્રાણ હોય ત્યાંજ સંકલ્પ રહે છે.[44] જેમ જે વનપ્રદેશમાં વંટોળીઓ હોય તે વનપ્રદેશમાંજ કંપ થાય છે તેમ જ્યાં પ્રાણ હોય ત્યાંજ ચલન થાય છે. મન હૃદયાકાશમાં લીન થઇ જતાં પ્રાણ કંઇ ચેષ્ટા કરતો નથી.[45] જેમ તેજ લીન થઇ જતાં રૂપ દેખાતું નથી તેમ મન હૃદયાકાશમાં લીન થતાં પ્રાણ ચાલતો નથી.[46] જેમ વંટોળીઓ શાંત થતાં ધૂળ ચલિત થતી નથી તેમ પ્રાણવાયુ શાંત થતાં મન અંદર જરા પણ ચલિત થતું નથી. જ્યાં પ્રાણ હોય ત્યાંજ મન હોય છે.[47] જેમ જ્યાં રથ જાય ત્યાંજ સારથિ રહે છે તેમ જ્યાં પ્રાણવાયુ જાય ત્યાંજ મન રહે છે. પ્રાણપ્રેરિત ચિત્ત ક્ષણમાં દૂર જતું રહે છે.[48]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ ગોફણથી પ્રેરાએલો પથરો ક્ષણમાત્રમાં દૂર પ્રદેશમાં જાય છે તેમ પ્રાણથી પ્રેરાએલું મન ક્ષણમાત્રમાં દૂર પ્રદેશમાં જાય છે. પ્રાણનો નિરોધ થાય તો મન ક્ષય પામે છે. જેમ જ્યાં પુષ્પ જાય ત્યાં ગંધ જાય છે, જ્યાં અગ્નિ જાય ત્યાં ઉષ્ણતા જાય છે અને જ્યાં ચંદ્ર જાય ત્યાં ચાંદની જાય છે તેમ જ્યાં પ્રાણવાયુ જાય ત્યાં મન જાય છે. પ્રાણવાયુના ચલનથીજ પ્રત્યેક જ્ઞાન થાય છે અને પ્રાણવાયુજ સઘળાં અંગોમાં અન્નના રસનો પ્રવેશ કરાવવાનેવાસ્તે સઘળી નાડીઓમાં ગતિ કરે છે.[૪૯,૫૦] જોકે આકાશના જેવી સ્વચ્છ ચૈતન્યશક્તિ જડમાં તથા અજડમાં સર્વત્ર સમાન છે તોપણ મન આદિ પદાર્થોથી ગોઠવાએલા લિંગશરીરરૂપ પ્રાણની કોતરમાં બિંબપ્રતિબિંબભાવથી ચૈતન્યશક્તિનું બમણાપણું થવાથી અધિકપણું દેખાય છે[૫૧] કેમ કે પ્રાણના ચલનથી લિંગશરીરમાં ચૈતન્યશક્તિ જાણે સ્ફુટ થઇને ચલિત થતી હોય એમ અનુભવાય છે. સઘળા જડ પદાર્થોમાં સત્તામાત્રરૂપે રહેલી એ ચૈતન્યશક્તિ દેહ નામના જડ પદાર્થમાં પ્રાણના ચલનથી જાગૃત જેવી થઇને આધ્યાસિક જીવપણાના બળનેલીધે વિષયાદિકને જાણે છે. જે દેહ જીવનદશામાં અનેક પ્રકારના મોટા મોટા ઉલ્લાસોથી વ્યવહાર કરતો હોય તેજ દેહ પ્રાણવાયુ જતો રહેતાં મનનથી રહિત થવાથી તુરત ચલન વગરનો થઈ જાય છે. હે વસિષ્ઠ મુનિ ! જેમ ઘર આદિનું પ્રતિબિંબ અરીસામાંજ પડે છે પણ પથરા વગેરેમાં પડતું નથી, તેમ ચૈતન્યનું જીવરૂપ પ્રતિબિંબ લિંગશરીરમાંજ પડે છે, બીજા કોઇમાં પડતું નથી. સઘળાં કાર્યોના મુખ્ય કારણરૂપ જે મન છે તેનેજ લિંગશરીર સમજો. બીજા આચાર્યોએ એ મનનેજ શિષ્યોના સમજવામાં સગવડ પાડવાસારૂ પુર્યષ્ટક આદિ જુદાં જુદાં નામોથી તથા પ્રકારોથી કહ્યું છે.[૫૨-૫૫] કલ્પનાઓથી ભરપૂર આ સઘળું દૃશ્યજાળ ચૈતન્યમાંજ ઉદય પામે છે, ચૈતન્યમાંજ રહે છે અને ચૈતન્યમાંજ લય પામે છે એમ પાકી રીતે આપણા અનુભવમાં આવે છે અને મનજ દેહરૂપ થઇને ભમ્યા કરે છે એ પણ નિશ્ચય છે, એટલામાટે જે કાંઇ આ જગત છે તે સઘળું પરમ ચૈતન્યરૂપજ છે. તેથી જુદું નથી એમ સમજો.[૫૬]

यस्मादुदेति कलनाकुलदृश्यजालं यत्तत्रच स्थितवदित्यनुभूतमुच्चैः ॥ यस्मान्मनो विपरिवर्तति देहदृष्ट्या सर्वं तु तत्परमवस्त्विति विद्धि विश्वम् ॥ ५६ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'મન: પ્રાણૈક્યપ્રતિપાદન' એ નામનો એકત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૩૧

સર્ગ ૩૨ મો.*

ચૈતન્યની દેહાદિકમાં સ્થિતિ

॥ श्रीईश्वर उवाच ॥

मुने शृणु कथं कार्यकारिणी स्पंदशालिनी ॥ चरंती च तनुं पुंसामुपैति परमाभिधाम् ॥१॥

સદાશિવ કહે છેઃ—હે વસિષ્ઠ મુનિ ! પ્રાણીઓના લિંગશરીરમાં પેઠેલી એ ચૈતન્યશક્તિ શી રીતે આ લોકસંબંધી તથા પરલોકસંબંધી કાર્યોને કરે છે તથા શી રીતે બ્રાહ્મણ આદિ નામોને પ્રાપ્ત થાય છે અને શી રીતે દેહાદિકના ચલનને કરે છે એ વિષે કહું છું તે સાંભળો.[૧] બ્રહ્મની અનાદિ માયારૂપ શક્તિ પોતાના આશ્રયભૂત બ્રહ્મને આવરણથી નહિ જેવું કરી નાખી અનાદિ કાલથી માંડીને સંચયનેલીધે અત્યંત પુષ્ટ થએલાં વિચિત્ર વાસનાવાળાં કાયિક, વાચિક તથા માનસિક અનેક કર્મોથી લિંગશરીરરૂપે

* આ બત્રીશમા સર્ગમાં લિંગશરીરમાં આવેલું ચૈતન્ય જે રીતે દેહાદિકને ચલાવે છે અને જે રીતે દેહાંતરમાં જાય છે તે સઘળું કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિણામ પામી બ્રહ્મની સત્તાથી તથા પોતાના સ્વભાવથી ચૈતન્યપણારૂપ તથા જડપણારૂપ મિશ્રિત સ્વભાવને પ્રાપ્ત થઇ વ્યવહારને લાયક થઇને જ્ઞાનેંદ્રિય તથા કર્મેંદ્રિયઆદિની પરંપ-રાથી સંસારરૂપે નાચે છે.[૨,૩] હે વસિષ્ઠ મુનિ! માયારૂપ કલંકવાળું એ બ્રહ્મચૈતન્ય ગંધર્વનગર જેવા આ જગતને માયાના અવિવેચનથી કરે છે અને વિવેચનથી નથી કરતું.[૪] જો ચિત્તાદિક ન હોય તો દેહ ભીંતની પેઠે મુંગો રહે છે. ચિત્તા-દિકના હોવાથીજ દેહ આકાશમાં ફેંકાએલા પથ-રાની પેઠે ચેષ્ટાઓ કરે છે.[૫] જેમ અત્યંત જડ લોઢું ચુંબકના સામીપ્યથી ચેષ્ટા કરે છે તેમ જીવ સર્વવ્યાપક બ્રહ્મના સામીપ્યથી વ્યાપારો કરે છે.[૬] જેમ અરીસો અદ્રવ્યભૂત રૂપાદિકના પ્રતિબિંબનું ગ્રહણ કરે છે તેમ લિંગશરીરે ગ્ર-હણ કરેલા અદ્રવ્યભૂત બ્રહ્મના પ્રતિબિંબથીજ આ જીવ અત્યંત સ્ફુરે છે.[૭] જેમ બ્રાહ્મણ મો-હથી પોતાનો સ્વભાવ ભૂલી જવાયાનેલીધે શૂદ્ર-પણાને પ્રાપ્ત થાય છે તેમ આ જીવ પોતાનો બ્રહ્મસ્વભાવ ભૂલી જવાયાનેલીધે જડપણાને પ્રાપ્ત થયો છે.[૮] જેમ હરિશ્ચંદ્ર આદિ મહાત્માઓ પણ મોહથી ચિત્તનો ઉપઘાત થવાનેલીધે દીન-પણાને પ્રાપ્ત થયા હતા તેમ જીવ પોતાના બ્રહ્મસ્વભાવનું વિસ્મરણ થવાનેલીધે મલિનપણા આદિને પ્રાપ્ત થએલ છે.[૯] જેમ તરંગોની પંક્તિ જળને ચલિત કરે છે તેમ પ્રાણના તાદાત્મ્યને પામીને જડ તથા પરવશ થએલો જીવ દેહાદિ-કને ચલિત કરે છે.[૧૦] જેમ શઢરૂપ ઉપાધિને પરવશ થએલો વાયુ વહાણમાં રહેલા પથરા-ઓને ગતિ આપે છે તેમ લિંગશરીરરૂપ ઉપા-ધિને પરવશ થએલો અને તેથીજ દીન તથા ક્રિયા કરનાર બનેલો મનનશક્તિવાળો જીવ દેહોરૂપી યંત્રોને ગતિ આપે છે.[૧૧] હે વસિષ્ઠ મુનિ! પર-માત્માએ શરીરરૂપી ગાડાંઓને ખેંચવાનેવાસ્તે મનરૂપી તથા પ્રાણરૂપી બે મજબુત બળદ બના-વેલા છે.[૧૨] ચૈતન્ય જડરૂપને સ્વીકારી જીવ-પણાને પામી જેને પ્રાણરૂપી ઘોડા તાણ્યા કરે છે એવા મનરૂપી રથમાં બેસી જાગૃતમાં તથા સ્વપ્નમાં આવિર્ભૂત પદાર્થોપણાને તથા ધાર પદાર્થોપણાને અને સુષુપ્તિમાં નષ્ટ પદાર્થોપણાં તથા અવિદ્યારૂપ એક પદાર્થપણાને જાણે પામે હોય અને જુદું જ થઇ ગયું હોય એવું થઇ રહે છે અને તેમ છતાં પણ જેમ તરંગ જળ-પણાને છોડતો નથી તેમ પોતાના વાસ્તવિક સ્વ-રૂપને છોડતું નથી.[૧૩-૧૫] એ જીવચૈતન્ય વ્યાવહારિક તથા પ્રાતિભાસિક પદાર્થોરૂપે ચાં-કાર ઉદય પામે છે. જેમ દૃશ્યોમાં રહેલું રૂ પ્રકાશના હોવાથીજ સ્ફુરે છે તેમ જીવ પોતા-સ્વરૂપભૂત પરમ ચૈતન્યના હોવાથીજ વૃત્તિઓ સ્ફુરે છે.[૧૬] જેમ દીવાના હોવાથી ઘર પ્રકા-વાળું રહે છે તેમ પરમાત્મારૂપ નિર્દોષ ચૈત-ન્યતત્ત્વના હોવાથીજ જીવ જીવનવાળો રહે છે.[૧૭] જેમ જળમાં તરંગપણું થાય છે અને ત-ગમાં ક્ષીણપણું થાય છે તેમ જીવને શરી-મોટી વ્યાધિઓ અને મનમાં મોટી ચિંતા થાય છે.[૧૮] આધિઓથી તથા વ્યાધિઓથી વ્ય-થએલા શરીરરૂપી કમલમાં ભ્રમરની પેઠે નારો જીવ જેમ જળ તરંગપણું પ્રાપ્ત વિષમપણાને પ્રાપ્ત થાય છે તેમ શરીરનો અધ્યાસ પ્રાપ્ત થતાં દીનતા આદિ વિષમપ-પ્રાપ્ત થાય છે.[૧૯] જેમ સૂર્ય પોતેજ પ્રકા-કરેલાં વાદળાંઓથી તિરોહિત થઇ જાય છે ચૈતન્યશક્તિ સર્વ શક્તિવાળી હોવાનેલીધે જ પ્રકાશિત કરેલા દેહના યોગે 'હું ચૈતન્ય-એવી ભાવનાથી પરવશ થઈ જાય છે.[૨૦] મદિરાના પ્રબલ મદથી પરવશ થએલો ખડ્ગ આદિથી થતા પોતાના અંગના છે-પણ અનુસંધાન કરતો નથી તેમ પ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણાથી તે તે યોનિઓમાં અવતરતી ચૈતન્યશક્તિ મૂઢપણાનેલીધે પોતાના ચૈતન્યપણાનું અનુસંધાન કરતી નથી.[21] જેમ મદિરાના પ્રબલ મદથી ઘેરાએલો પુરુષ એ મદ ઉતરી જાય ત્યારે પોતાના કાર્યના સ્મરણને પ્રાપ્ત થઇને નિર્મોહ થાય છે, તેમ અજ્ઞાનથી પરવશ થએલી ચૈતન્યશક્તિ અજ્ઞાન ટળી જાય ત્યારે પોતાના સ્વરૂપના સ્મરણને પ્રાપ્ત થઇને નિર્મોહ થાય છે.[22] જેમ ગળતકોઢીઓ માણસ ગલિત થએલાં આંગળાંઓને ચલન આપતો નથી તેમ જ્યારે લિંગશરીરનો ઉપસંહાર થતાં પ્રાણ હાથ, પગ વગેરેનાં જ્ઞાનોને ચલન આપતો નથી ત્યારે દેહની અંદર રહેલું હૃદયકમલ કોઈથી થડકો નહિ લાગવાનેલીધે લાકડાના પાત્રની પેઠે જરાપણ ચલિત થતું નથી.[23,24] જેમ પાંખો ચલન વગરની થતાં બહારની પવનશક્તિઓ શાંત થઇ જાય છે તેમ અંદરનું હૃદયકમલ ચલન વગરનું થતાં પ્રાણો શાંત થઇ જાય છે.[25] આ રીતે અંદરનો સ્પર્શ મટવાથી પ્રાણ શાંત થતાં જેમ આકાશનો વાયુ શાંત થતાં રજ પૃથ્વીમાં બેસી જવારૂપ સ્થિતિને પ્રાપ્ત થાય છે તેમ જીવ નામરૂપ વગરના કારણાત્માપણાને પ્રાપ્ત થાય છે.[26] હે વસિષ્ઠ મુનિ ! એ સમયમાં પ્રાણના ઉપરામથી રજવગરનું તથા આધારવગરનું મન પણ પ્રાણની સાથે કારણાત્માપણાને પામી તે સ્વરૂપે અવશેષ રહીને ઝાડના જળથી સીંચાતા બીજની પેઠે બીજા દેહનો આવિર્ભાવ કરવામાં ઉન્મુખ થાય છે.[27] આ રીતે ચારેકોરથી સઘળાં કારણો વિકલ થવાથી લિંગશરીર ચલન વગરનું થતાં દેહ નિશ્ચલ થઇને પડી જાય છે.[28] લિંગશરીરનું ચલન હૃદયકમલના ચલનથી થાય છે, હૃદયકમલનું ચલન પૂર્વ પૂર્વની ભોક્તાપણા આદિના સ્મરણરૂપ વાસનાઓના ચલનથી થાય છે અને વાસનાઓનું ચલન સ્વરૂપના અજ્ઞાનનેલીધે ચૈતન્યમાં થએલા દૃશ્યાકાર સ્ફુરણથી થાય છે. હૃદયકમલના ચલનથી લિંગશરીરનું ચલન થાય છે અને હૃદયકમલરૂપી યંત્રનું ચલન રોકાયાથી લિંગ શરીરનું ચલન રોકાઇ જાય છે. હે વસિષ્ઠ મુનિ ! જ્યાંસુધી દેહમાં લિંગશરીર હોય ત્યાંસુધી દેહ જીવતો કહેવાય છે અને લિંગશરીર શાંત થાય ત્યારે દેહ મરી ગએલો કહેવાય છે.[29-32] જેમ પંખો રોકાઇ જતાં પવનનો સમૂહ શાંત થઈ જાય છે તેમ વાત, પિત્ત તથા કફ કે જેઓ પરસ્પરથી વિરૂદ્ધ છે તેઓના તથા રાગ-દ્વેષાદિકના પ્રકોપથી અને શસ્ત્ર આદિથી થએલી છેદન ભેદન આદિ દશાઓનેલીધે દેહની અંદર હૃદયકમલરૂપી યંત્રનું ચલન અટકી જતાં લિંગશરીરનું ચલન પણ ધીરે ધીરે અટકી જાય છે. શરીરમાં રહેલો હૃદયકમલરૂપી યંત્ર ચાલ્યા કરતાં ઉત્પન્ન થતા પોતાના સંકલ્પોનેલીધે જીવ હજારો દુઃખને પ્રાપ્ત થયા કરે છે. જેઓના હૃદયમાં સર્વદા રાગદ્વેષાદિકથી રહિત નિર્મલ વાસનાજ રહેતી હોય તે જીવો જીવન્મુક્ત કહેવાય છે, સર્વદા એકસરખી રીતે સ્થિરરૂપવાળા કહેવાય છે અને લાંબું આયુષ્ય ભોગવે છે. હૃદયકમલરૂપી યંત્ર રોકાઈ જતાં અને પ્રાણવાયુ શાંત થતાં આ દેહ તુરતજ લાકડાના જેવો તથા ઢેફાના જેવો થઇને ધરતીપર પડે છે.[33-36] જે રીતે હૃદયાકાશના પ્રાણરૂપી પવનમાં લિંગશરીર લીન થાય છે તે રીતે ત્યારે તેમાંજ મન લય પામે છે.[37] વાસનાઓથી વ્યાપ્ત અને જેણે અનાદિ કાલથી શરીરાદિકપણાનોજ અભ્યાસ કર્યો હોય છે એવું મન જ્યાં ત્યાં ભટકીને સ્વર્ગ નરક આદિને જુવે છે.[38] જેમ ઘરનાં માણસો દૂર જતાં ઘર શૂન્યપણાને પામે છે તેમ મનથી તથા પ્રાણવાયુથી રહિત થએલું શરીર શબપણાને પ્રાપ્ત થાય છે.[39] જે સર્વવ્યાપક બ્રહ્મચૈતન્ય છે તેજ દૃશ્યાકાર સ્ફુ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રણનેલીધે મનરૂપ અથવા લિંગશરીરરૂપ થઇને આતિવાહિક શરીરવાળું થાય છે.[૪૦] આતિવાહિક શરીર કે જે પાંચ સૂક્ષ્મભૂતોના સમુદાયાત્મક ચિત્તજ છે તેનો અધ્યાસ ધરીને રહેલું બ્રહ્મચૈતન્યજ સંકલ્પનેલીધે સ્વપ્નના ભ્રમજેવા સ્થૂલ આકારને દેખે છે.[૪૧] પછી તે સ્થૂલ આકારની દૃઢ ભાવનાથી તેમાંજ અહંતાને પામીને ક્ષણમાત્રમાં આતિવાહિક દેહપણાને સંપૂર્ણ રીતે ભૂલી જાય છે.[૪૨] આ સ્થૂલદેહ કે જે મિથ્યાભૂતજ છે તેમાં જેણે કૃત્રિમ ભાવના કરી હોય છે એવું એ ચૈતન્ય ખોટા જગતને સત્ય માની લે છે અને પોતાના સાચા બ્રહ્મપણાને અસત્ય માની લે છે.[૪૩] સર્વવ્યાપક બ્રહ્મચૈતન્ય બુદ્ધિમાં પ્રતિબિંબિત થએલા અંશથી જીવરૂપ થઇને મનરૂપ થાય છે, મન લિંગશરીરરૂપી રથમાં ગોઠવાય છે અને તે ગોઠવાયાથી જગત થાય છે.[૪૪] જેમ વેતાલ શબની અંદર પેસીને શબને ઉઠાડે છે તેમ જ્યારે વાયુની પ્રધાનતાવાળું લિંગશરીર દેહની અંદર પેસીને દેહને ઉઠાડે છે ત્યારે લોકો ‘ દેહ જીવે છે ’ એમ કહે છે.[૪૫] લિંગશરીર ક્ષીણ થતાં જ્યારે ચિત્ત બ્રહ્મમાં લીન થાય છે ત્યારે આ દેહ અચેતન જણાઇ રહે છે અને ‘ મુવો ’ એમ પણ કહેવાય છે.[૪૬] જીવ પોતાના સ્વભાવનેલીધે અજરામર બ્રહ્મપણાને ભૂલીને પરવશપણાથી, જેમ પાંદડું કાળનેલીધે જાજરાપણાને પ્રાપ્ત થાય છે તેમ અશક્તપણાને પ્રાપ્ત થાય છે.[૪૭] વાસના શક્તિના અસ્પર્શનેલીધે હૃદયકમલરૂપી યંત્ર ચલનથી અટકી જતાં અને પ્રાણ રોકાઈ જતાં માણસ મરી જાય છે.[૪૮] હે વસિષ્ઠ મુનિ! જેમ ઝાડનાં નવાં નવાં થતાં જુદાં જુદાં પાંદડાંઓ કાળની ગતિથી ખરી પડે છે તેમ જીવોનાં નવાં નવાં થતાં જુદાં જુદાં શરીરો કાળની ગતિથી નષ્ટ થયા કરે છે.[૪૯] જીવોનાં શરીરો અને ઝાડનાં પાંદડાંઓ ઉત્પન્ન થયા કરે છે અને નષ્ટ પણ થયા કરે છે માટે તેઓનેવાસ્તે શી ચિંતા કરવી કે શો વિલાપ કરવો ?[૫૦] ચૈતન્યરૂપી સમુદ્રમાં આ શરીરોરૂપી પરપોટાઓની પંક્તિઓ અનેક અનેક સ્ફુર્યા કરે છે માટે બુદ્ધિવાન પુરૂષે એઓમાં ભરોસો રાખવોજ નહિ.[૫૧] જેમ કાચઆદિ વિના બીજો કોઈ પદાર્થ અન્ય પદાર્થોના પ્રતિબિંબનું ગ્રહણ કરવાને યોગ્ય નથી તેમ ચિત્તવિના બીજું કોઇ પણ ચૈતન્યના પ્રતિબિંબનું ગ્રહણ કરવાને યોગ્ય નથી. ચૈતન્ય સર્વવ્યાપકછે પણ ચિત્તમાંજ પ્રતિબિંબિત થાયછે.[૫૨] ભરપૂર ચૈતન્યરૂપ નિર્મલ આકાશમાં પૂર્વકૃત કર્મોના પરિણામોરૂપ, અનિર્વચનીય, ઉપર ઉપરથીજ સારી લાગે એવી અને અનેક પ્રકારના પોકારોવાળી જીવરૂપ તથા જગતરૂપ કલ્પનાઓ જન્મ–મરણ ઇત્યાદિની ભ્રાંતિઓથી આત્માને મૂઢ બનાવી દેવાનેવાસ્તે અને પરિતપ્ત કરવાનેવાસ્તેજ પ્રતીત થાય છે.[૫૩]

चिदमलनभसि प्रयत्नरूपाः परिवितते तदतन्मयाःस्फुरंति॥ कलकलमुखराः स्फुटाभिरामविविधशरीरविमोहतापनाय ॥ ५३ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો ‘ દેહપાતવિચાર ’ એ નામનો બત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૩૨

સર્ગ ૩૩ મો.*

દ્વૈતનિવારણની યુક્તિઓ

॥ श्री वसिष्ठ उवाच ॥

चंद्रार्द्धशेखरधर चित्तत्वस्य महात्मनः ॥
अनंतस्यैकरूपस्य द्वित्वं कथमुपागतम् ॥१॥

વસિષ્ઠ ઋષિ પૂછે છેઃ–મુકુટમાં અર્ધ ચંદ્રને ધરનારા હે સદાશિવ ! ચૈતન્યતત્ત્વ કે

* આ તેત્રીશમા સર્ગમાં જીવ તથા જગતના ભેદો મોહથી કલ્પાએલા હોવાનેલીધે સૂક્ષ્મ વિચાર કરતાં ટકી શકતાજ નથી એ વિષેની યુક્તિઓ કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સઘળા પરિચ્છેદોથી રહિત છે, ભરપૂર છે અને સજાતીય, વિજાતીય તથા સ્વગત, એ ત્રણે ભેદોથી રહિત છે તેને જીવરૂપ સજાતીય અને જડ જગતરૂપ વિજાતીય દ્વિત્વ કેમ પ્રાપ્ત થયું ?[1] જો કહેશો કે 'કારણ વગરજ એ દ્વિત્વ પ્રાપ્ત થયું છે' તો અનંત કોટિ બંધનોથી વ્યાપ્ત થએલું અને લાંબા કાલથી નિરૂઢ થએલું તે દ્વિત્વ નવા પ્રાપ્ત થએલા એક તત્ત્વબોધથી નિવારિત થઇને દુઃખનો આત્યંતિક નાશ કરવાને સમર્થ કેમ થઇ શકે ?[2]

સદાશિવ કહે છેઃ— 'બ્રહ્મ વ્યવહારદૃષ્ટિથી સર્વ શક્તિઓવાળું છે અને પરમાર્થદૃષ્ટિથી એક સદ્રૂપજ છે' એ રીતે વ્યવસ્થાથી બે દૃષ્ટિઓનો સ્વીકાર કરીએ તો પછી દ્વિત્વ તથા એકત્વરૂપ કલા કે જે સર્વશક્તિના એક દેશરૂપ છે તેમાંથી ઉઠેલી તમારી શંકા નિર્મૂલજ છે.[3] અધ્યારોપ વ્યવહારદૃષ્ટિથી કરવામાં આવે છે અને અપવાદ પરમાર્થ દૃષ્ટિથી કરવામાં આવે છે. જો દ્વિત્વ હોય તો તેથી જુદાઈ પાડવાને વાસ્તે એકત્વ કલ્પવામાં આવે અને જો એકત્વ હોય તો તેથી જુદાઇ પાડવાને વાસ્તે દ્વિત્વ કલ્પવામાં આવે, માટે દ્વિત્વ અને એકત્વ એ બન્ને પરસ્પરની અપેક્ષાવાળાં હોવાથી સરખાંજ છે. જેમ દ્વિત્વ મિથ્યા છે તેમ એકત્વરૂપ ધર્મ પણ જો ચૈતન્યતત્ત્વથી જુદો માનવામાં આવે તો ચૈતન્યના એકરસપણાનો વ્યાઘાત થાય છે, માટે એકત્વ પણ મિથ્યાજ છે.[4] એકનોજ મુદ્દલ અભાવ છે માટે એકત્વનો તથા દ્વિત્વનો બન્નેનો અભાવ છે. એકત્વવિના દ્વિત્વ ઘટતું નથી અને દ્વિત્વવિના એકત્વ ઘટતું નથી.[5] ઉપદેશ આદિ વ્યવહારને વાસ્તે વ્યવહારદૃષ્ટિનું તથા પરમાર્થદૃષ્ટિનું મિશ્રણ કરવામાં આવે છે તો પણ બે પ્રકારની સત્તા માનવામાં આવવાથી પારમાર્થિક સત્તાવાળા બ્રહ્મમાં વ્યાવહારિક સત્તાવાળા જીવ તથા જગતરૂપ દ્વૈતનો કશો વિરોધ નથી. જેમ બીજથી માંડીને ફળ સુધીના પદાર્થો પોતામાં અનુસ્યૂત થએલા એક દ્રવ્યમયજ છે તેથી તે એક દ્રવ્યમાંજ બીજાદિરૂપ નાનાત્વની કલ્પના થએલી છે, તેમ સઘળાં કાર્યકારણો પોતામાં અનુસ્યૂત થઇને રહેલા બ્રહ્મમયજ છે, તેથી તે બ્રહ્મમાંજ કાર્યકારણઆદિરૂપ નાનાત્વની કલ્પના થએલી છે માટે કશો ભેદ છેજ નહિ.[6] જે બ્રહ્મ છે તે દૃશ્ય વિકારોની કલ્પનાથીપોતેજ દૃશ્યવિકારોરૂપે સ્ફુરે છે એમ સિદ્ધાંતપક્ષમાં માનવામાં આવે છે માટે કલ્પિત વિકારો અધિષ્ઠાનરૂપ સારવાળા હોવાનેલીધે અધિષ્ઠાનથી જુદા પડતા નથી.[7] આ સઘળો વિકાર આદિ વિકલ્પ સદ્વસ્તુ (બ્રહ્મ) માંથીજ ઉઠીને જુદાં જુદાં કાર્યો કરવામાં ઉપયોગી થવાથી ભોગમાં પર્યવસાન પામે છે અને ભોગનું ચૈતન્યમાં પર્યવસાન છે માટે સઘળા વિકલ્પનો સાર ચૈતન્યમાત્રજ છે.[8] જે તત્ત્વવેત્તા પુરૂષને સસલામાંથી ઉત્પન્ન થએલો જવ વગેરેનો અંકુર પણ અધિષ્ઠાનરૂપે સત્ય જણાય છે તેને પ્રસિદ્ધ જળના તરંગો પર્વતની ટોચ ઉપર કલ્પાએલા સમુદ્રના તરંગો બરાબર છે અને તે પર્વત પણ સસલાના શીંગડા બરાબર છે. કારણ કે એ ત્રણેમાં પોતાથી અસત્પણું અને બ્રહ્મની સત્તાથી સત્પણું સમાન છે. જલતરંગાદિક વ્યાવહારિક પદાર્થો છે, ઝાંઝવાના પાણીના તરંગો પ્રાતિભાસિક પદાર્થો છે અને સસલાનાં શીંગડાં વગેરે અત્યંત અસત્ પદાર્થો છે, એવી રીતનો પેટાની વિલક્ષણતાનો વિકલ્પ પણ મૂર્ખનેજ થાય છે. કેમકે સઘળા પદાર્થો પોતાની સત્તાથી અસત્ હોવામાં અને બ્રહ્મની સત્તાથી સત્ હોવામાં સરખાજ છે.[9] પરસ્પરથી વિલક્ષણ જણાતા જગતસંબંધી સઘળા પદાર્થોને તત્ત્વબોધ એક પ્રકારના કરી નાખે છે માટે આવા વિષયમાં વધારે યુક્તિઓ કહેવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કશું પ્રયોજન નથી. જ્યાંસુધી અજ્ઞાન ન ગયું હોય ત્યાંસુધી અપરોક્ષ ભ્રમથી સિદ્ધ થએલું પદાર્થોના પરસ્પરથી જુદાપણા વગેરે દ્વૈત હજારો યુક્તિઓથી પણ ટાળી શકાતું નથી.[10] હે વસિષ્ઠ મુનિ ! તત્ત્વદૃષ્ટિથી જોઇએ તો બ્રહ્મનું સર્વ શક્તિઓવાળાપણું અને જગતરૂપી આકારવાળું માયિકરૂપ, જેમ જળથી તરંગોના કણ તથા કલ્લોલો આદિ જુદાં પડતાં નથી તેમ બ્રહ્મથી જુદાં પડતાં નથી.[11] જેમ પુષ્પો, કુંપળીઓ અને પાંદડાં વગેરે પદાર્થો લતાથી ભિન્ન નથી તેમ દ્વિત્વ, એકત્વ જગતપણું તુંપણું તથા હુંપણું ઇત્યાદિક કોઇ પણ ચૈતન્યથી ભિન્ન નથી.[12] દેશ, કાલ તથા વિકાર આદિ જે કોઇ ભેદ ચૈતન્યમાં પ્રતીત થાય છે તે પોતાથી અસત્ છે અને ચૈતન્યની સત્તાથી સત્ છે માટે ‘ચૈતન્યમાં દ્વિત્વ કેમ આવ્યું’ એવી રીતનું તમારું પૂછવુંજ ઘટતું નથી. ચૈતન્યમાં દ્વિત્વ મુદ્દલ આવ્યુંજ નથી.[13] દેશો, કાલો, ક્રિયાઓ અને નિયમો ઇત્યાદિ શક્તિઓ ચૈતન્યથીજ સત્તા પામેલી છે માટે ચૈતન્યરૂપજ છે.[14] જેમ લહરી તથા કલ્લોલ આદિ જે કાંઇ છે તે સઘળું જળજ છે તેમ ચિત્ત, વિષયો, ચિત્તની ચેષ્ટાઓ અને બ્રહ્માથી માંડીને સ્તંબપર્યંત સઘળા પદાર્થો તથા નામો ચૈતન્યજ છે.[15] જેમાં તરંગો મુદ્દલ સંભવતાજ નથી એવા પરમ ચૈતન્યરૂપ મહાસાગરનું જે તરંગિત જેવાપણું (વિવર્ત્તન) થાય છે તેજ દૃશ્યનો સંબંધ છે.[16] એજ પરબ્રહ્મ સત્ય, ઈશ્વર, શિવ, શૂન્ય, એક અને પરમાત્મા ઇત્યાદિ નામોથી કહેવામાં આવે છે.[17] એ પ્રમાણે રૂપોથી તથા નામોથી અતીત જે પરમાત્માનું નિર્મલ રૂપ છે તેજ વાસ્તવિક રીતે મારું તત્ત્વ છે. આ જે આકાર જોવામાં આવે છે તે હું નથી. મારા તત્ત્વને મન કે વાણી પહોંચી શકે એમજ નથી.[18] જે કાંઇ આ જગત જોવામાં આવે છે તે મહાચૈતન્યરૂપી લતાનાં ફલ, પુષ્પ તથા પલ્લવ વગેરે રૂપ છે. એ લતાથી કાંઇપણ ભિન્ન નથી; કેમકે તેમાં કલ્પાએલ હોવાનેલીધે તન્મયજ છે.[19] જીવપણું તથા જગતપણું કે જેઓ ખોટાંજ છે તેઓવિષે વિવેકનેવાસ્તે પૂછતા હો તો સાંભળો કે એ ચૈતન્ય જ્યારે અવિદ્યારૂપ વિચિત્ર રંગવાળા ચશ્માને ધરે છે ત્યારે ‘જીવ’ એ નામવાળું થઇને, જેમ ચંદ્રના બેપણાને દેખે તેમ જીવપણાને તથા જગતપણાને દેખે છે અને પોતાના સંકલ્પથીજ ‘હું જડ છું’ એવી ભાવના કરીને પોતાથી પોતાનાજ વિકલ્પોથી ભરેલા દેહાદિકપણાને પ્રાપ્ત થએલા જેવું થાય છે.[20,21] પોતે જોકે નિષ્કલંકરૂપથીજ રહેલ છે તોપણ પોતાના કલ્પિત લિંગશરીર નામના રૂપથી સંસારરૂપ નદીને પામીને ઔપાધિક ચેતનથીજ (જીવથીજ) ચેતનાવાળું થાય છે.[22] પોતે ચૈતન્યાત્મક છતાં દૃઢ ભાવનાથી લિંગશરીરમાં તાદાત્મ્યાધ્યાસરૂપ જીવપણાને પામે છે. આ પ્રમાણે ચૈતન્યમય જીવ ચૈતન્યતત્ત્વના પ્રકાશથી શ્વાસોચ્છ્વાસ આદિ ક્રિયાને પ્રાપ્ત થાય છે.[23] જીવપણાને પામેલું લિંગશરીર પાંચ ભૌતિક સ્થૂલદેહના સંસ્કારથી યુક્ત થઇને તે સ્થૂલદેહની પ્રાપ્તિનેવાસ્તે ‘અન્ન તથા બીજાદિકરૂપ દ્રવ્ય હું છું’ એવી સારી પેઠે ભાવના કરે છે.[24] એ દ્રવ્ય પ્રાણીના ખાવામાં આવતાં તુરત વીર્યપણાને પ્રાપ્ત થાય છે. પછી ગર્ભાધાનના ક્રમથી ‘હું પ્રાણવાળો સ્થૂલ દેહ ઉત્પન્ન થયો છું’ એમ સમજી બેસે છે.[25] અનુભવાત્મક બ્રહ્મજ ઉપર કહેલા અહંતા વગેરે ક્રમથી સ્થૂલ દેહના અનુભવની ભ્રાંતિમાં પડી ઇંદ્રિયો આદિથી સ્થાવર જંગમોને જાણે છે અને તેઓની ભાવનાથી પોતે પણ સ્થાવર જંગમરૂપ થાય છે.[26] કાકતાલીયની રીતિપ્રમાણે કર્મના યોગરૂપ નિમિત્તથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્વ યોનિનો દૃઢ અભ્યાસ જતો રહેતાં અને નવી યોનિની વાસનાનો સંબંધ થતાં એક આકારને મૂકીને બીજા આકારને પ્રાપ્ત થાય છે.[27] જેમ માણસને વેતાલના સંકલ્પથી ખુલ્લો વેતાલ મ્હોડા આગળ ખડો થાય છે તેમ એકનેજ દ્વિત્વની વાસનાથી દ્વિત્વ (દ્વૈત) ખડું થાય છે.[28] જેમ પુરુષને 'હું કશું નથી કરતો' એવા સંકલ્પથી કર્તાપણું ટળી જાય છે તેમ આત્માને પણ 'દ્વૈત નથીજ' એમ સમજવાથી દ્વૈત મટી જાય છે.[29] આત્મા એક છતાં તેને દ્વિત્વના સંકલ્પથી દ્વિત્વ પ્રાપ્ત થાય છે. જગત કે જે અનેક છે તેને પણ જો અદ્વિત્વની ભાવના થાય તો દ્વિત્વ નષ્ટ થઇ જાય છે.[30] પરમાત્માપણાનેલીધે, વિકારાદિકથી રહિતપણાનેલીધે અને સર્વદા વ્યાપકપણાનેલીધે આત્મામાં દ્વિત્વ છેજ નહિ.[31] હે વસિષ્ઠ મુનિ ! મનોરાજ્યની પેઠે તથા ગંધર્વ નગરની પેઠે જે પોતાનાજ સંકલ્પથી રચાએલ હોય છે તે અસંકલ્પથી નષ્ટ થઇ જાય છે.[32] સંકલ્પની રચના કરવામાં પરિશ્રમ પડે છે પણ સંકલ્પનો નાશ કરવામાં પરિશ્રમ પડતો નથી. કેમકે ઉદાસીનપણામાત્રથી સંકલ્પનો ક્ષય પોતાની મેળેજ થાય છે. મનોરથથી રચાતી નગરીની સૃષ્ટિમાં સંકલ્પરૂપ કારીગરની જરૂર પડે છે પણ તે નગરીનો ક્ષય કરવામાં તે કારીગરનો ખપ પડતો નથી.[33] પુષ્ટ થએલા કેવલ સંકલ્પથી જે કાંઇ આ દુઃખ પ્રાપ્ત થયું છે તે અસંકલ્પમાત્રથી ક્ષય પામી જાય છે, તેનો ક્ષય કરવામાં બીજી કશી મહેનત નથી.[34] માણસ જો કોઇ પણ પદાર્થનો સંકલ્પ કરે તો દુઃખમાં ડૂબે છે અને કોઈ પણ પદાર્થનો સંકલ્પ ન કરે તો અક્ષય સુખને પ્રાપ્ત થાય છે.[35] જો તમારૂં મન સંકલ્પરૂપી સર્પથી રહિત નહિ થાય તો સર્વ સદ્ગુણોવાળા નંદનવનમાં રહેતાં પણ તમને શાંતિ મળશે નહિ.[36] પોતાના વિવેકરૂપી પવનોથી સંકલ્પરૂપી વાદળાંનો ક્ષય કરી શરદ્ ઋતુના આકાશની પેઠે પરમ નિર્મલપણાને પ્રાપ્ત થાઓ.[37] સંકલ્પોરૂપી મસ્ત નદીને અસંકલ્પરૂપ ચિંતામણિ મંત્રથી સૂકાવી નાખો અને તેમાં તણાતા જતા આત્માને આશ્વાસિત કરીને મનવગરના થાઓ.[38] ચિદાત્મા કે જે હૃદયરૂપી આકાશમાં સંકલ્પરૂપી પવનથી ચલિત થઇને પાંદડાના તથા ખડના ટુકડાની પેઠે ભ્રમણ કર્યા કરે છે તેને પકડી લઇને તેના ખરા સ્વરૂપનું અવલોકન કરો.[39] પોતામાં પોતાનાજ સંકલ્પોથી થએલા મેલાપણાને પોતાથીજ ટાળી નાખી પરમ સ્વચ્છપણાને પ્રાપ્ત થઇને પરમ આનંદવાળા થાઓ.[40] આત્મા પોતે સર્વશક્તિમય હોવાનેલીધે પોતાના સંકલ્પથી જે વસ્તુની જ્યારે જેવી રીતની ભાવના કરે તે વસ્તુને પોતાના સંકલ્પના બળથી ત્યારે તેવી રીતની દેખે છે. બ્રહ્માકારથી ભાવના કરે તો બ્રહ્માકાર દેખે છે અને ભોગ્યાકારથી ભાવના કરે તો ભોગ્યાકાર દેખે છે.[41] હે વસિષ્ઠ મુનિ ! આ જગતરૂપી ભ્રમ સંકલ્પ માત્રથીજ ઉઠયો છે માટે સંકલ્પના ત્યાગમાત્રથી કયાંય જતો રહે છે.[42] સંકલ્પરૂપી પૂર્વવાયુએ એકઠું કરેલું જન્મોરૂપી વાદળાંઓનું જૂથ અસંકલ્પરૂપી પશ્ચિમવાયુના સ્પર્શથી બ્રહ્મરૂપ આકાશમાં લય પામે છે.[43] આ તૃષ્ણારૂપી કાકચની લતા કે જે અત્યંત જામેલી છે તેને સંકલ્પરૂપી મૂળ ઉખેડી નાખવાથી સૂકાવી નાખો.[44] જેમ ગંધર્વ નગર પ્રતિભાસથી ઉઠે છે અને પ્રતિભાસથી ક્ષય પામે છે તેમ સંસારરૂપી વિભ્રમ પ્રતિભાસથી ઉઠે છે અને પ્રતિભાસથીજ ક્ષય પામે છે.[45] આમ હોવાથી દૃષ્ટિસૃષ્ટિ પક્ષ સિદ્ધ થાય છે. જ્યાં સુધી અજ્ઞાન હોય ત્યાં સુધીજ જગતનો પ્રતિભાસ દુઃખદાયી થાય છે પણ અજ્ઞાન ટળી ગયા પછી દુઃખદાયી થતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના રાજાપણાને ભૂલી ગએલો રાજા ત્યાંસુધીજ શોક કરે છે કે જ્યાંસુધી હૃદયમાં 'હું રાજા છું' એવી સ્મૃતિ પ્રાપ્ત થતી નથી. તેમજ પોતાના બ્રહ્મપણાને ભૂલી ગએલો પુરૂષ ત્યાંસુધીજ શોક કરે છે કે જ્યાંસુધી હૃદયમાં 'હું બ્રહ્મ છું' એવી સ્મૃતિ પ્રાપ્ત થતી નથી.[૪૬] જેમ પ્રાપ્ત થએલી શરદઋતુએ કહાડી મૂકેલી વર્ષાઋતુ વાદળાંરૂપ જાડ્યથી ઢાંકી દેવાને સમર્થ થતી નથી તેમ પુરુષને તત્ત્વવેત્તાના ઉપદેશથી પ્રાપ્ત થએલી 'હું બ્રહ્મ છું' એ સ્મૃતિએ બાધિત કરેલી પૂર્વના દુઃખની સ્મૃતિ પોતાના જાડ્યથી ઢાંકી દેવાને સમર્થ થતી નથી.[૪૭] કેમકે જેમ વીણાના સ્વરોમાં જે ઊંચો સ્વર હોય તેજ સાંભળવામાં આવે છે તેમ ચિત્તની જે ચેષ્ટા ઘાટા પ્રવાહવાળી થાય તેજ વધે છે.[૪૮] 'હું એકજ છું અને આત્મા છું' એવી ભાવનાનેજ દૃઢ કરો. એ ભાવનાથી યુક્ત થશો તો તમે બ્રહ્મજ થઇ રહેશો.[૪૯] આ ભાવનારૂપ પૂજાથીજ પૂજ્ય દેવરૂપ થવાય છે પણ બીજી પૂજાથી થવાતું નથી. આમ છે એટલામાટે આ બાહ્યપૂજન તમારા જેવાઓને સંભવતુંજ નથી. જેઓને તુચ્છ ફળોમાં રાગ હોય તેઓએજ બાહ્યપૂજન કરવું જોઇએ. તમારે યોગ્ય તો ઉત્તમ પદરૂપ અને પરમાર્થ સત્ય એક પરબ્રહ્મજ દેવ છે. બાહ્યપૂજાઓમાં પૂજક, ષોડશોપચારથી પૂજન અને પ્રતિમા તથા લિંગ આદિ પૂજા એ સઘળું તુચ્છજ હોય છે. કેમકે એ સઘળી સામગ્રી મનના સંકલ્પોથીજ ગોઠવાએલી હોવાથી કલ્પનામાત્રજ છે.[૫૦]

एवं ह्यसंभवदिदं त्वविरागभास्वत्तत्सत्वमुत्तम पदं परमेकदेवः ॥ पूजासुपूजक सुपूजनपूज्यरूपं किंचिन्नकिंचिदिव चित्तपदैकमूर्तिः ॥५०॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'દ્વૈતૈક્યપ્રતિપાદન' એ નામનો તેત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૩૩

સર્ગ ૩૪ મો.*

પશ્યંતી ઈત્યાદિ ભૂમિકાઓનું વર્ણન

॥ ઈશ્વર ઉવાચ ॥

इत्थं स्थितमिदं विश्वं सदसद्देवरूपि च ॥ द्वैतैक्यपदनिर्मुक्तं युक्तं द्वैतैक्यमप्यतः ॥ १ ॥

સદાશિવ કહે છેઃ—હે વસિષ્ઠ મુનિ ! આ રીતે આ જગત બાધની દૃષ્ટિથી અસત્ છે અને અધિષ્ઠાનની દૃષ્ટિથી સત્ છે તથા બ્રહ્મરૂપ છે તેમજ પરમાર્થમાં દ્વિત્વથી તથા એકત્વથી રહિત છે અને વ્યવહારમાં દ્વિત્વથી તથા એકત્વથી સહિત પણ છે, આમ વ્યવસ્થા માનવાથી શંકાઓનો અવકાશજ રહેતો નથી.[૧] ચૈતન્યને મોહથી જે જડ ભાવ થયો છે એજ સંસાર છે. 'ચૈતન્ય અસંસારીજ છે' એમ વિચારવામાં આવે તો તે ચૈતન્ય નિર્મોહજ છે અને અભિન્ન તથા અદ્વૈત છે.[૨] 'હું દૃશ્ય દેહાદિક રૂપ છું' એવા અભિમાનરૂપ કલંક પ્રાપ્ત થવાથી ચૈતન્ય બંધાઇ જાય છે અને 'હું દૃશ્ય દેહાદિક રૂપ નથી પણ તેઓના અધિષ્ઠાનરૂપ છું એટલે મારામાં દૃશ્ય દેહાદિક સઘળું કલ્પિતજ છે' એમ સમજવામાં આવે તો તે ચૈતન્ય મુક્ત થાય છે. જડપદાર્થાકાર ભાવના કરવાનેલીધે ચૈતન્ય દ્વિત્વને પામીને પોતાના અખંડપણાને ભૂલી જાય છે અને દેહના સુખ–દુઃખાદિકથી મિશ્રિત થએલી મિથ્યા સ્થિતિને ક્ષણમાત્રમાં ધારી લે છે.[૪] વાસ્તવિક જોઈએ તો એ ચૈતન્ય શુદ્ધ છે, અખંડ છે, અને સત્ય છે કે અસત્ છે ઇત્યાદિ વિકલ્પરૂપ સઘળા શબ્દોથી રહિત છે. જોકે એ ચૈતન્ય વ્યવહારમાં સર્વનામાત્મક તથા સર્વરૂપાત્મક છે તોપણ વાસ્તવિક જોતાં સઘળાં નામોથી તથા રૂપોથી રહિતજ છે.

* આ ચોત્રીશમા સર્ગમાં જીવન્મુક્તની પહેલી બીજી તથા ત્રીજી ભૂમિકાનો ઉપદેશ કરીને સદાશિ... ત્રીજી ભૂમિકામાં વિશ્રાંત થયા એ કથા કહેવામાં આવી...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંઇ છે તે સઘળું નિરૂપમ અને શાંત બ્રહ્મજ છે. આકાશની પેઠે પ્રથમ ખુલેલી માયાશક્તિનેલીધે જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ, અથવા સૃષ્ટિ, સ્થિતિ, સંહાર અથવા અધ્યાત્મ, અધિભૂત, અધિદૈવ, એ રૂપ ત્રણ માર્ગોથી પ્રવર્ત્તેલું આ જગત મનથીજ ગોઠવાએલું છે. આમ હોવાનેલીધે જે અધિષ્ઠાનભૂત બ્રહ્મ છે તેજ જગતરૂપે વિસ્તાર પામેલ છે એમ સિદ્ધ થાય છે.[૫,૬] વિચારના બળથી ઈંદ્રિયોરૂપ તથા અવયવોરૂપ મન કપાઈ જતાં અને સત્યપદના સાક્ષાત્કારથી જગતરૂપી જાળ ઢંકાઈને લય પામી જતાં આ કલ્પનારૂપ હોવાનેલીધે મૂળથીજ વીખાએલો સંસાર છિન્ન થઈ જાય છે અને જીવન્મુક્તની સ્થિતિ પ્રાપ્ત થાય છે. પશ્યંતી, તુર્યા અને તુર્યાતીતા, એ નામની ત્રણ ભૂમિકાઓમાં (દરજાઓમાં) અનુક્રમે જીવન્મુક્તની સ્થિતિ થાય છે. ભુંજાએલા બીજ જેવી, સ્વરૂપની પ્રાપ્તિરૂપ અર્થવાળી, વિષયોના વારંવાર અનુસ્મરણને છોડી દેતી, જેમ શરદઋતુનું આકાશ વાદળાંઓથી નિર્મુક્ત થાય છે તેમ મનના મોહથી નિર્મુક્ત થએલી, શુદ્ધ, પ્રથમ વિષયોરૂપી ચપલતાને પ્રાપ્ત થએલી છતાં પણ ચાલતા સમયમાં કેવલ ચૈતન્યાત્મક સ્વભાવમાં રહેલી, સર્વની સામાન્ય સત્તારૂપે અવશેષ રહેલી, જીવતાંજ જેમાં સંસારરૂપી મહાસાગર તરાઈ ગયો હોય છે એવી, પુનર્ભવ વગરના સુષુપ્તસ્થાન જેવા સ્વયંપ્રકાશરૂપથી પુષ્ટ થએલી, સ્વરૂપની પ્રાપ્તિથી વિશ્રાંત થએલી અને વિસ્તીર્ણ પદરૂપ સ્વરૂપમાંજ વિશ્રાંત થએલી જીવન્મુક્તની જે સ્થિતિ થાય છે તે પશ્યંતી નામની ભૂમિકાવાળી કહેવાય છે. સઘળાં દૃશ્યોનો બાધ થતાં અપરોક્ષ દૃઙ્માત્ર અવશેષ રહેવાને લીધે આ પહેલી ભૂમિકા **પશ્યંતી** કહેવાય છે. હે વસિષ્ઠ મુનિ! મન ક્ષીણ થતાં જીવન્મુક્તની જે પહેલી પદવી થાય છે તે મેં તમારી પાસે કહી. હવે દૃઢતાનેલીધે અત્યંત પવિત્રતાવાળી જીવન્મુક્તની બીજી પદવીવિષે કહું છું તે સાંભળો.[૭-૧૨] જ્યારે એ પશ્યંતી ભૂમિકાજ અભ્યાસનેલીધે મનથી રહિત થઇ જાય, ચૈતન્યશક્તિની શાંતિવાળી થાય, સૂર્ય, ચંદ્ર, અગ્નિ, વાણી અને ઈંદ્રિયોરૂપ જ્યોતીઓથી રહિત થઇ જાય, અંધકારથી અજ્ઞાનથી તથા તેનાં કાર્યોથી પણ રહિત થઇ જાય, વિસ્તીર્ણ આકાશની પેઠે સુંદર થાય, ઘાટી સુષુપ્તિની પેઠે, શિલાના ગર્ભની ગોઠવણની પેઠે, સૈંધવની અંદર રહેલા રસની પેઠે, તથા વાયુની અંદર રહેલી ચલન શક્તિની પેઠે કાળથી જે કોઇ સ્થલમાં પરમ પરિણામ પામીને આકાશમાં રહેલી શૂન્યશક્તિની પેઠે પરમાકાશને (શુદ્ધ આકાશને તથા બ્રહ્મને) પામેલી જેવી થઇ જેમ જળ ચપલતાને છોડી દે, વાયુની લેખા ચલનને છોડી દે તથા પુષ્પની લેખા સુંગધને છોડી દે તેમ દૃશ્ય અંશમાં ઉન્મુખપણાને છોડી દે, (પોતાથી વ્યુત્થાન વગરનીજ થાય) કાળના પરિચ્છેદને તથા વસ્તુના પરિચ્છેદને સંપૂર્ણ રીતે છોડી દઇ કોઇ પણ દૃશ્યની કલ્પના ન કરે, જડતાવાળી ન રહે, કોઇ પણ જડતા કાંઈ પણ સંબંધવાળી ન રહે, વિસ્તીર્ણ થાય, અને કોઈ પણ શબ્દથી ન કહેવાઇ શકાય એવી દેશ કાલ આદિના પરિચ્છેદથી રહિત મહા સત્તાના પદને પામેલી, જાગ્રતથી, સ્વપ્નથી તથા સુષુપ્તિથી અને વિરાટથી હિરણ્યગર્ભથી તથા અવ્યાકૃતથી ચોથા અંશરૂપે પ્રથિત થતી, નિર્દોષ નિષ્કલંક અને સર્વ નિમિત્તોથી સર્વ કાલોમાં તથા સર્વ દેશોમાં થતા પ્રકાશોથી તથા આનંદોથી અધિક ઉત્કર્ષવાળી સાક્ષીની પેઠે રહેલી કોઈ સત્તાને ધરે ત્યારે એ **તુર્યા** નામની જીવન્મુક્તની બીજી ભૂમિકા કહેવાય છે. હે સારા નિયમોવાળા અને બ્રહ્મવેત્તાઓમાં ઉત્તમ વસિષ્ઠ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુનિ ! આ તમને બીજી ભૂમિકા કહી. હવે ત્રીજી ભૂમિકા કહું છું તે સાંભળો[૧૩-૨૦] બ્રહ્માકાર અખંડ વૃત્તિ અને તે વૃત્તિથી વ્યાપ્ત, બ્રહ્મ એઓના એકીભાવનેલીધે ગ્રાહકાંશથી તથા ગ્રાહ્યાંશથી રહિત થએલી, બ્રહ્મ તથા આત્મા ઇત્યાદિ શબ્દોથી તથા તેઓના અર્થોથી અતીત, (અસંપ્રજ્ઞાત સમાધિની પ્રતિષ્ઠાથીજ ગમ્ય) છ પ્રકારના અસ્તિ, જાયતે, આદિ ભાવ વિકારોથી રહિતપણાનેલીધે કાળથી પણ સ્થિર, અજ્ઞાનથી પણ પર પોતાના સ્વરૂપથીજ નિષ્કલંક તુર્યાતીતા ઇત્યાદિ નામોવાળી હોવાથી પરમ પુરુષાર્થરૂપ, પરથી પણ પર, પરમ અવધિરૂપ, સઘળાં મંગળોમાં પ્રધાન મંગલરૂપ, મુખ્ય, અને વિચ્છેદથી રહિત જે ચૈતન્યમાં પવિત્ર સ્થિતિ થાય છે તે **તુર્યાતીતા** નામની જીવન્મુક્તિની ત્રીજી ભૂમિકા કહેવાય છે.[૨૧-૨૩] આ ત્રીજી ભૂમિકામાં અખંડ સ્થિતિ ઉપાસનાના સઘળા માર્ગોથી તથા તે તે માર્ગોથી ઊંચી પદવીઓને પામેલાઓથી પણ દૂર છે અને મેં પોતે અનુભવેલી છતાં પણ મારાથી તેનું સંપૂર્ણ વર્ણન કરી શકાતું નથી.[૨૪] હે વસિષ્ઠ મુનિ ! જાગ્રત આદિ માર્ગોથી તથા તુર્યાથી પણ અતીત આ જે પદ મેં તમારી પાસે કહ્યું તેમાંજ તમે સર્વદા રહો. એ જે પદ છે તેજ અવિનાશી દેવ છે; બીજો કોઈ દેવ અવિનાશી નથી.[૨૫] હે મુનીશ્વર ! આ સઘળા જગતનું ઉપાદાન કારણ એ પદજ છે માટે સઘળું જગત તન્મયજ છે; પણ વાસ્તવિક રીતે તે પદને ઉપાદાન કારણપણું પણ સંભવતું નથી એમ વિચારવાથી આ જગત બ્રહ્મમય નથી પણ મિથ્યા છે એમ સિદ્ધ થાય છે. જે મિથ્યા પદાર્થ હોય તે અધિષ્ઠાનથી ભિન્ન હોય એમ તો સંભવેજ નહિ.[૨૬] જગત કેવળ કલ્પિત હોવાનેલીધે અધિષ્ઠાનરૂપજ છે માટે અધિષ્ઠાનરૂપે જોઇએ તો જગતની કાંઇ સૃષ્ટિ પણ થતી નથી અને કાંઈ લય પણ થતો નથી. પરંતુ સઘળું જગત શાંત છે, સઘળા સૂક્ષ્મ પદાર્થો કરતાં પણ વધારે સૂક્ષ્મ છે અને સ્વરૂપના ખજાના જેવુંજ દેખાય છે.[૨૭] દ્વિત્વથી તથા એકત્વથી રહિતપણાનેલીધે, સ્વરૂપમાં ક્ષોભ અસંભવિત હોવાનેલીધે, અખંડ ચૈતન્યરૂપપણાનેલીધે, વિકારો વગેરેથી રહિતપણાનેલીધે અને લાંબા કાળસુધી રહેનારા આકાશ આદિ નિત્ય પદાર્થો પણ તેની પાસે અનિત્ય હોવાનેલીધે તે સ્વરૂપ સિવાય બીજું કાંઈ છેજ નહિ.[૨૮] બાલકોએ મનોરાજ્યથી કલ્પેલાં શિલાઓની અંદરનાં ઘરો કે જેઓને આપણે અસત્ માનીએ છીએ અને આ પ્રત્યક્ષ દેખાતા જગતસંબંધી પદાર્થો કે જેઓને આપણે સત્ માનીએ છીએ તેઓ પણ સર્વે વાસ્તવિક રીતે ચિદ્ઘન હોવાનેલીધે તેઓમાં જરા પણ ભેદ નથી.[૨૯] જે કાંઈ છે તે સઘળું મહા મંગલરૂપ છે, શાંત છે, વાણીના વિલાસથી અગમ્ય છે. ઓંકારની અર્ધમાત્રાની નાદબિંદુ શક્તિ તથા શાંતા નામની માત્રાઓમાં ચોથી માત્રારૂપ છે અને એજ પરમ ગતિ છે.[૩૦]

વાલ્મીકિ કહે છેઃ—સદાશિવ એ પ્રમાણે ઉપદેશ કરતાં કરતાં વસિષ્ઠની સાથે તથા પોતાના પાર્ષદોની સાથે, જેમાં કોઈ પણ શબ્દની પ્રવૃત્તિ નથી એવા અને સંસારના પારરૂપ પરમ પદમાં ચૈતન્યથી એકરસપણારૂપ પરિણામથી વિશ્રાંતવૃત્તિવાળા થઇને વસિષ્ઠના આશ્રમમાં બે ઘડીવાર તો સઘળી ચેષ્ટાઓથી રહિત જ થઇ રહ્યા. (મન પરમ પદમાં વિશ્રાંત થાય ત્યારે સઘળી ઇંદ્રિયોની ચેષ્ટાઓ કુંઠિત થઈ જાય એ સ્વાભાવિકજ છે.)[૩૧]

इत्युक्तवानमलदृक् परिणामतोऽस्मिन्पारे समुपशांतरवाभिधाने ॥ तूष्णीमतिष्ठदथ मुनिनाच सार्धं विश्रांतवृत्तिरथतत्र मुहूर्तमीशः ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'શ્રીપરમેશ્વરોપદેશ' નામનો ચોત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૩૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્ગ ૩૫ મો.*

સર્વોત્કૃષ્ટ પરમાત્માનું વર્ણન

॥ श्रीवसिष्ठ उवाच ॥

ततो मुहूर्त्तेन हरो गौरीकमलिनीसरः ॥
मद्विकासोन्मुखः स्वैरं विकासं बहिराददे ॥१॥

વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી ! એ ઘડીવાર પછી મારા ભાગ્યોદયે મને બોધ દેવામાં પ્રેરેલા પાર્વતીરૂપ કમલિનીના સરોવરરૂપ સદાશિવે સારી પેઠે પોતાનાં નેત્રો ઉઘાડયાં.[1] જેમ વાદળાંઓના અથવા પૃથ્વી તથા આકાશના સંપુટમાંથી ઉદય પામેલો કિરણોના સમૂહરૂપ સૂર્ય દિવસને જણાવે છે તેમ ત્રિપુંડ્રરૂપી વાદળાંઓની રેખાવાળા સદાશિવના મુખરૂપી આકાશમાંથી ખુલ્લા થએલા તેમના નેત્રોના સમૂહે સમાધિથી પ્રબુદ્ધપણું જણાવ્યું. પછી સદાશિવે મને નીચે પ્રમાણે કહ્યું.[2]

સદાશિવ કહે છેઃ—હે વસિષ્ઠ મુનિ ! તમે પ્રથમ વિચારને બોલાવીને પ્રમાણોથી પ્રત્યગાત્માના વાસ્તવિક સ્વરૂપનોજ તુરત નિર્ણય કરો અને એ પ્રત્યગાત્મામાં, જેમ પવન રજ આદિથી આકાશમાં મલિનતા કરી નાખે છે તેમ બહિર્મુખપણાના સંપાદનથી મલિનતાઆદિ અનર્થોને કરનારા જડભાગને લેશો નહિ.[3] જડ ભાગોની બાબતમાં જે કાંઈ જાણવું જોઇએ તે સઘળું જાણી ચૂકયા છો તો હવે ભ્રાંતિરૂપ જડ ભાગોનો વિચાર કરવાનું કશું પ્રયોજન નથી. તત્ત્વવેત્તા પુરુષને ભ્રાંતિરૂપ જડ પદાર્થોમાં લેવા જેવું કે છોડી દેવા જેવું કાંઇ નથી.[4] જડ પદાર્થોરૂપ વિકલ્પો કે જેઓ ક્ષણિક સુખ-દુઃખોની ખટપટોથી ભરેલા છે તેઓને કાપી નાખવામાં જો તમે તરવારરૂપ થશો તોજ ધીર કહેવાશો. નહિતર ધીર નહિ કહેવાશો. આમ છે એટલામાટે આસ્થા ધરીને ધીર તથા આત્મદ્રષ્ટા થાઓ.[5] દૃશ્યોના સ્પર્શવગરની ચિદાત્મસ્થિતિથીજ રહેવું એજ મુખ્ય કલ્પ છે. એ સ્થિતિથી રહેવામાં જો તમે અસમર્થ હો તો આત્માના બોધનેવાસ્તે શ્રવણાદિકમાં અનુકૂલ આવે તેટલી બાહ્ય દૃષ્ટિ રાખીને આત્માની પ્રાપ્તિનેવાસ્તે નિરંતર યત્ન કરો. આત્માની પ્રાપ્તિનેવાસ્તે મુદ્દલ યત્ન નહિ કરતાં બેશી રહેવાથી શો પુરુષાર્થ છે ? કશો નથી.[6]

વસિષ્ઠ ઋષિ કહે છેઃ—સદાશિવે એટલું ભાષણ કરી 'તમે દેહાદિક બાહ્ય પદાર્થોમાં આત્મબુદ્ધિવાળા થાઓ નહિ' એવા આશયથી મને નીચે પ્રમાણે કહ્યું.

સદાશિવ કહે છેઃ—આ દેહરૂપી ઘર પ્રાણને લીધે યંત્રની પેઠે ક્રિયા કર્યા કરે છે. જો પ્રાણથી રહિત થાય તો ચલનને છોડી દઇને મુંગાની પેઠે રહે છે. ચલનને અનુકૂલ જે ક્રિયાશક્તિ છે તે પવનની છે અને જે જ્ઞાનશક્તિ છે તે આત્મચૈતન્યજ છે.[7,8] એ જ્ઞાનશક્તિ અથવા ચિદાત્મા નિરાકાર છે, આકાશથી પણ સ્વચ્છ છે અને સર્વ જગતના કારણરૂપ છે. ક્રિયાશક્તિના મૂળરૂપ પ્રાણ અને આશ્રયરૂપ દેહ પરસ્પરથી જુદાં પડીને નષ્ટ થઈ જતાં ક્રિયાશક્તિ પણ નષ્ટ થઇ જાય છે, પરંતુ ચિદાત્મા કે જે આકાશથી પણ સ્વચ્છ છે તે તો કદી પણ નષ્ટ થતો નથી. આમ છે એટલામાટે આત્માવિના બીજાને સત્ય સમજવારૂપ ભ્રાંતિને છોડી દો.[9-10] જેમ નિર્મલતાવાળા અરીસામાં પ્રતિબિંબ સ્પષ્ટ દેખાય છે તેમ લિંગદેહથી યુક્ત થએલા સ્થૂલદેહમાં ચૈતન્ય સ્પષ્ટ દેખાય છે. મહામુનિ વસિષ્ઠ ! જેમ મેલવાળા અરીસામાં પાસે પડેલી વસ્તુ પણ દેખાતી નથી તેમ લિંગદેહ વગ-

* આ પાંત્રીશમા સર્ગમાં બ્રહ્મા, વિષ્ણુ તથા સદાશિવ આદિ દેવતાઓના પરમ પિતારૂપ જે મોટા દેવ પરમાત્મા છે તેજ પૂજ્યોમાં પરાકાષ્ઠા છે એમ કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રના સ્થૂલદેહમાં ચૈતન્ય દેખાતું નથી.[૧૧,૧૨] જો કે ચૈતન્ય સર્વવ્યાપક છે તોપણ બાહ્યાકારરૂપે પ્રફુલ્લિત થએલી બુદ્ધિની વૃત્તિરૂપ નિમિત્તથીજ દેહાદિકનું ચલન કરવામાં સમર્થ થાય છે. એ આત્મચૈતન્ય અથવા જીવચૈતન્ય બ્રહ્માકારબોધથી માયારૂપ કલંકને છોડી નિર્મલ થાય તો પોતેજ પરમ કલ્યાણ કૈવલ્યરૂપ થઇને રહેછે.[૧૩] સર્વને સ્ફુરણ તથા સત્તા આપનારૂં ચૈતન્યનું જે અભિવ્યક્ત રૂપ છે એજ પરમ દેવ કહેવાય છે. એ ચૈતન્યની વધારે વધારે અભિવ્યક્તિ ઉપરથીજ વિષ્ણુ, શિવ, હિરણ્યગર્ભ, બ્રહ્મા, ઇંદ્ર, વાયુ, અગ્નિ, ચંદ્ર, અને સૂર્ય આદિ પુરુષો ઉત્કૃષ્ટ દેવતાઓ ગણાયા છે. એ પરમાત્મા સર્વવ્યાપક છે, સઘળાં વ્યષ્ટિચૈતન્યોની ખાણરૂપ છે, દેવેશ્વર છે, દેવતાઓને પણ સત્તા વગેરે આપનાર છે, સર્વ દેવતાઓના ધ્યેય છે અને પરમધામના અધ્યક્ષ છે. એ મહાચૈતન્યની નિરતિશય અભિવ્યક્તિને પામવાથી જેઓ મિથ્યા મોહને વશ થતા નથી.[૧૪-૧૬] તેઓ જગતમાં બ્રહ્મા, વિષ્ણુ તથા શિવ ઇત્યાદિ નામોથી પ્રસિદ્ધ છે. જેમ તપાવેલા લોઢામાંથી તણખાઓ નીકળે છે અને જેમ સમુદ્રમાંથી બિંદુઓ નીકળે છે તેમ એ બ્રહ્મા, વિષ્ણુ તથા શિવ આદિ દેવતાઓ એ મહાચૈતન્યમાંથી નીકળેલ છે. આ પણ એક વ્યવહારની દૃષ્ટિથી કહેવા માત્ર છે પણ વાસ્તવિક એ છે કે જેમ રજ્જુમાં ભ્રાંતિભૂત સર્પાદિક થાય છે તેમ પરમાત્મામાં બ્રહ્મા આદિ દેવતાઓ થયા છે. ભ્રમોનાં બીજરૂપ અને અવિદ્યાસંબંધી જાળને કરનારા એ બ્રહ્માદિક દેવતાઓના હોવાથીજ વેદો, વેદોના અર્થો અને ઉપાસનાઓના ભેદો વગેરે, તે તે ઉપાયોના અધિકારી જીવો, જીવોની વાસનાઓ અને વાસનાઓથી થતા અનર્થો ઇત્યાદિરૂપ સેંકડો તથા હજારો શાખાઓવાળી પુષ્ટ અવિદ્યા વૃદ્ધિ પામી છે. પછી તો એ અંતવગરની અવિદ્યા વારંવાર એવી ફેલાએલી છે અને તેને દેશ કાલોની ગોઠવણો પણ એવી પ્રાપ્ત થએલી છે કે તે વિષયનું સંપૂર્ણ વર્ણન કરવાને કોઇ પણ સમર્થ નથી. આમ છે એટલા માટે જેમ પાંદડાંઓનો પરમ પિતા વૃક્ષજ છે તેમ બ્રહ્મા, વિષ્ણુ તથા શિવ આદિ દેવતાઓનો પરમ પિતા એ મોટા દેવ પરમાત્માજ છે. સર્વ પ્રાણીઓનાં નામ ધરાવનાર, સર્વરૂપ, સર્વને સ્ફુરણ આપનાર અને સર્વને સત્તા આપનાર એ સ્વયંપ્રકાશ દેવજ પ્રણામ કરવા યોગ્ય છે અને પૂજવા યોગ્ય છે. જે પુરુષ એ દેવને જાણે છે તે પુરુષને એ દેવ સર્વ કાલમાં તથા સર્વ દેશમાં પ્રકાશે છે અને પ્રત્યેક વસ્તુઓમાં સ્ફુરિત હોવાનેલીધે એજ વિષયરૂપ થાય છે. સર્વવ્યાપક અને સર્વદા સ્ફુર્તિરૂપ હોવાનેલીધે એ દેવનું આવાહન વગેરે કરવાની કે તેનેવાસ્તે મંત્રો ભણવા વગેરેની કશી જરૂર નથી.[૧૭-૨૪] એ સ્વયંપ્રકાશ દેવ સર્વ વસ્તુઓમાં અને સર્વકાલમાં સન્નિહિતજ છે માટે સર્વત્ર મળે એમ છે. હે વસિષ્ઠ મુનિ! જે જે વસ્તુનું અવલોકન કરવામાં આવે તે તે વસ્તુમાંથી એ દેવ મળી આવે છે. વિષયોનાં વિષયોનાં દર્શનોનાં, વિષયોનાં મનનોનાં અ વિષયોનાં સાક્ષીનાં સ્વરૂપને એ દેવજ ધરે છે એ મોટા દેવજ આદ્ય છે, પૂજ્ય છે, નમસ્કા કરવા યોગ્ય છે, સ્તુતિ કરવા યોગ્ય છે, આ આપવા યોગ્ય છે અને જે જે કોઈ મોટા મોટા જાણવાના પદાર્થો છે તેઓની પણ પરાકાષ્ઠા રૂપ છે એમ સમજો. જરાને, શોકને તથા ભ યને મટાડનારા એ દેવનું અવલોકન કરવામાં આવે તો અવલોકન કરનારા પ્રાણીને ભુંજ એલા બીજની પેઠે ફરીવાર જન્મ ધરવો પડ નથી.[૨૫-૨૭] સર્વ પ્રાણીઓમાં જાણવામાં આ વવાથી અભય દેનાર, આદ્ય, યત્નવગર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકાય એવું, જન્મરહિત અને પોતામાંજ રહેલ એ પરમાત્મારૂપ જે પરમ પદ છે તે તમેજ છો માટે બહારની દૃષ્ટિઓમાં શા માટે મુંઝાઓ છો.[૨૮]

सकलजंतुषु यत्त्वभयमदं विदितमाद्यमुपास्यमयत्नतः ॥ त्वमजमात्मगतं परमं पदं भवासि किं परिमुह्यासि दृष्टिषु ॥ २८ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'મહાદેવનું પૂજ્યસીમાંતત્ત્વકથન' એ નામનો પાંત્રીશમો સર્ગ સંપૂર્ણ.

सर्ग ३६ मो.*

ઇશ્વરસ્વરૂપ નિરૂપણ

॥ ईश्वर उवाच ॥

ततश्चिद्रूपमेवैकं सर्वसत्तांतरास्थितम् ॥
स्वानुभूतिमयं शुद्धं देवं रुद्रेश्वरं विदुः ॥ १ ॥

સદાશિવ કહે છેઃ—હે વસિષ્ઠ મુનિ ! આમ છે એટલામાટે સર્વમાં સામાન્ય સત્તારૂપે રહેલ, પોતાનાજ અનુભવરૂપ અને શુદ્ધ જે એક ચૈતન્ય છે તેજ પોતાના દર્શનમાત્રથી સંસારરૂપી રોગને ટાળે છે. પ્રકાશમય છે અને સર્વનું સ્વામિત્વ ધરાવે છે એમ બ્રહ્મવેત્તાઓએ નિશ્ચય કર્યો છે.[૧] એ જે નિર્મલ ચૈતન્યરૂપ મૂલતત્ત્વ છે તે સઘળાં કારણોનાં કારણરૂપ છે, સંસારના પરમ સારરૂપ છે, પામવાના સઘળા પદાર્થોમાં મુખ્ય છે, સઘળાં બીજોનાં બીજરૂપ છે, પોતે કારણથી રહિત છે, નિર્દોષ છે, પોતાની સત્તાથી સઘળા પદાર્થોને સત્તા આપનાર છે, મન આદિથી અગમ્ય છે, સંસારના સ્પર્શથી રહિત છે, સર્વની બુદ્ધિઓની વૃત્તિઓને પ્રકાશ આપનાર છે, જીવના પણ અંદરના સારરૂપ છે, પોતારૂપ છે, સઘળાં દૃશ્યોને અભિવ્યક્તિ આપનાર છે, દૃશ્યોના પરમ આધિષ્ઠાનરૂપ છે અને માયાથી પોતાનીજ અનેક પ્રકારે ભાવના કરનાર છે એમ સમજો.[૨-૪] એ ચૈતન્યઘન પરમાત્મા નિર્મલ છે, ચક્ષુ આદિ તથા સૂર્ય આદિ પ્રકાશકોને પણ પ્રકાશ આપનાર છે. સૂર્યાદિકથી અપ્રકાશ્ય છે, અલૌકિક છે, પ્રકાશરૂપ છે, પોતે એકજ સર્વના બીજરૂપ છે અને સર્વ બીજોમાં સમૂહરૂપે રહેલ છે, એમ બ્રહ્મવેત્તાઓ સમજે છે.[૫] જગતની સત્તાનો તથા અવ્યાકૃતની સત્તાનો બાધ થતાં જે સાક્ષીભૂત ચૈતન્ય માત્ર રહે છે તેજ છે, બીજું કાંઇ નથી એમ સમજો. એ ચૈતન્ય પૃથ્વીથી, જલથી તથા તેજથી રહિત છે, સદ્રૂપ છે, શાંત છે, અને વ્યાવહારિક તથા પ્રાતિભાસિક અવસ્થાઓથી રહિત છે.[૬] વિષયોમાં રાગરૂપ પણ એ પોતેજ થાય છે, ચિત્તને ક્ષોભાવનાર પણ પોતેજ થાય છે, વિષયોનો સંબંધ થતાં ચિત્તને તદ્રૂપ કરનાર પણ પોતેજ થાય છે, વિષયોનો વિયોગ થતાં ચિત્તને મલિન કરનાર પણ એજ થાય છે અને પોતે નિરાકાર છતાં પણ તુરત ચિત્રાદિકથી રંગાએલી ભીંત સમાન થઇ જાય છે.[૭] એ મહાચૈતન્યરૂપ વિસ્તીર્ણ તેજમાં બ્રહ્માંડોરૂપી કરોડો ઝાંઝવાનાં જળો સ્ફુરેલાં છે, સ્ફુરે છે અને સ્ફુરશે.[૮] એ સ્વયં પ્રકાશ ચૈતન્યમાં પોતાની સત્તા માત્રથી જગતરૂપી પદ થએલું છે તે છતાં પણ કાંઇ થએલું નથી. જેમ અગ્નિમાં પ્રભા, જ્વાલા તથા તણખા વગેરે થએલું છતાં પણ તે અગ્નિથી જુદું નથી તેમ મહાચૈતન્યમાં જગત થયેલું છતાં પણ તે મહાચૈતન્યથી જુદું નથી.[૯] એ મહાચૈતન્ય પોતાના ગર્ભમાં મેરૂને રાખનાર છતાં પણ પરમાણુ સમાન છે અને મેરૂને ઢાંકી દેનાર છતાં પણ પરમાણુ સમાન છે એમ બ્રહ્મવેત્તાઓ સમજે છે.[૧૦] એ મહાચૈતન્ય

---

* આ છત્રીશમા સર્ગમાં એ દેવથીજ સર્વની ઉત્પત્તિ થવાથી, એ દેવનીજ સર્વ આકારે સ્થિતિ હોવાથી અને એ દેવજ શુદ્ધ તથા સર્વથી અસંગ હોવાથી તે દેવજ સર્વેશ્વર છે એમ કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની અંદર મહાકલ્પને રાખનાર છતાં પણ નિમેષરૂપ કહેવાય છે. એ મહાચૈતન્ય બે-પરાર્ધ સુધીના કાળમાં વ્યાપ્ત છતાં પણ નિમેષ-પણાને છોડતું નથી.[11] એ મહાચૈતન્ય વાળના અગ્રથી પણ સૂક્ષ્મ છે તે છતાં પણ સઘળી પૃથ્વીમાં વ્યાપ્ત છે. સાતે સમુદ્રોથી વીંટાએલી પૃથ્વી પણ એના અંતને પામતી નથી,[12] એ પરમાત્મા સંસારની રચનાને નહિ કરતાં છતાં પણ કર્ત્તાપણાને પામેલ છે અને મોટાં મોટાં કર્મોને કરતાં છતાં પણ કશું કરતો નથી.[13] એ પરમાત્મા દ્રવ્ય છતાં પણ અદ્રવ્ય છે, અ-દ્રવ્ય છતાં પણ દ્રવ્ય છે, નિરાકાર છતાં પણ બ્રહ્માંડરૂપ છે અને બ્રહ્માંડરૂપ છતાં પણ નિરાકાર છે.[14] આખા દિવસરૂપ છતાં પણ પ્રાતઃકાળ-રૂપ છે, પ્રાતઃકાળરૂપ છતાં પણ આખા દિવસ-રૂપ છે અને વાસ્તવિક રીતે જોતાં તો પ્રાતઃ-કાળરૂપ પણ નથી, આખા દિવસરૂપ પણ નથી અને મુહૂર્ત્તરૂપ પણ નથી, મુહૂર્ત્ત, પ્રાતઃકાળ તથા આખો દિવસ ઇત્યાદિક શબ્દોનું જે અધિ-ષ્ઠાન ચૈતન્ય છે તેજ એ છે. भिंडिं भिंडिं, खिले, मत्ता पुरूपिच्छिलि, सालघम्, विवित्, चलि-त्सदा, लोकालास, गुलगुलु અને शिली ઇત્યાદિક અનર્થક વાક્યો અને વેદશાસ્ત્રાદિક સાર્થક વાક્યો પણ એજ છે. જગતમાં બ્રહ્મરૂપ નહિ એવું પણ કાંઇ નથી, અને મિથ્યારૂપ નહિ એવું પણ કાંઇ નથી.[15-17] જેમાં સર્વ રહ્યું છે, જેથી સર્વ થયું છે, જે રૂપ સર્વ છે, સર્વ સ્થલમાં જે છે અને જે સર્વદા સર્વમય છે તે સર્વાત્મક તત્ત્વને પ્રણામ કરૂં છું.[18] यत्रांतराल गहनेन० ઇત્યાદિક અનર્થક શ્લોકોનો અર્થ પણ બ્રહ્મનીજ વ્યાકરણ આદિ વિચિત્ર સત્તાથી તાણી મેલીને કલ્પી શકાય છે. આ શ્લોકનો અર્થ વૃક્ષને લાગુ પાડવો હોય તો નીચે પ્રમાણે કરી શકાય છે. " નહિ કરમા-એલાં કુંપળીઆંઓથી તથા પાંદડાંઓથી શોભી રહેલી લતાઓએ ચારેકોર પતિની પેઠે આલિ-ગન કરેલા, શાખા વગેરે ભાગોની ઘાટાઇને લીધે જેની ઉપર ચડી શકાય નહિ એવા અને નિર્મલપણાવાળા આ વૃક્ષે પુષ્પાદિકની સમૃદ્ધિ-થી વિલાસવાળી અને ચપળ વાદળાંઓની વિલ-ક્ષણ શોભાઓનો પણ તિરસ્કાર કરનારી પો-તાની શોભાથી સઘળાં વૃક્ષોમાં રહેલી લક્ષ્મી-રૂપ લતાને પોતામાંજ સમાવીને, વાળેલી મુ-ઠીની પેઠે ઘાટી કરેલી છે." એજ શ્લોકનો અર્થ વિષ્ણુને લાગુ પાડવો હોય તો નીચે પ્રમાણે કરી શકાય છે. " હું કુંપળીઆંઓથી અને પાં-દડાંઓથી નિર્મલ તથા સ્વરૂપથી પણ દીપ્તિ-વાળી વનમાળાથી શોભનારા પુરુષોમાં શ્રેષ્ઠ અને વસ્ત્રાલંકારાદિકથી નિર્મલતાવાળા વિષ્ણુ કે જે પોતાના જઠરની અંદર ચૌદ ભુવનોથી ભરેલા હોવાને લીધે ગહન છે તેમણે સૌંદર્ય આદિના વિલાસવાળી અને ચપળ વાદળાંઓની વિલક્ષણ શોભાઓનો પણ તિરસ્કાર કરનારી પોતાના શરીરની શોભાની સાથે રાખીને લ-તાની પેઠે શરીરનું આલિંગન કરીને રહેલી લક્ષ્મી નામની પોતાની સ્ત્રીને પણ વાળેલી મુઠીની પેઠે ઘાટી કરેલી છે." આ પ્રમાણેજ આ શ્લોકના બીજા પણ ઘણા અર્થો કરી શ-કાય છે.[19]

यत्रांतरालगहनेन विलासवत्या हेलाविलोल घनसर्जितयामलेन ॥ मल्लेन पल्लवदलामलमालितानां लक्ष्मीलताविरालितावलितेव मुष्टिः।

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'પરમેશ્વરવર્ણન' એ નામનો છત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૩૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सर्ग ३७ मो.*

સતના યોગથી અસત્ પદાર્થોની સત્તા તથા અનંત શક્તિઓ.

॥ ईश्वर उवाच ॥

**इत्यादिकानां शब्दानामर्थश्रीः सत्यरूपिणी ॥
तस्मिन्सर्वेश्वरे सर्वसत्तामाणिसमुद्गके ॥ १ ॥**

સદાશિવ કહે છેઃ—હે વસિષ્ઠ મુનિ ! ઉપર કહેલા શ્લોક વગેરેનું અસત્યાર્થકપણું પણ જેમાં રહેલી સત્તાથી સત્યાર્થકપણા જેવું થઇ જાય છે તે માયાશબલ અને સઘળી સત્તાઓરૂપી મણિઓના ડાબલારૂપ સર્વેશ્વર પરમ ચૈતન્યરૂપ મણિમાં નિર્મલ પ્રકાશવાળી કઈ કઈ બીજશક્તિઓ સ્ફુરતી નથી કે જેઓથી તે ચૈતન્યમાં વિચિત્ર જગતોનો આરોપ થાય છે.[૧-૨] બીજરૂપી કણની અંદર રહેલી એજ ચૈતન્યની સત્તા ખેતરમાં માટી, કાળ તથા જળ વગેરે સહકારી કારણોને પામી પોતાને પ્રથમ અંકુરરૂપ કરે છે, પછી દાણારૂપ કરે છે અને પછી માણસોથી જમાય એવાં રાંધેલાં અન્નાદિકરૂપ કરે છે.[૩] ફીણોમાં, ચકરીઓમાં તથા રૂપાંતરોમાં અનુસ્યૂત થઇને રહેલી એજ ચૈતન્યની રસરૂપ સત્તા પથરા વગેરે કઠણ પદાર્થોનો પોતાને સંબંધ થતાં જલરૂપે નીચા પ્રદેશમાં જવારૂપ ચલનને અને જીભનો સંયોગ થતાં ઉદરમાં જવારૂપ ચલનને કરે છે.[૪] પુષ્પોના ગુચ્છોમાં મકરંદ મિશ્રિત ગંધરૂપે રહેલી એજ ચૈતન્યની સત્તા નાસિકાનાં છિદ્રોમાંગતિ કરીને તેઓને પ્રફુલ્લિત કરે છે.[૫] શિલાઓમાં રહેલી એજ ચૈતન્યની સત્તા શિલાથી જુદી નહિ છતાં પણ વ્યવહારદૃષ્ટિથી જાણે જુદી હોય એવી લાગતી પ્રતિમાની દશાને ધરે છે. જેમ પર્વત અવિકૃત રહીનેજ ખડ તથા વૃક્ષ આદિ કાર્યોને ધરે છે તેમ શિલાઓમાં રહેલી એ સત્તા અવિકૃત રહીનેજ પ્રતિમા આદિ કાર્યોને ધરે છે.[૬] પવન કે જે સઘળી ક્રિયાઓના કોશરૂપ છે તે રૂપે રહેલી એજ ચૈતન્યની સત્તા જેમ પિતા પોતાના પુત્રને પોતાના કાર્યમાં પ્રવર્ત્તાવે છે તેમ ત્વચાને સ્પર્શના ગ્રહણને વાસ્તે પ્રવર્ત્તાવે છે. (આવી રીતેજ બીજી ઇંદ્રિયોના વિષયમાં પણ સમજી લેવું.)[૭] એજ ચૈતન્યની સત્તા જેમ પ્રવૃત્તિશક્તિથી પોતામાં દ્વૈતને બનાવે છે તેમજ નિવૃત્તિશક્તિથી જગતની સઘળી સત્તાઓના એકઠા પિંડરૂપ પોતાના સ્વરૂપની મોક્ષનેવાસ્તે શ્રવણાદિક ઉપાયોથી ભાવના કરી સર્વનો બાધ કરી નાખીને સર્વ દ્વૈતને અત્યંત શૂન્ય જેવું કરી નાખે છે.[૮] એજ ચૈતન્યની સત્તા આકાશરૂપી અરીસાના ઉદરમાં પોતાના પ્રતિબિંબ જેવા કાળ નામના નિર્મળ શરીરને ધરે છે કે જે શરીરમાં કલ્પ તથા નિમેષ આદિ વિભાગો કલ્પવામાં આવે છે.[૯] બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર, ઈશ્વર અને સદાશિવ એઓ એ ચૈતન્યની સત્તાથીજ સત્તાવાળા છે. આ કાર્ય આ પ્રમાણેજ થાય અને આ કાર્ય આ પ્રમાણે નજ થાય ઇત્યાદિક નિયમોરૂપે પણ એજ ચૈતન્યની સત્તા ગોઠવાએલી છે.[૧૦] જેમ દીવાના હોવાથી ઘરની સઘળી ક્રિયાઓ પ્રકાશે છે તેમ મહાપ્રકાશરૂપ એ ચૈતન્યમય સાક્ષીના હોવાથીજ જગતોની વિચિત્ર પરંપરાઓ પ્રકાશે છે.[૧૧] જાણે ગંધર્વપુરની નાટકશાળાઓ હોય એવી જાગ્રત આદિ ભૂમિકાઓમાં રહીને એજ ચૈતન્યની શક્તિ પોતાથી બનેલા સંસારને સાક્ષીની પેઠે જોયા કરે છે.[૧૨]

વસિષ્ઠ ઋષિ પૂછે છેઃ—હે જગતના નાથ ! એ પરમાત્માની શક્તિઓ કઇ કઇ છે? શી રીતે

* આ સાડત્રીશમા સર્ગમાં સતના યોગથી અસત્ પદાર્થોની સત્તાનું, પરમાત્માની અનંત શક્તિઓનું અને પ્રધાનશક્તિરૂપ નિયમશક્તિના નૃત્યનું વર્ણન કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેલી છે ? સાક્ષીપણું શી રીતનું છે ? એ શક્તિઓ કેવું આચરણ કરે છે અને તે આચરણ કેટલું છે ?[૧૩]

સદાશિવ કહે છેઃ–હે શુભ આચરણવાળા વસિષ્ઠ મુનિ ! એ પરમાત્મા કે જે અપ્રમેય છે, શાંત છે, મહામંગલરૂપ છે, સૌમ્ય ચૈતન્યમાત્રરૂપ છે અને નિરાકાર છતાં પણ સર્વરૂપ છે.[૧૪] ઇચ્છાસત્તા, આકાશસત્તા, કાલસત્તા, નિયમસત્તા, સર્વમાં અનુસ્યૂત મહાસત્તા, જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ, કર્તૃતાશક્તિ અને અકર્તૃતાશક્તિ ઇત્યાદિક તેમની શક્તિઓનો અંતજ નથી.[૧૫,૧૬]

વસિષ્ઠ ઋષિ પૂછે છેઃ–હે સદાશિવ ! એ શક્તિઓ શાથી થઇ છે ? એઓમાં બહુપણું કેમ છે ? એઓનો ઉદય કેમ થયો છે અને શક્તિઓનો તથા શક્તિઓવાળાનો ભેદ તથા અભેદ શી યુક્તિથી સંભવે છે ?[૧૭]

સદાશિવ કહે છેઃ–એ મહામંગલ તથા અનંતરૂપ ચૈતન્યમાં જે કલ્પિત ભેદો છે તેજ શક્તિઓ કહેવાય છે. જે શક્તિ છે તે ચૈતન્યનું સ્વરૂપજ છે માટે ચૈતન્યથી જરા પણ જુદી નથી.[૧૮] જેમ જલમાંજ તરંગ આદિ ભેદોની કલ્પના થાય છે તેમ ચૈતન્યમાંજ જાણનારપણું, કર્ત્તાપણું, ભોક્તાપણું, તથા સાક્ષીપણું ઇત્યાદિ શક્તિઓની કલ્પના કરવામાં આવી છે કે જે કલ્પનારૂપ શક્તિઓ અનેક રૂપોને ધરે છે.[૧૯] જેમ નચાવનારાએ અનુક્રમથી કેળવેલા નટો નૃત્યમંડપમાં નાચ્યા કરે તેમ કાળે ઋતુ માસ આદિના ક્રમથી કેળવેલાં જગતો બ્રહ્માંડમાં નાચ્યા કરે છે તે પણ કેવળ કલ્પનામાત્રજ છે.[૨૦] બે પરાર્ધરૂપ અને બે પરાર્ધોના કલ્પાદિક અનેક અવયવોરૂપ જે કાલશક્તિ છે તેનેજ અમો નિયમશક્તિ કહીએ છીએ, કે જેને બીજા વાદીઓ ઈશ્વરની ઇચ્છા, ઈશ્વરની ક્રિયા તથા ઈશ્વરનો પ્રયત્ન ઇત્યાદિ નામો આપે છે.[૨૧] એ કાલશક્તિથીજ ખડથી માંડીને મહારૂદ્રપર્યંત તથા બ્રહ્માના ચલન પર્યંત 'અમુકનો આકાર આવોજ થાય અને અમુકનો વિકાર આવોજ થાય' એવી રીતના નિયમો ગોઠવાયા છે તેથી જે કાલશક્તિ છે તેજ નિયમશકિત કહેવાય છે.[૨૨] કશા ઉદ્વેગ વગર નિરંતર ચાલી જતી એ નિયમશક્તિ જ્યાંસુધી તત્ત્વબોધથી બાધિત ન થાય ત્યાંસુધી નાચ્યા કરે છે અને જગતના જાળરૂપી નાટકનો ખેલ કર્યા કરે છે, જે ખેલ અનેક પ્રકારની તૃષ્ણાઓરૂપી વિલાસોથી ભરપૂર છે, વિવર્ત્તોરૂપી બતાવાઓથી સંયુક્ત છે, પ્રલયરૂપી વિરામના સમયમાં પુષ્કરાવર્તક નામના મેઘોરૂપી અનેક વાજાંઓની ગર્જનાવાળો થાય છે, સઘળી ઋતુઓરૂપી પુષ્પોથી ભરપૂર છે, પ્રવાહરૂપે અવિચ્છિન્ન રહેનારી બ્રહ્માંડરૂપી શાળામાં થાય છે, વારંવાર પડતા વરસાદરૂપી ઘણા પસીનાના સમૂહવાળો છે, અનેક રંગોવાળાં વાદળાંઓરૂપી છેડાઓથી ચકચકિત લાગતા આકાશરૂપી નીલ પડદાઓથી રાત્રિ તથા દિવસ વગેરેની ભ્રાંતિઓને ઉત્પન્ન કરનાર છે, પૂર્ણ તથા શુદ્ધ સાત સમુદ્રોરૂપી રત્નમય કંકણોથી વ્યાપ્ત છે, દિવસો, પહોરો તથા પખવાડીઆંઓરૂપી કટાક્ષોની છટાઓથી પ્રકાશિત છે, સમુદ્રોરૂપી કંકણોથી ઢંકાઇ જાય ત્યારે નહિ દેખવામાં આવતા અને ઢંકાયા ન હોય ત્યારે દેખવામાં આવતા કુલપર્વતોરૂપી મુગટોવાળો છે, ભમતા ચંદ્રરૂપી મણિમાં પરોવાએલી આકાશગંગાની ત્રણ ધારાઓરૂપી મોતીની ત્રણ હારોવાળો છે, દેખવામાં આવતાં અને નહિ દેખવામાં આવતાં સંધ્યાકાલનાં વાદળાંઓરૂપી ચપલ તથા કોમલ હસ્તોની લીલાઓવાળો છે, નિરંતર શબ્દ કરતા લોકોરૂપી ચપલ અલંકારોથી મનોહર લાગે છે, પાતાલ, પૃથ્વી તથા આકાશરૂપી નાચવાનાં ઘણાં સ્થલોવાળો છે, અસ્ત પામતાં અને ઉ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પામતાં અનેક મોટા મોટા તારાઓરૂપી પસીનાનાં ટીપાંઓવાળો છે, ચંદ્ર તથા સૂર્યરૂપી કુંડલોનાં ચલનોથી તથા મંદ હાસ્યોથી શોભતા આકાશરૂપી નટીના મુખવાળો છે, કલ્પાએલાં અનેક બ્રહ્માંડોરૂપી મોટા મોટા ઉલેચોવાળો છે, ચંચલ થતા અનેક લોકાંતરોરૂપી મોતીની ગુંથણીવાળા છેડાઓના શબ્દોથી સંયુક્ત છે અને સુખ-દુઃખોના દેખાવોરૂપી તથા તેઓથી થતા દોષોરૂપી સ્થાયીભાવોથી તથા સંચારી આદિ ભાવોથી સ્ફુટ જણાતા કામ, ક્રોધ આદિરૂપ રસોવાળો છે.[૨૩-૩૧] અનેક વિકારોથી ભરેલા અને નિયમશક્તિરૂપ નટીના વિલાસોવાળા આ સંસાર નામના અનાદિ મહાનાટકમાં સર્વદા પ્રકાશમાન આ પ્રત્યગાત્મારૂપ એક રાજા જોનાર છે. વાસ્તવિક જોતાં એ રાજા નટીથી કે નાટકથી ભિન્નજ નથી.[૩૨]

अस्मिन्विकारवलिते नियतेर्विलासे संसारनाम्नि चिरनाटकनाटयसारे ॥ साक्षी सदोदितवपुः परमेश्वरोयमेकः स्थितो न च तया न च तेन भिन्नः ॥ ३२ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'નિયતિકૃત્ય' એ નામનો સાડત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૩૭

સર્ગ ૩૮ મો.*

પરમાત્માનું ધ્યાન તથા પૂજાનો પ્રકાર.

॥ ईश्वर उवाच ॥

एष देवः स परमः पूज्य एष सदा सताम् ॥ चिन्मात्रमनुभूत्यात्मा सर्वगः सर्वसंश्रयः ॥१॥

સદાશિવ કહે છેઃ—હે વસિષ્ઠ મુનિ ! ચૈતન્યમાત્ર, અનુભવસ્વરૂપ, સર્વવ્યાપક અને સર્વના અધિષ્ઠાનરૂપ એ સાક્ષીદેવજ સર્વોત્કૃષ્ટ છે અને સત્પુરૂષોએ સર્વદા પૂજવા યોગ્ય છે.[૧] ઘડામાં, વસ્ત્રમાં, વડમાં, ભીંતમાં, ગાડામાં અને વાનરમાં પણ એ દેવ રહેલ છે. શિવ, રૂદ્ર, વિષ્ણુ, બ્રહ્મા, ઈંદ્ર, કુબેર અને યમ એઓ પણ એ દેવમાંજ અધ્યસ્ત છે.[૨] વિદ્વાન લોકો બહાર તથા અંદર સર્વાત્મક એ પોતાના આત્મારૂપ ભગવાનનુંજ સર્વદા વિવિધ ક્રમથી પૂજન કરે છે.[૩] હે મોટી બુદ્ધિવાળા વસિષ્ઠ મુનિ ! જે ક્રમથી એ પરમાત્માનું બહિઃપૂજન કરવામાં આવે છે તે ક્રમ પ્રથમ કહું છું તે સાંભળો. પછી તમને અંદરના પૂજનનો ક્રમ કહીશ.[૪] સઘળા પૂજના ક્રમોમાં દેહરૂપી ઘર શાસ્ત્રોક્ત સંસ્કારોથી તથા સ્નાનાદિકથી ગમે તેવું પવિત્ર હોય તો પણ યત્નપૂર્વક તેને છોડી દેવું (દેહના અભિમાનનો ત્યાગ કરવો) અને દેહના સાક્ષિભૂત જે પરમ પવિત્ર ચૈતન્ય છે તેનું ગ્રહણ કરવું.[૫] અંદર ધ્યાન કરવું એજ એનું પૂજન છે. બીજું કાંઇ પૂજન નથી. એટલા માટે ત્રૈલોક્યના અધિષ્ઠાનભૂત એ આત્માનું સર્વદા ધ્યાનથી પૂજન કરવું.[૬] લાખો સૂર્યસમાન, ચૈતન્યરૂપ, સૂર્ય આદિ સઘળાં તેજોને તથા બુદ્ધિની વૃત્તિઓને પણ પ્રકાશ આપનાર અને અહંતામાંથી શોધેલા પોતાની અંદર રહેલા પ્રકાશનો આશ્રય કરવો.[૭] અપાર આકાશરૂપી વિસ્તીર્ણ કંઠવાળા, નીચેના અનંત આકાશના કોશરૂપી ચરણકમલવાળા, અનંત દિશાઓનાં તટોરૂપી વીસ્તીર્ણ ભુજમંડલથી શોભી રહેલા, સત્યલોક આદિ અનેક લોકોરૂપી ઉત્તમ આયુધોનું દિશાઓરૂપી ભુજોથી ગ્રહણ કરીને રહેલા, જેના હૃદયરૂપી કોશના ખુણામાં અનેક બ્રહ્માંડોના સમૂહો સમાએલા છે એવા, સર્વોત્તમ, અજ્ઞાનના પારમાં રહેલા પ્રકાશરૂપ શરીરવાળા, નીચે, ઊંચે, ચારે દિશાઓમાં તથા ચારે ખુણાઓમાં અખંડ વ્યાપી રહેલા અને બ્રહ્મા, ઈંદ્ર, વિષ્ણુ,

* આ આડત્રીશમા સર્ગમાં અનંત ચૈતન્યરૂપ પરમાત્માનું ધ્યાનથી બહિઃપૂજન અને મુક્તિ આપનારૂં જ્ઞાનથી થતું મહાપુણ્ય કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂદ્ર તથા શિવ આદિ સઘળા દેવતાઓ જેની ઉપાસના કરે છે એવા એ આત્માનું ચિંતન કરવું.[૮-૧૧] આ જે ચાર પ્રકારનાં પ્રાણિઓની શોભા છે તે આત્માની રોમાવલીરૂપ છે એમ ચિંતન કરવું. ત્રૈલોક્યમાં રહેલા સઘળા પદાર્થોના ચેષ્ટનને વાસ્તે જાણે યંત્રમય રજ્જુઓ ગોઠવાએલી હોય તેમ રહેલી જે ઇચ્છા આદિ શક્તિઓ છે તે આત્માની નાડીઓ છે એમ ચિંતન કરવું. ચૈતન્યમાત્ર, અનુભવસ્વરૂપ, સર્વવ્યાપક, સર્વના આધારભૂત, અને ઘડામાં, વસ્ત્રમાં, વડમાં, ગાડામાં તથા વાનર વગેરેમાં પણ અખંડરૂપે રહેલો એ આત્મારૂપ દેવજ સર્વોત્કૃષ્ટ છે અને સજ્જનોએ સર્વદા પૂજવા યોગ્ય છે.[૧૨-૧૪] શિવ, રૂદ્ર, વિષ્ણુ, બ્રહ્મા, ઈંદ્ર, કુબેર તથા યમ એઓ એ દેવનાંજ કલ્પિત સ્વરૂપો છે. સઘળા શબ્દોના અર્થરૂપ અને સત્તામાત્ર સ્વરૂપવાળા એ દેવનો દ્વારપાલ કાળ છે, કે જે કાળ સઘળા જગતનો ફેરફાર કર્યા કરે છે. પર્વતોસહિત અનેક ભુવનોના વિસ્તારવાળું આ સઘળું બ્રહ્માંડનું મંડલ એ દેવના શરીરના કોઈ ખુણામાં એક દેશ જેવું છે, હજારો કાનવાળા, હજારો નેત્રોવાળા, હજારો મસ્તકોવાળા, શાંત, હજારો ભુજાઓથી શોભી રહેલા, સર્વ સ્થલમાં દર્શનશક્તિવાળા, સર્વ સ્થલમાં પ્રાણશક્તિવાળા, સર્વ સ્થલમાં સ્પર્શનશક્તિવાળા, સર્વ સ્થલમાં રસનાવાળા, સર્વ સ્થલમાં શ્રવણથી વ્યાપ્ત, સર્વ સ્થલમાં મનનથી વ્યાપ્ત, સર્વદા સર્વના કર્ત્તા, સર્વ લોકોના સંકલ્પિત પદાર્થોને આપનારા, સર્વ પદાર્થોની અંદર રહેલા, સર્વરૂપ, સર્વ સુખના મુખ્ય સાધનરૂપ અને તેમ છતાં પણ જેને મનની શક્તિ પહોંચતી નથી એવા સર્વવ્યાપક મહામંગલરૂપ દેવનું ચિંતન કરવું. એ પ્રમાણે ચિંતન કરીને પછી વિધિપૂર્વક તેમનું પૂજન કરવું.[૧૫-૨૧] હે બ્રહ્મવેત્તાઓમાં ઉત્તમ વસિષ્ઠ મુનિ! હવે પૂજનનો વિધિ તથા ઉપહાર કહું છું તે સાંભળો કે જે વિધિથી તથા જે ઉપહારથી એ પોતાના સ્વરૂપભૂત દેવનું મહાત્માઓ પૂજન કરે છે. એ દેવ દીવાથી, પુષ્પોથી, ધૂપથી, છત્ર, ચામર આદિ વૈભવોના અર્પણથી, અન્નદાન વગેરે દાનથી, ચંદનનાં લેપનોથી, કેસર તથા કર્પૂર આદિ વૈભવોથી કે તેવા પ્રકારનાં બીજાં સાધનોથી પૂજાતો નથી પણ સર્વદા પરિશ્રમ વગરજ મેળવી શકાય એવા, શીતલ અને અવિનાશી એક પોતાના બોધરૂપ અમૃતથીજ પૂજાય છે. પોતાની અંદર રહેલા શુદ્ધ ચૈતન્યમાત્રનું અનુસંધાન કરવું એ તો ઉપર કહેલી બાહ્યપૂજાથી પણ મુખ્ય છે. બાહ્યપૂજા તો એના અંગરૂપ છે. પોતાની અંદર રહેલા શુદ્ધ ચૈતન્યમાત્રનું અનુસંધાન કરવું એજ સર્વોત્તમ ધ્યાન છે અને એજ સર્વોત્તમ પૂજા છે. જોતાં, સાંભળતાં, સ્પર્શ કરતાં, સુંઘતાં, જમતાં, સૂતાં, શ્વાસ લેતાં, બોલતાં, છોડતાં અને ગ્રહણ કરતાં શુદ્ધ ચૈતન્યમાત્રમયજ થવું જોઇએ. અનુસંધાનરૂપી અમૃત કે જેમાં પુષ્પો લેવા વગેરેની કડાકૂટ કરવી પડતી નથી અને પરમ આનંદ મળે છે તેથી પરમેશ્વરરૂપ પોતાના આત્માનુંજ પૂજન કરવું એ સર્વોત્તમ છે. પુષ્પાદિક વિષયોનું અર્પણ કરવું એ દેવને સાક્ષાત્ અવિચ્છિન્ન સુખના અર્પણરૂપ નથી પરંતુ તેના સ્વરૂપ સુખનાંજ જરા અભિવ્યંજનરૂપ છે માટે ભૂખ્યા માણસને એક મુઠી ચોખા આપવાની પેઠે દેવને બરાબર પ્રીતિ ઉપજાવનાર નથી. પોતાની મેળેજ પ્રત્યગાત્માનું શોધનકરી તે દેવના નિરતિશય આનંદરૂપપણાની પ્રકટતા કરવારૂપ ધ્યાન (અનુસંધાન) તો દેવને સર્વોત્તમ સ્વાદરૂપ છે માટે પુષ્પાદિક નહિ પણ ધ્યાનરૂપ ઉપહાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ દેવને વાસ્તે અતિયોગ્ય છે.[૨૨-૨૮] શુદ્ધસ્વરૂપના સંવેદનરૂપ ધ્યાનજ એ દેવને વાસ્તે મુખ્ય અર્ઘ છે, મુખ્ય પાદ્ય છે અને મુખ્ય પુષ્પાદિક છે. અર્ઘ આદિ સઘળા ઉપચારો ધ્યાનથી હલકા છે.[૨૯] ધ્યાનવિના બીજા કોઇ ઉપહારથી આત્મા મળતોજ નથી, દેવ ધ્યાનરૂપ ઉપહારથી સ્વરૂપની અભિવ્યક્તિને પામે છે કે જેમાં બ્રહ્મલોક પર્યંતના સઘળા ભોગોની લક્ષ્મીનો સમાવેશ છે.[૩૦] હે વસિષ્ઠ મુનિ ! આ આત્મા જેમ ઘરમાં દેહાભિમાનવાળો થઇને વિષયસંબંધી સુખને ભોગવે છે તેમ જીવન્મુક્તસ્થિતિમાં દેહાભિમાનથી રહિત થઇને નિરતિશય સ્વરૂપાનંદને ભોગવે છે. હે ઉત્તમ બુદ્ધિવાળા વસિષ્ઠ મુનિ ! મૂઢ પુરૂષ પણ આવી રીતના ધ્યાનથી માત્ર તેર નિમેષસુધી આત્મારૂપ દેવનું પૂજન કરે તો ગાયનું દાન કરવાના ફળને પ્રાપ્ત થાય છે. આવા ધ્યાનથી માણસ એક સો નિમેષસુધી આત્માનું પૂજન કરે તો અશ્વમેધ યજ્ઞના ફળને પામે છે. અર્ધી ઘડીસુધી આવા ધ્યાનથી માણસ આત્મારૂપ પ્રભુનું પૂજન કરે તો હજાર અશ્વમેધના ફળને પામે છે. પોતે પોતાની મેળે ધ્યાનરૂપ બલિના અર્પણથી જે માણસ એક ઘડીસુધી આત્માનું પૂજન કરે તે માણસ રાજસૂયયજ્ઞના સ્વારાજ્યરૂપ ફળને પામે છે. આવા ધ્યાનથી મધ્યાહ્નસુધી પૂજન કરવામાં આવે તો લાખ રાજસૂય કર્યાનું ફળ થાય છે.[૩૧-૩૫] આખા દિવસસુધી આવા ધ્યાનથી આત્માનું પૂજન કરવામાં આવે તો માણસને પરમધામમાં નિવાસ મળે છે. મેં જે આત્માનું બાહ્યપૂજન કહ્યું એ પણ ઉત્તમ છે, પરમ યોગ છે અને પરમ ક્રિયા છે.[૩૬,૩૭] હે પ્યારા વસિષ્ઠ મુનિ ! જે માણસ ક્ષણમાત્ર પણ વિક્ષેપથી રહિત થઇને આ સઘળાં પાપોને નષ્ટ કરનારૂં આત્માનું પવિત્ર પૂજન કરશે તે માણસ અનુક્રમે સર્વ બંધનોથી છુટીને જીવન્મુક્ત થશે અને જેમ દેવતાઓનાં તથા દૈત્યોનાં યૂથો જગતમાં મને નમે છે તેમ તે જીવન્મુક્ત માણસને પણ નમશે.[૩૮]

एतत्पवित्रमखिलाघविघातहेतुं यस्त्वाचरिष्यति नरः क्षणमप्यखिन्नः ॥ तं वंदयिष्यति सुरासुरलोकपूगःप्राप्तास्पदं जगति मामिव मुक्तमात्मन् ॥ ३८ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણનો 'બાહ્યપૂજન' એ નામનો આડત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૩૮

सर्ग ३९ मो.*

અંતઃપૂજનવિધિ તથા ચિદાત્મસ્વરૂપ.

॥ ईश्वर उवाच ॥

पावनं पावनानां यद्यत्सर्वतमसां क्षयः ॥ तदिदानीं प्रवक्ष्येहमंतःपूजनमात्मानः ॥ १ ॥

સદાશિવ કહે છેઃ—હવે આત્માનું અંતઃપૂજન કે જે સઘળાં પવિત્રોથી અધિક પવિત્ર અને સઘળાં અજ્ઞાનોનો ક્ષય કરનાર છે તે કહું છું.[૧] આત્માનું સર્વદા અનુસંધાન કરવારૂપ આ અંતઃપૂજન ચાલતાં, ઉભતાં, જાગતાં, સૂતાં અને સર્વ પ્રકારના વ્યવહારોમાં પણ થાય છે.[૨] શરીરમાં રહેલ મહામંગલરૂપ આત્મા કે જે સન્નિધિમાત્રથી સઘળા દેખાવોને ઉત્પન્ન કરનાર છે તેનું પોતાથીજ ચિંતન કરવું.[૩] જે આત્મા સૂતો, ઉઠતો, ચાલતો, બેસતો, સઘળા વિષયોને ભોગવતો અને કોઇ સમયે મોટા વિષયોને છોડી દેતો પણ જણાય છે અને તે છતાં સઘળા જાગ્રત આદિના વિષયોને પોતામાં અધ્યારોપથી બનાવનાર છે, સઘળાં કાર્યોને સત્તા આપનાર છે,

* આ ઓગણચાલીશમા સર્ગમાં અંગોને તથા ઉપાંગોને જાણનારા પ્રત્યગાત્માનું પ્રાપ્ત થએલા શબ્દાદિક વિષયોથી અંતઃપૂજન કરવાનું વર્ણન કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેહરૂપ મૂર્તિઓમાં શાંત રૂપેજ રહેનાર છે, વાસ્તવિક રીતે બીજા આકારો વગેરેથી રહિત છે અને કેવલ બોધમય સ્વરૂપવાળો છે. તેનું જે જે પદાર્થો પ્રારબ્ધગતિથી પ્રાપ્ત થાય તે તે પદાર્થોમાં આત્માથી અભિન્નપણાનું ચિંતન કરીને તેથીજ પૂજન કરવું.[૪-૬] પ્રારબ્ધના પ્રવાહથી આવી પડેલા ભોગોને ભોગવતાં અને સ્વરૂપના બોધરૂપ સ્નાનથીજ શુદ્ધ રહેતાં એ બોધસ્વરૂપ આત્માનું અખંડ બોધરૂપ ઉપહારથીજ પૂજન કરવું.[૭] આત્મા કે જે સૂર્યની ભાવનાનો વિસ્તાર કરવાથી આકાશનો પ્રકાશ કરનારા સૂર્યરૂપે ઉદય પામે છે, ચંદ્રની ભાવનાનો વિસ્તાર કરવાથી આકાશનો પ્રકાશ કરનારા ચંદ્રરૂપે ઉદય પામે છે, બહારના તથા અંદરના બુદ્ધિની વૃત્તિઓના પ્રતિભાસોમાં તથા તેઓએ પ્રતિભાસિત કરેલા પદાર્થોમાં સર્વદા અનુભવરૂપે રહેલ છે, શરીરનાં દ્વારોથી પોતાના આભાસોને વિષયના પ્રદેશમાં પ્રાપ્ત કરે છે, મ્હોડામાં પ્રાણરૂપે રહેલ છે, શબ્દાદિક વિષયોને પોતાનાજ આનંદથી મધુર કરીને જાણે તેઓનો સ્વાદ લેતો હોય એવો છે, મન તથા પ્રાણરૂપી બે ઉત્તમ ઘોડાઓવાળો છે, પ્રાણ તથા અપાનરૂપી રથમાં બેઠેલો છે, ગૂઢ રીતે અંદરની ગુફામાં (બુદ્ધિમાં) રહેલ છે, જ્ઞેય પદાર્થોને જાણનાર છે, સઘળાં કર્મોનો કરનાર છે, સઘળા વિષયોને ભોગવનાર છે, સઘળા અનુભવોનું સ્મરણ કરનાર છે, સઘળાં અંગોના સમૂહને સારી પેઠે જાણનાર છે, વિષયોની ભાવનાઓ ઉપરથી તથા અભાવનાઓ ઉપરથી જણાય છે, સઘળા પ્રકાશોથી પણ અત્યંત પ્રકાશરૂપ છે અને સર્વમાં વ્યાપક છે તેનું ચિંતન કરવું.[૮-૧૨] આત્મા કે જે અપવાદની દૃષ્ટિથી જોતાં અંશોથી રહિત છે, અધ્યારોપની દૃષ્ટિથી જોતાં અંશોથી સહિત છે, દેહમાં રહેલ છે, હૃદયાકાશમાં ફર્યા કરે છે, અપવાદની દૃષ્ટિથી જોતાં વિષયોથી રંગાએલ નથી, અધ્યારોપની દૃષ્ટિથી જોતાં વિષયોથી રંગાએલ છે, સર્વદા પ્રત્યેક અંગમાં વ્યાપેલા બોધરૂપ છે, મનની મનનશક્તિમાં રહેલ છે, પ્રાણના તથા અપાનના મધ્યમાં ઉદય પામે છે, હૃદયમાં, કંઠમાં તથા તાળવાના મધ્યમાં રહેલ છે, ભ્રકુટીના તથા નાસિકાના પીઠમાં રહેલ છે, શૈવશાસ્ત્રમાં કહેલાં છત્રીશ તત્ત્વોના છેલ્લા સ્થાનમાં રહેલ છે, કાલિ, રૌદ્રી તથા કલવિકરણી આદિ શક્તિઓના વિભાગમાં મનોન્મનીના અંતની દશાને પણ અતિક્રમ કરીને રહેલ છે, અંદર શબ્દ વગેરેને કર્યા કરે છે, મનરૂપી પક્ષીને પ્રેરે છે, વ્યવહારમાં વિકલ્પોવાળા અને નિર્બીજ સમાધિમાં તથા મોક્ષમાં વિકલ્પો વગરના વાચ્ય લક્ષરૂપ બે પ્રકારના વાણીના માર્ગમાં રહેલ છે, તિલમાં તેલની પેઠે સઘળાં અંગોમાં અંદર રહેલ છે, શબ્દ આદિ તન્માત્રાઓરૂપ કલંકથી રહિત છે, સ્થૂલદેહરૂપે પરિણામ પામેલી તે તન્માત્રાઓથી સાકાર પણ છે, હૃદયકમલરૂપ એક પ્રદેશમાં તથા સઘળા દેહમાં પણ રહેલ છે, ચૈતન્યમાત્ર છે, નિર્મલ પ્રકાશવાળો છે, સઘળા અધ્યસ્ત પદાર્થોના અધિષ્ઠાનરૂપ છે, સર્વત્ર પ્રત્યક્ષ જોવામાં આવે છે, પોતાના અનુભવરૂપજ છે, પોતાનો પ્રત્યગાત્મા છે, સ્વરૂપના વિસ્મરણને લીધે ભોગોની લાલચ રાખે છે અને પોતાથી જુદા જેવા જણાતા પદાર્થોના વેષને પે તેજ પામીને તુરત જાણે પોતાના સંકે થીજ દ્વૈતને પામેલ હોય એવો છે તેનું ચિંતન કરવું. હાથ તથા પગ આદિ અવયવોસહિત અને કેશો, નખો તથા દાંતો એઓસહિત આ દેહ પણ અનુભવથી જુદો નહિ પડવાને લીધે દેહરૂપ છે એમ ચિંતન કરવું.[૧૩-૨૦] વ

ચિંતન કરવું કે " જેમ સ્ત્રીઓ સર્વદા ઉત પતિનું સેવન કરે છે તેમ મનની તથા ઇંદ્રિયોની અનેક પ્રકારના આચારોવાળી ઘણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃત્તિઓ સર્વદા મારૂં સેવન કરે છે.[૨૧] જે મન છે તે મારો દ્વારપાલ છે, કેમકે મારી પાસે ત્રૈલોક્યનું નિવેદન કરે છે. કેવલ સત્ય વસ્તુમાંજ લાગેલી હોવાથી શુદ્ધરૂપવાળી આ ચિંતા દ્વારમાં રહેનારી મારી વડારણ છે.[૨૨] જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ એઓ મારી ઉત્તમ રાણીઓ છે. જે જે વિચિત્ર પ્રકારનાં જ્ઞાનો છે તેઓ મારાં અંગોમાં પહેરેલાં ભૂષણો છે.[૨૩] જ્ઞાનેંદ્રિયો તથા કર્મેંદ્રિયો મારાં દ્વારો છે. અંતવગરના સ્વરૂપવાળો, ત્રણે પ્રકારના પરિચ્છેદોથી રહિત, ભરપૂર સ્વરૂપવાળો, પૂર્ણ અને સર્વને ભરપૂર કરનારો આ હું રહ્યો છું." આ પ્રમાણે પ્રત્યગાત્માના અલૌકિક અને સ્વચ્છ ચમત્કારનો આશ્રય કરી પુરૂષ અંદર દીનતા વગરનો અને દેવપણાથી ભરપૂર રહે છે. આવો પુરૂષ અસ્ત પામતો નથી, ઉદય પામતો નથી, રાજી થતો નથી, કોપ કરતો નથી,[૨૪-૨૬] તૃપ્તિ પામતો નથી, ભૂખ્યો થતો નથી, કશું ઇચ્છતો નથી, કશું છોડતો નથી, અંદર સમ રહે છે, બહાર પણ અત્યંત સમ આચારવાળો રહે છે, સમદૃષ્ટિવાળો રહે છે, સમઆકારવાળો રહે છે,[૨૭] અત્યંત સૌમ્યતાને પામે છે, અને સઘળી રીતે સુંદર અભિપ્રાયવાળો રહે છે. આ પુરુષ મરતાંસુધી આવા પ્રકારનોજ તથા અખંડ આત્મમતિવાળોજ રહીને અહર્નિશ લાંબું લાંબું દેવપૂજન કર્યા કરે છે. જે પ્રત્યગાત્માથી દેહ ચાલે છે તે પ્રત્યગાત્મા દેવ કહેવાય છે અને પ્રત્યગાત્માથીજ સત્તા પામેલો હોવાનેલીધે દેહ પણ દેવ કહેવાય છે. બુદ્ધિને સમ અને સર્વ વસ્તુઓમાં આત્માકાર રાખી ઇંદ્રિયોની વૃત્તિઓમાં પડેલાં પ્રતિબિંબોના બિંબભૂત એ પ્રત્યગાત્માનું પ્રારબ્ધના પ્રવાહથી જે જે વસ્તુ પ્રાપ્ત થાય તેથી પૂજન કરવું. પ્રારબ્ધના ક્રમથી પોતાની મેળે પ્રાપ્ત થએલા સર્વ ભોગોથી તેનું પૂજન કરવું. આ પૂજનમાં પુષ્પ ધૂપાદિક નવા ઉપચારોને વાસ્તે કાંઇ પણ યત્ન કરવો નહિ. વર્ણાશ્રમની પદ્ધતિથી, શાસ્ત્રને અનુસરતા વ્યવહારથી અને જેઓથી માત્ર દેહનું ધારણ થાય એવાં અન્નપાનાદિકથી એ સૌમ્ય દેવનું પૂજન કરવું.[૨૮-૩૨] સહજ પ્રાપ્ત થએલા અનેક વૈભવોથી શોભતાં ભક્ષ્યોથી, ભોજ્યોથી, અન્નપાનોથી, શયનોથી, આસનોથી અને વાહનોથી એ દેવનું પૂજન કરવું.[૩૩] આત્માને સંપૂર્ણ યથાર્થ રીતે જાણ્યા પછી સ્ત્રીઓના, અન્નપાનોના, સંભોગોના અને સામગ્રીઓ વગેરેના વિલાસવાળા સર્વ પ્રકારના સુખથી તે આત્માનું અર્ચન કરવું.[૩૪] ચિંતાઓથી તથા રોગોથી વ્યાપ્ત અને મુંઝવણોથી તથા ક્રોધ આદિના વેગથી ભરેલું સઘળા ઉપદ્રવોવાળું દુઃખ આવી પડે તો તેથી પણ આત્માનું પૂજન કરવું.[૩૫] જગતની સ્થિતિસંબંધી સઘળી ચેષ્ટાઓનાં ફળોરૂપ મરણ, જીવિત અને સ્વપ્ન આદિ જે થાય છે તેઓથી પણ આત્માનું પૂજન થાય છે એવી ભાવના રાખવી.[૩૬] પ્રારબ્ધના પ્રવાહને લીધે આવી પડેલાં રાજ્યથી, પ્રારબ્ધના પ્રવાહનેલીધે આવી પડેલાં દારિદ્રયથી અને તે તે સમયની વિચિત્ર ચેષ્ટાઓરૂપ પુષ્પોથી પણ શુદ્ધ આત્માનું પૂજન કરવું.[૩૭] અનેક પ્રકારના કજીઆઓરૂપી કલ્લોલોનાં અદ્‌ભુત ચલનોવાળા રાગના તથા દ્વેષના વિલાસથી પણ એ સૌમ્ય આત્માના પૂજનની ભાવના કરવી.[૩૮] સત્પુરુષોનાં હૃદયોને પ્રિય લાગનારી, ચંદ્ર જેવી શીતલ અને મીઠાશવાળી દૃઢ મૈત્રીથી પણ હૃદયમાં રહેલા આત્માનું પૂજન કરવું.[૩૯] સર્વદા હૃદયમાં દુષ્ટ લોકોની ઉપર ઉપેક્ષાથી, દીનલોકોની ઉપર કરૂણાથી, સદાચરણવાળા લોકોની ઉપર કરૂણાથી અને ક્રોધાદિકનો નિગ્રહ કરવાના શુદ્ધ સામર્થ્યથી પણ અવબોધપૂર્વક આત્માનું અર્ચન કરવું.[૪૦] ભોગોના સમૂહોમાંનો કોઈ એકાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભોગ કોઇ સમયે અકસ્માત પ્રાપ્ત થાય અથવા પ્રાપ્ત થઇને જતો રહે તેથી પણ આત્માના પૂજનની ભાવના કરવી.[૪૧] જે ભોગોના ઉપભોગનો શાસ્ત્રોમાં નિષેધ કર્યો છે અને જે ભોગોના ઉપભોગનો શાસ્ત્રોમાં નિષેધ કર્યો નથી તેઓના પણ સર્વદા ત્યાગથી અથવા કોઈ સમયે યોગ્ય ભોગના રાગથી પણ શુદ્ધ આત્માનું પૂજન કરવું.[૪૨] જેમાં અમુક ક્રિયાઓ કરવાની અને અમુક ક્રિયાઓ ન કરવાની અનેક ખટપટો છે એવા અયોગ્ય ધનોના ત્યાગથી અને યોગ્ય ધનોનાં ગ્રહણથી પણ આત્માના પૂજનનીજ ભાવના રાખવી.[૪૩] જે જે જતું રહે તેની નિર્વિકારપણાથી ઉપેક્ષા કરવી અને જે જે પ્રાપ્ત થાય તેનું નિર્વિકારપણાથી ગ્રહણ કરવું એજ આત્માનું પરમ પૂજન છે.[૪૪] સર્વદા સઘળી ઇષ્ટ કે અનિષ્ટ પદાર્થોની પ્રાપ્તિઓમાં અંતઃકરણની અત્યંત સમતા રાખવી એજ આત્માનું નિત્ય પૂજન છે માટે તે કરવું જોઇએ.[૪૫] ' જે કાંઇ છે તે બ્રહ્મજ છે ' એવી દૃષ્ટિથી સર્વને શુભજ માની લેવું. ' જે કાંઈ છે તે બ્રહ્મમયપણાની સાથે માયામય પણ છે ' એવી દૃષ્ટિથી સર્વને શુભપણાના તથા અશુભપણાના મિશ્રણવાળું માની લેવું. ગમે તે રીતે પણ વિષમદૃષ્ટિનો ત્યાગ કરીને સઘળું આત્માજ છે અથવા આત્માવાળું છે એવી ભાવના રાખીને આત્માના નિત્ય પૂજનનું વ્રત પાળવું.[૪૬] જે કોઈ પદાર્થ પ્રાપ્ત થતાંજ સારો લાગે એવો હોય અને જે કોઇ પદાર્થ પ્રાપ્ત થતાંજ અસહ્ય લાગે એવો હોય તે સર્વ પદાર્થને સમાન ગણીને આત્માના નિત્ય પૂજનનું વ્રત પાળવું.[૪૭] આ હું છું અને આ હું નથી એ વિભાગને છોડી દઇ જે કાંઇ છે તે સઘળું બ્રહ્મજ છે એવો નિશ્ચય રાખીને આત્માના નિત્ય પૂજનનું વ્રત કરવું.[૪૮] સર્વદા પ્રાપ્ત થતાં અને સર્વ પ્રકારના વિકારોથી ભરેલાં સર્વ નામોથી તથા સર્વ રૂપોથી સર્વાત્મક આત્માનું પૂજન કરવું.[૪૯] અનુદ્યોગને તથા ઉદ્યોગને પણ મિથ્યાત્વબુદ્ધિથી છોડી દઇને અથવા આત્મબુદ્ધિથી બન્નેનો સ્વીકાર કરીને પણ નિત્ય આત્માનું પૂજન કરવું.[૫૦] જેમ સમુદ્ર કશો રાગ-દ્વેષ નહિ રાખતાં દૈવગતિથી પ્રાપ્ત થએલી નદીઓને સ્વાભાવિક રીતે ભોગવે છે તેમ બ્રહ્મવેત્તા પુરુષે કશો રાગ-દ્વેષ નહિ રાખતાં દૈવગતિથી પ્રાપ્ત થએલી ભોગોની રચનાઓને સ્વાભાવિક રીતે ભોગવવી.[૫૧] જેમ શીત તથા દાહ આદિ વિચિત્ર પદાર્થો આવી પડતાં આકાશ કશો ઉદ્વેગ ધરતું નથી તેમ બ્રહ્મવેત્તા પુરુષે અપમાન, વધ, બંધન અને સર્વસ્વનાશ આદિ દેખાવો આવી પડતાં કશો ઉદ્વેગ ધરવો નહિ.[૫૨] દેશના, કાલના અને ક્રિયાના યોગથી જે કાંઇ શુભાશુભ પ્રાપ્ત થાય તેનું નિર્વિકારપણાથી ગ્રહણ કરીને તેથીજ આત્માનું પૂજન કરવું.[૫૩] આ આત્માના પૂજનના વિધિમાં કહેલાં દ્રવ્યો જો કે કેટલાંએક શુદ્ધ છે, કેટલાંએક અશુદ્ધ છે, કેટલાંએક રાગને ઉત્પન્ન કરનારાં છે, કેટલાંએક દ્વેષને ઉત્પન્ન કરનારાં છે, કેટલાંએક કડવાં છે, કેટલાંએક તીખાં છે, કેટલાંએક ખાટાં છે, કેટલાંએક તુરાં છે અને કેટલાંએક એઓથી પણ વિલક્ષણ છે તોપણ આત્મમય સમજવાથી વિષમતાનો નિરાસ કરવાને લીધે સમતારૂપ એકરસથીજ ભીજવી દેવામાં આવે છે માટે સઘળાં અમૃતરૂપજ લાગે છે. શુદ્ધ, અશુદ્ધ, રાગને ઉત્પન્ન કરનારાં, દ્વેષને ઉત્પન્ન કરનારાં, કડવાં, તીખાં, ખાટાં કે તુરાં વગેરે લાગતાંજ નથી. વિચિત્ર રસોવાળાં છતાં પણ આત્મમયપણાની ભાવનાને લીધે મીઠાંજ લાગે છે.[૫૪,૫૫] સમતારૂપ રસશક્તિ કે જે મધુર છે, રમ્ય છે અને અલૌકિક છે તેની જે જે દૃશ્યને ભાવના દેવામાં આવે તે તે દૃશ્ય ક્ષણમાત્રમાં અમૃતસમાન થઇ જાય છે.[૫૬] જે જે દૃશ્યનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમતારૂપ અમૃતની ભાવના દેવામાં આવે તે તે દૃશ્ય ચંદ્રથી ઝરતા અમૃતની પેઠે અત્યંત મધુરપણાને પ્રાપ્ત થાય છે.[૫૭] સર્વને બ્રહ્મમય જોવારૂપ સમતાથી પોતે આકાશસમાન નિર્લેપ રહી મનનો લય કરીને નિર્વિકારપણાથી તથા અનાયાસપણાથી રહેવું એજ મુખ્ય પૂજન કહેવાય છે.[૫૮] બ્રહ્મવેત્તા પુરુષે પુનમના ચંદ્રની પેઠે પૂર્ણ રહેવું, અત્યંત સમસ્થિતિથી રહેવું, સ્વચ્છ રહેવું, ધાટા ચૈતન્યરૂપે રહેવું અને સઘળા વિષયો જાણવામાં આવતાં છતાં પણ રાગ-દ્વેષાદિક વિકારોને નહિ પ્રાપ્ત થતાં સ્ફટિકમણિની શિલાની પેઠે નિર્મલ તથા દૃઢ રહેવું. આવી રીતે આત્માની ઉપાસના કરનારો જ્ઞાની પુરુષ અંદર આકાશની પેઠે નિર્લેપ રહે છે, બહાર વ્યવહારથી પ્રાપ્ત થએલાં કાર્યોને કર્યા કરે છે, વિષયોથી રંગાઇ જવારૂપ ઝાકળથી રહિતજ રહે છે અને પૂર્ણજ રહે છે.[૫૯,૬૦] અજ્ઞાનોરૂપી વાદળાંઓનો ક્ષય થતાં જેમાં સ્વપ્નમાં પણ રાગ-દ્વેષાદિકરૂપ વિજળીઓ જોવામાં આવતી નથી અને અહંકારઆદિરૂપ ઝાકળ શાંત થએલી હોય છે એવું બ્રહ્મવેત્તારૂપ શરદ્‌ઋતુનું આકાશ અત્યંત શોભે છે.[૬૧] પોતાના આત્મારૂપ સદાશિવને શાંત બુદ્ધિથી આનંદરૂપી અમૃતથી પૂર્ણ હોવાનેલીધે ચંદ્રસમાન, પ્રકાશના અતિશયનેલીધે સૂર્યસમાન, પ્રમાતા, પ્રમાણ તથા પ્રમેય આદિ ત્રિપુટીઓથી રહિત, તુરતના જન્મેલા બાલકના જ્ઞાનની પેઠે વિકલ્પોના વિસ્તારોથી રહિત અને ચિદાભાસના તથા ચિત્તના મૂળરૂપ જોયા કરતા તમે જીવન્મુક્તપણારૂપ સર્વોત્તમ પદમાંજ રહો. બ્રહ્મપણાથી રહેવું એજ આત્માની પરમ પૂજા છે.[૬૨] તમે શરીરના અધ્યક્ષ આત્માનું તે તે દેશના, તે તે કાલના અને તે તે ક્રિયાઓના ક્રમોથી ઉદય પામતા સુખ–દુઃખોના વિભ્રમોથી સર્વદા પૂજન કરો અને સઘળા સંકલ્પોથી રહિત થએલી બુદ્ધિથી આત્મસ્વરૂપમાંજ રહો. આવી રીતે રહેવું એજ મુખ્ય શિવપૂજન છે.[૬૩]

देशकालकरणक्रमोदितैः सर्ववस्तु सुखदुःख विभ्रमैः ॥ नित्यमर्चय शरीरनायकं तिष्ठ शांत सकलेहया धिया ॥ ६३ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'દેવાર્ચનવિધિ' એ નામનો ઓગણચાળીશમો સર્ગ સંપૂર્ણ. ૩૯

સર્ગ ૪૦ મો.*

દેવતત્વનિરૂપણ

॥ ईश्वर उवाच ॥

यथाकालं यथारंभं न करोषि करोषि यत् ॥ चिन्मात्रस्य शिवस्यांतस्तदेवार्चनमात्मनः॥१॥

સદાશિવ કહે છેઃ–હે વસિષ્ઠ મુનિ! તે તે કાલમાં તમે પોતાની શક્તિને અનુસરીને જે કાંઇ નથી કરતા અને જે કાંઈ કરો છો તે સઘળું ચૈતન્યમાત્ર અને અંદર રહેલા પરમશિવરૂપ આત્માનું પૂજનજ થાય છે એમ સમજો.[૧] આત્મા પોતે એવી રીતના પૂજનથીજ વાસ્તવિક રીતે નિરતિશય આનંદની અભિવ્યક્તિને તથા આવરણના ભંગને પ્રાપ્ત થાય છે.[૨] જેમ અગ્નિમાં અગ્નિના કણો જુદારૂપવાળા સંભવતા નથી તેમ નિર્મલ આત્મામાં રાગ તથા દ્વેષ આદિ શબ્દો અને તેઓના અર્થો આત્માથી અન્ય સંભવતા નથી.[૩] પોતાનું અથવા પરાયું જે જે કાંઈ રાજાપણાનું, દીનપણાનું કે સુખ–દુઃખાદિકનું અધ્યારોપણ થાય છે તે સઘળું આત્માનું પૂજનજ છે.[૪] આકાશ આદિરૂપ તથા જાગ્રત આદિરૂપ જગતનો જે આરોપ છે તેજ નિત્ય આત્માનું પૂજન છે. પરબ્રહ્મરૂપ પોતે આત્માજ આકાશ આદિરૂપથી

---

* આ ચાળીશમા સર્ગમાં પૂજ્ય, પૂજક તથા પૂજા આદિ વિકલ્પોથી રહિત જે ચિદાત્મા છે તેજ દેવતત્ત્વ છે એમ કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા જાગ્રતઆદિરૂપથી શણગારવામાં આવે છે.[૫] આ રીતે દ્વૈતથી રહિત, શાંત અને મહામંગલ એક આત્મરૂપ છતાં જગતની પ્રતીતિની પેઠે પ્રાપ્ત થએલું આ સઘળું દૃશ્ય આત્માના પ્રકાશથીજ પ્રકાશે છે અને આત્માની સત્તાથીજ સત્તા પામેલું છે.[૬] અહો આ કેવું આશ્ચર્ય છે. જુઓ કે પ્રત્યગાત્માજ પોતાની અંદર વિસ્મરણવાળા જેવો થઇને જીવ આદિ સ્વભાવોવાળો તથા ઘડા વગેરે જગતરૂપ થઇ રહેલ છે![૭] આવી રીતે તત્ત્વદૃષ્ટિથી આત્માનું અવલોકન કરતાં પૂજ્ય, પૂજક તથા પૂજા આદિ સઘળી ત્રિપુટી બાધિતજ થઇ જાય છે. આત્મા કે જે સર્વાત્મક છે, અંતથી રહિત છે અને પરમ શિવ છે તેની અંદર પૂજ્ય, પૂજક તથા પૂજા, એ નામનો ત્રિપુટીનો પરિચ્છેદરૂપ વિભ્રમ સંભવેજ કેમ ?[૮] જે પરિચ્છિન્ન મૂર્ત્તિ હોવાથી પૂજ્યતથા પૂજા આદિનો ક્રમ કલ્પવામાં આવે છે તે મૂર્ત્તજ પરમ શાંત આત્મામાં સંભવતી નથી.[૯] ઈશ્વરપણું કે જે નિત્ય છે, નિર્મલ છે, સઘળી શક્તિઓવાળું છે અને પરિચ્છેદથી રહિત છે તે પૂજ્ય તથા પૂજા આદિના આ પરિચ્છેદવાળા દેવમાં હોવુંજ નહિ જોઇએ.[૧૦] હે વસિષ્ઠ મુનિ ! જેનું અત્યંત સ્વચ્છ અનુભવ સ્વરૂપજ ત્રૈલોક્યરૂપે પ્રતીત થાય છે તે શુદ્ધ આત્મારૂપ પરમેશ્વર 'સાકાર છે' એમ વચનથી બોલવું પણ ઘટતું નથી.[૧૧] હે વિદ્વાન વસિષ્ઠ મુનિ ! જેઓ પરમેશ્વરને દેશ, કાલ વગેરેના પરિચ્છેદવાળો માની બેઠા છે તેઓને આપણજેવા સમજુઓએ ઉપદેશથી ખરે રસ્તે ચઢાવવા જોઇએ.[૧૨] તમે ઈશ્વરમાં પરિચ્છિન્નપણાની દૃષ્ટિને છોડી દઇ અપરિચ્છિન્નપણાની દૃષ્ટિ રાખીને સમ, સ્વચ્છ મનવાળા, શાંત, રાગથી રહિત તથા ઉપદ્રવોથી રહિત રહી, પ્રારબ્ધની ગતિનેલીધે ચારે કોરથી પોતાની મેળે આવી પડેલાં સુખ, દુઃખ, શુભ તથા અશુભરૂપ ઉપહારોથી સર્વદા આત્માનું પૂજન કરતા રહો.[૧૩,૧૪] કલંકોથી રહિત અને નિર્માનપણા વગેરે સદ્‌ગુણોવાળા તમે શોધન દ્વારા જીવને દેહથી જુદો પાડી પૂજ્ય, પૂજા આદિ પરિચ્છેદોથી રહિત મુખ્ય આત્મતત્ત્વ જાણશો એટલે પછી જેમ ચારેકોર સ્ફટિકમણિઓથી બનાવેલા અને જેના સમીપમાં બીજી કોઇ પણ વસ્તુ ન હોય એવા નવા ઘરમાં લેપ આદિ કોઇ જાતનું કલંક ન લાગે તેમ તમારામાં પણ જન્મ તથા દુઃખ આદિ કોઈ જાતનું કં પણ કલંક લાગશે નહિ.[૧૫]

अधिगतवति साधौ चैकमेवानुरूपं त्वयि त
लितजीवे जन्म दुःखादि किंचित् ॥ न लगे
परिशून्ये सर्वतः स्फाटिकांगे नवसदन इवां
निष्कलंके कलंकः ॥ १५ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'દેવતાતત્ત્વવિચાર' એ નામનો ચાળીશમો સર્ગ સંપૂર્ણ. ૪૦

સર્ગ ૪૧ મો.*

શાસ્ત્ર તથા આચાર્યાદિની સાર્થકતા

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

शिवः किमुच्यते देव परं ब्रह्म किमुच्यते ।
आत्मा किमुच्यते नाथ परमात्मा किमुच्यते ॥

વસિષ્ઠ મુનિ પૂછે છેઃ—હે મહાદેવ ! હે ત્રૈલોક્યના નાથ ! (જો આત્મારૂપ પૂજ્ય રૂપથી અને નામોથી રહિત હોય તો પછી શિવ, પરબ્રહ્મ, આત્મા, તથા પરમાત્મા ઇત્યાદિ શબ્દોથી આપ કોને કહો છો ?[૧] જો એમાં પણ શબ્દની પ્રવૃત્તિ નથી તો પછી તત્, સત્, કિંચિત્, ન કિંચિત્, શૂન્ય અને વિજ્ઞાન ઇત્યાદિ ભિન્ન ભિન્ન શબ્દોથી શું કહેવાય છે ?[૨]

* આ એકતાળીશમા સર્ગમાં શાસ્ત્ર તથા આચાર્ય વગેરેનું સફલપણું. નામોના ભેદોની કલ્પના, અધ્યારોપનો ક્રમ અને છેવટ અપવાદ કહેવામાં આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સદાશિવ કહે છેઃ—આદિથી તથા અંતથી રહિત અને દ્વૈતવગરનું કાંઇક તત્ત્વ છે તેથી सत्, શિવ, परब्रह्म તથા परमात्मा ઇત્યાદિ કલ્પિત નામોથી તેને બતાવીએ છીએ. એ તત્ત્વ ઇંદ્રિયોથી અગમ્ય હોવાનેલીધે જાણે કાંઇ ન હોય એવી રીતે રહેલ છે તેથી न किंचित् પણ કહેવાય છે.[3]

વસિષ્ઠ ઋષિ પૂછે છેઃ—હે મહાદેવ ! બુદ્ધિ આદિ સહિત ઇંદ્રિયોથી જે તત્ત્વ અગમ્ય છે તે તત્ત્વ વિદ્યમાન છતાં પણ તેને જાણવાનો કે જણાવવાનો ઉપાય નહિ હોવાથી મુમુક્ષુ પુરુષ નિઃશંક રહીને તેને જાણવાનો પ્રયત્ન શી રીતે કરી શકે અને ગુરુ તેને જણાવવાનો પ્રયત્ન પણ શી રીતે કરી શકે?[4]

સદાશિવ કહે છેઃ—જે પુરુષ મુમુક્ષુ હોય છે, તે અવિદ્યાના સાત્વિક અંશરૂપ પોતાના મનનેજ સચ્છાસ્ત્ર તથા સદ્‌ગુરુ આદિ અવિદ્યાનાજ સાત્વિક ભાગોથી સાફ કરે છે એટલે પછી પરમતત્ત્વ સ્વયંપ્રકાશ હોવાનેલીધે પોતાની મેળેજ અભિવ્યક્ત થઈ રહે છે. બુદ્ધિ આદિની વૃત્તિથી નહિ પણ આવરણનો ભંગ થતાં પોતાની મેળેજ અભિવ્યક્ત થવું એજ પરમતત્ત્વનો સાક્ષાત્કાર કહેવાય છે. જેમ યુક્તિને જાણનારો ધોબી મેલથી મેલને ધુવે છે તેમ મુમુક્ષુ પુરુષ પણ સચ્છાસ્ત્ર તથા સદ્‌ગુરુ આદિ અવિદ્યાના સાત્વિક ભાગોથી મનરૂપ અવિદ્યાના સાત્વિક ભાગને ધોયા કરતોજ રહે છે.[5,6] એમ કરતાં કરતાં કાકતાલીયની રીતિપ્રમાણે અવિદ્યાનો નિઃશેષ ઉચ્છેદ થઈ જાય છે, એટલે પછી આવરણથી રહિત થએલો આત્મા પોતાની મેળેજ પ્રકાશિત થઇ રહે છે. આત્માના સ્વભાવનો એજ નિશ્ચય છે.[7] જેમ બે અંગારાને લઇ સામસામા એક બીજાની સાથે ઘર્ષા કરતો બાલક એ બન્ને અંગારાનો તથા તેની કાળાશનો ક્ષય થતાં પોતાની મેળેજ હાથના નિર્મલપણાને પ્રાપ્ત થાય છે તેમ મુમુક્ષુ પુરુષ પણ અવિદ્યાના સાત્વિક ભાગરૂપ સચ્છાસ્ત્ર આદિથી અવિદ્યાના સાત્વિક ભાગરૂપ પોતાના મનને ઘર્ષા કરતાં પોતાની મેળેજ પરમ તત્ત્વની અભિવ્યક્તિને પ્રાપ્ત થાય છે.[8] અવિદ્યાનાજ સાત્વિક ભાગરૂપ શાસ્ત્રાદિકથી હરકોઇ રીતે આત્માનો વિચાર કરતાં અવિદ્યાના સાત્વિક અને તામસ, બન્ને ભાગોનો નાશ થઇ નિર્મલ આત્માનો ઉદય સિદ્ધ થાય છે.[9] આત્મા બુદ્ધિ આદિ ઉપાયોવડે પોતાથી પોતાને વિચારીને પોતેજ પોતાનું અવલોકન કરે છે. 'કેવલ આત્માજ છે, અવિદ્યા મુદ્દલ છેજ નહિ' એવો જે બોધ તેજ અવિદ્યાનો ક્ષય કહેવાય છે.[10] જે કાંઈ આ જગતસંબંધી વસ્તુ છે તે આત્માથી ભિન્ન નથી પણ આત્માજ છે એમ સમજો. આત્મસ્વરૂપ અને તે સ્વરૂપનું જ્ઞાન એઓ સાધનોની ગરજ વગરનાંજ છે માટે ગુરુ તથા શાસ્ત્રાદિક આત્મજ્ઞાનનાં કારણો નથી.[11] ગુરુ લિંગશરીરવાળો હોય છે અને આત્મા લિંગશરીરથી રહિત છે માટે ગુરુ આત્મજ્ઞાનના સાધનરૂપ નથી. જે વસ્તુ જેનો ક્ષય થાય ત્યારે પમાય એમ હોય, તે વસ્તુ તે હોય ત્યાંસુધી પમાતીજ નથી. સઘળી અવિદ્યાનો ક્ષય થાય ત્યારે આત્મા પમાય એમ છે માટે શાસ્ત્ર કે ગુરુ આદિ કાંઈ પણ અવિદ્યાનો ભાગ અબાધિત હોય ત્યાંસુધી આત્મા જણાતો નથી.[12] હે વસિષ્ઠ મુનિ ! જો કે આ રીતે ગુરુના ઉપદેશ આદિ ક્રમો આત્મજ્ઞાનનાં સાધનોરૂપ નથી તોપણ તેઓ, કંઠમાં પહેરેલો છતાં જે હાર ભૂલાઈ ગયો હોય તેના લાભની પેઠે આત્માનો લાભ આપનારાં છે.[13] ગુરુના ઉપદેશોનો ક્રમ પ્રવૃત્ત થતાં શિષ્ય સમજી જાય છે તેથી, આત્મા જો કે બતાવી શકાય એવો નથી અને અગમ્ય છે તોપણ પોતાની મેળે અભિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યક્ત થાય છે.[૧૪] શાસ્ત્રોના અર્થોથી કે ગુરુનાં વચનોથી આત્મા અભિવ્યક્ત થતો નથી પણ પોતાના બોધનેલીધે પોતાથીજ અભિવ્યક્ત થાય છે.[૧૫] તેમજ ગુરુના ઉપદેશોવિના અને શાસ્ત્રોના અર્થોવિના પણ આત્મા જણાતો નથી. કેમકે ગુરુના ઉપદેશના તથા શાસ્ત્રોના અર્થના સંયોગની સત્તાજ આત્મજ્ઞાનને અભિવ્યક્ત કરનારી છે.[૧૬] જેમ દિવસના સંયોગની સત્તાથી લોકોની હીલચાલ પ્રવર્ત્તે છે તેમ ગુરુ, વેદાંતશાસ્ત્રનો અર્થ અને શિષ્ય, એઓના લાંબા કાળસુધીના સંયોગની સત્તાથી આત્મજ્ઞાન પ્રવર્ત્તે છે.[૧૭] કર્મેંદ્રિયોનો, જ્ઞાનેંદ્રિયોનો, આદિનો, અંતનો તથા સુખ-દુઃખાદિકનો બાધ થાય ત્યારે અભિવ્યક્ત થનારા આત્માને શિવ, તત્, સત્ ઇત્યાદિક કલ્પિત નામો આપવામાં આવ્યાં છે.[૧૭] જેમાં આ સઘળું જગત ભિન્ન સત્તાથી નથી અને અભિન્ન સત્તાથી છે તે અધિષ્ઠાનતત્ત્વ આકાશથી પણ અધિક સ્વચ્છ છે, અંતવગરનું છે અને વ્યાવહારિક સત્થી વિલક્ષણ છે.[૧૮] બ્રહ્મમાં સંપૂર્ણ વિશ્રાંતિ નહિ મળવાનેલીધે (કાંઇક વિક્ષેપ રહેવાનેલીધે) પાતળી વિદ્યાવાળા કહેવાતા, અધિકારી શિષ્યોને મુક્ત કરવાની ઇચ્છા ધરાવનારા, જગતના અને શુદ્ધ તત્ત્વના વિચારરૂપ કલંકથી યુક્ત મનવાળા, પરમાર્થની પાસેના જીવન્મુક્તના માર્ગમાં રહેનારા અને આત્માનું ચિંતન કરનારા બ્રહ્મા, ઇંદ્ર તથા રુદ્ર આદિ લોકપાલોએ અને મહાત્મા પંડિતોએ પોતાના સેવક લોકોનેવાસ્તે, શાસ્ત્રનાં વાક્યોની તથા અર્થોની રચનાનેવાસ્તે અને વેદોના તથા વેદસંબંધી સિદ્ધાંત ગ્રંથોના સાર્થકપણાનેવાસ્તે નામો વગરના આત્મામાં ચિત્, બ્રહ્મ, શિવ, આત્મા, ઈશ, પરમાત્મા અને ઈશ્વર આદિ જુદાં જુદાં નામો કલ્પેલાં છે.[૧૯-૨૩] હે વસિષ્ઠ મુનિ! આ રીતે જે બ્રહ્મતત્ત્વ આકાશાદિકના આરોપના અધિષ્ઠાનરૂપ હોવાનેલીધે જગતરૂપ છે, ત્રણે અવસ્થાઓના આરોપના અધિષ્ઠાનરૂપ હોવાનેલીધે આત્મતત્ત્વરૂપ છે અને સર્વદા સઘળા પ્રકારોથી સઘળી વસ્તુઓના સઘળા ભાવોનો નિર્વાહ કરનાર છે તે 'તમે પોતેજ છો' એમ નિશ્ચય કરીને સુખી રહો.[૨૪] પ્રાચીન બ્રહ્મવેત્તાઓએ શિવ, આત્મા અને પરબ્રહ્મ ઇત્યાદિ શબ્દોથીજ, કેવલ ભિન્નતા રચેલી છે, પણ વાસ્તવિક રીતે સ્વરૂપમાં ભેદ નથી.[૨૫] હે મુનીશ્વર! જે પુરુષ નિરંતર આવા પ્રકારનું દેવાર્ચન કરે તે વિદ્વાન પુરુષ જે પરમપદમાં આપણ વગેરે પણ ભૃત્ય જેવા છીએ, તે પરમપદને પામે છે.[૨૬]

વસિષ્ઠ પૂછે છેઃ—હે મહારાજ! આ જીવપણું તથા જગતપણું બ્રહ્મમાં વિદ્યમાન નહિ છતાં પણ વિદ્યમાન જેવું થઇને રહ્યું છે તે શી રીતે રહ્યું છે? એ વિષય મને સંક્ષેપથી આપે કહેવો જોઇએ.[૨૭]

સદાશિવ કહે છેઃ—જે આ બ્રહ્માદિ શબ્દોનો અર્થ છે તે કેવળ નિર્વિષય શુદ્ધ અનુભવજ છે એમ સમજો. જેમ પરમાણુની પાસે મેરુ સ્થૂળ છે તેમ એ અનુભવની પાસે આકાશપણ સ્થૂળ છે.[૨૮] એ અનુભવ નિર્વિકલ્પ સમાધિમાં પ્રસિદ્ધ ચિદાનંદૈકરસરૂપ સ્વભાવમાં રહેલો છતાં પણ અને દૃશ્યોથી રહિત છતાં પણ દૃશ્યોના સંસ્કારના ઉદ્બોધનેલીધે જ્યારે દૃશ્યોની કલ્પનાને ઉન્મુખ થાય છે, ત્યારે 'ચિત્' એ નામને યોગ્ય થાય છે.[૨૯] જેમ પુરુષ સ્વપ્નમાં પુરુષપણામાંથી વનના હાથીપણાને પ્રાપ્ત થાય છે તેમ દૃશ્યોની કલ્પનાનેલીધે એ ચિત્ ક્ષણમાત્રમાં અહંતાને પ્રાપ્ત થાય છે.[૩૦] એ ચિત્ અહંતાને પ્રાપ્ત થાય છે કે તુરતજ દેશપણાને તથા કાલપણાને પામેલી શૂન્યરૂપ કલ્પનાઓ તેની સખીઓ થાય છે.[૩૧] એ સખીઓનો સમાગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પામેલી એજ ચિત્સત્તા સંસ્કારના ઉદ્બોધનનેલીધે પવનની લહેર જેવા પ્રાણરૂપ ચલનની કલ્પના કરવાથી તેવા ચલનનું ધારણ કરીને 'જીવ' એ નામવાળી થાય છે.[૩૨] આવી રીતે અજ્ઞાની સ્થિતિમાં આવેલી એ જીવશક્તિ નિશ્ચયરૂપ સંસ્કારનો ઉદ્બોધ થતાં બુદ્ધિપણાને પ્રાપ્ત થાય છે.[૩૩] પછી વાચિક, કાયિક તથા માનસિક સંસ્કારોના ઉદ્બોધથી એ અહંતાને આત્માના સ્વરૂપનું અત્યંત આચ્છાદન કરનારી શબ્દશક્તિ, ક્રિયાશક્તિ તથા જ્ઞાનશક્તિની કલ્પના ઉઠે છે અને તેથી તે અહંતા અંદર તે પ્રત્યેક શક્તિઓરૂપે સ્ફુરે છે.[૩૪] એ સઘળો વર્ગ મળી તુરત સ્મૃતિને અનુકૂલ થતાં ભૂતાત્મક મન થાય છે કે જે મન સંકલ્પરૂપ વૃક્ષના બીજરૂપ છે.[૩૫] વિદ્વાનો એ મનને આતિવાહિક દેહ કહે છે. અંદર રહેલી સાક્ષીરૂપ બ્રહ્મશક્તિથી વ્યાપ્ત થએલું એ મનજ આત્માના સ્વયંપ્રકાશપણાના બળનેલીધે પ્રમાતારૂપ થાય છે.[૩૬] આ રીતે અંદરની કલ્પનાજ બહારનાં દૃશ્યોની સત્તાની કલ્પનામાં કારણરૂપ થાય છે. એ ચિત્તમાંજ કલ્પનાથી ઉત્પન્ન થતી નીચેની શક્તિઓ (સત્તાઓ) બહાર ઉદય પામેલી નહિ છતાં પણ પાછળથી જાણે બહાર સ્થૂલરૂપે રહેલી હોય એવી પ્રતીત થાય છે.[૩૭] વાયુસત્તા, ચલનસત્તા, સ્પર્શસત્તા, ત્વચાસત્તા, તેજના પ્રકાશવાળી ચક્ષુસત્તા, રૂપસત્તા, જલસત્તા, રસનાસત્તા, રસસત્તા, ગંધસત્તા, પૃથ્વીસત્તા, બ્રહ્માંડના બે પડની સત્તા, અત્યંત મોટાપણાવાળી બ્રહ્માંડસત્તા, દેશસત્તા અને સર્વથી સંયુક્ત છતાં આકાર વગરની કાલસત્તા, એ સઘળી સત્તાઓના સમૂહનો સમાવેશ આતિવાહિક દેહના સ્વરૂપમાંજ થાય છે.[૩૮-૪૦] જેમ બીજ ઉત્તરોત્તર પરિણામથી અંકુર, કાંડ, શાખા તથા પાંદડાં વગેરે રૂપે સ્ફુરે છે તેમ આતિવાહિક દેહ કે જેનું 'પુર્યષ્ટક' એ બીજું નામ છે તે એ સઘળી સત્તાઓરૂપે સ્ફુરે છે. જે કાંઇ આ સઘળું છે તે આતિવાહિક દેહનું જ બહાર સ્ફુરણ છે એમ સમજો. હે વસિષ્ઠ મુનિ! અપરિચ્છિન્ન બોધાત્મક બ્રહ્મજ આતિવાહિક દેહના ઉપર કહેલા વિભાગોવાળું થઇને સ્ફુરે છે. બ્રહ્મસિવાય બીજું કાંઈજ નથી.[૪૧,૪૨] હે વસિષ્ઠ મુનિ! આ રીતે જે આ સઘળું જગત થયું છે તે અજ્ઞાનીની દૃષ્ટિથી કાંઈ પણ થયું નથી. અજ્ઞાન પણ નથી, આતિવાહિક દેહપણ નથી, ચિદાભાસ પણ નથી અને ચિદાભાસથી ચેતના પામેલું બીજું પણ કાંઈ નથી.[૪૩] જેમ જલાત્મક સમુદ્રના મધ્યમાં જે કાંઈ તરંગાદિક થાય છે તે જલનાજ વિલાસરૂપ હોય છે તેમ પરમાત્મામાં સ્ફુરેલું આ જગત કેવલ પરમાત્માનાજ વિવર્ત્તરૂપ છે અને કેવલ પરમાત્માની સત્તાથી સત્તાવાળું છે.[૪૪] કેમકે જે કાંઇ દૃશ્ય છે તે સઘળું અનુભવજ છે એમ સમજવાથી અનુભવરૂપ થઈ જાય છે અને અનુભવથી જુદું પાડતાં મુદ્દલ રહેતુંજ નથી.[૪૫] જો વિચાર કરીએ તો દૃશ્યોની પરમાત્માથી જુદી મનાતી સત્તા સંકલ્પના નગર જેવી થઇ જાય છે. જો જગતનું સ્વરૂપ વિચારથી જાણવામાં આવે તો બ્રહ્મરૂપજ થઈ જાય છે. 'વિચારથી જાણવામાં ન આવ્યું હોય ત્યાંસુધી જગતનું સ્વરૂપ વાસ્તવિક છે કે નહિ' એમ તો પૂછાયજ નહિ. કારણ કે જે વિચારથી જાણવામાં ન આવે તે વાસ્તવિક કેમ થઇ શકે? ચૈતન્ય પોતાની અંદર પોતાથીજ સંકલ્પને લીધે દૃશ્યપણાને પ્રાપ્ત થાય છે; કેમકે એ સૂક્ષ્મ ચૈતન્યનો એવોજ સ્વભાવ છે. પ્રથમ સંકલ્પથી કલ્પાએલા સૂક્ષ્મ દેહમાંજ લાંબા કાળના અભ્યાસથી સ્થૂલદેહપણું જોવામાં આવે છે. બ્રહ્મજ આવી રીતના સ્થૂલદેહના સંબંધનેલીધે પોતાની અંદરની સઘળી વસ્તુઓને બ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાર સ્થૂલપણાને પ્રાપ્ત થએલી દેખે છે અને બહારની રૂપ આદિ વસ્તુઓનું દર્શન થતાં સ્થૂલ દેહમાં ચક્ષુ આદિ ઇંદ્રિયોને પોતપોતાનાં ગોલકોમાં રહેલી દેખે છે.[૪૬-૪૮] પછી હાથ પગ વગેરે અવયવોવાળા તે સ્થૂલશરીરમાં પુરુષના આકારની અત્યંત ભાવનાથી તે શરીરને પુરુષાકાર દેખે છે અને પછી કાકતાલીયની રીતિપ્રમાણે વ્યવહારમાં સમર્થતા પ્રાપ્ત થએલી જોઇને તે સ્થૂલ શરીર તુષ્ટ તથા પુષ્ટ થાય છે.[૪૯] જીવતાં પણ જેની એજ સ્થિતિ છે એવો દેહ મિથ્યા છતાં પણ ગંધર્વપુરની પેઠે અને સ્વપ્નના નરની પેઠે ખડો થએલો જોવામાં આવે છે.[૫૦]

વસિષ્ઠ ઋષિ પૂછે છેઃ—આ જગત ગંધર્વનગર જેવું તથા સ્વપ્નના નર જેવું મિથ્યા છતાં દુઃખદાયી થઇ પડે છે. તો એ દુઃખના ક્ષયનેવાસ્તે શી યુક્તિ છે?[૫૧]

સદાશિવ કહે છેઃ—ઉપર ઉપરથી જગતના મિથ્યાપણાનો નિશ્ચય રાખવો એ દુઃખની નિવૃત્તિનો ઉપાય નથી પણ વાસનાના ક્ષયપર્યંત મિથ્યાપણાનો અત્યંત દૃઢ નિશ્ચયજ દુઃખની નિવૃત્તિનો ઉપાય છે. દુઃખ વાસનાનેલીધે થાય છે. પણ જે વસ્તુ વિદ્યમાન હોય તેમાં વાસના રાખવી સંભવે; જગત તો ઝાંઝવાના પાણીના તરંગની પેઠે અવિદ્યમાનજ છે, માટે તેમાં વાસના રાખવી નહિ.[૫૨] જગત મુદ્દલ છેજ નહિ માટે કોને કોણ વાસનાયુક્ત કરે એમ છે? કોને વાસના થાય એમ છે? અને શાથી વાસના થાય એમ છે? કશુંએ નથી. સ્વપ્નનો નર ઝાંઝવાના પાણીને પીએ છે એ વાત સંભવેજ કેમ?[૫૩] દ્રષ્ટાસહિત, અહંતાસહિત, મનસહિત અને મનનાદિકસહિત જગતજ મુદ્દલ છે નહિ માટે જે અનુભવમાત્ર સત્ય વસ્તુ છે તેજ કેવલ શેષ રહે છે કે જે વસ્તુમાં વાસના પણ નથી, વાસનાને ઉપજાવનાર પણ નથી, વાસનાને યોગ્યપણું પણ નથી, પરંતુ કેવલ સઘળી કલ્પનાઓરૂપી ભ્રાંતિઓના અત્યંત અસ્તવાળો કેવલીભાવજ છે.[૫૪,૫૫] જે પ્રૌઢ માણસને વ્યાવહારિક અથવા પ્રાતિભાસિક વેતાલ શૂન્યપણાથી નષ્ટજ હોય છે તેને પોતાસિવાય બીજું શું અવશેષ રહે છે.[૫૬] આ 'જગત' એ નામની ચિત્તની વાસના વેતાલની પેઠે શૂન્ય છતાંજ ઉદય પામેલી છે માટે તે વાસનાની શાંતિ થાય એટલે દુઃખની અત્યંત નિવૃત્તિજ છે.[૫૭] જે માણસ અહંતામાં, જગતમાં અને ઝાંઝવાનાં પાણીમાં સાચાપણાનો ભરોસો રાખે છે તે અભાગીઆ માણસને ધિક્કાર છે. એવો માણસ ઉપદેશને યોગ્યજ નથી.[૫૮] બ્રહ્મવેત્તાઓ વિવેકી પુરુષને ઉપદેશ આપે છે પણ આર્ય લોકોએ ઉપેક્ષિત કરેલા ઘણી ભ્રાંતિઓવાળા દેહાભિમાનીને ઉપદેશ આપતા નથી. જે પુરુષ મૂર્ખ માણસને ઉપદેશ આપે તે પુરુષ સ્વપ્નના માણસને સોના સરખા અંગવાળી પોતાની દીકરી આપનારા જેવો છે એમ સમજવું.[૫૯]

जीवं विवेकिनमिहोपदिशंतितज्ज्ञा नो बालमु
द्रुममसन्मयमार्यमुक्तम् ॥ अज्ञं प्रशास्ति कि
यः कनकावदातां स स्वप्नदृष्टपुरुषाय सुत
ददाति ॥ ५९ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'જગન્મિથ્યાત્વપ્રતિપાદન' એ નામનો એકતાલીશમો સર્ગ સંપૂર્ણ. ૪

સર્ગ ૪૨ મો.*

સૃષ્ટિ માયાકલ્પિત છે

॥ શ્રી વસિષ્ઠ ઉવાચ ॥

ततः स जीवो भगवन् दृष्टवान् देहसंभ्रमम्।
आदिसर्गे नभःसंस्थः कामवस्थामुपैतिहि ॥१

* આ બેતાલીશમા સર્ગમાં સમષ્ટિરૂપ તથા વ્યષ્ટિરૂપ સૃષ્ટિની કલ્પના માયાજ છે એવો ઉપદેશ કરીને સદાશિવ સ્વધામમાં ગયા એ કહેવામાં આવ્

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસિષ્ઠ પૂછે છેઃ—હે મહારાજ ! સૃષ્ટિના આરંભમાં ચિદાકાશમાં રહેલો અને જેણે દેહરૂપી સંભ્રમ દીઠો હોય છે એવો તે જીવ પછી શી સ્થિતિને પ્રાપ્ત થાય છે ?[1]

સદાશિવ કહે છેઃ—જેમ સ્વપ્નનો નર પોતાના શરીરને તૈયાર થએલું દેખે, તેમ ઉપર કહેલા ક્રમપ્રમાણે પરથી પણ પર ચિદાકાશમાં રહેલો જીવ પોતાનાં શરીરને તૈયાર થએલું દેખે છે.[2] ચૈતન્ય સર્વત્ર વ્યાપક હોવાનેલીધે જેમ સ્વપ્નનો નર પણ સઘળું કાર્ય કરે છે તેમ સૃષ્ટિના આરંભમાં થએલો એ હિરણ્યગર્ભ નામનો સમષ્ટિ જીવ પણ અદ્યાપિસુધી કાર્ય કર્યો જાય છે.[3] પછી એ પ્રથમ થએલો પ્રખ્યાત પુરુષ 'હું સનાતન છું, હું અવ્યક્ત છું અને હું સમષ્ટિ પુરુષ છું' એવી રીતનાં નામોને તુરત પોતામાં કલ્પી લે છે અને બહારની વસ્તુઓમાં પણ અનેક પ્રકારનાં નામો કલ્પી લે છે.[4] એજ પહેલો જીવ કોઈ સૃષ્ટિમાં સદાશિવ કહેવાય છે, કોઇ સૃષ્ટિમાં વિષ્ણુ કહેવાય છે, કોઇ સૃષ્ટિમાં વિષ્ણુની નાભિથી ઉત્પન્ન થએલો બ્રહ્મા કહેવાય છે, કોઇ સૃષ્ટિમાં કેવલ બ્રહ્મા કહેવાય છે અને કોઇ સૃષ્ટિમાં દુર્ગા આદિ બીજાં નામવાળો પણ કહેવાય છે. એ સંકલ્પમય પુરુષ સંકલ્પથીજ શરીરને પ્રાપ્ત થાય છે.[5-6] એ પહેલો સંકલ્પ પુષ્ટ થઇ મનરૂપી મૂર્તિને પ્રાપ્ત થઇને જે પદાર્થને જેવી રીતનો કલ્પે છે તે પદાર્થને તેવી રીતનોજ સારી પેઠે અનુભવે છે.[7] એનીજ કલ્પનાથી થએલું આ સઘળું દૃશ્ય વેતાલની પેઠે અસત્ છે તથા શૂન્યજ છે પણ ભ્રાંતિની દૃષ્ટિથી સત્ છે. અહંતાની અને જગતની સ્થિતિ આ પ્રમાણે છે.[8] એ આદિપુરુષ કે જે પોતે સર્જેલાનો દ્રષ્ટા થાય છે તે પોતાના સ્વરૂપનો વિચાર કરવાથી નિમેષમાત્રમાં પરમાત્મારૂપ થઇ જાય છે અને સ્વરૂપનું વિસ્મરણ પામતાં નિમેષમાત્રમાં અપાર સંસારમાં આવી પડે છે.[9] નિમેષમાત્રમાં કલ્પનાથી સઘળું કરવાને સમર્થ એ આદિપુરુષ બાહ્યમાં લાગી જવામાત્રથી મહા કલ્પોની પરંપરાનો અનુભવ કરે છે.[10] પ્રત્યેક પરમાણુમાં, સોયનાં છિદ્ર વગેરે પ્રત્યેક આકાશમાં અને પ્રત્યેક ક્ષણમાં પણ સૃષ્ટિઓના, કલ્પોના તથા મહાકલ્પોના ઉદય અસ્તો થાય છે.[11] એ જુદી જુદી અનેક સૃષ્ટિઓમાં કેટલીએક સૃષ્ટિઓ જો વાસનાઓની તુલ્યતા હોય તો જીવોને પરસ્પર જોવામાં આવે છે, કેટલીએક સૃષ્ટિઓ જો વાસનાઓ તુલ્ય ન હોય તો પરસ્પરના જોવામાં આવતી નથી પણ તે સૃષ્ટિઓનું અધિષ્ઠાન તો સઘળા જીવોને અપરોક્ષજ હોય છે.[12] જીવોની સંભાવનાઓ ઉપરથી સર્વત્ર સૃષ્ટિઓ થાય છે અને સૌ સૌની દૃષ્ટિથી સત્ય જણાય છે, પરંતુ તે સઘળી સૃષ્ટિઓ પરમાત્મારૂપ આકાશમાં આકાશરૂપ જ છે. (શૂન્ય જ છે.)[13] પોતે સત્ પણ નહિ કહી શકાતી અને અસત્ પણ નહિ કહી શકાતી એ સૃષ્ટિઓ સ્વપ્નના પર્વતોની પેઠે અદૃશ્ય પણ થઈ જાય છે. દેશની તથા કાલની કલ્પના પણ સૃષ્ટિની કલ્પનાની સાથેજ થાય છે માટે અમુક દેશમાં કે અમુક કાળમાં સૃષ્ટિ થાય છે એમ પણ નથી, સૃષ્ટિના કરનારની કલ્પના પણ સૃષ્ટિની સાથેજ છે માટે સૃષ્ટિનો કર્તા પણ કોઇ નથી,[14] એ સૃષ્ટિઓ હોય છે એમ પણ નથી. કલ્પના કરવાનું પણ કાંઈ નથી અને કલ્પના કરવાનો કાળ પણ નથી. આમ છે એટલા માટે આ જગત કાંઇ ઉત્પન્ન પણ થતું નથી અને કાંઇ નષ્ટ પણ થતું નથી,[15] પરંતુ ચૈતન્યમાંજ સંકલ્પનું રૂપ ધરીને સઘળો ચમત્કાર કરે છે એ સિદ્ધાંત છે. જેમ સ્વપ્નના નગરની રચનાનું ઊઠવું તથા બંધ પડી જવું જરાપણ દેશને કે કાલને રોકતું નથી તેમ જગતનું ઊઠવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા નષ્ટ થઇ જવું જરાપણુ દેશને કે કાલને રોકતું નથી.[૧૬] જેમ સંકલ્પનો પર્વત ઘણા દેશને તથા ઘણા કાલ વગેરેને રોકે છે એમ જણાતાં છતાં કશાને રોકતો નથી, તેમ આ મિથ્યાભૂત જગત ઘણા દેશને તથા કાલ વગેરેને રોકે છે, એમ જણાતાં છતાં પણ કશાને રોકતું નથી.[૧૭] જેમ સંકલ્પના મેરુએ દેશ કાલ વગેરે કશાને રોકેલું નહિ છતાં પણ જાણે તેણે ઘણા દેશને તથા ઘણા કાળ વગેરેને રોકેલ હોય એમ જણાય છે; તેમ આ મિથ્યાભૂત જગતે દેશ કાલ વગેરે કશાને રોકેલું નહિ છતાં પણ જાણે તેણે ઘણા દેશને તથા ઘણા કાલ વગેરેને રોકેલ હોય એમ જણાય છે.[૧૮] જેમ પુરુષ સ્વપ્નમાં ક્ષણમાત્રમાં પોતાની મેળે અન્ય થઈ જાય છે તેમ જન્માંતરમાં પણ ક્ષણમાત્રમાં કીડા વગેરે યોનિને પામી અન્ય થઇ જાય છે. સ્થાવરોની જાતિઓ તથા જંગમોની જાતિઓ કે જેઓ અંડજ આદિ ચાર ભેદથી ગણાય છે તેઓ તથા રૂદ્રથી માંડીને તૃણપર્યંત જાતિઓ પણ સંકલ્પથી ક્ષણમાત્રમાં થઈ જાય છે. હમણાં પણ વાસનાની સૂક્ષ્મતાથી કેટલાએક સર્ગો પરમાણુ જેવા છે અને વાસનાની સ્થૂલતાથી કેટલાએક સર્ગો અધિક સ્થૂલતાવાળા પણ છે.[૧૯-૨૧] ભૂત સૃષ્ટિમાં પણ એજ ક્રમ હતો અને ભવિષ્ય સૃષ્ટિમાં પણ એજ ક્રમ થશે એમ સમજો. આ સંસારરૂપ માયા એ પ્રમાણે મિથ્યાજ છે એવી ભાવનાને અભ્યાસથી દૃઢ કરવામાં આવે તો ભેદ ટળી જઇને પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે. આત્મચૈતન્ય જો નિમેષના સોમા ભાગના અર્ધ જેટલા કાળસુધી સ્વરૂપથી બહિર્મુખ થાય તો આ સંસારરૂપ દુર્દશા ઉદય પામે છે. આત્માની સ્વરૂપમાં જે સ્થિતિ તેજ બ્રહ્મપણું છે. અનુભવરૂપ આત્મચૈતન્યની શિલાના આકાશની પેઠે પોતાના સ્વરૂપમાંજ જે સ્થિતિ તેજ અનાદિ પ્રકાશનાત્મક 'બ્રહ્મ' એ શબ્દથી કહેવાય છે. અભિમાનની વૃદ્ધિથી જેમ જેમ સંસાર પ્રૌઢ થતો જાય છે તેમ તેમ મિથ્યાભૂત દિશા, દેશ અને કાળ એઓએ કરેલા પરિચ્છેદો આવી પડતાં આત્માના પ્રકાશનો હ્રાસ થાય છે અને આત્માને ક્ષુદ્રતા પ્રાપ્ત થતી જાય છે. હે વસિષ્ઠ મુનિ ! લિંગશરીરરૂપ કલ્પિત ઉપાધિનેલીધે બ્રહ્મચૈતન્ય જીવપણાને પામી દેહના તથા ઈંદ્રિય આદિના સમાગમના ક્રમથી મૃગરૂપ થઇ જાય છે, લતારૂપ થઇ જાય છે, કીડારૂપ થઇ જાય છે, દેવરૂપ થઇ જાય છે, અને અસુરાદિકરૂપ પણ થઇ જાય છે. જેમ દૃઢ દોરામાં માળા ગુંથાઇને રહે છે તેમ નિત્ય, વ્યાપક, અનંત, જગતમાં રહેલ અને જગતને બનાવનાર જે તત્ત્વમાં આ અનિર્વચનીય જગત ગુંથાઇને રહેલું છે તે તત્ત્વ દૂર પણ નથી, પાસે પણ નથી, ઊંચે પણ નથી, નીચે પણ નથી, તમારૂં પણ નથી, મારૂં પણ નથી, પહેલાં પણ નથી, આજ પણ નથી, સવારે પણ નથી, વ્યાવહારિક પણ નથી, પ્રાતિભાસિક પણ નથી અને વચમાં પણ નથી; પરંતુ દેશ, કાલ વગેરેના સઘળા પરિચ્છેદોથી રહિત છે. અંતઃકરણ આદિ સઘળા વિકલ્પો મિથ્યાજ છે તેથી સ્વપ્રકાશ ચૈતન્યવિના એ પોતાના સ્વરૂપનો અનુભવ કરનાર બીજો કોઇ પણ નથી. ઘણા ઘણા વ્યવહારોથી ભરેલી લૌકિક પ્રમાણોની પંક્તિ તો જલમાં અગ્નિની પેઠે તે સ્વરૂપમાં સ્થિતિજ પામતી નથી.[૨૨-૨૯] હે વસિષ્ઠ મુનિ ! તમારા પૂછેલા પ્રશ્નોના મેં ઉત્તરો આપ્યા. તમારૂં કલ્યાણ થાઓ. હવે અમે જ્યાં જવું છે ત્યાં જઇએ છીએ, હે પાર્વતિ ! ચાલો ઉઠો.[૩૦]

વસિષ્ઠ રામચંદ્રજીને કહે છેઃ—મહાદેવ એટલાં વચન બોલી મેં આપેલી પુષ્પાંજલિનો સ્વીકાર કરી પોતાના પરિવારની સાથે આકાશરૂપ કોતરમાં ચાલ્યા ગયા.[૩૧] એ ત્રૈલોક્યના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાથ પાર્વતીના પતિ નીલકંઠ પધારી જતાં, મેં જરાવાર રહી તેમના સ્મરણપૂર્વક શ્રદ્ધા આદિથી પવિત્ર થએલી નવીન બુદ્ધિથી પરમ શાંત થઈને આત્મારૂપ દેવના પૂજનનેજ સ્વીકાર કર્યો અને જુનું જડ દેવનું પૂજન છોડી દીધું.[૩૨]

तस्मिन्गते त्रिभुवनाधिपतावुमेशे स्थित्वा क्षणं तदनुसंस्मृतिपूर्वमेव ॥ अंगीकृतं नवपवित्र धियामयात्मदेवार्चनं शमवतैव जिहासितं तत् ॥ ३२ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'પરમાત્માભિધાન' એ નામનો બેતાલીશમો સર્ગ સંપૂર્ણ. ૪૨

સર્ગ ૪૩ મો.*

રામની કૃતાર્થતા

॥ श्रीवसिष्ठ उवाच ॥

एतदुक्तं परं तेन स्वयमेव च वेद्म्यहम् ॥
राम त्वमपि जानीषे यथेदं समवस्थितम् ॥ १ ॥

વસિષ્ઠ ઋષિ કહે છે:–હે રામચંદ્રજી ! મહાદેવજીએ એ રીતે મને તત્ત્વનો ઉપદેશ આપ્યો અને તે પ્રમાણે હું પણ સમજ્યો. આ જગત જે રીતે રહ્યું છે તે રીતે તમે પણ સમજી ચૂક્યા છો.[૧] આ સંસારરૂપ માયા કે જેમાં મિથ્યાભૂત ભ્રમની અંદર મિથ્યાભૂત ઉપાધિથી ગોઠવાએલો જીવ મિથ્યાભૂત જગતનેજ જોયા કરે છે તેમાં કોને સાચું કહેવું અને કોને ખોટું કહેવું, સઘળું ખોટુંજ છે.[૨] કોઇ પ્રબલ કલ્પનાશક્તિવાળો કવિ કોઇ રાજાને કલ્પવૃક્ષ ઠરાવે તો તે રાજા વર્ણનના ચમત્કારથી તે વખતે પોતામાં કલ્પવૃક્ષપણાનો પણ અનુભવ કરે છે, તો એ દૃષ્ટાંતથી સંસારના અનુભવનું બીજ કલ્પનાજ છે એમ સિદ્ધ થાય છે.[૩] જેમ જલમાં દ્રવપણું છે, પવનમાં ચલન છે અને આકાશમાં શૂન્યપણું છે તેમજ આત્મામાં જગતપણું છે.[૪] મહાદેવજીએ ઉપદેશ આપ્યો તે દિવસથી માંડીને આજ દિવસસુધી હું એકાગ્રપણે તેજ ક્રમથી આત્માનું પૂજન કર્યા કરૂં છું.[૫] હે રામચંદ્રજી ! હું વ્યવહારમાં લાગેલો છતાં પણ કશો ખેદ નહિ ધરતાં પૂજનની એજ પદ્ધતિથી આ દિવસોને વ્યતીત કર્યા કરૂં છું.[૬] વ્યવહારની પદ્ધતિ પ્રમાણે જે જે ક્રિયાઓ તથા જે જે આચરણો આવી પડે છે તેઓરૂપ પુષ્પોથી આત્માનું પૂજન અવિચ્છિન્ન રીતે કર્યા કરૂં છું. જો કે સુષુપ્તિમાં એવું પૂજન વિચ્છિન્ન થાય છે તોપણ સુષુપ્તિમાં રહેતી અવિદ્યાની વૃત્તિરૂપ પુષ્પથી પૂજન થાય છે તેથી મારૂં પૂજન કદીપણ વિચ્છિન્ન થતું નથી. અહર્નિશ ચાલ્યાજ કરે છે.[૭] જો કે સઘળાં પ્રાણીઓ આવી રીતનું પૂજન અવિચ્છિન્ન રીતે કર્યા કરે છે તોપણ તેઓને ફળ થતું નથી તેનું કારણ એ છે કે તેઓને તેવી સમજણ નથી, યોગીઓ તેવા પ્રકારની સમજણથી પૂજન કરે છે માટે તેઓને તે પૂજનનું ફળ થાય છે.[૮] હે રામચંદ્રજી ! તમે આવી દૃષ્ટિ રાખી આસક્તિ વગરના ચિત્તથી આ સંસારરૂપી અરણ્યમાં વિહાર કરો એટલે તમને કોઈ જાતની મુંઝવણ નહિ આવે.[૯] હે ભલા નિયમોવાળા રામ ! ધનના કે બંધુના વિયોગથી મોટું દુઃખ પ્રાપ્ત થાય ત્યારે પણ આ દૃષ્ટિનો આશ્રય કરીને વિચાર કરજો.[૧૦] ધનનો કે બંધુઓનો ઉદય કે ક્ષય થાય તેમાં સુખ કે દુઃખ ધરવાં નહિ; કેમ કે સર્વદા સંસારના સઘળા દેખાવો નશ્વરજ છે.[૧૧] વિષયોની ગતિ મનને વ્યાકુલ કરનારી છે એ તમે જાણોજ છો. વિષયો પ્રથમ આવે છે, પછી જાય છે અને ગયા પછી પોતાની વાસ-

* આ ત્રેતાલીશમા સર્ગમાં વૈરાગ્ય સહિત આત્મારૂપ શિવપૂજનવિષે સાંભળીને રામચંદ્રજીએ પોતાનું કૃતાર્થપણું અને તેવીજ સ્થિતિ કહી સંભળાવ્યાં એ કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાથી પુરુષને દુઃખિત કરી નાખે છે.[12] પ્રેમ અને ધન વિષયોની રીતેજ અતર્કિત નિમિત્તોથી પ્રાપ્ત થાય છે અને અતર્કિત નિમિત્તોથીજ જતાં રહે છે.[13] હે નિર્મલ મનવાળા રામચંદ્રજી ! જગતની તે ક્રિયાઓ તમારી નથી અને તમે તેઓના પણ નથી. આ પ્રકારનું જે કાંઈ આ જગત છે તે તુચ્છજ છે માટે વૃથા પરિતાપ શામાટે ધરો છો ?[14] હે ચૈતન્યમાત્ર વિસ્તીર્ણ સ્વરૂપવાળા ! જે કાંઇ જગત છે તે તમારોજ વિવર્ત્ત છે માટે પોતાના સ્વરૂપના વિવર્ત્તમાં હર્ષની કે શોકની શી યોગ્યતા હોય ? કશી નથી.[15] હે રામચંદ્રજી ! તમે ચૈતન્યમાત્ર સ્વરૂપવાળા છો અને જગત તમારાથી ભિન્ન નથી માટે તમને કોઈ પણ પદાર્થમાં 'આ ત્યાજ્ય છે અને આ ગ્રાહ્ય છે' એવી કલ્પના કેમ થવી ઘટે ?[16] આ રીતે જગતરૂપી ચક્રની ચંચલતા ચૈતન્યરૂપ છે અને જગત પણ ચૈતન્યરૂપ છે માટે જગતસંબંધી પદાર્થોનેવાસ્તે હર્ષનો કે શોકનો શો અવકાશ છે ? સમુદ્રના તરંગોનેવાસ્તે હર્ષનો કે શોકનો શો અવકાશ હોય.[17] તમે આજથી ચૈતન્યમાં એકાગ્ર રહી સુષુપ્તિ જેવી સ્થિતિને ધરીને તુર્યાવસ્થારૂપ (જીવન્મુક્ત) થાઓ.[18] સઘળી વિષમતાઓથી રહિત, જગતના સઘળા દેખાવોને બ્રહ્મરૂપ સમજનારા, સ્વયંપ્રકાશરૂપ, ઉદાર બુદ્ધિવાળા અને સર્વદા આત્મપૂજનમાંજ નિષ્ઠાવાળા થઇને પરિપૂર્ણ સમુદ્રની પેઠે રહો.[19] હે રામચંદ્રજી ! આ સઘળું તમે સાંભળ્યું અને તેથી તમે પૂર્ણ બુદ્ધિવાળા થયા છો. હવે જે કાંઇ બીજું પૂછવાની ઈચ્છા હોય તે પૂછો.[20] વિચારના આરંભમાં (વૈરાગ્ય પ્રકરણમાં) જે જે પ્રશ્નો તમે કર્યા હતા તે પ્રશ્નોમાંથી હવે કાંઈ પૂછવું રહ્યું હોય તો પૂછો.

રામચંદ્રજી કહે છેઃ–હે ગુરુમહારાજ ! હમણાં સંપૂર્ણ રીતે મારો સંશય ટળી ગયો છે.[21] જે કાંઇ જાણવાનું હતું તે સઘળું જણાઇ ચૂક્યું, અને સ્વાભાવિક અખંડ તૃપ્તિ પ્રાપ્ત થઇ. હે મહામુનિ ! અજ્ઞાન, દ્વિત્વ, દૃશ્ય કે કલ્પના કાંઇ છેજ નહિ.[22] તે સમયે મને જે અજ્ઞાન હતું તે હમણાં શાંત થઇ ગયું. આત્માના અજ્ઞાનનેલીધે 'આત્મામાં માયારૂપ કલંક છે' એવી જે ભ્રાંતિ તે સમયે હતી તે હવે તમારી કૃપાથી ટળી ગઈ છે. આત્મા જન્મતો નથી, મરતો નથી અને માયારૂપ કલંકવાળો પણ નથી.[23,24] આ સઘળું જગત બ્રહ્મનો વિવર્ત્ત છે અથવા બ્રહ્મજ છે એમ સમજવામાં આવવાથી મારા સઘળા પ્રશ્નો, સઘળા સંશયો અને સઘળાં વાંછિતો અત્યંત શાંત થઇ ગયાં છે.[25] જેમ ત્વષ્ટાના યંત્રમાં ભ્રમણથી સૂર્યનું બિમ્બ શુદ્ધ અને નિર્મલ થયું હતું તેમ મારું ચિત્ત શુદ્ધ અને નિર્મળ થયું છે. સાધુઓએ પ્રાપ્ત થએલા શિષ્યોને કહેલાં સઘળાં સાધનોના ઉપદેશોમાં મારે કશી આકાંક્ષા રહી નથી. જેમ મેરૂપર્વત સુવર્ણોની આકાંક્ષા વગરનો છે તેમ હું સાધનોની આકાંક્ષા વગરનો થયો છું. જે વસ્તુમાં મને આશા કે તૃષ્ણા રહે તેવી કાંઈ વસ્તુ છેજ નહિ.[26,27] સઘળા જગતમાં મારે ગ્રાહ્ય, ત્યાજ્ય કે ઉપેક્ષ્ય કાંઇ છેજ નહિ. હે મહામુનિ ! 'આ ત્યાજ્ય છે, આ ગ્રાહ્ય છે, આ સત્ છે અને આ અસત્ છે' એવી રીતની ચિંતારૂપી મોટો ભ્રમ સારી પેઠે શાંત થઇ ગયો છે. હું સ્વર્ગને ઇચ્છતો નથી, તેમ રૌરવ નામના નરકનો દ્વેષ પણ કરતો નથી, પરંતુ ભ્રમણ વગરના મંદરાચલની પેઠે સ્વરૂપમાં સ્થિર રહ્યો છું. ત્રૈલોક્યરૂપી ક્ષીરસાગરની ભ[illegible]તીને કણેકણ વીખી નાખીને આ કામરૂપી મંદરાચલ વિશ્રાંતિ પામ્યો છે કે જે લાંબા કાલસુધી ભમ્યો હતો. હે મહામુનિ ! 'આ જગત બ્રહ્મ નથી પણ જેવું દેખાય છે તેવુંજ છે' એવ[illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજણવાળા મૂઢના મનમાં દુષ્ટ સંદેહોના જાળથી અધિક સંતાપ આપનારી 'આ સાચું છે અને આ ખોટું છે' એવી કલ્પના અત્યંત વર્ત્યાજ કરે. હે ગુરુ મહારાજ ! જુવો કે એવો મૂઢ પુરુષ જગતસંબંધી ધન આદિ જે વસ્તુને-વાસ્તે કંગાલપણું પામે છે તેવી કોઇ પણ વસ્તુ તત્ત્વદૃષ્ટિથી જોતાં આપણને વિદ્યમાનજ લાગતી નથી. વિચિત્ર તથા વ્યાકુલ કલ્લોલોવાળા, જડ અને વિનાશી આ ભવસાગરમાંથી તમારી કૃપાનેલીધે તર્યા છીએ. સંપત્તિઓનો અવધિ જાણવામાં આવ્યો અને આપદાઓનો છેડો જોવામાં આવ્યો.[૨૮-૩૪] હે ગુરુ મહારાજ ! સર્વોત્તમ સારને વાસ્તે પણ હવે અમારે રાંકપણું રહ્યું નથી અને પૂર્ણ થયા છીએ. મારૂં મન આકાશરૂપી હાથીને તોડી નાખીને આ સંસારરૂપી સમુદ્રમાં બીજાઓથી ભેદી શકાય નહિ એવી પ્રબલ વીરતાને પ્રાપ્ત થયું છે.[૩૫] મારૂં મન સઘળા વિકલ્પોથી રહિત થયું છે, આશાથી નિવૃત્ત થયું છે, કૃપણતા વગરનાં દૃઢ સ્થૈર્યથી યુક્ત થયું છે, ત્રૈલોક્યમાંની સઘળી સ્વચ્છ વસ્તુઓ કરતાં પણ અધિક સ્વચ્છ થયું છે, અંદર આનંદ પામ્યું છે અને અત્યંત ઉત્તમ થયું છે.[૩૬]

परिगालितविकल्पतामुपेतं प्रगालितवांछमदीनसारसत्त्वम् ॥ त्रिजगति यदतिप्रसन्नरूपं प्रमुदितमंतरनुत्तमं मनो मे ॥ ३६ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'વિશ્રાંતિવર્ણન' એ નામનો ત્રેતાલીશમો સર્ગ સંપૂર્ણ. ૪૩

सर्ग ४४ मो.*

જ્ઞાનની દૃઢતાના ઉપાય

॥ श्रीवसिष्ठ उवाच ॥

केवलेनेंद्रियैः सार्द्धं वर्त्तमानार्थवर्त्तिना ॥ असंगमेन मनसा यत्करोषि न तत् कृतम् ॥१॥

વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી ! રાગાદિકથી રહિત ઇંદ્રિયોની સાથે વર્ત્તમાન વિષયોમાંજ વર્ત્તનારા પણ ભૂત-ભવિષ્યનું ચિંતન નહિ કરનારા અને કર્ત્તાપણાના અભિમાન વગરના મનથી જે કરો છો તે કર્યુંજ ન કહેવાય.[૧] પ્રત્યેક વસ્તુ પ્રાપ્તિના પહેલા ક્ષણમાં જેવો સંતોષ આપે છે તેવા સંતોષને પ્રાપ્તના પહેલા ક્ષણ પછી આપતી નથી; એવો અનુભવ કોને નથી થયો ?[૨] પ્રત્યેક વસ્તુ લાભના સમયમાં જેવો સંતોષ આપે છે, તેવો સંતોષ બીજા સમયમાં આપતી નથી. એટલામાટે ક્ષણિક સુખ આપનારી વસ્તુમાં મૂર્ખજ આસક્તિ બાંધે; બીજો ન બાંધે.[૩] લાભના સમયમાં સંતોષ થાય છે તેનું કારણ પણ ઇચ્છાની સમાપ્તિ થઈ એજ છે. સંતોષને છેડે અસંતોષ તો છેજ એટલામાટે વાંચ્છનાનેજ છોડીદો.[૪] કોઈ સમયે કાળના ફેરફારનેલીધે તમને કોઇ વસ્તુની ઇચ્છા ઉત્પન્ન થાય તોપણ તમારે અહંભાવરૂપી કાદવમાં ફરીવાર ડૂબવું નહિ.[૫] હે રામચંદ્રજી ! આત્મજ્ઞાનરૂપી પર્વતના શિખર ઉપર તમને વિશ્રાંતિ મળી છે તો હવે અહંભાવરૂપી મોટા ખાડામાં પાછું પડવું નહિ જોઇએ.[૬] જેને પોતાના અખંડ સ્વરૂપનું સ્મરણ પ્રાપ્ત થયું હોય અને બ્રહ્મવેત્તાપણારૂપ મેરૂપર્વતના શિખરમાં સ્થિતિ પ્રાપ્ત થઈ હોય તેને માતાના ગર્ભાશય જેવા અહંભાવરૂપી પાતાળમાં પડવું સંભવેજ નહિ.[૭] તમારો આ સમતામય અને સત્યતામય સ્વભાવ જોવામાં આવે છે તે ઉપરથી ધારૂં છું કે તમારા વિકલ્પો ક્ષીણ થઈ ગયા છે અને અવિદ્યા હણાઈ ગઇ છે.[૮] સૌમ્ય તથા પૂર્ણ સમુદ્ર જેવી તમારી નિર્મળ સમતા "રામ સ્વરૂપમાં સ્થિતિ પામ્યા છે" એમ મને જણાવે છે.[૯] તમે આસક્તિ રહિત થઇને જીવો. નિરતિશય આનંદના લાભનેલીધે તમારી આશા નિરાશપણું પામો, અને વિષ-

---

* આ ચુંવાલીશમા સર્ગમાં ઇચ્છાના ત્યાગથી માંડીને મનના ક્ષયપર્યંત, આસક્તિના ક્ષયના જે જે ઉપાયો છે તે જ્ઞાનની દૃઢતાનેમાટે કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યોની ભાવના અભાવને પ્રાપ્ત થાઓ. તમારૂં મન અમનસ્કતાને પામો.[10] તમે જે જે વસ્તુઓને દેખો તે તે વસ્તુઓમાં પરિપૂર્ણ ચૈતન્યઘન પરબ્રહ્મ સત્તાસામાન્યરૂપથી રહેલું છે એમ સમજો.[11] જો તમને સ્વરૂપનું અજ્ઞાન હોય તો બંધાયા છો અને જ્ઞાન પ્રાપ્ત થયું હોય તો બંધાયા નથી. એટલામાટે મનનાદિની દૃઢતાથી તમે પોતાથી પોતાના આત્માને જાણો.[12] ભોગનું સુખ પ્રિય ન લાગે અને પ્રારબ્ધથી પ્રાપ્ત થએલું દુઃખ પણ પ્રિય લાગે એવી આકાશના જેવી કોમળ જે સમતા તેજ વાસના રહિતપણું છે એમ સમજો.[13] અંદર વાસના વગરની ઇંદ્રિયોથી ક્રિયાઓ કર્યા કરશો તો સેંકડો ક્ષોભો પ્રાપ્ત થયા છતાં પણ આકાશની પેઠે વિક્રિયાને પ્રાપ્ત થશો નહિ.[14] જ્ઞાતા, જ્ઞાન તથા જ્ઞેય ઇત્યાદિ ત્રિપુટીઓને તથા દુઃખને પણ આત્માની સાથે એક કરી દઇને શાંતપણાથી અનુભવશો તો તમને ફરીવાર સંસારનો ફેરો થશે નહિ.[15] સંસારનો ઉદય ચિત્તના ચલનથી છે અને સંસારનો પ્રલય ચિત્તના અચલનથી છે, એટલામાટે વાસના તથા પ્રાણનો રોધ કરીને મનને ચલન વગરનું કરી નાખો.[16] સંસારનો ઉદય પ્રાણના ચલનથી છે અને સંસારનો પ્રલય પ્રાણના અચલનથી છે એટલામાટે પ્રાણને અભ્યાસથી અને પ્રયોગથી ચલન રહિત કરો.[17] કર્મોનો ઉદય મૂર્ખતાના આવિર્ભાવથી છે અને કર્મોનો પ્રલય મૂર્ખતાના તિરોભાવથી છે. એટલામાટે બલાત્કાર કરી ગુરુથી, શાસ્ત્રાર્થથી તથા સંયમથી મૂર્ખતાને લીન કરો.[18] જેમ આકાશમાં વાયુના અને રજના ચલનથી મલિનતા ઉઠે છે તેમ ચૈતન્યમાં ચિત્તરૂપ ચલનથી આ અનર્થરૂપ જગત ઉઠેલું છે.[19] જેમ અનેક છિદ્રોમાં પેઠેલા સૂર્યના પ્રકાશના અને ભીંતના સંબંધથી વિચિત્ર વર્ણોની પ્રતીતિ થાય છે, તેમ દૃશ્યોના અને મનના સંબંધથી આ જગતની પ્રતીતિ થાય છે.[20] વિષયોનો અને મનનો સંબંધ ન થાય તો જેમ આલેખેલા પુરુષોને જગતની પ્રતીતિ થતી નથી તેમ જીવતા પુરુષોને પણ જગતની પ્રતીતિ થતી નથી.[21] જેમ જળના ચલનથી ઉઠેલી લહરી જળના ચલનનો અભાવ થાય તો નષ્ટ થાય છે તેમ ચિત્તના ચલનથી ઉઠેલી માયા ચિત્તના ચલનનો અભાવ થાય તો નષ્ટ થઇ જાય છે.[22] વાસનાના ત્યાગથી, બોધથી, અથવા પ્રાણના રોધનથી ચિત્ત ચલન વગરનું થઇ જાય તો પછી સંસારનો સંભવ કેમજ રહે.[23] વાસનાના નિરોધથી અથવા પ્રાણના નિરોધથી ચિત્ત અચિત્તપણાને પ્રાપ્ત થાય છે અને ચિત્તનું જે અચિત્તપણું તેજ પરમ પદ છે.[24] વિષયોનો તથા ઇંદ્રિયોનો સંબંધ થતાં જે સુખ પ્રાપ્ત થાય છે, તે વાસ્તવિક રીતે જોતાં બ્રહ્મસુખજ છે. એવા પૂર્ણ જ્ઞાનરૂપ બ્રહ્મદૃષ્ટિથી મનનો ક્ષય સિદ્ધ થાય છે.[25] જેમ ચિત્તનો ઉદય થતો નથી એવું અકૃત્રિમ બ્રહ્મસુખ જેમ નિર્જળ દેશમાં સરોવર મળવું સંભવતું નથી તેમ સ્વર્ગાદિકમાં પણ મળવું સંભવતું નથી.[26] ક્ષયથી તથા અતિશયથી રહિત જે બ્રહ્માનંદરૂપી અપાર સુખ ચિત્તના ઉપશમથી પ્રાપ્ત થાય છે, તેનું વાણીથી વર્ણન કરી શકાય એમ નથી. એ સુખ ઉદય પણ પામતું નથી અને અસ્ત પણ પામતું નથી.[27] બોધથી ચિત્તનો નાશ થાય છે અને ભ્રાંતિથી ચિત્ત હોવાની પ્રતીતિ થાય છે. જેમ બાળકની આગળ કલ્પનામાત્રથી વેતાલ ખડો થાય છે તેમ દુર્બોધથીજ આપણી આગળ આ સંસારમોહ ખડો થયો છે.[28] જેમ ત્રાંબું વિદ્યમાન છતાં પણ સુવર્ણનો પટ દેવાથી અવિદ્યમાન જેવું થઈ જાય છે, તેમ જ્ઞાનિઓનું ચિત્ત વિદ્યમાન છતાં પણ બોધરૂપ પટનેલીધે અવિદ્યમાન જેવું થઈ જાય છે.[29] જ્ઞાનીનું જે ચિત્ત તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

કહેવાતું નથી પણ સત્વ કહેવાય છે. જેમ ત્રાંબું સોનાના પટનેલીધે બીજા નામવાળું તથા બીજી સ્થિતિવાળું થઇ જાય છે તેમ ચિત્ત બોધનેલીધે બીજા નામવાળું તથા બીજી સ્થિતિવાળું થઇ જાય છે.[30] ચિત્તનું જે ભ્રાંતિના બીજપણું છે તે ન રહે એટલે ચિત્તનો લય થયો સમજવો. જે પદાર્થ હોય તેનો નિઃશેષ નાશ થવો સંભવતોજ નથી એટલામાટે બોધથી ચિત્તનું ભ્રાંતિઓથી રહિતપણું થાય એજ ચિત્તનો નાશ છે.[31] વિકલ્પાત્મક ચિત્ત આદિ પદાર્થો સસલાના શીંગડાની પેઠે અવસ્તુજ છે. ચિત્ત આદિ સઘળા પદાર્થો આત્માનોજ વિવર્ત્ત છે માટે આત્માના બોધથી લીન થઈ જાય છે.[32] સત્વપણાને પામેલું ચિત્ત જગતની સ્થિતિમાં કેટલાક કાળસુધી તુરીયાવસ્થામાં વિહાર કરીને પછી તુરીયાતીત થઇ જાય છે.[33] હે રામચંદ્રજી! જે અખંડ અને ભરપૂર બ્રહ્મ છે તેજ અનેક ભુવનોરૂપી ભ્રાંતિઓના સમૂહરૂપે પ્રતીત થાય છે. બ્રહ્મ એક છતાં પણ સર્વાત્મપણાથી અનેકરૂપે પ્રતીત થાય છે. માટે બ્રહ્મવિના બીજું કાંઇ હોવું સંભવતુંજ નથી. જેમ હૃદયમાં મનોરથથી કલ્પાએલાં નગરો વગેરેનો સન્નિવેશ હૃદયમાં તેના સમાવેશનો અસંભવ હોવાનેલીધે વાસ્તવિક રીતે છેજ નહિ તેમ આ જગત અચ્છિદ્ર અને ચિદ્ઘન બ્રહ્મમાં પોતાના સમાવેશનો અસંભવ હોવાનેલીધે મુદ્દલ છેજ નહિ.[34]

ब्रह्मैव भूरिसुवनभ्रमविभ्रमौघैरित्थं स्थितं सममनेकतयैकमेव ॥ सर्वात्मसंभवति नेतरदंग किंचिच्चित्तादिकं च न हृदीवहिसन्निवेशः॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'ચિત્તસત્તાસૂચન' એ નામનો ચુંવાલીશમો સર્ગ સંપૂર્ણ. ૪૪

સર્ગ ૪૫ મો.*

પરબ્રહ્મનું બીલારૂપે વર્ણન

॥ श्रीवसिष्ठ उवाच ॥

अत्रेमामवबोधाय विस्मयोल्लासकारिणीम् ॥ अपूर्वां चैव संक्षेपाद्राम रम्यां कथां शृणु ॥१॥

વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી ! આ વિષયમાં બોધનેવાસ્તે વિસ્મયનો ઉલ્લાસ કરનારી અને રમણીયપણાવાળી એક અપૂર્વ કથા કહું છું તે સાંભળો.[1] હજારો યોજનોના વિસ્તારવાળું, નિર્મળ, સ્ફુટ અને હજારો યુગો વ્યતીત થતાં પણ જેને જરા પ્રાપ્ત થતી નથી એવું એક મોટું બીલું છે.[2] એ બીલું અવિનાશી રસથી ભરેલું છે, અમૃત કરતાં પણ અધિક મધુર સારવાળું છે અને જુનું છતાં પણ બાલચંદ્રની કળાના જેવી કોમળતાથી સુંદર છે.[3] જેમાં મેરુપર્વતનો પણ સમાવેશ છે, એવું છે, મંદરાચલ જેવું દૃઢ છે અને મહા કલ્પાંતના વંટોળીયાના વેગોથી પણ ચલિત થતું નથી.[4] લાખો, કરોડો અને પરાર્ધો યોજનોથી પણ જેના વિસ્તીર્ણપણાનું માપ થઈ શકતું નથી એવું છે અને જગતની સ્થિતિના આદિ મૂળરૂપ છે.[5] જેમ પર્વતની આગળ રાઈનો કણો અત્યંત ઝીણો લાગે તેમ એ બીલાની આગળ મોટાં મોટાં બ્રહ્માંડો અત્યંત ઝીણાં લાગે છે.[6] હે રામચંદ્રજી ! ઝરતા રસથી ભરપૂર અને ભારે સ્વાદવાળા એ બીલાના રસના ચમત્કારથી બ્રહ્માંડની અંદરના કોઇપણ રસનો ચમત્કાર અધિક થઇ શકે એમ નથી.[7] એ બીલું એવા રસવાળું છતાં પણ પાકીને કદી પડતું નથી અને સર્વદા પાકેલું છતાં પણ જુનું થતું નથી.[8] બ્રહ્મા, વિષ્ણુ, ઇંદ્ર તથા રુદ્ર આદિ

* આ પીસ્તાલીશમા સર્ગમાં નિરતિશય આનંદરૂપ રસથી ભરપૂર અને ત્રૈલોક્યની કલ્પનાના અધિષ્ઠાનરૂપ પરબ્રહ્મનું બીલારૂપે વર્ણન કરવામાં આવશે.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઇ વૃદ્ધ લોકો પણ એ બીલાની ઉત્પત્તિને, મૂળને કે ડીંટાને જાણતા નથી.[૯] આ મોટા આકારવાળા ફળના અંકુર, વૃક્ષ, પુષ્પો, થડ, મૂળીયાં કે શાખાઓ એમાંનું કશું જોવામાં આવતું નથી.[૧૦] એ પિંડાત્મક ઘાટા આકારવાળા અને અત્યંત વીસ્તીર્ણ સ્થૂલતાવાળા ફળનો ઉત્પત્તિ કે વિકાર આદિ પરિણામ પણ જોવામાં આવતો નથી.[૧૧] સઘળાં ફળોથી સારભૂત આ મોટા બીલામાં ઠળીયા તો છેજ નહિ. આ બીલાનો ગર્ભ વિસ્તીર્ણ છે, નિરંજન છે, નિર્વિકાર છે.[૧૨] શિલાના ગર્ભની પેઠે છિદ્રોથી રહિત છે, પૂનમના ચંદ્રના બિંબની પેઠે અમૃતને ઝર્યા કરે છે, પોતાના અનુભવથીજ જણાય એવા રસને ઝર્યા કરે છે.[૧૩] સઘળાં સુખોના ભંડારરૂપ છે, શીતળ પ્રકાશ આપનાર છે, પહાડ જેવો સ્થિર છે અને અમૃતના પિંડ જેવો છે. એ બીલામાં રહેલો ઉત્તમ ગર્ભ બીલાનાજ ચમત્કારરૂપ છે, બીલાથી અન્ય નથી, બીજા પદાર્થોથી રહિત છે અને ત્રણે પ્રકારના પરિચ્છેદો વગરનો છે. સઘળા પ્રકારનો ભેદ જેનો વિવર્ત્ત છે એવી પોતાની સ્થિતિની વિલક્ષણતાને નહિ છોડતા, સૂક્ષ્મથી પણ સૂક્ષ્મતાવાળા, સ્થૂલથી પણ સ્થૂલતાવાળા અને પુરાતન છતાં પણ વિકારો વગરના એ ગર્ભે "આ હું છું" એવી કલ્પનાથી મિથ્યાભૂત અવિદ્યારૂપ મળને જગતરૂપે ઉત્પન્ન કરીને આ અસંવિત ભેદાદિકની ભાવના કરી છે. એ ગર્ભ 'હું છું' એવા અહંકારનો ઉદય થતાં તુરતજ આકાશાદિક ભૂતોથી તથા શબ્દાદિ તન્માત્રાઓથી ગોઠવાએલાં બ્રહ્માંડોરૂપ પરમાણુઓથી વ્યાપ્ત થયો છે.[૧૪-૧૮] પોતાના જુના સન્નિવેશને નહિ છોડતાં છતાં પણ તે ગર્ભ આવા અનુક્રમથી વ્યવહારમાં સમર્થપણાને પ્રાપ્ત થએલ છે.[૧૯] ચપળ રૂપવાળી તે ગર્ભની વ્યવહારશક્તિએ નિર્વિકાર સ્વરૂપમાંજ આવા પ્રકારનો જગતરૂપ દેખાવ ફેલાવ્યો છે,[૨૦] કે જે દેખાવ "આ અપાર આકાશ છે, આ કાળ છે, આ નિયમ છે, આ ચલનરૂપ ક્રિયા છે,[૨૧] આ સંકલ્પોનો વિસ્તાર છે, આ નોખનોખી દિશાઓ છે, આ રાગ-દ્વેષ છે, આ ત્યાજ્ય છે, આ ગ્રાહ્ય છે,[૨૨] આ તુંપણું છે, આ હુંપણું છે, આ તેપણું છે, આ ઊંચે રહેલા સ્વર્ગાદિક લોકોનો સમૂહ છે, આ નીચે રહેલા પાતાલાદિક લોકોનો સમૂહ છે,[૨૩] આ આગળ છે, આ પડખામાં છે, આ પાછળ છે, આ સમીપ છે, આ અતિ દૂર છે, આ ભૂત છે, આ વર્ત્તમાન છે, આ ભવિષ્ય છે,[૨૪] આ અંદર રહેલી ઘણી ઘણી કલ્પનાઓરૂપી કમલોના સરોવરરૂપ અને મોટા મોટા દેવતાઓના ક્રીડા-મંડપરૂપ બ્રહ્માંડ-મંડળ છે,[૨૫] આ અનંત કલ્પનાઓરૂપી રચનાના રહસ્યથી ચારેકો[ર] વિસ્તાર પામેલી અને વિષ્ણુના હૃદયકમલની ડોડીરૂપ લોકોની પંક્તિ છે,[૨૬] આ સર્વ સ્થળમાં વ્યાપ્ત મહારુદ્રના ગણોથી પૂરાએલાં કોતરોવાળી અને જેમાં તારાઓ ખરવાના સમયમાં ભા[ગ્યે] પ્રકાશ થઇ રહે છે એવી લાંબી આકાશની સ્થિતિ છે,[૨૭] આ ઉત્તર દિશામાં જગતરૂપી કમલની ડોડીરૂપ અને ચંદ્રરૂપી ચળકતા અમૃતમ[ય] મકરંદમાં લંપટતા ધરાવનારા દેવરૂપી ભ્રમરો વાળો મેરુપર્વત છે,[૨૮] આ રજોગુણથી થતાં ન[...]કોથી તથા દુઃખોથી જામેલા મૂળવાળા જગતરૂ[પી] જુના વૃક્ષની ઊંચા સુગંધવાળી પુષ્પોની મંજ[રી] જેવો સ્વર્ગલોકછે,[૨૯] આ તારારૂપી કેસરાઓવાળું બ્રહ્મરૂપી મહાસાગરના કિનારામાં રહેલું આ[...] જેનો ક્યાંય છેડોજ દેખાતો નથી એવું આકા[શ]રૂપી સરોવરછે,[૩૦] આ કર્મોરૂપી ઝૂડોવાળું, માં[...] તથા ઋતુ આદિરૂપ ચપળ તરંગોવાળું, જન્મ મરણરૂપ ચકરીઓમાં રહેલાં ઘણાં ઘણાં પ્રાણિ[...]ઓવાળું, સઘળી વસ્તુઓના આયુષ્યના મા[...]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપનારૂં ક્ષણ તથા કલ્પ આદિરૂપ પલ્લવોવાળું, સૂર્ય તથા ચંદ્ર આદિરૂપ કેસરાઓવાળું અને આકાશરૂપી કમલવાળું કાળરૂપી સરોવર છે.[૩૧,૩૨] આ જન્મ તથા વૃદ્ધિ આદિ વિકારોથી ભરેલી જરા મરણરૂપ વિષૂચિકા (કૉલેરા) છે, અને આ વિદ્યા તથા અવિદ્યાના વિલાસોથી ભરેલા શાસ્ત્રાર્થો છે"[૩૩] ઇત્યાદિ રૂપે પ્રતીત થાય છે. આ રીતે તે બીલાના પોતાના ગર્ભનો ચમત્કાર સંકલ્પોની તે તે સ્થિતિની અંદરજ આવા આવા પ્રકારોના દેખાવવાળો થયો છે.[૩૪] અપવાદની દૃષ્ટિથી જોતાં બ્રહ્મચૈતન્ય શાંત છે, સ્વસ્થ છે, સઘળા પ્રકારના બાધોથી રહિત છે, સૌમ્ય છે અને ભાવના વગરનું છે. તે બ્રહ્મચૈતન્ય સંકલ્પથી કર્ત્તાપણું ધરાવે છે અને સંકલ્પના અભાવથી અકર્ત્તાપણું ધરાવે છે.[૩૫] એ ચૈતન્યશક્તિ એકજ છતાં અનેક જેવી જણાય છે, અનેક રૂપવાળી જણાતા છતાં એકજ છે, જયાં જોઇએ ત્યાં એની એ છે, સત્ય છે, અખંડ છે, સંપૂર્ણ શાંતિથી ભરપૂર રૂપવાળી છે, સર્વાત્મક છે અને અત્યંત મોટી છે.[૩૬]

एषैकिकैव विविधेव विभाव्यमाना नैकात्मिका न विविधा ननु सैव सैव॥सत्यास्थिता सकलशांति समैकरूपा सर्वात्मिकातिमहतीति निरूपशक्तिः ॥ ३६ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'બિલ્વોપાખ્યાન' એ નામનો પીસ્તાલીશમો સર્ગ સંપૂર્ણ. ૪૫

સર્ગ ૪૬ મો.

બ્રહ્મનું શિલારૂપે વર્ણન

॥ શ્રીરામ ઉવાચ ॥

**भगवन्सर्वसारज्ञ त्वयैषा बिल्वरूपिणी ॥
महाचिद्घनसत्तेह कथितेति मतिर्मम ॥ १ ॥**

રામચંદ્રજી કહે છે:—હે સઘળા સારને જાણનાર હે ગુરુ મહારાજ ! જે અપાર ચૈતન્યઘન બ્રહ્મની સત્તા છે તેનેજ આપે આ બીલારૂપે કહી એમ હું ધારૂં છું,[૧] આ સઘળું અહંતા આદિ જે ફેલાયું છે તે બ્રહ્મના ગર્ભરૂપજ છે. દ્વિત્વ કે એકત્વની કલ્પનારૂપ ભેદ જરાપણ નથી.[૨]

વસિષ્ઠ ઋષિ કહે છે:—જેમ મેરુ ઇત્યાદિની સ્થિતિ બ્રહ્માંડરૂપી કોળાનો ગર્ભ છે તેમ આ બ્રહ્માંડ આદિ સઘળું બ્રહ્મરૂપ બીલાનો ગર્ભ છે.[૩] જેમ બીલાનું ખોખું ગર્ભના આધારરૂપ છે તેમ બ્રહ્મ જગતના આધારરૂપ છે એમ સમજવું નહિ. જેમ ગર્ભ બીલાનો પરિણામ છે તેમ જગત બ્રહ્મનો પરિણામ નથી. જો જગત બ્રહ્મનો પરિણામ હોય તો પરિણામ પામનારા બ્રહ્મનો વિનાશ માનવો પડે પણ એ વિનાશ કદી સંભવતો નથી.[૪] જેમ મરીમાં તીખાશરૂપ ચમત્કાર રહ્યો છે તેમ ચૈતન્યમાં આ જગતરૂપ ચમત્કાર રહ્યો છે. શિલાની અંદર કમલવનની પેઠે બ્રહ્મની અંદર આ જગત રહેલ છે. માટે જગતની સ્થિતિ સુષુપ્તિ જેવી શાંતજ છે.[૫] હે ચંદ્રસરખા મુખવાળા રામચંદ્રજી ! આ વિષયમાં વિચિત્ર, વિસ્મય આપનારી અને રમણીયતાવાળી એક બીજી આખ્યાયિકા કહું છું તે સાંભળો.[૬] કોઇ સ્થળમાં સ્નિગ્ધ, સ્પષ્ટ, કોમળ સ્પર્શવાળી, મોટા વિસ્તારવાળી, ઘાટી અને કદીપણ ક્ષોભ નહિ પામેલી મોટી શિલા છે.[૭] જેમ સરોવરમાં રમણીય તથા પ્રફુલ્લિત ઘણાં ઘણાં કમલો હોય છે તેમ તે શિલાની અંદર રમણીય તથા પ્રફુલ્લિત ઘણાં ઘણાં કમલો છે કે જેઓની સંખ્યા પણ થઇ શકતી નથી.[૮] એ સઘળાં કમલો અન્યોન્યમાં પરોવાએલાં પાંદડાંવાળાં છે, પરસ્પરથી જુદાં છે, પરસ્પરની સાથે લાગેલાં છે, છાનાં પણ છે અને પ્રકટ પણ છે.[૯] એ કમલોમાં કેટલાંએક કમલો નીચાં

* આ છેતાલીશમા સર્ગમાં બ્રહ્મ કે જે પ્રપંચના આભાસવાળું હોવાથી કારીગરે મનથી કલ્પેલા કમલના સમૂહોથી શોભી રહેલા શિલાના ઉદર જેવું છે તેનું વર્ણન કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુખોવાળાંછે, કેટલાંએક ઊંચાં મુખોવાળાં છે અને કેટલાંએક આડાં મુખોવાળાં છે, એ* કમલો પરસ્પરથી મળેલાં મૂળવાળાં પણ છે, પરસ્પરમાં પરોવાએલાં મુખોવાળાં પણ છે,[૧૦] ડોડીઓના જાળોની અંદર મૂળોવાળાં પણ છે, મૂળોની અંદર ડોડીઓવાળાં પણ છે, ઊંચાં મ્હોડાંવાળાં છે, નીચાં મ્હોડાંવાળાં છે અને કેટલાંએક મૂળ વગરનાં છે.[૧૧] એ કમલોના સમીપમાં કમલોની કળીના જેવી રચનાવાળા સેંકડો તથા હજારો શંખો છે અને કમલ જેવી રચનાવાળા તથા મોટા આકારવાળા ચક્રોના સમૂહ છે.[૧૨]

રામચંદ્રજી કહે છેઃ–સાચી વાત છે. એવી શિલા થાય છે ખરી. વિષ્ણુના ધામરૂપ શાલિગ્રામ નામના ક્ષેત્રમાં કમલવનના લાંછનવાળી એવી મોટી શિલા મેં જોએલી છે.[૧૩]

વસિષ્ઠ ઋષિ કહે છેઃ–તમે એવી શિલા જોએલી છે તેનું તમને બરાબર સ્મરણ છે. મેં જે મોટી શિલા કહી તે એજ હશે એમ તમે જાણો છો, પરંતુ મેં તો આ અપૂર્વ શિલાજ તમારી પાસે કહી છે કે જે શિલાના મોટા ગર્ભની અંદર સઘળું જગત છે પણ ખરૂં અને નથી પણ ખરૂં. અખંડ, પ્રાણના પણ પ્રાણરૂપ, સર્વ સ્થળમાં સમાન અને અવ્યવહિત જે ચૈતન્યરૂપ શિલા છે તે મેં તમને કહી છે કે જે શિલાની અંદર સઘળાં બ્રહ્માંડો રહ્યાં છે. ધાટાપણું, એકાત્મપણું, કૂટસ્થપણું તથા અભેદ્યપણું ઇત્યાદિ ગુણોનેલીધે એ ચૈતન્ય શિલાસમાનજ છે.[૧૪-૧૬] જો કે એ શિલા અત્યંત ઘાટાં અંગોવાળી છે ને છિદ્રોથી અત્યંત રહિત આકૃતિવાળી છે તોપણ જેમ આકાશની અંદર મોટો પવન રહ્યો છે તેમ તે શિલાની અંદર જગતનો સમૂહ રહ્યો છે.[૧૭] સ્વર્ગ, પૃથ્વી, વાયુ, આકાશ, પર્વતો, નદીઓ અને દિશાઓ તે શિલાની અંદર છે તે છતાં તેમાં છિદ્ર જરા પણ નથી.[૧૮] એ શિલામાં ઘાટાં અંગોવાળું આ જગતરૂપી કમલ પ્રકાશે છે. એ જગત અન્ય જેવું જણાતાં છતાં પણ વાસ્તવિક રીતે અન્ય નથી અને શુદ્ધ ચિદાત્મક પણ નથી, પરંતુ માયાજ છે.[૧૯] જેમ શિલામાં કારીગરના મનની કલ્પનાથી શંખ તથા કમલ આદિ ચિત્ર આલેખાય છે તેમ જીવના મનની કલ્પનાથી એ શિલામાં ભૂત, ભવિષ્ય તથા વર્ત્તમાન જગત આલેખાએલું છે. જેમ કોતરાયા વગરની શિલામાં કારીગરના મનની કલ્પનાથી પુતળી ખડી થાય છે તેમ ચૈતન્યરૂપ શિલામાં જીવના મનની કલ્પનાથી સઘળું જગત ખડું થયું છે કે જે સાચા જેવું દેખાય છે.[૨૦] જેમ શિલાની અંદર કારીગરના મનની કલ્પનાથી ખડો થએલો, કમલવન વગેરે સન્નિવેશ અનેક અવયવોવાળો છતાં પણ એકરૂપજ છે તેમ ચૈતન્યમાં જીવના મનની કલ્પનાથી ખડો થએલો આ જગતરૂપ સન્નિવેશ, અનેક અવયવોવાળો છતાં પણ એકરૂપજ છે. જેમ કમલવન શિલાથી અભિન્ન છતાં પણ જુદી આકૃતિવાળું જણાય છે તેમ આ જગત પણ ચૈતન્યથી અભિન્ન છતાં જુદી આકૃતિવાળું જણાય છે. જેમ શિલાની અંદર ચક્રો તથા કમલો સુષુપ્તિ જેવી અવસ્થાથી રહ્યાં છે તેમ ચૈતન્યની અંદર આ બ્રહ્માંડો સુષુપ્તિ જેવી અવસ્થાથી રહેલ છે.[૨૧-૨૩] જેમ શિલાની અંદર કમલોની પંક્તિ અને મરીની અંદર તીખાશ ઉદય પણ પામતી નથી અને અસ્ત પણ પામતી નથી તેમ ચૈતન્યમાં આ સૃષ્ટિ ઉદય પણ પામતી નથી અને અસ્ત પણ પામતી નથી. જેમ પતિવ્રતા સ્ત્રીના મનમાં તેનો પતિ રહે છે, અને બીલામાં ગર્ભ રહે છે, તેમ ચૈતન્યમાં અનંત વિકારોથી ભરેલી બ્રહ્માંડો

* માનસિક કલ્પના દૃષ્ટિથી વિપરીત પણ થાય છે તે ઉપરથી કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંડળી રહી છે. બ્રહ્માંડો ચૈતન્યમાત્રજ છે એમ કહ્યું તો પછી બ્રહ્માંડોની અંદરનાં શરીરો વગેરે ચૈતન્યમાત્રજ છે એમ કહેવાની જરૂર રહેતી નથી.[૨૪-૨૬] જેમ જળમાં જળનું બિંદુ જળમાત્રજ થઇ જાય છે તેમ બ્રહ્માંડો ચૈતન્યમાત્ર જણાતાંજ બ્રહ્માંડના અવયવો ચૈતન્યમાત્ર થઇ જ જાય છે.[૨૭] ચૈતન્ય અંતવગરનું હોવાને લીધે ચૈતન્યમાં સઘળા વિકારો વગેરેનો સમાવેશ થાય છે. જગત નામમાત્રથીજ ઉત્પન્ન થયું છે, માટે નામના લયથી લય પામે છે. જે કાંઈ આ વિકાર વગેરે જોવામાં આવે છે તે બ્રહ્મજ છે.[૨૮] વિકારાદિકનો ત્યાગ પણ બ્રહ્મજ છે. પદાર્થનો ત્યાગ અને પદાર્થનો અત્યાગ એ પણ બ્રહ્મજ છે. વિકારાદિક બ્રહ્મમાંજ રહ્યું છે, બ્રહ્મરૂપેજ ઉત્પન્ન થયું છે અને તેની ઉત્પત્તિનો ક્રમ પણ બ્રહ્મ છે.[૨૯] બ્રહ્મમાં બીજો પદાર્થ તો ઝાંઝવાના પાણી જેવોજ છે એમ સમજો. જેમ પુષ્પો તથા ફળો વગેરે સઘળું અન્યરૂપ નથી પણ બીજરૂપજ છે અને બીજની અંદરજ છે તેમ આ જગત અન્યરૂપ નથી પણ બ્રહ્મરૂપ છે અને બ્રહ્મની અંદરજ છે.[૩૦] જેમ અંકુરાદિ પૂર્વ પૂર્વ વિકારોમાં રહેલી બીજની સત્તાજ શાખામાં તથા પલ્લવો વગેરેમાં પ્રાપ્ત થાય છે તેમ પૂર્વ પૂર્વ કારણોમાં રહેલી બ્રહ્મની સત્તાજ ઉત્તરોત્તર પદાર્થોમાં પ્રાપ્ત થાય છે માટે ત્રૈલોક્યનો ક્રમ બ્રહ્મરૂપજ છે.[૩૧] બ્રહ્મનું અને જગતનું જે દ્વિત્વ દેખાય છે તે એકત્વજ છે, કેમકે એકત્વ ન હોય તો બન્નેને હાનિ પહોંચે છે. જગતની ઉત્પત્તિ બ્રહ્મમાં જડપણાની કલ્પનાને આધીન છે, પણ બ્રહ્મ તો કદી પણ જડ સ્વભાવવાળું હોવું સંભવતું નથી.[૩૨] ચૈતન્યરૂપ બ્રહ્મ અને જડરૂપ જગત કદીપણ બે પદાર્થ નથી, કેમકે જે જડ છે તે ચૈતન્યમાં કલ્પિત છે. જેમ મોટી શિલાની અંદર કારીગરના મનની કલ્પનાથી કમલવન વગેરે અનેક ભેદ થાય છે, અને ફળમાં ગર્ભ આદિ ભેદ થાય છે, તેમ ઘાટા ચૈતન્યરૂપ બ્રહ્મમાં ત્રૈલોક્યરૂપ ભેદ થયો છે. આમ હોવાને લીધે જગત બ્રહ્મથી અન્ય જેવું દેખાતા છતાં પણ અન્ય નથી. જેમ રેખાઓથી તથા ઉપરેખાઓથી વ્યાપ્ત થએલી મોટી શિલા વાસ્તવિક રીતે એકજ છે તેમ ત્રૈલોક્યથી વ્યાપ્ત થઇ રહેલું બ્રહ્મ વાસ્તવિક રીતે એકજ છે.[૩૩-૩૬] જેમ શિલાની અંદર કમલવન વગેરે અસ્ત પણ પામતું નથી અને ઉદય પણ પામતું નથી પરંતુ સર્વદા સુષુપ્તજ છે તેમ બ્રહ્મની અંદર અહંતા વગેરે જગત અસ્ત પણ પામતું નથી અને ઉદય પણ પામતું નથી, પરંતુ સર્વદા સુષુપ્ત જ છે.[૩૭] જેમ શિલાની અંદર કમલ વગેરે રેખાઓ શિલાથી જુદી પડતી નથી પણ શિલારૂપજ છે, તેમ બ્રહ્મની અંદર જીવપણું, ઈશ્વરપણું, એઓનું કર્તાપણું અને જગત, એ સઘળું બ્રહ્મથી જુદું પડતું નથી પણ બ્રહ્મરૂપ છે. જેમ શિલાની અંદર કમલોનાં ચલન, અચલન, આવિર્ભાવ અને તિરોભાવ, એઓ શિલાના તત્ત્વનું દર્શન થતાં કદી પણ પ્રતીત થતાં નથી, તેમ બ્રહ્મની અંદર જીવ તથા ઈશ્વર વગેરે જગતના કર્તાઓ બ્રહ્મના તત્વનું દર્શન થતાં કદી પણ પ્રતીત થતા નથી. જો કે આ જગત ઉત્પત્તિ તથા સ્થિતિ આદિ વિલાસોવાળું જોવામાં આવે છે, તોપણ વાસ્તવિક રીતે પર્વતની પેઠે નિર્વિકાર હોવાનેલીધે કદી પણ ઉત્પન્ન થતું નથી અને કદી પણ નષ્ટ થતું નથી, જેમ એકજ શિલામાં જુદા જુદા કારીગરોની પરસ્પરથી વિરૂદ્ધ માનસિક કલ્પનાઓ થતાં પણ શિલા એકરૂપજ રહે છે તેમ બ્રહ્મમાં જુદા જુદા જીવોની પરસ્પરથી વિરૂદ્ધ કલ્પનાઓ થતાં પણ બ્રહ્મ એકરૂપજ રહે છે. બ્રહ્મમાં જ્યાં જેવો આકાર કલ્પવામાં આવે ત્યાં તેવો આ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાર પ્રતીત થાય છે. એટલા માટે જે કાંઈ છે તે સઘળું બ્રહ્મની સત્તારૂપજ છે અને સુષુપ્તિની પેઠેજ રહેલ છે, અનેક પદાર્થોના વિકારોથી ભરેલો જે આ જગતરૂપી મોટો આડંબર જોવામાં આવે છે તે શિલાની અંદરના કમલવન વગેરેની પેઠે કેવળ વાસનામાત્રજ છે એમ સમજો.[૩૮-૪૦] આ જગતનો વિલાસ સર્વદા વાસનામાત્રજ છે કેમકે વાસ્તવિક જોતાં શાંત, ભરપૂર તથા ચૈતન્યઘન પરમાત્મારૂપજ છે. જેમ શિલાની અંદર કલ્પાએલાં મિથ્યાભૂત કમલો કદી પણ સ્વરૂપસ્થિતિને પ્રાપ્ત થતાં નથી તેમ બ્રહ્મની અંદર કલ્પાએલી સૃષ્ટિ આદિ મિથ્યાભૂત દશાઓ કદી પણ સ્વરૂપસ્થિતિને પ્રાપ્ત થતી નથી.[૪૧]

नित्यं सुषुप्तपदमेव जगद्विलासः सम्यक् प्रशांत समाचिद्घनखात्मकत्वात् ॥ पद्माः शिलांतरिव सर्गदशास्त्वसारा दृष्टा न देहमुपयांति कदाचिदेव ॥ ४१ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'શિલાકોશોપદેશ' એ નામનો છેતાલીશમો સર્ગ સંપૂર્ણ. ૪૬

સર્ગ ૪૭ મો.*

બ્રહ્મમાં જગત આદિ ભેદનું નિરૂપણ

॥ श्रीवसिष्ठ उवाच ॥

चित्तत्त्वस्य फलस्येव चितः स्वापापरक्रमात् ॥ स सत्तासन्निवेशेनयः स सर्ग इति स्थितः॥१॥

વસિષ્ઠ ઋષિ કહે છેઃ—ચૈતન્યતત્ત્વ જ્યાંસુધી પોતાના સ્વરૂપના સ્મરણથી શૂન્ય હોય છે ત્યાં સુધીજ તેમાં સૃષ્ટિ હોય છે, એમ જણાવવાને વાસ્તે બીલાનું દૃષ્ટાંત આપ્યું છે. ચૈતન્યતું જાણે બીજા પ્રકારનું સ્વપ્ન હોય એવા ક્રમથી કલ્પાએલી પોતાની સત્તાની ગોઠવણથી આ સૃષ્ટિ ચૈતન્યમાં રહેલી છે, માટે ચૈતન્યની પારમાર્થિક સત્તા છે અને સૃષ્ટિની પ્રાતિભાસિક સત્તા છે તેથી ચૈતન્યમાં કોઈ જાતનો સ્વગત ભેદ નથી. દેશ, કાલ અને ક્રિયાઓ વગેરે પણ ચૈતન્યમયજ છે માટે ચૈતન્યમાં 'આ અન્ય છે અને આ અન્ય છે' એમ કહેવું ઘટતું નથી.[૧-૨] સઘળા શબ્દો, સઘળા શબ્દોના અર્થો, તેઓની વાસનાઓ અને તેઓથી થતી સંકલ્પવિકલ્પરૂપ કલ્પનાઓ એઓનો જાણનાર ત્રણે અવસ્થામાં એકાત્મ હોવાથી સત્ય છે માટે તેના જોવામાં આવતું આ જગત અત્યંત અસત્ છે એમ પણ કેમ કહી શકાય?[૩] જેમ બીલાની અંદર રહેલા ગર્ભ આદિ સન્નિવેશ નામમાત્રથીજ જુદો પણ વાસ્તવિક રીતે જુદો નથી; તેમ ચૈતન્યમાં ચૈતન્યની સત્તાથી રહેલું આ જગત નામમાત્રથી જુદું છે પણ વાસ્તવિક રીતે જુદું નથી. જેમ ફળની અંદર રહેલી ફળનીજ ગર્ભાદિ સત્તા એક છતાં પણ અનેક જેવી ભાસે છે અને અવિકૃત છતાં પણ વિકૃત જેવી ભાસે છે તેમ ચૈતન્યની અંદર રહેલી ચૈતન્યનીજ જગત સત્તા એક છતાં અનેક જેવી ભાસે છે અને અવિકૃત છતાં વિકૃત જેવી ભાસે છે.[૫] જેમ અરીસામાં દેખાતું નગર સાચા નગરથી જુદું નહિ છતાં પણ જુદા જેવું પ્રતીત થાય છે, તેમ બ્રહ્મમાં રહેલું જગત બ્રહ્મથી જુદું નહિ છતાં પણ જુદા જેવું પ્રતીત થાય છે. માટે શિલાની અંદર કારીગરના મનથી કલ્પાએલાં કમલવનનું દૃષ્ટાંત આપ્યું છે.[૬] જેમ ચિંતામણિમાં ચિંતક લોકોના મનોરથરૂપી કરોડો સૃષ્ટિનો સારી રીતે સમાવેશ છે તેમ પરમ ચૈતન્યરૂપ મણિમાં જીવની કલ્પનાથી કલ્પાએલાં કરોડો

* આ સુડતાલીશમા સર્ગમાં "જેમ મોરના ઇંડાના રસમાં પિચ્છ આદિ ભેદ રહ્યા છે તેમ બ્રહ્મમાં જગત આદિ ભેદ રહ્યા છે" એવા પ્રકારનું બીલાના તથા શિલાના આખ્યાનનું તાત્પર્ય કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગતનો સારી રીતે સમાવેશ છે.[૭] ચૈતન્યના ગર્ભમાંજ કોતરાએલા જેવું આ વિસ્તીર્ણ જગતરૂપી મોતી ચૈતન્યરૂપી દાબડામાંજ જાણે તેથી અન્ય હોય તેવું પ્રકાશે છે.[૮] જેમ સૂર્ય પોતાના સ્વરૂપના આવિર્ભાવથી દિવસને દેખાડે છે અને પોતાના સ્વરૂપના તિરોભાવથી રાત્રિને દેખાડે છે તેમ ચૈતન્યરૂપી સૂર્ય પોતાના સ્વરૂપના તિરોભાવથી જગતના ભાવને દેખાડે છે અને પોતાના સ્વરૂપના આવિર્ભાવથી જગતના અભાવને દેખાડે છે.[૯] જેમ સમુદ્રના ગર્ભમાં ચકરી તથા તરંગો આદિ ચલનના ભેદો સમુદ્રમાત્ર છતાંજ જુદા જેવા પ્રતીત થાય છે તેમ ચૈતન્યના ગર્ભમાં જગતના ભેદો ચૈતન્યમાત્ર છતાંજ જુદા જેવા પ્રતીત થાય છે, માટે શિલાની અંદર કારીગરના મનથી કલ્પાએલા સન્નિવેશનું દૃષ્ટાંત આપ્યું છે.[૧૦] જો ચૈતન્યમાં જગત છે એમ કહો તો જેમ શિલામાં કારીગરના મનથી કલ્પાએલી પુતળી છે તેમ છે, અને જો ચૈતન્યમાં જગત નથી એમ કહો તો જેમ શિલામાં કારીગરના મનથી કલ્પાએલી પુતળી નથી તેમ નથી.[૧૧] ચૈતન્યરૂપ ગર્ભ કે જે જગત હોય ત્યારે પણ હોય છે અને જગત ન હોય ત્યારે પણ હોય છે તેજ સત્ય છે, અને જગતનું મૂળ તત્ત્વ પણ એજ છે માટે જગત બ્રહ્મમય છે એમ પણ કહેવાય અને બ્રહ્મજ છે એમ પણ કહેવાય.[૧૨] જેમ શિલાના ઉદરથી જુદો પાડીએ તો કમલવન આદિ શબ્દોનો અર્થ મુદ્દલ છેજ નહિ તેમ ચૈતન્યથી જુદું પાડીએ તો જગત મુદ્દલ છેજ નહિ.[૧૩] જેમ શિલાના ઉદર ઉપર દૃષ્ટિ ન કરીએ તો કમલવન આદિ શબ્દોનો અર્થ અનેક અવયવોવાળો છે તેમ ચૈતન્ય ઉપર દૃષ્ટિ ન કરીએ તો જગત શબ્દનો અર્થ અનેક અવયવોવાળો છે. આમ છે એટલામાટે જગત ચૈતન્યમય છે અને અદ્વય છે. જેમ કમલવન અનેક વિભાગોવાળું છતાં પણ શિલાના ઉદરરૂપે વિભાગો વગરનું છે તેમ આ જગત અનેક વિભાગોવાળું દેખાતાં છતાં પણ ચૈતન્યના ગર્ભરૂપે વિભાગો વગરનુંજ છે.[૧૪] જેમ ઝાંઝવાંનું જળ મૃગોની દૃષ્ટિથી નિર્મળ જળના સમૂહરૂપ છે, અને વિદ્વાનોની દૃષ્ટિથી તો સૂર્યના તડકારૂપજ છે; તેમ આ જગત અજ્ઞાનીઓની દૃષ્ટિથી દ્વૈતરૂપ છે અને જ્ઞાનીઓની દૃષ્ટિથી તો બ્રહ્મરૂપજ છે. જેમ ઝાંઝવાના પાણીમાં સાચો તડકો મિથ્યા જળ જેવો પ્રતીત થાય છે; તેમ સત્ય બ્રહ્મરૂપ તમે મિથ્યા દેહરૂપ પ્રતીત થાઓ છો. વાસ્તવિક રીતે તમે દેહાદિકરૂપ નથીજ.[૧૫] જેમ સમુદ્રનો ભરપૂર ગર્ભ ચલનથી રહિત છતાં પણ દ્રવપણાનેલીધે ચલિત જેવો પ્રતીત થાય છે તેમ ચૈતન્યનો ગર્ભ કલ્પનાથી રહિત છતાં પણ કલ્પનાવાળા જેવો જણાય છે.[૧૬] જેમ શિલાની અંદર કારીગરના મનથી કલ્પાએલા શંખોનો તથા કમલોનો સમૂહ શિલામય છતાં પણ જ્યાંસુધી શિલાનો અબોધ હોય ત્યાંસુધી શિલામય નથી, તેમ ચૈતન્યની અંદર જીવના મનથી કલ્પાએલું આ સઘળું જગત ચૈતન્યમય છતાં પણ જ્યાંસુધી ચૈતન્યનો અબોધ હોય ત્યાંસુધી ચૈતન્યમય નથી.[૧૭] જેમ શિલાના ગર્ભની અંદર કમલવન રહે છે તેમ બ્રહ્મરૂપ શિલાની અંદર રહેલું આ ઘાટું જગત પણ બ્રહ્મદૃષ્ટિથી જોતાં અખંડ છે, અદ્વૈત છે, સ્વચ્છ છે, જન્મથી રહિત છે અને કમલવનની પેઠે શાંતજ છે.[૧૮] જેમ શરદૃઋતુનો સમય જગતને પ્રકાશિત કરે છે તેમ નિર્મળ બ્રહ્મ આ જગતને પ્રકાશિત કરે છે; અને જેમ અમૃતના દ્રવથી ભરેલો સૌમ્ય ચંદ્ર સ્ફુરે છે તેમ બ્રહ્મ જગતરૂપે સ્ફુરે છે.[૧૯] બ્રહ્મમાં સુષુપ્તની પેઠે રહેલું આ જગત, શિલામાં કારીગરના મનથી કલ્પાએલા કમલની પેઠે અબાધિતપણાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેતું નથી. અખંડ દૃષ્ટિથી જોઇએ તો જેમ બ્રહ્મમાં બ્રહ્મપણું છે તેમજ બ્રહ્મમાં આ જગત છે.[૨૦] જેમ તરુ અને વૃક્ષ એ બે શબ્દોના અર્થમાં ભેદ નથી તેમ જગત અને બ્રહ્મ એ બે શબ્દોના અર્થમાં ભેદ નથી. જે આ સઘળાં બ્રહ્માંડો છે તેઓ ચૈતન્યથી ભિન્ન નથી.[૨૧] જેમ ચૈતન્યનાં જન્મ–મરણ વગેરે કદી પણ નથી તેમ જગતનાં જન્મ–મરણ વગેરે કદી પણ નથી. જેમ મરુદેશનો તાપજ જળરૂપે પ્રતીત થાય છે, તેમ બ્રહ્મજ જગતરૂપે પ્રતીત થાય છે.[૨૨] જેમ વિચારદૃષ્ટિથી જોતાં ઝાંઝવાનું પાણી તડકારૂપ થઈ જાય છે, તેમ વિચારદૃષ્ટિથી જોતાં જગત શુદ્ધ બ્રહ્મરૂપ થઇ જાય છે. જેમ કરા વગેરે પદાર્થ વિભાગો કરતાં જળરૂપ થઇ જાય છે તેમ મેરુ આદિ, ખડ આદિ, ગુલ્મ આદિ, ચિત્ત આદિ અને સઘળું જગત પણ ઉત્તરોત્તર વિભાગદૃષ્ટિથી જોતાં બ્રહ્મરૂપજ થઈ જાય છે. મેરુ તથા તૃણ-આદિ જે પંચીકૃત છે તે અપંચીકૃત ભૂતોનો સમૂહ છે, જે અપંચીકૃત ભૂતો છે તે ચિત્જ છે અને જે ચિત્ છે તે બ્રહ્મજ છે.[૨૩,૨૪] એવા ક્રમથી સ્થૂલ પદાર્થનો ઉત્તરોત્તર વિચાર કરતાં અંતે જે રૂપ અવશેષ રહે છે તે બ્રહ્મ છે, સૂક્ષ્મપણામાં પદાર્થનું જે મૂળ તત્ત્વ હોય છે તે મૂળ તત્ત્વ તે પદાર્થના સ્થૂલપણામાં વધારે સ્પષ્ટ દેખાય છે. તે પ્રમાણે જગતના ચિત્રૂપ સૂક્ષ્મપણામાં જે બ્રહ્મરૂપ મૂળ તત્ત્વ છે તે મૂળ તત્ત્વ વિદ્વાનોને જગતના સ્થૂલપણામાં અધિક સ્પષ્ટ દેખાય છે. જેમ પરમાણુરૂપે રહેલી રસશક્તિ સ્થૂલ જળમાં સ્પષ્ટ જણાય છે તેમ અતિ સૂક્ષ્મ બ્રહ્મશક્તિ સ્થૂલ જગતમાં અતિ સ્પષ્ટ જણાય છે.[૨૫] જેમ રસશક્તિ એકજ છતાં ખડ, ગુલ્મ, લતાઓ તથા સ્થૂલ જળ, એઓરૂપે અનેક પ્રકારથી ઉદય પામે છે તેમ બ્રહ્મપણું એકજ છતાં જગતસંબંધી પદાર્થોરૂપે અનેક પ્રકારથી ઉદય પામે છે. જેમ નીલ પીત આદિ રૂપોની વિચિત્રતાઓમાં અતિ સૂક્ષ્મપણાવાળું રૂપ સામાન્ય એકજ છે,[૨૬,૨૭] તેમજ શબ્દ આદિ ગુણોમાં અતિ સૂક્ષ્મપણાવાળી બ્રહ્મસત્તા એકજ છે. જેમ મોરના મૂળતત્ત્વરૂપ ઇંડાના રસમાં પીંછડાઓનો સમૂહ, પાંખો તથા કઠણપણું એઓ હોય છે તેમ મેરુ આદિ પદાર્થો પોતાના મૂળ તત્ત્વરૂપ ચિત્માં છે અને ચિત્, પોતાના મૂળ તત્ત્વરૂપ બ્રહ્મમાં છે.[૨૮,૨૯] જેમ મોરના ઇંડાના રસમાં વિચિત્ર પીંછડાંઓનો સમૂહ છે તેમ મૂળ તત્ત્વરૂપ બ્રહ્મમાં આ સઘળું જગત છે.[૩૦] જેમ ઇંડાનો રસ અને મોર ભેદદૃષ્ટિથી જોતાં ભિન્ન ભિન્ન છે તેમ બ્રહ્મ અને જગત ભેદદૃષ્ટિથી જોતાં ભિન્ન ભિન્ન છે. જેમ ઇંડાનો રસ અને મોર ભેદદૃષ્ટિથી જોતાં ભિન્ન ભિન્ન છે પણ વિચારદૃષ્ટિથી જોતાં એકજ છે તેમ બ્રહ્મ અને જગત ભેદદૃષ્ટિથી જોતાં ભિન્ન ભિન્ન છે પણ વિચારદૃષ્ટિથી જોતાં એકજ છે.[૩૧] બ્રહ્મની અદ્વૈતસત્તા પારમાર્થિક છે અને જગતરૂપ ભ્રમની દ્વૈતસત્તા પ્રાતિભાસિક છે. જો જગતની તથા બ્રહ્મની સત્તા સરખી હોય તો વિરોધ આવે છે; પણ બ્રહ્મની પારમાથક સત્તા અને જગતની પ્રાતિભાસિક સત્તા માનવાથી કશો વિરોધ આવતો નથી.[૩૨] કાર્યોનું તથા કારણોનું જે મૂળ તત્ત્વ છે તે ભાવરૂપ છે અને જે ભાવ છે તે બ્રહ્મજ છે એમ સમજો, બ્રહ્મની સત્તા અને જગતની સત્તા એઓને કેટલાએક સરખી માને છે પણ તે સંભવિત નથી.[૩૩] જેવો ઇંડાના રસને અને મોરને સંબંધ છે તેવો ચૈતન્યને અને જગતને સંબંધ છે. જેમ મોરમાં ઇંડાનો રસ અનુસ્યૂત છે તેમ જગતમાં ચૈતન્ય અનુસ્યૂત છે, જેમ ઇંડાના રસમાં મોર લીન છે તેમ ચૈતન્યમાં જગત લીન છે એમ વિચારો.[૩૪] અનેકપ્રકારના પદાર્થોના ભ્રમોરૂપી પીંછડાંઓથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્ણ આદિ ચૈતન્યરૂપી ઇંડાનો રસ જગતરૂપી મયૂરને ઉત્પન્ન કરે છે, માટે જગતરૂપી મયૂરનું જે રૂપ છે તે કાંઇજ નથી પણ તે ચૈતન્યરૂપી ઇંડાના રસનું રૂપ છે. જેમ મોર વાસ્તવિક રીતે ઈંડાના રસની સત્તાથી ભિન્ન સત્તાવાળો નથી, તેમ જગત વાસ્તવિક રીતે બ્રહ્મની સત્તાથી ભિન્ન સત્તાવાળું નથી. આમ છે એટલામાટે બ્રહ્મનો અને જગતનો ભેદ સંભવેજ કેમ?[35]

नाना पदार्थभ्रमपिच्छपूर्णाजगन्मयूरांडरसाश्रिदाद्या ॥ मयूररूपंत्वमयूरमंतःसत्तापदंविद्धिकुतोऽस्तिभेदः ॥ ३५ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો ‘ ચિદ્ઘનોપદેશ ’ એ નામનો સુડતાલીશમો સર્ગ સંપૂર્ણ. ૪૭

सर्ग ४८ मो.*

દૃશ્યથી ભિન્ન બ્રહ્મનું વર્ણન

॥ श्रीवसिष्ठ उवाच ॥

यत्रानुदितरूपात्मसर्वमस्तीदमाततम् ॥
मयूर इव बीजेंतस्तदहंतादिगादि च ॥ १ ॥

વસિષ્ઠઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી! પરમ તત્ત્વ કે જેમાં ઇંડાની અંદર મોરની પેઠે આ અહંતા વગેરે તથા દિશાઓ વગેરે સઘળું વિસ્તીર્ણ જગત કાલત્રયમાં પણ અનુત્પન્ન રૂપવાળુંજ છે તેજ શુદ્ધ તત્ત્વ ઉપરના દૃષ્ટાંતના તાત્પર્યનો વિષય છે.[1] જેમાં વાસ્તવિક રીતે કાંઇ પણ ઉત્પન્ન થયું નથી તેમાંજ સઘળું જગત અવિદ્યાથી છે અને તેજ તત્ત્વ આ દેહમાં પણ પ્રાણરૂપ થઇને વિષયસંબંધી સુખોરૂપે તથા વિચિત્ર ભોગોરૂપે સ્ફુરે છે. વિષયસુખોના અનુભવના બળથી અનુમાન કરી લેવું કે તે સઘળાં સુખોનો બિંબભૂત નિરતિશયાનંદ છે.[2] મુનિઓ, દેવતાઓ, ગણો, સિદ્ધો તથા મહર્ષિઓ એ પોતાના સ્વરૂપભૂત નિરતિશય આનંદનો સ્વાદ લેતાં સર્વદા તુરીયપદમાં રહે છે.[3] એ સુખ સર્વે લોકોના અનુભવમાં નથી આવતું તેનું કારણ દૃશ્યોનો તથા દર્શનોનો આસંગ અને પ્રાણના ચલનથી થએલો વિક્ષેપ છે. એ આસંગને અને વિક્ષેપને ટાળવાનેવાસ્તે યોગિયો નાસિકાના અગ્ર ઉપર દૃષ્ટિને રોકી રાખે છે અને પ્રાણના નિરોધમાં તત્પર રહે છે.[4] જેઓને વ્યવહારોમાં રહેતાં છતાં પણ બાહ્ય વિષયોના સત્યપણાની ભાવના જરાપણ રહેતી નથી, જેઓ દૃશ્યોના તથા દર્શનોના સંબંધના ત્યાગરૂપ સમાધિમાં રહે છે, અને જેમ ચિત્રમાં આલેખેલાં માણસોનાં પ્રાણ કે મન ચલિત થતાં નથી તેમ જેઓનાં પ્રાણ કે મન ચલિત થતાં નથી તેઓ, જેમાં મનના તથા દૃશ્યના સમાયોગનો ત્યાગ છે એવા ભૂમાનંદરૂપ પદમાં તુલ્યપણાથી રહે છે. જેમ ઈશ્વર અંદર સર્વદા સ્વરૂપાનંદમાં પ્રતિષ્ઠિત રહે છે અને બહાર માયાથી જગતની વ્યવસ્થાનું પાલન કરે છે, તેમ બ્રહ્મવેત્તા પુરુષો અંદર બ્રહ્માકાર અખંડ વૃત્તિ રાખે છે અને બહાર ચિત્તના તથા દૃશ્યોના ચલનથી વ્યવહારની સ્થિતિને પણ કરે છે.[5-7] જેમ ચંદ્રનાં સ્વચ્છ કિરણ પાંદડાંને અંદર આહ્લાદ કરે છે તેમ બ્રહ્મવેત્તાઓને વ્યવહારમાં દૃશ્યોના તથા દર્શનોના સંગમરૂપ ત્રિપુટીમાં પણ અભિવ્યક્ત થએલો નિરતિશય આનંદરૂપ આત્મા અંદર આહ્લાદ કરે છે માટે તેઓને સઘળો વ્યવહાર સુખરૂપજ લાગે છે.[8] એ લોકોને અંદર સ્વરૂપનું સુખ તો અત્યંત નિર્વિક્ષેપજ હોય છે. બિંબથી દૂર ગએલા અને ભીંત ઉપર નહિ પડેલા ચંદ્રના તેજનું જેવું નિર્વિક્ષેપરૂપ છે તેવું શુદ્ધ તત્ત્વનું નિર્વિક્ષેપ રૂપ છે.

* આ અડતાલીશમા સર્ગમાં જેની સત્તા, જેની સ્ફૂર્તિ અને જેનું સુખ કલ્પિત પદાર્થોમાં પ્રતિબિંબિત થાય છે તે બ્રહ્મનું, સર્વ દૃશ્યથી અલગ પાડીને વર્ણન કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ આત્મતત્ત્વ દૃશ્ય પણ નથી, ઉપદેશને લાયક પણ નથી, અત્યંત સમીપ પણ નથી, દૂર પણ નથી, પરંતુ કેવળ અનુભવથી પ્રાપ્ત થાય એવું શુદ્ધ ચૈતન્યરૂપ છે. હે રામચંદ્રજી ! દેહ પણ નથી, ઈંદ્રિય પણ નથી, પ્રાણ પણ નથી, ચિત્ત પણ નથી, વાસના પણ નથી, જીવ પણ નથી, ચલન પણ નથી, દૃશ્ય પણ નથી, જગત પણ નથી, કાર્ય પણ નથી, કારણ પણ નથી, મધ્ય પણ નથી, શૂન્ય પણ નથી, અશૂન્ય પણ નથી, દેશ પણ નથી, કાળ પણ નથી અને વસ્તુ વગેરે પણ નથી. જે કાંઈ છે તે બ્રહ્મજ છે બીજું કાંઇ નથી. આત્મપદ દેહાદિ સઘળી ઉપાધિઓથી રહિત છે અને હૃદયના સેંકડો ક્લેશોથી પણ રહિત છે.[૯-૧૩] હૃદયમાં જેના હોવાથીજ આ સઘળું દૃશ્ય સ્ફુરે છે તેજ આત્મપદ છે. એ આત્મતત્ત્વ માયાથી શબલ પણ નથી, પ્રલયરૂપ પણ નથી, વસ્તુ આદિરૂપ પણ નથી અને આ લોકમાં કે પરલોકમાં વાયુ વગેરેથી થતા શોષણાદિ વિકારોથી કદી પણ પોતાના સદ્રૂપમાંથી ભ્રષ્ટ થતું નથી. જેમ હજારો ઘડા ખંડિત થતાં પણ આકાશ ખંડિત થતું નથી તેમ હજારો દેહો જન્મતાં તથા મરતાં પણ સર્વના અધિષ્ઠાનરૂપ એ આત્મતત્ત્વ ખંડિત થતું નથી. હે આત્મવેત્તાઓમાં ઉત્તમ રામચંદ્રજી ! જોકે સઘળું દેહાદિક દૃશ્ય પણ આત્માજ છે તો પણ કેવળ સમજણના ફેરફારનેલીધે જાણે જરા જુદું હોય એમ પ્રતીત થાય છે. જો શ્રવણાદિથી વ્યુત્પન્ન થએલી બુદ્ધિથી જાણવામાં આવે તો સઘળું જગત આત્મમયજ છે.[૧૪-૧૭] તમે રાજાને યોગ્ય વ્યવહારો કરતા છતાં પણ શાંત રહો અને મમતાથી રહિત રહો. જે કાંઇ આ સ્થાવર-જંગમ જગત જોવામાં આવે છે તે સઘળું બ્રહ્મજ છે કે જે બ્રહ્મ ધર્મોથી રહિત છે, ગુણોથી રહિત છે, નિર્મળ છે, નિર્વિકાર છે, આદિથી તથા અંતથી રહિત છે, નિત્ય છે, શાંત છે અને સમ છે.[૧૮,૧૯] હે રામચંદ્રજી ! કાળ, ક્રિયા, કરણ, કર્ત્તા, નિદાન, કાર્ય, જન્મ, સ્થિતિ, પ્રલય અને સ્મરણ ઇત્યાદિ જે કાંઈ છે તે સઘળું બ્રહ્મજ છે, એમ આત્મદૃષ્ટિથી જોયા કરશો તો તમને ફરીવાર પણ સંસારમાં ભ્રમણ પ્રાપ્ત થશે કે ? નહિજ થાય. તમે સાક્ષાત્ બ્રહ્મરૂપજ છો.[૨૦]

कालक्रियाकरणकर्तृनिदानकार्यं जन्म स्थिति
प्रलयसंस्मरणादि सर्वम् ॥ ब्रह्मेति दृष्टवत ए
तवात्मदृष्ट्या भूयोपि किं भ्रमणमंग समं
एव ॥ २० ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વા
પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'બ્રહ્મૈકાત્મ્યપ્રતિપાદન'
એ નામનો અડતાલીશમો સર્ગ સંપૂર્ણ. ૪૮

સર્ગ ૪૯ મો.*

સંસાર વિચાર

॥ श्रीराम उवाच ॥

यदि नास्ति विकारादि ब्रह्मन् ब्रह्माणि बृंहिते।
तदिदं कथमाभाति भावाभावमयं जगत् ॥

રામચંદ્રજી પૂછે છે:-હે મહારાજ ! ત્રં પરિચ્છેદથી રહિત બ્રહ્મમાં જો વિકારાદિક હોય તો આ જન્માદિક વિકારોવાળું જગત કે પ્રતીત થાય છે ?[૧]

વસિષ્ઠ ઋષિ કહે છે:-હે રામચંદ્રજી ! થયા પછી પાછી પ્રથમની સ્થિતિ પ્રાપ્ત ન થાય એવો સ્વરૂપનો જે ફેરફાર તે વિકારાદિ કહેવાય છે કે જે દૂધ વગેરે પદાર્થોમાં જોવા આવે છે.[૨] દૂધ દહીં થયા પછી પાછું દૂધ ણાને પ્રાપ્ત થતું નથી, માટે વિકારવાળું કહેવા છે. બોધસ્વરૂપ બ્રહ્મ તો આદિમાં, અંતમાં ત

* આ ઓગણપચાશમા સર્ગમાં વિવર્ત્તાનું વિ રોથી વિલક્ષણપણું, અબોધબીજ અવિદ્યાનું હોવું બોધ થાય ત્યારે નજ હોવું કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધ્યમાં નિર્મળ બ્રહ્મરૂપજ રહે છે માટે જેમ દૂધ આદિ પદાર્થમાં વિકારીપણું છે તેમ બ્રહ્મમાં વિકારીપણું નથી. જે વસ્તુ આદિથી, અંતથી તથા વિભાગથી રહિત હોય તેમાં વિકારનો સંભવ હોયજ નહિ.[૩-૪] આદિમાં તથા અંતમાં સમતાથીજ રહેનારા બ્રહ્મની ક્ષણમાત્રમાં જે આ જગતરૂપ વિકૃતિ જોવામાં આવે છે તે વિકૃતિ નથી પણ વિવર્ત્તજ છે. કેમકે નિર્વિકારમાં વિકૃતિ સંભવેજ નહિ.[૫] (જે વસ્તુ આદિમાં તથા અંતમાં સમ હોય તેમાં આદિનો તથા અંતનો સ્પર્શ ન કરે એવો વિષમપણાનો જે પ્રતિભાસ થાય એ વિવર્ત્ત કહેવાય છે) બ્રહ્મમાં દૃશ્ય પણ નથી અને દર્શન પણ નથી માટે જગત બ્રહ્મનો સ્પર્શ કરતુંજ નથી. જે તત્ત્વ સંબંધથી રહિત અને કેવળ ચૈતન્યરૂપ છે તેજ "બ્રહ્મ" એ શબ્દથી કહેવાય છે.[૬] જે વસ્તુ આદિમાં તથા અંતમાં અસલ સ્થિતિથીજ રહેતી હોય તે વસ્તુ નિર્વિકારજ કહેવાય છે. એવી વસ્તુની અંદર મધ્યમાં જે અન્યપણું દેખાય, તે કેવળ અબોધથીજ દેખાય છે.[૭] આત્મા તો સર્વ દેશમાં તથા સર્વ કાળમાં આદિ, અંત તથા મધ્ય એઓમાં સમાનજ છે. એ આત્મતત્ત્વ પોતે કદી પણ અન્યપણાને પ્રાપ્ત થતું નથી.[૮] આ આત્મા રૂપથી રહિતપણાનેલીધે, એકપણાનેલીધે અને નિત્યપણાનેલીધે જન્મ, વૃદ્ધિ તથા અપક્ષય આદિ ભાવ વિકારોને કદી પણ વશ થતો નથી.[૯]

રામચંદ્રજી પૂછે છેઃ—અત્યંત નિર્મળ બ્રહ્મ સર્વદા એકરૂપેજ રહેલું હોય તો તેમાં તેથી વિરૂદ્ધ સ્વભાવવાળી અવિદ્યાની પ્રાપ્તિ કેમ સંભવે કે જેથી જગતરૂપ વિવર્ત્ત થાય ?[૧૦]

વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી ! આ સઘળું જગત બ્રહ્મજ હતું, બ્રહ્મજ છે અને બ્રહ્મજ હશે કે જે બ્રહ્મ નિર્વિકાર છે અને આદિથી તથા અંતથી રહિત છે. અવિદ્યા મુદ્દલ છેજ નહિ એવો સિદ્ધાંત છે.[૧૧] "બ્રહ્મ" ઇત્યાદિ નામો આપીને વાચ્યનો તથા વાચકનો જે ક્રમ બાંધવામાં આવ્યો છે તે પણ ઉપદેશનેવાસ્તે કલ્પિતજ છે માટે તેથી કોઇ જાતનું દ્વૈત થાય છે એમ સમજવું નહિ.[૧૨] તમે, હું, જગત, દિશાઓ, સ્વર્ગ, પૃથ્વી અને અગ્નિ આદિ જે કાંઇ છે તે સઘળું આદિથી તથા અંતથી રહિત બ્રહ્મજ છે, અવિદ્યા જરાપણ નથી.[૧૩] હે રામચંદ્રજી ! અવિદ્યા એ કેવળ નામ માત્રજ છે, ભ્રમમાત્ર છે અને મુદ્દલ છેજ નહિ એવો સિદ્ધાંત છે. અવિદ્યા કે જે મુદ્દલ છેજ નહિ તે સાચી કેમ થાય ?[૧૪]

રામચંદ્રજી પૂછે છેઃ—આપે ગઈ કાલે કહેલા **ઉપશમપ્રકરણમાં** તો "અવિદ્યા છે" એમ સ્વીકાર કરીને તેનો વિચાર ચલાવ્યો છે અને આજ "અવિદ્યા નથીજ" એમ કેમ કહો છો?[૧૫]

વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી ! તમે આટલા કાળસુધી અજ્ઞાની હતા તેથી આ કપોલકલ્પિત યુક્તિઓથી તમને સમજાવ્યા છે. "આ અવિદ્યા છે અને આ જીવ છે" ઇત્યાદિ કલ્પનાનો ક્રમ બ્રહ્મવેત્તાઓએ અપ્રબુદ્ધ લોકોને સમજાવવાનેવાસ્તેજ કલ્પેલો છે.[૧૬] જ્યાં સુધી મન પ્રબોધ ન પામ્યું હોય ત્યાંસુધી અવિદ્યા વગેરે શાસ્ત્રીય વ્યવહારની કલ્પનાવિના સેંકડો બરાડા પાડવાથી પણ તેને પ્રબોધ પ્રાપ્ત થાય નહિ.[૧૭] જીવને યુક્તિથીજ સમજાવીને આત્મામાં જોડવામાં આવે છે. ધારેલું કાર્ય જેવું યુક્તિથી સિદ્ધ કરી શકાય તેવું સેંકડો યત્નોથી પણ સિદ્ધ કરી શકાતું નથી.[૧૯] જે પુરુષ બોધ વગરના દુર્મતિ પુરુષની પાસે "સઘળું બ્રહ્મ છે" એમ બોલે તે પુરુષ ઠુંઠાને મિત્ર સમજીને તેની પાસે પોતાના દુઃખનું નિવેદન કરે છે એમ સમજવું.[૨૦] મૂઢને યુક્તિથી સમજાવાય છે, અને સમજુને તત્વથી સમજાવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુક્તિથી સમજાવ્યા વિના મૂઢને સમજણ આવેજ નહિ.[21] આટલા કાળસુધી તમે અબુદ્ધ હતા તેથી તમને યુક્તિથી સમજાવ્યા છે. હવે તમે પ્રબુદ્ધ થયા છો માટે તત્ત્વથી સમજાવું છું.[22] હું બ્રહ્મ છું, ત્રૈલોક્ય બ્રહ્મ છે, તમે બ્રહ્મ છો અને દૃશ્યો પણ બ્રહ્મ છે. બીજી કોઇ કલ્પનાજ નથી. માટે જેમ ઇચ્છા હોય તેમ વ્યવહાર કરો.[23] વ્યવહારથી વાસ્તવિક બ્રહ્મપણાની હાનિ થતી નથી. આ સઘળું જગત બ્રહ્મમાત્રજ છે કે જે બ્રહ્મ સઘળી ભ્રાંતિઓના બાધના અવધિરૂપ છે, ઇંદ્રિયો આદિથી અગમ્ય છે અને મહાચૈતન્યરૂપ છે. જે કાંઇ છે તે બ્રહ્મજ છે એવી અંદર દૃઢ ભાવના રાખીને વ્યવહાર કરશો તોપણ તેથી લેપાશો નહિ.[24] હે રામચંદ્રજી ! તમે ઉભતાં, ચાલતાં, શ્વાસ લેતાં અને સૂતાં પણ અંદર " હું સ્વયંપ્રકાશ, ચેતન અને વ્યાપક પરમાત્માજ છું " એવો અનુભવ કર્યા કરો.[25] તમે મમતાવગરના, અહંકારવગરના અને સારી પેઠે બુદ્ધિમાન હો તો શાંત, સર્વ પદાર્થોમાં રહેલ અને જ્ઞાનાત્મક બ્રહ્મરૂપ થાઓ.[26] આદિથી તથા અંતથી રહિત અને સ્વયંપ્રકાશ જે પરમપદ છે તે તમેજ છો. તમે સર્વવ્યાપક છો, એકાત્મક છો અને શુદ્ધ બોધમય છો.[27] બ્રહ્મ, આત્મા, તુરીય, અવિદ્યા તથા પ્રકૃતિ ઇત્યાદિ શબ્દોથી જે કાંઇ કહેવાય છે તે સઘળું અભિન્ન સદ્રૂપજ છે. જેમ સેંકડો ઘડામાં માટી એક છે તેમ સેંકડો પદાર્થોમાં બ્રહ્મ એકજ છે.[28] જેમ ઘડો માટીથી ભિન્ન નથી તેમ જગત આત્માથી ભિન્ન નથી. ઘડો જેમ મૃત્તિકામાત્રજ છે તેમ સઘળું જગત આત્મમાત્રજ છે.[29] જેમ પાણીની ચકરી થાય છે તેમ આત્માનો જે વિવર્ત્ત થયો છે તેજ જગત એ શબ્દથી કહેવાય છે. એટલા માટે જે કાંઇ છે તે આત્માજ છે.[30] જેમ ચલન અને પવન એઓ નામથી ભિન્ન છે પણ સત્તાથી ભિન્ન નથી તેમ આત્મા અને અવિદ્યા એઓ નામથી ભિન્ન છે. પણ સત્તાથી ભિન્ન નથી.[31] આત્માનો અને જગતનો ભેદ અબોધથીજ થયો છે, માટે બોધથી મટી જાય છે. જેમ રજ્જુમાં થએલો સર્પ અબોધથીજ સત્તાવાળો દેખાય છે તેમ આત્મામાં થએલું જગત અબોધથીજ સત્તાવાળું દેખાય છે.[32] ચૈતન્યરૂપ ક્ષેત્રમાં કલ્પનારૂપ જે બીજ પડ્યું છે તેથી ચિત્તરૂપી અંકુર થાય છે અને અંકુરમાંથી સંસારરૂપ વનખંડ ઉત્પન્ન થાય છે.[33] જો કલ્પનારૂપી બીજ આત્મજ્ઞાનથી બળી જાય તો પછી વાસનારૂપી જળોથી સારી પેઠે યત્નપૂર્વક સીંચાતા છતાં પણ ચિત્તરૂપી અંકુરને ઉત્પન્ન કરવામાં સમર્થ થતું નથી.[34] જો ચૈતન્યરૂપ ક્ષેત્રમાં કલ્પનારૂપ બીજ ન પડે તો ચિત્તોરૂપી અંકુરો ઉત્પન્ન થતા નથી, કે જે અંકુરોમાંથી સુખ-દુઃખોરૂપી ફળોવાળાં શરીરોરૂપી વૃક્ષો થાય છે.[35] દ્વૈત અસત્ છે, ભ્રાંતિથીજ ગ્રહણ કરવામાં આવ્યું છે, અબોધથીજ ઉત્પન્ન થયું છે અને બોધથી નષ્ટ થાય છે. માટે દ્વૈતને છોડી દો. કેમકે તમે બોધને પ્રાપ્ત થયા છો. તમે બ્રહ્માત્મભાવ વૈભવથી નિર્ભયસ્વરૂપ થઈ જાઓ. દુઃખ તો ત્રણે કાળે નથી એ મારો છેલ્લો ઉપદેશ છે.[36]

द्वित्वं जगत्यसदुपात्तमबोधजातं बोधक्षयं जहि हि बोधमुपागतोसि ॥ आत्मैकभावविभवं भवाभयात्मा नास्त्येव दुःखमिति नः परमार्थसारः ॥ ३६ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'સંસૃતિવિચારયોગ' નામનો ઓગણપચાશમો સર્ગ સંપૂર્ણ. ૪૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્ગ ૫૦ મો.*

ઇંદ્રિય સંવેદન વિચાર

॥ श्रीराम उवाच ॥

ज्ञातं ज्ञातव्यमखिलं दृष्टं द्रष्टव्यमक्षतम् ॥
परेण परिपूर्णाः स्मो ब्रह्मज्ञानामृतेन ते ॥१॥

રામચંદ્રજી પૂછે છેઃ—હે પ્રભો! જે કાંઇ જાણવાનું હતું તે સઘળું જણાઈ ચૂક્યું અને જે કાંઇ જોવાનું હતું તે સંપૂર્ણ રીતે જોવાઇ ચૂક્યું. આપના બ્રહ્મજ્ઞાનરૂપી પરમ અમૃતથી અમે પરિપૂર્ણ થયા છીએ.[૧] પૂર્ણ બ્રહ્મમાંથી ઉપાધિમાં પ્રવેશ કરીને નખની અણીપર્યંત ભરપૂર થએલું આ જીવતું રૂપ વાસ્તવિક રીતે બ્રહ્મજ છે. પૂર્ણ બ્રહ્મમાંથી અનુક્રમે જે આકાશાદિક ઉત્પન્ન થાય છે તે પણ પૂર્ણરૂપજ ઉત્પન્ન થાય છે. વાસ્તવિક રીતે પૂર્ણ બ્રહ્મથી પૂર્ણતાવાળું જીવતત્ત્વ જો અખંડ ઐક્યથી ભરપૂર થાય તો કલ્પિત અપૂર્ણતારૂપી ભ્રમ ટળી જતાં પૂર્ણમાં પૂર્ણપણુંજ રહે છે.[૨] હે મહારાજ! ઘણા લોકોના બોધને વધારવાનેવાસ્તે હવે એક વાત હું લીલાથી પૂછું છું, માટે પિતા જેમ બાળકના ઉપર કોપ ન કરે તેમ આપે મારા ઉપર કોપ નહિ કરવો.[૩] કાન, આંખ, ચામડી, જીભ અને નાક એઓ મરણ પામેલા પ્રાણીના શરીરમાં વિદ્યમાન છતાં પણ અને પ્રત્યક્ષ રીતે દેખાતાં છતાં પણ પોતપોતાના વિષયોને કેમ જાણતાં નથી? અને જીવતા માણસના શરીરમાં એઓ પોતપોતાના વિષયોને કેમ જાણે છે?[૪,૫] જો કહેશો કે "ઇંદ્રિયો ગોલકોથી જુદી છે, તેઓ જીવતા માણસના શરીરમાંજ રહે છે અને તે ઇંદ્રિયો પોતે બહાર નિકળી ઘટાદિકના બાહ્યપણાનો અનુભવ કરી પાછી અંદર પેસીને તે અનુભવને કહે છે" તો એ વાત ઘટતી નથી. કેમકે તેઓમાં ચેતનપણું પણ નથી અને કહેવાનું સામર્થ્ય પણ નથી. જો કહેશો કે "ઇંદ્રિયો બહારના ઘટાદિક પદાર્થને હૃદયમાં લઇ જઇ સ્થાપે છે તો એ વાત પણ ઘટતી નથી કેમકે હૃદયમાં પદાર્થોનું સ્થાપન થયું હોય તો હૃદયમાં વારંવાર તે પદાર્થોનો અનુભવ થવો જોઇએ. ઘટાદિક પદાર્થો હૃદયમાંથી પાછા બહાર નિકળતા પણ જોવામાં આવતા નથી." જો કહેશો કે "ઘટાદિક વિષયો પ્રથમ ચક્ષુ આદિ ઇંદ્રિયોને પોતાના પ્રદેશમાં ખેંચે છે અને પછી તે ખેંચાએલી ઇંદ્રિયો વિષયોને વીંટી હૃદયમાં રહેલા ભોક્તાની પાસે કોઈ અંશથી અંદર લાવે છે" તો એ વાત પણ ઘટતી નથી. ઘટાદિક વિષયો ગોલકોના પ્રદેશોસુધી આવતા નથી માટે તેઓ ઇંદ્રિયોને શી રીતે ખેંચી શકે? ઇંદ્રિયો રજ્જુની પેઠે ઘટાદિક વિષયોને વીંટાય છે એ વાત પણ ન મનાય એવી છે. ભિન્ન ભિન્ન પ્રદેશમાં ખોડેલી લોઢાની બે સળીયોની પેઠે ઘટાદિક વિષયોની અને ઇંદ્રિયોની ભિન્ન ભિન્ન દેશમાં સ્થિતિ છે માટે તેઓનો સંશ્લેષ કે પરસ્પરથી આકર્ષણ થવું સંભવતું નથી. નેત્રાદિકનાં અલ્પ છિદ્રોમાં ઘટાદિક સ્થૂલપદાર્થોનો પ્રવેશ થાય એ પણ અનુભવથી વિરૂદ્ધ છે. હે મહારાજ! હું જાણતાં છતાં પણ મૂર્ખ લોકોને સમજણ પાડવાનેવાસ્તે આવા વિષયો વારંવાર પૂછું છું, માટે આપે દયા કરીને સંપૂર્ણ રીતે તેઓના ઉત્તર આપવા.[૬-૮]

વસિષ્ઠ ઋષિ કહે છેઃ—"ઇંદ્રિયો ગોલકોથી જુદી નથી." એ વાત તો બહુજ અલ્પ કહો છો. એમજ કહો કે ઇંદ્રિયાદિ, ચિત્રાદિ અને ઘટાદિક કાંઈ પણ નિર્મળ ચૈતન્યથી જુદું સંભવતુંજ નથી.[૯] જો કલ્પનાથી દૃષ્ટાની અને દૃશ્યની ઉપપત્તિ માનતા હો તો પૂર્વ પૂર્વની વાસ-

* આ પચાશમા સર્ગમાં લિંગશરીરની ઉત્પત્તિ, અને ઇંદ્રિયોદ્વારા બહારના વિષયો અંદર આવવાનો ક્રમ કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાઓને અનુસારે ઇંદ્રિયાદિકથી ગોઠવાએલા લિંગશરીરની કલ્પનાની પણ ઉપપત્તિ છે માટે કશો વિરોધ આવતો નથી. ચૈતન્ય કે જે આકાશ કરતાં પણ અતિ સ્વચ્છ છે તેણે ચૈતન્યપણાનેલીધે પોતાનાજ સ્વરૂપને પૂર્વ પૂર્વની વાસનાઓના અનુસારે લિંગશરીરરૂપે કલ્પી લીધું છે કે જે લિંગશરીર જગતની સ્થિતિના મૂળપણાને પ્રાપ્ત થયું છે અને જેના અવયવોમાંથીજ ઇંદ્રિયાદિક તથા ઘટાદિક થએલ છે. ઇંદ્રિયદ્વારા બહાર નિકળેલું લિંગશરીરમાંનું ચિત્ત ઘટાદિકમાં વ્યાપી પોતાની વૃત્તિમાં પ્રતિબિંબિત થએલા ઘટાદિકને બાહ્ય જેવા આકારથી હૃદયમાં લઇ જઇને દેખાડે છે, જેથી કાલાંતરમાં સ્મૃતિ થાય છે અને સ્વપ્નમાં અંદર રહેલાનોજ બાહ્યપણાથી અનુભવ થાય છે. મુવેલા શરીરમાંથી તો લિંગશરીરરૂપ જીવ (**ઉત્પત્તિ પ્રકરણમાં** લીલાના આખ્યાનમાં દેખાડેલી રીતિપ્રમાણે) પોતાની કલ્પનાથીજ નિકળી જાય છે માટે ઘટાદિક પદાર્થોને દેખાડવા વગેરેનું સામર્થ્ય રહેતું નથી. આ રીતે સઘળા દોષોનો પરિહાર થાય છે.[૧૦-૧૨]

રામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ ! લિંગશરીર કે જે હજારો બ્રહ્માંડોને બનાવવાની શક્તિવાળું છે અને બ્રહ્માંડોનાં પ્રતિબિંબોનું ગ્રહણ કરનારા દર્પણરૂપ છે તેનું રૂપ કેવું છે તે કહો ?[૧૩]

વસિષ્ઠ ઋષિ કહે છેઃ—નહિ જાણવામાં આવેલું બ્રહ્મતત્ત્વજ લિંગશરીરનું મૂળ છે કે જે બ્રહ્મતત્ત્વ આદિથી તથા અંતથી રહિત છે, નિર્દોષ છે, શુદ્ધ ચૈતન્યમાત્ર છે અને કલ્પનાઓથી રહિત છે.[૧૪] એ બ્રહ્મતત્ત્વ આકાશાદિ ભૂતસૂક્ષ્મોને સ્રજી અપંચીકૃત ભૂતસૂક્ષ્મોથી લિંગશરીરને અને પંચીકૃત ભૂતસૂક્ષ્મોથી બ્રહ્માંડને સ્રજી લિંગશરીરની અંદર પ્રતિબિંબરૂપ કલ્પનામાં ઉન્મુખ થઈ અભિમાનથી પ્રાણોનું ધારણ કરવાથી જીવ કહેવાય છે. એ જીવ આ શરીરમાં વાસનાઓના ઉપચયથી પુષ્ટ થાય છે અને પુષ્ટ થઇને બહારના તથા અંદરના વ્યાપારો કરે છે.[૧૫] એજ જીવ અહંભાવ ધરવાથી અહંકાર કહેવાય છે, મનન કરવાથી મન કહેવાય છે, બોધ કરવાથી તથા નિશ્ચય કરવાથી બુદ્ધિ કહેવાય છે, દૃશ્યભૂત થવાથી ઇંદ્રિય કહેવાય છે,[૧૬] દેહની ભાવનાથી દેહ કહેવાય છે અને ઘટની ભાવનાથી ઘટ કહેવાય છે. સઘળા વ્યાપારોમાં સાધારણપણારૂપ સ્વભાવ ઉપરથી વિદ્વાનો તેનેજ લિંગશરીર કહે છે.[૧૭] જ્ઞાનેંદ્રિયના વ્યાપારથી જાણનારપણું, કર્મેંદ્રિયના વ્યાપારથી કર્ત્તાપણું, તે તે વ્યાપારોના ફળભૂત સુખ-દુઃખોના આશ્રયપણાથી ભોક્તાપણું અને સર્વનો ઉદાસીનપણાથી પ્રકાશ કરવાથી સાક્ષીપણું ઇત્યાદિ ધર્મોને અધ્યાસથી પોતામાં લેનારો જે અનુભવ છે, તે અનુભવ ચૈતન્યનું પ્રાધાન્ય લઈને જીવ કહેવાય છે અને જડ ભાગનું પ્રાધાન્ય લઇને લિંગશરીર કહેવાય છે.[૧૮] એ જીવ બુદ્ધિના આકારોનો કાળના ભેદથી ભેદ થવાને લીધે કામ, ક્રોધ, હર્ષ તથા ખેદ ઇત્યાદિથી રંગાઇને જાણે જુદા જુદા પ્રકારનો હોય એવો થઇ જાય છે અને કાળે ક… લિંગશરીરરૂપ સ્વભાવનેલીધે જેમાં અનંત વાસનાઓરૂપ કણિકાઓનો ઉદય થાય છે એવા આકારને પામે છે.[૧૯] જેમ જળના સેચનને લીધે બીજનો અંકુર તથા પલ્લવાદિ આકાર થાય છે, તેમ વાસનાઓના સેચનનેલીધે શરીરાદિ સ્થાવરાદિક તથા જંગમાદિક આકાર થાય છે.[૨૦] આ પ્રમાણે થતાં જીવ " હું આદ્ય ચિદાત્મા નથી પણ શરીરાદિરૂપજ છું. " એવા મિથ્યાજ્ઞાનને પ્રાપ્ત થાય છે.[૨૧] અનાદિ કાળની વાસનાઓથી ઘેરાએલો જીવ, જેમ તરંગોથી અથડાતું કાષ્ઠ સમુદ્રમાં ભમ્યા કરે છે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસારસમુદ્રમાં ઉંચી નીચી યોનિઓમાં ભમ્યા કરે છે.[૨૨] એઓમાંકોઇ સાત્ત્વિક જાતિનો જીવ પૂર્વ કલ્પનો ભવબંધ ભોગવી રહ્યા પછી આ કલ્પના આરંભમાં પહેલા જન્મમાંજ આત્માને જાણીને આદિથી તથા અંતથી રહિત પદને પ્રાપ્ત થાય છે,[૨૩] અને કોઈ જીવ આ કલ્પમાં અનેક અનેક યોનિઓના ભોગથી દુઃખી થઇ ઘણે કાળે આત્મજ્ઞાન પામીને, પોતાના પરમ પદને પ્રાપ્ત થાય છે.[૨૪] હે ઉત્તમ બુદ્ધિવાળા રામચંદ્રજી! શરીરપણાને પામેલો, એવા રૂપવાળો જીવ જે રીતે ઘટાદિક પદાર્થોનો ચક્ષુ આદિથી પોતાની અંદર અનુભવ કરે છે તે રીતિ હું કહું છું તે સાંભળો.[૨૫] લિંગશરીરમાં પ્રતિબિંબિત થઇને રહેલો એ ચૈતન્યાત્મક જીવ મનસહિત છ ઈંદ્રિયોવાળા આ દેહમાં રહે છે, કે જેથી દેહની અંદર આવેલાં સુખ-દુઃખાદિકનો અનુભવ કરે છે.[૨૬] જ્યારે બીજા ઘટાદિક બાહ્ય પદાર્થોને જોવાનું હોય ત્યારે જેમ જળ તળાવમાંથી નિકળી ધોરીયાદ્વારા બહાર જાય છે તેમ તે જીવ દેહમાંથી નિકળી ચક્ષુ આદિ દ્વારથી બહારના ઘટાદિક સુધીના આકાશમાં જાય છે. તે સમયે એ ઘટાદિક બાહ્ય પદાર્થ ચક્ષુ આદિ દ્વારથી નિકળીને આવેલા જીવચૈતન્યથી તેની વૃત્તિદ્વારા વ્યાપ્ત થવાને લીધે વિષયપણાને પ્રાપ્ત થાય છે.[૨૭] આવી રીતનો ઇંદ્રિયદ્વારા બાહ્ય પદાર્થનો સંબંધ જીવતાનેજ થાય છે પણ સુવેલાને કે મુક્તને થતો નથી.[૨૮] અંતઃકરણની વૃત્તિરૂપ અથવા નેત્રના કિરણરૂપ અતિ સ્વચ્છ વસ્તુમાં બહારના આકાશની અંદર રહેલા ઘટાદિક પદાર્થનો પ્રતિબિંબ પડે છે, અને તે પ્રતિબિંબ વૃત્તિની અંદર રહેલા જીવની સાથે સંશ્લેષ પામે છે. જો કે આ સમયમાં તે જીવ શરીરથી બહાર છે તો પણ શરીરથી બહાર પ્રાણોનું ધારણ કરતો નથી. તેથી "હું હમણાં બહાર રહીને ઘટાદિકનો અનુભવ કરૂં છું" એમ તેના અનુભવમાં આવતું નથી. કેમકે જ્યાં પ્રાણની વ્યાપ્તિ હોય ત્યાંજ અહંતાનો અવમર્શ થાય છે પણ બહાર થતો નથી.[૨૯] જ્યારે નેત્રની કીકીઓ પડલ આદિ દોષોના રહિતપણાને લીધે અત્યંત સ્વચ્છ તથા નવીન રત્ન જેવી હોય છે ત્યારે તેઓમાં ઘટાદિકના પ્રતિબિંબસહિત ચિત્તની વૃત્તિ પાછી પેસે છે. આવી રીતે નેત્રની કીકીઓદ્વારા અંદર પેઠેલો પ્રતિબિંબરૂપ પદાર્થ "હું છું" એવા અભિમાનવાળા જીવની સાથે સંશ્લેષ પામે છે.[૩૦] હે રામચંદ્રજી ! આ રીતે ઘટાદિક બાહ્ય પદાર્થ બહાર દેખાતાં છતાંજ હૃદયની અંદર અહંકાર ધરાવનારા જીવના જાણવામાં આવે છે.[૩૧] જે પદાર્થ પોતાની સાથે સંશ્લેષ પામે તે પદાર્થને બાળ, પશુ અને સ્થાવર પણ જાણે છે ત્યારે જીવ શામાટે ન જાણે ?[૩૨] સ્વચ્છ ચક્ષુ ઇંદ્રિયોનાં કિરણો ઉપર કહેલી રીતિપ્રમાણે વૃત્તિદ્વારા જીવચૈતન્યથી વીંટાઇને આગળ રહેલા દૃશ્યનું અત્યંત આલિંગન કરે છે, કે જેથી જીવ તે દૃશ્યનો સંપૂર્ણ અનુભવ કરે છે.[૩૩] સ્પર્શમાં, રસમાં અને ગંધમાં પણ ચિત્તની વૃત્તિના સંબંધથી થતો જીવના સ્પર્શનો ક્રમ આ પ્રમાણેજ સમજવો.[૩૪] શબ્દ તો આકાશમાં રહેનાર હોવાથી કાનના આકાશમાં જઇને ક્ષણમાત્રમાં અંદર જીવનો સ્પર્શ કરે છે. શબ્દને વૃત્તિમાં પ્રતિબિંબિત થવાની જરૂર રહેતી નથી. ઇંદ્રિયોસંબંધી સઘળા જ્ઞાનોનું નિરૂપણ એ પ્રમાણે છે.[૩૫]

રામચંદ્રજી પૂછે છેઃ—મનમાં, અરીસામાં, કાચમાં, ધાતુના યંત્રોમાં અને નવપલ્લવાદિકમાં ઘટાદિકનું તથા મુખાદિકનું જે પ્રતિબિંબ પડે છે તે પ્રતિબિંબ શી વસ્તુ છે એ મને કહો.[૩૬]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસિષ્ઠ ઋષિ કહે છેઃ–હે બ્રહ્મવેત્તાઓમાં ઉત્તમ રામચંદ્રજી! વ્યષ્ટિ જીવ તથા સમષ્ટિ જીવ કે જેઓ સાચા ચૈતન્યરૂપ બિંબના પ્રતિબિંબરૂપ છે તેઓનું પ્રતિબિંબાત્મકરૂપ પણ બિંબથી ન્યારૂં નિરૂપણ કરી શકાતું નથી; ત્યારે મુખનું પ્રતિબિંબ તથા ઘટનું પ્રતિબિંબ કે જેઓ પોતે પણ અત્યંત જડ છે અને તેઓનાં બિંબ પણ અત્યંત જડ છે તેઓનું સ્વરૂપ નિરૂપણ કરવાને અત્યંત અશક્ય હોય તેમાં શું જ કહેવું. જે પ્રતિબિંબ છે તે ચૈતન્યની એક જાતની ભ્રાંતિજ છે એમ સમજો.[37] પ્રતિબિંબજ ભ્રાંતિમાત્ર છે એમ નથી પણ સઘળું જગત ભ્રાંતિમાત્ર છે માટે તમે જગતમાં સત્યપણાનો વિશ્વાસ રાખો નહિ. જેમ તરંગ જળથી જુદો નથી પણ જળજ છે તેમ પ્રપંચ ચૈતન્યથી જુદો નથી પણ ચૈતન્યજ છે.[38] પરમાત્મારૂપ સમુદ્રમાં દેશ, કાળ તથા ક્રિયાઓ વગેરે તરંગો છેજ નહિ. સર્વ દેશમાં, સર્વ કાળમાં તથા સર્વરૂપે જે કાંઈ પ્રતીત થાય છે તે એક આત્માજ છે.[39] હે રામચંદ્રજી! તમે સર્વદા અનાસક્ત બુદ્ધિવાળા, આનંદથી ભરપૂર, શાંત બુદ્ધિવાળા અને સઘળા સંસાર નામના રોગરૂપી માયાથી રહિત થઇને બ્રહ્મસ્વભાવમાંજ રહો.[40]

नित्यमसक्तमतिर्मुदितात्मा शांतमृषा सुखदुःखविदंतः ॥ तिष्ठ निविष्टमतिः समतायामस्तसमस्तभवामयमायः ॥ ४० ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'અક્ષસંવેદનવિચારયોગોપદેશ' એ નામનો પચાશમો સર્ગ સંપૂર્ણ. ૫૦

સર્ગ ૫૧ મો.*

અબોધથી જીવાદિ ભ્રાંતિ અને બોધથી બ્રહ્મરૂપતા.

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

न पुनर्भवतः पूर्वं संपन्नाश्चक्षुरादयः ॥
यथा कमलजस्यैतत् सर्वमेव त्वया श्रुतम् ॥

વસિષ્ઠ ઋષિ કહે છેઃ–જેમ બ્રહ્માને ચક્ષુ, મન કે દેહ આદિ કાંઈ થયુંજ નથી, તેમ તમને પણ ચક્ષુ, મન કે દેહ આદિ કાંઇ થયુંજ નથી. એવી રીતનું મારા વચનનું સ ઘણું તાત્પર્ય તમારા જાણવામાં આવ્યું હશે. જેમ બ્રહ્માના લિંગશરીરને સૃષ્ટિનાં આરંભમ વ્યવહાર કરવાના પદાર્થોનું જ્ઞાન ઉદય પામ્ છે; તેમજ બીજાના લિંગશરીરોને પણ તે જ્ઞા ઉદય પામ્યું છે.[2] ગર્ભમાં રહેતાંજ જેને ચ આદિ ઇંદ્રિયોનો ઉદય પ્રાપ્ત થાય છે એ લિંગશરીરરૂપ જીવ જે જે વસ્તુની જે રી ભાવના કરે છે તે તે વસ્તુને પોતાની વાસનાને લીધે તે રીતનીજ દેખે છે.[3] જેમ બ્રહ્માના મનના વ્યાપારમાં પોતાનો અનુભવજ ઇંદ્રિયોરૂપે તે ઇંદ્રિયોના વિષયોરૂપે થએલછે તેમ તમારા મન વ્યાપારમાં પણ તમારો અનુભવજ ઇંદ્રિયોરૂ તથા ઇંદ્રિયોના અનુભવરૂપે થએલ છે એ મારૂં કહેવું છે.[4] અનિંદિત શુદ્ધ ચૈતન્યાત અનુભવ કે જે એકજ છે તે પાછળથી જો અહંભાવરૂપ જીવપણાથી તથા લિંગશરી ણાથી યુક્ત થાય છે તોપણ તેનું શુદ્ધપ અબાધિતજ રહે છે.[5] કેમકે નિર્દોષ ચૈત એક છે, અંતથી રહિત છે અને ઇંદ્રિયાદિક અગમ્ય છે. માટે તેમાં દેશ–કાલાદિકના પ ચ્છેદવાળા તથા સ્થૂલપણાવાળા દ્વૈતપદાર્થ

* આ એકાવનમા સર્ગમાં " જીવ, ઇંદ્રિયો, દેહ અને લિંગશરીર ઇત્યાદિક ભ્રાંતિઓ અબોધથી છે. બોધમાં તો એક બ્રહ્મજ અવશેષ રહે છે." કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોવું ઘટતુંજ નથી.[૬] ચૈતન્યને દૃશ્યોના અધ્યારોપમાત્રથી મનપણું, જીવપણું તથા લિંગશરીરપણું પ્રાપ્ત થાય છે માટે વાસ્તવિક રીતે તે કાંઇ પણ પ્રાપ્ત થયું ન કહેવાય. અવિદ્યાનો વિલાસ કે જે મનપણા વગેરેની પ્રાપ્તિનું મૂળ છે તે મુદ્દલ છેજ નહિ એટલે પછી મનપણા વગેરેની વાસ્તવિક પ્રાપ્તિ ક્યાંથી હોય ? જે કાંઇ છે તે સર્વદા પરમાત્માજ છે, કે જે પરમાત્મા મૂઢ લોકોને શૂન્ય સમાન લાગે છે અને મન આદિ છ ઇંદ્રિયોથી અગમ્ય છે.[૭,૮] "સંકલ્પાત્મક ચૈતન્યરૂપ જીવ પરમાત્મામાંથી ઉત્પન્ન થાય છે" ઇત્યાદિ જે કહેવામાં આવે છે તે તો ઉપદેશનેવાસ્તે કલ્પનાથીજ કહેવામાં આવે છે; કેમકે પરમાત્મામાં જીવપણું વગેરે કેવળ ભ્રમજ છે.[૯] જેનું નિદાન શોધવા યોગ્ય નથી પણ ચિકિત્સાજ શોધવા યોગ્ય છે અને મૂળની કલ્પના વગેરે તો જેની ચિકિત્સાનો ઉપાય છે એવો અવિદ્યારૂપી રોગ ગુરુશાસ્ત્રાદિકના ઉપદેશથી અને વિચારથી લીન થઇ જાય છે ત્યારે નિરાકાર સ્વરૂપજ્ઞાનજ અવશેષ રહે છે કે જેની પાસે આકાશ પણ પરમાણુની પાસે મોટા પહાડની પેઠે સ્થૂલ છે.[૧૦,૧૧] હે રામચંદ્રજી! તમે જગતસંબંધી વિષયોને છોડી દઇ જીવન્મુક્ત થઇને તે સત્ય સ્વરૂપમાંજ રહો કે જે સ્વરૂપમાં આ અનેક ક્રિયાઓવાળું અને વ્યાવહારિક સત્તાવાળું જગત પણ શૂન્ય જેવું થઇ રહ્યું છે.[૧૨] અવિદ્યાનું સ્વરૂપ મિથ્યામયજ છે તે એટલામાટે કે અવિદ્યા અવલોકન કરવાથી એવી તો નષ્ટ થઇ જાય છે કે પાછી દેખાતીજ નથી.[૧૩] મિથ્યા વસ્તુનું અવલોકન કરવામાં આવે એટલે પછી તેનો પત્તો કેમજ મળે. અત્યંત પ્રયત્ન કરતાં છતાં પણ ઝાંઝવાંનું પાણી કોઇના હાથમાં આવ્યું છે ?[૧૪] આ જગત અસત્ છતાંજ સત્ લાગે છે. કેમકે મિથ્યાભૂત અજ્ઞાનથીજ જગતની સત્યતા છે. જો જ્ઞાન થાય તો યથાસ્થિત વસ્તુ જોવામાં આવે છે અને ભ્રમ નષ્ટ થઇ જાય છે.[૧૫] અવિદ્યા જો કે અત્યંત અસત્ છે તોપણ સત્ય આત્માની સન્નિધિથીજ તેની જીવ તથા લિંગશરીર આદિ કલ્પના કલ્પવામાં આવી છે. અવિદ્યાનો વિચાર આટલોજ છે.[૧૬] શાસ્ત્રોએ જીવને ઉપદેશ દેવાનેવાસ્તેજ અવિદ્યાને લઇને જીવ તથા લિંગશરીર આદિની કલ્પના કરેલી છે. હું તમને પ્રબોધનેવાસ્તે એ કલ્પના કહું છું તે એક ચિત્તથી સાંભળો.[૧૭] જાણે જીવપણાને પામેલું હોય એવું, જાણે લિંગશરીરમાં રહેલું હોય એવું અને જાણે કલ્પનારૂપ કલંકથી યુક્ત થયું હોય એવું ચૈતન્ય જ્યારે બાહ્ય પદાર્થોના દર્શનમાં ઉત્સુક થાય છે ત્યારે જે વસ્તુની જેવી રીતની ભાવના કરે છે તે વસ્તુને તુરત તેવી રીતનીજ અનુભવે છે. રાત્રે બાળકે કલ્પેલો યક્ષ તેની દૃષ્ટિથી સાચો છે પણ સમજુની દૃષ્ટિથી ખોટો છે; તેમ આ જગત મૂર્ખની દૃષ્ટિથી સાચું છે અને વિદ્વાનની દૃષ્ટિથી ખોટું છે.[૧૮,૧૯] જીવચૈતન્ય જ્યારે પંચીકરણાત્મક દેહની કલ્પનાને સાચી માને છે ત્યારે તે દેહમાં ઉદય પામેલાં ઇંદ્રિયોનાં દ્વારોને દેખે છે અને તન્માત્રાઓમાંથીજ ઉત્પન્ન થએલાં બહારનાં પંચભૂતો કે જેઓ સ્વરૂપથી ભિન્ન નથી તેઓને પણ ભિન્ન જેવાં દેખે છે. જેમ એક અંકુરમાંથીજ સેંકડો શાખાઓ થાય છે તેમ એક ચૈતન્યમાંથી કલ્પનાનેલીધે આ સઘળું બ્રહ્માંડ થયું છે.[૨૦,૨૧] પછી "આ ઇંદ્રિય, મન તથા પ્રાણાદિક અંદરના પદાર્થ છે અને ઘટાદિક બહારના પદાર્થ છે" એવા નિશ્ચયને પ્રાપ્ત થએલો જીવ જે વાસનાને જે પ્રકારથી લે છે તે વાસનાને તે પ્રકારથી દૃઢ કરી મેલે છે.[૨૨] વિષયોના તથા ઇંદ્રિયોના સંયોગથી અભિવ્યક્ત થતું સુખ જો કે આત્માના સ્વરૂપાનંદનું પ્રતિભાસન છે તોપણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને તે જીવ તુરત બહારના પદાર્થોથી થતું માની લે છે. ચંદ્રના કિરણોનું જળ જેમ ચંદ્રનુંજ પ્રતિભાસન છે તેમ સઘળું સુખ આત્માનુંજ પ્રતિભાસન છે.[૨૩] જેમ મરીમાં તીક્ષ્ણપણું રહ્યું છે અને આકાશમાં શૂન્યપણું રહ્યું છે તેમ આત્મામાં આનંદપણું રહ્યું છે. એ આત્માનો આનંદજ મૂર્ખ લોકોને વિષયાદિકથી થતો લાગે છે.[૨૪] સંસારસંબંધી વિષયભોગોમાંજ પુરુષાર્થપણાનો નિશ્ચય બાંધી વિનાશી સુખનોજ ઉદ્દેશ રાખીને "અમુક કર્મો આમ કરવાં જોઇએ અને અમુક કર્મો આમ કરવાં જોઇએ" એવી રીતે લૌકિક તથા વૈદિક કર્મોના આચરણોનો નિયમ અત્યંત દૃઢ કરવામાં આવ્યો છે.[૨૫] રાગકૃત પ્રવૃત્તિ અને શાસ્ત્રકૃત પ્રવૃત્તિ એ રીતે બન્ને પ્રકારની પ્રવૃત્તિનો નિયમ જો કે સંકલ્પમયજ છે તોપણ સ્વભાવનેલીધે કોઇ સમયે રાગકૃત પ્રવૃત્તિ થાય છે અને કોઈ સમયે શાસ્ત્રકૃત પ્રવૃત્તિ થાય છે.[૨૬] જેમ શેલડીના રસથી ખાંડ બને છે અને માટીથી ઘડો બને છે તેમ આ સઘળું દ્વૈત આત્માથીજ બનેલું છે માટે અદ્વૈતજ છે.[૨૭] શેલડીના રસમાં તથા માટીમાં તો દેશ તથા કાળ વગેરેના સંભવનેલીધે આકારની ગોઠવણ તથા વિકાર આદિ સંભવે છે પણ બ્રહ્મમાં તો દેશકાલાદિકનો અસંભવ હોવાનેલીધે આકારની ગોઠવણ તથા વિકારાદિક કાંઇ સંભવતુંજ નથી.[૨૮] જેમ વૃક્ષમાં પેઠેલું જળ પત્રપુષ્પાદિરૂપ વિચિત્રતાથી ઉદય પામીને એક છતાં પણ દ્વિત્વનું ધારણ કરે છે તેમ આપણા સ્વરૂપનો સત્તારૂપી રસ ઘટ, પટ તથા ભીંત આદિરૂપ વિચિત્રતાથી ઉદય પામીને એક છતાં પણ દ્વિત્વનું ધારણ કરે છે. જે બ્રહ્મ છે તેણે પોતામાં પોતાની કલ્પનાથીજ દ્વિત્વનું સંપાદન કર્યું છે એમ સમજવું.[૨૯,૩૦] જેમ વાદળું ગ્રીષ્મ ઋતુમાં સૂર્યની પ્રભારૂપે રહે છે, વરસાદના આરંભમાં મેઘરૂપે રહે છે અને તે પછી જળરૂપે પૃથ્વીમાં પેસીને અંકુરાદિકરૂપે રહે છે તેમ આત્મા પણ કાળના ભેદનેલીધે તે તે પદાર્થરૂપ થઇને રહે છે. જો કે આ જગતરૂપી વિવર્તના નિયમનો ક્રમ કલ્પિતજ છે તોપણ તેમાં કોઇથી કશો ફેરફાર કરી શકાય એમ નથી. "અમુક વસ્તુએ આ પ્રમાણેજ હોવું જોઇએ" એવી રીતનો બ્રહ્મમાં જે પ્રસિદ્ધ ક્રમ કલ્પાએલો છે તેને તોડવામાટે જગતમાં કોણ સમર્થ છે ? કોઇ નથી.[૩૧-૩૨] અરીસાની પેઠે સ્વચ્છપણું ધરાવનારા આકાશમાં આકાશનો ભાગ અથવા આકાશનું કાર્ય આકાશથી પોતાની જુદાઈ નહિ હોવાનેલીધે પ્રતિબિંબિત થતું નથી પણ કેવળ આકાશજ પ્રકાશે છે.[૩૩] પણ માયોપાધિક બ્રહ્મમાં તે એથી ઉલટી રીતિ છે. બ્રહ્મમાં બ્રહ્મજ પોતે નિરાકાર છતાં પણ સઘળી વસ્તુઓરૂપે દીપે છે, જીવરૂપે પ્રતિબિંબિત થાય છે અને ભેદની કલ્પનાથી દ્વૈતરૂપ થાય છે. ચૈતન્યમાં એમ બને એ ચૈતન્યનો સ્વભાવજ છે.[૩૪] સૃષ્ટિના આરંભમાં જે સ્વભાવરૂપે આત્માનું સ્ફુરણ થયું છે તે સ્વભાવ જો કે મિથ્યા છે તોપણ આત્માની સત્તાનેલીધે સત્ય જણાય છે માટે સંસારસંબંધી સ્વાભાવિક નિયમો કદી પણ ફેરફાર પામતા નથી.[૩૫] જેમ સુવર્ણના ગઠ્ઠામાં સુવર્ણપણું સત્ છે અને કડાંપણું અસત્ય છે તેમ આત્મામાં ચૈતન્યપણું સત્ છે અને જડ જગતપણું અસત્ છે.[૩૬] ચૈતન્ય સર્વવ્યાપક હોવાનેલીધે ચૈતન્યના પહેલા કાર્યરૂપ મનમાં ચૈતન્યપણું અને જડપણું એ બન્ને દેખાય છે. તેમાં કડાંના સોનાપણાની પેઠે ચૈતન્યપણું નિત્ય છે તેથી સર્વદા દેખાય છે અને જડપણું કોઈ સમયેજ દેખાય છે.[૩૭] આ રીતે ચૈતન્યપણાના તથા જડપણાના મિશ્રણરૂપ ચિત્તના સંકલ્પથી જ્યારે જે પ્રકારથી દેવપણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નરપણાની કે સ્થાવરપણા વગેરેની ભાવના કરે છે, ત્યારે તે પ્રકારથીજ દેવપણાને, નરપણાને તથા સ્થાવરપણાને અનુભવે છે.[૩૮] ચૈતન્યપણાનેલીધે અંદર વાસનારૂપ કલીઓના ઉદયથી જેણે વિચિત્ર આકારોની ભાવના કરી હોય છે એવો જીવ કાલના ભેદથી ભિન્ન ભિન્ન આકારોવાળો થઇ જાય છે.[૩૯] જેમ સ્વપ્નમાં જોવામાં આવેલું ગામ, બીજી વનાદિકની સત્તા જોવામાં આવવાથી વનાદિકપણાને પ્રાપ્ત થાય છે તેમ આ જીવ પણ એકદેહપણાથી બીજા દેહપણાને પ્રાપ્ત થાય છે કેમકે દેહોની પ્રાપ્તિ પ્રતિભાસરૂપજ છે.[૪૦] જેમ સ્વપ્નમાં દેખવામાં આવતો માણસ ભીંત થઇને લુગડું થઈ જાય છે તેમ આ મિથ્યા દેહ પણ પોતાની મેળે દેહાંતર થઈ જાય છે.[૪૧] જીવ મરે છે એ પણ ખોટું છે અને જન્મે છે એ પણ ખોટું છે. કેમકે જન્મ-મરણ સ્વપ્નની પેઠે તથા દેહાંતરની પેઠે પ્રાતિભાસિકજ છે.[૪૨] જુવાનીની પેઠે અને વૃદ્ધપણાની પેઠે બીજો દેહ આ દેહનો પરિણામ થાય છે એમ સમજવું નહિ. કેમકે આ દેહ બાલ્યાદિક અવસ્થાઓના ભેદમાં પણ 'એનો એ છે' એમ ઓળખવામાં આવે છે અને ભૂત તથા ભવિષ્ય દેહો 'એના એ છે' એમ ઓળખવામાં આવતા નથી એટલા માટે ભ્રાંતિરૂપજ છે અને વાસનાથીજ ઉત્પન્ન થાય છે. દેહ પ્રત્યક્ષ રીતે મરતો અને બળતો જોવામાં આવે છે માટે તેજ દેહ દેહાંતર થવો કેમ સંભવે એવી શંકા રાખવી નહિ. કેમકે બીજાં માણસોને મરનારનો જે દેહ મરેલો તથા બળતો જોવામાં આવે છે તે દેહ તે બીજા માણસોની અવિદ્યાથી કલ્પાએલો હોય છે, મરનારની વાસનાથી કલ્પાએલો જે દેહ હોય છે તે દેહાંતરપણાને પ્રાપ્ત થાય છે.[૪૩] હે બ્રહ્મવેત્તાઓમાં ઉત્તમ રામચંદ્રજી ! દીઠેલી અને નહિ દીઠેલી વસ્તુઓ પણ સ્વપ્નમાં અનુભવવામાં આવે છે એ વાત પ્રસિદ્ધ છે તે પ્રમાણે આ જગત પણ જીવનું એક જાતનું સ્વપ્નજ છે. માટે તેમાં પૂર્વે નહિ દીઠેલાં દેવાદિક શરીરો પણ પ્રાપ્ત થાય છે.[૪૪] જેમ દેહાંતરની પ્રાપ્તિ થવી એ વાસનામય સ્વપ્નજ છે તેમ મહાવાક્યથી થએલા બ્રહ્મસાક્ષાત્કારથી પ્રાપ્ત થતો બ્રહ્મભાવ પણ વાસનામય સ્વપ્નજ કેમ ન હોય એવી શંકા કરવી નહિ; કેમકે તુરીય દૃષ્ટિથી જોએલો અને शिवमद्वैतं चतुर्थं मन्यंते ઈત્યાદિ શ્રુતિવાક્યોએ કહેલો પરમાત્મા સઘળી વાસનાઓના અધિષ્ઠાનરૂપ હોવાથી વાસનામય ઘટેજ નહિ. એટલામાટે પરમાત્મા શુદ્ધ ચૈતન્યમાત્રજ છે.[૪૫] સ્વપ્નમાં જેમ પૂર્વે દીઠેલો પદાર્થ જોવામાં આવે છે તેમ નહિ દીઠેલો નવો પદાર્થ પણ જોવામાં આવે છે, તે રીતે આ સંસારરૂપ સ્વપ્નમાં પૂર્વે જોયેલાં શરીરો પણ જોવામાં આવે છે અને નહિ જોયેલાં શરીરો પણ જોવામાં આવે છે.[૪૬] જેમ ગઈ કાલે કરેલું કુકર્મ આજ યત્નપૂર્વક કરેલા સુકર્મથી ટળી જાય છે તેમ અનાદિ કાળની વાસના પણ આજ કરવામાં આવતા પુરુષાર્થથી ટળી જાય છે; માટે વાસનાઓને ટાળી નાખવાનોજ પાકો પુરુષાર્થ કરવો જોઇએ.[૪૭] પ્રાણીઓની ચક્ષુ આદિ ઈંદ્રિયો દેશ-કાલના યોગથી જન્મ-મરણ આદિ પ્રાપ્ત થતાં કેવળ આવિર્ભાવને અને તિરોભાવને પ્રાપ્ત થાય છે પણ અત્યંત શાંત થતી નથી. તેઓની અત્યંત શાંતિ તો મોક્ષથીજ થાય છે.[૪૮] જેમ બાળકે મનથી કલ્પેલો મોટો યક્ષ મિથ્યા છતાં પણ આગળ આવીને ઉભો રહે છે તેમ મોક્ષ ન થાય ત્યાંસુધી વાસનાથી કલ્પાયેલો પંચભૂતાત્મક દેહ મિથ્યા છતાં પણ આગળ આવી ઉભો રહે છે. કોઈ રીતે સ્થૂલદેહનું નિવારણ કરી શકાય છે પણ લિંગદેહનું નિવારણ તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોક્ષવિના કરી શકાતુંજ નથી.[૪૯] મન, બુદ્ધિ, અહંકાર તથા પાંચ તન્માત્રાઓ એઓ મળીને લિંગશરીર કહેવાય છે અને તે લિંગશરીર નિરાકારજ છે.[૫૦] લિંગશરીર નિરાકાર છતાં પણ અત્યંત પુષ્ટ છે, વાયુરૂપ છતાં પણ મોટી ઝાડી જેવું દુર્ભેદ્ય છે અને સૂક્ષ્મ છતાં પણ મેરૂ પર્વત જેવું દૃઢ છે.[૫૧] એ લિંગશરીર વૈરાગ્યાદિના અભ્યાસથી અને શમાદિક સાધનોની સંપત્તિના ક્રમથી શાંત થાય તોજ મુક્તિ પ્રાપ્ત થાય છે. સુષુપ્તિ અને સ્વપ્ન એ રીતે લિંગશરીરની બે અવસ્થાઓ છે. તેમાં સુષુપ્તિ અવસ્થામાં સઘળા જડ પ્રપંચનો વાસનારૂપે ઉપસંહાર થાય છે અને સ્વપ્ન અવસ્થામાં જડ પ્રપંચની પ્રતીતિ થાય છે. એ લિંગશરીર મોક્ષની પ્રાપ્તિ થતાંસુધી સ્થાવર-જંગમ આકારોથી ભમ્યાજ કરે છે. સર્વ જીવોને આ લિંગશરીર કોઇ સમયે સુષુપ્તિ અવસ્થામાં રહે છે અને કોઇ સમયે સ્વપ્ન અવસ્થામાં રહે છે. લિંગશરીરની સર્વથા શાંતિ તો મોક્ષમાંજ છે.[૫૨-૫૪] સુષુપ્તિમાં રહેલું લિંગશરીર પાછળથી જ્યારે દુઃસ્વપ્નોથી વિંધાય છે ત્યારે કાલાનલ જેવું તપી જાય છે અને સ્મરણ વગરનું થઈ જાય છે.[૫૫] સ્થાવરાદિક શરીરોમાં અને સ્થાવરોમાં ઉત્તમ કલ્પવૃક્ષરૂપ શરીરોમાં પણ શિલાના જેવી મોહની અત્યંત ઘાટાઇનેલીધે લિંગશરીર સુષુપ્તિ અવસ્થામાં રહે છે એમ સમજવું.[૫૬] ચિત્તની જડતાનો જે વધારો તેજ સુષુપ્તિ છે, ચિત્તનું જે ભ્રમણ તેજ સંસાર છે, ચિત્તનો જે તત્ત્વબોધ તેજ મુક્તિ છે, અને તુરીયપણું એજ ખરી જાગ્રત અવસ્થા છે.[૫૭] પ્રબોધ પ્રાપ્ત થવાથી જીવની મુક્તિ થાય છે. જેમ ત્રાંબાના ભેળવાળું સોનું મેલ ધોવાઈ જવાથી સોનાપણાને પ્રાપ્ત થાય છે તેમ જીવ પ્રબોધથી પરમાત્મપણાને પ્રાપ્ત થાય છે.[૫૮] પ્રબોધથી જીવને જે મુક્તિ થાય છે તે બે પ્રકારની છે. એક જીવન્મુક્તિ અને બીજી વિદેહમુક્તિ.[૫૯] સાક્ષીપણામાં જે સ્થિતિ તે જીવન્મુક્તિ કહેવાય છે અને તુરીયાતીત પદમાં જે સ્થિતિ તે વિદેહમુક્તિ કહેવાય છે. જીવ બોધથી બ્રહ્મરૂપ થાય છે અને તે બોધ બુદ્ધિના પ્રયત્નથી થાય છે.[૬૦] જો જીવ પ્રમાણોથી પોતાના સ્વરૂપને જાણે તો સાક્ષીરૂપ થઇને રહે છે અને ન જાણે તો વાસ્તવિકરીતે બ્રહ્મરૂપ છતાં પણ અજ્ઞાનથી શિલાની પેઠે દૃઢ કરેલા પોતાના હૃદયમાં આ મિથ્યા ઉદય પામેલા અત્યંત લાંબા સ્વ[illegible] જેવા વિભ્રમરૂપ ભયને દેખે છે. જીવોની અં[illegible] દર ચૈતન્યકળા સિવાય બીજું કાંઇ છેજ નહિ,[૬૧-૬૨] પણ તે ચૈતન્યકળાને જે જીવ પો[illegible]તાથી ભિન્ન જાણે તે જીવ વૃથા વૃથા શો[illegible] કર્યા કરે છે. અહો ! માયાનો વિલાસ અપા[illegible] છે કે જેથી જીવરૂપ પરમાણુની અંદર પરમ ચૈતન્યવિના બીજું કશું નહિ છતાં પણ તેમાં જ્યાં ત્યાં જગત જોવામાં આવે છે. જેમ તપેલી[illegible] ઉકળતા જલની અંદર અનેક પ્રકારનાં ભ્રમણો[illegible] ઉદય થાય છે તેમ જીવરૂપ પરમાણુઓની અં[illegible]દર મિથ્યાભૂત અનેક સંસારોનો ઉદય થાય [illegible] વાસનાનો ઉદય એજ બંધ છે અને વાસના[illegible] લય એજ મોક્ષ છે.[૬૩-૬૫] આ સુષુપ્તિમાં વા[illegible]નાઓની અવ્યક્ત સ્થિતિ થાય છે અને [illegible]પ્નમાં વ્યક્ત સ્થિતિ થાય છે. અત્યંત ઘાટી વા[illegible]નાઓવાળો જીવ સ્થાવર થાય છે,[૬૬] મધ્ય[illegible] વાસનાઓવાળો જીવ તિર્યક્ યોનિને પ્રાપ્ત [illegible] છે અને પાતળી વાસનાઓવાળો જીવ પુ[illegible] થાય છે. જ્યારે દેહમાં અહંભાવથી 'હું [illegible]રૂપ છું' એવો પરિચ્છેદ થાય છે ત્યારે, [illegible] ઘટાદિક પદાર્થો નિષ્પન્ન થાય છે.[૬૭] જ્યારે [illegible] આદિ દ્વારથી અંતઃકરણદ્વારા નીકળેલા [illegible] વચ્છિન્ન જીવથી ઘટાદિક વ્યાપ્ત થાય છે [illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હું ઘડાને જાણું છું." એવી રીતની ગ્રાહ્યની તથા ગ્રાહકની વાસનાત્મક સત્તા સ્ફુટ થાય છે. જ્યારે આત્મા બહારના ઘટાદિક અનાત્મ પદાર્થ સાથે સંશ્લેષ પામે છે ત્યારે ચૈતન્યપણાનેલીધે ગ્રાહ્યપણાની તથા ગ્રાહકપણાની બુદ્ધિ ઝાંઝવાનાં પાણીની પેઠે ઉદય પામે છે. આ સંસારમાં કાંઇ છોડાતું પણ નથી અને કાંઈ લેવાતું પણ નથી. કેમકે એક ચિદાત્માજ બહારના તથા અંદરના આકારરૂપે પ્રકાશે છે. જે આ સઘળું બ્રહ્માંડ છે તે ચૈતન્યનોજ ચમત્કાર છે. માટે ભેદોની કલ્પનાઓને છોડીજ દો. આપણે તત્ત્વબોધથી શોભી રહ્યા છીએ. બહારનું કે અંદરનું જગત કાલત્રયમાં પણ ચૈતન્યથી જુદું છેજ નહિ.[૬૮-૭૦] જેમ સમુદ્ર તત્ત્વથી જોવામાં આવે તો સઘળાં તરંગાદિ ભેદોથી રહિત થઈ આકાશથી પણ અત્યંત સ્વચ્છ એક શુદ્ધ જળજ થઈ જાય છે, તેમ આ સઘળું જગત જો તત્ત્વથી જોવામાં આવે તો વાસનાઓના તથા અવસ્થાના ભેદોથી રહિત થઈ કેવળ આદ્ય અને નિર્દોષ પરમપદરૂપજ થઈ જાય છે.[૭૧]

अब्धिर्यथा जलमपास्तसमस्तभेदः खादच्छमेव सकलं द्रवमेकशुद्धम् ॥ सर्वं तथेदमपहस्तितभेदजातमाद्यं परं पदमनामयमेव बुद्धम्॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો "ઇંદ્રિયાર્થોપલંભ વિચાર" એ નામનો એકાવનમો સર્ગ સંપૂર્ણ. ૫૧

સર્ગ ૫૨ મો.*

આસક્તિના ત્યાગથી જગતનો ક્ષય

॥ श्रीवसिष्ठ उवाच ॥

यो जीवस्यादितः स्वप्नो नानाकलनकोमलः।
तमिमं विद्धि संसारं न सत्यं नाप्यसन्मयम् ॥

* આ બાવનમા સર્ગમાં જગત જીવના સ્વપ્નરૂપ છે અને આસક્તિના ત્યાગથી જગતનો ક્ષય થાય છે એમ જણાવવાને વાસ્તે અર્જુનના આખ્યાનનું અવતરણ કરવામાં આવશે.

વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી ! પહેલા સમષ્ટિ જીવનું અનેક કલ્પનાઓથી ભરેલું જે સ્વપ્ન છે, તેજ આ આપણો સંસાર છે એમ સમજો, જે સંસાર સત્ય પણ નથી અને અસત્ય પણ નથી પરંતુ અનિર્વચનીય છે.[૧] જેવું આપણને સ્વપ્ન થાય છે તેવું સમષ્ટિ જીવને સ્વપ્ન થયુંજ નથી પણ કોઈ બીજા પ્રકારનું થયું છે, તેથી આપણી જાગ્રત અવસ્થાના આ લોકાદિક પદાર્થો સમષ્ટિ જીવની જાગ્રત અવસ્થારૂપ પણ છે અને સ્વપ્નાવસ્થારૂપ પણછે.[૨] હે બ્રહ્મવેત્તાઓમાં ઉત્તમ રામચંદ્રજી ! સમષ્ટિ જીવનું સ્વપ્ન આપણા સ્વપ્નની પેઠે તુરત બાધિત થતું જોવામાં આવતું નથી એટલા માટે લાંબું છે અને નશ્વર હોવાનેલીધે અસત્ય પણ છે એમ સમજો.[૩] સમષ્ટિ જીવની અંદરના વ્યષ્ટિ જીવો જાણે એક સ્વપ્નમાંથી બીજા સ્વપ્નમાં જતા હોય તેમ આ અસત્ય સંસારને અત્યંત સત્ય માની લેછે.[૪] સમષ્ટિ જીવની અંદર વ્યષ્ટિ જીવોની મોહરૂપ ભ્રાંતિથી અજડ બ્રહ્મમાં પંચભૂતાદિ જડતા ઉદય પામી છે, અહંકારાદિક જડ પદાર્થમાં આત્મપણાના અભિમાનનેલીધે અજડતા ઉદય પામી છે અને અસત્ય દેહાદિકમાં સત્યતા ઉદય પામી છે.[૫] સૂર્યમંડલના જીવો સ્વપ્નથી ભ્રાંત થએલાની પેઠે સૂર્યની અંદર પણ આ સઘળા ત્રૈલોક્યરૂપી ભ્રમને દેખે છે અને ભેદોની કલ્પનાઓથી ભમે છે.[૬] વ્યષ્ટિ જીવો વાસ્તવિક રીતે સર્વ વ્યાપકપણાનેલીધે અને પરિચ્છેદથી રહિત સત્ય હોવાનેલીધે જે જે વસ્તુની ભાવના કરે છે તે તે વસ્તુને તુરત પોતાની સત્તાના આરોપથી સત્ય જેવી માની લે છે. આમ છે એટલામાટે સંસારસંબંધી વસ્તુઓમાં આસક્તિના ત્યાગથી સત્યતારૂપ ભ્રમની નિવૃત્તિ થતાં તત્ત્વવેત્તાને જીવન્મુક્તિ પ્રાપ્ત થાય છે. હે રામચંદ્રજી ! શ્રીકૃષ્ણે કહેલી સર્વોત્તમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસંગ સ્થિતિને સાંભળો કે જે સ્થિતિનો આશ્રય કરી જીવન્મુક્ત થએલો પાંડુનો પુત્ર મહામુનિ અર્જુન પોતાના જીવિતને સુખથી વ્યતીત કરશે. તમે પણ અર્જુનની પેઠે અસંગ સ્થિતિ રાખીને જીવિતને સુખથી વ્યતીત કરો.[૭-૯]

રામચંદ્રજી પૂછે છે:-હે મહારાજ ! એ પાંડુનો પુત્ર અર્જુન ક્યારે થશે ? અને શ્રીકૃષ્ણ તેને કેવી અસંગ સ્થિતિનો ઉપદેશ કરશે ?[૧૦]

વસિષ્ઠ ઋષિ કહે છે:-"આત્મા". એ કલ્પિત નામથી કહેવાતું અને જેમ આકાશમાં મહાકાશ રહે છે તેમ આદિથી તથા અંતથી રહિત પોતાના સ્વરૂપમાંજ રહેલું સન્માત્ર તત્ત્વ છે.[૧૧] જેમ સુવર્ણમાં કડાં વગેરે જોવામાં આવે છે અને જળમાં તરંગાદિક જોવામાં આવે છે, તેમ એ નિર્મળ તત્ત્વમાં સંસારરૂપી વિભ્રમ જોવામાં આવે છે.[૧૨] જેમ જાળની અંદર પક્ષિઓ સ્ફુરે તેમ એ તત્ત્વમાં દેખાતા સંસારરૂપી જાળની અંદર ચૌદ પ્રકારની પ્રાણિઓની જાતિઓ સ્ફુરે છે.[૧૩] તે જાતિઓમાં આ યમ, ચંદ્ર, સૂર્ય, તથા ઈંદ્રાદિક પ્રાણિઓ કે જેઓનાં ચરિત્રો વેદાદિકમાં કહેલાં છે તેઓ પંચભૂતાત્મક સંસારમાં લોકપાલપણાને પ્રાપ્ત થયા છે.[૧૪] એ લોકપાલોએ પોતપોતાના અધિકારને અનુસરતા સંકલ્પોથી ગોઠવેલી સમજણથી "આ શ્રુતિ સ્મૃતિ આદિમાં કહેલું પુણ્ય ગ્રાહ્ય છે અને આ નિષિદ્ધ કરેલું પાપ ત્યાજ્ય છે" એવી રીતની મર્યાદા સ્થાપી છે.[૧૫] હે રામચંદ્રજી ! એ લોકપાલોમાંના એક લોકપાલ યમરાજાનું ચિત્ત આજસુધી સંસારના પ્રવાહથી પ્રાપ્ત થએલા પોતાના અધિકારસંબંધી કામમાં પહાડની પેઠે સ્થિર રહેલું છે. એ મહાત્મા યમરાજા યુગોની એક એક ચોકડી વ્યતીત થવા આવતાં દ્વાપરયુગના અંતમાં, પોતે કરેલા પ્રાણિઓના નાશથી પાપ લાગવાની શંકાથી કાંઇક તપ કરે છે.[૧૬,૧૭] કોઇ સમયે આઠ વર્ષસુધી, કોઇ સમયે દશ વર્ષસુધી, કોઇ સમયે બાર વર્ષસુધી, કોઇ સમયે પાંચ વર્ષસુધી, કોઇ સમયે સાત વર્ષસુધી અને કોઈ સમયે સોળ વર્ષસુધી પણ તપ કરે છે.[૧૮] તપ કરવામાં લાગેલા યમરાજા પોતાના કામથી ઉદાસીન થઇ બેસે છે ત્યારે મૃત્યુ જગતની અંદર કોઇ પણ પ્રાણીઓને મારતો નથી.[૧૯] આ પ્રમાણે કોઇ પણ પ્રાણીઓનું મરણ નહિ થતાં જેમ વર્ષાઋતુમાં પસીનાવાળો હાથી મચ્છરોથી વ્યાપ્ત થઇ જાય છે તેમ પૃથ્વી ઘાટા પ્રાણીઓના સમૂહથી વ્યાપ્ત થઇ જાય છે કે જેથી હરવા-ફરવા વગેરેની પણ જગ્યા રહેતી નથી.[૨૦] હે રામચંદ્રજી ! આ પ્રમાણે થતાં દેવતાઓ પૃથ્વીનો ભાર ઉતારવાનેવાસ્તે ઘણી ઘણી યુક્તિઓથી એ વિચિત્ર પ્રાણીઓને નષ્ટ કરવાની ગોઠવણ કરે છે.[૨૧] આવી પદ્ધતિ ચાલતાં હજારો યુગો, હજારો વ્યવહારો અને અનંત બ્રહ્માંડો વ્યતીત થઇ ગયાં છે.[૨૨] આ સૃષ્ટિમાંના યમરાજા કે જે સૂર્યના પુત્ર છે અને પિતૃઓના અધિપતિ કહેવાય છે, તે પોતે કેટલોએક કાળ વ્યતીત થયા પછી પોતાના પાપના નાશનેવાસ્તે બાર વર્ષસુધી તપ કરશે અને લોકોને મારવાનું કામ બંધ રાખશે.[૨૩-૨૪] આમ થવાથી મરણ નહિ પામતાં અને બોજારૂપ થઇ પડેલા માણસોથી તથા પ્રાણીઓથી આ પૃથ્વી વૃક્ષોના ઝાડીજેવી તથા ગરદીવાળી થઇ જશે અને તેથી રાંકજેવી બની જશે.[૨૫] જેમ ચોર લોકોએ કનડેલી અને તેથી રાંક થએલી પ્યારી સ્ત્રી પતિને શરણે જાય તેમ ભારથી દુ:ખી થએલી આ પૃથ્વી વિષ્ણુને શરણે જશે.[૨૬] પૃથ્વી શરણે આવતાં નરનારાયણરૂપ વિષ્ણુ બે દેહથી પૃથ્વીમાં અવતરશે અને તેમની સહાયતા કરવાનેવાસ્તે સઘળા દેવતાઓ પોતપોતાના અંશોથી અવતરશે.[૨૭]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષ્ણુના બે દેહમાં એક દેહ વસુદેવને ઘેર અવતરશે અને તે વાસુદેવ અથવા શ્રીકૃષ્ણ કહેવાશે; બીજો દેહ પાંડુ રાજાને ઘેર અવતરશે અને તે અર્જુન કહેવાશે.[૨૮] પાંડુ રાજાનો મોટા પુત્ર યુધિષ્ઠિર નામનો થશે. એ ધર્મના અંશરૂપ અને ધર્મને જાણનાર યુધિષ્ઠિર સઘળી પૃથ્વીનો ચક્રવર્તી રાજા થશે.[૨૯] એ યુધિષ્ઠિરનો ભાઇ—કાકાનો દીકરો દુર્યોધન નામનો થશે. એ ભયંકર સ્વભાવવાળો દુર્યોધન જેમ નોળીયો સર્પનો દૃઢ શત્રુ થાય છે તેમ યુધિષ્ઠિરનો દૃઢ શત્રુ થશે.[૩૦] એ યુધિષ્ઠિર અને દુર્યોધન અન્યોન્યની પૃથ્વીનું હરણ કરવાની લાલચથી લડાઇની તૈયારી કરવા લાગતાં કુરુક્ષેત્રમાં અતિભયંકર અઢાર અક્ષૌહિણી સેના ભેગી થશે.[૩૧] હે રામચંદ્રજી! શ્રીકૃષ્ણ મોટા ગાંડીવ નામના ધનુષને ધરનારા અર્જુન નામના દેહના હાથથી એ અક્ષૌહિણીઓનો ક્ષય કરાવીને પૃથ્વીને ભાર વગરની કરશે.[૩૨] એ મહાભારત નામના યુદ્ધના આરંભમાં દેહાદિકમાં આત્માના અધ્યાસનેલીધે હર્ષથી તથા શોકથી ઘેરાએલો અર્જુન પામરની પેઠે અજ્ઞાનવાળો થશે.[૩૩] બન્ને સેનામાં આવેલા પોતાના સ્વજનોને મરવા તૈયાર થએલા જોઇ એ અર્જુન ખેદ પામશે અને યુદ્ધનો ઉદ્યોગ છોડી દેવાનું ધારશે.[૩૪] આ સમયમાં પ્રાપ્ત થએલા ભાર ઉતારવાના કામની સિદ્ધિનેવાસ્તે વિષ્ણુ સ્વતઃસિદ્ધ બોધવાળા પોતાના શ્રીકૃષ્ણ નામના દેહથી એ અર્જુન નામના દેહને નીચેપ્રમાણે બોધ આપશે.[૩૫]

શ્રીકૃષ્ણ કહે છેઃ—આ આત્મા કદી જન્મતો નથી, જન્મ્યા પછી હોતો નથી, વધતો નથી, પરિણામ પામતો નથી, ઓછો થતો નથી અને મરતો પણ નથી. અજન્મા, નિત્ય, શાશ્વત અને અનાદિસિદ્ધ એ આત્મા શરીર હણાતાં હણાતો નથી.[૩૬] જે પુરુષ આવા આત્માને હણનાર સમજે છે અને જે પુરુષ એવા આત્માને હણાએલો સમજે છે તે બન્ને પુરુષ આત્માને ખરી રીતે જાણતાજ નથી, કેમકે આત્મા હણતો પણ નથી અને હણાતો પણ નથી. હણનારપણાની અને હણાનારપણાની ભ્રાંતિનું નિમિત્ત અજ્ઞાનજ છે.[૩૭] આત્મા પરિચ્છેદોથી રહિત છે, સર્વદા એકરૂપ છે, આકાશથી પણ સૂક્ષ્મ છે અને સર્વવ્યાપક છે, માટે તેનું શું, શાથી, શી રીતે નષ્ટ થાય ? કશું, કશાથી, કશી રીતે નષ્ટ થાય એમ નથી.[૩૮] હે અનુભવરૂપ અર્જુન ! આત્મા કે જે પરિચ્છેદોથી રહિત છે, અવ્યક્ત છે અને આદિથી તથા મધ્યથી પણ રહિત છે તેનું અવલોકન કરો. પરિચ્છેદોથી રહિત અને નિર્દોષ જે આત્મચૈતન્ય છે તેજ તમે છો. તમે અજન્મા છો, નિત્ય છો અને દોષોરૂપી રોગોથી રહિતછો.[૩૯]

अनंतमव्यक्तमनादिमध्यमात्मानमालोकय संविदात्मन् ॥ संविद्वपुः स्फारमलब्धदोषमजोसि नित्योसि निरामयोसि ॥ ३९ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'નરનારાયણાવતારકથન' એ નામનો બાવનમો સર્ગ સંપૂર્ણ. ૫૨

સર્ગ ૫૩ મો.*

અહંકારના અને સંગના ત્યાગ વિષે

॥ श्रीभगवानुवाच ॥

अर्जुन त्वं न हंतात्वमभिमानमलं त्यज ॥
जरामरणनिर्मुक्तः स्वयमात्मासि शाश्वतः ॥१॥

શ્રીકૃષ્ણ કહે છેઃ—હે અર્જુન ! તમે જરા તથા મરણ આદિ છ ઊર્મિઓથી રહિત છો, નિત્ય છો અને સઘળા પ્રાણીઓના આત્મા છો માટે "હું હણનાર છું" એવા અભિમાનરૂપી

* આ ત્રેપનમા સર્ગમાં અહંકારના ત્યાગનું અને સંગના ત્યાગ વગેરેનું લક્ષણ કહેવામાં આવશે તેમજ ઉપાસ્યનું તથા જ્ઞેયનું સ્વરૂપ પણ દશાઓના ભેદની વ્યવસ્થાથી કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેલને અત્યંત છોડી દો. તમે કોઇને પણ હ-
ણનાર નથી.[1] જે પુરુષને ક્રોધાદિકની પ્રવૃત્તિના
કાળમાં "હું અમુકને મારૂં છું" એવો અહં-
કાર થાય નહિ અને જેની બુદ્ધિ ક્રોધાદિક કર્યા
પછી પણ હર્ષથી કે શોક વગેરેથી લેપાય નહિ,
તે પુરુષ આ સઘળા પ્રાણીઓને મારી નાખે
તોપણ કોઇને મારતો નથી અને તેથી થતા
પાપરૂપી ફળથી પણ બંધાતો નથી. કેમ કે
આત્મા નિત્ય છે તેથી તેનો વધ થવો સંભવિત
નથી અને દેહાદિક પદાર્થો મિથ્યાભૂતજ છે
તેથી તેઓનો પણ વધ થવો સંભવતો નથી.[2]
દેહાદિકના તાદાત્મ્યની ભ્રાંતિનેલીધેજ દેહાદિકના
ધર્મરૂપ હણનારપણા વગેરેનો આત્મામાં પ્રતિ-
ભાસ થાય છે. એટલામાટે "આ દેહાદિક હું છું
અને આ સંબંધીઓ વગેરે મારાં છે" એવી
ભ્રાંતિવૃત્તિને છોડી દો.[3] હે અર્જુન! "હું
મારનારપણા વગેરે ધર્મોથી યુક્ત છું અને
તેથી થતાં પાપોથી દુ:ખી થવાનો છું" એવી
રીતની ભ્રાંતિનેલીધેજ પરવશ થઇને તમે સુખ-દુ:
ખોથી પરિતાપ પામો છો.[4] આત્માના અંશ-
સમાન અને સત્વાદિક ગુણોના વિકારરૂપ દેહેં-
દ્રિયાદિકોએ પોતપોતાના વિભાગપ્રમાણે કરાતાં
કર્મોને અહંકારથી મૂઢ બનેલો પુરુષ "હું કરૂં
છું" એમ માની લે છે.[5] "ચક્ષુ જોયા કરો,
કાન સાંભળ્યા કરો, ત્વચા સ્પર્શ કર્યા કરો
અને રસના રસ જાણ્યા કરો. એ ઇંદ્રિયોના
સંઘાતમાં હું કોણ છું કે જેથી તે તે વિષયોના
ગ્રહણનું અભિમાન રાખું. અભિમાન રાખવું
એ વળી શું?" વિદ્વાને એવી રીતનો નિશ્ચય
રાખવો. મન આદિ ઇંદ્રિયોનો સંઘાત સંકલ્પ-
આદિ પોતપોતાનાં કામોમાં લાગે તોપણ "એ-
ઓમાંનો હું કોઇ નથી." એમ મહાત્માને નિ-
શ્ચય હોય છે. તમે પણ આવો નિશ્ચય રાખો
એટલે પછી તમારે જેનેવાસ્તે શોક કરવો પડે

એવું કશું રહેશેજ નહિ.[6-7] જે કામ ઘણા
જણોએ મળીને કર્યું હોય તે કામમાં તેઓમાંનો
એક જણ જો અભિમાનથી થએલા દુ:ખથી
શોક ધરે તો ઉપહાસ્યજ થાય, ત્યારે તેઓથી
બહારનો કોઇ જણ તે કામનો શોક ધરે તો ઉપ-
હાસ્ય થાય તેમાં શું કહેવું?[8] મુમુક્ષુ પુરુષો
ફળની આસક્તિને છોડી દઇને કેવળ ચિત્તશુ-
દ્ધિનેવાસ્તેજ કાયાથી, મનથી, બુદ્ધિથી અને ઇંદ્રિ-
યોથી કર્મ કરે છે, એટલે તેઓને તે કર્મ ચિત્ત-
શુદ્ધિદ્વારા જ્ઞાનને ઉદ્દીપ્ત કરીને પરમ પુરુષાર્થને-
વાસ્તેજ થાય છે. એ પ્રમાણે તમે પણ જો ફ-
ળની આસક્તિ નહિ રાખતાં યુદ્ધરૂપ સ્વધર્મ
કરશો તો તમને પણ તે કર્મથી ચિત્તશુદ્ધિદ્વારા
જ્ઞાન ઉદ્દીપ્ત થઇને પરમ પુરુષાર્થજ પ્રાપ્ત થશે.[9]
જેઓના દેહને અહંતારૂપી ઝેરનું ચૂર્ણ મારી
નાખતું નથી (ભોગમાં લંપટ કરતું નથી)
તેઓ રાગાદિક રોગોથી રહિત હોવાનેલીધે લૌ-
કિક કે વૈદિક કર્મ કરતા હોય અને સહજ પ્રાપ્ત
થએલાં તેઓનાં ફળોને ભોગવતા હોય તો પણ
કશું કરતા નથી અને ભોગવતા પણ નથી.[10]
જેમ વિચક્ષણ અને ઘણાં શાસ્ત્રોને જાણનારો
માણસ પણ જો દુષ્ટ સ્વભાવવાળો હોય તો ક્યાંય
શોભતો નથી, તેમ કુલીન દેહ પણ જો મમતા-
રૂપી અપવિત્ર પદાર્થથી અભડાએલો હોય તો
ક્યાંય શોભતો નથી.[11] જે પુરુષ મમતાવગરનો
અહંકારવગરનો, સુખ-દુ:ખોને સમાન ગણનારો
અને ક્ષમાવાળો હોય તે પુરુષ લૌકિક કે શાસ્ત્રીય
કર્મો કરતો હોય તો પણ તે કર્મોનાં ફળોથી
લેપાતો નથી.[12] હે પાંડુ રાજાના પુત્ર અર્જુન!
ક્ષત્રિયોનેવાસ્તે શાસ્ત્રોમાં કહેલું સંગ્રામોમાંથી
નહિ ભાગવારૂપ આ તમારૂં કર્મ જો કે બંધુ-
ઓના વધરૂપ હોવાનેલીધે ક્રૂર છે તોપણ ચિત્ત-
શુદ્ધિદ્વારા બ્રહ્મજ્ઞાન આદિ સુખોને આપનારું
થશે અને ધર્મ, યશ, રાજ્ય તથા સ્વર્ગ આદિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભ્યુદયોને આપનાર પણ થશે.[૧૩] જો કે ભીષ્મ તથા દ્રોણ આદિ પૂજ્ય લોકોની ઉપર શસ્ત્રો ઉગામવા તથા નાખવા આદિ ઘણા અધર્મોથી વ્યાપ્ત હોવાનેલીધે આ તમારૂં યુદ્ધરૂપી કર્મ કુત્સિત જણાય છે તોપણ તે કર્મ શાસ્ત્રોના જે પ્રામાણ્યથી ઉત્તમ કર્ત્તવ્યરૂપ છે, તે પ્રામાણ્યથી તમે આ યુદ્ધમાં વિજય પામો.[૧૪] પોતાના ધર્મરૂપી કર્મ મૂર્ખનું પણ કલ્યાણ કરે છે ત્યારે વિદ્વાનનું કલ્યાણ કરે તેમાં તો શું કહેવું ? જેમાંથી અહંકાર ટળી ગયો હોય એવી બુદ્ધિ કરોડો મહાપાપો કરે તોપણ તેઓનાં ફલોથી લેપાતી નથી.[૧૫] હે અર્જુન ! તમે ફલની આસક્તિનો ત્યાગ કરી સિદ્ધિમાં તથા અસિદ્ધિમાં સમતા રાખવારૂપ યોગમાં રહી કર્મો કરો. ફલની આસક્તિને છોડી દઇ વર્ણાશ્રમના વ્યવહારથી પ્રાપ્ત થએલાં કર્મોને કરશો તો તેઓથી તમે બંધાશો નહિ.[૧૬] જો રાજ્યલાભ આદિ લોભનેલીધે યુદ્ધ કરવામાં આવે તો કદાચ અધર્મની પ્રાપ્તિ થાય પણ ફલની આસક્તિનો ત્યાગ કરી સ્વધર્મબુદ્ધિથી યુદ્ધ કરવામાં આવે તો તેથી અધર્મની પ્રાપ્તિ થાય નહિ. તમે શાંત બ્રહ્મમય થઇને બ્રહ્મમય કર્મ કરો. સઘળાં કર્મોને બ્રહ્માર્પણ કરીદેવાની પદ્ધતિ રાખશો તો તમે તુરત બ્રહ્મજ થશો.[૧૭] નિર્વિશેષ બ્રહ્મતત્ત્વ નહિ જાણવાનેલીધે કર્મોને બ્રહ્માર્પણ કરવાની તમારી શક્તિ ન હોય તો તમે સગુણ ઈશ્વરાર્પણ બુદ્ધિથી કર્મ કરો; એટલે તમને કર્મબંધ થશે નહિ. સઘળાં કર્મો ઈશ્વરને અર્પણ કરી ઈશ્વરમાંજ ચિત્ત રાખી નિર્દોષ રહી અને સર્વ પ્રાણીઓના આત્મારૂપ થઇને પૃથ્વીના શણગારરૂપ થાઓ.[૧૮] અથવા સંન્યાસ ધરી સમ તથા શાંત મનવાળા અને આત્મતત્ત્વનો વિચાર કરનારા થઇને કર્મ કરો અને જીવન્મુક્ત રહો. ઉપર કહેલા સંન્યાસયોગની યુક્તિથી કર્મ કરવામાં આવે તોપણ કર્મબંધન થતું નથી.[૧૯]

અર્જુન પૂછે છેઃ—હે મહારાજ ! જ્ઞાન, યોગ, બ્રહ્માર્પણ, સંન્યાસ, સંગત્યાગ અને ઈશ્વરાર્પણ એઓનાં સ્વરૂપ અનુક્રમથી મને કહો કે જેથી મારો મોટો મોહ મટી જાય.[૨૦,૨૧]

શ્રીકૃષ્ણ કહે છેઃ—સઘળા સંકલ્પો શાંત થતાં સઘળી વાસનાઓ વગરનું અને જેમાં કોઇ પણ ભાવનાજન્ય આકાર રહે નહિ એવું જે પ્રત્યગાત્મ સ્વરૂપ અવશેષ રહે તેજ પરબ્રહ્મ કહેવાય છે.[૨૨] એવા સ્વરૂપની પ્રાપ્તિનેવાસ્તે જે ઉદ્યોગ કરવામાં આવે તેને વિદ્વાનો **જ્ઞાન** કહે છે અને **યોગ** પણ કહે છે. " સઘળું જગત અને હું પણ બ્રહ્મ છીએ " એવી સમજણથી જગતનો અને અહંકારનો બાધ થાય એજ મુખ્ય **બ્રહ્માર્પણ** છે.[૨૩] બ્રહ્મનું સ્વરૂપ અંદર પણ દૃશ્ય વગરનું છે, બહાર પણ દૃશ્ય વગરનું છે, પાષાણના ગર્ભ જેવું એકાકાર છે, શાંત છે, આકાશના કોશની પેઠે સ્વચ્છ છે, અદૃશ્ય છે અને કેવળ દૃઙ્માત્ર છે.[૨૪] આવા બ્રહ્મસ્વભાવમાંથી જરા અન્યપણારૂપે જે ઉત્થાન થાય છે તેજ જગતનો પ્રતિભાસ છે, કે જે પ્રતિભાસ ગંધર્વનગરના આકાશની પેઠે શૂન્યજ છે.[૨૫] જેમ બ્રહ્મમાં જગતનો અધ્યાસ થયો છે, તેમ બ્રહ્મના કરોડોમા અંશોજેવા જીવોમાં પ્રત્યેક અહંભાવનો આ કોઇ પ્રકારનો અધ્યાસ થયો છે માટે અહંભાવ ઉપર આગ્રહ રાખવો યોગ્ય નથી.[૨૬] અહંભાવ એ પોતાના અધિષ્ઠાનરૂપ બ્રહ્મથી જુદા જેવો જણાતા છતાં પણ વાસ્તવિક રીતે જુદો નથીજ; કેમકે જુદાપણું એ પરિચ્છેદ છે અને તે પરિચ્છેદ બ્રહ્મમાં નથી. આમ છે એટલામાટે વિદ્વાન પુરુષો અહંભાવ ધરતાજ નથી.[૨૭] જેમ અહંભાવ બ્રહ્મથી જુદો નથી તેમ ઘટાદિકના મમભાવરૂપ વાનર પણ બ્રહ્મથી જુદો નથી. અહંતા તથા મમતા એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બન્ને સમુદ્રની પેઠે ભરપૂર પોતાનું આત્મસ્વરૂપજ છે માટે તેમાં આગ્રહ રાખવો યોગ્ય નથી.[૨૮] જેમ અહંતા તથા મમતા આદિ સર્વ વિકલ્પોનો ભેદ તે તે વિષયોની વિચિત્રતાથી વિચિત્રરૂપે સ્ફુરે છે, તેમ તેઓને સત્તા તથા સ્ફુરણ આપનારૂં અનુભવરૂપ આત્મસ્વરૂપ એકરૂપે સ્ફુરે છે માટે ભેદ ઉપરના આગ્રહની પેઠે એકતા ઉપરનો આગ્રહ શામાટે રાખવો નહિ ?[૨૯] આવા વિચારથી સારાસારના વિભાગને જાણનાર પુરુષની બુદ્ધિમાં અહંતાના તથા મમતાના આગ્રહનો ક્ષય થતાં સઘળાં કર્મોનાં ફળોની સ્પૃહાનો જે ત્યાગ થાય છે તેને વિદ્વાનો સંન્યાસ કહે છે.[૩૦] આવો સંન્યાસ થતાં સઘળા સંકલ્પોના જાળોનો જે ત્યાગ થાય છે તે સંગત્યાગ કહેવાય છે. જે કાંઈ આ કલ્પનારૂપ દ્વૈતજાળ છે તે સઘળું તેના ઉપાદાનરૂપ ઈશ્વરમાત્રજ છે, એવી ભાવનાથી દ્વૈતના પ્રતિભાસને ગલિત કરી નાખવો એજ ઈશ્વરાર્પણ સમજવું. ચિદાત્મામાં અજ્ઞાનનેલીધેજ આ જગતસંબંધી પદાર્થોનો ભેદ પ્રતીત થાય છે માટે તે નામમાત્રજ છે.[૩૧-૩૨] સઘળા નામોનો અર્થ અનુભવરૂપજ પરબ્રહ્મજ છે, માટે જગત અને પરબ્રહ્મ એકજ છે તેમાં કશો સંદેહ નથી. દિશાઓ પણ હું છું, જગત પણ હું છું, કર્મોનો આશ્રય પણ હું છું, કર્મ પણ હું છું,[૩૩] કાળ પણ હું છું, નિરાકારરૂપ પણ હું છું, સાકારરૂપ પણ હું છું અને સાકારરૂપને આધીન રહેનારૂં જગત પણ હુંજ છું. તમે મારામાંજ મન રાખો, મારૂંજ ભજન કરો, મારૂંજ યજન કરો અને મનેજ પ્રણામ કરો. અધિકારને અનુસરી મારા સાકાર સ્વરૂપમાં અથવા નિરાકાર સ્વરૂપમાં ચિત્ત રાખી મારામાંજ તત્પર રહેશો તો હું કે જે તમારો આત્માજ છું તેને પામશો.[૩૪]

અર્જુન પૂછે છેઃ–હે દેવાધિદેવ ! સાકાર અને નિરાકાર એ રીતે તમારાં બે સ્વરૂપ છે તેઓમાં હું ક્યારે કયા રૂપનો આશ્રય કરી રહું કે જેથી મને સિદ્ધિ પ્રાપ્ત થાય ?[૩૫]

શ્રીકૃષ્ણ કહે છેઃ–સાકાર અને નિરાકાર એ રીતે મારાં બે સ્વરૂપ છે. તેઓમાં હાથ-પગ આદિ અવયવોવાળું શંખ, ચક્ર અને ગદાને ધરનારૂં જે રૂપ છે તેને સાકાર સ્વરૂપ સમજો.[૩૬] આદિથી તથા અંતથી રહિત એક અને નિર્દોષ જે મારૂં સ્વરૂપ છે તેને નિરાકાર સ્વરૂપ સમજો કે જે સ્વરૂપ બ્રહ્મ, આત્મા તથા પરમાત્મા ઇત્યાદિ શબ્દોથી કહેવાય છે.[૩૭] જ્યાંસુધી તમે અપ્રબુદ્ધ હોવાથી આત્માને ન જાણો ત્યાંસુધી ચાર ભુજાવાળા સાકાર સ્વરૂપના પૂજનમાં તત્પર રહો.[૩૮] પછી ચિત્તશુદ્ધિના ક્રમથી પ્રબુદ્ધ થશો ત્યારે મારૂં આદિથી તથા અંતથી રહિત જે નિરાકાર રૂપ છે તે તમારા જાણવામાં આવશે કે જે જાણવાથી ફરીવાર જન્મ ધરવો પડતો નથી.[૩૯] હે શત્રુઓનું મર્દન કરનારા અર્જુન! જો તમારૂં ચિત્ત શુદ્ધ છે એમ માનતા હો તો મારા પારમાર્થિક સ્વરૂપને અને તમારા આત્માને એકરસ કરી અખંડ સ્વરૂપને જાણી તુરત તેમાંજ નિષ્ઠા રાખો.[૪૦] "દિશાઓ હું છું અને જગત હું છું" ઇત્યાદિક મેં તમને વિભૂતિઓનો ઉપદેશ કર્યો તેનું તાત્પર્ય તો તે તે વિભૂતિઓના અધિષ્ઠાનરૂપ પોતાના તત્ત્વના પરિશોધન ઉપરજ છે.[૪૧] હું ધારૂં છું કે તમે સારી રીતે પ્રબુદ્ધ થયા છો, સ્વરૂપમાં વિશ્રાંત થયા છો અને સંકલ્પોથી રહિત થયા છો, તો હવે સર્વ તથા અખંડ આત્મમયજ રહેજો.[૪૨] તમે નિસ્સંગપણારૂપ યોગથી યુક્ત થઇ સર્વત્ર સમદૃષ્ટિવાળા થઈ આત્માને સર્વ પદાર્થોમાં અધિષ્ઠાનપણાથી અનુસ્યૂત જુઓ અને સર્વ પદા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ર્થોને આત્મામાં અધ્યસ્ત જુએ. જે પુરુષ સર્વ પદાર્થોમાં રહેલા આત્માને એકપણાની દૃઢ ભાવના રાખીને ભજે છે તે પુરુષ સમાધિવૃત્તિથી વર્ત્તતો હોય અથવા વ્યવહારવૃત્તિથી વર્ત્તતો હોય તો પણ ફરીવાર જન્મતો નથી.[૪૩] જ્યારે સર્વ પદાર્થોમાં અધિષ્ઠાનપણાથી રહેલા આત્માને જુવે ત્યારે સર્વ શબ્દનો અર્થ અધિષ્ઠાનથી જુદો નહિ મળવાનેલીધે એકપણાને પ્રાપ્ત થાય છે, એક શબ્દનો અર્થ આત્માપણાને પ્રાપ્ત થાય છે અને તે આત્મા પંચભૂતોના જેવા સ્વભાવવાળો રહેતો નથી, પણ પરમાનંદ ચૈતન્યરૂપજ થઇ જાય છે. એ આત્મા જેના અનુભવમાં આવે તે પુરુષને અનુભવ થતી વખતેજ પરમાનંદ ચૈતન્યરૂપ કૈવલ્ય પ્રાપ્ત થાય છે.[૪૫] ત્રૈલોક્યના ચિત્તોને પ્રકાશ આપનારો અંદરનો જે પ્રકાશ અનુભવમાં આવે છે તે આત્મા હું છું એવો નિશ્ચય છે.[૪૬] ત્રૈલોક્યની અંદરનાં જળો, ગાયના દૂધ વગેરે પદાર્થો, સમુદ્રથી થતા લુણ વગેરે પદાર્થો અને બીજા પણ શેલડી તથા મધ વગેરે પદાર્થો જીભની અણીપર આવતાં રસોનો જે સામાન્ય અનુભવ થાય છે તેજ આત્મા છે.[૪૭] સઘળાં શરીરોની અંદર, વિષયોથી રહિત જે સૂક્ષ્મ સામાન્ય અનુભવ રહ્યો છે તેજ સર્વવ્યાપક આત્મા છે.[૪૮] જેમ સઘળાં દૂધોની અંદર ઘી રહ્યું છે તેમ સર્વ પદાર્થોની અંદર તથા દેહોની અંદર આત્મા રહેલ છે.[૪૯] જેમ સમુદ્રનાં સઘળાં રત્નોની બહાર તથા અંદર પણ તેજ રહેલ છે, તેમ સઘળા દેહોની બહાર તથા અંદર પણ આત્મા રહેલ છે કે જે આત્મા મૂઢ લોકોને ન રહેલા જેવો જણાય છે.[૫૦] જેમ હજારો ઘડાઓની અંદર તથા બહાર પણ આકાશ રહેલ છે તેમ ત્રૈલોક્યનાં શરીરોની અંદર તથા બહાર પણ આત્મારૂપ હું રહેલો છું.[૫૧] જેમ સેંકડો મોતીઓના સમૂહોમાં એકજ તાંતણો પરોવાઇ રહે છે તેમ લાખો દેહોમાં એકજ આત્મા પરોવાઇ રહેલો છે કે જે મૂઢ લોકોના જોવામાં આવતો નથી.[૫૨] બ્રહ્માથી માંડીને તૃણપર્યંત સઘળા પદાર્થોના સમૂહોમાં જે સત્તાસામાન્ય રહ્યું છે તેજ અજન્મા આત્મા છે એમ બ્રહ્મવેત્તાઓનો નિશ્ચય છે.[૫૩] સંકલ્પરૂપે જરાક સ્ફુરેલા આકારવાળું બ્રહ્મ અહંકારાદિ તથા જગત આદિ ભ્રમ આપનારા ક્રમથી દેખાય છે માટે અહંકાર આદિ તથા જગત આદિ જે કાંઇ છે તે બ્રહ્મજ છે.[૫૪] હે અર્જુન ! આ જે જગતનું રૂપ છે તે આત્માજ છે માટે તેમાં શું હણાય ? કોણ હણાય ? કોણ હણે ? અને શુભોથી, અશુભોથી તથા જગતસંબંધી દુઃખોથી એ આત્માનું શું લેપાય?[૫૫] પ્રતિબિંબોમાં અરીસાની પેઠે સમતાથી તથા સાક્ષીજેવાપણાથી રહેલા અને પ્રતિબિંબોજેવા સઘળા પદાર્થો નાશ પામતાં પણ નાશ નહિ પામનારા આત્માને જે પુરુષ જાણે તે પુરુષનેજ વિવેકી સમજવો.[૫૬] હે પાંડવ ! "જે ચૈતન્ય છે તે હું છું અને જે જડ છે તે હું નથી" એમ જે હું કહું છું તે તો જડના તથા ચૈતન્યના વિવેકનેવાસ્તે કહુંછું. વાસ્તવિક રીતે તો જે કાંઇ છે તે આત્મા હુંજ છું એમ સમજો.[૫૭] અહંતાવૃત્તિવાળા ચિત્તમાં રહેનારી આ સઘળી સૃષ્ટિ તથા પ્રલયરૂપ વિક્રિયાઓ જેમ સમુદ્રમાં જળનાં ચલનો પ્રવર્ત્તે છે તેમ આત્મામાંજ પ્રવર્ત્તે છે.[૫૮] જેમ પર્વતોમાં પથરાપણું છે, વૃક્ષોમાં કાષ્ઠપણું છે અને તરંગોમાં જળપણું છે તેમ પદાર્થોમાં આત્માપણું છે.[૫૯] જે પુરુષ આત્માને સર્વ પદાર્થોમાં અનુસ્યૂત જુવે, સર્વ પદાર્થોને આત્મામાં અધ્યસ્ત જુવે અને આત્માને અકર્ત્તા જુવે તે પુરુષનેજ દેખતો સમજવો.[૬૦] હે અર્જુન ! જેમ અનેક આકારોવાળા તથા અનેક વિકારોવાળા તરંગોમાં જળ રહ્યું છે અને કડાં વગેરે પદા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોમાં સુવર્ણ રહ્યું છે તેમ અનેક આકારોવાળા તથા અનેક વિકારોવાળાં સર્વ ભૂતોમાં આત્મા રહ્યો છે.[61] જેમ અનેક પ્રકારના ચપળ તરંગો જળમાં રહ્યા છે અને કડાં વગેરે પદાર્થો સુવર્ણમાં રહ્યા છે. તેમ સઘળાં ભૂતો પરમાત્મામાં રહ્યાં છે.[62] હે અર્જુન ! સઘળા પદાર્થો, પ્રાણીઓ અને પરબ્રહ્મ એ સઘળું એકજ છે એમ સમજો. જુદાપણું જરા પણ નથી.[63] જે કાંઇ છે તે બ્રહ્મજ છે માટે જન્મ-મરણાદિ ભાવવિકારો કોને થાય, ક્યાં થાય અને જગત પણ ક્યાં રહ્યું ? આમ છે માટે તમે શા માટે વૃથા મોહ ધરો છો ?[64] આ પ્રમાણે નિર્ભય બ્રહ્મસ્વરૂપનું શ્રવણ કરી અને અંદર પૂરા નિશ્ચયથી તેનો અનુભવ કરી સંતુષ્ટ ચિત્તવાળા સમદર્શી મહાત્મા જીવન્મુક્ત લોકો આ જગતમાં વિચરે છે.[65] માનથી તથા મોહથી રહિત રહેનારા, સંગના દોષોને જીતી લેનારા, વેદાંતશાસ્ત્રમાંજ નિષ્ઠા રાખનારા, કામનાઓથી રહિત રહેનારા અને સુખ-દુઃખ આદિ નામનાં દ્વંદ્વોથી મુક્ત થએલા વિદ્વાન લોકો અંતે વિદેહકૈવલ્યરૂપ અવિનાશિ પદને પ્રાપ્ત થાય છે.[66]

निर्मानमोहा जितसंगदोषा अध्यात्मनित्या विनिवृत्तकामाः।। द्वंद्वैर्विमुक्ताः सुखदुःखसंज्ञैर्गच्छन्त्यमूढाः पदमव्ययं तत् ॥ ६६ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'અર્જુનોપદેશ' એ નામનો ત્રેપનમો સર્ગ સંપૂર્ણ. ૫૩

सर्ग ५४ मो.*

સુખ-દુઃખાદિનું કારણ ને આત્મોપદેશ

॥ श्रीभगवानुवाच ॥

**भूय एव महाबाहो शृणु मे परमं वचः ॥
यत्तेहं प्रीयमाणाय वक्ष्यामि हितकाम्यया ॥१॥**

શ્રીકૃષ્ણ કહે છેઃ—હે મહાબાહુ અર્જુન ! ફરીવાર પણ હું તમને ઉત્તમ વચન કહું છું તે સાંભળો. તમે પ્રીતિથી સાંભળવા ઇચ્છો છો અને સાંભળી-સમજીને સંતુષ્ટ થાઓ છો એટલામાટે તમારૂં હિત કરવાની ઇચ્છાથી હું તમને કહું છું.[1] હે કુંતીપુત્ર અર્જુન ! 'વિષયોજ સુખ-દુઃખરૂપ છે' એવી ભ્રાંતિને છોડી દો. કેમકે ગ્રીષ્મ ઋતુમાં શીત પદાર્થ સુખદાયી થાય છે અને ઉષ્ણ પદાર્થ દુઃખદાયી થાય છે, અને શિશિર ઋતુમાં ઉષ્ણ પદાર્થ સુખદાયી થાય છે અને શીત પદાર્થ દુઃખદાયી થાય છે માટે વિષયો સુખ-દુઃખરૂપ નથી એમ સિદ્ધ થાય છે. વિષયો સુખ-દુઃખરૂપ નથી, જનારા આવનારા છે અને અનિત્ય છે માટે પ્રિય વિષયો પ્રાપ્ત થતાં વૈરાગ્ય રાખો અને અપ્રિય વિષયો પ્રાપ્ત થતાં તિતિક્ષા રાખો.[2] સુખ અને દુઃખ એઓ અદ્વૈત પૂર્ણાનંદ સ્વભાવવાળાં આત્માથી ભિન્ન નથી માટે દુઃખ પણ ક્યાં રહ્યું અને સુખ પણ ક્યાં રહ્યું ? જ્યારાં ધનપુત્ર આદિની પ્રાપ્તિ થાય તો 'હું પૂર્ણ છું' એવી ભ્રાંતિથી અભિમાનજન્ય સુખ થાય છે અને જ્યારાં ધનપુત્ર આદિનો વિયોગ થાય તો 'હું ખંડિત છું' એવી ભ્રાંતિથી અભિમાનજન્ય દુઃખ થાય છે પણ વાસ્તવિક રીતે વિચારી જુઓ તો આત્મા જે આદિથી તથા અંતથી રહિત છે અને અવયવોથી પણ રહિત છે તેને પૂર્ણ થવું તથા ખંડિત થવું સંભવેજ કેમ ?[3] જેને વિષયોના તથા ઇંદ્રિયોના સાચાપણાની ભ્રાંતિ ટળી જાય છે તે જીવ ધીર, તત્ત્વદર્શી અને સુખ-દુઃખોમાં સમાન દૃષ્ટિવાળો થઇને જીવન્મુક્ત થાય છે. 'આત્મા સર્વરૂપ છે' એમ સમજવામાં આવે તો દુઃખ આદિ ભેદો પણ આત્મારૂપ હોવાને લીધે પ્રતિકૂલ લાગેજ નહિ. 'દુઃખ આદિ ભેદો મિથ્યાજ છે, એમ સમજવામાં આવે તોપ

* આ ચોપનમા સર્ગમાં સુખ-દુઃખો વગેરેના સંબંધનું કારણ, તેઓના ત્યાગનો ક્રમ અને જેના આશ્રયથી સુખ-દુઃખાદિકનો ત્યાગ થાય તે, એ સઘળું કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટો લાભ છે તે એ છે કે મિથ્યાભૂત પદાર્થોનું સહન કરવું કોઇ રીતે અશક્ય નથી.[૫] આત્માજ સર્વરૂપે પ્રતીત થાય છે માટે સુખ કે દુઃખ મુદ્દલ છેજ નહિ. અધિષ્ઠાનભૂત આત્મામાં કલ્પિત અનાત્મપદાર્થોની વાસ્તવિક સત્તા કેમ હોય ?[૬] દુઃખાદિક અસત્ પદાર્થો છે માટે તેઓની સત્તા નથી અને આત્મા સત્ પદાર્થ છે તેથી તેની અસત્તા નથી. આમ છે એટલામાટે સુખ-દુઃખાદિક છેજ નહિ અને જે કાંઈ છે તે કેવલ પરમાત્માજ છે.[૭] હે અર્જુન ! તમે જગતના સત્પણાની બુદ્ધિને તથા આત્માના અસત્પણાની બુદ્ધિને છોડી દઇ અને સત્ના તથા અસત્ના સંબંધના નિમિત્તભૂત મનને પણ તુચ્છ જાણી છોડી દઇને આત્મામાંજ દૃઢ નિષ્ઠા રાખો.[૮] હે અર્જુન ! સાક્ષીભૂત આત્મા ચેતન છતાં પણ અને શરીરની અંદર રહેલો છતાં પણ સુખોથી રાજી થતો નથી અને દુઃખોથી ગ્લાનિ પામતો નથી.[૯] દેહપણાને પામેલા ચિત્ત આદિ જડ પદાર્થોજ દુઃખના પાત્રરૂપ છે. તે ચિત્તાદિક પદાર્થો બગડે કે નષ્ટ થઇ જાય તોપણ તેમાં આત્માનું કશું બગડે કે નષ્ટ થાય એમ નથી.[૧૦] દેહ આદિ જડ પદાર્થનો સમુદાય કે જે દુઃખ વગેરેને ભોગવનાર માનવામાં આવે છે તે સમુદાય પણ અબોધનેલીધે ઉઠેલો માયારૂપ ભ્રમજ છે એમ સમજો.[૧૧] દેહ આદિ કે દુઃખ આદિ કોઇ પદાર્થ આત્માથી જુદો નથી માટે કોણ કોનો અનુભવ કરે ?[૧૨] જે આ દુઃખ છે તે અબોધથી ઉત્પન્ન થએલી ભ્રાંતિ છે માટે તે યથાર્થ બોધથીજ નષ્ટ થાય છે એ વિષયમાં દૃષ્ટાંત કહું છું તે સાંભળો.[૧૩] જેમ રજ્જુમાં સર્પનો ભય અબોધથી ઉત્પન્ન થાય છે માટે બોધથી નષ્ટ થઇ જાય છે તેમ દેહ આદિ તથા દુઃખ આદિ અબોધથી થયું છે માટે બોધથીજ નષ્ટ થઇ જાય છે.[૧૪] 'સઘળું જગત પૂર્ણ બ્રહ્મજ છે માટે તે નષ્ટ પણ થતું નથી અને ઉત્પન્ન પણ થતું નથી ' એમ સમજવું એજ સાચું છે અને એજ પરમ બોધ છે.[૧૫] જેમ સમુદ્રમાં કાંઇક તરંગપણું થઇને પાછું લીન થઇ જાય છે તેમ બ્રહ્મમાં કાંઈક જગતપણું થઇને પાછું લીન થઇ જાય છે. હે અર્જુન ! જેમ ચકરીમાં જળ સ્ફુરે તેમ તમારામાં બ્રહ્મજ સ્ફુરે છે માટે તમે નિર્દોષ બ્રહ્મજ છો.[૧૬] જે કાંઇ કાલ જેવું, ક્રિયાઓ જેવું, દેશો જેવું, તુંપણા જેવું, હુંપણા જેવું, અને સેનાવાળાઓ જેવું પ્રતીત થાય છે તે સઘળું બ્રહ્મનોજ વિવર્ત્ત છે માટે તેમાં ભાવપણાની કે અભાવપણાની કલ્પનાજ કરવી ઘટતી નથી.[૧૭] તમે માનને, મદને, શોકને, ભયને, તૃષ્ણાને, સુખને અને દુઃખને છોડી દો. આ સઘળું દ્વૈત મિથ્યા છે. તમે સઘળાં દ્વૈતના અધિષ્ઠાનરૂપે એક અને સત્રૂપ થાઓ.[૧૮] આ સેનાઓમાં જે માણસો તથા પશુઓ વગેરે છે તેઓ પણ અનુભવરૂપ બ્રહ્મ છે અને તેઓનો તમારા હાથથી જે ક્ષય થશે તે પણ અનુભવરૂપ બ્રહ્મજ થશે માટે શુદ્ધ બ્રહ્મને યુદ્ધરૂપ સ્વધર્મથી બ્રહ્મમયજ કરો.[૧૯] હે અર્જુન ! સુખમાં સુખબુદ્ધિ, દુઃખમાં દુઃખબુદ્ધિ, લાભમાં લાભબુદ્ધિ, અલાભમાં અલાભબુદ્ધિ, જયમાં જયબુદ્ધિ અને પરાજયમાં પરાજયબુદ્ધિ નહિ રાખતાં સર્વમાં બ્રહ્મબુદ્ધિ રાખીને શુદ્ધ બ્રહ્મરૂપજ થાઓ. તમે બ્રહ્મરૂપ મહાસાગર છો માટે તમારામાં બ્રહ્મરૂપજ તરંગો ઉઠે છે.[૨૦] તમે લાભમાં તથા અલાભમાં સમાન બુદ્ધિવાળા થઇ, દેહાદિકમાં આત્મભાવના છોડી દઈ અને ગુફામાં ભરાએલા પવનની પેઠે ચંચલપણાથી રહિત થઈ આ આવી પડેલું યુદ્ધરૂપ કાર્ય કરો.[૨૧] હે અર્જુન ! તમે જે કરો છો, જે ભોગવો છો, જે હોમો છો, જે ઘો છો અને જે હવે પછી કરશો તે સઘળું આત્માજ છે એવી દૃઢ ભાવના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખીને સ્થિર થાઓ.[22] જે માણસ ચિત્તમાં જે વસ્તુમય થાય તે માણસ તે વસ્તુને અવશ્ય પ્રાપ્ત થાય છે માટે તમે સત્ય બ્રહ્મને પામવા-માટે ચિત્તમાં સત્ય બ્રહ્મમય થાઓ.[23] બ્રહ્મ-વેત્તા પુરુષ પોતે સઘળી કામનાઓના ઉપરામ-રૂપ પરમ પુરુષાર્થ થઇ, વ્યવહારથી પ્રાપ્ત થ-એલાં કર્મોને બ્રહ્મની ભાવનાથી બાધિત કરીને કરે છે.[24] જે પુરુષ કર્મમાં બ્રહ્મદૃષ્ટિ રાખે અને બ્રહ્મરૂપ સ્થિતિનેજ અવશ્ય કરવા યોગ્ય ધારે તે પુરુષજ માણસોમાં બુદ્ધિમાન ગણાય છે અને સંપૂર્ણ કર્મ કરનારો કહેવાય છે.[25] હે અર્જુન! તમે લાભ વગેરેની લાલચથી કર્મ કરો નહિ! તેમ પ્રાપ્ત થએલાં કર્મો ન કરવામાં પણ આસક્તિ રાખો નહિ. પરંતુ ફલની સિદ્ધિમાં તથા ફલની અસિદ્ધિમાં સમદૃષ્ટિ રાખીને પ્રાપ્ત થએલાં કર્મો કરો.[26] કર્મોમાં આસક્તિ નહિ રાખી, તત્ત્વ-દર્શનમાં પ્રમાદ નહિ રાખી અને કર્મોથી રહિ-તપણું પણ નહિ રાખીને સમતાથી યથાસ્થિત રહો.[27] જે માણસ કર્મોનાં ફલોમાં આસક્તિ નહિ રાખતાં સર્વદા તૃપ્ત રહે છે અને અભિમા-નથી રહિત રહે છે તે માણસ કર્મોમાં અત્યંત પ્રવર્ત્યો હોય તો પણ કશું કરતો નથી.[28] જે આસક્તિ છે તેજ કર્ત્તાપણું કહેવાય છે. જો મ-નમાં મૂર્ખતા હોય તો કર્મો નહિ કરતાં છતાં પણ કર્ત્તાપણું થાય છે માટે મૂર્ખતાનોજ ત્યાગ કરવો જોઇએ.[29] પરમતત્ત્વને જાણનારા ગુરુનો આશ્રય કરી આસક્તિરહિત રહેનારો મહાત્મા પુરુષ સઘળાં કર્મો કરે તોપણ તેને કર્ત્તાપણું કદી પ્રાપ્ત થતું નથી.[30] અકર્ત્તાપણાથી અભો-ક્તાપણું પ્રાપ્ત થાય છે, અભોક્તાપણાથી સંપૂર્ણ એકતા પ્રાપ્ત થાય છે, સંપૂર્ણ એકતાથી જીવ-ન્મુક્તપણું પ્રાપ્ત થાય છે અને જીવન્મુક્તપ-ણાથી વિદેહમુક્તિ પ્રાપ્ત થાય છે.[31] હે અર્જુન! તમે ભેદબુદ્ધિને અત્યંત છોડી દઇ પરમાત્માની સાથે એકતા પામીને પછી કરવાનું કે ન કર-વાનું કામ કરશો તો પણ કર્ત્તા થશોજ નહિ.[32] જે પુરુષનાં સઘળાં કર્મો કામનાઓના સંકલ્પોથી રહિત હોય તે જ્ઞાનરૂપી અગ્નિથી બળી ગએલાં કર્મોવાળા પુરુષને વિદ્વાન લોકો પંડિત કહે છે.[33] જે પુરુષ સમ, સૌમ્ય, સ્થિર, સ્વસ્થ, શાંત અને સઘળા વિષયોમાં સ્પૃહાવગરનો રહે તે પુરુષ ક્રિયાઓ કરતો હોય તોપણ ક્રિયાઓથી અત્યંત રહિતજ છે.[34] હે અર્જુન! તમે સુખ-દુઃખા-દિક દ્વંદ્વોથી રહિત થાઓ, યોગક્ષેમની ચિંતાથી રહિત થાઓ, ધીર થાઓ, સર્વદા સ્વરૂપમાં રહો, વ્યવહારની પદ્ધતિથી આવી પડેલાં કા-ર્યોને અનુસર્યા કરો અને એવી રીતે પૃથ્વીના શણગારરૂપ થાઓ.[35] જે માણસ કર્મેંદ્રિયોને કર્મો કરવાથી અટકાવીને મનથી વિષયોનું સ્મરણ કર્યા કરે તે મૂઢ માણસ ઢોંગી કહેવાય છે.[36] જે માણસ મનથી ઇંદ્રિયોને નિયમમાં રાખીને કર્મેંદ્રિયોથી કર્મો કર્યા કરે તે આસક્તિ વગરનો માણસ શ્રેષ્ઠ ગણાય છે.[37] જેમ નદીઓ ભરપૂર રહેનારા સમુદ્રમાં પ્રવેશ કરે છે અને સમુદ્રપણું પામીને સમુદ્રમાંજ લીન થાય છે તેમ મિથ્યાત્વબુદ્ધિથી બાધિત થએલા સઘળા વિષયો બ્રહ્મમાં પ્રતિષ્ઠિત થએલા જે પુરુષના આત્મામાં પ્રવેશ કરે છે અને આત્મામાંજ લીન થઈ જાય છે તે પુરુષ શાંતિને પામે છે. કામના-ઓવાળો પુરુષ કદી શાંતિને પામતો નથી.[38]

आपूर्यमाणमचलप्रतिष्ठं समुद्रमापः प्रविशंति यद्वत् ।। तद्वत्कामा यं प्रविशंति सर्वे स शांतिमाप्नोति न कामकामी ।। ३८ ।।

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'આત્મજ્ઞાનોપદેશ' એ નામનો ચોપનમો સર્ગ સંપૂર્ણ. ૫૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્ગ ૫૫ મો.*

જીવતત્ત્વ નિરૂપણ

॥ શ્રીભગવાનુવાચ ॥

न कुर्याद्भोगसंत्यागं न कुर्याद्भोगभावनम् ॥
स्थातव्यं तु समेनैव यथाप्राप्तानुवर्तिना ॥१॥

શ્રીકૃષ્ણ કહે છેઃ-હે અર્જુન! ભોગોનો ત્યાગ પણ ન કરવો અને સારા ભોગો સંપાદન કરવાનું વ્યસન પણ ન રાખવું; પરંતુ લાભમાં અને અલાભમાં અત્યંત સમતાથીજ રહેવું અને જે કાંઇ પ્રાપ્ત થાય તેને અનુસરવું.[1] દેહ કે જે અનાત્મા છે અને જન્મ આદિ વિકારોવાળો છે તેમાં આત્માપણાની ભાવના નહિ કરતાં આત્મા કે જે સત્ય છે અને જન્મ આદિ વિકારોથી રહિત છે, તેમાંજ આત્માપણાની ભાવના રાખો.[2] હે અર્જુન! દેહનો નાશ થાય તો કાંઈ પણ નષ્ટ થાય એમ નથી. જો આત્માનો નાશ થતો હોય તો તેજ ખરો નાશ કહેવાય પણ આત્મા અવિચળ હોવાનેલીધે નષ્ટ થાય એમજ નથી.[3] જો દેહાદિકના પરિગ્રહના કારણભૂત ચિત્તથી જુદો પાડીને આત્માને જોવામાં આવે તો આત્મા જન્મ આદિ વિકારોથી રહિત છે એમ નિશ્ચય થાય છે. આવા બોધવાળો પુરુષ યુદ્ધ આદિ કર્મોમાં પ્રવર્ત્તતો હોય તોપણ તે કશું કરતો નથી.[4] જે આસક્તિ છે તેજ કર્ત્તાપણું કહેવાય છે. જો મનમાં મૂર્ખતા હોય તો અકર્ત્તાને પણ એ કર્ત્તાપણું પ્રાપ્ત થાય છે માટે મૂર્ખતાનેજ છોડી દેવી.[5] તત્ત્વને જાણનારા ઉત્તમ ગુરુના આશ્રયનેલીધે આસક્તિથી રહિત થએલો મહાત્મા પુરુષ સઘળાં કામો કર્યા કરતો હોય તોપણ તેને કર્ત્તાપણું કદી પણ પ્રાપ્ત થતું નથી.[6] આત્મા વિનાશી નથી, આદિથી તથા અંતથી રહિત છે અને કદી પણ જીર્ણ થતો નથી. એમ વિદ્વાનોએ નિશ્ચય કરેલો છે. 'આત્મા નષ્ટ થાય છે' એવો દુઃખદાયી દુર્બોધ તમારે રાખવો નહિ.[7] આત્માને જાણનારા ઉત્તમ પુરુષો 'આત્મા નષ્ટ થાય છે' એમ કદી પણ ધારતા નથી અને આત્માનેજ આત્મા માનવાનેલીધે કદી પણ તે પોતાના આત્માને દેહાદિકરૂપ ગણતા નથી.[8]

અર્જુન પૂછે છેઃ-હે ત્રૈલોક્યના નાથ! હે શ્રીકૃષ્ણ! જો એમજ હોય તો દેહાદિકને આત્મા માનનારા મૂઢલોકોને પણ દેહાદિકનો નાશ થતાં આત્માનો નાશ થતો નથી માટે કશી હાનિ થતી નથી?[9]

શ્રીકૃષ્ણ કહે છેઃ-હે અર્જુન! જેમ તમે ધારો છો તેમજ છે. કયાંય કાંઇ નષ્ટ થતુંજ નથી. જે કાંઇ છે તે અવિનાશી આત્માજ છે માટે તેનું શું હોય અને ક્યાં નષ્ટ થાય?[10] 'આ નષ્ટ થયું અને આ મળ્યું' એવી રીતની ભ્રાંતિવિના બીજું કાંઇ પણ નષ્ટ થતું કે મળતું મારા જોવામાં આવતું નથી. જેમ વાંઝણીનો પુત્ર નષ્ટ પણ થતો નથી અને મળતો પણ નથી તેમ દેહાદિક પણ નષ્ટ થતું નથી અને મળતું પણ નથી.[11] 'જે પદાર્થ અસત્ છે તેનું હોવું સંભવતું નથી અને જે પદાર્થ સત્ છે તેનું ન હોવું સંભવતું નથી' એમ તત્ત્વવેત્તા પુરુષોએ સત્‌ના અને અસત્‌ના સ્વભાવનો નિર્ણય કરેલો છે.[12] 'આત્મતત્ત્વ કે જેથી આ સઘળું વ્યાપ્ત છે તે અવિનાશી છે' એમ સમજો. અવિનાશી આત્મતત્ત્વનો વિનાશ કરવાને કોઇ પણ સમર્થ નથી.[13] હે અર્જુન! આત્મા કે જે નિત્ય છે, અવિનાશી છે અને અપ્રમેય છે તેના આ દેહો અંતવાળાજ કહેવાય છે માટે બંધુઓનો કે પોતાના દેહનો

* આ પંચાવનમા સર્ગમાં દેહાદિકનો નાશ થતાં મૂઢનો કે તત્ત્વવેત્તાનો કોઇનો પણ આત્મા નષ્ટ થતો નથી પરંતુ ભ્રાંતિનેલીધે મૂઢને જન્માદિક થાય છે અને તે ભ્રાંતિ નહિ હોવાનેલીધે તત્ત્વવેત્તાને થતાં નથી એમ નિરૂપણ કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાશ થતાં કશો અનર્થ થાય એમ નથી તેથી યુદ્ધ કરો.[૧૪] આત્મા એકજ છે અને દ્વિત્વ મુદ્દલ છેજ નહિ ! જે નથી તેનો સંભવ કયાંથી હોય. આત્મા અવિનાશી છે, અંતથી રહિત છે અને સત્ છે માટે તેનો નાશ થતો નથી.[૧૫] દ્વિત્વનો અને એકત્વનો પણ ત્યાગ કરતાં જે શાંત અને કાર્યોના તથા કારણોના અધિષ્ઠાનરૂપ પદ અવશેષ રહે છે તેજ પરમપદ છે.[૧૬]

અર્જુન પૂછે છેઃ—હે મહારાજ ! ત્યારે માણસોને જે 'હું મરી જાઉં છું' એવી પ્રતીતિ શાથી થાય છે અને સ્વર્ગ તથા નરક પણ શાથી પ્રતીત થાય છે ?[૧૭]

શ્રીકૃષ્ણ કહે છેઃ—પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એઓથી તથા એઓની તન્માત્રાઓથી રચાએલાં મન, બુદ્ધિ વગેરેથી ગોઠવાએલા સ્થૂલ-સૂક્ષ્મ દેહના તાદાત્મ્યની જે પ્રાપ્તિ તેજ પરમાત્માને જીવપણું છે અને તે જીવપણુંજ જન્મની, મરણની તથા સુખ-દુઃખ વગેરેની ભ્રાંતિનું નિમિત્ત છે.[૧૮] જેમ દોરીથી વાછડું ખેંચાય છે તેમ તે જીવ વાસનાથી ખેંચાય છે અને જેમ પાંજરાની અંદર પક્ષી રહે છે તેમ તે જીવ શરીરની અંદર રહે છે.[૧૯] એ જીવ જેમ કાળનેલીધે જાજરાપણાને પામેલા પીપળના પાંદડામાંથી રસ જતો રહે છે તેમ કાળનેલીધે જાજરાપણાને પામેલા દેહમાંથી વાસનાનેલીધે જતો રહે છે.[૨૦] જેમ વાયુ પુષ્પાદિકમાંથી ગંધોને સાથે લઇને જાય છે તેમ એ જીવ શરીરમાંથી શ્રોત્રને, ચક્ષુને, ત્વચાને, રસનાને અને ઘ્રાણને સાથે લઇને જાય છે.[૨૧] જીવને જે વાસનાવાળાપણું છે તેજ દેહ છે. બીજી કશી ગોઠવણથી દેહ થયો નથી. વાસનાઓ ટળી જાય ત્યારે સૂક્ષ્મદેહ ક્ષીણ થાય છે અને સૂક્ષ્મદેહ ક્ષીણ થાય ત્યારે પોતેજ પરમપદ થાય છે.[૨૨] ભ્રાંતિઓના ભારને ધરનારો વાસનાવાળો જીવ અન્નપાનાદિકથી પુષ્ટ થઇને, જેમ ઇંદ્રજાલવાળો પુરુષ આકાશમાં ભમે છે તેમ યોનિઓમાં ભમ્યા કરે છે.[૨૩] જેમ પવન પુષ્પમાંથી ગંધને સાથે લઇને જાય છે તેમ વાસનાઓને વશ થએલો જીવ શરીરમાંથી સઘળી, શબ્દાદિકનાં ગ્રહણો કરવાની શક્તિઓને સાથે લઇને જાય છે.[૨૪] હે અર્જુન ! જેમ પવન શાંતિ પામતાં વૃક્ષ ચલનવગરના અવયવોવાળું થાય છે તેમ જીવ નીકળી જતાં દેહ ચલન વગરના અવયવોવાળો થાય છે.[૨૫] ચેષ્ટા વગરનો દેહ છેદન તથા ભેદન આદિ દોષો પ્રાપ્ત થવાથી અદૃશ્ય થઈ જાય છે એટલામાટે જીવ વગરનો અને મરણ પામેલો કહેવાય છે.[૨૬] પ્રાણમય શરીરવાળો જીવ જે જે દેહ, દેશ, કાલ તથા ભોગ્ય આદિ આકારમાં અદૃષ્ટનેલીધે દૃઢ વાસનાવાળો થાય છે તે તે વિસ્તીર્ણ આકારને વાસનાના અભ્યાસનેલીધે દેખે છે.[૨૭] જીવને આ દેહ મિથ્યા છતાંજ જોવામાં આવે છે માટે આ દેહનો નાશ થતાં તમે પોતાનો નાશ થયો માનો નહિ. જેમ સુષુપ્તિવાળો પુરુષ કશા ઉપર દૃષ્ટિ કરતો નથી તેમ તમે પણ દેહાદિકની ઉપર દૃષ્ટિ કરોજ નહિ.[૨૮] જીવ જેમ વાસનાથી જુદા જુદા આકારોને દેખે છે તેમજ વાસનાથી તેઓના વિનાશોને પણ દેખે છે. બ્રહ્માએ સૃષ્ટિના આરંભથી માંડીને વાસનાઓથીજ ગાય તથા ઘોડા વગેરે આકારો કલ્પેલા છે પણ કુંભારની પેઠે માટી વગેરેથી કશું રચ્યું નથી.[૨૯] ઉત્પત્તિના કાળમાં પહેલા ક્ષણમાંજ મ્હોડા આગળ જે જે દેહાદિકરૂપ જેવી રીતનું જોવામાં આવે છે તે તે રૂપ વિનાશ થતાંસુધી તેવી રીતવાળું રહે છે. કેમકે અધિષ્ઠાન ચૈતન્ય ઉત્પન્ન થએલા રૂપને સ્થિતિ આપ્યા કરે છે." જેમ આજ કરવામાં આવેલા પ્રાયશ્ચિત્તાદિક રૂપ યત્નથી ગઈ કાલે કરવામાં આવેલું પાપાદિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નષ્ટ થઇ જાય છે તેમ હમણાં કરવામાં આવતા શુભ પુરુષાર્થથી પૂર્વની અશુભ વાસનાઓ નિઃશેષ રીતે બાધિત થઇ જાય છે.[31] જો પૂર્વનો પ્રયત્ન પ્રબલ પુરુષાર્થપણાની બુદ્ધિથી કરવામાં આવ્યો હોય તો તે પ્રયત્ન પાછળના પ્રયત્નને ફાવવા દેતો નથી અને જો પાછળનો પ્રયત્ન પ્રબલ પુરુષાર્થપણાની બુદ્ધિથી કરવામાં આવે તો તે પ્રયત્ન પૂર્વના પ્રયત્નને ફાવવા દેતો નથી.[32] આ પ્રમાણે છે એટલામાટે બુદ્ધિમાન પુરુષે વિંધ્યાચલ ફાટતો હોય અથવા પ્રલયનો પવન વાતો હોય તોપણ શાસ્ત્રને અનુસરતા પ્રયત્નને છોડવો નહિ.[33] અનાદિ કાળના મોહથી ઘેરાએલી બુદ્ધિવાળો જીવ લાંબા કાળની વાસનાના અભ્યાસનેલીધેજ ચારેકોર નરકને, સ્વર્ગને તથા સૃષ્ટિ વગેરેને દેખ્યા કરે છે.[34]

અર્જુન પૂછે છેઃ—હે જગતના પતિ! આ જીવ કે જે જગતની સ્થિતિના કારણરૂપ છે તેને નરકના, સ્વર્ગના અને સૃષ્ટિ વગેરેના દેખાવોરૂપી સંભ્રમો થવામાં શું કારણ છે?[35]

શ્રીકૃષ્ણ કહે છેઃ—વાસ્તવિક રીતે જોતાં સ્વપ્ન જેવી અને લાંબા કાળના અભ્યાસનેલીધે પ્રૌઢ થએલી વાસનાજ સંસારરૂપી ભ્રાંતિ દેનારી છે એટલામાટે તત્ત્વજ્ઞાનના અભ્યાસથી વાસનાને નિર્મૂલ કરવી એજ પરમ કલ્યાણનો ઉપાયછે.[36]

અર્જુન પૂછે છેઃ—હે દેવાધિદેવ! એ વાસના શાથી ઉઠેલી છે અને શી રીતે ક્ષય પામે?

શ્રીકૃષ્ણ કહે છેઃ—વાસના કે જે અનાત્મામાં આત્માની ભાવનારૂપ છે તે અજ્ઞાનમાંથીજ ઉઠેલી છે અને તે આત્મજ્ઞાનરૂપી મહાઔષધથી ક્ષય પામે છે.[37] હે કુંતીના પુત્ર! તમે આત્માનો વિચાર કર્યો છે અને સત્ય વસ્તુને જાણી ચૂક્યા છો માટે 'આ હું છું અને આ બીજા લોકો છે' ઇત્યાદિ પ્રકારની વાસનાને છોડી દો.[38]

અર્જુન પૂછે છેઃ—લિંગશરીર વાસનામયજ છે અને તે શરીરમાં જે પ્રતિબિંબ છે તેજ જીવ છે માટે વાસનાનો ક્ષય થાય તો જીવનો ક્ષયજ થઇ જાય; કેમકે જે પદાર્થ જેની સત્તાથી થયો હોય તેનો નાશ થવાથી તે પદાર્થ નષ્ટજ થઇ જાય એ સ્વાભાવિક છે.[39] આ પ્રમાણે વાસનાનો ક્ષય થતાં જીવનો ક્ષય થઇ જાય તો પછી પરમાનંદના આવિર્ભાવરૂપ અને અનર્થના આત્યંતિક નાશરૂપ મોક્ષ કોને થાય?[40]

શ્રીકૃષ્ણ કહે છેઃ—જે આત્મસ્વરૂપ છે તે પોતેજ સંકલ્પોની કલ્પના કરવાથી મલિન થઈ વાસનામય આકારનું ગ્રહણ કરીને જીવ થાય છે એમ સમજો. જીવ જો કેવળ પ્રતિબિંબમાત્રજ હોય અને વળી તે બિંબથી અન્ય હોય તો તમારો કહેલો દોષ આવે. વાસ્તવિક રીતે બીજાને આધીન નહિ રહેનારૂં, સંકલ્પોથી રહિત અને અવિનાશી જે આત્મતત્ત્વ છે તેજ પોતાની અવિદ્યાથી ઢંકાઇને જીવપણાને પામેલા જેવું જણાય છે. એ આત્મતત્ત્વ પોતાના વાસ્તવિક સ્વરૂપને જાણવારૂપ પ્રબોધના પ્રભાવનેલીધે વાસનાઓથી મુક્ત થાય એજ મોક્ષ છે એમ સમજો.[41-42] વાસનાઓનો જે સમૂલ ક્ષય થાય છે તેજ આ શરીર રહેતાંસુધી જીવન્મુક્તિ કહેવાય છે અને તે જીવન્મુક્તિ તમારાથી અનુભવી શકાય એમ છે માટે તમારે 'કોને મુક્તિ થાય છે' એવો સંશયજ કરવો ઘટતો નથી. હે અર્જુન! તમે જીવતાંજ યથાસ્થિત આત્મતત્ત્વનું અવલોકન કરો. જે પુરુષ વાસનારૂપી જાલથી છુટેલો હોય તે મુક્ત કહેવાય છે.[43] જે પુરુષ વાસનાઓથી રહિત ન થયો હોય તે પુરુષ સઘળા ધર્મોમાં તત્પર રહેતો હોય અને સર્વજ્ઞ હોય તોપણ પાંજરામાં રહેલા પક્ષીની પેઠે ચારેકોરથી બંધાએલોજ છે.[44] અવિદ્યાથી ઢંકાએલા અને જેને વેદાંતનો પરિચય નથી મળ્યો એવા જે ધણીને ઇંદ્રિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જલવાળાએ કરેલી આકાશમાં મોરની પીછી જેવી અનેક ભ્રમ દેનારી સૂક્ષ્મ વાસના અંદર સ્ફુરે છે તેજ ધણી આ શરીરમાંજ વેદાંતના પરિચયને પામી તત્ત્વજ્ઞાનવાળો થાય એટલે સમૂલ વાસનારૂપ બંધથી મુક્ત થાય છે. આમ છે એટલામાટે વાસનાજ બંધ છે અને વાસનાનો જે ક્ષય તેજ મોક્ષ છે.[૪૫]

दुर्दर्शनस्य गगने शिखिपिच्छिकेव सूक्ष्मा परिस्फुरति यस्य तु वासनांतः ॥ मुक्तः स एव भवतीह हि वासनैव वन्धो न यस्य न तु तत्क्षय एव मोक्षः ॥ ४५ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'જીવતત્ત્વનિર્ણય' એ નામનો પંચાવનમો સર્ગ સંપૂર્ણ. ૫૫

સર્ગ ૫૬ મો.*

જીવન્મુક્તિ અને જગતરૂપ ચિત્ર.

॥ श्रीभगवानुवाच ॥

इति निर्वासनत्वेन जीवन्मुक्ततयाऽर्जुन ॥ अंतःशीतलतामेत्य बंधुदुःखमलं त्यज ॥ १ ॥

શ્રીકૃષ્ણ કહે છેઃ–હે અર્જુન ! એ પ્રમાણે વાસનાઓના ત્યાગરૂપ જીવન્મુક્તપણાથી અંદર શીતલપણાને પામીને બંધુઓના વધસંબંધી દુઃખનો સર્વથા ત્યાગ કરો.[૧] હે નિર્દોષ અર્જુન ! જરાથી તથા મરણથી નિશ્શંક રહી, આકાશ જેવા સ્વચ્છ અંતઃકરણવાળા રહી અને ઇષ્ટના તથા અનિષ્ટના સંકલ્પોને છોડી દઇ વીતરાગ થાઓ.[૨] શિષ્ટલોકોના વ્યવહારની પરંપરાથી પ્રાપ્ત થએલા આ યુદ્ધરૂપ આવશ્યક કાર્યને અને બીજાં પણ યાગદાનાદિક કાર્યોને આવી પડ્યા પ્રમાણે કરો. કર્મો કરવાથી તમારા તત્ત્વબોધને કશી ક્ષતિ થવાની નથી.[૩] દેહની ચેષ્ટામાત્રનો ત્યાગ કરવો એ જીવન્મુક્તપણું નથી પણ શિષ્ટ લોકોના વ્યવહારની પરંપરાથી પ્રાપ્ત થએલું સ્વધર્મરૂપ કર્મ કર્યા કરવું એજ જીવન્મુક્તપણું છે.[૪] 'આ કર્મનો ત્યાગ કરૂં અને આ કર્મનું ગ્રહણ કરૂં' એવી રીતનો જે ભેદ છે, તે મૂઢના મનનું રૂપ છે. જ્ઞાનીના મનની તો સમાન સ્થિતિજ રહે છે.[૫] શિષ્ટ લોકોના વ્યવહારની પરંપરાથી આવી પડેલાં કર્મોને કર્યા કરતા અને શાંત ચિત્તવાળા જીવન્મુક્ત લોકો પોતામાં સંકલ્પોથી રહિત થઇને રહેવાનેલીધે સુષુપ્તિવાળાની પેઠે આત્મારૂપેજ સ્ફુર્યા કરે છે.[૬] વિષયોમાંથી પોતાની મેળેજ પાછી વળેલી જે પુરુષની ઇંદ્રિયો કાચબાનાં અંગોની પેઠે અંદર (હૃદયમાં) પેસીને એકરસપણાથી સ્થિર સ્થિતિને પ્રાપ્ત થાય તે પુરુષને જીવન્મુક્ત સમજવો.[૭] ચિત્તરૂપી ચિતારો જગતના અધિષ્ઠાનભૂત આત્મામાં અનંત વિચિત્રતાવાળા અને ભીંતવગરના સઘળા ત્રૈલોક્યરૂપી ચિત્રને ત્રણે કાળમાં બનાવ્યા કરે છે.[૮] પ્રથમ ચિત્તરૂપી ચિતારાએ અજ્ઞાનરૂપ આકાશમાં અજ્ઞાનરૂપ હોવાનેલીધે દેખાવાને અયોગ્ય છતાં પણ વૃત્તિઓરૂપી પીછીઓથી સ્ફુટ કરીને આ જગતરૂપી વિચિત્ર ચિત્ર દેખાડેલું છે.[૯] આકાશ કે જે આ જગતરૂપ ચિત્રની ભીંતરૂપ જણાય છે તે તો ચિત્રના અમુક ભાગોને બનાવ્યા પછી બનાવેલું છે. અહો ! આ રચના અપૂર્વ છે, ભ્રાંતિજ છે, મહામાયાજ છે અને ખડની ભીંતની પેઠે નિસ્સાર છતાં પણ મૂઢલોકોને સારી લાગે એવી છે.[૧૦] જગતમાં આધારો અને આધેયો ભિન્ન ભિન્ન જોવામાં આવે છે પણ વાસ્તવિક જોતાં સઘળા આધારો અને આધેયો ચિત્તરૂપજ હોવાનેલીધે તેઓમાં જરાપણ ભેદ નથી.[૧૧] હે કમલ સરખાં નેત્રોવાળા અર્જુન ! આ જગતમાં જે જે ભીંતો જોવામાં આવે છે

* આ છપ્પનમા સર્ગમાં જીવન્મુક્તિની પ્રતિષ્ઠાનો, ચૈતન્યના તત્ત્વનો, જગતના રૂપનો અને મનસંબંધી ચિત્રનો વિસ્તારથી ઉપદેશ કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ પણ ચિત્તે કરેલા ચિત્રોરૂપજ હોવાનેલીધે આકાશથી પણ વધારે શૂન્ય છે એમ સમજો. જેમ ચિત્તમાં સ્વપ્નરૂપ ભ્રાંતિ થતાં ક્ષણમાત્રમાં પ્રતીત થતા પદાર્થોના ઉદય અને લય શૂન્યજ છે તેમ મન અને મનના કાર્યરૂપ બહારનું તથા અંદરનું જગત શૂન્યજ છે. આ જે જગત છે તે એક જાતનું લાંબા કાળનું મનોરાજ્ય છે તેથી તેમાં સત્યતા પ્રતીત થાય છે.[૧૨,૧૩] જે સત્યપણું ભ્રાંતિથી કલ્પાએલા પદાર્થમાં ત્રણે કાલમાં હોતું નથી તે સત્યપણું તે પદાર્થનું તત્ત્વ જાણ્યા પહેલાં પણ તે પદાર્થમાં હોય કે ? તે તે કામોમાં ઉપયોગી થવાનેલીધે ઉપર ટપકે જોતાં જે સત્યતા પ્રતીત થાય છે તે સત્યતા શાસ્ત્રાદિકદ્વારા સૂક્ષ્મ રીતે જોતાં લીન થઈ જાય છે. જેમ શરદ્ ઋતુના સૂર્યના પ્રકાશથી દેખવામાં આવતું વાદળાંઓનું મંડલ સૂર્યના પ્રકાશથીજ સૂકાઇને લીન થઇ જાય છે તેમ કાચા અવલોકનથી દેખવામાં આવતું જગત શાસ્ત્રાદિકદ્વારા પાકા અવલોકનથી લીન થઇ જાય છે. ચિત્તરૂપી ચિતારાના ચિત્રમાં રહેલી આ બહારની ત્રૈલોક્યાદિક પુતળીઓ ભીંત ન હોવાનેલીધે આકાર વગરનીજ (શૂન્યજ) છે. એ પુતળીઓ પણ નથી અને તમે પણ નથી માટે કોણ કયા પદાર્થથી હણાય એમ છે?[૧૪-૧૬] તમે બ્રહ્મરૂપ આકાશમાં મરનારપણાના અને મારનારપણાના મોહને છોડી દઇને નિર્મલ થાઓ. બ્રહ્મરૂપ આકાશને વધ આદિમાં પ્રવૃત્તિજ નથી અને જે પ્રાતિભાસિક પ્રવૃત્તિ દેખાય છે તે પણ બ્રહ્માકાશરૂપજ છે.[૧૭] આમ છે એટલામાટે કાલ, ક્રિયાઓ, ભીંતો તથા કલાઓ વગેરે જે કાંઈ વિચિત્રતા દેખાય છે તે સઘળું નિર્મળ બ્રહ્મજ છે. જેમ મનોરાજ્યરૂપ ચિત્ર સઘળા પ્રપંચરૂપ છતાં પણ આકાશની પેઠે શૂન્યજ છે તેમ આ સઘળું જગત આકાશની પેઠે શૂન્યજ છે.[૧૮] આકાશ કરતાં પણ અત્યંત શૂન્ય છે એમ સમજો. ચૈતન્યરૂપી (નહિ જાણવામાં આવેલા ચૈતન્યરૂપી) ચિતારાએ ચિત્તરૂપ ભીંતમાં જે કાંઇ આ જગતરૂપ ચિત્ર બનાવ્યું છે તે સઘળું શૂન્ય હોવાનેલીધે આકાશથી જરાપણ જુદું પડતું નથી. જેમ મનોરાજ્યમાં પદાર્થોની ઉત્પત્તિ અને ક્ષય ક્ષણમાત્રમાં પ્રતીત થાય છે તેમ આ જગતની ઉત્પત્તિ અને ક્ષય પણ ક્ષણમાત્રમાંજ પ્રતીત થાય છે એમ સમજો.[૧૯,૨૦] તમારા અનેક પદાર્થોના અનુભવરૂપ આ મનોરાજ્યમાં ક્ષણિક મોહથી કલ્પાએલી આ મરનારપણા તથા મારનારપણા વગેરેની કલ્પના આજ મારા ઉપદેશથી ક્ષીણ થઈ ગઇ છે. જેમ મિથ્યાભૂત પદાર્થને ઉત્પત્તિ વગેરે આપવામાં મન સમર્થ છે તેમ ક્ષણને કલ્પ બનાવવામાં પણ મન સમર્થ છે. મન ક્ષણને કલ્પ બનાવી દે છે એ વાત તો અલ્પજ છે પણ એથી મોટી વાત એ છે કે મિથ્યા જગતને પણ ક્ષણમાત્રમાં સાચું બનાવી દે છે. આવા મનના સામર્થ્યથીજ આ જગતરૂપ ભ્રાંતિ ઉઠેલી છે. ક્ષણમાત્રમાં સ્વાભાવિક રીતે જે વિચિત્ર સ્વભાવોવાળું મનોરાજ્ય પ્રતિભાસિત થયું છે તેજ આ જગતરૂપી જાલ છે. ' નિત્યમુક્ત આત્મામાં અધ્યસ્તપણાનેલીધે અને કેવળ પ્રતિભાસમાત્રથી થએલું હોવાનેલીધે આ જગત ક્ષણિક અને તુચ્છજ છે ' એમ નહિ જાણનારા ભ્રાંત લોકોએજ જગતમાં વજ્રના જેવું દૃઢપણું કલ્પી લીધું છે.[૨૧-૨૬] તત્ત્વને નહિ જાણનારા આત્માને જે વિપરીત પ્રતિભાસ થાય છે તેજ આ જગત છે માટે આવા જગતનો અધ્યારોપ થવામાં પણ શું કઠણપણું છે અને બાધ થવામાં પણ શું કઠણપણું છે ? ચિત્તરૂપી ચિતારાએ ચૈતન્યમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંકલ્પમાત્રથી બનાવેલું આ જગત છે જ ક્યાં કે જેની નિવૃત્તિનેવાસ્તે પ્રયત્ન કરવાની જરૂર પડે. આ જગતરૂપી ચિત્ર ભીંત વગરનું છતાં અને રંગો વગરનું છતાં પણ જાણે ભારે આડંબરવાળું હોય તેમ મ્હોડા આગળ ખડું થયું છે.[૨૭,૨૮] આસક્તિ આપનારૂં, ઇંદ્રિયોને લલચાવનારૂં, અનેક પ્રકારના અવિદ્યાના ભાગોરૂપી આંજણોની રેખાઓવાળું, અનેક સૂર્યાદિક તેજોનાં કિરણોથી ચકચકિત લાગતું, અનેક કલ્પો તથા યુગોરૂપી અવયવોવાળું, અનેક પ્રકારના રાગોરૂપી રંગોથી રંગાએલું, અનેક પ્રકારના દેખાવોના વિલાસોવાળું, અનેક પ્રકારના અનુભવોરૂપી આંખોવાળું, ગુરુ આદિ અનેક ગ્રહોથી અત્યંત દીપતું, સૂર્યોદયના તથા સૂર્યાસ્ત આદિના સમયોમાં પૂર્વપશ્ચિમના અતિ વિચિત્ર દેખાવોવાળું, આકાશરૂપી શ્યામ સરોવરમાં તારા, ચંદ્ર તથા સૂર્યરૂપી પ્રફુલ્લિત કમલોવાળું, ઊંચે જોડાએલી વિચિત્ર રચનાઓવાળી વાદળાંઓની પંક્તિઓરૂપી પલ્લવોથી તથા મંજરીઓથી શોભી રહેલું, તે તે લોકોરૂપી કોઠાઓમાં આલેખાએલી દેવ દૈત્ય તથા મનુષ્યોરૂપી પુતળીઓવાળું, અને સૂર્ય તથા ચંદ્ર આદિના ઉત્તમ પ્રકાશરૂપી કળીચુનાથી ચકચકિત લાગતી આકાશરૂપી ભીંતના દેખાવવાળું આ જગતરૂપી ઉજ્વળ અને સ્ફુટ ચિત્ર ભીંતવિના ઉઠેલું છે એ મોટું આશ્ચર્ય છે.[૨૯-૩૨] વાસનાઓથી ભરેલા ચિત્તરૂપી ચિતારાએ નવા નવા દેખાવોથી ભરેલી બુદ્ધિરૂપી મુખ્ય નૃત્યશાળાવાળી, સાક્ષી ચૈતન્યરૂપી મોટા દીવાના પ્રકાશોથી પ્રકાશતા સર્વ લોકોરૂપી આભરણોવાળી અને અનેક લીલાઓ કરનારી આ ત્રૈલોક્યરૂપી મનોહર મુગ્ધાવસ્થાવાળી પુતળી (નટી) પોતાના અધિષ્ઠાનભૂત બ્રહ્મરૂપી આકાશમાંજ બનાવેલી છે. બ્રહ્માંડરૂપી દૃઢ અંગલતાવાળી, વાદળાંઓરૂપી ચોટલાવાળી, ચંદ્ર તથા સૂર્યરૂપી નેત્રોને ફેરવ્યા કરતી, ધર્મ, અર્થ તથા કામરૂપી નાડીઓથી બંધાએલાં શાસ્ત્રોરૂપી વસ્ત્રોવાળી, સાત પાતાલોરૂપી સાથળ આદિ સાત વિભાગોવાળા ચરણોવાળી, પૃથ્વીરૂપ ઊંચા નિતંબવાળી, બ્રહ્મા, ઇંદ્ર, રૂદ્ર તથા વિષ્ણુરૂપી ચાર બાહુઓથી ભારે સામર્થ્યવાળી, સત્વગુણરૂપી કાંચળીથી વીંટાએલા વિવેક તથા વૈરાગ્યરૂપી સ્તનોથી શોભી રહેલાં શરીરવાળી, શેષ આદિ મોટા નાગોથી વીંટાએલા ભૂતલરૂપી કમલાકાર આસનવાળી, મેરૂ તથા હિમાલય આદિ અનેક વર્ણોવાળા પર્વતોરૂપી ચાંલ્લાઓવાળી, મધ્યલોકરૂપી ઉદરવાળી, ચંદ્ર તથા સૂર્યરૂપી નેત્રોની ચેષ્ટાઓથી અંધકારની ચપલતાને હણનારી, તારાઓરૂપી ઉન્નત રોમાંચોવાળી, વિજળીરૂપી દાંતોની પંક્તિવાળી, ચૌદલોકમાં રહેનારાં ઘણાં ઘણાં પ્રાણીઓરૂપી સુંદર રૂંવાડાંઓવાળી, વૈરાગ્ય આપનારી પ્રાણીઓમાં ચાલતી પ્રલયની વાતોરૂપી સુગંધી પુષ્પોવાળી, અનેક પ્રકારના વિલાસો કરનારી, અને શૂન્ય છતાંપણ વિચિત્રતાવાળી આ બ્રહ્માંડરૂપી ઉત્તમ જીવતી પુતળી, વાસના, કામ તથા કર્મો આદિ વિચિત્ર સાધનોવાળા ચિત્તરૂપી વિલક્ષણ અને અનાદિ ચિતારાએ પોતાના અધિષ્ઠાનભૂત ચૈતન્યરૂપી આકાશમાંજ રચેલી છે.[૩૩-૩૭]

जीवान्विता गगन एव कृता विचित्रा व्योमात्मिका चिरविलक्षणचित्रकर्त्रा ॥ चित्तेन चित्रपरिकर्मविदा त्रिलोकी नानाविलासवलिता वरपुत्रिकेति ॥ ३७ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો ' ચિત્તવર્ણન ' એ નામનો છપ્પનમો સર્ગ સંપૂર્ણ. ૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્ગ ૫૭ મો.*

વાસનાની નિવૃત્તિનો ઉપાય

॥ શ્રીભગવાનુવાચ ॥

इदं विद्धि महाश्चर्यमर्जुनेह हि यत् किल ॥
पूर्वं संजायते चित्रं पश्चाद्भित्तिरुदेति हि ॥१॥

શ્રીકૃષ્ણ કહે છેઃ—હે અર્જુન ! અહીં આ મોટું આશ્ચર્ય સમજો કે જે, પ્રથમ ચિત્ર થાય છે અને પાછળથી ભીંત ઉદય પામે છે. (પ્રથમ મનથી જગતનો આકાર થાય છે અને પાછળથી ભુવન ઉત્પન્ન થાય છે.)[૧] પ્રથમ આધાર વગરજ ચિત્ર ઉત્પન્ન થયા પછી ભીંત ઉત્પન્ન થતી જોવામાં આવે છે એ તુંબડાના બુડવા જેવી અને પથરાના તરવા જેવી કેવા પ્રકારની વિચિત્ર માયા છે ![૨] ચિત્તમાં રહેલા ચિત્ર જેવા આ શૂન્યાત્મક બ્રહ્માંડમાં તમે કે જે બ્રહ્માકાશરૂપ છો તેમને આ મિથ્યા અહંકાર ઉદય પામ્યો છે એ કેવું મોટું આશ્ચર્ય છે ?[૩] જગતને બ્રહ્મરૂપ લેખો તોપણ એમ સિદ્ધ થાય છે કે બ્રહ્મે સઘળું બ્રહ્મજ બનાવ્યું છે, બ્રહ્મજ બ્રહ્મમાં લીન થાય છે, બ્રહ્મજ બ્રહ્મમાં ભોગવાય છે અને બ્રહ્મજ બ્રહ્મમાં વિસ્તીર્ણ થયું છે.[૪] હે અર્જુન ! જેમાં લાંબું લાંબું ભ્રમણ થયા કરે છે એવું આ જગત વાસનારૂપી લાંબી લાંબી રજ્જુથી બંધાયું છે અને વાસનારૂપી ફાંસીથીજ રુંપાયા કરે છે.[૫] જેમ અરીસામાં પ્રતિબિંબ રહે છે તેમ આ જગત બ્રહ્મમાં રહ્યું છે માટે આધાર (અધિષ્ઠાન)થી અભિન્ન હોવાનેલીધે છેદન-ભેદનાદિકથી જગતનો ઉચ્છેદ થાય એમ નથી. (જ્ઞાનવિના બીજા કોઈ ઉપાયથી જગતનો ઉચ્છેદ થાય એમ નથી.)[૬] બ્રહ્મમાં જે છેદન-ભેદન આદિ વ્યવહાર અને તે વ્યવહારના વિષયભૂત જગત પ્રતીત થાય છે તે બ્રહ્મથી ભિન્ન નથી પણ બ્રહ્મજ છે માટે આ જગતમાં કોનું શું ભેદાય કે છેદાય, શીરીતે ભેદાય કે છેદાય, શાથી ભેદાય કે છેદાય અને ક્યાં ભેદાય કે છેદાય ? કશું થાય એમ નથી.[૭] આવા બોધનેલીધે તમારી વાસનાઓ પણ બ્રહ્મથી જુદી નથીજ એમ સિદ્ધ થાય છે. જે પુરુષ સઘળા ધર્મોમાં તત્પર છતાં અને સર્વજ્ઞ છતાં પણ વાસનાઓથી રહિત ન થયો હોય તે પુરુષ પાંજરામાં રહેલા સિંહની પેઠે અત્યંત બંધાએલોજ છે એમ સમજવું. જેને ચિત્તરૂપ ખેતરમાં વાસનારૂપ બીજ અત્યંત અલ્પ પણ રહી ગયું હોય તે પુરુષને પાછું સંસારરૂપી વન મોટું થઈ પડે છે. વાસનારૂપ બીજ અભ્યાસનેલીધે હૃદયમાં રૂઢ થએલા તત્ત્વબોધરૂપ અગ્નિથી નિરશેષ રીતે બળી ગયું હોય તો પાછું ઉગતુંજ નથી.[૮-૧૦] જેમાંથી વાસનારૂપી બીજ નિરશેષ રીતે બળી ગયું હોય એવું સ્વચ્છ મન જેમ કમલપત્ર જલમાં ડૂબતું નથી તેમ સુખ-દુઃખાદિક વસ્તુઓમાં ડૂબતું નથી.[૧૧] હે અર્જુન ! તમે અપાર આશાઓને છોડી દઇ આ મારા પવિત્ર ઉપદેશનું સારી રીતે મનન કરી, મનના મોટા મોહથી રહિત થઇ, બંધુઓના વધ આદિથી થતા ક્લેશોથી રહિત થઇ, એક શાંત બ્રહ્મરૂપે નિર્ભય રહી પરમાનંદથી સ્વરૂપમાંજ રહો.[૧૨]

शांतात्मा विगतभयोज्झितामिताशो निर्वाणो गलितमहामनो विमोहः ॥ सम्यक्त्वं श्रुतमवगम्य पावनं तत्तिष्ठात्मन्यपहतिरेकशांतिरूपः॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો ‘અર્જુનવિશ્રાંતિવર્ણન’ એ નામનો સત્તાવનમો સર્ગ સંપૂર્ણ. ૫૭

---

* આ સત્તાવનમા સર્ગમાં જે વિચારથી મન તુરત વાસનાઓથી રહિત થાય અને પરમ સુખરૂપ અદ્વૈત આત્મા અવશેષ રહે તે વિચારનો ઉપદેશ કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્ગ ૫૮ મો.*

અર્જુનની કૃતાર્થતા

॥ अर्जुन उवाच ॥

नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाच्युत ॥
स्थितोस्मि गतसंदेहः करिष्ये वचनं तव ॥१॥

અર્જુન કહે છેઃ–હે શ્રીકૃષ્ણ ! તમે અનુગ્રહપૂર્વક કરેલા ઉપદેશથી મારું વાસનાસહિત અજ્ઞાન નષ્ટ થઇ ગયું અને આત્મતત્ત્વનો સાક્ષાત્કાર પ્રાપ્ત થયો. હવે હું બંધુવધ વગેરેના કર્ત્તાપણાના સંદેહથી રહિત થઇને ઉભો છું. આપે તત્ત્વજ્ઞાનના વિષયમાં અને આવી પડેલો વ્યવહાર કરવાના વિષયમાં જે કહ્યું તે પ્રમાણે હું વર્ત્તીશ.[1]

શ્રીકૃષ્ણ કહે છેઃ–જો બોધથી હૃદયમાં સ્ફુટ રીતે રાગ આદિ વૃત્તિઓ સર્વથા શાંત થઇ ગઇ હોય તો અંદર ચિત્તને શાંત થએલું અને નિર્વાસનપણાને પ્રાપ્ત થએલું સમજો.[2] આ ચિત્તની નિર્વાસનપણારૂપ સ્થિતિમાં પ્રત્યગાત્મારૂપ બ્રહ્મતત્ત્વ કે જે વ્યવહારમાં સર્વરૂપ તથા સર્વવ્યાપક છે અને પરમાર્થમાં સર્વથી રહિત છે તે તત્ત્વ દૃશ્યોથી રહિત થઇ જાય છે. જેમ પૃથ્વીપરથી ઉડી આકાશમાં અત્યંત ઊંચે ગએલો પક્ષી કોઈના જોવામાં કે જાણવામાં આવતો નથી તેમ એ પદ જગતસંબંધી કોઇ લોકોના કે ઇંદ્રિયો વગેરેના જોવામાં કે જાણવામાં આવતું નથી.[3,4] એ પ્રત્યક્ ચેતનરૂપ આત્માને સર્વનો પ્રકાશ કરનાર, શુદ્ધ, સંકલ્પોથી રહિત, ઇંદ્રિય આદિથી અગમ્ય અને સવિષય જ્ઞાનોથી દૂર જોવો જાણો.[5] જેમ લોકોની દૃષ્ટિ પરમાણુઓને જોઇ શકતી નથી તેમ કોઇ પણ લોકો સર્વથી ન્યારા એ અત્યંત સ્વચ્છ પદને નિદિધ્યાસનવિના જોઈ શકતા નથી.[6] જે પરમપદમાં સઘળા આ ઘટપટ આદિ સ્થૂલ પદાર્થોનો પણ બાધ થઇ જાય છે તે પરમપદમાં બિચારી અતિ સૂક્ષ્મ વાસના શું કરી શકે એમ છે ?[7] જેમ અગ્નિના પર્વતને પ્રાપ્ત થઈને હિમની કણી લીન થઈ જાય તેમ શુદ્ધ ચૈતન્યતત્ત્વને પામીને અવિદ્યા લીન થઇ જાય છે.[8] ધૂળ જેવી તુચ્છ અને ભોગથી બંધન કરનારી બિચારી વાસના ક્યાં અને સઘળાં બ્રહ્માંડોમાં ભરપૂર થઈ રહેલો આત્મતત્ત્વરૂપી પ્રબલ પવન ક્યાં ![9] જ્યાંસુધી આ શુદ્ધ આત્મા પોતારૂપે જાણવામાં ન આવ્યો હોય ત્યાંસુધીજ અનેક આકારોથી વિકાર પામનારી આ અવિદ્યા સ્ફુરે છે.[10] પોતાના ઉદરમાં સર્વને ગળી જનારા વ્યાપક પરમપદમાં સઘળા દૃશ્યોના દેખાવો ક્ષીણ થઇ જાય છે અને સ્વચ્છતાજ ઉદય પામે છે. એ પરમ વસ્તુ કે જે પૂર્ણતારૂપ છે, સઘળા જગતસંબંધી આકારોથી રહિત છે અને વાણીથી પણ અગમ્ય છે તેને કોની ઉપમા આપી શકાય ?[11,12] હે અર્જુન ! તમે પૂર્ણ સ્વરૂપનું દર્શન કરી પ્યારા વિષયોનો ત્યાગ કરવારૂપ મંત્રની યુક્તિથી, અંતઃકરણમાં રહેનારી વિષયોરૂપી ઝેરથી ઉત્પન્ન થએલી વાસનારૂપી વિષૂચિકાને (કૉલેરાને) ટાળી નાખીને સંસારના બંધનથી રહિત અને નિર્ભય સ્વભાવવાળા પરમાત્માજ થાઓ.[13]

વસિષ્ઠ ઋષિ કહે છેઃ–હે રામચંદ્રજી ! ત્રૈલોક્યના નાથ શ્રીકૃષ્ણ ભગવાન એટલો ઉપદેશ આપી પછી ચૂપ રહીને આગળ બેઠા રહેશે ત્યારે અર્જુન, જેમ શ્યામ કમલોના વનની પાસે ભ્રમર ગુંજાર કરે તેમ શ્રીકૃષ્ણની પાસે નીચેપ્રમાણે વચન બોલશે.[14]

અર્જુન કહે છેઃ–હે મહારાજ ! આપ કે જે ત્રૈલોક્યના નાથ છો તેમના વચનથી, આ મારી બુદ્ધિ સઘળા શોકરૂપી બોજાથી મુક્ત થઈ ને,

* આ અઠ્ઠાવનમા સર્ગમાં તત્ત્વબોધથી અવિદ્યાસહિત વાસનાઓનો ક્ષય થવાનું અને તેથી અર્જુનના કૃતાર્થપણાનું વર્ણન કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ સૂર્યના દર્શનથી કમલિની પરમ ઉદયને પ્રાપ્ત થાય તેમ પરમ ઉદયને પ્રાપ્ત થઇ છે.[૧૫]

વસિષ્ઠ ઋષિ કહે છેઃ-સંદેહથી રહિત થએલો અને જેના શ્રીકૃષ્ણ સારથિ હશે એવો અર્જુન એટલાં વચન બોલી તૈયાર થઇને યુદ્ધરૂપ લીલા કરશે.[૧૬] એ અર્જુન યુદ્ધભૂમિમાં હાથીઓને, ઘોડાઓને તથા સારથિઓ વગેરેને મારી તેઓના શરીરોમાંથી ધડધડ નીકળતાં લોહીની મોટી નદી ચલાવશે અને આકાશના સૂર્યરૂપી નેત્રને બાણોના સમૂહોના ફેલાવાથી તથા યુદ્ધભૂમિમાંથી ઉડેલી રજની પ્રબલ ડમરીથી તિરોહિત કરી નાખશે.[૧૭]

करिष्यति क्षतगजवाजिसारथिद्रुतक्षरद्रुधिरमहानदीं भुवम् ॥ शरोत्करप्रसरमहारजःस्थलीं तिरोहितद्युमणिविलोचनां दिवम् ॥ १ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના પૂર્વાર્દ્ધનો 'અર્જુનકૃતાર્થતા' એ નામનો અઠ્ઠાવનમો સર્ગ સંપૂર્ણ. ૫૮

અર્જુનનું ઉપાખ્યાન સંપૂર્ણ થયું.

સર્ગ ૫૯ મો.*

શુદ્ધ ચૈતન્યની સ્થિરતાના ઉપાય

॥ श्रीवसिष्ठ उवाच ॥

एतां दृष्टिमवष्टभ्य राघवाघविनाशिनीम् ॥
तिष्ठ निस्संगसंन्यासब्रह्मार्पणमयात्मकः ॥१॥

વસિષ્ઠ ઋષિ કહે છેઃ-"હે રામચંદ્રજી ! તમે સઘળા પાપોનો ક્ષય કરનારી આ દૃષ્ટિનો આશ્રય કરી નિસ્સંગપણારૂપ સંન્યાસ ધરીને અને બ્રહ્મમાં સર્વ જગતના બાધરૂપ બ્રહ્માર્પણ ધરીને અખંડ એકરસરૂપે રહો.[૧] જેમાં સઘળું જગત રહેલું છે, જેમાંથી સઘળું જગત થાય છે, જે પોતે સઘળા જગતરૂપ છે, જે ત્રણે કાળમાં વિદ્યમાન છે, જે સર્વમય છતાંપણ નિત્ય તથા પર છે, જે પોતે પ્રપંચથી બહિર્ભૂત હોવાનેલીધે દૂર છતાંપણ સર્વાંતરપણાનેલીધે અંદર છે અને સર્વમાં વ્યાપક છતાં પણ સ્વરૂપમાંજ રહેલ છે તેનેજ આત્મા સમજો. તમે તેમાંજ રહ્યા છો અને તેથીજ સત્તા પામ્યા છો તેથી તેજ છો એમ નિસ્સંશય રીતે સમજો.[૨,૩] જ્ઞેયોથી રહિત જે સ્વાભાવિક જ્ઞાન છે અને દૃશ્યોથી રહિત જે સ્વાભાવિક દર્શન છે તેજ પરમપદ છે એમ સમજો.[૪] જ્ઞેયોથી તથા દૃશ્યોથી રહિત જે સ્થિતિ તેજ સઘળી કાષ્ઠાઓમાં પરાકાષ્ઠા છે, તેજ સઘળી દૃષ્ટિઓમાં ઉત્તમ દૃષ્ટિ છે, તેજ સઘળા મહિમાઓમાં ઉત્તમ મહિમા છે, તેજ સઘળા માન્યોમાં ઉત્તમ માન્ય છે,[૫] તેજ આત્મા છે, તેજ વિજ્ઞાન છે, તેજ સર્વથી શૂન્ય બ્રહ્મ છે, તેજ પર છે, તેજ શ્રેય છે, તેજ શાંત શિવ છે, તેજ વિદ્યા છે અને તેજ સર્વોત્તમ સ્થિતિ છે.[૬] ચિત્તની અંદર જે સઘળા પ્રકારના અનુભવરૂપ છે, અને જેની સત્તાથીજ સઘળાં દ્રવ્યો રહ્યાં છે તથા પ્રિય લાગે છે તે આત્માજ જગતરૂપી તિલમાં તેલરૂપ છે. જગતરૂપી ઘરમાં દીવારૂપ છે, જગતરૂપી ઝાડમાં રસરૂપ છે, જગતનો ગોવાળ છે,[૭-૮] સઘળાં પ્રાણીઓરૂપી મોતીઓમાં તંતુરૂપ છે, હૃદયાકાશના પણ અધિષ્ઠાનરૂપ છે, સઘળા પદાર્થોરૂપી મરીઆંની પરમ તીક્ષ્ણતારૂપ છે.[૯] પદાર્થમાં પદાર્થપણારૂપ છે, સર્વોત્તમ તત્ત્વરૂપ છે, સત્વસ્તુના સત્પણારૂપ છે અને અસત્ વસ્તુના અસત્પણારૂપ છે.[૧૦] પોતાના તાત્વિક બોધરૂપ અલૌકિક ઉપાયથી 'જે કાંઈ છે તે સઘળું આત્માજ છે' એવી રીતે તે આત્મા પ્રાપ્ત થાય છે. જગતસંબંધી સઘળા પદાર્થો જ્યાંસુધી સૂક્ષ્મવિચારથી ન જોવામાં આવે ત્યાંસુધીજ સારા લાગે છે પણ વિચાર કરતાં વીખાઇ જાય છે માટે પરમાત્માના વિકલ્પોરૂપ તે પદા-

* આ ઓગણસાઠમા સર્ગમાં જે દૃષ્ટિથી જીવન્મુક્તિમાં દશ્યો વગરની ચૈતન્યની સ્થિતિ સારીપેઠે સ્થિર થાય તે દૃષ્ટિનું વર્ણન કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થી મુદ્દલ છેજ નહિ.[૧૧] "હું પ્રથમ આ મિથ્યા ભ્રાંતિઓના સમૂહરૂપ જગતના જાળમાં કોણ હોઇને આસ્થા બાંધું છું, મારે તથા બુદ્ધિને શો સંબંધ છે. આદિ, મધ્ય તથા અંતરૂપ પરિચ્છેદો તથા સંકલ્પોની રચનાઓ પણ હુંજ છું.[૧૨,૧૩] આદિથી તથા અંતથી રહિત બ્રહ્માકાશ હું છું અને મારા સ્વરૂપને પરિચ્છેદ તે કેવો હોય" એવી રીતનો જે પુરુષના મનમાં નિશ્ચય હોય તે પુરુષની તે સ્થિતિ વ્યવહાર કરવાના સમયમાં પણ ટળતી નથી.[૧૪] સર્વદા બ્રહ્મમાં રહેલું જેનું મન આકાશની શૂન્યતાની પેઠે અસ્ત પણ પામતું નથી અને ઉદય પણ પામતું નથી તે મહાત્મા પુરુષ બ્રહ્મજ કહેવાય છે અને અંદર ઉદયથી તથા અસ્તથી રહિત સ્થિતિવાળોજ હોય છે. વ્યવહારથી નહિ પણ ભાવનાથી અદ્વૈતપદમાં આરૂઢ થએલો પુરુષ વ્યવહાર કરે તોપણ સાક્ષિપણામાં સ્થિતિનેલીધે અરીસામાં પડેલા પુરુષના પ્રતિબિંબની પેઠે હર્ષને કે ખેદને પ્રાપ્ત થતો નથી.[૧૫-૧૭] વ્યવહાર કરતાં છતાં પણ જે પુરુષના હૃદયમાં અરીસામાં પડેલા પુરુષના પ્રતિબિંબની પેઠે જરાપણ માનાપમાન વગેરેનું દુઃખ ન થાય તેને જીવન્મુક્ત સમજવો. જેમ અરીસામાં દેખાતો લોકોનો વ્યવહાર અરીસામાં કશા વિકારને ઉત્પન્ન કર્યાવિનાજ પ્રતિબિંબિત થાય છે તેમ ચૈતન્યના અતિ નિર્મલપણાનેલીધે જીવન્મુક્ત પુરુષમાં દેખવામાં આવતો પ્રાપ્ત વ્યવહાર હર્ષ-શોકાદિક કશા વિકારને ઉત્પન્ન કર્યા વિનાજ પ્રતિબિંબિત થાય છે. ચૈતન્યનો ચમત્કારજ આ જગતરૂપે પ્રતીત થાય છે માટે એમાં એકત્વ પણ નથી અને દ્વિત્વ પણ નથી. અર્થરૂપ, શબ્દરૂપ, શિષ્યોરૂપ, શિષ્યોની ચેષ્ટાઓરૂપ, ગુરુઓરૂપ, અને ગુરુઓનાં વાક્યોરૂપ ચમત્કારોથી ભરેલો આ મારો ઉપદેશ પણ ચૈતન્યમયજ છે.[૧૮-૨૦] શાંત બ્રહ્મચૈતન્ય પોતે પોતામાંજ વિવર્ત્ત પામ્યા કરે છે અને એ જે વિવર્ત્ત છે તેજ આ સંસાર છે. ચૈતન્યનો જે અવિવર્ત્ત છે તે પરમપદ છે.[૨૧] ચૈતન્યના વિવર્ત્તનો બાધ થવાથી ચિત્ત બ્રહ્માકારે પરિણામ પામતાં જીવપણા તથા જગતપણારૂપ અંશનો જે નિરાસ થાય તેજ પરમ પુરુષાર્થ છે અને વાસનાનો ક્ષય છે.[૨૨] ચૈતન્યના વિવર્ત્તનો બાધ થવાથી આ સંસાર શાંત થઈ જાય છે. ચૈતન્યનો વિવર્ત્ત મિથ્યા છતાં પણ જડપણાનું સંપાદન કરે છે એટલામાટે વિવર્ત્તથી રહિતપણું એજ અજડ અને પરમ ચૈતન્યનું સ્વરૂપ છેએમ અનુભવી લોકો કહે છે.[૨૩] આ સંસૃતિ કે જે અનાત્મદર્શનરૂપ છે તે અનાત્મપદાર્થોમાં સાચાપણાની ભાવનાને આધીન છે એમ અનુભવમાં આવે છે. જીવન્મુક્તને એ ભાવનાનો લય થઈ ગયો હોય છે તેથી જીવન્મુક્તની સંસૃતિ બળી ગએલા કપડાની પેઠે જીવન્મુક્તને બંધન આપવામાં સમર્થ થતી નથી.[૨૪] જીવન્મુક્ત પુરુષ વિવર્ત્ત વગરના ચૈતન્યરૂપ થએલો હોય છે તેથી તેની સંસૃતિ ચૈતન્યરૂપેજ અવશેષ રહે છે. ચૈતન્યનો જે વિવર્ત્ત છે તેજ પ્રમાતા, પ્રમાણ અને પ્રમેય આદિરૂપ સંસારના ચક્રનો વેગ કહેવાય છે. જેમ કડાં વગેરે પદાર્થ સોનાથી ભિન્ન નથી તેમ ચૈતન્યના વિવર્ત્તરૂપ સંસાર ચૈતન્યથી ભિન્ન નથી. ચૈતન્યનો વિવર્ત્ત ચૈતન્યજ છે, અને 'તે વિવર્ત્ત ચૈતન્યજ છે' એમ નહિ સમજવું એ સંસાર છે, જેમ સોનામાં કડાંપણું ઉઠે છે તેમ અબોધનેલીધેજ ચૈતન્યમાં વિવર્ત્ત ઉઠે છે.[૨૫-૨૭] હે રામચંદ્રજી! એ વિવર્ત્ત બોધમાત્રથી લીન થઇ જાય ત્યારે શુદ્ધ ચૈતન્ય અવશેષ રહે છે. આત્મતત્ત્વના બોધમાત્રથી ભોગોની વાસના ક્ષીણ થાય છે અને તે ક્ષીણ થતાં ભોગોનું જે અચિંતન થાય છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેજ જીવન્મુક્તનું ઉત્તમ લક્ષણ છે. જીવન્મુક્ત પુરુષને સ્વાભાવિક રીતેજ ભોગોની ઉપર રૂચિ હોતી નથી.[૨૮,૨૯] અત્યંત તૃપ્ત થએલો કયો પુરુષ દુષ્ટ અન્નની ઈચ્છા કરે ? સ્વાભાવિક રીતેજ ભોગોની ઇચ્છા ન થવી એ જીવન્મુક્તનું બીજું લક્ષણ છે એમ સમજો.[૩૦] ‘ જે આત્મચૈતન્ય છે તેજ ભોક્તા, ભોગ્ય તથા ભોગ આકારે વિવર્ત્ત પામીને સર્વ પ્રપંચરૂપે પ્રતીત થાય છે ’ એવા પ્રકારનો દૃઢ અભ્યાસપૂર્વક જે પ્રરૂઢ નિશ્ચય એજ જીવન્મુક્તપણાનું લક્ષણ છે. લોકોને અનુસરવાનેવાસ્તે ભોગો ભોગવાતાં છતાં પણ જે પુરુષ વાસ્તવિક રીતે ભોગવતો નથી તેને તત્ત્વવેત્તા સમજવો.[૩૧,૩૨] જેમ આકાશમાં લાકડીઓ ઠોકવા લાગેલા પુરુષોને અનુસરવાનેવાસ્તે કોઇ સમજુ પુરુષ આકાશમાં લાકડીઓ ઠોકતો હોય તેમ જીવન્મુક્ત પુરુષ ભોગોમાં લાગેલા લોકોને અનુસરવાનેવાસ્તે પોતે ભોગ ભોગવે છે માટે તેની તે ચેષ્ટા વૃથાજ છે. સઘળા મિથ્યાભૂત જગતમાં આત્મદૃષ્ટિ કરવી એ જોકે કૃત્રિમ બુદ્ધિ છે તોપણ આત્માનું અવલોકન કરવાનેવાસ્તે તેવી બુદ્ધિ રાખ્યાવિના પોતાનાં અંગોને કાપી નાખવા આદિ બીજાં સાહસો કરવામાં આવે તોપણ આત્માના અવલોકનરૂપ સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. જ્યાંસુધી વિવર્ત્ત પામવાના સ્વભાવવાળું આ ચૈતન્ય અજ્ઞાનથી ઢંકાઇને વિવર્ત્ત પામ્યા કરે છે ત્યાંસુધી બુદ્ધિ વગેરેની કોટિમાં રહીને વિષયોરૂપ વિભ્રમને જોયા કરે છે. જ્યારે અંદર પરિપૂર્ણ બોધનો ઉદય થાય ત્યારે વિવર્ત્તની અને અવિવર્ત્તની દશાઓનો ક્રમ બુઝાઈ ગએલા દીવાની પેઠે ક્યાંય જતો રહે છે કે તેનું નામ પણ પાછું મળતું નથી. સ્વાભાવિક રીતે શાંતરૂપવાળા આ ચૈતન્યમાં વિવર્ત્તની કે અવિવર્ત્તની વાત પણ જરાય નથી. સમાધિનેલીધે ચલનથી રહિત થએલા પ્રાણવાયુનું જે અલૌકિકરૂપ છે તેજ અજ્ઞાનથી તથા વિવર્ત્તથી રહિત થએલા ચૈતન્યનું મોક્ષ નામનું સ્વરૂપ છે. જ્યારે ચિત્ત નામનો ચૈતન્યનો વિવર્ત્ત શુદ્ધ ચૈતન્યના રૂપને (બ્રહ્માકારપણાને) ધરે ત્યારે તે બંધ પણ આપતો નથી અને મોક્ષ પણ આપતો નથી પરંતુ કેવલ સ્વરૂપમાંજ રહે છે. ચૈતન્ય જો ચિત્તપણારૂપ તથા ચિત્તના ઉપરામરૂપ વ્યર્થ દશાઓને ન ધરે તો બંધનું કે મોક્ષ વગેરેનું તેમાં નામ પણ રહેતું નથી. ‘ મને મોક્ષ થાઓ ’ એવી ઈચ્છા પણ પૂર્ણપણાના ક્ષયનું કારણ છે અને ‘ મોક્ષ ન થાય તો ઠીક ’ એવી ઇચ્છા પણ બંધરૂપ છે. ચૈતન્યનું દૃશ્યોમાં ઉન્મુખપણા વગરનું જે અખંડ સ્વરૂપ છે તેજ કલ્યાણરૂપ છે. સ્વયંપ્રકાશ, અજડ, સર્વથી પર અને ત્રિપુટી વગરના એ સ્વરૂપનેજ પરમપદ સમજો. મહાચૈતન્યનું સંકલ્પરૂપ જે ચલન છે તેજ બંધને તથા મોક્ષને યોગ્ય છે અને તે સૂક્ષ્મ વિચારથી અવલોકન કરતાંજ નષ્ટ થઇ જાય છે. નિરાધાર અહંભાવ અવલોકન કરવાથી શાંત થઈ જાય ત્યારે શાથી કોનું શું બંધાય છે અને શાથી કોનું શું મૂકાય છે એ જાણવામાં પણ આવતું નથી.[૩૩-૪૪] વિવેકી પુરુષ જો પોતે રચેલા સંકલ્પમાંજ ‘આ મેં ધાર્યું હતું અને આ મેં નહિ ધાર્યું હતું ’ એવા વિભાગને છોડી દે તો ઉત્પન્ન થએલો સંકલ્પ પણ બહારના ચલનને ઉત્પન્ન કરવામાં અસમર્થ થઇને નષ્ટ થઈ જાય એટલે પછી સઘળું અપ્રતિબંધ રીતે સંકલ્પ વગરનું અને ચલન વગરનું થઇ જાય છે.[૪૫] આત્મા જો જ્ઞાનથી સંકલ્પને અને સંકલ્પમય ચપલ ક્રિયાઓને ક્ષીણ કરી નાખે તો પછી ચલનવગરનું ઘાટું ચૈતન્યજ રહેતાં સંસાર રહેતોજ નથી.[૪૬] અથવા ‘ચૈતન્યનું જે ચલન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે તે ચૈતન્યનોજ પ્રકાશ છે' એમ અખંડ રીતે સમજવામાં આવે તો ચૈતન્યનું ચલન કાંઈ પણ ચૈતન્યથી જુદું અવશેષ રહેતું નથી. જ્ઞાની પુરુષ આ દૃશ્યમય લાંબા સ્વપ્નમાં સ્વપ્નાંતરમાં જતાં પણ સર્વના અધિષ્ઠાનભૂત પોતાના સ્વરૂપથી ચ્યુત થતો નથી તેથી કશા મોહને પ્રાપ્ત થતો નથી.[૪૭] હે રામચંદ્રજી ! પ્રત્યગાત્મા કે જેમાં બલાત્કારથી અટકાવતાં છતાં પણ સર્વદા સઘળા જગતસંબંધી આકારોના દેખાવો મીઠાશથી સારા લાગે એવી રીતે ઉત્પન્ન થાય છે, જેમાં તે સઘળા આકારોના દેખાવોની સ્થિતિ પણ ઉદય પામે છે અને જેમાં સઘળા સંકલ્પાત્મક તે તે આકારોના દેખાવોરૂપી કાદવો લીન પણ થઇ જાય છે તે પ્રત્યગાત્માનેજ ઉપર કહેલા વિચારથી પોતાની અંદર જુવો.[૪૮]

यत्रोदेति प्रसभमनिशं सर्गसंवित्तिसत्ता यस्मिन्नेते सकलकलनाकारदंका गलंति ॥ उद्यंत्येते स्वदनसुभगं यत्र सर्वोपलंभाध्यानेनैवं तमवगमय प्रत्यगात्मानमंतः ॥ ४८ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'પ્રત્યગાત્મભાવબોધ' એ નામનો ઓગણસાઠમો સર્ગ સંપૂર્ણ. ૫૯

सर्ग ६० मो.*

વિશ્વ પરમાત્માની વિભૂતિ છે

॥ श्रीवसिष्ठ उवाच ॥

एवमाद्यं परं तत्त्वं चिद्घनं परमं पदम् ॥ तत्स्था एते महारूपा ब्रह्मविष्णुहरादयः ॥१॥

વસિષ્ઠ ઋષિ કહે છેઃ–હે રામચંદ્રજી ! પરમપદરૂપ અને ચૈતન્યઘન જે આદ્ય પરમતત્ત્વ છે તે એવા પ્રકારનું છે. મોટાં મોટાં રૂપોવાળા આ બ્રહ્મા, વિષ્ણુ અને શિવ આદિ દેવતાઓ એ તત્ત્વમાં રહીનેજ પ્રસન્ન રહે છે અને રાજા લોકોની પેઠે ઉંચી ઉંચી વિભૂતિઓથી શોભે છે. સિદ્ધ લોકો પણ એ તત્ત્વમાં રહીનેજ, સ્વર્ગમાં દેવતાઓની પેઠે આકાશગમન આદિ ક્રિડાઓથી લાંબા કાળસુધી મોજ કરે છે. હે રામચંદ્રજી ! એ તત્ત્વને પામ્યા પછી મરવું પડતું નથી, એ તત્ત્વને પામ્યા પછી શોક કરવો પડતો નથી.[૧-૩] એ તત્ત્વને પામ્યા પછી ભૂખ તરસ વગેરેથી પીડાવું પડતું નથી અને એ તત્ત્વને પામ્યા પછી ભીંત વગેરેથી રોકાવું પડતું નથી. અપાર બ્રહ્માકાશરૂપ એ પરમાત્માનું સત્તાસામાન્ય નામનું રૂપ જો જરા પણ ભાવિત કરવામાં આવે તો તમે નિમેષમાત્રમાં જીવન્મુક્ત મુનિ થશો[૪,૫] અને વ્યવહારસંબંધી કામો કર્યા કરતાં છતાં પણ ફરીવાર પરિતાપ પામશો નહિ.

રામચંદ્રજી પૂછે છેઃ–મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત એઓ જેમાં ક્ષય પામે છે એવા નિર્વિશેષ સ્વયંપ્રકાશ બ્રહ્મતત્ત્વને તમે સત્તાસામાન્ય કહો છો કે મન આદિ સઘળા વિશેષોવાળા સર્વાત્મા ઈશ્વરને તમે સત્તાસામાન્ય કહો છો ? નિર્વિશેષ બ્રહ્મતત્ત્વને તમે સત્તાસામાન્ય કહેતા હો તો તેમાં બ્રહ્મા આદિ કોઇપણ વિશેષની સ્થિતિ સંભવતી નથી અને મન આદિ વિશેષોવાળા ઈશ્વરને તમે સત્તાસામાન્ય કહેતા હો તો તેની પ્રાપ્તિથી સઘળા પરિતાપોનું આત્યંતિક ઉચ્છેદન થવું સંભવતું નથી.[૬]

વસિષ્ઠ ઋષિ કહે છેઃ–પ્રપંચનો બાધ થયા પછી જે નિર્વિશેષ રહે છે અને પ્રપંચનો બાધ થયા પહેલાં જે સવિશેષ રહે છે તેઓને જુદા પાડીને હું તેઓમાંના કોઇને સત્તાસામાન્ય કહેતો નથી પણ સઘળા જીવભાવોમાં, ઈશ્વરભાવમાં અને મુક્તિમાં પણ જે અનુસ્યૂત અખંડ દંડાયાન સન્માત્ર છે તેનેજ સત્તાસામાન્ય કહું છું અને તેજ જગતનું તત્ત્વ છે કે જેમાં તમે

* આ સાઠમા સર્ગમાં પોતાની માયાનેલીધે અદ્વિતીય શુદ્ધ પરમાત્માની સઘળા આકારોથી સ્થિતિરૂપ વિભૂતિ કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધારેલો કોઇ પણ વિરોધ આવતો નથી. સર્વમાં વ્યાપક, આદિથી તથા અંતથી રહિત અને અવ્યવહિત છતાં પણ ભૂલાઇ ગએલા કંઠમાં પહેરેલા હારની પેઠે મેળવવામાં આવતું જે બ્રહ્મ સઘળા દેહોમાં રહીને જાગ્રતમાં, સ્વપ્નમાં તથા સૃષ્ટિના સમયમાં ખાય છે, પીએ છે તથા ચેષ્ટા કરે છે અને સુષુપ્તિમાં તથા પ્રલયમાં સર્વને તોડી નાખે છે અને સમાધિમાં સઘળાં દૃશ્યોથી રહિત થઇને દૃક્‌માત્રરૂપે અવશેષ રહે છે તે સંપૂર્ણ બ્રહ્મતત્ત્વને હું સત્તાસામાન્ય કહું છું.[7-8] એ સત્તાસામાન્ય આકાશમાં આકાશપણાથી, શબ્દમાં શબ્દપણાથી, સ્પર્શમાં સ્પર્શપણાથી અને ત્વચામાં ત્વચાપણાથી રહેલ છે. એ સત્તાસામાન્ય રસમાં રસપણાથી, રસનામાં રસનાપણાથી, રૂપમાં રૂપપણાથી અને ચક્ષુમાં ચક્ષુપણાથી રહેલું જોવામાં આવે છે. એ સત્તાસામાન્ય ઘ્રાણમાં ઘ્રાણપણાથી, ગંધમાં ગંધપણાથી, કાયામાં કાયાપણાથી અને પૃથ્વીમાં પૃથ્વીપણાથી રહેલ છે.[9-11] એ સત્તાસામાન્ય જલમાં જલપણાથી, વાયુમાં વાયુપણાથી, તેજમાં તેજપણાથી, અને બુદ્ધિમાં બુદ્ધિપણાથી રહેલ છે.[12] એ સત્તાસામાન્ય મનમાં મનપણાથી, અહંકારમાં અહંકારપણાથી, જ્ઞાનમાં જ્ઞાનપણાથી અને ચિત્તમાં ચિત્તપણાથી રહેલ છે.[13] એ સત્તાસામાન્ય વૃક્ષમાં વૃક્ષપણાથી, વસ્ત્રમાં વસ્ત્રપણાથી, ઘટમાં ઘટપણાથી અને વડમાં વડપણાથી રહેલ છે.[14] એ સત્તાસામાન્ય સ્થાવરમાં સ્થાવરપણાથી, જંગમમાં જંગમપણાથી, પાષાણમાં પાષાણપણાથી, અને ચેતનમાં ચેતનપણાથી રહેલ છે.[15] એ સત્તાસામાન્ય દેવોમાં દેવપણાથી, મનુષ્યોમાં મનુષ્યપણાથી, પશુ-પક્ષીઓમાં પશુ-પક્ષીપણાથી અને કીડાઓમાં કીડાપણાથી રહેલ છે.[16] એ સત્તાસામાન્યરૂપ પરમાત્મા કાલમાં કાલપણાથી, ઋતુમાં ઋતુપણાથી, ત્રુટિકાલમાં ત્રુટિકાલપણાથી, ક્ષણમાં ક્ષણપણાથી, અને નિમેષ આદિમાં નિમેષ આદિપણાથી રહેલ છે.[17] એ સત્તાસામાન્ય ધોળામાં ધોળાપણાથી, કાળાપણામાં કાળાપણાથી, ક્રિયાઓમાં ચલનપણાથી અને નિયમમાં નિયમપણાથી થએલ છે.[18] એ સત્તાસામાન્યરૂપ પરમેશ્વર સ્થિતિમાં સ્થિતિપણાથી, નાશમાં નાશપણાથી, અને ઉત્પત્તિમાં ઉત્પત્તિપણાથી રહેલ છે.[19] એ સત્તાસામાન્યરૂપ પરમેશ્વર બાલ્યમાં બાલ્યરૂપથી, યૌવનમાં યૌવનરૂપથી, જરામાં જરારૂપથી અને મરણમાં મરણરૂપથી રહેલ છે.[20] જેમ સમુદ્રમાં જલ કલ્લોલોથી, છાંટાઓથી તથા લહેરોથી અભિન્ન છે તેમ પરમેશ્વર સઘળા પદાર્થોથી અભિન્ન છે.[21] એ પદાર્થોમાં જે અનેકપણું છે તે તો મિથ્યાજ છે અને તે અનેકપણું સાચા અને ચૈતન્ય સ્વભાવવાળા એ આત્માએજ જેમ બાલક વેતાલને કલ્પી લેછે તેમ કલ્પી લીધેલું છે.[22] હે મહાત્મા રામચંદ્રજી ! " હું કે જે સર્વત્ર રહેલો છું અને ચૈતન્યરૂપ છું તેણે પોતેજ જગત કલ્પી લીધેલું છે અને આ સઘળા જગતમાં હુંજ અનેક વિલાસોથી વ્યાપ્ત છું માટે મારાથી જુદું કાંઇપણ નથી " એવી ભાવના રાખી ઉપશાંતબુદ્ધિવાળા થઇને સુખથી પોતાના મહિમામાંજ રહો.[23]

વાલ્મીકિ મુનિએ ભારદ્વાજને આટલાસુધી કથા કહી ત્યાં દિવસ જતો રહ્યો, સૂર્ય આથમી ગયો અને મુનિઓની સભા વાલ્મીકિને પ્રણામ કરી સાયંકાલનાં કૃત્ય કરવાસારૂ ત્યાંથી ઉઠીને નાહવા ગઇ. રાત્રિ વીત્યા પછી સૂર્યનાં કિરણો ઉદય થયાં ત્યારે એ સભા પાછી વાલ્મીકિની પાસે આવી.[24]

इत्युक्तवत्यथ मुनौ दिवसो जगाम सायंतनाय विधये स्तमिनो जगाम ॥ स्नातुं सभा कृतनम-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्करणा जगाम शामाक्षये रविकरैश्च सहाजगाम ॥ २४ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો "વિભૂતિયોગોપદેશ" એ નામનો સાઠમો સર્ગ સંપૂર્ણ. ૬૦

વાલ્મીકિનો સોળમો દિવસ પૂરો થયો.

સર્ગ ૬૧ મો.*

જગતની સ્વપ્નતુલ્યતા

॥ श्रीराम उवाच ॥

यथास्माकं मुने स्वप्नपुरपत्तनमंडलम् ॥
तथैव पद्मजादीनां यदि देहपरिग्रहः ॥ १ ॥

રામચંદ્રજી પૂછે છે:—હે મહારાજ ! જેમ આપણને સ્વપ્નમાં શહેરોનું તથા ગામોનું મંડલ પ્રતીત થાય છે તેવી રીતેજ જો બ્રહ્માદિકને પણ પોતપોતાના દેહનો પરિગ્રહ પ્રતીત થયો હોય તથા તેવી રીતેજ જો આ સઘળું જગત પ્રતીત થયું હોય તો તેમાં આપણને અત્યંત દૃઢ સાચાપણું કેમ પ્રતીત થાય છે અને બ્રહ્માદિકને કેમ પ્રતીત થતું નથી ? 'આપણને લાંબા કાલના પરિચયનેલીધે ખોટામાં સાચાપણું પ્રતીત થાય છે' એમ કહેશો તો બ્રહ્માદિકને આપણ કરતાં પણ અધિક લાંબા કાળના પરિચયનેલીધે ખોટામાં સાચાપણું પ્રતીત થવું જોઇએ.[1,2]

વસિષ્ઠ ઋષિ કહે છે:—બ્રહ્મા જ્યારે પૂર્વ કલ્પમાં ઉપાસક સ્થિતિમાં હતા ત્યારે તેમને તત્ત્વજ્ઞાન નહિ હોવાથી તે સમયનો સર્ગ હમણાં આપણા અનુભવમાં આવતા આ સર્ગની પેઠે સઘળા જીવ આદિ પદાર્થોસહિત સત્યજ લાગતો હતો પણ હમણાં બ્રહ્માને તત્ત્વજ્ઞાનથી બાધિત થવાનેલીધે મિથ્યાજ લાગે છે. બાધ થયા વગરનો લાંબા કાલનો જગતનો પરિચયજ સત્યતાની ભ્રાંતિના દૃઢપણાનું કારણ થાય છે પણ બાધિત થએલા પદાર્થનો લાંબા કાલનો પરિચય સત્યતાની ભ્રાંતિના દૃઢપણાનું કારણ થતો નથી.[3] જ્યાંસુધી અજ્ઞાન હોય ત્યાંસુધી ચૈતન્યના સર્વવ્યાપકપણાનેલીધે જીવ સર્વરૂપ થાય છે અને તે સંસાર સાચોજ લાગે છે પરંતુ તે સંસાર અજ્ઞાનથી ઉત્પન્ન થએલો હોવાને લીધે જ્ઞાનથી નષ્ટ થાય છે.[4] બ્રહ્માને તત્ત્વજ્ઞાનથી બાધિત થએલો સ્વપ્નજેવો જે આ પ્રપંચનો પ્રતિભાસ ઉઠેલો છે તે પ્રતિભાસ આપણ વગેરે અજ્ઞાની લોકોની અહંતા પ્રતીતિનીસાથે એકીભૂત થવાથી આપણને અત્યંત દૃઢ થઇ રહ્યો છે.[5] જેમ સૂતેલો પુરુષ પોતાના સ્વપ્નના શીઘ્ર વિનાશિપણાને કર્મોના પ્રતિબંધનેલીધે જાણતો નથી તેમ બ્રહ્માદિક પણ પોતાની દૃષ્ટિથી બાધિત થએલા આ જગતરૂપી સ્વપ્નને કર્મોના પ્રતિબંધનેલીધે શીઘ્રવિનાશી જાણતા નથી.[6] હે રામચંદ્રજી ! સૂતેલા પુરુષને જેમ સઘળા જીવોના તથા જગતના પ્રતિભાસરૂપ સ્વપ્ન પ્રવાહરૂપ લાગે છે તેમ બ્રહ્માને પણ આ સમષ્ટિ જગતરૂપ સ્વપ્ન બાધિત છતાં પણ પ્રવાહરૂપ લાગે છે.[7] જેમ આંબાથી ઉત્પન્ન થએલી ગોટલી પાછી આંબા આદિ રૂપે પરિણામ પામતાં પણ આંબારૂપજ છે પણ બીજી કોઇ વસ્તુરૂપ નથી તેમ મનરૂપ સ્વપ્નપુરુષથી ઉત્પન્ન થએલું આ જગત પણ સ્વપ્નપુરુષરૂપજ છે.[8] મિથ્યા પુરુષથી જે ઉત્પન્ન થયું હોય તે મિથ્યાજ હોય એમ સિદ્ધ થાય છે એટલામાટે આ સંસાર જન્માંતર તથા સ્વર્ગ-નરકાદિક ક્રિયાઓ કરવામાં સમર્થ છતાં પણ તેમાં સત્યપણાની ધાટી ભાવના કરવી યોગ્ય નથી.[9] સ્વપ્નસંબંધી પુરુષજેવા મનમાંથી ઉઠેલા મિથ્યાભૂત જગતમાં દૃઢ પ્રતીતિનેલીધે જે સત્યપણાની ભાવના થાય

* આ એકસઠમા સર્ગમાં યુક્તિથી જગતનું સ્વપ્નસમાનપણું અને વિરોધ ન આવે એવી રીતે ભ્રાંતિથી સર્વમાં સર્વનો સંભવ સિદ્ધ કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે તે ગમે તેમ કરીને છોડી દેવી જોઇએ.[૧૦] આપણને સ્વપ્નમાં પણ જે સૃષ્ટિ વગેરે દેખાય છે તેની તે સમયે દૃઢ પ્રતીતિજ થાય છે પણ તેટલાઉપરથી તેની સત્યતા સિદ્ધ થતી નથી. વાસ્તવિક વિચાર કરીએ તો આગળ ખડો થઇને ઉભેલો અને નદીના પૂરનીપેઠે વૃદ્ધિ પામેલો આ બ્રહ્માની સૃષ્ટિરૂપ સ્વપ્નનો આડંબર પણ નિમેષમાત્રજ છે.[૧૧] આ નિમેષમાત્ર રહેનારા આડંબરમાં પણ કલ્પપણું કલ્પી લેવામાં આવે છે. જેમ પ્રત્યેક પ્રાણીને દેખવામાં આવતી સ્વપ્નસંબંધી સૃષ્ટિ નિમેષમાત્ર છતાં પણ લાંબી લાગે છે તેમ બ્રહ્માને દેખવામાં આવતી આ સમષ્ટિ સૃષ્ટિ નિમેષમાત્ર છતાં પણ લાંબી લાગે છે.[૧૨] જેમ જળ હોવાથી કલ્લોલો તથા લહરીઓ સ્ફુરે છે તેમ ચૈતન્ય હોવાથીજ સૃષ્ટિઓના સમૂહોની પરંપરા સ્ફુરે છે. જેની પ્રસિદ્ધિ ચૈતન્યને આધીન હોય તે મિથ્યાજ હોય છે. જ્યારે આ સઘળી સૃષ્ટિ વાસ્તવિક નથી પણ સ્વપ્નાત્મકજ છે એમ સિદ્ધ થયું ત્યારે બ્રહ્માનું પદ પણ અત્યંત અસત્જ છે, એમ સિદ્ધ થઈ ચૂક્યું. 'જગત અત્યંત અસત્ છતાં પણ વ્યવહારને લાયક કેમ છે' એમ તો પૂછવું જોઇતુંજ નથી. કેમકે જે વસ્તુ જે રીતે જેવી જોવામાં આવે તે વસ્તુ તે રીતે તેવા સ્વભાવવાળીજ છે એમ માની લેવું યોગ્ય છે. સ્વપ્નસંબંધી વિભ્રમોની રીતિઓ મિથ્યા છતાં પણ વ્યવહાર કેમ કરાવે છે એ વિષે કશી પૂછપાછ નહિ કરતાં તેઓનો સ્વભાવજ એવો છે એમ માનવું એ વધારે સંતોષકારક છે. આ જગતરૂપી ભ્રમમાં સંભવે નહિ એવું તો કાંઇ છેજ નહિ.[૧૩-૧૬] કેમકે ત્રૈલોક્યમાં વિચિત્ર વિચિત્ર પ્રકારના વસ્તુઓના દેખાવો જોવામાં આવે છે. જલના મધ્યમાં પણ અગ્નિ સળગતો જોવામાં આવે છે; જેમ કે સમુદ્રમાં વડવાનલ.[૧૭] આકાશમાં પણ નગરો જોવામાં આવે છે; જેમ કે સ્વર્ગ આદિ લોકો. શિલાઓમાં પણ કમલો ઉત્પન્ન થતાં જોવામાં આવે છે; જેમકે હિમાચળમાં વૃક્ષો.[૧૮] એક સ્થલમાં પણ સઘળી ઇષ્ટ વસ્તુઓ જોવામાં આવે છે; જેમકે કલ્પવૃક્ષમાં. શિલાઓ પણ વૃક્ષોની પેઠે ફલ આપતી જોવામાં આવે છે; જેમકે ચિંતામણિના ગુચ્છો.[૧૯] શિલાઓની અંદર પણ પ્રાણિઓ રહેતા જોવામાં આવે છે; જેમ કે શિલામાં રહેનારા દેડકાઓ. પથરામાંથી પણ પાણી નીકળતું જોવામાં આવે છે; જેમ કે ચંદ્રકાંત મણિમાંથી.[૨૦] ઘડો પણ નિમેષમાત્રમાં વસ્ત્ર થઇ જતો જોવામાં આવે છે; જેમ કે સ્વપ્નમાં. જે કદી પણ ન સંભવે એવું પણ જોવામાં આવે છે; જેમ કે સ્વપ્નમાં પોતાનું મરણ પોતાના જોવામાં આવે છે.[૨૧] આકાશમાં પણ અકસ્માત જળ જામી જતું જોવામાં આવે છે; જેમકે વરસાદના કરા આકાશમાં પણ જલ ઉલેચની પેઠે રહેતું જોવામાં આવે છે; જેમ કે આકાશગંગા.[૨૨] મોટી મોટી શિલાઓ પણ ઉડતી જોવામાં આવે છે; જેમ કે મૈનાક આદિ પાંખોવાળા પર્વતો. શિલામાંથી પણ સઘળી વસ્તુઓ મળતી જોવામાં આવે છે; જેમકે ચિંતામણિમાંથી.[૨૩] જ્યાં જતાં ધારેલાં ફળો તુરતજ પ્રાપ્ત થાય એવાં સ્થલો પણ જોવામાં આવે છે; જેમ કે દેવતાઓના બગીચાઓ. સાચા સંકલ્પવાળા પુરુષોના પણ કેટલાએક ધારેલા સંકલ્પો સિદ્ધ નહિ થતા જોવામાં આવે છે; જેમ કે 'મોક્ષ ઉત્પન્ન થાઓ, બ્રહ્મ નષ્ટ થાઓ, જગત સત્ય થાઓ અને ભોગો અવિનાશી રહો,' ઇત્યાદિક સંકલ્પો કદી પણ સિદ્ધ થતા નથી.[૨૪] ચેતના વગરનો પુરુષ પણ કામ કરતો જોવામાં આવે છે; જેમ કે યંત્રમય પુરુષ, ઇત્યાદિ અને એવાજ પ્રકા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રના બીજા પણ અસંભવિત વિચિત્ર દેખાવો કે જેઓ શાંબરી માયાઓમાં અને ગાંધર્વી માયાઓમાં પણ દેખાવા ઘટતા નથી તેઓ પણ જગતમાં દેખાય છે. દેશના યોગથી, કાલના યોગથી, મંત્રપ્રયોગ આદિ ક્રિયાઓના યોગથી, ઔષધ આદિ દ્રવ્યોના યોગથી, મણિઓના યોગથી, પિશાચ આદિના વળગાડના યોગથી અને મદ્ય આદિના યોગથી કેટલાએક ગંધર્વપુરુષજેવા વિચિત્ર અનંત દેખાવો સાચાઓની પેઠે અર્થક્રિયાઓ કરતા પણ જોવામાં આવે છે. હમણાં બ્રહ્માંડનો નાશ થવો અસંભવિત લાગે છે પણ તે ભવિષ્યકાળમાં થશે એમ સિદ્ધ થાય છે. સ્વપ્નમાં થએલો દેવપૂજનાદિકનો મિથ્યા દેખાવ પણ જાગ્રતમાં શુભ ફલ આપનાર થતો જોવામાં આવે છે. હે રામચંદ્રજી ! આ પ્રમાણે છે એટલામાટે એમ સિદ્ધ થાય છે કે બ્રહ્મદૃષ્ટિથી કાંઈ પણ અસત્ય નથી અને જગતરૂપદૃષ્ટિથી કાંઈ પણ સત્ય નથી.[૨૫-૨૮] આ સૃષ્ટિ નામના સ્વપ્નમાં સર્વત્ર સર્વથી સર્વ સંભવે છે. જેમ સ્વપ્નમાં બુડેલી બુદ્ધિવાળો જીવ સ્વપ્નની સ્થિરતાને દેખે છે તેમ જગતમાં બુડેલી બુદ્ધિવાળો જીવ જગતની સ્થિરતાને દેખે છે. જીવ એક ભ્રમમાંથી બીજા ભ્રમમાં જતાં અને એક સ્વપ્નમાંથી બીજા સ્વપ્નમાં જતાં તેઓમાં સ્થિરપણાનો વિશ્વાસ રાખવાથી મોહ પામે છે.[૨૯,૩૦] જેમ મૂઢ મૃગ પોતાના મોહરૂપ દોષથી એક ખાડામાંથી બીજા ખાડામાં પડે છે તેમ રાગ આદિ દોષોથી મૂઢ થએલો જીવ એક દુઃખમય યોનિમાંથી બીજી દુઃખમય યોનિમાં પડે છે.[૩૧]

श्वभ्रांतरंश्वभ्रनिपातदोषात्संप्राप्नुवन्मुग्धमृगः प्रयाति ॥ मोहं यथा पातमयैकरूपं जीवस्तथा संसृतिपातमूढः ॥ ३१ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના પૂર્વાર્દ્ધનો 'જગતસ્વપ્નકથન' એ નામનો એકસઠમો સર્ગ સમાપ્ત.

સર્ગ ૬૨ મો.*

એક સંન્યાસીને અનેક દેહપ્રાપ્તિનો વિભ્રમ

॥ स्वप्नशतरुद्रीय ॥

॥ श्रीवसिष्ठ उवाच ॥

अत्र राघव वक्ष्येहमितिहासमिमंशृणु ॥ यद्वृत्तं कस्याचिद्भिक्षोः किंचिन्मननशालिनः ॥

વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી ! આ વિષયમાં હું એક ઇતિહાસ કહું છું તે સાંભળો કે જે ઇતિહાસમાં કાંઇક મનનવાળા કોઈ એક સંન્યાસીને જે કાંઈ થયું હતું તેનું વર્ણન છે.[૧] સમાધિના અભ્યાસમાં તત્પર અને નિત્ય પોતાના આશ્રમને છાજતા શ્રવણમનનાદિક વ્યવહારથી સઘળા દિવસને કહાડનારો કોઈ એક મોટો સંન્યાસી હતો.[૨] સમાધિના અભ્યાસથી વાસનાઓનો ત્યાગ કરવામાં સમર્થ થએલું તે સંન્યાસીનું ચિત્ત, જેમ જલ તરંગપણાને પામે છે તેમ જે સ્થિતિનું ચિંતન કરતું તે સ્થિતિને તુરત પામી શકતું હતું.[૩] એકાગ્ર ચિત્તવાળો એ સંન્યાસી કોઈ દિવસે સમાધિમાંથી વિરામ પામી આસનપર બેઠો હતો ત્યાં તેને કાંઈક ક્રિયાના ક્રમનો વિચાર થયો.[૪] વિચાર કરતાં કરતાં તેને પોતાની મેળે એવી વૃત્તિ ઉત્પન્ન થઇ કે 'હું લીલાનેવાસ્તે શાસ્ત્રના સંસ્કાર વગરના કોઈ પામરજનની ચેષ્ટાની તુરત ભાવના કરૂં.'[૫] એપ્રમાણે વિચાર કર્યો ત્યાં એ સંન્યાસીનું ચિત્ત, જેમ જલ આવર્ત્તનો પામતાં પ્રવાહપણાનો તથા સમસ્થિતિનો ત્યાગ કરી ચકરીરૂપ થઇ જાય છે તેમ સંન્યાસની પદ્ધતિનો ત્યાગ કરીને કોઈ પામર પુરુષરૂપ થઇ ગયું.[૬] એ ચિત્તમય પુરુષે સહસા પોતાની ઇચ્છાથી પોતાનું 'જીવટ' એ નામ કરી લીધું

* આ બાસઠમા સર્ગમાં વિચિત્ર વાસનાઓના યોગથી કોઈ સંન્યાસીને અનેક દેહોની પ્રાપ્તિનો વિભ્રમ થવાનું વર્ણન કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તે કાકતાલીયની પેઠે થઇ ગયું.[૭] એ 'જીવટ' નામનો સ્વપ્નપુરુષ સ્વપ્નથી રચાએલા કોઇ નગરમાં રાજમાર્ગોની અને ગલીઓની અંદર વિહાર કરવા લાગ્યો.[૮] જેમ ભ્રમર કમલના મકરંદને પીએ છે તેમ હર્ષથી લીલાપૂર્વક મદિરાપાન કરવા લાગ્યો અને મદિરાપાન કરવાથી અત્યંત મત્ત થઇને ધાટી નિદ્રાથી સૂઇ રહ્યો.[૯] તેણે સ્વપ્નમાં ચિત્તની અંદર અન્ય દેશની પ્રાપ્તિની પેઠે સંકલ્પમાત્રથી થએલું અને વેદાધ્યયનોથી તથા સત્કર્મોનાં અનુષ્ઠાનોથી સંતોષવાળું બ્રાહ્મણપણું દીઠું. (બ્રાહ્મણ થઈ ગયો.)[૧૦] એ ઉત્તમ બ્રાહ્મણ કોઈ દિવસે દિવસનાં કામકાજો કરવાથી થાકી ગયો અને એમ થતાં જેમ ઝાડ બીજપણામાં લીન થઇ જાય છે તેમ સઘળો વ્યવહાર અંદર લીન થવાથી સૂઇ રહ્યો.[૧૧] એ બ્રાહ્મણે સ્વપ્નમાં પોતાને માંડલિક રાજા થએલો જોયો. એ માંડલિક રાજા કોઇ દિવસે આહાર કરી ધાટી નિદ્રાથી સૂઇ રહ્યો; ત્યાં પોતામાં સઘળી દિશાઓના મંડળને પાળનારું અને જેમ પુષ્પોના ઓઘથી લતા શોભી રહે છે તેમ ભોગોના સમૂહથી શોભી રહેલું ચક્રવર્તીપણું થએલું જોવામાં આવ્યું.[૧૨,૧૩] એ ચક્રવર્તી રાજા કોઇ દિવસે પોતાનાં સઘળાં કામોને બંધ કરી સ્વસ્થ થઇને, જેમ કાર્ય કારણમાં સૂવે છે તેમ સૂતો, ત્યાં સ્ત્રીમાં આસક્તિરૂપ પોતાનો આચાર ફલ દેવાનેવાસ્તે તૈયાર થતાં સ્વપ્નમાં તેણે પોતાને રૂપાળી અપ્સરા થએલો જોયો. જેમ વૃક્ષની અંદરનો રસ પોતાને મંજરી થએલો દેખે છે તેમ તેણે પોતાને અપ્સરા થએલો જોયો.[૧૪,૧૫] રતિ કરવાથી થાકીને એ અપ્સરા ગાઢ નિદ્રાને પ્રાપ્ત થઇ ત્યાં મૃગીના નેત્રોના સૌંદર્યના અભિલાષની વાસનાથી, જેમ જળમાં ચકરીપણું થઇ જાય છે તેમ પોતામાં મૃગીપણું થએલું તેના જોવામાં આવ્યું.[૧૬] ચપળ નેત્રોવાળી એ મૃગીએ કોઇ દિવસે નિદ્રાને વશ થતાં સ્વપ્નમાં પોતામાં અભ્યાસનેલીધે દૃઢ થએલું લતાપણું દીઠું.[૧૭] પશુ-પક્ષીઓ વગેરે પણ ચિત્તના સ્વભાવનેલીધે સ્વપ્ન દેખે છે. કેમકે દેખેલા અને સાંભળેલા વિષયોના સંસ્કારોનું ગ્રહણ કરી રાખવું એ ચિત્તનો ધર્મ છે.[૧૮] પુષ્પોથી, ફલોથી તથા પલ્લવોથી શોભી રહેવાને લીધે એ લતા વનદેવીઓના બગીચાની અંદરના લતામંડપની પેઠે જણાવા લાગી.[૧૯] એ લતાએ બીજની અંદર રહેલા અંકુરના જેવા આકારવાળી અને સાક્ષીચૈતન્યના પ્રકાશથી સ્વપ્નમાં ઉન્મુખ થએલી બુદ્ધિથી કોઇ દિવસે બીજાઓના હાથથી પોતાનું અત્યંત છેદન થએલું જોયું.[૨૦] છેદાએલી એ લતાએ કેટલાક કાલસુધી સાક્ષીચૈતન્યથી એ સુષુપ્તિ જેવી ધાટી જડતામય સ્થિતિનો અનુભવ કરીને પછી ભ્રમરના આકારનો સંસ્કાર ઉદ્બુદ્ધ થતાં પોતાના આત્માને ભ્રમર થએલો જોયો.[૨૧] એ ભ્રમર જેમ પ્યારો પતિ જુવાન સ્ત્રીઓમાં વિહાર કરે તેમ વનોની લતાઓમાં અને પ્રફુલ્લિત કમલિનીઓમાં વિહાર કરવા લાગ્યો અને અનેક પુષ્પોના સમૂહોથી શોભી રહેલી તે લતાઓમાં તથા મોતીના હાર જેવી શોભતી કમલિનીઓમાં પ્યારીના ધોલા જેવા રાતા અધરના રસ જેવા મીઠા પુષ્પોસંબંધી મકરંદને પીવા લાગ્યો.[૨૨,૨૩] એ ભ્રમર કમલિનીમાં અત્યંત આસક્ત થઇને કમલના નાળમાંજ રહેવા લાગ્યો. કેમકે જડબુદ્ધિવાળાનું પણ ચિત્ત ક્યાંક પ્રેમને વશ થાય છે.[૨૪] એક દિવસે એ કમલિનીને મર્દન કરી નાખવાનેવાસ્તે હાથી આવ્યો. કેમકે મૂઢપ્રાણીઓનો નિશ્ચય રમણીય વસ્તુઓનો ક્ષય કરવાનેવાસ્તેજ વૃદ્ધિ પામે છે.[૨૫] એ હાથીએ કમલિનીનું મર્દન કરી નાખ્યું તે સમયમાં કમલના નાળની સાથે પેલો ભ્રમર હાથીના દાંતના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધ્યમાં આવી જતાં ચોખાના દાણાની પેઠે ચૂર્ણ થઈ ગયો.[૨૬] મરણ પામેલા એ ભ્રમરે હાથીના દર્શનથી અને હાથીના આકારની ભાવનાના બળથી પોતાને મદોન્મત્ત હાથી થએલો જોયો.[૨૭] એ હાથી કોઇ દિવસે પકડવા આવેલા લોકોએ બનાવેલા, સાંકળ વગેરેના બંધ કરતાં પણ વધારે સંકટવાળા અને સૂકાએલા સમુદ્ર જેવા ઊંડા ઉજડ ખાડામાં જેમ જીવ દુઃખમય સંસારમાં પડે છે તેમ પડયો.[૨૮] પકડાઇને રાજદ્વારમાં ગએલો એ હાથી રાજાને પ્યારો થઇ પડયો અને યુદ્ધોમાં શત્રુઓનાં મોટાં મોટાં સૈન્યોને તોડવા લાગ્યો. નિશાચર જેવો, સર્વદા મદોન્મત્ત રહેતો એ હાથી કોઇ દિવસે રાત્રિના યુદ્ધમાં ઘુમતાં શત્રુઓનાં ખડ્ગો વગેરેથી કપાઇને, જેમ દેહાભિમાન વિવેકરૂપી પવનથી કપાઇને અસ્ત પામે છે તેમ અસ્ત પામ્યો. (મરી ગયો.)[૨૯,૩૦] એ હાથી હાથીઓનાં કુંભસ્થલોનાં અગ્રોમાંથી ઉડેલા ભ્રમરોને જોવાથી અને પોતાના ગંડસ્થલોમાં રહેનારા ભ્રમરોના પરિચયથી ફરીને પાછો ભ્રમર થયો.[૩૧] એ ભ્રમર વનની લતાઓનું સેવન કરતાં કરતાં પાછો કમલિનીમાં આવ્યો. કેમકે અજ્ઞાની જીવોથી વાસનાઓનો દુષ્ટ અભ્યાસ છોડી શકાતો નથી.[૩૨] કમલિનીમાં રહેલો એ ભ્રમર હાથીના પગથી દબાઇને પાછો ચૂર્ણ થઇ ગયો અને પછી કમલિનીની આસપાસ રહેનારા હંસોના પરિચયની વાસનાથી હંસ થયો.[૩૩] હંસના અવતાર પછી બીજી પણ હાથી વગેરેની પંચાશી યોનિઓમાં ભટકી ભટકીને પાછો હંસની યોનિમાં આવ્યો. એ હંસ કોઇ દિવસે બીજા ઘણા હંસોની મંડલીમાં વિહાર કરતો હતો ત્યાં બ્રહ્માના હંસના ગુણોનું તથા આકાર વગેરેનું વર્ણન સાંભળવામાં આવતાં 'હું પણ એવો બ્રહ્માનો હંસ થાઉં તો ઠીક' એવી વાસના તેને ઇંડાના રસમાં રહેલા મોરની પેઠે વૃદ્ધિ પામી.[૩૪,૩૫] બ્રહ્માના હંસનું વારંવાર સ્મરણ કર્યા કરતો એ હંસ વ્યાધિરૂપી ઘણથી મરણ પામીને હંસપણાની વાસનાના બળથી બ્રહ્માનો હંસ થયો.[૩૬] એ જન્મમાં બ્રહ્મલોકની અંદર અત્યંત વિવેકવાળા બ્રહ્માના વૈરાગ્યથી તથા તત્ત્વજ્ઞાનથી ભરેલા ઉપદેશોથી તત્ત્વજ્ઞાનને પ્રાપ્ત થઈ ભોગ્ય પદાર્થોના અભિનિવેશથી રહિત થઇ તે હંસ જીવન્મુક્ત થઇને રહ્યો. આ રીતે તેને જીવતાંજ નિરતિશય આનંદરૂપ મોક્ષસુખ મળ્યું તો પછી બ્રહ્માનાં બે પરાર્દ્ધને અંતે વિદેહમુક્ત થઇને બીજું શું કરવાનું રહ્યું એ વિચાર કરો.[૩૭]

तत्रातिसंततविवेकवतो विलासैः संबोधितो विगतलौकिकवस्तुदृष्टिः ॥ मुक्तः स्थितो ननु युगान्तविधौ विदेहमुक्तेन तेन किमु भावि विभाव्यमेतत् ॥ ३७ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'ભિક્ષુસંસારોદાહરણ' એ નામનો બાસઠમો સર્ગ સંપૂર્ણ. ૬૨

સર્ગ ૬૩ મો.*

વિભ્રાન્તભિક્ષુને રૂદ્રભાવની પ્રાપ્તિ ઇત્યાદિ

॥ श्रीवसिष्ठ उवाच ॥

स कदाचिददर्शाथ रुद्रं रुद्रपुरे खगः ॥ वैरिंचनलिनीनाललीलालाभेन लीलया ॥ १ ॥

વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી ! એ હંસ અનાયાસથીજ બ્રહ્માના આસનભૂત કમલિનીના નાલમાં ક્રીડાઓના લાભના બળનેલીધે (બ્રહ્માના સામીપ્યરૂપ મુક્તિપદની પ્રાપ્તિના બળનેલીધે) કોઇ સમયે બ્રહ્માની સાથે રૂદ્રના પુરમાં ગયો ત્યાં તેને રૂદ્રનું દર્શન થયું.[૧] ત્યાં

* આ ત્રેસઠમા સર્ગમાં રૂદ્ર થએલા સંન્યાસીએ પોતાના પૂર્વના દેહોને જાગ્રત કર્યા, તે દેહો સો રૂદ્રરૂપ થયા અને તેમ થવા છતાં તેઓ એકરૂપજ છે; એ કથા કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂદ્રનું દર્શન થતાંજ જેમ અરીસામાં પ્રતિબિંબ પડે છે તેમ તે હંસની બુદ્ધિમાં 'હું રૂદ્ર છું' એવો નિશ્ચય પ્રાપ્ત થયો.[૨] આ એનું જન્માંતર ન થયું પણ પ્રારબ્ધના શેષે પ્રાપ્ત કરેલી ઇચ્છાને લીધે યોગિની પેઠે માનસિક દેહાંતરની કલ્પનાથી પૂર્વ દેહનો માનસિક ત્યાગ માત્ર થયો. જેમ પવનપણાને પામતો ગંધ પુષ્પના ગુચ્છને છોડી દે છે તેમ મનથી રૂદ્રરૂપ થતા તે હંસે મનથી હંસના દેહને છોડી દીધો.[૩] એ રૂદ્ર ગણાધ્યક્ષની પદવીને પામીને રૂદ્રના પુરમાં તે પુરનેજ અનુસરતી તે તે રીતભાતોથી સ્વચ્છંદ રીતે વિહાર કરવા લાગ્યો.[૪] સર્વોત્તમ જ્ઞાનોથી તથા ઐશ્વર્યના વિલાસોથી રૂદ્રની સાથે સામ્ય મળવાને લીધે તે રૂદ્રને બુદ્ધિથી પોતાનું પૂર્વનું સઘળું વૃત્તાંત જોવામાં આવ્યું.[૫] આવરણ વગરના જ્ઞાનવાળા રૂદ્રરૂપ થએલો તે રૂદ્ર પોતાનાં પૂર્વનાં અનેક સ્વપ્નોથી વિસ્મય પામીને એકાંતમાં મનની અંદર નીચેપ્રમાણે બોલ્યો.[૬]

રૂદ્ર બોલે છેઃ—અહો ! નિર્જલ દેશોમાં જલની પેઠે અસત્ય છતાંજ સત્ય લાગતી અને જગતને મોહ આપનારી આ વિચિત્ર માયા વિસ્તીર્ણ થઇ.[૭] હું પ્રથમ પારમાર્થિક સ્થિતિથી ચૈતન્યજ હતો તે પાછળથી માયાનેલીધે સૃષ્ટિના સંકલ્પોને પ્રાપ્ત થયો એ મને યાદ આવ્યું. એ સંકલ્પોનેલીધેજ હું દ્વૈતથી સંપન્ન થઇ ચૈતન્યાંશમાં સર્વજ્ઞ અને જડાંશમાં આકાશ આદિ વિભાગોવાળો થયો.[૮] પછી યદૃચ્છાથી સ્થૂલ-સૂક્ષ્મ દેહોના તાદાત્મ્યનો અધ્યાસ પ્રાપ્ત થતાં વાસનાઓની વિચિત્રતાઓથી રંગાવાનેલીધે હું જીવ થઇને રહ્યો. એ જીવ અનાદિ કાલથી જન્મોની પરંપરાને અનુભવતો અનુભવતો કોઇ સર્ગમાં વૈરાગ્ય આદિની દૃઢતાનેલીધે વિષયોથી ક્ષોભ નહિ પામનારો સંન્યાસી થયો.[૯] એ સંન્યાસીને હાથ પગ આદિ અવયવોના તથા પ્રાણ આદિના નિરોધથી જ્યારે બહારના દેવ આદિ વિષયની માનસિક પૂજન આદિ લીલા 'રમણીય છે' એમ જણાતી હતી અને તેમ જણાયાથી તે લીલાનો સંપૂર્ણ આરંભ કરવામાં આવતો હતો ત્યારે બીજાં સઘળાં મનનોના ઉદયનો ત્યાગ કરીને તે સંન્યાસી તે લીલાનોજ અનુભવ કરતો હતો. જેમ ઉન્હાળાની ઉષ્ણતાના ચમત્કારથી વ્યાપ્ત થએલી લતા વસંત ઋતુનું જલ પીવાથી થએલા હરિતપણારૂપ ચમત્કારને છોડી દે છે તેમ પાછળના ચમત્કારથી વ્યાપ્ત થએલું ચિત્ત આગળના ચમત્કારને છોડી દે છે.[૧૦-૧૨] શાસ્ત્રની વાસનાઓ શિથિલ થતાં જેને અનાદિ અનર્થની વાસનાઓ ઉત્પન્ન થઇ એવો એ સંન્યાસી જીવટ નામનો પામર નર થઇને, જેમ કીડી છિદ્રોમાં ભમે છે તેમ તે તે દેહોમાં ભમ્યો.[૧૩] પ્રથમ તેણે પોતે બ્રાહ્મણોનો ભક્ત હોવાનેલીધે પોતામાં બ્રાહ્મણપણું દીઠું. કેમકે સારી નરસી સ્થિતિઓનો ફેરફાર કરવામાં સારી કે નરસી જે વાસના બળવાન હોય તેજ પોતાનું કાર્ય કરી શકે છે.[૧૪] પછી એ બ્રાહ્મણ નિરંતર ચિંતવેલા માંડલિક રાજાપણાને પ્રાપ્ત થયો. અવિચ્છિન્ન રીતે પીધેલો રસજ ઝાડમાં ફલપણાને પ્રાપ્ત થાય છે.[૧૫] પછી તે માંડલિક રાજા રાજ્યનેવાસ્તે અધિક અધિક ધર્મસંબંધી કાર્યોનું ચિંતન કરવાથી ચક્રવર્તી રાજા થયો. એ ચક્રવર્તી રાજા કામીપણાનેલીધે અપ્સરાપણાને પ્રાપ્ત થયો.[૧૬] શૃંગાર રસથી શોભતી એ ચપલ અપ્સરા મૃગીનાં નેત્રોની સુંદરતા મેળવવાના લોભની વાસનાથી મૃગીપણાને પ્રાપ્ત થઇ. અહો ! વાસનારૂપી મોહ પ્રાણિઓને ભારે દુઃખદાયી થઇ પડે છે.[૧૭] એ મૃગી ચિત્તમાં લતાની વાસનાનેલીધે વનમાં લતા થઈ. એ લતાએ અવશ્ય સરજાએલા પોતાના છેદ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નનો અનુભવ કર્યો. પછી અંદર સંજ્ઞાવાળી એ છેદાએલી લતાએ છેદાએલા દેહમાં લાંબા કાળસુધી વાસનાનેલીધે પોતાને ભ્રમરપણું પ્રાપ્ત થએલું દીઠું.[૧૮,૧૯] એ ભ્રમર હાથીની ખરીથી ચૂર્ણ થઇને તે પછી પણ વારંવાર સંસારના મોટા મોટા સંભ્રમોમાં ભમ્યો.[૨૦] કેવળ પોતાના સંભ્રમથી રચાએલા આ સંસારરૂપી આડંબરમાં હું સો અવતારને છેડે આ રૂદ્ર થઇને રહ્યો છું.[૨૧] એવી રીતે અત્યંત વિચિત્રતાવાળી અને સત્ય જેવી લાગતી ઘણી ઘણી સંસારરૂપી અરણ્યની ભૂમિકાઓમાં હું ઘણી ઘણીવાર અત્યંત ભમ્યો.[૨૨] કોઇ જન્મમાં હું જીવટ નામનો પામર જન થયો, કોઇ જન્મમાં ઉત્તમ બ્રાહ્મણ થયો, કોઇ જન્મમાં રાજા થયો,[૨૩] કોઇ જન્મમાં કમલવનની અંદર હંસ થયો, કોઇ જન્મમાં વિંધ્યાચલના જલપ્રાય પ્રદેશની અંદર હાથી થયો અને કોઈ જન્મમાં તેજ પ્રદેશની અંદર હરિણ થયો. આ દેહરૂપી તથા મનરૂપી યંત્રમાં હું એવી એવી દશાઓને પ્રાપ્ત થયો.[૨૪] મને પહેલી સૃષ્ટિના કાળથી માંડી પરમપદમાંથી ચ્યુત થયાને આજ હજારો વર્ષો, યુગોની સેંકડો ચોકડીઓ અને અનંત દિવસો તથા અનંત ઋતુઓ વ્યતીત થઇ ગયાં.[૨૫] મને સંન્યાસીપણામાં જેથી તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય એવો શ્રવણમનનાદિકના અભ્યાસનો યોગ્ય ક્રમ દૃઢ થયો હતો, તો પણ હું પ્રમાદનેલીધે તે ક્રમનું ઉલ્લંઘન કરીને વારંવાર જન્મોની પરંપરાને પ્રાપ્ત થતાં થતાં બ્રહ્માના હંસપણાને પામ્યો. મારો જે પૂર્વનો અભ્યાસનો ક્રમ હતો તે આજ તત્ત્વજ્ઞાનરૂપી ફળ આપનારા રૂદ્રપણાથી સફળ થયો છે.[૨૬,૨૭] જીવને નિર્વિઘ્ન રીતે જે અભ્યાસ દૃઢ થયો હોય તે અભ્યાસ હજાર જન્મોથી વ્યવહિત થઈ જાય તોપણ પાછો તે જીવને પ્રાપ્ત થાય છે.[૨૮] કોઇ સમયે કાકતાલીયની રીતે પ્રમાણે સાધુજનનો સમાગમ પ્રાપ્ત થાય તો જીવનો અશુભ વાસનાઓનો અભ્યાસ નિવૃત્ત થઇ જાય છે.[૨૯] દુષ્ટ વાસનાઓના જાળને છોડી દેવા ઇચ્છતા પુરુષનો પૂર્વનો સારી વાસનાઓનો અભ્યાસ કાલાંતરે પોતાના ઉદયનેવાસ્તે ઉદ્યમની અપેક્ષા રાખે છે; ઉદ્યમવિના ઉદય પામતો નથી.[૩૦] આ જન્મમાં અને પૂર્વ જન્મમાં પણ જેનો નિરંતર અભ્યાસ કરવામાં આવ્યો હોય તે પદાર્થ મિથ્યા વિષયવાળો હોય તોપણ ફલ દેવાને સમર્થ થાય છે ત્યારે શ્રવણાદિક પ્રયત્ન કે જે સત્ય વિષયવાળો છે તે ફલ દેવાને સમર્થ થાય તેમાં શું કહેવું. જેમ અંકુર ગુલ્મપણાને દેખે તેમ વાસનાજ પોતાને 'આ દેહ છે' એમ દેખે છે કે જે દેહ કેવળ શૂન્ય વિસ્તારવાળોજ છે. જો વાસનાનું અવલોકન કરવા લાગીએ તો અવલોકન કરવા લાગતાંજ વાસના કાંઇ પણ અવશેષ રહેતી નથી. વાસનાનો ઉચ્છેદ કરવો પડે એમ પણ નથી કેમકે વાસના મુદ્દલ છેજ નહિ. આમ છે એટલામાટે આપણે વાસના હોવાની ભ્રાંતિજ રાખવી નહિ.[૩૧-૩૪] આ જગતરૂપ ભ્રમ કે જે આકાશના વર્ણની પેઠે મિથ્યાજ ઉઠેલો છે તેનું કેવલ વિસ્મરણ કરવું એજ આપણને તે ભ્રમ ટાળી નાખવાનેવાસ્તે બસ છે.[૩૫] કદાચ એ ભ્રમનું વિસ્મરણ ન થાય તો એ ભ્રમ બાધિત થાય તોપણ બસ છે. બાધિત થવાનેલીધે મિથ્યા થએલી આ જગતની ભાવના કેવલ કૌતુક આપનારીજ થાય છે માટે પ્રાતિભાસિક સત્તાથી રહે તોપણ વિનોદજ આપશે પણ કશો અનર્થ કરી શકશે નહિ.[૩૬] આમ છે એટલામાટે કેવલ કૌતુકનેવાસ્તેજ અહીંથી જઇને મારા સઘળા સંસારોને જોઉં અને પ્રબોધ આપી તે તે ઉપાધિઓથી આત્માને જુદો પાડીને એક કરૂં.[૩૭]

વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી! એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂદ્ર આપ્રમાણે વિચાર કરીને તે સર્ગમાં ગયો કે જે સર્ગમાં વિહારની અંદર સૂતેલો પેલો સંન્યાસી શબજેવો થઇ રહ્યો હતો.[૩૮] એ સંન્યાસીને જગાડીને રૂદ્રે તેમાં પોતાના ચિત્તના અંશરૂપ ચિત્તની અને પોતાના અંશભૂત ચિદાભાસરૂપ જીવની પણ યોજના કરી. (જેમ આપણે જાગીએ છીએ ત્યારે સ્વપ્નનાં શરીરોનો અને સ્વપ્નનાં શરીરોના પ્રપંચોનો અનુવૃત્તિ વગરનો બાધ થઇ જાય છે તેમ સંન્યાસી જાગતાં જીવટથી માંડીને રૂદ્રસુધીનાં શરીરોનો અને તેઓના પ્રપંચોનો અનુવૃત્તિ વગરનો બાધ થયો નહિ. કેમકે સર્વત્ર રૂદ્રના અંશભૂત જીવોના પ્રવેશથી અને રૂદ્રના સત્યસંકલ્પપણાના બળથી તથા વિચિત્ર ભોગ આપનારા અવશેષ રહેલા અદૃષ્ટના બળથી, બાધ થયા છતાં પણ સઘળાઓની અનુવૃત્તિ કલ્પપર્યંત રહી.) આમ થવાથી સંન્યાસીને પણ પોતાના ભ્રમનું સ્મરણ પ્રાપ્ત થયું.[૩૯] પોતાના આત્માને રૂદ્રરૂપ જોઈ તથા જીવટ આદિરૂપ પણ જોઇ જો કે તત્ત્વબોધનેલીધે એ સંન્યાસી વિસ્મય પામવાને યોગ્ય ન હતો, તોપણ અલ્પકાલમાં લાંબા કાળના અનેક જન્મોના અનુભવરૂપ તથા સ્વપ્નસંબંધી રૂદ્રશરીરાદિકની અનુવૃત્તિરૂપ આશ્ચર્ય જોવામાં આવવાથી વિસ્મય પામ્યો.[૪૦] પછી રૂદ્ર તથા સંન્યાસી એ બન્ને ઉઠીને ક્યાંય ચિદાકાશના એક ખુણામાં રહેલા જીવટના સંસારમાં (બીજા બ્રહ્માંડમાં) ગયા.[૪૧] એ બ્રહ્માંડમાં પ્રવેશ કરી ભૂલોકમાં જઇને તેઓએ ત્યાં જીવટના રહેવાના દ્વીપને, પ્રાંતને, દેશને, પુરને તથા ઘરને જોયાં અને તે ઘરમાં રાત્રે હાથમાં તરવાર લઇને સૂઇ ગએલા અને શબની પેઠે બેભાન થએલા જીવટને દીઠો. ત્યાં પોતાનાં શરીરોને, અભિપ્રાયને અને કાંતિ વગેરેને અંતર્ધાન શક્તિથી ગુપ્ત રાખી જીવટને જગાડી તેમાં પોતાના ચિત્તના અંશરૂપ ચિત્તની અને પોતાના અંશભૂત ચિદાભાસરૂપ જીવની યોજના કરી. આમ થવાથી અંદર એક રૂપવાળા, બહાર ત્રણરૂપવાળા, બોધવાળા છતાં પણ અબુદ્ધ જેવા અને વિસ્મિત છતાં પણ વિસ્મયવગરના એ રૂદ્ર, જીવટ અને સંન્યાસી, એઓ ચિત્રમાં આલેખેલાઓની પેઠે ક્ષણમાત્ર ચૂપજ રહ્યા.[૪૨-૪૫] પછી તે ત્રણે જણ ચિદાકાશના કોઇ પ્રદેશમાં રહેલા અને અનેક પ્રાણીઓના ધાંધાટથી ભરેલા જીવટના ચિત્તના પરિણામરૂપ અન્ય બ્રહ્માંડમાં ગયા.[૪૬] એ બ્રહ્માંડમાં પ્રવેશ કરી ભૂલોકમાં જઇને તેઓએ ત્યાં બ્રાહ્મણને રહેવાના દ્વીપને, પ્રાંતને, દેશને, પુરને તથા ઘરને જોયાં અને તે ઘરમાં સ્ત્રીની સાથે સૂતેલા, સ્ત્રીને પોતાના જીવ જેવા પ્યારા અને તે બ્રાહ્મણી સ્ત્રીએ જેના ગળામાં હાથ નાખ્યો હતો એવા બ્રાહ્મણને દીઠો.[૪૭,૪૮] એ બ્રાહ્મણને તુરત જગાડી તેમાં પોતાના ચિત્તના અંશરૂપ ચિત્તની અને પોતાના અંશભૂત ચિદાભાસરૂપ જીવની યોજના કરી. પછી ત્યાં ઉભેલા, અત્યંત વિસ્મય પામેલા અને અંદર એકરૂપવાળા છતાં બહાર ભિન્ન ભિન્ન રૂપોવાળા એ ચારે જણ ચિત્તરૂપ આકારે વિવર્ત્ત પામેલા ચૈતન્યના પરિણામરૂપ અને ભ્રમણના વિસ્તારથી સુંદરતાવાળા માંડલિક રાજાના બ્રહ્માંડમાં ગયા.[૪૯,૫૦] એ બ્રહ્માંડમાં પ્રવેશ કરી ભૂલોકમાં જઇને તેઓએ ત્યાં માંડલિક રાજાને રહેવાના દ્વીપને, પ્રાંતને, દેશને, પુરને અને ઘરને જોયાં અને તે ઘરમાં પલંગરૂપી કમલમાં સૂતેલા માંડલિક રાજાને દીઠો કે જે રાજા મદથી ઉન્મત્ત હતો, સોના જેવો સુંદર લાગતો હતો, સોના જેવાં અંગોવાળી રાણીએ સ્તનોના મધ્યમાં રાખવાથી જાણે કમલના કોશમાં ભ્રમરીની સાથે સૂતેલો ભ્રમર હોય એવો જણાતો હતો,[૫૧,૫૨] મંજરીઓથી વૃક્ષની પેઠે બીજી સ્ત્રીઓથી પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીંટાએલો હતો અને દીવાઓના સમૂહના મધ્યમાં રહેવાથી જાણે રત્નોના સમૂહમાં રહેલું સોનું હોય એવો દીપતો હતો.[૫૩] એ માંડલિક રાજાને જગાડી તેમાં પોતાના ચિત્તના અંશરૂપ ચિત્તની અને પોતાના અંશભૂત ચિદાભાસરૂપ જીવની યોજના કરી. પછી એ ઘરમાં ઉભેલા એ પાંચે જણ કે જેઓ અંદર એક રૂપવાળા, બહાર ભિન્ન ભિન્ન રૂપોવાળા અને અત્યંત વિસ્મય પામ્યા હતા તેઓ ત્યાંથી ચક્રવર્તી રાજાના બ્રહ્માંડમાં ગયા. ત્યાં જઇ તેને જગાડી પૂર્વની રીતેજ તેમાં ચિત્તની તથા જીવની યોજના કરી તે ચક્રવર્તીને પણ સાથેજ લઇ એવીજ રીતે બીજાં બ્રહ્માંડોમાં પણ ભમ્યા. (બીજાં બ્રહ્માંડોમાં સૂતેલાઓને જગાડ્યા અને મરી ગએલાઓને જીવાડ્યા.)[૫૪,૫૫] એ પ્રમાણે ભમી ભમી બ્રહ્માના હંસરૂપ ચિત્તના પરિણામને તથા રૂદ્રપણાને પામીને તે સર્વે ભેગા થઇને શોભવા લાગ્યા.[૫૬] હે રામચંદ્રજી! એ રીતે અંદર એક રૂપવાળા, બહાર ભિન્ન ભિન્ન શરીરોવાળા, વિચિત્ર ચેષ્ટાઓવાળા અને અનેક જેવા લાગતા એ મોટા સમર્થ સો રૂદ્રો થયા. આવરણ વગરના ચૈતન્યમય અને પ્રાતિભાસિક સઘળા સંસારના આધારરૂપ એ સો રૂદ્રો પોતે સઘળા જગતની અંદર અંતર્યામીપણાથી રહ્યા.[૫૭,૫૮] હે રામચંદ્રજી! શ્રુતિઓમાં જે સેંકડો અને હજારો મોટા મોટા રૂદ્રો કહ્યા છે તેઓની સ્થિતિ પણ એવાજ પ્રકારની છે. ઉપર કહેલા સો રૂદ્રોએ કલ્પેલાં સો બ્રહ્માંડોમાં તમારા તથા મારા અનુભવમાં આવતું આ બ્રહ્માંડ અગીયારમા રૂદ્રે કલ્પેલું બ્રહ્માંડ છે એમ સમજો.[૫૯] જીવોને ચારેકોર જે જે સંસારો ઉદય પામે છે તે તે સંસારોમાં પ્રબોધવગરના જીવો પરસ્પરને દેખતા નથી.[૬૦] પણ બોધવાળા જીવો સમુદ્રમાં તરંગોની પેઠે પરસ્પરની સાથે મળે છે. બોધવગરના જીવો તો જે સંસારમાં હોય તે સંસારમાંજ દેડકાંની પેઠે પડ્યા રહે છે.[૬૧] જેમ તરંગોરૂપ જળ દ્રવપણાનેલીધે પરસ્પરની સાથે સારીપેઠે મળે છે તેમ બોધવાળા જીવો ચૈતન્યપણાનેલીધે પરસ્પરની સાથે સારી રીતે મળે છે.[૬૨] પ્રત્યેક જીવને પૃથક્ પૃથક્ ઉદય પામેલા સંસારમાં અસત્ય છતાં સત્યની પેઠે રહેલા જીવો બ્રહ્મના સર્વવ્યાપકપણાનેલીધે જ્યારે બ્રહ્મની સાથે એક થાય ત્યારે સર્વ જીવોની સાથે મળી ગયા એમ સમજવું.[૬૩] જેમ પૃથ્વીમાંથી રજ તથા પાષાણ વગેરે ખોદી કહાડતાં જે અવશેષ રહે છે તે કેવળ આકાશજ રહે છે તેમ સર્વવ્યાપક ચૈતન્યમાંથી અનાત્મપદાર્થો દૂર કરવામાં આવતાં જે અવશેષ રહે છે તે કેવળ ચૈતન્યજ રહે છે.[૬૪] હે રામચંદ્રજી! તમે જેમ સર્વત્ર પંચભૂતોનો અનુભવ કરો છો તેમ સર્વત્ર સર્વ પદાર્થોની આત્મસત્તારૂપ ચૈતન્યનો અનુભવ કરો. કેમકે જે કાંઇ પદાર્થજાળ છે તે આત્મસત્તારૂપ ચૈતન્યજ છે.[૬૫] જેમ કાષ્ઠ અથવા શિલા કારીગરોના હાથથી ટાંકણાંઓવડે ખાડાઓરૂપ ઘોડા વગેરે આકારના પરિચ્છેદોને પ્રાપ્ત થતાં તે કાષ્ઠ અથવા શિલા ઘોડા વગેરે રૂપજ જોવામાં આવે છે તેમ એકાત્મક સત્ય પરમાત્મા કલ્પિત પરિચ્છેદોને પ્રાપ્ત થતાં સર્વાત્મક જોવામાં આવે છે. જેમ કાષ્ઠમાં તથા શિલામાં ઘોડા વગેરે આકારો જોવામાં આવે છે તેમ ચિદ્રૂપ પરમાત્મામાં જગત જોવામાં આવે છે. શુદ્ધ પરબ્રહ્મ કે જે અવિષય છે તેમાં વિષયપણાના અપાદનરૂપ જે અન્યથા જ્ઞાન છે તેજ જગત નામના પરિચ્છેદનું નિમિત્ત છે. ચૈતન્યૈકરસ બ્રહ્મમાં જગતરૂપ જે જાડ્ય છે તે નિમિત્તવગરનુંજ છે માટે આકાશની પેઠે શૂન્યજ છે. 'જગત છે' એમ જે જાણવું તેજ બંધ છે અને એવા જાણવાની જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવૃત્તિ તેજ મોક્ષ છે; તો હવે જે ભાવના તમને ગમતી હોય તે ભાવનાનેજ તુરત દૃઢ કરો. જગતનું જે સ્મરણ છે તે બંધ છે અને જગતનું જે વિસ્મરણ છે તે મોક્ષ છે, અને તે બંધ તથા મોક્ષ સાક્ષીથી અભિન્ન છે; તો હવે જેમ તમારી ઇચ્છા હોય તેમ કરો. જે વસ્તુ ન દેખીએ તો નથીજ હોતી તે વસ્તુનો નાશ થાય તો તેમાં શી પીડા છે? કશી નથી. જે વસ્તુ અન્યને જોવાના ત્યાગરૂપ ચૂપ રહેવાથી મળે એવી છે તે વસ્તુને મળેલીજ સમજો.[૬૬-૭૦] જે વસ્તુ દર્શનમાત્રજ હોય તે વસ્તુ દર્શનના અભાવથીજ ક્ષય પામે છે. દર્શનના અભાવથીજ ક્ષય પામનારા જગતનું જે સાક્ષી ચૈતન્ય છે તેને સર્વદા પ્રાપ્તજ સમજો. વેદાંતસિદ્ધાંતનું જે રહસ્ય છે તે મેં તમને કહ્યું. હવે તમને જે ગમે તે કરો.[૭૧] જેમ તરંગ જળના ચલનમાત્રજ છે તેમ જગત બ્રહ્મના વિવર્ત્તમાત્રજ છે. હે રામચંદ્રજી! તરંગરૂપ દૃષ્ટાંતમાં અને જગતરૂપ દાર્ષ્ટાંતિકમાં વિલક્ષણતા એટલીજ છે કે જળમાં દેશ તથા કાલ વગેરેના હોવાથીજ તરંગો થાય છે અને બ્રહ્મમાં દેશકાલાદિક કાંઇ નહિ છતાં પણ જગત થાય છે. દેશકાલાદિક કાર્યરૂપ હોવાથી જગતની અંદરજ જોવામાં આવે છે પણ જગતના વિવર્ત્તોપાદાન ભૂત બ્રહ્મમાં જોવામાં આવતાં નથી.[૭૨,૭૩] આત્મરૂપ ચૈતન્ય કે જે સ્વયંપ્રકાશ છે તેજ અવિદ્યાના આવરણથી અલ્પપ્રકાશવાળા જેવું થઇ ત્રૈલોક્યરૂપે અન્યથા પ્રતીત થાય છે. ચિદ્રૂપ આત્માનું પારમાર્થિક સ્વરૂપ જડ નથી પણ જ્ઞાન છે. ભેદોના ક્લેશવાળા આ ત્રૈલોક્યને ઉપર કહેલા ઉપાયોથી સમેટી લેશો એટલે ત્રૈલોક્ય કેવળ કથનમાત્રમાંજ રહેશે. મહામંગલરૂપ પરમાત્મામાં તો વાણીની પણ પ્રવૃત્તિ નથી.[૭૪] આ પ્રમાણે પરમાત્મા અને જગત એઓ શબ્દથી તથા અર્થથી પણ અભિન્નજ છે. એઓ કદી પણ ભિન્ન નથી. તરંગ અને જલ બે ભિન્ન છે એમ બોલવું એ યોગ્યજ નથી. જ્યાંસુધી આત્માનું અજ્ઞાન હોય ત્યાંસુધી જગતને અને પરમાત્માને ભિન્ન કહેવાં યોગ્ય છે પણ જ્ઞાન થયા પછી તેમ કહેવું યોગ્યજ લાગતું નથી.[૭૫]

संवेदनं सर्वं इतीह शब्दादर्थादभिन्नौ न कदाचिदेतौ ॥ वीच्यंभसी द्वे इति नोचितोक्तिर्यस्याज्ञतायां त्विदमेवयुक्तम् ॥ ७५ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'સ્વપ્નશતરુદ્રીયકથન' એ નામનો ત્રેસઠમો સર્ગ સંપૂર્ણ. ૬૩

સર્ગ ૬૪ મો.*

ભિક્ષુ ઇત્યાદિને રૂદ્રના ગણત્વની પ્રાપ્તિ.

॥ श्रीराम उवाच ॥

जीवटब्राह्मणादीनां हंसादीनां मुनीश्वर ॥
भिक्षुस्वप्नशरीराणां संपन्नं किमतः परम् ॥१॥

રામચંદ્રજી પૂછે છે:—હે મહામુનિ! જીવટ, બ્રાહ્મણ તથા હંસ આદિ કે જેઓ પેલા સંન્યાસીનાં સ્વપ્નસંબંધી શરીરો હતાં તેઓનું તે પછી શું થયું?[૧]

વસિષ્ઠ ઋષિ કહે છે:—કૌતુક જોવાનેવાસ્તે પ્રથમ પ્રવર્ત્તેલા રૂદ્રનો સમાગમ મળવાથી પ્રબુદ્ધ થએલા અને પરસ્પરના સંસારો જેઓના જોવામાં આવ્યા એવા એ રૂદ્રના સઘળા અંશો કૃતાર્થ થવાનેલીધે સુખી થઇ રહ્યા.[૨] પેલા રૂદ્રે ઉપર કહ્યાપ્રમાણે માયા જોઇને પછી તે પોતાના અંશોને પોતપોતાના સંસારોમાં પાછા મોકલતાં નીચેપ્રમાણે કહ્યું.[૩]

રૂદ્ર કહે છે:—મારા અંશરૂપ તમો તુરત

---

* આ ચોસઠમા સર્ગમાં તે સઘળા રૂદ્રોને પોતપોતાના દેહોથી અવશેષ રહેલા પ્રારબ્ધના ભોગનું, તે પછી ગણપણાની પ્રાપ્તિનું અને તે પછી સંકલ્પની સ્થિરતાના ક્રમનું વર્ણન કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછા પોતપોતાનાં સ્થાનકોમાં જાઓ. એ સ્થાનકોમાં કેટલાક કાલસુધી સ્ત્રીઓની સાથે ભોગો ભોગવીને પાછા મારી પાસે આવશો,[૪] અને મારા પુરને શોભાવનારા મારા ગણ થશો. બે પરાર્ધને અંતે મહાપ્રલય થશે ત્યારે જગતના પ્રતિભાસનો પણ ક્ષય થવાથી આપણે પરમ પદને પામીશું.[૫]

વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી ! એ મહાત્મા રૂદ્ર એ પ્રમાણે કહીને અંતર્ધાન થઈ જતાં એ સઘળા રૂદ્રોનું છેલ્લા રૂદ્રના સંસારને જોનારૂં જે સાક્ષી ચૈતન્ય હતું તે જેમ સ્વપ્નનો સાક્ષી જાગ્રતમાં આવે છે તેમ જીવટ આદિના પ્રત્યેક સંસારમાં આવ્યું.[૬] રૂદ્રની આજ્ઞાથી પોતપોતાના બ્રહ્માંડમાં જઇ પોતપોતાનાં ઘરોમાં રહેલા તે જીવટ અને બ્રાહ્મણ આદિ લોકો હમણાં પોતપોતાની સ્ત્રીઓની સાથે ભોગ ભોગવે છે. એઓ બે પરાર્ધને અંતે પોતાનાં શરીરોનો ત્યાગ કરી રૂદ્રલોકને પ્રાપ્ત થઇને ઉત્તમ ગણો થશે અને કોઇ સમયે આકાશમાં તારાઓરૂપે પણ દેખાશે.[૭,૮]

રામચંદ્રજી પૂછે છેઃ—હે મહારાજ ! એ જીવટ તથા બ્રાહ્મણ આદિ લોકો કે જેઓ પેલા સંન્યાસીના સંકલ્પરૂપ હતા તેઓ સત્યપણાને કેમ પ્રાપ્ત થયા ? સંકલ્પસંબંધી પદાર્થમાં સત્યતા કેમ સંભવે ?[૯]

વસિષ્ઠ ઋષિ કહે છેઃ—સઘળા પદાર્થોમાં અધિષ્ઠાનરૂપ અંશ સત્ય છે અને અધ્યસ્ત અંશ મિથ્યા છે એમ સમજો. સત્‌ના તથા અસત્‌ના મિશ્રણરૂપ સાંકલ્પિક પદાર્થમાં અસત્ કે જે પૂર્વકાલમાં તથા ઉત્તરકાલમાં નથી તે નથીજ, પણ અસત્‌ના અધિષ્ઠાનરૂપ સત્ છે તે તો સર્વાત્મક હોવાથી સર્વદા છેજ, તેથી તેની સત્તાનેલીધેજ ભોગ આપનારા અદૃષ્ટે ઉદ્‌બુદ્ધ કરેલા સાંકલ્પિક પદાર્થો કાર્યો કરવામાં સમર્થ થાય છે.[૧૦] જે કાંઈ સ્વપ્નમાં જોવામાં આવે છે અને જે કાંઇ સંકલ્પથી જોવામાં આવે છે તે સઘળું તે તે દેશકાલમાં અધિષ્ઠાનરૂપે સત્યજ છે.[૧૧] જેમ આ નગરીથી અન્ય નગરીઓ પોતપોતાના પ્રદેશોમાં વિદ્યમાન છતાં પણ ત્યાં ગમન કર્યા વિના અને ઇંદ્રિય આદિના સામર્થ્યવિના પ્રાપ્ત થતી નથી તેમ સ્વપ્નસંબંધી પદાર્થ પણ જાગ્રતમાં, સુષુપ્તિમાં કે અન્ય સ્વપ્નમાં પ્રાપ્ત થતો નથી. સર્વાત્મા આત્મચૈતન્ય સઘળી વાસનાઓના ભંડારરૂપ અજ્ઞાનમાં ભોગ આપનારા અદૃષ્ટે ઉદ્‌બુદ્ધ કરેલી વાસનાઓથી જેવા જેવા વિષયના રૂપને ધારે છે તેવા તેવા સંપૂર્ણ રૂપને ખડું થએલું દેખે છે. સઘળાં સ્વપ્નોને તથા સઘળા સંકલ્પો વગેરેને એકી વખતે દેખવાનો ઉપાય તો અભ્યાસના તથા યોગના પરિપાકની દશાજ છે. અભ્યાસના તથા યોગના પરિપાકની દશાવિના સઘળાં સ્વપ્નોનું તથા સંકલ્પોનું એકી વખતે દર્શન પ્રાપ્ત થતું નથી. શંકર આદિ ઈશ્વરકોટિના લોકો કે જેઓને યોગસિદ્ધિનું ફળ સ્વાભાવિકજ છે તેઓ તો અભ્યાસવિનાપણ સર્વત્ર સર્વને દેખે છે. અભ્યાસ અને યોગ એઓ સંકલ્પિત પદાર્થમાં ચિત્તનું એકાગ્રપણું સંપાદિત કરી આપે છે એટલોજ સંકલ્પિત પદાર્થના લાભમાં તેઓનો ઉપયોગ છે. એકાગ્રતા ન હોય તો ચિત્ત અનેક પદાર્થોમાં આસક્ત રહેવાથી એક પણ સાંકલ્પિક પદાર્થને પ્રાપ્ત થતું નથી પણ બન્નેથી ભ્રષ્ટ થાય છે. જેની એકમાંજ નિષ્ઠા હોય તેનુંજ સઘળું ધારેલું કાર્ય સિદ્ધ થાય છે.[૧૨-૧૭] દક્ષિણ દિશામાં જતાં ઉત્તર દિશા તે કોને મળે? જેઓ સંકલ્પિત પદાર્થમાં એકાગ્ર હોય તેઓનેજ સંકલ્પિત પદાર્થ પ્રાપ્ત થાય છે.[૧૮] જેઓ આગળ રહેલા પદાર્થમાં તત્પર હોય તેઓનેજ આગળ રહેલો પદાર્થ મળે છે. એક પદાર્થ બુદ્ધિમાં છતાં જે માણસ બીજા સાંકલ્પિક પદાર્થને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પામવા ઇચ્છે છે તે માણસ એક પદાર્થમાંજ નિષ્ઠાવાળો નહિ હોવાનેલીધે બન્ને પદાર્થને ગુમાવે છે. સંન્યાસીનો જીવ એક પદાર્થમાંજ નિષ્ઠાવાળો હતો તેથી તે રૂદ્રપણાને પ્રાપ્ત થઇ સર્વજ્ઞ બનીને સર્વને પ્રાપ્ત થયો. પ્રસિદ્ધ રૂદ્ર પણ એવી રીતેજ સર્વને પ્રાપ્ત થએલ છે. સંન્યાસીના જીવટ આદિ સંકલ્પના જીવો પૃથક્ પૃથક્ રહ્યા હતા અને તેઓનાં બ્રહ્માંડો પણ નોખનોખાં હતાં તેથી તેઓ અન્યોન્યને દેખતા નહિ હતા. રૂદ્રના જ્ઞાનવિના તેઓ પરસ્પરને દેખી શકયાજ નહિ. એ અપ્રબુદ્ધ જીવો રૂદ્રની ઇચ્છાથીજ પરસ્પરના સંસારોને જાણનારા, પોતે પણ રૂદ્રરૂપ અને વળી ઘણાં રૂપોવાળા પણ થયા. 'હું આ સ્થલમાં વિદ્યાધર થાઉં અથવા અમુક સ્થલમાં પંડિત થાઉં' એવું એકાગ્રપણાથી જે જે ધ્યાન કરવામાં આવે તે તે ધ્યાન સફલજ થાય છે.[૧૯-૨૩] જીવોની આવા વ્યવહારની વ્યવસ્થામાં આ સંન્યાસીના સંકલ્પનો સર્ગજ દૃષ્ટાંતરૂપ છે. આ જીવ ધારણાના તથા ધ્યાનના યત્નના અનુસારપ્રમાણે એકપણાને, ઘણાપણાને, મૂર્ખપણાને, પંડિતપણાને, દેવપણાને તથા મનુષ્યપણા વગેરેને દેશના, કાલના તથા ક્રિયાઓના ક્રમથી તથા એકી વખતે પણ કરવાને સમર્થ છે.[૨૪,૨૫] જીવ વાસ્તવિક રીતે પરિચ્છેદોથીરહિત છે એટલામાટે સઘળી શક્તિઓવાળો છે અને એક એક દેહના અભિમાનરૂપ પરચ્છેદથી મુક્ત થાય છે એટલામાટે એકજ કાર્ય કરવાની શક્તિવાળો પણ છે. શક્તિના સ્વભાવના અનુસારથી તે તે કાર્ય કરવાના સ્વભાવની વ્યવસ્થા થાય છે.[૨૬] પ્રાણિઓનાં કર્મોના અનુસારથી અનેક વર્ગોરૂપે પ્રફુલ્લિત થનારો અને સર્વ પ્રાણિઓના સંહાર નામના પ્રલયરૂપે સંકોચ પામનારો ઈશ્વર જીવોના દૃઢ સંકલ્પને અનુસરતું જ ફળ પોતાની ઇચ્છાથી આપે છે એટલે ઈશ્વરને વિષમપણાનો કે નિર્દયપણાનો કશો દોષ પ્રાપ્ત થતો નથી.[૨૭] યોગ કરનારી સ્ત્રીઓ અને યોગીઓ પોતેજ ધારણા વગેરેથી સંપાદન કરેલા દેશોના, કાલોના તથા ક્રિયાઓના ક્રમોથી પોતાના ઘરમાં અને જ્યાં ઇચ્છા હોય ત્યાં બીજે ઠેકાણે પણ અનેક દેહોની કલ્પનાથી રહે છે.[૨૮] યોગિયો આ લોકમાં તથા સ્વર્ગાદિક અન્ય લોકોમાં પણ એકી વખતે રહે છે એ અમોએ ઘણી ઘણીવાર જોએલું છે. યોગશક્તિવાળો સહસ્ત્રાર્જુન રાજા એકી વખતે ઘરમાં પણ રહેતો હતો અને બીજા દેહોથી સર્વત્ર રહીને ચોર ઇત્યાદિ લોકોને ત્રાસપણ આપતો હતો.[૨૯] વિષ્ણુ એક દેહથી ક્ષીરસમુદ્રમાં રહે છે અને બીજા દેહની કલ્પનાથી પૃથ્વીમાં અવતારો પણ ધરે છે. યોગિની યોગિનીઓના સમૂહમાં રહે છે અને પશુ વગેરે બલિઓને લેવાનેવાસ્તે બીજા દેહોથી ભૂલોકમાં પણ જાય છે.[૩૦] ઇંદ્ર સ્વર્ગના સિંહાસન ઉપર રહે છે અને યજ્ઞના ભાગ લેવાનેવાસ્તે બીજા દેહથી પૃથ્વીમાં પણ જાય છે. વિષ્ણુ રાક્ષસ વગેરેને મારવાનેવાસ્તે હજારો રૂપોવાળા થઇને પાછા એક થઇ જાય છે.[૩૧] વિષ્ણુ ભક્તલોકોની પ્રાર્થનાઓ ઉપરથી સેંકડો ભક્તોપર અનુગ્રહ કરવાનેવાસ્તે મનુષ્યાવતારમાં જાય છે અને ત્યાં પણ કોઈ સમયે હજારો રૂપોવાળા અને કોઇ સમયે એક રૂપવાળા થાય છે.[૩૨] જેમ નિમિ રાજા એક છતાં પણ સઘળાં પ્રાણિઓનાં નેત્રોમાં રહીને એકીવખતે નિમેષણ આદિ ક્રિયાઓ કરે છે તેમ વિષ્ણુ એક છતાં અનેક અંશાવતારોની લીલાઓથી જગતનું પાલન કરે છે અને કૃષ્ણાવતારમાં એકી વખતે હજારો સ્ત્રીઓનો ઉપભોગ કરે છે.[૩૩] સંન્યાસીના સંકલ્પમય જીવટ તથા બ્રાહ્મણ આદિ લોકોપણ એવીજ રીતે પોતાના સંકલ્પને અનુસરતી રૂદ્રની સંમતિથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછાં પોતપોતાના સંસારોમાં ગયા છે અને ત્યાં લાંબા કાળસુધી ભોગો ભોગવી ત્યાંથી રૂદ્રના પુરને પ્રાપ્ત થઇ ગણરૂપે પોતપોતાના પરિવારો સહિત રહેશે.[૩૪,૩૫] મુકુટોમાં ચંદ્રોને ધારણ કરનારા એ સઘળા રૂદ્રો પેલા રૂદ્રની સાથે, સર્વદા પ્રફુલ્લિત રહેનારી નવીન કલ્પવૃક્ષોની લતાઓનાં રત્નગુચ્છમય સ્થલોમાં, અનેક બ્રહ્માંડોમાં, કૈલાસ આદિ મહામંગલમય લોકોમાં અને વિદ્યાધરોની સ્ત્રીઓમાં પણ વિહાર કરશે.[૩૬]

नित्यं प्रफुल्लनवकल्पलतालयेषु रुद्रेण साकमुरुरत्नगुलुच्छकेषु॥नानाजगत्सु च तदा शिवपत्तनेषु विद्याधरीष्वमरमौलिधराश्चरेजुः॥३६॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'ગણત્વપ્રાપ્તિ' એ નામનો ચોસઠમો સર્ગ સંપૂર્ણ. ૬૪

(स्वप्नशतरुद्रीय समाप्त.)

सर्ग ६५ मो.

ભિક્ષુની પેઠે જીવોની સંસૃતિ

॥ श्रीवसिष्ठ उवाच ॥

इषद् दृष्टो यथा तेन भिक्षुणा चेतसि भ्रमः॥
भूतं प्रयत्नमेवैष पृथक् कृत्वा सुपश्यति ॥ १ ॥

વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી ! ઉપર કહ્યા પ્રમાણે એ સંન્યાસીએ પોતાના ચિત્તમાં જે ભ્રમનું જરાક ચિંતન કર્યું તે ભ્રમ બીજું કાંઇ નહિ પણ તે સંન્યાસીનો પૂર્વનો શુભાશુભ કર્મોરૂપ પ્રયત્નજ હતો. એ પ્રયત્ન જ્યારે ફળ દેવાને તૈયાર થયો ત્યારે સંન્યાસીએ તેને પોતાથી જુદા જેવો કરીને સ્પષ્ટરીતે જોયો પણ વાસ્તવિક રીતે જરા પણ જુદો નહિ હતો.[૧] ચિદાભાસરૂપ સઘળા જીવોની જન્મ-મરણમય સ્થિતિ પણ એ પ્રમાણેજ બ્રહ્માકાશરૂપ છતાં મિથ્યા આકારને પ્રાપ્ત થએલી છે.[૨] આત્મા, પોતાથી અભિન્ન આ સંસારરૂપી ખંડને જુદો માની લઇને તેમાં પડે છે. સઘળા જીવોનું મરણના કાળમાં ઉદ્બુદ્ધ થએલું પોતપોતાનું કર્મજ સ્વપ્નની પઠે જગતરૂપે પ્રતીત થયા કરે છે.[૩] સંન્યાસીના જીવની પેઠે સઘળા જીવો પણ વાસ્તવિક રીતે પરિચ્છેદોથી રહિત છે તે છતાં પણ દેહોથી પરિચ્છિન્ન જેવા થઇને મોક્ષની પ્રાપ્તિપર્યંત વ્યાકુલ રહે છે. મેં તમારી પાસે આ સંન્યાસીની કથાથી જીવોના યૂથનું વર્ણન આપ્યું.[૪] હે રામચંદ્રજી ! કેવળ એ સંન્યાસીજ પૂર્ણ સ્વરૂપમાંથી ચ્યુત થઇને ભમ્યો એમ નહિ પણ સઘળા જીવો એ રીતેજ પૂર્ણ સ્વરૂપમાંથી ચ્યુત થઇને ભમ્યા કરે છે એમ સમજો.[૫] જેમ પર્વતની ટોચ ઉપરથી ભ્રષ્ટ થએલો પથરો નીચે નીચે જાય છે તેમ જીવ દિવસે દિવસે એક મોહમાંથી બીજા મોહમાં જાય છે એ વાત આપણને અનુભવસિદ્ધ પણ છે. પરમાત્મામાંથી ભ્રષ્ટ થએલો જીવ આ દૃઢ સ્વપ્નને દેખે છે અને વળી આ સ્વપ્નમાંથી બીજા સ્વપ્નમાં જાય છે. માયાએ જાજરો કરેલો અને એક સ્વપ્નમાંથી બીજા સ્વપ્નમાં પડતો જીવ પોતે પોતામાંજ કોઈ કાલમાં ક્યાંય કોઇ નિમિત્તથી આ સઘળા મિથ્યા સંસારને દૃઢ માન્યા કરે છે.[૬-૮] દેહમાં જે અહંભાવ છે તેજ બંધ છે અને એ અહંભાવ ટળીને જે આત્મલાભ થાય તેજ મોક્ષ છે.

રામચંદ્રજી પૂછે છેઃ—અહો ! આ જીવને ભારે વિષમ મોહ ઉત્પન્ન થાય છે.[૯] જેમ શ્રમ આદિ અલ્પ કારણથી સૂઇ ગએલા માણસને રાતમાં અનેક આકારો તથા અનેક વિકારોવાળી સ્વપ્નસંબંધી માયાથી ભારે વિષમ સંકટ પડે છે અને તે સાચા જેવું માની લેવામાં આવે છે

* આ પાંસઠમા સર્ગમાં સઘળા જીવો પેલા સંન્યાસીની પેઠેજ સંસારો પામવાનું, રાત્રે સંન્યાસીની શોધ કરવાનું અને સભાના ઉઠવાનું વર્ણન કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ જીવને મિથ્યા જ્ઞાનરૂપી રાત્રિમાં અનેક આકારો તથા અનેક વિકારોવાળી માયાથી ભારે વિષમ સંકટ પડે છે અને તે સાચા જેવું માની લેવામાં આવે છે એ ભારે આશ્ચર્ય છે. હે મહારાજ ! 'આ જગતની સ્થિતિમાં સર્વદા સર્વત્ર સર્વ સંભવે છે' એમ જે આપે કહ્યું તે પણ મારા અનુભવમાં આવ્યું. હવે મારે પૂછવાનું એ છે કે એવા ગુણોવાળો અને જીવટ આદિપણાના મોહમાં પડેલો એ સંન્યાસી હાલ કયાંય છે કે નથી ? આપ અંદર અવલોકન કરીને મને તુરત કહો.

વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હું આજ રાત્રે સમાધિ કરી આ ત્રૈલોક્યરૂપી મઠડીને સંપૂર્ણ રીતે જોયા પછી 'એ સંન્યાસી હાલ છે કે નહિ' એ પ્રભાતે કહીશ.

વાલ્મીકિ કહે છેઃ—વસિષ્ઠ મુનિ એ પ્રમાણે કહેતા હતા ત્યાં બહાર, પ્રલયકાલમાં ક્ષોભ પામેલા મેઘની ગર્જનાના જેવા પુષ્ટ નાદવાળો મધ્યાહ્નકાલને સૂચવનારો ડિંડિમ નામનાં વાજાંનો ડંકોઃથયો, એટલે વાયુએ કંપાવેલાં પુષ્પિત વૃક્ષોનીપેઠે રાજાઓએ અને નગરના લોકોએ વસિષ્ઠ મુનિના ચરણમાં અનેક પુષ્પાંજલિઓ નાખી. પછી એ લોકો મોટા મોટા મુનિઓની પૂજા કરી પોતપોતાનાં આસનો ઉપરથી ઉઠતાં સઘળી સભા પણ ઘણા ઘણા પ્રણામો કરતી કરતી ઉઠી. આકાશચારી તથા પૃથ્વીચારી લોકો ગયા દિવસની પદ્ધતિ પ્રમાણે ત્યાંથી ગયા.[10-17] સર્વે લોકોએ પોતપોતાના ઉતારાઓ વગેરેમાં જઇ શાસ્ત્રરીતિ પ્રમાણે પ્રેમપૂર્વક અનુક્રમથી પોતાનાં ધર્મરૂપ આહ્નિક કૃત્યો કર્યાં.[18] વસિષ્ઠ મુનિએ કરેલા ઉપદેશનું વારંવાર મનન કર્યા કરતા એ સઘળા લોકોને તે રાત્રિ અર્થના અનુસંધાનના સુખથી ક્ષણ જેવડી થઇ ગઈ અને શ્રીરામચંદ્રજીએ પૂછેલા વિષયનું શ્રવણ કરવાની ઉત્કંઠાથી નિદ્રા નહિ આવતાં કલ્પ જેવડી પણ થઇ પડી.[19] પછી પ્રાતઃકાલે સઘળા લોકો પોતપોતાનાં કામકાજો કરવા લાગતાં આકાશચારી તથા પૃથ્વીચારી લોકો વ્યાખ્યાન શ્રવણ કરવાનેવાસ્તે સભામાં યોગ્ય બેઠકો ગોઠવીને અને અન્યોન્ય ભાષણ આદિથી પૂજ્ય લોકોની પૂજા કરીને આગળ પ્રમાણેજ બેઠા.[20]

प्रातः पुनः प्रसृतकार्यपरंपरेऽस्मिन् जाते जने खचरभूचरभूतसंघः ।। आख्यानलोकरचनेन तथैव तस्थावन्योन्यसंवदनपूजितपूज्यलोकः।।

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'વિદ્યોત્તરવિસ્મયવર્ણન' એ નામનો પાંસઠમો સર્ગ સંપૂર્ણ. ૬૫

સર્ગ ૬૬ મો.*

ભિક્ષુની સંસ્કૃતિ

।।श्रीवाल्मीकिरुवाच।।

वसिष्ठमुनिसंयुक्ता विश्वामित्रादिसंयुताः ।।
स्थिताः खेचरसिद्धौघा विश्रांता नृपनायकाः ।।

વાલ્મીકિ ઋષિ કહે છેઃ—વસિષ્ઠમુનિસહિત તથા વિશ્વામિત્ર આદિ મુનિઓસહિત સઘળા દિવ્યલોકો, સિદ્ધો અને મોટા મોટા રાજાઓ એ સભામાં સારી રીતે બેઠા.[1] રામ તથા લક્ષ્મણ પણ એ સભામાં બેઠા. અત્યંત ભરપૂર થએલી એ સૌમ્ય સભા જેમ પવનના વેગવગરના સમયમાં કમલિની શોભે તેમ શોભવા લાગી.[2] પછી રામચંદ્રજીના પૂછવાની વાટ નહિ જોતાંજ વસિષ્ઠ મુનિ નીચે પ્રમાણે બોલ્યા. કેમકે દયાળુ સજ્જનો જિજ્ઞાસુઓને બલાત્કારથી પણ સમજાવે છે.[3]

* આ છાસઠમા સર્ગમાં યત્નથી શોધી કહાડેલા પેલા સંન્યાસીના દર્શનની અને તેવાજ બીજા મુનિઓના પણ દર્શનની કથા કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસિષ્ટ ઋષિ કહે છેઃ—હે રઘુકુલરૂપી આકાશમાં ચંદ્રરૂપ, હે રાજન્ ! હે રામચંદ્રજી ! ગઇ કાલે મેં જ્ઞાનરૂપી નેત્રથી અવલોકન કરતાં ઘણીવારે એ સંન્યાસી મારા જોવામાં આવ્યા.[૪] જ્યાંસુધી એવો સંન્યાસી કયાંય ન મળ્યો ત્યાંસુધી હું તેવા સંન્યાસીને જોવાની ઇચ્છાનેલીધે લાંબીવાર સુધી ધ્યાનથી સાતે દ્વીપોવાળી અને નાના મોટા અનેક પર્વતોવાળી પૃથ્વીમાં ફર્યો. જે મનોરાજ્ય હોય તે મોટા પરિશ્રમ કર્યા વિના બહાર શીરીતે મળે?[૫,૬] પછી રાત્રિનો ત્રીજો ભાગ અવશેષ રહ્યો ત્યારે હું ફરીવાર જેમ કિનારાનો પવન સમુદ્રમાં જાય તેમ બુદ્ધિવડે ઉત્તર દિશામાં ગયો.[૭] એ દિશામાં વાલ્મીક નામના દેશની ઉપર 'જિન' એ નામનો મોટો સમૃદ્ધિવાળો દેશ છે. એ દેશમાં ઘણા લોકોના આશ્રયભૂત એક વિહાર નામનો પ્રદેશ છે.[૮] એ વિહારમાં પોતાની ઝુંપડીની અંદર પિંગળા વાળવાળો એક 'દીર્ઘદૃશ' નામનો સંન્યાસી સમાધમાં આસક્ત થઇને બેઠો છે.[૯] એવી રીતે બેઠેલા એ સંન્યાસીને આજ એકવીશ રાત્રિ થએલી છે. જેમાં દૃઢ આગળીઓ દીધો છે એવા તેના ઘરમાં 'રખેને તેના ધ્યાનનો ભંગ થાય' એવા ભયનેલીધે તેના પ્યારા ભૃત્યો પણ અંદર જતા નથી. આવી રીતે એ સંન્યાસી બેઠો છે અને 'તે આજજ મારા જાણવામાં આવવો' એવી દૈવની સ્થિતિ હતી.[૧૦,૧૧] ધ્યાન કરતાં કરતાં એ સંન્યાસીને આજ એકવીશ રાત્રિ વ્યતીત થએલી છે પણ તેણે ઉપર કહ્યા પ્રમાણે પોતાના ચિત્તમય સ્વપ્નમાં હજારો વર્ષોનો અનુભવ કર્યો છે.[૧૨] કોઇ પૂર્વના કલ્પમાં એવો એક સંન્યાસી હતો. આ કલ્પમાં આ સૃષ્ટિની અંદર એ બીજો છે. આ જગતરૂપી કમલના મધ્યમાં ભ્રમરની પેઠે ફરી ફરી ચતુર ચિત્તથી મેં ઘણો શોધ કર્યો પણ તેવો કોઇ ત્રીજો જણ મળ્યો નહિ.[૧૩,૧૪] પછી આ બ્રહ્માંડને મૂકીને હું બીજાં બ્રહ્માંડોને જોવા લાગ્યો ત્યાં ચિદાકાશના એક ખુણામાં રહેલા એક બ્રહ્માંડમાં તેવીજ સ્થિતિવાળો એક ત્રીજો સંન્યાસી પણ મારા જોવામાં આવ્યો. એ બ્રહ્માંડમાં પણ ત્યાંના બ્રહ્માએ આ બ્રહ્માંડના જેવોજ ક્રમ ગોઠવ્યો છે.[૧૫,૧૬] આ પ્રમાણે અનેક બ્રહ્માંડોમાં કેટલાંએક બ્રહ્માંડોની અંદર આ બ્રહ્માંડના જેવીજ રચનાવાળા સર્વે પદાર્થો થયા છે અને હવે પછી પણ થશે.[૧૭] આ આપણી સભામાં પણ જે મુનિઓ અને બ્રાહ્મણો છે તેઓ તથા બીજા પણ લોકો ઘણી ઘણી વાર આવી સ્થિતિઓવાળાજ થવાના છે.[૧૮] આ નારદ ફરીવાર પણ નારદ થશે અને કોઇ બ્રહ્માંડમાં બીજો પણ નારદ થશે. આવી રીતનાજ જ્ઞાનવાળા અને આવી રીતનાજ ચારિત્રવાળા બીજા નારદો પણ ઘણા ઘણા હોવા જોઇએ. વ્યાસ, શુક, શૌનક, ક્રતુ, પુલહ, અગસ્ત્ય, પુલસ્ત્ય, ભૃગુ અને અંગિરા એઓ પણ તથા બીજાઓ પણ આવાં ને આવાં રૂપોવાળા તથા આવી ને આવી ક્રિયાઓવાળા લાંબા લાંબા કાળના યોગથી અન્ય બ્રહ્માંડોમાં પણ હોવા જોઇએ. જેમ જલોમાં તરંગો વારંવાર આવર્તનો પામ્યા કરે છે તેમ સૃષ્ટિઓમાં એના એ લોકો તથા બીજા પણ ઘણા ઘણા લોકો વારંવાર આવર્તનો પામ્યા કરે છે. એઓમાં કેટલાએક લોકો તુલ્ય આચરણોવાળા તથા તુલ્ય જન્મોવાળા થાય છે. કેમકે આ માયા અત્યંત વિસ્તીર્ણ છે. કેટલાએક અત્યંત તુલ્ય સ્થિતિવાળા થાય છે, કેટલાએક અર્ધતુલ્ય સ્થિતિવાળા થાય છે, કેટલાએક કાંઈક તુલ્ય સ્થિતિવાળા થાય છે અને કેટલાએક કાંઈ પણ મળતી ન આવે એવી સ્થિતિવાળા પણ થાય છે. મોટાઓને પણ મોહ ઉપજાવનારી આ માયા આ પ્રમાણે અત્યંત વિસ્તીર્ણ છે.[૧૯-૨૪] વાસ્તવિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોતાં મહામંગલરૂપ પરમાત્મામાં દેહાદિકની ચેષ્ટારૂપ કર્મ નથી અને મનની ચેષ્ટા પણ નથી. જે કાંઈ દેહાદિક, મન તથા તેઓની ચેષ્ટાઓ જોવામાં આવે છે તે કેવળ ભ્રાંતિજ છે. જુવો કે એકવીશ અહોરાત્ર ક્યાં અને તેઓમાં જીવટ આદિ ઘણા સર્ગોનું દર્શન ક્યાં ! અહો ! મનની ગતિ ભારે ભયંકર છે. અનેક વાંધાઓરૂપી કલ્લોલોથી ભરેલું આ સઘળું બ્રહ્માંડ કે જે પ્રાતઃકાળે જળમાં પ્રફુલ્લિત થએલા કમલ જેવું દેખાય છે તે કેવલ પ્રતિભાસમાત્રજ છે. જેમ અગ્નિના કણમાંથી જ્વાલાઓવાળો મોટો અગ્નિ થાય છે તેમ શુદ્ધજ્ઞાનરૂપ પરમાત્મામાંથી અશુદ્ધિવાળું આ સઘળું સંસારરૂપી જાળ થએલું છે.[૨૫-૨૭] સંન્યાસીના મનની પેઠે પ્રત્યેક જીવોનાં મનોમાં પણ આવીજ રીતનો પ્રત્યેક જગતરૂપ પ્રતિભાસ ઉદય પામ્યો છે અને તે તે પ્રતિભાસોસંબંધી બીજા જીવોનાં મનોમાં પણ આવીજ રીતના વિચિત્ર પ્રતિભાસો ઉદય પામ્યા છે. કારણોના પણ કારણરૂપ અને સર્વના અધિષ્ઠાનભૂત પરમાત્મા સ્ફુર્યા કરે છે તેમાં એ સઘળા પ્રતિભાસો પરસ્પર વ્યવહારની દૃષ્ટિથી સાચા છે પણ પરમાત્માનું સ્વરૂપ જાણવામાં આવે ત્યારે મિથ્યા થઇ જાય છે.[૨૮]

प्रत्येकमेवमुदितः प्रतिभासु खंडः खंडान्तरेष्वपि च तस्य विचित्रखंडः ॥ सर्वे स्वयं ननु च तेपि मिथो न मिथ्या सर्वात्मनि स्फुरति कारणकारणेस्मिन् ॥ २८ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'ભિક્ષુસંસૃતિકથન' એ નામનો છાસઠમો સર્ગ સંપૂર્ણ. ૬૬

સર્ગ ૬૭ મો.*

બ્રહ્મની એકતાનું પ્રતિપાદન

॥ दशरथ उवाच ॥

मुनिनायक तं भिक्षुं गत्वा संबोधयंत्वमी ॥ नरा मत्प्रहिताः शीघ्रं चानयंतु कुटीगतम् ॥

દશરથ રાજા કહે છેઃ–હે મહામુનિ વસિષ્ઠ ! હું અહીંથી હમણાં કેટલાંએક માણસોને મોકલું છું. તેઓ ત્યાં જઇને તે સંન્યાસીને સમાધિમાંથી જાગ્રત કરે અને તે ઝુંપડીમાંથી તેને તુરત અહીં લાવે.[૧]

વસિષ્ઠ ઋષિ કહે છેઃ–હે રાજા ! એ મોટા સંન્યાસીનો દેહ હમણાં જીવતો નથી પણ પ્રાણવગરનો થઇ ગયો છે અને બગડીને વિવર્ણ થઇ ગયો છે.[૨] એ સંન્યાસીનો જીવ તો બ્રહ્માનો હંસ થઇને જીવન્મુક્ત થઇ રહ્યો છે માટે ફરીવાર સંસારમાં આવે એમ નથી.[૩] 'એક મહીનાસુધી ઘરનો આગળીઓ ખોલવો નહિ' એવી એ સંન્યાસીની આજ્ઞાના બળથી તેના ભૃત્યલોકો ઘરના બારણાની આગળજ ચોકી કરવાનેવાસ્તે ઉભા છે.[૪] મહીનો પૂરો થશે ત્યારે એ ભૃત્યલોકો બારણું ઉઘાડી તે સંન્યાસીના શરીરને મરણ પામેલું જોઇ બહાર કહાડી જળમાં ડુબાવી દેશે અને તેની જગ્યોએ તેની એક પાષાણમય મૂર્ત્તિ બેસાડશે કે જે મૂર્ત્તિને તેના ભક્તલોકો દેવરૂપ માનશે.[૫] એ સંન્યાસી તો હંસના શરીરથી જીવન્મુક્ત થઇને રહ્યો છે. હવે વિહારમાં પડેલું તેનું જૂનું મનુષ્યશરીર પ્રાણાદિકથી રહિત થઇ ગયું છે માટે તેને શી રીતે જાગ્રત કરી શકાય.[૬] હે રામચંદ્રજી ! આ અત્યંત વિસ્તીર્ણ માયા કે જે વિક્ષેપશક્તિનેલીધે કેમે ટાળી

* આ સડસઠમા સર્ગમાં સમાધિમાં મુક્ત થએલા સંન્યાસીના દેહના નાશનું, ભિક્ષુનીપેઠે બીજાઓને પણ ભ્રાંતિનેલીધેજ બંધ થવાનું અને બોધથી મોક્ષ થવાનું વર્ણન કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકાય નહિ એવી લાગે છે તે સર્વદા સર્વમાં આત્મસ્વરૂપના અનુસંધાનથી સહેજ ટાળી શકાય છે.[૭] માયા કે જે પોતે અવિદ્યમાન છતાં જ જગતનો આરંભ કરી બેઠી છે, અને સોનાનાં કડાપણાની પેઠે કેવલ વિપરીત પ્રતિભાસનેલીધેજ ઉદય પામેલી છે[૮] અને પરમાત્મામાં કેવળ કથનમાત્ર છે એમ વિદ્વાનોએ ધારેલી છે તે જેમ જળમાં તરંગોની પંક્તિ જળનું અવલોકન કરવામાત્રથી નષ્ટ થઇ જાય છે તેમ પરમાત્માના અવલોકનમાત્રથી નષ્ટ થઇ જાય છે.[૯] પરમાત્માજ અવિવેકનેલીધે દૃશ્યમય લાંબા સ્વપ્નમાંથી તેવાંજ સ્વપ્નાંતરોમાં જાય છે અને જીવપણાને પામેલ છે માટે તેજ પરમાત્મા જો વિવેકથી સર્વને પોતાનુંજ સ્વરૂપ દેખે તો ચૈતન્યમાત્ર સ્વરૂપે અવશેષ રહે છે.[૧૦] જેને જે પ્રતિભાસ થાય છે તે ખરી રીતે જોતાં તેનો આત્માજ હોય છે પણ જો ખરી રીતે જોવામાં ન આવે તો તે પ્રતિભાસ કાંકચની ઝાડી જેવા સંસારરૂપે ઉદય પામે છે.[૧૧] પ્રત્યેક પ્રાણીને આ સંસારનું મંડલ જુદું જુદું ઉદય પામેલું છે. સંન્યાસીનાં સ્વપ્નાંતરો જેવું છે અને જલના તરંગ આદિ મિથ્યા વિભાગો જેવું છે એમ સમજો.[૧૨] જેમ આ દેખવામાં આવતો સર્ગ બ્રહ્માના સ્વપ્નરૂપ છે તેમ વ્યષ્ટિજીવના પણ સ્વપ્નરૂપજ છે, અને ચિત્તની ભ્રાંતિરૂપજ છે તો પણ એટલો ભેદ છે કે બ્રહ્માને મિથ્યા જણાય છે અને વ્યષ્ટિજીવોને દૃઢ સત્ય જણાય છે.[૧૩] જો ચિત્તની શુદ્ધિ થાય તો જેમ બ્રહ્માને સ્વપ્નના વિલાસ જેવો લાગે છે તેમ વ્યષ્ટિજીવને પણ સ્વપ્નના વિલાસ જેવો લાગે. આ બ્રહ્માંડો પ્રત્યેક જીવને પ્રત્યેક ઉદય પામેલાં છે માટે કરોડો બ્રહ્માંડો હોય એમ કહી શકાય છે.[૧૪] જીવ પરમાત્મામાં ગમે તે રીતે સ્ફુરે પણ તે જીવ હૃદયમાં જે આ કાર્યો કરવામાં સમર્થતા ધરાવનારા લાંબા વિભ્રમને દેખે છે તે વિભ્રમ સ્વપ્નનીપેઠે મિથ્યાજ છે.[૧૫] ચૈતન્યની સત્તાથી સત્તા પામેલો જીવ માત્ર સ્વરૂપના વિસ્મરણનેલીધે જરાના, મરણના, તથા દુઃખોના પાત્રરૂપ થાય છે.[૧૬] કોઇ જીવ જો પુણ્યવાન હોય તો ચિત્તરૂપી અંશના ચલનમાત્રથી પાતાલને અથવા બ્રહ્મલોકને બનાવી બનાવીને તેમાં ભોગ ભોગવ્યા કરે છે.[૧૭] જે પરમાત્મચૈતન્ય છે તેજ પ્રાણની કલ્પનાથી ચલનરૂપ થઇ તે દ્વારા 'જીવ' એ નામને ધરી પોતામાં દેહાકાર સંભ્રમવાળું અને બહાર જઇ વિષયાકાર સંભ્રમવાળું થઇને ભમ્યા કરે છે.[૧૮] જે જીવ છે તે કેવળ ભ્રાંતિરૂપ અપરાધનેલીધે પરમાત્મા ટળી જાય કે? જો ભ્રાંતિ ટળી જાય તો જીવજ પરમાત્મા નથી કે? જેમ મ્હોડું દર્પણમાં પ્રતિબિંબિત થવાથી અનેક નામોને યોગ્ય થાય છે તેમ પરમાત્મા ઉપાધિમાં પ્રતિબિંબિત થવાથી જીવ તથા દેહ આદિ નામોને યોગ્ય ન થાય કે? આ રીતે ઐક્યનું દર્શન થાય તો વ્યવહારની દૃષ્ટિથી પણ જગત બ્રહ્મરૂપ થઇ જાય છે. જેમ આકાશ આકાશમાં રહેલું છે અને જળ જળમાંજ રહેલું છે તેમ પરબ્રહ્મ (જેને આપણે જગત ગણીએ છીએ તે) પરબ્રહ્મમાંજ રહેલું છે. દર્પણ કે જે મુખથી અત્યંત ભિન્ન છે તેમાં પ્રતિબિંબરૂપે મુખની સ્થિતિ થતાં વિપરીત ભ્રાંતિ થવાનો સંભવ પણ છે પરંતુ બ્રહ્મ તો પોતાથી અભિન્ન ઉપાધિઓમાંજ જીવરૂપે સ્થિતિ પામેલ છે તેથી ભ્રાંતિ થવાનો સંભવજ નથી તોપણ જેમ બાલક પ્રતિબિંબથી બ્હીએ છે તેમ જીવરૂપ બ્રહ્મ પોતામાં કાંઇક બીજું થઇ ગએલું સમજીને બ્હીએ છે એ મોટું આશ્ચર્ય છે.[૧૯-૨૧] સમાધિના અભ્યાસથી બુદ્ધિના ચલનને રોકવામાં આવે તો ભેદરૂપી સંજ્ઞા પોતાની મેળેજ બુદ્ધિમાં લય પામે છે અને બુદ્ધિ પણ બ્રહ્માકાર પરિણામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પામીને, જેમ ઘી અગ્નિમાં લય પામે છે તેમ બ્રહ્મમાં લય પામે છે.[22] સર્વાત્મક ચૈતન્યરૂપ પરમાત્મામાં જેને ચલન માનવામાં આવે છે તે પણ ચૈતન્યજ છે. બ્રહ્મમાં ચલન, અચલન તથા ઉદય આદિ સઘળું કલ્પિતજ છે, વાસ્તવિક નથી.[23] બ્રહ્મમાં ચલન પણ નથી, અચલન પણ નથી, એકતા પણ નથી અને દ્વિત્વ પણ નથી. જે કાંઇ છે તે સઘળું શુદ્ધ ચૈતન્યમાત્રજ છે અને જેમ છે તેમજ છે.[24] વાસ્તવિક વિચારથી 'સર્વ' એ શબ્દનો તથા તેના અર્થનો એકરસ સ્વભાવ જાણવામાં આવે તો કેવળ ચૈતન્યજ રહે છે. પ્રપંચ તો અભાવરૂપે પણ રહેતો નથી ત્યારે ભાવરૂપે તો ક્યાંથીજ રહે.[25] ભેદની કલ્પનાથીજ સ્વરૂપના લાંછનરૂપ ભેદ ઉદય પામે છે. અભેદના બોધથી સઘળો ભેદ ગલિત થઇ જાય ત્યારે પરમપદભૂત બ્રહ્મજ અવશેષ રહે છે.[26] હે રામચંદ્રજી! તમે અબોધથીજ દ્વૈતરૂપ છો પણ જો તે દ્વૈતની ઉપર દૃષ્ટિજ ન કરો તો પૂર્ણ ચૈતન્યરૂપજ છો. આ વિષયમાં બીજા કોઇને પણ પૂછી જુઓ. જે હું કહું છું તેજ પરમાર્થ છે. આમ છે એટલામાટે હવે તમને પરમ નિશ્શંકપણું પ્રાપ્ત થયું.[27] નિશ્શંકપણું પ્રાપ્ત થયું એટલે હવે સ્વપ્ન પણ નથી, જાગ્રત પણ નથી, સુષુપ્તિ પણ નથી, તુર્યપણું પણ નથી, બંધ પણ નથી, મોક્ષ પણ નથી અને બીજી કોઈ કલ્પના પણ નથી.[28] જ્યાંસુધી અબોધ છે ત્યાંસુધીજ જગત છે. જે જગત છે તે એક બ્રહ્મજ છે. જે બ્રહ્મ છે તેજ આ જગતરૂપે રહેલ છે. જે અબોધ છે તે મિથ્યાજ છે એટલામાટે હવે દ્રષ્ટા, દર્શન કે દૃશ્ય ક્યાં રહ્યાં?[29] જો તમને સંકલ્પોનો ક્ષય થયો તો ચિત્તનું તથા પ્રાણ આદિનું ચલન પણ અચલનજ છે. જે ચૈતન્ય સંકલ્પોથી રહિત છે તે ચૈતન્ય ચલનમાં કે અચલનમાં ભિન્ન નથી.[30] ચૈતન્યના અદર્શનથીજ દ્વિત્વ તથા એકત્વ આદિરૂપ સંકલ્પ ઉદય પામ્યો છે. એ સંકલ્પ ચૈતન્યના દર્શનમાત્રથી ગયો તો પછી બ્રહ્મજ અવશેષ રહે છે.[31] ચૈતન્યરૂપી ચંદ્રબિંબમાં જે સંકલ્પરૂપી કલંક સ્ફુરતો હોય એમ લાગે છે તે કલંક નથી પણ ઘાટા ચૈતન્યનું ઘાટું સ્વરૂપજ છે એમ સમજો.[32] તમે ઘાટા ચૈતન્યના વિસ્તીર્ણ પદમાંજ રહો. તમે પૂર્ણપણાથી રહો. 'સંકલ્પાદિક જે કાંઇ છે તે મારી સત્તાથીજ છે પણ ભિન્ન સત્તાથી નથી' એવી રીતના નિર્દોષ મહાબોધના સારનું અવલંબન કરો કે જેથી સઘળી વસ્તુઓ તમારી સાથે એકરસ થઇ જાય.[33] હે સંકલ્પરૂપ કલંકથી રહિત! હે ચૈતન્યમય ચંદ્રબિંબ રામચંદ્રજી! તમે કે જે ભાવોનો તથા અભાવોનો ક્ષયકરનારા મહામંગલરૂપ છો તેમના સ્પર્શથી સઘળા પદાર્થો અમૃતમય થઈ જાય છે. અહો! તમારો મહિમા અપૂર્વ છે.[34] તમે ભાવ તથા અભાવ વગેરેની કલ્પનાને ચૈતન્યમય કરી નાખીને ચૈતન્યના સમ અને ભરપૂર વિલાસની અંદર પરમસુખથી વિશ્રાંતિ લો.[35] હે રામચંદ્રજી! તમે આનંદના સમુદ્રરૂપ છો. ચલન, અચલન, સંકલ્પ તથા વિકલ્પ આદિ જે કાંઇ ચિત્તની ભ્રાંતિના ભેદરૂપ છે તે સઘળું સર્વાત્મક અને સુખૈકરસ બ્રહ્મજ છે અને પૂર્ણ દશા તથા અપૂર્ણ દશા એઓ પણ એકજ સ્વરૂપ છે એમ સમજો.[36]

स्पंदास्पंदौ कल्पनाकल्पना वा चित्ताम्नायो विद्धि नामाब्धिनाम्ना ॥ सर्वाकारा निर्वृतिः शांतिसत्ता पूर्णापूर्णे ह्येकमेवास्थितेति ॥३६॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'બ્રહ્મૈક્યપ્રતિપાદન' એ નામનો સડસઠમો સર્ગ સંપૂર્ણ. ૬૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सर्ग ६८ मो.*

મૌન વિચાર

॥ श्रीवसिष्ठ उवाच ॥

सुषुप्तमौनवान्भूत्वात्यक्त्वाचित्तविलासिताम्॥ कलनामलनिर्मुक्तस्तिष्ठावष्टब्धतत्पदः ॥१॥

વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી ! તમે સુષુપ્તમૌનવાળા થઇ ચિત્તની સ્વાભાવિક પ્રવૃત્તિને અનુસરનારપણાનો ત્યાગ કરી અને કલ્પનારૂપી મેલથી નિર્મુક્ત થઈ બ્રહ્મપદનોજ આશ્રય ધરીને રહો.[1]

રામચંદ્રજી પૂછે છેઃ—હે મહારાજ ! વાઙ્‌મૌન, અક્ષમૌન અને કાષ્ઠમૌન એ ત્રણ મૌનોને હું જાણું છું પણ સુષુપ્તમૌનને જાણતો નથી માટે આપ સુષુપ્તમૌનનું લક્ષણ કહો.[2]

વસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી ! મુનિવરોએ મુનિ બે પ્રકારના કહેલ છે. એક કાષ્ઠતપસ્વી અને બીજો જીવન્મુક્ત.[3] આત્મતત્ત્વના પર્યાલોચન વગરની અને તેના અનુભવરૂપી રસ વગરની કૃચ્છ્રચાંદ્રાયણ આદિ શુષ્ક ક્રિયામાં આગ્રહવાળો અને હઠથી ઇંદ્રિયોના સમૂહને જીતનારો જે મુનિ હોય તે કાષ્ઠતપસ્વી કહેવાય છે.[4] આ જગતના તત્ત્વને સમજી આત્માનું અનુસંધાન કરનારો, આત્મામાંજ રહેનારો અને વ્યવહારમાં બીજા તપસ્વી લોકોની પેઠે વર્ત્તતાં છતાં પણ અંદર નિરતિશય આનંદથી તૃપ્ત રહેનારો જે પુરુષ હોય તે જીવન્મુક્ત મુનિ કહેવાય છે.[5] એ બે શાંત મહામુનિઓનો ચિત્તના નિશ્ચયરૂપ જે ભાવ થાય છે તે 'મૌન' એ શબ્દથી કહેવાય છે.[6] મૌનને જાણનારા લોકોએ વાઙ્‌મૌન, અક્ષમૌન, કાષ્ઠમૌન અને સુષુપ્તમૌન, એ રીતે ચાર પ્રકારનું મૌન કહેલું છે.[7] વાણીને રોકી રાખવી એ વાઙ્‌મૌન કહેવાય છે, બલાત્કારથી ઇંદ્રિયોનો નિગ્રહ કરવો એ અક્ષમૌન કહેવાય છે, શરીરની ચેષ્ટાઓનો ત્યાગ કરવો એ કાષ્ઠમૌન કહેવાય છે અને જગતના બાધપૂર્વક આત્માનુંજ અનુસંધાન કરવું એ સુષુપ્તમૌન કહેવાય છે. જોકે મનોમૌન નામનું એક પાંચમું પણ મૌન છે તોપણ તે કાષ્ઠતપસ્વીમાં, મૂર્છામાં અને મરણમાંજ સંભવે છે માટે તેને જુદું ગણવામાં આવ્યું નથી.[8,9] આત્મતત્ત્વનો અનુભવ થતાં જે સુષુપ્તમૌન નામનું મૌન થાય છે તેને જીવન્મુક્ત પુરુષજ ધરે છે. પહેલાં ત્રણ મૌનોનો અધિકારી કાષ્ઠતપસ્વી છે અને ચોથા મૌનનો અધિકારી જીવન્મુક્ત છે. જીવન્મુક્તોમાં રહેનારી જે સુષુપ્તમૌન નામની અવસ્થા છે તેજ તુર્યાવસ્થા છે.[10] વાઙ્‌મૌન, અક્ષમૌન અને કાષ્ઠમૌન એ ત્રણે પણ જો કે મૌન કહેવાય છે તોપણ તેઓ મલિન મનના દૃઢ નિશ્ચયરૂપ હોય છે તેથી જીવને બંધન આપનારાંજ થાય છે. આમ છે એટલામાટે એ ત્રણમાંના કોઇપણ મૌનવાળાને કાષ્ઠતપસ્વી કહીએ છીએ.[11] બલાત્કારથી મનનો નિગ્રહ કરી અંદર અહંભાવનું અનુસંધાન નહિ કરતાં અને બહાર નામરૂપાત્મક દૃશ્ય પ્રપંચનું અનુસંધાન નહિ કરતાં છતાં પણ અજ્ઞાનથી આવરણ પામેલા આત્માને નહિ દેખતો કાષ્ઠતપસ્વી સમાધિમાં, જેમ બીજો માણસ સુષુપ્તિમાં અજ્ઞાનના સાક્ષીપણાથી રહે છે તેમ અજ્ઞાનના સાક્ષીપણાથી રહે છે.[12] એ ત્રણે મૌનવાળાઓને વ્યુત્થાનના સમયમાં ચિત્તનું ચલન થાય છે અને સુષુપ્તમૌનવાળા જીવન્મુક્તને તો સર્વદા ચિત્ત બાધિતજ હોય છે તેથી કોઇ સમયે પણ ચિત્તનો નિરોધ કે ચિત્તનું વ્યુત્થાન આદિ લીલા થતી નથી.[13] સ્વરૂપમાં સ્થિતિરૂપ લીલાથી સર્વદા

* આ અડસઠમા સર્ગમાં ચાર પ્રકારના મૌનનું વર્ણન કરવામાં આવશે અને તેમાં પણ સુષુપ્તમૌનનું વિશેષ વર્ણન કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેનારા જીવન્મુક્તપુરુષો વાઙ્‌મૌન આદિ ત્રણ મૌનોને બંધરૂપ હોવાથી છોડી દેવા યોગ્ય જાણીને તેઓના ઉપર અરૂચિ રાખે અથવા એ મૌનો પણ એક જાતનો ચિદાનંદનોજ વિલાસ છે એમ જાણીને અરૂચિ ન રાખે તોપણ તેઓ એ ત્રણે મૌનોને ગ્રાહ્ય તો કદી સમજતા નથી.[૧૪] આ સુષુપ્તમૌન કે જે જીવન્મુક્તોના અનુભવમાં રહેલ છે અને જેને પુનર્જન્મ ન થવો હોય તેનેજ પ્રાપ્ત થાય એવું છે તથા શ્રવણના ભૂષણરૂપ છે તેનું વિશેષ વર્ણન કરૂં છું તે સાંભળો.[૧૫] આ મૌનમાં શરીરની અંદર ઊંચે, નીચે તથા મધ્યમાં ફરનારા પ્રાણનો સંયમ કરવો પડતો નથી, પ્રાણની કોઇ જાતની યોજના પણ કરવી પડતી નથી અને સઘળી ઇંદ્રિયો વિષયના લાભના હર્ષથી ઉલ્લાસ પણ પામતી નથી તેમ નિરોધના ક્લેશથી ગ્લાનિ પણ પામતી નથી.[૧૬] આ મૌનમાં આ દ્વૈતની કલ્પના ઉદય પણ પામતી નથી તેમ શાંત પણ થતી નથી. સમાધિ હોય કે સમાધિ ન હોય તોપણ આ મૌનમાં ચિત્ત ચિત્તરૂપ પણ રહેતું નથી, અચિત્ત પણ થઇ જતું નથી, સત્ પણ રહેતું નથી, અસત્ પણ થઇ જતું નથી, અને કોઇ બીજા પ્રકારનું પણ થઇ જતું નથી; પરંતુ વિકલ્પોના ક્ષયનેલીધે વિભાગોવગરનું, અભ્યાસની અપેક્ષાથી પણ રહિત અને અપરિચ્છિન્ન આત્મરૂપ હોવાનેલીધે આદિથી તથા અંતથી રહિત થાય છે. આ સુષુપ્તમૌનનું લક્ષણ છે.[૧૭,૧૮] આત્મતત્ત્વ કે જેમાં જગતરૂપી વિભ્રમ પ્રતીત થાય છે તેને નિસ્સંદેહ યથાસ્થિત રીતે જાણીને રહેવું એ સુષુપ્તમૌન કહેવાય છે.[૧૯] પરબ્રહ્મ કે જે અનેક સવિકલ્પ જ્ઞાનોના આત્મારૂપ છે તેથીજ પૂર્ણ થઇને અપરિચ્છિન્ન સ્થિતિમાં રહેવું એ સુષુપ્તમૌન કહેવાય છે.[૨૦] 'આ સઘળું જગત શૂન્ય છતાં પણ અધિષ્ઠાનની સત્તાથી શૂન્ય નથી, અને અધિષ્ઠાનની સત્તાથી વિદ્યમાન છતાં પણ પોતાની સત્તાથી વિદ્યમાન નથી' એવી પાકી સમજણથી ચિત્ત સમ તથા શાંત રહે એ સુષુપ્તમૌન કહેવાય છે.[૨૧] જે સ્થિતિમાં 'સઘળું જગત સત્ પણ નથી, અસત્ પણ નથી, પોતાની સત્તાથી શૂન્ય છે તથા નિરાધાર છે અને અધિષ્ઠાનરૂપે જોતાં શાંતિમાત્ર છે તથા જ્ઞાનમાત્ર છે' એવી પાકી સમજણ રહે તે સ્થિતિ સુષુપ્તમૌન કહેવાય છે.[૨૨] જે સ્થિતિમાં આત્મતત્ત્વનો વિસ્તીર્ણ રીતે ઉદય પામનારા ભાવોરૂપ, અભાવોરૂપ, દશાઓરૂપ કે દેશ આદિ વિશેષોરૂપ વિવર્ત્તજ થાય નહિ તે સ્થિતિ સુષુપ્તમૌન કહેવાય છે.[૨૩] વૃત્તિઓવગરના ચિત્તથી અત્યંત સમતાજ રહે અને આત્મતત્ત્વનો કોઈ પ્રકારનો વિવર્ત્ત થાયજ નહિ એ સુષુપ્તમૌન કહેવાય છે.[૨૪] 'હું પણ નથી, અન્ય પણ નથી, મન પણ નથી અને કલ્પનાઓ પણ નથી પણ જે કાંઈ છે તે નિર્વિષય જ્ઞાનમાત્રજ છે' એવા પ્રકારની જે અવિચ્છિન્ન સમજણ તે સુષુપ્તમૌન કહેવાય છે.[૨૫] 'જેમાં આ જગતની અંદરના સઘળા શબ્દોનો તથા સઘળા અર્થોનો એકરસ થઇ જાય છે એવું જે સત્તાસામાન્ય છે તે હું છું' એવી જે અખંડ સમજણ તે સુષુપ્તમૌન કહેવાય છે.[૨૬] આવી સ્થિતિમાં ચિત્તની બ્રહ્માકાર છેલ્લી વૃત્તિ પણ શૂન્ય જેવી થઇ જાય છે ત્યારે પછી પોતાની, અન્યની કે ભેદની કલ્પના ક્યાંથીજ રહે. આવા પ્રકારની જે અખંડ સ્થિતિ એજ વિસ્તીર્ણ સુષુપ્તમૌન કહેવાય છે.[૨૭] આ પ્રબોધવાળું સુષુપ્તમૌન અવિદ્યાના બાધથી તુર્યાવસ્થા કહેવાય છે અને અવિદ્યાનો બાધ કરનારી વૃત્તિઓના પણ બાધથી તુર્યાતીત પણ કહેવાય છે એમ સ્વચ્છ રીતે સમજો.[૨૮] સુષુપ્તિસમાધિ, તુર્યસમાધિ અને તુર્યાતીતસમાધિ કે જેઓ જ્ઞાનની સાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂમિકાઓમાં પાંચમી, છઠ્ઠી તથા સાતમી ભૂમિકાઓરૂપ છે તેઓ જીવન્મુક્તને અનુક્રમે જાગ્રતમાં તથા સ્વપ્નમાં પણ થાય છે.[29] હે બ્રહ્મભૂત રામચંદ્રજી ! જાગ્રતમાં ચારેકોર નિપુણ રીતે વ્યવહાર કરતો હોય, તથા દેહની પ્રતીતિવાળો હોય અને સમાધિમાં સઘળો વ્યવહાર છોડી દેતો હોય તથા દેહના ભાન વગરનો રહેતો હોય તોપણ જીવન્મુક્ત પુરુષ સર્વદા તુર્યામાંજ રહે છે અને વિદેહજ છે એમ સમજો. કેમકે જાગ્રતમાં પણ તેની સઘળી વૃત્તિઓ નિર્મલ તથા શાંત હોય છે. આ સ્થિતિ બ્રહ્મરૂપ થએલાનીજ હોય છે બીજાની હોતી નથી.[30] હે રામચંદ્રજી ! તમે વિરાટ્ આદિ સર્વનો લય કરીને સંસારની વાસનાઓથી રહિત એક તુર્યરૂપેજ રહો. જે કાંઈ આ સઘળું જગત પ્રતીત થાય છે તે સ્વપ્ન જેવુંજ છે; હું કે તમે કે બીજું કંઈ પણ નથી એમ સમજી જીવન્મુક્ત થઇ સર્વદા ચિદાકાશના કોશમાંજ રહો.[31]

ॐमित्युदस्तभववासनमेकमास्व न त्वं न चाहमपि नान्यदिहास्ति सत्यम्॥सर्वंच विद्यत इतीह किलांतरात्मं ज्ञास्तिष्ठ चिद्गगनकोशकलैकनिष्ठः॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'મહામૌનયત્નોપદેશ' એ નામનો અડસઠમો સર્ગ સંપૂર્ણ. ૬૮

સર્ગ ૬૯ મો.*

પ્રાણ અને મનનો સંયોગ ઇત્યાદિ

॥ श्रीराम उवाच ॥

कुतः शतत्वमायातं रुद्राणां मुनिनायक ॥
ये गणास्ते तु ये रुद्रा उत नेति वदाशु मे ॥१॥

રામચંદ્રજી પૂછે છેઃ—હે મહામુનિ ! આપે સો રૂદ્રો કહ્યા તે ગણોની સાથે લેખીને કહ્યા કે ગણો વગરના રૂદ્રોને લેખીને કહ્યા. 'આપે જે ગણો કહ્યા તેજ રૂદ્રો કે તેઓથી જુદા રૂદ્રો' એ મને તુરતજ સમજાવો.[1]

વસિષ્ઠ ઋષિ કહે છેઃ—સંન્યાસીએ જીવટ આદિ સો શરીરોવાળાં જે સો સ્વપ્નો દીઠાં તેઓજ રૂદ્રપણાને પ્રાપ્ત થયાં એમ તમે પ્રકરણનેલીધે સમજ્યા હશોજ તેથી મેં સ્પષ્ટ રીતે સો રૂદ્રોનાં નામો આપ્યાં નથી.[2] સંન્યાસીને સ્વપ્નમાં જીવટ આદિ જે સો આકારો જોવામાં આવ્યા તેઓજ સો ગણો લેખવામાં આવ્યા. એ સઘળા ગણો રૂદ્રના અંશરૂપ હોવાથી અને રૂદ્રના જેવાંજ ઐશ્વર્યોવાળા હોવાથી સો રૂદ્રો લેખવામાં આવ્યા. જોકે એ રીતે એ સઘળા રૂદ્રોજ હતા તોપણ ઈશ્વરકોટિમાં રહેલા પૂર્વસિદ્ધ રૂદ્રની સેવા કરવાના કામમાં તેઓ ગણજ હતા. એઓને કર્મોનાં ફલોરૂપ ભોગોની અને ઐશ્વર્યોની પ્રાપ્તિ મુખ્ય રૂદ્રનેજ આધીન હતી.[3]

રામચંદ્રજી પૂછે છેઃ—હે મહારાજ ! સંન્યાસીના સ્વપ્ને બનાવેલા પહેલા રૂદ્રે જેમ એક દીવામાંથી સો દીવા બનાવવામાં આવે છે તેમ પોતાના એકજ ચિત્તમાંથી સો ચિત્ત બનાવ્યાં એ વાત કેમ સંભવે ?[4]

વસિષ્ઠ ઋષિ કહે છેઃ—જ્ઞાનરૂપ ઐશ્વર્યથી આવરણ વગરના અને યોગૈશ્વર્યથી સત્યસંકલ્પપણાને પામેલા પુરુષો પોતાના સર્વજ્ઞપણાના અને સર્વશક્તિમાનપણાના બળથી જે વસ્તુને જે રીતે કલ્પે તે વસ્તુને તે રીતે અનુભવે છે.[5] સર્વાત્મકપણાનેલીધે અને સર્વવ્યાપકપણાનેલીધે એ લોકો જ્યાં જે વસ્તુની જે રીતની ભાવના કરે ત્યાં તે વસ્તુનો તે રીતનોજ અનુભવ કરે છે.[6]

રામચંદ્રજી પૂછે છેઃ—રૂદ્ર જ્યારે એ રીતે સઘળી શક્તિઓથી સંપન્ન છે ત્યારે પોતાને-

* આ ઓગણોતેરમા સર્ગમાં ગણોનું રૂદ્રપણું, મુક્તલોકોની પોતાની ઇચ્છા પ્રમાણે સ્થિતિ, અને યોગથી પ્રાણનો લય એટલા વિષયો કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાસ્તે શુભ સ્થિતિઓની અને શુભ આચરણોની કલ્પના નહિ કરતાં માણસોની ખોપરીઓની માળાઓનાં આભરણો શામાટે ધરે છે, ભસ્મનું ઉદ્ધૂલન શામાટે કરે છે, નગ્ન શામાટે રહે છે, સ્મશાનમાં શામાટે વસે છે અને સ્ત્રીનો પ્રસંગ શામાટે રાખે છે ?[૭]

વસિષ્ઠ ઋષિ કહે છેઃ-મહાસમર્થ અને સિદ્ધ જીવન્મુક્ત લોકોને, શાસ્ત્રોમાં કહેલીજ, મંગલરૂપજ અને સુખ આપનારીજ ક્રિયાઓ કરવાનો નિયમ નથી. કેમકે તેઓ વિધિનિષેધના કિંકર નથી, સઘળી માંગલિક ક્રિયાઓને પણ તત્ત્વદૃષ્ટિથી અમંગલરૂપ માને છે, અને અશુભ પ્રારબ્ધવાળા નહિ હોવાનેલીધે દુઃખની સામગ્રીથી પણ દુઃખ નહિ પામતાં સર્વને સુખરૂપજ ગણે છે. આમ છે એટલામાટે જેમ અજ્ઞાનીઓને ક્રિયાઓનો નિયમ છે તેમ જીવન્મુક્ત લોકોને નથી.[૮] અજ્ઞાની પુરુષ તો રાગ, દ્વેષ તથા લોભ આદિ હજારો દોષોથી ખંડિત ચિત્તવાળો હોવાનેલીધે જો ક્રિયાઓના નિયમવિના ચાલે તો જાળમાં પકડાએલાં માછલાંની પેઠે જન્મ, મરણ તથા નરકપાતઆદિ પરમ દુઃખને પામે છે.[૯] જીવન્મુક્ત લોકો તો જિતેંદ્રિયપણાનેલીધે, જ્ઞાનીપણાનેલીધે તથા વાસનાઓથી રહિતપણાનેલીધે સારી વસ્તુઓમાં રાગ ધરતા નથી અને નરસી વસ્તુઓમાં દ્વેષ ધરતા નથી.[૧૦] એ લોકો સર્વદા કાકલતાલીયની પેઠે આવી પડેલી ક્રિયાઓને કર્યા કરે છે તો પણ કશું કરતા નથી. કેમકે એ લોકોને કોઈમાં આસક્તિ હોતીજ નથી.[૧૧] વિષ્ણુ પણ એમ કાકતાલીયની રીતેજ અવતાર ધરવા આદિ કર્મો કરે છે. શિવ પણ એ રીતેજ કર્મો કરે છે અને બ્રહ્મા પણ એ રીતેજ કર્મો કરે છે.[૧૨] એ જીવન્મુક્ત લોકોને કોઇ કર્મ નિંદ્ય પણ નથી, કોઇ કર્મ અનિંદ્ય પણ નથી, કોઈ કર્મ ગ્રાહ્યપણ નથી, કોઇ કર્મ ત્યાજ્ય પણ નથી, કોઇ કર્મ યોગ્ય પણ નથી, કોઇ કર્મ અયોગ્ય પણ નથી, અને કોઇ કર્મ બંધન આપનાર પણ નથી.[૧૩] જેમ સૃષ્ટિના આરંભથીજ અગ્નિ વગેરેના ઉષ્ણતા આદિ ધર્મો સ્વાભાવિકરીતે અભિવ્યક્ત થએલા છે તેમ શિવ આદિનાં સ્મશાનચર્યા આદિ કર્મો અને મરીચિ આદિનાં સંધ્યાવંદન આદિ કર્મો સ્વાભાવિક રીતેજ અભિવ્યક્ત થએલાં છે.[૧૪] અજ્ઞાની લોકોની ક્રિયાઓ એમ સ્વાભાવિક રીતે સૃષ્ટિના આરંભમાં અભિવ્યક્ત થયેલ નથી પણ સૃષ્ટિની જમાવટ થયા પછી તે તે વર્ણાશ્રમ આદિ વિભાગોના સંકેતથી જુદી જુદી કલ્પાએલી છે અને તે ક્રિયાઓ અજ્ઞાની લોકોને આ લોકમાં તથા પરલોકમાં સુખ-દુઃખરૂપી ફલો પણ આપે છે.[૧૫] હે રામચંદ્રજી ! કાષ્ઠતપસ્વી અને જીવન્મુક્ત કે જેઓ દેહવાળા હોય છે તેઓના મૌનોવિષે મેં તમારી પાસે વિસ્તારથી કહ્યું છે પણ વિદેહમુક્તિવિષે તમારી પાસે કહ્યું નથી માટે હવે તે સાંભળો.[૧૬] ચૈતન્યાત્મક આત્માકાશ કે જે આકાશ કરતાં પણ અત્યંત સ્વચ્છ છે તેપણાની પ્રાપ્તિ થવી એ પરમપુરુષાર્થ છે. એ પ્રાપ્ત થવાના ઉપાયો કહું છું તે સાંભળો.[૧૭] પરમ પુરુષાર્થની પ્રાપ્તિના સાંખ્ય અને યોગ એ બે જુદા જુદા ઉપાય છે. જેઓ વિવેકથી તથા વિચારથી પ્રાપ્ત થએલા રાજયોગથી બ્રહ્મતત્ત્વને સંપૂર્ણરીતે જાણી તેનુંજ અભેદથી નિરંતર અનુસંધાન કરે છે તેઓ સાંખ્યયોગી કહેવાય છે.[૧૮] જેઓ હઠયોગથી પ્રાણ આદિ પવનોને શાંત કરી નિર્દોષ અને આદિથી તથા અંતથી રહિત પરમ પદને પામ્યા છે તેઓ યોગયોગી કહેવાય છે.[૧૯] સાંખ્યયોગી અને યોગયોગી એઓને ફલીભૂત થએલા તત્ત્વસાક્ષાત્કારથી પામવાનું પદ તો એકજ છે કે જે પદ શાંત છે અને અકૃત્રિમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. કેટલાએક મહાત્માઓ સાંખ્યથી એ પદને પામીને જીવન્મુક્ત થયા છે અને કેટલાએક મહાત્માઓ યોગથી એ પદને પામીને જીવન્મુક્ત થએલા છે.[20] જે પુરુષ સાંખ્યનું અને યોગનું પ્રાપ્તવ્ય ફળ એકજ છે એમ જાણે તેને વિચક્ષણ સમજવો. જે પદને સાંખ્યયોગીઓ પામે છે તેજ પદને યોગયોગીઓ પામે છે.[21] જે સ્થિતિમાં પ્રાણની કે મનની વૃત્તિનો પત્તોજ મળતો નથી અને વાસનારૂપી જાલ નષ્ટજ થઇ જાય છે તે સ્થિતિને પરમ પદ સમજો.[22] વાસનાઓનો જે પુંજ છે તેજ ચિત્ત છે એમ વિદ્વાનો કહે છે અને એ ચિત્તજ સંસારનું કારણ છે. એ ચિત્ત સાંખ્યથી અથવા યોગથી લય પામીને ઇંદ્રિયોના તથા પ્રાણ વગેરેના વ્યાપારરૂપ સંસારનું કારણ રહેતું નથી.[23] જેમ બાલક વેતાલને દેખે છે તેમ ચિત્ત દેહને દેખે છે. એ ચિત્ત પોતેજ પોતાનો લય કરી નાખે તો પછી દેહને દેખતું નથી.[24] દેહમાં અહંતાનું દર્શન થયા પછીજ સઘળો સંસાર થાય છે અને તે અહંતાના દર્શનનું મૂલ મન છે માટે મનની શાંતિ થાય તો સઘળા સંસારની શાંતિ થઇ જાય છે. આત્મતત્ત્વના અદર્શનનેલીધેજ મિથ્યા મન ઉદય પામેલું છે અને જેમ સ્વપ્નમાં પોતાનું મરણ દેખવામાં આવતું છતાં પણ ખોટુંજ છે તેમ મન દેખવામાં આવતું છતાં પણ ખોટુંજ છે. મન મુદ્દલ છેજ નહિ.[25] જે પોતે મુદ્દલ છેજ નહિ એવા મનથી સંસાર ઉત્પન્ન થયો છે, માટે અહંતા ક્યાં છે, મમતા ક્યાં છે, સંસાર ક્યાં છે, શિષ્ય ક્યાં છે, ઉપદેશ ક્યાં છે, ગુરુ ક્યાં છે, બંધ ક્યાં છે અને મોક્ષ પણ ક્યાં છે ? કશું નથી.[26] એક આત્મતત્ત્વનુંજ શ્રવણ-મનનાદિકથી અનુસંધાન, પ્રાણોનો લય અને મનનો નિગ્રહ, એ ત્રણ મોક્ષના જુદા જુદા ઉપાયો છે.[27]

રામચંદ્રજી પૂછે છેઃ—હે મહારાજ ! જો પ્રાણનો લય પણ મોક્ષનું કારણ હોય તો હું ધારું છું કે સઘળા જીવો મરણ પામે કે તુરતજ મુક્તજ થાય છે.[28]

વસિષ્ઠ કહે છેઃ—એ ત્રણે ઉપાયો મનના નાશદ્વારાજ મોક્ષના કારણરૂપ થાય છે. ત્રણે ઉપાયોમાં મનનું પ્રશમનજ મુખ્ય સાધ્ય છે એમ સમજો.[29] મરણમાં મનનો કે પ્રાણનો નાશ થતો નથી પણ મન અને પ્રાણ એક દેહને છોડીને બીજા દેહમાં જાય છે. જો મનનો નાશ થાય તો મોક્ષને પ્રાપ્ત થએલોજ સમજો. મરણમાં શરીર જ્યારે શબ્દાદિકથી રહિત થાય છે ત્યારે પ્રાણ શરીરને છોડી દઇ ભવિષ્ય દેહની વાસનાને લઇ બહારના આકાશમાં ભવિષ્યદેહના આરંભને અનુકૂલ થએલી પંચભૂતોની તન્માત્રાઓની સાથે સમાગમ પામે છે. તે તે જીવોની વાસનાઓરૂપ એ તન્માત્રાઓ પણ તેવીજ વાસનાઓથી ભરેલાં મનથી સંયુક્ત પ્રાણોની સાથે સંશ્લેષ પામે છે પણ બીજા પ્રાણોની સાથે સંશ્લેષ પામતી નથી.[30,31] વાસનાવાળાજ પ્રાણો બીજા દેહમાં ઉત્પન્ન થાય છે અને પૂર્વ દેહને છોડી દે છે. એ પ્રાણો તે બીજા દેહના હૃદયાકાશની સાથે અને તેની અંદર રહેલા વાયુઓની સાથે સંશ્લેષ પામે છે. જેમ ડોલરનાં પુષ્પોનો ગંધ તિલમાં પેસતાં તેઓની અંદર રહેલા તેલની સાથે સંશ્લેષ પામે છે; તે ઘાણીમાં પીલાવા આદિ દુઃખનેવાસ્તે પામે છે. તેમ પ્રાણો બીજા દેહમાં પેસતાં તેની અંદર રહેલા આકાશની અને વાયુઓની સાથે સંશ્લેષ પામે છે તે સંસારસંબંધી દુઃખોનેવાસ્તેજ પામે છે.[32] જેમ સમુદ્રમાં ડૂબેલો પાણીથી ભરેલો ઘડો બહારના લોકોના દેખવામાં નહિ આવતાં છતાં પણ નષ્ટ થતો નથી તેમ વાસનાવાળું મન મરણ સમયે નહિ દેખાતાં છતાં પણ નષ્ટ થતું નથી. જેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિરણો સૂર્યવગરનાં હોતાં નથી તેમ પ્રાણ મનવગરનો હોતો નથી.[33] જેમ તેતર એક ખડને પકડ્યાવિના બીજા ખડને છોડતો નથી તેમ મન, જ્ઞાનને પકડ્યાવિના કદીપણ પ્રાણને છોડતું નથી.[34] જ્યાં મન હોય ત્યાં પ્રાણ હોયજ છે. જ્યારે મન જ્ઞાનના પ્રભાવનેલીધે વાસનાઓ વગરનું થઇને નષ્ટ થાય છે ત્યારે પ્રાણ ચલનવગરનો થઇ જાય છે. જ્યારે આમ થાય ત્યારે શાંતિજ અવશેષ રહે છે.[35] જ્ઞાનથી વાસનાઓનો ક્ષય થતાં મનનો અને પ્રાણનો બન્નેનો નાશ થાય છે. જ્ઞાનથી સર્વ પદાર્થોનું અત્યંત મિથ્યાપણું ઉદય પામે છે; અને તે મિથ્યાપણાના ઉદયથી વાસનાઓનો નાશ થતાં પ્રાણ અને મન જુદાં પડે છે.[36] શાંત થએલું મન પ્રાણથી જુદું પડે ત્યારે પોતાના નાશથી પરમપદને પ્રાપ્ત થઇ ફરીવાર દેહપણાને દેખતું નથી. જે વાસના છે તેજ મન કહેવાય છે.[37] જે ચિત્ત છે તેજ વાસનામાત્રજ છે માટે વાસનાનો અભાવ થતાં પરમપદરૂપ થઈ જાય છે. જ્ઞાન વાસનાસહિત સર્વનો બાધ કરીને આત્મતત્ત્વજ થઇ જાય છે અને જે આત્મતત્ત્વ છે તે અવિચલ જ્ઞાનરૂપેજ અવશેષ રહે છે એમ વિદ્વાનો કહે છે.[38] હે રામચંદ્રજી ! આ સંસાર કે જે રજ્જુમાં થએલા સર્પના ભ્રમ જેવો છે તેનો એ રીતે વિવેકમાત્રથી પોતાની મેળેજ છેડો આવી જાય છે.[39] એક આત્મતત્ત્વનોજ શ્રવણાદિકથી અભ્યાસ, પ્રાણનો રોધ અને મનનો નાશ એઓમાંથી એક સિદ્ધ થતાં બીજાં બે પોતાની મેળેજ સિદ્ધ થઇ જાય છે.[40] જેમ પંખાનું ચલન શાંત થતાં પવન શાંત થઇ જાય છે તેમ પ્રાણરૂપવાયુનું ચલન શાંત થતાં મન શાંત થઈ જાય છે.[41] પ્રાણ શરીરનો લય થતાં બહારના આકાશમાં રહેલા વાયુની સાથે મળીને વાયુપણાને પ્રાપ્ત થાય છે અને ત્યાં પોતામાં જે દેહની વાસના હોય તે દેહને લગતા વ્યવહારનોજ અનુભવ કરે છે.[42] એક દેહથી છુટો પડેલો મનસહિત પ્રાણ બહારના આકાશમાં જેવા દેહને દેખે છે તેવાજ સઘળા વ્યવહારનો અનુભવ કરે છે.[43] જેમ વાયુનું ચલન શાંત થતાં ગંધ શાંત થઇ જાય છે તેમ મનનું ચલન શાંત થતાં પ્રાણવાયુ શાંત થઇ જાય છે.[44] પ્રાણિઓના પ્રાણ અને ચિત્ત સર્વદા પરસ્પરવિના નજ રહે એવાં છે. જેમ તેલમાં આવેલો પુષ્પોનો સુગંધ અને તેલ એઓ મિશ્રજ છે તેમ પ્રાણ અને ચિત્ત એઓ મિશ્રજ છે.[45] જેમ રથ સારથિને ગતિ આપે છે, અને સારથિ રથને ગતિ આપે છે, તેમ પ્રાણ મનને સર્વદા ચલન આપે છે અને મન પ્રાણને સર્વદા ચલન આપે છે.[46] જેમ અગ્નિનો અભાવ થતાં ઉષ્ણતા નષ્ટ થઇ જાય છે અને ઉષ્ણતાનો અભાવ થતાં અગ્નિ નષ્ટ થઇ જાય છે તેમ પ્રાણનો અભાવ થતાં મન નષ્ટ થઇ જાય છે અને મનનો અભાવ થતાં પ્રાણ નષ્ટ થઇ જાય છે. મન અને પ્રાણ એઓ પોતે નષ્ટ થઇને મોક્ષ નામનું ઉત્તમ કાર્ય કરી આપે છે.[47] એક આત્મતત્ત્વનાજ ઘાટા અભ્યાસથી દ્વૈતવાસનાનો બાધ થતાં મન અત્યંત શાંત થઇ જાય છે અને મન શાંત થતાં પ્રાણનો સ્વભાવ મનમાંજ એકીભૂત હોવાનેલીધે પ્રાણ પણ શાંત થઇ જાય છે.[48] હે રામચંદ્રજી ! તમે અપરિચ્છિન્ન આત્મતત્ત્વનો વિચાર કરીને મનને આત્મતત્ત્વમય કરી નાખો. મનનો આત્મતત્ત્વમાં લય થાય ત્યારે આત્મતત્ત્વજ સ્થિર થાય છે.[49] જ્ઞાન અને અજ્ઞાન એઓમાં તમને જે અત્યંત સુખદાયી જણાય તેનો આશ્રય કરો અથવા અજ્ઞાન અને તેનો બાધ કરનારી બ્રહ્માકારવૃત્તિ એ બન્ને નિવૃત્ત થતાં જે ચિન્માત્ર અવશેષ રહે છે તેમાં પ્રાણની ધારણા કરીને સ્થિર થાઓ.[50] અત્યંત દૃઢ એક તત્ત્વમાં તદાકારવૃત્તિની ધારાને ત્યાંસુધી ચલાવ્યા કરવી કે જ્યાંસુધી એ વૃત્તિની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધારા છેલ્લા સાક્ષાત્કારથી બળી જઈને અત્યંત અભાવપણાને પ્રાપ્ત થાય.[૫૧] જેમ દેહ આહારના ક્ષયથી પોતાની મેળેજ ક્ષય પામે છે તેમ પ્રત્યાહાર કરનારાઓનું ચિત્ત પ્રાણની સાથે પોતાનીમેળેજ ક્ષય પામે છે અને પરબ્રહ્મરૂપેજ અવશેષ રહે છે.[૫૨] જેમાંથી સઘળા વિશેષો શાંત થઇ ગયા હોય એવું ચિત્ત જેમાં એકાગ્ર થાય તે રૂપજ ક્ષણમાત્રમાં થઇ જાય છે.લાંબા કાલસુધી કરવામાં આવેલા અભ્યાસનો સ્વભાવજ એવો છે.[૫૩] 'અવિદ્યાત્મક દ્વૈત મુદ્દલ છેજ નહિ અને તત્ત્વજ્ઞાનથીજ પરમપદની પ્રાપ્તિ થાય છે' એમ યુક્તિપૂર્વક સમજીને પછી ધ્યાન આદિથી જ્ઞાનનોજ અભ્યાસ કરવો.[૫૪] જેમ મેઘ ક્ષય પામતાં મેઘથી થએલી ઝાકળ ક્ષય પામે છે તેમ ચિત્ત શાંત થતાં ચિત્તથી થએલી આ સંસારરૂપી મૃગતૃષ્ણા શાંત થાય છે.[૫૫] જે ચિત્ત છે તેજ અવિદ્યા છે એટલામાટે બ્રહ્માકારે પરિણામ પામેલા ચિત્તથીજ ચિત્તનો ક્ષય કરો. હે રામચંદ્રજી ! ચિત્તના ક્ષયનું રૂપ શૂન્યતા નથી પણ ચિત્તના અધિષ્ઠાનભૂત આત્માજ ચિત્તના ક્ષયનું રૂપ છે. કેમકે અભાવને પરમ પુરુષાર્થ કહેવાયજ નહિ.[૫૬] જો ચિત્ત જરાવાર પણ પરમપદમાં વિશ્રાંત થાય તો ચિત્તને તેમાંજ પરમ પરમાનંદ પામીને પરમપદરૂપેજ પરિણામ પામેલું સમજો. ચિત્તને જો નિરતિશય સ્વપ્રકાશ આનંદનો સ્વાદ મળ્યો તો પછી વ્યુત્થાનની ઈચ્છા કરશેજ નહિ.[૫૭] જો ચિત્ત સાંખ્યથી અથવા યોગથી પરમપદમાં વિશ્રાંત થઇ સત્વપણાને પામે તો ફરીવાર સંસારમાં જન્મ થતોજ નથી.[૫૮] જેમાંથી સઘળી અવિદ્યા નષ્ટ થઈ ગઇ હોય એવું ચિત્ત 'સત્વ' એ શબ્દથી કહેવાય છે. જેમાંથી સંસારના બીજરૂપ અવિદ્યા બળી ગઇ હોય એવું ચિત્ત ફરીવાર બ્રહ્મભાવના વિચ્છેદને આપતુંજ નથી.[૫૯] વાસનાઓથી રહિત થએલો, અવિદ્યાથી રહિત થએલો અને સત્વમાં રહેલો કોઇ વિરલ પુરુષજ પરમજ્યોતિને દેખે છે અને તુરત શાંત થાય છે, કે જે પરમજ્યોતિ અજ્ઞાનીઓની દૃષ્ટિથી શૂન્ય જેવું છે.[૬૦] હે રામચંદ્રજી ! જાગ્રત, સ્વપ્ન તથા સુષુપ્તિરૂપ ભ્રાંતિ-બીજોથી રહિત થએલું અને પોતે પણ અવિદ્યાના ક્ષયનેલીધે બાધિત થઇ બળી ગએલા વસ્ત્રની પેઠે માત્ર પ્રતિભાસરૂપે અવશેષ રહેલું મન 'સત્વ' કહેવાય છે. જેમ સ્પર્શ (પારસ) મણિના સંગથી સુવર્ણપણાને પામેલું ત્રાંબું પાછું ત્રાંબાપણાને પ્રાપ્ત થતું નથી તેમ વાસનારૂપ બીજશક્તિના દાહથી પરબ્રહ્મપણાને પામેલું ચિત્ત પાછું રાગ-દ્વેષાદિક કલ્પનાઓથી મલિનતાવાળા સંસારીપણાને પ્રાપ્ત થતું નથી.[૬૧]

विगलितात्मपदं विगलन्मनः सुभगसत्वमितीह हि कथ्यते ॥ न पुनरेति कलामलिनं पदं कनकतामिव ताम्रमुपागतम् ॥ ६१ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'પ્રાણમનઃસંયોગવિચારણ' એ નામનો ઓગણોતેરમો સર્ગ સંપૂર્ણ. ૬૯

સર્ગ ૭૦ મો.*

એક રાજા પ્રત્યે વેતાલના છ પ્રશ્નો

॥ श्रीवसिष्ठ उवाच ॥

जीवोऽजीवो भवत्याशु यातिचित्तमचित्तताम्॥ विचारादिल्यविद्यांतो मोक्ष इत्यभिधीयते॥१॥

વસિષ્ઠ કહે છેઃ—હે રામચંદ્રજી ! વિચાર કરવાથી જીવ અજીવ થઇ જાય છે અને ચિત્ત અચિત્ત થઇ જાય છે એટલે એવી રીતે અવિદ્યાનો જે અંત થાય તે મોક્ષ કહેવાય છે.[૧] જેમ ઝાંઝવાનું પાણી દેખાય છે તેમ મન તથા અહંકાર આદિ દેખાય છે. મન તથા અહંકાર આદિ મિથ્યાજ

---

* આ સીત્તેરમા સર્ગમાં ચિદાત્માની શુદ્ધિને વાસ્તે વેતાલના અને એક રાજાના સંવાદની કથા કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે અને માત્ર થોડીવારજ એવું દેખાય છે માટે તે વિચારથી લય પામે છે.[૨] આ સંસારરૂપ સ્વપ્નની વિશ્રાંતિના વિષયમાં એક વેતાલે કરેલા શુભ પ્રશ્નો પ્રસંગનેલીધે મારા સ્મરણમાં આવ્યા છે તે હું તમારી પાસે કહું છું, સાંભળો.[૩] વિંધ્યાચલના મોટા જંગલમાં મોટા દેહવાળો એક વેતાલ રહેતો હતો. એ વેતાલ અજ્ઞાની લોકોને તુચ્છ ગણી મારી નાખવાની ઇચ્છાથી કોઇ દેશમાં આવ્યો.[૪] એ વેતાલ પ્રથમ કોઇ સારા રાજાના દેશમાં રહેતો હતો અને ત્યાં તે રાજાએ આપેલા દેહાંત શિક્ષાવાળા લોકોના બલિદાનથી તૃપ્ત રહીને નિર્વિક્ષેપ સમાધિનું સુખ લેતો હતો.[૫] કોઈ માણસ પોતાના મ્હોડા આગળ આવેલો હોય તોપણ તે નિરપરાધ હોય તો એ વેતાલ ભૂખ્યો છતાં પણ કારણ વગર તેને મારતો નહોતો. કેમકે સત્પુરુષો ન્યાય ઉપરજ ધ્યાન રાખે છે.[૬] કાલે કરી એ દેશમાં દેહાંતશિક્ષાવાળા લોકો નહિ મળતાં ભૂખ્યો થએલો એ વેતાલ ન્યાયની યુક્તિથી માણસોને ખાવામાટે વિંધ્યાટવીમાંથી બીજા રાજાના નગરમાં આવ્યો.[૭] એ નગરમાં રાત્રે નગરના લોકોની ગુપ્ત હીલચાલ જોવાનેવાસ્તે નીકળેલો તે નગરનો રાજા નજરે પડતાં પેલા ઉગ્ર વેતાલે મેઘની ગર્જના જેવા ઘોર શબ્દથી તે રાજાને નીચેપ્રમાણે કહ્યું.[૮]

વેતાલ કહે છેઃ—હે રાજા ! હું કે જે ભયંકર વેતાલ છું તેને તું હમણાં મળ્યો છે. તું ક્યાં જાય છે ? આજ તું મારા ભોજનરૂપ થા. હવે તું મુવોજ છે.[૯]

રાજા કહે છેઃ—હે રાક્ષસ ! તું અન્યાય કરીને બલાત્કારથી મને ખાઇ જશે તો તારૂં માથું હજાર ટુકડા થઇને ફાટી પડશે એમાં કશો સંશય નથી.[૧૦]

વેતાલ કહે છેઃ—હું તને અન્યાયથી નહિ ખાઉં. એક ન્યાયની વાત તને કહું છું તે સાંભળ. તું રાજા છે તેથી તારે અર્થી લોકોની સઘળી આશાઓ પૂરવીજ જોઇએ; તો એક સંભાવિત વિષયવાળી માગણીને પૂર્ણ કર. હું જે જે પ્રશ્નો કરૂં તેઓના યથાર્થ ઉત્તરો તારે આપવા.[૧૧,૧૨] કયા સૂર્યનાં કિરણોમાં બ્રહ્માંડો ઝીણા ત્રસરેણુઓરૂપ છે ? કયા પવનમાં મોટાં મોટાં આકાશોની રજો સ્ફુરે છે ?[૧૩] સેંકડો વાર અને હજારો વાર સ્વપ્નોમાંથી સ્વપ્નાંતરોમાં જતો કયો પુરુષ ઉત્તરોત્તર સ્વપ્નમાં પૂર્વાપૂર્વની સત્યતાને છોડતાં પણ તેઓને પ્રકાશ આપનારા સ્વચ્છ રૂપને છોડતો નથી ?[૧૪] જેમ કેળના થાંભલામાં અંદર, તેની અંદર અને તેની અંદર પણ જોતાં વારંવાર છોતરૂંજ ઉપલબ્ધ થાય છે તેમ જગતની અંદર, તેની અંદર અને તેની અંદર પણ જોતાં વારંવાર એજ ઉપલબ્ધ થાય એવો અણુ (સૂક્ષ્મ) પદાર્થ કયો છે ?[૧૫] પોતાના સૂક્ષ્મપણાને નહિ છોડતા કયા અણુની આગળ બ્રહ્માંડ, આકાશ, પ્રાણિઓનો સમૂહ, સૂર્યમંડલ અને મેરૂ એઓ અત્યંત અણુ છે ?[૧૬] પરમ અણુપણું ધરાવનારા અને નિરવયવ છતાં પણ સર્વત્ર વ્યાપ્ત રહેનારા કયા પદાર્થના શિલાના ગર્ભ જેવા ઘાટા ગર્ભમાં આ ત્રૈલોક્ય ઘાટી મજ્જારૂપ છે ?[૧૭] હે દેહાદિકને આત્મા માનનારા અને તેથી અપરિચ્છિન્ન આત્માને પરિચ્છેદ આપીને તેનો ઘાત કરનારા રાજા ! જો તું આ મારા છ પ્રશ્નોના યથાર્થ ઉત્તરો નહિ આપે તો તને અહીંજ ફ્લની પેઠે ગળી જઇને પછી જેમ કાલ બલાત્કારથી પહોંચીને જગતને ગળી જાય છે તેમ હું બલાત્કારથી પહોંચીને તારા દેશની પ્રજાને પણ ગળી જઈશ.[૧૮]

इति कथयसि चेन्न मे दुरात्मंस्तदिह निगीर्य भवंतमात्मघातिन् ॥ फलमिव तव मंडलं

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ग्रसेहं प्रसभमुपेत्य जगद्यथा कृतांतः ॥१८॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'વેતાલપ્રશ્ન' એ નામનો સીત્તેરમો સર્ગ સંપૂર્ણ. ૭૦

સર્ગ ૭૧ મો.*

વેતાલના પ્રથમ પ્રશ્નનો ઉત્તર

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

इत्युक्तवति वेताले वक्तुं प्रश्नान् विहस्य सः॥
उवाच वचनं राजा दंतांशुधवलांबरः॥ १ ॥

વસિષ્ઠ કહે છેઃ–હે રામચંદ્રજી ! એપ્રમાણે વેતાલનાં વચન સાંભળી પ્રશ્નોના ઉત્તરો દેવાનેવાસ્તે હસીને દાંતનાં કિરણોથી પોતાનાં વસ્ત્રોને ધોળાં કરી દેતો તે રાજા નીચેપ્રમાણે બોલ્યો.[1]

રાજા કહે છેઃ–અજ્ઞાનના સમયમાંજ રહેનારૂં, અજ્ઞાનની સ્થિતિપર્યંત જીર્ણ નહિ થનારૂં અને ઉત્તરોત્તર દશ દશ ગણી છાલોથી વીંટાએલું એક મોટું ફલ (પૃથ્વી આદિ આવરણોથી વીંટાએલું બ્રહ્માંડ) છે.[2] જેમાં એવાં એવાં હજારો ફલો રહેલાં છે એવી, અત્યંત ઉંચી અને ચપલ પલ્લવો (ભુવનો) વાળી એક મોટી શાખા (પંચીકૃત મહાભૂત) છે.[3] જેમાં એવી એવી હજારો શાખાઓ છે એવું અને નજરે પડે નહિ એવું વિસ્તીર્ણ આકારવાળું એક મોટું વૃક્ષ (ગંધતન્માત્રા) છે.[4] જેમાં એવાં એવાં હજારો વૃક્ષો છે એવું અને અનંત વૃક્ષોના ગુલ્મોવાળું એક અત્યંત મોટું વન (રસતન્માત્રા) છે.[5] જેમાં એવાં એવાં હજારો વનો છે એવો અને સર્વત્ર ભૂરા આકારવાળો એક મોટો પર્વત (રૂપતન્માત્રા) છે.[6] જેમાં એવા એવા હજારો પર્વતો છે એવો અને મોટી મોટી કોતરોવાળો એક અત્યંત વિસ્તીર્ણ દેશ (સ્પર્શતન્માત્રા) છે.[7] જેમાં એવા એવા હજારો દેશો છે એવો અને મોટા મોટા નદો અને નદીઓવાળો એક મોટો દ્વીપ (શબ્દતન્માત્રા) છે.[8] જેમાં એવા એવા હજારો દ્વીપો છે એવું અને વિચિત્ર રચનાઓવાળું એક મોટું પૃથ્વીનું પીઠ (હિરણ્યગર્ભ) છે.[9] જેમાં એવાં એવાં હજારો પીઠો છે એવું અને મોટા આડંબરવાળું એક અતિ વિસ્તીર્ણ ભુવન (ભૂત તથા ભવિષ્ય અનંત હિરણ્યગર્ભોવાળી તન્માત્રાઓનો સમૂહ) છે.[10] જેમાં એવાં એવાં હજારો ભુવનો છે એવું આકાશના પીઠના જેવું પ્રચંડ એક મોટું અંડ (કલ્પોના કાલોનો સમૂહ) છે.[11] જેમાં એવાં એવાં અંડોરૂપી હજારો કરંડીયાઓ છે એવો એક ચલન વગરનો અને ઘણાં જલવાળો સમુદ્ર (મહાબ્રહ્મા) છે.[12] જેમાં એવા એવા લાખો સમુદ્રો ઝીણા તરંગ જેવા લાગે છે એવો એક પોતાના વિલાસોથી ભરપૂર મહાસાગર (મહાવિષ્ણુ) છે.[13] એવા એવા હજારો મહાસાગરો જેના ગર્ભમાં સમાઇ ગયા છે એવો એક અત્યંત ઊંચો અને ભરપૂર આકારવાળો કોઇ પુરુષ (મહારૂદ્ર) છે.[14] એવા એવા લાખો પુરુષો જેના હૃદયમાં સમાએલા છે એવો એક સઘળી સત્તાઓમાં પ્રધાન પરમપુરુષ (શબલબ્રહ્મ) છે.[15] એવા એવા હજારો મહાપુરુષો જેના મંડલમાં રૂંવાડાંઓના સમૂહોની પેઠે સ્ફુરે છે એવો એક મોટો સૂર્ય (પરમાત્મા) છે. આત્મદૃષ્ટિ વગરની બીજી દૃષ્ટિઓમાં જે કોઇ આ અસંખ્યાત કલ્પનાઓ છે તે સઘળી એ સૂર્યનાં કિરણો છે.[16,17] એ સૂર્યનાં કિરણોમાં બ્રહ્માંડો ત્રસરેણુઆરૂપ છે. એ મેં કહેલો ચૈતન્યરૂપી સૂર્ય આ સઘળા દ્વૈતનો પ્રકાશ કરે છે.[18] જ્ઞાનમાત્ર સ્વરૂપવાળો અને સર્વને સત્તા તથા સ્ફુરણ આપનારો એ જે પરમ સૂર્ય

* આ એકોતેરમા સર્ગમાં બ્રહ્માંડ વગેરેની ફલપણા તથા વૃક્ષપણા આદિ કલ્પનાઓથી વિસ્તારપૂર્વક વેતાલના પહેલા પ્રશ્નનું સમાધાન કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે તેનાં કિરણોમાં આ સઘળા બ્રહ્માંડોના આડંબરો ત્રસરેણુઓરૂપ છે.[19] જેમ સૂર્યની પ્રભાથી આ દિવસોની લક્ષ્મીઓ થાય છે તથા પ્રકાશે છે તેમ એ જ્ઞાનમાત્ર પરમ સૂર્યની સત્તાથી આ જગતની લક્ષ્મીઓ થાય છે તથા પ્રકાશે છે.[20] હે વેતાલ ! શબલ બ્રહ્મરૂપ ત્રૈલોક્ય પ્રકાશક સૂર્યના વાસ્તવિક તત્ત્વરૂપ, મુખ્ય અધિકારીઓમાં શાસ્ત્રજન્ય અખંડાકાર સાક્ષાત્કારથી પ્રકાશતા અને અનધિકારીઓમાં તેવા સાક્ષાત્કારથી નહિ પ્રકાશતા એ પ્રત્યગાત્મામાં જીવોની તથા જગતોની સત્તાના અને કર્તૃત્વ તથા ભોક્તૃત્વ આદિ અનેક સંભ્રમોના અનેક દેખાવો થયા કરે છે. એ સઘળા દેખાવો પરમાર્થદૃષ્ટિથી જોતાં જરા પણ નથી માટે તું પ્રશ્નો કરવાની તીનપાંચ કરવી છોડી દઇને ચૂપ બેસી રહે.[21]

विज्ञानमात्रकचितात्मनि जंतुजाते त्रैलोक्यमंडपमणेरविकासभाजि ॥ चिज्जन्मनो भवनसंभ्रमतावलेखाः संतीह रे न हि मनागपि शांतमास्स्व ॥ २१ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'વેતાલપ્રથમપ્રશ્નોત્તરવર્ણન' એ નામનો એકોતરમો સર્ગ સંપૂર્ણ. ૭૧

सर्ग ७२ मो.*

શેષ પાંચ પ્રશ્નનો ઉત્તર

॥ राजोवाच ॥

कालसत्ता नभःसत्ता स्पंदसत्ता च चिन्मयी ॥
शुद्धचेतनसत्ता च सर्वमित्यादि पावनम् ॥१॥

રાજા કહે છેઃ–હે વેતાલ ! જેમ પુષ્પમાં સુગંધ સ્ફુરે છે તેમ પરમાત્મારૂપી મોટા પવનમાં કાલની સત્તા, આકાશની સત્તા, સમષ્ટિ પ્રાણની સત્તા અને જીવની સત્તા આદિ સૂક્ષ્મ અને ચંચલ રજો સ્ફુર્યા કરે છે. કાલ, આકાશ, પ્રાણ તથા જીવ આદિ મોટાં આકાશો પોતાથી સત્તાવગરનાં છે અને પરમાત્માની સત્તાથી સત્તાવાળાં છે.[1,2] જગતરૂપી મોટા સ્વપ્નમાં અમુક યોનિઓરૂપ સ્વપ્નોમાંથી અમુક યોનિઓરૂપી સ્વપ્નાંતરોમાં જતો જીવરૂપ પુરુષ ઉત્તરોત્તર સ્વપ્નમાં પૂર્વપૂર્વ સ્વપ્નની સત્યતાને છોડતાં પણ બોધમાત્રથી શાંતપણાને વધારનારા પોતાના બ્રહ્મપણારૂપ સ્વચ્છ સ્વરૂપને છોડતો નથી.[3] જેમ કેળના થાંભલામાં અંદર, તેની અંદર અને તેની અંદર પણ જોતાં વારંવાર છોતરૂંજ ઉપલબ્ધ થાય છે તેમ બ્રહ્મના વિવર્તરૂપ આ જગતમાં અંદર, તેની અંદર અને તેની અંદર પણ જોતાં વારંવાર ઉપલબ્ધ થયા કરે એવો અણુ પદાર્થ બ્રહ્મ છે.[4] એજ પદાર્થ વિવર્ત્ત તથા જગતમાં વ્યાપન આદિ નિમિત્તો નેલીધે સત્, ब्रह्म તથા आत्मा ઇત્યાદિ શબ્દોથી કહેવાય છે પણ વાસ્તવિક રીતે જોતાં સઘળા ધર્મોથી શૂન્ય છે અને વચનથી કહી શકાય નહિ એવો છે કે જેથી કિંચિત્ પણ તે છે અને નકિંચિત્ પણ તે છે.[5] વસ્ત્રની સત્તા તંતુની સત્તામાં, તંતુની સત્તા કપાસની સત્તામાં, કપાસની સત્તા કપાસના ફૂલની સત્તામાં, ફૂલની સત્તા ગુલ્મની સત્તામાં, ગુલ્મની સત્તા બીજની સત્તામાં અને બીજની સત્તા માટી તથા જળ વગેરેની સત્તામાં ઈત્યાદિ ક્રમથી જે જે સત્તા ધારવામાં આવે છે તે તે સત્તા તે તે અનુભવોએ બનાવેલા આકારોને છોડીને જેમ કેળનો સ્તંભ છોતરામાં પર્યવસાન પામે છે તેમ ચિન્માત્રમાં પર્યવસાન (સમાપ્તિ) પામે છે માટે એ નિર્મલ ચિન્માત્રજ જગતરૂપે વિસ્તૃત થએલ છે.[6] સૂક્ષ્મ હોવાથી અને મનવચન આદિથી અલભ્ય હોવાથી પરમાત્મા પરમ અણુ કહેવાય છે. પોતાના પરમ અણુપણાને (અતિસૂક્ષ્મપણાને) નહિ છોડતા એ પરમાત્માની આગળ બ્રહ્માંડ, આકાશ, પ્રાણીઓનો સમૂહ, સૂર્યમંડલ અને મેરૂ એ પણ અત્યંત અણુ છે. કેમકે અનંત-

* આ બોતેરમા સર્ગમાં રાજા વેતાલને અવશેષ રહેલા પાંચે પ્રશ્નોના ઉત્તર આપશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણાનેલીધે એ પરમાત્માજ પોતે બ્રહ્માંડ તથા આકાશ આદિનું મૂળ કારણ છે. આ જગત આદિ કે જે પરિચ્છિન્નપણાનેલીધે સ્વપ્નના જગતની પેઠે તુચ્છ છે તે અણુ છતાં પણ અત્યંત અનંતપણું ધરાવનારા પરમાત્માની આગળ પરમાણુની પેઠે જણાય છે. જ્ઞાનમાત્ર આત્મા કે જે ચક્ષુ આદિથી અલભ્ય હોવાનેલીધે પરમ અણુ છે, સર્વને ભરપૂર કરનાર હોવાનેલીધે મોટા પર્વત સમાન છે અને અધ્યારોપની દૃષ્ટિથી સર્વ જગતરૂપી અવયવોવાળો છતાં પણ અપવાદની દૃષ્ટિથી નિરવયવ છે તેના શિલાના ગર્ભ જેવા ધાટા ગર્ભમાં આ ત્રૈલોક્ય ધાટી મજ્જારૂપ છે. હે વેતાલ ! આ સઘળું બ્રહ્માંડ એ જ્ઞાનમાત્ર પરમાત્માની અંદર મજ્જારૂપ છે, એમ સમજ.[७-१०] હે મૂર્ખ વેતાલ ! સઘળાં જગતો જ્ઞાનમાત્ર બ્રહ્મમાં કલ્પનાથીજ ઉઠેલાં છે. બ્રહ્મપદ કે જે શાંત છે, સ્વાભાવિક રીતે સુકુમાર છે અને પરિચ્છેદ વગરનું છે તેમાં તારા જેવાઓની પોતાથી ચાંચ પણ ખુંચે એમ નથી એટલામાટે તું મારા વચનને અનુસરીને તેનો અનુભવ કર અને અભિમાન છોડીને બેસી રહે.[११]

विज्ञानमात्रकलनाकलितं जगंति शांतस्वभावसुकुमारमनंतरूपम् ॥ वेतालवालकपदं तदलंघनीयमेव स्वयं समनुभावय शांतमास्त्व ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના પૂર્વાર્દ્ધનો 'વેતાલપ્રશ્નભેદ' એ નામનો બોતેરમો સર્ગ સંપૂર્ણ. ७२

सर्ग ७३ मो.*

વેતાલનું શાંત થવું

॥ श्रीवसिष्ठ उवाच ॥

इति राजमुखाच्छ्रुत्वा वेतालः शांतिमाययौ ॥ भावितात्मतया तत्र विचारोचितया धिया॥१॥

વસિષ્ઠ કહે છેઃ–હે રામચંદ્રજી ! વેતાલ એ પ્રમાણે રાજાના મ્હોડાથી સાંભળી વિચારના પરિચયવાળી બુદ્ધિ ઉપરથી રાજાને તત્ત્વવેત્તા જાણીને શાંત થયો[१] અને શાંત મનવાળો થઇ એક બ્રહ્મતત્ત્વનુંજ યોગ્ય રીતે મનન કરી ભયંકર ભૂખને પણ ભૂલીજઇને સમાધિસ્થ થયો.[२] હે રામચંદ્રજી ! આ મેં તમારી પાસે વેતાલના પ્રશ્નોનું જાળ તથા તેનું રાજાએ કરેલું ભેદન કહી સંભળાવ્યું. રાજાએ કહેલા ક્રમપ્રમાણે ચૈતન્યરૂપી અણુમાં આ જગત રહ્યું છે.[३] ચૈતન્યરૂપી અણુના ગર્ભમાં રહેલું આ જગત બાલકે ભ્રાંતિથી કલ્પેલા વેતાલના શરીરની પેઠે વિચારથી લય પામે છે અને તેનું જે અધિષ્ઠાન છે તેજ અવશેષ રહે છે.[४] તમે સઘળા વિષયોમાંથી ચિત્તને ખેંચી લઇ તે ચિત્તને પરમાત્મામાં પ્રતિષ્ઠિત કરતાં સઘળી ઇચ્છાઓને છોડી દઇ શાંત બુદ્ધિથી રહો.[५] હે મનન કરનારા રામચંદ્રજી ! મનને મનથીજ આકાશના જેવું નિર્લેપ કરી એક પરબ્રહ્મમાંજ સઘળી વૃત્તિઓના લયથી ચિત્તના ઉપરામવાળા થઇ અમૂઢ થાઓ, સ્થિરબુદ્ધિવાળા થાઓ અને સર્વત્ર બ્રહ્મદૃષ્ટિ કરતા રહો. જે પુરુષ ભગીરથ રાજાની પેઠે મનથી અસંગપણું રાખી આવી પડેલા વ્યવહારને અનુસરે છે તેનાં કષ્ટસાધ્ય કાર્યો પણ, જેમ ભગીરથરાજાનું કાર્ય સિદ્ધ થયું હતું તેમ સિદ્ધ થાય છે.[६,७] સંપૂર્ણ શાંત મનવાળા, અત્યંત તૃપ્ત વૃત્તિવાળા, અને સમ તથા સુખમય આત્મસ્વરૂપની અંદર સર્વદા રહેનારા પુરુષના મનોરથો અત્યંત દુર્લભ હોય તો પણ જેમ સગરરાજાના પુત્રોને તથા તેઓએ ખોદેલા સમુદ્રને સુખ આપનારો ભગીરથરાજાનો ગંગાજીને પૃથ્વીપર ઉતારવાનો મનોરથ અનાયાસથીજ સિદ્ધ થયો હતો તેમ સિદ્ધ થાય છે.[८]

संपूर्णशान्तमनसः परितृप्तवृत्तेर्नित्यं समे सुखमयात्मनि तिष्ठतोंतः ॥ सिद्ध्यंति दुर्लभतरा

* આ તોતેરમા સર્ગમાં વેતાલના પ્રશ્નોના નિર્ણયની સ્થિતિનો ઉપદેશ કહીને પછી ભગીરથ રાજાના વૃત્તાંતનો ઉપક્રમ કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अपि वांछितार्थी गंगावतार इव सागरखातवस्तु ॥ ८ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'ભગીરથાખ્યાન' એ નામનો તોતેરમો સર્ગ સંપૂર્ણ. ૬૩

સર્ગ ૭૪ मो.*

ભગીરથ અને ત્રિતલ મુનિનો સંવાદ

॥ શ્રીરામ ઉવાચ ॥

यथा चित्तचमत्कृत्या राज्ञो गंगावतारणम् ॥
भगीरथस्य संपन्नं तन्मे कथय भो प्रभो ॥१॥

રામચંદ્રજી પૂછે છેઃ—હે મહારાજ! ચિત્તના જે પ્રકારના ચમત્કારથી ભગીરથ રાજા ગંગાજીને ઉતારી શકયા હતા તે ચમત્કાર મારી પાસે કહો.[1]

વસિષ્ઠ કહે છેઃ—સમુદ્રાંત પૃથ્વીનો અધિપતિ, મહાધર્માત્મા અને પોતાના કોસલદેશના તિલક જેવો ભગીરથ નામનો રાજા હતો.[2] જેમ ચિંતામણિની પાસેથી સંકલ્પ કરતાંજ ધારેલી વસ્તુઓ મળે છે તેમ એ રાજાની પાસેથી સંકલ્પ કરતાં માગણ લોકોને ધારેલાં ધનો મળતાં હતાં. દાન દેવાના સમયમાં ધનના વ્યયથી કશી ગ્લાનિ નહિ થતાં એ રાજાનું મુખ ચંદ્ર જેવું પ્રસન્નજ રહેતું હતું.[3] એ રાજા મહાત્મા લોકોના સંસારવ્યવહારને ચલાવવાનેવાસ્તે તેઓને નિરંતર ધન આપ્યા કરતો હતો અને જેમ કામધેનુ ગાય લોકોને સઘળી વસ્તુઓ આપનારી છતાં પણ પોતે ખડને પણ છોડતી નથી તેમ પોતાના રાજકીય હક્કથી પ્રાપ્ત થતા ખડને પણ છોડતો નહિ હતો.[4] જેમ ગોળ ફરતા, દીપ્તિમાન લોહયંત્રમાં રહેલો વજ્ર (હીરો)-વેધકમણિ પોતાની નીચેના (હીરાને) વજ્રને વિંધીને ગુણવાન (દોરીવાળો) બનાવે છે, તેમ ભગીરથરાજા દુષ્ટોપર આક્રમણ કરી તેમના દેશ વગેરે લઇ લઇ પોતાના પગ તળે રાખીને તેમનાં દુરાચરણ દૂર કરી ગુણવાન બનાવતો.[5] જેમ નિર્ધૂમ અગ્નિના જેવી શરીરની શોભાવાળો સૂર્ય આકાશમાં ફરીફરીને થાકતાં છતાં પણ લોકોના ઘરોના અંધકારને હરે છે તેમ નિર્ધૂમ અગ્નિના જેવી શરીરની શોભાવાળો એ રાજા પ્રજાઓના પાલનનેવાસ્તે પૃથ્વીમાં ફરીફરીને થાકતાં છતાં પણ મનુષ્યોના મોહને અને દારિદ્રયથી થતી દીનતાને હરતો હતો.[6] જેમ તપવાથી થએલા તણખાના કણોની ધારાને ચારેકોર નાખતો, મધ્યાહ્નકાલમાં ઉત્પન્ન થએલો સૂર્યકાંતમણિનો (આગીયા કાચનો) અગ્નિ, ખડ વગેરેમાં પ્રજ્વલિત થાય છે તેમ પ્રતાપથી થએલી તેજની ધારાને ચારેકોર નાખતો એ ભગીરથ રાજા શત્રુઓના મંડલમાં પ્રજ્વલિત થતો.[7] જેમ કોમલ તથા શીતલ સ્પર્શવાળો અને લોકોના મનને આનંદ આપતો ચંદ્રકાંતમણિ સ્નિગ્ધચંદ્રના સમીપમાં દ્રવીભૂત થાય છે તેમ કોમલ તથા શીતલ ઢબવાળો અને લોકોના મનને આનંદ આપતો એ ભગીરથ રાજા સુજ્ઞ લોકોના સમીપમાં દ્રવીભૂત થતો હતો.[8] ગંગાજીના પ્રવાહરૂપ જગતનું જનોઇ કે જે સ્વર્ગમાં તથા પાતાલમાં વહેવાથી બે તાંતણાંવાળું હતું તેનો ત્રીજો તાંતણો એ પ્રવાહને પૃથ્વીમાં લાવીને એ રાજાએ પૂર્યો છે.[9] જેમ તે રાજાએ માગણ લોકોના સમૂહને ઘણા ધનની લાલચ હોવાનેલીધે કેમે પૂરી (સંતોષી) શકાય નહિ એવો છતાં પણ ધનથી પૂર્યો હતો તેમ અગસ્ત્યમુનિએ સૂકાવી નાખેલા સમુદ્રને તે સમુદ્ર કેમે પૂરી શકાય નહિ એવો છતાં પણ તે રાજાએ ગંગાજીના પૂરથી પૂર્યો હતો.[10] લોકમિત્રપણું ધરાવનારા એ ભગીરથ

---

* આ ચુમોતેરમા સર્ગમાં ભગીરથરાજાના ગુણોનું, તેને વિચારથી થએલી ચિંતાનું અને ત્રિતલ મુનિની સાથે થએલા સંવાદનું વર્ણન કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાએ પાપથી અને બ્રાહ્મણના શાપથી અધોગતિને પામેલા પૂર્વજોને ગંગાજીરૂપ પગથીયાંઓની પંક્તિથી બ્રહ્મલોકમાં ચડાવ્યા હતા.[૧૧] એ રાજા બ્રહ્માનું, શંકરનું અને જહ્નુ મુનિનું તપથી આરાધન કરતાં અવિચ્છિન્ન દૃઢ નિશ્ચયવાળા મનથી વારંવાર ખેદ પામ્યો હતો.[૧૨] જુવાનીમાં વર્તતાં છતાં પણ આ લોકની ગરબડ ભરેલી આ સ્થિતિનો વિચાર કર્યા કરતા એ રાજાને જેમ નિર્જલ પ્રદેશમાં પણ દૈવગતિથી લતા ઉત્પન્ન થાય તેમ જુવાનીમાં પણ તમારી પેઠે વૈરાગ્યના ઉત્તમ ચમત્કારવાળી વિચારની કણિકા ઉત્પન્ન થઇ.[૧૩,૧૪] એ રાજાને સર્વદા અનેક ગરબડોવાળી અને વ્યાકુલતાવાળી આ જગતની સ્થિતિનો એકાંતમાં નીચે પ્રમાણે વિચાર ઉત્પન્ન થયો.[૧૫]

ભગીરથ વિચાર કરે છેઃ—અહો ! દિવસ પછી રાત્રિ અને રાત્રિ પછી દિવસ એમ વારંવાર આવ્યા કરે છે, સેંકડો પ્રકારની લેવડદેવડો વારંવાર થયા કરે છે અને સઘળા સંસારી લોકોનાં કામો મોક્ષરૂપી અપૂર્વ ફલવાળાં નહિ પણ ઘણી ઘણી વાર ભોગવાઇ ગએલાં નીરસ ફલોવાળાંજ જોવામાં આવે છે.[૧૬] જે કર્મનું ફલ પ્રાપ્ત થવાથી આ લોકમાં બીજું કાંઈ પામવાનુંજ અવશેષ ન રહે તેજ કર્મને ઉત્તમ કર્તવ્ય માનું છું. બાકીનાં કર્મો તો કૉલેરાની પેઠે દુઃખદાયી ફલોવાળાંજ છે.[૧૭] મૂઢ બુદ્ધિવાળા લોકો વારંવાર એનાં એ કર્મો કરતાં લજાતા નથી. સારી બુદ્ધિવાળો કયો પુરૂષ બાલકની પેઠે એનાંએ કર્મો કરે ? કોઇ ન કરે.[૧૮]

વસિષ્ઠ કહે છેઃ—હે રામચંદ્રજી ! આ પ્રમાણે વિચાર કરતાં એક દિવસે મનમાં ઉદ્વેગ પામેલા અને સંસારથી અત્યંત ભય પામેલા એ ભગીરથ રાજાએ એકાંતમાં ત્રિતલ નામના ગુરુને નીચે પ્રમાણે પૂછ્યું.[૧૯]

ભગીરથ પૂછે છેઃ—હે મહારાજ ! અંદર સારવગરની અને લાંબા કાલથી ભમતા જીવોને રાગ-દ્વેષાદિકના ફલરૂપ થતી આ સંસારરૂપ ઝાડીઓમાં અમો બહુજ ખેદ પામ્યા છીએ.[૨૦] હે ગુરુજી ! સંસાર આપનારાં જરા, મરણ તથા મોહ આદિરૂપ સઘળાં દુઃખોનો અંત શી રીતે આવે ?[૨૧]

ત્રિતલ કહે છેઃ—હે રાજા ! વૈરાગ્ય તથા શ્રવણ આદિ ઉપાયોવડે લાંબા કાલસુધી અભ્યાસ કરેલી એકાગ્રતારૂપ સમાધિરૂપે અને અનાદિસિદ્ધ બ્રહ્મરૂપે પ્રકટ થએલા જ્ઞેયવસ્તુ (આત્મતત્ત્વ) ના બોધથી સઘળાં દુઃખો ક્ષય પામે છે, દેહાભિમાન આદિ ગ્રંથિઓ ચારેકોરથી ત્રુટી જાય છે અને સઘળા સંશયો તથા સઘળાં કર્મો નષ્ટ થઈ જાય છે.[૨૨,૨૩] અત્યંત શુદ્ધ અને જ્ઞાનરૂપ જે આત્મા છે તેજ જ્ઞેય છે એમ વિદ્વાનો સમજે છે. એ આત્મા સર્વદા સર્વવ્યાપક છે અને તે અસ્ત પણ પામતો નથી તથા ઉદય પણ પામતો નથી.[૨૪]

ભગીરથ પૂછે છેઃ—હે મુનીશ્વર ! ચૈતન્યમાત્ર, નિર્ગુણ, શાંત, નિર્મલ અને કદી પણ સ્વરૂપથી ભ્રષ્ટ નહિ થાય એવું આત્મતત્ત્વ છે એમ સમજું છું અને દેહ વગેરે બીજું કાંઇ પણ આત્મા નથી એમ પણ સમજું છું, પરંતુ તે આત્મતત્ત્વનો બોધ મને હસ્તામલકની પેઠે સ્પષ્ટ થતો નથી. હે મહારાજ ! હું સઘળા વિક્ષેપોથી શાંતિપૂર્વક કેવલ બ્રહ્મનાજ બોધવાળો શા ઉપાયથી થાઉં ?[૨૫,૨૬]

ત્રિતલ કહે છેઃ—નિર્માનપણા આદિ સાધનોથી ચિત્ત હૃદયાકાશમાં બ્રહ્મનિષ્ઠપણાને પ્રાપ્ત થાય છે અને બ્રહ્મનિષ્ઠપણું પ્રાપ્ત થવાથી જીવ પૂર્ણ સ્વભાવવાળો થઇને પાછો તે સ્વભાવમાંથી ભ્રષ્ટ થતો નથી.[૨૭] આસક્તિથી રહિતપણું, પુત્ર, સ્ત્રીઓ તથા ઘર વગેરેમાં ચોટવાથી રહિત-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણું, ઇષ્ટોની કે અનિષ્ટોની પ્રાપ્તિઓમાં સર્વદા સમાનચિત્તપણું, નિરંતર એકાગ્રપણાથી આત્માનું જ ચિંતન, એકાંત દેશનું સેવન, લોકોના સમાગમમાં રહેવાની અરૂચિ, અને શ્રવણ, મનન તથા નિદિધ્યાસનનો અભ્યાસ એ સાધનોથી આત્મતત્ત્વનો સ્પષ્ટ બોધ થાય છે. આત્મતત્ત્વને સમજવું એજ જ્ઞાન કહેવાય છે અને એથી જે કાંઈ ઉલટું છે તે સઘળું અજ્ઞાન કહેવાય છે.[28-30] હે રાજા ! એ સઘળાં સાધનોનું મૂળ અહંકારનો ઉપશમ છે. અહંકારનો ઉપશમ થાય તો રાગનો તથા દ્વેષનો ક્ષય કરનારૂં, સંસારરૂપી રોગના ઔષધરૂપ જ્ઞાન પ્રાપ્ત થાય છે.[31]

ભગીરથ પૂછે છેઃ—હે મહારાજ ! પર્વતમાં લાંબા કાલથી જામી ગએલા વૃક્ષની પેઠે આ શરીરમાં લાંબા કાલથી જામી ગએલો અહંકાર શી રીતે છોડી શકાય ?[32]

ત્રિતલ કહે છેઃ—પુરુષપ્રયત્નથી ભોગોના સમૂહની વાસનાને છોડી દઇ જે પુરુષ શુદ્ધાત્માકારપણાને પ્રાપ્ત થઇને રહે છે તેનો અહંકાર નષ્ટ થાય છે.[33] 'હું રાજા છું તો મારાથી ભિક્ષા શી રીતે માગી શકાય' ઇત્યાદિ પ્રકારની લજ્જા વગેરે સઘળું બંધનકારી પાંજરૂં જ્યાંસુધી સર્વનો ત્યાગ કરવાથી ભાંગી નાખવામાં આવે નહિ ત્યાંસુધી અહંકાર નષ્ટ થાય નહિ.[34] તમે બુદ્ધિથી એ સઘળાંનો ત્યાગ કરીને નિશ્ચલ રહો તો અહંકારનો લય થવાથી તમેજ પરમપદ છો.[35] છત્ર ચામરાદિક સઘળાં રાજચિહ્નોને, ભયને તથા સઘળી તૃષ્ણાઓને છોડી દઈ, નિષ્કિંચનપણું પામી, સઘળી લક્ષ્મીને શત્રુઓના તંત્રમાં સોંપી દઈ, અહંકારને તથા દેહના અનુસંધાનને પણ છોડી દઇને તમે શત્રુઓને ત્યાંજ ભિક્ષા માગો અને પૂર્ણપણાનેલીધે મારી પાસેથી પણ કશું સમજવાની ઈચ્છા વગરના થાઓ તો એ સઘળા ઉત્કૃષ્ટ ગુણોનેલીધે તમેજ પરબ્રહ્મ છો. પછી તમને સંસાર પ્રાપ્ત થવાની સંભાવના પણ નહિ રહે.[36]

शांताशेषविशेषणो विगतभीः संत्यक्तसर्वैषणो गत्वा नूनमकिंचनत्वमरिषु त्यक्त्वा समग्रां श्रियम् ॥ शांताहंकृतिरस्तदेहकलनस्तेष्वेव भिक्षामटन्मामप्युज्झितवानलं यदि भवस्युच्चैस्त्वमुच्चैरासि ॥३६॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'ભગીરથોપદેશ' એ નામનો ચુમોતેરમો સર્ગ સંપૂર્ણ. ૭૪

સર્ગ ૭૫ મો,

ભગીરથનો ત્યાગ

॥ श्रीवसिष्ठ उवाच ॥

अथ तस्य गुरोर्वक्त्रादित्याकर्ण्य भगीरथः॥
मनस्याहितकर्तव्यःस्वव्यापारपरोऽभवत् ॥१॥

વસિષ્ઠ કહે છેઃ—હે રામચંદ્રજી ! એપ્રમાણે ત્રિતલ નામના ગુરુના મ્હોડેથી સાંભળી, મનમાં કર્તવ્યનો નિશ્ચય કરીને ભગીરથરાજા પોતાનાં કામકાજો કરવા લાગ્યો.[1] કેટલાએક દિવસો ગયા પછી તે રાજાએ સર્વના ત્યાગની સિદ્ધિનેવાસ્તે અગ્નિષ્ટોમથી માંડી વિશ્વજિત્ નામના યજ્ઞસુધીની સઘળી ક્રિયાઓ કરી.[2] ગુણવાનનો કે મૂર્ખનો કશો વિચાર નહિ કરતાં બ્રાહ્મણોને અને પોતાના બંધુઓને ગાયો, પૃથ્વી, ઘોડા તથા સુવર્ણ આદિ સઘળું ધન આપી દીધું.[3] ત્રણ દિવસની અંદરજ સઘળાં દ્રવ્યોનો ત્યાગ કરીને એ ભગીરથ રાજાએ કેવળ પોતાનું જીવિતજ અવશેષ રાખ્યું.[4] પછી સઘળાં દ્રવ્યોથી ખાલી થએલા અને તેથી જેના મંત્રીઓ તથા પ્રજાઓ ખેદ પામતાં હતાં એવા

* આ પંચોતેરમા સર્ગમાં ભગીરથરાજાએ યજ્ઞો કરવાના મિષથી સર્વસ્વનો ત્યાગ કર્યાનું, ભિક્ષા માગ્યાનું અને કેટલાંએક સ્થલોમાં ત્રિતલની સાથે વાસ કર્યાનું વર્ણન કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજ્યને ભગીરથરાજાએ તરણાની પેઠે પોતાના પડોસી રાજાને આપી દીધું.[૫] રાજ્ય, ઘર અને બીજાં મંડળો શત્રુએ સ્વાધીન કરી લીધા પછી એ ભગીરથરાજા પોતાની સાથે કેવળ કૌપીન લઇને પોતાના દેશમાંથી નીકળ્યો.[૬] ધીરજવાળો એ ભગીરથરાજા એવાં એવાં ગામોમાં તથા જંગલોમાં રહેવા લાગ્યો કે જેઓમાં ' એ ભગીરથ છે ' એમ પણ ઓળખવામાં ન આવે અને બીજા લોકોનાં મ્હોડાંઓથી પોતાનું નામ પણ સાંભળવામાં ન આવે.[૭] એપ્રમાણે થોડા કાળથીજ જેની સઘળી તૃષ્ણાઓ શાંત થઈ ગઇ એવો એ રાજા પરમશાંતિથી આત્મામાં વિશ્રાંતિ પામ્યો.[૮] ભૂમંડલમાં તે તે દ્વીપોમાં ફરતાં ફરતાં કોઈ દિવસે દૈવને આધીન થઇને એ રાજા શત્રુએ દબાવેલી પોતાની રાજધાનીમાંજ આવ્યો[૯] અને ક્રમથી પ્રાપ્ત થએલાં મંત્રીઓનાં, પ્રજાઓનાં તથા બીજાં પણ અનેક ઘરોમાં ભિક્ષા માગવા લાગ્યો.[૧૦] 'આ ભગીરથરાજા છે' એમ ઓળખવામાં આવતાં પ્રજાઓએ તથા મંત્રીઓએ ખેદ પામીને તેની ઘણી ઘણી પૂજા કરી.[૧૧] 'હે મહારાજ ! આપનું રાજ્ય આપ લો' એમ શત્રુએ પ્રાર્થના કર્યા છતાં પણ જેને સઘળી વસ્તુઓ ઉપર અનાદરજ હતો એવા એ રાજાએ કેવળ ભોજન સિવાય બીજી તરણા જેવી હલકી વસ્તુનો પણ સ્વીકાર કર્યો નહિ.[૧૨] ' હાય આ ભગીરથરાજા છે અને તેણે રાજ્ય છોડી દીધું એ બહુ ભુંડું કર્યું છે!' એમ લોકો જેનો અફસોસ કરતા હતા એવો એ રાજા કેટલાએક દિવસો ત્યાંજ ગાળીને પછી બીજા દેશમાં ગયો.[૧૩] બીજા દેશમાં ફરતાં, ઉપશાંત અંતઃકરણવાળા અને વિશ્રાંત બુદ્ધિવાળા એ સુખીયા રાજાને કોઇ દિવસે આત્મારામ ત્રિતલમુનિનો સમાગમ થયો.[૧૪] ભગીરથરાજા તેમને વંદન આદિ સત્કાર કરીને તેમની સાથેજ કેટલાક કાલસુધી પર્વતોમાં, ગામોમાં, વનોમાં, પુરોમાં તથા જનસમુદાયોમાં રહ્યા.[૧૫] બ્રહ્મપણાને પામેલા અને સરખીજ સ્થિતિથી રહેલા એ ગુરુ અને શિષ્ય બ્રહ્મનિષ્ઠપણાનેલીધે દેહના ધારણને એક જાતના વિનોદરૂપજ ગણવા લાગ્યા.[૧૬] " આ દેહને શામાટે રાખવો ? આ દેહને છોડી દેવાથી પણ આપણને શો લાભ થાય એમ છે ? શાસ્ત્રીય આચારને અને લૌકિક આચારને અનુસરીને આ દેહ જેમ વરતે છે તેમ ભલે વરતે. " એ પ્રમાણે નિશ્ચય કરીને રહેતા અને એક વનમાંથી બીજા વનમાં જતા એ બન્ને જણ પરમાનંદને પામ્યા કે જે પરમાનંદ વિષયાનંદોથી તથા દુઃખોથી રહિત છે અને સુખ-દુઃખ વગરની મધ્યાવસ્થાથી પણ રહિત છે.[૧૭,૧૮] ધનોને, ઘોડાઓને, વૈભવાદિકને અને પ્રસન્ન થએલા બ્રહ્માદિકોએ આપેલી આઠ સિદ્ધિઓને પણ જુના ખડ સમાન માનવા લાગ્યા.[૧૯] "કોઈ જાતની ઈચ્છા રાખ્યાવગર જ્યાંસુધી આયુષ્ય હોય ત્યાંસુધી આપણે પ્રારબ્ધ ઉપરજ આ દેહને રાખવો " એવો નિશ્ચય કરીને પ્રારબ્ધકર્મથીજ રહેવા લાગ્યા.[૨૦] સ્પૃહાવગરના, સ્વભાવથીજ પરમ શાંતિવાળા અને બ્રહ્મથી એકરસ થએલા એ ઉત્તમ મુનિઓ પ્રારબ્ધકર્મના અનુસારથી પ્રાપ્તથએલાં સુખોને તથા દુઃખોને પણ માન આપવા લાગ્યા.[૨૧]

अभिननंदतुरागतमुत्तमौ निजसमाचरणक्रमजं मुनी।।सुखमसौख्यमभीप्सितवर्जितौ समसमेतिसमौ शमिनौ स्वतः ॥ २१ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો ' ભગીરથનિર્વાણ ' એ નામનો પંચોતેરમો સર્ગ સંપૂર્ણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सर्ग ७६ मो.*

ભગીરથને પુનઃ રાજ્યપ્રાપ્તિ તથા ગંગાનું અવતરણ.

॥ श्रीवसिष्ठ उवाच ॥

अथैकदा पुरे श्रेष्ठे कस्मिंश्चिन्मंडलांतरे ॥
अनपत्यं नृपं मृत्युरहन्मत्स्य इवामिषम् ॥१॥

વસિષ્ઠ કહે છેઃ—પછી એક દિવસે કોઈ દેશના કોઈ ઉત્તમ નગરમાં જેમ માછલું માંસને ખેંચી જાય તેમ સંતાનવગરના રાજાને મૃત્યુ ખેંચી જતાં ખેદ પામેલા અને જેઓના દેશની પાલનમર્યાદા નષ્ટ થઈ હતી એવા તે નગરના મંત્રી વગેરે લોકો પાલનમાં જોઇએ તેવા સદ્‌ગુણોથી શોભતા કોઇ બીજા રાજાને શોધતા હતા તે સમયમાં સ્થિરતાવાળો અને ભિક્ષા માગતો એ ભગીરથ રાજા તેઓને મળ્યો. ભગીરથને ઓળખી સૈન્યમાં લાવીને તેઓએ તેનો રાજ્યાભિષેક કર્યો.[૧-૩] જેમ વર્ષાઋતુમાં જલથી સરોવર પૂર્ણ થઈ જાય તેમ ક્ષણમાત્રમાં મોટી સેનાથી પૂર્ણ થએલો એ ભગીરથરાજા તુરત હાથી ઉપર બેઠો.[૪] 'રાજાધિરાજ ભગીરથ જય પામે છે' એવા શબ્દોથી લોકો બોલવા લાગતાં તે શબ્દોથી પર્વતોની મોટી મોટી ગુફાઓ પણ ગાજવા લાગી.[૫] એ નગરમાં રહી રાજ્યનું પાલન કરતા એ ભગીરથનીપાસે તેના કોસલદેશની પ્રજાઓ તથા મંત્રીઓ પ્રેમથી આવ્યા. આવીને તેઓએ ભગીરથ રાજાને નીચેપ્રમાણે વિજ્ઞપ્તિ કરી.[૬]

પ્રજાઓ તથા મંત્રીઓ કહે છેઃ—મહારાજ ! આપ અમારા ઉપર જે રાજાને સ્થાપી ગયા હતા તે રાજાને જેમ માછલું કોમળ માંસને ખાઈ જાય તેમ મૃત્યુ ખાઇ ગયો એટલામાટે હવે આપે તે રાજ્યનું પાલન કરવાની કૃપા કરવી જોઈએ. જે સુખો તથા ભોગો માગ્યાવગર પ્રાપ્ત થાય તેઓનો ત્યાગ કરવો યોગ્ય નથી.[૭,૮]

વસિષ્ઠ કહે છેઃ—એ પ્રમાણે લોકોએ પ્રાર્થના કરતાં ભગીરથ રાજા તેઓના વચનનો સ્વીકાર કરીને સાતે સમુદ્રોવાળી પૃથ્વીનો અધિપતિ થયો.[૯] સમતાવાળો, શાંત મનવાળો, મિત, હિત તથા સત્ય બોલનારો, રાગવગરનો, મત્સરવગરનો, આવી પડેલાં કામોને કર્યા કરતો અને તત્ત્વજ્ઞાનનેલીધે મોટા કૌતુકમાં પણ આશ્ચર્ય નહિ પામતો એ ભગીરથ રાજા રાજ્ય કરતો હતો તે સમયમાં પોતાના પૂર્વજોવિષે તેના સાંભળવામાં આવ્યું કે "સમુદ્રને ખોદનારા અને પાતાલમાં કપિલમુનિના ક્રોધથી નષ્ટ થએલા સગર રાજાના સાઠ હજાર પુત્રોનો ઉદ્ધાર જો ગંગાજલથી તેઓની ભસ્મ પલળે તોજ થાય." આ સમયમાં ગંગાજી પૃથ્વી ઉપર નહિ હતાં તેથી 'ભગીરથના પૂર્વજોનો ઉદ્ધાર ગંગાજલવિના નહિ થાય' એમ વાણી થઇ હતી.[૧૦-૧૨] ત્યારથી માંડીને ભગીરથરાજાએ ગંગાજીને સ્વર્ગમાંથી પૃથ્વીપર ઉતારવાની પાકી પ્રતિજ્ઞા લીધી.[૧૩] પછી એ ઉપશમવાળો ભગીરથરાજા પોતાના રાજ્યને મંત્રીઓના હાથમાં સોંપી ગંગાજીને ઉતારવાનેવાસ્તે તપ કરવાનોજ નિશ્ચય કરીને નિર્જન વનમાં ગયો.[૧૪] ત્યાં હજારો વર્ષની તપશ્ચર્યાથી તેણે વારંવાર બ્રહ્માનું, શંકરનું અને જહ્નુમુનિનું આરાધન કરીને ગંગાજીને સ્વર્ગમાંથી ઉતારીને પૃથ્વી ઉપર વહેતાં કર્યાં.[૧૫] જગતના પતિ સદાશિવના મસ્તકપર વિરાજનારાં, અને જાણે મહાત્માઓનાં ઘણાં ઘણાં પુણ્યોનો સમુદાય હોય એવાં ગંગાજી આકાશમાંથી ઉતરીને પૃથ્વીપર વહેવા લાગ્યાં.[૧૬] ત્યારથી માંડી નિર્મળ તરંગોની શોભાવાળાં, ચળકતા તરંગોની શોભાવાળાં, પોતાના ફીણના સમૂહોથી જાણે

* આ છોતેરમા સર્ગમાં ભગીરથને ફરીવાર રાજ્ય મળવાનું અને તેણે બ્રહ્માદિકનું આરાધન કરીને ગંગાજીને પૃથ્વીપર ઉતાર્યાનું વર્ણન કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાસ્ય કરતાં હોય એવાં લાગતાં. જાણે સ્વચ્છ પુણ્યોરૂપી મંજરીઓવાળી ધર્મની લતા હોય એવાં અને જાણે ભગીરથરાજાના યશને ફરવાની સડક હોય એવાં ગંગાજી તે સમયથી પૃથ્વીપર પધાર્યાં છે.[17]

स्फुरत्तरंगभंगिनी स्वफेनपुञ्जहासिनी प्रसन्न पुण्यमञ्जरीयुतेव धर्मसंततिः ॥ भगीरथे महीपतौ यशःप्रचारवीथिका तदा हि सा त्रिमार्गगा महीतले बभूव ह ॥ १७ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો ' ગંગાવતરણ ' એ નામનો છોતેરમો સર્ગ સંપૂર્ણ. ૭૬

सर्ग ७७ मो.*

ચૂડાલાનું આખ્યાન અને શિખિધ્વજનો વિવાહ

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

एतामवष्टभ्य दृशं भगीरथाधिया धृताम् ॥
समः स्वस्थो यथाप्राप्तं कार्यमाहर शांतधीः ॥

વસિષ્ઠ કહે છેઃ—હે રામચંદ્રજી ! ભગીરથરાજાની બુદ્ધિએ ધરેલા એ વિચારનો આશ્રય કરી સમ, સ્વસ્થ તથા શાંત બુદ્ધિવાળા રહીને તમે આવી પડેલો વ્યવહાર કર્યા કરો.[1] તમે પ્રથમ આ સઘળા વૈભવોનો ત્યાગ કરી મનરૂપી પક્ષીને હૃદયમાં રોકીને શિખિધ્વજની પેઠે શાંતરીતે પોતામાંજ નિશ્ચલ રહો.[2]

રામચંદ્રજી પૂછે છેઃ—હે મહારાજ ! એ શિખિધ્વજ કોણ હતો અને તેને શી રીતે બ્રહ્મપદ મળ્યું હતું ? ફરી પણ બોધની વૃદ્ધિનેવાસ્તે એ કથા મને કહો.[3]

વસિષ્ઠ કહે છેઃ—પરસ્પર સ્નેહને પ્રાપ્ત થએલાં શિખિધ્વજ રાજા અને તેની રાણી ચૂડાલા, એઓ પૂર્વના દ્વાપરયુગમાં થયાં હતાં અને હવે પછીના દ્વાપરયુગમાં પણ પાછાં એવાં ને એવાં થશે.[4]

રામચંદ્રજી પૂછે છેઃ—હે વક્તાઓમાં ઉત્તમ ગુરુમહારાજ ! જે પ્રથમના કાલમાં હતું તે પાછું ભવિષ્યકાલમાં તેવી ને તેવી સ્થિતિથી શા માટે થશે ? એ મને કહો.[5]

વસિષ્ઠ કહે છેઃ—બ્રહ્માદિક લોકોની સત્યસંકલ્પરૂપ સંવિદ્ કે જે જગતની રચનામાં નિયમરૂપ છે તેનો કોઇથી અટકાવી શકાય નહિ એવો જે સ્વભાવ છે તેજ એમ થવામાં કારણરૂપ છે.[6] કેટલાએક ફલ વગેરે પદાર્થો ઘણી ઘણી વાર બીજા બીજા થઇને વારંવાર તેવા ને તેવાજ થાય છે. વૃક્ષોનાં થડો વગેરે કેટલાએક પદાર્થો એના એ રહે છે; અને વળી તેઓ કપાઇ ગયા પછી મુદ્દલ રહેતા નથી.[7] કેટલાએક પદાર્થો પૂર્વના જેવીજ ગોઠવણવાળા થાય છે અને સાદૃશ્ય ઉપરથી જણાઇ આવે છે. જેમ તલાવમાં તુલ્ય તરંગો પણ દેખાય છે અને પૂર્વથી વિષમ તરંગો પણ દેખાય છે, તેમ સંસારમાં તુલ્ય વ્યવસ્થાઓ પણ દેખાય છે અને પૂર્વથી વિષમ વ્યવસ્થાઓ પણ દેખાય છે. એજ રીતે જેમ હવે પછી કહેવાની કથાનો નાયક શિખિધ્વજ રાજા પૂર્વે હતો તેવોજ બીજો મહાતેજસ્વી શિખિધ્વજ રાજા ભવિષ્ય દ્વાપરમાં પણ થશે. એ શિખિધ્વજ રાજાનો વૃત્તાંત કહું છું તે સાંભળો. આ સૃષ્ટિમાં સાતમા મન્વંતરની અંદર પૂર્વે યુગોની જે ચોથી ચોકડી વ્યતીત થઈ ગઇ તે ચોકડીના દ્વાપરયુગમાં કૌરવોના વંશનો શિખિધ્વજ નામનો રાજા હતો. એ રાજા જંબૂદ્વીપમાં પ્રસિદ્ધિ પામેલા વિંધ્યાચલની નજદીક ઉજ્જન નામના શહેરમાં રાજ્ય કરતો હતો. ધીરજ, ઉદારતા, ક્ષમા, શમ, દમ, શૌર્ય, સદાચાર, મિતભાષણ, કોમળતા, સ્નેહ, માધુર્ય, ચાતુરી, સૌંદર્ય, શાંતિ, સૌભાગ્ય, પ્રતાપ, સત્સંગ, સઘળાં શાસ્ત્રોનું શ્રવણ અને નિરભિમાનપણું ઇત્યાદિ

* આ સીત્તોતેરમા સર્ગમાં ઉપરના વિષયને દૃઢ કરવાસારૂ ચૂડાલાનું આખ્યાન કહેવામાં આવશે અને શિખિધ્વજરાજાના માહાત્મ્યની, વિવાહની તથા ક્રીડાની કથા કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેક ગુણોનો જાણે સમુદ્ર હોય એવા એ રાજાએ સઘળા યજ્ઞો કર્યા હતા, સઘળા વીરલોકોને જીત્યા હતા, સઘળાં કાર્યો કર્યાં હતાં અને સ્ત્રી વ્યસન વગેરેને તરણાં જેવાં તુચ્છ ગણીને પોતાથી દૂરજ રાખ્યાં હતાં. અદ્‌ભુત રીતે પૃથ્વીનું પાલન કરનારા, ધર્મ ઉપર રૂચિ રાખનારા, પ્રીતિના સમુદ્રરૂપ, બીજાઓને પણ જેઓથી સારી કેલવણી મળે એવાં ભાષણોના કરનારા, સર્વ સંપત્તિઓને દેનારા, સઘળી સંપત્તિઓને ભોગવનારા અને સઘળી કલાઓને જાણનારા એ મહાતેજસ્વી શિખિધ્વજે પોતાનો પિતા સ્વર્ગવાસી થયા પછી બાલ્યાવસ્થામાંજ સોળ વર્ષસુધી દિગ્વિજયનું કામ કરીને સઘળી પૃથ્વીનું સામ્રાજ્ય મેળવ્યું હતું. એ બુદ્ધિમાન રાજા ધર્મની રીતિપ્રમાણે પ્રજાઓનું પાલન કરતો હતો, શત્રુઓથી નિર્ભય થઇને રહ્યો હતો, મંત્રીઓની સાથે વિચાર કરીને સઘળાં કાર્યો કરતો હતો અને યશથી દિશાઓને ઉજ્વલ કરતો હતો. યૌવનના સમયમાં વસંતઋતુ અત્યંત ખુલી રહેતાં, પુષ્પો ઉઘડી રહેતાં, ચંદ્રનાં કિરણો ચળકવા લાગતાં, અને વનોમાં પરાગરૂપી કર્પૂરથી ધોળા થએલા, નમતાં પત્રોરૂપી કમાડોવાળા તથા સુગંધોથી શોભતા પુષ્પોના ગુચ્છોરૂપી ઉલેચવાળા શાખાઓરૂપી અંતઃપુરની અંદર મંજરીઓના સમૂહોરૂપી હીંદોળાઓમાં ભ્રમરોનાં જોડાંઓ ઊંચા સ્વરથી ગુંજાર કરવા લાગતાં તેમજ ચંદ્રના કિરણોથી શીતલ થએલો અને કેળોના તથા ગુલ્મોના જલભરિત કયારાઓમાં તથા પલ્લવોમાં વિલાસ કરનારો મધુર પવન વાવા લાગતાં એ શિખિધ્વજ રાજાનું ચિત્ત કોઇ સુંદર સ્ત્રીને પરણવા ઉપર ઉત્સુક થયું.[૮-૨૩] પુષ્પોના સમૂહના સુગંધોરૂપ મધુર આસવોથી મત્ત થએલું અને તેથી વસંતવાળા વનની પેઠે સરાગ થએલું એ રાજાનું મન સ્ત્રીવિના બીજા કોઈ વિષયમાં નજ ચોંટવા લાગ્યું.[૨૪] એ રાજા ચિંતન કરવા લાગ્યો કે "બગીચાઓના હીંદોળાઓમાં તથા લીલા કરવાનાં સરોવરોમાં બેસી, સોનેરી રંગનાં કમલોની કળીઓ જેવાં સ્તનોવાળી, કેસરનાં લેપનોવાળી અને પ્રેમથી ભરેલી મુગ્ધા સ્ત્રીને હું ક્યારે ખોળામાં બેસાડીશ. હું કમલોની વલ્લીઓના હીંદોળામાં જેમ ભ્રમર ભમરીને બેસાડે છે તેમ ચપલ બાલાને હાથવડે તેડી લઇને ક્યારે બેસાડીશ. કમલનાળ, હાર, ડોલર અને ચંદ્ર એઓના સમૂહને ઇચ્છનારી ચંદ્રના જેવી ગોરી સુંદરી મારેવાસ્તે કામદેવથી સંતપ્ત ક્યારે થાય." એ પ્રમાણે ચિંતનમાં તત્પર થઈ ફૂલ વીણવામાં ઉન્મુખ થએલો એ રાજા વનોમાં, ફૂલવાડીઓમાં, ઉપવનોની પંક્તિઓમાં, ને લીલા કરવાનાં સરોવરોમાં વિહાર કરવા લાગ્યો.[૨૫-૨૯] લતાઓના મંડપોમાં તથા અનેક ઉદ્યાનોની ભૂમિકાઓમાં, વનોની તથા ઉપવનોની ગોઠવણોનાં વર્ણનોથી ભરેલી અને અંદર શૃંગારરસવાળી કથાઓમાં ઉત્સુકપણાથી વિનોદ કરવા લાગ્યો. છાતીપર પહેરેલા હારોથી શોભતી, ચપલ ચોટલાઓવાળી અને સોનાના કલશો જેવાં સ્તનોવાળી મુગ્ધાઓનાં વખાણ કરવા લાગ્યો. રાજા આવી ચેષ્ટાઓ કરવા લાગતાં વિદ્વાન મંત્રીઓ તેના મનના નિશ્ચયને જાણી ગયા.[૩૦-૩૨] કેમકે ચેષ્ટાઓ ઉપરથી અને આકૃતિ ઉપરથી રાજાના અભિપ્રાયને જાણી લેવો એજ મંત્રીઓમાં મંત્રીપણાની યોગ્યતા છે. પછી તેના વિવાહની ગોઠવણ કરવાની તજવીજ કરતા મંત્રીઓએ તે રાજાનેવાસ્તે સોરઠના રાજાની ચૂડાલા નામની કન્યાનું માગું કરતાં સોરઠના રાજાએ તે માગું મંજુર કર્યું. ઘણી દાસીઓવાળી, નવીન યૌવનવાળી અને જાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતિબિંબ હોય તેમ પોતાનાજ જેવી એ ચૂડાલાને એ શિખિધ્વજ રાજા પરણ્યો. પૃથ્વીમાં 'ચૂડાલા' એ નામથી પ્રખ્યાતિ પામેલી એ રાજકન્યા શિખિધ્વજને પ્રાપ્ત થઇને પ્રફુલ્લિત કમલિનીની પેઠે શોભવા લાગી. જેમ સૂર્યનારાયણ કમલિનીને પ્રફુલ્લિત કરે છે તેમ શિખિધ્વજે સ્નેહથી નીલકમલોના જેવી નેત્રની અણીઓવાળી એ ચૂડાલાને પ્રફુલ્લિત કરી. જેઓનાં ચિત્ત અન્યોન્યમાં લાગી ગયાં એવાં એ દંપતીની પ્રીતિ વૃદ્ધિ પામવાલાગી.[૩૩-૩૭] હાવભાવ આદિ શૃંગારની ચેષ્ટાઓથી ભરેલાં અંગોથી ચૂડાલા નવીન લતાની પેઠે શોભવા લાગી. મંત્રીઓ જેને સઘળી સગવડો કરી આપતા હતા એવો અને સ્વસ્થ પ્રજાઓવાળો એ સુખી રાજા જેમ રાજહંસ કમલિની સાથે રમે તેમ તે પ્યારીની સાથે અંતઃપુરોમાં, હીંડોળાઓમાં, લીલા કરવાનાં સરોવરોમાં, બગીચાઓમાં, વિહારની ભૂમિઓમાં, લતાઓનાં તથા પુષ્પોનાં ઘરોમાં, કદંબોના વનોની પંક્તિઓમાં, ચંદનોની તથા અગરૂઓની ઝાડીઓમાં, હારસિંગારનાં પુષ્પોની માળાઓથી શોભી રહેલી કેળોમાં, નગરની સીમાઓમાં, વનોની સીમાઓમાં, દિશાઓમાં, તલાવોમાં, જંગલોમાં, એકાંતોમાં અને જાંબુનાં, લીંબુઓનાં તથા જુઇનાં વૃક્ષોમાં રમવા લાગ્યો. જેમ મેઘની સંપત્તિથી શોભી રહેલાં આકાશનું અને ધાન્યની સંપત્તિથી શોભી રહેલી પૃથ્વીનું સઘળું ચેષ્ટિત આનંદ આપનારૂં થાય છે તેમ યૌવનઆદિથી શોભી રહેલાં એ દંપતીનું સઘળું ચેષ્ટિત આનંદ આપનારૂં થયું. સર્વદા સાથે રહેવાનેલીધે અને પરસ્પરની ચેષ્ટાઓની ઉપર પ્રેમનેલીધે તેઓ પરસ્પરની પાસેથી શીખીને સઘળી કલાઓમાં પ્રવીણ થયાં. પરસ્પરનાં મિત્રપણાને પ્રાપ્ત થએલાં એ દંપતી અન્યોન્યના હૃદયમાં રહેવાનેલીધે જાણે બે શરીરમાં આવેલું અખંડ એકજ જીવનું રૂપ હોય એવાં જણાવા લાગ્યાં. જેમ બ્રહ્મચારી બાર વર્ષસુધી ગુરુના મુખથી અભ્યાસ કરીને પંડિત થાય છે તેમ એ ચૂડાલા શિખિધ્વજના મુખથી સઘળા શાસ્ત્રાર્થોનો અને ચિત્ર આદિ કલાઓનો પણ અભ્યાસ કરીને સઘળા વિષયોમાં પંડિતા થઈ. શિખિધ્વજ પણ ચૂડાલાના મુખથી નૃત્ય તથા વાદ્ય આદિનો અભ્યાસ કરીને કલાઓમાં મહાપ્રવીણ થયો. અન્યોન્યની પાસેથી કલાઓને પ્રાપ્ત થએલાં અને પરસ્પરના હૃદયમાં રહેલાં એઓ જેમ અમાવાસ્યામાં સૂર્ય તથા ચંદ્ર એક જેવા થઇ જાય છે તેમ એક જેવાં થઈ ગયાં. પરસ્પરને પ્યારાં, જેમ પુષ્પ અને સુગંધ પરસ્પરથી અભિન્ન જેવાં છે તેમ પરસ્પરથી અભિન્ન જેવાં થઇ રહેલાં, જાણે પૃથ્વીઉપર આવીને રહેલાં શિવપાર્વતી હોય એવાં જણાતાં, શરીરથી ભિન્ન ભિન્ન છતાં પણ એકરસ થઇને રહેલાં, ચાતુરીથી સુંદર બુદ્ધિઓવાળાં, સઘળા શાસ્ત્રાર્થોમાં પંડિતપણું ધરાવનારાં, જાણે કોઇ કાર્યનેવાસ્તે લક્ષ્મી તથા નારાયણ પૃથ્વીઉપર અવતરેલાં હોય એવાં, સ્નેહનેલીધે સ્વચ્છ તથા મધુરતાવાળાં, તુલ્ય જ્ઞાનથી વાતો કરનારાં, લોકોનાં વૃત્તાંતો જાણવામાં ચતુરતાવાળાં, કલાઓના સમૂહથી સંપન્ન થએલાં, શૃંગારઆદિ રસોરૂપ રસાયનોનો ઉપયોગ કરનારાં અને જાણે ઉદય પામેલા બે ચંદ્ર હોય તેમ શીતલ, સ્નિગ્ધ તથા સુશોભિત અંગોવાળાં તે દંપતી પરસ્પરના સેવનમાં તત્પર થયાં.[૩૮-૫૧] જેમ વિકાસ પામેલા મદથી અને કામદેવથી મંદ મંદ ગતિ કરનારૂં રાજહંસોનું જોડું સત્યલોકના ગંભીર સરોવરોમાં શોભે તેમ રતિના તથા ભોગના વિલાસથી પરસ્પરના મનને હરનારૂં અને સર્વોત્તમ કાંતિવાળું એ જોડું અંતઃપુરોમાં શોભવા લાગ્યું.[૫૨]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

रेजे लसच्चरितभोगविलासकांतमंतःपुरेषु मिथुनं तदनुत्तमश्रि ॥ ब्रह्मांडखंडकुहरेष्विव राजहंसयुग्मं विकासि मदमन्मथमंदचारि ॥५२॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'શિખિધ્વજવિલાસકથન' એ નામનો સીત્તોતેરમો સર્ગ સંપૂર્ણ. ૭૭

सर्ग ७८ मो.*

ચૂડાલાને વૈરાગ્ય અને શાસ્ત્રબોધ

॥ श्रीवसिष्ठ उवाच ॥

एवं बहूनि वर्षाणि मिथुनं निर्भरस्पृहम् ॥
रेमे यौवनलीलाभिरमंदाभिर्दिने दिने ॥ १ ॥

વસિષ્ઠ કહે છેઃ–હે રામચંદ્રજી ! એપ્રમાણે દૃઢ પ્રેમવાળા એ જોડાએ દિવસે દિવસે વૃદ્ધિ પામતી યૌવનની લીલાઓથી ઘણાં વર્ષો સુધી વિહાર કર્યો.[૧] વારંવાર આવ્યા કરતાં ઘણાં ઘણાં વર્ષો વ્યતીત થતાં અને જેમ ફૂટેલા ઘડામાંથી પાણી ગલિત થાય તેમ ધીરે ધીરે યૌવન ગલિત થતાં એ જોડાએ નિર્ણય કર્યો કે "તરંગોના સમૂહની પેઠે વિનાશ પામનારા દેહથી વ્યવહાર કરનારા જીવનું મરણ, પાકેલા ફલના પડવાની પેઠે કોઈ ઉપાયથી અટકાવી શકાય એમ નથી.[૨,૩] જેમ હિમ કમલ ઉપર પડવાને તૈયાર રહે છે તેમ જરા શરીર ઉપર પડવાને તૈયાર રહે છે. જેમ હાથના તળામાંથી પાણી સ્રવ્યા કરે તેમ આયુષ્ય નિરંતર સ્રવ્યા કરે છે.[૪] જેમ વર્ષાઋતુમાં કડવા તુંબડાની વેલ વધ્યા કરે છે તેમ એકલી તૃષ્ણા વધ્યા કરે છે. જેમ પહાડની નદીનું ચોમાસાનું પૂર જતુંજ રહે છે તેમ યૌવન જતુંજ રહે છે.[૫] જેમ ઈંદ્રજાલ મિથ્યા છે તેમ જીર્ણસ્થિતિવાળું જીવન મિથ્યા છે. જેમ ધનુષ્યમાંથી છૂટેલાં બાણો ભાગી જાય છે તેમ સુખો ભાગી જાય છે.[૬] જેમ માંસ ઉપર ગરંજો ઝડપ નાખે છે તેમ તૃષ્ણા અને દુઃખો ચિત્ત ઉપર ઝડપ નાખ્યા કરે છે. જેમ વર્ષાઋતુમાં પાણીનો પરપોટો ક્ષણભંગુર છે તેમ શરીર ક્ષણભંગુર છે.[૭] જેમ કેળનો ગર્ભ નિસ્સાર છે તેમ સંસારસંબંધી વ્યવહાર નિસ્સાર છે. જેમ અપ્રિય પતિની સ્ત્રી તુરત જતી રહે છે તેમ જુવાની તુરત જતી રહે છે.[૮] જેમ ઝાડમાં વિરસપણું બલાત્કારથી આવે છે તેમ મનમાં ખેદો બલાત્કારથી આવે છે. આ પ્રમાણે છે તો હવે આ સંસારમાં શુભ આકારવાળો, અતિસુંદર તથા સ્થિરતાવાળો કયો પદાર્થ છે કે જેને પામીને ચિત્ત ફરીવાર ગમે તેવી દુર્દશાઓમાં પણ ખેદ ન પામે. આપણે એ પદાર્થજ મેળવવો યોગ્ય છે." એ પ્રમાણે નિર્ણય કરીને તે જોડાએ સંસારરૂપી વ્યાધિના ઔષધરૂપ વેદાંતશાસ્ત્રનો લાંબા કાલસુધી વિચાર કર્યો. 'કેવલ આત્મજ્ઞાનથીજ સંસાર નામનું કૉલેરા શાંત થાય છે.' એમ નિશ્ચય કરીને એ દંપતી તે શાસ્ત્રોમાંજ તત્પર, તેઓમાંજ ચિત્ત રાખનારાં, તેઓમાંજ ખરૂં જીવન સમજનારાં, તેઓમાંજ નિષ્ઠાવાળાં, તે શાસ્ત્રોને જાણનારાઓનોજ આશ્રય કરનારાં, સર્વદા બ્રહ્મવેત્તાઓનુંજ પૂજન કરનારાં અને બ્રહ્મવિદ્યાનેવાસ્તેજ ઉદ્યોગ કરનારાં થયાં. એ શાસ્ત્રોનોજ ઘાટો અભ્યાસ કરવા લાગ્યાં, પરસ્પરને એ શાસ્ત્રસંબંધીજ સમજણ આપવા લાગ્યાં, એ શાસ્ત્રોમાંજ રૂચિવાળાં થયાં અને એ વિષયને લગતાજ શ્રવણ આદિ આરંભો કરવા લાગ્યાં. હે રામચંદ્ર ! પછી એ ચૂડાલાએ અધ્યાત્મવેત્તાઓનાં મુખેથી રમણીય પદોવાળા, રમણીય અન્વયોવાળા અને સંસારમાંથી ઉદ્ધાર કરે એવા શાસ્ત્રાર્થોને સાંભળીને પોતાના આત્માવિષે અહર્નિશ આ પ્રમાણે વિચાર કર્યો[૯-૧૫]

---

* આ અઠ્યોતેરમા સર્ગમાં અનુક્રમે વૈરાગ્યની ઉત્પત્તિ, વેદાંતશાસ્ત્રના અભ્યાસમાં નિષ્ઠા, ચૂડાલાનો વિવેક અને જ્ઞાનની પ્રાપ્તિ, એઓનું વર્ણન કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે " હું શરીરસંબંધી વ્યાપારો કરતાં અથવા નહિ કરતાં પણ વૃદ્ધિ પામેલી શુદ્ધ બુદ્ધિથી પ્રથમ પોતાના આત્માનું અવલોકન કરૂં કે ' હું પોતે કોણ છું, આ સંસારરૂપી ભ્રમ કોને પ્રાપ્ત થયો છે, શા કારણથી ઉઠ્યો છેઅને ક્યાં ઉઠ્યો છે ? ' દેહ તો જડ તથા મૂઢ છે માટે દેહ તો હું નથીજ એ નિશ્ચય છે.[16,17] બાલકપર્યંત લોકો પણ ' મારો દેહ ' એમ કહે છે તેથી એ નિશ્ચય થાય છેઅને તે બુદ્ધિના અનુભવમાં પણ આવે છે. કર્મેંદ્રિયોનો સમૂહ કે જે આ દેહથી અભિન્ન હાથ પગ વગેરેઅવયવોરૂપ છે તે પણ જડજ છે;[18] કેમકે અવયવોને અને અવયવીને ભેદ સંભવતો નથી. જ્ઞાનેંદ્રિયોનો સમૂહ પણ જડજ છે એમ જોવામાંઆવે છે;[19] કેમકે જેમ લાકડીથી ઢેફું હડસેલાય તેમ એસમૂહ મનથી હડસેલાય છે. સંકલ્પશક્તિવાળું મન પણ જડજ છે એમ ધારૂં છું;[20] કેમકે જેમ ગોફણોથી પથરો પ્રેરાય તેમ બુદ્ધિના નિશ્ચયોથી મન પ્રેરાય છે. નિશ્ચયરૂપ ધર્મવાળી બુદ્ધિ પણ જડજ છે;[21] કેમકે જેમ ધરતીના નીચા ભાગથી નદી પ્રેરાય છે તેમ બુદ્ધિ અહંકારથી પ્રેરાય છે. અહંકાર પણ નિસ્સાર છે અને શબનીપેઠે જડજ છે;[22] કેમકે બાલકે અધ્યાસથી કલ્પી લીધેલા યક્ષનીપેઠે તેને જીવેજ અધ્યાસથી કલ્પી લીધો છે. પ્રાણરૂપ ઉપાધિવાળો અને હૃદયમાં રહેલો જીવ જોકે ચેતન છે તોપણ તે સુકુમાર હોવાનેલીધે પોતાની અંદર રહેલા બીજા કોઇથી (સાક્ષીથી) પરિપૂર્ણ થઇને જીવે છે. અહો ! મારા જાણવામાં આવ્યું કે દૃશ્યોના અવલોકનથી દૂષિત જેવા થએલા, અનાદિ અને ચૈતન્યાત્મક એ સાક્ષીરૂપ આત્માથી જીવ જીવે છે.[23-25] જેમ સુગંધ પવનથી જીવે છે અને નદીનો વેગ લાંબા ખાડાથી જીવે છે તેમ જીવ દૃશ્યોના ઉલ્લેખથી કલંકિત થએલા સાક્ષીથીજ જીવે છે. દૃશ્યભાગ કે જે જડ છે અને અસત્ય છે તેના અભિમાનનેલીધે જીવ ચૈતન્યાત્મક છતાં પણ જડ જેવો થઇ ગએલો છે.[26] જેમ મોટા જલમાં પ્રતિબિંબરૂપે પડેલો અગ્નિ પોતાના રૂપને છોડી દે છે તેમ બુદ્ધિ આદિમાં પ્રતિબિંબિત થઇને પડેલા જીવે પોતાનું રૂપ છોડી દીધું છે. ચૈતન્ય પોતાથી દૃશ્યોમાં એકાગ્ર થતાં વાસનાથી જે સ્થૂલ કે સૂક્ષ્મરૂપની ભાવના કરે છે તે રૂપજ ક્ષણમાત્રમાં થઇ જાય છે અને પોતાના પૂર્ણરૂપને અત્યંત ભૂલી જાય છે. આ પ્રમાણે ચૈતન્ય દૃશ્યોમાં ઉન્મુખપણાથી પોતેજ જગતરૂપ થયું છે તેથી જગત પણ જોકે ચૈતન્યરૂપજ છે તોપણ આવરણથી જડ, શૂન્ય તથા મિથ્યા જેવું થઇ ગયું છે અને તે બુદ્ધિમાં રહેલા ચૈતન્યથી પ્રકાશિત થાય છે." એમ વિચાર કરીને વળી ચૂડાલા વિચાર કરવા લાગી, કે "ત્યારે એ ચૈતન્ય દૃશ્યોના સંસર્ગથી રહિત કેમ થાય ?" વિચાર કરતાં કરતાં લાંબી વારે આ પ્રમાણે સમજી, કે "અહો ! ઘણે કાળે નિર્દોષ આત્મસત્વ મારા જાણવામાં આવ્યું કે જેને જાણવાથી કશું છોડી દેવાનું કે ગ્રહણ કરવાનું રહેતુંજ નથી.[27-31] અહો ! આ મન, બુદ્ધિ તથા ઇંદ્રિય આદિ પદાર્થો કે જેઓ ચૈતન્યના વિલાસને પરિચ્છેદ આપનારા છે તેઓ સઘળા મિથ્યાજ છે અને તિમિરવાળી દૃષ્ટિથી કલ્પાતા બીજા ચંદ્ર જેવા છે. ' મહાસત્તા ' એ શબ્દથી કહેવાતું એક મહાચૈતન્ય છે કે જે નિષ્કલંક છે, સમ છે, શુદ્ધ છે, નિરહંકાર છે, શુદ્ધજ્ઞાનરૂપ આકારવાળું છે, મંગલરૂપ છે, સન્માત્ર છે, પોતાના સ્વભાવથી કદી પણ ભ્રષ્ટ થતું નથી, મૂલ અવિદ્યાના ભંગથી પ્રકાશિત થઇને પાછું કોઇથી પણ આવરણ પામતું નથી, સર્વદા અખંડ ઉદયવાળું છે અને બ્રહ્મ તથા પરમાત્મા આદિ નામોથી કહેવાય છે.[32-34] દ્રષ્ટા, દર્શન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા દૃશ્ય આદિ સઘળી ત્રિપુટીઓ એ ચૈતન્યથી ભિન્ન નથી. કેમકે એઓનું ભિન્નપણું પ્રમાણથી સિદ્ધ થતું નથી. એજ ચૈતન્ય આ સઘળા દ્વૈતની શોભાને પ્રકાશ આપે છે અને આદ્ય ચૈતન્ય કહેવાય છે.[૩૫] દૃશ્યોથી રહિત જે ચિત્પણું છે તે એ ચૈતન્યનું અખંડ રૂપ છે. મન, બુદ્ધિ તથા ઇંદ્રિય આદિ પદાર્થોરૂપે એજ ચૈતન્ય વિવર્ત્ત પામે છે.[૩૬] એ ચિદાત્મા વિવર્ત્તથી પ્રમાતાપણાને પ્રાપ્ત થતાં તેમાં તરંગ વગેરેની કલ્પના જેવી જગતસંબંધી ભૂત-ભૌતિક પદાર્થોની સત્તા સ્ફુરે છે.[૩૭] જે આ જગતની સત્તાનું રૂપ છે તે એ મહાચૈતન્યનુંજ રૂપાંતર છે. એ શુદ્ધ ચૈતન્ય સ્ફાટિકની પેઠે અસંગ રહીનેજ જગતરૂપ પ્રતિબિંબને ધરે છે અને સર્વત્ર ભરપૂરરૂપે રહેલ છે. એ મહાચૈતન્ય જગતને ઉદય આપનારી અને પોતાથી અભિન્ન રહેનારી માયાશક્તિથી જગતરૂપ થઇને રહેલછે. કેમકે જગતની સત્તા અધિષ્ઠાનની સત્તાથી જુદી સંભવતી નથી માટે માયામાત્રજ છે.[૩૮,૩૯] જેમ અલંકારોની વિચિત્રતા અલંકારોનો લય થતાં સુવર્ણરૂપેજ રહે છે તેમ ભૂત-ભૌતિક પદાર્થોની સત્તા તે પદાર્થોનો બાધ થતાં મહાચૈતન્યરૂપેજ રહે છે અને પોતાના સન્માત્રરૂપપણાને અનુભવે છે.[૪૦] જેમ સ્વપ્નમાં તથા ઇંદ્રજાલમાં દ્રવરૂપે પરિણામ પામેલા પોતાનાજ ચિત્તથી સિદ્ધ થએલાં સમુદ્રાદિક જલોમાં તરંગ વગેરે ઉદય નહિ પામતાં છતાં પણ ઉદય પામેલાં જેવાં થાય છે તેમ મહાચૈતન્યમાં સમષ્ટિ ચિત્તનેલીધે જગત ઉદય નહિ પામતાં છતાં પણ ઉદય પામેલા જેવું જણાય છે.[૪૧] જેમ સ્વપ્નમાં ચિદ્રૂપ આત્માજ ચિત્તથી કલ્પાએલા જલરૂપ થઇને તરંગ આદિ ભેદોને પ્રાપ્ત થાય છે તેથી જલમાં આત્માવિના બીજું અણુમાત્ર પણ નથી તેમ ચૈતન્યમાત્ર હું ચિત્તથી જગતરૂપ થઇને નામરૂપાત્મક ભેદોને પ્રાપ્ત થએલ છું માટે જગતમાં મારાવિના બીજું કાંઇ અણુમાત્ર પણ નથી એટલે અહંભાવ પણ અવશેષ નહિ રહેતાં અહંભાવ વગરનું ચિન્માત્રજ વિસ્તીર્ણ છે.[૪૨] એ ચિન્માત્ર આકાશને કદી ક્યાંય પણ જન્મ, મરણ, સદ્ગતિ, અસદ્ગતિ કે ધ્વંસ સંભવતાંજ નથી.[૪૩] આ ચૈતન્યરૂપી અતિ નિર્મલ સૂર્ય કોઇથી છેદાય એવો નથી, અને દગ્ધ કરી શકાય એવો પણ નથી. અહો ! હું લાંબે કાલે શાંત થઇછું, પરમ સુખ પામી છું.[૪૪] ભ્રમથી રહિત થઇને નિર્વાણ પામી છું અને મંદરાચલ વગરના ક્ષીરસાગરની પેઠે રહું છું. આત્મારૂપી આકાશ કે જેમાં મિથ્યાભૂત દૃશ્યનો આભાસ થયો છે તે અત્યંત સ્વચ્છ છે, અંતથી રહિત છે, જન્મથી રહિત છે, પોતાના સ્વભાવથી ભ્રષ્ટ થતું નથી, બાધથી રહિત છે, નિર્મલ છે, પરમ છે અને અનાદિસિદ્ધ છે. બ્રહ્માથી માંડીને તૃણપર્યંત પ્રાણીઓનાં કર્મોના સમૂહો, કર્મોનાં ફલોના સમૂહો, કર્મોનાં સાધનોના વ્યાપારો અને વૃથા ચેષ્ટાઓ પણ બ્રહ્મજ છે, બીજું કાંઇ નથી.[૪૫,૪૬] જેમ બાલકે બનાવેલી પુરુષત્વ આદિ જાતિઓવાળી તથા તેઓને લગતાં ચલન આદિ કર્મોવાળી માટીનાં પુતળાંઓની સેના માટીમાત્રજ છે, તેમ સુર, અસુર, દ્રષ્ટા તથા દૃશ્ય આદિ સઘળા વિશેષોવાળું આ અકૃત્રિમ જગત પણ બ્રહ્મમાત્રજ છે. આ એકત્વ છે, આ દ્વિત્વ છે, આ હું છું અને આ હું નથી ઇત્યાદિ પ્રકારનો ભ્રમાત્મક મોહ શો છે ? શી રીતનો છે ? કોનો થયો છે ? શાથી થયો છે અને ક્યાં થયો છે ? કશુંએ નથી. હું પરિચ્છેદ વગરના અને પરિશ્રમ વગરના પોતાના પારમાર્થિક રૂપને પામીને ઉપશાંત થઇ રહી છું[૪૭-૪૮] અને સંસારરૂપ જ્વરથી રહિત થઇને તથા મોક્ષનું સુખ પામીને સ્વરૂપભૂતજ થઈ છું. જડ, ચેતન તથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓના ભોક્તા વગેરે જે કાંઇ પ્રતીત થાય છે તે સઘળું પ્રકાશમાન બ્રહ્મરૂપજ છે અને ચિદાકાશજ છે.[૫૦] આ નથી, હું નથી, બીજું નથી, ભાવ નથી અને અભાવ પણ નથી, પરંતુ જે કાંઈ છે તે સઘળું શાંત છે, બીજા આલંબનથી રહિત છે, કેવળ છે અને દૃશ્યાદિકથી પર છે."[૫૧] એ પ્રમાણે વિચારમાં તત્પર રહેલી એ ચૂડાલા પરમ બોધથી આ પરમાત્માના યથાર્થ તત્ત્વને જાણી રાગથી, ભયથી તથા મોહથી રહિત થઈ એટલે ત્રણે અવસ્થાઓથી રહિત થઇને શરદ્-ઋતુના આકાશની પેઠે શાંત થઈ.[૫૨]

इत्थं विचारणपरा परमप्रबोधाद्बुद्ध्वा यथास्थितमिदं परमात्मतत्त्वम् ॥ संशांतरागभयमोहतमोविलासा शांता बभूव शरदंबरलेखिकेव॥५२॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'ચૂડાલાપ્રબોધ' એ નામનો અઠયોતેરમો સર્ગ સંપૂર્ણ. ૭૮

સર્ગ ૭૯ મો.*

ચૂડાલાને આત્મપ્રાપ્તિ

॥ શ્રીવસિષ્ઠ ઉવાચ ॥

दिनानुदिनमित्येषास्वात्मारामतया तया ॥ नित्यमंतर्मुखतया बभूव प्रकृतिस्थिता ॥ १ ॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છે:—એ પ્રમાણે તે ચૂડાલા પોતાના આત્મામાંજ વિશ્રાંત હોવાથી મનોવૃત્તિ અંતર્મુખ થઈ જવાનેલીધે દિવસે દિવસે નિત્ય પોતાના સ્વાભાવિક શુદ્ધ આત્મસ્વરૂપમાંજ સ્થિતિવાળી થઇ ગઇ.[૧] રાગ વગરની, સંગરહિત, (સુખદુઃખ આદિ) દ્વંદ્વોની લાગણી વિનાની અને નિષ્કામ થઈ ગયેલી એ ચૂડાલા રાણી જે દૈવયોગથી આવી મળે તેનો ત્યાગ ન કરતાં અને અપ્રાપ્ત વસ્તુઓમાં અભિલાષા નહિ રાખતાં જેમ હોય તેમ ચલાવી લેવા લાગી.[૨] સંસારસાગરને તરી ગયેલ, નિસ્સંદેહ, ઘણા કાલ સુધી સંસારચક્રમાં ફરવાથી થાકી ગયેલ અને છેવટ પરમાત્માનો મોટો લાભ થવાથી પૂર્ણ થઇ ગયેલા અંતરાત્માવડે આનંદઘન જ્ઞાનપ્રાપ્ત પરમપદમાં વિશ્રામ પામેલ એ ચડાલાને કોઇની ઉપમા નહિ આપી શકાયાથી અવર્ણનીયપણું પ્રાપ્ત થયું,[૩,૪] શિખિધ્વજ રાજાની રાણી ચૂડાલા એવી રીતે થોડા કાલમાંજ વિદિતવેદ્ય (જાણવાનું સર્વ જેણે જાણી લીધું છે તેવી) થઇ ગઈ.[૫] જેવી રીતે આ અનિર્વચનીય જગત સ્ફુરી આવવાનો વિભ્રમ, અજ્ઞાનીઓના મનમાં અકસ્માત્ ઉત્પન્ન થાય છે તેમ તત્ત્વવેત્તાના આત્મામાંજ (આત્માથી જુદું બીજું કાંઈ ન હોવાથી) તે લય પામી જાય છે.[૬] દ્વૈતવગરના શાંત પરમ પદમાં વિશ્રામ પામી નિઃસંદેહ થઇ ગયેલી એ ચૂડાલા, શરદ્ ઋતુના નિર્મલ વાદળા જેવી શોભવા લાગી.[૭] જેમ કોઇ ઘરડી ગાય, તૃણ જલ આદિથી સંયુક્ત અને સૂર્ય, ચંદ્ર આદિથી પૂર્ણ પ્રકાશવાળા શૈલાગ્રને પામીને વ્યાકુલ ન રહેતાં સ્વસ્થ થઈ વિશ્રાંત થાય છે, તેમ ચૂડાલા રાણીએ પણ જાગ્રત આદિ અવસ્થાને સાક્ષિરૂપે રહી પ્રકાશ કરનાર પોતાના અંતરાત્માને સ્વભાવવડે પ્રાપ્ત થઈ કાંઈ પણ વ્યાકુલ ન રહેતાં તેજ પરમપદમાં વિશ્રાંતિ કરી.[૮] સ્વસ્વરૂપના વિવેકનો ઘાટો અભ્યાસ થવાથી આત્માનો સાક્ષાત્કાર થઇ જવાનેલીધે વસંત ઋતુમાં નવી ખીલેલી સુંદર પુષ્પલતાની પેઠે તે શોભતી હતી.[૯] પછી કોઇ એક દિવસે સુંદર અંગવાળી એ રાણીને અપૂર્વ શોભાવાળી જોઇ શિખિધ્વજ રાજાએ વિસ્મયથી મંદ મંદ હાસ્ય કરતાં તેને નીચે પ્રમાણે પૂછ્યું.[૧૦] હે તન્વિ ! તું ફરીવાર યૌવન આવ્યાની

* આ અગણાએંશીમા સર્ગમાં પોતાની રાણીને અપૂર્વ શોભાવાળી જોઇ રાજા તરફથી તેના કારણસંબંધી પ્રશ્ન થતાં ચૂડાલાએ પોતાની શોભાનો હેતુ જ્ઞાન છે એમ કહ્યું, એ વાત કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને વારંવાર શણગાર્યાંની પેઠે જેમ સારા રાજાવાળી નગરી શોભે તેમ અધિક શોભે છે.[11] હે પ્રિયે! કેમ જાણે અમૃતના સારનું પાન કર્યું હોય તેવી, કેમ જાણે અલભ્ય પદ મેળવ્યું હોય તેવી અને કેમ જાણે અમૃતના પૂરથી પૂર્ણ હોય તેવી તું દેખાય છે.[12] હે સુંદરિ! તારૂં શરીર સુંદર શાંત અને રમણીય હોવાથી તું ચંદ્રમાને પણ શરમાવી કોઇ અદ્‌ભુત શોભાને પામી છે.[13] હે પ્રિયે! તારૂં ચિત્ત ભોગોનેવિષે દીન નહિ થઇ જતું, શમાદિક ગુણવાળું, વિવેકથી ભરેલું, ગંભીર અને સ્થિર જોવામાં આવે છે.[14] હે પ્રિયે! (વૈરાગ્યના પરિપાકથી) ત્રિભુવનને પણ તૃણના જેવું તુચ્છ ગણી, આ આખા જગતના રસરૂપ પરમ તત્ત્વને પ્રાપ્ત થયેલું તારૂં મન પૃથ્વીના જેવું અચલ અને શાંત દેખું છું.[15] હે મોટા ભાગ્યવાળી! પર્વતની પેઠે સ્થિર હોવાથી તથા સમુદ્રની પેઠે ગંભીર હોવાથી અતિશોભાવાળા તારા ચિત્તને કોઈ પણ વૈભવની કે આનંદકારક વસ્તુની ઉપમા આપી શકાતી નથી.[16] તારા પૂર્વના તેના તેજ અવયવો છતાં પણ નાની કેળની પેઠે અને કમલના અંકુરની પેઠે અતિ કોમલ થઇ જવાથી અને દૃઢ થઇ જવાથી કાંતિ વધી જવાનેલીધે કેમ જાણે હમણાં તું વૃદ્ધિ પામી હોય તેવું જણાય છે.[17] તારી આકૃતિ અને અવયવો તો જે પૂર્વે હતા તેજ હાલપણ છે તોપણ વસંત ઋતુમાં ખિલેલી લતાની પેઠે તારૂં રૂપ બદલાઇ ગયેલું લાગે છે.[18] તેં શું અમૃત પીધું છે, કિંવા મંડલેશ્વરપણું મેળવ્યું છે, અથવા રસાયન આદિના પ્રયોગથી, મંત્ર આદિની સિદ્ધિથી કે કોઇ યોગની યુક્તિથી તેં મૃત્યુને જીતેલ છે?[19] હે નીલકમલના જેવાં સુંદર નેત્રવાળી! પૂર્વે તને કદી નહિ મળેલું, રાજ્યથી ચિંતામણિથી અથવા ત્રૈલોક્યથી પણ અધિક એવું, શું હાલ તને મળ્યું છે? (જેથી તું આવી અપૂર્વ શોભાવાળી થઇ?)[20]

ચૂડાલા કહે છેઃ—હું શરીરમાં આત્મબુદ્ધિનો ત્યાગ કરી, મંત્ર—રસાયન આદિથી મળતાં કાંઇ કાંઈ આકારવાળાં અલ્પ અને તુચ્છ સિદ્ધિઆદિકમાં પણ અટકી ન રહેતાં જેમાં કોઈ પણ નામરૂપ વગેરેનો આકાર નથી એવા પરબ્રહ્મને જ્ઞાનવડે આત્મારૂપ સમજું છું અને તેનેલીધેજ વિશેષ શોભાવાળી છું.[21] આ અસત્ય, પરિમેય, સર્વ પદાર્થોમાં નહિ બંધાતાં જેમાં પૃથિવ્યાદિક દ્રશ્ય અને આકાશાદિક અદ્રશ્ય પદાર્થો (અધ્યસ્ત હોવાથી) ખરૂં જોતાં છેજ નહિ એવા સત્ય, અપરિમેય પરબ્રહ્મનો આશ્રય કરવાથી હું શોભાવાળી છું.[22] જે કાંઇ સૃષ્ટિદૃષ્ટિથી દેખાય છે અને પ્રલયદૃષ્ટિથી અદ્રશ્ય થઈ જાય છે તે સર્વને સાક્ષિરૂપે નિર્લેપ રહી અનુભવ કરનાર આત્માને હું જાણું છું તેથીજ વિશેષ શોભાયુક્ત છું.[23] ભોગો ભલે ન ભોગવાયા હોય કે દૂર હોય, પણ ભોગવ્યાની પેઠેજ હું પ્રસન્ન રહું છું અને હર્ષ—શોક વગેરે કશા મનોવિકાર મને બાધ કરતા નથી તેથીજ હું શોભુ છું.[24] રાજલીલાઓમાં મનને નહિ લોભાવતાં હું એકલીજ આકાશ જેવા અનંત અને અપાર પરબ્રહ્મમાંજ રમું છું તેથીજ હું શોભાવાળી છું.[25] આસન અને ઉપવન આદિમાં દેહ રહ્યા છતાં પણ હું પૂર્ણ આત્મસ્વરૂપમાંજ નિમગ્ન રહું છું પણ ભોગોમાં કે તે નહિ મળવાથી થતી લજ્જાઓમાં નિમગ્ન રહેતી નથી, તેથીજ હું વિશેષ શોભું છું.[26] હું આ જગતની પ્રભુ છું અને સ્થૂલ—સૂક્ષ્મ આદિ દેહથી વ્યતિરિક્ત શુદ્ધ ચૈતન્યરૂપ છું એમ સમજી આત્મામાંજ સંતુષ્ટ રહું છું તેથીજ શોભાવાળી છું.[27] આ દેહાદિક અને ભોગવવાની વસ્તુઓ વગેરે અધિષ્ઠાનદૃષ્ટિથી હુંજ છું, અને આરોપિત દૃષ્ટિથી એ કશુંએ હું નથી; અધિષ્ઠાનરૂપે હું સત્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છું અને અધ્યસ્તરૂપે અસત્ય છું; અધિષ્ઠાનરૂપે હુંજ સર્વરૂપ છું અને અધ્યસ્તરૂપે હું કાંઇ પણ નથી; આવા જ્ઞાનનેલીધે હું શોભાવાળી છું.[૨૮] હું સુખનીકે અર્થની પ્રાર્થના કરતી નથી અને દૈવયોગથી આવી પડતા અનર્થથી ડરતી નથી; બીજી કોઈ સ્થિતિની ઇચ્છા નહિ રાખતાં જે સ્થિતિ અનાયાસે આવી મળે તેમાંજ હું સંતોષ માનું છું, તેથીજ શોભાયુક્ત છું.[૨૯] થોડાક રાગદ્વેષવાળી બુદ્ધિરૂપ અને શાસ્ત્રદૃષ્ટિરૂપ સખીઓ સાથે હું રમું છું, તેથીજ શોભાવાળી છું.[૩૦] હે નાથ ! નેત્રોનાં તેજથી બીજી ઇંદ્રિયોથી અને ચિત્તથી જે કાંઇ દેખાય છે તે કાંઈજ નથી, માત્ર મિથ્યા આભાસજ છે. ચક્ષુ આદિ ઇંદ્રિયોથી અને મનથી અગોચર એવી જે કાંઇ નિર્વિશેષ વસ્તુ (બ્રહ્મ) છે, તેને હું સારી રીતે અંદર અને બહાર ભરપૂર દેખું છું અને તેથીજ હું અભ્યુદય અને શોભાથી યુક્ત છું.[૩૧]

पश्यामि यन्नयनरश्मिभिरिंद्रियैर्वा चित्तेन चेह हि तदंग न किंचिदेव ॥ पश्यामि तद्विरहितं तु न किंचिदंतः पश्यामि सम्यगिति नाथ चिरोदयास्मि ॥ ३१ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'ચૂડાલાત્મલાભ' એ નામનો ઓગણએંશીમો સર્ગ સંપૂર્ણ. ૭૯

સર્ગ ૮૦ મો.*

ભૂતપંચક વિલાસ

॥ श्रीवसिष्ठ उवाच ॥

एवमात्मनि विश्रांतां वदंतीं तां वराननाम् ॥ अबुद्ध्वा तद्गिरामर्थं विहस्योवाच भूपतिः॥१॥

શ્રીવસિષ્ઠ કહે છેઃ—આત્મામાંજ વિશ્રાંત હોવાથી ઉપર જણાવ્યાપ્રમાણે પોતાની શોભાનાં કારણો બતાવતી એ ચૂડાલા રાણીને તેની વાણીનો અર્થ સમજ્યા વિના રાજાએ હસીને કહ્યું.[૧]

શિખિધ્વજરાજા કહે છેઃ—હે સુંદરિ ! તારૂં બોલવું સંબંધ વગરનું છે. તું હજી કાચી બુદ્ધિની છે. હે રાજપુત્રિ ! તું કોઈ પ્રકારે રમણથી આનંદ પામતી હોય તો રાજલીલાઓવડે રમીને આનંદ પામ.[૨] આ જે કાંઈ પ્રત્યક્ષ દેખાય છે તેને છોડી દઇ જે નિરાકાર પદમાં વિશ્રાંતિ પામે તે શૂન્યપ્રાય હોવાથી શી રીતે શોભે ?[૩] 'ભોગો નહિ ભોગવાયા છતાં પણ હું સંતુષ્ટજ રહું છું' (તો ભોગોની ઉપાધિ શામાટે કરૂં ?) એમ સમજી ક્રોધ કર્યાની પેઠે આસન શયન આદિને જે છોડી દે તે શી રીતે શોભે ?[૪] પોતે ભોગ ભોગવવા તથા મિત્ર આદિને ભોગવાવવા એ વગેરે મૂકી દઇ દ્રવ્ય આદિ તેનાં સાધનોને નહિ સંપાદન કરતાં પોતે એકલોજ (પિશાચની પેઠે) શૂન્ય આકાશમાં (ચિદાકાશમાં) જે રમે તે શી રીતે શોભે ?[૫] ખાવું, પીવું, પહેરવું, સૂવું વગેરે સર્વ છોડી દઇ, કેમ જાણે માત્ર ક્રોધથીજ હોય તેમ કેવલ ધૈર્યના બલથીજ ટાઢું, ઉન્હું, ભૂખ તરસ આદિને સહન કરી પોતાના આત્માવડે જે એકલો સ્વસ્વરૂપમાંજ મગ્ન રહે છે તે શી રીતે શોભે ?[૬] 'હું દેહ નથી પણ તેનાથી વ્યતિરિક્ત ચૈતન્યરૂપ છું, આરોપિત દૃષ્ટિથી હું કાંઇ પણ નથી અને અધિષ્ઠાનદૃષ્ટિથી હુંજ સર્વરૂપ છું' એવું જેનું નિરર્થક ભાષણ હોય તે શી રીતે શોભે ?[૭] 'મારી દૃષ્ટિમાં જે કાંઇ મન-ઇંદ્રિયોથી દેખાય છે તે ખરૂં જોતાં કાંઇજ નથી, પણ જે મનવાણી વગેરેથી અગોચર છે તે સત્ય અધિષ્ઠાન ચૈતન્યને હું અનુભવું છું' એવો જેનો મિથ્યા પ્રલાપ હોય તે શી રીતે શોભે ?[૮] માટે હે સુંદરિ! હે વિલાસિનિ ! તું હજી બાલ, મૂઢ અને ચંચલ છે તેથી અનેક જાતનાં (નર્મ)

* આ એંશીમા સર્ગમાં રાજા ચૂડાલાનાં વાક્યોનો અર્થ નહિ સમજવાથી તેનું અસંબદ્ધપણું બતાવશે તે વાત અને આકાશગમનાદિક સિદ્ધિઓનું બીજ, એ કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાષણોના વિલાસથી હું ક્રીડા કરૂં છું અને તું પણ ક્રીડા કર.[૯] એ પ્રમાણે શિખિધ્વજરાજા પોતાની પ્રિયાની હાસ્યપૂર્વક મશ્કરી કરી મધ્યાહ્ન સમયના સ્નાનમાટે ઉભો થઇ અંતઃપુરમાંથી બહાર નીકળ્યો.[૧૦] "અહો ! દુઃખની વાત છે કે રાજા આત્મામાં વિશ્રાંત ન હોવાથી મારાં વચનોનો અર્થ સમજ્યા નહિ" એમ મનમાં આવવાથી ખેદ પામીને ચૂડાલા પોતાના કાર્યમાં પાછી લાગી ગઇ.[૧૧] હે રામચંદ્રજી ! એવાં પૃથક્ પૃથક્ અભિપ્રાયવાળાં એ બન્ને સ્ત્રી-પુરુષોનો અનેક પ્રકારની રાજલીલાઓથી ઘણોક કાલ ચાલ્યો ગયો.[૧૨] સદા તૃપ્ત રહેનારી અને નિષ્કામ થઇ ગયેલી એ ચૂડાલાને (પ્રારબ્ધયોગથી) કોઇએક દિવસે દેવતાઓની પેઠે આકાશગમન કરવાની ઇચ્છા થઇ.[૧૩] આકાશગમન નામની એ સિદ્ધિ મેળવવામાટે એ રાજપુત્રી સર્વ ભોગોનો ત્યાગ કરી નિર્જન દેશમાં આવી,[૧૪] એકાંતમાં એકલાંજ પદ્માસન આદિ આસનથી શરીરને દૃઢ રાખી ઊર્ધ્વગતિવાળા પ્રાણ પવનો (પ્રાણાયામનો) ઘણા લાંબા કાલસુધી અભ્યાસ કર્યો.[૧૫]

શ્રીરામચંદ્રજી પૂછે છેઃ—જે કાંઇ આ સ્થાવર-જંગમ જગત દેખાય છે તે (કોઈ પણ પદાર્થ ક્રિયાવગર ઉત્પન્ન થવાનો અસંભવ હોવાથી) કોઇ પણ જાતની ક્રિયાથી ઉત્પન્ન થાય છે તો આ આકાશગમન આદિ સિદ્ધિઓ શી રીતે અને કયી ક્રિયાવડે મળે એમ આપના અનુભવમાં આવે છે ?[૧૬] હે મહારાજ ! કેવલ એક યત્નસાધ્ય એવી કયી ક્રિયાના ઘાટા અભ્યાસનું આકાશગમનાદિક ફલ છે ?[૧૭] હે સમર્થ મહારાજ ! આત્મજ્ઞાની પુરુષ લીલાથી અને અજ્ઞાની પુરુષ સિદ્ધિઓના લોભથી પણ શી રીતે સિદ્ધિઓને મેળવી શકે છે તે આપ કહો.[૧૮]

શ્રીવસિષ્ઠ કહે છેઃ—હે પ્રિય રામચંદ્રજી ! આ જગતમાં સર્વત્ર સાધ્ય (મળી આવનાર) વસ્તુ ઉપાદેય, હેય, અને ઉપેક્ષ્ય, એ રીતે ત્રણ પ્રકારની જોવામાં આવે છે.[૧૯] જે કાંઈ પોતાને અનુકૂલ હોય તે ઉપાદેય ગણાવાથી માણસ યત્નવડે મેળવે છે, પોતાને પ્રતિકૂલ હોય તે હેય ગણાવાથી છોડી દે છે અને જે અનુકૂલ પણ ન હોય અને પ્રતિકૂલ પણ ન હોય તે ઉપેક્ષ્ય ગણાય છે.[૨૦] હે સારી બુદ્ધિવાળા રામચંદ્ર ! જેથી સુખ ઉત્પન્ન થાય તે ઉપાદેય, જે સુખનું વિરોધી હોય તે હેય, અને વચલી કોટિનું એટલે સુખનું સાધન પણ નહિ અને સુખનું વિરોધી પણ નહિ એવું જે હોય તે ઉપેક્ષ્ય, એમ વિદ્વાનોએ તેની વ્યવસ્થા માનેલી છે.[૨૧] વિવેકી, જ્ઞાનવાન્ અને બુદ્ધિમાન તત્ત્વજ્ઞ પુરુષની દૃષ્ટિમાં આ સર્વ જગત આત્મમય હોવાથી ઉપરના ત્રણ માંહેનો એકે પક્ષ સંભવતો નથી.[૨૨] પરંતુ કોઇ વખત ફક્ત લીલાથી આત્મજ્ઞ પુરુષ જગતને ઉપેક્ષ્ય તરીકે ગણી તે તરફ જુવે છે, અને વખતે સીંદરીમાં સર્પની પેઠે અધ્યસ્ત (ભ્રાંતિથી ઉઠેલું) હોવાથી તે તરફ દૃષ્ટિ પણ નથી રાખતા.[૨૩] આ જગત બોધવાન પુરુષની દૃષ્ટિમાં ઉપેક્ષ્ય, મૂઢ પુરુષની દૃષ્ટિમાં ઉપાદેય, અને તીવ્ર વૈરાગ્યવાન પુરુષની દૃષ્ટિમાં હેય ગણાય છે, હવે સિદ્ધિઓ શી રીતે મળે છે તેનો ક્રમ કહું તે સાંભળો.[૨૪]

દેશ, કાલ, દ્રવ્ય અને ક્રિયા, એ સાધનોથી સર્વ સિદ્ધિઓ મેળવી શકાય છે. વસંતઋતુ જેમ ભૂતલને પ્રફુલ્લ કરી દે છે તેમ એ સર્વ સિદ્ધિઓ માણસના મનને પ્રફુલ્લ (આનંદિત) બનાવી દે છે.[૨૫] હે સુશીલ રામચંદ્રજી ! સિદ્ધિ આદિક મેળવવાનાં દેશ-કાલ આદિ ચાર સાધનમાં પણ ક્રિયા એ મુખ્ય સાધન છે; કેમકે સઘળા ક્રમો ક્રિયાને આધારેજ હોય છે.[૨૬] આકાશગમનાદિક સિદ્ધિઓને માટે સિદ્ધગુટિકા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિદ્ધાંજન, સિદ્ધખડ્ગ, સિદ્ધપાદુકા, ઇત્યાદિ ક્રિયાનો ક્રમ તંત્રગ્રંથોમાં નિરૂપણ કરેલો છે, પરંતુ તેનું અહીં વર્ણન કરવું તે, અજ્ઞાની શ્રોતાજનોના મનને લોભમાં નાખી તેમાંજ પ્રવૃત્તિ કરાવી દે એવા હેતુથી દોષરૂપ છે અને એ વિષયનો વિસ્તાર તમને પણ આ ચાલતા પ્રસંગમાં વિઘ્નરૂપ છે તેથી અહીં કહેવાને યોગ્ય નથી.[૨૭] વળી એ સિદ્ધિઓમાટે મણિ, મંત્ર, તપ, ઔષધ ઇત્યાદિ ક્રિયાના ક્રમનું નિરૂપણ પણ ભલે હોય પરંતુ તેનો પણ વિસ્તાર કરવો એ ચાલતા પ્રસંગમાં વિઘ્નરૂપ છે.[૨૮] હે કૃતાર્થ રામચંદ્ર ! શ્રીશૈલ અને મેરૂપર્વત આદિ સિદ્ધદેશોમાં નિવાસ કરવાથી પણ સિદ્ધિ મળે છે પણ એ સઘળો વિસ્તાર પણ ચાલતા પ્રસંગમાં વિઘ્નરૂપજ છે.[૨૯] માટે શિખિધ્વજ રાજાની કથાના ચાલતા પ્રસંગમાં આવેલ સિદ્ધિ આપનાર પ્રાણાદિ પવનના (પ્રાણાયામના) અભ્યાસની ક્રિયા હું કહું તે સાંભળો.[૩૦] સાધ્યસંબંધી અને સાધનસંબંધી સર્વ માનસિક વાસનાઓને છોડી દઈ સિદ્ધાસનાદિક આસન વગેરે યોગશાસ્ત્રોક્ત ક્રિયાના ક્રમોવડે, ગુદાદિ દ્વારને સંકુચિત કરી ભોજન, આસન આદિની શુદ્ધિવડે, શુભ શાસ્ત્રોના અર્થનું સારી રીતે પરિશીલન કરવાથી, સદાચારથી, સત્સંગથી, સર્વનો ત્યાગ કરવાથી, સુખાસનથી, પ્રાણાયામના ઘાટા અભ્યાસથી, કોપ લોભ, ઇત્યાદિ છોડી દેવાથી, ભોગોનો ત્યાગ કરવાથી; પૂરક, કુંભક અને રેચક પ્રાણાયામનો અત્યંત અભ્યાસ કરવાથી, યોગીના પ્રાણાદિક સર્વ વાયુઓ તેના તાબામાં આવી જવાનેલીધે હે સદાચરણી રામચંદ્રજી ! રાજાને જેમ સર્વ નોકરો આધીન રહે તેમ એ યોગીપુરુષને સર્વ પ્રાણાદિક પવનો સ્વાધીન થઇ જાય છે.[૩૧-૩૪] હે રામચંદ્રજી ! રાજ્યથી માંડી મોક્ષપર્યંત સર્વ સિદ્ધિઓ દેહના પ્રાણ આદિ વાયુને આધીન હોવાથી સર્વ યોગ્ય અધિકારીથી મેળવી શકાય છે.[૩૫] ચારેકોર નાડીઓથી વીંટાઈ જવાનેલીધે વલયના જેવા આકારવાળી, સર્વ મર્મસ્થાનોમાં રહેલી, શતનાડીઓના આશ્રયરૂપ, વીણાના મૂલમાં રહેલ રેખાના જેવી અથવા જલમાં પડતા આવર્તના જેવી, લખવામાં અર્ધ ૐકારના આકાર જેવી, અને કુંડલના આવર્તની પેઠે રહેલી, આંતરડાંઓથી વીંટાએલી હોવાથી આંત્રવેષ્ટનિકા એવા નામથી ઓળખાતી એક નાડી છે કે જેને સુષુમ્ણા એમ પણ કહે છે.[૩૬,૩૭] એ નાડી દેવ, અસુર, મનુષ્ય, મૃગ, ગુડ, તથા પક્ષિ આદિમાં અને કીટથી માંડી બ્રહ્મા પર્યંત સર્વ પ્રાણિયોમાં રહેલ છે.[૩૮] ટાઢથી પીડાવાનેલીધે ગુંચળું વળી સૂતેલા સર્પના દેહની પેઠે ગુંચળું વળી રહેલી, ધોળી, પ્રલયાગ્નિનો સંપર્ક થવાથી સ્રવતા ચંદ્રમાના જેવા વલયાકારવાળી, મૂલાધારથી માંડી ભ્રકુટીના મધ્ય ભાગસુધી તમામ છિદ્રોમાં અનુસ્યૂત એવી એ નાડી, અંદર મનોવૃત્તિવડે અને બહાર પ્રાણાદિકવડે ચંચલ રહે છે.[૩૯,૪૦] એ નાડીના કેળના ગર્ભ જેવા કોમળ અંદરના ભાગમાં, વીણાના વેગના જેવી અસ્ફુટ ગતિવાળી, જે પરમ ચિચ્છક્તિ સ્ફુરે છે, વલયના જેવા ગોળ આકારવાળી એ ચિચ્છક્તિ, કુંડલી એવા નામથી કહેવામાં આવે છે. સર્વ પ્રાણિમાત્રની એ પરમ શક્તિ છે અને પ્રાણ ઇંદ્રિયો ઇત્યાદિ સર્વ શક્તિઓને સત્તા સ્ફૂર્તિ પ્રવૃત્તિ વગેરેથી એજ વેગ આપે છે.[૪૧,૪૨] પ્રાણને ઉપર લઇ જવાથી અને અપાનને નીચે લઈજવાથી છંછેડેલી સર્પિણીની પેઠે નિરંતર નિશ્વાસ નાખતી ઉંચા મુખવાળી એ કુંડલી સત્તાસ્ફૂર્તિરૂપ રહેલ છે.[૪૩] જ્યારે પ્રાણવાયુ હૃદયમાં કુંડલિનીના સ્થાનમાં પહોંચે છે ત્યારે અપંચીકૃત ભૂતના કાર્યરૂપ અંતઃકરણમાં પ્રતિબિંબિત થયેલ જીવચૈતન્ય સ્મૃતિ, સંકલ્પ, નિશ્ચય, અભિમાન,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાગ, આદિ અનેક વૃત્તિઓરૂપે ઉદય પામે છે.[૪૪] રૂપાદિક વિષયોના મૃદુ સંબંધથી ઉદય પામી એ કુંડલિની કમલમાં ભમરીની પેઠે જેવી જેવી રીતે દેહમાં સ્ફુરે છે તેવી તેવી રીતે અંદર જીવચૈતન્ય ઈંદ્રિયદ્વારા રૂપાદિ વિષયની સ્ફૂર્તિ અને ફલભોગ આદિ અનેક રૂપે પ્રકાશે છે.[૪૫] કુંડલિની એવી રીતે વેગથી સ્ફુરે છે કે પ્રથમ ચક્ષુ આદિક મૃદુ ઈંદ્રિયો સાથે રૂપાદિક વિષયનો સંબંધ થાય છે અને પછી દેહયંત્રને ચલાવનાર પ્રમાતા વૃત્તિદ્વારા બહાર નીકળી વિષય સાથે મળે છે કે જેથી આવરણનો ભંગ થઇ ઘટાદિ જ્ઞાનનો સ્ફુટ ઉદય થાય છે.[૪૬] હૃદયકોશ સાથે સંબંધ રાખનાર સર્વ નાડીઓ એ કુંડલિની સાથેજ બંધાયેલી છે. એ નાડીઓ કુંડલિનીમાંથી ઉત્પન્ન થાય છે અને જેમ નદીઓ છેવટ મહાસમુદ્રમાં મળી જાય છે તેમ એ સર્વ નાડીઓ છેવટ કુંડલિનીમાં મળી જાય છે.[૪૭] પ્રાણરૂપે નિરંતર ઊર્ધ્વગમન કરવાથી અને અપાનરૂપે નિત્ય અધોગમન કરવાથી સર્વના સાધારણ કારણરૂપ એ કુંડલિનીજ પ્રાણશક્તિ, ઈંદ્રિયશક્તિ, બુદ્ધિશક્તિ, ઇત્યાદિ સર્વ સંવિદ્‌ના બીજરૂપ છે.[૪૮]

શ્રીરામચંદ્રજી પૂછે છેઃ—કલ્પથી માંડી યાવત્સૃષ્ટિ સર્વ અનવચ્છિન્ન જ્ઞાનાત્મક ચૈતન્યરૂપ છે તો પછી કુંડલિની કોશથી વળી બીજો શો અર્થ ઉદય પામે છે ?[૪૯]

શ્રીવસિષ્ઠ કહે છેઃ—હે નિષ્પાપ રામચંદ્રજી ! સર્વત્ર સર્વકાલ બધું સંવિત્‌રૂપ ચિન્માત્ર છે. પરંતુ તે ચૈતન્યનો ઉદય ક્વચિત્ સ્થૂલદેહ અને સૂક્ષ્મદેહને આકારે પરિણામ પામેલ પંચ તન્માત્રાનેલીધેજ થાય છે.[૫૦] જેમ સૂર્યનો તડકો સર્વત્ર પ્રસાર પામતાં છતાં પણ ભીંત વગેરે પદાર્થોરૂપ ઉપાધિમાં વિશેષ પ્રતીત થાય છે, તેમ ચૈતન્યસત્તા સર્વત્ર વ્યાપ્ત છતાંપણ સ્થૂલદેહરૂપ અને સૂક્ષ્મદેહરૂપ ઉપાધિમાંજ વિશેષ પ્રતીત થાય છે.[૫૧] એ સર્વવ્યાપિ ચૈતન્ય કોઇ માટી પથ્થર આદિ વસ્તુઓમાં અવિદ્યાના જાડ્યાંશથી તિરોહિત થઇ જવાને લીધે દેખાતું નથી, કોઇ દેવ મનુષ્ય આદિમાં સ્પષ્ટ દેખાય છે અને કોઇ વૃક્ષાદિકમાં અસ્પષ્ટપણે જણાતાં છતાં બહાર નથી દેખાતું; પરંતુ સત્તારૂપથી તે સર્વત્ર વ્યાપ્તજ છે.[૫૨] હે નિર્મલ રામચંદ્રજી ! મનુષ્યદેહમાં તથા પશુ—સ્થાવરાદિક દેહમાં જે રીતે એ ચૈતન્યનો આવિર્ભાવ થાય છે, તે હું ફરીથી તમને ક્રમથી કહુ છું.[૫૩] આ સઘળું સ્થાવર—જંગમાત્મક જગત ચિન્માત્ર સત્તારૂપ, સર્વ ધર્મોથી શૂન્ય આકાશના જેવું અસંગ, સર્વવ્યાપક, પરમસૂક્ષ્મ, પરબ્રહ્મરૂપજ છે.[૫૪] ચિન્માત્ર, સત્તારૂપ, નિર્વિકાર, નિર્દોષ, એ અધિષ્ઠાન ચૈતન્યજ કોઇ ઠેકાણે આકાશાદિ ભૂતસૂક્ષ્મોના અધ્યાસવડે પંચતન્માત્રારૂપ બની જઇ એજ પંચતન્માત્રાથી પ્રાણ, મન, બુદ્ધિ, જ્ઞાનેંદ્રિય, કર્મેંદ્રિય, એમ પાંચ પ્રકારે કલ્પાયેલાં લિંગશરીરમાં પ્રતિબિંબિત થઇ, જેમ એક દીવામાંથી સો દીવા થઇ શકે છે તેમ માયાથી અધ્યાસવડે જન્માદિ વિકારવાળા દ્વૈતભાવને પામી અનેક જીવરૂપ બની જાય છે. પણ વસ્તુતઃ તમારા ચિદ્રૂપનોજ એ સઘળો વિવર્ત્ત છે.[૫૫,૫૬] કેટલાંક પંચકો (પ્રાણાદિ પંચકઘટિત લિંગશરીરો) સત્તામાત્રથીજ સ્ફુરેલા દેવ મનુષ્ય આદિ આકારની વાસનાને અનુસરનારા સંકલ્પવડે દેવમનુષ્યાદિક દેહભાવને, કેટલાંક પક્ષ્યાદિક દેહભાવને, કેટલાંક ધત્તુરાદિ સ્થાવર દેહભાવને, કેટલાંક દેશાદિભાવને, અને કેટલાંક દ્રવ્યાદિભાવને પ્રાપ્ત થાય છે.[૫૭,૫૮] હે રામચંદ્રજી ! એપ્રમાણે પંચકની સ્ફૂર્તિથીજ આ જગતની પ્રતીતિ થાય છે એમ નિશ્ચય છે અને એ સર્વ ઠેકાણે ચૈતન્યસત્તાજ વ્યાપી રહેલી છે.[૫૯] મનુષ્યદેહાદિકમાં ચૈતન્ય-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતિબિંબિત, પ્રાણ, મન, બુદ્ધિ, જ્ઞાનેંદ્રિય, કર્મેંદ્રિય, એ પંચકવડે બનેલા લિંગશરીરનું પ્રાધાન્ય હોવાથી તેની ચેતનસંજ્ઞા પડે છે. કોઇ પક્ષ્યાદિક શરીરમાં લિંગદેહનું અને સ્થૂલદેહનું સમાનપણું હોવાથી તે જડચેતન કહેવાય છે અને સ્થાવરાદિકમાં લિંગશરીર પ્રચ્છન્ન હોવાને-લીધે ચેતનપણું ન જણાયાથી તે જડ સંજ્ઞાથી ઓળખાય છે.[૬૦] જેમ સમુદ્ર કોઈ ઠેકાણે સ્થલના જેવો સ્થિર અને કોઇ ઠેકાણે લહેરોથી ચંચળ જેવો દેખાય છે, તેમ ચિત્સત્તા લિંગદેહોનેવિષે કોઇ ઠેકાણે જડ રૂપે અને કોઇ ઠેકાણે ચેતનરૂપે પ્રતીત થાય છે.[૬૧] જેમ ક્યાંય સ્થિર રહેવાથી અને ક્યાંય ચંચલ રહેવાથી સમુદ્રનું સમુદ્રપણું જતું રહે છે શું ? નથી જતું રહેતું. તેમ એ ચૈતન્યમાં સુર, નર, તિર્યગાદિ અનેક વિકલ્પો રહ્યા છતાં પણ એ નિર્લેપ ચૈતન્ય સદાસર્વદા અક્ષતજ છે.[૬૨] જડચેતન આદિ વિભાગ તો આત્મામાં અધ્યસ્ત પ્રાણાદિ પંચકથી થયેલ લિંગદેહવડેજ કલ્પાયેલ છે. હે નિર્દોષ રામચંદ્રજી ! દેહાદિ આકારરૂપે પરિણામ પામેલું લિંગશરીર મનુષ્યાદિ દેહમાં પ્રાણધારણથી પ્રકટ થયેલા સ્ફૂર્તિચૈતન્યવડે ચેતન સંજ્ઞાવાળું છે; શૈલાદિકમાં ચેતનસત્તા પ્રતીત ન થવાથી તે જડ કહેવાય છે, અને સ્થાવરાદિ શરીરમાં અંદર ચેતન છતાં બહારના પવનાદિવડે ચલનવલન થાય છે. આ સઘળા વિકલ્પો, સ્વભાવથીજ જોવામાં આવે છે.[૬૩] હે રામચંદ્રજી ! જડચેતનાદિક સઘળો વાણીનો વ્યવહારજ અન્યોન્ય વિરુદ્ધ ધર્મવાળો છે, બાકી તેમાં રહેલી નિર્લેપ ચેતનસત્તા એકજ હોવાથી તેના સ્વરૂપમાં વિરુદ્ધ ધર્મોનો અવકાશજ સંભવતો નથી. તેમ શીત-ઉષ્ણ આદિ અને હિમ—અગ્નિ આદિ વાણીનો વ્યવહાર જો કે વિરુદ્ધ ધર્મવાળો છે તોપણ તેમાં રહેલી વ્યાપક ચેતનસત્તામાં વિરુદ્ધ ધર્મોનો કશો અવકાશ નથી.[૬૪] ગ્રહણ કરેલ વાસનાના અંશને અનુસરનારાં અને અન્યોન્ય વિરુદ્ધ સ્વભાવરૂપે વિકાર પામેલાં લિંગશરીરોની દૃઢ થઇ ગયેલી પરસ્પર વિરુદ્ધ ધર્મવાળી સ્થિતિઓજ શીતોષ્ણાદિક અને જડચેતનાદિક વાગ્વ્યવહારમાં હેતુરૂપ છે, જેથી વિવેકી પુરુષે, ચિત્તને વિરુદ્ધ વિકલ્પોમાં લઇ જવા માટે વિરુદ્ધ વિકલ્પોવાળી વિપરીત વાસનાઓજ જડચેતનાદિ પરસ્પર વિરુદ્ધ વ્યવહારમાં કારણરૂપ કલ્પેલ છે.[૬૫-૬૬] પ્રાણિઓના અશુભ એટલે પશુવૃક્ષાદિભાવ થવામાં અને શુભ એટલે દેવાદિભાવ થવામાં સુપ્તવાસનાવાળું અને પ્રબુદ્ધવાસનાવાળું લિંગશરીરજ કારણરૂપ છે. જેથી એમ નિશ્ચય થાય છે કે સર્વ ધર્મોના વિરુદ્ધપણામાં વાસનાજ એક હેતુરૂપ છે.[૬૭] વળી જે ઠેકાણે હેતુપણું માનવાથી કાંઈ ફલ દેખાતું હોય ત્યાં તેની કલ્પના ઘટિત ગણાય છે. તો વાસનાને હેતુરૂપ માનવાથી તેના ક્ષયમાં પ્રવૃત્ત થએથી પરમપદ મળવાનો લાભ હોવાનેલીધે તેમાં મોટું ફલ રહેલું દેખાય છે અને સ્વભાવાદિકને હેતુરૂપ માનવાથી તે અનિવર્ત્ય હોવાનેલીધે કશું ફલ જણાતું નથી. જેમકે આકાશને મુષ્ટિવડે પ્રહાર કરવા કરતાં તે નિષ્ફલ હોવાથી ન કરવો એજ વધારે સારું છે.[૬૮] જ્ઞાનસંપન્ન પુરુષોની દૃષ્ટિમાં વાસનાનો ક્ષય થવાથી પરમાત્માનો લાભ થઇ જવાનેલીધે મેરુ આદિ સુવર્ણરાશિઓ પણ તણખલા જેવા તુચ્છભાસે છે અને વિવેકવાન દેવ નર આદિના ચરાચર દેહો પણ કીટાદિ જેવા અતિ તુચ્છ જણાય છે.[૬૯] કેટલાક પદાર્થો પ્રસુપ્ત વાસનાવાળા ગણાય છે કે જેની વાસના માત્ર સંસ્કારરૂપે રહી સૂતેલી છે અને આગળ જતાં પ્રબુદ્ધ થવાની હોય છે; જેમકે સ્થાવરાદિક. જેઓની વાસના હાલજ પ્રબુદ્ધ થયેલી હોય તેને પ્રબુદ્ધ વાસનાવાળા કહેવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે છે; જેમ કે મનુષ્ય-દેવાદિ.[૭૦] પશુ-પક્ષી આદિ કેટલાંક કલુષિત વાસનાવાળાં હોય છેઃ જેઓએ સર્વ વાસના છોડી દીધેલ હોય તેઓજ માત્ર વાસના રહિત ગણાય છે કે જેઓ મોક્ષ-જેવા પરમ પુરુષાર્થને મેળવે છે.[૭૧] વાસનાની વિચિત્રતાથીજ હાથ-પગ આદિ અવયવોવાળા, દેવ-મનુષ્ય આદિરૂપે પરિણામ પામેલા એ અનેક લિંગદેહોએ વ્યવહાર સિદ્ધ થવા માટે પોતપોતાના અવયવાદિક સંકેતોમાં મન, બુદ્ધિ, અહંકાર, ચિત્ત, ચક્ષુ, પ્રાણ, ઇત્યાદિ અનુકૂલ પડતી અનેક સંજ્ઞાઓ કલ્પી લીધેલી છે.[૭૨] બીજાં પક્ષ્યાદિકોએ અને સ્થાવરાદિકોએ પણ પોતપોતાની વાસનાને અનુસરનારા વ્યવહારને યોગ્ય એવા અનેક અવયવાદિ સંકેતો કલ્પેલા છે.[૭૩] હે સુશીલ રામચંદ્રજી! એ પ્રમાણે વાસનાની વિચિત્રતાથી વિચિત્ર દેખાતા અનંત લિંગદેહો આદિમાં, અંતમાં અને મધ્યમાં અધ્યસ્તરૂપે જડ તથા વિકારવાળાં, અને અધિષ્ઠાનરૂપે નિર્વિકાર અને ચિદ્રૂપ એવાં અનેક રૂપોથી, સ્ફુર્યા કરે છે.[૭૪] હે પૃથ્વીપતિ રામચંદ્રજી! તેઓની સમષ્ટિમાં અહંભાવને પ્રાપ્ત થએલ કોઇ એક (બ્રહ્મા) નો એકજ સંકલ્પપરમાણુ આ સૃષ્ટિઓરૂપ આકાશવૃક્ષોનું બીજ છે, કે જેની અંદર અનેક લિંગદેહો ભમ્યા કરે છે. અહો એ કેવી માયા છે![૭૫] ઇંદ્રિયો, એ સૃષ્ટિરૂપ આકાશવૃક્ષોનાં શબ્દાદિ વિષયાત્મક સુગંધથી ભરપૂર પુષ્પસ્થાનમાં છે. ઇચ્છારૂપ ભ્રમરીઓ તેમાં ગુંજાર કર્યા કરે છે. ચંચલ ક્રિયાઓરૂપી મંજરીઓ તેમાં લાગી રહી છે.[૭૬] સ્વચ્છ સ્વર્ગાદિક લોકાંતરો તે સંસારવૃક્ષની શાખાઓ છે. મેરુપર્વતસહિત સર્વ પર્વતો તેનું મૂલ છે. શ્યામ મેઘો તેના પલ્લવરૂપ છે અને દશ દિશાઓ તેની ચંચલ લતારૂપ છે.[૭૭] હે રામચંદ્રજી! જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્‌ભિજ્જ આદિ શરીરો જે કાંઇ વર્તમાન છે, હવે પછી થવાનાં છે અને આગળ થઇ ગયેલ છે તે સર્વ આ સંસારવૃક્ષનાં અનંત ફલરૂપ છે.[૭૮] હે રામચંદ્રજી! પંચતન્માત્રારૂપ બીજથી અભિવ્યક્ત થયેલ અને પ્રાણ, મન, બુદ્ધિ, જ્ઞાનેંદ્રિય અને કર્મેંદ્રિય, એ પંચકવડે અનુભવમાં આવતાં સંસારવૃક્ષો અવિવેકનેલીધે પોતાના આત્મામાંથીજ ઉત્પન્ન થાય છે અને (જ્ઞાન થયેથી) કાલેકરી પોતાની મેળે પાછાં તેમાંજ લીન થઇ જાય છે.[૭૯] અજ્ઞાનનેલીધે તે પોતાની મેળેજ નાનાપણાનેપ્રાપ્ત થઇ, ઘણા કાલસુધી સ્ફુર્યા કરે છે અને જો વિવેકદૃષ્ટિથી જોવામાં આવે તો સમુદ્રમાં કલ્લોલોની પેઠે સર્વ (આત્માનો વિવર્ત્ત હોવાથી) આત્મામાંજ લીન થઇ જાય છે.[૮૦] અજ્ઞાનથી બાહ્યાકારદૃષ્ટિવડે જોતાં તે વિસ્તીર્ણ જોવામાં આવે છે પરંતુ વિવેકદૃષ્ટિથી વિચારી જોતાં જેમ સમુદ્રમાંથી થતા તરંગો સમુદ્રમાંજ પાછા સમાઈ જાય છે તેમ અધિષ્ઠાન ચૈતન્યમાં અવિદ્યાથી પ્રતીત થતો સઘળો પ્રપંચ પાછો એ અધિષ્ઠાન ચૈતન્યમાંજ સમાઈ જાય છે.[૮૧] હે રામચંદ્રજી! જે જીવો વાસના ક્ષય થયા સુધી વિવેકદૃષ્ટિમાંજ રહ્યા કરે છે તેઓ પાછા જન્મ મરણ દેહધારણ આદિ સ્થિતિને ફરીવાર ભોગવતાજ નથી અને બીજાઓ આ સંસારચક્રમાં વારંવાર ભમ્યા કરે છે.[૮૨]

ये विवेकवशमालयं गता राम पंचकविलासराशयः॥ ते न भूय इह यांतिं संस्थितिं मभ्रमंति जगतीतरे मुहुः ॥ ८२ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'પંચકવિલાસ' એ નામનો એશીમો સર્ગ સંપૂર્ણ. ૮૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્ગ ૮૧ મો.*

આધિ-વ્યાધિની ઉત્પત્તિ તથા તેની શાંતિના ઉપાય ઈત્યાદિ

॥ श्रीवसिष्ठ उवाच ॥

एतत्पंचकबीजं तु कुंडलिन्यां तदंतरे ॥
प्राणमारुतरूपेण तस्यां स्फुरति सर्वदा ॥१॥

શ્રીવસિષ્ઠ કહે છેઃ—આ સ્થૂલદેહની અંદર મૂલાધારમાં રહેલ કુંડલિનીવિષે લિંગશરીરના ઉપાદાનરૂપ ભૂતસૂક્ષ્મ, પ્રથમ પ્રાણ—પવનરૂપે નિરંતર સ્ફુર્યા કરે છે.[1] અંદર પ્રાણરૂપે સ્ફુરેલી કુંડલિની શક્તિ, સ્પંદ, સ્પર્શ, સંવિત્, કલા, એવાં નામોવડે અનેક રીતે કહેવામાં આવે છે. કલ્પના કરવાનેલીધે તે કલા કહેવાય છે, ચેતનપણાથી ચિત્ કહેવાય છે,[2] જીવનપણાનેલીધે જીવ કહેવાય છે, મનન કરવાથી તે મનરૂપે કહી શકાય છે, સંકલ્પ કરવાથી તે સંકલ્પરૂપે કહેવામાં આવે છે, નિશ્ચય કરવાથી તે બુદ્ધિ એવા નામથી ઓળખાય છે,[3] અહંભાવ થવાથી તે અહંકાર કહેવાય છે. એ સર્વોત્તમ કુંડલિની નામની જીવશક્તિ સર્વદા દેહમાં રહે છે, અને પુર્યષ્ટક એવા નામથી પણ કહેવામાં આવે છે.[4] એ કુંડલિની નિરંતર અપાન વાયુરૂપે નીચે રહે છે; સમાન વાયુરૂપે નાભિમાં રહે છે, અને ઉદાન વાયુરૂપે ઉપરના ભાગમાં કંઠાદિ પ્રદેશમાં રહે છે.[5] નીચે અપાન વાયુરૂપે અને ઉપર ઉદાન વાયુરૂપે રહેવાથી વચમાં પોતાને એ બન્નેનું આકર્ષણ થયા છતાં પણ પોતે નિરંતર નિશ્ચલ બલવાન અને સ્વસ્થજ રહે છે.[6] જો એ જીવસંવિત્ સમાન વાયુવડે યત્નથી ન ધારણ કરી શકાય અને અપાનવાયુવડે સર્વ યત્નથી નીચેની તરફ ખેંચાય તો તે નીચે જાય છે અને અધોમાર્ગદ્વારા બલાત્કારથી બહાર નીકળી જતાં માણસ મરણને શરણ થાય છે.[7] તેમજ જો યુક્તિથી ન ધારણ થઈ શકાતાં સમસ્ત યત્નથી ઉદાન વાયુવડે ઊર્ધ્વ ભાગમાં ખેંચાઇ ઉપર ચડી જાય તોપણ તે બલાત્કારથી બહાર નીકળી જતાં પુરુષ મૃત્યુવશ થાય છે.[8] ઊર્ધ્વભાગ તરફ તથા અધોભાગ તરફ જવું-આવવું છોડી દઈ સર્વથા એ કુંડલિની દેહનેવિષે સમાન વૃત્તિવડેજ રહે તો અંદર પવનનો નિરોધ થવાથી પ્રાણાયામવડે મનુષ્યનો જે કાંઇ વ્યાધિ હોય તે સર્વ નષ્ટ થઇ જાય છે.[9] એક સો નાડીઓ શરીરમાં મુખ્ય ગણાય છે અને બાકીની બીજી નાડીઓ સામાન્ય ગણાય છે. સામાન્ય નાડીમાં કફ-પિત્તાદિ દોષ વધી જવાથી તેમાં અન્નરસ પહોંચાડનારી પ્રાણશક્તિનો વ્યાપાર બંધ પડી જાય તો સામાન્ય વ્યાધિ થાય છે અને મુખ્ય નાડીઓમાં તેમ થવાથી જો વ્યાપાર બંધ પડી જાય તો પ્રધાન વ્યાધિ (મહાવ્યાધિ) થાય છે.[10]

શ્રીરામચંદ્રજી પૂછે છેઃ—હે મુનિઓમાં શ્રેષ્ઠ ગુરુમહારાજ ! શરીરમાં આધિઓ અને વ્યાધિઓ શી રીતે ઉત્પન્ન થાય છે અને કેમ કરવાથી નાશ પામી જાય છે તે આપ મને બરાબર કહો.[11]

શ્રીવસિષ્ઠ કહે છેઃ—આધિ અને વ્યાધિ એ બન્ને દુઃખનું કારણ છે. ઔષધાદિકવડે તેની તત્કાલ શાંતિથી સુખ થાય છે અને જ્ઞાનવડે આત્યંતિક નિવૃત્તિ થાય તો તે મોક્ષ કહેવાય છે.[12] આધિ અને વ્યાધિ એ બન્ને કોઇ વખત એકબીજાના નિમિત્તરૂપ થઇ શરીરમાં ક્રમે કરીને થાય છે; કોઇ વખત એક કાલે એવાં સાધનો મળી આવવાથી શરીરમાં બન્ને સાથે પેદા થાય છે અને કોઇ વખત ક્રમવાર પણ થાય છે.[13]

* આ એકાશીમા સર્ગમાં કુંડલિનીના પ્રસંગથી રોગોની ઉત્પત્તિ થવાના તથા શાંતિ થવાના ક્રમો અને સિદ્ધિઓ તથા સિદ્ધદર્શન આદિના ઉપાયો, એ વગેરે કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેહસંબંધી જે કાંઇ દુઃખ છે તે વ્યાધિ કહેવાય છે અને વાસનામય માનસિક વ્યથાને આધિ એવા નામથી કહેવામાં આવે છે. એ બન્નેનું મૂળ તપાસતાં અજ્ઞાનજ જણાય છે અને તત્ત્વજ્ઞાનથી તેનો નિઃશેષ ક્ષય થઇ જાય છે.[૧૪] અજ્ઞાનનેલીધે પોતાની ઇંદ્રિયોનો નિગ્રહ નહિ થવાથી ચિત્તમાં સ્વસ્થતા રાખનારા સૂક્ષ્મભાવને છોડી દઈ અહર્નિશ રાગ-દ્વેષમાં રૂંધાઈ જઇ આ મળ્યું અને આ ન મળ્યું એવી ચિંતાથી ઘાટા મોહને આપનારી આધિઓ વર્ષાઋતુમાં ઝાકળની પેઠે કેવળ અજ્ઞાનથીજ આવી પડે છે.[૧૫,૧૬] અત્યંત ઇચ્છાઓ સ્ફુરવાથી તથા અજ્ઞાનથી, ચિત્ત ન જીતાવાનેલીધે, દુષ્ટ અન્ન જમવામાં આવવાથી, સ્મશાન આદિ નઠારાં સ્થળોમાં ફરવાથી, સંધ્યાદિક નિષિદ્ધ વખતમાં ભોજન, મૈથુન આદિ વ્યવહાર કરવાથી, દુષ્ટ કર્મોનું ચિત્તમાં સ્ફુરણ કરવાથી, દુર્જનોના સંગદોષથી, વિષ, સર્પ, વ્યાઘ્ર આદિની શંકાઓ મનમાં આવવાથી, નાડીઓનાં છિદ્રોમાં અન્નરસ ન જવાનેલીધે તે ક્ષીણ થઇ જઇને કિંવા બમણો રસ ચડવાથી બહુ પૂર્ણ થઇ જઇને કફ-પિત્તાદિ દોષથી પ્રાણ વ્યાકુલ થઇ જવાનેલીધે શરીર વિકલ થઇ જવાથી, ઇત્યાદિ દોષોથી અસ્વસ્થતાના કારણરૂપ વ્યાધિ શરીરમાં ઉત્પન્ન થાય છે, કે જેથી વર્ષાઋતુથી અને ગ્રીષ્મ ઋતુથી જેમ નદીનો આકાર બદલાઈ જાય, તેમ શરીરનો આકાર બદલાઈ જાય છે.[૧૭-૨૦] પૂર્વજન્મની હોય કે આ જન્મની હોય, શુભ હોય કે અશુભ હોય, પરંતુ જે બુદ્ધિ બલવાળી હોય, તે તેવા આધિ-વ્યાધિના ક્રમ તરફ મનુષ્યને લઇ જાય છે.[૨૧] પંચભૂતથી બનેલા આ સ્થૂલ દેહમાં અને લિંગદેહમાં એ રીતે આધિઓ અને વ્યાધિઓ ઉત્પન્ન થાય છે. હે રઘુકુલને શોભાવનાર રામચંદ્ર! એ આધિઓ અને વ્યાધિઓ શી રીતે નાશ પામે છે તે વિષે હું કહું છું તે સાંભળો.[૨૨] વ્યાધિ બે પ્રકારનો છે, એક સામાન્ય અને બીજો દૃઢતર. ક્ષુધા તૃષા—સ્ત્રી પુત્રાદિકની ઇચ્છા, એ વગેરેથી થયેલો વ્યાધિ સામાન્ય ગણાય છે અને જન્માદિ વિકાર આપનાર (વાસનામય) વ્યાધિ દૃઢતર કહેવાય છે.[૨૩] અન્નપાન સ્ત્રીપુત્રાદિક ઇચ્છિત વસ્તુ મળી જવાથી વ્યાવહારિક સામાન્ય વ્યાધિ નષ્ટ થઇ જાય છે. આધિઓનો નાશ થઈ જવાથી આધિજન્ય વ્યાધિઓ પણ ક્ષય પામી જાય છે.[૨૪] પરંતુ હે રામચંદ્રજી ! આત્મજ્ઞાન થયા વિના, દૃઢતર જન્મ-મરણાદિ આપનારો વાસનામય વ્યાધિ મટતોજ નથી. જેમ કે શીંદરીમાં અજ્ઞાનથી થયેલી સર્પભ્રાંતિ શીંદરીનું ખરૂં જ્ઞાન થયાવિના મટતીજ નથી.[૨૫] વર્ષાઋતુની નદી કિનારાનાં સર્વ વૃક્ષોને જેમ ઉખેડી નાખે છે તેમ, જો દૃઢતર જન્મ—મરણાદિ વ્યાધિનો ક્ષય થાય તો તે સર્વ આધિ-વ્યાધિઓને મૂલમાંથી ઉખેડી નાખે છે.[૨૬] જે વ્યાધિઓ આધિવિના ઉત્પન્ન થાય છે તે તો વૈદ્યાદિકશાસ્ત્રોમાં કહેલા ઔષધ અને મંત્ર આદિના શુભ ક્રમોથી અથવા વૃદ્ધપરંપરાના ઉપાયોથી નિવૃત્ત થાય છે.[૨૭] લોલાર્ક આદિ તીર્થોમાં સ્નાનવિધિ, મંત્ર ઔષધ ઇત્યાદિ ઉપાયો અને લોકમાં ચાલતા વૃદ્ધપરંપરાના ઉપાયો તથા વૈદ્યકશાસ્ત્રો એ બધું તમે સારી રીતે જાણો છો. એ વિષે તમને બીજું શું કહેવાનું છે? કશું નથી.[૨૮]

શ્રી રામચંદ્રજી પૂછે છેઃ—આધિથી વ્યાધિ શી રીતે ઉત્પન્ન થાય છે અને તે પાછી ઔષધાદિક દ્રવ્યથી કે મંત્ર પુણ્યાદિક બીજી યુક્તિથી શી રીતે નિવૃત્તિ પામે છે તે કહો.[૨૯]

શ્રી વસિષ્ઠ કહે છેઃ—ચિત્ત આધિવડે પીડાયાથી શરીરમાં ક્ષોભ થાય છે. અજ્ઞાનથી ભૂલો પડેલો મનુષ્ય જેમ પાસે રહેલા માર્ગને પણ નથી દેખતો અને તે ન દેખાયાથી અવળે માર્ગે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલ્યો જાય છે; અને શસ્ત્રથી વિંધાયેલો હરિણ સીધા માર્ગને છોડી દઇ જેમ આડે અવળે માર્ગે ભાગવા માંડે છે, તેમ શરીરમાં ક્ષોભ થવાથી પ્રાણાદિ પવનો પોતાના સમાન ભાવને છોડી આડે અવળે માર્ગે ગમે તેમ ગતિ કરવા માંડે છે. અને નદીમાં હાથી પડવાથી જેમ તેનું પાણી ઉછળે છે તેમ પ્રાણનું ઉછળવું થવાથી અને આડે અવળે માર્ગે જવું થવાથી રાજાની અવ્યવસ્થાથી વર્ણાશ્રમોના ક્રમો જેમ અસ્ત-વ્યસ્ત થઇ જાય તેમ સઘળી નાડીઓ કફ-પિત્તાદિ દોષોથી પૂરાઇ જવાનેલીધે વિષમતાને પામી જાય છે.[30-33] પ્રાણોવડે ચોતરફ દેહ વિહ્વલ થઈ જવાથી નદીઓની પેઠે કેટલીક ના-ડીઓ અન્નરસથી પૂર્ણ ભરાઇ જાય છે અને કેટલીક નાડીઓ તદ્દન ખાલીજ રહી જાય છે.[34] પ્રાણના સંચારનો ક્રમ વિપરીત થઈ જવાને-લીધે કાંતો અન્નનો રસ ખરાબજ થાય છે અ-થવા તો એ અન્ન નહિ પચવાથી અજીર્ણ થાય છે કિંવા અન્નરસ બહુજ જીર્ણ થઇ જાય છે (સૂકાઇ જાય છે); તે શરીરમાં વિકાર કરનારજ થઇ પડે છે.[35] જેમ કાષ્ઠોને નદીનો વેગ (પો-તાનું વલણ પૂર્વસમુદ્રતરફ હોવાથી) પૂર્વદિશા તરફ લઇ જાય છે તેમ પ્રાણવાયુઓ ખાધેલા અન્નને રસરૂપ બનાવી દઇ અંદર પોતપોતાના સ્થાનમાં પહોંચાડી દે છે,[36] પરંતુ જે અન્ન, પ્રાણવાયુના વિષમપણાથી શરીરના અંદરના ભાગમાં ક્યાંય રૂંધાઇ રહે છે તે સ્વાભાવિક રીતે પરિણામે રસરક્ત આદિ ધાતુઓને દૂષિત કરી (બગાડી) વ્યાધિના કારણરૂપ થાય છે.[37] ઉપર કહ્યા પ્રમાણે આધિ (માનસિક પીડા) માંથી વ્યાધિ (રોગ) ઉત્પન્ન થાય છે અને આધિ મટી જવાથી વ્યાધિ પણ નાશ પામે છે. હવે મંત્રોથી જે રીતે વ્યાધિઓ નાશ પામે છે તે ક્રમ કહું તે સાંભળો.[38] જેમ સ્વભાવથીજ હરડે જુલાબ આપે છે તેમ ય ર લ વ ઇત્યાદિ મંત્રાત્મક વર્ણો તેવી તેવી શ્રદ્ધાવાળી ભાવનાઓથી તેવાં તેવાં કાર્ય કરી આપે છે.[39] હે મહાત્મા રામ-ચંદ્રજી ! જેમ કસોટીમાં ઘસાવાથી સુવર્ણ પો-તાનું નિર્મલપણું પ્રકાશિત કરે છે તેમ શુદ્ધ અને પુણ્યકર્મ કરવાથી તથા સત્પુરુષોની સેવાથી ચિત્ત નિર્મલ થઇ જાય છે.[40] હે રામચંદ્રજી પૂર્ણ ચંદ્રનો ઉદય થવાથી જેમ જગતમાં પ્ર-કાશ વધે છે તેમ ચિત્ત શુદ્ધ થવાથી શરીરમાં આનંદ વધવા માંડે છે.[41] ચિત્ત શુદ્ધ રહેવાથી પ્રાણવાયુઓ પોતાના ક્રમપ્રમાણેજ સંચાર કરે છે અને અન્નોને બરાબર (રસરૂપ કરી) પકાવી દે છે, જેથી વ્યાધિ નાશ પામે છે.[42] એ પ્રમાણે આધિ તથા વ્યાધિના નાશનો તથા ઉત્પત્તિનો ક્રમ મેં તમને કહ્યો. હવે કુંડલિનીનો પ્રસંગ ચાલતો હોવાથી તેવિષે પ્રકૃત પ્રસંગમાં ઉપયોગી કહું તે સાંભળો.[43] જેમ સુગંધનો આશ્રય મંજરી હોય છે, તેમ લિંગશરીર એવા નામથી ઓળ-ખાતા જીવની પ્રાણ એવા નામથી કહેવામાં આવતી કુંડલિનીજ મુખ્ય આધારરૂપ છે.[44] એ કુંડલિનીને પૂરક પ્રાણાયામના અભ્યાસથી કંઠકૂપથી નીચે રહેલી કૂર્મ નાડીમાં લઈ જઇ તેમાં મનનો સંયમ કરી બરાબર રાખવામાં આવે તો શરીરનું ભારેપણું અને મેરુના જેવી સ્થિરતા પ્રાપ્ત થાય છે કે જેને **ગરિમા** નામની સિદ્ધિ કહે છે.[45] પ્રાણને જ્યારે પૂરક પ્રાણાયા-મથી પૂર્ણ થએલા દેહની અંદર મૂલાધારથી માંડી બ્રહ્મરંધ્રપર્યંત લંબાયમાન કરી પ્રાણનિ-રોધથી થતી ગરમીને અને તેથી થતા શારીરિક તથા માનસિક શ્રમને સહન કરવાને એ કુંડ-લિનીને ઊર્ધ્વ ભાગમાં લઇ જવામાં આવે ત્યારે તે લાકડીનીપેઠે લાંબી થઇ અને સર્પિણીની પેઠે ઉતાવળી થઇને, લતાની પેઠે કોમળ અને દેહમાં બંધાયેલ સર્વ નાડીઓને સાથે લઈ ઊર્ધ્વભાગમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાય છે. કૂવામાંથી ઉંચે ખેંચવામાં આવતી ચામડાની બોખ પોતાની અંદર રહેલ પાણીને જેમ ઉંચે લઇ જાય છે તેમ નાડીદ્વારા અવકાશ-વગરના પવનથી પૂર્ણ અને હલકા થઇ ગયેલા આખા દેહને એ કુંડલિની (સંયમના અભ્યાસવડે) ઉંચે ઉડાડે છે, કે જેને **આકાશગમન** નામની સિદ્ધિ કહે છે.[૪૬-૪૮] એ પ્રમાણે (યોગશાસ્ત્રમાં કહેલા) *સંયમના અભ્યાસના વિલાસરૂપ અને આકાશગમનમાં ઉપયોગી એવા યોગવડે યોગિઓ જેમ દીન પુરુષો (પુરુષાર્થથી) ઈંદ્રપદને પહોંચે છે તેમ આકાશગમનાદિક ઊર્ધ્વ ગતિને પહોંચી જાય છે.[૪૯] બીજી નાડીઓમાં નહિ જવા દેતાં ફક્ત સુષુમ્ણામાંજ રેચક પ્રાણાયામવડે પ્રાણનો પ્રવાહ ચાલુ રાખી કુંડલિનીશક્તિને જ્યારે મસ્તકની અને કપાલની સંધિરૂપ કપાટની બહાર બાર આંગળ ઉપરના ભાગમાં રહેલ મૂર્દ્ધજ્યોતિમાં, મુહૂર્તપર્યંત (સંયમપૂર્વક) સ્થિર રાખવામાં આવે તો આકાશચારી **સિદ્ધ પુરૂષોનું દર્શન** થાય છે.[૫૦,૫૧]

શ્રીરામચંદ્રજી પૂછે છેઃ—અમારા જેવાની ઈંદ્રિયો દિવ્ય ન હોવાથી ચક્ષુરાદિનો સંયોગ થયા છતાં પણ સિદ્ધોનું દર્શન થવું દુર્લભ છે તો પછી ચક્ષુના તેજના સંબંધવિના ફક્ત મૂર્દ્ધજ્યોતિમાં (મસ્તક તથા કપાળની સંધિમાં રહેલાં છિદ્રની અંદરના જ્યોતિમાં) પ્રાણ ધારણ રાખવાથી સિદ્ધોનું દર્શન શી રીતે થાય ?[૫૨]

શ્રીવસિષ્ઠ કહે છેઃ—હે મહાબાહુ રામચંદ્ર ! વાયુરૂપે ઇચ્છાપ્રમાણે ગતિ કરનારા સિદ્ધપુરુષો અજ્ઞાનના આવરણથી યુક્ત અને મલિન ભૂલોકવાસી પ્રાણિયોનાં ચક્ષુ આદિક ઈંદ્રિયોવડે કે દિવ્ય ઉપાયવિના બીજા ઉપાયવડે જોવામાં આવતા નથી.[૫૩] યોગાભ્યાસવડે સંસ્કાર પામેલ ચિત્તથી બુદ્ધિરૂપી નેત્રવડે પોતાનો અભીષ્ટ અર્થ આપનારા સિદ્ધપુરુષો સ્વપ્નની પેઠે જોવામાં આવે છે.[૫૪] જેમ સ્વપ્ન જોવામાં આવે છે તેવીજ રીતે સિદ્ધોનું દર્શનપણ થાય છે. માત્ર એ બેમાં એટલોજ તફાવત છે કે સ્વપ્નમાં જોવામાં આવતો વ્યવહાર ચિરસ્થાયી હોતો નથી અને સિદ્ધોના દર્શનમાં થયેલો, વરદાનફલપ્રાપ્તિ આદિ વ્યવહાર ચિરસ્થાયી હોય છે.[૫૫] રેચક પ્રાણાયામના અભ્યાસની યુક્તિથી મુખથી બહાર છેટે બાર આંગળ પરિમાણના પ્રદેશમાં ચિરકાલસુધી પ્રાણની સ્થિતિ રાખવામાં આવે તો **પરકાયપ્રવેશ** થઇ શકે છે.[૫૬]

શ્રીરામચંદ્રજી પૂછે છેઃ—હે મહારાજ ! (સઘળું જગત માયામય હોવાથી કોઈ પણ પદાર્થ નિયત એકજ સ્થિતિમાં રહેતો નથી તો પછી માત્ર) એક સ્વભાવનીજ અચલ સ્થિતિ કેમ રહે છે એ આપ કહો ? (આપ જેવા) દયાલુ વક્તાઓ તર્ક આદિ દુષ્પ્રશ્નમાં પણ ખેદ પામતા નથી.[૫૭]

શ્રીવસિષ્ઠ કહે છેઃ—સૃષ્ટિના આરંભકાલમાં સત્યસંકલ્પ પરમેશ્વરના સંકલ્પને અનુસારે વસ્તુની સ્વભાવ નામની જે શક્તિ સ્ફુરે છે તે છેવટસુધી કાંઇ પણ ફેરફાર ન થતાં તેવીને તેવી જ સ્થિતિમાં રહે છે આવો નિશ્ચય છે તોપણ હે પ્રિય રામચંદ્રજી ! તત્ત્વદૃષ્ટિથી જોતાં અવિદ્યા એ કાંઈ વસ્તુજ ન હોવાથી પદાર્થની સ્વભાવ નામની શક્તિ પણ ક્વચિત્ બદલાઇ જાય છે. જેમકે શરદૃતુમાં થવાના સ્વભાવવાળું વ્રીહિ આદિ ફલ વસંતમાં પણ જોવામાં

* कायाकाशयोः संबंधसंयमाल्लघुतूलसमापत्तेश्चाकाशगमनं । (પાતંજલસૂત્ર) શરીરનો અને આકાશનો જે સંબંધ છે તેમાં સંયમ કરવાથી અને તેનેલીધે રૂની પેઠે શરીર હલકું થઇ જવાથી આકાશગમન નામની સિદ્ધિ મળે છે એવો એ સૂત્રનો આશય છે. त्रयमेकत्रसंयमः । એકજ વિષયમાં ધ્યાન, ધારણા અને સમાધિ એ ત્રણે કરવામાં આવે તેને સંયમ કહે છે, આવો એ સૂત્રનો આશય જણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે છે.[૫૮,૫૯] જે કાંઇ નાના નાના પ્રકારે આપણે જોઇએ છીએ તે સઘળું વસ્તુતઃ બ્રહ્મરૂપજ છે. માત્ર વ્યવહારમાટેજ ઉપર જણાવ્યા પ્રમાણે તેમાં સઘળી કલ્પનાઓ કલ્પવામાં આવી છે.[૬૦]

શ્રીરામચંદ્રજી પૂછે છેઃ—સૂક્ષ્મ છિદ્રાદિમાં ગતિ કરવામાટે શરીરને અણુ (ઝીણું) કરવું હોય અથવા આકાશને પૂરવામાટે (પોતાના શરીરવડે ઘણા ભાગમાં વ્યાપ્ત કરવામાટે) શરીરને સ્થૂલ બનાવવું હોય તો યોગીલોક શી રીતે કરી શકે છે તે આપ કહો.[૬૧]

શ્રીવસિષ્ઠ કહે છેઃ—જેમ કાષ્ઠનો અને કરવતનો સંયોગ થવાથી કાષ્ઠના બે વિભાગ થઈ જાય છે અને પાછો તેનો અન્યોન્ય સંઘર્ષ થવાથી અગ્નિ ઉત્પન્ન થાય છે.* તેમ પ્રાણ અને અપાનનો પરસ્પર સંઘર્ષ થવાથી અગ્નિ (જઠરાગ્નિ) ઉત્પન્ન થાય છે.[૬૨] નીચેના ભાગમાં અને ઉપરના ભાગમાં સંબંધ રાખનાર, પરસ્પર મળેલાં મુખવાળો આમાશય અને પક્વાશય એવા નામથી કહેવામાં આવતો સ્થૂલ માંસપિંડ, દેહયંત્રના જઠરના ભાગમાં છે અને તે આકાશમાં રહેલા ઉપરના ભાગથી તથા જલમાં રહેલા નીચેના ભાગથી મધ્યમાં ખેંચાતા નેતરના કુંજની પેઠે કંપાયમાન હોય છે.[૬૩] એ માંસપિંડના નીચેના ભાગમાં મૂલાધારમાં પોતાના સ્થાનમાં સર્વની શોભારૂપ એ કુંડલિની પદ્મરાગમણિના સંપુટમાં જેમ મોતીઓનો ગુચ્છ શોભે તેમ શોભે છે.[૬૪] જપકાલમાં ફેરવવામાં આવતી રૂદ્રાક્ષાદિક ફલની માળાની પેઠે તે નિરંતર પ્રાણને ઉંચે લઇ જવાથી અને અપાનને નીચે લઇ જવાથી કંપિત થઇ અવ્યક્ત શબ્દ કરે છે; અને દંડ વાગવાથી જેમ સર્પિણી ઊર્ધ્વમુખ થઈ જાય તેમ એ પણ ઊર્ધ્વમુખ થઈ ફરે છે.[૬૫] જેમ ભૂલોક અને સ્વર્ગલોકના મધ્યમાં (જગતમાં) શુભાશુભ કર્મોજ ઊર્ધ્વ (ઉંચી) ગતિને અને અધો (નીચી) ગતિને આપે છે, તેમ એ કુંડલિની પ્રાણને તથા અપાનને ઊર્ધ્વ (ઉંચી) ગતિ તથા અધો (નીચી) ગતિ આપનારી છે. હૃદયરૂપ કમલપુટમાં ભમરીની પેઠે રમણ કરનારી એ કુંડલિનીજ સૂર્યની પેઠે ચાક્ષુષાદિ જ્ઞાનરૂપ મકરંદને પ્રકાશિત કરે છે.[૬૬] જેમ બહારનો વાયુ વૃક્ષનાં પાંદડાંઓને હલાવે છે (કંપાવે છે) તેમ જ્ઞાનેંદ્રિયશક્તિ, કર્મેંદ્રિયશક્તિ એ વગેરે શક્તિઓને તથા હૃદયકમલ અને નાડીસમૂહ ઇત્યાદિ સર્વને એ કુંડલિનીજ પ્રાણાદિક વાયુઓવડે ચલાવે છે.[૬૭] હે પ્રિય રામચંદ્રજી! જેમ બહારનું આકાશ વિશાલ જોવામાં આવે છે અને તેમાં સ્વભાવેજ વાયુઓ કાષ્ઠ—પાષાણ આદિ બલવાન વસ્તુઓને અને તૃણ—પાદડાં આદિ કોમળ વસ્તુઓને કાલે કરી જીર્ણ કરી નાખે છે તેમજ પ્રથમ જણાવેલ હૃદયકમલ અને નાડીવ્યૂહ આદિ સઘળો યંત્ર પ્રાણાદિ વાયુનેલીધેજ ધમણની પેઠે ધમાવાથી ચંચલ રહે છે અને તેની ચંચલતાથી હૃદયમાં અન્નનો રસ પ્રવિષ્ટ થઈ જેમ વસંતઋતુમાં વૃક્ષમાં ભૂમિનો રસ જવાથી તેજ પલ્લવ પુષ્પ આદિરૂપે પરિણામ પામે, તેમ તેજ રસ, રક્ત, માંસ આદિરૂપે પરિણામ પામે છે.[૬૮,૬૯] પ્રતિદિન દેહનેવિષે સર્વ રસોનો રક્ત, માંસ, મેદ, મજ્જા, અસ્થિ આદિરૂપે પરિણામ લાવવું એ ક્રિયા પ્રાણાદિ પવનજ કરે છે અને જેમ વનના વાંસ પોતપોતામાં ઘસાઈ દાવાનલ ઉત્પન્ન કરે છે તેમ એ પ્રાણ આદિ પવનો પણ અન્યોન્ય સંઘર્ષ પામી જઠરાગ્નિ ઉત્પન્ન કરે છે.[૭૦] સર્વ અંગમાં એ જઠરાગ્નિની ગરમી ફેલાઇ જવાનેલીધે દેહ શીતવાત પ્રધાન છતાં પણ (શીત સ્વભાવવાળો

* આવસથ્ય-અગ્નિહોત્રાદિકમાં કુંડમાં અગ્નિ બુઝાઈ જાય તો અરણીના કાષ્ઠમાંથીજ સંઘર્ષ કરી અગ્નિ પ્રકટ કરવામાં આવે છે. આ વાત સર્વત્ર પ્રચલિત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતાં પણ) જેમ સૂર્યવડે જગત ઉષ્ણ થઇ જાય તેમ ઉષ્ણ થઇ જાય છે.[૭૧] હૃદયકમલમાં સુવર્ણના ભમરાના જેવું સુશોભિત એ જઠરાગ્નિરૂપી તેજ આખા આ દેહમાં ચારેકોર પોતાની પ્રભાવડે વ્યાપ્ત છે; અને યોગીઓ તેનું તારાના આકારે ધ્યાન કરે છે.[૭૨] એ તેજનું પ્રકાશમય જ્ઞાનસ્વરૂપે (સંયમપૂર્વક) ધ્યાન કરવાથી વ્યવહિત વિપ્રકૃષ્ટ (દૂરના) પદાર્થો પણ જોવામાં આવે છે. જેમકે લક્ષયોજન પર્યંત દૂર રહેલી વસ્તુપણ એવડે જોઈ શકાય છે.[૭૩] માંસરૂપ કમલખંડથી શોભાયમાન હૃદયરૂપ સરોવરમાં વિશ્રામ લેનાર એ જઠરાગ્નિને જેમ વડવાગ્નિને સમુદ્રનું જલ ઈંધનરૂપ હોય છે તેમ શરીરમાં ઉત્પન્ન થયેલ અન્નરસરૂપ જલજ શુષ્ક ઈંધનરૂપ છે.[૭૪] દેહમાં જે કાંઇ (પ્રાણાદિ પવનરૂપે) સ્વચ્છ શીતલપણું જોવામાં આવે છે તે ચંદ્રમાનું રૂપ છે અને ઉપર જણાવ્યા પ્રમાણે તેનો સંઘર્ષ થવાથી તેમાંથી અગ્નિ (જઠરાગ્નિ) ઉત્પન્ન થાય છે, જેથી આ દેહ અગ્નિષોમીય કહેવાય છે.[૭૫] બહાર જગતમાં જોવા જતાં પણ સૂર્ય, અગ્નિ વગેરે તેજ જોવામાં આવે છે, તે અગ્નિરૂપે કહેવામાં આવે છે; અને જે કાંઈ શાતરૂપ જોવામાં આવે છે, તે સોમરૂપ કહેવાય છે; જેથી આ જગત અગ્નિથી અને સોમથી થયેલું હોવાથી અગ્નિષોમીય કહી શકાય છે.[૭૬] સદ્રૂપ પ્રકાશમય ચૈતન્યરૂપે અને અસદ્રૂપ જડસ્વરૂપે, બ્રહ્મજ જગદાકારે પ્રતીત થયેલું માનીએ તોપણ આત્મસ્ફુરણ, બાહ્યાર્થજ્ઞાન અને સૂર્યાદિક જે કાંઇ સદ્રૂપ અને પ્રકાશમય છે, તે અગ્નિરૂપે કહેવામાં આવતું હોવાથી અને વિદ્વાનોના વિચારપ્રમાણે જે કાંઇ જડરૂપ અસદ્રૂપ અને તમોરૂપ અજ્ઞાન આદિ છે તે સોમરૂપે કહેવામાં આવતું હોવાથી બુદ્ધિમાન પુરુષની દૃષ્ટિમાં જગતનું અગ્નિષોમીયપણુંજ સિદ્ધ થાય છે.[૭૭,૭૮]

શ્રીરામચંદ્રજી પૂછે છેઃ—હે વક્તાઓમાં શ્રેષ્ઠ મુનીશ્વર ! આપે વાયુરૂપ સોમથી અગ્નિની ઉત્પત્તિ કહી તે તો મારા સમજવામાં આવ્યું પરંતુ હવે એ સોમની ઉત્પત્તિ શી રીતે થાય છે તે કહો.[૭૯]

શ્રીવસિષ્ઠ કહે છેઃ—અગ્નિ અને સોમ એ બન્ને અન્યોન્ય કાર્ય-કારણરૂપ છે, અને એ બેય એકબીજાનો અપકર્ષ કરી ઉદય પામે છે. હે પ્રિય રામચંદ્રજી ! એ બન્નેનો જન્મ બીજાંકુરની પેઠે અને દિવસ—રાત્રિની પેઠે પરસ્પર એક બીજામાંથી થાય છે, અને તેની સ્થિતિ છાયા અને આતપની પેઠે અન્યોન્ય વિરુદ્ધતાવાળી છે.[૮૦,૮૧] કોઇ વખત જેમ સૂર્યનો પ્રકાશ અને છાયા સાથે જોવામાં આવે છે તેમ કોઈ વખત અગ્નિ તથા સોમ, એ બન્ને સાથે પણ જોવામાં આવે છે. અને કોઈ વખત જેમ દિવસ પછી રાત્રિ અને રાત્રિ પછી દિવસ હોય છે, તેમ એ બેય એકબીજા પછી જોવામાં આવે છે.[૮૨] એ બન્નેનો કાર્ય-કારણભાવ પણ એક સદ્રૂપ—પરિણામથી અને બીજો વિનાશ—પરિણામથી એમ બે પ્રકારથી થયેલો કહી શકાય છે.[૮૩] અંકુરમાંથી જેમ બીજ ઉત્પન્ન થાય તેમ કાર્યદશામાં કારણની સત્તા કાયમ રહી, એકમાંથી જે બીજાની ઉત્પત્તિ થાય તેને સદ્રૂપ—પરિણામથી થયેલો કાર્યકારણભાવ કહે છે.[૮૪] દિવસમાંથી જેમ રાત્રિ થાય તેમ, કાર્યદશામાં કારણની સત્તા નહિ રહેતાં એકનો નાશ થઈ, બીજાની જે ઉત્પત્તિ થાય તે વિનાશ—પરિણામથી થયેલો કાર્યકારણભાવ કહેવાય છે.[૮૫] મૃત્તિકામાંથી જે ક્રમે ઘડો ઉત્પન્ન થાય છે, તે સ્થિતિ સદ્રૂપ—પરિણામની છે. એ સદ્રૂપ—પરિણામમાં પ્રત્યક્ષ પ્રમાણ સિવાય બીજાં કશાં પ્રમાણની જરૂર રહેતી નથી.[૮૬] દિવસમાંથી જે ક્રમે રાત્રિ ઉત્પન્ન થાય છે, તે સ્થિતિ વિનાશ—પરિણામની છે અને તેમાં એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસ્તુમાં (રાત્રિમાં) રહેલો (દિવસનો) અભાવજ મુખ્ય પ્રમાણરૂપ છે. (જેને અનુપલબ્ધિ એવા નામથી પણ કહેવામાં આવે છે.)[૮૭] "અચેતન મૃત્તિકા આદિમાં ઘટાદિ બનવાનું સામર્થ્ય ચેતનધર્મ હોવાને લીધે અસંભવિત હોવાથી માત્ર પ્રકાશ કરવાના સામર્થ્યવાળા દિવસમાંથી રાત્રિ ઉત્પન્ન કરવાની શક્તિનો પણ અસંભવ હોવાનેલીધે સઘળું સ્વભાવેજ ઉત્પન્ન થાય છે, અને સ્વભાવેજ પાછું નાશ પામે છે, તેમાં કોઇ જાતનો સદ્રૂપ—પરિણામજન્ય કે અભાવ-પરિણામજન્ય કાર્યકારણભાવ માનવાની જરૂર નથી." એમ યુક્તિથી વિવાદ કરનારાઓ અપમાનપાત્ર થઇ ખંડન કરવા યોગ્ય છે; કેમકે દરેક વસ્તુમાં કાર્યકારણભાવ પ્રત્યક્ષ નજરે આવવાથી પોતાના અનુભવમાં આવતાં છતાં પણ તેઓ પોતાના મુખથીજ માત્ર નિષેધ કરેછે.[૮૮] હે રામચંદ્રજી! પ્રત્યક્ષપ્રમાણનીપેઠે અભાવ (અનુપલબ્ધિ) પણ એક પ્રમાણ છે. જેમકે અગ્નિનો અભાવ કહેવાથી શીતનું પ્રમાણ સર્વ જનોના અનુભવમાં આવે છે. 'અમુક પદાર્થ ગરમ નથી' એમ કહેવાથી તેનું ઠંડાપણું સ્વતઃસિદ્ધ થાય છે.[૮૯] અગ્નિ ધૂમાડારૂપ અંશથી વાદળાંરૂપે બંધાઇ મેઘરૂપ થાય છે, એ વિષયમાં અગ્નિ સદ્રૂપ—પરિણામથી સોમનું કારણ જણાય છે.[૯૦] શીતલતાના સાધનથી અગ્નિ પોતે નાશ પામી જઈ જે વાયુભાવને પ્રાપ્ત થાય છે, (વાયુમાં લીન થઈ જાય છે) એ વિષયમાં અગ્નિ વિનાશ-પરિણામથી સોમનું કારણ છે.[૯૧] વડવાનલ સાત સમુદ્રને શોષી લઇને પાછો ધૂમાડારૂપે વાદળામાં જઈ મેઘરૂપ બને છે તેમાં અગ્નિનો અને સોમનો પરસ્પર કાર્યકારણભાવ રહેલો છે.[૯૨] કૃષ્ણપક્ષમાં સૂર્ય અમાવાસ્યાપર્યંત ચંદ્રબિંબનું પાન કરી (તેનું તેજ ખેંચી લઈને) પાછો શુક્લપક્ષમાં સારસ પક્ષી જેમ ખાધેલા કમલને ઉદરમાંથી બહાર કાઢે તેમ બહાર પ્રકાશિત કરે છે તેમાં પણ અગ્નિ સદ્રૂપ—પરિણામથી સોમના કારણરૂપ જણાય છે.[૯૩] વસંત, ગ્રીષ્મ આદિ ઋતુઓમાં ઉષ્મા (ગરમી) સહિત વાયુ અમૃત જેવા ભૂમિના રસનું આકર્ષણ કરી પાછો વર્ષાઋતુમાં વાદળાંરૂપે ઘાટો બની જઈ વૃષ્ટિવડે જગતરૂપ શરીરને પોષણ આપે છે. આ વિષયમાં અગ્નિ સદ્રૂપ—પરિણામથી સોમનું કારણ ભાસે છે. અથવા સૂર્યના કિરણોવડે પૃથ્વીનું જલ ખેંચાયાથી તે કિરણોમાં તદ્રૂપપણાને પ્રાપ્ત થાય છે, તેમાં જલ (સોમ) સદ્રૂપ—પરિણામથી અગ્નિનું કારણ છે[૯૪,૯૫] અને સૂર્ય—રશ્મિરૂપે પરિણામ પામેલ તે જલમાં શીતપણાનો નાશ થઇ જઇ ઉષ્ણપણાથી જે અગ્નિત્વ આવે છે, તેટલા અંશમાં જલ વિનાશ—પરિણામથી અગ્નિનું (ઉષ્ણતાનું) કારણ જણાય છે.[૯૬] જે કાંઈ આ દૃશ્ય પ્રપંચ જોવામાં આવે છે તે સઘળો અગ્નિષોમીય હોવાથી અગ્નિનો નાશ થવામાં સોમ સદ્રૂપ—પરિણામથી કારણરૂપ છે. અને સોમના વિનાશમાં અગ્નિ સદ્રૂપ—પરિણામથી કારણરૂપ છે.[૯૭] જેમ દિવસ નાશ પામી અભાવપરિણામથી રાત્રિ થાય છે, તેમ અગ્નિ નાશ પામી વિનાશ—પરિણામથી સોમરૂપ થાય છે.[૯૮] અંધકાર અને પ્રકાશ છાયા અને આતપ, દિવસ અને રાત્રિ, એઓમાં સર્વનાથી વિલક્ષણ અને સર્વમાં અનુસ્યૂત જે કાંઈ સદ્રૂપ વસ્તુ (બ્રહ્મ) છે, તેને પંડિતો પણ (જ્ઞાનવિના) જોઈ શકતા નથી.[૯૯] દિવસનો અને રાત્રિનો, છાયાનો અને આતપનો, તમનો અને પ્રકાશનો, વચમાં જે સંધિ છે તે શૂન્યરૂપ તો નથીજ; કેમકે એ બન્નેનો છેલ્લો અવયવ અને પહેલો અવયવ એ સંધિમાંજ પરસ્પર લાગેલો છે. જેમ એક પદાર્થમાં (પોતાનો) ભાવ અને (વિરો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિના) અભાવ, એ બન્ને રહે છે તેમ એ એકજ સંધિમાં બન્નેની ભાવ અને અભાવરૂપે સ્થિતિ છે; (પ્રકાશ પોતે પોતાના સ્વરૂપથી ભાવરૂપ છે અને તમના અભાવરૂપે વિચારીએ તો તે અભાવરૂપ પણ ભાસે છે ઇત્યાદિ.)[100] ભૂમંડલમાં જેમ તમ અને પ્રકાશવડે દિવસરાત્રિ સંયુક્તજ હોય છે તેમ સર્વ પ્રાણિયો ચૈતન્ય અને જાડ્ય, એ બન્નેવડે સંયુક્તજ છે.[1] જેમ જલ અને અમૃતના મિશ્રણથી ચંદ્રબિંબની સ્થિતિ હોય છે તેમ ચિદ્રૂપથી અને જડરૂપથી આ જગતની સ્થિતિનો આરંભ જોવામાં આવે છે.[2] હે રામચંદ્રજી ! જગતમાં જે કાંઈ પ્રકાશરૂપ અને ચૈતન્યરૂપ સૂર્ય પ્રકાશે છે તે અગ્નિરૂપ છે અને જે કાંઇ જડરૂપ તથા તમરૂપ (અપ્રકાશરૂપ) છે તે સોમનું શરીર છે એમ સમજો. (અર્થાત્ ચિદંશ અને જડાંશથી થયેલું સઘળું જગત અગ્નિષોમીય છે એમ સિદ્ધ થાય છે.)[3] જેમ બહાર આકાશમાં સૂર્યનો ઉદય થવાથી અંધારી રાત્રિનું અંધારું જતું રહે છે તેમ ચૈતન્યરૂપ સૂર્યનો અનુભવરૂપે ઉદય થવાથી જન્મ-મરણ આદિ સંસારને ઉત્પન્ન કરનાર અજ્ઞાન પણ નષ્ટ થઈ જાય છે.[4] જેમ અર્ધ રાત્રે પ્રકાશવડે સુશોભિત ચંદ્રમામાં પ્રતિબિંબરૂપે સૂર્યની પ્રભા રહ્યા છતાં પણ, ચંદ્રની સત્તાવડે તિરોહિત થઇ જવાનેલીધે અસત્ય જેવી લાગે છે, તેમ પોતાનું પ્રકાશરૂપ ચેતનસ્વરૂપ, સોમરૂપ જડદેહમાં સત્તારૂપે સત્ય છતાં દેહસત્તાવડે તિરોહિત થઇ જવાને લીધે અસત્યવત્ ભાસે છે.[5] જેમ ચંદ્રમંડલમાં સૂર્યપ્રભારૂપે પ્રવિષ્ટ થયેલો અગ્નિ, ચંદ્રબિંબને પ્રકાશિત કરે છે તેમ જીવરૂપે દેહમાં પ્રવિષ્ટ થયેલું ચૈતન્ય પણ દેહમાં જીવતાંસુધી અહંભાવ આદિનો પ્રકાશ કરે છે.[6] અન્યોન્ય સંબંધ થવાથી ચંદ્રમાં પ્રતિબિંબિત થયેલી સૂર્યપ્રભા જેમ ચંદ્રમંડલમાં ચંદ્રમારૂપ બની જાય છે, તેમ એ જીવરૂપ ચૈતન્ય પણ જડદેહમાં અધ્યાસથી તદ્રૂપ બની જાય છે. ચિદ્રૂપ આત્મા પોતે નિષ્ક્રિય અને ઉપાધિશૂન્ય હોવાથી તેની કેવલસ્થિતિ ચક્ષુઆદિકવડે જોવામાં આવતી નથી, પરંતુ જેમ દીપદ્વારા પ્રકાશ જોવામાં આવે છે તેમ એ ચિત્સત્તાપણ દેહરૂપ ઉપાધિદ્વારા સ્પષ્ટ દેખાય છે.[7] ચૈતન્યરૂપ આત્માનું અજ્ઞાનવડે જે બાહ્ય દેહ આદિ વિષયમાં અહંમમત્વાદિકથી બંધાવાપણું તેજ (સંસારનું કારણ હોવાથી) સંસાર કહેવાય છે, અને અધ્યસ્ત સર્વ દેહાદિ વિષયો સ્વપ્નની પેઠે મિથ્યા સમજાઇ જઈ, સર્વના સંસર્ગથી રહિત શુદ્ધ અધિષ્ઠાન ચૈતન્યનો સ્વસ્વરૂપે જે શુભ લાભ થવો તે નિર્વાણ કહેવાય છે.[8] જેમ ભીંત અને તેનાપર પડતો સૂર્યનો પ્રકાશ, એ બન્ને અન્યોન્ય મળેલાજ જણાય છે, તેમ ઉપર જણાવ્યા પ્રમાણે જીવચૈતન્ય અને દેહ, એ બેય પરસ્પર મળીનેજ સત્તારૂપે જોવામાં આવે છે, એવો વાણીનો વ્યવહાર હોવાથી તે મળેલાં છે અને એ જીવ તથા દેહ પણ અગ્નિષ્ટોમરૂપજ છે.[9] હે પ્રિય રામચંદ્રજી ! અગ્નિની (ચિત્સત્તાની) જ કેવલસ્થિતિ જોવી હોય તો ફક્ત ઉપાધિની નિવૃત્તિ કરી નિરતિશય આનંદ આપનાર પરમ નિર્વાણમાંજ દેખાય છે; અને સોમની (જડતાની)જ કેવલસ્થિતિ જોવી હોય તો તે અતિશય જાડ્યવાળાં પાણી-પથ્થર વગેરેમાંજ જોવામાં આવે છે.[110] પ્રાણ ઉષ્ણ પ્રકૃતિવાળો હોવાથી અગ્નિરૂપ છે અને અપાન શીતલ પ્રકૃતિવાળો હોવાથી ચંદ્રરૂપ છે. એ બન્ને સુખમાર્ગમાં ગતિ કરવાવાળા છે અને છાયા-પ્રકાશની પેઠે તેમની સ્થિતિ પરસ્પર વિરોધવાળી છે.[11] જ્યારે બહારનો શીતલ અપાન વાયુ અંદર દાખલ થાય છે ત્યારે તે, ઉષ્ણ પ્રાણાગ્નિમાં મળી જઇ તદ્રૂપતાને પ્રાપ્ત થાય છે; અને જ્યારે ઉષ્ણ પ્રાણાગ્નિ હૃદય-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાનમાંથી બહાર નીકળી મુખથી બાર આંગળ દૂર બહારના પ્રદેશમાં જાય છે, ત્યારે શીતલ અપાનમાં તે મળી જઈ તદ્રૂપ બની જાય છે. અરીસામાં પડતાં પ્રતિબિંબની પેઠે એ બન્નેનું અન્યોન્યમાં પ્રતિબિંબ પડે છે.[૧૨] જેમ બહારનો સૂર્ય ભીંતમાં પ્રકાશ ઉત્પન્ન કરે છે તેમ ચૈતન્યરૂપ અગ્નિ, આધાર આદિ ચક્રોમાં રહેલ ચતુર્દલ આદિ કમલોની પાંખડીઓમાં સ્ફુરેલ વાણીરૂપી સોમને અર્થ પ્રકાશ કરવાના સામર્થ્યથી સ્ફૂર્તિદ્વારા ઉત્પન્ન કરે છે.[૧૩] સૃષ્ટિના આદિકાલમાં શીતરૂપે અને ઉષ્ણરૂપે સ્ફુરેલી ચેતનસત્તા બ્રહ્માંડના આકારથી જેમ અગ્નિષ્ટોમ કહેવાય છે તેમ મનુષ્યોની (વ્યષ્ટિદેહોની) સૃષ્ટિમાં પણ શીતરૂપે અને ઉષ્ણરૂપે સ્ફુરેલી ચેતનસત્તાજ અગ્નિષ્ટોમ એવા નામથી કહેવામાં આવે છે.[૧૪] જે પ્રદેશમાં અંતઃસ્થ પ્રાણરૂપ સૂર્યે, બાહ્યસ્થ અપાનરૂપ સોમની સોળમી (છેલ્લી) કલા ગ્રસ્ત કરી નથી, તે પ્રાણાપાનની સંધિના મુખથી બાર આંગળ છેટેના પ્રદેશમાં બાહ્ય કુંભકવડે મનની ધારણા રાખી તેમાં તમે સ્થિર થાઓ.[૧૫] જે હૃદયાકાશમાં બહારનો અપાનરૂપ સોમ અંદરના પ્રાણપવનરૂપ સૂર્યભાવને પ્રાપ્ત થાય છે તેમાં કેવળ ચિદ્રૂપપણાની સ્થિતિવડે તમે સ્થિર થઇ રહો.[૧૬] પ્રાણચૈતન્યરૂપી સૂર્યનો જે કાંઇ ઉષ્ણભાવ છે તે અગ્નિરૂપ છે, અને અપાનનું જે શીતલપણું છે તે સોમરૂપ છે. એ બન્નેનું જે સ્થલમાં અન્યોન્ય મેલન (મિલાપ) થઇ પ્રતિબિંબની પેઠે તુલ્યરૂપતા થઇ જાય છે, તે સૂક્ષ્મ ચૈતન્યાકાશમાં તમે મનને સ્થિર કરો.[૧૭] હે નિષ્પાપ રામચંદ્રજી ! બહાર જેમ સૂર્યાદિકની સંક્રાંતિ જોવામાં આવે છે તેમ શરીરમાં પણ સોમ, સૂર્ય અને અગ્નિની સંક્રાંતિ કલ્પવામાં આવે છે. જે અપાનની શીતલતા જઠરાગ્નિથી ગ્રસ્ત થાય તે સોમની અગ્નિસંક્રાંતિ છે. બહારના અપાનવાયુની શીતલતાથી જે પ્રાણની ઉષ્ણતા ગ્રસ્ત થાય તે અગ્નિની સોમસંક્રાંતિ કહેવાય છે અને સૂર્યસંક્રાંતિનો ક્રમ તો ઉપર જણાવવામાં આવી ગયો છે. એ સર્વે સંક્રાંતિ થવાનો જે સૂક્ષ્મ કાલ છે, તેને એકાગ્ર મનવડે તમે જાણનારા થાઓ. કેમકે પુણ્યાદિકમાં બાહ્ય સંક્રાંતિના સમયો, ઉપર જણાવેલ સંક્રાંતિપાસે તૃણના જેવા અતિ તુચ્છ છે.[૧૮] હે પ્રિય રામચંદ્રજી ! સંક્રાંતિ ઉત્તરાયણ, વિષુવત્ (સરખાં દિવસ-રાત્રિવાળો કાલ) અને સંવત્સર આદિ કાલને જેમ બહાર જાણી શકીએ છિયે તેમ પ્રાણ-અપાન આદિ દેહવાયુઓવડેજ એ સઘળું અંદર પણ અનુભવ થયાની પેઠે, તમે જેમ ઘડાને જાણો છો તેમ પ્રત્યક્ષ જાણી શકો તોજ આ યોગી-પુરુષોની પુણ્યકથામાં તમે શોભાવાળા રહો, નહિતર બીજા પ્રસંગમાં તમે રોકાઓ તો તેવી શોભાવાળા ગણાઓ નહિ.[૧૯]

संक्रान्तिमुत्तरमथायनमंग सम्यक्कालं तथा विषुवतौ यदि देहवातैः ॥ अंतर्बहिष्ठमिव वेत्सि यथानुभूतं तच्छोभसेत्र न पुनः परमभ्युपेतः ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો ' અગ્નિષોમવિચારણ ' એ નામનો એકાશીમો સર્ગ સંપૂર્ણ.૮૧

સર્ગ ૮૨ મો.*

અણિમાદિ સિદ્ધિઓના ઉપાય

॥ श्रीवासिष्ठ उवाच ॥

अणुतां स्थूलतां वापि यथा गच्छति योगिनाम्॥ देहो नाम तथा सम्यग्वक्ष्यमाणमिदं शृणु ॥१॥

શ્રીવસિષ્ઠ કહે છેઃ–યોગીઓનો દેહ જે ક્રિયાથી અણુતાને અને સ્થૂલતાને પ્રાપ્ત થાય છે તે

* આ બ્યાશીમા સર્ગમાં યોગિપુરુષને દેહનું અણુપણું તથા સ્થૂલપણું થવાના ઉપાયો, જ્ઞાનથી થતી સિદ્ધિ, પરકાયમાં પ્રવેશ તથા તેની ભોગપ્રાપ્તિ, એ કથા યુક્તિથી કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું સારી રીતે કહું છું, તમે સાંભળો.[1] હૃદય-કમલના ચક્રની ઊર્ધ્વ (ઉપલી) પાંખડી ઉપર સુવર્ણના ભમરા જેવો અને વર્ષાઋતુમાં સંધ્યાકાલે ચમકતી વિજળીના જેવો કાંતિમાન અને પીળો અગ્નિકણ રહે છે.[2] જેમ વાયુવડે બહારનો અગ્નિ વૃદ્ધિ પામે છે તેમ એ અંદર રહેલો અગ્નિકણ પણ તેની વૃદ્ધિના ઉપાયના જ્ઞાનથી વધી શકે છે. એ જઠરાગ્નિ ચેતનરૂપ હોવાથી વૃદ્ધિ પામ્યા છતાં પણ બાહ્ય અગ્નિની પેઠે દેહને નહિ બાળતાં સૂર્યની પેઠે અત્યંત પ્રકાશને પ્રાપ્ત થાય છે.[3] પ્રાતઃકાલની સંધ્યામાં પ્રથમજ ઉદય પામતા બાલસૂર્યના જેવી કાંતિવાળો એ અગ્નિકણ, સુવર્ણને જેમ અગ્નિ ગાળીનાખે તેમ ક્ષણમાત્રમાં આખા દેહને અવયવો સહિત ગાળી નાખે છે; અર્થાત્ દેહના પાર્થિવ ભાગને તેના ઉપાદાનરૂપ જલભાગમાં લીન કરી દે છે.[4] ઉપર જણાવ્યા પ્રમાણે શિખાથી માંડી ઠેઠ પાદાગ્રપર્યંત એથી દેહ ગળી જાય છે. પછી તે અગ્નિકણ પોતાનો ઉષ્ણ સ્વભાવ હોવાથી જલભાગની શીતતાને નહિ સહન કરતાં ગરમીવડે એ જલભાગનું પણ શોષણ કરી, પોતે જુદોજ ચિત્તરૂપ આતિવાહિક શરીરમાં રહે છે.[5] પાર્થિવ અને જલીય શરીર પોતપોતાના ઉપાદાન કારણમાં લીન કરી અવશેષ રહેલો એ અગ્નિકણ જેમ પવનના ઝપાટાથી ઝાકળ ક્યાંય જતી રહે છે તેમ પ્રાણમાં ક્ષોભ થવાથી પોતે પણ ક્યાંય (પોતાના ઉપાદાનરૂપ પ્રાણઆદિ પવનમાં) લીન થઈ જાય છે.[6] તે વખતમાં કેવળ અગ્નિમાંથી નીકળતી ધૂમલેખાની પેઠે સુષુમ્ણા નાડીની જુદી પડેલી યોગિની કુંડલિની શક્તિ (જીવશક્તિ) સંસ્કારરૂપે રહેલા આતિવાહિક દેહાકાશમાં અવશેષ રહે છે.[7] મન, બુદ્ધિ, જીવ આદિથી સંયુક્ત લિંગશરીરમાંજ અહંકારને સંકેલી, (સૂક્ષ્મરૂપ રાખનારી) નગરથી ઊર્ધ્વ પ્રદેશમાં બહાર નીકળેલી ધૂમલેખાની પેઠે ચૈતન્ય ચમત્કારથી યથેષ્ટ ગતિ કરવાની શક્તિવાળી, એ યોગિની કુંડલિનીશક્તિ કમળ, શૈલ, તૃણ, ભિત્તિ, પાષાણ, સ્વર્ગલોક, ભૂલોક આદિમાં જ્યાં જ્યાં પ્રવેશ કરી નીકળી જવા માટે યોજવામાં આવે ત્યાં ત્યાં તે (સૂક્ષ્મભાવથી) પ્રવેશ કરી બહાર નીકળી જાય છે.[8,9]

હે પ્રિય રામચંદ્રજી ! એજ યોગિની કુંડલિની શક્તિ અગ્નિમાં પ્રથમ લીન કરી દીધેલા જલભાગને જ્યારે પાછો ક્રમપ્રમાણે તેમાંથી પ્રકટ કરે છે ત્યારે જેમ કૂવામાં નાખેલી ખોખ જલથી ભરાઇ જાય, તેમ તે રસથી ભરાઇ જાય છે.[10] હે રામચંદ્રજી ! જેમ ચિત્રકારની બુદ્ધિમાં સ્ફુરેલી રેખા બહાર તેવા તેવા આકારને પ્રાપ્ત થાય છે, તેમ રસથી પૂર્ણ થયેલી એ કુંડલિની શક્તિ પણ પ્રથમ ખેંચી લીધેલા પાર્થિવ ભાગને પાછો ઉદ્ભૂત કરી જેવો જેવો આકાર કરવાની ભાવના કરે તેવો તેવો આકાર (યોગ સામર્થ્યથી) થઇ જાય છે.[11] માતાના ઉદરમાં રહેલ કલલમાં (માંસપિંડમાં) અતિસૂક્ષ્મ રૂપે રહેલી બીજશક્તિજ જેમ અસ્થિ હસ્તપાદ આદિ સ્થૂલભાવને પ્રાપ્ત થાય છે, તેમ એ કુંડલિનીજ અંદર અસ્થિ આદિભાવને પ્રાપ્ત થાય છે.[12] હે રામચંદ્રજી ! યોગિપુરુષની જીવશક્તિ, પોતાની ઇચ્છાને અનુસારે મેરુ આદિ મોટા પ્રમાણના આકારની કે તૃણ આદિ નાના પ્રમાણના આકારની, જેવી દૃઢ ભાવના કરે તેવા આકારને પ્રાપ્ત થાય છે.[13] અણિમાદિ સિદ્ધિઓ જે રીતે યોગથી સિદ્ધ થાય છે તે તમે સાંભળી ચૂક્યા. હવે એ સિદ્ધિઓ જ્ઞાનથી શી રીતે મળી શકે તે કહું છું તમે સાંભળો, કે જે આ કથા સાંભળ્યાનું મુખ્ય ભૂષણ છે.[14] શુદ્ધ, નિર્વિકાર, અલક્ષ્ય, સૂક્ષ્મતર અને શાંત એક ચેતનસત્તાજ સર્વત્ર છે. જગત કે જગતની ક્રિયા કશું તેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેજ નહિ.[15] એ ચેતનસત્તાજ જ્યારે સંકલ્પરૂપે સ્ફુરેલા પોતાના આત્માને અધ્યાસથી વધારે છે, ત્યારે સંકલ્પરૂપ મેલથી મલિન થઇ જવાનેલીધે તે જીવ એવા નામથી કહેવાય છે.[16] જેમ મૂઢ બુદ્ધિવાળા અજ્ઞાની બાળકના મનમાં યક્ષ અસત્ય છતાં ભયથી સત્ય ભાસે છે તેમ આ દેહ અસત્ય છતાં જીવની દૃષ્ટિમાં માત્ર સંકલ્પની ભ્રાંતિથીજ સત્ય જેવો લાગે છે.[17] જ્યારે જ્ઞાનરૂપ દીપકથી પ્રકાશનો પૂર્ણ રીતે ઉદય થાય છે ત્યારે સંકલ્પથી થયેલું જીવનું સઘળું અજ્ઞાન, શરદ્ઋતુના વાદળાની પેઠે ક્ષીણ થઈ જાય છે.[18] હે રામચંદ્રજી! જેમ તૈલનો નિઃશેષ ક્ષય થઇ જવાથી દીવો ઠરી જાય છે તેમ સર્વ સંકલ્પોનો નાશ થઇ જવાથી દેહ પણ બાધિત (નહિ જેવો) થઇ જાય છે.[19] જેમ નિદ્રાનો નાશ થઇ ગયાથી સ્વપ્ન જોવામાં આવતું નથી તેમ સત્ય પરમાત્માનો સાક્ષાત્કાર થવાથી દેહ પણ (મિથ્યા હોવાથી) જોવામાં આવતો નથી.[20] અતત્ત્વમાં તત્ત્વની ભ્રાંતિને લીધે જીવ દેહમાં બંધાઈ રહે છે, અને માત્ર એક પરમાત્માની ભાવના કરવાથી દેહના બંધન વગરનો થઈ સુખી અને પરમ શોભાયમાન થાય છે.[21] હે પ્રિય રામચંદ્રજી! દેહાદિ અનાત્મપદાર્થમાં આત્મબુદ્ધિ થવારૂપ જે હૃદયનો અંધકાર, તે એવો તો દારુણ છે કે બહારનો સૂર્યાદિ-પ્રકાશ તેને ભેદી શકતો નથી.[22] પોતાના આત્મમાંજ એક આત્મબુદ્ધિ થવાથી સર્વમાં વ્યાપ્ત થઇ રહેલું નિર્મલ,નિરંજન,શુદ્ધ અધિષ્ઠાન-ચૈતન્યજ હું છું, એવો જ્ઞાનરૂપ સૂર્ય જ્યારે ઉદય પામે ત્યારેજ તે હૃદયનો અંધકાર (અજ્ઞાન) નાશ પામે છે.[23] બીજા કેટલાક આત્મજ્ઞાની પુરુષો જેમાં જેવી ભાવના કરે તેમાં દૃઢ ભાવનાને લીધે તેવુંજ દેખવામાં આવે છે.[24] હે રામચંદ્રજી! મૂઢ ઝેરના કીડા વગેરે પણ દૃઢ ભાવનાના અનુસંધાનનેલીધે ઝેરનું અમૃતની પેઠે ભક્ષણ કરે છે અને દૂધ, અન્ન આદિ અમૃતને ઝેરની દૃઢ ભ્રાંતિથી ઝેરની પેઠે માની અભક્ષ્ય ગણે છે.[25] એવીજ રીતે દૃઢ સંકલ્પથી જે જે ભાવના કરવામાં આવે તે તત્કાલ તેમજ સિદ્ધ થાય છે, એવાં અનેક દૃષ્ટાંતો લોકમાં વારંવાર જોવામાં આવે છે.[26] આ દેહ સત્યપણાથી જો જોવામાં આવે તો દેહરૂપે (સત્ય) દેખાય છે, પરંતુ જો અસત્યભાવથી, દેહને જોઇએ તો સઘળું અધિષ્ઠાન ચૈતન્યમયજ હોવાથી બ્રહ્માકારરૂપેજ ભાસે છે.[27] હે સુશીલ રામચંદ્રજી! **અણિમાદિ** સિદ્ધિ મેળવવા માટે ઉપર જણાવેલી જ્ઞાનયુક્તિ તમારા સાંભળવામાં આવી; હવે એ વિષે બીજી યુક્તિ કહું તે સાંભળો.[28] જેમ બાહ્ય વાયુમાં રહેલો પુષ્પગંધ તેમાંથી આકર્ષણ કરી નાસિકામાં યોજવામાં આવે તેમ રેચક પ્રાણાયામના અભ્યાસના યોગથી જીવને જ્યારે કુંડલિનીશક્તિરૂપ ઘરમાંથી જુદો પાડી બીજાના દેહમાં, જીવમાં કે બુદ્ધિમાં વૈભવ ભોગવવા માટે પ્રવિષ્ટ કરવામાં આવે ત્યારે ચેષ્ટા વગરનો એ દેહ લાકડાપણા જેવો જડ થઇ જાય છે. જેમ ઝાડને પાણી પાનારો માળી પોતાના હાથમાં રહેલા ઘડાના પાણીથી જે જે ઝાડ કે લતાને પાણી પાવાને ઇચ્છે છે તેને તેને પાય છે, તેમ એ જીવને પણ સ્થાવરમાં કે જંગમમાં જે પદાર્થમાં પોતાને ઇચ્છા થાય તેની અંદર સારી રીતે વૈભવો ભોગવાને યોજી શકાય છે.[29-31] હે પ્રિય રામચંદ્રજી! એ પ્રમાણે **પરકાયમાં** પ્રવેશ કરી સિદ્ધિના વૈભવો ભોગવી રહ્યા પછી એ જીવને પોતાનું પૂર્વનું શરીર વિદ્યમાન હોય તો તેમાં અથવા બીજું જે કાંઈ પોતાને રુચે તેમાં જેટલા કાલ સુધી ઇચ્છા હોય તેટલા કાલસુધી પ્રવિષ્ટ કરાવી શકાય છે અથવા એ યોગિપુરુષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરકાયપ્રવેશ કરી વૈભવો ભોગવ્યા પછી સર્વમાં વ્યાપ્ત થઇ રહેલા પોતાના ચૈતન્યચમત્કારથી સર્વ સ્થાવર-જંગમ દેહોમાં તેના જીવોમાં અને સત્ત્વાદિ ગુણોમાં સંપૂર્ણ રીતે વ્યાપ્ત થઈ રહે છે.[૩૨,૩૩] યોગથી મળેલા ઐશ્વર્યથી સંપન્ન થયેલો એ જીવ નિત્ય સ્વપ્રકાશ અને નિર્દોષ પોતાના આત્મસ્વરૂપને ઓળખી જે જે ઇચ્છા કરે તે તે તત્કાલ પ્રાપ્ત થાય છે; પરંતુ અજ્ઞાનનું આવરણ ખસી જવું એજ પરમપદ છે, એમ વિવેકી પુરુષોનું માનવું છે.[૩૪]

ज्ञात्वा सदाभ्युदितमुज्झितदोषमीशोयद्यद्यथा समभिवांछति चित्प्रकाशः ॥ प्राप्नोति तत्तदचिरेण तथैव राम सम्यक्पदं विदुरनावरणत्वमेव ॥ ३४ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'અણિમાદિલાભયોગોપદેશ' એ નામનો બ્યાશીમો સર્ગ સંપૂર્ણ. ૮૨

સર્ગ ૮૩ મો.*

કિરાટની કથા

॥ श्रीवसिष्ठ उवाच ॥

अणिमादिगुणैश्वर्ययुक्ता सा नृपभामिनी ॥ एवं बभूव चूडाला घनाभ्यासवती सती॥१॥

શ્રીવસિષ્ઠ કહે છેઃ—શિખિધ્વજ રાજાની રાણી ચૂડાલાએ ઉપર જણાવ્યા પ્રમાણે પ્રાણાયામ આદિ યોગનો ઘાટો અભ્યાસ કરી, અણિમાદિ સિદ્ધિઓનું ઐશ્વર્ય મેળવ્યું.[૧] મોહની નિવૃત્તિ થઇ જવાનેલીધે અને તાપોનો નાશ થઇ જવાથી ગંગાના જેવી નિર્મલ અને શીતલ એ ચૂડાલાએ આકાશમાર્ગવડે ગમન કરવા માંડ્યું, સમુદ્રરૂપ ગુફામાં પ્રવેશ કરવા માંડ્યો; અને ઇચ્છા પ્રમાણે પૃથ્વીમાં પણ ફરવા માંડ્યું.[૨] જે રાણી પોતાના પતિના વક્ષસ્થલમાંથી અને ચિત્તમાંથી એક ક્ષણમાત્ર પણ દૂર ગયેલ ન હતી, એજ ચૂડાલા પોતાના યોગસામર્થ્યથી લક્ષ્મીની પેઠે રાજ્યોમાં અને જગતમાં ફરતી હતી.[૩] વિજળીના ઝબકારા જેવાં ચળકતાં ઘરેણાંથી શણગારેલી એ રાણીએ મેઘમાલાની પેઠે અનેક પર્વતોમાં અને પૃથ્વીમાં ફરવા માંડ્યું.[૪] જેમ સૂત્રનો તાંતણો વિંધેલાં મોતીમાં સુખેથી પ્રવેશ કરી શકે તેમ તૃણ, કાષ્ઠ, પાષાણ, પ્રાણિ, આકાશ, વાયુ, અગ્નિ અને જલ, એ સર્વમાં તે નિર્વિઘ્ન પ્રવેશ કરતી હતી.[૫] મેરુપર્વતના ઉપરનાં શિખરોમાં, લોકપાલનાં પુરોમાં તથા દિશાઓમાં અને આકાશમાં રહેલાં સર્વ સ્થાનોમાં તે વિહાર કરતી હતી.[૬] પક્ષી, ભૂત, પિશાચ, નાગ, દેવ, દાનવ, વિદ્યાધર, અપ્સરા અને સિદ્ધ, એ વગેરે સાથે તે સંભાષણ આદિ વ્યવહાર કરતી હતી.[૭] એ ચૂડાલાએ યત્નથી પોતાના પતિને આત્મજ્ઞાનરૂપ અમૃતનો લાભ થવામાટે ઘણીવાર વખતોવખત બોધ કર્યો પરંતુ રાજાને તેથી કશું જ્ઞાન થયું નહિ.[૮] જેમ બાળક વિદ્યાના ખરા સ્વરૂપને ન સમજી શકે તેમ ઉપર જણાવ્યા પ્રમાણે યોગૈશ્વર્યાદિ ગુણોવાળી એ ચડાલાનું ખરૂં સ્વરૂપ, આટલા કાલસુધી શિખિધ્વજ રાજાના સમજવામાં આવ્યું નહિ. માત્ર તે એટલુંજ સમજતો હતો કે મારી રાણી અનેક કલાઓમાં કુશળ અને રમણીય છે.[૯,૧૦] શૂદ્રને જેમ યજ્ઞક્રિયા દેખાડવામાં નથી આવતી, તેમ એ ચૂડાલા રાણીએ પણ આત્મામાં વિશ્રાંત નહિ થયેલા એ શિખિધ્વજ રાજાને પોતાની સિદ્ધિઓની શોભા દેખાડી નહિ.[૧૧]

શ્રીરામચંદ્રજી પૂછે છેઃ—હે સમર્થ ગુરુ મહારાજ ! ચૂડાલારાણી મહાસિદ્ધ અને પૂર્ણ

* આ ત્ર્યાશીમા સર્ગમાં ચૂડાલાની સિદ્ધિના વિભવો, શિખિધ્વજ રાજાનું અજ્ઞાન, અને ગુરૂપદેશની સફલતાના સંબંધમાં કિરાટનું આખ્યાન, એ કથા કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યોગાભ્યાસવાળી હતી, છતાં તેના યત્નથી પણ રાજાને બોધ થયો નહિ તો પછી બીજાને તો શી રીતે થાય?[૧૨]

શ્રીવસિષ્ઠ કહે છેઃ–રઘુકુલને દીપાવનાર હે રામચંદ્રજી! ઉપદેશનો જે ક્રમ બાંધવામાં આવ્યો છે તેતો માત્ર " तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत् समित्पाणिःश्रोत्रियं ब्रह्मनिष्ठम् " ઇત્યાદિ શાસ્ત્રોક્ત મર્યાદાને પાલવામાટે છે. બાકી શિષ્યની શુદ્ધ બુદ્ધિજ જ્ઞાન થવામાં મુખ્ય કારણરૂપ છે.[૧૩] કેવળ શાસ્ત્રથીજ કે કેવળ પુણ્યથીજ પોતાનું ખરૂં તત્ત્વ જણાતું નથી! પરંતુ જેમ સર્પના પગ ગૂઢ હોવાથી સર્પ પોતેજ તેને દેખે છે તેમ પોતેજ નિદિધ્યાસનવડે સાક્ષાત્કાર થવાથી પોતાના સ્વરૂપને ઓળખી લે છે.[૧૪]

શ્રીરામચંદ્રજી પૂછે છેઃ–હે મહારાજ! જેમ આપ કહો છો તેમજ જો હોય તો આ જગતની મર્યાદામાં ગુરૂપદેશને પણ આત્મજ્ઞાનમાં કારણરૂપે બતાવ્યો છે, તે કેમ અને કયે દ્વારે ઉપકારક છે?[૧૫]

શ્રીવસિષ્ઠ કહે છેઃ–વિંધ્યાટવીના તૃણ અને લતાદિવાળા એક જંગલમાં કુટુંબી બ્રાહ્મણની પેઠે ધનધાન્ય–સંપન્ન છતાં અતિ કૃપણ કોઇ એક કિરાટ* રહે છે.[૧૬] હે રામચંદ્રજી! એક દિવસ તે ક્યાંય જતો હતો તેવામાં વિંધ્યાટવીના, ઘાસના ઘેરાથી ઢંકાયલા કોઈ એક પ્રદેશમાં તે કિરાટની એક કોડી પડી ગઈ.[૧૭] એ એક કોડી મળે તો તેમાંથી સમય જતાં (વેપારવડે) ચાર કોડી થાય, તેમાંથી પછી આઠ પેદા થાય, અને પછી ક્રમે કરીને એ એકજ કોડીમાંથી સો, હજાર, બે હજાર કોડીઓ મળે એવો વિચાર ચિત્તમાં આવવાથી એ એક કોડીનેમાટે પોતાની કૃપણતાનેલીધે યત્નવડે ઘાસ ફોતરાં આદિ સર્વ જગોએ તેણે ત્રણ દિવસ સુધી શોધ કર્યો.[૧૮,૧૯] દીનપણાથી રાતદિવસ આળસ મેલીને એવો તો એ કિરાટ શોધમાં તત્પર રહ્યો કે બીજા માણસોના હજારો ઉપહાસ ઉપર પણ તેનું લક્ષ્ય ખેંચાયું નહિ.[૨૦] એમ ત્રણ દિવસ પર્યંત શોધમાં લાગ્યાથી છેવટ તે જંગલના પ્રદેશમાંથી તેને પૂર્ણ ચંદ્રના જેવો ચળકતો એક મોટો ચિંતામણિ મળ્યો.[૨૧] તે મળવાથી મનમાં પ્રસન્ન થઇ ઘેર આવીને તે જગતના સઘળા વૈભવોને ભોગવનારો, દરિદ્રતા આદિ દુઃખોથી રહિત અને મહાસુખી થઈ રહ્યો.[૨૨] એ પ્રમાણે જેમ કિરાટે રાતદિવસ મનમાં ગ્લાનિ ન લાવતાં કોડીનો શોધ કર્યો, તો આખા ભૂમંડલના જેવો મહા મૂલ્યવાન ચિંતામણિ તેને મળ્યો, તેજ પ્રમાણે શાસ્ત્રના ઉપદેશથી પોતાના આત્માનું સ્વરૂપ ઓળખાય છે. જેમ કોડી શોધવા જતાં કિરાટને ચિંતામણિનો લાભ થયો તેમ ગુરૂપદેશના ક્રમથી શ્રવણાદિ દ્વારા પરોક્ષજ્ઞાનનું અન્વેષણ કરવા જતાં મનન-નિદિધ્યાસન દ્વારા અપરોક્ષજ્ઞાનનો લાભ થઇ જાય છે.[૨૩,૨૪] હે નિષ્પાપ રામચંદ્રજી! શાસ્ત્રાદિકનું શ્રવણ કર્ણ આદિ ઇંદ્રિયરૂપે પરિણામ પામેલા મનનો વ્યાપાર છે અને બ્રહ્મ એ પોતે ઇંદ્રિયોનો વિષય નથી, જેથી ગુરુના ઉપદેશ માત્રથી આત્મતત્ત્વની પ્રાપ્તિ થતી નથી.[૨૫] જોકે ગુરૂપદેશ દ્વારા તત્ત્વશ્રવણ થાય છે, પરંતુ તેનો સાક્ષાત્કાર તો મનન-નિદિધ્યાસન આદિથી અત્યંત સ્વચ્છ થયેલી શિષ્યની બુદ્ધિવડેજ સાધ્ય છે. જેમ કોડીને શોધ્યાવિના કિરાટને ચિંતામણિનો લાભ થાત નહિ તેમજ ગુરૂપદેશ વિના આત્મતત્ત્વનું જ્ઞાન પણ થાય નહિ.[૨૬] જેમ ચિંતામણિ મળવામાં કોડી સાક્ષાત્કારણરૂપ ન છતાં પણ અન્વેષણ દ્વારા કારણરૂપ ગણી શકાય છે, તેમ ગુરુનો ઉપદેશ પણ મોક્ષરૂપ મહાપ્રયોજનવાળા આત્મતત્ત્વને ઓળખવામાં સાક્ષાત્કારણરૂપ નહિ

* હલકી જાતનો વાણીઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતાં પણ શ્રવણ-મનનાદિદ્વારા કારણરૂપ થાય છે.[૨૭] હે રામચંદ્રજી ! મોટાઓને પણ મોહમાં નાખનારી આ માયાશક્તિ તમે જુઓ કે કાંઈક શોધવા જતાં વળી તેનું ફલ કાંઇક બીજુંજ મળી આવે છે.[૨૮] પુરુષ કાંઇક કર્મ કરે છે અને પાછો કાંઇ જુદીજ જાતનો તેને (કિરાટની પેઠે) ફલનો લાભ થાય છે; એવું આ ત્રણેય લોકમાં જોવામાં આવે છે માટે આત્મજ્ઞાન થયા પછી માત્ર પ્રારબ્ધશેષથી જોવામાં આવતા આ જગતરૂપી ભ્રમની અસંગપણાથી ઉપેક્ષા રાખી કાલ નિર્ગમન કરવો એજ કલ્યાણકારક છે.[૨૯]

अन्यत्कारीति पुरुषः फलमन्यदेव प्राप्नोति यत्रिषु जगत्स्ववलोक्यते च ॥ तस्मादनन्तरभवस्य जगद्भ्रमस्य श्रेयोतिवाहनमसंगमनिच्छयैव ॥ २९ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'કિરાટોપાખ્યાન' એ નામનો ત્યાશીમો સર્ગ સંપૂર્ણ. ૮૩

સર્ગ ૮૪ મો.*

શિખિધ્વજનો વૈરાગ્ય અને વનગમન

॥ श्रीवसिष्ठ उवाच ॥

ततः शिखिध्वजो राजा तत्त्वज्ञानपदं विना ॥ आजगाम परं मोहं तमोंधत्वमिवाप्रजाः ॥१॥

શ્રીવસિષ્ઠ કહે છેઃ–હે રામ ! ત્યાર પછી શિખિધ્વજરાજા જેમ નષ્ટ સંતતિવાળો પુરુષ શોકથી અંધ બની જાય તેમ તત્ત્વજ્ઞાનરૂપ વિશ્રામસ્થાન વિના અતિ કલેશને પ્રાપ્ત થતો હતો.[૧] ચિત્તમાં દુઃખરૂપ અગ્નિ સળગવા લાગતાં પોતાના સામંત આદિ સ્નેહીમંડલે પ્રાપ્ત કરાયેલી વિભૂતિઓ પણ અગ્નિશિખા જેવી લાગતાં તેનું મન કાંઇ પણ આનંદ પામતું ન હતું.[૨] પારધિના બાણથી બચી ગયેલા (ભયાતુર) હરિણની પેઠે એ રાજાનું ચિત્ત પણ એકાંત દેશોમાં, દિશાઓના અંતમાં, પાણીના ઝરણાંવાળાં સ્થાનોમાં અને ગુફાઓમાં પ્રીતિવાળું રહેતું હતું.[૩] હે રામચંદ્રજી ! તમારી પેઠે એ રાજાને પણ તેના અનુચરોજ ધારણા અને વિનયનાં વચનોવડે બોધ કરી દિવસનાં કર્મો કરાવતા હતા.[૪] ત્યાગી પરમહંસની પેઠે નિરંતર અત્યંત વૈરાગ્યવાળો અને શાંતબુદ્ધિનો એ શિખિધ્વજ રાજા પોતાની રાજ્યલક્ષ્મી ભોગવવામાં પણ ખેદ પામતો હતો.[૫] હે વિવેકી રામચંદ્રજી ! દેવતાઓ, બ્રાહ્મણો અને પોતાના માણસો એ સર્વને તે રાજા ગાય, પૃથ્વી અને સુવર્ણ આદિનું દાન આપતો હતો.[૬] તેણે તપ કરવામાટે કૃચ્છ્રચાંદ્રાયણાદિ વ્રતો કરવા માંડ્યાં અને વનોમાં, તીર્થોમાં તથા બીજાં કેટલાંક પુણ્યસ્થાનોમાં ફરવા માંડયું.[૭] તોપણ જેમ દ્રવ્યવિનાની પૃથ્વીને દ્રવ્યની આશાથી ખોદનાર પુરુષ દ્રવ્ય ન નીકળ્યાથી સંતોષ ન પામે તેમ રાજાનું મન પણ એથી કાંઇ સંતોષ પામ્યું નહિ.[૮] તેનું શરીર રાત્રિ-દિવસ ચિંતારૂપ અગ્નિથી શોષાવા લાગ્યું અને સંસારરૂપ એક મહાવ્યાધિના ઔષધના વિચારમાં તે લાગ્યો.[૯] ચિંતાથી પરવશ થઈ જવાનેલીધે દીન બની ગયેલો એ રાજા મોટા વૈભવોથી ભરેલા પોતાના રાજ્યને પણ વૈરાગ્યવડે ખેદ પામેલી બુદ્ધિથી ઝેર જેવું સમજી પાસે રહ્યા છતાં પણ તેપર લક્ષ્ય આપતો ન હતો.[૧૦] રાજાએ એક દિવસ એકાંતમાં પોતાની પાસે બેઠેલી એ ચૂડાલા રાણીને મધુરવાણીથી નીચે પ્રમાણે કહ્યું.[૧૧]

શિખિધ્વજ રાજા કહે છેઃ–ઘણા લાંબા કાલસુધી, મેં રાજ્યનો ઉપભોગ કર્યો અને વૈભવો પણ ભોગવ્યા હવે તો મનમાં વૈરાગ્ય

* આ ચોરાશીમા સર્ગમાં શિખિધ્વજરાજાનું વૈરાગ્ય, ચૂડાલાનું સમજાવવું તથા વનમાં રાત્રિએ રાજાનું નીકળવું અને છેવટ મંદરાચલમાં સ્થિતિ થવી એ કથા કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્પન્ન થાય છે જેથી હું વનમાં જવાને ધારૂં છું.[૧૨] હે કોમલ અંગવાળી ! વનમાં રહેનારા મુનિને સુખો કે દુઃખો, વિપત્તિઓ કે સંપત્તિઓ એ કશું આવતું નથી.[૧૩] વનમાં રહેનાર પુરુષને દેશના ભંગની કે રણસંગ્રામમાં થતા માણસોના ક્ષયની પીડા ખમવી પડતી નથી, તેથી રાજ્યના કરતાં પણ વનવાસમાં વધારે સુખ છે, એમ હું માનું છું.[૧૪] હે સુંદર મુખવાળી ! કળીઓના ગુચ્છાઓરૂપી સ્તનને ધારણ કરનારી, રાતા પલ્લવરૂપી હસ્તથી શોભાયમાન, મંજરીઓના સમૂહથી મનોહર લાગતી ચંચલ એવા ધોળાંવાદળાંરૂપ વસ્ત્રને ધારણ કરનાર, પોતાના મકરંદરૂપ અંગરાગથી સુશોભિત, પુષ્પરૂપી ઘરેણાંથી શણગારેલી, સેવવાયોગ્ય, સુવર્ણશિલાઓરૂપી નિતંબભાગથી* શોભાવાળી તરંગરૂપી મોતીઓથી પરોવાયેલી નદીઓરૂપ મુક્તાલતાથી× વીંટાયેલી, લતારૂપ સખીઓથી ઘેરાયેલી, અત્યંત સુંદર, હરિણરૂપ બાલકવાળી, સ્વભાવથીજ અત્યંત સુગંધી, ક્ષુધાતુર પુરુષોને ફલરૂપ ભોજન આપનારી, ભમરાઓના સમૂહરૂપ નેત્રવાળી, પુષ્પથી ભરાયેલી લતાઓરૂપ અવયવોવાળી (તારા અધરામૃતની પેઠે) તરંગોનો સ્રાવ થવાથી સ્વાદ આપનારી, શીતલ અને નિર્મલ ગાત્રવાળી, વનની પંક્તિઓ તારી પેઠેજ મારા મનને આનંદ ઉત્પન્ન કરે છે.[૧૫-૧૯] એકાંતમાં રહેવાથી મન જેવું શુદ્ધ અને પ્રસન્ન રહે છે તેવું ચંદ્રબિંબોમાં કે બ્રહ્મલોકોમાં અથવા ઇંદ્રલોકમાં રહેવાથી પણ પ્રસન્ન રહેતું નથી,[૨૦] હે પ્રિયે ! આ મારા ઉત્તમ વિચારમાં તારે વિઘ્ન નાખવું ન જોઇએ; કેમકે કુલીન સ્ત્રીઓ સ્વપ્નમાં પણ પોતાના પતિની ઇચ્છાનો ભંગ કરતી નથી.[૨૧]

ચૂડાલા કહે છેઃ–હે પ્રિયપતિ ! જેમ કાલક્રમના નિયમપ્રમાણે વસંતઋતુમાં પુષ્પ અને શરદ્‌ઋતુમાં ફલ શોભે છે તેમ જે સમયમાં જે કામ કરવું યોગ્ય હોય તે સમયમાંજ તે કરવામાં આવે તો શોભે છે પણ જો તેથી ઉલટુંજ બને તો તે શોભતું નથી.[૨૨] વૃદ્ધાવસ્થાનેલીધે જેનો દેહ ઘરડો થઇ ગયો હોય તેવાઓને વનવાસ કરવો ઘટિત છે, પરંતુ તમારા જેવા યુવાનોને એ વાત અઘટિત હોવાથી મારા મનને તે ગમતી નથી.[૨૩] હે મહારાજ ! જ્યાંસુધી આપણે યૌવનથી રહિત થયાં નથી ત્યાંસુધી પુષ્પોના સમૂહથી રહિત નહિ થયેલા વૃક્ષોની પેઠે ઘરમાં શોભીએ છીએ.[૨૪] જ્યારે પુષ્પોને ધારણ કરનારી લતાઓનાં પુષ્પો જેવા ધોળાવાળવાળી વૃદ્ધાવસ્થા આવશે ત્યારે આપણે હંસો જેમ સરોવરમાંથી જતા રહે તેમ ઘરમાંથી બહાર નીકળી વનમાં જઇશું.[૨૫] હે રાજા ! યોગ્ય વખત થયાવિના પ્રજારક્ષણના કામને છોડી દેનાર રાજાને રાજ્યનાં કેટલાંક છિદ્રો ઉઘાડાં થઇ જવાને લીધે મોટું પાપ લાગે છે.[૨૬] નહિ કરવાનાં કાર્યોથી રાજાને તેના નોકરો પરસ્પર સલાહ કરી રોકી રાખે છે, અને પ્રજા પણ તેને તેવાં કામથી નિવારે છે.[૨૭]

શિખિધ્વજ રાજા કહે છેઃ–હે કમલ જેવાં નેત્રવાળી રાણી ! મેં ધારી રાખેલા વિચારમાં વિઘ્ન નાખવાનું બંધ કર; કેમકે હું અહીંથી છેટે એકાંત વનમાં ગયેલોજ છું એમ તું સમજજે.[૨૮] હે કોમલાંગિ ! તું બાળક અને મૃદુ અવયવોવાળી છે માટે તારે વનમાં આવવું નહિ, કેમકે પુરુષોથી પણ વનના પ્રદેશમાં માંડ જઇ શકાય છે.[૨૯] જેમ વનમાં થયેલી પુષ્પમંજરીઓ (ઉપવનમાં થયેલી મંજરીઓ કરતાં કઠિન હોય તોપણ) શસ્ત્રપંક્તિઓને સહન કરવાને અસમર્થ છે, તેમ સ્ત્રીઓ ગમે તેવી કઠિન અંગવાળી કે મજબુત મનની હોય,

* ઉંચા પ્રદેશ. × મોતીના હાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

પરંતુ તે વનમાં રહેવાને અશક્તજ છે.[૩૦] હે ઉત્તમાંગિ! તારે તો રાજ્યમાંજ રહી તેનું રક્ષણ કરવું, કારણ કે પતિ ક્યાંય બહાર જાય તો કુટુંબનો ભાર ઉઠાવવો એ સ્ત્રીઓનો ધર્મજ છે.[૩૧]

શ્રી વસિષ્ઠ કહે છેઃ–હે રામ ! ચંદ્રના જેવા સુંદર મુખવાળી પોતાની પત્નીને રાજા ઉપર પ્રમાણે કહી સ્નાન કરવા માટે ઉઠયો અને સઘળું દિવસનું કામકાજ તેણે કર્યું.[૩૨] જેમ હવે પછી શિખિધ્વજ રાજા સઘળું પ્રજાનું કામકાજ બંધ કરી સઘળા મનુષ્યોથી ન જઈ શકાય તેવા વનમાં જશે, તેમ સૂર્યનારાયણ પણ પ્રજાનું સઘળું કામકાજ બંધ કરી સર્વ મનુષ્યોથી દુઃખવડે ન જઈ શકાય તેવા અસ્તાચલ પર્વતમાં ચાલ્યા ગયા. (આથમી ગયા.)[૩૩] જેમ પોતાના ઘરમાંથી નીકળેલા રાજાની પછવાડે અનુરાગવાળી (પ્રેમથી બંધાયેલી) ચૂડાલા હવે પછી જશે તેમ સૂર્યનારાયણની પછવાડે પણ અનુરાગવાળી (લાલ થઈ ગયેલી) તેની પ્રભાએ પોતાના પ્રસારેલા રૂપને સંકોચી લઈ અનુગમન કર્યું.[૩૪] કેમ જાણે યમુનાજ ભસ્મવડે ધૂસર થઈ ગયેલા અને (પોતાની સખી) ગંગાજીને ધારણ કરનારા મહાદેવજીનો પોતાની ઇચ્છાથી આશ્રય કરતી હોય તેમ રાત્રિએ જગતનો આશ્રય કર્યો.[૩૫] જ્યારે સંધ્યાકાલનાં વાદળાંઓરૂપી દંતપંક્તિ ધારણ કરનારી, તમાલરૂપ બાલકોને ખોળામાં ધારણ કરનારી દિશાઓએ ચંદ્રિનીરૂપ હાસ્યના ઉદયથી પોતાના તેજોમંડલનો ચારેકોર પ્રસાર કરવા માંડ્યો; અને દિવસની શોભા તથા સૂર્યનારાયણ એ બન્ને સ્ત્રીપુરુષે દેવતાઓના બગીચાઓથી શોભાયમાન એવા મેરુપર્વતના ઉત્તર ભાગમાં રમણ કરવાને માટે ગમન કર્યું; તથા રાત્રિ અને ચંદ્રમારૂપી બન્ને સ્ત્રીપુરુષે પાપના પરિણામરૂપ તાપને ઉપજાવનાર સૂર્યના પ્રચંડ કિરણોથી રહિત થઇ ગયેલા મેરુપર્વતના પૂર્વભાગમાં જ્યારે ફરીવાર રમણની ઈચ્છાથી આગમન કર્યું ત્યારે કેમ જાણે દિશાઓરૂપી સ્ત્રીઓએ મંગળકારક શાળની અંજલિ (વધાવવાનેમાટે) ફેંકેલ હોય તેમ આકાશરૂપ દીવાલમાં વીખરાયેલો તારાગણ દેખાવા લાગ્યો.[૩૭-૩૯] ચંદ્રરૂપી મુખથી સુશોભિત, અંધકારથી શ્યામ (પોતાના પતિને શોધવાથી) થાકી ગયેલી, પુષ્પરૂપ સુંદર હાસ્યવાળી અને કુમુદ પુષ્પરૂપ સ્તનવાળી રાત્રિ યૌવનમાં પ્રાપ્ત થઈ.[૪૦] રાજાએ સંધ્યાદિ નિત્યકર્મ કરી પોતાની પ્રિયપત્ની ચૂડાલાસાથે મૈનાકપર્વત જેમ સમુદ્રનો આશ્રય કરે તેમ પાછો શયનનો આશ્રય કર્યો,[૪૧] પછી જ્યારે અર્ધરાત્રિનો સમય થયો કે જે વખતે એ પ્રદેશમાં કોઇ પણ જાતનો શબ્દ સંભળાતો ન હતો અને ઘાટી નિદ્રારૂપ શિલાની અંદર સર્વ મનુષ્યો લીન થઈ ગયાં હતાં અને કોમળ ઓછાડવાળા પોતાના શયનમાં સૂતેલી ચૂડાલા રાણી પણ કમલ બીડાઈ જવાથી બેભાન બની ગયેલી ભમરીની પેઠે નિદ્રામાં અત્યંત બેભાન થઈ ગઇ હતી તેવે વખતે જેમ ગ્રહણના મોક્ષકાલમાં રાહુનું મુખ ધીરે ધીરે ચંદ્રમાની પ્રભાને પૂર્વ આદિ દિશાતરફથી મૂકવા માંડે છે તેમજ અતિ નજીક સૂતેલી પોતાની રાણીને રાજાએ પણ ધીરે ધીરે છોડવા માંડી.[૪૨-૪૪] સૂતેલી રાણીએ અર્ધભાગમાં દબાવેલ ઓછાડવાળા એ શયનમાંથી જેમ વિષ્ણુ ભગવાન્ લક્ષ્મીની કાંતિવાળા અને ચંચલ તરંગોથી શોભતા ક્ષીરસાગરમાંથી ઉઠે તેમ શિખિધ્વજ રાજા પણ ઉઠયો.[૪૫] “ હું વીરચર્યામાટે જાઉં છું તમે સર્વ અહીંજ રહો. ” એ પ્રમાણે પોતાના અનુચરવર્ગને કહી તેઓની ત્યાંજ યોજના કરી, રાજા પોતે શહેરથી બહાર નીકળ્યો. નિસ્પૃહ થઈ ગયેલા એ રા-

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાએ " હે રાજ્યલક્ષ્મિ ! તને હવે નમસ્કાર છે " એમ કહી પોતાના દેશથી બહાર નીકળી જેમ કોઇ નંદ સમુદ્રમાં પ્રવેશ કરે* તેમ માત્ર પોતે એકલાએજ અતિ ભયાનક મોટા જંગલમાં પ્રવેશ કર્યો.[૪૬,૪૭] ઘાટા અંધકારવાળી લતાઓથી ભરેલું, ક્ષુદ્ર પ્રાણીઓના સમૂહથી મહાભયાનક એવું એ મોટું અરણ્ય; અને ઘાટા અંધકારથી ભરેલી તથા ક્ષુદ્ર પ્રાણીઓના સમૂહથી ભયંકર લાગતી એ રાત્રિ; તે બન્નેનું રાજાએ સાથેજ ઉલ્લંઘન કર્યું. (અર્થાત્ રાત્રિ પણ જતી રહી અને એ મોટા અરણ્યનો પણ છેડો આવી ગયો.)[૪૮] પ્રાતઃકાલસુધીમાં મહાભયાનક જંગલનું ઉલ્લંઘન કરી તે સાથે આખા દિવસને પણ માર્ગમાંજ અતિવહિત કરી, કોઈ એક વનભૂમિમાં સૂર્યનારાયણની સાથે (સાયંકાલે) તેમણે પણ વિશ્રામ લીધો.[૪૯] સૂર્યાસ્ત થયાથી તે રાજાએ સ્નાનાદિ કર્મ કરી કાંઇક ફલાદિકનો આહાર કરી તે રાત્રિ ત્યાંજ ગાળી.[૫૦] વળી પ્રાતઃકાલમાં ઉઠી કેટલાંક નગરો, દેશો, પર્વતો અને નદીઓનું તેણે ઉલ્લંઘન કર્યું. એ પ્રમાણે બાર રાત્રિ વીત્યા પછી મંદરાચલની નજીક રહેલું, બીજા મનુષ્યોથી દુઃખવડે જઇ શકાય તેવું, જનસમુદાયથી અને નગરોથી અતિ દૂર, વાંસના ધોરીયા કે પરનાળાં વાટે ખળખળ વહેતાં વાવનાં પાણીવડે પોષણ પામી અતિ બલવાન થયેલાં વૃક્ષોવાળું, શિથિલ થઇ ગયેલાં (જુનાં) વેદીનાં (એક જાતની યજ્ઞભૂમિનાં) સ્થાનોથી પૂર્વકાલમાં થઇ ગયેલા બ્રાહ્મણોના આશ્રમોની સૂચના આપનારૂં, ક્ષુદ્ર પ્રાણીઓથી રહિત, સિદ્ધ પુરુષોએ સેવવા લાયક, લતાઓના સ્થાનરૂપ, પ્રાણને પોષણ આપનારાં ફલોથી ભરપૂર થઈ ગયેલ વૃક્ષોથી અને લતાઓથી સંયુક્ત એવું કોઇ એક વન હતું ત્યાં તે જઈ પહોંચ્યો.[૫૧-૫૪] તે વનની અંદર લીલા ઘાસવાળા પ્રદેશથી શ્યામ, ફલવાળાં વૃક્ષોથી સુશોભિત, સ્નિગ્ધ, શીતલ, શુદ્ધ, સરખા અને જલવાળા કોઇ એક પ્રદેશમાં જેમ વર્ષાકાલ, વિજળીવાળાં શ્યામ વાદળાંઓવડે પાંજરા જેવો ગોળ આકાર બનાવી દે છે તેમ એ રાજાએ મંજરીવાળી વેલોથી પોતાને રહેવાનેમાટે એક પર્ણકુટી બનાવી.[૫૫,૫૬] કોમલ વેણુદંડ, ફલપાત્ર, ભોજનપાત્ર, અર્ઘ્યપાત્ર, પુષ્પપાત્ર, અક્ષમાલા, કમંડલુ, ટાઢ મટાડવાનેમાટે કંથા (ઓઢવાની ગોદડી), દર્ભાસન, અને મૃગચર્મ, એટલા પદાર્થો એ પર્ણકુટીમાં લાવી રાખ્યા.[૫૭,૫૮] જગતમાં જેમ બ્રહ્માએ પ્રથમથીજ સર્વ પદાર્થોનેમાટે ક્રમ બાંધી રાખ્યો છે તેમ એ રાજાએ બીજું પણ જે કાંઇ તપસ્વીના કાર્યમાટે યોગ્ય લાગ્યું તેની પણ એ પર્ણકુટીમાં ગોઠવણ કરી રાખી.[૫૯] એ રાજાએ પ્રાતઃકાલના પહેલા પહોરમાં સંધ્યા કરીને પછી જપ કરવા માંડ્યો. બીજા પહોરમાં ફૂલ, દર્ભ, કાષ્ઠ આદિ વીણવાનું કામ, સ્નાન અને દેવપૂજન કરવા માંડ્યું.[૬૦] પછી કાંઇક વનનાં ફલ, કંદ તથા કમલ આદિનું ભક્ષણ કરી પાછો જપપરાયણ રહી જિતેંદ્રિય શિખિધ્વજ રાજા એકલોજ રાત્રિનું અતિક્રમણ કરતો હતો.[૬૧] એ પ્રમાણે મંદરાચલની પાસેના પ્રદેશમાં પર્ણકુટી બાંધી તેની અંદર ખેદ પામ્યાવિના પ્રસન્નતાથીજ એ રાજાએ દિવસો ગાળવા માંડ્યા. પ્રથમ અનુભવમાં આવેલો નવો રાજવિલાસ તેના સ્મરણમાં પણ આવ્યો નહિ, કેમકે હૃદયમાં વિવેક ઉત્પન્ન થયા પછી, રાજ્યલક્ષ્મીઓ કોના મનનું હરણ કરી શકે છે ? અર્થાત્ કોઈ પણ વિવેકીપુરુષના મનનું હરણ કરી શકતી નથી.[૬૨]

* નંદરાજાએ સમુદ્રમાં નાણું સંતાડ્યું હતું તે લેવા માટે જતાં નવ નંદ થયા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इति दिवसभखेदं मंदरोपांतकच्छे विरचित उटजेंतर्मालवेशो निनाय ॥ नवनृपतिविलासं तं न सस्मार कं वा स्फुरति हृदि विविक्ते राज्यलक्ष्म्यो हरन्ति ॥ ६२ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'શિખિધ્વજપ્રવ્રજ્યા' એ નામનો ચોરાશીમો સર્ગ સંપૂર્ણ. ૮૪

સર્ગ ૮૫ મો.*

ચૂડાલા પતિપાસે વનમાં ગઇ

॥ श्रीवसिष्ठ उवाच ॥

एवं शिखिध्वजः पूर्णमठिकायां वने स्थितः। इदानीं शृणु चूडाला सा किं कृतवती गृहे ॥१॥

શ્રીવસિષ્ઠ કહે છેઃ—ઉપરપ્રમાણે શિખિધ્વજ રાજા યોગ્ય પદાર્થથી પૂર્ણતાવાળી પોતાની પર્ણકુટીમાં વનમાંજ રહ્યો. હવે પછી પછવાડે ચૂડાલારાણીએ શું કર્યું તે તમે સાંભળો.[1] અર્ધ રાત્રિના સમયમાં ઉઠી શિખિધ્વજ રાજા છેટે પહોંચી ગયા પછી ચૂડાલા રાણી ગામમાં સૂતેલી હરિણીનીપેઠે ભયથી જાગી ગઇ.[2] પતિએ છોડી દીધેલી એ રાણીને, સૂર્ય ન હોવાનેલીધે અને પૂર્ણચંદ્ર પણ ન હોવાનેલીધે શોભાવગરના આકાશના જેવું પોતાનું શયન શૂન્ય જોવામાં આવ્યું.[3] ક્ષારકર્દમ× આદિથી ખરાબ રીતે સીંચાયેલી મોટી વેલની પેઠે કરમાઇ ગયેલાં પોતાનાં અવયવોરૂપી પલ્લવોને ધારણ કરનારી અને ખેદથી ભરેલી એ રાણી કાંઇક પડી ગયેલે મ્હોડે શયનમાંથી ઉઠી.[4] ઝાકળ પડવાથી ધૂસર વર્ણની થઇ ગયેલી દિનશોભાની પેઠે એ ચૂડાલા પણ અપ્રસન્ન, અસ્વચ્છ અને આકુલ બની ગઇ.[5] ક્ષણમાત્ર શય્યા ઉપર બેસી તેણે વિચાર કર્યો કે "અહો મોટું કષ્ટ આવી પડયું છે કે રાજા રાજ્ય છોડી ઘરમાંથી વનમાં જતા રહ્યા.[6] હવે મારે આ વખતે અહીં શું કરવું ! માટે હું પણ તેની પાસેજ જાઉં, કારણ કે શાસ્ત્રોમાં પતિ એજ સ્ત્રીઓની મુખ્ય ગતિ બતાવી છે."[7] એવો વિચાર કરી પોતાના પતિની પછવાડે જવાને ઉભી થયેલી ચૂડાલારાણી ગોખમાંથી (સૂક્ષ્મરૂપે) બહાર નીકળી, આકાશમાં આવી.[8] સિદ્ધલોકોના સમુદાયને મુખવડે બીજા ચંદ્રની ભ્રાંતિ ઉત્પન્ન કરનાર એ રાણીએ વાયુના સમૂહની સાથે આકાશમાર્ગે ફરવા માંડયું.[9] પછી ખડ્ગને ધારણ કરીને વેતાલોને (ભૂતાવિષ્ટ શબોને) ફરવાના સમયમાં (રાત્રિમાં) એકલોજ ફરતો પોતાનો પતિ જેવી રીતે રાત્રિએ જતો હતો તેવીજ રીતે તેના જોવામાં આવ્યો.[10] એવી તરેહના પોતાના પતિને જોઇ, આકાશમાર્ગમાંજ રહી, પોતાના પતિનું જે કાંઇ અવશ્ય ભાવિ હતું તેનો એ રાણીએ વિચાર કર્યો.[11] હે રામચંદ્રજી ! જે પ્રકારે, જે કાલે, જે નિમિત્તે, જે સ્થાનમાં અને જે ક્રિયાથી જેટલો તેનો અભ્યુદય થવાનો હતો અને જે તેને પરમપદની ઉત્તમ વિશ્રાંતિ મળવાની હતી, એ વગેરે જે સઘળું અવશ્ય ભાવિ હતું તે કેમ જાણે તેની આગળ મૂર્તિમાન આવીને ઉભું હોય તેમ યોગના બલથી તેના જોવામાં આવ્યું અને તે ભાવિને અનુકૂલજ વર્તવાને માટે રાજા પાસે ગઇ નહિ.[12,13] "મારે હમણાં તે રાજાપાસે જવું નહિ પણ ઘણો લાંબો કાલ ગયા પછીજ તેની પાસે જવું એવોજ દૈવનો નિશ્ચય છે." એવો વિચાર કરી ચૂડાલા પાછી પોતાના અંતઃપુરમાં આવી. શંકરના મસ્તકઉપર રહેલી ચંદ્રમાના કલાની પેઠે પોતાની શય્યા ઉપર આવી સૂઈ

* આ પંચાશીમા સર્ગમાં રાણી જાગી જઇ રાજાને શોધશે, રાજાનું તેને દર્શન થશે અને પછી ચૂડાલા, એ રાજાના ભાવિ અર્થનો વિચાર કરી ઘેર આવશે તથા પાછી યોગ્ય વખતે જઇ તેને બોધ આપશે, એ કથા કહેવામાં આવશે.

× ખાર અને ગારાવાળાં પાણીથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહી.[14,15] હમણાં કોઇપણ કારણનેલીધે રાજા બહાર ગયેલ છે એમ શહેરનાં માણસોને સમજાવી પોતે ત્યાંજ રહી.[16] જેમ કોઈ ડાંગરના કયારાની રક્ષા કરનારી સ્ત્રી તેના કયારાની રક્ષા કરે તેમ સર્વમાં સમદૃષ્ટિ રાખી તે ક્રમે કરીને એ રાણી પતિના રાજ્યની રક્ષા કરવા લાગી.[17] રાજ્યમાં રહેવાથી રાજ્યની રક્ષા કરવાનેલીધે અને વનમાં રહેવાથી વનની રક્ષા કરવાનેલીધે એક બીજાના મુખને નહિ દેખનારાં એ બન્ને સ્ત્રીપુરુષનો એ પ્રમાણે કાલ જવા લાગ્યો;[18] તેથી દિવસ, પક્ષ, માસ, ઋતુ, અને સંવત્સરો, શિખિધ્વજ રાજાનાં વનની અંદર તથા ચૂડાલાનાં પોતાના દરબારગઢની અંદર જવા લાગ્યાં.[19] આ સંબંધમાં વિશેષ તો શું કહેવું; પરંતુ અઢાર વર્ષસુધી ચડાલા પોતાના ઘરમાં (અંતઃપુરમાં) રહી અને રાજા વનની ઝાડીમાં નિવાસ કરી રહ્યા[20] મંદરાચલની તળેટીની ગુફા પાસે પર્ણકુટી બાંધી રહેનારા એ શિખિધ્વજરાજાને ઘણાં વર્ષો વીતી જવાને લીધે વૃદ્ધાવસ્થા આવી ગઈ.[21] ત્યાંસુધીમાં તેની વાસનાઓના પરિપાક પણ આવી જશે એમ ધારી ચૂડાલાએ તેની વાટ જોઇ. ઉપર જણાવ્યાપ્રમાણે જ્યારે ઘણાં વર્ષો વનમાંજ ગયાથી રાજાને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થઇ ત્યારે પોતાનાથી (ચૂડાલાથી) જે કાંઇ કાર્ય થવાનું દૈવના તરફથી ભાવિતરીકે નિર્માણ થઈ ગયેલ છે તેનો વખત આવી ગયાથી 'પતિની (શિખિધ્વજ રાજાની) પાસે જવાનો આ મારે સમય છે,' એમ વિચાર કરી ચૂડાલાએ મંદરાચલનીપાસે (જ્યાં રાજા છે ત્યાં) જવાનો નિશ્ચય કર્યો અને પોતાના દરબારગઢમાંથી તે રાત્રિને વખતે આકાશમાર્ગે ઉતરી.[22-24] વાયુના વેગની સાથે તેણે ગમન કરવા માંડ્યું. માર્ગમાં જતાં જતાં આકાશમાં તેણે કલ્પવૃક્ષનાં (કલ્પવૃક્ષની પાસેથી મનમાનતી રીતે મળેલાં) વસ્ત્રોવડે ઢંકાયેલા રત્નના હારોથી શણગારેલી નંદનવનના બગીચાઓમાં રહેનારી અને પતિ વિષે આસક્તિવાળી સિદ્ધાભિસારિકાઓ, (રમણની ઇચ્છાથી સિદ્ધલોકો પાસે આવનારી સ્ત્રીઓ) તે ચૂડાલાના જોવામાં આવી. ચંદ્રમાની કલાઓને સ્પર્શ કરનારા, હિમના કણોને વર્ષનારા અને ઉત્તમ સિદ્ધપુરુષો પાસેથી પુષ્પમાલા કસ્તૂરી આદિના સુગંધને ગ્રહણ કરી તેનો ફેલાવ કરનારા પવનોનો તે રાણીને સ્પર્શ થયો. આકાશમાં આવતાં તેણે ચંદ્રબિંબરૂપી અમૃતસમુદ્રના મોટા તરંગરૂપ નિર્મલ ચાંદની દીઠી. વાદળાંઓની વચમાં થઇ ગમન કરનાર એ ચૂડાલા રાણીએ મેઘની સાથેજ રહેનારી અને મેઘથી જુદી નહિ પડનારી વિજળીઓ તરફ વારંવાર દૃષ્ટિ કરી પોતાના મનમાં કહ્યું કે "પ્રાણીઓનો સ્વભાવ જીવતાંસુધી બદલાતોજ નથી, કેમકે મારૂં મન વિવેકથી રોક્યા છતાં ઉત્કંઠિત થાય છે કે 'સિંહના જેવી દૃઢ કાંધવાળા અને વિવેકી મારા પતિને હું ક્યારે જોઇશ ? મંજરીઓના ઝુમખાથી વીંટાયેલી વેલો વૃક્ષરૂપી પોતાના પતિને ક્ષણમાત્ર પણ છોડતી નથી એ જોઇને મારા મનમાં પણ પતિને મળવા માટે ઉત્કંઠા થાય છે, જેમ ઉત્તમ દેવયોનિમાં થયેલ આ સિદ્ધાભિસારિકા પોતાના પતિ પાસે જાય છે તેમ હું પણ મારા સ્વામીને ક્યારે મળીશ ?' એમ મનમાં વિચાર થાય છે. અહો ! આ મંદ મંદ પવનો, આ (શીતલ) ચંદ્રકિરણો, આ (રમણીય) વનપંક્તિઓ મને ઉત્કંઠા ઉત્પન્ન કરે છે; અથવા હે મૂઢચિત્ત ! તું અંદર વૃથા આશામાટે નાચે છે ? હે સુશીલ મન ! તારૂં આકાશના જેવું નિર્મલ વિવેકીપણું ક્યાં જતું રહ્યું ? અથવા હે પ્રિયચિત્ત ! પોતાના પતિપ્રત્યે તારી ઉત્કંઠા છે તો ભલે (તે યોગ્ય હોવાથી) ઉત્કંઠિત રહે, પણ વૃથા ઉત્કંઠાથી શું ફળ છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે શરીર! તું જેના આલિંગનાદિક માટે ઇચ્છા રાખે છે તે પતિ (રાજા) તો વૃદ્ધ થઈ ગયેલો, તપસ્વી, દુર્બલ શરીરવાળો અને વાસનાવગરનો થઇ ગયેલો હશે તથા તેનું મન રાજ્યાદિક ભોગો નહિ ભોગવવાને માટે નિર્મૂલ જેવું થઇ ગયું હશે એમ સંભાવના થાય છે.[૨૫,૩૭] જેમ વર્ષાકાલની હલકી નદી કોઈ મહાનદમાં એકરસ થઈ જઇ જુદી જોવામાં આવતી નથી તેમ એ પતિની વાસનાલતા પણ અદૃશ્ય થઇ ગયેલી હશે એમ લાગે છે. કેમકે તે એકાંતમાંજ રહેનાર, એકાકી, ઇચ્છારહિત, વાસનાવગરનો અને ઝાડના હુંઠાની પેઠે સૂકાઇ ગયેલો છે એમ હું અનુમાન કરૂં છું, તોપણ હે ચિત્ત! તારી શી ઉત્કંઠા છે? હું યોગબલથી એ પતિને બોધ આપી પ્રારબ્ધશેષ ભોગવવામાં ઉત્કંઠાવાળો કરી તારીસાથે તેનો મેલાપ કરાવીશ. વનમાં રહેનારા એ પતિનું વાસનારહિત થઈ ગયેલું ચિત્ત હું સર્વત્ર સમાનવૃત્તિવાળું કરી તેની રાજ્યમાંજ યોજના કરીશ અને પછી ઘણા લાંબા કાલસુધી બન્ને સુખેથી રાજ્યમાં રહીશું. અહો! આજ ઘણે લાંબે કાલે હું મારા આ ઉત્તમ મનોરથને સિદ્ધ કરી શકીશ, કે મારો પતિ પણ જ્ઞાન થવાનેલીધે મારા જેવો અંદર અને બહાર સરખા વિચારનો થઇ જશે. સમાન મનોવૃત્તિવાળાં સ્ત્રીપુરુષના સમાગમજન્ય આસ્વાદમાં જે સુખ પ્રાપ્ત થાય છે તેજ બધા આનંદના સમૂહમાં સર્વોપરિ (પહેલા દરજ્જાનો) આનંદ કહી શકાય છે," એવો (મનમાં) વિચાર કરી ચૂડાલા રાણીએ આકાશમાર્ગે પર્વતોને, દેશોને, મેઘોને અને દિશાઓના અંતોને ઉલ્લંઘન કરી, મંદરાચલની ગુફાપાસે આવી, આકાશમાંજ અદૃશ્ય રહી વનના મધ્યભાગમાં પ્રવેશ કર્યો.[૩૮-૪૪] વાયુના સમૂહની પેઠે વૃક્ષોનાં અને લતાઓનાં ચલનનેલીધે જવા-આવવાનું અનુમાન ઉત્પન્ન કરનારી ચૂડાલા રાણીએ વનના કોઇ એક ભાગમાં પર્ણકુટીની અંદર યોગથી એકાગ્ર થઇ ગયેલા ચિત્તવડે પોતાના પતિને જોયો કેમ જાણે તે રાજાનો પૂર્વનો દેહ બદલાઈ ગયો ન હોય એવું રાણીને જણાયું. જે રાજાને પૂર્વકાલમાં હાર, બાજુબંધ, કડાં અને કુંડલ આદિથી શણગારેલો હોવાથી મેરુના જેવો મહાકાંતિમાન્ જોયો હતો, તેજ રાજા આજ દુર્બલ થઇ ગયેલો, શ્યામ વર્ણનો, જૂનાં પાંદડાંની પેઠે શિથિલ થઇ ગયેલા, કાજળના જેવાં પ્રસ્વેદનાં જલથી નાહી રહેલો અને નંદિગણ (મહાદેવના ગણ) ના જેવો નિસ્પૃહ બની ગયેલો રાણીના જોવામાં આવ્યો કે જેણે ફાટેલાં લુગડાં પહેર્યાં હતાં અને માથે જટા રાખી હતી,[૪૬,૪૮] તથા શાંતપણે પોતે એકલોજ રહી એ અકૃત્રિમ સ્થલમાં બેસી દેવતાઓનાં અને અતિથીઓનાં પૂજનમાટે માળા ગુંથતો હતો. આવી સ્થિતિમાં પોતાના પતિને જોઈ સુંદર અંગવાળી અને ઘાટા સ્તનવાળી એ ચૂડાલા રાણીએ મનમાં કાંઇક ખેદ લાવી પોતાના મનથીજ વિચાર કર્યો કે "અહો! અજ્ઞાનથી ઉત્પન્ન થયેલું મૂર્ખપણું મહાવિષમ છે.[૪૯,૫૦] મૂર્ખતાની મેહેરબાનીથીજ આવી (રાજા જેવી) દશાઓ આવી પડે છે. જે રાજા અતિ લક્ષ્મીમાન્ અને મારો પ્રિય પતિ છે તે હમણા હૃદયમાં અજ્ઞાનરૂપ વાદળાંથી જ્ઞાન હણાઈ જવાનેલીધે આવી દશાને પ્રાપ્ત થયો છે. માટે અવશ્ય આજેજ મારા પતિને વિદિતવેદ્ય (જાણવાનું સર્વ જાણી લીધું છે એવો તત્ત્વજ્ઞ) બનાવી ભોગની અને મોક્ષની એ બન્નેની શોભા તેને મળે એવો કરીશ. પરંતુ જે આ (રાણીનું) રૂપ હમણાં છે તે છોડી દઇ કોઇ બીજેજ રૂપે હું અતિ ઉત્તમ બોધ આપવાને તેનીપાસે જાઉં; કારણ કે જો આ રૂપેજ હું જોઈશ તો રાજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

‘ આ મારી રાણી છે અને બાલક છે ’ એમ સમજી મારા બોલવાઉપર ધ્યાન આપશે નહિ.[૫૧-૫૪] માટે હું ક્ષણવારમાં તપસ્વીનું રૂપ લઇ તેને બોધ આપું. મારો પતિ વાસનાઓનો પાક આવી જવાથી પરિપક્વ બુદ્ધિવાળો થઈ ગયેલ છે, માટે હમણાં તેના નિર્મલ ચિત્તમાં પોતાના આત્મતત્ત્વનું બરાબર પ્રતિબિંબ પડશે." એવો વિચાર કરી ચૂડાલાએ બ્રાહ્મણપુત્રનું રૂપ ધારણ કર્યું.[૫૫,૫૬] જલ જેમ ક્ષણમાત્રમાં તરંગરૂપ થઇ જાય છે તેમ ક્ષણમાત્રમાં કાંઇક ધ્યાનવડે તે રૂપાંતર ગ્રહણ કરી બ્રાહ્મણના પુત્રરૂપે વનમાં આવી. મંદહાસ્યવડે મુખ સુશોભિત રાખી, પોતાના પતિપાસે પ્રાપ્ત થઇ. કેમ જાણે તપની મૂર્તિજ હોય તેવો દેખાવ આપતો એ બ્રાહ્મણપુત્ર બીજા વનમાંથી પોતાની પાસેના પ્રદેશમાં આવતો રાજાએ જોયો.[૫૭,૫૮] રસરૂપ સુવર્ણના જેવા પીળા, સ્વચ્છ અને કાંતિમાન અવયવવાળો, મોતીઓના હારોથી શોભાયમાન, અંગમાં શ્વેત યજ્ઞોપવીતને (જનોઇને) ધારણ કરનાર, બે ધોળાં વસ્ત્રને પહેરનાર, પોંચાથી બમણા પ્રદેશસુધી નીચે લટકતી લંબાઇમાં એક હાથના પ્રમાણની અને પૃથ્વીને નહિ અડકતી રુદ્રાક્ષમાલાને ફેરવતો, ભમરાઓની પંક્તિથી વ્યાપ્ત થયેલા કમલનીપેઠે કેશથી વ્યાપ્ત થઇ ગયેલા શિરોભાગને ધારણ કરનાર, પોતાના શરીરમાંથી નીકળતા તેજના સમૂહથી આખા એ પ્રદેશને પ્રકાશવાળો કરનાર, ઉદય પામેલા સવારના સૂર્યની પેઠે કુંડલવડે સુશોભિત મુખવાળો, શિખરના ભાગમાં ચંદ્રને ધારણ કરનાર ઉદયાચલની પેઠે શિખામાં પરોવેલાં મંદારવૃક્ષનાં પુષ્પોથી શોભાયમાન, રમણીય અને શાંત શરીરવાળો, બલવાન, જીતેંદ્રિય, બરફના જેવાં ધોળાં ભસ્મનાં તિલકથી શોભતો, દેખાવામાં રમણીય, મેરુપર્વતના સુવર્ણના તટમાં ચાલતા ગંગાના પ્રવાહમાં પ્રતિબિંબિત થયેલા પૂર્ણ ચંદ્રનીપેઠે ચંચલ દેખાતો એવો એ બ્રાહ્મણપુત્ર રાજાની દૃષ્ટિએ પડ્યો. તે બ્રાહ્મણપુત્રને જોઈ શિખિધ્વજ રાજા આ કોઇ દેવપુત્ર આવે છે એવી બુદ્ધિથી ઉભો થયો અને તેને પોતાની પાદુકા (ચાખડીઓ) કાઢી નાખી ‘ હે દેવપુત્ર ! નમસ્કાર છે. આપ આ આસનપર બેસો,’ એમ કહી પોતાના હાથવતી તેને પાંદડાંનું આસન બતાવ્યું અને એ બ્રાહ્મણના પુત્રના કરતલમાં જેમ ચંદ્રમા કમલખંડના પલ્લવઉપર હિમના કટકા નાખે તેમ ફૂલનીઅંજલિ નાખી. ‘ હે રાજર્ષિ! તમને નમસ્કાર છે. ’ એમ કહી તેમણે આપેલાં પુષ્પો ગ્રહણ કરી તે બ્રાહ્મણપુત્ર પાંદડાંના આસન ઉપર બેઠો.

શિખિધ્વજ રાજા કહે છે:—મહાભાગ્યવાન દેવપુત્ર ! આપનું અહીં ક્યાંથી પધારવું થયું છે ? આજ મને આપનાં દર્શન થયાં તેથી મારો દિવસ સફલ થયો એમ હું માનું છું.[૫૯-૬૯] (અહીં પધારી મને) માન આપનાર દેવપુત્ર! આ અર્ઘ્ય, આ પાદ્ય અને આ પુષ્પો છે તથા આ ગુંથેલી માળા છે તે સર્વ આપ ગ્રહણ કરો. આપનું કલ્યાણ થાઓ.[૭૦]

શ્રીવસિષ્ઠ કહે છે:—હે નિષ્પાપ રામચંદ્રજી! શિખિધ્વજ રાજાએ એ પ્રમાણે કહી, (બ્રાહ્મણના પુત્રરૂપે આવેલ) પોતાની પ્રિયપત્ની ચૂડાલાને શાસ્ત્રમર્યાદાપ્રમાણે પાદ્ય, અર્ઘ્ય, માલા અને પુષ્પો આપ્યાં.[૭૧]

ચૂડાલા કહે છે:—પૃથ્વીમાં હું ઘણાં સ્થાનોમાં ફર્યો છું, પરંતુ તમારા તરફથી મારી જેવી પૂજા થઈ તેવી પૂજા બીજા કોઇ તરફથી થયેલ નથી.[૭૨] હે નિષ્પાપ રાજર્ષિ! સુંદર અને ઘટે તેવા વિનયથી તમે અત્યંત ચિરંજીવી થશો એમ હું માનું છું.[૭૩] હે નિર્મલ રાજર્ષિ! ફૂલના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

સંકલ્પવગરના આ મહાતપનો સંગ્રહ શું તમે મોક્ષમાટેજ કર્યો છે ?[૭૪] હે શાંત રાજર્ષિ ! ક્રોધવગરના સંન્યાસીઓ અને વાનપ્રસ્થાશ્રમીઓના વ્રતરૂપ આ મોટા અરણ્યનું સેવન આપનેમાટે તરવારની ધાર જેવું અતિ કઠિન છે; કેમકે સર્વ સંપત્તિવાળા રાજ્યનો ત્યાગ કરી તમે તેનો (વનવાસનો) અંગીકાર કર્યો છે.[૭૫]

શિખિધ્વજ રાજા કહે છેઃ—હે મહારાજ ! આપ દેવ છો એટલે સર્વ જાણી શંકા તેમાં શું વિસ્મય છે! ચિહ્નરૂપ અલૌકિક શોભાવડેજ આપનું દેવપણું જણાઇ રહે છે.[૭૬] આપના આ અવયવો ચંદ્રમામાંથી બનેલા હોય એમ મને લાગે છે, અથવા વધારે શું કહેવું ? ફક્ત આપના જોવાથીજ કેમ જાણે આપ અમૃતથી મારૂં સિંચન કરતા હો તેવો આનંદ થાય છે.[૭૭] હે સુંદર દેવપુત્ર ! મારી એક મનોહર પ્રિયપત્ની છે કે જે હાલમાં મારા રાજ્યની રક્ષા કરે છે, તેના અવયવો પણ આપના જેવાજ મારા જોવામાં આવેલ છે.[૭૮] જેમ મેરૂપર્વત ધોળાં વાદળાંથી પોતાના શિખરને ઢાંકી દે તેમ આપ શાંત અને મનોહર શરીરને પાદાગ્રથી મસ્તકપર્યંત આ પુષ્પમાલાથી ઢાંકી દયો.[૭૯] નિર્મલ ચંદ્રમાના જેવું તેજસ્વી અને પુષ્પની પાંખડી જેવું આપનું કોમલ અંગ સૂર્યના તેજથી કરમાઇ ગયેલું છે એમ હું માનું છું.[૮૦] દેવપૂજનમાટે ભેગાં કરેલાં આ પુષ્પોની મેં માલા ગુંથેલી છે તે હે પ્રિય દેવપુત્ર ! આપના અંગના સંસર્ગથી કૃતાર્થ થાઓ.[૮૧] અભ્યાગતનું પૂજન કરવાથી જીવિત સફલ થાય છે, કેમકે સત્પુરુષોને દેવના કરતાં પણ અભ્યાગત મનુષ્ય (અતિથિ) વધારે પૂજવા યોગ્ય છે.[૮૨] નિર્મલ ચંદ્ર જેવા મનોહર મુખવાળા હે દેવપુત્ર ! આપ કોણ છો, કોના પુત્ર છો, શા માટે અહીં પધાર્યા છો ? એ મારા સંદેહને આપ કૃપા કરી નિવૃત્ત કરો.[૮૩]

ચૂડાલા કહે છેઃ—હે રાજા ! મને આપે પૂછ્યું તે પ્રમાણે હું પુરેપૂરૂં આપને કહું છું તે સાંભળો. નમ્રતા રાખીને પૂછે તેને કયો પુરુષ છેતરે ? કોઇ પણ ન છેતરે.[૮૪] આ ભુવન-કોશમાં, પુણ્યલક્ષ્મીના મનોહર મુખવિષે રહેલ કર્પૂરતિલકના જેવાં ગૌરઅંગને ધારણ કરનાર શુદ્ધ બુદ્ધિમાન્ નારદમુનિ વસે છે.[૮૫] તે મહાત્મા નારદમુનિ કોઇએક સમયે મેરૂપર્વતની ગુફામાં ધ્યાન લગાવી બેસતા હતા અને ત્યાં મેરૂપર્વતના સુવર્ણમય તટમાં મોટા તરંગોવાળી ગંગા પણ વહે છે[૮૬] કે જે ગંગા મેરુલક્ષ્મીમાં પોતાના રૂપવડે પ્રકાશ પામતી હારલતાના જેવી અતિરમણીય ભાસે છે. એક દિવસ એ નારદ મુનિએ ગંગા નદીને કિનારે કંકણોના શબ્દોવાળો જલક્રીડાના કોલાહલનો શબ્દ સાંભળ્યો. આ શું છે? એમ અતિ આશ્ચર્ય પામી તેમણે ગંગાનદીતરફ કાંઇક દૃષ્ટિ ફેરવી તો શૃંગારચેષ્ટાથી જલક્રીડાવડે રમણ કરી જલમાંથી બહાર નીકળતો રંભા તિલોત્તમા આદિ અપ્સરાઓનો સમૂહ તેના જોવામાં આવ્યો, કે જે એ પુરુષરહિત પ્રદેશમાં વસ્ત્રોનો ત્યાગ કરી ક્રીડા કરતો હતો. સુવર્ણના કમલની કળીના જેવા મનોહર સ્તનમંડલવડે ફલોથી વિંટાયેલા વૃક્ષનીપેઠે અન્યોન્ય વીંટાઇ રહેલ; પ્રવાહરૂપે રહેલ સુવર્ણરસના મોટા પૂરના જેવી પીળી અને તેજોમય કાંતિની પરિપૂર્ણતાનેલીધે શોભાયમાન સાથળોવડે કામમંદિરના સ્તંભના જેવો ભાવ બતાવનાર; પોતાના જલની નિર્મલતાનેલીધે સ્વચ્છ દેખાતા ચંદ્રપ્રતિબિંબથી વ્યાપ્ત થયેલી આકાશગામિની ગંગાના પોતાને શરીરસૌંદર્યરસના પૂરથી કેમ જાણે તિરસ્કાર કરતો હોય તેવો દેખાવ આપતો; કામદેવના કિલ્લારૂપ, નંદનવનમાં ક્રીડા કરવા માટે કામરથના ચક્રરૂપ બની ગયેલ પોતાના નિતંબ ભાગરૂપ તટોથી, ગંગાજલને

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોકી રાખી બીજે માર્ગે લઇ જનાર; અત્યંત સ્વચ્છતાને લીધે પરસ્પર અરીસારૂપ થઇ જવાથી એકબીજામાં પ્રતિબિંબિત થયેલાં પોતાનાં અંગોવડે, વર્ષરૂપી શાખાવાળા પક્ષરૂપ પલ્લવથી ભરેલા વિવિધ પ્રકારના વસંત આદિ ઋતુઓરૂપ લતા સમૂહવાળા, દિનશોભારૂપ કલિઓવડે વ્યાપ્ત, પ્રકાશરૂપ મકરંદવાળા, ચિદાકાશરૂપ વનમાં પ્રકટ થયેલા, પ્રકાશમાન દેવતાઓરૂપ પક્ષીઓથી વ્યાપ્ત, સાત સમુદ્રરૂપ મોટા ક્યારામાં રહેલા, કાલાત્મક ભગવદ્રૂપી કલ્પવૃક્ષમાંથી પ્રકટ થયેલ (ગીતાપ્રતિપાદિત) વિશ્વરૂપના જેવો ચોતરફ સર્વ અંગોનો દેખાવ આપતો; સ્તનરૂપ ગુચ્છના સમુદાયો સાથે કમલોનું સરખાપણું હોવાથી ઇર્ષ્યાના કારણનેલીધે કમલપલ્લવને નાળમાંથી સંપૂર્ણ ઉખેડી લઇ કરમાવી નાખનાર; ચપલ કેશ, કીકીઓ અને નાના વાળ એ આદિ ભમરાઓથી શોભાયમાન; ચંદ્રમાની અમૃતરૂપ કલાઓના ભંડારને સંઘરી રાખનાર દેવતાઓએ અમૃતને રાહુ આદિથી નુકસાન ન પહોંચવાને માટે બીજા પ્રાણીસમુદાયને દુર્લભ, સુવર્ણનાં વિકાસેલાં કમલોથી સુશોભિત, કમલિનીનાં પલ્લવોથી ઢંકાયેલી અને શીતલ ગંગાતીરમાં જલસ્પર્શથી નિર્મલ થઇ ગયેલી મેરુપર્વતની ગુપ્ત ગુફામાં કેમ જાણે ચંદ્રબિંબની કલાઓ એકઠી કરી રાખેલ હોય તેમ રમણીય અને કાંતિમાન્ હોવાથી મનને હરણ કરનાર, એ અપ્સરાઓના સમુદાયને જોઇ નારદઋષિનું મન આનંદ થવાને લીધે તત્કાલ વિવેકાંશને ભૂલી ગયું. ચિત્તમાં હર્ષ થવાથી પ્રાણવાયુમાં પણ ક્ષોભ થયો તેથી જેમ રસથી પૂર્ણ પાકી ગયેલું ફલ નીચે પડે અને જેમ વર્ષાઋતુમાં મેઘ વૃષ્ટિરૂપે પડે તેમ આનંદિત થયેલ એ નારદ મુનિનું વીર્ય પણ(કામાકુલપણાનેલીધે)સ્ખલિત થયું. ૮૭-૧૦૮ હે રાજશ્રેષ્ઠ ! શાખા અને મૂલના છેદન થતાં વૃક્ષ જેમ નિઃસાર થાય તેમ અને હિમકણને સ્રવતા ચંદ્રની પેઠે અને ખંડિત થયેલા મૃણાલની પેઠે એ મુનિ નિઃસાર થયા.

શિખિધ્વજ રાજા પૂછે છેઃ–હે મહારાજ ! નારદમુનિ તો મહા જ્ઞાનવાન, જીવન્મુક્ત, નિષ્કામ, રાગરહિત, બહાર અને અંદર આકાશનીપેઠે નિર્મલ અને અસંગ તથા જેને કોઇની ઉપમા ન આપી શકાય તેવા છે તેમ છતાં તેની એવી સ્થિતિ કેમ થઇ ?

ચૂડાલા કહે છેઃ–હે રાજર્ષિ ! આ ત્રિલોકીમાં પ્રાણીઓની જેટલી જાત છે તે સર્વનો અને દેવાદિકનો પણ જે દેહ છે તે દ્વંદ્વધર્મવાળો છે. હે પ્રિય રાજર્ષિ ! જ્ઞાનવાન હોય કે અજ્ઞાની હોય, પરંતુ જ્યાંસુધી મનુષ્ય જીવતું રહે ત્યાંસુધી સૌનું શરીર સુખ–દુઃખમયજ હોય છે.૯ જેમ દીવાથી પ્રકાશ વૃદ્ધિ પામે અને ચંદ્રોદયથી મહાસાગર વધે તેમ કોઇક પદાર્થથી તૃપ્તિ આદિ થવાનેલીધે સુખજ વધે છે. જેમ વાદળાંઓરૂપ પડદો આડો આવી જવાથી રાત્રિમાં અંધારૂં વધે તેમ કોઇ ક્ષુધા આદિ પદાર્થોથી દુઃખજ વધે છે. આ વિષયમાં સ્વભાવજ મુખ્ય કારણરૂપ છે. એક નિમેષમાત્ર પણ (પાપણ ઉઘાડવા બીડવા જેટલો વખત પણ) જો પોતાનું નિર્મલ સત્યઆત્મસ્વરૂપ ભૂલી જવાય તો જેમ વર્ષાઋતુમાં વાદળાંઓ ચડી આવે છે તેમ આ દૃશ્ય પ્રપંચનો ઉદય થાય છે. હમ્મેશ એ આત્મસ્વરૂપનું જ અનુસંધાન રાખવાથી ઉન્મેષ માત્ર (બે નિમેષસુધી) પણ જો તે ભૂલી જવામાં ન આવે તો દૃશ્યરૂપી આ પિશાચ ચિત્તના જોવામાં આવતોજ નથી. જેમ પ્રકાશ અને અંધારાવડે દિવસ તથા રાત્રિની સ્થિતિ છે તેમ સુખ–દુઃખવડેજ આ શરીરની પણ સ્થિતિ છે. પરંતુ એ સુખ-દુઃખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અજ્ઞાની પુરુષને જન્મના કારણરૂપ એવો દેહાદિકમાં આત્મબુદ્ધિનો અધ્યાસ હોવાનેલીધે જેમ કપડામાં કેસરનો રંગ બરાબર દૃઢ લાગી જાય તેમ બરાબર સંસ્કારરૂપે દૃઢ બેશી જાય છે. હે રાજા! જ્ઞાનવાનને તત્ત્વજ્ઞાનનેલીધે એ સુખ-દુઃખનો જરા પણ રંગ લાગતો નથી[૧૧૦-૧૫] જેમ કેસર ગળી આદિનો શુભાશુભ વર્ણ અતિ નજીક છતાં સ્ફટિક મણિને અંદર રંગી શકતો નથી તેમ બહાર સુખ કે દુઃખ દેખાતાં છતાં પણ જ્ઞાનવાનને તે અંદર લેપ કરી શકતું નથી. સ્ફટિક મણિમાં હજી પાસે રહેલાં જાસુસ આદિ પુષ્પોના પ્રતિબિંબથી તે વખતે તદ્રૂપતા જેવું લાગે છે પરંતુ જીવન્મુક્ત તત્ત્વજ્ઞ પુરુષને તો સુખ-દુઃખનો તાત્કાલિક રંગ પણ લાગતો નથી. અજ્ઞાની પુરુષની બુદ્ધિમાં સુખ-દુઃખનો સંપર્કમાત્ર થવાથી, તેનો ઘાટો રંગ બેશી જાય છે. કેમકે તે વસ્તુ જતી રહેવાથી પણ પાછો મનમાં પરિતાપ થાય છે. જેમ બહારનો કેસરઆદિનો રંગ વસ્ત્રથી છેટે કરી દેવામાં આવે તો પણ વસ્ત્રની અંદર દૃઢ બેસી ગયેલો રંગ તો જતોજ નથી તેમ સુખ-દુઃખ આપનાર વસ્તુ દૂર થઈ જાય તો પણ અજ્ઞાનીઓના હૃદયની અંદર દૃઢ ખુંચી ગયેલા (અનુકૂલ પ્રતિકૂલ બુદ્ધિરૂપ) સંસ્કારો તો જતાજ નથી. આ ક્રમથીજ બંધમોક્ષની વ્યવસ્થા સમજી લેવી.[૧૬-૧૯] વિષયાસક્તિનેલીધે વાસનાઓનું બહુલપણું એજ બંધ છે. અને વિષયાસક્તિ તૂટી જવાનેલીધે વાસનાઓનો ક્ષય થવો એજ મોક્ષ કહેવાય છે.

શિખિધ્વજ રાજા પૂછે છેઃ-હે સમર્થ મહારાજ ! નજીકનાં કે છેટેનાં કાંઈ લાભ-નાશ આદિ સુખ-દુઃખની ઉત્પત્તિનાં કારણો પ્રાપ્ત થયેથી, સુખ-દુઃખ શી રીતે ઉત્પન્ન થાય છે તે આપ કહો. મયૂર જેમ મેઘગર્જના સાંભળવામાં તૃપ્ત થતો નથી તેમ આપનાં ઉદાર ઘણા અર્થવાળાં અતિ નિર્મળ વચનો સાંભળતાં મારૂં મન તૃપ્ત થતું નથી.

ચૂડાલા કહે છેઃ-નજીકના વિષયમાં શરીર, નેત્ર અને હાથવડે તથા છેટેના વિષયમાં આપ્તવાક્ય અને અનુમાન આદિથી મનને અનુકૂલ પડતું સુખ થવાનું કારણ પ્રાપ્ત થવાથી અપરિચ્છિન્ન આત્મતત્ત્વના સ્વરૂપને ન જાણનાર બુદ્ધિમાં રહેલું આત્મસુખનું સ્ફુરણજ બુદ્ધિમાં ક્ષોભ થવાથી ક્ષોભ પામી કુંડલિનીમાં રહેલા જીવપ્રત્યે વિષયસંપર્કજન્ય સુખરૂપે આવિર્ભાવ પામે છે.[૧૨૦-૨૩] જીવને ગતિ કરવાને ઈશ્વરીય નિયમથી દેહમાં જુદે જુદે ઠેકાણે જુદી જુદી નાડીઓ રહેલી છે. જ્યારે વિષયોતરફ જીવનું આકર્ષણ થાય છે ત્યારે તે પ્રાણવાયુથી પૂરાઇ ગયેલી નાડીઓમાં આવી તે તે ઇંદ્રિયદ્વારા તે તે વિષયનો અનુભવ કરે છે.[૨૪] જેમ મૂલમાં સિંચેલું પાણી તેને વહેવાને માર્ગે ઝાડની અથવા આસપાસની સર્વ લતાઓમાં પહોંચી જાય છે તેમ કુંડલિનીમાં ગયેલો જીવ પણ નાડીદ્વારા સર્વ દેહમાં પ્રવેશ કરી શકે છે અને વિષયનો સંબંધ થવાથી તેમાં એકાગ્ર થયેલ વૃત્તિની ધારાવડે તેને અનુભવે છે.[૨૫] જીવને સુખાનુભવ વખતે સંચાર કરવામાટે અને દુઃખાનુભવ વખતે સંચાર કરવામાટે દેહમાં અનેક તરેહની જુદી જુદી નાડીઓ રહેલી છે. જીવ જ્યારે સુખનો અનુભવ કરવામાં પ્રવૃત્ત હોય છે ત્યારે સ્વસ્થતા જોવામાં આવે છે; પરંતુ જ્યારે દુઃખનો અનુભવ કરતો હોય ત્યારે તેમ હોતું નથી.[૨૬] રાજા વગેરે સુખી લોકોને જવાના માર્ગો જેમ કર્પૂર ચંદનઆદિના સુગંધી જલથી છંટાયેલા અને પુષ્પ ધૂપ કસ્તૂરી આદિથી સુવાસિત હોય છે પણ ગરીબ લોકોના માર્ગ તેવા હોતા નથી, તે પ્રમાણે જ્ઞાનવાન અને અજ્ઞાનીઓના માર્ગમાં ભેદ રહેલો છે. જીવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેટલે અંશે ચંચલ નાડીમાર્ગમાં પ્રવેશ કરવાથી ચંચલતા વગરનો અને સંકલ્પરહિત થઇ શાંત રહે છે તેટલે અંશે તમે તેને મુક્તજ સમજો અને જેટલે અંશે પ્રાણવાયુની ચપલતાનેલીધે જીવ પણ ચંચલ થઈ જઈ વિશેષ સંકલ્પો કરે છે તેટલે અંશે તમે તેને બંધાયેલો જાણો. સુખ-દુઃખનો અનુભવ થવાથી અનુકૂલ પદાર્થોને મેળવવામાટે અને પ્રતિકૂલ પદાર્થને નિવૃત્ત કરવામાટે અનેક જાતના અનર્થોમાં ચિત્તનું સંકલ્પરૂપે જે બહાર સ્ફુરવું તેજ જન્મ-મરણાદિ સંસારનું કારણ હોવાથી બંધ છે અને તે સર્વમાં ન બંધાતાં કેવલ આત્મસ્વરૂપમાંજ સ્થિતિ રાખવી તે જન્મ-મરણાદિ સંસારબંધનથી છુટવાનું કારણ હોવાથી મોક્ષ છે. આ પ્રમાણે બે પ્રકારે બંધમોક્ષની વ્યવસ્થા માનેલી છે. જ્યાંસુધી ચંચલ ઈંદ્રિયદ્વારા સુખ-દુઃખની દશા પ્રાપ્ત થયેલી નથી ત્યાંસુધી જીવ સુખવડે સમાનવૃત્તિવાળો સ્થિર અને શાંત જેવો થઇ રહે છે. જેમ ચંદ્રમાને જોઇ સમુદ્ર ઉછળે છે તેમ ઈંદ્રિયોવડે અગમ્ય હોવાથી સ્વયંપ્રકાશ જીવ-ચૈતન્ય પણ સુખનું કિંવા દુઃખનું અવલોકન કરી અંદરવૃત્તિઓરૂપે ચંચલ થાય છે. હે પ્રિય રાજર્ષિ ! જેમ બિલાડો માંસને જોઈ ચંચલ થાય તેમ એ જીવ પણ અનુભવમાં આવેલાં સુખાદિકથી અને તેના ઉપાયરૂપ ધનાદિકમાં અનુકૂલ બુદ્ધિ થવાથી ચંચલ થાય છે. તેમ થવાનું કારણ તો માત્ર અજ્ઞાનજ છે. આત્મજ્ઞાનરૂપ સ્વરૂપનો શુદ્ધ બોધ થવાથી સુખ-દુઃખાદિ કશું છેજ નહિ એવો નિશ્ચય થઇ જવાનેલીધે જીવને વિશ્રાંતિ મળે છે. ‘ વૃથા માની લીધેલ હોવાથી સુખ-દુઃખાદિ કશુંએ નથી. મારે અને તેને કશો સંબંધ પણ છે નહિ. હું કેવળ તેમાં વૃથાજ બંધાઈ રહ્યો છું, ’ એવું જ્ઞાન થવાથી જીવને શાંતિ મળી મોક્ષ પ્રાપ્ત થાય છે. જે વિષયસંબંધી બાહ્ય સુખાદિક અનુભવમાં આવે છે તે વાસ્તવિક રીતે મિથ્યા હોવાથી છેજ નહિ અને તે જે રૂપે પ્રતીત થાય છે તે રૂપપણ મૃષા હોવાથી વાસ્તવ નથી, એમ અંદર જ્ઞાન થવાથી જીવ બાહ્ય વિષયોતરફ ખેંચાતો નથી, પરંતુ કેવળ શાંત થઈ જાય છે. જે કાંઈ છે તે સર્વ ચિદાકાશરૂપ પરબ્રહ્મજ છે એવો ધાટો નિશ્ચય દૃઢ બેસી ગયો હોય તો તેલવગરના દીવાનીપેઠે જીવ શાંત થઇ જાય છે. સર્વ જગત ચિદ્રૂપ છે એવું જ્ઞાન થવાથી દ્વૈતની ભ્રાંતિ ટળી જવાનેલીધે સુખાદિકમાં સ્નેહનો (અનુકૂલ બુદ્ધિનો) નાશ થઇ જવાથી તેલરહિત દીપકનીપેઠે શાંત બની જાય છે. આ સર્વ દ્વૈતભ્રમ આકાશના જેવો શૂન્ય છે એમ બોધ થવાથી જીવનું ચંચલપણું જતું રહે છે અને બંધનરહિત થયેલા જીવને પછી ક્ષોભ થવો એ તો કેમજ સંભવે ? આ પ્રમાણેજ આદિજીવ હિરણ્યગર્ભે પ્રથમ સૃષ્ટિના આરંભકાલથી બંધમોક્ષનો માર્ગ કલ્પેલો છે અને તેજ હજીસુધી ચાલે છે.

શિખિધ્વજ રાજા પૂછે છેઃ—હે દેવપુત્ર! જ્યારે જીવ સુખનો અનુભવ કરાવવાને યોગ્ય નાડીઓમાં ફરે છે ત્યારે વીર્યનું સ્ખલન શી રીતે થાય છે તે આપ કહો.

*ચૂડાલા કહે છેઃ—સ્ત્રીશરીરને જોવાથી વાસનાનો ઉદ્બોધ થવાનેલીધે ક્ષોભ પામી જઈ જીવચૈતન્ય, જેમ રાજા પોતાની આજ્ઞામાત્રથી સેનાને ચલાવે છે તેમ પ્રાણાદિ પવનોને અંકુરિત થયેલી રાગાદિક વૃત્તિઓને અનુકૂલ પડે તેમ ચલાવે છે. સર્વ શરીરમાં વ્યાપી રહેલા વ્યાન વાયુની પ્રેરણાથી મેદની અંદર અને

* આ વાત ચૂડાલા કલ્પીનેજ બધી કહે છે અને શિખિધ્વજ પોતાનો પતિ છે તેથી કહે છે તથા તેમાં મૂલ હેતુ તેનો શો છે તે પરિણામે જણાશે માટે વાત ઉપર લક્ષ ન રાખતાં તેના તત્ત્વ ઉપરજ માત્ર લક્ષ રાખવાનું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મજ્જાની અંદર રહેલો સાર, પ્રકૃષ્ટ ગંધની પેઠે પોતામાં રહેલા સૂક્ષ્મ વીર્યભાગને જેમ પત્રફલાદિક પોતાના મૂલભાગમાં છેદ થવાથી તેમાં રહેલા રસને સ્રવે તેમ સ્રવે છે. જેમ મેઘગર્જનામાં સહાય કરનાર અનુકૂલ વાયુથી આકાશમાં વાદળાંઓ ભેગાં થઈ જઈ તેનું જલ વૃષ્ટિદ્વારા નીચે પડે છે, તેમ સર્વ ધાતુઓના સારરૂપ એ વીર્ય પણ સર્વ અંગમાંથી ચંચલ થઇ વીર્યવાહિની નાડીદ્વારા સ્વભાવેજ નીચે ઉતરી આવે છે.

શિખિધ્વજ રાજા પૂછે છેઃ—હે દેવપુત્ર! આપ મહાતત્ત્વજ્ઞ છો. પૂર્વકાલની વ્યાવહારિક સ્થિતિને પણ આપ સારી રીતે જાણો છો એમ આપનાં વચનોથીજ જણાય છે તો સ્વભાવ શું છે તે આપ કહો.

ચૂડાલા રાણી કહે છેઃ—કાકતાલીયની પેઠે* અથવા જેમ જલમાં પરપોટા ઉત્પન્ન થઇ પાછા નાશ પામી જાય છે તે રીતે કિંવા ધુણાક્ષર ન્યાયથી× પ્રથમ સૃષ્ટિના આરંભકાલમાં સૃષ્ટિની રચના થવા વખતે શબલ બ્રહ્મને ઘટપટ અવટ (ભૂવિવર)આદિ રૂપે જે જે પદાર્થો જેવા ધર્મવાળા પોતાના આત્મામાં તત્કાલ સ્ફુરી આવ્યા, તેઓનો આજ દિવસસુધી નહિ બદલાયેલો અને સૃષ્ટિપર્યંત કાયમ રહેનાર આદિ નિયમજ વિદ્વાનોએ 'સ્વભાવ' એવા નામથી કહેલોછે.[૨૭-૪૬] એ સ્વભાવવડેજ સ્થિતિ પામેલા આ જગતની અંદર વિવિધ પ્રકારના વિકારોવાળા જરાયુજ અંડજ આદિ દેહો ભમ્યા કરે છે. કેટલાક જ્ઞાનવાન જીવો વાસના ક્ષીણ થઈ જવાનેલીધે પાછા જન્મતાજ નથી અને કેટલાક અજ્ઞાની જીવો ભોગોવિષેજ દૃઢ આસ્થાને લીધે બંધાયેલા હોવાથી વારંવાર જન્મ-મરણ પામ્યા કરે છે.[૧૪૭]

अस्मिन्स्वभाववशतो जगति प्ररूढे देहा भ्रमंति परितो विविधा विकाराः ॥ प्रक्षीणवासनतया न भवंति केचिद्भूयो भवंति च पुनस्त्वितरे घनास्थाः ॥ १४७ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો ચૂડાલાના આખ્યાન સંબંધી 'સુખવિચારયોગોપદેશ' એ નામનો પંચાશીમો સર્ગ સંપૂર્ણ. ૮૫

સર્ગ ૮૬ મો.*

કુંભની ઉત્પત્તિ ઈત્યાદિ.

॥ चूडालोवाच ॥

आत्मस्वभाववशतो जातं जगदिदं महत् ।
स्थितिं वासनयाभ्येत्य धर्माधर्मवशे स्थितम् ॥१॥

ચૂડાલા કહે છેઃ—ઉપર જણાવી ગયાપ્રમાણે શબલ બ્રહ્મના (ઈશ્વરના) સ્વભાવનેલીધેજ આવડું મોટું આ જગત ઉત્પન્ન થયું છે અને વાસનાવડે ધર્મ તથા અધર્મને અધીન થઇ જઇ સ્થિતિને પામેલ છે.[૧] હે રાજર્ષિ! જ્ઞાનવડે વાસનાઓનો ક્ષય થઇ જવાથી ધર્મ અધર્મનો સંપર્ક ન લાગવાનેલીધે મનુષ્ય ફરીવાર જન્મ લેતો નથી, એવું અમારા અનુભવમાં આવે છે.[૨]

શિખિધ્વજ રાજા પૂછે છેઃ—હે વક્તાઓમાં ઉત્તમ દેવપુત્ર! આપ જે વચનો કહો છો તે અતિ ઉદાર, ઘણા અર્થવાળાં, બરાબર અનુભવમાં આવે તેવાં, પરમાર્થયુક્ત અને ગૂઢ છે.[૩] હે સુંદર દેવપુત્ર! આપનાં વચનોની સુંદર શૈલી સાંભળી, આજ અમૃતપાન કર્યાનીપેઠે હું અંદર શીતલ થઇ ગયો છું.[૪] માટે પ્રથમ

* કાગડાનું બેસવું થતાં તાડનું અકસ્માત પડવું થાય તેમ અકસ્માત્ રીતે.

× એક ધુણ નામનો જીવડો લાકડાને કોતરી ખાય છે તેના ઘર્ષણથી કોઇ વખત અક્ષર જેવો આકાર બની આવે છે તેનીપેઠે.

* આ છ્યાશીમા સર્ગમાં એ દેવપુત્રનો કુંભમાં વૃદ્ધિ પામી જન્મ થવો, પછીથી બ્રહ્માપાસે તેનું જવું અને તેને લીધે સર્વજ્ઞતા આદિની પ્રાપ્તિ થવી, એ આદિ કથા આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપની ઉત્પત્તિ શી રીતે થઇ તે સંક્ષેપથી તુરત આપ મને કહો. પછી વળી આપની જ્ઞાનગર્ભિત વાણીનું પણ હું શ્રવણ કરીશ.[૫] બ્રહ્માના પુત્ર મહાત્મા નારદમુનિએ પછી પોતાનું એ વીર્ય કયે ઠેકાણે રાખ્યું તે આપ યથાસ્થિત કહો.

ચૂડાલા કહે છેઃ—પછી પોતાના મનરૂપી મહોન્મત્ત હાથીને શુદ્ધ બુદ્ધિરૂપી ચર્મરજ્જુથી વિવેકરૂપી મોટા બંધનસ્તંભમાં બાંધનાર એ નારદમુનિએ પ્રલયકાલના અગ્નિવડે ગળી જતા ચંદ્રમાના રસ જેવું રસરૂપ આકારવાળું દિવ્ય-પારદ આદિ રસોનું અનુકરણ કરનારૂં પોતાનું વીર્ય પાસે રહેલા કાંતિમાન અદ્ભુત સ્ફાટિકના કુંભમાં, જલમાં પડેલા ચંદ્રના પ્રતિબિંબની પેઠે સ્થાપિત કર્યું.[૭-૮] બ્રહ્માએ જેમ પોતાના સંકલ્પમાત્રથી અમૃતના પૂરનું જુદુંજ રૂપ ધારણ કરી, બ્રહ્મલોકમાં અમૃતસાગર પૂરી દીધો તેમ એ નારદમુનિએ પણ મોટા અને અતિ રમણીય મેરુપર્વતની અંદર પાષાણમાં પછડાવાથી પણ ફુટી ન જાય તેવા અતિ દૃઢ મોટા પેટાળવાળા પડખાઓમાં અને ચારેતરફ સ્થૂલ એ કુંભ પોતાના સંકલ્પમાત્રથી સર્જેલાં ક્ષીરથી પૂર્ણ ભરી દીધો.[૧૦,૧૧] અમૃતસાગરમાં પડેલા ચંદ્રના પ્રતિબિંબની પેઠે ક્ષીરકુંભમાં રહેલો અને ક્ષીરરૂપ અગ્નિમાં હોમાવાને તૈયાર થયેલી નારદમુનિનીમંદવીર્યરૂપ આહુતિને પ્રવર્તાવનાર એ ગર્ભ મહિને મહિને વધવા માંડ્યો.[૧૨] જેમ મહિનો દિવસ, (પ્રત્યેક પૂર્ણિમા) પૂર્ણ ચંદ્રને પ્રકટ કરે છે અને વસંતઋતુ જેમ પુષ્પોને વિકસિત કરે છે તેમ એ કુંભે પણ કાલેકરીને કમલપત્ર જેવાં સુંદર નેત્રવાળો એ ગર્ભ ઉત્પન્ન કર્યો.[૧૩] કેમ જાણે કુંભરૂપ નાના ક્ષીરસાગરમાંથી ક્ષય વગરનો બીજો ચંદ્રમા ઉત્પન્ન થતો હોય તેમ એ ગર્ભ સમસ્ત અંગો પૂર્ણ થઇ ગયેથી કુંભમાંથી બહાર નીકળ્યો.[૧૪] અતીવ અંગસૌંદર્યવાળો એ બાલક શુક્લપક્ષમાં જેમ ચંદ્રમા વધે તેમ કેટલેક દિવસે વૃદ્ધિને પ્રાપ્ત થયો. (મોટો થયો)[૧૫] નારદમુનિએ તેના જાતકર્મ આદિ સંસ્કારો કરી જેમ એક પાત્રમાં રહેલું દ્રવ્ય બીજા પાત્રમાં નાખવામાં આવે તેમ પોતાપાસે રહેલું સઘળું વિદ્યાધન એ પુત્રને આપ્યું.[૧૬] નારદમુનિએ થોડા દિવસમાંજ તેને સઘળાં શાસ્ત્રો ભણાવી, કેમ જાણે પોતાનું પ્રતિબિંબજ હોય તેવો (પોતાના જેવો) બનાવી દીધો.[૧૭] સંધ્યાકાલમાં ઉદય પામેલો પૂર્ણચંદ્ર જેમ સ્ફટિકપર્વતમાં પડેલાં પોતાનાં પ્રતિબિંબવડે સુશોભિત લાગે તેમ મોટા મુનિ નારદજી પણ પોતાના જેવા યોગ્ય પુત્રથી શોભતા હતા.[૧૮] પછી એક વખત એ પુત્રને સાથે લઇ નારદ મુનિ બ્રહ્મલોકમાં ગયા, અને પોતાના પિતાજી બ્રહ્માનીપાસે તેની બુદ્ધિની પરીક્ષામાટે કેટલુંક પૂછાવ્યું. બ્રહ્માએ પોતાને અભિવંદન કરનાર પોતાના એ પૌત્રની વેદાદિ શાસ્ત્રોમાં પરીક્ષા લઇ પ્રસન્ન થઈ; પોતે તેડીને ખોળામાં બેસાર્યો અને કેવળ પોતાના આશીર્વાદમાત્રથીજ તેને સર્વજ્ઞ તથા સર્વ જ્ઞાનના અવધિરૂપ તત્ત્વજ્ઞાનમાંજ વિશ્રાંત બનાવી દીધો અને તેનું (કુંભથી ઉત્પન્ન થયેલો હોવાથી) કુંભ એવું નામ પાડયું.[૧૯-૨૧] હે મહાત્મા રાજર્ષિ ! તે કુંભ હું પોતેજ* છું. હું બ્રહ્માનો પૌત્ર થાઉં છું. નારદ મુનિનો પુત્ર છું, અને કુંભમાંથી ઉત્પન્ન થયેલો

* આ પ્રસંગમાં મિથ્યા ભાષણરૂપ દોષ આવે છે એવી શંકા લાવવી ઉચિત નથી; કેમકે પોતાના પતિને વિશ્વાસ બેસાડી તેને જ્ઞાનવાન બનાવી, આ દુઃખમય સંસારપાશમાંથી તેને છોડાવવામાંજ મુખ્ય તાત્પર્ય હોવાથી તેનું દોષપણું સંભવતું નથી, વળી જ્ઞાનવાનને સાર્વાત્મ્યભાવ પ્રાપ્ત થઈ જવાથી, अहंमनुरभवंसूर्यश्च ઈત્યાદિ વામદેવનાં વચનની પેઠે ચૂડાલાનું તત્ત્વજ્ઞપણું હોવાથી આ સર્વ વચનોપન્યાસ ઘટી શકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોવાથી કુંભ એવા નામથી કહેવાઉં છું.[22] હું મારા પિતાજી નારદમુનિની સાથે બ્રહ્મલોકમાં જ્યાં ખુશી પડે ત્યાં રહું છું. ચાર વેદો એજ મારી સાથે ક્રીડાથી વિલાસ કરનારા મારા મિત્રો છે.[23] ગાયત્રી મારી માતૃભગિની (માસી) છે, એમ હું સમજું છું, સરસ્વતીને હું મારી માતા ગણું છું, બ્રહ્મલોકમાં મારૂં રહેવાનું ઘર છે અને ત્યાં બ્રહ્માનો પૌત્ર થઇ સુખેથી હું રહું છું.[24] હું સર્વ વાતે પરિપૂર્ણ છું તેથી મારે કાંઇ પણ કર્તવ્ય બાકી રહ્યું નથી તોપણ માત્ર લીલાથીજ આખા જગતમાં સર્વ ઠેકાણે જ્યાં મરજી પડે ત્યાં ઈચ્છાનુસાર હું જઇ શકું છું.[25] હું જ્યારે ભૂલોકમાં ફરૂં છું ત્યારે મારા પગ પૃથ્વીઉપર અડકતા નથી, મારા અવયવોને રજનો સ્પર્શ થતો નથી તથા મારૂં શરીર પણ ગ્લાનિને પ્રાપ્ત થતું નથી.[26] હે પ્રિય રાજર્ષિ ! આ હું આકાશમાર્ગેથી જતો હતો તેવામાં તમને મેં જોયા જેથી તમારી પાસે હું આવેલ છું. એ પ્રમાણે જે જે તમે મને પૂછ્યું તે તે મેં કહ્યું.[27] વનવાસના ગુણોને તથા ફલને જાણનાર હે રાજર્ષિ ! આ હું શી રીતે જન્મ પામ્યો ઇત્યાદિ સઘળું જે તમારા તરફથી પૂછવામાં આવ્યું તે મેં મારા અનુભવ પ્રમાણે કહી બતાવ્યું છે. કોઇ ઉત્તમ કુલીનપુરુષો પ્રશ્ન કરે તો સત્પુરુષો અવશ્ય તેનો ઉત્તર આપે છે. કેમકે તેઓ પ્રશ્નોત્તરાદિક વ્યવહારમાં બહુ કુશળ હોય છે.[28]

શ્રીવાલ્મીકિ મુનિ કહે છેઃ—આટલી કથા કહી ત્યાં સુધીમાં દિવસ જતો રહ્યો, સૂર્યનારાયણ અસ્ત પામી ગયા, સાયંકાલસંબંધી નિત્યકર્મ કરવા માટે સર્વ સભા સ્નાન કરવા ઉઠી ગઇ અને હમ્મેશના નિયમ પ્રમાણે રાત્રિ વ્યતીત થયાથી સૂર્યોદયની સાથે એ સભા મંડપમાં પાછી ભેગી થઇ બેઠી.[29]

इत्युक्तवत्यथ मुनौ दिवसो जगाम सायंतनाय विधयेस्तमिनो जगाम ॥ स्नातुं सभाकृतनमस्करणा जगाम श्यामाक्षये रविकरैश्च सहाजगाम ॥ २९ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'કુંભજનનકથન' એ નામનો છ્યાશીમો સર્ગ સંપૂર્ણ. ૮૬

અઢારમો દિવસ પૂરો થયો.

સર્ગ ૮૭ મો.*

શિખિધ્વજનું ગુરુશરણ

॥ शिखिध्वज उवाच ॥

सर्गे स्फुरद्भिर्मत्पुण्यैर्मन्ये संप्रेषितो भवान् ।
अलक्ष्यैः संभृतैरद्रौ बृहद्वातैरिवांबुदः ॥ १ ॥

શિખિધ્વજ રાજા કહે છેઃ—જેમ ગૂઢ રીતે સંચય પામેલા પૂર્વ આદિ દિશાતરફના મહા અનુકૂલ વાયુઓવડે ખેંચાઇ પૃથ્વીમાં વરસાદ આવી પડે છે તેમ, આ સંસારમાં મારાં સંચિત થયેલાં પ્રાચીન પુણ્યોવડેજ ખેંચાઇને આ મંદરાચલમાં આપનું પધારવું થયું છે એમ હું સમજું છું.[1] હે મહાત્મા દેવપુત્ર ! અમૃતને સ્રવનાર શુભ વચનવાળા આપની સાથે મારો સમાગમ થયો તેથી હું આજે ધર્મવડે ધન્ય પુરુષોમાં એક અગ્રેસર ગણાવા યોગ્ય થયો છું.[2] સત્પુરુષોનો સમાગમ મારા ચિત્તને જેવું શીતલ કરે છે, તેવી શીતલતા મને રાજ્યલાભ આદિ પદાર્થો પણ આપી શકતા નથી.[3] કેમકે સત્સમાગમમાં સર્વ અધિકારીને સમાનરીતે રાગાદિ વાસનાઓનો નાશ થઇ જઇ, પ્રમાણમાં નહિ આવતો અનંત બ્રહ્માનંદરસ પ્રાપ્ત થાય છે અને રાજ્યલાભાદિક તો કલ્પનામાત્રથીજ તુચ્છ સુખ આપે છે.[4]

* આ સત્યાશીમા સર્ગમાં કુંભની પ્રશંસા, રાજાનું તેની પાસે પોતાના દુઃખનું નિવેદન કરવું, ઉપદેશ આપવા માટે તેના તરફ પોતાનો શિષ્યભાવ બતાવવો અને તેના ઉપર પોતાનો પાકો વિશ્વાસ, એટલી કથા કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છે:–ઉપર પ્રમાણે રાજા કહેતો હતો તેટલામાં તેનાં વચનોને બંધ પાડી, બ્રાહ્મણ પુત્રરૂપે આવેલી એ ચૂડાલા રાણીએ વળી બીજી વાર રાજાને કહ્યું.[5]

ચૂડાલા કહે છે:–હવે આ પ્રશંસા આદિનો પ્રસંગ આટલેથીજ બંધ રહો. પ્રથમ તમે જે મને પૂછ્યું હતું તે મેં તમને કહી બતાવ્યું છે. પરંતુ તમે કોણ છો, આ પર્વતમાં શું કરો છો,[6] તમારે ક્યાં સુધી વનવાસમાં રહેવાનું છે અને આ પ્રમાણે કરવાનું શું પ્રયોજન છે? તે સાચે સાચું કહો. કેમકે તમારા જેવા તપસ્વી પુરુષો અસત્ય બોલતાજ નથી.[7]

શિખિધ્વજ રાજા કહે છે:–આપ દેવપુત્ર છો એટલે બધું બરાબર યથાસ્થિત રીતે જાણોછો. લોકવૃત્તાંતને તથા તે (મારા) સર્વ પ્રસંગને આપ જાણનાર છો, એટલે હું આપને બીજું શું કહું?[8] આપના જાણવામાં છે છતાં આપના પૂછવાથી એ વિષે હું સંક્ષેપથી કહું છું. હે મહાત્મા દેવપુત્ર! હું સંસારથી ભયભીત બનીજવાને લીધે આ વનના મધ્યમાં પર્ણકુટી બનાવી રહ્યો છું.[9] હું શિખિધ્વજ નામનો રાજા છું અને રાજ્યને છોડી દઇ તપ કરવા માટે અહીં આવેલો છું. હે તત્ત્વજ્ઞ દેવપુત્ર! સંસારમાં પુનર્જન્મ થવાના સંબંધમાં હું બહુ ભયભીત થયેલ છું.[10] હે સત્ય સમજનાર દેવપુત્ર! આ સંસારમાં વારંવાર સુખ પછી દુ:ખ અને દુ:ખ પછી સુખ, જન્મ પછી મરણ અને મરણ પછી જન્મ એમ અનુક્રમે થયાંજ કરે છે જેથી હું તાપને પામેલ છું અને આ વનવીથિઓમાં (વનપંક્તિઓમાં) આવી તપ કરૂં છું.[11] જેમ ભાગ્યહીન નિર્ધન પુરુષને ભંડારનો (ખજાનાનો) લાભ મળતો નથી તેમ મને દિશાઓના અંતમાં ફરતાં છતાં અને આ અતિ દુષ્કર તપ કરતાં છતાં પણ એક વિશ્રાંતિનો લાભ મળતો નથી.[12] હે મહાત્મા દેવપુત્ર! કુંઠિત પ્રયત્નવાળો, ફલપ્રાપ્તિવિનાનો, એકલો અને નિસ્સંગ રહેનાર હું ઘુણ નામના જીવડાઓએ અંદર કોતરી ખાધેલા કાષ્ઠનીપેઠે સૂકાયા કરૂં છું.[13] ઉપવાસ, દેવપૂજન, અતિથિપૂજન આદિ આ સઘળી, તપ:ક્રિયા જેમ ખંડિત ન થાય તે રીતે બરાબર નિયમપૂર્વક હું કર્યે જાઉં છું, પરંતુ એક દુ:ખમાંથી છુટી બીજા દુ:ખસમૂહમાં પડ્યા જેવું મને લાગે છે અને વિશ્રાંતિના હેતુથી સ્વીકારેલો કર્મમાર્ગ અમૃતરૂપ છતાં મને વિશ્રાંતિ ન મળવાનેલીધે વિષજેવો લાગે છે એ શું હશે?[14]

ચૂડાલા કહે છે:–પૂર્વકાલમાં કોઇ એક દિવસે બ્રહ્માને મેં એ વાત પૂછી હતી કે હે મહારાજ! કર્મ અને જ્ઞાન એ બન્નેમાં જે એક મોક્ષ થવાનું કારણ હોય તે આપ કહો.[15]

ત્યારે બ્રહ્માએ ઉત્તર આપ્યો કે:–જ્ઞાન એજ મોક્ષ થવાનું ખરૂં કારણ છે અને જ્ઞાનવડેજ આત્યંતિકી દુ:ખનિવૃત્તિનો અનુભવ થાય છે. કર્મો તો સ્વર્ગાદિ ભોગોની પ્રાપ્તિના વિનોદ માટે મનુષ્યને શુભ પ્રવૃત્તિ કરાવી કોઇ જાતના નરકપ્રાપક અનર્થોમાં ન રોકાતાં શુભમાર્ગમાંજ તેનો આયુષ્યકાલ વ્યતીત થાય તેને માટે છે.[16] હે પુત્ર! જેઓ જ્ઞાનદૃષ્ટિને પહોંચી શકતા નથી તેઓને માટે કર્મ એ પરમ વિશ્રામસ્થાન છે. કેમકે બીજું કોઈ યોગ્ય સારૂં વસ્ત્ર (પીતાંબર) ન મળે ત્યાંસુધી કંબલનો (ધાબળાનો) પણ કોણ ત્યાગ કરે! કોઈ ત્યાગ ન કરે. તેજ પ્રમાણે જ્યાં સુધી જ્ઞાન ન પ્રાપ્ત થાય ત્યાંસુધી કર્મ પણ ઠીક છે.[17] અજ્ઞાનીઓનું કર્મ સર્વ વાસના હોવાનેલીધે ફલ આપે છે અને જ્ઞાનિઓનું કર્મ સર્વ વાસનાઓનો ક્ષય થઇ જવાનેલીધે ફલ આપતું નથી.[18] જેમ સિંચન ન થવાનેલીધે પોષણ ન મળવાથી લતાઓ ફલ આપી શકતી નથી તેમ જ્ઞાનવાનનાં શુભ કર્મો પણ વાસનાનો નાશ થઇ ગયાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી ફલ આપી શકતાં નથી. અશુભ કર્મોનું પણ તેમજ સમજવાનું છે. પ્રારબ્ધરૂપે ફલ આપવાને તૈયાર થયેલાં કર્મો પણ વાસનાક્ષયનેલીધે બાધિતજેવાં આભાસ માત્રજ દેખાય છે.[૧૯] પૂર્વ ઋતુનાં ચિહ્નો જેમ પાછળનો ઋતુ આવવાથી નાશ પામી જાય છે તેમ વાસનાઓનો નાશ થયાથી કર્મનું ફલ પણ નાશ પામી જાય છે.[૨૦] હે પુત્ર! કાંસડાની લતા જેમ સ્વભાવેજ ફલ આપતી નથી તેમ વાસનાવગરની ક્રિયા પણ સ્વભાવેજ (પછીથી) ફલ આપતી નથી.[૨૧] જે બાળકના મનમાં ભયનેલીધે યક્ષની ભાવના રહી હોય તેજ યક્ષને દેખે છે, બીજો દેખતો નથી, તેમ દુઃખની ભાવનાવાળો મૂઢ પુરુષજ દુઃખને દેખે છે, બાકી તત્ત્વજ્ઞની દૃષ્ટિમાં એ કશું આવતુંજ નથી.[૨૨] વિકાસ પામેલી કાંસડાની લતાનીપેઠે જ્ઞાનવાનની ક્રિયા આકારવડે જોવામાં આવતાં છતાં પણ ફલ (ધર્માધર્મરૂપ અને તેથી થતી જન્મપરંપરાને) આપી શકતી નથી.[૨૩] અજ્ઞાન દશામાં પણ અહંકાર આદિ રૂપે સ્ફુરેલી વાસના, તાત્ત્વિક દૃષ્ટિએ જોતાં છેજ નહિ, માત્ર અજ્ઞાનનેલીધેજ ઝાંઝવાના જલમાં સમુદ્રના જલની ભ્રાંતિનીપેઠે દેખાય છે.[૨૪] તે અજ્ઞાન, આ સર્વ બ્રહ્મરૂપ છે એવી ભાવનાથી નાશ પામી જવાનેલીધે જેમ અનુભવીને ઝાંઝવામાં જલની ભ્રાંતિ નથાય તેમ જ્ઞાનવાનના ચિત્તમાં વાસનાજ ઉત્પન્ન થતી નથી.[૨૫] સર્વ વાસનાઓનો ત્યાગ થઈ જવાથી જીવ પાછો ફરીવાર જન્મ પામતો નથી અને જરામરણરહિત બ્રહ્મસ્વરૂપ થઈ જાય છે.[૨૬] જ્યાંસુધી ચિત્તમાં વાસના રહે ત્યાંસુધી તે મન કહેવાય છે અને મન વાસનાવગરનું થઇ જાય તો તે પોતેજ જ્ઞાનરૂપ છે. જ્ઞાનવડે આત્મસ્વરૂપ ઓળખવામાં આવે તો જીવને પુનર્જન્મ થતો નથી.[૨૭] હે રાજર્ષિ! જ્ઞાન એજ પરમ કલ્યાણરૂપ (મોક્ષસાધન) છે એમ ઉપર જણાવ્યાપ્રમાણે બ્રહ્માદિક મોટા પુરુષો પણ કહે છે; તો પછી તમે કેમ અજ્ઞાનીનીપેઠે આ તપને મોક્ષસાધન માની બેઠા છો?[૨૮] હે રાજર્ષિ! આ બાજુ કમંડલું પડેલ છે, આ બાજુ દંડ અને કાષ્ઠો છે અને અહીં દર્ભાસન પડયું છે. આ (મમત્વથી બંધન આપનારા) અનર્થોના વિલાસમાં તમે શી રીતે આનંદ માનો છો?[૨૯] હે રાજર્ષિ! હું કોણ છું, આ સઘળું શી રીતે ઉત્પન્ન થયું અને પાછું કોનામાં શમી જાય છે, એ વિષે કેમ કાંઈ વિચાર કરતા નથી, અને અજ્ઞાનીની પેઠે કેમ નિર્વિચાર થઇ રહ્યા છો?[૩૦] હે રાજર્ષિ! શી રીતે બંધ થાય અને શી રીતે મોક્ષ થાય એવા પ્રશ્નો પૂછી તેના ઉત્તરની અભિલાષાથી તમે પરમાનંદના સમુદ્રરૂપ પરબ્રહ્મનો અપરોક્ષ અનુભવ કરનારા મહાત્માઓના ચરણોનું સેવન શા માટે કરતા નથી?[૩૧] વ્રત, ઉપવાસ, ટાઢું, ઉનું આદિનું સહન કરવાથી આત્માને દુઃખ આપનાર આ ક્રિયાવડે આયુષ્યનો ક્ષય કરી, આ શૈલગુફાની અંદર, શિલાની અંદર (તેની બખોલમાં) રહેલા કીડાનીપેઠે તમે કેમ પડ્યા રહો છો?[૩૨] સમદૃષ્ટિવાળા સત્પુરુષોને પ્રશ્ન કરવાથી, તેમની સેવા કરવાથી અને તેઓના સમાગમથી એવી યુક્તિ મળી આવે છે કે જેવડે આ સંસારબંધનમાંથી મુક્ત થવાય છે.[૩૩] તમે કાયાને કલેશ આપે એવી ચેષ્ટાઓને છોડી દઈ કોઇ મહાત્મા ગુરુનીસાથે રહી જે મળે તે આહારનું ભક્ષણ કરતાં પૃથ્વીની કોઇ ગુફામાં રહેલા કીટનીપેઠે ગુરુએ બતાવેલા માર્ગમાં દૃઢ રહી આ વનની ગુફામાં રહો.[૩૪]

શ્રીવસિષ્ઠ કહે છેઃ—એ પ્રમાણે દેવપુત્રરૂપે જોવામાં આવતી પોતાની રાણી ચૂડાલાએ બોધ આપવાથી આંસુથી જેનું મોઢું ભરાઇ ગયું એવો શિખિધ્વજ રાજા નીચે પ્રમાણે બોલ્યો.[૩૫]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિખિધ્વજ રાજા કહે છેઃ—હે દેવપુત્ર! અહો આજે ઘણે કાલે આપે મને બોધ આપ્યો છે. હું માત્ર મૂર્ખતાથીજ સત્સંગતિ તરફ લક્ષ્ય ન રાખતાં આ વનમાં આવી રહ્યો છું.[૩૬] મારાં સર્વ પાપો ક્ષીણ થઇ ગયાં છે એમ હું માનું છું, કેમકે આપજ અહીં પધારી મને બોધ આપો છો.[૩૭] હે સુંદર મુખવાળા દેવપુત્ર! આપજ મારા ગુરુ, પિતા અને મિત્ર છો. હું આપનો શિષ્ય થઇ આપના ચરણમાં નમસ્કાર કરૂં છું. મારાપર આપ કૃપા કરો.[૩૮] જે આપ સારામાં સારૂં જાણો છો, જે જાણવાથી ફરી આ સંસારચક્રમાં આવી શોક કરવો પડતો નથી, અને જેથી પરમ સુખમાં વિશ્રામ મળે છે તે બ્રહ્મનો (બ્રહ્મજ્ઞાનનો) હવે તરત મને આપ ઉપદેશ કરો.[૩૯] જ્ઞાનના ઘટજ્ઞાન, પટજ્ઞાન, ઇત્યાદિ અનેક વિભાગો જેવામાં આવે છે, તે બધાંમાં કયું પરમ ઉત્કૃષ્ટ જ્ઞાન છે કે જેથી આ સંસારસાગર તરી જવાય?[૪૦]

ચૂડાલા કહે છેઃ—હે રાજર્ષિ! શ્રદ્ધારહિત પુરુષોને કરેલો ઉપદેશ શુષ્કઝાડના હુંઠાપાસે થયેલા કાકશબ્દનીપેઠે નિષ્ફળ થાય છે માટે જો તેમ થાય એવું હશે તો હું કશું કહીશ નહિ; પરંતુ જો તમે શ્રદ્ધાથી મારાં વાક્યોને ગ્રહણ કરો એટલે તે ઉપર દૃઢ આરૂઢ રહો તો તમે જે પૂછો છો તે જેવું જ્ઞાન છે, અને જેવી રીતે પ્રાપ્ત થાય છે તે સર્વ હું કહું.[૪૧] જે માણસ અશ્રદ્ધાથી માત્ર લીલાવડે પૂછે પણ પાછો વક્તાની પાસેથી જવાબ ગ્રહણ ન કરે તેવાં મનુષ્યોની પાસે કહેલાં વચનો અંધારામાં ચક્ષુ ઇંદ્રિયનો પ્રયાસ જેમ નિષ્ફળ થાય તેમ નિષ્ફળ થાય છે.[૪૨]

શિખિધ્વજ રાજા કહે છેઃ—આપ જે કાંઇ મને કહેશો તે હું શ્રુતિનાં વિધિવાક્યની પેઠે કોઇ જાતનો તર્ક આદિ વિચાર ન લાવતાં તત્કાલ શ્રદ્ધાવડે ગ્રહણ કરીશ.—આ મારૂં કહેવું બરાબર સત્ય છે.[૪૩]

ચૂડાલા કહે છેઃ—જેમ પિતાનું વાક્ય હેતુવડે સિદ્ધ કરી આપવાનો આગ્રહ છોડી દઇ પરિણામે હિતરૂપ સમજી માત્ર આજ્ઞાતરીકે માનવામાં આવે છે તેમ આ મારાં વચનોને પણ હેતુવિષેનું પ્રયોજન ન શોધતાં હિતબુદ્ધિથી એક આજ્ઞાતરીકે સમજી કાનને સુખ આપનારાં ગાયનની પેઠે શ્રવણ કરો અને સાંભળ્યા પછી પણ તેમાં મારૂં કલ્યાણજ કર્યું છે એવી દૃઢ ભાવના રાખો.[૪૪,૪૫] તમારા પોતાના આચરણને તુલ્ય મંદબુદ્ધિ પુરુષોની ઘણેક કાલે વિચારના ઉદયદ્વારાએ ઉદય પામેલી મતિને બોધ આપનાર, અને મહા બુદ્ધિશાલી પુરુષોને તત્કાલ સંસારના ભયથી પાર ઉતારનાર કથાનો ક્રમ હું તમને કહું છું તે તમે સાંભળો.[૪૬]

स्वचरितसदृशं तथोदयंत्याश्चिरसमयेन विबोधनं च बुद्धेः ॥ भवभयसुतरं महामतीनां शृणु कथयामि कथाक्रमं मनोज्ञम् ॥ ४६ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'શિખિધ્વજાવબોધ' એ નામનો સત્યાશીમો સર્ગ સંપૂર્ણ. ૮૭

सर्ग ८८ मो.*

મૂર્ખનું આખ્યાન

॥ चूडालोवाच ॥

अस्तिकश्चित् पुमान् श्रीमानस्थानं नित्यविरुद्धयोः गुणलक्ष्म्योरशेषेण यथाब्धिर्वाडवांबुनोः ॥१॥

ચૂડાલા કહે છેઃ—જેમ પરસ્પર વિરુદ્ધ ધર્મવાળાં જલ અને વાડવાગ્નિ એ બન્નેનો સમુદ્ર એ એક આશ્રયરૂપ છે તેમ શોભાયમાન એવો કોઇ એક પુરુષ અન્યોન્ય વિરુદ્ધ ધર્મવાળા

* આ અઠયાશીમા સર્ગમાં થોડાક કાળમાં પોતાના તપવડે ચિંતામણિ મળ્યા છતાં મૂર્ખપણાથી તેની ઉપેક્ષા કરી; કોઇ એક પુરુષ પછીથી કાચને મણિની ભ્રાંતીથી ગ્રહણ કરશે એ કથા કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુણો અને લક્ષ્મી એ બન્નેના આશ્રયરૂપ છે.[૧] તે સર્વ કલાઓમાં નિપુણ છે, અસ્ત્રવિદ્યામાં કુશળ છે, વ્યવહારમાં વિચક્ષણ છે, અને સર્વ સંકલ્પોના સીમાડારૂપ છે; પરંતુ માત્ર તે એક પરમાત્માના પદને ઓળખતો નથી.[૨] જેમ વાડવાગ્નિ સમુદ્રજલના શોષણકાર્યમાં પ્રવૃત્ત થાય છે તેમ એ પુરુષે જપ, તપ આદિ અનંત યત્નોવડે મળી શકે એવા ચિંતામણિના સાધનમાં પ્રવૃત્તિ કરી.[૩] દૃઢ નિશ્ચયથી તે કામમાં લાગેલા એ પુરુષના તીવ્ર પ્રયાસવાળા યત્નથી થોડા કાળમાં ચિંતામણિ સિદ્ધ થઈ તેની પાસે આવ્યો. કેમકે જે બરાબર મન રાખી કાર્ય કરે તેનું શું સિદ્ધ થતું નથી? બધું સિદ્ધજ થાય છે.[૪] બુદ્ધિનો આશ્રય કરી મનમાં કોઈ જાતનો ખેદ લાવ્યાવિના જો પ્રવૃત્તિ અને ઉદ્યોગ કરવામાં આવે તો અકિંચન પુરુષ (ભિખારી) પણ વિઘ્ન નહિ નડતાં શક્તિમાન બની જાય છે.[૫] જેમ ઉદયાચલના શિખર ઉપર રહેલ કોઇ મુનિ ચંદ્રનો ઉદય પોતાની અતિ નજીક થયા છતાં ભ્રાંતિવડે મેરુપર્વતમાં અતિ દૂર થયેલો સમજે તેમ એ પુરુષ પણ ચિંતામણિ પોતાની પાસે આવેલ છે અને હાથમાં પ્રાપ્ત થયા જેવોજ છે તોપણ ભ્રાંતિવડે તેને દુર્લભ સમજતો હતો.[૬] જેમ અતિ દરિદ્ર કોઇ પામર પ્રાણી અનાયાસે પોતાને રાજ્ય પ્રાપ્ત થાય તો તેને સત્ય ન માને તેમ એ પુરુષનો પણ સર્વ મહામણિઓમાં ઉત્તમ ચિંતામણિ પોતાને મળી ગયા છતાં તેનાપર નિશ્ચય બંધાયો નહિ.[૭] વિસ્મયવાળા પોતાના મનવડે ઉપેક્ષા કરવાથી પ્રાપ્ત થએલા ચિંતારૂપી દીર્ઘ દુઃખથી ભ્રાંતિ પામી જઈ તેણે વિચાર કર્યો કે આ શું ચિંતામણિ હશે? આ ચિંતામણિ તો જણાતો નથી. જો ચિંતામણિ હોય તો મને પ્રત્યક્ષ દેખાય નહિ! ત્યારે શું હું તેનો પરીક્ષામાટે સ્પર્શ કરૂં કે ન કરૂં? વખતે જો કદાચિત ચિંતામણિ હોય તો મારા (ભાગ્યહીનપણાનેલીધે) સ્પર્શ કરવાથી જતો રહે.[૮,૯] માત્ર આટલા થોડાક કાલમાં ચિંતામણિ સિદ્ધ થાય નહિ; કારણ કે તે જીવિતના અંતસુધી યત્ન થાય ત્યારેજ મળે છે એવો શાસ્ત્રોનો ક્રમ છે.[૧૦] હું પોતે કૃપણ હોવાથી ભ્રાંતિથી સંકોચાઇ ગયેલાં નેત્રવડે ઉંબાડીયાની પોતાના મનથી કલ્પેલી લતાના જેવા આ ચિંતામણિના પ્રકાશને જેમ ભ્રાંતિથી બે ચંદ્રમા કોઇકના જોવામાં આવે તેમ ભ્રાંતિથીજ દેખું છું.[૧૧] મને હમણાં થોડાક કાલમાંજ સર્વ સિદ્ધિઓને આપનાર ચિંતામણિ મળી જાય એવી મારી ભારે પુણ્યસંપત્તિ ક્યાંથી હોય?[૧૨] કોઈકજ મહાત્મા પુરુષો એવા મહાભાગ્યશાળી હોય છે કે જેઓને થોડાક કાલમાંજ સંપત્તિઓ અનુકૂલ થાય છે.[૧૩] હું એક તુચ્છ મનુષ્ય છું મારૂં તપ પણ હજી થોડુંક થયું છે તેટલામાં હું કે જે ભાગ્યહીન છું તેને સિદ્ધિઓ શી રીતે મળે?[૧૪] એ પ્રમાણે અનેક જાતના સંકલ્પવિકલ્પોથી એ અજ્ઞાની પુરુષે ઘણાક કાલસુધી લાંબો વિચાર કર્યો; પરંતુ પોતાની મૂર્ખતાનેલીધે ભ્રાંતિવડે ભૂલ ખાઇ જઇ એ ચિંતામણિના ગ્રહણ માટે કશો યત્ન કર્યો નહિ.[૧૫] જે કાલે જે પદાર્થ જેને મળવાનું વિધાતા તરફથી નિર્માણજ થયું નથી, તે પદાર્થ તે કાળે તેને મળતોજ નથી. જેમ કે એ દુર્બુદ્ધિપુરુષે પોતાને ચિંતામણિ મળી ગયા છતાં માત્ર રમતમાંજ તે ગુમાવી દીધો.[૧૬] એ પુરુષ જ્યારે ચિંતામણિને ગ્રહણ કર્યાવિના એમનો એમ ઉભો રહ્યો ત્યારે પછી ચિંતામણિ પણ ઉડીને જતો રહ્યો. કેમકે જેમ પ્રત્યંચાએ ત્યાગ કરેલું બાણ પ્રત્યંચાને છોડી દે છે તેમ પોતાનો અનાદર કરનાર પુરુષને સિદ્ધિઓ પણ છોડી દે છે.[૧૭] જ્યારે સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે તે પુરુષમાં વિચક્ષણપણું પણ ઉત્પન્ન કરે છે પરંતુ જો પુરુષ એ સિદ્ધિઓનો અનાદર કરે તો તેઓ જતી રહે છે. માત્ર એટલુંજ નહિ પણ તેમાં જે કાંઇ પ્રથમ વિચક્ષણપણું રહ્યું હોય તેપણ લેતી જાય છે.[18] એ પુરુષે પાછો વળી ચિંતામણિના સાધન માટે ક્રિયાવડે યત્ન કરવા માંડ્યો. કેમકે દૃઢ નિશ્ચયવાળા પુરુષો પોતાના કાર્યમાં કદી પણ ઉદ્વેગ લાવતા નથી.[19] પછી કોઈ સિદ્ધ પુરુષોએ તેની હાંસી કરવાની ઇચ્છાથી છેતરવાનેમાટે પોતે છાના રહી તેની પાસે નાખેલો પ્રકાશવાળો તથા કોઇ બાજુ ખંડિત ન થયેલો એક કાચનો કટકો તેના જોવામાં આવ્યો.[20] જેમ અજ્ઞાની માણસ ભ્રાંતિવડે માટીને પણ સુવર્ણ સમજે છે તેમ એ મૂઢ પુરુષે કાચના કટકાને આ ચિંતામણિ છે એમ ભ્રાંતિવડે સમજી લઈ તેને ગ્રહણ કરવાયોગ્ય માન્યો.[21] ચિત્તમાં રહેલી ભ્રાંતિ કોઇ વખત સંખ્યામાં ભૂલાવો ખવરાવી આઠના છ કરી દે છે. ભ્રાંતિવડેજ શત્રુમાં મિત્રબુદ્ધિ, રજ્જુમાં સર્પબુદ્ધિ, સ્થલમાં જલબુદ્ધિ અને અમૃતમાં વિષબુદ્ધિ થાય છે. તેમ એકજ ચંદ્ર છતાં ભ્રાંતિવડે બે જોવામાં આવે છે,[22] તેજ પ્રમાણે એ પુરુષે પોતાની ભ્રાંતિવડે તે કાચના કટકાને ચિંતામણિ સમજી તેનું ગ્રહણ કર્યું. ચિંતામણિથી જે જોઇશે તે મળી શકશે માટે આ ધનવડે કરીને શું ફલ છે એમ જાણી પોતાની પ્રથમની ધન-ધાન્યઆદિ સમૃદ્ધિ તેણે છોડી દીધી.[23] આ દેશ સુખ વગરનો રુક્ષ અને પાપી માણસોથી ભરેલો છે. આ ઘર પણ જીર્ણ જેવું છે, અને હવે મને બંધુઓ પણ શું ઉપકારક છે? માટે હુંઅહીંથી છેટે જઇ, મારી ઇચ્છા પ્રમાણે આ ચિંતામણિરૂપ સમૃદ્ધિવડે સુખેથી રહું એમ વિચાર કરી, તે મૂર્ખ પુરુષ એ મણિને (કાચના કટકાને) સાથે લઈ શૂન્ય વનમાં ચાલ્યો ગયો.[24,25] હે પ્રિય રાજર્ષિ! તે વનમાં એ મૂઢ માણસ કાચના કટકાથી (કશું ન મળવાનેલીધે) એવો તો વિપત્તિને પ્રાપ્ત થયો કે જે કાજળના પર્વતના જેવી કાળીઅને મહાભયંકર હતી તથા પોતાની મૂર્ખતાને ઉચિતજ હતી.[26] મૂર્ખતાના (અજ્ઞાનના) સામર્થ્યથી જેવાં દુઃખો પ્રાપ્ત થાય છે તેવાં દુઃખો બીજી વિપત્તિઓથી, જરાથી કે મરણથી થતાં નથી. જેમ મનુષ્યના બધા અવયવોમાં કેશસમૂહ સર્વના ઉપરના ભાગમાં (મસ્તકમાં) રહે છે તેમ બધી વિપત્તિઓમાં અજ્ઞાન એ એક સર્વોપરીપણાથી રહેલ છે.[27]

दुःखानि मौर्ख्यविभवेन भवंति यानि नैवापदो न चजरामरणेन तानि ॥ सर्वापदां शिरसि तिष्ठति मौर्ख्यमेकं कृष्णं जनस्य वपुषामिव केशजालम् ॥ २७ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો ચૂડાલાખ્યાનનો 'મણિકાચોપાખ્યાન' એ નામનો અઠયાશીમો સર્ગ સંપૂર્ણ. ૮૮.

સર્ગ ૮૯ મો.*

હસ્તિકોપાખ્યાન.

॥ चूडालोवाच ॥

अथेममपरं रम्यं वृत्तांतं शृणु भूमिप ॥ परं प्रबोधनं बुद्धेः साधो सदृशमात्मनः ॥१॥

ચૂડાલા કહે છેઃ—હે સુશીલ રાજા! હવેપછી બુદ્ધિને પરમબોધ આપનારૂં એક બીજું મનોહર વૃત્તાંત કહું છું તે સાંભળો, કે જે તમને પોતાને મળતુંજ છે.[1] વિંધ્યાચલના વનમાં મોટા હાથીઓનાં ટોળાંઓના રાજાઓનો પણ રાજા એવો

* આ નેવ્યાશીમા સર્ગમાં સાંકળવડે બંધાઇ ગયેલા હાથીએ બંધન તોડી નાખ્યા છતાં પણ પોતાને બાંધનાર અને પોતાની નજીક આવી ગયેલા પોતાના શત્રુ માવતને નહિ મારી નાખવાથી પાછો તે ખાઇમાં ગડબડી પડશે, એ વાત કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક હાથી છે કે જે અગસ્ત્ય ઋષિએ પોતાની આજ્ઞા પાળવાથી પ્રસન્ન થયેલી શુદ્ધબુદ્ધિવડે જેમ જાણે પ્રથમનાં ઉચ્ચ સ્વરૂપવાળો બીજો વિંધ્યાચલ પાછો ઉત્પન્ન કર્યો હોય તેવો લાગે છે.[૨] એ હાથીના પ્રલયકાલના અગ્નિની શિખાના જેવા દારૂણ અને વજ્રની જ્વાલાના જેવા તીક્ષ્ણ ધોળા બે દાંત છે, કે જે મેરૂને પણ ઉખેડી નાખવાને સમર્થ છે. જેમ અગસ્ત્યઋષિએ (પોતાની આજ્ઞાવડે) વિંધ્યાચલને બાંધી લીધો અને વામનજીએ (યાચનાથી) બલિરાજાને બાંધી લીધા તેમ એ હાથીને પણ કોઇ એક માવતે ચારેકોર લોઢાની સાંકળોરૂપી જાળ પાથરી તેવડે બાંધી લીધો. કુંભસ્થલમાં શસ્ત્રો વાગવાથી પીડાયેલો એ હાથી બંધાઇ જઇ સાંકળના ફાંસામાં ફસી ગયો અને તેને તેથી એવી તો પીડા થઇ કે જે મહાદેવના અપૂર્વ બાણરૂપ અગ્નિમાં બળનારા ત્રિપુરાસુરની પીડાના જેવી અતિ અસહ્ય હતી.[૩-૫] હાથીને બંધનમાં નાખી શત્રુપણું બતાવનાર એ માવત દૂરથી નહિ દેખવાથી તે હાથીએ સાંકળોરૂપી જાળના પાંજરામાં ત્રણ દિવસ કહાડ્યા પછી પોતાના ચિત્તમાં ખેદ આવવાનેલીધે સાંકળોરૂપી બેડીને તોડી નાખવાનો યત્ન કર્યો અને પોતાની સૂંઢવડે જોરથી સાંકળોને પકડી ઘુઘરાઓના જેવો શબ્દ કર્યો.[૬,૭] જેમ બલિરાજાએ (દેવદાનવોના યુદ્ધમાં જય મેળવી) અમરાવતીના* કમાડની સાંકળો તોડી નાખી હતી તેમ એ હાથી પણ માત્ર પોતાના બે દાંતોવડે પ્રયત્નથી બે મુહૂર્તની અંદર એ સાંકળરૂપી જાળને તોડી નાખી.[૮] જેમ ભગવાને પોતે મેરૂપર્વતમાં (પોતાના લોકમાં દૂર) રહ્યા છતાં પણ બલિરાજાએ જે ઇંદ્રની અમરાવતી નગરીને તોડી નાખી હતી (યુદ્ધમાં જીતી લીધી હતી) તે (ઐશ્વર્યબલથી) દીઠું હતું તેમ એ માવત છેટે હતો તોપણ હાથીએ જે સાંકળરૂપી બેડી તોડી નાખી તે તેના જોવામાં આવ્યું.[૯] જેમ બલિરાજાના યજ્ઞમાં વામનજી ત્રણ પગલાં પૃથ્વી માગી લઇ, બે પગલાંથી ભૂલોકને તથા સ્વર્ગલોકને દબાવી દઇ મેરુપર્વતમાંથી ત્રીજું પગલું બલિરાજાના મસ્તક ઉપર રાખ્યું હતું તેમ એ માવત પણ તાડના ઝાડ ઉપર ચડી જઇ ત્યાંથી હાથીને માથે પડ્યો પરંતુ પડતાં પડતાં પોતાના કમલના જેવા કોમળ ચરણવડે હાથીના મસ્તક ઉપર નહિ પડી શકાયાથી; પાકી ગયેલ અને પવનના ઝપાટાથી પૃથ્વીપર પડી ગયેલ ફલની પેઠે વ્યાકુળ થઇ પૃથ્વીઉપર પડ્યો.[૧૦,૧૧] એ મોટા હાથીને પોતાનીપાસે પડેલા માવતને જોઇ દયા આવી; કેમકે સત્પુરુષો (દૈવયોગથી) પશુ–પક્ષી આદિ અધમ યોનિમાં હોય તોપણ તેઓ દયા આદિ અનેક ઉત્તમ ગુણોથી ચળકતાજ રહે છે.[૧૨] " આ માવત (મારી પાસે) પડી ગયો છે તો તેને મારી નાખવામાં શી બહાદુરી છે ?" એમ વિચાર કરી તે હાથીએ માવત પોતાનો શત્રુ છતાં તેને મારી નાખ્યો નહિ,[૧૩] પરંતુ જેમ જળનો જબરો પ્રવાહ બાંધેલી પાજને તોડી નાખી, બહાર નીકળી જાય છે તેમ એ હાથી પણ માત્ર બેડીના જેવી સાંકળની જાળને તોડી નાખી બહાર જતો રહ્યો.[૧૪] એ હાથીએ (માવતને મારવાના સંબંધમાં) દયા લાવી જેમ આકાશમાં વાદળાંઓના સમુદાયને દૂર કરી સૂર્યનારાયણ ઉદય પામે છે તેમ સાંકળની જાલને તોડીનાખી પલાયન કર્યું.[૧૫] હાથી જતો રહ્યા પછી શરીર અને બુદ્ધિ એ બન્નેને સ્વસ્થ કરી માવત ઉભો થયો અને તેની પીડા પણ હાથીની સાથે ઘણે છેટે જતી રહી.[૧૬] એ માવત તાડના ઝાડની ચંચળ ટોચ ઉપરથી ઉપર જણાવ્યા પ્રમાણે (ભયથી) પડી ગયો તો પણ તેનું માથું કે હાથ પગ આદિ કશું ભાગી ગયું નહિ કેમકે

* ઇંદ્રની પુરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુષ્ટપુરુષોનાં શરીરો કેમેય ન ભાગે તેવાં કઠિન હોય છે એમ હું માનું છું.[17] જેમ વર્ષાઋતુમાં વાદળાંઓ વૃદ્ધિ પામે છે તેમ દુષ્ટ પુરુષોનું બળ પણ અધમ કાર્યમાં વૃદ્ધિ પામે છે તેથી (એક વખત પોતે મહા સંકટમાં આવી પડ્યા છતાં પણ) ફરી વળી પાછો એ માવત ફરવામાં વધારે ઉત્સાહ રાખવા લાગ્યો.[18] જેમ દ્રવ્યની વૃદ્ધિ ઇચ્છનાર કોઈ (નિર્ધન) પુરુષ પોતાની પાસે એક વખત ખજાનો આવી પછી પાછો જતો રહે તેથી દુઃખિત થાય તેમ એ માવતને પણ પોતાના ઉપાયો નિષ્ફળ જવાથી તથા હાથી એક વખત બંધાઇ ગયા છતાં પાછો નીકળી જવાથી ઘણું દુઃખ થયું.[19] જેમ વાદળાંઓમાં ઢંકાઇ રહેલા ચંદ્રમાને રાહુ પીડવા માટે શોધે તેમ એ માવતે પણ ઝાડીમાં છુપાઇ રહેલા એ હાથીને શોધવા માંડ્યો.[20] ઘણેક કાલે કોઈ એક જંગલમાં રહેલો એ મોટો હાથી માવતના જોવામાં આવ્યો કે જે રણસંગ્રામમાં જય મેળવી આવેલા શૂર પુરુષની પેઠે ઝાડની છાયા નીચે વિશ્રામ લેતો હતો.[21] પછી એ માવતે જેમ વિધાતાએ આ પૃથ્વીને સર્વ દિશાઓમાં સમુદ્રરૂપ કુંડાળાથી વીંટી લીધેલી છે તેમ, જે પ્રદેશમાં એ હાથી જોવામાં આવ્યો તે પ્રદેશની નજીક ચોતરફ એ હાથીમાં આશક થયેલા અનેક મનુષ્યોની સહાયતાવાળી (પોતાના) રાજાએ આપેલી પ્રબળ સાધનસંપત્તિવડે એક ખાઈનું કુંડાળું કરી લીધું; કે જેથી એ હાથી બંધનમાં આવી જાય.[22,23] હાથીને છેતરવાને ઇચ્છનારા એ માવતે જેમ શરદ્ઋતુ પોલાણને ઢાંકી દેવામાં વસ્ત્રનું કામ સારનારાં ધોળાં વાદળાંઓવડે આકાશને ઢાંકી દે છે તેમ એ ખાઇને ઉપર ઉપરના ભાગમાં કોમળ લતાઓના સમૂહવડે ઢાંકી દીધી (જેથી હાથી ભૂલાવો ખાઈ તેમાં જઈ પડે)[24] થોડાક દિવસમાં એ હાથી વનમાં ક્રીડા કરતાં કરતાં સૂકાયેલા સમુદ્રમાં જેમ પર્વત પડે તેમ એ ખાઇમાં જઇ પડ્યો.[25] જંગલમાં ફરનાર એ હાથી ઉપર જણાવ્યા પ્રમાણે માવતની છળભરેલી યુક્તિથી કુંડાળાના જેવા ગોળ આકારવાળા, પાતાલતલના જેવા ભયાનક, હાથીરૂપી રત્નને તાબે કરવામાં પાંજરાનું કામ સારનાર અને કૂવાના જેવા ઊંડા એ ખાઈરૂપી સૂકા સમુદ્રના નીચેના ભાગમાં પડી જઇ ફરીવાર પાછો બહુ મજબૂતીથી બંધનમાં આવી ગયો કે જે અદ્યાપિપર્યંત એ ખાઇમાં પાતાળમાં રહેલા બલિરાજાની પેઠે દુઃખવડે પોતાના દહાડા કાઢે છે.[26--27] જો એ હાથીએ પ્રથમ પોતાનીપાસે પડેલા એ પોતાના શત્રુને (માવતને) તે વખતેજ મારી નાખ્યો હોત તો પોતાને જે ફરીવાર ખાઇમાં પડી જઈ બંધાઈ જવાથી દુઃખ ખમવું પડયું તે ખમવું પડત નહિ.[28] જે પુરુષ અજ્ઞાનનેલીધે વર્તમાનકાલના પુરુષપ્રયત્નના ક્રમવડે ભવિષ્યકાલને સુધારતો નથી એટલે ઉત્તરકાલમાં પોતાને પાછું દુઃખ આવી ન પડે એવો વિચાર જે આગળથીજ નથી રાખતો તે આ વિંધ્યાચલના હસ્તિનીપેઠે દુઃખી થાય છે.[29] " હું સાંકળીરૂપી બેડીમાંથી છુટો થયો છું. " એમ સમજી હાથી પ્રસન્ન થયો અને છેટે જતો રહ્યો તોપણ પાછો તે માવતના બંધનમાં સપડાઇ ગયો કેમકે અજ્ઞાન કયે ઠેકાણે બંધન નથી આપતું ? (સર્વત્ર તે બંધનકારકજ છે.)[30] મહાત્મા શિખિધ્વજ ! આત્મા પોતે સદા બંધ વગરનો અને મુક્તજ છે છતાં હું બંધાએલો છું એવું જે મનમાં આવવું એ એક અજ્ઞાન છે અને એજ બંધનકારક છે માટે એ પાશમાંથી છુટવાસારૂ આ ત્રણેય લોક આત્મામાંથીજ ઉત્પન્ન થયેલ છે તથા તે સઘળું આત્મામયજ છે એમ સમજો. બાકી અજ્ઞાની પુરુષને તો આત્માજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(પોતેજ) બધાં દુઃખરૂપી બીજો ઉગવાનું ક્ષેત્ર થાય છે.[૩૧]

मौर्ख्यं हि बंधनमवेहि परं महात्मन् बद्धोन-बद्धइति चेतसि तद्विमुक्त्यै ॥ आत्मोदयं त्रिज-गदात्ममयं समस्तं मौर्ख्ये स्थितस्य सहसा ननु सर्वभूमिः ॥ ३१ ॥

શ્રીમદ્ મહારામાયણ યોગવાસિષ્ઠના નિર્વાણ-પ્રકરણના પૂર્વાર્દ્ધના 'હસ્તિકોપાખ્યાન' એ નામનો નેવ્યાશીમો સર્ગ સંપૂર્ણ. ૮૯

સર્ગ ૯૦ મો.*

મૂર્ખના આખ્યાનનું તાત્પર્ય.

॥ शिखिध्वज उवाच ॥

मणिसाधकविंध्येभबंधनाद्यमरात्मज ॥
सूचितं यत् कथाजालं पुनर्मे प्रकटीकुरु ॥ १ ॥

શિખિધ્વજરાજા કહે છેઃ–હે દેવપુત્ર ! ચિંતામણિ સાધનારની અને વિંધ્યાચલના હાથીના બંધનઆદિની કથાના સમૂહથી આપે જે મને સૂચના આપી તે ફરીને પાછા મને સ્પષ્ટ રીતે સમજાવો.[૧]

ચૂડાલા કહે છેઃ–તમારા હૃદયરૂપી ઘરને વિષે ચિત્તરૂપી ભીંતમાં સામાન્યરૂપે ઉઠેલ આ વિચિત્ર કથારૂપી ચિત્રને હું પાછું વિશેષરૂપે તમારી પાસે હુબેહૂબ ખડું કરી બતાવું છું. તે તમે વાક્યના અર્થમાં બરાબર ધ્યાન રાખી સાંભળો.[૨] હે રાજા ! શાસ્ત્રોના અર્થમાં કુશળ છતાં તત્ત્વજ્ઞાનને ન જાણનાર એવો મેં જે ચિંતામણિ સાધનાર કહ્યો છે તે તમે પોતેજ છો.[૩] જેમ સૂર્યનારાયણ મેરુપર્વતના તટોમાં સંચાર કરે છે તેમ તમે પણ શાસ્ત્રોનો પરિચય કરેલ છે. પરંતુ જેમ જલમાં રહેલા પાષાણને અંદરના ભાગમાં જળની કાંઈપણ અસર લાગતી નથી તેમ તમે પણ તત્ત્વજ્ઞાનમાં વિશ્રામ પામ્યા નથી.[૪] હે સુશીલ શિખિધ્વજ રાજા ! મેં જે ચિંતામણિ કહ્યો છે તે સર્વ ત્યાગ (સર્વને છોડી દેવું તે) છે એમ તમે સમજો. તેવડે સર્વ દુઃખોની નિવૃત્તિ થાય છે અને શુદ્ધબુદ્ધિથી તમે તેને સાધવાનું પ્રયત્ન કર્યું.[૫] હે નિષ્પાપ રાજા ! શુદ્ધ સર્વત્યાગવડે બધું સિદ્ધ કરી શકાય છે. સર્વનો ત્યાગ કરવો એજ ખરૂં (આત્યંતિક) પૂર્ણકામપણું છે. બાકી તેથી વધારે ચિંતામણિથી શું થઇ શકે તેવું છે ? કશું નહિ.[૬] હે સુશીલ શિખિધ્વજ રાજા ! બ્રહ્મલોકપર્યંતનાં તમામ જગત્પ્રસિદ્ધ ઐશ્વર્યને તુચ્છ કરનારો, જ્ઞાનરૂપી નિરતિશય આત્માનંદને આપનારો, એ સર્વત્યાગ તમે તેના સાધનમાં મંડ્યા રહેવાથી તમને સિદ્ધ થયો, જેથી તમે બ્રહ્મા જેમ પોતાની રાત્રિ થતાં જગત સ્રજવાનું કામ છોડી દે છે તેમ તમે સ્ત્રી, ધન અને બાંધવો સહિત રાજ્યનો ત્યાગ કર્યો અને ગરૂડજી* જેમ કાચબાને અને હાથીને (ભક્ષણ માટે) સાથે લઇ પૃથ્વીના અંતપ્રદેશમાં (સમુદ્રની નજીક) રહેલા વટવૃક્ષની શાખામાં વિશ્રાંતિમાટે જઇ બેઠા હતા તેમ તમે પણ પોતાના દેશથી અતિ દૂર રહેલા આ આશ્રમમાં વિશ્રાંતિમાટે આવી રહ્યા છો.[૭-૯] જેમ વાદળાં તથા ઝાકળઆદિ કલંકને દૂર કરી નાખનારો શરદૃતુનો વાયુ આકાશમાં માત્ર પોતાની સત્તા (અસ્તિત્વ) અવશેષ રાખે છે તેમ તમે પણ બધું ત્યાગ કર્યા છતાં માત્ર એક અહંકારને અવશેષ રાખ્યો છે.[૧૦] હૃદયમાંથી જો મનઃકલ્પિત અહંકાર છોડી દેવામાં આવે તો આ જગત પરમ આનંદવડે પૂર્ણતાવાળું લાગે છે, પરંતુ તમે તો બીજું બધું છોડી દેવાથી અને હું ત્યાગ કરનાર છું એવો અહં-

---

* આ નેવુમા સર્ગમાં કુંભનેરૂપે આવેલી ચૂડાલા રાજાપાસે ચિંતામણિના અને કાચના ઉત્તમ આખ્યાનનું તાત્પર્ય વિસ્તારથી કહી બતાવશે.

* ગરુડજીનો આ પ્રસંગ રામાયણ, મહાભારત આદિમાં પ્રસિદ્ધ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાર બાકી રાખવાથી ત્યાગ તથા અત્યાગ એ બન્નેના વિકલ્પોવડે આકાશ જેમ વાદળાંઓવડે વિંટાય તેમ વિંટાયા, અને તેનેલીધે "આ પરમ આનંદ આપનાર તથા મોટો ઉદય કરનાર સર્વત્યાગ નથી પરંતુ એ ઉત્તમ સર્વત્યાગ કાંઇક જુદીજ તરેહનો છે અને મહાદુષ્પ્રાપ્ય હોવાથી ઘણે લાંબે કાલે સિદ્ધ થાય એવો છે" એમ તમારા મનમાં આવ્યું.[૧૧,૧૨] જેમ વાયુના સમૂહથી (ઝપાટાથી) વનનાં વૃક્ષોનું ચલન વલન વધવા માંડે છે તેમ તમારા ચિત્તમાં ઉપરપ્રમાણે ચિંતાવડે ધીરે ધીરે સંકલ્પોનો વધારો થવા માંડ્યાથી ઉપર જણાવેલો તમારો સર્વ (રાજ્યાદિનો) ત્યાગ ઉડીને ક્યાંય જતો રહ્યો. (સર્વત્યાગથી થતાં સુખનો તમને અનુભવ થયો નહિ.)[૧૩] પવનથી ચલાયમાન વૃક્ષનું નિશ્ચલપણું ક્યાંથી હોય ? ન જ હોય, તેમ જે પુરુષે કાંઇક પણ ચિંતાનો સ્વીકાર કર્યો તેનું ત્યાગીપણું ક્યાંથી હોય? નજ હોય.[૧૪] જે ચિંતા છે તેજ સંકલ્પ એવા બીજા નામને ધારણ કરનાર ચિત્તનું ખરૂં રૂપ છે એમ તત્ત્વજ્ઞ પંડિતો કહે છે. એ ચિંતા જ્યાંસુધી કાયમ રહે ત્યાંસુધી ચિત્તનો ત્યાગ શી રીતે થયો ગણાય? નજ ગણાય.[૧૫] હે સુશીલ રાજા ! ચિત્ત જો ચિંતાવડે વ્યાપ્ત થયેલું હોય તો (સંકલ્પદ્વારા) આ ત્રણેય લોકોનો સમુદાય (દૃશ્યરૂપે) નજરમાં આવવાથી નિર્દોષ સર્વત્યાગ શી રીતે સાધી શકાય ? નજ સાધી શકાય.[૧૬] હે પ્રિય રાજા! જેમ હોલા આદિ પક્ષી કાંઇ અવાજ કાને પડતાં તરત ઉડી જાય છે તેમ તમારા ચિત્તે પોતાની અંદર ઉપર કહ્યાપ્રમાણે સંકલ્પો કરવાથી તમારો ત્યાગ પણ ઉડીગયો.[૧૭] જેમ પ્રથમ નિમંત્રણ આપી પછી સત્કાર નહિ કરાયેલો પુરુષ (પોતાનું અપમાન થવાથી) શું સામા માણસને દુઃખ નથી ઉત્પન્ન કરતો ? કરે છેજ, તેમ એ તમારો સર્વત્યાગ પણ તમે તેનો અનાદર કરવાથી ઉલટો તમારૂં પ્રથમનું જે પરમનિશ્ચિતપણું હતું તે પણ સાથે લઇ જતો રહ્યો.[૧૮] હે કમલ જેવા સુંદર નેત્રવાળા રાજા! એ પ્રમાણે સર્વત્યાગરૂપી ચિંતામણિ ચાલ્યો ગયા પછી તમે સંકલ્પરૂપી ચક્ષુવડે આ તપરૂપી કાચમણિને દીઠો.[૧૯] જેમ કોઈ પુરુષ જળમાં પડેલા ચંદ્રપ્રતિબિંબમાં ભ્રાંતિવડે સત્ય ચંદ્રપણું કલ્પી લે તેમ તમે પણ પોતાની દૃષ્ટિમાં આવેલા ભ્રાંતિદોષવડે સ્ફુરેલા આ દુઃખકારક તપમાં આપણે આ ગ્રહણ કરવા યોગ્ય છે એવો દૃઢ નિશ્ચય કરી લીધો.[૨૦] પ્રથમ સર્વત્યાગ કરતી વખતે અનાસક્તિનેલીધે (વૈરાગ્યથી) વાસના વગરનું અને પછવાડેથી અનંત તથા (કાંઇ ગૂઢ) વાસનાવાળું તમે આ જે તપ કર્યું તે આરંભમાં (રાજ્યાદિકનો ત્યાગ કરવાથી), અંતમાં (તપના ફલની અભિલાષા ન રાખવાથી) અને વચમાં (વનમાં રહેવું ટાઢતડકો સહેવાં એ આદિનેલીધે) બહુ વિષમ (દોહેલું) હોવાથી સદા દુઃખકારકજ છે.[૨૧] જે મનુષ્ય પરિમાણમાં પણ ન આવી શકે એવા અનંત આત્માનંદને તથા સુખવડે સાધી શકાય તેવા (હવે કહેવામાં આવનારા) સર્વત્યાગને છોડી દઇ પરિમાણમાં આવે તેવા અને મહાદુઃખવડે સાધી શકાય એવા તપ આદિ પદાર્થને વળગી રહે, તેને આત્મઘાતી અને મહામૂર્ખ સમજવો.[૨૨] તમે સર્વત્યાગ સાધવાનો આરંભ તો કર્યો; પરંતુ આ પર્ણકુટીમાં તપની અંદર અનુભવાતાં કષ્ટોવડે તથા તમને ફક્ત એક તપમાંજ પ્રવૃત્તિ કરાવનારા તમારા અજ્ઞાનવડે તમે બંધાઇ ગયાથી ખરો સર્વત્યાગ તમારાથી સાધી શકાયો નહિ.[૨૩] હે સુશીલ શિખિધ્વજ રાજા ! વિસ્તારવાળાં અનેક દુઃખોથી ભરેલાં રાજ્યરૂપી બંધનમાંથી છૂટી જઇ તમે પાછા વનવાસ નામના દ્રઢ બંધનોવડે બંધાઇ ગયા છો.[૨૪] હમણાં અહીં તમારે ટાઢ, તડકો, પવન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ આદિની પ્રથમના કરતાં બમણી ચિંતા સહેવી પડે છે. અગાઉ કોઇ વખત વનવાસનો અનુભવ નહિ કરનારા સુકુમાર પુરુષોને એ દુઃખ બંધનથી પણ વધારે છે એમ હું સમજું છું.[25] હે સુશીલ શિખિધ્વજ રાજા! 'મને આ ચિંતામણિ મળ્યો છે' એમ તમે સારી રીતે સમજ્યા છો; પરંતુ તમને સ્ફટિકનો કટકો પણ મળ્યો નથી.[26] હે કમલ જેવા સુંદર નેત્રવાળા પ્રિયરાજા ! આ ઉપર પ્રમાણે ચિંતામણિના પ્રયત્ન જેવું તમારૂં વૃત્તાંત મેં તમને સારી રીતે સ્પષ્ટ કરી બતાવ્યું તેમાંથી જે સમજવાનું છે તે પોતાનીમેળે તમે બરાબર સમજી લઇ જે (સર્વત્યાગ કે તપ, જે ચિંતામણિના જેવું) તમને નિર્દોષ જણાય તેનેજ પોતાના ચિત્તરૂપી ખજાનામાં દૃઢ ધારણ કરી રાખી તેના પરિણામને પ્રાપ્ત થાઓ.[27]

इत्येतदङ्ग मणियत्नकथासमानं सम्यङ्‌ मया प्रकथितं तव पद्मनेत्र।तद्बोध्यमेवममलं स्वयमेव बुद्‌ध्या यद्वेत्सितत्परिणतिंनय चित्तकोशे।।२७।।

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'ચિંતામણિ સાધકવૃત્તાંત વિવરણ' એ નામનો નેવુમો સર્ગ સંપૂર્ણ. ૯૦

સર્ગ ૯૧ મો.*

હસ્તિકોપાખ્યાનનું તાત્પર્ય

॥ चूडालोवाच ॥

इदानीं राजशार्दूल वस्तुसंप्रतिपत्तये ॥
शृणु विंध्येभवृत्तांतविवृतिं स्मयकारिणीं ॥१॥

ચૂડાલા કહે છેઃ—રાજાઓમાં સિંહના જેવા પરાક્રમી હે શિખિધ્વજ! તત્ત્વનું સારી રીતે જ્ઞાન થવામાટે હવે વિસ્મય કરનારૂં વિંધ્યાચલના હાથીના વૃત્તાંતનું ખુલ્લું વિવેચન તમે સાંભળો.[1] પ્રથમ જે વિંધ્યાચલના વનમાં રહેલો હાથી કહેવામાં આવ્યો છે તે આ ભૂતલમાં રહેલા તમે પોતેજ છો અને જે તેના ધોળા બે દાંત કહ્યા છે તે અહીં વૈરાગ્ય અને વિવેક સમજવાના છે.[2] જે હાથીને બંધનમાં નાખવાને તત્પર થયેલો માવત કહેવામાં આવ્યો છે તે તમને બંધનમાં નાખવાને તત્પર થયેલું અને તમને દુઃખ દેનારૂં અજ્ઞાનજ આ પ્રસંગમાં સમજવું.[3] હે રાજા ! તમે બહુ શક્તિમાન છો અને અજ્ઞાન તેવું શક્તિવાળું નથી છતાં અશક્ત માવતે પીડેલા મહાશક્તિમાન હાથીનીપેઠે એ તમને એક દુઃખમાંથી બીજા દુઃખમાં અને એક ભયમાંથી બીજા ભયમાં લઈ જાય છે.[4] વજ્રના જેવી દૃઢ લોઢાની સાંકળવડે એ હાથીને માવતે બાંધી લીધો એમ જે જણાવ્યું છે તેનું તાત્પર્ય અજ્ઞાને તમને પણ આશાઓરૂપી પાશના જાળવડે (રાજ્યના રક્ષણ સમયમાં) શિખાથી ઠેઠ ચરણ પર્યંત આખા બાંધી લીધા હતા એવું છે.[5] આશા લોઢાની સાંકળના કરતાં પણ દુર્ભેદ્ય વિશાલ અને દૃઢ છે કેમકે લોઢું તો કાલે કરી (ઘસાઈ જવાથી) ક્ષીણ થાય છે પરંતુ આશા તો જેમ વખત જતો જાય તેમ વધતી જાય છે.[6] હાથીને એકાંતમાં છેટે રહી તેનો વૈરી માવત જોતો હતો એમ જે સૂચવ્યું છે તે અજ્ઞાન તમને એકલાને બંધનમાં નાખી દૂરથી જોયા કરે છે એમ કહ્યું છે એવું સમજો.[7] હાથીએ જે પોતાના શત્રુનું રચેલું સાંકળોની જાળરૂપી બંધન તોડી નાખ્યું એમ જણાવ્યું છે તેનો અભિપ્રાય તમે પણ ભોગ ભોગવાના સ્થાનરૂપ નિષ્કંટક રાજ્યરૂપ અજ્ઞાનકૃત બંધનનો ત્યાગ કર્યો એવો નીકળે છે.[8] હે સુશીલ રાજા! જોકે લોઢાની શસ્ત્રના જેવી તીક્ષ્ણ સાંકળોનું બંધન તોડી નાખવું એ સહેલું છે પરંતુ મનને ભોગોની આશાથી મોકળું કરવું આ વાત સહેલી નથી.[9] હાથીએ સાંકળ તોડી નાખ્યાથી માવત

* આ એકાણુમા સર્ગમાં પરિણામે જ્ઞાન ઉત્પન્ન કરે એવો ત્યાગ સિદ્ધ કરવામાટે વિંધ્યાચલના હાથીના દૃષ્ટાંતના સિદ્ધાંતરૂપે શિખિધ્વજરાજાનું ચરિત્રજ કુંભ કહી બતાવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભયથી નીચે ભોંયઉપર પડ્યો એમ જે કહેલું છે તેનો આશય તમે રાજ્યનો ત્યાગ કર્યાથી અજ્ઞાન પણ પડી ગયા જેવું શિથિલ થઈ ગયું એવો છે.[૧૦] જ્યારે પુરુષ વૈરાગ્યવાન થઈ ભોગો ભોગવવાની આશાને છોડી દેવાને ઇચ્છે છે ત્યારે કાપવાને મુકરર કરેલ વૃક્ષમાં રહેલા પિશાચની પેઠે અજ્ઞાન (થરથર) કંપવા લાગે છે[૧૧] અને જ્યારે વિવેકવાન પુરુષ ભોગોને છોડી દઈ (વાસના વગરનો થઇ) રહે છે ત્યારે જેમ કપાયેલા વૃક્ષમાંથી પિશાચ જતો રહે તેમ એ અજ્ઞાન પણ (તે પુરુષને છોડી દઈ) છેટે ભાગી જાય છે.[૧૨] કરવતવડે વૃક્ષને કાપી નાખવાથી તેમાં રહેલો માળો જેમ નીચે આવી પડે છે તેમ ભોગોના સમૂહનો ત્યાગ કર્યાથી અજ્ઞાનની સ્થિતિ પણ પડી ગયા જેવી શિથિલ થઇ જાય છે.[૧૩] તેથી જ્યારે તમે રાજ્યાદિકનો ત્યાગ કરી વનતરફ પ્રયાણ કર્યું ત્યારે એ અજ્ઞાન પડી ગયા જેવું મહાશિથિલ થઇ ગયું. પરંતુ તેની તેવી દશામાં તમે તેને ચિત્તત્યાગરૂપી મહાખડ્ગવડે મારી નાખ્યું નહિ તેથી તેણે પાછું ફરીવાર ઊભાં થઈ પોતાના થયેલા પરાભવને સંભારી રાખી અતિ ઉંડી એવી આ તપના પ્રપંચરૂપી ખાઇમાં તમને નાખી દીધા.[૧૪,૧૫] રાજ્ય ત્યાગ કરવા વખતે તમારી પાસે આવી પડેલાં (શિથિલ થઇ ગયા જેવાં) એ અજ્ઞાનને તમે તે વખતેજ મારી નાખ્યું (નિર્મૂલ કરી નાખ્યું) હોત તો તે નાશને પામી ગયાથી ફરીવાર પાછું તમને આ તપરૂપી ખાઇમાં પાડી હેરાન કરત નહિ.[૧૬] હાથીના શત્રુ માવતે ખાઇનું કુંડાળું કરી લીધું એમ જે કહેવામાં આવ્યું છે તે અહીં અજ્ઞાને અસંખ્ય તપના દુઃખોવડે ચોતરફ તમને જે વીંટી લીધા છે તે છે.[૧૭] હે રાજાઓમાં ઉત્તમ શિખિધ્વજ ! એ માવતને રાજાના તરફથી ખાઇ કરવાનાં સાધનોની જે મદદ મળી હતી તે અહીં આ તમારા પ્રસંગમાં અવિવેકરૂપી રાજાના તરફથી મદદરૂપે આપવામાં આવતી અને અવિવેકનું અંદરનું ઐશ્વર્ય બતાવનારી ચિંતાજ સમજવાની છે.[૧૮] હે સુશીલ રાજા ! એ પ્રમાણે તમે વસ્તુતઃહાથી નહિ છતાં ઉપર જણાવ્યા મુજબ લક્ષણવડે બરાબર મળતાપણું આવવાનેલીધે આ સંસારરૂપી જંગલમાં હાથીરૂપજ છો અને તમારા અજ્ઞાનરૂપી શત્રુએ ચારે તરફ આ તપરૂપી ખાઈ કરી તેમાં તમને પોતાના (છળના) બળથી બાંધી લીધેલ છે, એ ખાઇનું કુંડાળું જે ઉપર ઉપરથી કોમળ લતાઓ વડે ઢાંકી દીધાનું કહેવામાંઆવ્યું છે તે અહીં ક્ષમા, શાંતિ, સત્સમાગમ આદિ ગુણોવડે ઉપર ઉપરથી ઢંકાયેલું તપનું દુઃખજ સમજવાનું છે.[૧૯,૨૦] હે રાજા ! એ રીતે દુઃખકારક અને દારુણ આ તપરૂપી ખાઇમાં તમે પાતાલતલમાં બંધાઈ રહેલા બલિરાજાની પેઠે આજ દિવસ સુધી બંધાઇ રહ્યા છો.[૨૧] આ હાથીના આખ્યાનમાં તમે પોતેજ હાથીરૂપે કહેવામાં આવ્યા છો. આશાઓ શૃંખલાઓનેરૂપે કહેવાઈ છે, અજ્ઞાન માવતરૂપે કહ્યું છે, પાછું આ ઉગ્રતપમાં બંધાઇજવું એ ખાઇરૂપે કહી બતાવ્યું છે અને આ પૃથ્વીતળ વિંધ્યાચળરૂપે કહેલ છે. એ પ્રમાણે આ આખ્યાનથી મેં તમારૂંજ બધું વૃત્તાંત નિવેદન કર્યું છે (તે સમજી લઇ આ તપરૂપી ખાઇમાંથી બહાર નીકળી અજ્ઞાનરૂપી માવતના નાશ) માટે જે કરવાનું હોય તે કરો.[૨૨]

गजस्त्वमाशानिगडानि वैरी मोहो निखातः पुनरुग्रबंधः ॥ महीतलं विंध्य उदंत इत्थं त्वदीय उक्तः कुरु यत्करोषि ॥ २२ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના પૂર્વાર્દ્ધનો 'હસ્તિકાખ્યાનતાત્પર્ય વિવરણ' એ નામનો એકાણુમો સર્ગ સંપૂર્ણ. ૯૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सर्ग ९२ मो.

શિખિધ્વજનો સર્વત્યાગ

॥ चूडाला उवाच ॥

यदुक्तं नयशालिन्या तया विदितवेद्यया ।
तदा चूडालया ज्ञानं तत् कस्मान्नोररीकृतं ॥ १॥

ચૂડાલા (દેવપુત્ર) કહે છેઃ–તમે જ્યારે રાજ્યમાં રહ્યા હતા ત્યારે નીતિવાળી અને જાણવાનું સર્વ જેણે જાણી લીધું છે એવી ચૂડાલાએ તમને જે જ્ઞાન આપ્યું હતું તેનો તમે શા માટે અંગીકાર કર્યો નહિ?[1] હે રાજા! એ ચૂડાલા તત્ત્વવેત્તાઓમાં મુખ્ય છે. તે જે જે કહે છે કે પોતે કરે છે, તે સર્વ સત્ય અને આદરથી આચરણ કરવા યોગ્ય છે.[2] હે રાજા! જો તમે એ ચૂડાલાના વચનનો અંગીકાર ન કર્યો તો પછી સર્વત્યાગ શામાટે પૂરી રીતે સ્થિરપણાથી સાધ્યો નહિ?[3]

શિખિધ્વજ કહે છેઃ–હે પ્રિય દેવપુત્ર ! મેં રાજ્યનો ત્યાગ કર્યો, ઘર છોડી દીધું, તેવો (અતિ રમણીય) દેશ પણ છોડી દીધો અને સ્ત્રીનો પણ ત્યાગ કર્યો છે, એમ છતાં મેં સર્વ ત્યાગ કેમ નથી કર્યો?[4]

ચૂડાલા કહે છેઃ–ધન, સ્ત્રી, ઘર, રાજ્ય, ભૂમિ અને બંધુઓ એ સર્વ (તત્ત્વદૃષ્ટિથી જોતાં)તમારૂં છેજ નહિ તો પછી તમે શો સર્વ ત્યાગ કર્યો?[5] વળી તમે ત્યાગ નહિ કરેલો એક સર્વથી મુખ્ય ભાગ બાકી રહી ગયો છે કે જેનો નિર્મૂલપણે ત્યાગ કર્યાથી તમે શોક વગરના (આનંદમૂર્ત્તિ) થઇ જશો.[6]

શિખિધ્વજ રાજા કહે છેઃ–જો એ સર્વ રાજ્ય મારૂં ન હોય તો પર્વત અને વૃક્ષ આદિ ઝાડીવાળું આ વન મારૂં છે તેનો પણ ત્યાગ કરી દઉં છું.[7]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ–હે રામચંદ્રજી ! કુંભના વાક્યવડે પ્રેરાએલ હોવાથી ઉપર પ્રમાણે બોલતા એ જીતેંદ્રિય રાજા શિખિધ્વજે બહુજ દૃઢ નિશ્ચય રાખી જેમ વર્ષાઋતુનો (નદીનો) પ્રવાહ કાંઠે રહેલા ધૂળના સમૂહને ઘસડી જાય તેમ પોતાના મનવડે એક નિમિષમાત્રમાં એ વનવિષેનું મમત્વ છોડી દીધું.[૮,૯]

શિખિધ્વજ કહે છેઃ–વૃક્ષ, પર્વત અને ગુફા સહિત આ વનમાંથી મેં મારૂં મમત્વ મૂકી દીધું તેથી હવે મારો સર્વત્યાગ સિદ્ધ થયો.[10]

કુંભમુનિ કહે છેઃ–આ પર્વતનો તટ, વન, ગુફાઓ, જળ અને વૃક્ષનાં સ્થાન એ બધું (તત્ત્વદૃષ્ટિથી) તમારૂં છેજ નહિ તો પછી તમારો સર્વત્યાગ ક્યાંથી થયો ગણાય?[11] હજી તમે ત્યાગ નહિ કરેલ સર્વથી મુખ્ય એક ભાગ બાકી રહી જાય છે, તેનો નિર્મૂલપણે ત્યાગ કર્યાથી તમે શોકવગરના પરમ આનંદરૂપ થઇ જશો.[12]

શિખિધ્વજ કહે છેઃ–એ બધું મારૂં ન હોય તો પછી હવે મારા સર્વસ્વમાં વાસનાસ્થાનથી અને પર્ણકુટીથી યુક્ત એવો મારો આશ્રમ બાકી રહ્યો છે. તેનો પણ હું તરત ત્યાગ કરૂં છું.[13]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ–હે રામચંદ્રજી ! કુંભના વાક્યવડે સૂચના મળવાથી ઉપર પ્રમાણે બોલતા જિતેંદ્રિય શૂરવીર એ શિખિધ્વજ રાજાએ પવન જેમ પોતાની સત્તાથી ઉડેલ ધૂળના સમૂહને પાછો પોતાની સત્તાવડેજ શાંત કરી દે તેમ પોતાના ચિત્તમાં આવતું એ આશ્રમનું મમત્વ પણ પોતાની શુદ્ધબુદ્ધિવડે છોડી દીધું.[૧૪,૧૫]

શિખિધ્વજ રાજા કહે છેઃ–વૃક્ષ, પર્ણકુટી, અને લતાઓવાળા આ પોતાના આશ્રમમાંથી પણ મેં મારૂં મમત્વ મૂકી દીધું. હવે તો મારો સર્વત્યાગ સિદ્ધ થયો?[16]

કુંભમુનિ કહે છેઃ–વૃક્ષો, વાવનું સ્થળ,

---

* આ બાણુમા સર્ગમાં કુંભનાં વચન સાંભળી સર્વત્યાગ કરવાને તૈયાર થયેલો રાજા સર્વ વનાદિમાંથી મમત્વ છોડી દઈ ભાંડ આદિ સામાનને અગ્નિમાં બાળી નાખશે એ કથા કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝાડી, પર્ણકુટી અને લતાઓનો સમૂહ એ બધામાં (તત્ત્વદૃષ્ટિથી) કશું તમારૂં નથી તો પછી તમારો સર્વત્યાગ ક્યાંથી સિદ્ધ થયો કહેવાય?[૧૭] વળી આથી જૂદો તમે ત્યાગ નહિ કરેલો સર્વથી મુખ્ય એક ભાગ બાકી રહ્યો છે કે જેનો નિર્મૂલ ત્યાગ કર્યાથી તમે શોકરહિત પરમ આનંદમૂર્તિ થશો.[૧૮]

શિખિધ્વજ રાજા કહે છેઃ—જો એ બધું મારૂં ન હોય તો આ પાત્રાદિક મૃગચર્મ, ભીંતો અને આ નાની પર્ણકુટી (ઝુંપડી) વગેરે જે મારૂં છે તેનો પણ હું ત્યાગ કરૂં છું.[૧૯]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—એ પ્રમાણે કહી શાંત અને શુદ્ધ મનનો એ રાજા બુદ્ધિમાં કાંઇ ક્ષોભ ન પામતાં જેમ શરદ્‌ઋતુનું વાદળું પર્વતના શિખર ઉપરથી (આકાશમાર્ગે જવામાટે) વ્યુત્થિત થાય તેમ પોતાના આસન ઉપરથી ઉભો થયો.[૨૦] સૂર્યનારાયણ જેમ પોતાના રથમાં બેઠા રહી ત્યાંથીજ (કર્મ સાક્ષી હોવાથી) લોકોનાં કાર્યો જોયા કરે છે તેમ એ કુંભમુનિ પણ પોતાના આસનઉપર બેઠા રહી ત્યાંથીજ પોતે મંદહાસ્ય સહિત એ રાજાની ક્રિયાઓ જોતા હતા.[૨૧] એ રાજા જે કરે છે તે ભલે કરો. એ કર્મ તેને બહુ પવિત્ર કરનાર છે એમ સમજી કુંભમુનિએ મૌન ધારણ કરી શિખિધ્વજ રાજા તરફ જોયા કર્યું.[૨૨] જેમ સમુદ્રની નીચી જમીન ઉંચી જમીનમાં પડેલું વૃષ્ટિ નદી આદિનું જળ પોતાનામાં એકઠું કરી રાખે છે. તેમ એ રાજાએ પોતાનો સર્વ પાત્ર વગેરે સામાન એક ઠેકાણે એકઠો કર્યો અને તેને એકઠો કરી જેમ સૂર્યનારાયણ સૂર્યકાંતમણિમાં (આગીયાકાચમાં) પોતાના કિરણોરૂપે પ્રવેશ કરી તેમાં રહેલા અગ્નિને પ્રજ્વલિત કરે તેમ એ શિખિધ્વજ રાજાએ સૂકાં લાકડાંઓવડે અગ્નિને પ્રજ્વલિત કર્યો.[૨૩,૨૪] જેમ સૂર્યનારાયણ અવાંતર પ્રલયકાળમાં આ જગતને પોતાવડે પ્રદીપ્ત થયેલા અગ્નિને સ્વાધીન કરી દઇ મેરુપર્વતના શિખર ઉપર પોતે જઈ બેસે તેમ એ રાજા પણ પાત્ર વગેરે પોતાના સામાનના સમૂહને પોતે પ્રજ્વલિત કરેલા અગ્નિમાં નાખી દઇ પોતાના આસનઉપર જઇ બેઠા.[૨૫] " હે પતિભક્તિ પરાયણ અક્ષમાળા ! બીજાને ક્લેશ આપી પોતાનો સ્વાર્થ સાધી લેવાની મારી બુદ્ધિ નિવૃત્ત નહિ હોવાનેલીધે મેં તને જે આટલા કાળસુધી જે પરિશ્રમ આપ્યો છે તેવડે તેં કરેલી મારી સેવા હવે પૂરી થાઓ.[૨૬] હમણા ભ્રાંતિ મટી જવાથી તું મને કોઇ ઉપકારકારક જણાતી નથી. (માટે હું તને હવે શ્રમ આપીશ નહિ તું વિશ્રામ લે) હે પ્રિય અક્ષમાળા ! હું તારી સાથે ઘણા લાંબા કાળસુધી અનેક મંત્રોરૂપી અરણ્યોમાં ભટકયો, કર્મ માર્ગોમાં ફર્યો,[૨૭] અને તપોવનાદિક ધર્મસ્થાનો પણ જોયાં, હવે હું વિશ્રામ લઉ છું. " એમ પોતાની અક્ષમાળાને કહી જેમ આકાશમાં રહેલા નિર્મલ તારાસમૂહને પવન પ્રલયકાળના અગ્નિમાં ફેંકી દે તેમ શિખિધ્વજ રાજાએ એ સ્ફટિક માળાને અગ્નિમાં ફેંકી દીધી. "હે મૃગચર્મ ! તું વનના મૃગથી જૂદું પડવાથી હું કે જે મનુષ્યોમાં મૃગના જેવો અતિ અજ્ઞાની છું; તેણે માત્ર અજ્ઞાનને લીધે આજ દિવસપર્યંત આ દર્ભાસન ઉપર તને બીછાવેલ છે એ તારો મારાપર મોટો ઉપકાર થયો છે. હવે તું પોતાના મૂળ કારણમાં લય થઇ જવામાટે વિદાય થા અને તારો માર્ગ સુખેથી નિર્વિઘ્ન જતો રહો.[૨૮--૩૦] આ તારાઓવાળું આકાશ બરાબર તારા જેવું છે માટે તું પણ આ અગ્નિવડે આકાશરૂપ થઈજા (શૂન્યમાં મળી જા)" એમ કહી જેમ પ્રલયકાલનો પવન પર્વતોને સમુદ્રમાંથી આકર્ષણ કરી દાવાનલમાં બાળી નાખે તેમ પોતાના બન્ને હાથવડે દર્ભા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સન ઉપરથી તે મૃગચર્મને ઉપાડી લઈ અગ્નિમાં બાળી દીધું. "હે સુંદર કમંડળુ! તારા ઉત્તમ વર્તુલપણાથી તથા ઉત્તમ સદ્વર્તનથી તેં જળ ધારણ કરી જે મારી સેવા કરી છે તેનો મારાથી કાંઇ પ્રત્યુપકાર કરી શકાયો નથી. સુંદર સ્નેહ, સ્થિર સૌજન્ય અને સુશીલતા એ સર્વનું તુંજ પરમ પાત્ર છે. હે મિત્ર કમંડલુ! જે અગ્નિવડેજ તું પોતાના દેહને શુદ્ધ કરી મારીપાસે આવેલ છે તે અગ્નિવડેજ પાછું શુદ્ધ થઇ તું વિદાય થા. તારો માર્ગ નિર્વિઘ્ન સુખેથી જતો રહો." એમ કહી તે કમંડલુ કોઈ શ્રોત્રિય (વૈદિક) બ્રાહ્મણને આપી દીધું.[૩૧-૩૫] હે દર્ભાસન ! જે સારો પદાર્થ (પરલોકમાં ઉપયોગી થાય તેવો) હોય તે અગ્નિને કે કોઈ સત્પાત્ર મહાત્માને આપી દેવો જોઇએ (જેથી તે પાછો લોકાંતરમાં મળે) તેને લીધે તથા જેમ મૂર્ખ માણસની મતિ (અધોગતિ આપનારાં) ગુપ્ત પાપમાં જઇ પડે છે તેમ તું પણ હમ્મેશાં પૃથ્વીપર નીચેજ પડે છે માટે તને બાળી ભસ્મ કરી નાખવું એજ યોગ્ય છે તો તું ભસ્મ થઇ જા, એમ કહી એ અતિ કોમળ દર્ભાસનને ઉપાડી બ્રહ્મચૈતન્યમાં પોતાને વિશ્રામ લેવા માટે તથા તેની શુદ્ધિને માટે પ્રજ્વલિત અગ્નિમાં ફેંકી દીધું. જે કાંઇ ત્યાગ કરવાનું હોય તે તરતમાંજ છોડી દેવું યોગ્ય છે, કેમકે જો એ પાત્રાદિક હશે તો વળી બીજાં પણ સંગ્રહ કરવા યોગ્ય પદાર્થનો વિસ્તાર થઈ જશે અને લોકમાં પણ તેવીજ (એક ઉપાધિ હોય તો બીજી ઉપાધિ વધી જવાની) રીતિ દેખાય છે, માટે આ સર્વ પાત્ર સમુદાયને તરત અગ્નિમાં બાળી દઉં છું.[૩૬-૩૯] જો એ બધું બાળી નાખવાનું અગ્નિ એક વખતજ બાળી નાખે તો મને સંતોષ થાય. હું નિષ્ક્રિયપણું થવા માટે આ સઘળો કર્મ કરવાનો સામાન તજી દઉં છું. હે સુશીલ દેવપુત્ર! આ વિષયમાં તમારે કાંઈપણ ખેદ કરવો નહિ, કેમકે અયોગ્ય પદાર્થને કોણ સંઘરી રાખે? કોઇ ન સંઘરી રાખે."[૪૦] એમ કહી તરતજ શિખિધ્વજ રાજાએ જેમ કાળ સર્વ જગતને પ્રલય સમયના તેજમાં બાળી નાખે તેમ એ સઘળો ભોજનપાત્ર આદિ વનવાસના કામનો પાત્રસમુદાય એકજ વખતે અગ્નિમાં બાળી નાખ્યો.[૪૧]

इत्युक्तवान् झटिति भोजनभाजनाद्यं सर्वं जुहाव वनवासविलासयोगम् ॥ तद्ब्रांडजालमनले सममेव राजा कल्पांततेजसि जगज्ज्वलतीव कालः ॥ ४१ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'સર્વત્યાગકરણ' એ નામનો બાણુમો સર્ગ સંપૂર્ણ. ૯૨

સર્ગ ૯૩ મો.

શિખિધ્વજને ત્યાગનો બોધ

॥ श्रीवासिष्ठ उवाच ॥

अथोत्थाय ददाहासौ शुष्कं तत् तृणमंदिरं । अज्ञेन स्वेन मनसा वृथा संकल्पकल्पितं ॥१॥

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—ત્યાર પછી એ રાજાએ ઉભા થઇ પોતાના અજ્ઞાની ચિત્તે મમત્વરૂપી સંકલ્પથી વૃથા કલ્પી લીધેલ એ શુષ્ક તૃણની પર્ણકુટી તેણે બાળી નાખી,[૧] અને જે કાંઇ પાત્રસમૂહ વલ્કલ આદિ વસ્ત્ર અને અન્નાદિક તથા કુશ કાષ્ઠ સંચયાદિક અવશેષ રહ્યું હતું તે સર્વ પ્રસન્ન થયાની પેઠે સમાન બુદ્ધિ રાખી મનમાં હર્ષ શોકાદિકનો કાંઇ આવેશ ન લાવતાં મૌનધારણ કરી ક્રમેકરી કેટલુંક બાળી નાખ્યું, કેટલુંક ફેંકી દીધું, કેટલાકનો ત્યાગ કર્યો અને કેટલુંક ભાંગી નાખ્યું.[૨,૩] પ્રથમ માણસો હોવા-

* આ ત્રાણુમા સર્ગમાં બધો સામાન બાળી નાખી પછીથી પોતાનો દેહત્યાગ કરવાને તૈયાર થયેલા એ રાજાને રોકી રાખી કુંભમુનિ ચિત્તત્યાગનેમાટે બોધ કરશે એ કથા કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને લીધે અને પછીથી સર્વ જતા રહેવાને લીધે તે રાજાનો આશ્રમ વીરભદ્રાના બળથી ચુંથાઇ ગયેલી દક્ષપ્રજાપતિની યજ્ઞશાળાના જેવો મહાભયંકર થઇ ગયો.[4] જેમ અગ્નિવડે બળતા શહેરમાંથી બહુજ ભયભીત થઇ માણસો ભાગી જાય તેમ એ આશ્રમમાંથી મૃગોનાં ટોળાંઓ પોતાનું વાગોળવું બંધ કરી ભાગી ગયાં.[5] સૂકાં લાકડાંઓની સાથે પોતાનો પાત્રસમૂહ આદિ સામાન બળી જવાથી ફક્ત દેહમાત્રવડે અવશેષ રહેલો અને બીજા પદાર્થોમાં આસક્તિ વગરનો એ રાજા બહુ પ્રસન્ન થયો અને બોલ્યો.[6]

શિખિધ્વજ રાજા કહે છેઃ—સર્વ ઉપકરણમાં (વનવાસોપયોગી સામાનમાં) મમતા મૂકી દઈ હું હવે સર્વત્યાગી થયો છું; અહો દેવપુત્ર! તમે આજે મને ઘણેકાળે આ બોધ આપ્યો છે.[7] કોઇ જાતના પરિગ્રહ વગરનો અને (સર્વત્યાગને લીધે) શુદ્ધ થઇ ગયેલો હું સુખેથી (આપની કૃપાથી) બોધવાળો થઇ ગયો. મમતાના સંકલ્પવડે સંગ્રહ કરવામાં આવતા આ સઘળા સામાનમાં શો સાર રહ્યો છે.[8] જેમ જેમ વિવિધ પ્રકારના બંધનના હેતુઓ (વિષયો)નો ત્યાગ થતો જાય છે તેમ તેમ ચિત્ત પરમ આનંદને પામતું જાય છે.[9] હવે હું શાંત થયો છું, સુખી થયો છું, મેં અજ્ઞાનને જીતી લીધું છે, બધાં બંધનનો નાશ કરી દીધો છે અને સર્વનો ત્યાગ કર્યો છે.[10] હું દિશાઓરૂપી વસ્ત્રને ધારણ કરનારો (વસ્ત્ર વગરનો) દિશાઓનેજ આશ્રમ તરીકે ગણનારો (આશ્રમ વગરનો) અને દિશાઓના જેવો અસંગ થઇ રહ્યો છું. હે મહારાજ! હવે મહાત્યાગથી (સર્વત્યાગથી) શું બાકી રહ્યું છે?[11]

કુંભમુનિ કહે છેઃ—હે શિખિધ્વજ રાજા! તમે હજી સર્વત્યાગ કર્યો નથી છતાં તમે સર્વત્યાગથી થતા પરમ આનંદનો ખોટો ડોળ કરો નહિ.[12] હજી તમે ત્યાગ નહિ કરેલો સર્વનાથી મુખ્ય એક ભાગ શેષ રહી ગયો છે કે જેનો નિઃશેષ ત્યાગ કરવાથી તમને પરમ આનંદ પ્રાપ્ત થશે.[13]

શ્રીવસિષ્ઠઋષિ કહે છેઃ—કમળ જેવા સુંદર નેત્રવાળા હે મહાબાહુ રામચંદ્રજી! શિખિધ્વજ રાજાએ ઉપર પ્રમાણે કુંભમુનિનાં વચન સાંભળી કાંઇક વિચાર કરી નીચે પ્રમાણે કહ્યું.[14]

શિખિધ્વજ રાજા કહે છેઃ—હે દેવપુત્ર! મેં સર્વનો ત્યાગ કર્યો છે. બાકી હવે તો ઇંદ્રિયરૂપી સર્પ સમૂહે આશ્રય કરેલ અને રુધિરમાંસ આદિવડે આકારવાળો આ મારો દેહ અવશેષ રહ્યો છે.[15] તો હવે હું અહીંથી ઉઠી કોઇ જાતની અડચણ ન નડે તેમ *ભૃગુપાત કરી આ દેહનો વિનાશ કરી સર્વત્યાગી થઉં છું.[16]

શ્રીવસિષ્ઠઋષિ કહે છેઃ—તે રાજા એમ કહી પોતાની નજીક રહેલા એ ભૃગુપાત કરવાના સ્થાનમાં પોતાના દેહનો ત્યાગ કરવામાટે (જવાસારૂ) વેગથી જ્યાં ઉઠવા જાય છે ત્યાં કુંભમુનિએ પણ તેને નીચે પ્રમાણે કહ્યું.[17]

કુંભમુનિ કહે છેઃ—હે રાજા! જેમ કોપેલો સાંઢ પોતાના નિરપરાધી વાછરડાનેજ પ્રહાર કરે તેમ તમે અજ્ઞાનથી આ નિરપરાધી દેહને શા માટે ભૃગપાત કરાવવાને તૈયાર થયા છો?[18] એ તુચ્છ દેહ તો જડ અને ક્રિયા વગરનો છે અને તમને તપ કરવામાં મહાસાધનરૂપ થયેલ છે. એણે કોઇ જાતનો તમારો અપરાધ કર્યો નથી, માટે તે શરીરનો વૃથા ત્યાગ કરો નહિ.[19] એ દેહ તો ધ્યાનવાનની પેઠે એક ફક્ત પોતાને વિષેજ જડ થઇ રહ્યો છે અને જેમ જડ કાષ્ઠને તરંગ હલાવે તેમ એ જડ દેહને કોઇ બીજોજ પ્રવૃત્તિ કરાવે છે.[20] જેમ એકાંતમાં રહેલા કોઈ

* પર્વતના કોઇ ઉંચા શિખરપરથી પડીને મરવું તે ભૃગુપાત કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તપસ્વી પુરૂષને મદોન્મત કોઈ ચોર ચલાયમાન કરી હેરાન કરે તેમ એ દેહને પણ કોઇ બીજોજ ચલાયમાન કરી હેરાન કરે છે, માટે વારંવાર બળાત્કારથી એજ દંડ દેવા યોગ્ય છે.[૨૧] જેમ કોઇ ફુલવાળું ઝાડ વાયુના ઝપાટાથી પોતાનું કાંઇ ફળ આદિ ખરી પડે તો ઈશ્વરના ઘરથી અપરાધી ગણી શકાતું નથી તેમ આ જડ શરીરમાં સુખ-દુઃખાદિ ઉત્પન્ન થાય છે તોપણ (પોતાના જડપણાને લીધે તે પરકૃત હોવાથી) એ શરીર અપરાધી ઠરતું નથી.[૨૨] જેમ વૃક્ષના ઉપરનાં પલ્લવો ફળો અને પુષ્પોને પવન હલાવી પાડી નાખે તો શું સુંદર વૃક્ષે અપરાધ કર્યો ઠરે? નજ ઠરે. તેમ દેહને કોઇ બીજોજ પ્રેરી સુખ-દુઃખાદિક ઉત્પન્ન કરે તેમાં એ દેહે શું તમારા સુજ્ઞ આત્માનો અપરાધ કર્યો ઠરે? નજ ઠરે.[૨૩] હે કમલ જેવાં સુંદર નેત્રવાળા રાજા! શરીરનો ત્યાગ કર્યાથી પણ તમારો સર્વત્યાગ સિદ્ધ થશે નહિ કેમકે તે મહાકઠિન છે.[૨૪] તમે આ નિરપરાધી (બિચારા) શરીરનો વૃથા નાશ કરો છો, કારણકે દેહનો તમારો સર્વત્યાગ સિદ્ધ થતો નથી.[૨૫] માટે જેમ કોઈ મદોન્મત્ત હાથી વૃક્ષને પકડી થોભી રાખે તેમ આ દેહને જે (ચિત્ત) ટકાવી રાખે છે તે મહાપાપી (ચિત્ત)નો જો તમે ત્યાગ કરો તો તમારો સર્વત્યાગ સિદ્ધ થાય.[૨૬] હે રાજા! તે (ચિત્ત)નો ત્યાગ કર્યાથી સર્વ દેહાદિકનો ત્યાગ થઈ જાય છે અને જો એ (ચિત્ત) નો ત્યાગ ન થયો હોય તો જન્મમરણાદિકવડે દેહનો નાશ કર્યાથી પણ (પુનર્જન્માદિકના બીજરૂપ ચિત્ત કાયમ હોવાનેલીધે) ફરી બીજો દેહ પ્રાપ્ત થાય છે.[૨૭]

શિખિધ્વજ રાજા કહે છેઃ—હે સુંદર દેવપુત્ર! આ દેહને કોણ ચલાવે છે? પુનર્જન્મનું અને કર્મોનું શું બીજ છે? અને કોનો ત્યાગ કર્યાથી સર્વનો ત્યાગ સિદ્ધ થયો ગણાય? (તે આપ કહો.)[૨૮]

કુંભમુનિ કહે છેઃ—હે સુશીલ રાજા! દેહત્યાગ કર્યાથી કે રાજ્ય ત્યાગ કર્યાથી કિંવા ઝુંપડી આદિ બાળી નાખવાથી સર્વત્યાગ સિદ્ધ થતો નથી;[૨૯] પરંતુ જે (વાસનાઓનું સ્થાન હોવાથી) સર્વરૂપે દેખાય છે, જે બધા વિષયોમાં ફેલાયેલું હોવાથી સર્વત્ર રહ્યું છે અને જે (સંકલ્પવડે સર્વને ઉત્પન્ન કરવાથી) સર્વના એક કારણરૂપ છે તે સર્વનો (ચિત્તનો) ત્યાગ કરવાથી સર્વત્યાગ સિદ્ધ થયેલો ગણાય.[૩૦]

શિખિધ્વજ કહે છેઃ—હે સર્વ બ્રહ્મવેત્તાઓમાં ઉત્તમ દેવપુત્ર! સર્વરૂપે રહેલું, સર્વમાં વ્યાપ્ત, સર્વ ઠેકાણે અને સર્વ કાળમાં ત્યાગ કરવા લાયક એવું જે સર્વ તમે કહ્યું તે શું છે? એ મને કહો.[૩૧]

કુંભમુનિ કહે છેઃ—હે સુશીલ રાજા! સર્વમાં રહી યથેષ્ટ ચેષ્ટા કરનાર, ભ્રાંતિવાળું, શુદ્ધ ચૈતન્યસત્તાથી જૂદું અને જડ શરીરાદિકથી પણ જૂદું જીવ-પ્રાણ આદિ નામને ધારણ કરનારૂં ચિત્તજ (સર્વરૂપ હોવાથી) સર્વ પદથી કહેવામાં આવ્યું છે.[૩૨] હે રાજા! સઘળી ભ્રાંતિઓનું મૂળ ચિત્તજ સમજવાનું છે, પુરુષરૂપે વ્યવહાર કરનાર પણ ચિત્તજ છે અને આ જગતના સમૂહરૂપે પણ ચિત્તજ રહ્યું છે એમ સમજો; અને તેનેલીધે એ ચિત્તજ સર્વ પદથી કહેલ છે.[૩૩] હે રાજા શિખિધ્વજ! જેમ વૃક્ષનું મૂળ કારણ વૃક્ષબીજજ હોય છે તેમ રાજ્યાદિક અને દેહાદિક, તથા આશ્રમાદિ સર્વનું બીજ ચિત્ત છે.[૩૪] એ સર્વનાં બીજનો (ચિત્તનો) ત્યાગ કર્યાથી સંપૂર્ણ રીતે સર્વત્યાગ સિદ્ધ થાય છે. હે રાજા! ચિત્તનો ત્યાગ કર્યાથી સર્વ ત્યાગનો સંભવ હોવાનેલીધે, અને ચિત્તનો ત્યાગ નહિ કર્યાથી બીજાં બધાંનો ત્યાગ કરતાં પણ ચિત્તરૂપ બીજવડે તે જન્માંતરમાં પુનઃ પ્રાપ્ત થવાથી સર્વત્યાગ સિદ્ધ ન હોવાનેલીધે, ચિત્ત ત્યાગથી જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વત્યાગ થાય એ વાત સિદ્ધ છે.[૩૫] સર્વ ધર્માદિક કે અધર્મ, રાજ્યાદિ કે વનાદિ, એ બધું ચિત્તવાળાને પરમદુઃખ આપનાર અને ચિત્તવગરનાને પરમસુખ આપનાર છે.[૩૬] જેમ બીજ વૃક્ષરૂપે પરિણામ પામે તેમ ચિત્તજ સર્વ જગતરૂપે દેહાદિ અનેક આકારોવડે પરિણામ પામેલ છે.[૩૭] વૃક્ષને જેમ પવન ચલાવે (કંપાવે) પર્વતને જેમ ધરતીકંપ ચલાયમાન કરે અને ધમણને જેમ લુહાર ચલાવે (ધમે) તેમ દેહને ચિત્તજ ચલાવે છે (પ્રવૃત્તિ કરાવે છે).[૩૮] સર્વ પ્રાણીઓમાં પ્રસિદ્ધ ઉપભોગોનો જરા-મરણ-જન્મ આદિ દેહધર્મોનો, તથા મહાત્માઓમાં રહેનાર શમદમાદિક શુભગુણોનો (તેવી તેવી ધાટી વાસનાવાળું) ચિત્તજ અતિ દૃઢ આશ્રય છે.[૩૯] શાંતિને નહિ પામેલું એ ચિત્તજ (અંદર) મનન કરવાથી મનરૂપે અને પ્રાણોને ચલાવવાની ચેષ્ટાથી જીવરૂપે થઇ જઇ (બહાર) અનેક દેહાદિક આકારોવડે જગતરૂપે સ્ફુરે છે.[૪૦] હે મહાત્મા શિખિધ્વજ ! એ ચિત્તજ પોતાના સંકલ્પ-વિકલ્પ આદિ વ્યાપારમાંથી વિરામ પામવાનેલીધે બુદ્ધિ, મહત્તત્ત્વ, અહંકાર, પ્રાણ, અને જીવ ઇત્યાદિ તેવાં તેવાં ક્રિયાને અનુકૂળ પડતાં નામોવડે કહેવામાં આવે છે.[૪૧] એ રીતે ચિત્તજ સર્વરૂપ હોવાથી સર્વશબ્દથી કહેવામાં આવ્યું છે અને તેનો ત્યાગ કર્યાથી સર્વ આધિઓ તથા વ્યાધિઓના સીમાડારૂપ સર્વ ત્યાગ સિદ્ધ થાય છે.[૪૨] હે ત્યાગને જાણનારાઓમાં શ્રેષ્ઠ મહાબાહુ શિખિધ્વજ ! ચિત્તત્યાગ એજ સર્વ ત્યાગ છે એમ તત્ત્વવેત્તાઓનું સમજવું છે અને તે સિદ્ધ થવાથી શું સત્ય આત્માનંદનો અનુભવ નથી થતો ? થાય છે જ.[૪૩] ચિત્તનો ત્યાગ કર્યાથી દ્વૈતબુદ્ધિ* અને ઐક્યબુદ્ધિ× એ બધું (મનોમય હોવાથી) સર્વ પ્રકારે બાધિત થઇ જાય છે, અને પરમશાંત સ્વચ્છ નિર્વિકાર એક બ્રહ્મતત્ત્વજ અવશેષ રહે છે.[૪૪] આ સંસારરૂપી ધાન્ય ઉગવાનું ચિત્ત એજ ક્ષેત્ર છે તો ક્ષેત્રજ જો ધાન્ય ઉગે નહિ તેવું થઇ ગયું હોય તો પછી શાળ વગેરે ધાન્યનો ક્યાંથી સંભવ હોય? નજ હોય.[૪૫] જેમ જળ તરંગરૂપે પરિણામ પામે છે તેમ વિચિત્ર વાસનાવાળું ચિત્તજ ભાવ અને અભાવવાળા પદાર્થોના આકારરૂપે પરિણામ પામે છે.[૪૬] હે રાજા ! જેમ સામ્રાજ્યથી સર્વ અર્થ સારી રીતે સિદ્ધ થાય તેમ ચિત્તને ઉખેડી નાખવારૂપી સર્વત્યાગથી સદાકાળ બધું સારી રીતે પ્રાપ્ત કરી શકાય છે.[૪૭] હે ત્યાગી રાજા શિખિધ્વજ ! જેમ તમને બીજો પદાર્થ (રાજ્યાદિક) સર્વત્યાગના વિષયરૂપ છે (કે જેનો તમે ત્યાગ કર્યો)તેમ (અહંકારરૂપે કિંવા ચિત્તરૂપે અવશેષ રહેલા) તમે પોતે પણ બીજા કોઇને (શુદ્ધ આત્માને) ત્યાગ કરવા લાયક છો અને તે ત્યાગ કરવા યોગ્ય અહંકારને કિંવા ચિત્તને તમે ગ્રહણ કરી રાખેલ છે તેથી તમારો સર્વત્યાગ સિદ્ધ થતો નથી.[૪૮] જેણે (પરિચ્છિન્નરૂપે રહેલ મનોમય) સર્વ વિશ્વસમુદાયનો ત્રણેય કાલમાં ત્યાગ કર્યો છે અર્થાત્ સર્વ આત્મરૂપજ જાણ્યું છે તેને સૂતરનો તાંતણો જેમ મોતીની અંદર પરોવાઈ રહ્યો હોય તેમ આ સર્વ પરમાત્મામાંજ પરોવાયેલું દેખાય છે.[૪૯] જેણે સર્વનો ત્યાગ કર્યો તેના (આકાશના જેવા) શૂન્યસ્વરૂપમાં પણ આ સર્વ જગત જેમ તાંતણામાં મોતીઓની પંક્તિ પરોવાઇ રહે તેમ ત્રણેય કાલમાં પરોવાઈ રહ્યું છે.[૫૦] જેણે (તત્ત્વદૃષ્ટિથી) તૈલ વગરના દીપકની પેઠે (નિર્વાણ પામી જઇ) સર્વનો ત્યાગ કર્યો તેણે (વ્યવહારદૃષ્ટિથી બધું આત્મરૂપ સમજી) તૈલવાળા દીપકની પેઠે સર્વનો પ્રકાશ કર્યો.[૫૧] જે પુરુષ આ દેખાતાં સર્વ જગતનો (મિથ્યાત્વબુદ્ધિથી)

* કાર્યનો કારણમાંથી આવિર્ભાવ માની એ પણાની બુદ્ધિ. × ક્રમથી કાર્યનો કારણમાં લય માની એકપણાની બુદ્ધિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાગ કરી તૈલ વગરના દીવાની પેઠે શાંત થઇ રહે તે પુરુષ સર્વત્ર સમાનપણે વર્તી તેલવાળા દીવાની પેઠે પ્રકાશરૂપે શોભી નીકળે છે.[૫૨] જેમ રાજ્ય, વન, મૃગચર્મ, કમંડલુ, માળા, ઝુંપડી એ આદિ સર્વ સામાનનો ત્યાગ કર્યાથી કેવળ તમે પોતે એકજ માત્ર અવશેષ રહો છો તેમ આ સર્વ (અંદરના અને બહારના) પદાર્થોનો ત્યાગ કર્યાથી એક માત્ર જ્ઞાનરૂપ શુદ્ધ પરમાત્માજ શેષ રહે છે.[૫૩] હે પ્રિય રાજા!જેમ સર્વ વસ્તુઓનો દાહ કર્યાથી અવશેષ રહેલા તમે તમારા પોતાના સ્વરૂપથી જુદા નથી તેમ સર્વનો ત્યાગ કરતાં અવશેષ રહેલ પરમાત્મા પોતે કાંઇ મોક્ષથી જુદા કહી શકાતા નથી. (પણ તે રૂપજ છે.)[૫૪] જેમ આકાશ પોતે શૂન્ય છતાં અનેક મ્હોટા સૂર્ય ચંદ્ર નક્ષત્ર આદિનો આશ્રય છે તેમ સર્વત્યાગ (સર્વનો અભાવ હોવાનેલીધે) શૂન્ય જેવો છે છતાં પણ તે સર્વ સત્તાઓના આશ્રયરૂપ છે.[૫૫] જેમ (અસંગ) આકાશમાં ધંટી ટાંકવાની ટાંકણી કાંઇ બાધ કરી શકતી નથી તેમ સર્વત્યાગરૂપી રસનું કાંઇક પણ પાન કર્યાથી (અસંગ થઈ ગયેલ પુરુષને) જરા-મરણ આદિ ભય કાંઈ પણ બાધ કરી શકતાં નથી.[૫૬] નિર્મલ સ્વસ્વરૂપનો બોધ કરનારી મ્હોટાઇનું કારણ સર્વત્યાગજ છે; કેમકે સર્વત્યાગ કર્યાથી બુદ્ધિની ધણીજ દૃઢ સ્થિરતા થઈ જાય છે.[૫૭] સર્વત્યાગ એજ પરમ આનંદરૂપ છે; તે સિવાય બધું મહાદારુણ દુઃખ આપનાર છે, એ વાત હૃદયમાં રાખી પછી તમને જે ઈચ્છા થતી હોય તે કરો.[૫૮] જેમ સમુદ્રનું જલ વડવાગ્નિમાં જાય છે તેમ પાછું બીજું જલ નદીદ્વારા આવે છે, તેજ પ્રમાણે જે પુરુષ સર્વનો ત્યાગ કરે તેને પાછું તે બધું (પ્રારબ્ધયોગથી) આવી મળે છે.[૫૯] જેમ પાત્રનો જે પોલાણનો ભાગ હોય તેમાંજ રત્ન આદિ રહી શકે છે તેમ એ સર્વત્યાગની અંદરજ આત્માને પ્રસન્ન કરનારૂં જ્ઞાન રહ્યું છે.[૬૦] મહાપાપી કલિકાલમાં પણ શાક્યમુનિ વેદથી વિમુખ હોવા છતાં સર્વત્યાગનેલીધેજ નિઃશંકપણાથી મેરુની પેઠે સ્થિર રહી શક્યા હતા.[૬૧] હે મહારાજ ! સર્વત્યાગ એ સર્વ સંપત્તિઓનું રહેવાનું સ્થાન છે, કેમકે જે પુરુષ કાંઈ લેતો નથી તેને સર્વ આપી જાય છે. (એવો એક જગતનો નિયમજ છે.)[૬૨] હે રાજા! તમે સર્વનો ત્યાગ કરી આકાશની પેઠે અસંગ, સ્વસ્થ, અને શાંત રહી તમારૂં જે ખરૂં રૂપ છે તે રૂપે (બ્રહ્મરૂપે) થઈ રહો.[૬૩] હે ઉદાર સ્વભાવવાળા રાજા શિખિધ્વજ! પ્રથમ આ સર્વનો ત્યાગ કરી દઈ પછી એ ત્યાગ કરવામાં સાધનરૂપ થયેલા ચિત્તનો પણ ત્યાગ કરી (હું ત્યાગ કરનાર છું એવું) ત્યાગનું અભિમાન કરાવનાર અહંકારરૂપી મેલને પણ મૂકી દઇ જીવન્મુક્ત થાઓ.[૬૪]

सर्वं परित्यज्य महास्वभाव त्यजस्यथो येन च तद्विहाय ॥ त्यागाभिमानं च मलं विमुच्य विमुक्तरूपो भव भूमिपाल ॥ ६४ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'શિખિધ્વજાવબોધન' એ નામનો ત્રાણુમો સર્ગ સંપૂર્ણ. ૯૩

सर्ग ९४ मो.*

ચિદ્રૂપજ અવશેષ રહે એવો બોધ.

॥श्री वासिष्ठ उवाच॥

एवं वदति वै कुंभे चित्तत्यागं मुहुर्मुहुः ॥ अंतर्विचारयन्सौम्यो राजा वचनमब्रवीत्॥१॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—એ પ્રમાણે કુંભ મુનિએ વારંવાર ચિત્તત્યાગમાટે કહ્યાથી પોતાના

* આ ચોરાણુમા સર્ગમાં ચિત્તનો ત્યાગ કરવા માટે તેનું મૂલ શોધતાં દેહ આદિ સર્વ વિષયોનો બાધ થઇ જઇ છેવટ એક ચિદ્રૂપ પરમાત્માજ શેષ રહે છે, આ વાત કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિત્તમાં વિચાર કરતો શાંત રાજા શિખિધ્વજ બોલ્યો.[1]

શિખિધ્વજ રાજા કહે છેઃ–હૃદયરૂપી આકાશમાં પક્ષીની પેઠે રહેલ અને હૃદયરૂપી વૃક્ષમાં વાંદરાની પેઠે રહેનાર એ ચિત્ત (મારૂં નથી એમ) મેં ત્યાગ કર્યા છતાં વારંવાર પાછું આવી ઉભું રહે છે.[2] હે ઉત્તમ દેવપુત્ર ! માછલું જેમ આતુરતાથી જાળમાં ફસી પડી તેનો સ્વીકાર કરી લે તેમ હું એ ચિત્તને મમત્વબુદ્ધિથી સ્વીકાર કરવાનું તો જાણું છું; પરંતુ જેમ દ્રવ્યનો (સાકાર હોવાથી) ત્યાગ કરી શકાય છે તેમ એ ચિત્તનો (નિરાકારપણાનેલીધે) ત્યાગ કરવાનો ઉપાય હું જાણતો નથી.[3] માટે હે સમર્થ મહાઐશ્વર્યવાન્ દેવપુત્ર ! પ્રથમ આપ બરાબર એ ચિત્તનું સ્વરૂપ કહો અને પછી તે ચિત્તના પરિત્યાગનો ઉપાય બરાબર રીતે કહો.[4]

કુંભમુનિ કહે છેઃ–મહારાજ શિખિધ્વજ ! વાસનાજ ચિત્તનું સ્વરૂપ છે એમ તમે સમજો અને જગતમાં પણ ચિત્તશબ્દ વાસના પર્યાયરૂપેજ કહેવામાં આવે છે.[5] તે ચિત્તનો ત્યાગ અતિ સહેલો છે અને નિમેષના* કરતાં પણ તરત સુખે કરી સાધી શકાય તેવો છે, રાજ્યના કરતાં પણ અધિક આનંદ આપનાર છે, અને ફૂલથી પણ વધારે મનોહર છે.[6] જેમ કોઇ પામર પ્રાણીને સામ્રાજ્ય દુઃખવડે સાધી શકાય તેવું મુશ્કેલ લાગે અને જેમ તૃણનું મેરુપણું થવું મહા મુશ્કેલ ભાસે તેમ મનનો ત્યાગ પણ મૂર્ખ માણસને દુઃસાધ્ય એટલે મહા કષ્ટવડે સાધી શકાય તેવો મુશ્કેલ લાગે છે.[7]

શિખિધ્વજ રાજા કહે છેઃ–મેં આતુરતાને લીધે (આપના કહેવા પ્રમાણે) ચિત્તનું વાસનામય સ્વરૂપ તો જાણ્યું, પરંતુ એ ચિત્તનો ત્યાગ વજ્રને ગળી જવાના કરતાં પણ વધારે મુશ્કેલ છે એમ હું માનું છું.[8] જે ચિત્ત આ સંસારરૂપી સુગંધની ઉત્પત્તિને માટે પુષ્પના જેવું છે, જે દુઃખરૂપી બળતરા પેદા કરવામાં અગ્નિતુલ્ય છે, જે જગતરૂપી કમલની સ્થિતિને માટે કમલદંડના જેવું છે, જે મોહરૂપી પવન ઉત્પન્ન કરવામાં આકાશના જેવું છે, જે આ શરીરરૂપી યંત્રને ચલાવનાર છે, તથા હૃદયરૂપી કમલમાં જે ભમરાની પેઠે રહેલ છે તે ચિત્તનો જેમ કરવાથી સહેલી રીતે ત્યાગ થઈ શકે તે આપ કહો.[9,10]

કુંભમુનિ કહે છેઃ–હે સુશીલ રાજા ! મૂલ, અંકુર, શાખા, પલ્લવ વગેરે સહિત સર્વ અંશે ચિત્તનો જે નાશ થવો તેજ આ સંસારનો* નાશ સમજવો અને ચિત્તત્યાગ પણ તેજ છે એમ દીર્ઘદર્શી (આત્મવેત્તા) ઓનું કહેવું છે.[11]

શિખિધ્વજ કહે છેઃ–ચિત્તના ત્યાગ કરતાં તેનો નાશ કરવો એ વધારે સિદ્ધિ આપનાર છે એમ મને લાગે છે, કેમકે કોઇ વ્યાધિનો મમતા મૂકી દેવારૂપી ત્યાગ ભલે સો ફેરે કરાય પરંતુ તેનો નાશ થયા વિના એ વ્યાધિનો અભાવ શું અનુભવમાં આવે કે ? નજ આવે.[12]

કુંભમુનિ કહે છેઃ–અહંકારરૂપી બીજથી ઉત્પન્ન થનારા ચિત્તરૂપી વૃક્ષને શાખા, ફલ અને પલ્લવો સહિત મૂળમાંથી ઉખેડી નાખો અને આકાશની પેઠે આવરણ તથા વિક્ષેપ વગરના અસંગ અને વિશાળ હૃદયવાળા થાઓ.[13]

શિખિધ્વજ રાજા કહે છેઃ–હે દેવપુત્ર ! ચિત્તનું મૂળ શું છે, અંકુર શો છે, તેનું ઉત્પત્તિસ્થાન ક્ષેત્ર કયું છે, કયી શાખાઓ છે, થડ શું છે અને શી રીતે તેને ઉખેડી શકાય છે ?[14]

કુંભમુનિ કહે છેઃ–હે મહાબુદ્ધિમાન શિખિધ્વજ ! અહંભાવને (હુંપણાને) ઉત્પન્ન કરનાર

* આંખ ઉઘાડવી મીંચવી તેમાં વખત લાગે તે.

* જન્મ–મરણાદિકનો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહંકારજ (ચિદાભાસવડે વ્યાપ્ત હોવાથી) ચિત્તનો અભિમાની પ્રસિદ્ધ છે અને એ અહંકારનેજ ચિત્તરૂપી વૃક્ષનું બીજ તમે સમજો.[15] પરમાત્માને પ્રતિબિંબરૂપે આશ્રય આપનારી માયાજ એ ચિત્તરૂપી વૃક્ષનું ક્ષેત્ર છે કે જે માયા આ સઘળા માયામય પ્રપંચનું પણ ક્ષેત્ર છે.[16] એ બીજમાંથી પ્રથમ આવિર્ભાવ પામી ચિદાભાસનેલીધે અનુભવને આકારે સ્ફુરતી અને નિરાકાર છતાં નિશ્ચયાત્મક સ્વરૂપવાળી બુદ્ધિજ એ ચિત્તરૂપી વૃક્ષનો અંકુર કહેલ છે. એ બુદ્ધિરૂપી અંકુરની સ્થૂલતા થતાં સંકલ્પરૂપે જે સ્ફુરણ થવું તેજ ચિત્ત અને (મનન કરવાથી) મન કહેવાય છે. (પરમાર્થદૃષ્ટિથી જોતાં નિર્વિકારપણાનેલીધે) જીવ આકાશના જેવો શૂન્યરૂપ અને અસંગ છે તથા પાષાણની પેઠે અચ્છેદ્ય* અને અદાહ્ય× છે. માત્ર તે સાક્ષીરૂપ હોવાથી જે જે ચિત્તના ધર્મોનો સંબંધ તેમાં દેખાય છે તે (ભ્રાંતિવડે) મિથ્યાજ કલ્પાયેલો છે.[17,18] એ ચિત્તરૂપ વૃક્ષનું થડ તો, સ્નાયુ, અસ્થિ અને રસ આદિ ધાતુ, એથી ભરેલો આ દેહજ છે. વસંતઋતુની પેઠે પોતપોતાના યોગ્યકાલમાં, શાખા આદિ બીજા પ્રદેશમાં અંકુર ફુટવાસારૂ, અનેકરૂપે ઉદય પામતી વાસનાજ એ ચિત્તરૂપી વૃક્ષનો રસ છે.[19] એ ચિત્તરૂપી વૃક્ષની ઘણી લાંબી, બહુ દૂર ફેલાયેલી અને અતિ વિસ્તારવાળી શાખાઓ તે ઈંદ્રિયોજ છે. જન્મ-મરણ આદિ અનેક અનર્થો ઉત્પન્ન કરનારા અને શુભાશુભ પુણ્ય—પાપરૂપ ફળથી ખીચોખીચ ભરેલા અલ્પભોગોજ એ ચિત્તરૂપ વૃક્ષની નાની નાની શાખાઓના જબરા સમૂહરૂપ છે. એવા આ ચિત્તરૂપી નઠારા વૃક્ષની શાખાઓને છેદી નાખતાં નાખતાં તમે તેના મૂલને પણ ઉખેડી નાખવામાં અત્યંત યત્ન કરો.

શિખિધ્વજ રાજા પૂછે છેઃ—હે દેવપુત્ર! એ ચિત્તરૂપી વૃક્ષના શાખા આદિ ભાગને છેદી નાખતાં નાખતાં હું શી રીતે મૂલનો પણ નિઃશેષ નાશ કરી શકું તે કહો.

કુંભમુનિ કહે છેઃ—આ ચિત્તરૂપી વૃક્ષની પુણ્ય—પાપરૂપી ફલોના ચલનવલનઆદિવાળી શાખાઓ તો વાસનાઓજ છે.[20-23] તે વાસનાઓને (વિષયોમાંથી આસક્તિનો ત્યાગ કરી) ઉત્પન્નજ ન થવા દેવામાં આવે તો અંદરજ તેઓ જ્ઞાનના બલથી છેદાઈ જાય છે. જે પુરુષ પોતાના મનને સર્વત્ર આસક્તિવગરનું કરી વાદ અને વિચારોને પણ શમાવી દઇ મૌનધારણ કરી પ્રાપ્ત થયેલું કાર્ય કર્યે જાય તે પુરુષની અંદરની ચિત્તરૂપી લતા છેદાઇ ગયેલીજ હોય છે. જે પુરુષ પ્રથમ ચિત્તરૂપી વૃક્ષની લતાઓના સમૂહને પોતાના પુરુષપ્રયત્નથી છેદી નાખી (છેદવાના કામમાં) દૃઢ થઇ ગયો હોય તેજ મૂલને છેદી નાખવાને યોગ્ય થાય છે. શાખાઓને છેદી નાખવી એ ગૌણકાર્ય છે અને મૂલને છેદી નાખવું એ મુખ્ય કાર્ય છે.[24-26] માટે તમે એ ચિત્તરૂપી વૃક્ષના મૂલનેજ ઉખેડી નાખવામાં તત્પર થાઓ. હે મહા બુદ્ધિમાન રાજા! મૂલને ઉખેડી નાખવું એજ વાત મુખ્ય છે, માટે તમારે એ ચિત્તરૂપી બાવળને સારી રીતે મૂલમાંથીજ બાળી નાખવો અને તેમ કરવાથી તમારો ચિત્તનાશ પણ સિદ્ધ થઇ જશે.

શિખિધ્વજ રાજા કહે છેઃ—હે ઋષિ મહારાજ! એ ચિત્તવૃક્ષના અહંકારરૂપી બીજને બાળી નાખવામાં કયો અગ્નિ કાર્યસાધક થશે?[27,28]

કુંભમુનિ કહે છેઃ—હે રાજા! હું કોણ છું એવી તરેહથી પોતાના આત્માનો વિચાર કરવો એજ આ ચિત્તરૂપી વૃક્ષના અહંકારરૂપી બીજને બાળી નાખવામાં અગ્નિરૂપ છે.[29]

* ન કપાય એવો. × ન બળે એવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિખિધ્વજ રાજા કહે છેઃ–હે મહારાજ ! દેવપુત્ર ! મેં મારી બુદ્ધિવડે એ સંબંધમાં સંપૂર્ણ રીતે ઘણીવાર વિચાર કર્યો છે કે પૃથ્વી અને વનસમૂહથી સુશોભિત આ જગત (જડ હોવાથી) હું નથી, તેમ પર્વતની તળેટી જંગલ કે પાંદડાંઓનું ચલનવલન આદિ પણ હું નથી. દેહાદિક કે રુધિર માંસ અસ્થિ આદિક પણ જડ હોવાનેલીધે હું નથી.[30-31] તેમ જ્ઞાનેંદ્રિય, કર્મેંદ્રિય, મન, બુદ્ધિ, અને અહંકાર એ સર્વ પણ જડ હોવાથીહું તેમાંનું કશુંએ નથી.[32] હે મહારાજ ! જેમ સુવર્ણમાં કડાંપણું કલ્પી લેવામાં આવે છે તેમ આ અનંત ચિદ્રૂપ આત્મામાં "હું, તમે" ઇત્યાદિક અનેક વિકલ્પો કલ્પાયેલા છે. સર્વ જડ પદાર્થોનું રૂપ તપાસવા જતાં સાવ મિથ્યા હોવાથી તે વાસ્તવ છેજ નહિ.[33] જેમ કોઇ મ્હોટું વૃક્ષ (સર્વનું આકાશ અધિષ્ઠાન હોવાથી) આકાશમાં રહ્યું હોય તેમ આ ચૌદ લોક આદિની સ્થિતિના આધારરૂપ અને સર્વ શબ્દ આદિ વિષયોના કારણરૂપ બ્રહ્માંડ આદિ જડવર્ગ પણ એ પરમાત્મામાંજ (આરોપિત દૃષ્ટિથી) રહેલ છે, પરંતુ તે સર્વની સત્તા કાંઇ પણ પરમાત્મામાંથી જુદી પડી શકતી નથી.[34] આ પ્રમાણે હું અહંકારરૂપી મેલની શુદ્ધિનો ઉપાય જાણું છું છતાં હે દેવપુત્ર ! અંદર જે સાક્ષી ચૈતન્ય છે તેને હું ઓળખી શકતો નથી તેથી મારા મનને બહુજ પરિતાપ થાય છે.[35]

કુંભમુનિ કહે છેઃ–હે મહા બુદ્ધિમાન નિષ્પાપ રાજા ! જ્યારે ઉપર જણાવી ગયેલ અહંકાર પર્યંત સર્વ દૃશ્યસમૂહ તમે નથી તો પછી તમે જે હો તે મને કહો.[36]

શિખિધ્વજ રાજા કહે છેઃ–હે વિદ્વાનોમાં ઉત્તમ દેવપુત્ર ! જેનેવિષે આ સર્વ (શબ્દાદિક વિષયો) અનુભવાય છે અને જેવડે (બુદ્ધિદ્વારા) શુભ-અશુભ તથા ઇષ્ટ-અનિષ્ટનો નિર્ણય કરાય છે તે નિર્મલ ચિન્માત્ર જ્ઞાનસ્વરૂપ હું છું.[37] એવા મારા શુદ્ધ જ્ઞાનસ્વરૂપમાં જે મેલ લાગેલો તે કાંઇ કારણપૂર્વક છે કે વગર કારણે વળગેલ છે તે હું જાણતો નથી, અને હજી ખરૂં પરમપદ સમજ્યો નથી.[38] વળી હે મહારાજ ! પોતાના સ્વસ્વરૂપમાં જણાતો એ મેલ મિથ્યા છે તોપણ હું તેનો ત્યાગ કરવાને સમર્થ થતો નથી તેથી મને મહાદારુણ સંતાપ થાય છે.[39]

કુંભમુનિ કહે છેઃ–હે મહાપરાક્રમી રાજા શિખિધ્વજ ! તમને એવો મોટો કયો મેલ વળગ્યો છે કે જેથી તે ભલે સત્ય હોય કિંવા મિથ્યા હોય પરંતુ તમે અજ્ઞાની થઇ રહ્યાછો ?[40]

શિખિધ્વજ રાજા કહે છેઃ–ચિત્તરૂપી વૃક્ષના બીજરૂપ અહંકારજ મને મેલરૂપે વળગ્યો છે. તેનો ત્યાગ કરવાનું (બરાબર) હું જાણતો નથી; કેમકે વારંવાર ત્યાગ કર્યાં છતાં તે પાછો સ્ફુરી આવે છે.[41]

કુંભમુનિ કહે છેઃ–કાર્યમાત્ર કારણમાંથીજ ઉત્પન્ન થાય છે એ વાત સર્વત્ર સંભવિત છે, તે સિવાય કારણવિનાનું જો કાંઇ કાર્ય જોવામાં આવે તો તે બે ચંદ્રમાની પ્રતીતિની પેઠે ભ્રાંતિમાત્રજ છે. વાસ્તવિક રીતે તે છેજ નહિ.[42] કારણથી કાર્ય ઉત્પન્ન થાય છે. જેમકે અહંકારથી આ સંસારરૂપી અંકુર ઉત્પન્ન થાય છે. આ નિયમ પ્રમાણે તમે હમણાં એ અહંકારનું કારણ શોધી કહાડી મને કહો.[43]

શિખિધ્વજ રાજા કહે છેઃ–હે તત્ત્વવેત્તાઓમાં શ્રેષ્ઠ દેવપુત્ર ! દેહાદિક પદાર્થોનું જે જાણવું છે તેજ "આ હું છું" એવા અહંકારરૂપી દોષનું કારણ છે માટે જે રીતે એ શાંત થાય તે આપ કહો.[44] ચેતનસ્વરૂપ દૃષ્ટાનું દેહાદિક દૃશ્યવર્ગમાં (આભાસરૂપે) સન્મુખપણું થવાથી તે દૃશ્ય દેહાદિક હું છું એવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહંકાર સ્થિર થઇ રહ્યો છે માટે હે મહારાજ ! એ અહંકારની શાંતિને માટે દૃશ્યની શાંતિનો ઉપાય પણ આપ કહો.[૪૫]

કુંભમુનિ કહે છેઃ—દેહાદિક પદાર્થોનું (તે-ઓ છે એમ) જે જાણવું તેનું પણ શું કારણ છે તે એક વખત તમે મને કહો. એ કારણ તમારા જાણવામાં છે તે વિષે તમે કહ્યા પછી તમારૂં બતાવેલું એ કારણ જે ક્રમથી અકારણજ બની જાય તે ક્રમમાં હું તમને બોધ કરીશ.[૪૬] દૃશ્ય-દર્શનરૂપે રહેલ જ્ઞેય–જ્ઞાનનું* મિથ્યાપણું હોવાથી વાસ્તવ તેનું કાંઇ પણ કારણ નથી છતાં તમારી નજરમાં જે કારણરૂપે આવ્યું હોય તે તમે કહો.[૪૭]

શિખિધ્વજ રાજા કહે છેઃ—હે દેવપુત્ર ! જ્ઞેય-જ્ઞાનને આકારે સ્ફુરેલાં એ દૃશ્ય-દર્શનનું કારણ શોધવા જતાં દેહાદિક સર્વ પદાર્થોની સત્તાજ તેના કારણરૂપ જણાય છે. (કેમકે જો એ દેહાદિક પદાર્થો હોય તોજ તેનું જાણવું બની શકે અને જ્ઞેય જ્ઞાન કે દૃશ્ય-દર્શનઆદિ વિભાગ પડી શકે) જેમ પવનનું સ્ફુરવુંજ પવનના સમૂહરૂપે દેખાય છે તેમ જ્ઞાનજ† પદાર્થોની સત્તાનેલીધે (તદ્રૂપ બની જઇ) અસત્યના જેવા દેહાદિક આકારોને રૂપે ભાસે છે.[૪૮] એ સર્વ દેહાદિક પદાર્થોની સત્તાનો અભાવ× મારા અનુભવમાં ઉતરતો નથી; કે જેવડે ચિત્તના બીજરૂપ અહંકારનું જ્ઞાન§ નિવૃત્ત થઇ જાય (માટે એ પદાર્થ સત્તાનો અભાવ આપ મને સમજાવો.)[૫૦]

કુંભમુનિ કહે છેઃ—જો કદાચિત દેહાદિક પદાર્થોની સત્તા (વિદ્યમાનપણું) હોય તો (તે જાણવાનો વિષય હોવાથી) હજી તમારૂં જાણવું પણ ઘટી શકે, પરંતુ દેહ આદિ પદાર્થોની સત્તા વગરનોજ અભાવ હોવાથી (વસ્તુતઃ એ કશું પણ ન હોવાનેલીધે) તમારૂં એ જાણવું વિષયરૂપે કોને ગ્રહણ કરે?[૫૧]

શિખિધ્વજ રાજા કહે છેઃ—જેમ પ્રકાશ અંધારારૂપ ન કહી શકાય. તેમ જે પદાર્થનું સ્વરૂપ પ્રત્યક્ષ આદિ પ્રમાણથી અનુભવમાં આવતું હોય તેને મિથ્યા કેમ કહી શકાય?[૫૨] હે દેવપુત્ર ! હાથ-પગ આદિ અવયવોવાળો કર્મોનો કરનાર અને તેનાં સુખ-દુઃખઆદિ ફલોમાં (ભોક્તારૂપે) વિલાસ કરનાર સદાકાલ અનુભવમાં આવતો આ દેહ (પ્રત્યક્ષજ હોવાથી) કેમ નથી?[૫૩]

કુંભમુનિ કહે છેઃ—હે રાજા ! જે કાર્યનું કાંઇ પણ કારણજ ન હોય તે કાર્ય (દેખાતું હોય તોપણ) વાસ્તવ રીતે છેજ નહિ અને તેની જે પ્રતીતિ થાય છે તે ભ્રાંતિમાત્રજ છે.[૫૪] જેમ કાંઇ વૃક્ષ આદિ પદાર્થ, બીજ વિના ઉત્પન્ન ન થાય, તેમ કારણવિના (સ્વપ્નદેહની પેઠે) કાર્યરૂપે જણાતું આ શરીર પણ (વસ્તુતઃ) કોઇ દિવસ છેજ નહિ.[૫૫] જે કાર્યકારણવિના પોતાની દૃષ્ટિ આગળ સત્યની પેઠે અનુભવમાં આવતું હોય તે ઝાંઝવાના જલની પેઠે માત્ર દૃષ્ટાની (જોનારની) ભ્રાંતિથીજ દેખાય છે એમ તમે સમજો.[૫૬] આ દેહ આદિ અવિદ્યમાન છતાં મિથ્યા ભ્રાંતિથીજ (ઝાંઝવાના જલની પેઠે) દેખાય છે. જેમ અતિ પ્રયત્નવાળો મનુષ્ય હોય તોપણ તેને ઝાંઝવાનું જલ મળતું નથી કેમકે તે મિથ્યા છે તેમ દેહાદિકનું પણ મિથ્યાપણું જ તમારે સમજવું.[૫૭]

શિખિધ્વજ રાજા કહે છેઃ—વાંઝણી સ્ત્રીના પુત્રના સર્વ અંગનાં આભૂષણો કોને શોભા આપે? (કોઇને નઆપે.) આ વાત જેમ અસંભવિત છે તેમ દ્વિચંદ્ર (બે ચંદ્રમાની ભ્રાંતિ

*જાણવા યોગ્ય દેહાદિક પદાર્થોનું અને જાણવાનું. † જાણવુંજ × દેહાદિક પદાર્થો છેજ નહિ એવું ભાન થવું તે. § હું દેહાદિક પદાર્થરૂપ છું એવી સમજણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થવી) એ આદિ અસત્ય પદાર્થોનું કારણ શોધવું એ વાત પણ ઘટતી નથી. (મતલબ કે દેહ આદિ પદાર્થો પણ વંધ્યાપુત્રમાં દ્વિચંદ્ર આદિની પેઠે અત્યંત મિથ્યા હોય તો તેનું કારણ શોધવું પણ અઘટિત છે.)[૫૮]

કુંભમુનિ કહે છેઃ–હે રાજા ! કારણવિના (સ્વપ્નદેહની પેઠે) કાર્યરૂપે દેખાતું આ દેહાદિ અસ્થિપિંજર (હાડકાંઓનું પાંજરૂં) ઉત્પન્ન જ નહિ થયેલું હોવાથી વસ્તુતઃ છેજ નહિ એમ તમે જાણો.[૫૯]

શિખિધ્વજ રાજા કહે છેઃ–હે મહામુનિ દેવપુત્ર ! હાથ પગ આદિ અવયવોવાળા અને નિત્ય અનુભવમાં આવતા આ શરીરનું કારણ પિતા શા માટે નથી ?[૬૦]

કુંભમુનિ કહે છેઃ–હે રાજા ! સર્વ (પદાર્થમાત્રની સત્તાનો અભાવ હોવાનેલીધે) કોઇ પણ જાતનું કાંઈ કારણ પણ નજ હોવાથી પિતા પણ તત્વદૃષ્ટિથી જોતાં છેજ નહિ. (માત્ર સ્વપ્નપિતાની પેઠે ભ્રાંતિથીજ દેખાય છે) વળી જે મૃષા પદાર્થથી ઉત્પન્ન થાય તે મૃષાજ કહેવાય છે, (તો પિતા મૃષા હોવાથી તેથી થયેલો આ દેહ પણ મિથ્યાજ છે)[૬૧] સર્વ પદાર્થોનું અને કાર્યોનું જે કારણ છે તે બીજ કહેવાય છે. હે પ્રિય રાજા! એ બીજ વિના જગતમાં અંકુરજ ઉત્પન્ન થતો નથી.[૬૨] માટે જે કાર્યનું અહીં કાંઇ પણ કારણ ન દેખાતું હોય તે પદાર્થ બીજ નહોવાનેલીધે પોતે છેજ નહિ. તેની પ્રતીતિ થવી એ ભ્રાંતિમાત્રજ છે.[૬૩] જે પદાર્થ પોતાનું બીજજ ન હોવાનેલીધે અવશ્ય છેજ નહિ તેનું ભાન થવું એ વાત તો બે ચંદ્રમાની પ્રતીતિ થવી, ઝાંઝવામાં જલની ભ્રાંતિ થવી અને વંધ્યાપુત્ર, એ સર્વની પેઠે બુદ્ધિની ભ્રાંતિથીજ થયેલ છે.[૬૪]

શિખિધ્વજ રાજા કહે છેઃ–આ ત્રણેય લોકમાં પુત્ર પિતા પિતામહ એ સર્વની પ્રથમ ઉત્પત્તિ થવામાં (આદિકર્ત્તા) ઈશ્વર શા માટે કારણ નહિ ?[૬૫]

કુંભમુનિ કહે છેઃ–હે રાજા ! જો (પરબ્રહ્મ સિવાય) બીજા કોઇ પણ પદાર્થની સત્તાજ નથી તો પછી પોતાનું કાંઈ કારણ ન હોવાથી એ ઈશ્વર પણ બ્રહ્મસત્તાથી જુદા નથી.[૬૬] તે આપણને ભ્રાંતિવડે જુદા ભાસતાં છતાં પોતાના બીજરૂપ બીજું કાંઇ નિત્ય (વાસ્તવ) કારણ ન હોવાનેલીધે (સર્વ આત્મરૂપજ હોવાથી) આત્માથી કાંઇ પણ જુદા નથી[૬૭] ફક્ત ઝાંઝવાનાં જલની પેઠે ભ્રાંતિરૂપેજ જુદા જણાય છે. આ સૃષ્ટિરચનારૂપી ક્રિયા કરવાપણું પણ તેમાં ભ્રાંતિવડેજ કલ્પાયેલું છે અને સૃષ્ટિકર્ત્તા પરમેશ્વરના અનંત સ્વરૂપની અંદર તે સઘળું રહેલ છે, એમ ફક્ત ભ્રાંતિવડેજ ભાસે છે. આ પ્રમાણે હિરણ્યગર્ભથી માંડી પોતાના દેહ પર્યંત સર્વ કાર્યપરંપરા (સ્વપ્નસૃષ્ટિની પેઠે) મિથ્યાજ છે; એ યુક્તિથી તમને સમજાવી તમારા ચિત્તમાં દૃઢ બેસી ગયેલી દૃશ્યવર્ગના સત્યપણાની ભ્રાંતિ મેં દૂર કરાવી દીધી અને હવે જે કાંઈ આભાસરૂપે શેષ રહેલ છે તેપણ હું મટાડી દઇશ.[૬૮,૬૯] હે રાજા! ઉપર જણાવ્યાપ્રમાણે જુદું કાંઈ પણ ન હોવાનેલીધે સર્વ પરબ્રહ્મરૂપજ હોવાથી સૃષ્ટિકર્ત્તા (ઈશ્વર) પણ તે પરમાત્મારૂપજ છે. અને જે અનેક સૃષ્ટિરૂપે પ્રકાશે છે તેપણ ચેતનરૂપ આત્માજ આત્મામાં પ્રકાશે છે તથા તે આત્મા એ પોતેજ પોતાના આત્માવડે પદ્મજ ઇત્યાદિ પોતાનાં નામો કલ્પેલાં છે એમ વિચાર કરવાથી આ સઘળું શાંત પરબ્રહ્મરૂપજ ભાસે છે.[૭૦]

तस्माच्चिदात्मकतयात्मनि चित्ततोयं नित्यं स्वयं कचति भूमिप देव देवः ॥ तेनैव पद्मज इति स्वयमात्मनात्मा प्रोक्तः स्वरूप इति शांत मिदं समस्तम् ॥ ७० ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો ' શિખિધ્વજાવબોધન ' એ નામનો ચોરાણુમો સર્ગ સંપૂર્ણ. ૯૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્ગ ૯૫ મો.*

શિખિધ્વજની વિશ્રાંતિ

॥ शिखिध्वज उवाच॥

आब्रह्मस्तंबपर्यंतं यद्ययं भासते भ्रमः ॥
अर्थक्रियासमर्थश्च तत् कथं दुःखकारणम् ॥ १॥

શિખિધ્વજ રાજા કહે છેઃ—બ્રહ્માથી માંડી સ્તંબપર્યંત આ જે કાંઈ દેખાય છે તે સર્વ જો ભ્રાંતિરૂપજ હોય તો તેમાંથી (સ્નાન, પાન, ભોજન આદિ) કાર્યોની સિદ્ધિ કેમ થાય છે અને તે (જન્મ-મરણ આદિ) દુઃખોનું કારણ કેમ થઇ પડે છે ?[1]

કુંભમુનિ કહે છેઃ—જેમ બહુ શીત પડવાથી જલ શિલારૂપ બની જઈ કઠિન બની જાય (તથા અનેક આસન-પાત્ર આદિ કાર્યસાધક પણ થાય) તેમ આ જગતરૂપી ભ્રમ મિથ્યા છતાં સૃષ્ટિકર્ત્તા હિરણ્યગર્ભનું સત્યસંકલ્પપણું હોવાથી તેમના સંકલ્પમાત્રથીજ દૃઢ થઇ જઇ તમારા કહેવા પ્રમાણે (સ્નાન, દાન, ભોજન આદિક) ક્રિયા કરી આપે છે અને (જન્મમરણ આદિ) દુઃખ પણ ઉત્પન્ન કરે છે માટે (જ્ઞાન ઉત્પન્ન થવાના ક્રમવડે) અજ્ઞાન શિથિલ થઇ જવાથી આ દૃશ્ય પ્રપંચ પણ શિથિલ થઇ જઈ અજ્ઞાનની સાથેજ નાશ પામી જાય છે એમ જ્ઞાનવાન પુરુષોનું સમજવું છે. અજ્ઞાનનો નાશ થયાવિના પ્રથમ અજ્ઞાનથી પ્રતીત થયેલ આ જગતના આકારનો કદી પણ બાધ થતોજ નથી.[2,3] અજ્ઞાનનું શિથિલપણું થવામાં સર્વ બાહ્ય પદાર્થોના જ્ઞાનને આકારે સ્ફુરેલી વૃત્તિઓનું (ચિત્તનિરોધવડે) જે ઓછું થવું તેજ કારણરૂપ છે અને તેજ જ્ઞાનની ઉત્પત્તિ થવાના ક્રમથી પરમાત્મારૂપી પરમપદનો સાક્ષાત્કાર થયેથી આ સર્વ સૃષ્ટિનો અભાવ અનુભવવામાં કારણરૂપ થાય છે.[4] જગતમાં પણ પ્રથમ જે પદાર્થનું ઓછાપણું થવા માંડે તે પદાર્થ ક્રમે કરી પોતાનો પૂર્વનો આકાર નાશ પામી જવાથી પોતાની મેળેજ નાશ પામી જાય છે. (માટે પ્રથમ જ્ઞાન ઉત્પન્ન થાય તેવા ક્રમથી બાહ્યપદાર્થાકાર વૃત્તિઓનો નાશ થવો જોઇએ પછી ક્રમે કરી અજ્ઞાન પણ નાશ પામી જઇ આત્મસાક્ષાત્કાર થતાં આ જગત પણ આત્માથી જુદું ન જણાયાથી નાશ પામી જાય છે)[5] આ ક્રમવડે તમે પોતેજ આદિપુરુષ છો અને ભ્રાંતિથી અનેક આકારે દેખાતું આ જગત ઝાંઝવાના જલના જેવું મિથ્યા છે.[6] આ પ્રમાણે સૃષ્ટિકર્ત્તા બ્રહ્માનો પણ પરબ્રહ્મની સત્તાથી જુદો અભાવ હોવાથી આ દેખાતી સૃષ્ટિ પણ કોઈ દિવસ છેજ નહિ, કેમકે જે પોતેજ અસિદ્ધ હોય (ન હોય) તે બીજાને શું સિદ્ધ કરી શકે ? (શું બનાવી શકે)[7] આ જે સર્વ સૃષ્ટિ (દૃશ્ય-અદૃશ્ય પદાર્થો) નજરે આવે છે તે સર્વ ઝાંઝવાના જલના જેવા મિથ્યાજ છે અને તે ઘણો કાલ વિચાર કરવાથી છીપમાં થયેલી રૂપાની ભ્રાંતિની પેઠે નાશ પામી જાય છે.[8] કારણજ ન હોવાથી આ જગતરૂપી કાર્ય થયુંજ નથી છતાં તે છે એમ જે જણાય છે તેનું કારણ તપાસવા જતાં મિથ્યા જ્ઞાનવિના બીજું કશું દેખાતું નથી.[9] જે ભ્રાંતિથી દેખાય છે તે કોઇ દિવસ છેજ નહિ. ઝાંઝવાના જલથી કોઇએ ઘડા ભર્યા છે કે ? નથીજ ભર્યા.[10]

શિખિધ્વજ રાજા પૂછે છેઃ—અનંત, જન્મરહિત, અદૃશ્ય, શાંત, પોતાના સ્વસ્વરૂપમાંથી કદી પણ ભ્રષ્ટ ન થનાર, આકાશના જેવું, વ્યાપક, તથા અસંગ પરબ્રહ્મજ સર્વના આદિસૃષ્ટિકર્ત્તાનું શામાટે કારણ નહિ ?[11]

કુંભમુનિ કહે છેઃ—હેતુપણાનો કે કાર્યપણાનો

* આ પંચાણુમા સર્ગમાં શિખિધ્વજ રાજાને કુંભમુનિ ધાટાપણું કમી થવાથી ક્રમે કરી અજ્ઞાનની શાંતિનો માર્ગ બતાવશે અને રાજાની પરમપદમાં વિશ્રાંતિ થશે, એ કથા કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ બન્નેનો અભાવજ હોવાનેલીધે પરબ્રહ્મ કારણરૂપ કિંવા કાર્યરૂપ નથીજ. એ પોતે એક અદ્વિતીય હોવાથી સર્વ દૃશ્ય જડવર્ગને ઉલ્લંઘન કરી પોતાના શુદ્ધ રૂપમાંજ રહે છે.[12] જે પરબ્રહ્મ કર્ત્તા નથી, કર્મ નથી, કરણ (ક્રિયાસિદ્ધિમાં મદદ કરનાર) નથી, નિમિત્તકારણરૂપ નથી અને ઉપાદાનકારણરૂપ પણ નથી, જે અતર્ક્ય (તર્કમાં ન આવી શકે તેવું) છે અને જે જાણવામાં પણ ન આવી શકે તેવું છે તે પરબ્રહ્મમાં કર્તાપણું શી રીતે ઘટી શકે ? નજ ઘટે.[13] બ્રહ્મનું ધર્મરહિતપણું હોવાથી (કાર્ય-કારણભાવના અઘટિતપણાની પેઠે) અકારણપણું અને અકાર્યપણું એ બન્ને ધર્મોનો પણ તેમાં અવકાશ ન હોવાને લીધે કાર્ય-કારણ એ બન્ને રૂપે તે આ જગતને આકારે દેખાય છે એમ કદાચિત તમે તર્ક કરતા હો તો તે જગતજ (બ્રહ્મરૂપ હોવાથી બ્રહ્મની પેઠે) દ્વિત્વ-એકત્વ આદિ વસ્તુ પરિમાણ વગરનું અને આદ્યંત રહિત થઇ જઇ (નામ અને રૂપ ટળી જતાં) ચૈતન્યસ્વરૂપ પરબ્રહ્મમાં એકરસપણેજ રહેલ છે એમ સમજવું. (અર્થાત જગતની સત્તા તેથી જુદી છેજ નહિ.) બ્રહ્મ જો તર્કમાં પણ ન આવી શકે તેવું, પૂરી રીતે જાણી પણ ન શકાય તેવું નિર્વિકાર, શાંત અને સુખરૂપ છે તો પછી કોને શી રીતે કયા કાલમાં અને શાથી કર્ત્તાપણું તથા ભોક્તાપણું તેમાં ઘટી શકે?[15] આ જગત આદિ સર્વ કોઇનું બનાવેલ નથી તેથી તે છેજ નહિ અને તમે પોતે પણ કર્ત્તા કે ભોક્તા નથી પરંતુ બધું જન્માદિ વિકાર વગરનું સુખરૂપ, શાંત પરબ્રહ્મ સ્વરૂપજ છે.[16] કારણ ન હોવાથી કોઇના કાર્યરૂપે આ જગત થયુંજ નથી અને કારણ વિના જે કાર્ય દેખાય તે ભ્રાંતિમાત્ર હોવાથી પ્રતીતિમાં આવતું આ જગત પણ ભ્રાંતિમાત્રજ છે.[17] આ સૃષ્ટિ કોઇનું કાર્યજ ન હોવાથી ઉપર જણાવ્યા પ્રમાણે તે છેજ નહિ. જ્યારે કોઇ પણ કારણનું જગત કાર્યજ નથી ત્યારે (જગતનું મિથ્યાપણું સિદ્ધ થવાથી) સર્વ પદાર્થોનો અભાવજ સિદ્ધ થાય છે અને જ્યારે કોઇ પણ પદાર્થજ નથી એમ સિદ્ધ થાય ત્યારે (જાણવાનો કાંઈ વિષયજ ન હોવાથી) જાણવું પણ કોનું હોય ? જાણવાનો અભાવ થતાં હું જાણનાર છું એવું અભિમાન ધરાવનાર અહંકારનું કાંઇ કારણજ રહેતું નથી (જેથી એ અહંકાર નિર્મૂલજ થઇ જાય છે,)[18,19] માટે તમે (આત્મસ્વરૂપ હોવાથી) શુદ્ધ અને મુક્તજ છો. તમારા સ્વરૂપમાં બંધ મોક્ષ આદિની કલ્પનાજ ઘટતી નથી.

શિખિધ્વજ રાજા કહે છેઃ—હે મહારાજ ! હવે હું (આપની કૃપાથી) સમજ્યો છું, આપે જે આ વાત કહી તે યુક્તિથી યુક્ત (ઘટે તેવી) છે.[20] બ્રહ્મ પોતે કોઇનું કારણ ન હોવાથી તે કર્તા નથી એમ હું સમજું છું. કોઇ કર્તા ન હોવાથી જગત પણ નથી. જગત ન હોવાથી આ નામરૂપવાળા જગતના પદાર્થો પણ નથી. એ નામરૂપાત્મક પદાર્થો ન હોવાથી ચિત્ત આદિ અને તેના બીજરૂપ અહંકાર આદિ પણ નથી. એમ અહંકાર પર્યંત સર્વ જડવર્ગનો અભાવ હોવાથી હું શુદ્ધ છું, જ્ઞાનસ્વરૂપ છું અને સુખરૂપજ છું.[22] મારા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપવિના કોઈ પણ બીજો જડપદાર્થવર્ગ જુદો છેજ નહિ એવો બોધ થવાથી હું મને પોતાનેજ (પરબ્રહ્મનેજ) નમસ્કાર કરું છું. આપે કહેલી યુક્તિપ્રમાણે વિચાર કરવાથી અધ્યારોપદૃષ્ટિએ અહંકારથી આરંભી સર્વ જડપદાર્થોનું (તેઓ છે એવું) જાણવું થયાથી પ્રતીતિ થાય છે અને વિવેકવડે પાછો સર્વ અહંકારપર્યંત જડવર્ગનો અપવાદ થઇ જતાં તે સઘળું મિથ્યારૂપજ ભાસે છે. આ પ્રમાણે જ્ઞાન થવાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રહ્માંડના અધિષ્ઠાન આકાશની પેઠે હું નિર્વિકલ્પ થઇ રહ્યો છું.[૨૩] દેશ, કાલ, દિશા, રચનાઓ અને આ સર્વ કાર્યસમૂહો સહિત જગતના પદાર્થોના વિભાગો જે મને ભાસતા હતા તે બધું આજે ઘણે કાલે નિવૃત્ત થયું અને અહો ! શાંત નિર્વિકાર પરબ્રહ્મજ અવશેષ રહ્યું.[૨૪] હવે હું શાંતિ પામ્યો છું, મુક્ત થયો છું, ચારેકોર પૂર્ણપણે રહ્યો છું, હું જતો નથી, જન્મતો નથી, અને મરતો પણ નથી. હું આ પ્રમાણે બ્રહ્મરૂપ થઈ રહ્યો છું અને તમે પણ જેમ છો તેમજ એ અભયપદમાં સદાકાલ રહો, અને હવે હું પરમ પુરુષાર્થરૂપ શુદ્ધ મન-વાણીથી અગમ્ય સુખરૂપ આત્માજ છું.[૨૫]

शाम्यामि निर्वामि परिस्थितोस्मि न यामि नोदेमि न चास्तमेमि ॥ तिष्ठामि तिष्ठस्व यथा स्थितात्मा शिवं शुभं पावन मौनमस्मि ॥२५॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના પૂર્વાર્દ્ધનો 'શિખિધ્વજવિશ્રાંતિ' એ નામનો પંચાણુમો સર્ગ સંપૂર્ણ. ૯૫

सर्ग ९६ मो.*

શિખિધ્વજનો બોધ

॥ श्रीवासिष्ठ उवाच ॥

इति ब्रह्मणि विश्रांतिमवाप्य स शिखिध्वजः । मुहूर्तमासीत् स शांतमना निर्वातदीपवत् ॥१॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—એ પ્રમાણે શિખિધ્વજ રાજા બ્રહ્મમાં વિશ્રાંતિ પામી જઈ વાયુવગરના પ્રદેશમાં સ્થિર થઇ રહેલા દીપકની પેઠે એક મુહૂર્તસુધી નિશ્ચલ અને શાંત મનવાળો થઇ રહ્યો.[૧] જ્યારે એ શિખિધ્વજ રાજા નિર્વિકલ્પ સમાધિવડે બ્રહ્મમાં એકરસ થઇ જવામાટે એ નિર્વિકલ્પ સમાધિમાં પ્રવેશ કરવા તૈયાર થયો ત્યારે કુંભમુનિએ તત્કાલ તેની એવી દશા જોઇ (કેટલોક બોધ કરવો હજી બાકી રહી ગયાથી) તરત પોતાની લીલાથી તેને વ્યુત્થિત કરી દીધો (જગાડી દીધો.)[૨]

કુંભમુનિ કહે છેઃ—હે રાજા ! અજ્ઞાનરૂપી નિદ્રામાંથી હવે તમે જાગ્યા છો અને પરમપુરુષાર્થરૂપ પરબ્રહ્મમાંજ વિશ્રાંત થયા છો. હવે (અજ્ઞાન નષ્ટ થઇ ગયાથી) તમારે દૃશ્યપદાર્થો ન દેખાય અથવા આભાસમાત્ર દેખાય એ બન્નેનું કશું પ્રયોજન નથી.[૩] એક વખતમાંજ તમને આત્માનો અનુભવ થયાથી દ્વૈતની ભ્રાંતિ મટી ગઇ છે કે જે ભ્રાંતિ અનેક અનિષ્ટ ઉત્પન્ન કરનારી છે. હે પ્રિય રાજા ! હમણાં તમે સર્વ દૃશ્ય પદાર્થનું ચિત્તમાં જે સ્ફુરણ થયું તે વગરના થઇ જઇ જીવન્મુક્ત થયેલા છો.[૪]

શ્રીવસિષ્ઠઋષિ કહે છેઃ—એ પ્રમાણે કુંભમુનિએ બોધ આપવાથી એ રાજાને જ્ઞાન થયું અને મહામોહરૂપી બંધનમાંથી છૂટો થવાથી તે વધારે શોભવા લાગ્યો.[૫] પરબ્રહ્મમાં બુદ્ધિ વિશ્રાંત થવાથી ક્ષણમાત્રમાંજ આ સર્વ દૃશ્ય પદાર્થોના મિથ્યાપણાનો અનુભવ કરનાર અને જીવન્મુક્ત થઇ ગયેલો એ રાજા નીચે પ્રમાણે બોલ્યો.[૬]

શિખિધ્વજ રાજા કહે છેઃ—મને હર્ષ અને માન આપનાર હે દેવપુત્ર! ઘણુંખરું એ બધું તો હું (આપના કહેવાપરથી) જાણી ચૂક્યો છું તોપણ પાછો તે બોધ દૃઢ થવાને જે આપને પૂછું છું તે વિષે ખુલાસો કરો.[૭] પરમપુરુષાર્થરૂપ, નિર્વિકાર, આભાસ વગરના અને અદૃશ્ય પરબ્રહ્મમાં દૃષ્ટા, દર્શન અને દૃશ્ય (જોનાર, જોવું અને જોવાનો વિષય) એ ત્રણેયને આકારે દેખાતી આ જગતરૂપી પ્રતીતિ ક્યાંથી થઇ ?[૮]

કુંભમુનિ કહે છેઃ—હે મહારાજ! અજ્ઞાનનું

* આ છન્નુમા સર્ગમાં જ્ઞાનવાન થયેલા એ રાજાના ચિત્તમાંથી નિર્મૂલ રીતે દૃશ્યની સત્તા જતી રહે તેવો બોધ કુંભમુનિ આપશે, એ કથા કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવરણ ખસી જવાનેલીધે તમે બહુ દેદીપ્યમાન લાગો છો. તમે આ ઘણું ઠીક પૂછ્યું, કેમકે હવે તમારે એ જાણવુંજ બાકી રહ્યું છે. માટે તમે સાંભળો.[૯] અનેક પ્રકારનું આ જે કાંઈ સ્થાવરજંગમાત્મક સર્વ દેખાય છે તે બધું છેવટ મહાપ્રલયમાં નાશ પામી જાય છે.[૧૦] મહાપ્રલયને અંતે સર્વનો નાશ થયા પછી સર્વત્ર ફેલાઈ ગયેલ નિશ્ચલ ગંભીર તેજથી અને અંધારાથી પણ વિલક્ષણ સર્વના સારરૂપ સત્યવસ્તુજ (અધિષ્ઠાન ચૈતન્યજ) અવશેષ રહે છે[૧૧] કે જે ચિદ્રૂપ છે, નિર્વિકાર છે, નિર્મલ છે, આકાશના જેવું પરમ અસંગ છે, સમસ્ત કલ્પનાઓ વિનાનું છે, અને સત્ય તત્ત્વનો અનુભવ કરનારી બુદ્ધિને એકાગ્રપણાથી તેમાં જોડી દેતાંજે અતિ નિર્મલ અને એકરૂપજ લાગે છે.[૧૨] જે શાંત સર્વવ્યાપી અને પ્રકાશસ્વરૂપ છે, જે પરમાત્મારૂપ છે, જે સ્વયંપ્રકાશ અને જ્ઞાનમાત્રજ છે, જે સારી રીતે તર્કમાં પણ આવી શકતું નથી, તેમ જે પૂર્ણ રીતે જાણી પણ શકાતું નથી, જે સર્વત્ર સમાનરૂપે રહેલ છે, જે ઉત્તમ સુખરૂપ છે, જે બ્રહ્મરૂપ છે, જે મોક્ષરૂપ છે, જે ચોતરફ ફેલાએલા પોતાના જ્ઞાનસ્વરૂપથી ભરપૂર છે, જે અતિ ઝીણા પદાર્થોથી પણ અતિ ઝીણું છે, જે બહુ મોટા પદાર્થોથી પણ બહુ મોટું છે, જે બહુ ભારે પદાર્થોથી પણ બહુ ભારે છે, જે અતિ શ્રેષ્ઠ પદાર્થોથી પણ અતિ શ્રેષ્ઠ છે, એ પરમ તત્ત્વ એવું તો સૂક્ષ્મ છે કે જેની પાસે અતિ સૂક્ષ્મ આ આકાશ પણ જેમ રાઈ વગેરે અણુ પદાર્થની પાસે મેરુપર્વત સ્થૂલ લાગે તેમ સ્થૂલજ ભાસે છે[૧૩-૧૬] અને એ પરમતત્ત્વ એવું તો સ્થૂલ છે કે જેની પાસે આ જગત એક પરમાણુ જેવું લાગે છે તથા તે તત્ત્વના કોઇ (શુદ્ધ) ભાગમાં જણાતું પણ નથી.[૧૭] (અધ્યારોપદૃષ્ટિએ જોતાં) એ (માયામાં પ્રતિબિંબિત થયેલા) અધિષ્ઠાન ચૈતન્યમાં ઈશ્વરથી થયેલા હિરણ્યગર્ભનું (સર્વરૂપ હુંજ છું એવું) સર્વમાં પોતાના આત્મારૂપે જે અભિમાન થવું તેજ સર્વજીવસમૂહોની સ્થિતિનો આધાર છે અને આ સ્થૂલ જગતના આકારથી વિરાટરૂપે પણ તેજ રહેલ છે. (તે તે ઉપાધિનેલીધે જુદા ભાસતા છતાં પણ ખરો વિચાર કરતાં વિરાટ, જીવસમૂહો, હિરણ્યગર્ભ કે ઈશ્વર, કશું અધિષ્ઠાનચૈતન્યથી જુદું પડતું નથી.)[૧૮] જેમ પવનનો અને તેમાં રહેલાં ચલનનો વાસ્તવ ભેદ નથી અને આકાશનો તથા તેમાં રહેલાં શૂન્યપણાનો ભેદ નથી તેમ એ ચિદ્રૂપ પરમાત્માનો અને તેમાં અધ્યાસવડે રહેલા અહંકારનો પણ વાસ્તવ કાંઇ પણ ભેદજ નથી.[૧૯] જેમ દેશની અને કાલની અમુક હદમાં આવી જવાથી અંતવાળાં જલની અંદર કાંઇક કારણનેલીધે તરંગ આદિ ઉત્પન્ન થાય છે તેમ દેશકાલની હદ બહાર હોવાથી અનંત એવાં એ પરમતત્ત્વમાં (મિથ્યા હોવાથી) કારણવિનાજ આ જગત ભાસે છે.[૨૦] જેમ દેશકાલથી અંતવાળાં સુવર્ણમાં કડાં આદિ દાગીનાઓ કારણને યોગે ઉત્પન્ન થાય છે તેમ દેશકાલવડે અનંત એવા પરબ્રહ્મમાં આ જગત (મિથ્યા હોવાથી) કારણવિનાજ ભાસે છે.[૨૧] જગતરૂપી રાજ્યનું (અધિષ્ઠાનરૂપે માલીક હોવાથી) મહારાજા બનેલું એ બ્રહ્મ સર્વના કરતાં શ્રેષ્ઠ છે અને (અપવાદરૂપે તત્ત્વદૃષ્ટિથી જોતાં) ચૈતન્યાકાશમાં મિથ્યારૂપે આરોપિત કરેલું હોવાથી એ જગત તૃણના જેવું અતિતુચ્છ અને નિર્માલ્ય બની જાય છે, તથા તેનો દ્વૈતભાવ (જુદાપણું) મટી જઈ નિર્વિકાર શાંત પરબ્રહ્મ સાથે એકરૂપજ થઈ જાય છે.[૨૨] અતિશ્રેષ્ઠ એ પરમતત્ત્વ એવું તો સત્તાવાળું છે કે ઈશ્વરરૂપ એ અધિષ્ઠાન ચૈતન્યની સત્તાથીજ આ જગતના સર્વ પદાર્થસમુદાયની સત્તા સુશોભિત રીતે રહેલ છે એમ અનુભવથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિદ્ધ થાય છે.[૨૩] હે રાજા શિખિધ્વજ ! સર્વવ્યાપી એ પરમતત્ત્વજ એક સારરૂપ છે. એ તત્ત્વ કેવલ ચિન્માત્ર છે, અત્યંત આનંદરૂપ છે, અને બીજું કાંઇ પણ નજ હોવાથી (દ્વિતીય આદિ સંખ્યાથી જુદી પાડનારી) એક સંખ્યા પણ તેમાં ઘટતી નથી. માટે એ અક્ષય આત્મતત્ત્વજ પૂર્ણરીતે ચારેકોર ભરપૂર થઇ સર્વત્ર શોભી રહ્યું છે.બીજી કોઈ પણ કલ્પના તેમાં છેજ નહિ.[૨૪,૨૫] સદાકાલ એ આત્મતત્ત્વજ સર્વરૂપ હોવાથી કેમ જાણે સર્વને આકારે થઇ રહ્યું હોય તેમ ભાસે છે. ચક્ષુ વગેરેથી ન દેખાવાથી અને હાથ વગેરેથી અલભ્ય હોવાથી તે કાર્યરૂપ કે કારણરૂપ નથી.[૨૬] એ આત્મતત્ત્વ પ્રત્યક્ષ આદિ પ્રમાણોવડે નહિ જાણી શકાયાથી કાંઇક વિલક્ષણ તરેહનું અને એક માત્ર પોતાના નિર્મલ અનુભવવડેજ જાણી શકાય તેવું છે, પરમ આનંદરૂપ છે, અતિસૂક્ષ્મ છે અને પોતેજ સર્વરૂપે થઇ રહેલ છે, તથા સર્વ પદાર્થોનું તે આત્મારૂપ છે અને (જુદાં ન હોવાથી) સર્વ પદાર્થો તેના આત્મારૂપ છે, વ્યવહારદૃષ્ટિથી જોતાં પોતે આત્મતત્ત્વજ નામરૂપાત્મક સર્વ જગતરૂપે છે તો પોતે પોતાનું કારણ કેમ ઘટી શકે ? અને પરમાર્થદૃષ્ટિથી જોતાં દૃશ્યની સત્તાના આભાસવગરના જ્ઞાનસ્વરૂપ એ પરમતત્ત્વનું (અન્ય વસ્તુજ ન હોવાથી) કારણપણું શી રીતે ઘટી શકે ? પરમાર્થદૃષ્ટિથી અદ્વૈતરૂપે તેને સત્ય માનીએ અને વ્યવહારદૃષ્ટિથી દ્વૈતરૂપે મિથ્યા માનીએ તોપણ સત્ય અને મિથ્યા એ બન્નેનો (પરસ્પર વિરુદ્ધતાને લીધે) કાર્યકારણભાવ અઘટિત હોવાથી તેનું કારણપણું કેમ ઘટે ? નજ ઘટે. જે કોઇનું બીજજ નથી અને જે નામરૂપ વગરનું હોવાથી કોઈનું નિમિત્તકારણ પણ નથી, તે સર્વત્ર ભરપૂર રહેલ પરમાત્માથી આ પ્રમાણ-પ્રમેયઆદિરૂપે રહેલું જગત થયુંજ નથી.[૨૭-૨૯] એ પરમ આત્મતત્ત્વ કર્ત્તા* નથી, કર્મ‡ નથી અને કરણ× નથી; સત્ય કેવલ ચિદ્રૂપ અને નિર્વિકાર છે, આત્મરૂપ છે, જગત આદિ આભાસવગરનું છે, તથા પોતે અક્ષય જ્ઞાનસ્વરૂપ છે.[૩૦] હે તત્ત્વજ્ઞ રાજા ! તે પરબ્રહ્મમાંથી જો કાંઈ ઉત્પન્નજ થયું નથી તો પછી કયો પુરુષ તેને શી રીતે મેળવી શકે અથવા (કાંઈ પણ ન હોવાથી) શું મેળવી શકે ? કાંઈ પણ નહિ. જેમ જલમાં તરંગ આદિ કોઇ કારણને યોગે ઉત્પન્ન થાય છે પરંતુ વિચાર કરતાં તે જલથી જરા પણ જુદા પડી શકતા નથી તેમ આ જગત પણ દેશકાલવડે અંતવગરના પરબ્રહ્મમાં (મિથ્યા હોવાથી) વિનાકારણે દેખાય છે; પરંતુ વિચાર કરતાં તે ચેતનસ્વરૂપ પરબ્રહ્મથી જરા પણ જુદું પડી શકતું નથી.

શિખિધ્વજ રાજા કહે છે:—જો જલાદિકમાં તરંગાદિક કારણના યોગથીજ ઉત્પન્ન થાય છે અને પરબ્રહ્મમાં જગત તથા અહંકાર આદિ, વિનાકારણે ભાસે છે તો (કારણવિનાનું કાંઈ કાર્યજ ન હોવાથી) એ સર્વ છેજ નહિ એમ હું સમજું છું.

કુંભમુનિ કહે છે:—હે રાજા ! હવે તમે તત્ત્વદૃષ્ટિથી બરાબર સત્ય સમજ્યા છો.[૩૧-૩૩] જગત-અહંકાર વગેરે કશું પણ એ શુદ્ધ અધિષ્ઠાન ચૈતન્યમાં છેજ નહિ. પોતાનાં નામરૂપ વગરનું એ જગત પરબ્રહ્મરૂપજ છે.[૩૪] જેમ આકાશની અંદર આકાશથી પણ અતિસૂક્ષ્મ માયારૂપી આકાશવડે રચાયેલું ગંધર્વનગર (મિથ્યા હોવાથી) શાંતપણાથી આકાશની સત્તાવડેજ રહેલ છે તથા જેમ બ્રહ્મરૂપ હોવાથી શૂન્યતા વગરના આકાશમાં આકાશની સત્તાથીજ શૂન્યતા રહેલ છે તેમ આ જગત પણ ઈશ્વરની સત્તાથી ઇશ્વરમાં (સગુણ બ્રહ્મમાં) રહ્યું છે.[૩૫] એ પ્રમાણે બ્રહ્મસત્તાથીજ સત્તાવાળું આ જગત અધિષ્ઠાન ચૈત-

* કર્ત્તા એટલે કરનાર. ‡ કર્મ એટલે ક્રિયાવડે પ્રાપ્ય.
× કરણ એટલે ક્રિયામાં મદદગાર સાધન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન્યરૂપે જાણવામાં આવે અથવા કોઇ પણ રીતે તે જડરૂપે નથી એમ સારી રીતે સમજાઇ જાય તો તે (બ્રહ્મરૂપજ જણાયાથી) સુખરૂપ થઇ જાય છે.[૩૬] (જો જ્ઞાનપૂર્વક સમજીને ઉપયોગ કરવામાં આવે તો) જ્ઞાનના ઉત્તમ પ્રભાવથી વિષ પણ અમૃતના જેવું સુખકારક થાય છે. આ જગત (બ્રહ્મરૂપ છતાં) સારી રીતે (બ્રહ્મરૂપે) ન જણાયાથી પરમ દુઃખકારક અને અમંગલરૂપ લાગે છે.[૩૭] કેમકે અમૃત પણ (દૃઢભાવનાપૂર્વક) આ વિષજ છે એવી બુદ્ધિથી ખાવામાં આવે તો તે વિષના જેવુંજ કાર્ય કરે છે. એ પ્રમાણે અજ્ઞાનવડે કે જ્ઞાનવડે જેવી જેવી દૃઢભાવના કરવામાં આવે તેવી તેવી રીતે અને તે તે રૂપે ચિદ્રૂપ ઈશ્વરજ (માયાવિશિષ્ટ બ્રહ્મજ) સર્વરૂપ હોવાથી થઇ જાય છે. જેમ અગ્નિનું ફરતું ઉંબાડીયું ભ્રાંતિથી વિચિત્ર આકારવાળું ભાસે છે પરંતુ તે પોતે એકરૂપેજ હોય છે તેમ બ્રહ્મસત્તા ભ્રાંતિથી જગત આદિ વિચિત્ર આકારે દેખાતા છતાં પણ પોતાના એક શુદ્ધ સ્વરૂપેજ રહેલ છે. જે પરબ્રહ્મ સર્વત્ર અધિષ્ઠાન ચૈતન્યરૂપે રહેલ છે તે પોતાના આત્મારૂપ અધિષ્ઠાન ચૈતન્યજ તેનું પૂરૂં જ્ઞાન ન થતાં અજ્ઞાનવડે દેહ-જીવ આદિને આકારે અને જગત આદિને આકારે થઇ રહ્યું હોય તેમ ભાસે છે. પરમ સુખરૂપ પરબ્રહ્મજ કેવળ આ પ્રમાણે અજ્ઞાનનેલીધે ભ્રાંતિથીજ અનેકરૂપે ભાસી રહ્યું છે.[૩૯-૪૧] માટે જગત-અહંકાર આદિ કાંઇ નજ હોવાથી એ સંબંધી પ્રશ્નજ યોગ્ય નથી. જે વસ્તુ વિદ્યમાન હોય તેમાં પ્રશ્ન કરવો ઘટે છે[૪૨] પણ શોધવા બેસતાં જે છેજ નહિ તેના શોધથી કે પ્રશ્ન કરવાથી શું ફળ છે ? કાંઈ નથી. જેમ એક અમુક આકાર વિના સુવર્ણની સ્થિતિજ નથી તેમ જગત અને અહંકાર વિના ઈશ્વરની પણ સ્થિતિ (બ્રહ્મસત્તાથી જુદી) ઘટતી નથી (તેથી તે સંબંધી પ્રશ્ન પણ અઘટિત છે) કાંઈ કારણજ ન હોવાથી કશું થયુંજ નથી પરંતુ આ પ્રમાણે બ્રહ્મજ સર્વરૂપે ભાસે છે.[૪૩,૪૪] એ બ્રહ્મ કોઇ પણ પ્રકારે વિકાર નહિ પામ્યા છતાં કેમ જાણે જગતને આકારે થઇ રહ્યું હોય તેમ રહેલ છે, જેમ સ્ત્રી-પુરુષોના સમુદાયો યૌવનાવસ્થામાં કામાંધ હોવાથી કામમયજ હોય છે અને કામેજ પ્રેરણા કરવાથી પરસ્પર સંગમાદિકવડે પુત્રાદિક ઉત્પન્ન કરી અનેક ચમત્કારો કરે છે તેમ પદાર્થમાત્ર (માયાવિશિષ્ટ) પરબ્રહ્મમયજ (ઈશ્વરમયજ) છે અને એ (માયાવિશિષ્ટ) પરબ્રહ્મ પોતાની માયાવડે પ્રેરણા કરવાથી (તેઓ પરસ્પર સાધનરૂપ થઇ) પોતાના પંચમહાભૂતરૂપી શરીરમાં માયિક અનેક ચમત્કારો કર્યા કરે છે. ચિદ્રૂપ આત્મામાં પોતાના આત્માને માયાવડે નાનાપ્રકારનો કરી લઇ કેમ જાણે પોતે નાના પ્રકારનો થઇ રહ્યો હોય તેમ કાર્યરૂપે પરિમાણવાળો જણાય છે અને પોતાનાં આત્માનું ખરૂં જ્ઞાન થયેથી જોવા જતાં સર્વ પોતાના આત્માવડેજ વ્યાપ્ત હોય એમ લાગે છે. પૂર્ણ (સગુણ) બ્રહ્મરૂપ કારણમાંથી (પ્રથમ સૃષ્ટિના આરંભકાલમાં પોતાના અદૃષ્ટને અનુસારે) સર્વ જીવે પૂર્ણબ્રહ્મરૂપ સર્વ કાર્યોને માયાવડે કલ્પી લે છે અને વચમાં સ્થિતિકાલમાં પણ એ જીવો પૂર્ણબ્રહ્મમાંથી પૂર્ણબ્રહ્મરૂપ સર્વ ભોગ મોક્ષ સાધનોને માયાવડે પૃથક્ કલ્પી લે છે તથા છેવટ (જ્ઞાન થતાં માયાનું આવરણ દૂર થઇ ગયાથી) એ સર્વ પૂર્ણબ્રહ્મથીજ પૂર્ણ થઈ રહે છે અને (ભેદની ભ્રાંતિ તથા માયા ટળી જતાં) માત્ર એક પૂર્ણબ્રહ્મજ અવશેષ રહેછે. કેવલ ચિદ્રૂપઆત્મામાં જે સૃષ્ટિની પ્રતીતિ થાય છે તે (વસ્તુતઃ) ચિદ્રૂપજ છે અને ઉત્પન્નજ નહિ થયા છતાં (માયાવડે) ઉત્પન્ન થયા જેવી ભાસે છે. હું અધિષ્ઠાન ચૈતન્યરૂપજ છું, અને એ અધિષ્ઠાન ચૈતન્યજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૃષ્ટિના આદિકાલમાં પોતે નિર્વિકાર, પ્રકાશરૂપ, અનાદિ, અને અનંત પોતાના સ્વસ્વરૂપનો ત્યાગ ન કરતાં અને અનેકરૂપે ઉત્પન્ન નહિ થયા છતાં કેમ જાણે પોતાના ચૈતન્યસ્વરૂપવડે (માયાનેલીધે) પોતે અનંત (સમષ્ટિ) ચિત્તરૂપે થઈ ગયેલ હોય તેમ દેખાય છે. પછી તે સ્થૂલતાની કલ્પનાનો આભાસ પડતાં હિરણ્યગર્ભથી કેમ જાણે સ્થૂલવિરાટને આકારે પ્રસરી રહ્યું હોય એમ લાગે છે અને ત્યારપછી (અવિદ્યાવડે પ્રત્યેક જીવરૂપે અમુક નામરૂપને આકારે થઇ જઇ) આ જગતને ભ્રાંતિથી સત્ય માની લે છે. અથવા જગતમાં (અધિષ્ઠાન ચૈતન્યજ તેનું વાસ્તવ સ્વરૂપ હોવાથી) તે ચૈતન્યનેજ સત્યરૂપ માને છે અને ભાવનાને અનુસારે જરાયુજ અંડજ આદિ પ્રાણીઓરૂપે બની જાય છે અને ક્ષણમાત્રમાં તેવી તેવી ભાવનાવડે તેવાં તેવાં દૃશ્યને આકારે દેખાય છે.[૪૫-૫૧] એ પ્રમાણે નિર્વિકાર, સ્વભાવથીજ નામરૂપ રહિત, અનિર્દેશ્ય, (કોઇ પણ રીતે નિર્દેશ કરી ન શકાય તેવું) જગતની સત્તાવિનાનું સત્ય વસ્તુરૂપે રહેલું, અનુભવરૂપ, એક આત્મતત્ત્વજ, પોતામાં અનેક ચમત્કારો કરનારી માયામાં પ્રતિબિંબિત થઇ જગતને આકારે પ્રસરી જઈ જગતની પેઠે થઈ રહેલ છે.[૫૨]

शांतं जगत्प्रसररूपतया स्वभावशब्दार्थमुक्त मिदमव्यपदेश्यमेकम् । वस्तु स्थितं निज चमत्करणावलोकरूपं जगत्स्वरहितानुभवात्मतत्त्वम् ॥ ५२ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો ' શિખિધ્વજાવબોધન ' એ નામનો છન્નુમો સર્ગ સંપૂર્ણ. ૯૬

સર્ગ ૯૭ મો.*

દૃશ્ય-દર્શન મિથ્યા છે

॥ કુંભ ઉવાચ ॥

हेम्न्यस्ति देशकालांते इत्थं जन्यजनिक्रमः ॥ न किंचिज्जायते शांतान्न किंचित्प्रविलीयते ॥

કુંભમુનિ કહે છે:–દેશકાલવડે અંતવાળા સુવર્ણમાં પ્રથમ કહ્યાપ્રમાણે કડાં આદિ તેથી થનારા પદાર્થોથી ઉત્પત્તિનો ક્રમ જણાય છે પરંતુ નિર્વિકાર પરબ્રહ્મથી તો કશું ઉત્પન્ન પણ થયું નથી અને કાંઇ લય પણ પામતું નથી.[૧] પોતાના સત્યસ્વરૂપમાં રહેલું પરબ્રહ્મ કોઇનું ઉપાદાન કારણ કે નિમિત્તકારણ નથી. તે પોતે શુદ્ધ અનુભવસ્વરૂપ છે, અને તેથી જુદું બીજું કશું છે નહિ.[૨] જે કાંઇ જગત અહંકાર આદિની પ્રતીતિ થાય છે, તે પણ એ અનંત બ્રહ્મસત્તારૂપજ છે.

શિખિધ્વજ રાજા કહે છે:–હે મહારાજ દેવપુત્ર ! પરબ્રહ્મમાં જગત-અહંકાર આદિ કશું નથી એ હું જાણું છું.[૩] પરંતુ જો એમ છે તો પછી તેમાં સૃષ્ટિની પ્રતીતિ કેમ થાય છે તે આપ તરત મને કહો.

કુંભમુનિ કહે છે:–ચોતરફ ભરપૂર રહેલું અનાદિ અને અનંત એ અધિષ્ઠાન ચૈતન્યજ (પોતામાં અધ્યાસવડે રહેલાં) જગતને રૂપે કેમ જાણે પ્રતીત થતું હોય તેમ લાગે છે[૪] અને તે અધિષ્ઠાન ચૈતન્ય પોતે નિર્વિકાર કેવળ ચેતનસ્વરૂપજ છતાં (જગત તેમાં અધ્યાસવડે આરોપિત હોવાથી) જગતરૂપ શરીરવાળું પ્રતીતિમાં આવે છે. જગત આદિ સર્વ પદાર્થ બુદ્ધિ-

* પ્રથમ સર્વ દૃશ્યપદાર્થ કારણવગરનો હોવાથી વસ્તુતઃ તે છેજ નહિ એમ બતાવ્યું છે અને આ સત્તાણુમા સર્ગમાં ચૈતન્યસત્તાથી દૃશ્યનું દેખાવું પણ મિથ્યાજ છે એ વાત યત્નવડે સિદ્ધ કરાશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નુંજ* પરિણામ છે એમ નથી તેમજ બાહ્ય પૃથિવ્યાદિ પંચમહાભૂતસંબંધી સર્વ પદાર્થ× સત્ય છે એમ પણ નથી અને સાવ શૂન્યજ§ છે એમ પણ નથી,‡ પરંતુ જેમ જલનો દ્રવ (રસ) એજ સાર છે, તેમ સર્વ વસ્તુઓનો અધિષ્ઠાન ચૈતન્ય એજ સાર છે એમ કહી શકાય છે. એ સર્વના સારરૂપ અધિષ્ઠાન ચૈતન્યનું જડપણું કોઈ પણ કારણોથી નિરુપણ થઇ શકતુંજ નથી. એ અધિષ્ઠાન ચૈતન્યજ ચિદ્રૂપેજ રહેવામાં તથા માયાવડે જગતને આકારે દેખાવામાં એ બન્ને પ્રકારે સમર્થ હોવાથી પોતાના સ્વરૂપવિષે જેમ છે તેમજ રહેલ છે. ચેતન અને જડ એ બન્નેમાં જડ (ચેતનવડેજ સત્તાવાળું હોવાથી) તે (જગત આદિ) પોતેજ વસ્તુતઃ છે નહિ જેથી એ પરમપદમાં સ્વચ્છ ચેતનપણુંજ રહ્યું છે. જો એ નિર્વિકાર પરમપદમાં કારણપણું ઘટી શકતું હોય તો તેનું કૂટસ્થપણું, અદ્વયતા અને અતર્ક્યપણું શી રીતે કહેવાય? માટે બ્રહ્મ કોઇ પણ રીતે કોઇ કાર્યનું ઉપાદાનકારણ કે નિમિત્તકારણ નથી અને તેને લીધે સૃષ્ટિ પણ થયેલીજ નથી. અધિષ્ઠાન ચૈતન્યવિના નિરાધાર સૃષ્ટિજ અઘટિત છે માટે એ જડસૃષ્ટિ વિદ્યમાનજ નથી. અહંકાર જગત અને નામરૂપ એઓમાં પ્રીતિનેલીધે ચિત્તને રંજન કરનારૂં જે કાંઇ આ દેખાય છે તે સર્વ એ ચૈતન્યમાં એકરૂપેજ રહેલ છતાં (માયાવડે) કેમ જાણે ઉત્પન્ન થયું હોય તેમ લાગે છે. કોઇ પણ પદાર્થમાં કારણવિના કાર્યપણુંજ ઘટતું નથી.[૫-૧૨] માટે (ચિત્ત અને જડ એ આદિ વિભાગ કલ્પી લેતાં) દ્વિત્વ–એકત્વ આદિ સંખ્યાવાળું આ જડ જગત પોતાના અનુભવથી વિચારતાં આકાશપુષ્પની પેઠે મિથ્યાજ છે. એ જગત (નામરૂપ સહિત) અવશ્ય નાશવાળું હોવાથી ચિદ્રૂપ પણ ઘટી શકતું નથી અથવા જો એ જગત ચિદ્રૂપ હોય તો 'ધ્રુવં જન્મ મૃતસ્ય' (એ ભગવદ્વાક્ય પ્રમાણે) પુનઃ જન્મને સાબીત કરનારો તેનો નાશ ક્યાંથી હોય? કદાચિત એ (જગત સંબંધી) સર્વ પદાર્થસમૂહને તમે (સ્વભાવથીજ) સદા ઉત્પન્ન થનારો અને સદા નાશ થનારો માની લેતા હો તો પછી (અનુભવશ્રુતિ આદિથી સિદ્ધ) અખંડ નિર્વિકાર એક ચિદ્રૂપજ માની લેવામાં તમને શી પીડા છે?[૧૩,૧૪] એ નિર્વિકાર ચિદ્રૂપ (આત્મા) માં જે કાંઇ જડ-ચેતન આદિ વિભાગ દેખાય છે તેતો માત્ર ચિત્તનોજ ચમત્કાર છે. બાકી ખરી સત્તા તો એક માત્ર ચૈતન્ય તત્ત્વનીજ છે, કે જેમાં દ્વિત્વ-એકત્વ આદિ કશી સંખ્યાજ નથી. હે રાજા શિખિધ્વજ! એ રીતે પદાર્થોની સત્તાજ ન હોવાથી બાહ્યરૂપે તેની પ્રતીતિ થવાનો પણ અસંભવ થઈ જતાં તમને પછી અહંકારની ભાવના ક્યાંથી થવાની અને અહંકારનો અસંભવ થતાં વળી બીજું ચિત્ત શું જુદું કહી શકાય તેમ છે?[૧૫-૧૭] એ અહંકારરૂપ ચિત્તજ નથી તો પછી જીવ-બ્રહ્મનો ભેદ કે જડ-ચેતનનો ભેદ કે દૃશ્ય-દર્શન આદિનો ભેદ રહેતોજ નથી તેથી તમે વાસનારહિત, શાંતચિત્તવાળા, નિઃસંકલ્પ, પરબ્રહ્મરૂપ અને (સ્થૂ-

* બુદ્ધિજ અનાદિ વાસનાનેલીધે અનેક આકારરૂપે ભાસે છે એમ બૌદ્ધમતનો વિજ્ઞાનવાદીઓનો ભાગ માને છે. અહીં તે મતનો નિરાસ કર્યો છે.

× પૃથ્વી, જલ, તેજ અને વાયુ એમનાં પરમાણુઓ અને આકાશ, કાલ, દિશા, આત્મા, અને મન એ નિત્ય દ્રવ્ય છે એમ નૈયાયિક વગેરે માને છે, અને સાંખ્ય આદિ જગતનું સત્યપણું માને છે.

§ બૌદ્ધમતમાં શૂન્યવાદી એક ભાગ છે કે જે શૂન્યનેજ સત્ય માને છે. આ સર્વ મતોનો અધિષ્ઠાન ચૈતન્યજ આધાર અને સાર હોવાથી બીજાઓનો નિરાસ કરી અહીં તેજ સિદ્ધ કરે છે.

‡ જો અધિષ્ઠાન ચૈતન્ય ન હોય તો વિજ્ઞાનવાદી, બાહ્યાર્થવાદી કે શૂન્યવાદીના વિકલ્પો નિરાધાર થઈ પડે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લદેહવડે) દૃશ્ય જગતમાં રહ્યા છતાં (જ્ઞાનવડે) પર્વતના જેવા દૃઢ થઈ રહી દેહ સહિત જીવન્મુક્ત થઈ રહો અથવા વિદેહમુક્ત થાઓ. શુદ્ધ અધિષ્ઠાન ચૈતન્યનું જ્ઞાન થતાં સર્વ જડ પદાર્થોનો અભાવ સિદ્ધ થવાથી તે પદાર્થોની ભાવના પણ નહિ રહેતાં ચિત્તમાં "હું" એવું (અહંકારનેરૂપે સ્ફુરી આવતું) જીવનું સ્વરૂપ પણ નથીજ કે જેથી શુદ્ધ કેવળ એક આત્માજ અવશેષ રહે છે અને વેદાર્થનો (શ્રવણ-મનનાદિપૂર્વક) વિચાર કરતાં અનુભવ થઇ જઇ સર્વ બ્રહ્મરૂપજ જણાય છે. બ્રહ્મચિંતનવડે સિદ્ધ થયેલો એક બ્રહ્મરૂપ અર્થજ સત્ય હોવાથી (છેવટ જ્ઞાનવડે સર્વનો બાધ થઇ બ્રહ્મનો બોધ થઇ જતાં) એ ચિંતનાત્મક વૃત્તિ પણ ક્યાં જુદી રહેછે? નથી રહેતી.[१८,२०] તેથી (સર્વ દ્વૈતનો બાધ થઇ જતાં તમે શુદ્ધ બ્રહ્મરૂપજ છો કે જે બ્રહ્મ પ્રથમથીજ મુક્ત, કારણરહિત અને નિત્ય છે; પોતે એકજ આ સર્વ અનેકરૂપે (માયાવડે) થઇ રહેલ છે; આદિ અંત અને મધ્ય વગરનું છે, તેમાં મિથ્યારૂપે રહેલું આ જગત શૂન્યજ છે; અને એ ચૈતન્ય જગતને આકારે ભાસતાં છતાં પણ પોતાના શુદ્ધસ્વરૂપમાંજ યથાસ્થિતપણે રહેલ છે. એ નિર્વિકાર બ્રહ્મજ છેવટ અવશેષ રહે છે.[२१]

तेनासि निर्मलमकारणमादि मुक्तं तद्ब्रह्म शाश्वतमशेषमनेकमेकम् ॥ शून्यं निरामयमसत्सदनादि मध्यं सर्वं जगच्चिदपि ब्रह्म यथास्थितं तत् ॥ २१ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'શિખિધ્વજપ્રબોધન' એ નામનો સત્તાણુમો સર્ગ સંપૂર્ણ. ૯૭

સર્ગ ૯૮ મો.*

ચિત્તસત્તાનો નિરાસ

॥ શિખિધ્વજ ઉવાચ ॥

चित्तं नास्तीति मे बोधो यथा युक्त्या स्फुटं भवेत्। तामन्यामथवा ब्रूहि बुद्धं न निपुणं मया ॥१॥

શિખિધ્વજ રાજા કહે છેઃ–ચિત્તજ છે નહિ એવો બોધ જેમ યુક્તિવડે ખુલ્લી રીતે થઇ જાય તેવી કોઈ બીજી યુક્તિ આપ કહો અથવા પ્રથમ કહેલી યુક્તિને ખુલ્લી રીતે કહી બતાવો, કેમકે હજી હું બરાબર સારી રીતે સમજ્યો નથી.[१]

કુંભમુનિ કહે છેઃ–હે રાજા શિખિધ્વજ! કોઇ કાલમાં, કોઈ દેશમાં કે કોઇ વસ્તુને રૂપે ચિત્ત છેજ નહિ. જે કાંઇ ચિત્તના જેવું ભાસે છે તે એક સત્ય બ્રહ્મરૂપજ છે.[२] જો આ (ચિત્ત આદિ) જગત અજ્ઞાનરૂપ હોવાથી (જ્ઞાનવડે તેનો બાધ થઈ જતાં) તે છેજ નહિ તો પછી હું, તમે, તે ઇત્યાદિ ચિત્તે કલ્પી લીધેલી કલ્પના ક્યાંથીજ હોય? નજ હોય.[३] જે કાંઇ આ જગત (ભ્રમવડે) દેખાય છે તે બધું એક બ્રહ્મરૂપજ છે માટે (દ્રષ્ટા દૃશ્ય અને દર્શન એ બધું એક બ્રહ્મરૂપજ હોવાથી) તે કોનાથી જણાય અને શી રીતે જણાય?[४] મહાપ્રલય થયા પછી સૃષ્ટિના આરંભકાલમાંજ આ જગત થયું નથી; પરંતુ તમને બોધ થવામાટે (અધ્યારોપ દૃષ્ટિએ) મેં તેનો નિર્દેશ કરી બતાવ્યો છે.[५] ઉપાદાનકારણ આદિ કારણોનો અભાવ હોવાને લીધે અને કારણવિના સર્વ (કાર્યરૂપ) પદાર્થોનો અસંભવજ હોવાથી તે કશું છેજ નહિ.[६] એ રીતે આ જગત અજ્ઞાનબુદ્ધિવડેજ પ્રતીતિમાં આવતું હોવાથી તે વિદ્યમાનજ નથી અને જે કાંઈ (જગતના) આભાસરૂપે ભાસે છે તે બ્રહ્મજ છે, તે વિના બીજું કાંઇ નથી.[७] નામરૂપ

* આ અઠ્ઠાણુમા સર્ગમાં ચિત્તજ છે નહિ એવો બોધ દૃઢ થવામાટે ચિત્તના આલંબન કોઇ વિષય ન હોવાથી ચિત્તનો પણ અસંભવ થઇ જતાં કેવળ સત્ય બ્રહ્મરૂપજ સર્વ છે એ વાત કહેવાશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગરનાજ પરમેશ્વરને વિષે " તે આ નામરૂપવાળાં જગતને કરે છે " એવું મિથ્યા બોલવું ઘટતું નથી, સત્ય પણ નથી અને અનુભવમાં પણ આવતું નથી.૮ નામરૂપરહિત પોતાના સ્વસ્વરૂપમાંજ રહેલા (સર્વશક્તિમાન) ઈશ્વર કે જે દુઃખશૂન્ય અને સદા કૃતકૃત્યજ છે તે આ જગતને (વૃથા) રચે છે એવું તાત્પર્યવગરના અર્થવાદોનું* કહેવું હાસ્યજનક છે.૯ હે સુશીલ રાજા શિખિધ્વજ ! આ યુક્તિવડે ચિત્ત પણ અસિદ્ધ ઠરે છે, કેમકે જો જગતજ સત્ય નથી તો પછી તેમાં રહેલું ચિત્ત આદિ ક્યાંથીજ સત્ય હોય? (નજ હોય).૧૦ ચિત્તનું સ્વરૂપ (વિચારવા જતાં) વાસના માત્રજ છે. વાસના થવાનો કાંઇ વિષય હોય તોજ વાસના થાય છે, પરંતુ વાસનાનો વિષય જે જગત છે (તેના શબ્દ–સ્પર્શાદિક વિષયો છે) તેજ અસત્ય છે તો પછી ચિત્તનું અસ્તિત્વ (સત્યપણું) ક્યાંથીજ હોય ?૧૧ બ્રહ્મ પોતે પોતાના આત્માવડે પોતાનામાં જે પ્રકાશી રહેલ છે તેણેજ (માયાવડે) પોતામાં ચિત્ત ઇત્યાદિ નામો કલ્પી લીધેલ છે.૧૨ આ દૃશ્ય જગત જો હોય તો હજી તેમાં વાસના થવાનો અવકાશ આવે; પરંતુ પ્રથમ કારણજ ન હોવાનેલીધે એ જગતજ ઉત્પન્ન નથી થયું તો પછી ચિત્ત તો ક્યાંથીજ હોય ?૧૩ માટે પરમાકાશ એવા નામને ધારણ કરનાર ચિદાકાશરૂપી અનંત એ જ્ઞાનજ (સર્વત્ર) પ્રકાશી રહ્યું છે તેમાં વળી જગતની સત્તા ક્યાંથી હોય ?૧૪ એ પરમ આકાશાત્મક ચૈતન્યરૂપી અરીસામાં (બિંબપ્રતિબિંબભાવથી) જે કાંઇ અનિર્વચનીય માયા જણાય છે તે પણ ચિત્ત કે જગતની ક્રિયા ઉત્પન્નજ નહિ થયેલી હોવાથી નથી.૧૫ અનેક અનર્થોને ઉત્પન્ન કરનારૂં હું, તમે અને આ જગત ઈત્યાદિ ભેદજ્ઞાન પણ હું કે જે સાક્ષીરૂપ છું તેને સ્વપ્નમાં અનુભવાતા પદાર્થોનીપેઠે મિથ્યાજ ભાસે છે.૧૬ જગત કે જે વાસનાનો વિષય છે તેનો અભાવ હોવાથી જ્યારે વાસના નથી ત્યારે પછી એ વાસનાત્મક ચિત્ત ક્યાંથી હોય, કેમ રહી શકે, ક્યાં રહે અને કયે રૂપે રહે?૧૭ અજ્ઞાની પુરુષોએ પોતાના ચિત્તનેજ આ દૃશ્ય જગતને આકારે કલ્પી લીધેલ છે. એ નિરાકાર ચિત્ત પ્રથમ ઉત્પન્નજ ન થયાથી અસત્ય છે અને સૃષ્ટિના આરંભકાલમાં કાંઈ કારણજ ન હોવાથી સર્વદા એ ઉત્પન્નજ થયેલ નથી. લોક, શાસ્ત્ર અને અનુભવથી (વિચાર કરતાં) દૃશ્યવસ્તુનું અનાદિપણું, જન્મઆદિ વિકાર રહિતપણું કે નિત્યપણું ઘટતુંજ નથી. સાકાર સ્થૂલ અને ક્ષણિક આકૃતિવાળાં આ જગતના લોક શાસ્ત્ર અને અનુભવથી સિદ્ધ થતા મહાપ્રલયાદિક વિકારો તેનો નિષેધ કરનારાં બીજાં તેવાં સમસ્ત કારણો નહિ હોવાથી નિષેધ કરી શકાતાં નથી.૧૮-૨૧ શાસ્ત્ર, અનુભવ અને વેદતાત્પર્ય એ સર્વના સિદ્ધાંતોવડે સિદ્ધ થતા ત્રણ* પ્રકારના (મહાપ્રલય અને નિત્ય પ્રલય એવા નામના) પ્રલયો છેજ નહિ એમ ઉન્મત્તજ (ઘેલો માણસજ) કહે.૨૨ જેની બુદ્ધિને લોક, શાસ્ત્રો અને વેદો પ્રમાણરૂપ લાગતાં નથી તે પુરુષ ચાર્વાકાદિક અસત્પુરુષોના કરતાં પણ અતિમૂઢ છે માટે સજ્જન પુરુષે તેનો આશ્રય કરવો નહિ.૨૩ નાશવાળાં અને

* પ્રશંસા કે નિંદાને બતાવનારાં વાક્યો અર્થવાદ કહેવાય છે. सादित्यो यूपः यजमानः प्रस्तरः ઈત્યાદિ તેનાં દૃષ્ટાંતો મીમાંસાશાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.

* બીજે કેટલેક ઠેકાણે નિત્ય, નૈમિત્તિક, પ્રાકૃતિક અને આત્યંતિક એવા પ્રલયના ચાર ભેદ બતાવ્યા છે; પરંતુ અહીં પ્રાકૃતિક અને નૈમિત્તિકનો એકજ પ્રલયમાં સમાવેશ કરી ત્રણ બતાવ્યા હોય એમ લાગે છે અથવા મહાપ્રલય પ્રથમ બતાવી ગયા છે એટલે તેની સાથેના બીજા ત્રણ પ્રલયોની ગણના અહીં બતાવી છે એમ સમજી લેવું. કિંવા તે अत्रयः એમ પદચ્છેદ કરવાથી સંખ્યારૂપ અર્થજ ન કરીએ તો કશો વાંધો આવતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(સાકાર હોવાથી) દેખવામાં આવતા આ જગતનું કારણ નાશરહિત અને નિરાકાર બ્રહ્મ ઘટી શકતું નથી.[24] હે તત્ત્વજ્ઞ રાજા ! એ પ્રમાણે જગતને માત્ર બ્રહ્મદૃષ્ટિએ જોતાં પણ તેનું (સ્વપ્નદૃષ્ટ પદાર્થોનીપેઠે) કાર્ય કરવાપણું કાયમજ રહે છે પરંતુ તે (વસ્તુદૃષ્ટિએ) આવું સ્થૂલ આકારવાળું નથી પણ બ્રહ્મરૂપજ છે.[25] નિરાકાર, અનંત, સર્વથી અનાદિ, નિરંશ, (જેના વિભાગ ન કલ્પી શકાય તેવું), સર્વરૂપ, પૂર્ણ અને શાંત એ પરબ્રહ્મ પોતે પોતાની મેળેજ પોતાના નિર્વિકાર સ્વરૂપનું માયામાં પ્રતિબિંબ પડતાં પોતાના સ્વરૂપનેજ સૃષ્ટિપ્રલયઆદિનાં રૂપને ધારણ કરવાવાળાં જગતને આકારે કેમ જાણે સમજતું હોય તેમ (અજ્ઞાનકાલમાં) ભાસે છે અને પાછું ક્ષણમાત્રમાં જ્ઞાન થઇ જતાં તેજ પોતાનું સ્વરૂપ અદ્વિતીય બ્રહ્મમાં બ્રહ્મરૂપજ જણાય છે માટે એ સર્વ બ્રહ્મજ છે.[26-28] કોઇ ઠેકાણે જગત આદિની બુદ્ધિજ નથી તો પછી ચિત્ત આદિ અને ચિત્તના અભાવ આદિ કલ્પના ક્યાંથી હોય? તથા દ્વિત્વ એકત્વ આદિ સંખ્યાની કલ્પના પણ ક્યાંથી હોય ? (નજ હોય.)[29] એ રીતે ખરૂં જાણ્યાથી આ જગત આદિ સર્વ જેમ છે તેમ રહ્યા છતાં પણ શાંત નિરાલંબ જન્મરહિત અનાદિ બ્રહ્મરૂપજ છે અને (અજ્ઞાનદૃષ્ટિએ જોવામાં આવતું) આ નામરૂપાત્મક સર્વ દૃશ્ય (સાવ મિથ્યાજ હોવાથી) અનેક પ્રકારે કે એક પ્રકારે કહી શકાતું નથી; માટે તમે જેમ હાલ ચાલે છે તેમજ વ્યવહાર કરતાં છતાં (તત્ત્વજ્ઞાનવડે ખરૂં સમજી લઇ) વાણિ આદિ વ્યાપારરહિત થઇ રહો.[30]

सर्वं निरालम्बमजं प्रशांतमनादिरीत्यात्मयथास्थितं सत्॥ इदं तु नानेव न चाप्यनाना यथास्थितं तिष्ठ सुकाष्टमौनम् ॥ ३० ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણપ્રકરણના પૂર્વાર્દ્ધનો ‘ શિખિધ્વજાવબોધન ’ એ નામનો અઠ્ઠાણુમો સર્ગ સંપૂર્ણ. ૯૮

સર્ગ ૯૯ મો.*

બ્રહ્મ અને જગત

॥ शिखिध्वज उवाच ।

नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्महामुने । स्थितोस्मि गतसंदेहो विश्रांतमतिरात्मवान्॥१॥

શિખિધ્વજ રાજા કહે છેઃ-હે મહામુનિ દેવપુત્ર ! આપની કૃપાથી મારૂં અજ્ઞાન જતું રહ્યું અને ભૂલાઇ ગયેલા આત્મસ્વરૂપની પાછી સ્મૃતિ થઈ. હવે હું નિઃસંદેહ, વિશ્રાંત બુદ્ધિવાળો અને જ્ઞાનવાન થયો છું.[1] જે કાંઈ જાણવાનું હતું તે સઘળું હું જાણી ચૂક્યો છું. નિઃસંકલ્પનારૂપી મહામૌન મેં ગ્રહણ કર્યું છે. માયારૂપી મહાસમુદ્રને હું તરી ગયો છું. હું શાંત, અહંકારરહિત, બોધવાળો અને દુઃખરહિત થઇ રહ્યો છું.[2] અહો ! હું ઘણા કાળસુધી આ સંસારસાગરમાં ભટક્યો છું. હમણા આપની કૃપાથી નિશ્ચલ પરબ્રહ્મરૂપી અક્ષય સ્થાનને પ્રાપ્ત થયો.[3] હે તત્ત્વજ્ઞ દેવપુત્ર! એ રીતે આપનો કહેલો સિદ્ધાંત સિદ્ધ થતાં મૂર્ખ લોકોની દૃષ્ટિમાં આવતા આ ત્રણેય લોકો અહંકાર આદિ સહિત છેજ નહિ અને જે કાંઈ ભાસે છે તે સર્વ બ્રહ્મજ છે એમ હું જાણું છું.[4]

કુંભમુનિ કહે છેઃ-જ્યાં જગતજ નથી ત્યાં વળી હું તમે ઈત્યાદિ ગંધર્વનગરના જેવો મિથ્યા વ્યવહાર ક્યાં રહે, શું નિમિત્તથી રહે, શી રીતે રહી શકે અને કોની પેઠે રહે ?[5] હે રાજા શિખિધ્વજ ! માટે તમે શાંત સમુદ્રમાં પડતી ઘુમરીઓના ચક્કરનીપેઠે યથાસ્થિત વ્યવહાર કરતાં નિઃસંકલ્પપણાથી શાંત મન રાખી રહો.[6] એ પ્રમાણે આ સઘળું યથાસ્થિત શાંત બ્રહ્મરૂપ છે અને અહંકાર જગત આદિ નામરૂપનું સ્વ-

* આ નવ્વાણુમા સર્ગમાં રાજાને જ્ઞાન થયા છતાં પાછો તે બોધ દૃઢ થવાસારૂ સ્થૂલાનિખનનન્યાયથી કુંભમુનિ ફરી વાર તેને બોધ આપશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂપ તો આકાશના જેવું શૂન્ય છે.[૭] જે સર્વ સંસારને નામે પ્રતીતિમાં આવે છે તે આદિ અંતરહિત આ ચિદાકાશજ (માયાના સંબંધવડે) ચમત્કારવાળું થઈ જઈ પોતાના ચાકચાક્યથી દીપી રહેલું છે.[૮] જેમ સોનાના દાગીનાઓમાં તેના આકારની દૃષ્ટિ મટી જતાં તે સુવર્ણરૂપજ દેખાય છે તેમ જગત આદિ પદાર્થોમાં નામરૂપ આદિની દૃષ્ટિ મટી જતાં આ સઘળું બ્રહ્મરૂપજ દેખાય છે,[૯] જેમ સ્વયંભૂ (સમષ્ટિદેહનો અભિમાની) ઈશ્વરના માત્ર સંકલ્પરૂપજ છે તેમ પોતે (હું એવો વ્યષ્ટિદેહનો અભિમાની) પણ જીવના માત્ર સંકલ્પરૂપજ છે અને એ બન્નેના બંધમોક્ષનો આધાર તેવાં તેવાં અભિમાનનો સ્વીકાર કરવાની તથા તેવાં તેવાં અભિમાનનો ત્યાગ કરવાની સમજણ ઉપરજ માત્ર રહેલ છે.[૧૦] હું છું એવો સંકલ્પજ માત્ર અનેક અનર્થો ઉત્પન્ન કરનારા બંધનમાં નાખે છે અને હું નથી એવો સંકલ્પ નિર્મલ સુખરૂપ મોક્ષ આપનાર છે.[૧૧] નિરંતર અનુક્રમે ઉત્પન્ન થનારા બંધ-મોક્ષના સંકલ્પોનો અને નામ-રૂપનો જે સાક્ષી છે તેજ સત્ય છે અને બ્રહ્મરૂપજ છે. તેને પોતાના આત્મારૂપ સમજવો એજ મોક્ષ કહેવાય છે.[૧૨] હું નથી એવો અહંકારનો ત્યાગ થવો એજ મોક્ષરૂપ સિદ્ધિ આપનાર છે અને હું છું એવો અહંકાર થવો એજ અનેક આપત્તિ આપનારા બંધને ઉત્પન્ન કરે છે, માટે તમે હું (અહંકારનેરૂપે સ્ફુરી આવતો) હુંજ નથી એવો અહંકારનો ત્યાગ કરી, શુદ્ધજ્ઞાનવાળા અને એક સ્વસ્વરૂપમાંજ સ્થિતિવાળા થાઓ.[૧૩]

સારી રીતે જ્ઞાન થવાથી ઉત્પન્ન થનારા સંકલ્પક્ષયવડેજ માત્ર મિથ્યારૂપે સ્ફુરેલ સંકલ્પ પોતાની મેળેજ નાશ પામી જાય છે કે જે મોક્ષરૂપી સિદ્ધિને આપનાર છે.[૧૪] સુખરૂપ અને અતર્ક્ય (તર્કમાં પણ ન આવી શકે તેવા) પોતાના આત્મસ્વરૂપ પરબ્રહ્મમાં કારણપણું ઘટતું નથી, કારણનો અભાવ થઇ જતાં કાર્યરૂપ કોઈ પણ પદાર્થજ નથી.[૧૫] પદાર્થનો અભાવ સિદ્ધ થતાં સંકલ્પજ (સંકલ્પનો કાંઇ વિષય ન હોવાથી) ઘટતો નથી, સંકલ્પરૂપી કારણનો અભાવ થતાં અહંકારનો ઉદય થવો પણ ઘટતો નથી[૧૬] અને અહંકારનો ઉદય ન થતાં સંસાર કોને અને કેવી રીતે ઘટી શકે? તેથી સંસારનો પણ અભાવ સિદ્ધ થતાં સર્વ બ્રહ્મરૂપેજ અવષેશ રહે છે.[૧૭] જે કાંઇ આ જગતને આકારે ભાસે છે તે (પ્રથમ અજ્ઞાનદશામાં પણ) સત્ય પરબ્રહ્મજ પોતાના આત્મામાં તેવી રીતે થઇ રહેલું દેખાય છે અને પોતાના શુદ્ધ સ્વભાવમાં રહેલ પોતાના સ્વરૂપવડે પરિપૂર્ણ તે પરબ્રહ્મજ (જ્ઞાન થતાં) પોતાના નિર્વિકાર આત્મરૂપે દેખાય છે.[૧૮] પરબ્રહ્મનું સદાકાલ એકરૂપપણું હોવાથી વજ્રશિલાવડે ધાટા થઇ રહેલા વજ્રશિલાના અંદરના ભાગનીપેઠે તે સદા દૃઢ અને એકરસ છે તથા તેની અંદર જેમ વજ્રમણિના કિરણોરૂપી અનેક પ્રતિબિંબના આકારો એ મણિમાં દેખવામાં આવે તેમ આ જગત દેખાય છે.[૧૯] સંકલ્પવડે રચાએલા નગરનું સંકલ્પનો નાશ થયા પછી જેવું રૂપ રહે તેવું (શૂન્ય)જ તમે આ જગતનું રૂપ સમજો કે જે બ્રહ્મદૃષ્ટિએ નિર્વિકાર અને સત્ય છે તથા નામરૂપ દૃષ્ટિએ જોતાં મિથ્યા છે.[૨૦] (વજ્રમણિની શિલાની અંદર પ્રતિબિંબિત થયેલા) છાયાપુરુષની પેઠે મિથ્યા ક્રિયાવાળું જણાતું આ જગત શાંત, મન આદિથી રહિત અને નામરૂપવિનાનું (બ્રહ્મજ) છે એમ જે દેખે છે તેજ ખરૂં દેખે છે.[૨૧]

સારી રીતે જ્ઞાનનો ઉદય થયાથી રૂપાદિક બાહ્ય વિષયો અને સંકલ્પાદિ આંતર વિષયો નિઃસાર જ છે એવો શાસ્ત્રપ્રમાણથી સિદ્ધ થએલો નિશ્ચય દૃઢ થઇ જાય છે તેનેજ ડાહ્યાં માણસો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોક્ષનો હેતુ કહે છે.[૨૨] જેમ વાયુ ચલન વગરનો પોતાના સ્વરૂપમાં સ્થિર રહે છે, જેમ આકાશમાં દીપાદિક આકારવિના પણ પ્રકાશ રહે છે અને જેમ કડાં આદિ દાગીનાના આકારવિના પણ સોનું પોતાના સ્વભાવિક રૂપમાં રહે છે તેમ આ જગત પોતાના નામરૂપવિના બ્રહ્મમાં (એકરૂપ થઇ) રહેલ છે,[૨૩] (જ્ઞાન થતાં) બ્રહ્મરૂપ થઇ ગયેલ આ જગતના જગતની પ્રતીતિ ઉત્પન્ન કરનારા રૂપાદિ બાહ્યવિષયો અને સંકલ્પાદિક આંતરવિષયો નિઃસાર છે અને અસત્ય છતાં મિથ્યારૂપેજ ભાસી રહ્યા છે.[૨૪] જેમ સમુદ્રમાં ઘણાક તરંગ આદિ વિકારો તત્ત્વદૃષ્ટિએ જોતાં તરંગાદિ નામરૂપવગરના જલરૂપજ છે તેમ આ જગતમાં અનેકરૂપે દેખાતા પદાર્થો પણ જ્ઞાન થતાં પોતાના સ્વાભાવિક સ્વરૂપમાં રહેલ એક પરબ્રહ્મજ છે.[૨૬] સૃષ્ટિનાં નામ રૂપ એ બન્ને બાદ કરતાં સર્વ સૃષ્ટિ પરબ્રહ્મરૂપજ છે અને પરબ્રહ્મ સર્વ સૃષ્ટિરૂપ છે એજ (सर्वं खल्विदं ब्रह्म ઇત્યાદિ) શ્રૌત વાક્યોનો નિર્બાધ અર્થ છે.[૨૬] (बृहत्त्वाद्ब्रह्म એ વ્યાખ્યાનપ્રમાણે) અનંત હોવાથી અતિ વિસ્તીર્ણ એવો બ્રહ્મ શબ્દનો અર્થ થતાં (અનંત અને અતિ વિસ્તીર્ણ તત્ત્વનું નામરૂપરહિતપણુંજ ઘટતું હોવાથી) નામ અને રૂપ એ બન્નેના ત્યાગરૂપી અર્થને બતાવનાર સર્ગશબ્દ તેમાં ઘટી શકે છે તેમજ (नामरूपयोर्विसर्गो नामत्यागः એ વ્યાખ્યાનપ્રમાણે) નામ અને રૂપ એ બન્નેનો ત્યાગ એવો સર્ગશબ્દનો અર્થ થતાં નામરૂપરહિત તત્ત્વ અનંત અને અતિવિસ્તીર્ણ હોવાથી તેવા અર્થને બતાવનાર બ્રહ્મશબ્દ તેમાં ઘટિત છે,[૨૭] (તે બન્ને પર્યાય શબ્દજ છે) સર્વ નામરૂપની ભાવનાને નહિ થવા દેતાં અનુભવમાં આવતું શુદ્ધ ચિદાકાશજ બ્રહ્મશબ્દથી કહેવામાં આવે છે. સારી રીતે જ્ઞાનસિદ્ધ થયાથી જગત અને બ્રહ્મ એ બન્નેના સંબંધમાં કાંઈ સંકલ્પજ ન સ્ફુરતાં જે કાંઇ (નિદિધ્યાસનવડે થયેલ અનુભવરૂપે) અવશેષ રહે છે તે તત્ત્વ જરામરણાદિક વિકારથી રહિત અને શાંત છે કે જ્યાં વાણી પહોંચી શકતી નથી.[૨૯] આ જગતનું જે કાંઇ સ્વરૂપ યથાસ્થિતપણાથી રહેલ છે તે પાષાણના જેવા અતિ દૃઢ બ્રહ્મરૂપજ છે અને જ્ઞાન થતાં જગદૃષ્ટિનો બાધ થયાથી પણ સર્વ સંકલ્પસમૂહોથી રહિત થઇ જઇ તે પરમ જ્ઞાનરૂપ એક સ્વરૂપેજ રહેલું જણાય છે.[૩૦]

सशांतसर्वात्मकवेदनौघमस्तीदमेकात्मकस्वस्वरूपम् ॥ यथास्थितं सर्वजगत्स्वरूपं पाषाणरूपं च परं ज्ञरूपम् ॥ ३० ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો ‘ શિખિધ્વજાવબોધન ’ એ નામનો નવ્વાણુમો સર્ગ સંપૂર્ણ. ૯૯

सर्ग १०० मो.*

બ્રહ્મની સત્યતા

॥ शिखिध्वज उवाच ॥

एवं चेत्तन्महाबुद्धे यादृशं कारणं परम् ॥
कार्यं तादृशमेवेदं जगदित्येव वेद्म्यहम् ॥ १ ॥

શિખિધ્વજ રાજા કહે છેઃ–હે મહાબુદ્ધિમાન દેવપુત્ર ! જેવું કારણરૂપ બ્રહ્મ (સત્ય) છે તેવુંજ આ કાર્યરૂપ જગત (સત્ય) છે એમ હું જાણું છું.[૧]

કુંભમુનિ કહે છેઃ–જ્યાં કારણપણું સંભવતું હોય ત્યાં હજી તેનાથી કાર્ય થવાની વાત ઘટી શકે પરંતુ પ્રથમ જે કારણજ ન હોય તો તેનાથી કાર્ય ક્યાંથી થાય ? (ન થાય.)[૨] આ પરબ્રહ્મમાં કાંઇ કારણ કે કાર્ય છે નહિ. જે

---

* આ સોમા સર્ગમાં બ્રહ્મની સત્તાવડે બ્રહ્મની પેઠે જગતની સત્તાની સંભાવના થતાં તેનો નિષેધ કર્યો છે અને જન્માદિ વિકાર વગરનું બ્રહ્મજ સત્ય છે એમ સિદ્ધ કર્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંઇ આ સર્વ જગતરૂપે વિદ્યમાન જણાય છે તે બધું જન્મ આદિ વિકાર વગરનું શાંત બ્રહ્મરૂપ છે.[૩] જો કારણમાંથી કાર્ય ઉત્પન્ન થાય તો (મૃદ્‌ઘટાદિનીપેઠે) તે કારણના જેવુંજ થાય પણ જ્યાં કાર્ય ઉત્પન્નજ ન થયું હોય ત્યાં કાર્ય-કારણના સરખાપણાની વાત ક્યાંથી હોય?[૪] જેનું બીજજ ન હોય તે ક્યાંથી થાય એ તમેજ કહો અને જે અતર્ક્ય તથા નામરૂપાદિકથી રહિત છે તે (બ્રહ્મ)નું બીજપણું શી રીતે ઘટી શકે?[૫] સર્વ પદાર્થો દેશકાલને યોગે કારણમાંથી ઉત્પન્ન થાય છે એ પ્રમાણસિદ્ધ છે પરંતુ બ્રહ્મ કે જે (નિર્ગુણ હોવાથી) કર્તા નથી તે (દેશકાલવડે અપરિમેય હોવાથી) પ્રમાણનો અને કારણનો વિષય કેમ થાય?[૬] કર્તા,કર્મ અને કરણ વગરના એ પરબ્રહ્મમાં કારણપણું છે નહિ તેથી તેના કાર્યરૂપે જણાતું આ નામરૂપાત્મક જગત પણ થયુંજ નથી.[૭] માટે શુદ્ધ આકાશના જેવું બ્રહ્મજ તમારૂં પોતાનું સ્વરૂપ છે કે જે સદ્રૂપે સર્વત્ર રહેલ છે તેથી તમે તેવીજ ભાવના રાખો. એ બ્રહ્મજ અજ્ઞાની પુરુષોની દૃષ્ટિમાં જગતને આકારે ફેલાઈ રહેલું દેખાય છે અને તેજ નિર્વિકાર સત્યબ્રહ્મ (દૃશ્યને આકારે બની ગયેલાં ચિત્તની ભ્રાંતિથી) જગતને આકારે ભાસે છે.[૮-૯] હે રાજા શિખિધ્વજ ! ચિત્તની વૃતિ બ્રહ્માકાર નહિ રહેતાં તેનું બીજી રીતે (બાહ્યાકાર) થઇ જવું એજ તેના બ્રહ્મસ્વરૂપની હાનિ થવાનું કારણ છે. આ વાત તત્ત્વજ્ઞ પંડિતોએ પોતે જાતે અનુભવેલ છે.[૧૦] હે રાજા શિખિધ્વજ ! ચિત્ત પોતે (ચંચલ હોવાથી) સ્વભાવેજ આત્મસ્વરૂપનું વિસ્મણ કરાવવારૂપી નાશને ઉત્પન્ન કરનાર છે. બાહ્યવૃત્તિવડે બ્રહ્મ સ્વરૂપનું વિસ્મરણ કરાવવું એજ તેનું રૂપ છે જેથી ક્ષણમાત્ર પણ જો તે આત્મસ્વરૂપનું વિસ્મરણ કરાવી દે તો તે ચિત્તશબ્દથી કહેવાય છે કે જે ચિત્ત પ્રલયકાલપર્યંત આત્મસ્વરૂપને ભૂલાવી દે છે. સારી રીતે જ્ઞાન થવાથી ઉત્પન્ન થનારા સંકલ્પનાશવડે સંકલ્પ પોતે મિથ્યારૂપ હોવાથી પોતાની મેળેજ નાશ પામી જાય છે કે જે (સંકલ્પનાશ)વડે મોક્ષસિદ્ધિ મળે છે.[૧૧-૧૨] હે કમલ જેવાં સુંદર નેત્રવાળા રાજા ! विशति परमात्मन्येकीभवति न वस्त्वंतरतयाऽवतिष्ठते इति विश्वं (જે પરમાત્મામાં પ્રવેશ કરે એટલે એકરૂપ થઇ જાય પણ જુદી વસ્તુરૂપે ન રહે તે વિશ્વ) આ વ્યુત્પતિ પ્રમાણે વિશ્વ જગત પોતેજ પોતાના નામવડે પોતાનો અભાવ અંગીકાર કરે છે તો પછી તે વિદ્યમાન (પરમાત્માથી જુદી સત્તાવાળું) કેમ કહેવાય ?[૧૩] જે પુરુષ ઉંચા હાથ કરી અતિ ઉંચા સ્વરથી કહે કે હું શૂદ્ર છું તે બ્રાહ્મણ શી રીતે હોય અને તેનું બ્રાહ્મણપણું કેવું હોય ? (ન હોય.)[૧૪] જે પુરુષના રસ-રક્ત આદિ ધાતુઓ (સન્નિપાતવડે) કોપી જવાથી (આસન્ન મરણનેલીધે) જે હું મરી જાઉં છું એમ ઉચ્ચ સ્વરથી કહેતો હોય તેને તમે મૃત્યુની દાઢમાં આવેલોજ સમજો; કેમકે તેનું જીવવું ભ્રમમાત્ર છે. (આ દૃષ્ટાંતપ્રમાણે વિશ્વ શબ્દજ જગતનું અવસ્તુપણું બતાવે છે તો તેનું વસ્તુત્વ ક્યાંથી હોય ?)[૧૫] ચક્રને આકારે દેખાતાં ફરતાં ઉંબાડીયાંનીપેઠે, ઝાંઝવાના જલનીપેઠે, બે ચંદ્રમાની પ્રતીતિનીપેઠે અને બાળકને (ભયથી) જોવામાં આવતા વેતાલનીપેઠે જે ભ્રાંતિવડેજ આકારવાળું દેખાય તે કાંઈ સત્ય હોય ? (ન હોય.) કેમકે તે બધાનું ભ્રાંતિનું અતિશયપણું એજ સ્વરૂપ છે; માટે પોતાની અંદર અજ્ઞાનરૂપી ભ્રાંતિજ ચિત્તશબ્દથી કહેવામાં આવે છે.[૧૬,૧૭] અજ્ઞાનજ ચિત્ત કહેવાય છે કે જે મિથ્યા છતાં સત્ય જેવું ભાસે છે, પદાર્થનું જે ખરેખરૂં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાસ્તવ સ્વરૂપ ન ઓળખાય તે અજ્ઞાન અને તેનું બરાબર વાસ્તવ સ્વરૂપ ઓળખાય તે જ્ઞાન કહેવાય.[૧૮] અજ્ઞાનનું જે અસ્તિત્વ પ્રતીતિમાં આવે છે તે તો (પદાર્થનું) ખરૂં સ્વરૂપ જાણવારૂપી જ્ઞાનવડે નાશ પામી જાય છે. હે સુશીલ રાજા! ઝાંઝવામાં જે જલનું જ્ઞાન થવું તે સાવ ખોટી ભ્રાંતિજ છે અને તે ભ્રાંતિ આ (ઝાંઝવાં) જલ નથી એવું ખરૂં જ્ઞાન થતાં નાશ પામી જાય છે. તેજપ્રમાણે હૃદયની અંદર આ ચિત્ત છે એવો અજ્ઞાનરૂપી પ્રૌઢ મેલ ચોટી બેઠો છે તે ચિત્તજ નથી એવું ખરૂં જ્ઞાન થયાથી મૂલસહિત નાશ પામી જાય છે. જેમ શીંદરીમાં અજ્ઞાનરૂપી ભ્રાંતિવડે ઉત્પન્ન થયેલ સર્પપણું 'આ (શીંદરી) સર્પ નથી' એવા હૃદયમાં દૃઢ થઇ ગયેલા જ્ઞાનથી નાશ પામી જાય છે તેમ પોતાના આત્મસ્વરૂપમાં અજ્ઞાનરૂપી ભ્રમવડે થયેલું ચિત્ત, 'ચિત્ત છેજ નહિ' એવા હૃદયમાં દૃઢ થઇ ગયેલા જ્ઞાનથી નાશ પામી જાય છે. ચિત્ત, મન, અહંકાર ઇત્યાદિ જે કાંઈ છે તે સઘળું પોતાના આત્માની અંદર અજ્ઞાનવડેજ ઉત્પન્ન થયેલ છે, બાકી ચિત્ત પણ નથી અને અહંકાર આદિ સહિત જે કાંઇ આ દેહાદિક છે તે પણ નથી; પરંતુ એકમાત્ર અત્યંત નિર્મલ આત્માજ છે કે જેણે અજ્ઞાનવડે મૂઢ બની જઈ સંકલ્પવડે ચિત્ત આદિ સર્વ કલ્પી લીધું હતું. હવે આજે સંકલ્પનો નાશ થઇ જતાં જ્ઞાન થવાથી એ મારા આત્માએ એ સર્વ ચિત્તાદિકનો (મિથ્યા સમજી) ત્યાગ કરી દીધેલ છે.[૧૯-૨૫] હે મહાબાહુ રાજા શિખિધ્વજ! જેમ અગ્નિમાં જ્વાલાઓનો સમૂહ પવનવડે ઉત્પન્ન થાય છે તેમ ચિત્ત આદિ જે સર્વ, સંકલ્પવડે ઉત્પન્ન થાય છે, તે બધું પાછું સંકલ્પનો ક્ષય થતાં નાશ પામી જાય છે.[૨૬] એ રીતે એક આત્મતત્ત્વથીજ ભરપૂર, અને સર્વત્ર પ્રસરી ગયેલી બ્રહ્મસત્તાવડે સમુદ્ર જેમ જલથી વ્યાપ્ત છે તેમ આ સર્વ જગત વ્યાપ્ત છે.[૨૭] હું નથી, તમે નથી, બીજો કોઈ પણ નથી, આ સર્વ દૃશ્ય પદાર્થો પણ નથી, ચિત્ત પણ નથી, ઈંદ્રિયો પણ નથી, અને આકાશ પણ નથી, એક ફક્ત નિર્મલ આત્માજ છે.[૨૮] એજ આત્મા (જીવન્મુક્તપુરુષોની દૃષ્ટિમાં) ઘટાદિક આકારને રૂપે દેખાય છે. તો તેમાં આ ચિત્ત છે, આ પદાર્થ છે અને આ હું છું એવી (દૃષ્ટા, દૃશ્ય અને દર્શનરૂપી ત્રિપુટીની) કુકલ્પના ક્યાંથીજ હોય.[૨૯] આ ત્રણેય લોકમાં કોઈ ઉત્પન્ન પણ થતું નથી અને કોઈ મરતું પણ નથી, પરંતુ કેવળ અનિર્વચનીય માયાવડે ચેતનસ્વરૂપ પરબ્રહ્મનોજ આ સઘળો ચમત્કાર છે.[૩૦] એકવાર (અજ્ઞાનવડે) પ્રકટરૂપે જોવામાં આવતું આ સઘળું, આત્મસ્વરૂપથી વ્યાપી રહેલ પરબ્રહ્મરૂપજ છે. દ્વિત્વ કે એકત્વ એ કશું છે નહિ તેમ ભ્રાંતિ કે મરણાદિજન્ય ભય એ પણ કાંઈ (બ્રહ્મ વ્યતિરિક્ત કાંઇ વસ્તુજ ન હોવાથી) નથી.[૩૧] હે મહાબુદ્ધિમાન પ્રિય રાજા શિખિધ્વજ! સર્વ ઈંદ્રિયસમૂહમાં અને તેવડે ગ્રહણ કરાતા સર્વ આકારોમાં સદ્રૂપથી તમેજ રહેલ છો અને તેનેલીધેજ તમારો (આત્માનો) દાહ થતો નથી અને ગુણદોષવડે તમે લેપાતા પણ નથી.[૩૨] હે પ્રિય રાજા! તમે નિર્મલ આકાશરૂપ છો, મોક્ષરૂપ છો, અને અનંત છો. તમારૂં કાંઈ નાશ પણ નથી પામતું અને કાંઈ વૃદ્ધિ પણ નથી પામતું.[૩૩] જેમ કલાઓ વિના ચંદ્ર દેખાતો નથી (તેથી કલાઓ પણ ચંદ્રરૂપજ છે) તેમ ઇચ્છા, અનિચ્છા અને ક્રિયા એ સઘળી તમારી શક્તિ હોવાથી તે પણ તમેજ છો.[૩૪] સ્વભાવેજ જન્મ, જરા અને વિપરિણામ એથી રહિત, અનાદિ, ફક્ત એકજ વખતે (દૃઢપુરુષાર્થવડે) અનુભવમાં આવતું, નિર્વિકાર હોવાથી સદા એકરૂપ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલ્પના વગરનું, નિર્મલ, કલા (જગતની કારીગીરી)રૂપી લીલાને ધારણ કરનાર સદ્રૂપે અનુભવમાં આવતું, અને સર્વના કરતાં પ્રથમ સિદ્ધ થતું એવું જે કાંઇ (વસ્તુ) છે તેજ આત્મતત્ત્વછે.[૩૫]

अजमजरमनाद्यजस्वभावं सकृदमलं विलसत्सदैकरूपम् ॥ विगलितकलनं कलाख्यलीलं सदुदितमाद्यमजं तदात्मतत्त्वम् ॥ ३५ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણનાપૂર્વાર્દ્ધનો 'શિખિધ્વજપરમાવબોધન' એ નામનો સોમો સર્ગ સંપૂર્ણ. ૧૦૦

सर्ग १०१ मो.*

શિખિધ્વજની કૃતકૃત્યતા

॥ श्रीवसिष्ठ उवाच ॥

इति कुंभवचो राजा भावयंस्तदकृत्रिमम् ॥
स्वयमात्मपदे तस्मिन् क्षणं परिणतोऽभवत् ॥१॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—એ રીતે કુંભમુનિનાં સત્ય વચનોનું મનન કરતાં પોતે રાજા શિખિધ્વજ એ આત્મારૂપ પરમપદમાં ક્ષણમાત્ર (સમાધિવડે) તદ્રૂપપણાને પ્રાપ્ત થયો.[૧] તત્ત્વને જાણી ગયેલો એ રાજા મનના વ્યાપારને (સંકલ્પને) તથા નેત્રોને બંધ કરી વાઙ્‌મૌન ધારણ કરી શિલામાં બનાવેલ પ્રતિમાદિકની પેઠે નિશ્ચલ અવયવોવાળો અને ચેષ્ટાવગરનો થઇ ગયો.[૨] હે મહાબાહુ રામચંદ્રજી ! પછી માત્ર એક મુહૂર્તસુધી રહી (સમાધિથી) જાગૃત થયેલ અને ખુલ્લાં નેત્રવાળા એ રાજાને કુંભમુનિને રૂપે આવેલી ચૂડાલાએ (નીચે પ્રમાણે) કહ્યું.[૩]

કુંભમુનિ કહે છેઃ—સર્વવ્યાપિ, (દેશકાલવડે અપરિમિત હોવાથી) અતિવિસ્તીર્ણ વિકલ્પરહિત થયેલા યોગીપુરુષોને સુંદર શય્યાનીપેઠે અત્યંત આનંદ આપનાર આ નિર્મલ પરમપદમાં શું તમે સુખેથી વિશ્રાંતિ કરી ?[૪] શું તમને અંતર (આત્માનું) જ્ઞાન થયું ? શું તમે ભ્રાંતિનો ત્યાગ કર્યો ? અને શું તમે જાણવાનું સર્વ જાણી લીધું અને જોવાનું સર્વ જોઇ લીધું ?[૫]

શિખિધ્વજ રાજા કહે છેઃ—હે મહારાજ ! મહાવૈભવોના જેવા નિરતિશય આનંદના સ્થાનરૂપ (પરમાત્મારૂપી) પરમપદ મેં જોયું કે જે આનંદ આપવામાં સર્વની ઉપર રહેલ છે.[૬] અહો, જાણવાનું (પરમતત્ત્વ) જેણે જાણી લીધું છે એવા જ્ઞાનવાન મહાત્માઓનો સમાગમ વિશેષે કરી અમૃતના જેવા એક અપૂર્વ આનંદને ઉત્પન્ન કરનાર છે અને સર્વના સારરૂપ (ઉત્તમ) ફલને આપનાર છે, જન્મથી માંડી આજ દિવસસુધી જે (આત્મારૂપ) ઉત્તમ અમૃત (અનાદિ અજ્ઞાનનેલીધે) મને મળ્યું ન હતું તે આજે આપનો સમાગમ થતાં પોતાની મેળેજ મને મળ્યું કે જે આત્મારૂપ અમૃત મારૂં પોતાનું સ્વરૂપજ છે.[૮] કમલના જેવાં સુંદર નેત્રવાળા હે દેવપુત્ર ! અનંત, સર્વનાથી આદિ, એ આત્મપદરૂપ અમૃત, પ્રથમ આજ દિવસસુધી મને કેમ નહિ મળ્યું હોય ?[૯]

કુંભમુનિ કહે છેઃ—જેમ મેલ વગરનાં શુદ્ધ ધોળાં વસ્ત્રમાં કુમકુમના જલના બિંદુઓનો રંગ બરાબર લાગી જાય તેમ જ્યારે ચિત્ત ભોગવાસનાઓને છોડી દઈ શાંત થઈ રહે અને સર્વ ઇંદ્રિયોના સમૂહનો તથા મનનો મેલ (કર્મવડે) બરાબર પાકી જાય ત્યારેજ ચિત્તમાં ગુરુનો નિર્મલ ઉપદેશ બરાબર લાગે છે.[૧૦,૧૧] (અનંત યોનિઓમાં ભટકવાથી) અનેક શરીરોવડે મેલા થયેલા તમારા પોતાની અનંતવાસનારૂપી મેલનો આજે બરાબર પરિપાક આવી

---

* આ સર્ગમાં રાજાને જ્ઞાનનું દઢપણું થવાથી તેની કૃતકૃત્યતા વર્ણવાશે અને જીવન્મુક્તદશામાં ચિત્તનો અભાવ તથા આત્મતત્ત્વ તરફ સ્થિતિ બતાવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયો છે.[૧૨] કમલ જેવાં સુંદર નેત્રવાળા હે સુશીલ રાજા! જેમ વૃક્ષમાંથી પરિપાક થતાં ફલો ગળી જઇ નીચે પડે તેમ લિંગદેહમાંથી પણ કાલે કરી પરિપાક આવી જતાં રાગાદિક મેલ અને પાપો ગળી જઇ પડી જાય છે.[૧૩] હે પ્રિય રાજા! સર્વ વાસનાઓરૂપી મેલ નાશ પામી ગયાથી જેમ કમલરૂપી કોમલ નિશામાં તાકેલું બાણ બરાબર ખુંચી જાય તેમ નિર્મલ ચિત્તમાં ગુરુ જે કહે તે બરાબર બેસી જાય છે.[૧૪] હે મહાબુદ્ધિમાન રાજા! તમારા વાસનારૂપી મેલનો બરોબર પાક આવી ગયાથી આજે મેં તમને બોધ કર્યો છે અને તેને લીધેજ આજે તમારા અજ્ઞાનનો ક્ષય થઇ ગયો છે.[૧૫] તમારો વાસનારૂપ મેલ આજે પાકી ગયો અને આજેજ જ્ઞાનને માટે મેં તમને કરેલો ઉપદેશ તમે બરાબર તાત્પર્યવડે સમજી ગયા અને એ ઉપદેશ તમારા હૃદયમાં દૃઢ બેસી ગયાથી આજજ તમે જ્ઞાનવાન થઇ ગયા છો.[૧૬] સત્સંગના મિષથી તમારાં સર્વ શુભાશુભ કર્મોનો ક્ષય આજ સિદ્ધ થયો.[૧૭] હે રાજા શિખિધ્વજ! જ્યાંસુધી આજના દિવસનો પૂર્વભાગ (પૂર્વાહ્ન) હતો ત્યાંસુધી તમારામાં હું અને મારૂં એવું ચિત્તરૂપી અજ્ઞાન રહ્યું હતું.[૧૮] હે રાજા! હમણા (આજના દિવસના પાછલા ભાગમાં) મારાં વચનો તમારા સમજવામાં આવતાં હૃદયમાંથી ચિત્તને છોડી દેવાથી એ ચિત્તનો ક્ષય થઈ જઈ તમે જ્ઞાનવાન થયા છો.[૧૯] જ્યાંસુધી હૃદયમાં ચિત્તની સત્તા હોય ત્યાંસુધી અજ્ઞાનની પણ સ્થિતિ રહે છે, અને એ ચિત્ત (તેનું કાંઇ વાસ્તવ્ય સ્વરૂપજ ન હોવાથી) મિથ્યા છે એમ સમજી તેનો ત્યાગ કરવામાં આવે ત્યારે જ્ઞાનનો ઉદય થાય છે.[૨૦] દ્વિત્વની અને એકત્વની (ભેદ-અભેદની) દૃષ્ટિ કરવી એજ (આત્મવ્યતિરિક્ત કાંઈ ન હોવાથી) ચિત્ત છે અને અજ્ઞાન પણ તેજ કહેવાય છે. પરમાત્માનો અપરોક્ષ અનુભવ થયાથી એ સર્વ દ્વિત્વ-એકત્વ આદિ વિકલ્પોનો લય થઇ જવો એજ જ્ઞાન છે અને પરમગતિરૂપ છે.[૨૧] હે રાજા! તમે જ્ઞાનવાન થયા છો, મુક્ત થયા છો. તમે ચિત્તનો ત્યાગ કર્યો છે કે જે (આત્મસ્વરૂપથી) સત્ય અને (ચિત્તરૂપે) મિથ્યા છે અને આ ખોટા જગતની કલ્પના થવાનું સ્થાન છે.[૨૨] તમે શોકવગરના, ચેષ્ટારહિત, નિઃસંગ, જ્ઞાનવાન, નિઃસહાય, મૌનવાળા, અને આત્મજ્ઞાનરૂપ મ્હોટો ઉદય થવાથી પૂર્ણ થઇ જઇ પોતાના નિર્મલ આત્મસ્વરૂપમાં સ્થિતિવાળા થાઓ.[૨૩]

શિખિધ્વજ રાજા કહે છેઃ—હે મહાઐશ્વર્યવાન સમર્થ દેવપુત્ર! આપ કહો છો તે પ્રમાણે મૂર્ખ માણસનેજ ચિત્ત હોય છે બાકી ચિત્તના સ્વરૂપને (મિથ્યા) સમજનાર જ્ઞાનવાન પુરુષને ચિત્તજ હોતું નથી તો પછી ચિત્તવગરના આપ આદિ જીવન્મુક્ત પુરુષો શી રીતે વ્યવહાર કરે છે તે આપ કહો. બીજાથી આપી ન શકાય તેવો આ વિષયનો ખુલાસો આપજ કરો અને એવી તરેહનાં સંદેહનિવર્તક વચનોરૂપી કિરણોવડે મારા હૃદયમાં રહેલ અંધારૂ (અજ્ઞાન) આપ નિપુણપણાથી મટાડો.[૨૪-૨૬]

કુંભમુનિ કહે છેઃ—હે તત્ત્વને જાણનાર રાજપુત્ર! એ વાત જેમ તમે કહો છો તેમજ છે. જેમ પાષાણને અંકુર હોતો નથી તેમ જીવન્મુક્ત પુરુષોને ચિત્ત હોતુંજ નથી.[૨૭] જે વાસના પુનર્જન્મને ઉત્પન્ન કરે છે તેવી ધાટી વાસનાજ ચિત્તશબ્દથી કહેવામાં આવે છે અને જ્ઞાનવાન પુરુષોને તે હોતી નથી.[૨૮] જે વાસનાવડે જ્ઞાનવાન પુરુષો કર્મમાં પ્રવૃત્ત થાય છે તે પુનર્જન્મને નહિ આપનારી શુદ્ધવાસના સત્વ શબ્દથી કહેવાય છે એમ તમે સમજો.[૨૯] જીવન્મુક્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાત્મા પુરુષો ઇંદ્રિયોને નિયમમાં રાખી સત્વ (કે જે પુનર્જન્મરહિત શુદ્ધ વાસના છે તે) માં રહી નિઃસંગપણાથી વ્યવહાર કરે છે પણ ચિત્ત (કે જે પુનર્જન્મને આપનારી ઘાટી વાસના છે તે)માં રહી કદી પણ વ્યવહાર કરતા નથી.[૩૦] જે ચિત્ત મૂઢ (અજ્ઞાનવાળું) હોય તે ચિત્ત કહેવાય અને જે ચિત્ત જ્ઞાનવાળું હોય તે સત્વ કહેવાય છે. અજ્ઞાનીપુરુષો ચિત્તમાં રહે છે અને જીવન્મુક્ત મહાત્માઓ સત્વમાં રહે છે.[૩૧] ચિત્ત વારંવાર ઉત્પન્ન થાય છે (પુનર્જન્મ આપે છે) અને સત્વ વારંવાર ઉત્પન્ન થતું નથી. (પુનર્જન્મ આપતું નથી.) હે રાજા ! અજ્ઞાની પુરુષોનેજ (અહંકારનેલીધે) બંધન છે જ્ઞાનવાનને (નિરહંકારતાથી) કશું બંધન છે નહિ.[૩૨] તમે સત્વવાન છો અને મહાત્યાગી થઇ રહ્યા છો. આજે તમે નિઃશેષપણાથી ચિત્તનો ત્યાગ કર્યો એમ હું સમજું છું.[૩૩] હે તત્ત્વજ્ઞ રાજા! સર્વ વાસનાઓ છુટી જવાથી આજે તમે બહુ સુશોભીત દેખાઓ છો. તમારૂં ચિત્ત આકાશના જેવું અસંગ, નિર્વિકાર અને વિશાલ છે એમ હું જાણું છું.[૩૪] તમે હવે પરમ શાંતિને પ્રાપ્ત થયા છો. તમને જ્ઞાન સિદ્ધ થયું છે અને તમે પરબ્રહ્મમાંએકસરખી રીતે સ્થિતિ રાખનાર થયા છો. હે સુશીલ રાજા! મેં ઉપદેશ કરેલાઅર્થની ધારણા રાખવામાં જાગ્રત થયેલી પરમજ્ઞાનવાળી બુદ્ધિવડે ચિત્ત કે જે સર્વરૂપે પ્રસરી રહ્યું છે તેનો તમે ત્યાગ કર્યો છે એજ મહાત્યાગ છે[૩૫] અને એ મહાત્યાગ સર્વોત્તમ હોવાથી સ્વર્ગ મોક્ષ અને ધનાદિરૂપ તથા તપ દાન અને તેનાં ફલ એ આદિરૂપ પણ તેજ છે.[૩૬] તપ, દુઃખની કેટલીક નિવૃત્તિ કરી શકે? (કાંઇ ન કરી શકે.) ચિત્તત્યાગરૂપી સમાનતાવડે જે મોક્ષસુખ મળે છે તે ક્ષય વગરનું છે, નિરતિશય (સર્વથી અધિક) છે, સત્ય છે અને નિરંતર રહેનાર છે. સ્વર્ગાદિક જે કાંઈ છે તે ક્ષણભંગુર હોવાથી તેવું (મોક્ષસુખ જેવું) નથી તથા ઉત્પત્તિ અને લય એ બન્નેવડે તે વ્યાપ્ત છે, અને (સ્વપ્નાદિકની પેઠે) જેટલો વખત સ્વર્ગમાં સ્થિતિ હોય તેટલો વખતજ વચમાં તે દેખાય છે અને આદિમાં કે અંતમાં તે જોવામાં આવતું નથી.[૩૭,૩૮] સ્વર્ગ છે તે પણ એક જાતનું તુચ્છ સુખ છે. વળી તે (થોડા અપરાધવડે પણ નાશ પામી જવાથી) સંદેહકોટિમાં રહેલ છે. જેમ જેને સોનું ન મળતું હોય તે શું પીતળને પણ છોડી દે છે? ન છોડી દે; તેમ જેને આત્મજ્ઞાન સિદ્ધ ન થતું હોય તેને માટે (સ્વર્ગાદિ સુખને સાધી આપનાર) કર્મકાંડ ઉત્તમ છે. પરંતુ તમને તો ચૂડાલા આદિનો સારી રીતે સંસર્ગ હોવાનેલીધે સુખે કરીને જ્ઞાન થઇ શકત તો પછી તમે તપવડે ઘણો ક્લેશ આપનારા અને આશ્રમ આદિ અનેક વિકલ્પોવડે સિદ્ધ થનારા આ કર્મમાર્ગ સંબંધી અનર્થમાં શામાટે મગ્ન થઇ રહ્યા?[૩૯-૪૬] હે સદ્બુદ્ધિમાન રાજા! એ તપને આદિભાગ (પ્રથમ કરવાનો સમય) અને અંતભાગ (તપનું ફલ ભોગવાઇ રહ્યાનો સમય) એ બન્ને દુઃખરૂપજ છે. માત્ર વચમાં (તપના ફલરૂપ સ્વર્ગસુખ ભોગવવાના વખતમાં) જ માત્ર તે સુખરૂપ દેખાય છે માટે હમણાં (તપવડે ચિત્તનો મેલ પાકી જવાથી) તમને તત્ત્વજ્ઞાન થવાનો આ બરાબર સમય છે તેથી તપરૂપ અનેક વિકલ્પો જે (નિર્વિકલ્પ તત્ત્વજ્ઞાન) માં પરિણામ પામે છે તે જ્ઞાનમાંજ તમે સ્થિર થઈ રહો. આકાશથી પણ અતિ નિર્મલ એવા ચિદાકાશમાંથીજ જગતના સર્વ પદાર્થો ઉત્પન્ન થાય છે અને પાછા તેમાંજ લય પામતા દેખાય છે. આ (ઇચ્છિત હોવાથી) કાર્ય છે અને આ (અનિષ્ટ હોવાથી) અકાર્ય છે એ બધા વિકલ્પો પણ બ્રહ્મરૂપી સમુદ્રનાં બિંદુઓ છે. તોપણ તે તુચ્છ હોવાથી, નિષ્ફલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે.[૪૨-૪૪] માટે તે સર્વનો ત્યાગ કરી તમે સમુદ્રના જેવા પૂર્ણ પરબ્રહ્મનોજ આશ્રય કરો. હે પ્રિય રાજા! કોઇ સ્ત્રી પોતાના પ્રિયપતિ પ્રત્યે કાંઇ બીજી અભીષ્ટ વસ્તુનેમાટે યાચના કરે તેને બદલે (પોતાના સર્વસ્વરૂપ) એ પતિજ પોતાને અધીન થઇ રહે એમ પોતે શામાટે યાચે નહિ? (કેમકે પતિ જો પોતાને અધીનથઈ ગયો હોય તો બીજી ઇચ્છિત વસ્તુઓનો પોતાની મેળેજ લાભ થઇ જાય, તે પ્રમાણે બીજા ક્ષુદ્ર આનંદો મળવાની ઇચ્છાને બદલે પરમ આનંદરૂપ પોતાના સ્વસ્વરૂપનો લાભ થાય તેવી ઇચ્છાજ યોગ્ય છે. કેમ કે બધા આનંદોનો તેમાં સમાવેશ થઇ જાયછે.)[૪૫,૪૬] જેમ ડાહ્યા પુરુષો જલમાં પડેલા સૂર્યના પ્રતિબિંબને પકડી લેવાને નથી ઇચ્છતા તેમ મહાત્મા પુરુષો સંકલ્પવડેજ માત્ર રચાયેલા અને (પરિણામે દુઃખકારક હોવાથી) વિપત્તિના જેવા અપ્રિય લાગતા સર્વ વિષયોને ગ્રહણ કરવાને ઇચ્છતા નથી. જે કાંઈ સ્વર્ગ-મોક્ષ આદિ ફલને આપનાર છે તે સર્વને છોડી દઈ તમે એકસરખી રીતે પરબ્રહ્મમાં માત્ર આભાસરૂપે રહી જેવા (શુદ્ધ આત્મારૂપ) છો તેવાજ રહો. સર્વ પદાર્થોમાં ચિદંશને સત્ય અને જડ અંશને અસત્ય સમજી નિઃસ્પૃહપણાથી આ સર્વ પદાર્થસમૂહને ગ્રહણ કરતાં છતાં તમે નિઃસંકલ્પ થઇ રહો. હે સુશીલ રાજા ! જેમ સ્વાભાવિક પ્રવૃત્તિવડે થયેલી વિપત્તિ વિવેકજ્ઞાનનો ઉદય થતાં પછી ચિત્તમાં આવી શકતી નથી, તેમ સંકલ્પરહિત ચિત્તવાળા પુરુષની પાસે પણ જન્મ-મરણ આદિ સંસારદુઃખ આવી શકતું નથી. હે રાજા ! આ ત્રણે લોકમાં જે દુઃખ દેખાય છે, તે બધાં ચિત્તની ચપલતાથીજ ઉત્પન્ન થયેલાં છે. જેનું ચિત્ત શાંત, સ્થિર, ચપલતા વગરનું અને નિઃસંકલ્પ છે તે પુરુષજ સદાકાલ મહા આનંદી હોવાથી મોક્ષરૂપી સામ્રાજ્યનું પાત્ર છે.[૪૭,૫૧] હે તત્ત્વજ્ઞ રાજા ! ચિત્તમાં સંકલ્પનું સ્ફુરણ થવું તથા નાશ થવો એ બન્નેનું સાક્ષી ચૈતન્યમાં એકરૂપપણું (લય) કરી દઇ એ સાક્ષી ચૈતન્યની પણ પરબ્રહ્મ સાથે એકતા કરી દઇ તમે પૂર્ણકામ થઇ રહો.[૫૨]

શિખિધ્વજ રાજા કહે છેઃ–હે સર્વ સંશયને છેદનાર મુનિ! ચેષ્ટા અને તેનો અભાવ એ બન્ને એકરૂપ કેમ થાય તે આપ જલદીથી કહો.[૫૩]

કુંભ કહે છેઃ–જેમ સમુદ્ર જલરૂપ છે તેમ આ સર્વ જગત એક અધિષ્ઠાન ચૈતન્યરૂપજ છે અને તે અધિષ્ઠાન ચૈતન્યનો બુદ્ધિમાં આભાસ પડતાં જેમ શુદ્ધ જલ તરંગોવડે ચલાયમાન થાય તેમ બુદ્ધિની વૃત્તિઓવડે તે પણ અનેક સંકલ્પોરૂપે સ્ફુરે છે.[૫૪] હે પ્રિય રાજા! જે નિર્મલ તત્ત્વ, બ્રહ્મ સત્ય અને જ્ઞાનસ્વરૂપ ઈત્યાદિ નામોવડે ('सत्यं ज्ञानमनंतं ब्रह्म' ઇત્યાદિ શ્રુતિઓથી) કહેવામાં આવે છે તે તત્ત્વનેજ મૂઢ (અજ્ઞાની) પુરુષો જગતને આકારે જુએ છે.[૫૫] આત્માનું બુદ્ધિની વૃત્તિઓને આકારે સંકલ્પરૂપે સ્ફુરવું એજ આ સૃષ્ટિનું ખરૂં સર્વસ્વ છે અને તેવડેજ આ સંસાર ખડો થએલો છે એ સંકલ્પજ વિંધ્યપર્વત આદિ આકારને રૂપે તથા વિંધ્ય શબ્દ આદિ નામને રૂપે મિથ્યા છતાં સ્ફુરે છે.[૫૬] આત્માજ સંકલ્પનું સ્ફુરણ થવું અથવા નાશ થવો એ બન્નેને આકારે પ્રતીતિમાં આવતો હોવાથી એ બન્ને આત્મારૂપજ છે. એ રીતે એ બેયની એકરૂપપણાથી ભાવના કરવામાં આવે તો એક નિર્મલ આનંદરૂપ છે આત્માજ અવશેષ રહે છે.[૫૭] આત્મામાં સંકલ્પનું સ્ફુરણ થવું એજ સૃષ્ટિનું સ્વરૂપ છેઅને તે બરાબર જ્ઞાન થવાથી લય પામી જાય છે. જેમ (દૃષ્ટિદોષથી કે અંધકારથી) બરાબર નહિ દેખનારા પુરુષને શીંદરીમાં સર્પની ભ્રાંતિ થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ અજ્ઞાની પુરુષોનેજ આ સૃષ્ટિ, ભ્રાંતિવડે દેખાય છે.[૫૮] આત્મામાં સંકલ્પનો આવિર્ભાવ થતાં તે 'સૃષ્ટિ' એવા નામથી કહેવામાં આવે છે અને જ્યારે સંકલ્પ રહિતપણું થઈ જાય ત્યારે ચારેકોર (આકાશની પેઠે) એજ ભરપૂર દેખાય છે. એ આત્મા તુરીય અવસ્થાને પણ ઉલ્લંઘન કરી રહેલી નિર્વિકલ્પદશામાં અનુભવમાં આવતાં વાણીવડે (અવાચ્ય હોવાથી) વર્ણન કરી શકાય તેવો નથી.[૫૯] જેમ ચક્ષુ નિર્મલ થઇ જવાથી (પ્રથમ થયેલી ચંદ્રમાના બેપણાંની ભ્રાંતિ મટી જઇ) ચંદ્રમાનું ઐક્ય જ્ઞાન થાય, તેમ કાલે કરી શાસ્ત્રોનો અને સજ્જનોનો સંપર્ક થવાથી અને અભ્યાસયોગવડે ચિત્ત નિર્મલ થઇ જતાં (દ્વૈતની ભ્રાંતિ મટી જઇ) એ આત્મા (જ્ઞાનરૂપે) ઉદય પામે છે.[૬૦] પોતાના સ્વસ્વરૂપનો અપરોક્ષ રીતે અનુભવ કરનારા જીવન્મુક્ત પુરુષો, તેવીજ તરેહના આત્મતત્ત્વના અનુભવી પુરુષોપ્રત્યે, સર્વત્ર ફેલાઈ રહેલા એ આત્મતત્ત્વનો પોતે પોતાની મેળેજ પોતાના આત્મારૂપે નિર્દેશ્ય કરી બતાવે છે.[૬૧] હે સુશીલ રાજા ! (દેશકાલવડે અનંત હોવાથી) આદિમધ્ય ઇત્યાદિ કાલ પરિમાણથી રહિત અને સર્વના સારરૂપ એવા પોતાના આત્મસ્વરૂપને તમે પ્રાપ્ત થયા છો. (ઓળખ્યું છે.) હવે એજ આત્મતત્ત્વરૂપી પરમપદમાં તમે દૃઢ થઇ રહો. હમણાં તમે ભેદ કરનાર દેહઆદિરૂપ ઉપાધ ન હોવાથી ભેદ વગરના સર્વવ્યાપી ચેતનસ્વરૂપ (જ્ઞાનવડે) થઈ ગયા છો અને શોકરહિત થયા છો.[૬૨]

प्राप्तोसि सारं स्वमनादिमध्यमत्रैव तिष्ठस्व पदे निविष्टः ॥ नो रूपनिर्भेदमहाचिदात्मा जातोसि साधो खलु वीतशोकः ॥ ६२ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'શિખિધ્વજબોધન' એ નામનો એકસોએકમો સર્ગ સંપૂર્ણ. ૧૦૧

સર્ગ ૧૦૨ મો.*

કુંભનું જવું અને શિખિધ્વજની વિશ્રાંતિ

॥ कुंभ उवाच ॥

इति ते कथितं सर्वं शिखिध्वज महीपते ॥ यथेदमुत्थितं सर्वं यथा च प्रविलीयते ॥ १ ॥

કુંભમુનિ કહે છેઃ—હે શિખિધ્વજ રાજા ! આ સર્વ, બ્રહ્મમાં જે રીતે (ભ્રાંતિવડે) ઉત્પન્ન થયું અને પાછું જે રીતે (જ્ઞાન થતાં) લયને પ્રાપ્ત થાય છે, તે બધું મેં તમને કહ્યું.[૧] એ પરમતત્ત્વનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરી અપરોક્ષ અનુભવમાં આવેલાં અને આવરણ ખસી જવાથી સ્પષ્ટ જોવામાં આવતાં એ પરમપદમાં, જેમ તમારી ઇચ્છા હોય તેમ (સમાધિમાં કે વ્યવહારમાં) તમે રહો.[૨] હું હવે સ્વર્ગમાં (દેવસભામાં) જાઉં છું. કેમ કે આ વખતે ઉત્સવ હોવાથી બ્રહ્મલોકમાંથી નારદમુનિ દેવસભામાં પધારેલા હોય છે તેઓ જો ત્યાં મને ન દેખે તો કોપને પ્રાપ્ત થાય. કલ્યાણની ઇચ્છા રાખનાર પુરુષે કોઈ વખત પોતાના ગુરુજનોને (મોટેરાઓને) ઉદ્વેગ ઉત્પન્ન નહિ કરાવવો જોઇએ (તેથી હું જઇશ.)[૩,૪] સર્વ સંકલ્પોનો ત્યાગ કરી કાંઈ પણ ઇચ્છા રાખ્યાવિના તમારે હમેશાં સ્વસ્વરૂપમાંજ રહેવું; કેમકે એ (મેં બતાવેલો) માર્ગજ ઉત્તમ છે.[૫]

શ્રીવસિષ્ઠઋષિ કહે છેઃ—જ્યાં શિખિધ્વજ રાજા પ્રણામ કરવામાટે હાથમાં પુષ્પો લઇ ઉત્તર આપવા તૈયાર થાય છે, તેટલામાં તો એ કુંભમુનિ ×અદૃશ્ય થઈ ગયા.[૬] જેમ સ્વપ્નમાં મળેલ

* આ એકસોબેમા સર્ગમાં કુંભમુનિ આજ્ઞા લઈ અદૃશ્ય થઇ ગયા પછી રાજા વિસ્મય પામી જઈ ઘણો વખત વિચાર કરી પછી સમાધિમાં વિશ્રાંતિ કરશે, એ કથા કહેવામાં આવશે.

× પ્રણામ કરતા પહેલાં અંતર્ધાન થઇ જવામાં તાત્પર્ય એજ છે કે સતી સ્ત્રી પતિનો નમસ્કાર ગ્રહણ કરતી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્રવ્ય આદિ વસ્તુ અંતે જાગી જતાં જોવામાં નથી આવતી તેમ પછી કુંભમુનિને શિખિધ્વજ રાજાએ પોતાની પાસે દીઠા નહિ.[૭] કુંભમુનિ જતા રહ્યા પછી રાજા પરમ વિસ્મયને પ્રાપ્ત થયો અને તે આશ્ચર્યકારક પ્રસંગનો વિચાર કરતાં ચિત્રમાં આલેખેલી મૂર્તિની પેઠે સ્તબ્ધ બની ગયો.[૮] 'દૈવેજ કુંભમુનિના મિષથી મને સદાકાલ પ્રકાશરૂપે રહેલાં પરબ્રહ્મનો બોધ કરાવ્યો' એમ દૈવના વિચિત્ર બનાવનો તેણે વિચાર કર્યો.[૯] 'નારદમુનિના પુત્ર કુંભમુનિ ક્યાં અને હું કે જે શિખિધ્વજ રાજા છું તે ક્યાં?' પરંતુ કેવળ કાંઇક ભાગ્યોદયના સમયનો યોગ આવી જવાથી (ભેગા થઇ જતાં) એમણે મને બોધ કર્યો.[૧૦] અહો! એ દેવપુત્રે યુક્તિપૂર્વક મને ઘણો સારો બોધ કર્યો. અહો! હું મોહરૂપી નિદ્રાવડે વ્યાકુલ હતો તે હમણાં (કુંભમુનિના બોધવડે) જાગ્રત (જ્ઞાનવાન) થયો.[૧૧] આ કરવાનું છે અને આ કરવાનું નથી એવી મિથ્યા ભ્રાંતિઓરૂપી ઘુમરીઓવાળા કર્મસમૂહરૂપી ખરાબ કાદવમાં હું ક્યાં ખુંચી ગયો હતો!![૧૨] અહો! આ શીતલ, શુદ્ધ અને શાંત પોતાના આત્મારૂપ પરમપદ કેમ જાણે કોઇ રસાયનપ્રયોગવડે રસમય આકારવાળું બની ગયું હોય તેમ મારા વાસના વગરના ચિત્તને શીતલ કરી દે છે.[૧૩] હું હવે શાંત થઈ ગયો છું, મુક્ત થયો છું, અને કેવળ સુખરૂપ થઇ રહ્યો છું, હવે હું એક ખડના તણખલાને પણ ઇચ્છતો નથી અને યથાસ્થિતપણાથી આત્મસ્વરૂપમાંજ સ્થિર છું.[૧૪] એ પ્રમાણે વિચાર કરતાં કરતાં વાસનારહિત ચિત્તવાળો એ રાજા પર્વતની શિલામાં બનાવેલ મૂર્તિની પેઠે વાણી વગેરે ચેષ્ટા વગરનો સમાધિસ્થજ થઇ રહ્યો; અને સંકલ્પ વગરની નિર્વિકલ્પ સમાધિમાંજ તે દૃઢ સ્થિતિને પ્રાપ્ત થઈ પર્વતની શિલાની પેઠે નિશ્ચલ થઈ ગયો.[૧૫,૧૬] એ રાજાએ સમાધિમાં પોતાના નિર્મળ આત્માનો લાભ (અનુભવ) થવાથી ઘણે લાંબે કાળે પોતાની (ભયભીત) બુદ્ધિને વિશ્રામ આપી અવિચ્છિન્ન વૃત્તિધારાવડે પરબ્રહ્મ સાથે એકરૂપ થઇ જઇ તત્કાલ નિર્ભયપણું મેળવી લઈ ઘણા લાંબા કાળથી અભ્યાસ કરેલા યોગવડે પોતાના સ્વરૂપમાં અખંડિત રહી સુષુપ્તિ (નિદ્રા) ની પેઠે (નિર્વિકલ્પ સમાધિમાં) વિશ્રામ લીધો.[૧૭]

स तत्र संशांतभयोऽचिरेण चिरेण विश्रांतमतिः समात्मा ॥ चिरेण संप्राप्तनिजामलात्मा योगेन सुष्वाप ततोदितात्मा ॥ १७ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણના નિર્વાણપ્રકરણના પૂર્વાર્દ્ધનો 'શિખિધ્વજસમાધાન' એ નામનો એકસો બીજો સર્ગ સંપૂર્ણ.૧૦૨

સર્ગ ૧૦૩ મો.*

કુંભનું પુનરાગમન

॥ श्रीवसिष्ठ उवाच ॥

निर्विकल्पसमाधानात् काष्ठकुड्योपमस्थितिः। एवं शिखिध्वजो राजा चूडालामधुना शृणु॥१॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—એ રીતે શિખિધ્વજ રાજા નિર્વિકલ્પ સમાધિનેલીધે કાષ્ઠ તથા ભીંતના જેવો ચેષ્ટારહિત થઈ ગયો. હવે ચૂડાલાનું વૃત્તાંત (હું કહું તે) સાંભળો.[૧] ચૂડાલા કુંભમુનિના વેશથી પોતાના પતિ શિખિધ્વજ રાજાને બોધ આપી ત્યાંથી અદૃશ્ય થઇ જઈ વેગથી આકાશમાં ઉડી.[૨] આકાશમાં તેણે માયાવડે રચી લીધેલો, દેવપુત્રનો આકાર છોડી દીધો અને ચતુર પુરુષના ચિત્તને પણ હરી લે એવો સુંદર સ્ત્રીનો (પોતાનો પ્રથમનો) આ-

* આ એકસો ત્રીજા સર્ગમાં ચૂડાલા પોતાના રાજ્યમાં જઈ ત્રણ દિવસે પાછી આવશે અને યત્નથી રાજાને સમાધિમાંથી ઉઠાડી તેની સાથે તત્વજ્ઞાનસંબંધી ભાષણ કરશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાર ગ્રહણ કરી લીધો.[3] એ રાણી આકાશમાર્ગે પોતાના શહેરમાં આવી પહોંચી. ક્ષણમાત્રમાં તેણે પોતાના દરબારગઢમાં પ્રવેશ કર્યો, લોકોના જોવામાં પણ આવી અને રાજાનું સઘળું કામકાજ તેણે કરી લીધું.[4] વળી પાછું એ ચૂડાલાએ ત્રીજે દિવસે (ઉડી) આકાશમાં જઇ યોગશક્તિવડે કુંભમુનિનું રૂપ ધારણ કરી લીધું અને શિખિધ્વજ રાજા જે વનમાં હતો ત્યાં જઇ પહોંચી.[5] વનભૂમિમાં જઇ એ ચૂડાલાએ રાજાને નિર્વિકલ્પ સમાધિમાં રહેલા અને ચિત્રમાં આલેખેલા વૃક્ષના જેવો નિશ્ચળ જોયો.[6] 'અહો! આ રાજા પોતાના આત્મામાં વિશ્રાંતિ પામી સ્વસ્થ, શાંત અને સમાનચિત્તવાળો થઇ ગયો છે.' એમ વારંવાર રાણીએ કહ્યું.[7] 'એ રાજાને હું પરમપદમાંથી જાગ્રત કરૂં. હમણાં (પ્રારબ્ધ શેષ છે ત્યાંસુધી) પોતાના દેહનો એ શા માટે ત્યાગ કરે છે ? (ન કરે તો ઠીક.)[8] કાંઈક થોડો વખત રાજ્યવડે કે વનવડે (પોતાનું પ્રારબ્ધ શેષ ભોગવવામાટે) એ જીવતો રહો. પછી અમે બન્ને જીવન્મુક્તિનો સરખી રીતે અનુભવ કરી એકસાથેજ દેહનો ત્યાગ કરી વિદેહ મોક્ષને પ્રાપ્ત થઈશું.[9] હમણાંજ એ રાજા જો દેહનો ત્યાગ કરશે તો મેં આપેલો બોધ વિષમ હોવાથી માત્ર આટલા અભ્યાસના યોગથી (સપ્તમ ભૂમિકાપર્યંત) પરિપાકને તે પ્રાપ્ત થશે નહિ, માટે જરૂર હું એ રાજાને (સમાધિમાંથી) જાગ્રત કરૂં.'[10] એમ વિચાર કરી ચૂડાલાએ પોતાના પતિ (રાજા) ની પાસે વનમાં વસનારા પ્રાણીઓને ત્રાસ ઉપજાવનારો ભયંકર સિંહનાદ વારંવાર કર્યો.[11] વારંવાર કરેલા સિંહનાદવડે પણ જ્યારે રાજા પર્વતમાં રહેલી શિલાની પેઠે ચલાયમાન ન થયો ત્યારે રાણીએ તેને (હાથ ઝાલી) હલાવ્યો.[12] હલાવ્યાથી પડી ગયા છતાં પણ રાજા જ્યારે (સમાધિમાંથી) જાગ્રત થયો નહિ ત્યારે કુંભમુનિના વેષે આવેલી ચૂડાલાએ વળી વિચાર કર્યો[13] કે 'અહો ! મહાસમર્થ આ સુશીલ રાજા તો (ઠેઠ સાતમી ભૂમિકાસુધી) પરિપાકદશાને પહોંચી ગયેલ છે. માટે હમણાં હું તેને શી યુક્તિવડે જાગ્રત કરૂં ?[14] અથવા તો એ મહાત્માને હું શામાટે જાગ્રત કરૂં ? એ જ્ઞાનને પ્રાપ્ત થઇ પોતાને જેમ સુખ રહે તેમ ભલે વિદેહમોક્ષને પ્રાપ્ત થાઓ[15] અને હું પણ આ સ્ત્રી શરીરને છોડી દઇ પાછો પુનર્જન્મ ન થવામાટે પરમપદને (વિદેહમુક્તિવડે) પ્રાપ્ત થઇ જાઉં. કેમકે અહીં જીવવામાં શું વિશેષ સુખ છે ?'[16] એમ વિચાર કરી સતી ચૂડાલા પોતાનો દેહ ત્યાગ કરવામાટે તૈયાર થઇ ગઈ, પરંતુ મહાબુદ્ધિવાળી એ રાણીએ પાછો વિચાર કર્યો[17] કે 'એ રાજાના દેહને હું તપાસી જોઉં કે જો તેના હૃદયાકાશની અંદર જાગ્રત થવાના બીજરૂપ કાંઇ સત્વશેષ (વાસનારહિત ચિત્તનું સંસ્કારરૂપે પ્રારબ્ધવડે અવશેષ રહેવું તે અથવા પ્રાણનું અવશેષ રહેવું તે) હશે તો એ મહાઐશ્વર્યવાન રાજા જેમ વૃક્ષમાં પોતાના મૂલભાગમાં રહેલાં રસની અંદર સૂક્ષ્મરૂપે રહેલો પુષ્પસમૂહ વસંતકાલવડે આવિર્ભાવને પ્રાપ્ત થાય તેમ કાલે કરી જાગ્રત થઇ જશે અને તે મારી પેઠે વ્યવહાર કરતાં છતાં પૂર્ણ રીતે જીવન્મુક્ત થઇ જશે. કદાચિત (સત્વશેષ ન હોવાથી) તે વિદેહમુક્ત થયો હશે તો હું પણ તેની સાથે દેહ છોડી વિદેહમુક્ત થઇશ.'[18-20] એમ વિચાર કરી ચૂડાલાએ પોતાના પતિ (રાજા)ને સ્પર્શવડે (ગરમી જણાયાથી) અને બીજાં (હવે પછી કહેવામાં આવનારાં) ચિહ્નવડે (તે જીવે છે એમ) શંકાપૂર્વક અવલોકન કરી તેને વ્યુત્થિત થવાના કારણનો ઉદય થવાના સંબંધમાં તેનામાં હજી કાંઈ સત્વશેષ છે એમ જાણ્યું અને (એ મહાસુષુપ્તિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંથી) જાગ્રત થવાના કારણરૂપ સત્વશેષ અવશ્ય છેજ એમ (પોતાના ચિત્તને પણ) કહ્યું.[૨૧,૨૨]

શ્રીરામચંદ્રજી પૂછે છેઃ—હે મહારાજ! અત્યંત શાંતચિત્તવાળા અને કાષ્ઠ તથા લોષ્ટના જેવી નિશ્ચલ સ્થિતિને પ્રાપ્ત થયેલા ધ્યાનનિષ્ઠ (સમાધિસ્થ) પુરુષનું સત્વશેષપણું શી રીતે જણાય ?[૨૩]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—જે પુરુષ ચિત્તનું નિઃસંકલ્પપણું હોવાથી, અને નિર્વિકલ્પ દશામાં કાંઈ વિકાર ન ઉઠવાથી સમાનપણાનેલીધે, પર્વતની પેઠે (સમાધિવડે) નિશ્ચલ થઇ જાય, પરંતુ જો તેના હૃદયમાં બીજમાં સૂક્ષ્મરૂપે રહેલ ફલ અને પુષ્પની પેઠે પાછું કાંઈ વ્યુત્થાન થવાના કારણરૂપ દુર્લક્ષ્ય (ઘણા શ્રમવડે માંડ જાણી શકાય એવું) અતિ સૂક્ષ્મરૂપે રહેલ સત્વશેષ બાકી રહી ગયેલ હોય તો સદ્રૂપ સાક્ષીચૈતન્ય સંકલ્પાદિદ્વારા બહિર્મુખ ન થઇ જવાથી તેનું શરીર પ્રથમ જેવું હોય તેવુંજ સરખી રીતે પૂર્ણતાવાળું રહે છે, તે ક્ષીણ થતું નથી, વૃદ્ધિ પામતું નથી, કરમાઈ જતું નથી કે પ્રફુલ્લ થતું નથી. માત્ર પ્રથમ જેવું હોય તેવુંજ રહે છે.[૨૪-૨૬] દ્વિત્વ એકત્વ આદિ વિકલ્પોવડે યુક્ત હોવાથી જે પુરુષનું ચિત્ત સંકલ્પરૂપે સ્ફુરે છે તેનોજ દેહ (વિકારોવડે) બીજી તરેહનો થઇ જાય છે; પરંતુ જેના ચિત્તમાં સંકલ્પજ સ્ફુરતો નથી તેનો દેહ કોઇ દિવસ (વિકારોવડે) બીજી તરેહનો થતોજ નથી (જેવો હોય તેવોજ રહે છે.)[૨૭] હે રામચંદ્રજી! જેમ પુષ્પોનું કારણ વસંતઋતુ છે તેમ જગતના વ્યવહારના કારણરૂપ સર્વ ભાવવિકારોનું (ઘટવું વધવું ઉત્પન્ન થવું નાશ થવો એ આદિનું) કારણ ચિત્તનું સંકલ્પરૂપે સ્ફુરણ થવું એજ છે.[૨૮] હે રઘુકુલભૂષણ રામચંદ્રજી! એ પુનર્જન્મના બીજરૂપ સંકલ્પનેલીધેજ એક દેહમાંથી બીજા દેહમાં જવાને તૈયાર થયેલા ચિત્તનો (આસન્નમરણદશામાં) હર્ષ, ક્રોધ કે મોહ વારંવાર રોક્યા છતાં તાબામાં રહી શકતો નથી.[૨૯] જેનો દેહ ચિત્ત શાંત થઇ જવાથી સત્ત્વવડે અહંમમત્વના અધ્યાસથી રહિત થઇ ગયો હોય તે દેહને આકાશની પેઠે વૃદ્ધિ ક્ષય આદિ ભાવવિકારો ઉત્પન્ન થઈ બાધ કરી શકતા નથી.[૩૦] જેમ સરખા (ચંચલતાવગરના) જલસમૂહમાં તરંગ આદિક ઉત્પન્ન થતું નથી, તેમ સમાનપણાંથી રહેલ (સંકલ્પરહિત) *સત્ત્વસમૂહમાં પણ રાગ—દ્વેષ આદિ ચિત્તદોષ તથા વળી પળી આદિ દેહદોષ ઉત્પન્નજ થતા નથી.[૩૧] પ્રારબ્ધ ક્ષયવડે પોતાનો ક્ષય થયાવિના એ સત્ત્વનો અભાવ થતોજ નથી; પરંતુ પ્રારબ્ધ શેષ પર્યંત આ સર્વ નિર્વિકાર એક તત્ત્વરૂપજ ભાસે છે. પછી ફક્ત કાલે કરી અવશેષ રહેલ પ્રારબ્ધનો ક્ષય થઈ જતાં એ સત્વનો પણ ક્ષય થઇ જાય છે.[૩૨] હે રામચંદ્રજી! જે દેહમાં ચિત્ત (મલિનવાસનાવાળું મન) નથી હોતું અને સત્વ (વાસનાવગરનું શુદ્ધ ચિત્ત) પણ હોતું નથી, તે દેહ, સૂર્યના તાપથી જેમ ઝાકળ લય પામી જાય તેમ મરણ પામી જતાં લયને પ્રાપ્ત થાય છે, (ગળી જવું, સડી જવું ઇત્યાદિ વિકારો તેમાં થાય છે.)[૩૩] પરંતુ શિખિધ્વજ રાજાનો એ દેહ તો જો કે ચિત્ત વગરનો હતો તથાપિ તેમાં ગરમી રહી હતી. વળી તે સત્વના અંશવડે યુક્ત હતો તેથી તે ગ્લાનિ ઇત્યાદિ વિકારને પ્રાપ્ત થયો નહિ.[૩૪] એ પ્રમાણે પોતાના પતિના દેહને જોઈ રાણી ચૂડાલાએ પોતાના દેહનો ત્યાગ ન કરતાં સત્વર વિચાર કર્યો[૩૫] કે 'જે શુદ્ધ ચૈતન્યતત્ત્વ સર્વમાં વ્યાપ્ત છે તેમાં પ્રવેશ કરી (યોગશક્તિવડે) તે રાજાના દેહમાં પ્રાપ્ત થઇ

* વાસના રહિત ચિત્તને સત્વ એવા નામથી કહેવામાં આવે છે તેથી અહીં સત્વસમૂહ એટલે મહાત્માઓનાં ચિત્તો એવો અર્થ સમજવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણા લાંબા કાલ પછી વ્યુત્થિત થનારા એ રાજાને હમણાંજ હું જાગ્રત કરૂં ?[૩૬] જો હું હમણાં તેને જાગ્રત નહિ કરૂં તોપણ તે ઘણે કાલે (સત્વશેષ હોવાથી) પોતાની મેળેજ જાગ્રત થશે તો પછી હમણાં હું એકલી શા માટે રહું ? તેથી તેને વ્યુત્થિત (જાગ્રત) કરી દઉં'![૩૭] એવો વિચાર કરી એ ચૂડાલા રાણીએ ઈંદ્રિયોના પાંજરારૂપ દેહનો ત્યાગ કરી (રાજાના હૃદયમાં રહેનારા) અનાદિ અને અનંત ચૈતન્યતત્ત્વમાં તેણે સ્થિતિ કરી.[૩૮] એ રાજાના દેહમાં સત્ત્વશેષ હોવાથી (ચિદાભાસવાળી) તેની બુદ્ધિને સ્ફુરણવાળી કરી દઇ (સમાધિમાંથી વ્યુત્થિત કરી દઇ) પાછો તેણે પક્ષિણી જેમ પોતાના માળામાં પ્રવેશ કરે તેમ પોતાના દેહમાં પ્રવેશ કર્યો.[૩૯] પછી કુંભમુનિનો આકાર ધારણ કરી ત્યાંથી ઉઠી પાસેના પુષ્પવાળા સ્થળમાં તે જઇ બેઠી અને ભમરીઓના સમૂહના જેવા મધુર શબ્દવડે તેણે સામગાન કરવા માંડ્યું.[૪૦] તે સામગાનના શબ્દ સાંભળી રાજાના દેહમાં જેમ વસંતઋતુમાં કમલિની ખિલી નીકળે તેમ રાજાની સત્ત્વગુણવાળી (ચિદાભાસાવસિષ્ટ) બુદ્ધિ જાગ્રત થઈ ગઇ.[૪૧] પોતાનું સત્ત્વ જે સૂક્ષ્મરૂપે હતું તે હવે પાછું ચારેકોર દેહમાં પ્રકટ રીતે વ્યાપ્ત થઈ જવાથી એ શિખિધ્વજ રાજાએ, સૂર્ય જેમ કમલિનીને વિકસિત કરી દે તેમ (સમાધવડે મીંચાઈ ગયેલાં) પોતાનાં નેત્રો પાછાં ઉઘાડ્યાં અને કેમ જાણે દિવ્યશરીરવાળો બીજો (મૂર્તિમાન) સામવેદ આવી ઉભો હોય તેમ સામનું ગાયન કરનાર કુંભમુનિ પોતાની પાસે રહેલા તેણે જોયા.[૪૨,૪૩] 'અહો ! અમે ધન્ય છીયે કે કુંભમુનિ પોતાની મેળેજ ફરી પાછા અહીં પ્રાપ્ત થયા ' એમ કહેતાં કહેતાં કુંભમુનિને તેણે પુષ્પો આપ્યાં.[૪૪] હે મહારાજ ! અમે (અમારા ભાગ્યોદયથી) આપના પવિત્ર ચિત્તમાં સાંભળી આવ્યા (જેથી આપ અહીં પધાર્યા) એ બહુ સારૂ થયું. અથવા હે પ્રિય દેવપુત્ર! કયા મહાત્મા પુરુષો (બીજાઓનો અનુગ્રહ કરવાના સંબંધમાં) પ્રસન્ન નથી રહેતા ? (મહાત્માઓનો બીજાઓનો અનુગ્રહ કરવા તરફ પ્રસન્નતાવાળોજ સ્વભાવ હોય છે)[૪૫] અમને પવિત્ર કરવા એજ આપનું અહીં આવવાનું કારણ છે અને જો તેમ ન હોય તો આપનું અહીં પધારવું થવામાં બીજું શું કારણ છે તે આપ કહો. '[૪૬]

કુંભમુનિ કહે છેઃ–ત્યાં જવાથી નારદ ઋષિની નિંદાનું પાત્ર ન થયેલો હું જ્યારથી તમારી પાસેથી (સ્વર્ગ તરફ) ગયો ત્યારથી (મારો દેહ ત્યાં ગયા છતાં પણ) મારૂં ચિત્ત તમારી સાથે અહીંજ રહ્યું હતું તેથી હું સ્વર્ગ રમણીય છે છતાં પણ તેમાં નહિ રહેતાં હમણાં તમારી પાસેજ રહીશ. હે પ્રિય રાજા, અનેક મનોહર પદાર્થોમાં પણ જે ચીજ વધારે પ્રિય હોય તે ઉદ્યોગવડેજ પોતાનીપાસે પ્રાપ્ત થાય છે.[૪૭-૪૮] તમારા જેવો બીજો કોઇ મારો બંધુ, ભરોંસાદાર, સુહૃદ્,* મિત્ર, સખા, વિશ્વાસપાત્ર, કે શિષ્ય આ જગતમાં છે નહિ એમ હું માનું છું.[૪૯]

શિખિધ્વજ રાજા કહે છેઃ–અહો ! આ મંદરાચલમાં અમારાં પુણ્યરૂપી વૃક્ષો ફલિત થયાં, કેમ કે આપ અસંગ છતાં અમારા સમાગમને ઈચ્છો છો.[૫૦] આ વન છે, આ વૃક્ષો છે અને આ હું આપનો ભાવિક સેવક છું. જો આપને (મારી પ્રીતિનેલીધે) સ્વર્ગ રૂચતું ન હોય તો અહીં મારી પાસે રહો.[૫૧] હે સુશીલ દેવપુત્ર!

* સ્વભાવથીજ હિત ઇચ્છનાર સુહૃદ કહેવાય છે. સ્નેહ થયા પછી ઉપકાર કરનાર મિત્ર કહેવાય છે, પ્રમાણપૂર્વક મૈત્રી જેની બંધાય તે સખા, એવો ઝીણો ભેદ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપે (ઉપદેશદ્વારા) આપેલી યોગની યુક્તિવડે મને જેવી વિશ્રાંતિ મળી છે તેવી વિશ્રાંતિ હું ધારૂં છું કે સ્વર્ગમાં પણ ક્યાંથી મળે ? (ન મળે)[52] એ સ્વચ્છ પ્રકાશવાળી સ્થિતિનો અવલંબ કરી આપ અહીં પૃથ્વીતલમાં કે સ્વર્ગમાં આપની મરજીપ્રમાણે વિહાર કરો.[53]

કુંભમુનિ કહે છેઃ–તમે મહા આનંદરૂપ પરમપદમાં શું વિશ્રાંતિ લીધી ? આ ભેદમય દુઃખનો (ભેદદૃષ્ટિનો) શું તમે ત્યાગ કર્યો ?[54] હે રાજા ! ઉપરથી માત્ર મનોહર દેખાતા સંકલ્પોતરફ ભોગો નીરસ લાગી જઇ તમારી પ્રીતિ શું અત્યંત નિર્મૂલ થઇ ગઇ છે ?[55] હેય-ઉપાદેય (આ ત્યાગ કરવાલાયક છે અને આ ગ્રહણ કરવાલાયક છે એવી ભેદવાળી) દશાને ઉલ્લંઘન કરી શાંત થઇ રહેલું અને શમવડે (નિઃસંકલ્પતાથી) સમાનસ્થિતિવાળું તમારૂં ચિત્ત જે દૈવવશથી આવી પડે તે દશામાં ઉદ્વેગ વગરનું થઇ રહ્યું છે શું ?[56]

શિખિધ્વજ રાજા કહે છેઃ–હે મહારાજ ! આપની કૃપાથી સર્વ દૃશ્ય (જડવર્ગ) ને ઉલ્લંઘન કરી રહેલ (ચિન્મય પરમપદરૂપી) ગતિ મેં જોઇ. હવે સંસારના સીમાડાનો અંત આવ્યો અને જે નિશ્ચય મેળવવાનો હતો તે મને મળી ગયો.[57] આજે આયુષ્યનો ઘણો લાંબો કાળ ચાલ્યો ગયા પછી મેં ઘણા વખત સુધી (ત્રણ દિવસ પર્યંત) નિર્વિકારપણાથી (સમાધિવડે) વિશ્રાંતિ કરી. જે મેળવવાનું હતું તે બધું મને મળી ચૂક્યું છે અને તૃપ્ત થઇ હું ઘણો વખત થયા સ્વસ્વરૂપમાં સ્થિતિ રાખી બેઠો છું.[58] હવે બીજો કાંઇ અમારા તરફ આપને ઉપદેશનો ઉપયોગ કરવો પડે તેવું રહ્યું નથી હું સર્વત્ર અતિતૃપ્ત છું અને કાંઈ તાપ ન લાગતાં અતિ શીતલ થઇ રહ્યો છું.[59] જે અજ્ઞાત (ન જાણેલું હતું તે મેં જાણી લીધું જે અપ્રાપ્ત હતું તે મને પ્રાપ્ત થયું અને જે ત્યાગ કરવાનું હતું તેનો મેં ત્યાગ કર્યો. સત્ત્વ (વાસના રહિત શુદ્ધ ચિત્ત) પણ મારા પોતાના આત્માથી (પ્રારબ્ધશેષપર્યંત) આભાસરૂપે જુદું જણાય છે પણ એ કાંઇ જુદું તત્ત્વ નથી.[60] હવે હું જન્મ-મરણ આદિ સંસારદુઃખ વગરનો, અજ્ઞાન અને ભયથી રહિત, વૈરાગ્યવાન પરમાનંદરૂપી શાશ્વત ઉદયને પ્રાપ્ત થયેલો, પરબ્રહ્મની પેઠે સર્વત્ર સમાન ચિત્તવાળો, અને સર્વ પ્રકારે શાંત થઇ રહ્યો છું. હું જ સર્વરૂપ છું તથા સર્વ સંકલ્પોની કલ્પનાથી રહિત થઈ જઈ આકાશના કોશની પેઠે નિર્મળ અને સમાનરૂપે રહેલ છું.[61]

निःसंसृतिर्विगतमोहभयो निरागो नित्योदितः समसमाशय सर्वसौम्यः ॥ सर्वात्मकः सकलसंकलनां वियुक्त आकाशकोशविशदः सममास्थितोऽस्मि ॥ ६१ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'કુંભપુનરાગમન' એ નામનો એકસો ત્રીજો સર્ગ સંપૂર્ણ. ૧૦૩

સર્ગ ૧૦૪ થો.*

ચૂડાલાને ભોગની ઇચ્છા

॥ श्रीवसिष्ठ उवाच ॥

इत्यध्यात्मविचित्राभिः कथाभिस्तौ परस्परं । आसाते वेद्यवेत्तारौ मुहूर्तत्रितयं वने ॥ १ ॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ–જ્ઞાનનું પાત્ર થવાને યોગ્ય રાજા અને જ્ઞાનવાન કુંભમુનિ એ બન્ને એ રીતે પરસ્પર જ્ઞાનવડે વિચિત્ર પ્રકારની (આત્માસંબંધી) કથાઓ કરતા ત્રણ મુહૂર્તપર્યંત વનમાં રહ્યા.[1] પછી ત્યાંથી ઉઠી કોઇ શિખરમાં સરસ કમળવાળાં તળાવમાં અને નંદનવનની

* આ એકસો ચોથા સર્ગમાં રાજા સાથે ક્રીડા કરતાં કુંભને સંભોગની ઇચ્છા થશે અને સ્વર્ગના મિષથી તે પોતાની પુરીમાં જશે અને ઉદાસ થઈ ફરીને આવશે, એ વર્ણન કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેઠે આનંદ ઉપજાવનાર તથા ફળફૂલ વગેરેથી રક્ષણ કરનાર (મનોહર) વનમાં તેમણે ક્રીડા કરી.[2] એ પ્રમાણે તે બન્નેએ જીવન્મુક્ત પુરુષને ઘટિત આચરણવડે અને તેવીજ યોગ્ય કથાઓવડે તે મોટા જંગલની અંદર આઠ દિવસ સુધી અનેક વનવીથિઓમાં-વનની પંક્તિઓમાં વિચર્યા કર્યું.[3] પછી કુંભમુનિએ કહ્યું કે ‘ આપણે આ પર્વતની અંદર કોઇ બીજા વનની અંદર જઇએ. ’ આ વાતનો શિખિધ્વજ રાજાએ (અનુમોદનપૂર્વક) સ્વીકાર કર્યો અને બન્ને જણા ચાલ્યા.[4] અનેક પ્રકારનાં વનો, મ્હોટાં જંગલો, પર્વતના તટો, તળાવો, ઝાડીઓ, પર્વતનાં શિખરો, દુર્ગમ સ્થાનો, નદીઓ, દેશો, ગામડાંઓ, નગરો, ઝરણાંઓ, (મયૂરાદિકના) મનોહર શબ્દવાળા પર્વતો, બગીચાઓ અને તીર્થસ્થાનો, એ સર્વમાં તેઓ વિચર્યાં. એ બન્ને સાથે રહી ચિત્તવૃત્તિ પણ બરાબર સમાન રાખી સરખા સ્નેહવાળાં અને સરખાજ ઉત્સાહવાળાં રહી, પરસ્પર અનુભવની વાતો કરતાં સદાકાલ રહેતાં હતાં.[5-7] હે રામચંદ્રજી ! તે બન્નેએ સાથેજ પિતૃઓની અને દેવતાઓની પૂજા કરી ભોજન કર્યું અને તપેલા પ્રદેશમાં તથા જળવડે આર્દ્ર (શીતલ) પ્રદેશમાં તે બન્નેની બુદ્ધિ સમાનજ રહેતી હતી.[8] પરસ્પર મિત્ર બની ગયેલાં, સ્નેહાળ હૃદયવાળાં એ બન્ને સ્ત્રી-પુરુષ તમાલવનના પ્રદેશોમાં અને મંદારવૃક્ષોનાં વનોમાં બહુ સુશોભિત લાગતાં હતાં.[9] હે રામચંદ્રજી ! જેમ પવનનો સમૂહ મેરુપર્વતને ઉખેડી નથી શકતો તેમ આ ઘર છે અને આ ઘર નથી એવી વિકલ્પોની (મિથ્યા) કલ્પના એ બન્નેના મનને હરણ કરી શકતી ન હતી.[10] કોઈ વખત ધૂલિવડે ધૂસર દેહવાળાં, કોઇ વખત ચંદનવડે લેપાયેલ અંગવાળાં, કોઈ વખત ભસ્મવડે શોભાયમાન, કોઈ વખતે દિવ્યવસ્ત્ર ધારણ કરનારાં, કોઇ વખત વિચિત્ર (ભાતભાતનાં) વસ્ત્રો પહેરનારાં, કોઈ વખત પલ્લવથી ઢંકાયેલાં અને કોઈ વખત પુષ્પોથી શણગારેલાં એ બન્ને દંપતીએ પરસ્પર મિત્રરૂપ થઇ જઇ ફરવા માંડયું.[11,12] એ રીતે (હર્ષ-શોકવડે વ્યાકુલ ન થતાં) સમાનચિત્તપણાનેલીધે અને વાસના વગરનાં થઈ રહેલા ચિત્તની ઉદારતાવડે કેટલાક દિવસો વ્યતીત થતાં રાજા પણ કુંભમુનિના જેવોજ શોભવા લાગ્યો.[13] પછી શિખિધ્વજ રાજાને દેવપુત્રના જેવો મનોહર અને શોભાવાળો જોઈ માનવતી ચૂડાલાએ (મનમાં) વિચાર કર્યો કે આ પતિ સુશોભિત અંગવાળો અને ઉદાર દીલનો છે. આ વનભૂમિઓ બહુ રમણીય છે. આવી સ્થિતિ અનાયાસે પ્રાપ્ત થઇ છે તો એવી કોણ સ્ત્રી હોય કે જે (આવા પ્રસંગમાં) કામવડે છેતરાય નહિ.[14,15] જીવન્મુક્ત બુદ્ધિવાળા છતાં જેઓ યથાપ્રાપ્ત (દૈવયોગથી જે આવી મળે તે) ભોગને નથી ભોગવતા તેઓની ફક્ત એક (ભોગોની નિવૃત્તિના) આગ્રહવાળી* તુચ્છ મૂઢતાજ દેખાઇ રહે છે.[16] સુશોભિત અંગવાળો અને ઉદાર દીલનો પોતાનો પતિ હોય, કાંઈ આધિ (માનસિક પીડા) હોય નહિ, તથા નવું (યૌવનવાળું) વય હોય, પુષ્પોના સમૂહોવાળાં (લતા આદિ) સ્થાનો ગૃહરૂપ હોય, તેમ છતાં જે સ્ત્રી પોતાના પતિમાં કામાતુર ન થાય તે (ભર્તાવડે) ઉપભોગ નહિ પામવાથી તથા બીજા લોકનિંદા આદિક દોષોથી (જીવતાં છતાં) હણાયેલી છે. (મરી ગયા જેવી છે.)[17] પોતાનો પતિ સ્વાધીન છતાં પુષ્પોવાળી વનની લતાઓરૂપી ઘરમાં જે દુઃખરહિત થઇ રમે નહિ તે દુર્ભાગ્યવતી સ્ત્રી હણાયેલી (જીવતાં છતાં મરી ગયા જેવી) છે.[18] પોતાના રમણીય અને પ્રિય

* बुद्धेः फलमनाग्रहः કોઇ જાતનો વિશેષ આગ્રહ ન રાખવો એજ બુદ્ધિનું ફળ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિવાહિત× પતિને નિર્જન (એકાંત) સ્થાનમાં મળ્યા છતાં જે સતી સ્ત્રી રમણ કરતી નથી તે દુર્ભાગ્યવાળી અંગનાને ધિક્કાર છે.[૧૯] જાણવાનું જેણે જાણી લીધું છે એવો (જીવન્મુક્ત) પુરુષ પોતે યથાપ્રાપ્ત, અનિંદ્ય, અને ઉદાર અર્થને આપનારા, પોતાના ભોગનો ત્યાગ કરે, તો તેથી તેણે શું વિશેષ કર્યું કહેવાય ? (કાંઇ નહિ.)[૨૦] માટે હું પોતાની બુદ્ધિવડે આ વનમાં કાંઈક એવો પ્રપંચ રચું કે મને માન આપનારો મારો પતિ, એ રાજા મારાવિષે રમે (રતિસુખને પ્રાપ્ત થાય).[૨૧] એમ વિચાર કરી કુંભના વેષને ધારણ કરનારી એ ચૂડાલા રાણીએ જેમ વનની ઝાડીમાં રહેલી કોકિલા (કોયલ) કોકિલને (પુંસ્કોકિલને) કહે તેમ રાજાને (આ પ્રમાણે) કહ્યું.[૨૨]

કુંભમુનિ કહે છેઃ—" ચૈત્રમાસના શુક્લપક્ષની પ્રતિપદાનો (પડવાનો) આ મોટો દિવસ છે. આજે સ્વર્ગમાં મોટા સમારંભથી ઈંદ્રની સભા ભરાય છે[૨૩] ત્યાં મારે મારા પિતાજી (નારદ ઋષિ) ની પાસે હાજર રહેવું જોઇએ, કેમ કે જેવો નિયમ આપણે માટે ઠરાવવામાં આવ્યો હોય તેનો કોઇ દિવસ ત્યાગ કરવો યોગ્ય નથી.[૨૪] તમારે અહીં (વસંત હોવાથી) નવીન પુષ્પોવાળી આ વનભૂમિમાં ક્રીડા કરતાં અને મનમાં કાંઇ પણ ઉદ્વેગ ન લાવતાં મારા આવવાની (સાયંકાલ પર્યંત) વાટ જોવી.[૨૫] હું અવશ્ય સાયંકાલે (સ્વર્ગમાંથી)આકાશમાર્ગે અહીં આવી પહોંચીશ, કેમ કે સ્વર્ગના કરતાં પણ મને તમારો સંગ વધારે આનંદ આપનાર છે."[૨૬] એમ કહી પોતાના મિત્ર (શિખિધ્વજ રાજા) ને સ્નેહના ઉદ્દેશથી કેમ જાણે પોતાની મૂર્તિમાન પ્રીતિને આપી જતો હોય તેમ મનોહર કલ્પવૃક્ષમાં થયેલી પુષ્પની મંજરી તેણે રાજાને આપી;[૨૭] અને ' આપે પાછું તરત પધારવું ' એમ રાજા કહેતો હતો તેટલામાં શરદૃઋતુના આરંભકાળનાં (જળ વગરનાં) વાદળાંની પેઠે તે વનમાંથી આકાશ તરફ ઉડયો.[૨૮] આકાશમાં જતાં જેમ ઝાકળના વખતમાં થયેલો વરસાદ ઝાકળને દૂર કરી દે તેમ વનના પવનવડે શિથિલ થઇ ગયેલ ફૂલની માળા સંબંધી પુષ્પાંજલિનો ત્યાગ કર્યો.[૨૯] જેમ મયૂર (આતુરતાથી) સાવધાન રહી મેઘને જોયા કરે તેમ શિખિધ્વજે પોતાની જ્યાંસુધી દૃષ્ટિ પહોંચી ત્યાંસુધી (આતુરતાથી) સ્વર્ગમાં જનારા એ કુંભમુનિને જોયા કર્યો, કેમકે સત્પુરુષોની પ્રીતિ દુસ્ત્યજ (દુઃખવડે છૂટી શકે તેવી) હોય છે.[૩૦] શિખિધ્વજ રાજાની દૃષ્ટિમર્યાદાનો અંત આવી જતાં આકાશમાં તે રાણીએ કુંભમુનિનો વેશ છોડી દીધો અને જેમ ધુમરીઓ શાંત થઇ જતાં જળની શોભા પોતાના સ્વાભાવિક રૂપમાં આવી રહે તેમ એ સુંદર રાણીએ પાછું પોતાનું મૂળ (ચૂડાલાનું) રૂપ ગ્રહણ કરી લીધું.[૩૧] ધ્વજાઓ ફરકી રહેવાને લીધે ઉત્પન્ન થયેલી મંજરીવાળા મનોહર આકારના કલ્પવૃક્ષના જેવા દેખાતા, અને સ્વર્ગના જેવા રમણીય પોતાના શહેરમાં તે આકાશમાર્ગથી આવી.[૩૨] જેમ ચૈત્રમાસની (વસંતઋતુ સંબંધી) મહાશોભા સુશોભિત લતાવાળાં વૃક્ષમાં પ્રવેશ કરે તેમ એ રાણીએ અદૃશ્યજ રહી સ્ત્રીઓવડે વ્યાકુળ એવા પોતાના અંતઃપુરમાં પ્રવેશ કર્યો અને ત્યાં સત્વર રાજકાર્યોને પહોંચી લઇ પાછી તે શિખિધ્વજ રાજાની પાસે ફળ અને પુષ્પની પેઠે (આગળ પ્રમાણે આકાશમાર્ગે) આવી પહોંચી.[૩૩,૩૪] યૌવનવતી એ રાણીએ પોતાના ચિત્તમાં કાંઈ ખેદ નહિ લાવતાં (માત્ર ઉપરથીજ) ઝાકળવડે નિસ્તેજ લાગતા ચંદ્રમાની પેઠે અને કરમાઈ ગયેલા

× ' વિવાહિત ' જેની સાથે વિવાહ થયો હોય તે-પરણેલો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કમળની પેઠે પોતાનું મુખ શ્યામ કાંતિવાળું (ખેદવડે ઝાંખું પડી ગયેલું) કરી દીધું.[૩૫] એ દેવપુત્રને આવતાં જોઇ શિખિધ્વજ રાજા ઉભો થયો અને તેનો એવો ઉદાસીન આકાર જોઇ રાજા પોતે પણ ઉદાસીન ચિત્તવાળો થઇ ગયો અને તેણે વિનયપૂર્વક કહ્યું[૩૬] કે, 'હે દેવપુત્ર! તમને નમસ્કાર છે. તમે ઉદાસ જેવા જણાઓ છો. તમે કુંભમુનિ (મહા જ્ઞાનવાન નારદમુનિના પુત્ર) છો માટે મનના તાપને છોડી દ્યો અને આ આસન ઉપર બેસો.[૩૭] જાણવાનું સર્વ જેણે જાણી લીધું છે એવા જે મહાત્માઓ છે તેઓ સદા સ્વસ્થ રહી કમળો જેમ જળવડે આર્દ્ર (ભીનાં) થતાં નથી તેમ હર્ષ-શોકવડે થયેલી જુદી જુદી જાતની સ્થિતિનો આશ્રય કરતા નથી.'[૩૮]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છે.–રાજાએ તેમ કહ્યાથી આસન ઉપર બેસતાં બેસતાં કુંભમુનિએ ખેદવાળી અને (અશ્રુઓવડે કંઠ રૂંધાઇ જવાથી) શિથિલ થઇ ગયેલ (જુના) વાંસના શબ્દના જેવી ગદ્ગદ્ (ગળગળી) વાણીથી કહ્યું[૩૯] કે ' જ્યાંસુધી દેહ રહે ત્યાંસુધી સમાન ચિત્ત રાખી (હર્ષ-શોકાદિકવડે કાંઇ પણ વિકાર ન પામતાં) જેઓ કર્મેંદ્રિયોથી યોગ્ય વ્યવહાર કરતા રહેતા નથી તેઓ તત્ત્વજ્ઞ નથી, પણ (ડોળઘાલુ હોવાથી)* શઠજ છે.[૪૦] હે રાજા ! જેઓ તત્ત્વને નહિ જાણવાથી અજ્ઞાનમાંજ નિમગ્ન છે તેઓ પોતાની બાળબુદ્ધિને લીધેજ સ્વભાવથીજ (દેહને યોગે) ગ્રહણ કરાયેલી અવસ્થાઓથી (ભયભીત થઇ) ભાગવા માંડે છે.[૪૧] જ્યાંસુધી તલ હોય ત્યાંસુધી તેમાં જેમ તેલ રહ્યુંજ હોય છે, તેમ જ્યાંસુધી દેહ રહે ત્યાંસુધી (પ્રારબ્ધાનુસાર) દશા પણ હોયજ છે. જે મનુષ્યદેહસંબંધી દશાને નથી પ્રાપ્ત થતો તે તરવારવડે આકાશને છેદી નાખે છે (મતલબ કે દેહ રહે ત્યાંસુધી તે તે દશા નહિ ભોગવવાની વાત આકાશ કાપવા જેવી અસંભવિતજ છે)[૪૨] પરંતુ દેહસંબંધી દશાઓનો એજ સર્વોત્તમ ત્યાગ છે કે યોગનેલીધે (દેહદશાને મિથ્યા સમજી તે તરફ ન જોતાં) ચિત્તની સમાનતાજ (નિર્વિકારતાજ) રાખવી; બાકી કર્મેંદ્રિયો તરફ ચિત્તની સ્થિતિ રાખી તેનો હઠથી નિગ્રહ કરવો એ, દેહદશાસંબંધી દુઃખોના ત્યાગનો ઉપાય નથી.[૪૩] હે પ્રિય રાજા ! જ્ઞાનવાન પુરુષે જ્યાંસુધી, પોતાનો દેહ રહે ત્યાંસુધી (એ દેહસંબંધી) દશાઓમાં પોતાનાં કર્મેંદ્રિયોવડે સદાચારને અનુસારે વ્યવહાર કરતા રહેવું, બાકી મન આદિ જ્ઞાનેંદ્રિયોથી કદી પણ હર્ષ-શોક આદિ વિકારવાળા થઈ રહેવું નહિ.[૪૪] બ્રહ્માથી માંડી સર્વ ઉત્તમ ચિત્તવાળા જીવન્મુક્ત પુરુષો (પ્રારબ્ધપ્રાપ્ત) દેહસંબંધી અવસ્થાઓમાંજ રહે છે, કેમકે દૈવનો એવોજ (પ્રારબ્ધભોગ અવશ્ય ભોગવવાનોજ) નિશ્ચય છે.[૪૫] અજ્ઞાની જીવો અને જ્ઞાનવાન મહાત્માઓ તથા જે કાંઇ આ દૃશ્યવર્ગરૂપે રહેલ છે તે સર્વ જેમ (નદીનું) જળ સમુદ્ર તરફજ વળે તેમ દૈવ તરફજ વળે છે. (પ્રારબ્ધાનુકૂળજ તેની પ્રવૃત્તિ થાય છે)[૪૬] જ્ઞાનવાન પુરુષો બુદ્ધિઆદિને સમાન (નિર્વિકાર) રાખી હસ્ત આદિ કર્મેંદ્રિયોનો વ્યાપાર

---

* कर्मेंद्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् ॥
इंद्रियार्थान् विमूढात्मा मिथ्याचारः स उच्यते ॥
(भगवद्गीता.)

જે કર્મેંદ્રિયને (માત્ર) રોકી રાખી (મન નિયમિત ન હોવાને લીધે) મનવડે ઇંદ્રિયોના વિષયોનું ચિંતન કરતો રહે તે વિમૂઢ ચિત્તવાળો (અશુદ્ધ મનનો પુરુષ) મિથ્યાચારી (ખોટો ડોળઘાલુ કે દાંભિક) કહેવાય છે.

આ ઉપરથી કર્મેંદ્રિયોનો યોગ્ય વ્યવહાર કરવો અને મનને નિયમમાં રાખવું એ વાત સિદ્ધ છે અને તે यस्त्विन्द्रियाणि मनसा એ પાછળના શ્લોકથી શ્રી કૃષ્ણ ભગવાનેજ સ્ફુટ બતાવ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલુ રાખી ફક્ત પોતાના વિદ્યમાન દેહપર્યંતજ અખંડિત રહેનારાં પ્રારબ્ધને ભોગવતાં કાળ નિર્ગમન કરે છે.[47] હે પ્રિય રાજા ! અજ્ઞાની પુરુષો તો સર્વ પ્રકારે (ચિત્તમાં) ક્ષોભને પ્રાપ્ત થઈ સુખ-દુઃખની દશાઓવડે વ્યાકુળ થઈ જઇ લાખો દેહોને ધારણ કરવાથી જુદે જુદે રૂપે ખંડિત થઇ દેખાવ આપનારા પોતાના પ્રારબ્ધકર્મને ભોગવતાં કાળ નિર્ગમન કરેછે.[48] હે પ્રિય નરપતિ ! અમુક પ્રાણીએ અમુક જન્મમાં અમુક પ્રકારે સુખમાં રહેવું, અને અમુક પ્રકારે દુઃખોની દશામાં રહેવું એવું જે કાંઈ જીવોએ પોતાના કર્મોને અનુસારે પોતપોતાના લલાટમાં લખાવેલું છે તે તે બાબતમાં જ્ઞાનવાન જીવસમૂહોમાં અને અજ્ઞાની જીવસમૂહોમાં તેજ પ્રમાણે અમલ કરતો અને અવશ્યમાં નીમાઈ ચૂકેલો પ્રારબ્ધકર્મનો વિલાસ એ રીતે (ઉપર કહ્યા પ્રમાણે) દુર્લંધ્ય છે.[49]

इत्थं सुखेषु ननु दुःखदशासु चेत्थं स्थातव्यमित्यधिगतं यदिहांग जीवैः।।अज्ञज्ञभूतनिवहस्फुरितस्तदेवं दुर्लंघ्य एष नियतो नियते विलासः ।। ४९ ।।

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'જીવન્મુક્તવ્યવહારપ્રતિપાદન' એ નામનો એકસો ચોથો સર્ગ સંપૂર્ણ. ૧૦૪

सर्ग १०५ मो.*

કુંભને સ્ત્રીભાવની પ્રાપ્તિ

।। शिखिध्वज उवाच ।।

एवं स्थिते महाभाग कथमुद्वेगमीदृशम् ।।
लब्धवानासि देवोपि वद वेद्यविदांवर ।।१।।

શિખિધ્વજ રાજા કહે છેઃ—હે જાણવાનું જેણે જાણી લીધું છે એવા મહાત્માઓમાં શ્રેષ્ઠ ! હે મહાભાગ્યવાન ! જો એમ છે (પ્રારબ્ધ કર્મને અનુસારેજ સર્વ જીવોની સ્થિતિ છે) તો પછી તમે દેવ થઇ શા માટે આવો ઉદ્વેગ રાખો છો?[1]

કુંભમુનિ કહે છેઃ—હે રાજા ! આજે આ સૃષ્ટિરચનામાં જે વૃત્તાંત મારે માથે બનેલ છે અને મારાથી જે કાર્ય થઇ ગયું છે તથા જેને લીધે મારૂં ચિત્ત આવું (ઉદાસ) છે તે હું તમને કહું છું. તમે સાંભળો.[2] જેમ મેઘનાં વાદળાં ઘન (ઘાટાં) હોય, જડ× (જળરૂપ) હોય અને કૃષ્ણ (કાળાં) હોય તો પણ વૃષ્ટિ થયાથી તે અત્યંત હલકાં થઇ જાય છે; તેમ દુઃખ પણ ભલે ઘન (ઘાટું) હોય, જડ (તરત ખેસવી શકાય તેવું ન હોય) અને કૃષ્ણ* (મુખકાંતિને શ્યામ કરી દેવાથી શ્યામતાવાળું) હોય પરંતુ સુજ્ઞ મિત્રને કહેવાથી તે અત્યંત હલકું થઈ જાય છે.[3] જેમ સ્વચ્છતા આપનારાં §નિર્મળીનાં ફળવડે જળ પ્રસન્ન (સ્વચ્છ) થઇ જાય છે તેમ સ્વચ્છતા આપનારા સન્મિત્રના પૂછવાથી સુશીલ ચિત્ત પ્રસન્ન થાય છે.[4] હું તમને પુષ્પની મંજરી આપી અહીંથી ગયો અને આકાશનું ઉલ્લંઘન કરી સ્વર્ગમાં પ્રાપ્ત થયો.[5] પછી એ મહાન ઈંદ્રના સભાસ્થાનમાં મારા પિતાજી (નારદમુનિ) ની સાથે ક્રમપ્રમાણે હું બેઠો. ત્યાંથી ઊઠવાને

* આ એકસો પાંચમા સર્ગમાં કુંભમુનિ પોતાને દુર્વાસામુનિના શાપથી રાત્રિએ સ્ત્રીપણાની પ્રાપ્તિની વાત કહેશે અને પછી પરસ્પર સમાધાન કરી બન્નેની પ્રસન્નતાપૂર્વક સ્થિતિ કહેવામાં આવશે.

× ડની અને લની સવર્ણતાનેલીધે અહીં જડનો જળરૂપ અર્થ બતાવ્યો છે. આવા પ્રયોગો કાવ્યોમાં વિશેષ આવે છે. रलयोर्डलयोश्चैव એ પ્રમાણથી તે બન્નેનું સવર્ણપણું સિદ્ધ છે.

* રૂપરહિત પદાર્થોની પણ અલંકારિકોએ રૂપકલ્પના કરી છે. જેમકે યશનું ધવલરૂપે વર્ણન આવે છે; લોકમાં પણ કેટલાંક દુષ્ટ કર્મોને કાળાં કામ કહે છે. આ પ્રમાણે દુઃખમાં કૃષ્ણપદ યોજેલું જણાય છે.

§ નિર્મળીનાં ફળ પાણીમાં નાખવાથી પાણી બહુ નિર્મળ થાય છે તેથી તે નિર્મળીજ કહેવાય છે. આ દેશમાં તેનો ઉપયોગ ઓછો હોવાથી તે અપ્રસિદ્ધ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખતે પિતાજીએ મને રજા આપી.[૬] હું અહીં આવવામાટે સ્વર્ગનો ત્યાગ કરી આકાશપ્રત્યે ગયો અને સૂર્યનારાયણના અશ્વોની સાથે મેં પવનના માર્ગમાં (પવનના પ્રવાહ ભેગું) ચાલવા માંડયું.[૭] એક માર્ગવડે સૂર્યનારાયણ એક બાજુ (અસ્તાચલ તરફ) ચાલ્યા ગયા અને બીજે માર્ગેથી હું કેમ જાણે સમુદ્રમાં શરીર પડી જતાં તેમાં તરતો આવતો હોઉં તેમ આકાશમાં ગતિ કરતો આવતો હતો.[૮] ત્યાં વરસાદનાં વાદળાંઓરૂપી વસ્ત્રોવડે ઢંકાયેલા, વિજળીઓરૂપી વલયવડે સુશોભિત, અભિસારિકાના જેવા દેખાતા, અને જળબિંદુઓની ધારાઓવડે જેના અંગનું ચંદન ધોવાઈ ગયું છે એવા દુર્વાસા મુનિને જળવડે ભરેલાં વરસાદનાં વાદળાંઓના મધ્યમાર્ગમાં થઇ મારી આગળ વેગથી આવતા મેં જોયા, કે જે પૃથ્વીમાં રહેલાં સુંદર વૃક્ષોની સરસ છાયાવાળાં, અને કેમ જાણે પોતાને પ્રિય મૂર્તિમાન તપની લક્ષ્મીજ હોય તેમ અતિ પ્રિય થઈ રહેલાં ગંગાજીપ્રત્યે (સંધ્યાવંદન કરવાનો કાળ વીતી ન જાય તે સારૂ) ત્વરાથી આવતા હતા.[૯-૧૧] આકાશમાં ચાલતાં મેં તેમને નમસ્કાર કરી કહ્યું કે 'હે મુનિ ! આપ શ્યામ વાદળાંઓરૂપી વસ્ત્રોને ધારણ કરવાથી અભિસારિકાના* જેવા લાગો છો.'[૧૨] હે મને માન આપનાર રાજા ! એ મારાં વચન સાંભળી દુર્વાસામુનિએ મને શાપ આપ્યો કે 'જા તું આ અમર્યાદ ભાષણથી (તજ્જન્ય દોષથી) રાત્રિને વખતે સ્તન અને કેશવાળી, હાવભાવવડે વિલાસ કરનારી સ્ત્રી બની જાઇશ.' એ વૃદ્ધ બ્રાહ્મણ (દુર્વાસામુનિ)ના તરફથી ઉત્પન્ન થયેલ અશુભ વચન સાંભળી જ્યાં હું કાંઇક (એ પ્રસંગને યોગ્ય) વિચાર કરૂં છું ત્યાં એ મુનિ અદૃશ્ય થઈ ગયા. હે સુશીલ રાજા ! આ તમને કહેલા નિમિત્તનેલીધે હું આકાશની અંદરથી ઉદ્વેગયુક્ત ચિત્તવાળો થઇ અહીં આવ્યો છું.[૧૩-૧૫] આ મારૂં સર્વ વૃત્તાંત મેં તમને કહ્યું. હું રાત્રિ વખતે સ્ત્રીના રૂપને ધારણ કરનારો થઇ ગયો છું તો દિવસોનો અંતભાગ આવતાં રાત્રિઓને વિષે મારે સ્ત્રીપણાથી શી રીતે કાળ નિર્ગમન કરવો ?[૧૬] હું રાત્રિએ સ્તનવાળી સ્ત્રી બની જઇશ ત્યારે મારે પિતાજી (નારદ મુનિ) ની પાસે શું કહેવું ? અહો ! સંસારમાં જે કાંઇ ભાવિ હોય છે તેની ગતિ વિષમછે.[૧૭] જેમ માંસનો એક પિંડ ગીધપક્ષિઓની પરસ્પરની લડાઇના કારણરૂપ થાય તેમ હું પણ જુવાન પુરુષોની અન્યોન્યની લડાઇના કારણરૂપ થયેલ છું, જેથી મહાકષ્ટ છે કે હમણાંજ મારા અપહરણમાટે કામી પુરુષોમાં પરસ્પર કલહ થશે.[૧૮] હું કે જે રાત્રિએ સ્ત્રી બની જવાનો છું તેણે સ્વર્ગમાં કામવડે વ્યાકુળ બુદ્ધિવાળા દેવકુમારોનીપાસે અને ગુરુ, દેવતા અને બ્રહ્મર્ષિઓનીપાસે ચિત્તલજ્જાને પરવશ રાખી શી રીતે સત્યપણાથી નિવાસ કરવો ?

શ્રીવસિષ્ઠજી કહે છેઃ–એમ કહી કુંભમુનિ ક્ષણમાત્ર મહાત્માઓની નિર્વિકલ્પ સ્થિતિમાં મૌનજ ધારણ કરી લઈ ધૈર્યનો આશ્રય કરી (ધીરેથી) પાછું બોલ્યા કે–' અજ્ઞાનીની પેઠે હું શોક શા માટે ધારણ કરૂં ? હું કે જે નિર્લેપ આત્મારૂપ છું તેની એથી શી ક્ષતિ થઇ ? (કાંઇ નહિ.)[૧૯-૨૧] મારાથી પૃથક્ (જુદો) રહેલો આ દેહજ પ્રારબ્ધપ્રમાણે જે પ્રાપ્ત થયું છે તે (સ્ત્રીપણા) નો અનુભવ કરશે.'

શિખિધ્વજ રાજા કહે છેઃ–હે દેવપુત્ર ! જેમ

* कान्तार्थिनी तु या याति संकेतं साऽभिसारिका (જે પોતાના પ્રિય પુરુષને મળવાના ઇરાદાથી સંકેતસ્થાનમાં જાય તે અભિસારિકા કહેવાય છે)

તેના શુકલાભિસારિકા અને કૃષ્ણાભિસારિકા એવા બે ભેદ છે; તેનું વિશેષ સ્ફુટીકરણ અલંકારશાસ્ત્રમાં છે. બાકી અહીં કૃષ્ણાભિસારિકાની ઉત્પ્રેક્ષા કરી હોય એમ લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપ કહો છો તેમજ છે. વળી આ વિલાપ કરવાથી શું ફળ છે?[22] જે કાંઇ (સુખ-દુઃખાદિક) આવવાનું હોય તે ભલે દેહ ઉપર આવો પણ આત્મા તો (સુખ-દુઃખાદિથી) લેપાતો નથી, જે કેટલાંક સુખો અને દુઃખો કહેલાં છે તે બધાં દેહને છે પરંતુ (સાક્ષિરૂપે તેથી જુદા રહેનારા) આત્માને તો કશું નથી. દેહના સંબંધથી જે પ્રારબ્ધનાં ફળો અવશ્ય ભોગવવાનાંજ છે તેના સંબંધમાં તમે કે જે ખેદ કરવાને યોગ્યજ નથી તે પણ જો ખેદને પ્રાપ્ત થશો તો પછી અજ્ઞાની જીવોના અવિવેકવડે થનારા ખેદને મટાડવામાં તમારા જેવો શાસ્ત્રનો અનુભવ કરાવવામાં કુશળ એવો બીજો કયો પુરુષ ઉપાયરૂપ થશે? ખેદ કરાવનારા પ્રસંગમાં ખેદને યોગ્યજ ભાષણ કરવું જોઇએ તેથી તમે તેમ કહ્યું.[23-25] હવે સમાનપણાને (શોક-હર્ષાદિ રહિતપણાને) પ્રાપ્ત થઇ મનમાં કાંઇ ખેદ ન લાવતાં યથાસ્થિતપણાથી (જેમ આજ દિવસપર્યંત આનંદમૂર્તિ હતા તેમ) રહો.

શ્રીવસિષ્ઠજી કહે છેઃ—પરસ્પર (ઉપરથી) ખેદ બતાવનારાં, અન્યોન્ય મિત્ર બની ગયેલાં, અને વનમાં સ્નેહથી હળીમળી રહેનારાં, એ બન્ને જણાં, ઉપર કહ્યાપ્રમાણે શાંતિનાં વાકયોવડે અન્યોન્ય આશ્વાસના કરી રહ્યાં હતાં. પછી જેમ સ્નેહનો (તેલ, ઘી, કે દિવેલ જે હોય તેનો) ક્ષય થઇ જતાં દીવો અસ્ત થઈ જાય, તેમ જગતના દીવારૂપ સૂર્યનારાયણ પણ કેમ જાણે કુંભમુનિનું સ્ત્રીપણું ઉત્પન્ન કરતા હોય તેમ અસ્તને પ્રાપ્ત થયા. અતિશયપણાથી (વારંવાર) થયા કરતા વ્યવહારોની સાથે કમળો સંકોચાવા લાગ્યાં.[26-28] માર્ગો અંધારાવડે અસ્પષ્ટ (ઝાંખા) દેખાવા લાગ્યા, અને પાથકો તથા તેમની (વિયોગવાળી) સ્ત્રીઓનાં હૃદય, એ બન્ને સાથેજ વિયોગથી થયેલા શોકવડે સંકુચિત (ઉદાસીન) થઇ ગયાં. સમુદ્રના દ્વીપમાં રહેનાર કોઈ મચ્છીમાર (પારધિ) જેમ સર્વ પક્ષિઓને એકત્ર (પોતાની જાળમાં) ભેગાં કરે અને (સમુદ્રમાંથી દૈવયોગે શોધવડે મળી આવતાં) રત્નોનો પણ સંગ્રહ કરે તેમ સર્વ પક્ષિઓને એકત્ર (વૃક્ષાદિ સ્થાનોમાં) ભેગાં કરનાર એવો ભૂલોક અને તારાઓરૂપી રત્નોના સમૂહથી સુશોભિત એવો ઊર્ધ્વલોક, એ બન્ને લાગતા હતા. ઉંચે સ્વરે શબ્દ કરનારો ચક્રવાક પક્ષિઓનો અને ફરનારા ભમરાઓનો સમૂહ, પોતે તારાઓવડે વ્યાપ્ત હોવાથી કેમ જાણે વિકસિત થયેલા કમળસમૂહને હસી કાઢતું હોય તેમ થઇ રહેલા આકાશમાં ઉડયો. પછી મિત્રરૂપ બની ગયેલાં એ બન્ને દંપતી, ત્યાંથી ઉઠી ચંદ્રોદય વખતે સંધ્યાવંદન કરી જપ કરી લઈ ઝાડીઓની અંદર (રમણીય સ્થાનમાં) બેઠાં. ત્યારબાદ કુંભમુનિએ સ્ત્રીનું શરીર ધારણ કરતાં પોતાની પાસે રહેલા શિખિધ્વજ રાજાને ધીરેથી ત્રુટતે અક્ષરે (ગળગળા થઈ જઈ) કહ્યું કે 'હે રાજા ! તમારી પાસે લજ્જાવડે કેમ જાણે હું અવયવરૂપી યષ્ટિથી પડી જતો હોઉં, કે કેમ જાણે ધડકતો હોઉં, કે કેમ જાણે ગળી જતો હઉં તેમ થઈ જાઉં છું. હું જાણું છું કે હું સ્ત્રીપણાને પ્રાપ્ત થતો જાઉં છું. હે રાજા ! જેમ તારાઓની માળાઓ (પંક્તિઓ) વડે ચળકાટ મારતો સાયંકાલનો અંધકાર (રાત્રિ થતાં) વધવા માંડે તેમ મોતીઓ વગેરેની માળાથી ચળકાટ મારતા આ મારા કેશો વધવા માંડ્યા છે એ તમે જુઓ. વળી વસંતઋતુમાં આકાશતરફ ઉંચું મુખ કરી રહેલ કમલિનીની કળીના જેવાં રમણીય અને ઉંચું મુખ કરી રહેલાં સ્તનો મારા વક્ષસ્થળમાં થવા માંડ્યાં છે એ પણ તમે જુઓ. હે પ્રિય મિત્ર ! મારા શરીરમાંથી સ્ત્રીના જેવાંજ ઘુંટીસુધી લાંબાં વસ્ત્રો ઉત્પન્ન થવા માંડ્યાં છે એ તમે જુઓ.[29-36]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે પ્રિય રાજા ! જેમ વૃક્ષમાંથી પુષ્પો ઉત્પન્ન થાય તેમ મારા અવયવોમાંથીજ અનેક પ્રકારનાં આ આભૂષણો, રત્નો અને પુષ્પો ઉત્પન્ન થતાં જાય છે. હે અંગ ! પર્વતના ઉપર જેમ ઝાકળ ઉત્પન્ન થાય છે તેમ મારા મસ્તકઉપર પોતાની મેળેજ ચંદ્રમાનાં કિરણોનાં જેવાં કાંતિવાળાં કિરણોવડે શોભાયમાન પટ્ટવસ્ત્ર (રેશમી વસ્ત્ર) તૈયાર થઇ ગયું છે. હે મને માન આપનાર ! સ્ત્રીનાં સર્વ ચિહ્નો મારામાં થઇ ગયાં છે.[૩૭-૩૯] અહો ! મને ધિક્કાર છે, કષ્ટ છે અને અફસોસ છે કે હું સ્ત્રી બની ગયો છું. હું શું કરૂં ? હે સુશીલ રાજા ! અહો મને ધિક્કાર છે અને મહાકષ્ટ છે કે હું સ્ત્રીજ થઈ રહ્યો.[૪૦] હું સાક્ષી ચૈતન્યવડે આ *નિતંબ ભાગને અને જઘનને અનુભવું છું ’ આપ્રમાણે કુંભમુનિ વનની અંદર રાજાને કહી દિલગીર થઇ મૌનવાન (ચૂપ) થઇ રહ્યા.[૪૧] રાજા તેને એવી તરેહનો જોઈ પોતે પણ તેના જેવોજ દિલગીર થયો અને એક મૂહૂર્તમાત્ર પછી શિખિધ્વજ રાજાએ તેને આવાં વાકયો કહ્યાં;[૪૨] કે ‘ મહાકષ્ટ છે કે આપ જે મહાત્મા છો તે સ્ત્રી બની ગયા. પરંતુ હે સુશીલ દેવપુત્ર ! તમે જાણવાનું સર્વ જેણે જાણી લીધું છે તેવા છો. વળી પ્રારબ્ધની (ઉલ્લંઘન ન થઇ શકે તેવી) ગતિને તમે જાણો છો,[૪૩] માટે આ વિષય કે જે અવશ્ય ભાવિજ છે તેમાં ઉદાસ ચિત્તવાળા ન થાઓ. તે તે (સારી માઠી) દશાઓ જ્ઞાનવાન પુરુષોના ફક્ત દેહ ઉપરજ આવી પડે છે પણ તેના ચિત્તમાં પેશી શકતી નથી અને અજ્ઞાની પુરુષોના માત્ર દેહ ઉપરજ એ આવે છે એમ નથી પરંતુ તેના ચિત્તમાં પણ તે તે દશા દ્રઢ બેસી જાય છે.’

* સ્ત્રીના કટિપશ્ચાદ્‌ભાગને નિતંબ કહે છે. અને સ્ત્રીના કેડના આગળના ભાગને જઘન કહે છે (पश्चान्नितंबः स्त्रीकट्याः क्लीबे तु जघनं पुरः)

કુંભમુનિ કહે છેઃ—રાત્રિમાં તે સ્ત્રીપણાની પ્રાપ્તિ પણ ભલે હો. હું તેવી રીતે પણ ચલાવી લઇશ.[૪૪,૪૫] એ બાબતમાં હું કાંઈ ખેદ રાખતો નથી. કેમકે પ્રારબ્ધનું કોણ ઉલ્લંઘન કરી શકે છે ? કોઇ નહિ. એ રીતે તે બન્ને જણાંએ નિર્ણય કરી કેમ જાણે તે ખેદને હલકો કરી નાખ્યો હોય તેમ (શોકરહિત થઇ જઇ) એકજ શય્યામાં મૌનપણાથી તેઓએ (રાજાને કુંભમુનિની વિપત્તિની ચિંતાથી અને રાણીને રાજાના સમાગમની ઉત્કંઠાથી નિદ્રા નહિ આવતાં) ઘણી લાંબી થઈ પડેલી આખી રાત્રિ કાઢી નાખી. પછી પ્રાતઃકાળે તે સ્ત્રીનું યૌવનવાળું શરીર છોડી દઇ પ્રથમના કુંભમુનિના જેવોજ સ્તન વગરના પુરુષના શરીરવાળો પાછો કુંભજ બની ગઇ. એ રીતે તે ઉત્તમ રાજપત્ની ચૂડાલા પોતાના પતિપાસે પ્રથમ કુંભરૂપે થઇ ગઇ અને પછી સ્ત્રીરૂપ બની જઇ વનના અંતભાગોમાં રાત્રિએ કુમારીના ધર્મમાં રહી ક્રીડા કરતી હતી અને દિવસે મિત્રરૂપ પોતાના ભર્તા સાથે કુંભમુનિનું રૂપ ધારણ કરી રહેતી હતી.[૪૬-૪૮] કૈલાસપર્વત, મંદરાચલ, મહેંદ્રાચલ, મેરુપર્વત અને સહ્યાદ્રિ, એમનાં શિખરોમાં યોગના બલથી પોતાના પતિ સાથે અસ્ખલિત (અટકાયત વિના) જવું આવવું કરનારી તથા પુષ્પની માળા, હારડીઓ, ને (સુવર્ણાદિકના) હારોવડે રમણીય લાગતી એ ચૂડાલા પોતાની ઇચ્છા પ્રમાણે ગતિ કરનારા પોતાના પતિની સાથે ઇચ્છાને અનુસારે ગમે ત્યાં ક્રીડા કરતી હતી.[૫૦]

कैलासमंदरमहेन्द्रसुमेरुसह्यसानुष्वविस्खलितयोगगमागमा सा ॥ साकं प्रियेण सुहृदा भवता यथेच्छं स्रग्दामहारवलिताविजहारनारी॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો ‘કુંભસ્ય સ્ત્રીત્વલાભ’ એ નામનો એકસો પાંચમો સર્ગ સંપૂર્ણ. ૧૦૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્ગ ૧૦૬ ઠ્ઠો.*

કુંભરૂપ ચૂડાલાનો વિવાહ

॥ श्रीवासिष्ठ उवाच ॥

ततः कतिपयेष्वेव दिवसेषु गतेषु सा ॥
इदं प्रोवाच भर्तारं कुंभरूपधरा सती ॥ १ ॥

શ્રીવસિષ્ઠજી કહે છેઃ—ત્યારપછી કેટલાએક દિવસો ગયાબાદ કુંભમુનિના રૂપને ધારણ કરનારી સતી ચૂડાલાએ પોતાના પતિને આ પ્રમાણે કહ્યું[૧] 'હે રાજા! હે કમલના જેવાં સુંદર નેત્રવાળા! મારાં આ વચન તમે સાંભળો. હું હમેશાં રાત્રિએ સુંદર અંગવાળી સ્ત્રી બની જાઉં છું માટે તેને યોગ્ય એવા સ્ત્રીધર્મને હું સફળ કરવાને ઇચ્છું છું. તેથી કોઈ ભર્તાને વિવાહવડે થોડા કાળમાંજ હું મારા આત્માને (દેહને) આપી દઇશ.[૨,૩] આ ત્રણે લોકમાં તમેજ મને ભર્ત્તારૂપે બહુ રુચ્યો છો માટે મારી સાથે વિવાહ કરી સર્વદા મને રાત્રિએ ભાર્યાના ભાવમાં અંગીકાર કરો.[૪] હે સુશીલ રાજા! પોતાના પ્રિય મિત્રની (તમારી) સાથે યત્નવગર અનાયાસે મળનારાં સ્ત્રીસુખને ભોગવવાને હું ઇચ્છું છું; માટે તેમાં તમે (ના પાડી) વિઘ્નકારક ન થશો.[૫] સૃષ્ટિના આરંભકાળથી માંડી ક્રમપ્રમાણે ચાલ્યું આવતું, અનાયાસથીજ સાધી શકાતું, સુખરૂપ અને મનોહર પ્રકૃત (પ્રસંગપ્રાપ્ત) કાર્ય, સર્વ વસ્તુઓમાં ચારે કોરથી ઇચ્છા અને અનિચ્છાનો, તથા તેનાં શુભાશુભ ફળોનો ત્યાગ કરી જે કરે તેને તેથી શું દોષ લાગે? કાંઇ નહિ. તેમ સૃષ્ટિના આરંભકાળથીજ માંડી ક્રમપ્રમાણે ચાલ્યું આવતું, અનાયાસથીજ સાધી શકાતું, સુખરૂપ અને મનોહર આ પ્રકૃત (પ્રસંગપ્રાપ્ત વિવાહરૂપ) કાર્ય, સર્વ વસ્તુઓમાંથી ઇચ્છા અને અનિચ્છાનો તથા તેનાં શુભાશુભ ફળોનો ત્યાગ કરી જો તમે કરો તો તેથી તમને શો દોષ લાગે? કાંઈ નહિ. આપણે બન્ને (થાય તોજ ઠીક એવી) ઇચ્છાવાળાં પણ નથી, અને (ન થાય તોજ ઠીક એવી) અનિચ્છાવાળાં પણ નથી. માટે આ ધારેલો મનોરથ પૂર્ણ કરીએ.'[૬,૭]

શિખિધ્વજ રાજા કહે છેઃ—હે પ્રિય સખા! આ (વિવાહરૂપ) કાર્ય કરવાથી હું શુભ કે અશુભ કાંઇ દેખતો નથી. માટે હે મોટી બુદ્ધિવાળા! જેમ તમારી ઇચ્છા હોય તેમ તમે ભલે કરો.[૮] સર્વ બ્રહ્મરૂપ જણાયાથી સમાનપણાને (નિર્વિકારતાને) પ્રાપ્ત થયેલાં ચિત્તવડે આ ત્રણે લોકને હું પોતાના આત્મારૂપજ લેખું છું, માટે જેમ તમારી મરજી હોય તેમ કરો.[૯]

કુંભમુનિ કહે છેઃ—હે રાજા! જો એમજ હોય તો મેં ગઇ કાલે ગણતરી કરી હતી તો આજે શ્રાવણ માસની પૂર્ણિમા છે તેથી આજેજ (લગ્નદિન સારો હોવાથી) લગ્ન કરી લેવું એ વધારે સારૂં છે.[૧૦] હે મહાબાહુ! આજે રાત્રિએ પરિપૂર્ણ કળાઓવડે નિર્મળ દેખાતા ચંદ્રમાનો ઉદય થયાથી મહેન્દ્રાચળની ઉપરના ભાગની ટેકરીના મનોહર શિખરમાં પુષ્પોના ભારવડે નમી ગયેલ ઉંચાં વૃક્ષોની પંક્તિઓથી સુશોભિત વનની પુષ્પલતાઓનાં ચલનવલનરૂપી સ્ત્રી-નૃત્યવડે મનોહર, મણિમય ગુફારૂપી (કૃત્રિમ) મંદિરની અંદર આપણો બન્નેનો (ગાંધર્વવિધિવડે) વિવાહ થશે. હે કાનસુધી લાંબા નેત્રવાળા રાજા! આજે રાત્રિએ આકાશમાં રહેલા તારાઓ પોતાના પતિ પૂર્ણચંદ્રની સાથે આપણ બન્નેના વિવાહરૂપી ઉત્સવને ભલે જુઓ.[૧૧-૧૪] હે રાજા! ચાલો આપણા પોતાના વિવાહ માટે વનનાં વૃક્ષોની અંદરના ભાગમાંથી આપણે ચંદનપુષ્પ આદિ સામાન રત્નોની સાથે ભેગો કરીએ.[૧૫] એમ કહી કુંભમુનિ રાજાની સાથે

* આ એકસો છઠ્ઠા સર્ગમાં શિખિધ્વજ અને ચૂડાલાનો મહેંદ્રાચળમાં અગ્નિસાક્ષિક વિવાહ અને સુવર્ણમય ગુફામાં પુષ્પશય્યામાં સમાગમ, એ વર્ણન આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉભા થયા અને પુષ્પો વીણી લીધાં તથા રત્નાદિકનો પણ સંચય કર્યો.[૧૬] ત્યારપછી તેઓએ મુહૂર્ત્તમાત્રમાં એ રત્નવાળા શિખરમાં સરખા અને ઉત્તમ આંગણાની અંદર દેવતા તથા અગ્નિઆદિના પૂજનમાટે પુષ્પોના ઢગલા કરી મૂક્યા;[૧૭] અને બીજા આંગણાની અંદર કેમ જાણે મૂર્તિમાન સૌભાગ્યનાજ ઢગલાઓ કરી રાખ્યા હોય તેમ હારો, લુગડાંઓ અને ઉત્તમ મણિઓ ઇત્યાદિના ઢગલાઓ કર્યા.[૧૮] એ રીતે ગૃહાકાર સુવર્ણમય ગુફાની અંદર ઉપર પ્રમાણે વિવાહનો સર્વ સામાન એકઠો કરી મહામિત્ર બની ગયેલાં એ બન્ને જણાંઓ મંદાકિની (ગંગા) નદી પ્રત્યે સ્નાન કરવામાટે ગયાં.[૧૯] હાથીના જેવી દૃઢ કાંધવાળા મહારાજા શિખિધ્વજને કુંભમુનિએ દહીં, દૂર્વા, અક્ષત, સર્ષપ આદિ મંગલપૂર્વક પરમ આદરથી સ્નાન કરાવ્યું.[૨૦] અને પછી પોતાની પત્નીરૂપે થવાની તથા કુંભમુનિના રૂપને ધારણ કરનારી પ્રિયા ચૂડાલાને રાજા કે જે હવે પછી (વિવાહવડે) તેના પતિરૂપ બનવાનો છે તેણે સ્નાન કરાવ્યું.[૨૧] પછી નાહેલાં તે બન્ને જણાંએ દેવતાઓ, પિતૃઓ, અને ઋષિઓની પૂજા કરી. જેમ એ બન્ને ક્રિયાનાં ફળની ઈચ્છા વગરનાં હતાં તેમજ ક્રિયાનો ત્યાગ કરવામાં પણ ઈચ્છારહિત હતાં.[૨૨] નિત્ય જ્ઞાનરૂપી રસવડે તૃપ્ત રહેનારાં અને જગતની સ્થિતિની મર્યાદામાં રહેલાં તે બેઉ જણાંએ પોતાને પરસ્પર અભીષ્ટ એવું ઉત્તમ ભોજન કર્યું.[૨૩] પછી કલ્પવૃક્ષસંબંધી ધોળાં વસ્ત્રોને ધારણ કરી (કલ્પવૃક્ષના) ફળોનો ઉપયોગ કરી તે બન્ને શાસ્ત્રમાં કહેલા ક્રમથી વિવાહસ્થાનમાં આવ્યાં,[૨૪] તેટલા વખતમાં વિવાહવિષે ઉત્કંઠાવાળાં એ બન્ને (રાજા-રાણી) નું કેમ જાણે પ્રિય કરવાનેમાટેજ અસ્ત થતા હોય તેમ ભગવાન સૂર્યનારાયણ તત્કાળ અસ્તાચળ પ્રત્યે ચાલ્યા ગયા,[૨૫] ત્યારબાદ તેમણે સંધ્યાવંદનવિધિ કરી લીધો અને અઘમર્ષણ તથા જપ પણ કર્યો, ત્યાં (હિતકર હોવાથી) દંપતીના એક મિત્રરૂપ બનેલી, કમળોના સમૂહરૂપી હાસ્યવાળી, અને ઝાકળરૂપી કળિઓના સમૂહને વિખેરી નાખતી રાત્રિ, વિવાહ જોવાને માટેજ તારાઓનો સમૂહ આકાશમાં દેખાવા લાગતાં ઉદય પામી.[૨૬,૨૭] કુંભમુનિએ એ રત્નવાળા શિખરની અંદર જેમ બ્રહ્મા આકાશમાં સૂર્ય અને ચંદ્રમા સહિત અનેક તારાઓને પ્રકટ (ઉત્પન્ન) કરે છે તેમ સારી રીતે અનેક રત્નના દીવાઓ પ્રકટી લીધા,[૨૮] અને પોતે રાત્રિ થતાં સ્ત્રીપણાને પ્રાપ્ત થઈ જવાના હોવાથી શિખિધ્વજ રાજાને ચંદન, અગરુ અને કર્પૂરોના સમૂહોથી, કસ્તૂરી તથા કેસરથી, હાર, બાજુબંધ તથા કડાંઓથી, કલ્પલતાથી થયેલાં વસ્ત્રોથી, માળાવડે અધિક શોભાવાળા રત્નોના ગુચ્છા આદિ આભૂષણોથી, વિવિધપ્રકારના ભૂષણને યોગ્ય પુષ્પોથી, કલ્પલતાઓના ગુચ્છાથી, મંદાર, પારિજાત અને સંતાન વૃક્ષનાં પુષ્પોથી, અનેક રત્નોથી, અને ચંદ્રમાના જેવા કાંતિમાન મુકુટથી (ચૂડામણિથી) શણગાર્યો, અને તેટલા વખતમાંજ એ કુંભમુનિ સ્ત્રીપણાને પ્રાપ્ત થઇ ગયા અને હાવભાવ વગેરે સ્ત્રીના વિલાસવાળા તથા સ્તનના ભારથી દબાએલા થઈ ગયા.[૨૯-૩૨] તેણે પોતાના મનમાં એમ વિચાર કર્યો કે "હું આ સ્ત્રી થઇ ગયો છું તેથી મારે મારો આત્મા (દેહ) કામદેવરૂપી વરને આપી દેવો યોગ્ય છે અને એજ કાર્ય આ સમયને ઉચિત છે.[૩૩] માટે હે કામ ! હું આ તારી સુંદર સ્ત્રી છું અને તું ભર્તારૂપે મારી પાસેજ રહેલ છે, તો ભલે મને ગ્રહણ કર અને મારા પ્રત્યે (ઉપભોગમાટે) આવ. હે હૃદયમાં રહેનાર કામ ! આ તારો યોગ્ય કાળ છે." એમ મનમાં વિચાર કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની આગળજ વનભૂમિમાં રહેલા અને કેમ જાણે ઉદય પામેલા સૂર્ય હોય તેવા દેદીપ્યમાન પોતાના પતિપ્રત્યે જેમ રતિ (કામપત્ની) કામ પ્રત્યે જાય તેમ તે ગઇ.[૩૫] "હે મને માન આપનાર ! હું મદનિકા નામની તમારી ભાર્યા (થવાની) છું, અને સ્નેહે સહિત આપના ચરણમાં હું પ્રણામ કરૂં છું "[૩૬] એમ કહી સુંદર અંગવાળી, લજ્જાવડે નમી ગયેલી અને સ્વભાવે પણ નમ્ર એ રાણી, ચપળ કેશવાળા પોતાના મસ્તકવડે એ સુશોભિત પતિને નમી[૩૭] તથા તેણે કહ્યું કે 'મને આપ ભૂષણોવડે શણગારો અને શાસ્ત્રના ક્રમપ્રમાણે અગ્નિને પ્રજ્વલિત કરી મારૂં પાણિગ્રહણ કરો.[૩૮] હે રાજા! આપ બહુ શોભાયમાન લાગો છો, અને મને કામદેવવડે વ્યાકુળ કરી મૂકો છો. રતિના વિવાહમાં પ્રસિદ્ધ એવા કામદેવને પણ તમે પોતાની શોભાવડે તિરસ્કાર કરી રહ્યા છો.[૩૯] હે રાજા ! તમારાં આ પુષ્પો કેમજાણે ચંદ્રમાનાં મૂર્તિમાન કિરણોનો સમૂહજ હોય તેવી શોભાવાળાં છે; અને તમારા વક્ષસ્થળમાં રહેલો હાર મેરુપર્વતમાં રહેલા ગંગાપ્રવાહના જેવી કાંતિને ધારણ કરે છે.[૪૦] હે રાજા ! જેમ કેસરાઓવડે લપેટાઇ રહેલા ચંચળ ભમરાઓથી સુવર્ણકમળ શોભે તેમ મંદારનાં પુષ્પોથી ગુંથાએલા કેશોવડે તમે શોભો છો.[૪૧] હે મહાસમર્થ ! રત્નોનાં કિરણોના સમૂહોથી, પુષ્પોથી, લક્ષ્મીથી, સ્થિરતાથી અને તેજથી તમે રત્નના સ્થાનરૂપ મેરુપર્વતનો પણ તિરસ્કાર કરી રહ્યા છો.'[૪૨] ઇત્યાદિ વાતો કરતાં તેઓ બન્ને પરસ્પર પ્રસન્ન થતાં હતાં, કે જેઓનો પ્રથમનો પતિપત્નીભાવ ગૂઢપણે ઢંકાઈ રહ્યો હતો અને હવે પછી પાછાં જેઓ નવીન દંપતીરૂપે થવાનાં છે.[૪૩] સુવર્ણમય શિલારૂપી પલંગમાં બેઠેલા મહારાજા શિખિધ્વજે મહારાણી મદનિકાને પોતાની મેળેજ કુંડલ આદિ કર્ણભૂષણોથી, તેમજ શિરોભૂષણથી, માળાઓથી, મણિમય અને રત્નમય બીજા અલંકારોથી, વસ્ત્રોથી, ચંદનાદિક લેપોથી અને તે તે યોગ્ય સ્થાનોમાં રાખેલાં પુષ્પોથી શણગારી દીધી.[૪૪,૪૫] શણગારેલી હોવાથી (કામ) મદને ઉત્પન્ન કરનારી એ સુંદર કામાતુર મદનિકા (શિવજી સાથે) વિવાહ કરવામાં ઉત્કંઠિત થયેલાં પાર્વતીજીની પેઠે અને (કામ સાથે) વિવાહ કરવામાં ઉત્કંઠિત થયેલી કામાતુર કામપત્ની-(રતિ)ની પેઠે શોભતી હતી.[૪૬] મહારાજા શિખિધ્વજે મહારાણી (મદનિકા) ને શણગારી લઈ એમ કહ્યું કે ' હે મૃગબાળકના જેવાં વિશાળ નેત્રવાળી ! તું નવી ઉત્પન્ન થયેલી કેમ જાણે બીજી લક્ષ્મી હોય તેવી શોભે છે.[૪૭] ઇંદ્રની સાથે ઇંદ્રાણીનું જે સૌભાગ્ય રહ્યું છે, વિષ્ણુની સાથે લક્ષ્મીજીનું જે સૌભાગ્ય રહ્યું છે, અને મહાદેવજીની સાથે પાર્વતીજીનું જે સૌભાગ્ય રહ્યું છે, તેજ સૌભાગ્ય, તારૂં પણ મારી સાથે રહો.[૪૮] સ્તનરૂપી કમળની કળીઓવાળી, અનુરાગરૂપી અંકુર જેના હૃદયમાં ફુટી નીકળ્યો છે તેવી, ચંચળ નેત્રરૂપી શ્યામ કમળને ધારણ કરનારી અને (પુષ્પાદિકના) સુગંધને-લીધે ભમરાઓનો ઉત્તમ શબ્દ જેમાં થઇ રહ્યો છે, એવી તું કેમ જાણે કમલિનીજ હોય તેવી દેખાય છે.[૪૯] સુંદર હસ્તરૂપી રક્તપલ્લવવડે સુશોભિત, સ્તનરૂપી ગુચ્છાઓને ધારણ કરનારી, અને અનેક ફળવાળી તું કામદેવરૂપી કલ્પવૃક્ષની લતા છે એમ હું માનું છું.[૫૦] તું હિમ જેવા ઠંડા અને નિર્મળ અવયવોવાળી હોવાથી તથા ચાંદનીના ફેલાવના જેવું સુંદર તારૂં હાસ્ય હોવાથી તું કેમ જાણે ઉદય પામેલી પૂર્ણ (પુનમના) ચંદ્રમાની બીજી લક્ષ્મીજ હોય તેમ, દર્શનમાત્રથીજ સંપૂર્ણ રીતે આનંદ ઉપજાવે છે.[૫૧] માટે હે ઉત્તમ નિતંબ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાળી! અહીંથી તું ચાલ અને પોતાની મેળે-જ વિવાહસંબંધી *વેદીને શોભાવ.

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—પ્રત્યેક સ્તંભમાં ફળોના અને ગુચ્છાઓના જેવા આકારવાળી રત્નોની શિલાઓવડે ચિહ્નવાળા પુષ્પલતાઓના સમૂહોથી, તથા ગુચ્છાઓના જેવા દેખાવ આપનારા મોતીયોવાળા પુષ્પકલિકાઓના સમૂહોથી, ચારે દિશામાં રાખેલાં ચાર મોટાં શ્રીફળોથી; અને ગંગાજળવડે ભરી રાખેલા પૂર્ણકુંભોથી, બહુ શોભાવાળી એ વિવાહવેદીમાં તેઓ ગયાં અને એ વેદીના મધ્યભાગમાં ચંદનનાં લાકડાંવડે તેમણે અગ્નિને પ્રદીપ્ત કર્યો. ૫૨–૫૪ અગ્નિની જ્વાળાને પ્રજ્વલિત (પ્રદીપ્ત) કરી દક્ષિણદિશાતરફ જ્વાળા જવાથી દક્ષિણતરફ નમી રહેલા તે અગ્નિને (વિધિપૂર્વક) સ્થાપન કરી, પછી તેની પ્રદક્ષિણા કરી એ અગ્નિની પાસેજ પૂર્વદિશા તરફ મુખ રાખી પરસ્પર પ્રેમવાળાં એ બન્ને દંપતી પોતાની મેળેજ પલ્લવના આસન ઉપર બેઠાં. શિખિધ્વજ રાજાએ તલ અને શાળનો અગ્નિમાં હોમ કરી વારંવાર ઉભા થઈ પોતાની પ્રિયાના પાણિનું ગ્રહણ કર્યું (હાથ ઝાલ્યો) અને શિવપાર્વતીનીપેઠે મંગળરૂપ અને વનમાં પરસ્પર શોભી રહેલાં એ દંપતીએ અગ્નિને પાછી પ્રદક્ષિણા કરી અને તેમણે અન્યોન્ય મંદહાસ્યવડે મુખ સુશોભિત રાખી જ્ઞાનરૂપી સર્વસ્વવાળું અને પ્રેમવડે. ચપળ એવું પોતાનું હૃદયજ દાય તરીકે આપ્યું અને અગ્નિને ત્રણ પ્રદક્ષિણા કરી શાળનો હોમ કરી હાસ્યયુક્ત મુખવાળાં, અને નવીન ઉદય પામેલા ચંદ્રમાના જેવાં રમણીય એ બન્ને પતિ-પત્નીએ પ્રસન્ન થઇ ક્રમપ્રમાણે પોતપોતાના હાથ મૂકી દીધા અને પ્રથમ રચી રાખેલી નવીન પુષ્પશય્યામાં તેઓ જઇ બેઠાં. તેટલામાં કેમ જાણે આકાશની અંદરથી તે બન્નેની શોભા જોવાની ઇચ્છાથીજ જાણે ચંદ્રમાએ રાત્રિનો ચોથો ભાગ (એક પહોર) ગાળી નાખ્યો. જેમ વિષયી પુરુષની દૃષ્ટિ સ્ત્રીનાં છિદ્ર જોવામાં ચારે કોર પોતાના કિરણોને પસારે તેમ તે લતારૂપી ઘરમાં ચપળ ચંદ્રમાએ પોતાનાં કિરણોનો પસાર કર્યો. ચંદ્રમા એક પ્રહરપર્યંત ચડ્યા પછી તે બન્ને પ્રિય દંપતી સારા મુહૂર્ત્તની વાટ જોતાં બેઠાં. પછી ત્યાંથી ઉઠી ગુપ્ત અને પ્રથમજ પોતે રચી રાખેલી રત્નમય દીવાઓના પ્રકાશવાળી સુવર્ણમય ગુફામાં તેઓ પેઠાં અને ત્યાં એ પ્રિય પતિ-પત્નીએ, પુષ્પોથી પ્રથમજ રચી રાખેલી, ક્ષીરસાગરની જળધારાના જેવી ધવલ અને કેમ જાણે ચંદ્રમાની ચાંદની જ પિંડરૂપ બની ગઇ હોય તેવી સૌંદર્યવાળી નવીન શય્યા દીઠી કે જે ગોઠવી રાખેલા સુવર્ણમય કમળોના ઢગલાઓથી, અને ગ્લાનિને નહિ પામનારાં બીજાં મંદારવૃક્ષઆદિનાં પુષ્પોથી, તથા સુંદર શય્યાના પ્રમાણને અનુસારેજ ઉંચાં ગોઠવેલાં અને લાંબી શય્યાને આકારે ગોઠવ્યાથી લંબાયમાન ચંદ્રબિંબના જેવા દેખાવ આપનારાં, તથા ઝાકળવાળા પ્રદેશમાં રહેવાથી શીતળ થયેલાં, સમાન પુષ્પોથી ચોતરફ વ્યાપ્ત હતી. ભીંતોમાં પ્રતિબિંબ પડવાથી કેમ જાણે મૂર્તિમાન કામદેવનુંજ પ્રતિબિંબ હોય તેવાં દેખાતાં, સુગંધવાળાં, ઉદાર મનનાં, મનોહર, અને રાજ્યત્યાગથી માંડી ઘણા કાળસુધી ભ્રાંતિવડે અન્યપણાંથી જણાતાં, એ બન્ને દંપતી જેમ ક્ષીરસાગરમાં મંદરાચળ બેસે (પડે) તેમ સરખી રીતે રચનાવડે પરિપૂર્ણતાવાળી, નિર્મળ, પુષ્પોના ઢગલાઓથી ઢંકાઈ ગયેલી એ શય્યામાં બેઠાં. ૫૫-૬૯ સુંદર અને મનોહર એ બન્ને દંપતીના વિનયવડે

* વિવાહઆદિ મંગળકાર્યમાં અગ્નિને પધરાવવાને શોધી રાખેલી સુંદર ભૂમિ (ઓટલી) તે વેદિકા કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોહર તે તે (લોકોત્તર) વાણીના વિલાસોથી તથા તે સમયમાં ઉચિત અને આલિંગન આદિ કાર્યમાં સુંદર દેખાતા ગંધ પુષ્પ તાંબૂલ આદિ વિવેકવાળા ઉપચારોથી અને નવાં નવાં લાગતાં સંભોગનાં સુખનેલીધે તે રાત્રિ ઘણી લાંબી છતાં એક મૂહૂર્તનીપેઠે સત્વર જતી રહી.[70]

तैस्तैर्मिथःप्रणयपेशलवाग्विलासैस्तत्कालकार्यसुभगैः प्रणयोपचारैः ॥ सत्कांतयोर्नवनवेन तयोः सुखेन दीर्घा मुहूर्त इवसा रजनी जगाम ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'મદનિકાવિવાહ' એ નામનો એકસો છઠ્ઠો સર્ગ સંપૂર્ણ. ૧૦૬

સર્ગ ૧૦૭ મો.*

શિખિધ્વજની અનાસક્તિની પરીક્ષા

॥ श्रीवासिष्ठ उवाच ॥

अथ सूर्यारुण्यरंगेण रंजिते भुवनोदरे ॥ शिखिध्वजांगना प्रातर्मदनी कुंभतां ययौ ॥१॥

શ્રીવસિષ્ઠઋષિ કહે છેઃ—પછી સૂર્યરૂપી રંગવડે આ જગતની અંદરનો સર્વ ભાગ રંગાઇ જતાં પ્રાતઃકાળે શિખિધ્વજ રાજાની પત્ની મદનિકા કુંભરૂપે બની ગઇ.[1] એ પ્રમાણે મહેંદ્રાચળની ગુફામાં રાજા શિખિધ્વજ અને કુંભમુનિ એ બન્ને વિવાહિત થઇ જઇ દેવતાઓના જેવા ભોગો ભોગવનારાં પ્રિય દંપતીરૂપ થયાં.[2] તે બન્ને પ્રતિદિન પાકી ગયેલાં ફળોના ભારવાળી તથા પુષ્પોથી અને પલ્લવોથી સુશોભિત વિચિત્ર વનપંક્તિઓમાં વિલાસ કરતાં હતાં.[3] દિવસે તેઓ મિત્રરૂપે અતિ પ્રસન્ન રહેતાં હતાં, અને રાત્રિએ પ્રિય દંપતીરૂપે બની જતાં હતાં. દીપક અને તેની પ્રભા (કાંતિ) ની પેઠે તેઓ નિરંતર ભેગાંજ રહેતાં, અને કદી પણ જુદાં પડતાં નહિ.[4] વનના બગીચાઓમાં, પર્વતોની ગુફાઓમાં, તમાલવૃક્ષોના સમુદાયવાળા પ્રદેશોમાં, મંદારવૃક્ષોનાં વનોમાં, સહ્યાદ્રિ, દર્દુર પર્વત, કૈલાસ, મહેંદ્રાચળ, મલયાચળ, વિંધ્યાચળ અને લોકાલોક પર્વત એ સર્વની તળેટીમાં અને ગંધમાદનપર્વતમાં તેઓ ક્રીડા કરતાં હતાં.[5,6] ત્રણ ત્રણ દિવસે જ્યારે પોતાનો પ્રિયપતિ નિદ્રાને પ્રાપ્ત થાય ત્યારે ચૂડાલા (પોતાના શહેરમાં જઇ) રાજકાર્યોને કરી લઈ પાછી ત્યાં ચાલી આવતી હતી.[7] સ્વચ્છ સ્નેહાર્દ્ર હૃદયવાળા કુંભમુનિ અને રાજા એ બન્ને દિવસે મિત્રરૂપે રહી રાત્રિએ દંપતીરૂપ બની જઈ નાનાપ્રકારનાં પુષ્પોમાં ગરકાવ રહી પરસ્પર બહુ પ્રસન્ન રહેતાં હતાં.[8] મનોહર અને દેવદારુનાં વૃક્ષોવડે વ્યાપ્ત થઇ રહેલા મહેંદ્રાચળમાં રત્નની ભીંતોવાળા ગુફારૂપી ઘરમાં દેવતાઓએ અને કિન્નરોએ પ્રશંસા કરાએલાં એ દંપતી એક માસપર્યંત રહ્યાં, અને તેવીજ રીતે એક માસપર્યંત (નીચાં હોવાથી) હાથવડે લઈ શકાય તેવી રીતે ઉત્પન્ન થયેલાં ક્ષુધા-તૃષા-જરા-રોગ-ઇત્યાદિકને હરી લેવાથી સાર્થક એવાં ફળ-પુષ્પ-પલ્લવ આદિને ધારણ કરનારાં મંદાર વૃક્ષોનાં વનોની માળા (પંક્તિ) વાળા, શુક્તિમાન પર્વતના પૃષ્ઠભાગમાં તેમણે નિવાસ કર્યો. એક પક્ષસુધી કલ્પલતાના બનાવેલા ગૃહમાં તે રહ્યાં.[9,10] બે માસ સુધી મૈનાક પર્વતની દક્ષિણદિશાતરફની તળેટીમાં પારિજાતક વૃક્ષોના વનની અંદર દેવતાઓના ઉપભોગમાં આવનારાં પુષ્પોના ગુચ્છાઓવડે બનાવેલા મંડપમાં તેમનું રહેવું થયું.[11] મેરુપર્વતના જમણા ભાગતરફ જંબૂનદીને કાંઠે જંબૂવનના સુવર્ણમય ભાગની નીચે જાંબુનાં ફળોના રસના આસવ પીવાથી સ્વેદ, દુર્ગંધ, જરા, રોગ આદિથી રહિત અને સ્થિરયૌવનવાળાં

* આ એકસો સાતમા સર્ગમાં નાના પ્રકારના પર્વતોમાં વિહાર આદિ તથા માયામય ઇંદ્રનું દર્શન અને અનાસક્તિ(વૈરાગ્ય)ની પરીક્ષામાટે ઇંદ્રતરફથી સ્વર્ગ પ્રત્યે આમંત્રણ થવું, ઇત્યાદિ વર્ણન આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ તેમણે માસપર્યંત ત્યાં સ્થિતિ કરી.[૧૨] દશ દિવસસુધી ઉત્તરકુરુ તરફના દેશોમાં તે રહ્યાં અને સત્તાવીશ દિવસસુધી ઉત્તર કોસલ દેશમાં તેમણે વાસ કર્યો.[૧૩] એવીજ રીતે બીજા અનેક પર્વતોના અને રાજાઓના દેશોમાં મહાભાગ્યવાન એ બન્ને દંપતી દિવસે મિત્રરૂપે રહેતાં હતાં અને રાત્રિએ દંપતીરૂપ બની જઈ રહેતાં હતાં.[૧૪] ત્યાર પછી ધીરે ધીરે કેટલાક માસ વ્યતીત થઈ જતાં એ દેવપુત્ર (કુંભમુનિ) ને રૂપે આવેલી ચૂડાલાએ વિચાર કર્યો[૧૫] કે 'હું સુંદર રૂપવાળા (મનોહર) ભોગોના ભારવડે એ શિખિધ્વજ રાજાની પરીક્ષા કરીશ, કે જેથી (અનાસક્તિ દ્રઢ થઈ જતાં) તેનું ચિત્ત પાછું ભોગોનેવિષે કોઇ દિવસ આસક્તિવાળું થશેજ નહિ.'[૧૬] એમ વિચાર કરી ચૂડાલાએ માયાવડે એ વનભૂમિમાં દેવતાઓ અને અપ્સરાઓએ સહિત ઈંદ્રને ત્યાં આવેલા દેખાડ્યા.[૧૭] સર્વ પરિવારો સહિત ઇંદ્રને પોતાની પાસે આવેલા જોઇ વનમાં રહેલા શિખિધ્વજ રાજાએ યથાવિધિ તેની પૂજા કરી.[૧૮]

શિખિધ્વજ રાજા કહે છેઃ—હે દેવતાઓના રાજા ! આપે દૂરથી (સ્વર્ગમાંથી) અહીં પધારવાનો શ્રમ શા માટે લીધો ? જેમ હોય તેમ આપ કૃપા કરી મને કહેવાને યોગ્ય છો.[૧૯]

ઈંદ્ર કહે છેઃ—જેમ હૃદયપ્રદેશમાં લાગી રહેલાં સૂત્રવડે (દોરવડે) વનમાં રહેનારાં આકાશચારી પક્ષિઓ ખેંચાઇ આવે તેમ તમારા ગુણોના અતિશયપણાથી અમે સ્વર્ગમાંથી અહીં ખેંચાઇ આવ્યા છીએ.[૨૦] તમે ઉઠો અને સ્વર્ગપ્રત્યે આવો. ત્યાં (સ્વર્ગમાં) તમારા ગુણોનું શ્રવણ થવાથી આશ્ચર્ય પામી ગયેલા સર્વ દેવતાઓ અને તેમની સુંદર પત્નીઓ તમને જોવાને આતુર છે.[૨૧] સિદ્ધપાદુકા, સિદ્ધગુટિકા, સિદ્ધખડ્ગ,સિદ્ધરસ, વિમાન અને દિવ્યઅશ્વ ઇત્યાદિ સિદ્ધિઓને પણ ગ્રહણ કરી લઇ સિદ્ધ માર્ગથી તમે સ્વર્ગપ્રદેશમાં ચાલો.[૨૨] એ સ્વર્ગમાં આવી તમારે જીવન્મુક્ત દશામાં રહી વિવિધપ્રકારના ભોગો ભોગવવા યોગ્ય છે, તેથી તમને ત્યાં બોલાવી જવામાટેજ હું અહીં આવેલ છું.[૨૩] તમારા જેવા ઉત્તમ મહાત્માઓ પ્રાપ્ત થયેલી લક્ષ્મીનું તિરસ્કારોવડે અપમાન કરતા નથી, અને જે અપ્રાપ્ત છે તેને ચાહતા નથી.[૨૪] જેમ ભગવાનથી આ ત્રણે લોક પવિત્ર થાય છે તેમ નિર્વિઘ્ને સ્વર્ગમાં આવેલા અને સુખેથી તેમાં વિહાર કરનારા તમોવડે આજે સ્વર્ગ પવિત્ર થાઓ.[૨૫]

શિખિધ્વજ રાજા કહે છેઃ—હે દેવતાઓના અધિપતિ ! સર્વ, સ્વર્ગના જેવુંજ સુખપૂર્વક વિહાર કરવાનું સ્થાન છે એમ હું સમજું છું. મારો સ્વર્ગ (પરમાત્મા) સર્વત્ર છે તે માત્ર અમુક સ્થાનમાંજ છે એમ પરિચ્છિન્ન નથી.[૨૬] હે મહાસમર્થ ! હું સર્વત્ર પ્રસન્નજ રહું છું, સર્વે ઠેકાણે રમું છું, અને મન નિષ્કામ હોવાથી હું સર્વત્ર આનંદવાળોજ છું.[૨૭] કોઇએક સ્થાનમાં પરિચ્છિન્ન થઈ રહેલાં અલ્પ અને તુચ્છ સ્વર્ગપ્રત્યે જવાનું મારા ચિત્તમાં આવતુંજ નથી જેથી હું આપની આજ્ઞાનો અમલ કરી શકતો નથી.[૨૮]

ઈંદ્ર કહે છેઃ—જાણવાનું સર્વ જેણે જાણી લીધેલ છે એવા પરિપૂર્ણ બુદ્ધિવાળા પુરુષોને (પોતાની સમાન બુદ્ધિ હોવાથી) ભોગો ભોગવવાનું અને ન ભોગવવાનું, એ બન્ને સમાનજ હોય છે, તો સજ્જન પુરુષોએ પ્રારબ્ધક્ષયનેમાટે સ્વીકારેલું ભોગોનું સેવનજ યોગ્ય છે એમ હું માનું છું.[૨૯] એ રીતે દેવતાઓનો અધિપતિ ઈંદ્ર કહેતો હતો પણ રાજા (સ્વર્ગમાં જવાની ઇચ્છા ન હોવાથી) કાંઈ નહિ બોલતાં મૌનજ રાખી રહ્યો ત્યારે "તમે જો આ પ્રમાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિરપેક્ષ છો તો પછી હું અહીંથી શું ન ચાલ્યો જાઉં ? (ચાલ્યો જાઉં છું) " એમ ઇંદ્રે કહ્યું[30] અને "હું આજેજ સ્વર્ગમાં નહિ આવું પરંતુ કાલે કરી (પ્રયોજન પડશે ત્યારે) આવીશ " એમ શિખિધ્વજ રાજા કહેતો હતો તેટલામાં 'હે કુંભમુનિ ! તમારૂં (રાજાનું ફરીવાર રાજ્યમાં આવવારૂપી ઇચ્છેલું) કલ્યાણ થાઓ ' એમ કહેતાં ઇંદ્રિ અદૃશ્ય થઇ ગયો.[31] જેમ સમુદ્રમાં પવન શાંત થઇ જતાં વ્યાકુળ થઇ ગયેલા મગરમચ્છોથી, ફીણના ગોટાઓથી અને સર્પોના સમૂહોથી ઉછળતો તરંગોનો સમુદાય અદ્રશ્ય થઇ જાય તેમ એ દેવતાઓના રાજા ઇંદ્રની સાથે બીજો સર્વ દેવતાઓનો સમૂહ-પણ ક્ષણમાત્રમાં પૂર્ણ રીતે અદૃશ્ય થઇ ગયો.[32]

तद्देववृंदमखिलं त्रिदशेशयुक्तं तत्र क्षणादलमदृश्यमभूद्द्वितीयम् ॥ कल्लोलराशिरिव वारिनिधौ प्रशांते वाते स्फुरन्मकरफेनफणीन्द्रवृंदम्॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'શક્રગમન' એ નામનો એકસો સાતમો સર્ગ સંપૂર્ણ. ૧૦૭

सर्ग १०८ मो.*

શિખિધ્વજના ક્રોધની પરીક્ષા અને ચૂડાલાનું પ્રાકટય.

॥ श्रीवसिष्ठ उवाच ॥

तां मायां शममानीय चूडाला समचिंतयत् ॥ दिष्टया भोगेच्छया नायं ह्रियते वसुधाधिपः ॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે મહારાજા રામચંદ્રજી ! ચૂડાલા રાણીએ તે (ઇંદ્રના આવવારૂપ) માયાને શમાવી દઈ વિચાર કર્યો કે 'આ રાજાને ભોગોની ઈચ્છા (પોતાતરફ ખેંચી જઇ) વશ કરી શકતી નથી એ ઘણી ખુશી થવાની વાત છે.[1] ઇંદ્રિના સમાગમમાં રાજા શિખિધ્વજ શાંત, અને વિકારરહિત હોવાથી સદા એકરૂપે રહેનાર આકાશની પેઠે મુખાદિક અવયવોની નિર્વિકાર સ્થિતિવાળો રહ્યોજ અને ઉતાવળ નહિ કરતાં તથા (બહુ ધીરપથી) પોતાની હાંસી થાય તેમ પણ નહિ કરતાં (સમાનરીતે રહી) વ્યવહારમાં ઉચિત જણાય તેવું ઇંદ્રનું પૂજનાદિક પણ તેણે કર્યું.[2] હવે વળી આદરપૂર્વક ફરીવાર પણ રાગદ્વેષવાળા બુદ્ધિને ક્ષોભ ઉપજાવનારા કોઇ પ્રપંચથી હું તેની પરીક્ષા જોઉં.'[3] એવો વિચાર કરી રાત્રિએ ચંદ્રમાનો ઉદય થતાં ઘાટા પુષ્પોના ગુચ્છાઓથી સુશોભિત અને વનદેવીઓના અંતઃપુરરૂપ સંતાન વૃક્ષોની લતાઓનાં કૃત્રિમગૃહમાં મદવાળી એ રાણીએ પ્રવેશ કર્યો કે જે વખતે મધુર સુગંધથી ભરેલો, પુષ્પોવાળા વૃક્ષોમાંથી તથા લતાઓમાંથી ચાલ્યો આવતો શીતળ પવન (મલયાનિલ) વાતો હતો અને શિખિધ્વજ રાજા નદીના તીર ઉપર જઈ સંધ્યાવંદનમાં તથા જપમાં પરાયણ થઇ ગયો હતો. એ લતાગૃહમાં મનોહર મદનિકાએ પોતાના આત્માને પુષ્પોવડે સુશોભિત બનાવી દઇ પોતાની માયાવડે કલ્પી લીધેલ, સુંદર અંગવાળી સ્ત્રીની પેઠે દાઢી મૂછ વગેરે નહિ હોવાથી રમણીય તરૂણવયવાળો દેખાવ આપનાર, અને (તરૂણ હોવાથી શિખિધ્વજ રાજાના કરતાં) મનને આકર્ષણ કરે તેવા, કંઠમાં (હાથ નાખી) ગ્રહણ કરેલા (આલિંગન કરેલા) કોઇ જારપુરુષને, સાથે લઇ પોતે કલ્પી લીધેલી પુષ્પશય્યામાં આવી સ્થિતિ કરી.[4–7] શિખિધ્વજ રાજાએ (સંધ્યાવંદન તથા જપાદિક કરી રહ્યા પછી) એ (નદી કાંઠે રહેલા) નિકુંજમાંથી (પોતાના આશ્રમ તરફ આવી) શોધ કર્યો ત્યાં લતાગૃહમાં મદનિકાને તથા તેના કંઠમાં આ-

* આ એકસો આઠમા સર્ગમાં રાણી રાજાના ક્રોધની પરીક્ષા માટે માયાવડે જારપુરુષ સાથે સંગ કરશે અને બરાબર રાજાના મનનો પાકકાળ જોઇ પોતાનું (ચૂડાલાનું) રૂપ તેને બતાવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લિંગન કરી રહેલ, મનોહર મદનિકાના તથા પોતાના વાળોવડે વીંટાએલ કાંધવાળા, ચંદનવડે વ્યાપ્ત થઈ રહેલા, અને શયનમાં આળોટવાથી તથા દબાવાથી શિથિલ થઇ ગયેલા મુકુટને ધારણ કરનારા જારપુરુષને તેણે દીઠો કે જેનો કર્ણ, કપોલ, કેશપાશ અને નેત્રનો ખુણો, સુવર્ણના જેવા મહાકાંતિમાન કોણીથી બેવડ વાળેલા સુવર્ણ સરખા સુંદર મદનિકાના હાથરૂપી ઓશીકા ઉપર રહેલા હતા.[૮-૧૦] પરસ્પર હસતા ચહેરાવાળું, આસક્તિનેલીધે એક બીજાના મુખતરફ જોઇ રહેલું, કલ્પલતાઓનાં વસ્ત્રોથી શોભાવાળું, પુષ્પશય્યાને (પોતાની કામચેષ્ટાથી) ચપળ કરનાર, કામાતુર, વ્યાકુળ થઇ ગયેલું, એક બીજાના અવયવોનો સ્પર્શ થવાના મિષથી પોતાના પ્રેમને પરસ્પર અર્પણ કરવાનો ડોળ બતાવતું, અન્યોન્ય સન્મુખ રહેલું, સમાન આનંદને ધારણ કરનાર, પ્રબળ મદનેલીધે મંદતાવાળું, પરસ્પર એક બીજાને પુષ્પોવડે પ્રહાર કરતું, વક્ષસ્થળથી દબાયેલ સ્તનભાગવાળું એ (સ્ત્રીપુરુષનું) જોડું રાજાના જોવામાં આવ્યું.[૧૧-૧૩] એ જોઇ રાજા શિખિધ્વજ નિર્વિકાર ચિત્તથી (ક્રોધ નહિ પામતાં) પરિપૂર્ણ રીતે સંતુષ્ટ થયો અને તેણે (પોતાના મનમાં) કહ્યું કે ' અહો, આ બન્ને જાર (આશક–માશુક) કેવાં સુખપૂર્વક રહેલાં છે.'[૧૪] પોતાનું (રાજાનું) દર્શન થવાથી ભયભીત બની ગયેલા એ જોડાને 'પ્રિય આશક-માશુક ! તમે તમારી જેમ ઇચ્છા હોય તેમ સુખેથી યથાસ્થિતપણે રહો. હું તમોને વિઘ્ન નહિ કરૂં.' એમ કહી રાજા ત્યાંથી જતો રહ્યો.[૧૫] ત્યાર પછી એક મુહૂર્ત્તમાત્ર રહી પોતે માયાવડે રચેલા એ સઘળા પ્રપંચને સમેટી લઇ પોતાના શરીરને સંભોગવડે પ્રફુલ્લિત અને આકુળ થયેલું જણાવતી તે રાણી, લતાગૃહમાંથી બહાર આવી અને એકાંતમાં સુવર્ણશિલા ઉપર બેઠેલા કાંઇક ખુલ્લાં નેત્રવાળા સમાધિસ્થ રાજાને તેણે જોયો.[૧૬,૧૭] ખેદયુક્ત, મ્લાન થઇ ગયેલી, અને સુંદર અંગવાળી મદનિકા એ (રાજાપાસેના) પ્રદેશમાં આવી લજ્જાવડે પોતાના મુખને નીચું નમાવી ક્ષણમાત્ર મૌનપણે ઉભી રહી.[૧૮] શિખિધ્વજ રાજા ક્ષણવારમાં ધ્યાનમાંથી વિરામ પામી જઈ ક્ષોભવગરની (નિર્વિકાર) બુદ્ધિવડે રાણી પ્રત્યે (નીચે પ્રમાણે) અત્યંત મધુર વાક્ય બોલ્યો.[૧૯]

હે કોમલાંગિ ! તું આનંદમાં રમતી હતી તે કેમ જલદી વિઘ્નને પ્રાપ્ત થઇ ? (અહીં આવતી રહી ?) સર્વ પ્રાણિમાત્ર આનંદને માટેજ યત્ન કરે છે.[૨૦] માટે તું પાછી ફરીથી જા અને વિવેકવાળા હાવભાવથી તારા મનોહર પ્રિય જારને પ્રસન્ન કર. કેમકે પરસ્પર ઈચ્છા કરાયલો (સ્વાભાવિક) સ્નેહ આ ત્રણે લોકમાં દુર્લભ છે.[૨૧] હે માનવતી ! એ વાતથી હું ઉદ્વેગને પ્રાપ્ત થતો નથી. વિવેકી પુરુષે જે જે વસ્તુ પોતાને અતિપ્રિય હોય તે તારી પેઠે બીજાને ઉપભોગમાં આવવાની છે એમ સમજી રાખવું જોઇએ.[૨૨] હે સુંદર અંગવાળી ! હું અને કુંભમુનિ એ બે આ સાંસારિક વિષયો તરફ વૈરાગ્યવાન છીએ. તું તો દુર્વાસા ઋષિના શાપથી ઉત્પન્ન થયેલી કુંભમુનિના કરતાં જુદીજ એક બાળતરુણી છે માટે જે તારી ઈચ્છા હોય તે ભલે કર.[૨૩]

મદનિકા કહે છેઃ–હે મહાભાગ્યવાન ! આપના કહેવાપ્રમાણેજ સ્ત્રીઓનો સ્વભાવ ચંચળ હોય છે. પુરુષના કરતાં સ્ત્રીઓમાં આઠગણો કામ વિશેષ રહે છે માટે આપ (મારાપર) કોપ કરવાને યોગ્ય નથી.[૨૪] આપ સંધ્યાવંદન અને જપમાં તત્પર હતા તે વખતે આ જારપુરુષે (આવી) મને પ્રાર્થના કરી. હું કે જે તુચ્છ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અબળાજાત છું તે આ ગહનવનમાં રાત્રિને વખતે (એકલી) શું કરી શકું ?[૨૫] પતિને પરાધીન હોવાથી સ્વતંત્રતાવગરની (વિવાહિત) સ્ત્રી કે (યોગ્ય વયવાળી) કુમારી એકાંતમાં જારપુરુષને પ્રાપ્ત થઈ સંભોગનો પ્રતિબંધ કરતી નથી અને કદાચિત્ દૈવયોગથી આ વેળા જારપુરુષ સાથે રતિમાં વિઘ્ન પડી જાય તો પોતાના અંગમાં પ્રાણ અને ચિત્તઆદિને (સંતાપ થવાને લીધે) સ્થિર રાખી શકતી નથી. જો પુરુષને (પોતા તરફ આકર્ષિત કરી) વશ કરી શકે એવી સુંદરતાવાળી સ્ત્રીઓ એકાંતમાં પુરુષ પાસે પ્રાપ્ત થાય તો તેનો સમાગમ નહિ થવામાં બીજો કશો પ્રતિબંધક હેતુ નથી. પતિઆદિનો ક્રોધ, શાસ્ત્રમાં જણાવેલો પરપુરુષસંગનો નિષેધ, લોકોના તરફની અપવાદરૂપ નિંદા, અને પતિવ્રતાપણું એ (પ્રબળ કામવેગવડે દબાઇ જવાથી) શું કરી શકે છે? કાંઇ નહિ.[૨૬,૨૭] વળી હું બળરહિત, બાળક અને મૂઢ સ્ત્રી જાત છું. આપના અપરાધનું પાત્ર થયેલ છું. હે પ્રિયપતિ! આપ તે ક્ષમા કરવાને યોગ્ય છો, કેમ કે (આપ જેવા) મહાત્માઓ ક્ષમાશીલ હોય છે.[૨૮]

શિખિધ્વજ રાજા કહે છેઃ—હે તારુણ્યવતિ! જેમ આકાશમાં (અધર) વૃક્ષ હોતું નથી તેમ મારા ચિત્તમાં ક્રોધ તો છેજ નહિ. પરંતુ માત્ર પરપુરુષનો સંગ સત્પુરુષોએ નિંદેલો હોવાથી હવે ભાર્યારૂપે તને (ઉપભોગ કરવાને) હું ઇચ્છતો નથી.[૨૯] હે સુંદર અંગવાળી! વૈરાગ્યવાનપણાથી આપણે બન્ને વનના અંતભાગોમાં પ્રથમની પેઠે મિત્રભાવથી નિત્ય ભેગાંજ રહી સુખેથી ક્રીડા કરીએ.[૩૦]

શ્રી વસિષ્ઠ ઋષિ કહે છેઃ—એ પ્રમાણે શિખિધ્વજ રાજા આ (ક્રોધકારક) પ્રસંગમાં સમાનપણાથી (નિર્વિકાર) રહ્યો ત્યારે (પોતે પરીક્ષા કરેલા) રાગદ્વેષવગરના એ રાજાના ચિત્તથી હર્ષિત થઇ ચૂડાલાએ પોતાના મનમાં વિચાર કર્યો[૩૧] કે 'અહો! ઘણી હર્ષની વાત છે કે આ ઐશ્વર્યવાન મહાસમર્થ રાજા પરમસમાનતાને (નિર્વિકારસ્થિતિને) પ્રાપ્ત થઈ ગયા અને વૈરાગ્યવાન હોવાથી ક્રોધવગરના જીવન્મુક્ત થઈ રહ્યા છે.[૩૨] આ રાજાને તે (ઇંદ્રે પ્રાર્થના કરેલા દુર્લભ) ભોગો તથા મોટી સિદ્ધિઓ પણ પોતાના તરફ ખેંચી શકતી નથી. સુખો, દુઃખો, આપત્તિઓ અને સંપત્તિઓ આ રાજાને વિકારવાન કરી શકતી નથી.[૩૩] મારા વિચારમાં આવતી સર્વ (જીવન્મુક્તના લક્ષણરૂપ શાંતિ, ક્ષમા, ધૈર્ય, તૃપ્તિ આદિ) ઉત્તમ સમૃદ્ધિઓ કેમ જાણે કોઈ બીજા નારાયણનો આશ્રય કરી રહેલ હોય તેમ એક આ રાજાનો આશ્રય કરી રહી છે.[૩૪] હવે હું પોતાનું બધું વૃત્તાંત એ જીવન્મુક્ત રાજાને યાદ કરાવું તથા આ કુંભમુનિના રૂપનો ત્યાગ કરી ચૂડાલાજ બની જાઉં.[૩૫] એમ વિચાર કરી યોગસામર્થ્યથી નિર્બાધ રહેલી એ ચૂડાલાએ તે વખતે તત્કાળ મદનિકાના શરીરનો ત્યાગ કરી પોતાનું ચૂડાલાનું શરીર રાજાને દેખાડ્યું.[૩૬] યોગની ધારણાવાળી એ ચૂડાલા કોઈ સંપુટમાંથી બહાર નીકળ્યાની પેઠે કેમ જાણે, મદનિકાના શરીરમાંથીજ પ્રકટ થઈ બહાર નીકળતી હોય તેમ રાજાની પાસે શોભતી હતી.[૩૭] સુંદર અંગવાળી, પતિનું મન રંજન કરવામાં મહાચતુર, એ મનોહર મદનિકાને ખરી ખાત્રીથી પોતાની પૂર્વપત્ની ચૂડાલારૂપે થઈ ગએલી રાજાએ જોઇ.[૩૮] કેમ જાણે વસંતઋતુમાં વિકસિત થયેલી કમલિનીજ હોય તેમ પ્રફુલ્લિત જણાતી, અને પ્રથમ સીતાજીરૂપે પૃથ્વીમાં રહી પછી પૃથ્વીમાંથી બહાર પ્રકટ થએલી સાક્ષાત્ લક્ષ્મીજ હોય તેવી દેખાતી, તથા કેમ જાણે રત્નના સંપુટમાંથી બહાર ની-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કળેલ હોય તેવી સુઘડ પોતાની પ્રિયપત્ની ચૂડાલા રાજાના જોવામાં આવી.[૩૮]

समुदितामिव माधवपद्मिनीमुपगतामिव भूमितलाच्छ्रियम् ॥ प्रकटितामिव रत्नसमुद्गकात्परिददर्श निजां दयितां नृपः ॥ ३९ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'ચૂડાલાસ્વરૂપદર્શન' એ નામનો એકસો આઠમો સર્ગ સંપૂર્ણ.૧૦૮

सर्ग १०९ मो.*

ચૂડાલા અને શિખિધ્વજનો પુનઃ સંયોગ

॥ श्रीवसिष्ठ उवाच ॥

अथ तां दयितां दृष्ट्वा विस्मयोत्फुल्ललोचनः ।
शिखिध्वज उवाचेदमाश्चर्याकुलया गिरा ॥१॥

શ્રીવસિષ્ઠઋષિ કહે છેઃ–પછી પોતાની એ પ્રિયપત્ની ચૂડાલાને જોઇ વિસ્મયવડે પ્રફુલ્લિત નેત્રવાળો રાજા શિખિધ્વજ આશ્ચર્યવડે આકુળ થઇ ગયેલી વાણીવડે નીચેપ્રમાણે બોલ્યો.[૧]

હે કમળના જેવાં મનોહર નેત્રવાળી સુંદરિ! તું કોણ છે? ક્યાંથી અહીં આવી છે? શું અહીંજ રહે છે? અને જો અહીંજ રહે છે તો કેટલા વખતથી અને શા માટે અહીં રહેલ છે?[૨] અવયવવડે, તેની ચેષ્ટાવડે તથા સ્નેહ ભરેલી વચનરચનાની પરિપાટીવડે મારી પ્રિયા ચૂડાલાના તેવા પ્રસિદ્ધ વિલાસથી કેમજાણે તું સાક્ષાત્ તેનીજ મૂર્ત્તિ હોય તેવી દેખાય છે.[૩]

ચૂડાલા કહે છેઃ–હે પ્રિયપતિ! જેમ આપ કહો છો તેમજ છે. હું ચૂડાલાજ છું એમાં કાંઈ સંશય નથી. આજે (ઘણે દિવસે) મારા સ્વાભાવિક (ચૂડાલાના) દેહવડે આપનું મને મળવું થયું છે.[૪] આ વનની અંદર આપને બોધ કરવા માટેજ કુંભ આદિ દેહોને નિર્માણ કરી લઈ મેં આ (સઘળો) પ્રપંચનો વિસ્તાર કરેલો છે.[૫] જ્યારથી આપ મોહવડે રાજ્યનો ત્યાગ કરી વનમાં પધાર્યા છો ત્યારથી માંડીનેજ હું આપને બોધ થવા માટે ઉદ્યમે લાગેલી છું.[૬] આ કુંભમુનિના શરીરથી મેંજ આપને બોધ આપેલ છે. મેં કુંભ આદિ દેહ જે ધારણ કરેલ છે તે આપને બોધ આપવા માટેજ છે.[૭] હે તત્ત્વને જાણનાર મહારાજ! એ કુંભમુનિ આદિ સઘળું મેં માયાવડેજ કલ્પી લીધેલું છે. તેમાંનું કશું પણ સત્ય નથી. હવે આપ વિદિત વેદ્ય (જાણવાનું સર્વ જેણે જાણી લીધું છે તેવા) થયા છો માટે ધ્યાનવડે એ સર્વ અખંડિત રીતે જોઇ શકશો, તેથી તરત ધ્યાનવડે આપ એ વાતનું અવલોકન કરો. એપ્રમાણે ચૂડાલાએ કહ્યાથી રાજાએ બદ્ધપરિકર થઈ (યોગશાસ્ત્રને અનુસારે ધારણાને અનુકૂળ પડે તેવો આસનાદિ વિધિ કલ્પી લઇ) રાજ્યના ત્યાગથી માંડી ચૂડાલાનું દર્શન થયું ત્યાંસુધીનું પોતાનું સર્વ વૃત્તાંત વિશેષપણાથી કરેલા ધ્યાનવડે બરાબર ચોખ્ખી રીતે જોયું.[૮-૧૦] રાજ્યત્યાગથી આરંભી વર્તમાન ક્ષણના ક્રમસુધી પોતાનું સર્વ વૃત્તાંત રાજાએ મૂહૂર્તમાત્ર ધ્યાન કરી જોઇ લીધું.[૧૧] એ સર્વ જોઇ લઇ રાજા સમાધિમાંથી જાગૃત થયો. સમાધિમાંથી વ્યુત્થિત થયેલા, હર્ષવડે પ્રફુલ્લિત નેત્રકમળવાળા એ રાજાએ રોમાંચવડે રમણીયતાને પ્રાપ્ત થયેલા પોતાના બન્ને હાથને વેગથી પહોળા કરી કેમ જાણે પોતાના અવયવો (લજ્જાથી તથા હર્ષથી) ગળી જતા હોય તેમ ઇચ્છાપૂર્વક ઘાટા સ્નેહથી નેત્રમાંથી હર્ષાશ્રુ પડતાં ઘણા વખતસુધી પોતાની પ્રિયા ચૂડાલાનું નોળીયો જેમ પોતાની પ્રિયાનું આલિંગન કરે તેમ આલિંગન કર્યું. એ બન્નેના આલિંગનમાં

* આ એકસો નવમા સર્ગમાં રાજા ચૂડાલાને જોઈ કેટલુંક પૂછી જોશે અને તે બધું ધ્યાનવડે અનુભવી, વિસ્મય પામી પ્રસન્ન થશે. ચૂડાલાની પ્રશંસા કરી તેને આલિંગન આપી, ત્યાંજ રાત્રિ ગાળશે, એ કથા કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે કાંઈ (અવર્ણનીય) શૃંગારરસનો ભાવ ઉત્પન્ન થયો તે વાસુકીની જીહ્વાથી પણ હર્ષવડે વર્ણવી શકાય તેવો ન હતો. સ્વર્ગમાં અમાવાસ્યાને દિવસે પરસ્પર મળી જઇ એક રૂપે થઇ રહેલા સૂર્યચંદ્રની પેઠે અને મેલાં શરીરવાળાંજ બનાવેલાં માટીનાં બે પૂતળાંનીપેઠે તથા એક શિલામાં સાથેજ આલેખેલી બે મૂર્તિની પેઠે એ બન્ને પ્રિય પતિપત્ની ઘણાકાળસુધી આલિંગનવડે મળેલાંજ રહ્યાં. એ બન્ને પ્રિય પતિપત્નીએ એક મુહૂર્તમાત્ર પછી જેમાંથી ઘામનું જળ ટપકયા કરે છે તેવા અને રોમાંચો ખડાં થઇ જવાથી સ્થૂલ જણાતા પોતાના હાથ ધીરે ધીરે કાંઈક શિથિલ કર્યા. અમૃતવડે પૂર્ણહૃદયવાળાં, (આનંદના વેગથી મન જડ થઈ જવાનેલીધે માનસિક વિકારો નહિ જણાયાથી) શૂન્યહૃદયના જેવાં જણાતાં, એ બન્ને જણાં હાથને મૂકી દઇ (લોચનને સ્થિર રાખનારા મનની જડતાને લીધે) લક્ષ્ય એટલે જોવાના વિષય તરફ લોચન સ્થિર ન રહી શકે તેમ ઉભાં રહ્યાં. ઘાટા આનંદથી વ્યાપ્ત થઇ ગયેલા એ રાજાએ, ક્ષણમાત્ર મૌનપણે ઉભા રહી, દાઢી ઉપર હાથ રાખી વિવેકવડે ચતુરાઇ ભરેલી રીતે પોતાની પ્રિયાને કહ્યું, કે ‘ પોતાની કુલીન કાંતાનો મનોહર, અત્યંત મધુર અને રુક્ષતા વિનાનો પવિત્ર પ્રેમરસ અમૃતના કરતાં પણ (અધીક) સ્વાદિષ્ટ છે. તું કે જે અતિ કોમળ અંગવાળી અને બાલચંદ્રમાના જેવી અતિ રમણીય છે તેણે પોતાના પતિને (મને) પરમ પુરુષાર્થની (મોક્ષની) સિદ્ધિ થાય તેવા હેતુથી કેટલો બધો મહાદારુણ ક્લેશ સહન કર્યો. તેમજ દુઃખવડે માંડ તરી શકાય એવા આ સંસારરૂપ ખાડામાંથી મને જે (સ્નેહાર્દ્ર) બુદ્ધિથી પાર ઉતાર્યો તેને પણ કોની ઉપમા આપી શકાય? કશાની નહિ. અરુંધતી, ઈંદ્રાણી, પાર્વતી, સાવિત્રી, લક્ષ્મી અને સરસ્વતી એ બધાં તારા ગુણોપાસે હલકી થઇ ગયેલી પોતાના ગુણોની શોભાથી (તારીપાસે) હલકાં જેવાં દખાય છે. હે સુંદર અંગવાળી ! ધી, શ્રી, કાંતિ, ક્ષમા, મૈત્રી, કરુણા આદિ દક્ષકન્યાઓ કે જેઓ આકારવડે મનને હરણ કરનારી સ્ત્રીઓમાં શ્રેષ્ઠ ગણાય છે તેઓમાં તું કેમ જાણે (સર્વથી) શ્રેષ્ઠ હો તેવી જણાય છે. પરમ દૃઢનિશ્ચયથી તેં, મને બોધ આપ્યો છે (જ્ઞાન ઉત્પન્ન કર્યું છે)[૧૨-૨૪] તો કયા પ્રત્યુપકારથી તારું ચિત્ત પ્રસન્ન થાય? (એવો પ્રત્યુપકારજ દુર્લભ છે.) મોહમાં ડૂબી ગયેલા પોતાના પતિને અંતવગરના અરણ્યના કરતાં પણ અનાદિ કાળથી મહાગહન એવા મોહમાંથી ઉદ્યોગવાળી કુલીન કાંતાઓ તારી પાર કરે છે. જેવી રીતે સ્નેહવાળી કુલવાન સ્ત્રીઓ પતિને મોહમાંથી પાર ઉતારે છે તેવી રીતે (શ્રવણ કરેલો) શાસ્ત્રોનો અર્થ કે ગુરુ—મંત્ર આદિ પાર ઉતારી શકતાં નથી. એક કુલીન પત્નીજ ભર્તાને સખા, ભાઈ, સંબંધી, નોકર, ગુરુ, મિત્ર, ધન, સુખ, શાસ્ત્ર, ગૃહ, અને દાસ એ સર્વરૂપ છે. સદાકાળ સર્વ યત્નવડે કુલીન કાંતાઓ પૂજવા લાયક છે[૨૫-૨૮] કે જેઓમાં બન્ને લોકનું (આ લોકનું તથા પરલોકનું) સર્વ સુખ સારી રીતે રહેલું છે. તું કે જે આ સંસારસાગરના પારને પામી ગયેલી છે અને નિષ્કામ છે તેના આ ઉપકારનો બદલો હું શું વાળી શકીશ? (કાંઇ નહિ.) લોકમાં હું તને એક કુલીન કાંતા ગણું છું અને જગતમાં પ્રસિદ્ધિ પામેલી સર્વ (કુલીન) સ્ત્રીઓને તેં હમણાં (આ તારાં ઉત્તમ કૃત્યથી) જીતી લીધેલ છે. (કુલવાન) સ્ત્રીઓના સૌજન્ય આદિ ગુણોની ચર્ચામાં તું પહેલે નંબરે ગણાઇશ. તું કે જે (અરુંધતી આદિના કરતાં પણ) ગુણસમૂહવડે ઉત્કૃષ્ટતાવાળી છે તેને બનાવનારા વિધાતા ઉપર અ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રુંધતી આદિક (કુલીન) સ્ત્રીઓ જરૂર કોપને પ્રાપ્ત થયેલ હશે એમ હું માનું છું. ૨૫ અને સૌજન્ય આદિ ગુણોરૂપી રત્નોને રહેવાનાં સંપુટરૂપ તું ખરેખર સતી છે.[૨૯-૩૨] અહીં આવ અને હું કે જે તારા ગુણોમાં (મોહી ગયાથી તારી તરફ) ઉત્કંઠિત છું તેને ફરી આલિંગન કર.

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—એમ કહી બાલમૃગના જેવાં વિશાળ નેત્રવાળી ચૂડાલાનું શિખિધ્વજે નોળીયો જેમ પોતાની પ્રિયાને આલિંગન કરે તેમ ફરીવાર દૃઢ રીતે આલિંગન કર્યું.

ચૂડાલા કહે છેઃ—હે મહારાજ ! આપ વ્યાકુળ ચિત્તવાળા થઈ જઇ નીરસ ક્રિયાજાળમાં જ્યારે તત્પર હતા ત્યારે હું વારંવાર આપને માટે બહુ દુઃખિત થતી હતી અને તેનેલીધેજ તમને બોધ આપવારૂપી મારો સ્વાર્થજ મેં સાધેલો છે તેમાં હે મહારાજ ! આપ મારી મોટાઇ શું કરો છો?

શિખિધ્વજ રાજા કહે છેઃ—હે શ્રેષ્ઠ (સિંહના જેવી પાતળી) કેડવાળી ! તેં જેમ આ શુભસ્વાર્થ સંપાદન કર્યો તેવી રીતે હમણાં બીજી કુલાંગનાઓ પણ તેવો શુભસ્વાર્થ સંપાદન કરો.

ચૂડાલા કહે છેઃ—હે મહાસમર્થ પ્રિયપતિ ! તમે જગતરૂપી જાળની પરમ અવધિરૂપ પરમાત્મામાં વિશ્રાંતિ પામી જઇ શું બોધવાન થયા? આજે પ્રથમના મોહને તમે (સાક્ષીરૂપે રહી) શું કાંઇ તુચ્છરૂપે જુઓ છો કે ? આ કરૂં આ ન કરૂં આ મેળવું એવી (તૃષ્ણાવાળી) સ્થિતિને મનમાં શું હવે હસો છો કે ?[૩૩-૩૮] તેમ બુદ્ધિની અપક્વ (કાચી) દશાનેલીધે રહેલી કોમળતાને પણ શું હસો છો કે ? મહારાજ ! તે પ્રથમની તુચ્છ તૃષ્ણાઓનું સ્ફુરવું તથા તે સંકલ્પોની કુકલ્પનાઓ જેમ આકાશની અંદર (નિરાધાર) પર્વત ન જોવામાં આવે તેમ આજે તમારામાં જોવામાં આવતી નથી. પ્રિય મહાસમર્થ રાજા ! શું તમે હવે સર્વ વાતથી સંપન્ન થયા કે ? હમણાં તમે કોનામાં નિષ્ઠા રાખી રહ્યા છો તથા શી ઈચ્છા રાખો છો.[૩૯,૪૦] પાછળનો દેહચેષ્ટાનો ક્રમ હવે તમે કેવો (સત્ય કે તુચ્છ) લેખો છો ?

શિખિધ્વજ રાજા કહે છેઃ—પુષ્પોવડે પૂર્ણ એવી નીલકમલની માલાને સાદૃશ્યવડે અનુસરનારાં સુંદર નેત્રવાળી હે પ્રિયા ! તું પોતેજ મારા આત્મારૂપ છે અને જેમ તું (મોહ વિવેક કે તત્ત્વજ્ઞાન વગેરે) જેની જેની અંદર પ્રકાશકપણાથી રહેલ છે તેની તેની અંદર હું પણ તેવીજ રીતે પ્રકાશક (આત્મા)રૂપે રહેલ છું. હું ચેષ્ટા રહિત છું, નિરવયવ છું, આકાશના જેવો સ્વચ્છ છું, નિઃસ્પૃહ છું.[૪૧,૪૨] શાંત છું અને પરમાર્થદૃષ્ટિથી પરબ્રહ્મરૂપજ છું. હું આજે (ઘણે કાળે) દેહાદિકમાંથી અહંભાવ છોડી દઇ વસ્તુતાથી જે (ચિદાત્મારૂપ) છું તેજરૂપે થઇ રહ્યો છું. ફક્ત આત્મપરાયણ થઇ ગયેલા ચિત્તના એકજ માર્ગમાં આરૂઢ થઇ રહેલો હું એવી તો નિરતિશય આનંદની દશાને પ્રાપ્ત થયો છું કે જે દશાને (મહાસામર્થ્યવાળા) હરિહરાદિક પણ નિવૃત્ત કરવાને શક્તિમાન્ નથી. જે (મનવાણીથી અગોચર હોવાથી) કંઇ પણ નથી તે શુદ્ધ ચિદાત્મામાંજ નિષ્ઠા રાખી હું સ્વસ્થપણાથી રહેલો છું.[૪૩,૪૪] ભ્રમરજેવાં સુંદર નેત્રવાળી હે પ્રિયા ! હું હવે સંસારરૂપી ભ્રમથી મુક્ત થયો છું. હું પ્રસન્ન નથી તેમ ખેદવાળો પણ નથી. આ દૃશ્ય કાર્યવર્ગ હું નથી તેમજ બીજું તેનું કારણ પણ હું નથી.[૪૫] હું સ્થૂળ નથી તેમ સૂક્ષ્મ પણ નથી. પરંતુ હે સુંદરિ ! હું સત્ય આત્મતત્ત્વરૂપ છું. સૂર્યાદિક તેજોમંડળથી બહાર નીકળેલા અને ભીંત ઉપર નહિ પડેલા (માત્ર આકાશમાંજ ફેલાયલા) વૃદ્ધિ હ્રાસવિનાના પ્રકાશના જેવો હું છું, હું શાંત છું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગતની સર્વ વિષમતાને દૂર કરનારી એવી સર્વત્ર સમાનતાને હું ધારણ કરનારો છું અને અમનસ્ક (મન કે લિંગદેહ તે વિનાનો) થઇ ગયો છું.[૪૬,૪૭] હું નિર્વાણને પ્રાપ્ત થયો છું. હે પતિવ્રતા ! હું સદાકાળ સમાન (એકજ સ્થિતિમાં રહેનારો) છું. હું જે છું તેજ છું. બીજું કાંઇ કહેવાને હું શક્તિમાન નથી.[૪૮] હે તરંગના જેવા ચપલ કટાક્ષવાળી રાણી ! તુંજ મારો ગુરુ છે માટે તને નમન કરૂં છું. વિશાળ નેત્રવાળી પ્રિયાના પ્રસાદથી (મહેરબાનીથી) હું આ સંસારસાગરથી તરી પાર ઉતર્યો છું.[૪૯] સોવાર (ધમણથી) અગ્નિમાં ધમેલાં સુવર્ણની પેઠે હવે હું ફરીવાર મેલને ગ્રહણ કરીશ નહિ. હું શાંત, સ્વસ્થ, કોમળ, સ્વસ્વરૂપની નિષ્ઠામાંજ અત્યંત ઉદ્યોગી, વૈરાગ્યવાન, વાસનારહિત બુદ્ધિવાળો, સર્વને ઉલ્લંઘન કરી ગયેલો, અને આકાશનીપેઠે સર્વમાં રહેલો છું.

ચૂડાલા કહે છેઃ—મહાધૈર્યવાન, સમર્થ, મહાબુદ્ધિમાન, હૃદયપ્રિય પ્રાણપતિ ! જો એમજ હોય તો હમણાં તમને શી વાતમાં રુચિ થાય છે તે કહો ?

શિખિધ્વજ રાજા કહે છેઃ—હું નિષેધને જાણતો નથી તેમ મને કાંઈ રુચિ છે તેમ પણ નથી.[૫૦-૫૨] હે કોમલાંગિ ! તું જે જે પ્રમાણે આચરણ કરે છે તે હું તે પ્રમાણે (તારા વિચાર પ્રમાણેજ) કોઈ વખત (વ્યુત્થાનકાળમાં) જાણું છું. હે પ્રિયા ! જે જે તારા મનમાં આવતું હોય તે સર્વ નિર્બાધ રીતે ભલે થાઓ.[૫૩] હું આકાશના જેવો નિર્લેપ હોવાથી કશું અનુસંધાન કરવાનું જાણતો નથી માટે હે પ્રિયા ! તું જે કાંઇ કર્તવ્યપણાથી જાણતી હોય તેજ ભલે કર.[૫૪] મણિ જે પ્રમાણે પોતાનામાં પ્રતિબિંબને ધારણ કરે તે પ્રમાણે હું પણ એ તારા કર્તવ્યનેજ ઈષ્ટ-અનિષ્ટ આદિ ભાવથી રહિત શુદ્ધચિત્તવડે યથાપ્રાપ્ત આનંદિત રીતે ધારણ કરી લઇશ[૫૫] (સ્વીકારી લઈશ) હું એવિષે કાંઈ સ્તુતિ કે નિંદા નથી કરતો, જે તારી ઈચ્છા હોય તે ભલે કર.

ચૂડાલા કહે છેઃ—હે મહાબાહુ ! જો એમજ હોય તો પછી તમે મારૂં મત સાંભળો.[૫૬] એ મત સાંભળી લઈ હે જીવન્મુક્ત બુદ્ધિવાળા રાજા ! એજ પ્રમાણે તમે આચરણ કરવાને યોગ્ય છો. અજ્ઞાનનો ક્ષય થઇ જવાથી ઉત્પન્ન થયેલા સર્વત્ર ઐક્યજ્ઞાનવડે આપણે યુક્ત છીએ,[૫૭] અને નિષ્કામ હોવાથી આકાશની પેઠે નિર્વિકાર તથા નિર્લેપ છીએ. જેવી આપણને રાજ્યાદિકની એષણા (ઈચ્છા છે) તેવીજ તેની ઉપેક્ષા પણ છે. (યથાપ્રાપ્ત વર્તવું એજ આપણનેમાટે ઉચિત છે).[૫૮] ચક્ષુઆદિ ઈંદ્રિયોને તથા પ્રાણને પોતપોતાના વિષયો તરફથી આકર્ષિત કરી લેવાથી આત્મામાં શું વિશેષ થાય છે ? કાંઈ નહિ. (સાધનકાળમાં) જો કે તેની જરૂર છે પણ આત્મા કે જે વૃદ્ધિ-હ્રાસરહિત છે તેમાં તેથી કાંઈ વૃદ્ધિ થતી નથી અને સિદ્ધાવસ્થાવાળાને તો સર્વ સમાનજ છે.) નિષ્ક્રિય અને અસંગ ચિદ્રૂપ થયેલો કયો પુરુષ દેહ-ઇંદ્રિયોમાં અધ્યાસવડે તદ્રૂપપણું માની લઇ પ્રારબ્ધપ્રાપ્ત ભોગોનો અનાદર કરે ? કોઇ ન કરે. માટે હે પુરુષશ્રેષ્ઠ ! પ્રારબ્ધના ભોગમાત્રથી એ ભોગના આદિમાં, અંતમાં કે મધ્યમાં આપણે જે સ્વભાવવાળાં હતાં તેજ સ્વભાવવાળાં, એક માત્ર મોહને છોડી દઇને કે એક માત્ર પ્રારબ્ધશેષને ભોગવડે ક્ષય પમાડી રહ્યાં છીએ, કાંઇ બદલાઇ ગયાં નથી, તેમ હવે બદલાઇ જઇશું પણ નહિ. તો હવે શેષ રહેલા આયુષ્યને રાજ્યભોગવડે અતિવાહિત કરી (ગાળી) ક્રમેકરી કોઇકાળે (પ્રારબ્ધ ક્ષય થયેથી) આપણે વિદેહમોક્ષને પ્રાપ્ત થઈ જઇશું.

શિખિધ્વજ રાજા કહે છેઃ—હે ચંચલ પ્રિયા ! આપણે આદિ, અંત અને મધ્યમાં કેવાં છીએ ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માત્ર અવશેષ રહેલા એક પદાર્થને છોડી દઈ કેમ રહીએ તે કહે ?

ચૂડાલા કહે છેઃ–હે નૃપશ્રેષ્ઠ ! આપણે ભોગના આદિકાળમાં, અંતકાળમાં અને મધ્યકાળમાં (સ્થૂલ દૃષ્ટિથી) રાજાજ છીએ, માત્ર (શેષ રહેલા) એક મોહને મૂકી દઇ પાછાં તે રાજાજ થઇએ. તમે પોતાના નગરનાજ રાજા થાઓ અને પોતાના સિંહાસનઉપર બિરાજજો.[૫૮,૬૩] હું સર્વ પટરાણીઓમાં ભૂષણરૂપ એવી તમારી (મુખ્ય) પટરાણી થઇશ. રાજાવડે ધણીયાતી થયેલ હર્ષિત થયેલાં નગરવાસી મનુષ્યથી સંપૂર્ણ નવી નવી અંગનાઓના નૃત્યોથી સુશોભિત, પતાકાઓથી શણગારેલી, મૃદંગવાદિત્ર આદિના શબ્દોવડે મનોહર, અને પુષ્પો વ્યાપ્ત થઈ રહેલી, આપણી નગરી આજે (ઘણે લાંબે કાળે) વેલોવડે શોભાયમાન, મંજરીઓથી ભરપૂર અને પુષ્પોમાં ગુંજાર કરતા ભ્રમરાઓની પંક્તિઓથી રમણીય, ચૈત્રમાસ (વસંત) ની લતાની લક્ષ્મીના જેવી ચિત્તાકર્ષક થાઓ.

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ–એ પ્રમાણે ચૂડાલાએ કહેવાયેલો રાજા શિખિધ્વજ હાસ્ય કરી શાંતપણાથી શીતળ રહી નીચેપ્રમાણે ક્ષોભ વગરનાં મધુર વાક્યો બોલ્યો.[૬૪-૬૬]

શિખિધ્વજ કહે છેઃ–હે વિશાળ નેત્રવાળી પ્રિયા! જો એમ હોય (તારે મારી સાથે રહી ભોગ ભોગવવાની ઇચ્છા હોય) તો આપણને સ્વર્ગમાં સિદ્ધલોકોના ભોગોની લક્ષ્મી અધીનજ છે, માટે સ્વર્ગમાંજ શા સારૂ ન રહીએ?[૬૭]

ચૂડાલા કહે છેઃ–હે રાજા! મારી ભોગોને વિષે ઇચ્છા નથી, તેમ વિભૂતિઓને (અણિમાદિક ઐશ્વર્યને) પણ હું ઇચ્છતી નથી; પરંતુ સ્વાભાવિક રીતે (યદૃચ્છાથી) જે આવી મળે તેથી કામ ચલાવી લેવું એવી સ્થિતિનો મેં અવલંબ રાખ્યો છે.[૬૮] મને સ્વર્ગ, રાજ્ય કે કર્મ એ કાંઇ સુખસાધક નથી; પણ હું યથાસ્થિતપણાથીજ ક્ષોભરહિત જેમ થવાય તેમ સ્વસ્થ ચેષ્ટાવાળી થઇ રહી છું.[૬૯] આ સુખ છે અને આ સુખ નથી (દુઃખ છે) ઈત્યાદિ દ્વંદ્વનો ક્ષય થઇ જવાથી હું એકસરખી રીતેજ શાંત પરમપદમાં સુખ આવે તે પ્રમાણે સ્થિર થઇ રહી છું.[૭૦]

શિખિધ્વજ રાજા કહે છેઃ–હે વિશાળ નેત્રવાળી ! હર્ષશોક અને રાગદ્વેષ આદિથી રહિત, સમાનતાવાળી બુદ્ધિવડે, તેં આ યોગ્યજ વાત કહી છે. આપણને રાજ્યના ગ્રહણમાં કે ત્યાગમાં શું પ્રયોજન છે? (કાંઇ નથી.)[૭૧] સુખદુઃખની (ભાવિ) અવસ્થાસંબંધી ચિંતાને છોડી દઈ મત્સરરહિત થઇ સ્વસ્થતાનું અવલંબન કરી આપણે યથાસ્થિતપણેજ રહીએ.[૭૨]

એ પ્રમાણે મહા મનોહર એ બન્ને પૂર્વ દંપતીનો કથાઓનો આલાપ થતો હતો તેટલામાં (ઘણોખરો દિવસ જતો રહેવાથી) થોડોજ દિવસ બાકી રહ્યો.[૭૩] પછી કાર્યોમાં મહાકુશળ અને (રતિસુખ માટે) ઉત્કંઠિત છતાં પણ અંદર વાસના નહિ હોવાનેલીધે ઉત્કંઠાવિનાનાં એ ઉત્તમ દંપતીએ ત્યાંથી ઉઠી યથાપ્રાપ્ત દિવસકૃત્ય (સાયંસંધ્યા આદિ) કર્યું.[૭૪] સ્વર્ગની સિદ્ધિઓનો અનાદર કરી પૂર્ણચિત્તવાળાં એ બન્ને જણાં ત્યાં રહ્યાં અને એકજ શયનમાં એ બન્ને જીવન્મુક્ત દંપતીની એ રાત્રિ આતુરતાવાળી તે તે (મનોહર) ચેષ્ટાઓથી જતી રહી.[૭૫] પોતાની મેળેજ પરસ્પર અનુભવ થવાથી સિદ્ધ થયેલ ભોગ અને મોક્ષ એ બન્નેના સુખનું પ્રણયનાં વાક્યો અને વિલાસોએ સહિત વર્ણન કરનારાં ઉત્તમ અને વિવેકી બન્ને દંપતીની બુદ્ધિને ઉત્કંઠિત કરતી એ રાત્રિ ઘણી લાંબી છતાં એક મુહૂર્તની પેઠે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરત જરાવારમાંજ જતી રહી.[૭૬]

तद्भोगमोक्षसुखमुत्तमयोः स्वयं समाशंसतोः प्रणयवाक्यविलासगर्भम् ॥ उत्कंठतां प्रणयिनोर्धियमानयंती दीर्घा मुहूर्तवदसौ रजनी जगाम ॥ ७६ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'ચૂડાલાપ્રકટીકરણ' એ નામનો એકસોનવમો સર્ગ સંપૂર્ણ. ૧૦૯

सर्ग ११० मो.*

શિખિધ્વજનું રાજ્ય ને ચૂડાલાની વિદેહમુક્તિ

॥ शिखिध्वज उवाच ॥

ततः समुदिते सूर्ये वितमस्यंवरे स्थिते ।
समुद्गकादिव जगन्मणौ तस्मिन् विर्निगते॥१॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—ત્યાર પછી કેમ જાણે સંપુટમાંથી કોઈ જગતને પ્રકાશ આપનારો મણિજ બહાર નીકળ્યો હોય તેમ ભગવાન સૂર્યનારાયણ અંધકારરહિત આકાશમાં જ્યારે ઉદય પામી પ્રકાશી રહ્યા હતા અને પ્રાંતભાગમાં રાતાં થઇ ગયેલાં (મનુષ્યોનાં) નેત્રોનીપેઠે કમળોનો સમૂહ વિકસિત થતો હતો તથા લોકો જેમ પોતપોતાના આચારોમાં પ્રવૃત્ત થયા તેમ સૂર્યનારાયણનાં કિરણો પણ જ્યારે ચોતરફ ફેલાયાં ત્યારે એ બન્ને સુંદર દંપતી ઉઠી સંધ્યા આદિ સઘળો નિત્યક્રમ કરી લઇ સુવર્ણની ગુફાની અંદર કોમળ અને લીસાં પત્રનાં બનાવેલાં આસન ઉપર બેઠાં[૨-૩] પછી મનોહર ચૂડાલા ત્યાંથી ઉભી થઇ પોતાનીપાસે રહેલા સાત સમુદ્રના જળથી પૂર્ણ કુંભને રાજ્યાભિષેક કરવામાટે કલ્પ્યો અને તે મંગળ કુંભવડે પૂર્વાભિમુખ (પૂર્વ દિશાતરફ મુખ રાખી) રહેલા પોતાના પતિનો એકાંતમાં એ પત્ની ચૂડાલાએ પોતાના રાજ્યઉપર અભિષેક કર્યો.[૪-૫] સંકલ્પ માત્રવડે પ્રાપ્ત થયેલા સુવર્ણના સિંહાસન ઉપર બેઠેલા અને અભિષેક કરાએલા રાજાને કોમળ અંગવાળી અને દેવતાના જેવી રૂપવતી ચૂડાલાએ કહ્યું[૬] કે 'હે પ્રિયપતિ ! કેવળ ઋષિલોકોને યોગ્ય આ શાંત તેજને હવે છોડી દઇ આઠ લોકપાલોના તેજને આપ ધારણ કરવાને યોગ્ય છો.'[૭] ચૂડાલાએ એમ કહ્યાથી વનમાં શિખિધ્વજ રાજા "ભલે હું તેમજ કરૂં છું" એમ બોલતાં મહારાજાપણાને પ્રાપ્ત થઈ ગયો.[૮] પછી પ્રતિહારીના સ્થાનનાં રહેલી માનવતી ચૂડાલાને "આજે હું તને દેવીના સ્થાનમાં અભિષેક કરી મુખ્ય પટરાણી બનાવું છું."[૯] એમ કહી તળાવમાં સ્નાન કરાવી મહારાણી (મુખ્યપટરાણીના) પદ ઉપર તેનો અભિષેક કરી રાજાએ પોતાની તે પ્રિયાને કહ્યું[૧૦] કે 'હે કમળપત્રના જેવાં સુંદર નેત્રવાળી પ્રિયા! (તું યોગસિદ્ધિવડે સત્યસંકલ્પ હોવાથી) ક્ષણમાત્રમાં તારા સંકલ્પથી ઉત્પન્ન થયેલ, (ભૂષણ, અલંકાર, શસ્ત્ર, અસ્ત્ર આદિ) મહા વૈભવવાળા, જબરા સૈન્યને ભેગું કરવાને તું યોગ્ય છે.[૧૧] એપ્રમાણે પોતાના પ્રિયપતિનાં વચન સાંભળી સ્ત્રીઓમાં શ્રેષ્ઠ ચૂડાલાએ જેમ વર્ષાઋતુ મેઘને ઉત્પન્ન કરે તેમ અનેક યોદ્ધાવાળાં સૈન્યને (સંકલ્પવડે) ઉત્પન્ન કર્યું.[૧૨] ઘોડાઓ અને હાથીઓથી વ્યાપ્ત થયેલું, પતાકાઓવડે આકાશને પૂર્ણ કરી રહેલું, વનભૂમિને (ચોતરફ પડાવ કરવાથી) અવકાશ વગરની કરી દેનાર, મૃદંગ-વાદિત્ર આદિના શબ્દોવડે પર્વતની ગુફાના અંદરના ગહન ભાગમાં પ્રતિધ્વનિ (પડછંદાને) ઉત્પન્ન કરતું, મુકુટમાં રહેલા રત્નોના મોટા પ્રકાશથી અંધકારરૂપી પડદાને ખસેડી

---

* આ એકસોદશમા સર્ગમાં શિખિધ્વજ રાજા અને ચૂડાલા રાણી, એ બન્ને સંકલ્પમાત્રથી થએલ સૈન્યને સાથે લઈ પોતાના શહેરમાં જશે અને ત્યાં ઘણા કાળ સુધી રાજ્ય કરી પછી વિદેહમુક્ત થશે એ વાત કહેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાખનાર એ સૈન્ય તે બન્નેએ જોયું.[૧૩,૧૪] અને તેની અંદર રાજા અને રાણી એ બન્ને દંપતીએ બીજા રાજાઓના મંડલવડે વીંટાયેલ અને હાષત થયેલા સામંતોએ રક્ષા કરાયેલા ઉત્તમ ગંધ* દ્વિપઉપર સવારી કરી.[૧૫] ત્યારપછી મહાબળવાન, પાયદલથી અને રથોથી પૂર્ણ રીતે ભરેલાં પોતાનાં સૈન્યને ચલાવનારો, પર્વતોને પણ હલાવી દે તેવી પ્રબળ સેનાવડે યુક્ત એ શિખિધ્વજ રાજા કેમ જાણે પૃથ્વીમાંથી ઉઠેલા પવનના ઝપાટાથી પૃથ્વીને અને પર્વતને ભેદી દેતો હોય તેમ પોતાની પ્રિય પટરાણી ચૂડાલા સહિત વનમાંથી બહાર નીકળ્યો.[૧૬,૧૭] મહેંદ્રાચળથી ચાલેલો એ રાજા રસ્તામાં પર્વતોને, દેશોને, ગામડાંઓને અને જંગલોને જોતો જોતો તથા પોતાની પ્રિયાને પોતાના પ્રથમના (તે તે દેશો સાથે થયેલા) સર્વ વૃત્તાંતને નિવેદન કરતો કરતો થોડા વખતમાંજ સ્વર્ગના જેવી મહારમણીય પોતાની પુરીપ્રત્યે આવી પહોંચ્યો.[૧૮,૧૯] ત્યાં તે રાજાના સામંતો (જેઓને પોતાના તે તે દેશના અધિપતિપણા ઉપર નીમ્યા હતા તેઓ) જેઓ આદરપૂર્વક રાજાના આવવાની વાટ જોઇ રહ્યા હતા તેઓ જયજયકારના શબ્દવડે રાજાના આવવાના ખબર થતાં ઉત્કંઠિત થઇ (સામૈયું કરવાને સામા) બહાર નીકળ્યા.[૨૦] પછી (ભેગાં થઇ જતાં) એકતાને પ્રાપ્ત થઈ ગયેલાં અને મૃદંગ-વાદિત્ર આદિના ઊંચા શબ્દોવડે શોભાવાળાં એ બન્ને સૈન્યની સાથે એ રાજાએ નગરમાં પ્રવેશ કર્યો.[૨૧] શહેરની સ્ત્રીઓએ અક્ષત અને પુષ્પાંજલિઓથી વધાવેલો રાજા ઉત્તરોત્તર ચઢીઆતાં જણાય તેમ શણગારેલાં બજારને જોતો જોતો પતાકા અને ધ્વજાઓથી સુશોભિત, (મોતીઓના ચોક પૂરવાથી) મોતીઓના સમૂહોવડે મનોહર, નૃત્ય કરતી અને ગાયન કરતી વારાંગનાઓથી રમણીય અને કૈલાસની પેઠે પોતાના સ્થાનમાંજ અચળ થઈ રહેલા પોતાના ઘરમાં એટલે દરબારગઢમાં પેઠો, કે જે અનેક જાતના, રાજાને યોગ્ય રીતે તે (દહીં, દૂર્વા, અક્ષત, શંખ, વીણા, છત્ર, ચામર આદિ) મંગલપદાર્થોથી સંયુક્તજ હતો. ત્યાં જઇ નમ્રતાવાળા સર્વ કારભારી મંડળ વગેરેનું તેણે સારી રીતે સન્માન કર્યું[૨૨,૨૪] સાત દિવસપર્યંત રાજાએ પોતાના શહેરમાં અત્યંત મોટો ઉત્સવ કર્યો અને પોતે અંતઃપુરમાં રહી પોતાનાં રાજકાર્યો કર્યાં.[૨૫] હે રામચંદ્રજી ! એ રાજા દશ હજાર વર્ષ સુધી ભૂતલમાં રાજ્ય કરી ચૂડાલાની સાથેજ દેહ ધારણથી વિરામ પામ્યો. (વિદેહમુક્તિના સુખને પ્રાપ્ત થયો.)[૨૬] હે રામચંદ્રજી ! એ રીતે દેહાદિકમાં દોષદૃષ્ટિનેલીધે સ્નેહ વગરનો એ મહાબુદ્ધિશાળી રાજા સ્નેહવિનાના (દીવેલ વગરના) દીવાની પેઠે દેહનો ત્યાગ કરી પુનર્જન્મ નહિ થવા માટે નિર્વાણને પામી ગયો.[૨૭] દશ હજાર વર્ષસુધી સમદૃષ્ટિપણાથી ચૂડાલાસહિત પોતાના રાજ્યમાં રમણ કરી તે નિર્વાણપદને પામ્યો. (વિદેહમુક્ત થયો.)[૨૮] ભયથી અને ખેદથી રહિત થઇ ગયેલા, અભિમાન અને માત્સર્ય વિનાના, પ્રકૃત (પ્રસંગપ્રાપ્ત) સ્વાભાવિક કાર્યોને આચરનારા, ભોગવી લીધેલા ભોગોવિષે વિરક્ત બુદ્ધિવાળા એ આર્ય રાજાએ સર્વમાં સમાન બુદ્ધિ રાખી (જ્ઞાનવડે) મૃત્યુને જીતી લઇ દશ હજાર વર્ષ સુધી એકચ્છત્રે રાજ્ય કર્યું.[૨૯] ઘણા લાંબાકાળસુધી સર્વ રાજાઓના શિરોમણિરૂપે રહી પૃથ્વીમાં અનેક ભોગોને ભોગવી લઇ કેવળ સન્માત્રરૂપે અવશેષ રહેલો એ રાજા જરા-મરણથી રહિત એવા પરમપદને પ્રાપ્ત થઇ ગયો. હે રામચંદ્રજી ! એવીજ રીતે તમે પણ પ્રારબ્ધથી

* જે હાથીના મદનો ગંધ બીજા હાથીઓ સહન ન કરી શકે તે ગંધદ્વિપ અથવા ગંધગજ કહેવાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાપ્ત થયેલા પ્રકૃત કાર્યસમુદાયને કરતા રહી શોકરહિતપણાથી સમાધિમાં રહો કિંવા પોતાની મેળેજ બળાત્કારથી ચિત્તને રોકી ભોગ અને મોક્ષ આદિની લક્ષ્મીનો (સાક્ષીરૂપે) અનુભવ કરતાં વ્યુત્થિત થઈ રહો.[૩૦]

भुक्त्वा भोगाननेकान्भुवि सकलमहीपालचूडामणित्वे स्थित्वा वै दीर्घकालं परममृतपदं प्राप्तवान्सत्वशेषः ॥ एवं रामागतं त्वं प्रकृतमनुसरन् कार्यजातं विशोकस्तिष्ठोत्तिष्ठ स्वयं वा प्रसभमनुभवन्भोगमोक्षादिलक्ष्मीः ॥ ३० ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણના નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'શિખિધ્વજનિર્વાણ' એ નામનો એકસો દશમો સર્ગ સંપૂર્ણ. ૧૧૦

चूडालोपाख्यानं समाप्तम्.

सर्ग १११ मो.*

કચોપાખ્યાન

॥ श्रीवसिष्ठ उवाच ॥

एतत्ते सर्वमाख्यातं शिखिध्वजकथानकं ॥ अनेन गच्छन्मार्गेण न कदाचन खिद्यसे ॥१॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—ઉપર પ્રમાણેની શિખિધ્વજ રાજાની સર્વ કથા મેં તમને કહી; એ માર્ગે ચાલવાથી તમે કદી પણ ખેદને પ્રાપ્ત થશો નહિ.[૧] રાગદ્વેષનો નાશ કરનારી આ દૃષ્ટિનો અવલંબ રાખી તમે નિત્ય આસક્તિવગરની (વૈરાગ્યવાળી) બુદ્ધિવડે તે પરમપદનું અવલંબન કરી રહો.[૨] હે રામચંદ્રજી ! જેમ શિખિધ્વજે (ભોગ અને મોક્ષ બન્નેનો અનુભવ કરતાં) રાજ્ય કર્યું તેમ તમે પણ રાજ્યમાં વ્યવહાર કરતાં ભોગ અને મોક્ષ બન્નેને સારી રીતે સંપાદન કરનારા થાઓ.[૩] હે રામચંદ્રજી ! બૃહસ્પતિનો પુત્ર કચ શિખિધ્વજના (સર્વત્યાગના) ક્રમવડે જે રીતે બોધને પ્રાપ્ત થયો તે રીતે તમે પણ બોધવાન થાઓ.[૪]

શ્રીરામચંદ્રજી કહે છેઃ—હે મહારાજ! મહાસમર્થ ઐશ્વર્યવાન બૃહસ્પતિનો પુત્ર મહાસમર્થ ઐશ્વર્યવાન કચ જે રીતે જ્ઞાનને પ્રાપ્ત થયો તે આપ સંક્ષેપથી મને કહો.[૫]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—મહારાજા રામચંદ્રજી ! મહાશોભાયમાન, દેવતાઓના ગુરુ બૃહસ્પતિનો પુત્ર, કચ શિખિધ્વજ રાજાની પેઠેજ પરમ બોધને પ્રાપ્ત થયો હતો એ કથા તમે સાંભળો.[૬] બાલભાવ નિવૃત્ત થતાંજ (યૌવનની શરૂઆતમાં) સંસારને તરી જવાને ઇચ્છનાર પદ પદાર્થને સમજી શકે તેવા કચે બૃહસ્પતિને (નીચેપ્રમાણે) કહ્યું.[૭]

કચ કહે છેઃ—સર્વ ધર્મને જાણનાર ભગવન (છ પ્રકારનાં ઐશ્વર્યવાળા) મહારાજ ! જીવરૂપ (વાસનામય) તંતુવડે બંધાયેલો મનુષ્ય આ સંસારરૂપી પાંજરામાંથી શી રીતે બહાર નીકળી શકે એ આપ કહો.[૮]

બૃહસ્પતિ કહે છેઃ—હે પ્રિયપુત્ર ! અનર્થોરૂપી મગરમચ્છોના નિવાસરૂપ આ સંસારસાગરમાંથી (અતિ વૈરાગ્યની દૃઢતાનેલીધે ત્યાગ કરેલા વિષયોમાં) પશ્ચાત્તાપ કે ઉદ્વેગ વૃત્તિમાં ન આવે એવી રીતે કરેલા સર્વત્યાગથી તરત બહાર નીકળી જવાય છે (તરી જવાય છે.)[૯]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—એપ્રમાણે પિતાનાં પરમપવિત્ર વચન સાંભળી કચ સર્વનો ત્યાગ કરી એકાંત વનમાં ચાલ્યો ગયો.[૧૦] બૃહસ્પતિને તેના જવાથી કશો શોક થયો નહિ કેમકે મહાન્ પુરુષો સંયોગ અને વિયોગના સંબંધમાં મેરુના જેવું દૃઢ અને મોટું મન રાખનારા (હર્ષશોકરહિત) હોય છે.[૧૧] હે નિષ્પાપ રામ-

* આ એકસો અગીઆરમા સર્ગમાં રાણી ચૂડાલાએ જેમ રાજાનું સર્વસ્વ છોડાવ્યું હતું તેમ કચનો પિતા કચના સર્વસ્વનો ત્યાગ કરાવશે અને અંતે અહંકારનો ત્યાગ થયેથી કચ પૂર્ણ સ્થિતિવાળો થશે, એ વર્ણન કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદ્રજી ! પછી આઠ વર્ષ જતાં રહ્યા બાદ કોઈ મોટા અરણ્યમાં કચ ફરીવાર પોતાના પિતા બૃહસ્પતિની પાસે આવ્યો.[૧૨] પોતાના પિતાનું પૂજન કરી અભિવંદન કરી રહ્યા બાદ પુત્રને (કચને) આલિંગન કરી રહેલા એ બૃહસ્પતિને મનોહર વાણીવડે ફરીથી કચે (આ પ્રમાણે) પૂછ્યું.[૧૩]

કચ કહે છેઃ–હે પ્રિય પિતાજી ! આજે મને સર્વત્યાગ કર્યે આઠ વર્ષ થયાં તોપણ સ્તુતિપાત્ર (ઉત્તમ) વિશ્રાંતિને હું પ્રાપ્ત થયો નહિ.[૧૪]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ–એ પ્રમાણે તે અરણ્યની અંદર કચ (પિતાપ્રત્યે) આર્ત વચનો કહેતો હતો તેટલામાં તો " તું સર્વનો ત્યાગ કર " એમ કહી બૃહસ્પતિ આકાશ તરફ ચાલ્યા ગયા.[૧૫] બૃહસ્પતિ જતા રહ્યા પછી કચે પોતાના દેહ ઉપરથી વલ્કલ આદિનો પણ ત્યાગ કરી દીધો અને ચંદ્રમા, વાદળાં, સૂર્ય તથા તારાઓ વિનાના શરદ્ ઋતુના આકાશ જેવો (દિગંબર) થઇ રહ્યો.[૧૬] તે શરદ્ઋતુના આકાશની પેઠે દિગંબર રહી (ક્યાંય પર્વતની ગુફાઆદિનો આશ્રય લઈ) મેઘવૃષ્ટિ આદિનો તે પરિહાર કરતો હતો.[૧૭] તેણે પોતે એકલાએજ શરીરને શાંત અને શૂન્યપણે ધારણ કરી રાખી શ્વાસોચ્છ્વાસ લેતાં દિશાઓના અંતભાગોમાં ફરવા માંડયું. એ રીતે ત્રણ વર્ષ વ્યતીત થયા પછી એ કચ પાછો ઉદાસીન ચિત્તે (કોઇ જંગલની અંદર) એજ પોતાના પિતા અને ગુરુ બૃહસ્પતિને મળ્યો.[૧૮] ભક્તિવડે સર્વ પૂજાનો ક્રમ પૂરો કરી લઇ પુત્રને (પોતાને) આલિંગન કરી રહેલા પોતાના પિતાને ખેદથી ગદ્ગદ થઇ ગયેલી વાણીવડે ફરીવાર પૂછ્યું.[૧૯]

કચ કહે છેઃ–હે પિતાજી ! મેં સર્વ કંથા અને વેણુલતા (કમંડલુ, દર્ભાસન મૃગચર્મ) આદિનો પણ ત્યાગ કર્યો તથાપિ હજી મને પોતાના પરમપદમાં વિશ્રાંતિ મળી નથી માટે હવે હું શું કરૂં ?[૨૦]

બૃહસ્પતિ કહે છેઃ–હે પુત્ર ! ચિત્તજ સર્વ પદથી કહેવામાં આવે છે તેનો ત્યાગ કરવાથી તું અપૂર્વશોભાવાળો થઇશ. સર્વવેત્તા પુરુષોએ ચિત્તનો ત્યાગ એજ સર્વ ત્યાગ છે એમ (નિશ્ચયપૂર્વક) જાણેલ છે.[૨૧]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ–બૃહસ્પતિ એ પ્રમાણે પુત્રને કહી વેગવડે આકાશ તરફ ઉડયા અને કચે કોઇ જાતનો બુદ્ધિમાં ખેદ લાવ્યાવિના ત્યાગ કરવાસારૂ ચિત્તને શોધવા માંડયું,[૨૨] જ્યારે જંગલમાં (બહુ) વિચાર કરતાં છતાં પણ એ કચ ચિત્તને જાણી શકયો નહિ ત્યારે બુદ્ધિવડે તેણે પોતાના પિતાજીનું ચિંતવન કર્યું અને ત્યાં (પિતાજી પાસે) જવાનું ધાર્યું.[૨૩] "દેહ આદિ પદાર્થનો સમૂહ કાંઇ ચિત્ત શબ્દથી કહેવાતો નથી તેમ એ દેહાદિક શું ચિત્તનું છે ? અથવા તો ચિત્ત પોતેજ કયાં છે ? આવા સંદેહનેલીધે નિરપરાધી એ દેહાદિનો વૃથા હું શા માટે ત્યાગ કરૂં ?[૨૪] ચિત્તરૂપી મહાશત્રુને ઓળખવાસારૂ હું પાછો પિતાજી પાસે જાઉં અને તેને (ચિત્તને) ઓળખી લઇ તત્કાળ એ ચિત્તનો ત્યાગ કરૂં તથા સંતાપરહિત (શાંતિવાળો) થઇ રહું."[૨૫]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ–એપ્રમાણે વિચાર કરી કચ સ્વર્ગ પ્રત્યે ગયો અને બૃહસ્પતિ પાસે જઇ સ્નેહપૂર્વક વંદન કરી પ્રણામ કર્યા[૨૬] તથા બૃહસ્પતિને એકાંતમાં પૂછ્યું કે 'હે મહારાજ ! ચિત્ત શું છે ? તે આપ કહો. ' એ ચિત્તનું સ્વરૂપ (કૃપા કરી) આપ મને બતાવો કે જેથી હું તેનો ત્યાગ કરૂં.[૨૭]

બૃહસ્પતિ કહે છે.–ચિત્તના સ્વરૂપને જાણનારા (વિવેકી) પુરુષો પોતાના અહંકારનેજ ચિત્ત કહે છે. મનુષ્યની અંદર 'હું' એવો જ ભાવ રહ્યો છે તે (અહંકાર) જ ચિત્ત કહેવાય છે.[૨૮]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કચ કહે છે:–હે મહાબુદ્ધિમાન! તેત્રીશ કરોડ દેવસમૂહના ગુરુ મહારાજ ! અહંકારજ ચિત્ત એમ શી રીતે છે તે આપ મને કહો.[૨૯] હું એમ માનું છું કે એ ચિત્તનો ત્યાગ થવો (બહુ) દુષ્કર છે અને સિદ્ધ થતો નથી. હે યોગીઓમાં શ્રેષ્ઠ (પિતાજી) ! એ ચિત્ત શી રીતે ત્યાગ કરી શકાય છે ?[૩૦]

બૃહસ્પતિ કહે છે:–પુષ્પને તોડવા કરતાં અને નેત્રને વીંચવા કરતાં પણ અહંકારનો ત્યાગ બહુજ સહેલો છે, તેમાં જરા પણ કલેશ નથી.[૩૧] હે પુત્ર ! જે રીતે એ સિદ્ધ થાય છે તે હું કહું છું, તું શ્રવણ કર. જે વસ્તુ માત્ર અજ્ઞાનથીજ સિદ્ધ હોય તે જ્ઞાન થયાથી નાશ પામી જાય છે.[૩૨] હે પુત્ર ! વસ્તુતાથી વિચાર કરતાં મિથ્યા થયેલા ભ્રમની પેઠે અહંકારજ નથી અને તે મિથ્યા છતાં બાળકે કલ્પી લીધેલા વેતાલની પેઠે કેમ જાણે સત્ય હોય તેમ (અજ્ઞાનીની દૃષ્ટિમાં) થઇ રહ્યો છે.[૩૩] જેમ રજ્જુમાં સર્પપણું અને ઝાંઝવાના જલમાં જલબુદ્ધિ માત્ર મિથ્યા આભાસરૂપેજ સ્ફુરે છે તેમ અહંકાર પણ માત્ર મિથ્યા આભાસરૂપેજ સ્ફુરે છે.[૩૪] જેમ ચંદ્રમામાં દ્વિત્વ (બેપણું) મિથ્યા છતાં ભ્રાંતિથી ભાસે છે તેમ અહંકાર પણ માત્ર ભ્રાંતિવડેજ સ્ફુરે છે. તે સત્ય નથી તેમ સદસત્ (સાચો અને ખોટો બન્ને વિરુદ્ધ ધર્મવાળો) પણ નથી અને પ્રતીતિમાં આવતો હોવાથી શશશૃંગની પેઠે સાવ અસત્ છે એમ પણ કહી શકાતું નથી. (અર્થાત્ તેનું રૂપજ દુર્નિરૂપ્ય હોવાથી તે છેજ નહિ)[૩૫] કેવલ અનાદિ, અનંત, સર્વને સાક્ષિરૂપે જાણનાર, (જ્ઞાનસ્વરૂપ) આકાશથી પણ અતિ નિર્મલ, જેની અંદર કોઇ પણ જાતનો મેલ રહ્યો નથી એવું શુદ્ધ, સર્વ મનુષ્યોમાં સર્વ ઠેકાણે રહેલ, સર્વને પ્રકાશ આપનાર, એક ચિન્માત્ર (બ્રહ્મ)જ છે અને એક તેજ, જેમ સમુદ્રના ચંચલ તરંગોમાં જલજ (તરંગરૂપે) જોવામાં આવે તેમ સર્વરૂપે જોવામાં આવે છે.[૩૬-૩૭] તેમાં વળી અહંકાર કેવો તથા ક્યાંથી અને શી રીતે ઉત્પન્ન થયો ? જલમાં કયે ઠેકાણે સૂકી ધૂળનો ઢગલો ઉત્પન્ન થયો ? અગ્નિથી કયે ઠેકાણે જળની ઉત્પત્તિ થઇ ?[૩૮] (એ રીતે અસંભવિત હોવાથી અહંકાર ઉત્પન્નજ નથી થયો) માટે હે પ્રિયપુત્ર ! આ દેહાદિક કે જે પિતા વગેરેમાંથી ઉત્પન્ન થયેલ છે તે 'હું છું' એવી પારમિત (નાના) આકારવાળી તુચ્છ અને દિશા-કાલ એ બન્નેએ વૃદ્ધિ અને અપક્ષય આદિવડે પરિણામને પ્રાપ્ત થનારી ખોટી ભ્રાંતિને તું છોડી દે.[૩૯] દિશા-કાલ આદિવડે પરિચ્છિન્ન નહિ હોવાને લીધે અનંત, સ્વચ્છ, નિત્યપ્રકાશ, સર્વવ્યાપિ, (વ્યવહારદૃષ્ટિથી) સર્વ પદાર્થોનેરૂપે ભાસતું અને (પરમાર્થદૃષ્ટિએ જોતાં) માત્ર અદ્વૈતસ્વરૂપ, નિર્મલ, એક કેવલ ચિદ્રૂપ (બ્રહ્મસ્વરૂપ) જ તું છે.[૪૦] જેમ સર્વ દિશાઓ તરફ રહેલાં ફલ, પુષ્પ અને પત્ર, એ સર્વનો કારણરૂપ અને સારરૂપ તો તેની અંદર રહેલો રસજ છે, તેમ તુંજ આ સર્વ જગતના કારણરૂપે અને સારરૂપે સર્વની અંદર સદાકાલ રહેલ છે અને અત્યંત નિર્મલ અનંત ચિદાત્મારૂપ છે. હે કચ ! તું કે જે એક અખંડ અદ્વૈત સત્ય આત્મારૂપ છે તેને 'આ દેહાદિક હું છું' એવો પરિચ્છિન્ન (ટુંકો) નિશ્ચય વળી કેવો હોય ? (નજ હોવો જોઇએ.)[૪૧]

फलकुसुमदलानां सर्वदिक्संस्थितानां रस इव जगतां त्वं संस्थितः सर्वदैव ॥ विमलतरचिदात्मा नित्यमेवास्यनंतः क इव कच तवाहंनिश्चयो भावमूर्तेः ॥ ४१ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્ધનો કચોપાખ્યાનનો 'કચ-પ્રબોધ' એ નામનો એકસો અગીયારમો સર્ગ સંપૂર્ણ. ૧૧૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્ગ ૧૧૨ મો.*

મિથ્યાપુરુષનું આખ્યાન-આકાશરક્ષણ

॥ श्रीवासिष्ठ उवाच ॥

इति प्राप्य परं योगमुपदेशमनुत्तमम् ॥
जीवन्मुक्तो बभूवासौ ततो देवगुरोः सुतः॥१॥

શ્રીવસિષ્ઠૠષિ કહે છેઃ–એ રીતે પરમ યોગરૂપ સર્વોત્તમ ઉપદેશને પ્રાપ્ત થઇ પછી બૃહસ્પતિનો પુત્ર કચ જીવન્મુક્ત થઇ ગયો હતો.[૧] હે રામચંદ્રજી ! જે રીતે કચ મમતાવિનાનો, અહંકારરહિત શાંતબુદ્ધિનો અને કામરૂપી ગ્રંથીઓ જેની કપાઇ ગઇ છે એવો થઈ રહ્યો હતો તે રીતે તમે પણ નિર્વિકાર થઇ રહો.[૨] અહંકારને તમે મિથ્યાજ સમજો, તેનો આશ્રય પણ ન કરો અને તેનો ત્યાગ પણ ન કરો. સ્વરૂપથી મિથ્યા શશશૃંગનો (સસલાનાં શીંગડાનો) ત્યાગ કે ગ્રહણ કયાંથી થઈ શકે ? (ન થઈ શકે.)[૩] અહંકારનોજ અસંભવ સિદ્ધ થાય ત્યારે પછી તમને મરણ અને જન્મનો ભય કયાંથી રહે ? કેમકે આકાશરૂપી ક્ષેત્રમાં જે વવાણું તેનાં ફળ કોણે લીધાં છે ? (કોઇએ નહિ.)[૪] નિરંશ, નિઃસંકલ્પ, સર્વભાવરૂપ, સર્વવ્યાપિ, પરમાણુથી પણ સૂક્ષ્મ, નિર્વિકાર કેવલ ચિદ્રૂપજ તમે છો.[૫] જેમ જલમાં તરંગ આદિ જલરૂપ છતાં ભિન્નરૂપે જોવામાં આવે છે અને સુવર્ણમાં બાજુબંધ આદિ દાગીના સુવર્ણરૂપજ છતાં જુદે રૂપે ભાસે છે તેમ તમે પણ અહંકારની ભાવનાનેલીધેજ (વસ્તુતાએ બ્રહ્મરૂપ છતાં) બીજી રીતે (જગતરૂપે) ભાસો છો.[૬] આ સર્વ જગત માયામય ઇંદ્રજાલનીપેઠે માત્ર અજ્ઞાનનેલીધે ભાસી રહેલ છે પરંતુ હે નિષ્પાપ રામચંદ્રજી ! જ્ઞાન થતાં એ સર્વ બ્રહ્મરૂપજ થઇ જાય છે.[૭] કાર્યરૂપે દ્વૈતબુદ્ધિનો અને કારણરૂપે એકત્વબુદ્ધિનો એ બન્નેનો ત્યાગ કરી તેથી બાકી રહેલ અને બન્નેમાં વ્યાપ્ત કેવલ સદ્રૂપ આત્મામાંજ તમે સ્થિર રહી સુખી થાઓ. મિથ્યા પુરુષની પેઠે તમે વ્યર્થ દુઃખી થાઓ નહિ.[૮] આ સંસારસંબંધી માયા અતિ દુષ્પાર (અતિ દુઃખવડે પણ માંડ પાર પામી શકાય તેવી) છે અને (અજ્ઞાનનેલીધે) ચિત્તમાં દૃઢ રીતે ચોંટી બેઠેલ છે તે, શરદ્‌ૠતુથી જેમ ઝાકળ ક્ષીણ થઇ જાય તેમ જ્ઞાન થતાં ક્ષીણ થઈ જાય છે.[૯]

શ્રી રામચંદ્રજી કહે છેઃ– જેમ વૃષ્ટિ નહિ થવાની શંકાથી ભયભીત થયેલો ચાતક (દૈવયોગથી) સારી રીતે વૃષ્ટિ થતાં તૃપ્ત થઇ જાય તેમ હું આપના આ જ્ઞાનામૃતથી અંદર પરમ તૃપ્તિને પ્રાપ્ત થયો છું.[૧૦] કેમ જાણે અમૃતવડે સીંચાયેલો હોઉં તેમ હું અંદર શીતલતાને પામ્યો છું, અને નિરુપમ (હિરણ્યગર્ભ આદિની) સર્વ સમૃદ્ધિઓની પણ ઉપર (નિરતિશય પરમાનંદમાં) રહ્યો છું.[૧૧] જેમ તૃષિત (ચંદ્રમાને જોવાને આતુર) થઈ રહેલો ચકોર પક્ષી ચંદ્રમાના કિરણોનું પાન કરતાં તૃપ્તિ નથી પામતો તેમ આપ જે (ઉત્તમ) વચનો બોલો છો તે શ્રવણ કરવામાં હું તૃપ્તિને પ્રાપ્ત થતો નથી.[૧૨] હે સમર્થ મહારાજ ! જોકે (આપના ઉપદેશામૃતથી) હું તૃપ્ત છું તોપણ નીચેનો પ્રશ્ન હું આપને પૂછું છું; કેમકે ગમે તેવો તૃપ્ત હોય તોપણ કયો પુરુષ પોતે કોઇ વખત ઉપભોગમાં નહિ લીધેલા (પાસે પડેલા) અમૃતરૂપી આસવને ન પીએ ? (સર્વ પીએ.)[૧૩] હે મુનિયોમાં શ્રેષ્ઠ મહારાજ ! આપે જે મિથ્યાપુરુષ એવા નામથી કહ્યું તે શું છે કે જે મિથ્યાપુરુષે વસ્તુને અવસ્તુરૂપ અને અવસ્તુરૂપ આ જગતને વસ્તુરૂપ બનાવી દીધું એ આપ મને શીઘ્ર કહો.[૧૪]

* આ એકસો બારમા સર્ગમાં કચના આખ્યાનથી રામચંદ્રજીને બોધ થશે અને રામચંદ્રજીના પૂછવાથી મિથ્યાપુરુષનું આખ્યાન આવશે કે જેમાં આકાશરક્ષણ કર્યાની વાત કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી ! મિથ્યાપુરુષનો બોધ થવામાટે એક નીચેની સુંદર કથા હું તમને કહું છું, કે જે તત્ત્વવેત્તાઓને હાસ્ય ઉત્પન્ન કરનારી છે, તે તમે સાંભળો.[૧૫] હે મહાબાહુ રામચંદ્રજી ! બાળકના જેવી કોમળ બુદ્ધિવડે મૂઢ અને કેવલ અજ્ઞાનથીજ વીંટાઈ રહેલો કોઇએક માયામય યંત્રરૂપી પુરુષ છે તે કોઇ શૂન્ય એકાંત સ્થાનમાં ઉત્પન્ન થયો છે અને તે આકાશમાં (ભ્રાંતિવડે પ્રતીતિમાં આવતા) અનેક વિચિત્ર રંગોની પેઠે અને મરુભૂમિમાં (ભ્રાંતિવડે પ્રતીતિમાં આવતાં) ઝાંઝવાનાં જલની પેઠે મિથ્યારૂપે તે શૂન્ય સ્થાનમાંજ રહે છે.[૧૬,૧૭] એ ઠેકાણે મિથ્યાપુરુષનાવિના બીજું કશું છે નહિ અને જે કાંઇ છે તે મિથ્યાપુરુષથી જુદું ન હોવાથી તે—રૂપજ છે, તથા જે કાંઈ એ જુદું દેખે છે તે (પોતારૂપજ છતાં) ભ્રાંતિવડે મિથ્યા આભાસરૂપેજ છે, પરંતુ દુષ્ટબુદ્ધિવાળો મિથ્યાપુરુષ યથાર્થ વાત દેખી શકતો નથી.[૧૮] એ મિથ્યાપુરુષ જ્યારે વૃદ્ધિને પ્રાપ્ત થયો (મોટો થયો) ત્યારે તેને 'હું આકાશનો છું, આકાશરૂપ છું, અને આકાશ મારૂં છે તેથી એ આકાશને (કોઈ ઉપાધિવડે બાંધી લઇ) હું રક્ષા કરૂં' એવો દૃઢ સંકલ્પ થયો.[૧૯] પોતાને પ્રિય વસ્તુ આકાશને 'હું કોઇ ઉપાધિમાં (ઘટ-મઠાદિકમાં) સ્થાપન કરી પોતાની મેળેજ તેની આદરથી રક્ષા કરૂં" એમ વિચાર કરી એ મિથ્યાપુરુષે આકાશની રક્ષા કરવામાટે એક ઘર બનાવ્યું.[૨૦] અને તેની અંદરના ભાગમાં રહેલા આકાશની રક્ષા કરી છે તથા આ આટલું આકાશ મારૂં છે' એવું તેણે અભિમાન બાંધ્યું, હે રામચંદ્રજી ! પછી તે ગૃહાકાશથીજ એ સંતુષ્ટ થયો હતો.[૨૧] પરંતુ જેમ શરદ્ઋતુ બેસતાં વરસાદ નાશ પામી જાય અને પવનવડે જેમ તરંગ નાશ પામી જાય તેમ કાલેકરીને મિથ્યાપુરુષનું એ ઘર નાશને પ્રાપ્ત થઇ ગયું.[૨૨] હે ગૃહાકાશ ! તું નષ્ટ થઇ ગયું ? તું ક્ષણવારમાં ક્યાં જતું રહ્યું ? મહાખેદની વાત છે કે તું સ્વચ્છ છતાં ભગ્ન થઇ ગયું". એ રીતે એ આકાશનો તેણે (પરિતાપપૂર્વક) શોક કરવા માંડ્યો.[૨૩] એ રીતે અનેક પ્રકારે શોક કરી એ દુષ્ટ બુદ્ધિવાળા અજ્ઞાનીએ ફરી તેજ ઠેકાણે આકાશની રક્ષા કરવામાટે કૂવો બનાવ્યો અને એ કૂપાકાશમાં 'તે મારૂં છે' એવી મમતાવડે બંધાઇ તેની રક્ષા કરવામાં પરાયણ થયો.[૨૪] પછી સમય જતાં તેનો એ કૂવો પણ નષ્ટ થઇ ગયો. (ધૂળ-માટી આદિથી પૂરાઇ ગયો.) એ કૂપાકાશ ધૂળમાટી આદિથી પૂરાઈ જઇ તિરોહિત થઈ ગયાથી એ મિથ્યાપુરુષ શોકમાં નિમગ્ન થઈ ગયો.[૨૫] એ કૂપાકાશમાટે કેટલીક પ્રલાપ કર્યા પછી તેણે તરત એક કુંભ (ઘડો) બનાવ્યો અને 'એ કુંભાકાશ મારૂં છે' એવી મમતાવડે બંધાઇ તેની રક્ષા કરવામાં તત્પર રહી તેથીજ (મનવડે) પરમ સુખને તે પ્રાપ્ત થયો.[૨૬] હે રામચંદ્રજી ! કાલે તેના એ કુંભનો પણ નાશ કરી દીધો, કેમકે દુર્ભાગ્ય પુરુષ જે દિશાતરફ જાય તે દિશામાં (પોતાના દુર્ભાગ્યના યોગથી) નાશને (દુર્દશાને) પ્રાપ્ત થાય છે.[૨૭] પછી તેણે કુંભાકાશનેમાટે કેટલીક (શોકપૂર્વક) પ્રલાપ કર્યા પછી આકાશની રક્ષા કરવામાટે પ્રથમના પ્રમાણેજ એક કુંડ બનાવ્યો અને તેમાંમમત્વ બાંધી એ કુંડાકાશની રક્ષામાં તત્પર થયો.[૨૮] એ મિથ્યાપુરુષનો તે કુંડ પણ કોઈ કાળે જેમ અંધારૂં તેજથી નાશ પામી જાય તેમ નાશ પામી ગયો તેથી તેણે કુંડાકાશનો શોક કરવા માંડ્યો.[૨૯] કુંડાકાશનો શોક કરી રહ્યા પછી આકાશની રક્ષાનેમાટે તેણે ચારે દિશાઓમાં સભાના આકારનાં ઘરેવાળું એક મ્હોટું સભાગૃહ બનાવ્યું અને તે ગૃહાકાશમાં આસ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્તિનેલીં; તદ્રૂપ જેવો થઇ ગયો.[30] જેમ જુનાં પાંદડાંને વાયુ ઘસડી જાય તેમ સર્વ પ્રજાને ગળી જનારા કાળે એ તેનું સભાગૃહ પણ નષ્ટ કરી દીધું તેથી એ મિથ્યાપુરુષ શોકપરાયણ બની ગયો.[31] ચારે દિશાઓમાં સભાના આકારનાં ઘરોવાળા એ મ્હોટા સભાગૃહનો શોક કર્યા પછી તેણે આકાશની રક્ષા કરવામાટે વાદળાના જેવા આકારવાળી એક કોઠી બનાવી. તે કોઠીના આકાશમાં મમત્વ બાંધી તેની રક્ષા કરવા માંડી.[32] વાયુ જેમ વાદળાંને ખેંચી જાય તેમ તેની એ (ધાન્ય રાખવાની) કોઠી પણ તત્કાળ કાલે હરી લીધી તેથી તેના નાશથી થયેલા શોકવડે એ મિથ્યાપુરુષને ઘણોજ સંતાપ થયો.[33] એ પ્રમાણે ઘર, ચતુઃશાલ (ચાર શાલાઓવાળું મોટું સભાગૃહ), કુંભ, કુંડ અને કોઠી, એ વગેરેથી (હાયવોય કરતાં) એ મિથ્યાપુરુષનો આ અનંત કાલ ચાલ્યો જાય છે.[34] એ રીતે (માયાવડે) પરાધીન એ મિથ્યાપુરુષ ઘરવડે અને દુષ્પ્રવેશ (દુઃખે કરીને પણ માંડ પ્રવેશ કરી શકાય તેવી) કૂપ-કુંભ આદિ ઉપાધિવડે તે તે પદાર્થની અંદર આકાશને 'આ મારું છે' એવી મમત્વબુદ્ધિવડે રક્ષા કરવામાટે ગ્રહણ કરી રહેલ છે. વળી તે તે (ગૃહ, કૂપ, કુંભ આદિ) પદાર્થનું નિર્માણ કરવું, રક્ષા કરવી તથા પાછો તેનો વિનાશ થવો એ બધામાં અભિમાનને લીધે મૂઢ બની જઈ એ મિથ્યાપુરુષ અતિ ઘાટાં બીજાં દુઃખોથી પણ વિશેષ દૃઢ (ઘાટા) એવા દુઃખસમુદાયને પ્રાપ્તથાય છે અને પાછો (દૈવયોગથી) એ દુઃખમાંથી મુક્ત પણ થાય છે.[35]

एवं स्थितः स विवशो गगनं गुहायां गृह्णन्गृहेण गहनेन किलात्मबुद्ध्या ॥ दुःखांतराद्घनतराद्घनदुःखजातमायाति याति च गतागति संगमूढः ॥ ३५ ॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્ધ નો 'મિથ્યાપુરુષોપાખ્યાનનો આકાશરક્ષણ' એ નામનો એકસો બારમો સર્ગ સંપૂર્ણ. ૧૧૨

સર્ગ ૧૧૩ મો.*

મિથ્યાપુરુષના આખ્યાનનું તાત્પર્ય

॥ श्रीराम उवाच ॥

मिथ्यानरप्रसंगेन किं मायापुरुषः प्रभो । कथितोयं त्वया व्योमरक्षणं च किमुच्यते॥१॥

શ્રીરામચંદ્રજી કહે છેઃ—હે મહાસમર્થ મહારાજ ! આપે મિથ્યાપુરુષના પ્રસંગથી જે માયાપુરુષ કહ્યો તે શા અભિપ્રાયથી કહ્યો અને આકાશનું રક્ષણ કહ્યું તે પણ શા અભિપ્રાયથી કહ્યું ? તે કહો.[1]

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છેઃ—હે રામચંદ્રજી ! જે મેં તમને હમણાં કથા કહી તે મિથ્યાપુરુષનું વૃત્તાંત યથાસ્થિત (બરાબર રીતે) હું તમને સ્પષ્ટ કરી બતાવું છું. તમે સાંભળો.[2] હે રામચંદ્રજી ! જે માયામય યંત્રરૂપી પુરુષ (મિથ્યાપુરુષ) કહેવામાં આવ્યો છે તે અહીં શૂન્ય માયારૂપી આકાશમાંથી ઉત્પન્ન થયેલા અહંકારનેજ તમારે સમજવો.[3] હે સુશીલ રામચંદ્રજી ! માયારૂપી આકાશની અંદર આ સર્વ જગત રહેલ છે તે પોતે સૃષ્ટિના આદિકાલમાં અનંત, અસત્ અને શૂન્યરૂપ હોય છે,[4] અને એ માયાકાશની અંદર અધિષ્ઠાનરૂપે દુર્લક્ષ્ય રીતે (દુઃખવડે માંડ જાણી શકાય તે રીતે) બ્રહ્મજ રહેલું હોય છે. પછી એ માયારૂપ આકાશમાંથી જેમ પ્રથમ આકાશમાંથી શબ્દ ઉત્પન્ન થાય અને પવનમાંથી જેમ પ્રથમ સ્ફુરણ કિંવા ચલન ઉત્પન્ન થાય તેમ પ્રથમ અહંકાર ઉત્પન્ન થાય છે,[5] એ અહંકાર અનાત્મા છતાં આત્મારૂપે બની

* આ એકસો તેરમા સર્ગમાં મિથ્યાપુરુષ આદિ શબ્દોના અર્થ તથા આખ્યાયિકાનું તાત્પર્ય સ્ફુટ કહી બતાવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જઈ આકાશની અંદર વૃદ્ધિ પામી (અનેક જાતની કલ્પનાઓવડે) ઇષ્ટ અનિષ્ટ આદિ કલ્પી રહ્યો છે અને પછી પોતેજ કલ્પી લીધેલ 'હું' એવા પોતાના નામવડે ઇષ્ટ એટલે ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિનેમાટે અને અનિષ્ટ એટલે અપ્રિય વસ્તુની નિવૃત્તિનેમાટે તે યત્ન કરે છે.[૬] પોતે અનાત્મા છતાં ફક્ત એક આત્માની (પોતાની) રક્ષા કરવામાટે પ્રવૃત્તિમાન થઇ ધારણ કરેલા દેહનો નાશ થઈ જાય તોપણ પોતે વ્યાકુલ બની જઇ કર્મવાસના આદિને અનુસારે બીજા અનેક પ્રકારના દેહોને કલ્પી લે છે.[૭] એ અહંકારજ માયાપુરુષ અને મિથ્યાપુરુષ એ બન્ને નામથી કહેવામાં આવ્યો છે. તે (વસ્તુતઃ) અસત્ય છતાં વૃથા, માત્ર માયાવડેજ ઉત્પન્ન થયેલ છે.[૮] કૂપ, કુંડ, ચતુઃશાલ અને કુંભ-આદિ રૂપે કહેવામાં આવેલા અનેક દેહોને તે કલ્પી લઇ (તેની રક્ષા કરતાં) 'મેં આત્માની રક્ષા કરી છે.' એમ દેહાવચ્છિન્ન માયામય આકાશરૂપ આત્મામાં તે ભાવના કરે છે.[૯] હે રામચંદ્રજી ! એ અહંકારનાં હું તમને નામો કહું તમે સાંભળો, કે જે જગતને આકારે દેખાતા પોતાના વિલાસોથી આત્માને મોહ પમાડી દે છે.[૧૦] જીવ, બુદ્ધિ, મન, ચિત્ત, માયા, પ્રકૃતિ, કલ્પ, કલના, કાલ અને કલા, ઇત્યાદિ નામો અહંકારનાંજ પ્રસિદ્ધ છે અને બીજાં પણ કલ્પિત અર્થવાળાં અનેક નામોવડે એ અહંકાર હજારોરૂપે પ્રકાશી રહ્યો છે.[૧૧,૧૨] એ અહંકારે પૂર્ણ બ્રહ્મની અંદર પોતાની મેળેજ અતિ વિસ્તારવાળા શૂન્ય આકાશને કલ્પી લઈ તેમાં વાયુ આદિ ક્રમવડે આ જગત, વગર ભીંતે (પાયા-વિના) ગંધર્વનગરની પેઠે કલ્પી લીધેલ છે અને તેની અંદર એ મિથ્યાપુરુષ મિથ્યા સુખ-દુઃખોનો અનુભવ કરી રહ્યો છે.[૧૩] જેમ મિથ્યાપુરુષ ઘટાદિક ઉપાધિમાં 'આ મારૂં છે' એવી શંકાવડે આકાશની રક્ષા કરતો હતો અને પછી ઘટાદિક ઉપાધિ નષ્ટ થતાં એ ઘટાકાશ આદિનો શોક કરી (અજ્ઞાનનેલીધે) ક્લેશને પ્રાપ્ત થયો તે રીતે તમે (અજ્ઞાનવડે) ક્લેશને પ્રાપ્ત થાઓ નહિ.[૧૪] જે આત્મા આકાશથી પણ વિસ્તારવાળો, શુદ્ધ, સૂક્ષ્મ, શિવરૂપ અને પરમ મંગલ છે તેને કોણ ગ્રહણ કરી શકે, અથવા કોણ રક્ષા કરી શકે? (કોઇ નહિ)[૧૫] હૃદયદેશમાં રહેનાર ચિદાકાશનું માત્ર શરીરરૂપી નિવાસસ્થાન નાશ પામી જતાં આત્મા નષ્ટ થઈ ગયો એવી શંકાથી પ્રાણીઓ વૃથા શોક કરે છે.[૧૬] જેમ ઘટ આદિ ઉપાધિઓ નાશ પામી જાય તોપણ તેમાં રહેલું આકાશ આદિ અખંડિતજ રહે છે તેમ દેહોરૂપી ઉપાધિ નષ્ટ થઇ જાય તોપણ તેમાં રહેલો નિર્લેપ આત્મા સદાકાલ અખંડિતજ રહે છે.[૧૭] હે રામચંદ્રજી ! શુદ્ધ ચિદ્રૂપ આત્મા કે જે સૂક્ષ્મ આકાશથી પણ અતિ સૂક્ષ્મ છે અને પોતાના અનુભવરૂપ છે તે આકાશની પેઠે નાશ પામતોજ નથી.[૧૮] કોઇ કાલે કોઇપણ ઠેકાણે કોઈ પણ વસ્તુ ઉત્પન્ન પણ થતી નથી અને નાશ પણ થતી નથી, કેવલ બ્રહ્મજ જગતના વિવર્તરૂપે ભાસે છે.[૧૯] અને એ પરમપદ (બ્રહ્મ) સત્ય, અદ્વિતીય, શાંત; આદિ, મધ્ય અને અંતથી રહિત, તથા ઉત્પત્તિ-નાશથી પણ રહિત છે, એમ (મનવડે) સમજી લઇ તમે સુખી રહો.[૨૦] પરાધીનતા ઉત્પન્ન કરનાર, સર્વ આપદાઓના સ્થાનરૂપ, અશાશ્વત, વિવેક સાથે વિરોધ રાખનાર, નિંદ્ય અને જેથી નરકપાતાદિ સંપ્રાપ્ત થાય છે એવા અહંકારરૂપી પદાર્થને જ્ઞાનથી નિઃશેષ રીતે (દેહ ઇંદ્રિય વિષય આદિએ સહિત મૂલસહિત) ત્યાગ કરી બાકી રહેલા ચિન્માત્ર પરમપદમાં તમે દૃઢ રીતે સ્થિર થઈ રહેશો તો ઉત્તમતાને પ્રાપ્ત થશો.[૨૧]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सर्वापदां निलयमध्रुवमस्वतंत्रमासन्नपातम-
विवेकरनं र्यमज्ञम् ॥ बोधादहंकृतिपदं सकलं
मिच्छ शेषे सुबद्धपद्मुत्तमतां प्रयासि ॥२१॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્ધમાં 'મિથ્યાપુરૂષોપાખ્યાન' એ નામનો એકસો તેરમો સર્ગ સંપૂર્ણ. ૧૧૩

सर्ग ११४ मो.*

સદસદ્રૂપનું વિવેચન ઇત્યાદિ

॥ श्रीवसिष्ठ उवाच ॥

परस्माद्ब्रह्मणः पूर्वं मनः प्रथममुत्थितम् ॥
मननात्मकमाभोगि तत्स्थमेव स्थितिं गतम् ॥१॥

શ્રીવસિષ્ઠઋષિ કહે છેઃ–પ્રથમ સૃષ્ટિના આદિકાલમાં પરબ્રહ્મમાંથી સર્વ કલ્પનાઓની પહેલાં મહાવિસ્તારવાળું મનનાત્મક મનજ ઉત્પન્ન થયું અને તે, પરબ્રહ્મમાં પોતે બ્રહ્મસત્તાવડેજ સત્તાવાળું છતાં બીજી કલ્પનાઓના નિમિત્તરૂપે આજદિવસ પર્યંત સ્થિતિને પ્રાપ્ત થયેલ છે.[1] હે રામચંદ્રજી ! જેમ પુષ્પકલિકામાં (અભિન્ન સત્તાથી)સુગંધ રહ્યો હોય છે, સાગરમાં મ્હોટા તરંગો રહેલા છે અને સૂર્યનારાયણમાં કિરણોનો સમૂહ રહ્યો છે તેમ (અભિન્નસત્તાથી) બ્રહ્મમાં મન રહેલ છે.[2] એ અદૃશ્ય આત્મતત્ત્વનું (અજ્ઞાનવડે) વિસ્મરણ થઈ જવાથીજ મન જગત્કલ્પનાનું મૂલરૂપ બની જઇ સ્થિર થઈ ગયું છે; પરંતુ હે રામચંદ્રજી ! જેમ રજ્જુમાં ભ્રાંતિવડે પ્રતીત થયેલો સર્પ રજ્જુ સિવાય બીજા કોઇ પદાર્થમાંથી પેદા થયો નથી તેમ મનોમય આ જગત પણ આત્મતત્ત્વ સિવાય બીજા કશામાંથી પેદા થયું નથી.[3] હે રામચંદ્રજી ! જે પુરુષ સૂર્યનારાયણના કિરણસમૂહને સૂર્યથી જુદી સત્તાવાળો સમજે તેને તે કિરણસમૂહ સૂર્યનાથી જુદાજેવોજ ભાસે છે.[4] જે પુરુષે બાજુબંધને સુવર્ણથીજુદી સત્તાવાળો જાણ્યો તેની દૃષ્ટિમાં એ સુવર્ણ નથી પણ બાજુબંધજ છે.[5] જે પુરુષે સૂર્યનાં કિરણો (સૂર્યની સત્તાવડેજ સત્તાવાળાં હોવાથી) સૂર્યથી જુદાં ન જાણ્યાં તેની દૃષ્ટિમાં એ કિરણો સૂર્યરૂપજ છે અને (ભેદબુદ્ધિરૂપી વિકલ્પ નહિ હોવાને-લીધે) તે પુરુષ નિર્વિકલ્પ કહેવાય છે.[6] જે પુરુષે તરંગને જલથી જુદી સત્તાવાળો જાણ્યો તેને તેમાં એક તરંગબુદ્ધિજ રહે છે, જલબુદ્ધિ થતી નથી;[7] પરંતુ જેણે એ તરંગ (જલની સત્તાવડેજ સત્તાવાળો હોવાથી) 'જલથી એ જુદો નથી ' એમ જાણ્યું તેને તરંગમાં સામાન્ય જલબુદ્ધિજ થાય છે અને તે પુરુષ નિર્વિકલ્પ (ભેદબુદ્ધિરૂપ વિકલ્પ વિનાનો) કહેવામાં આવે છે.[8] જે પુરુષે બાજુબંધ સુવર્ણની સત્તાવડેજ સત્તાવાળો હોવાથી 'તે સુવર્ણથી જુદો નથી' એવી ભાવના કરી તે, સર્વ કેયૂર આદિ સુવર્ણવિકારને એક કનકરૂપજ સમજનાર મહાબુદ્ધિમાન પુરુષ નિર્વિકલ્પ કહેવાય છે.[9] જેણે અગ્નિની જ્વાલાનો સમૂહ અગ્નિથી જુદી સત્તાવાળો જાણ્યો તેને એ જ્વાલામાં અગ્નિબુદ્ધિ થતી નથી પણ જ્વાલાની બુદ્ધિજ રહે છે.[10] ધાટી વાદળાંની પંક્તિના જેવા એ જ્વાલાસમૂહમાં તદાકારતાને પ્રાપ્ત થઇ ગયેલી બુદ્ધિ જ્વાલાપણુંજ દેખે છે અને આકુલ બની જઇ જ્વાલામાં રહેનારા ચલન, ઊર્ધ્વગમન, ઋજુતા, વક્રતા આદિ ધર્મોને તેમાં કલ્પી લે છે.[11] જે પુરુષે જ્વાલાઓનો સમૂહ અગ્નિની સત્તાવડેજ સત્તાવાળો હોવાથી અગ્નિથી જુદો નથી એમ જાણ્યું તેને એ જ્વાલાસમૂહમાં એક અગ્નિબુદ્ધિજ હોય છે અને તે પુરુષ નિર્વિકલ્પ કહેવાય છે.[12] જે પુરુષ નિર્વિકલ્પ છે તેજ મહાન છે, કદીપણ

* આ એકસો ચૌદમા સર્ગમાં અનેક દૃષ્ટાંતોથી સદ્રૂપ અને અસદ્રૂપનું વિવેચન થશે અને અસદ્રૂપનો ત્યાગ તથા સદ્રૂપમાં સ્થિરતા રાખવાનું બતાવવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai

સ ! ૧૧૪ મા]

ક્ષીણ નહિ થનારી (સત્ય) મહાબુદ્ધિ તેનામાંજ રહેલી છે અને જે કાંઈ મેળવવાનું (અભેદજ્ઞાન) છે તે તેણે મેળવી લીધેલ છે. એવા પુરુષ મિથ્યા પદાર્થોમાં (સત્યબુદ્ધિવડે) આસક્ત થતો નથી.[૧૩] સર્વ ભેદબુદ્ધિને છોડી દઈ આત્મતત્ત્વ કે જે કેવલ શુદ્ધ ચિન્માત્ર છે અને જ્ઞેય (દૃશ્ય) પદાર્થોથી રહિત છે તેમાંજ તમે દૃઢ સ્થિતિવાળા થઈ રહો.[૧૪] જેમ પવન પોતાનામાં ચલનશક્તિને ઉત્પન્ન કરે તેમ પરમાત્મા પોતેજ જ્યારે પોતાની મેળે પોતાનામાં સ્ફૂર્તિમાન થઈ સંકલ્પ નામની શક્તિને ઉત્પન્ન કરે ત્યારે કેમ જાણે પરમાત્માથી જુદું હોય તેવો આભાસ બતાવનાર, સંકલ્પની કલ્પનારૂપ મન (હિરણ્યગર્ભ) થાય છે અને તે જગતરૂપે પોતાના આકારની ભાવના કરવાથી પોતેજ જગતરૂપ બની જાય છે.[૧૫,૧૬] એ વિશ્વને આકારે સ્ફુરેલ સંકલ્પરૂપ સમષ્ટિ ચિત્ત (હિરણ્યગર્ભ) આ સર્વ જગતને સંકલ્પોવડે જેવી રીતે કલ્પી કહાડે તેવીજ રીતે તે ક્ષણવારમાં થઈ જાય છે.[૧૭] (હિરણ્યગર્ભરૂપ) એ ચિત્તજ મન, જીવ, અહંકાર, બુદ્ધિ, ચિત્ત ઇત્યાદિ નામોને ધારણ કરી સંકલ્પવડે કીટપણું, બ્રહ્માપણું, મેરુપણું, *મરુપણું, દ્વિત્વ, એકત્વ એ આદિ ભાવને પ્રાપ્ત થઇ જઈ જગતની સ્થિતિને વિસ્તારે છે અને પછી પોતેજ વિવિધપણાને પ્રાપ્ત થાય છે.[૧૮,૧૯] આ મહાવિસ્તારવાળું જગત સંકલ્પમાત્રજ છે તે (પ્રત્યક્ષ પ્રમાણવડે નાશવાળું હોવાથી) સત્ય નથી, તેમ (પ્રતીતિમાં આવતું હોવાથી) સાવ મિથ્યાજ છે એમ પણ નથી, પરંતુ તે અનિર્વચનીય રીતે ઉઠેલા સ્વપ્નના ગોટાની પેઠે અનિર્વચનીય છે.[૨૦] જેમ મનુષ્યને વિવિધ પ્રકારના આરંભોથી સુશોભિત (મનોરથોરૂપી) મનોરાજ્ય ઉત્પન્ન થાય છે તેમ વિવિધ પ્રકારના આરંભોવડે દેદીપ્યમાન આ જગત હિરણ્યગર્ભનું અતિ વિસ્તારવાળું એક મનો[રાજ્ય] છે અને તે મિથ્યા હોવાથી તત્ત્વજ્ઞાન થતાં [...] સ્થિત બ્રહ્મસ્વરૂપેજ પ્રતીતિમાં આવવા[...] વાથી આ માયિકરૂપે લય [...]મી જાય [...] પરમાર્થદૃષ્ટિથી જોઇએ તો એ કશું પણ જણાતુંજ નથી. જેમ સમુદ્ર જલરૂપ [...] લોઢ અને તરંગોની કલ્પનાને યોગ્ય [...] કરી રહ્યાથી સમુદ્રાકાર શરીરને ધાર[ણ] ક[...] (લોઢ અને તરંગ આદિ અનેકરૂપે [જણ]ાય છે) તેમ એ દૃશ્ય પદાર્થજાલ પણ પર[મા]ર્થદૃષ્ટિએ તો બ્રહ્મરૂપજ છે છતાં પારમાર્થિક [દૃ]ષ્ટિ નહિ થવાનેલીધે જુદે જુદે અ[ને]ક આ[કા]રે દેખાય છે. મનુષ્ય હજારો કર્મો ભલે કરે પણ ચિદાભાસ-યુક્ત ચિત્તનાં સંકલ્પરૂપ સ્ફુરણ સિવાય નિર્વિકાર સાક્ષિચૈતન્યમાં તે કોઈપણ અપૂર્વ (નવીન) વિકાર આદિ ઉત્પન્ન કરી શકતો નથી, માટે અતિ તુચ્છ ભેદબુદ્ધિનો ત્યા[ગ] કરી જવું; સાંભળવું, અડકવું, સુંઘવું આ[દિ] વ્યવહાર કરવો એ આદિ કર્મ કરતાં છતાંપ[ણ] 'આમાં કાંઈ પણ અપૂર્વ (નવું) કે સત્ય નથી' એવી ભાવના રાખીને જે કાંઈ તમે કરો છો તે નિર્મલ સર્વવ્યાપી ચિદ્રૂપજ છે એમ તમે સમજો.[૨૦-૨૬]

આ સર્વ વિવર્તરૂપે મોટા આ[કા]રથી દેખવામાં આવતું બ્રહ્મજ છે, તેનાવિના બીજું કશું નથી. સર્વ પદાર્થોનો સમુદાય બ્રહ્મસત્તાવડેજ સત્તાવાળો હોવાથી આ સર્વ જગત બ્રહ્મરૂપજ છે, તેમાં બીજી કાંઇપણ કલ્પના ઘટતી નથી. એ પરબ્રહ્મમાં માત્ર સંકલ્પરૂપી સ્ફુરણા થવાથી દેખાતા આ તુચ્છ જગતરૂપી જાલમાં આ પદાર્થ આનાથી જુદો છે અને અમુક પદાર્થ આથી જુદો છે એવો મિથ્યા આગ્રહ શી રીતે ઘટી શકે ? (ન ઘટી શકે.) પ્રતીતિમાં આવતા સર્વ આકારોમાં માત્ર એક ચૈતન્યતત્ત્વનો સં-

* નિર્જલદેશ (મારવાડ આદિ) ને મરુ કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોવાથી (ચૈતન્યસત્તાવિના બીજી સત્તા-અભાવ હોવાનેલીધે), બીજો દૃશ્યપદાર્થ ચૈતન્યનો વિષય પણ તેથી જુદો રહેતો (ન)તો પછી બંધ અને મોક્ષ પણ ક્યાંથી (ન હોય).૨૭-૨૯ ...બંધ છે અને આ ...છે એવી વૃથા અભિમાન ઉત્પન્ન કરનારી ...પોતાને બલાત્કારથી (સર્વ યત્નોવડે) દૂર ...પોતાનું કર્ત્તવ્ય કર્મ (રાજ્યાદિક) કરતાં ...ને મૌનવાન, જીતેંદ્રિય, માન અને મદથી રહિત, તથા અહંકાર વિનાના મહાત્મા થઇ રહે.૩૦

मोक्षोयं खलु बंध इति प्रसह्य चिंतां निरस्य सकलां विफलाभिमानाम् ॥ मौनी वशी विगतमानमदो महात्मा कुर्वन्स्वकार्यमनहंकृतिरेवतिष्ठ ॥३०॥

શ્રીમદ્ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પ્રકરણના પૂર્વાર્દ્ધનો 'પરમાર્થોપદેશ' એ નામનો એકસો ચૌદમો સર્ગ સંપૂર્ણ. ૧૧૪

सर्ग ११५ मो.*

મહાકર્તા મહાભોક્તા આદિનાં લક્ષણો

॥ श्रीवसिष्ठ उवाच ॥

महाकर्ता महाभोक्ता महात्यागी भवानघ ॥ सर्वाःशंकाः परित्यज्य धैर्यमालंब्यशाश्वतम् ॥१॥

શ્રીવસિષ્ઠ ઋષિ કહે છે:—હે નિષ્પાપ રામચંદ્ર! સર્વ શંકાઓનો ત્યાગ કરી (કૂટસ્થ આત્મચૈતન્યના આશ્રયનેલીધે) નિરંતર ધૈર્યનું અવલંબન રાખી તમે મહાકર્તા, મહાભોક્તા અને મહાત્યાગી થાઓ.૧

શ્રીરામચંદ્રજી કહે છે:—હે મહાસમર્થ મહારાજ! કેવાં લક્ષણવાળો મહાકર્તા કહેવાય? કેવાં લક્ષણવાળો મહાત્યાગી કહેવાય? અને કયાં લક્ષણવાળો મહાભોક્તા કહેવાય? તે આ બરાબર સારી રીતે કહો.૨

શ્રીવસિષ્ઠ... કહે છે:— ... આ ત્રણ વ્રત મહાદેવજીએ ... બતાવ્યાં હતાં કે જેના આ... રહિત (મહાશાંત) થઈ ગયો હતો.૩ પૂર્વકાલમાં (કોઈક વખતે) સુમેરુપર્વતના અગ્નિના જેવા તેજોમય ઉત્તર તરફનાં શિખરમાં મહાદેવજી સર્વ પરિવારસહિત રહ્યા હતા.૪ હે રામચંદ્રજી! એ મહાદેવજીને મહાતેજસ્વી, નમ્ર અને અલ્પજ્ઞાનવાળા નંદિગણે હાથ જોડી (નીચે પ્રમાણે) પૂછ્યું.૫

નંદિગણ કહે છે:—ઇંદ્રાદિક કે જેઓ દેવતાઓના પણ દેવતા છે તેમના અધિપતિ હે ભગવાન! હે સર્વજ્ઞ પરમેશ્વર! હું જે આપને પૂછું તે આપ કૃપા કરી તરત મને કહો.૬ હે મહારાજ! આ તરંગના જેવા ચંચલ સંસારરચનાનું અવલોકન કરી હું કે જે (ભોગોમાં લંપટ હોવાથી) તત્ત્વવિશ્રાંતિથી રહિત છું તે બહુજ મુઝાઉં છું.૭ કયા મનોહર નિશ્ચયને અંદર દૃઢતાપૂર્વક સ્વીકાર કરી હું આ જગતરૂપ જુની ઝુંપડીમાં કાંઇ પણ તાપ પામ્યા સિવાય (શીતલતાથી) રહું?૮

મહાદેવજી કહે છે... સર્વ શંકાઓને મૂકી ... લંબન રાખી તમે મહા... મહાત્યાગી થાઓ.૯

નંદિગણ કહે છે:—હે મહા... મહારાજ કેવાં લક્ષણવાળો મહાકર્તા ક...? કેવાં લક્ષણવાળો મહાભોક્તા કહેવા... કેવાં લક્ષણવાળો મહાત્યાગી કહેવાય ... આપ કૃપા ... સારી રીતે બરાબ...

મહાદેવ... મહાભા...

* આ એકસો પંદરમા સર્ગમાં મહાદેવજી ભૃંગિને (પોતાના નંદિગણને) મહાકર્તા આદિ શબ્દોની વ્યાખ્યાવડે જીવન્મુક્ત પુરુષોનાં ચિહ્નો કહી બતાવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ પૂર્વાર્દ્ધ

હેવાય ? અને
હેવાય? તે આ

. પૂર્વકાલમ
અગ્નિના જ
મ્બરમાં મહાદ
ા હતા. હે
મહાતેજસ્વી,
ાણે હાથ જોડી

કે જેઓ દેવ
અધિપતિ
હું જે આપને
ને કહો. હે મ
ચલ સંસા
જે (ભોગોમ
થી રહિત છું
નિશ્ચયને અ
આ જગતરૂ
પામ્યા સિવ

મહારાજ
? કેવાં લ
વાં લક્ષણ
કૃપા ક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्थान, महा
एवं पाश्चात्त्य
ख्यात विद्वानों की
यों एवं प्राच्य भारतीय
न भारतवर्ष एवं विश्व
अनुसन्धान के लिए दिशा
के स्वल्पसमय में ही दशों
लगभग ५० वर्षों तक उक्त
न् विद्वानों की प्रेरणाएँ इस
तु साधनों के सुलभ न होने
चाहते हुए भी वैसा नहीं कर सका
एवं आवश्यकता को ध्यान में रखते हुए ... स्तर पर
... के प्रकाशन की योजना 'विश्वविद्यालय अनुदा... हैं और
... पड़ा। प्राच्य भारतीय विद्याविद् इस संवाद ... ग्रन्थमाला
... अनुदान आयोग' के प्रति कृतज्ञ ... प्रकाशित हो
... स्वीकृति प्रदान करने की ...

...सूची—सरस्वती भवन पुस्तकालय
...दुर्ष का विषय है कि ... गई है। वेद, उपनिषद्, कर्मकाण्ड,
... कल्पति ... स्तोत्र, तन्त्र, सांख्ययोग, मीमांसा, वेदान्त,
...करण, जैन भक्तिसम्प्रदाय, आयुर्वेद, कामशास्त्र,
..., पञ्जी, प्रशस्ति, चित्र, देशीभाषा आदि विषयों
...ीं हैं। अब तक इसमें १२ खण्ड प्रकाशित हो

...कृत-भाषा की त्रैमासिक अनुसन्धान पत्रिका है।
...४२ में हुआ था। इसमें गवेषणात्मक निबन्धों के

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar